તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA." Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રી:-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:-રૂપીઆ બે. છુટક નકલ:-દોઢ આના.

નવું વર્ષ ૮ મું. | શુક્રવાર તા. ૧ લી ડીસેમ્બર ૧૯૩૯ | અંક ૧ લો.

લેખકોને આમંત્રણ.

'જૈન યુગ' સંચાલનનું તંત્ર પુનઃ સમિતિના હાથમાં સોંપરત કરાયું છે. આ એનો પ્રથમ અંક છે. પ્રત્યેક અંગ્રેજી માસની પહેલી અને સોળમી તારીખે એ નિયમિત પ્રકટ થવાનું છે. સારાયે જૈન સમાજના-ખાસ કરીને શ્વે. મૂર્તિપૂજક ફીરકાના-ધાર્મિક આર્થિક અને નૈતિક પ્રશ્નોની વિચારણાને અગ્રપદ આપી વર્તમાન છિન્નભિન્નતાને સ્થાને સંઘ બળ જન્મે એ માટે વિધાનાત્મક શૈલીમાં-ગ્રાહક વાણીમાં-પ્રત્યેક માસની તા૦ ૧૧ અને ૨૬ પૂર્વે લેખો મોકલી આપવા સપ્રેમ વિનંતિ છે.

-જૈન યુગ પ્રચાર સમિતિ.

પરસ્પરની સહાનુભૂતિની- અનિવાર્ય જરૂર.

વર્તમાન સંઘ-સમાજની સ્થિતિ સંતોષ કારક નથી, તેને સુધારવા થોડા પણ સમર્થ શાસન રસિકો ખરા જીગરથી એકતા સાધી પ્રયત્ન કરે તો કંઇક સુધરવા આશા રહે, પરંતુ તેવો શ્રેષ્ટ સ્વપર એકાન્ત હિતકારક પ્રયત્ન કરવાનું અત્યારે બાજુએ રાખી કેવળ અણ છાજતી રીતે એક બીજા ઉપર અંગત આક્ષેપાદિક કરી, વ્યર્થ સ્વવીર્યાદિકનો ક્ષય કરવામાં આવે છે, જેથી અનેક ભવ્યજનોનાં મન દુભાય છે, કંઈકને મતિભ્રમ થાય છે. મુગ્ધ જનોમાં તેમજ પંડિત જનોમાં હાંસી પાત્ર તથા ટીકા પાત્ર થવાય છે, સંઘ શક્તિનો હ્રાસ થતો જાય છે અને આ બુદ્ધિવાદના જમાનામાં તત્ત્વજિજ્ઞાસુઓને યથાર્થ રીતે સર્વજ્ઞ વીતરાગ પ્રણીત તત્ત્વ સમજાવી શુદ્ધ તત્ત્વમર્મિક અને શાસન રસિક બનાવવાની અમૂલ્ય તક ગુમાવાય છે. આ દુઃખ દાયક ભયંકર સ્થિતિ કોઇ રીતે પસંદ કરવા જેવી નથીજ, તો પછી તેને સંકોચ રહિત કેમ ચલવા દેવામાં આવે છે?

જેમને જૈન સમાજની તેમજ શાસનની કંઇ પણ સેવા કરવા ઇચ્છા જ હોય તેવા આચાર્યો ઉપાધ્યાયો પ્રવર્તકો, તથા પંન્યાસાદિક સાધુઓ તેમજ સાધ્વીઓ, માટે વિશાળ કર્ત્તવ્ય ક્ષેત્ર રહેલું છે. પૂર્વે થયેલા પરમ પ્રભાવશાળી નિર્મળ ચારિત્ર સંપન્ન ભાવાચાર્યાદિકોએ કેવી અને કેટલી ખંત ભરી લાગણીઓથી ધીરજ અને એકતા સાધીને શાસન સેવા અને સમાજ સેવા કરી હતી, તેનું બારિકાઈથી અવલોકન કરી હંસની પેઠે સારતત્ત્વ આદરવાના અર્થી સાધુઓએ આ સમાજની ચાલુ દુઃખજનક સ્થિતિ સુધારવા અને તેને ઉન્નત બનાવી પવિત્ર શાસન સેવાનો લાભ લેવા કેવો માર્ગ લેવો જોઇએ તે વગર વિલંબે વિચારવું જોઇએ, અને તુચ્છ અંગત સ્વાર્થ તજી, એકતા સાધી, ખંત અને ધીરજ ધરી નિર્ણીત માર્ગે સંવેળા પ્રયાણ કરવું જોઇએ.

(શ્રી કપૂરવિજયજી લેખ સંગ્રહ ભા. ૧ માંથી)

જૈન બંધુઓને ખાસ આગ્રહ.

જૈન યુગનો મનોરથ જૈન સમાજમાં ખાસ કરી શ્વે. મૂર્તિપૂજક સંપ્રદાયમાં—નવો યુગ પ્રચારવાનો છે. નવો યુગ એટલે ધર્મનો છેદ ઉરાડી દેનાર કે નિતિ યાને પ્રાચીન સંસ્કૃતિને પાણીચું આપનાર યુગ નહીંજ. ગત વર્ષોની ફાઇલ જોતાંજ આ વાતની સચ્ચાઇ જણાઇ આવશે. એટલું સાચું છે કે ચાલુ દેશ કાળને અનુરૂપ થઇ પડે તેવી રીતે દરેક સવાલોની વિચારણા થવી જોઇએ. એ સારૂ જરૂર જણાય તેવા ફેરફારો હાથ ધરવા જોઇએ આ જાતના મંતવ્યનો પ્રચાર વધારવામાં તમારા ટેકાની જરૂર રહેજ. બે રૂપીઆ વાર્ષિક ભરી આજેજ આ પાક્ષિકના ગ્રાહક બની એ ફરજ અદા કરશો.

—જૈન યુગ પ્રચાર સમિતિ.

उदधाविध सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧-૧૨-૩૫. શુક્રવાર.

એકજ ધ્યેય.

જયજીનેંદ્ર—નૂતન વર્ષાભિનંદન કે સાલમુબારકની વિધિ થયા પછી લગભગ વીસ દિવસે "જૈન યુગ" પુનઃ એકવાર જૈન સમાજની સેવામાં પદ સંચાર કરે છે.

નૂતન વર્ષના આરંભ કાળમાં પ્રત્યેક હૃદયમાં જેમ નવ નવી આશાઓ, ભાતભાતની ભાવનાઓ, જાત જાતના મનોરથો, અંકુરિત થયા હોય છે એમ આ પાક્ષિકના ગર્ભમાં પણ વિવિધ પ્રકારે જૈન ધર્મ અને જૈન સમાજની સેવા કરવાના કોડ છે. એની પૂર્ણતાનો આધાર પરસ્પરના મીઠા સહકાર અને નાના મોટા દરેક જૈન બંધુના સક્રિય ટેકા પર અવલંબે છે. પૂર્વે કહેવાયા છતાં એક વાર ફરીથી કહીએ કે "જૈન યુગ પ્રકાશન સમિતિ" એ તો કેવળ આંતરિક ઉલટથી થંભી ગયેલ નાવને હલેસા મારી પુનઃ ગતિવંત કરનાર સાધન સમી છે. એ નાવ ત્વરિત ગતિએ સાગરના અગાધ જળ કાપી ઇપ્સિત સમયમાં ઇચ્છિત મનોરથની પૂર્ણતા સહ નિશ્ચિત કિનારે નિર્વિઘ્ને પહોંચે એ સારૂ એને પણ અનુભવી સાક્ષરોની કલમની વિવિધરંગી પ્રાસાદીની, અભ્યાસી આત્માઓના અવલોકનની, અને લેખકોના નવ નવા લેખોની મદદની ખાસ અગત્ય છેજ. એ સારૂ આમંત્રણ કરવાપણું નજ હોય. જૈન ધર્મ પ્રત્યેનું ઋણ અને જૈન સમાજમાં જન્મ એટલે જૈન તરિકેની ફરજ એ વસ્તુ તરફ સ્વયં પ્રેરણા કરે. એટલે શક્તિધારી દરેક જૈન ખાસ કરીને લેખકોને વિચારકો તો પોતાનો ભાગ ભજવશે. અને જેઓની સાથે બભા મેળવી કામ કરવાનો નાતો છે એટલુંજ નહિં પણ જેઓની આ કાર્યને આગળ ધપાવવાની ફરજ અમારા જેટલીજ છે તેઓ તો એનો બરાબર અમલ કરશે પ્રારંભની એ કામના પૂર્ણ થવાની આશા સાથે "જૈન યુગ" નો પ્રથમ અંક દોરાય છે.

યુરોપનું વાતાવરણ સંગ્રામના નાદોથી ગાજી રહ્યું છે. દિવસ ઉગ્યે સંખ્યાબંધ જીવનોની હાનિના સમાચાર સંભળાય છે. જાત જાતની ભિષણતાના અને હૃદય કંપે તેવી જીવલેણ યુક્તિ પ્રયુક્તિઓના અખતરા અમલી બનાવવાના નિર્ધાર કર્યે અથડાય છે. એની અસર પરાધિન ભારત વર્ષને ન થાય એ કેમ બને? છતાં એક મૂઠી હાડકાના માનવીએ અહિંસા અને સત્ય જેવા દૈવી સાધનો પર ભારતની જનતાના મોટા ભાગનું ધ્યાન એટલી દૃઢતાથી કેંદ્રિત કર્યું છે કે આજે યુરોપની ભયંકર યાદવાસ્થળી સામે પણ હિંદ કોઇ નવિન અખતરો કરી બતાવવાની ભાવના સેવી રહ્યું છે. એ સારૂ ભૂમિકા તૈયાર કરવાના પેગામ છુટયા છે અને સંગઠનના સંદેશ જોરથી પાઠવાયા છે.

એ કાળે જૈન સમાજને બીજો સંદેશ નજ હોઇ શકે. અહિંસા અને સત્ય એ પરમાત્મા મહાવીર દેવના મુખેથી પ્રકટ થયેલા મહાન્ સૂત્રો છે એમ માનનાર જૈન સમાજ આજે જે વિષમ પળ બડી થઈ છે એ ટાણે એનું સ્વ જીવનમાં પાલન કરી બતાવીને જૈનેતર વર્ગને ધડો આપે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું લેખાય. એ સૂત્રોના મૂળ વારસદાર અમો છીએ અથવા તો અમારા અનેકાંત માર્ગમાં સર્વ ધર્મ સહ સમન્વય સાધવાની અમાપ તાકાત ભરી છે એમ કહેવા માત્રથી નહીં પણ જૈન સમાજના ભાગલાઓ સાંધી, એક દૃઢ સંઘ બળ ઉભું કરી એ વાત પુરવાર કરવાની પળ આવી ચુકી છે. જૈન કોન્ફરન્સના ઉદ્દેશોમાં બીજી બાબતો હોવા છતાં આ તરફ એનું વલણ વિશેષ ઢળતું છે. એના સેવા ભાવી સ્થાનિક મંત્રીઓનો એ સારૂ આજે પ્રયાસ ચાલી રહ્યો છે એ છુપુ નથીજ. એટલે એના મુખ પત્રનું પણ એકજ ધ્યેય છે અને તે—અખુટ સંઘ બળ સ્થાપવાનું—

ઘર સાફ કરવું એ પહેલું કર્ત્તવ્ય. એ સારૂ એની નજર પ્રથમ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં પડે એ સમજાય તેવી વાત છે.

એ સંપ્રદાયમાં છાપાની સંખ્યા નાની સુની નથી. "જૈન બંધુ" ના પ્રાગટય પછી એકનો વધારો થયો છે. એ સર્વમાં જાત જાતની વાનગીઓ પીરસાય છે. કેટલીક વાર પરસ્પરની અથડામણો પણ જોવાય છે એમાંના કેટલાક કોન્ફરન્સની સુષુપ્તિ સામે કટાક્ષ પણ ફેંકે છે. પ્રબુદ્ધ જૈનના તંત્રી શ્રી તો કહે છે કે—"ભાવનગર બાતે અધિવેશન ભરવાનું સાહસ કેટલાક જૈન યુવાનોએ માથે ઉપાડયું અને નિમંત્રણ પણ મોકલ્યું. સ્થાયી સમિતિએ તેનો સ્વીકાર કર્યો. એવામાં ઓચિંતો ધડાકો થયો અને કોન્ફરન્સના સુકાનીઓની, નિર્બળતાએ અધિવેશનની વાત ઢીલમાં પડવા લાગી." આ લખાણમાં યુવાનોને જશ અપાવવા જતાં એક સત્ય વાતનો જાણી જોઇને અપલાપ થયો છે. યુવાનોના સાહસ સામે કે યુવકોની કાર્યવાહી સામે "જૈન બંધુ" ના તંત્રીશ્રીની લેખમાળા લાંબી ચાલી છે. આ બધી વાતનો ઉલ્લેખ અત્રે એ કારણસર કરવો પડે છે કે કોન્ફરન્સના અધિવેશનની ભૂખ સૌ કોઇને છે એટલુંજ નહિં પણ જુન વાણી કે નવવાદી સૌ કોઇ સમજે છે કે જૈન સમાજમાં કંઇ પણ કામ કરવું હોય તો, અથવા તો એક ધારો સંદેશ પહોંચાડવો હોય તો, તે કાર્ય માત્ર એકજ સંસ્થા દ્વારા શકય છે અને તે

(અનુસંધાન પૃ. ૪ ઉપર)

≠ નોંધ અને ચર્ચા. ≠

એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરિક્ષા.

ફેાન્ફરન્સની સ્થાપના થયા પછી એ સંસ્થા દ્વારા જે કેટલાક સુન્દર કાર્યોના બીજારોપણ થયાં છે અને જે કાર્યો ફલીફુલી નવપલ્લવિત બન્યા છે એવા કાર્યોમાં ધાર્મિક પરિક્ષાનુ કાર્ય અગ્રસ્થાને છે. પ્રતિવર્ષે ડીસેમ્બર માસમાં જુદા જુદા કેન્દ્રોમાં એકજ દિવસે મુકરર કરેલા કલાકોમાં યુનીવરસીટીના ધોરણે લેવાતી આ પરિક્ષાએ ધીમેધીમે જૈન સમાજનુ આકર્ષણ પોતા પ્રત્યે વધાર્યું છે અને તેથી ઉત્તરોત્તર ઠીક પ્રગતિ સાધી છે. આજે એના કેન્દ્રો વધે જાય છે. આનંદનો વિષય એ પણ છે કે ફેાન્ફરન્સની અન્ય કાર્યવાહી પ્રત્યે મતફેર ધરાવનાર વર્ગમાં પણ આ આવશ્યક કાર્ય માટે પૂર્ણ માન છે. વાત પણ સ્પષ્ટ છે, કે જેનો હેતુ ઉગતી પ્રજામાં ધાર્મિક જ્ઞાનના ઉંડા સંસ્કારો નાંખવાનો છે અને વ્યવહારિક કેળવણી આપતી સંસ્થાઓમાંથી અદ્રશ્ય થતાં એ જરૂરી વિષયને જીવંત રાખવાનો છે તે માટે મતમતાંતર સંભવે પણ શા કારણે? અલબત્ત વખતો વખત અભ્યાસક્રમ સુધારવામા આવ્યા છે છતાં હજુ પણ ફેરફાર ઇષ્ટ છે બોર્ડની રચનાને બંધારણ પણ સુધારણા માંગે છે છતાં એ પરિક્ષા નજર સામે આવી રહી છે ત્યારે એ વાત ન લંબાવતાં જૈન સમાજને એજ અપીલ હોય કે તે એમાં વધુ રસ લેતો થાય. અભ્યાસી વર્ગને એજ હાકલ હોય કે તે સારી સંખ્યામાં એમાં ભાગ લે.

તાજેતરમાં થયેલા મેળાવડા પ્રસંગે બોર્ડના મંત્રીશ્રી તરફથી અભ્યાસના પુસ્તકો પ્રગટ કરવા અને કાર્ય વિસ્તારવા સારૂ નિરીક્ષક-નિમવાની અગત્ય દર્શાવાઇ હતી અને એ સારૂ ફંડ માટે અપીલ થઇ હતી એ સબંધમાં અમને લાગે છે કે આજે ફેાન્ફરન્સ પાસે વ્યવહારિક કેળવણીના પ્રચાર માટે નિરીક્ષક મોજુદ છે આ કાર્ય એ નિરીક્ષકને સોંપાય એમાં કંઇ હરકત જેવું નથી. અભ્યાસક્રમના જરૂરી પુસ્તકો પ્રગટ કરવાની શક્તિ આજે ફેાન્ફરન્સની છે એટલે જુદા ખાતાને જુદા વહીવટના વમળમાં ન અથડાતાં એકજ સંસ્થા હસ્તક ચાલતાં દરેક ખાતા કરકસરથી કેમ ચલે અને જનતા એ પ્રતિ વધુ રસ ધરાવતી કેમ બને એવા પ્રયાસ હાથ ધરવાની જરૂર છે. સુન્દર અને સંગીન કાર્યો ધનને જરૂર ખેંચી લાવશે.

કન્યાશાળાનો મેળાવડો.

માંગરોળ સભા હસ્તક ચાલતી શ્રી શકુન્તલા કન્યાશાળાની બાળાઓ તરફથી આ વર્ષે રજુ થયેલા નૃત્ય અને અભિનયના પ્રયોગોએ, જનતામાં જબરી ચર્ચા પ્રગટાવી છે. સમાચારની જૈન ચર્ચાથી માંડી જૈન સમાજમાં પ્રગટ થતાં દરેક પત્રોએ જુદાજુદા દ્રષ્ટિ બિન્દુએ એ પર ટીકાના બાણ વર્ષાવ્યા છે. કોઇએ માર્મિકતાથી કર્યું છે તો કોઇએ હાસ્યમાં ઉપાલંભ ભેળવ્યો છે. 'પ્રબુદ્ધ જૈન' ના બે અંકોમાં એ વાત જુદા જુદા સ્વરૂપે મૂકાઇ છે જ્યારે તાજેતરમાં પ્રગટ થયેલા 'જૈનબંધુ' ના પ્રથમ અંકમાં એના સંચાલકો માટે કટાક્ષ ચિત્ર દોરેલું છે! ખૂબીતો એ છે કે ટીકાકારોમાંના કેટલાક સંસ્થાના ભૂતપૂર્વ સભ્યો હતા કિંવા આજે છે પણ ખરા! જે વાતે આજે સૌકોઇને એક નાવમાં બેસાડયા છે એ વાત સબંધી નુકતેચીની ગયા વર્ષની નોંધમાં અમોએ કરી હતી; એટલે એનુ ચર્વિતચર્વણ ન કરતાં-તેમ કેવળ સંસ્થાના પ્રમુખ કે સંચાલકોના શીરે ટોપલો ન ઠાલવતાં એક પ્રશ્ન તરફ ધ્યાન ખેંચીએ અને તે એજ કે—સંસ્થા અગર તો જૈન સમાજ પોતાની કન્યાઓમાં—**કેવા સંસ્કાર પાડવા ઇચ્છે છે?**

પાશ્ચિમાત્ય પદ્ધતિસહ પૂર્વની અર્થાત્ આપણી સંસ્કૃતિનો ઘણીખરી રીતે મેળ નથી એ સૌકોઇ જાણે છે 'જૈનજ્યોતિ' માં આ સબંધે લંબાણથી કહેવાયું છે. સમાજમાં આજે બે પ્રવાહો મોજુદ છે એક છેલ્લી ઢબના અપટુડેટ સ્વાંગને હાવભાવની હિમાયત કરનારો જ્યારે બીજો લજ્જાયુકતને કુલીનતાને છાજે એવા કળામય પોશાક અને મર્યાદાયુકત અભિનય પસંદ કરનારો!

જૈન કથાનકોમાં ગૃહિણી તરિકેના જે ચિત્રો જોવાય છે અગર તો પૂર્વની સંસ્કૃતિ પોષક પાત્રનુ જે રીતે આજે આ લેખન નિષ્ણાતોના હાથે થાય છે તે જો આપણો આદર્શ હોય તો લોટસડેન્સ કે સેલરના પ્રયોગો નકામા છે. એ સબંધમાં જૈન જ્યોતિની નોંધ ધ્યાનમાં લેવા જેવી છે. પણ એને સ્થાને પશ્ચિમની ઢબછબ પસંદ હોય, એ તરફના કહેવાતાં સ્વતંત્ર જીવનો આંખે વળગતાં હોય તો ભાઇશ્રી પરમાનન્દની એ પરત્વેની નોંધ વાંચી લઇ જે પ્રગતિ એ બે ડગલા આગળ સુચવે છે તે વધુ ડગલા ભરતી કેવી રીતે થાય તે સબંધી સલાહ લઇ આગળ વધવાનો છે.

જ્યાં આજે શિક્ષણ પદ્ધતિજ બદલવાના ચોઘડીયા વાગી રહ્યાં છે. જ્યાં આજે જીવનમાં સાદાઇ અને જાત મહેનત આણવાના પ્રયોગો થઇ રહ્યાં છે અને જ્યાં આજે શિક્ષણની સચ્ચાઇનુ માપ ઉપરછલ્લા હાવભાવ કે દેહની સજાવટથી નહ પણ સ્વજીવનના ઘડતર અને સેવાભાવે થતાં એના વપરાશ પરથી કઢાડવાની વાત ચર્ચાઇ રહી છે ત્યાં કળાને નામે આવા પ્રદર્શન ગોઠવવા, અને એમાં ભારોભાર કાઠમાઠને આડંબરી પોશાકનુ દર્શન કરાવવું વાસ્તવિક નથીજ. કન્યાઓને સાચા સ્વરૂપમાં ગૃહિણીઓ બનાવવી હોય તો દિશા ફેર જરૂરી છે.

મંડળ ઉભુ કરવાની અગત્ય—

આજ કેટલાયે વર્ષોની એ બુમ ચાલુ છે કે જૈનેતર લેખકો તરફથી અથવા તો ઇતિહાસકારો તરફથી જૈન ધર્મ સબ લખાણ લખવામાં ઘણી ખરી બાબતોમાં ઢંગધડા વગરની વાતોના ચિત્રણ કરાય છે. આમ કરવામાં તેઓનો ઇરાદો જૈન ધર્મને વિરૂપ ચીતરવાનો કે જૈનોને જનતાની નજરે ઉતારી પાડવાનો હોય છે એમ માનવા કરતા, તેઓના મોટા ભાગનો જૈનધર્મ સબંધી અભ્યાસ કયાંતો છીછરોને અતિઅલ્પ હોય છે અથવા તો એ પરત્વે પૂરેપૂરી સામગ્રી પ્રાપ્ત કરવામાં તેઓએ ઝાઝી કોશિશ કરી નથી હોતી. ઇતિહાસ જેવા અતિ મહત્વના ગ્રંથનુ સંકલન કરતી વેળા આ પ્રકારની ઉતાવળ કે બેદરકારી રાખવાથી ઘણુ ભયંકર પરિણામ આવે છે, કેમ કે ઉગતી પ્રજામાં એથી ઘણા માઠા સંસ્કાર પડે છે. એટલે આવા અગત્યના સર્જન કરતાં પૂર્વે લેખકોએ જૈનધર્મના ખાસ અભ્યાસીઓ મારફતે સંપૂર્ણ માહિતી મેળવી લેવાની આવશ્યકતા છે. તાજેતરમાં કાનપુરથી 'આનંદમાળા' નામની પુસ્તક પ્રકાશન સંસ્થાએ 'ભારત-

વર્ષનો ઇતિહાસ' નામા હીન્દી પુસ્તક પ્રગટ કરી છે. એને અભ્યાસક્રમમાં સ્થાન પ્રાપ્ત પણ થયું છે. એના લેખક શ્રી રામકૃષ્ણ માથુરે ભગવાન મહાવીરના સમય અને સંસ્કૃતિ સબંધે એવી વિચિત્ર વાત લખી મારી છે કે જે વાંચતાં અભ્યાસી હૃદયમાં ક્ષોભ પેદા થાય અને લેખકની વિષય પરત્વેની આવા પ્રકારની અનભિજ્ઞતા નિરખી હસવું આવે! મુનિશ્રી જ્ઞાનસુંદરજીએ જૈન સમાજનુ આ સબંધમાં પ્રથમ ધ્યાન ખેંચ્યું છે; અને અંતે જણાવ્યું છે કે આ પ્રકારની જે અંધાધુંધી પ્રવર્તી રહી છે એના ઉપાય તરિકે પૂરા તત્વ શોધકો. ઇતિહાસ રસિકો અને જૈનધર્મનુ જ્ઞાન ધરાવનાર અભ્યાસકોનું એક મંડળ સ્થાપવું જોઇએ. આવી એકાદ સમિતિની જરૂર વિષે પૂર્વે આ પત્રની નોંધમાં ધ્યાન ખેંચવામાં આવ્યું છે. એની અગત્ય માટે બે મત જેવું નથીજ. લેખકોની બેદરકારી સાથે આપણી નિર્નાયકતા ઓછી જવાબદાર નથી. કદાચ કોઇ લેખકને માહિતીની જરૂર હોય તો આજના વાતાવરણમાં એ કોને પૂછાવે? એ પ્રશ્ન પણ ઓછી ગુંચ ભર્યો નથીજ!

એટલે જ્યા ત્યાંથી સવાર ગણી પહેલી તકે એક મંડળની સ્થાપના કરવાની ખાસ આવશ્યકતા છે અને એ કામ જૈન સમાજની આગેવાન સંસ્થાએ ઉપાડી લેવાનુ છે મંડળની સ્થાપના પછી પ્રાથમીક પગલું એ ભરવાનુ છે કે ભારત વર્ષના જુદાજુદા ભાગમાં જૈન-જૈનેતર લેખકો તરફથી અભ્યાસ કે અવલોકન આદિના પ્રગટ થતાં પુસ્તકો કાર્યાલયમાં મોકલી આપવાની વિનંતી કરવાનુ તેમજ તેમને જૈનધર્મ સબંધી જે માહિતી જોઇતી હશે તે પૂરી પાડવામાં આવશે એવી જાહેરાત કરવાનું છે.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

આગામી ધાર્મિક પરીક્ષાઓ.

આ બોર્ડ તરફથી **શ્રી સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને સૌ. હીમકબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ** ધાર્મિક હરીફાઈની ઇનામી પરીક્ષાઓ આવતી તા. ૨૪ ડિસેમ્બર ૧૯૩૯ રવીવારના રોજ બપોરનાં સ્ટાં. ટા. ૧ થી ૪ સુધીમાં સર્વ સેન્ટરોમાં લેવામાં આવશે. પ્રવેશ પત્રો તા. ૧૧-૧૨-૩૯ પર્યન્ત સ્વીકારાશે. નવા સેન્ટર માટેની અરજી પણ સંપૂર્ણ વિગત સાથે મોડામાં મોડી તે તારીખ સુધીમાં આવી જવી જોઇએ. જૈન પાઠશાળાઓ, કન્યાશાળાઓ, બોર્ડિંગો, ગુરૂકુલ. આદિ સંસ્થાઓના વ્યવસ્થાપકોને સત્વરે વિદ્યાર્થીઓના ફોર્મ-શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ, ૨૦-પાયધુની મુંબઇ ૩ ના સિરનામે મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

લિ. સેવકો,

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી

બબલચંદ કેશવલાલ મોદી

ઓન. સેક્રેટરીઓ.

(અનુસંધાન પૃ. ૨ ઉપરથી)

આપણી કોન્ફરન્સ જે શક્તિ કોન્ફરન્સમાં છે એ નથી તો સંમેલનમાં કે નથી તો પરિષદમાં. યંગમેન અને યુવક એ જૈન સમાજના અદકેરા અંગો છે. એમાં એક દેશીયતા છે. સર્વ દેશીયતા આણનાર સાધન કોન્ફરન્સ સિવાય બીજું છે' પણ નહીં અને સંભવી શકે પણ નહીં. એટલેજ એના અધિવેશન માટે સૌ કોઇને તાલાવેલી હોય.

પણ મહાત્મા ગાંધીજી જેવા મહાન્ નેતા પ્રતિવર્ષ સારી રીતે ભરાતા કોંગ્રેસ અધિવેશનમાં પણ જે છુપા સડો જુવે છે અને દૂર કર્યા વગર દેશની એક જબરદસ્ત સંસ્થા આંતરિક વિગ્રહોમાં વેર વિખેર થવાનો ભય અનુભવે છે; ત્યારે આપણા ખોટકી પડેલા તંત્રમાં બાર હૈયાને તેર ચોકા જેવા તંત્ર ધારીઓએ અધિવેશનની નોબત ગજવતાં પૂર્વે અંતર શોધન કરવાની ખાસ આવશ્યકતા છે. દ્રષ્ટિ સન્મુખ રાષ્ટ્રિય મહા સભા જેવી મહાન્ સંસ્થાને દોરવનાર ને પગભર બનાવનાર મહાત્માની જે જે સુચનાઓ બહાર પડે એ આપણને કેટલે અંશે ઉપયોગી છે એનો પણ વિચાર કરવાની જરૂર છે. અધિવેશન એટલે ત્રણ દિવસનો જલસો એ વાગ્યા આજે ભૂલી જવાની છે. એવા જલસાનો મોહ જનતાને હવે રહ્યો નથી! અત્યાર પૂર્વેના એવા જલસાઓએ ઠંડુ પાણી નાંખી પુરવાર કરી આપ્યું કે પરસ્પરની સાચી એકતા વિના અને 'કંઇક' કરવું છે એવી અંતરની ઉલટ વિના-આવા જલસાઓ એ તો વાણી વિલાસને ધન વ્યય સિવાય અન્ય કંઇ ગરજ સારતા નથી. એના ઠરાવો કેવલ છાપાના પાના શોભાવે છે.

કોન્ફરન્સ, અધિવેશન ભરવા માંગે છે. એના કેટલાક સુકાનીઓ સારી રીતે સમજી ગયા છે કે અધિવેશનને સફળતા પ્રાપ્ત કરાવવી હોય તો શું કરવું ઘટે; અને તેથી એ ભરતાં પૂર્વે કેવી તૈયારી કરવી જોઇએ તે સારૂ તેમના પ્રયાસ પણ ચાલુ થઇ ચુકયા છે. રોગ ઘણા દિવસનો જુનો હોય તો ઉપચાર લાંબો સમય પહોંચે. એથી ઉત્સાહીને સેવા-ભાવી અંતરોને અકળાવાની જરૂર નથી. તેમ નથી જરૂર નણળાઇના રોદના રડવાની.

અધિવેશન સત્વર ભરાય અને સફળતાથી જૈન સમાજમાં એ નવો સફો શરૂ કરે તેવા દરેક પ્રયાસ કરવાનું ધ્યેય અમારૂં મુખ્ય છે તો વિદ્યમાન પત્રોને તેના ઉમંગી તંત્રી મહાશયોને અને ઉત્સાહી લેખકોને અમારી સહ એ માટેનું વાતાવરણ તૈયાર કરવામાં સાથ પુરવા આગ્રહ ભરી વિનંતિ કરી અંતમાં એકજ અપીલ કરીએ કે—"જુનો ઇતિહાસ ભૂલી જઇ આપણે સૌ ભાઇઓ છીએ અને આપણુ સૌનું ધ્યેય જૈન સમાજનો ઉત્કર્ષ છે" એ વાત અમલી બનાવીએ.

અમર કૃતિઓના સર્જનહાર.

'કાવ્યાનુ શાસન'જ 'દ્વયાશ્રય' 'યોગશાસ્ત્ર,'
'છંદોનુ શાસન' રચી 'વીતરાગ સ્તોત્ર,'
ઊંડા અગાધ કવિતા સરિતા જલોમાં,
હેમે નિમજ્જન કરાવ્યું રૂડા રસોમાં.
ડો. ભ.-મ. મહેતા.

વિક્રમ સંવત અથવા તો શ્રી મહાવીર નિર્વાણ સંવત્સરના આરંભની પ્રથમ શુકલપૂર્ણિમાએ સમસ્ત જગતના પ્રખર કવીની જન્મ તિથિ કાર્તિક શુદ પુનેમની શીળી ચંદ્રિકા ધરણી માતાને શ્વેત વસ્ત્રના પરિધાન કરાવી રહી હતી એ ટાણે પાહિણી શ્રાવિકાએ એક સુતને જન્મ આપ્યો. ચિત્રગુપ્તે પોતાની વહીમાં એ માટે શી નોંધ લીધી એ કળવું મુશ્કેલ હતું છતાં જન્મ પછીના અલ્પ વર્ષોમાંજ આ બાળકે પોતાનું ખમીર દેખાડી આપ્યું, અને ગૂજરાતના ખૂણે પડેલાં ધંધુકામાં એકાદ સામાન્ય ઘરમાં માત્ર ગૂજરાતનું જ નહિં પણ સારાયે ભારત વર્ષનું-આગળ વધી કહીયે તો અખિલ વિશ્વનું એક અણમોલ રત્ન પેદા થયું છે એ વાત ચોક્કસ થઇ. સામાન્ય રીતે એમજ બનતું આવ્યું છે કે જગતને પોતાની પ્રતિભાથી વિસ્મય પમાડનારા રત્ન સરિખા માનવીઓનો જન્મ મધ્યમ કોટિના ઘરોમાંજ થાય છે. એ કાળે ચોઘડીઆ વાગતાં નથી કે વધામણાં થતાં નથી; છતાં 'તારાકી જ્યોતમેં ચંદ્ર છુપે નહીં' એ કહેતી પ્રમાણે એ સ્વયં જ્યોતિના પ્રસરવા માંડેલા ઝગઝગાટથી જ્યાં દિશાઓ ઉજળવા માંડે છે, ત્યાં જોત જોતામાં હજારો મુખો આશ્ચર્યમાં ડુબે છે. હજારોને પ્રેરણા મળે છે અને હજારો એ પાછળ મુગ્ધ બને છે.

માતા પાહિણી જોડે ઉપાશ્રયે જનાર બાળક ચાંગદેવ પોતાનામાં રહેલ તેજની રજુઆત દેવચદ્રસૂરિના આસન પર બેસી જઈ દર્શાવે છે. જ્યોતિષજ્ઞાનથી વિભુષિત સૂરિ આ બાળકના ભાલમાં કોઇ અનેરૂં સામર્થ્ય જુવે છે. એ બાળ જો પોતાના હાથે ચઢે તો જૈન શાસનની અનેરી પ્રભાવના કરે એવા અંતર ધ્વનિ એમના હૃદયમાં ઉઠે છે. સંઘના મુખ્યોઓ સાથે પાહિણીના ઘેર પહોંચી એની માંગણી કરે છે ચાંગદેવ સરખા ચાલાક બાલુડાનો મોહ છોડી દેવાનું કઇ માતા પસંદ કરે? સુરી જાત જાતની દલીલોથી શ્રાવિકા પાહિણીના અંતરમાં શાસન પ્રભાવનાની જ્યોત પ્રગટાવે છે. આ બાળક હારી કુક્ષિને દીપાવનાર શાસનનો સ્થંભ નિવડશે એવી ખાતરી આપે છે. બાળક ચાંગદેવનું વલણ પણ કુદરતી રીતે દેવચંદ્રસૂરિ તરફ વળે છે. તેમની સાથે જવા તે તૈયાર થાય છે. તેઓશ્રીનો પરિચય એણે માંડો લાગે છે. આખરે માતાના આશીર્વાદ મળે છે.

પાંચ વર્ષના ચાંગદેવ સાથે સુરી સ્થંભતીર્થ પ્રતિ પ્રયાણ કરે છે. પણ ઘેર આવીને પિતા એવો ચચ્ચ જ્યારે આ વાત સાંભળે છે ત્યારે એને સખત આઘાત પહોંચે છે. ચાંગદેવ આ ઉંમરે સાધુ થાય અને તે પણ પોતાની સમંતિ વગર એ જરા પણ રૂચતું નથી. તરતજ તે ખંભાત પહોંચી જાય છે. દેવચંદ્રસૂરિ અને મંત્રી ઉદાયન એને કંડો પાડે છે. ચાંગદેવને એના બોળામાં બેસાડી કહે છે કે-'પાહિણીએ રજા આપ્યા છતાં જો તમારી નાખુશી હશે તો હરગીજ એને દીક્ષા નહીં દેવાય. આ ભાગવતી દીક્ષા મહત્ પુન્યે પામી શકાય છે. એમાં પણ બાળવયે એનો યોગ કોઈ સંસ્કારીને પુરા ભાગ્યશાળીનેજ પ્રાપ્ત થાય છે. છતાં એ રાજી ખુશીના સોદાની વસ્તુ છે. બાળક પર માતા પિતાનો હક સર્વોપરી છે. અપત્ય પ્રેમ દુઃખે ત્યજી શકાય તેવો છે એ અમારા લક્ષ્ય બહાર નથી. એટલેજ દીર્ઘ દૃષ્ટિવંત શાસ્ત્રકારોએ સમંતિ વગર દીક્ષાની મનાઇ ફરમાવી છે.' ચચ્ચનો અર્ધો ગુસ્સો તો આ ન્યાયયુકત ને મીષ્ટ વાણીના પ્રતાપે ઠંડો પડી ગયો. મંત્રીશ્વર ઉદાયનના મુખે જ્યારે પોતાના પુત્રનું ઉજ્વળ ભવિષ્ય સાંભળ્યું ત્યારે એનું મન પીગળી ગયું અને અંતમાં મંત્રીશ્વર તરફથી કહેવામાં આવ્યું કે-'જો ધનની કામના હોય તો આ ભંડાર ખુલ્લો છે મનજી માફક એમાંથી ગ્રહણ કર, જો પુત્ર પ્રેમ આડે આવતો હોય તો મ્હારા ત્રણ દીકરા છે એમાંથી એકને લઇ જા, પણ જેની શીરાઓમાં જૈન ધર્મની વિજય પતાકા જગત ભરમાં ફરકાવવાનું જોમ છે, જેના કપાળમાં દુનિયાને અચરીજ પમાડવાની વિદ્યા રૂપી જવલંત જ્યોતિ ઝળકે છે એવા આ ચાંગદેવને રાજી ખુશીથી ગુરૂ ચરણે ધર. સાંસારી પુત્ર કરતાં ત્યાગી પુત્ર અનોખું નામ કહાડશે. તહારૂં નામ યાવચ્ચંદ્ર દિવાકરૌ રહે તેવું કરી બતાવશે.' મંત્રીશ્વરની હૃદયમાંથી ઝરતી વાણીએ ચચ્ચનું અંતર ભેદી નાંખ્યું પ્રબંધ ચિંતામણીકારના મત પ્રમાણે ચચ્ચે પોતેજ બધો દીક્ષાવિધિ જાતે હાજર રહીને ઉજવ્યો તે વેળાએજ ચાંગદેવનું નામ સોમચંદ્ર પાડવામાં આવ્યું.

'પુત્રના લક્ષણ પારણામાંથી જણાય' એ ઉકિત અનુસાર જેમના જીવનમાં બાળપણથીજ સરસ્વતી દેવીની પ્રસન્નતા દૃષ્ટિગોચર થતી અને જેમણી પ્રજ્ઞા बालादपिहितंग्राह्यम् જેવા સૂત્રની પ્રનિતી કરાવતી એવા સોમચંદ્ર જોત જોતામાં તર્ક-લક્ષણ અને સાહિત્યમાં પાવરધા બન્યા. એમની વિદ્યાની ભૂખ એટલી તીવ્રતમ થઇ પડી કે ગુરૂદેવચંદ્રને કાશ્મીરનો માર્ગ લેવો પડ્યો. એ કાળે કાશ્મીર શારદા માતાનું બૃહત્ ધામ લેખાતું મોટા અને પારંગત ગણાતા વિદ્વાનો ત્યાં વસતા હતા.

"પુન્યશાળીને પગલે પગલે નિધાન" અર્થાત્ "મન ચંગાતો કથરોટમાં ગંગા" એ લોકોકિત અનુસાર સોમચંદ્રને એટલી ધરતી ખુંદવાવારો ન આવ્યો. એક અભિપ્રાય મુજબ મધ્ય રાત્રે ધ્યાન ધરતા બ્રાહ્મીદેવી પ્રકટ થયાને જોઇતું બધું અહીંજ મળી જશે એમ કહ્યું બીજા અભિપ્રાય પ્રમાણે—

નગ્ન પદ્મિનીની સામે, વિદ્યા સાધક હેમની,
નગ્ન અસિ રહી સાક્ષી, રોમે ય અવિકારની.

એ બે લીંટીમાં સુચવ્યા મુજબ માર્ગમાંજ એક મંદિરના ભોંયરામાં એક બાજુ નગ્ન અવસ્થામાં ઉભેલ પદ્મિની લલના, એની સામે હાથમાં ઉઘાડી તલવાર રાખી ઉભેલ તેણીનો પતિ અને બીજી બાજુ ધ્યાન મગ્ન મુનિ ત્રિપુટી જેમાં દેવચંદ્ર સોમચંદ્ર અને મલયગિરિ હતા. જરા પણ ધ્યાન ભંગ થવાય. રંચ માત્ર વિકાર નજરે ચઢે તો નાગી તરવાર-અચકાયા વગર આ સાધુ છે એવું મનમાં આણ્યા વગર તરતજ કંઠ પર

ફેરવી દેવાનો સખ્ત હુકમ હતો. એકજ ધ્યેય હતું કે આવા પ્રતિકુળ સંજોગોમાં પણ અડગ અને સ્થિર ધ્યાનની ધારા રહેવી જોઇએ. એક રૂંવાડું સરખુએ વિકાર વશ ન થવું જોઇએ. બ્રહ્મચર્યમાં જરા માત્ર સ્ખલના ન સંભવી શકે. એ નિશ્ચળતાએ ત્રણે મુનિ પુંગવોને મનોવાંછિત લબ્ધિઓની પ્રાપ્તિ કરાવી.

વીસમી સદીના વિચારકો અનુમાને છે કે એ કાળે અણહિલપુરમાં કાશ્મીરના "વિલ્હણ" ને 'ઉત્પલ' જેવા પ્રસિદ્ધ વૈયાકરણીઓ હતા. વળી ખાસ માણસો મોકલી કાશ્મીરથી આઠ વ્યાકરણ પણ મંગાવ્યા હતા. એથી કાશ્મીર ગયા સિવાય વિદ્યાભ્યાસમાં અનુકુળતા થઈ પડી ગમે તે માન્યતા પર વજન મૂકીએ છતાં એટલું તો સાચું છે અને કબુલવું પડવાનું કે વયના વધારા સાથે મુનિશ્રીની જ્ઞાનવૃદ્ધિ પણ જોરથી શરૂ થઈ અને એમાં એ નિષ્ણાત બન્યા. કુમારપાળ પ્રતિબોધના લેખક જણાવે તેમ સોમચંદ્રે દીક્ષા પછીનો સમય તીવ્ર તપ તપવામાં અને કાયાને દમવામાં ગાળ્યો. અધ્યયન પાછળ એકાગ્રતાથી મંડી પડયા; અને થોડા વખતમાંજ આખો શાસ્ત્ર સમુદ્ર ઓળંગી ગયા શરૂઆતની આ યોગ સાધનાજ તેમની બધી શક્તિઓને વિકસાવવામાં તેમજ એકત્રિત કરવામાં કારણભૂત થઇ. તેમની બુદ્ધિની પ્રખરતા અને તેમના ચારિત્રની તેજસ્વીતા જોઇ નાગોર મુકામે ગુરૂએ સં. ૧૧૬૬ માં એકવીશ વર્ષની યુવાન વયે તેમને સૂરિપદથી અલંકૃત કર્યા અને મુલકમશહૂર એવું 'હેમચંદ્ર' નામ દીધું.

સુરિપુંગવ હેમચંદ્રનો સારોયે જીવનકાળ ઝળહળાતી જ્યોતથી ભરપુર છે. વિવિધ પ્રસંગો અને એમાં તેઓશ્રીની નિષ્ણાત બુદ્ધિએ કલાડેલા તોડથી-નિર્ધારેલા માર્ગથી-દોરેલા ચીલાથી-કે નિયત કરેલા મુદ્રાલેખથી એ એટલી હદે ભર્યો ભર્યો છે કે એમાંના એકેક અનાવ પાછળ પાનાના પાના ભરી શકાય. એ ઉપર સંખ્યાબંધ ગ્રંથો લખાયેલા મોજુદ પણ છે. સિદ્ધરાજ જયસિંહનો અડધો રાજ્યકાળ અને કુમારપાળ મહારાજનો આખોયે રાજ્યકાળ એમાં સમાય છે. એમાંથી જો દીર્ઘદર્શી સુરિ હેમચંદ્રે ભજવેલો ભાગ કહાડી લઇએ તો એ સારોયે ઇતિહાસ લૂણ વિહુણા ભોજન જેવો નિરસ રહે. એવી એક પણ 'નિતિ' નથી કે જેમાં હેમચંદ્રસૂરિનો પ્રવેશ ન હોય! ચાહે રાજનિતિ લ્યો કે ચાહે સમાજનિતિ સામે રાખો. છતાં ખુબી એ છે કે તેઓશ્રી સાધુ ધર્મના આચારથી જરા પણ ખસ્યા નથી. ધર્મને દૃષ્ટિ સન્મુખ રાખીનેજ ભૂપ કુમારપાળના સાચા સલાહકાર બની રહ્યા છે. રાજ્ય સંચાલનમાં ધર્મનિતિના પ્રવેશનુ માન તેમના ફાળે જાય છે અને ખાદીનો કપડો ઓઢી, એનું મહત્વ વધારનાર તેમજ એ દ્વારા જનતાની સ્થિતિનું ભાન નૃપને કરાવનાર એ પ્રથમ સૂરિ છે. તેથીજ મોડા મોડા અને એક નજરે જોઇએ તો પ્રાયશ્ચિત રૂપે જે પ્રશસ્તિ શ્રી મુનશીજીને ગાવી પડી છે તે યથાર્થ છે 'હાથીના પગલામાં સર્વ પ્રાણીના પગલા સમાય' એ ન્યાયે એ પ્રશસ્તિનો ઉલ્લેખ અત્રે દૃષ્ટિ ધારીએ કીએ.

"એ હતા સમસ્ત જગતના એક પ્રખર વિદ્વાન્ કવી, ઇતિહાસકાર, વ્યાકરણને કોશકાર ગુજરાતના કલીકાળ સર્વજ્ઞ.

મદ્યનીષેધક શાસનના પહેલા પ્રેરકને મધ્યકાળમાં અહિંસાને રાજ્ય કારભારમાં આણવાનો પ્રયત્ન કરનારાઓમાં પ્રથમ.

પુસ્તકોનું અવલોકન.

નોટ—"જૈન યુગ" સમિતિ એ સાક્ષરોની અનેકી સમિતિ નથી એટલી સ્પષ્ટતા કર્યા પછી જણાવવાનું કે ઉપરના મથાળા હેઠળ પ્રાપ્ત થતાં ગ્રંથોનું અવલોકન પૂર્વે જેમ "સ્વીકાર અને સમાલોચના" તરીકે લેવામાં આવતું હતું તેમ કરવામાં આવશે.

૧ **સંસ્કૃત પ્રાચીન સ્તવન સન્દોહ:**—સં. મુનિશ્રી વિશાલવિજયજી. તીર્થંકર પરમાત્માના સ્તવનો તેમ બીજા પણ સ્તવનોનો આ સંગ્રહ સંસ્કૃતના અભ્યાસીઓને આનંદ આપે તેવો છે.

૨ હેમચંદ્ર વચનામૃત-સં. મુનિશ્રી જયંતવિજયજી. પ્રખ્યાત ગ્રંથ શ્રી ત્રિષષ્ટિશલાકા ચરિત્રના દશે પર્વોમાંથી સુન્દર અને સરળતાથી ઉપયોગમાં લઇ શકાય તેવા સુભાષિતોનો સંગ્રહ તેમજ એનો ગુજરાતી ભાષામાં અર્થ એ આ પુસ્તકની વિશિષ્ટતા છે.

૩ મારી સિન્ધ યાત્રા. લે મુનિશ્રી વિદ્યાવિજયજી. ૨-૮-૦ અત્યારસુધી સાધુઓના પાદવિહારમાં ઉપયોગી થઇ પડે એવા જે પુસ્તકો પ્રગટ થયા છે તેમાં સુન્દર અને સચિત્ર ગેટઅપવાળા આ ગ્રંથે નવી ભાત પાડી છે સાડી ત્રણસો પાનાના આ ગ્રથમાં સંખ્યાબંધ ચિત્રો ઉપરાંત મારવાડમાંથી સિંધમાં પ્રવેશ કરતાં કેવી મુસ્કેલીઓનો સામનો કરવો પડે છે અને ભિન્નભિન્ન પ્રદેશમાં કેવા જનસમુહના સંપર્કમાં આવવું પડે છે એનો મુનિશ્રીએ રોચક શૈલીમાં ઠીક ખ્યાલ આપ્યો છે. કરાંચીનો તો જાણે ઇતિહાસ ખડો કર્યો છે ત્યાગીઓના પગલા અણખેડાયેલા ક્ષેત્રોમાં જૈન ધર્મની કેવી પ્રભાવના પ્રગટાવે છે એનો ચિતાર ડગલે પગલે દૃષ્ટિ ગોચર થાય છે. સુવર્ણગિરિ અને નાકોડા જેવા તીર્થો સબંધી જાણવાજોગી માહિતી, પંથ મોહમાં ફસી તેરા પંથી સાધુઓ તરફથી સમકિતના નામે થઈ રહેલી લીલા અને શ્રી મહાવીર જયન્તિ જેવામાં જૈનેતરો ઉપરાંત મુસલમાનોનો પણ સહકાર જેવી ઘણી નવી બાબતો જાણવાની મળે છે. માંસાહારી આ પ્રદેશમાં અહિંસાનો અણમૂલો સન્દેશ જો ત્યાગી સંતો ધારે અને દેશ-કાળને અનુરૂપ પદ્ધતિ અખ્તિયાર કરે તો સારા પ્રમાણમાં ફેલાવી શકે તેમ છે.

૪ સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભા. ૧. ૯-૬-૦ સાડી ત્રણસો પાનાના આ પુસ્તકમાં હજુ નજર સમે અસ્ત પામેલા એક આદર્શ સાધુના શ્રીમદ્ આનંદઘનજી કે ચિદાનંદજી જેવા યોગીઓની સ્મૃતિ તાજી કરાવે તેવા શાંત મૂર્તિ સંતના-લેખોનો સંગ્રહ કરાયેલો છે. સ્મારક સમિતિની સ્થાપના પં. પ્રીતિવિજયજીની પ્રેરણા અને એકત્ર કરાયેલ ફંડની નોંધ ઉપરાંત શ્રી મોતીચંદ ભાઇએ લખેલી ઉપોદ્‌ઘાત વાંચતાં મુનિશ્રીના જીવનનો અને અનુભવ યુકત વચનોનો ઠીક ખ્યાલ આવે તેમ છે. આમુખમાં એ પરત્વે વિસ્તૃત ઉલ્લેખ કરાયો હોવાથી અત્રે પુનઃ લંબાણ ન કરતાં જણાવવાનુ કે અર્ધી કિંમતે પ્રચાર કરવામાં આવતાં આ પુસ્તકનો પ્રત્યેક જૈને ખરીદી લાભ લેવા જેવો છે.

ચોકસી.

જૈન કૉન્ફરન્સનું અધિવેશન મેળવવા—

પક્ષભેદો ભૂલી ઉત્સાહ અને ઉલ્લાસથી સંગઠિત થવા રાવસાહેબ કાંતીલાલની અપીલ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી ગત વર્ષે લેવાયેલી શ્રી. સારાભાઇ મગનભાઈ મોદી પુરૂષવર્ગ અને સૌ. હીમકોરબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઇનામો આપવા માટે તા૦ ૧૯-૧૧-૩૯ ના રોજ બપોરના સ્ટાં. ટા. ૩॥ કલાકે પાયધુની ઉપર આવેલા જૈન કોન્ફરન્સના હોલમાં **રાવસાહેબ શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ જે. પી.** ના પ્રમુખપદે એક મેળાવડો થયો હતો. જૈન આગેવાન નેતાઓ અને અન્ય નર-નારીઓની હાજરીથી હોલ ચીકાર ભરાઈ ગયો હતો.

શ્રી શકુંતલાબ્હેન કન્યાશાળાની બાળાઓએ સ્તુતિ ગાયા બાદ મંત્રી શ્રી અમૃતલાલ કેશવલાલ મોદીએ બોર્ડની પ્રવૃત્તિઓ વિષે જણાવતા કહ્યું હતું કે આપણી ૬૫૦ લગભગ જૈન પાઠશાળાઓને એકજ છત્ર નીચે ચલાવવા બોર્ડ આજે પ્રયત્ન કરી રહેલ છે. ઇન્સપેકટરો રાખી એ દિશામાં ઘણું સરસ કાર્ય થઈ શકે તે માટે રૂા૦ દશેક હજારની જોગવાઇ થવી ઘટે. સમાજના કોઇક ખૂણામાં એવી વાતો થાય છે કે લોકોને ધાર્મિક કેળવણી પ્રત્યે પ્રેમ નથી પણ અમો આંકડાઓ આપી પુરવાર કરી શકીએ છીએ કે એ માટે સમાજમાં અપૂર્વ પ્રેમ જાગૃત થયેલ છે. માત્ર તે માટેના સાધનો આપવાની-નિપજાવવાની જરૂર રહી છે. જૈન સમાજ આ સંગીન કાર્યને અપનાવી ટેકો આપે એવી અપીલ વકતાએ કરી હતી.

પાઠશાળાઓ માટે નિષ્ણાતોની સમિતિ.

બોર્ડના પ્રમુખ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ સ્વ. મેપાણીએ આ દિશામાં જે જહેમત ઉઠાવેલી તે વર્ણવી સમાજને ધાર્મિક કેળવણીથી થતા લાભાલાભની તુલના કરી બતાવી હતી. કોન્ફરન્સ દ્વારા કેળવણીના ક્ષેત્રમાં થયેલ આંદોલનોના પરિણામે આજે બોર્ડ જેવી ઉપયોગી સંસ્થા અસ્તિત્વ ધરાવી રહી છે અને તેના ઉપયોગી કાર્યને વિકસાવવા આર્થિક મદદ માટે અપીલ કરવી પડે એ નવાઇ જેવું હોવાનું જણાવ્યું હતું શેઠ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલિસીટરે જૈન પાઠશાળાઓની સ્થિતિ સુધારણાદિ માટે નિષ્ણાતોની સમિતિ નીમી કાર્ય કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

કોન્ફરન્સને મજબુત બનાવો.

પ્રમુખ રાવસાહેબ શેઠ કાંતીલાલ ઇશ્વરલાલે ભાષણ કરતાં જણાવ્યું કે એજ્યુકેશન બોર્ડનું કાર્ય કોન્ફરન્સના જીવંત અને સંગીન કાર્યોમાં અગ્રપદ ભોગવે છે. મતભેદ વિનાના એ કાર્યને ખુબ વિકસાવવાની જરૂર છેજ પરંતુ હું માનું છું કે આપણી કોન્ફરન્સ કે જેનાં ઉપર આવા અનેક કાર્યો અવલંબી રહ્યા છે તેને કોઇપણ રીતે સત્વરે મજબુત બનાવી અધિવેશન મેળવવા દરેક પક્ષોએ એકત્ર થઇ પ્રયત્નો કરવા જોઇએ. પક્ષભેદો ભૂલી જઇ રાષ્ટ્રિય મહાસભાની જેમ આપણે સંગઠિત બની ધર્મ અને સમાજની પ્રગતિ માટે દરેકદરેક ભોગ આપવા તત્પર થવું જોઇએ. આપણામાંના મુખ્ય પક્ષોને એકત્ર કરવા પ્રયત્નો ચાલુ છે તેમાં ધીમી છતાં આશાજનક પ્રગતિ થઇ રહી છે. અનેક પ્રકારની ગુંચવણોથી ગુંથાયેલા વર્ષો જુના મતભેદોના નિરાકરણમાં કંઇક વધુ સમય અને શકિત લાગે એ દેખીતી વાત છે. એમાં ઉતાવળ કરતાં વળ અને કળ દ્વારા કાર્ય લેવાથી સફળતા મળી શકે એમ મ્હારું નમ્ર મંતવ્ય છે. મહાત્મા ગાંધીજી આદિ દેશનેતાઓ આજે કોંગ્રેસ ખાતર હિંદુ-મુસ્લિમ ઐકય જેવા વિકટ પ્રશ્નોની સંમાધાની અર્થે વર્ષો થયા મંત્રણાઓ કરી સરળ માર્ગો શોધી રહ્યા છે. આપણાં જૈન સમાજમાં જે પક્ષો અસ્તિત્વ ધરાવે છે તેમાં "અહિંસા" જેવા કોઇ મ્હોટા સિદ્ધાંત માટે તો મતફેરી નથીજ તો પછી આપણે શા માટે એકત્ર મળી જૈનોની એકની એક મહાસભા કોન્ફરન્સ દ્વારા રચનાત્મક કાર્યો ન કરી શકીએ? જગતના એક અજોડ અને અદ્વિતિય જૈન ધર્મ અને સમાજની સેવા ખાતર પણ દરેક પક્ષોએ ઉત્સાહ અને ઉલ્લાસથી એકત્ર થવા માત્ર શાબ્દિકજ નહિં પણ હાર્દિક સક્રિય સહાનુભૂતિ અને અને મદદ આપવી જોઇએ એ મ્હારી જૈન જનતાને નમ્ર અપીલ છે અને જો તેમ થશે તો મ્હને આશા છે કે આપણાં કાર્યમાં તુરત વિજય પ્રાપ્ત થશે.

વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઇનામો અપાયા બાદ શ્રી મોહનલાલ દ દેશાઇ કૃત "પ્રભુ મ્હારી નૌકા ઉતારો પાર" નામક ગીત બાળાઓએ ગાઇ સંભલાવ્યું હતું. શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીએ શેઠ મેઘજી સોજપાળ તથા શ્રી ચંપા બ્હેન સારાભાઇને આ બોર્ડના કાર્યમાં આર્થિક મદદ આપવા બદલ ધન્યવાદ આપી કોન્ફરન્સનું અધિવેશન જેમ બને તેમ તાકીદે મેળવવા આગ્રહપૂર્ણ સૂચના કરી હતી. શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી સોલીસિટર (મંત્રી) એ આભાર પ્રદર્શન કર્યા પછી પ્રમુખશ્રીને પુષ્પહાર અર્પણ થયા હતા. બાળાઓને રૂપાનાણું તથા મીઠાઇ વ્હેચવામાં આવી હતી. બાદ શ્રી અમૃતલચંદ મોદી તરફથી યોજાયેલ અલ્પાહારને ઇન્સાફ આપી વંદેમાતરમની મધુર ગુંજ વચ્ચે સૌ વિખરાયા હતા.

જૈનધર્મ અને ઇતિહાસ.

આજકાલ વાતવાતમાં ઇતિહાસિક પ્રમાણ માંગાય છે. એ વગર અન્ય લખાણો સાવ કલ્પિત છે એમ કહેવા કેટલાક બહાર આવે છે! એમાં જૈન તરિકે ઓળખાવનાર પણ હોય છે ત્યારે વધુ આશ્ચર્ય થાય છે. ઇતિહાસ પાછળનુ મહત્વ ઓછુ આંકવાનુ કંઇજ કારણ નથી; પણ તેથી નિર્ગ્રંથોએ જે જે લખ્યું અને એમાંની જે બાબતોના આંકડા આજે ન સંધાઇ શકતા હોય તે કેવળ કલ્પનામય છે એમ માનવું ભૂલભર્યુ છે. જો ધગશને ખંતથી શોધખોળ કરવામાં આવે તો જૈન ગ્રંથોમાં વર્ણન કરાયેલી ઘણી બાબતોપર અજવાળું પડે તેમ છે. એ માટે ભારતીય ઇતિહાસ કી રૂપરેખામાંના નિમ્ન ફકરા વાંચવા જેવા છે. અર્હત્ વર્ધમાન કો નમસ્કાર સ્વામી મહા ક્ષત્રપ શોડાસ કે (રાજ્યમે) ૪૨ વે વરસમે હેમન્ત કે દૂસરે માસ કે ૯ વે દિન હારિતી કે પુત્ર પાલકી ભાર્યા શ્રમણોકી શ્રાવિકા (ઉપાસિકા) કોછી (કૌત્સી) અમોહિનીને અપને પુત્રો–પાલ-ઘોષ, પ્રૌષ્ટ્રેાય, ધનકોષ-કે સાથ આર્યવતી પ્રતિષ્ઠાપિત કી, આર્યવતી અર્હત્ કી પૂજા કે લિયે (હૈ).

નોટ. લગ૦ ૮૧ ઇ૦ પૂ૦ મેં શોડાસ મથુરા પ્રદેશ કા મહાક્ષત્રપ થા.

'અરહત વર્ધમાન કો નમસ્કાર ગોતિ કે પુત્ર પોડય-શકેં કે કાલક્યાલ...(કી ભાર્યા) ક શિકી શિવમિત્રાને આયાગ પટ પ્રતિષ્ઠાપિત કિયા'

નોટ–આયાગપટ પૂજા કી વે પાટિયો હોતીથી જિનપર દેવતા યા આરાધ્ય પુરૂષ કા ચિત્ર ખુદા રહતા થા (શક સામ્રાજ્ય).

'અશોક ઔર સમ્પ્રતિ કે સમય જો ધર્મવિજય કા કાર્ય શુરૂ હુઆ થા, વહ ભિક્ષુસંઘ દ્વારા બરાબર જારી રહા દીખતા હૈ ઔર ઉસકા વાસ્તવિક પ્રભાવ અબતક સમૂચે ઉત્તરાપથ ઔર મધ્યા એશિયા તક પહુંચ ગયાથા. કાલકાચાર્ય કે કથાનક કા પ્રાય; યહ અર્થ સમઝા જાતાહૈકિ કાલક ખાસ તૌરપર શકોંકો બુલાને કે લિયે હી શકસ્થાન ગયા થા.'

'યહ બાત ઉલ્લેખ યોગ્ય હૈ કિ પહલે તામિલ વાંગ્મય કે વિકાસમેં જૈનોંકા વિશેષ ભાગ થા. તિરૂવલ્લુ વરકા સમ પન્થો વાલે અપના અપના બતલાતે હૈ, પર કાલ્ડવેલ કા કહના હૈકિ ઉસકી કૃતિમેં જૈનપન અધિક ઝળકતા હૈ. તિરૂવલ્લુ વરકી બહન કહલાનેવાલી પ્રસિદ્ધ તામિલ લેખિકા અવ્વૈયાર, જિસકી કૃતિ તામિલ કાવ્યોં મેં બહુત પ્રશસ્ત હૈ, જૈન બતલાઈ જાતી હૈ. તામિલ ભાષા પહલેપહલ ઇરાવીસન્ કે આરમ્ભ કે કરીબ જૈનોં કે કિયે વાંગ્મય-પુષ્પિત હુઇ, યહ બાત અત્યન્ત સંગત હૈ; કારણ કિ જૈન સાધુઓં કે મૌર્ય-કાલ મેં સુદૂર દક્ષિણ પ્રવાસ કરને કી અનુશ્રુતિ હૈ હી, ઔર સંસ્કૃતકે બજાય સ્થાનીય ભાષાઓં કા પ્રોત્સાહિત કરના તો જૈનોં કે માનો ધર્મકા હી અંગથા, ઇસલિયે તામિલ દેશમેં જૈનધર્મ પહુંચને કે દો અઢાઈ શતાબ્દિ બાદ હી તામિલ ભાષા મેં વાંગ્મય કા વિકાસ હોના સર્વથા સંગત થા.'

'મૌર્ય-કાલ મેં જબ જૈન વાંગ્મય કા પહલા સંકલન હુઆ, તબ કુછ અંગ ઉસમેં આને સે રહ ગયે થે; ખારવેલ કે સમય ઉનકા ભી પુનરૂદ્ધાર કિયે જાનેકી બાત ખારવેલ કે અભિલેખ મેં લિખી હૈ–કિન્તુ આશ્ચર્ય હૈ કિ જૈન વાંગ્મય મેં કહી ખારવેલ કા નામ નહીં હૈ! જૈન અનુશ્રુતિ કે અનુસાર સ્થૂલભદ્ર તક જૈનો કી આચાર્ય-પરંપરા કા ઉલ્લેખ પીછે કિયા જા ચુકા હૈ જંબુસ્વામી કે બાદ સ્થૂળભદ્ર તક જો છઃ આચાર્ય હુએ વે શ્રુત કેવલી થે. ઉસકે બાદ કે સાત આચાર્ય દશપૂર્વી કહલાતે હૈ. કયોંકિ ઉન્હેં ૧૨ વે અંગકે દશ પૂર્વોકા જ્ઞાન થા. સમ્પ્રતિ મૌર્યકા જૈન બનાનેવાલા સુહસ્તી ઉન્હી મેં દૂસરા થા. અન્તિમ દશપૂર્વી આચાર્ય વજ્રસ્વામી કા સમય જૈન અનુશ્રુતિ કે અનુસાર ૭૦ ઇ. કે કરીબ આતા હૈ. ઉસીકે શિષ્ય આર્યરક્ષિત ને સૂત્રોં કો અંગ ઉપાંગ આદિચાર ભેદોમેં વિભકત કિયા.

સાતવાહન યુગમેં જૈન વાંગ્મય કે વિભિન્ન અંશોંકા લગાતાર વિકાસ હો રહા થા.

'કલિંગ કી ગુહાઓ મેં સે હાથીગુફા મેં ખારવેલ કા સુપ્રસિદ્ધ અભિલેખ હૈ. મંચાપુરી ગુફા કી ઉપરલી મંજિલ મેં ખારવેલ કી રાનીકા લેખ હૈ, ઔર ઉસકી નિચલી મંજિલ મેં વાકદેવ સિરિકા. મંચાપુરી ગુફા કી દીવારો મેં મૂર્તિયાં ભી કાઢી ગઇ હૈ બાદ કી ગુફાઓં મેં ભી કઈ જૈન-ધર્મ વિષયક દ્રશ્ય મૂર્તરૂપમેં કાટે ગયે હૈ, પર ઉનકી પહચાન આધુનિક વિદ્વાન અભીતક નહી કર પાયે.'

'લાણુ શોભિકા નામ કી વેશ્યાકા દાન કિયા હુઆ એક જૈન આયાગપટ અર્થાત્ પૂજા કી ચકિયા, એવ અમોહિની દેવીકી દાન કી હુઇ એક વૈસીહી ચકિયા હૈ. મથુરા કી યે જૈન મૂર્તિયાં ઔર કલિંગ કી જૈન ગુમ્ફાઓં કી મૂર્તિયાં પ્રાયઃ એક સી હૈ.''

'સંગમ–સાહિત્ય કે આધાર પર પ્રો૦ કૃષ્ણ સ્વામી આયંગરને પહલી દૂસરી શતાબ્દિ ઇન્કે તામિલ સમાજ કા જો ચિત્ર ખીંચા હૈ, ઉસમેં પૌરાણિક ધર્મ. બૌધ જૈન ઔર વૈદિક કે સાથ સાથ ફલતા ફુલતા દિખલાઈ દેતા હૈ. ઉનકે અનુસાર કરિકાલને કાવેરી કે બન્દરપર જો નઈ નગરી બસાઇથી, ઉસમેં બૌદ્ધ વિહારોં કે અતિરિકત કલ્પવૃક્ષ-ઐરાવત હાથી વજ્રાયુધ બલદેવ-સૂર્ય-ચંદ્ર શિખ સુપ્રાકાર. સાતવાહન. જિન યા નિર્ગ્રન્થ કામ ઔર યમકીભી પૂજા કે સ્થાન યા મન્દિર થે.''

—સંગ્રાહક–M.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA." Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રી:-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:-રૂપીઆ બે. છુટક નકલ:-દોઢ આનો.

નવું વર્ષ ૮ મું. | શનીવાર તા. ૧૬ મી ડીસેમ્બર ૧૯૩૬ | અંક ૨ જો.

મનન કરવા લાયક.

કેળવણીનું મુખ્ય કામ.

કેળવણીના ક્ષેત્રમાં માનસ પૃથક્કરણ વિદ્યાનો ઉપયોગ આજે તો તદ્દન જુદીજ રીતે વિચારવાનો છે પ્રથમ. આપણે કેળવણીનું મુખ્ય કામ શું છે તે વિષે સ્પષ્ટ ખ્યાલ કરી લઇએ. બાળકે પોતાની વૃત્તિઓને કાબુમાં લાવતાં શીખવાનું છે. તે પોતાના બધા છંદોને કાંઇ પણ નિયંત્રણ વિના અનુસરે એ જાતની તેને સંપૂર્ણ છુટ આપી દેવી જોઇએ એ તો અશકય છે. એમ કરવું એ કદાચ બાળ માનસના અભ્યાસીઓને માટે એક કીમતી પ્રયોગ રૂપ બને; પરંતુ તેનાથી બાળકના માત પિતાનુ જીવન તો અશકય થઇ જાય, તેમજ બાળકને પોતાનેજ ગંભીર હાનિ થાય, એ વસ્તુ તત્કાળ કે થોડા સમય બાદ દેખાયા વિના રહેજ નહિં. તેથી કેળવણીનું કામ અટકાયત કરવાનું છે, મના કરવાનું છે, અને દબાવવાનું છે; તથા તે કામ કેળવણી જમાનાઓથી પ્રશંસા પાત્ર રીતે કરતી આવી છે. પરંતુ આપણે પૃથક્કરણ વિદ્યા દ્વારા શીખ્યા છીએ, વૃત્તિઓને આ રીતે દબાવવામાંથીજ જ્ઞાન તંતુઓની બીમારીઓ ઉભી થવાનો ભય ઉભો થાય છે તેથી કેળવણીએ પોતાનો માર્ગ એક બાજુ મગર અને બીજી બાજુ વાઘની વચ્ચે થઇને કાઢવાનો છે; અર્થાત્ એક બાજુ વૃત્તિઓને જેમ છેકજ છૂટી દોર મૂકી દેવી એમાં પણ જોખમ છે, તેમ બીજી બાજુ તેમને છેકજ વંધ્ય કરી મૂકવી એમાં પણ જોખમ છે.

—ડૉ. સિગ્મંડફ્રૂડ.

વિદ્યાર્થી જીવન.

હજારો હિંદી વિદ્યાર્થીઓના સંબંધમાં હું આવ્યો છું. વિદ્યાર્થીના દિલને હું જાણું છું. વિદ્યાર્થીની કઠણાઇ હંમેશા મારી સામે પડી છે. પરંતુ હું વિદ્યાર્થીઓની દુર્બળતા પણ જાણું છું મને મોટામાં મોટું દુઃખ એ છે કે, આપણા વિદ્યાર્થીઓમાં નાસ્તિકતા વધતી જાય છે અને શ્રદ્ધા ઘટતી જાય છે.

—ગાંધીજી.

વિચારકોના વિચાર રત્નો.

દરેક દેશમાં કેટલાક એવા પુરૂષો પાકે છે જેઓ વર્તમાન જન સમૂહ કરતાં વધુ ડહાપણ ધરાવતાં હોઇ, પ્રજા ઘડનર માટે ઉમદા વિચારોનો અણમૂલા અવલોકનોનો ઠીક ઠીક સંચય કરતાં રહે છે. પોતાના દૈનિક અનુભવની વાનકીઓ પીરસતાં રહે છે. આમ જનતા એમાંથી ઘણું ઘણું પ્રાપ્ત કરી શકે છે. આ મથાળા હેઠળ યુરોપમાં થઇ ગયેલા એ પ્રકારના પુરૂષોના વચનામૃતો આપવામાં આવ્યા છે જે બાસ મનનીય છે. આપણા સાહિત્યમાં પીરસાયેલા નિતિ વચનો સહ તુલના કરવા જેવા છે.

1. Two Educations.

Every person has two educations. One which he receives from others, and one more important which he gives himself. —Gibbon.

દરેક મનુષ્યને માટે બે પ્રકારની કેળવણી હોય છે. એક કે જે તે બીજા પાસેથી મેળવે છે અને બીજી ઘણી અગત્યની કે જે તે પોતાની જાતને આપે છે.

2. Good for evil.

A more glorious victory can not be gained over anothers than this, that when the injury began on his part, the Kindness should begin on ours. —Tillotson.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૧૨-૩૬. શનીવાર.

અજીર્ણ પ્રભવા રોગાઃ

આ નાનકડું સૂત્ર આખા વૈદક શાસ્ત્રના સારરૂપ ગણાય છે. સારાં નામાંકિત વૈદરાજનો અથવા તો નિષ્ણાત ડોકટરોનો કે પ્રખ્યાત ચિકિત્સકોનો એવો મત છે કે સર્વ રોગનું મૂળ અજીર્ણમાં સમાય છે. ભલે પછી એ અજીર્ણ થવામાં નિમિત્તો ભિન્ન ભિન્ન હોય કિંવા એ અજીર્ણ પોતે વિવિધ પ્રકારનું હોય. ખોરાકની અતિરેકતા એક તરફથી ચાલુ હોય અને બીજી તરફ પાચન શકિત અતિમંદ હોય ત્યાં બદહજમી જન્મે એ શંસયરહિત વાત છે. ભલ ભલા તંદુરસ્ત માનવનું સ્વાસ્થ્ય એ રીતે જોખમાય એમાં નવાઇ નથીજ.

વૈદક શાસ્ત્રનો આ નિયમ જેમ શારીરિક બાબતમાં સાચો છે તેમ સામાજીક વિષયમાં પણ સાચોજ છે. સમાજરૂપી કલેવર પણ બદહજમી ઉત્પન્ન થતાં રોગગ્રસ્ત થવાં માંડે છે. એ સમયે યોગ્ય ઉપચાર નથી થતાં તો દશા ભયંકર અને દારુણ બને છે; અને શતમુખ વિનાશ ડાચા ફાડી સામે ઉભોજ હોય છે.

જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ ઘણે ખરે અંશે આવા પ્રકારની છે એમ કહીયે તો એમાં અતિશયોકિત જેવું ન લેખાય. એની પાસે અણ ઉકેલ્યા પ્રશ્નો ઓછા નથી. એમાં વળી કેટલાક બળતા સવાલો છે. કેટલાક બળતા ન કહેવાય છતાં એના ઉકેલ વિના સમાજ તરિકેના હક્ક જળવાય તેમ નથી એ દિવા જેવું છે. માત્ર આ અમારૂં મંતવ્ય છે એમ નથીજ. જે આ વીસમી સદીમાં વિદ્યુત્ વેગે કૂચ કરવાનો ભાવ સેવે છે અને જેમનો મુદ્રાલેખ 'નવસર્જનનો' છે–અથવા તો જેઓને કહેવાતા આ કળિયુગમાં સર્વત્ર જડવાદ અને દંભ સિવાય કંઇ જણાતું નથી! વાત વાતમાં ધર્મ ધ્વંસ દ્રષ્ટિગોચર થાય છે! તે દૂર કરવા ખાતર જ જેમને કેડ બાંધી છે, કેવલ શાસન રસિકતા જ જેમનો જીવન મંત્ર છે–એ સર્વ પોતાના નિરાળા દ્રષ્ટિ બિન્દુઓથી જૈન સમાજનું જે ચિત્ર ઉપર રજુ કર્યું છે એમાં સાથ પૂરે છે. જુદા જુદા વિચાર ધરાવનારા જે વર્ગો આજે મોજુદ છે અને તેમની હસ્તક જે વાજીંત્રો અઠવાડીક પાક્ષિક કે માસિક રૂપે બજ્યા કરે છે એમાંના સુરોનાં સરવાળો કરવામાં આવે તો તારણ ઉપર વર્ણવ્યું એજ નિકળવાનું.

તો પ્રશ્ન એ ઉદ્ભવે છે જ્યારે કે ધ્યેય-જૈન સમાજના શ્રેયનું—બળતા—સળગતા કે વિનાશ પ્રતિ દોરી જતાં સવાલોના નિરાકરણનું—છે તો પછી, સાથે એક સ્થળે ભેગા મળી એ સારૂ છુટથી–ખુલ્લા દિલે-વિચાર વિનિમય કેમ કરવામાં આવતો નથી? પરસ્પર એ આંટીઓ છોડવા સારૂ પ્રયાસ કેમ સેવાતો નથી? એ તો ઉઘાડી વાત છે કે સાથે બેસી બાંધ છોડ કર્યા વિના આવી મડાગાંઠો ઉકેલાવાની નથી; રખે કોઇ એમ કરવામાં સ્વમંતવ્ય ભ્રંશ સમજે અથવા તો પક્ષ દ્રોહ માને.

જે ઉમંગથી, જે ઉલ્લાસથી, કિંવા જે જોમથી આ કાર્ય નથી ચાલતું એ ઉપરથી કલ્પી શકાય કે ઉંડે ઉંડે પણ કંઈ પરસ્પરનો અણ વિશ્વાસ છે. ખૂણે ખૂણે પણ કંઇ દંભ કે રમત રમી જવાની ગંધ આવે છે. સમાજ રૂપી દેહનું અજીર્ણ તે આજ વસ્તુ. એકજ પિતાના સંતાન-સમાન ધર્મ રૂપી એકજ જહાજ. એકજ જાતનો સાગર પાર કરવાનો અને એકજ નિશ્ચિત સ્થળે પહોંચવા સારૂ શરૂ કરેલી મુસાફરી. આ બધી સમાનતા હોવા છતાં જ્યારે પરસ્પરના હૃદય પિછાનવા જેટલી નથી તો તાકાત કેળવાતી–અંતરના માની લીધેલા મંકોડા ત્યજી દેવાની નથી તો હિંમત બતાવાતી. આપણે સૌ સાવકા ભાઇઓ નથી પણ સાચા બંધુઓ છીએ એવા ઉમંગથી નથી પરસ્પર ભેટ થતી–ત્યાં પછી કુશંકાઓના વાયરા વાય-મનના મેલની જડ ઝામે અને દિવસાનુદિવસ ભયંકર હ્રાસ અનુભવવાનો સમય આવે એમાં આશ્ચર્ય જેવું બરૂં?

દીક્ષાનો સવાલ કે દેવદ્રવ્યના ઉપયોગની બાબત અથવા તો વિધવાઓનો પ્રશ્ન એ ભલે બળતા લેખાય. એ માટેના દૃષ્ટિ બિન્દુઓ ભલે જુદા હોય, છતાં જો એ પાછળની ધગશ એકજ હોય. માત્ર જૈન સમાજના શ્રેયની–જૈન ધર્મની કીર્તિ વિસ્તારવાની–તો આજે એ કાર્યનો ઉકેલ સહજ છે. સૌ કોઇને ગળે ઉતરે તેવો માર્ગ શોધી શકાય તેમ છે. સૌ પ્રથમ દિલ સફાઇ કરવાની જરૂર છે. માનસિક મેલ રૂપી અજીર્ણ નષ્ટ કરવાની પ્રથમ આવશ્યકતા છે. ભૂમિકા શુદ્ધ થયા વગર એના પર થતાં ચણતર કે કરવામાં આવતાં ચિત્રલેખન વ્યર્થ છે. ઉખર ક્ષેત્રમાં બીજ વાવવા સમાન છે.

દીક્ષા માટે કાયદાનો પ્રબંધ અનિવાર્ય છે એમ માનવું જેમ વધારે પડતું છે તેમ દીક્ષા માટેની સંતાકુકડી ચાલુ રહે એ પણ ઇષ્ટ નથીજ. દેવદ્રવ્ય ભક્ષણમાં ન વપરાય એ જેટલું સાચું છે તેટલુંજ એનો એકધારો સંગ્રહ કે વ્યાજ બાતર લેાન આદિમાં રોકાણ તિરસ્કરણીય છે. વિધવાઓ ફરીથી પરણે એ જેમ અયુકતને શોભનિક નથી લાગતું તેમ બાળ કે વૃદ્ધ કે અણમેળ વિવાહ કર્યા જઇએ અને વિધવાઓની સંખ્યા વધતી જાય, પોષણના સાધન વિના તેમના જીવન દુઃખમય બની જાય, તેઓ ડગલે પગલે અપશુકનીયાળ બની રહે

≠ નોંધ અને ચર્ચા. ≠

ટ્રસ્ટીઓની ચુંટણીમાં નવી પદ્ધતિ—

દેવસ્થાન કે એને લગતાં સાધારણ આદિ અન્ય ખાતાઓની વ્યવસ્થા કરવા સારૂં ટ્રસ્ટીઓની પસંદગી એ કંઇ જૈન સમાજ માટે નવી વસ્તુ નથી. પણ અત્યાર પૂર્વે એમાં સભ્યપણાનો હક ભોગવવા જેવો દાખલો નોંધાયો હોય એવું જાણમાં નથીજ. જે કંઇ થતું તે સંઘ બોલાવી અમુક નામો ઘણું ખરૂં વંશ પરંપરાગત ઉતરી આવેલાના કે શ્રીમંતોના એકાદ ગ્રહસ્થ તરફથી રજુ થતાં ને સંઘમાં હાજર રહેલા સૌ કોઇ એને હાથ ઉંચો કરવાની તસ્દી લીધા સિવાય વધાવી લેતાં. જો કે એ રીતે ચુંટાયેલા વહીવટદારોમાંના કેટલાકોએ ધર્મ પ્રત્યેની તીવ્ર લાગણીથી સુંદર રીતે વહીવટ કર્યો છે અને મિલકતનું રક્ષણ કરી બેસી ન રહેતાં એમાં યોગ્ય માર્ગે વૃદ્ધિ કરી, એ દ્વારા બીજા સંખ્યાબંધ સ્થળોમાં સહાય આપી છે. દેશ-કાળ ફર્યો એટલે વહીવટની યોજનાઓ નવેસરથી દાખલ થઇ. એમાં સભ્ય થાય તેજ મત આપી શકે. સભ્યની અમુખ સંખ્યા હાજર હોય તોજ સંઘની સભાનું કાર્ય ચલાવી શકાય અને વધુ નહીં તો વહીવટ કર્ત્તાઓએ વર્ષમાં એક વાર તો સભ્યોથી બનેલા સંઘ પાસે વાર્ષિક હેવાલ અને આવક જાવકનો રીપોર્ટ રજુ કરવો જોઇએ-એ તત્વ ઉમેરાયું. શ્રી ગોડીજી મહારાજના વહીવટ અંગેની યોજનામાં ટ્રસ્ટીઓની ચુંટણી દર પાંચ વર્ષે નવેસરથી કરવાની કલમ હોવાથી યોજનાને પાંચ વર્ષ પુરા થયા પછી એનો પ્રસંગ આ વેળા ઉપસ્થિત થયો. છેલ્લાં ત્રણેક વર્ષથી સંઘ અને ટ્રસ્ટીઓ વચ્ચે જે નવી ચાલીઓ બંધાવામાં આવેલી અને એના બીલો અંગે સબંધ ધરાવતાં મહેતા-કંટ્રાકટર દ્વારા એમાં જે પોલો ચલાવાયેલી તે સબંધે જબરો મત ભેદ ઉભો થયેલ. સંઘે વાર્ષિક હિસાબો પાસ નહી કરેલા-ટ્રસ્ટીઓમાંના કેટલાકને સંઘની આ વલણ પસંદ ન આવવાથી એડવોકેટ સુધી પહોંચી જઇ પરસ્પરની સત્તાઓ કેવા પ્રકારની છે એનું શ્વેત પત્ર મેળવાયેલું! દેવ દ્રવ્ય ઉચાપત થયું હોય તો એ સબંધી યોગ્ય પગલાં લઇ એ વસુલ કરવાનો-પુનઃ એવું ન બને એ સારૂ ઠીક પ્રબંધ કરવાનો ધર્મ ટ્રસ્ટીઓનો છેજ-એમાં ગફલત થતાં સંઘના સભ્યો એ માટે સુચનાઓ કરે-ધ્યાન ખેંચે એમાં સભ્યો વધારે પડતી સત્તા ભોગવે છે એમ માનવું એ સેવાવૃત્તિ અને લોકશાસનની ભાવનાથી અસંગત છે. પરસ્પર સમજુતીથી તોડ આણવાને બદલે પૈસાનો વ્યય કેવળ કાયદાબાજીમાં કરવો એ શોભા ભર્યું નથી. છતાં આ સ્થિતિ ઉદ્‌ભવેલી એટલે સભ્યોમાંના એક મોટા ભાગે નવી ચુંટણી વેળા પોતાના હકનો યથાર્થ ઉપયોગ કરવાનો નિર્ણય કરેલો. પક્ષપાતના દૃષ્ટિ બિંદુથી નહિ પણ સંઘનું તંત્ર વ્યવસ્થિત ચાલે. ખોટી રીતે ધાર્મિક ધનનો વ્યય ન થાય એવા શુભ ઇરાદાથી અન્ય બાબતોમાં જુદુ મંતવ્ય ધરાવતાં સભ્યો એક સાથે બેડા અને કોંગ્રેસ કે મ્યુનીસીપલ ચુંટણીમાં જે રીતે વ્યવસ્થિત પ્રચાર કરાય છે તેવો પ્રચાર કરી પોતે ઉભા કરેલા ટ્રસ્ટીઓને લાવવામાં સફળતા મેળવી. મુંબઈના જૈન સંઘમાં પદ્ધતિસર થયેલી આ પ્રથમ ચુંટણી છે. એથી કેટલાક જુના અને વર્ષોથી ટ્રસ્ટીપણાનો હક ભોગવતાં ગ્રહસ્થોને ઇચ્છા વિના ઘેર બેસવું પડયું. જન સમૂહ ધારે તો પોતાનો સભ્ય તરિકેનો હક ભોગવી કેવું સુંદર પરિણામ લાવી શકે છે એ વાત પુરવાર થઇ. આ નોંધ લંબાવવાની જરૂર એટલા સારૂં ઇષ્ટ માની છે કે મુંબઇના કેટલાક દહેરાંઓના વહીવટમાં હજુ આપખુદીનો દોર ચાલે છે. જાત જાતની પોલો સંભળાય છે. સ્કીમો નવી ઘડાયા છતાં એમાં ટ્રસ્ટીઓની બેજવાબદારી કાયમ રાખવામાં આવી છે. એકાદ બે ટ્રસ્ટોમાં તો પગારદાર સેક્રેટરીની મોરલીએ નાચ ચાલ્યા કરે છે-એમાં સુધારો થાય. આ દાખલા ઉપરથી એ વહીવટદાર મહાશયો સવેળા ચેતી જાય.

સભ્યો પરસ્પરના ક્ષુદ્ર મત ફેરો છોડી દઇ, વહીવટી તંત્ર સુધરે અને સંઘને જવાબદાર બને એ સારૂ કેડ બાંધી તૈયાર થાય તો નવો અપવ્યય તો અવશ્ય અટકી જાય. સંગઠનની કિંમત જરૂર અંકાય.

જાગ્રતિના કિંમતી સાધનો—

ચાલુ યુગમાં પત્રો યાને સામાયિકો સાચેજ સમાજ જીવનમાં જાગ્રતિ આણનાર સાધનોમાં મહત્વનો ભાગ ભજવી શકે છે. તેથી સંખ્યા વૃદ્ધિ અવશ્ય આશીર્વાદને પાત્ર ગણાય. આ જાતનું મહત્વ આંકયા પછી એક વાત એ સંબંધમાં ખાસ લક્ષ્યા સિવાય ચાલે તેમ નથી, અને તે એ છે કે જે એ પત્રો સમાજની પ્રગતિ સાધવાના-સમાજમાં એકધારૂં સંગઠન રચવાના અગર તો સમાજની તંદુરસ્તી સાચવવાના ઉમદા કાર્યને બાજુ પર રાખી કેવળ કાળી બાજુના જ ચિત્રણ કર્યા કરે, પરસ્પરના મેલ ધોવામાંજ રક્ત બને અથવા મહાત્મા ગાંધીજીના શબ્દોમાં કહીએ તો મીસ મેયો

(અનુસંધાન પૃ. ૭ ઉપર)

એ પણ વ્યાજબી નથી. જૈન સમાજ માટે એ ગૌરવનો વિષય નજ ગણાય. ટુંકમાં જે સળગતાં પ્રશ્નો તરિકે ઓળખાય છે એની ઉભય બાજુ જોઇ માર્ગ એવો નિયત કરવો જરૂરી છે કે ધર્મ નિતિનું સંરક્ષણ થાય અને દેશ-કાળને અનુરૂપ દશા ઘડી કરી શકાય. જરા લાંબી નજર કરીશું તો જણાશે કે બળીને ઠુંઠા રૂપ થયેલા સવાલો સિવાય કેટલાક અગત્યના પ્રશ્નો છે કે જે પ્રતિ જૈન સમાજે પ્રથમ ધ્યાન દેવાની અગત્ય છે. પકડેલું પુંછડુ ન છોડવાની કે પોતાનો કક્કો ઘુંટવાની હઠથી કદાચ સળગી ચુકેલાનો તો ઉકેલ આપણે નહીં કરીએ તો એ ગુંચાયેલા રહેવાના નથી કેમકે સરકારનું લક્ષ્ય એ પ્રતિ દોરાયું છે પણ તીર્થ સાહિત્ય અને અનુયાયી વૃદ્ધિ આદિના કેટલાક પ્રશ્નો તો પહેલી તકે સંગઠિત થઇ સમાજ હાથ નહીં ધરે તો પાછળ પસ્તાવાનું જ રહેશે. લગન વેળા ઉંઘમાં ગયા જેવું બનશે!

સમાજના આગેવાનો શ્રીમંતો શિક્ષિતો અને સેવાવ્રતીઓ-તંત્રીઓ મંત્રીઓ અને લેખકો-સૌને પોતાના વહેણ એ દિશામાં વાળવાની, એ પાછળ આંતરિક ઉમળકાથી લાગી જવાની હાકલ છે. ઉદ્યમ ચાલુ રાખીશું તો કાર્ય સિદ્ધ અવશ્યં ભાવી છે. પણ અજીર્ણ સમા મનના મેલ જડમૂળથી ઉખડી જવા ઘટે.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

આગામી વસ્તી ગણત્રી અને જૈન સમાજ.

આધુનિક યુગમાં ડેમોક્રેસીના સિદ્ધાંત ઉપર સર્વ કાર્યો થાય છે અને તેનો આધાર જન શક્તિ એટલે કે જન-ગણના ઉપરજ છે તેથીજ ચોક્કસ વસ્તી ગણત્રી માટે દરેક સમાજ પ્રયત્નશીલ અને ઉત્સુક હોય છે. જૈન સમાજની વસ્તી દિવસે દિવસે ઘટતી જણાઈ છે. સન્ ૧૯૩૧ ની વસ્તી ગણત્રીમાં જૈનોની સંખ્યા લગભગ ૧૨॥ લાખની જણાઈ છે પરંતુ તે બરાબર ન હોવા માટે અનેક સંગીન કારણો છે. દેશી રાજ્યોમાં ઘણું સ્થળે 'જૈનો' પોતાને 'હિંદુ' તરીકે લખાવે છે. ઘણું પ્રાંતોમાં અજ્ઞાનતાવશ જૈનોની ગણત્રી બીજી કોમો સાથે કરી લેવામાં આવે છે. પરિણામે આપણી ચોક્કસ સંખ્યા જાણી શકાતી નથી. મોગલ સમ્રાટ અકબરના સમયમાં એક કરોડ જૈનો હતા અને આજે માત્ર ૧૨॥ લાખ હોય તે ખરેખર શોચનીય દશા તો ખરીજ. આ સંયોગોમાં જૈન સમાજે તે માટેની ખરી પરિસ્થિતિથી વાકેફ થવાની આવશ્યકતા રહેલી છે. ઓસવાલ, પોરવાડ, શ્રાવગી, અગ્રવાલ, પલ્લીવાલ આદિ જ્ઞાતિઓ દરેક જો પોતાને 'જૈન' તરીકે નોંધાવા લક્ષમાં લે તો આપણાં સમાજના સંગઠન તેમજ શક્તિની તુલનાની દૃષ્ટિએ ખૂબજ ઉપયોગી થઈ પડે.

જગતમાં આજે અનેક પ્રકારની ક્રાંતિ થઇ રહી છે. અત્યારે તો આપણને આપણી શક્તિની કલ્પના પણ કરી શકતા નથી કોઇપણ પ્રકારના સાંપ્રદાયિક કે જ્ઞાતિના ભેદ ભાવ વિના આજે પ્રત્યેક જૈન પોતાને 'જૈન' તરીકે લખાવવા લક્ષમાં લેવાની જરૂર છે. આ માટે દરેક સ્થળના જૈન સંઘો, આગેવાનો અને સંસ્થાઓ પ્રચાર આરંભે તો કાર્યમાં ઘણી સરળતા થાય.

શ્રી મહાવીર જયંતિની રજા અંગે

મુંબઇ સરકારે રજાઓ અંગે રિપોર્ટ કરવા નિમેલી સમિતિ ઉપર શ્રી ચુનીલાલ ભાઇચંદ મહેતાની જૈન પ્રતિનિધિ તરીકે નિયુક્તિ કર્યા બાદ કોન્ફરન્સની વર્કિંગ કમિટીમાં શ્રી મહાવીર જયંતિની જાહેર રજા માટે વિચારણા કરવામાં આવી હતી. કમિટીના નિર્ણયાનુસાર અગાઉ ડેપ્યુટેશનમાં ગયેલા ત્રણે ફિરકાના પ્રતિનિધિઓની એક સભા કોન્ફરન્સની ઓફિસમાં તા૦ ૧૩-૧૦-૧૯૩૯ ના રોજ બોલાવવામાં આવી હતી જે સમયે શ્રીયુત **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,** સોલિસિટર, શ્રીયુત **તારાચંદ નવલચંદ ઝવેરી** અને શ્રીયુત **રતનચંદ ચુનીલાલ જરીવાલા** બી. એ. હાજર રહ્યા હતા. સૌએ એકત્રિત પ્રયાસો કરવા સ્વીકાર્યું હતું. આ અંગે મુંબઈ સરકારને મોકલાયેલ રેપ્રેઝેન્ટશનની નકલ તથા અન્ય ઉપયોગી સાહિત્ય શ્રી ચુનીલાલ ભાઇચંદ મહેતાને કોન્ફરન્સ તરફથી મોકલી આપી તેઓને આ માટે પ્રયત્ન કરવા વિનંતિ કરવામાં આવી હતી.

પ્રચારક પ્રવાસ.

કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ તરફથી જૂદા જૂદા સ્થળે સ્થપાયેલ સ્થાનિક સમિતિઓના હિસાબ આદિ નિરીક્ષણાર્થે મી. રાજપાળ મ. ઝવેરાને મોકલવામાં આવ્યા હતા. તેઓએ ગુજરાત કાઠીયાવાડની સમિતિઓ અંગે કેન્દ્રસ્થ સમિતિને રિપોર્ટો કર્યા છે.

કેળવણી પ્રચારની યોજનાનુસાર પ્રત્યેક સ્થાનિક સમિતિના સભ્યોએ ઓછામાં ઓછા ચાર આના પ્રતિ વર્ષે શ્રી સુકૃત ભંડાર ફંડમાં આપવા આવશ્યક છે. જે સમિતિઓએ અત્યાર પર્યન્ત ન મોકલાવ્યા હોય તેઓને તે સત્વરે મોકલવા વિજ્ઞપ્તિ છે.

શ્રી સુકૃત ભંડાર ફંડ.

આ ફંડમાં તા૦ ૭-૪-૩૯ થી તા૦ ૧૧-૧૧-૩૯ સુધીમાં નીચે પ્રમાણે રકમો પ્રાપ્ત થઈ છે જે આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

૧૬-૪-૦	શ્રી મણુંદના ભાઈ-બ્હેનોના હા. શ્રી રાણબાઇ હીરજી મા. શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી
૬૦-૮-૦	શ્રી ભોગીલાલ નગીનદાસ શાહ, મંત્રી શ્રી કોન્ફરન્સ કે પ્ર. ઉંઝા સમિતિ
૧-૮-૦	શ્રી વાડીલાલ જીવરાજ શાહ, મુંબઇ દ્વારા
૨-૮-૦	શ્રી મણીલાલ મોકમચંદ શાહ, મુંબઈ દ્વારા
૧-૪-૦	ડો. કેશવજી ગુલાબચંદ શાહ, મંત્રી કો. કે. પ્રચાર આમોદ સમિતિ
૨-૪-૦	શ્રી સેવંતિલાલ જીવતલાલ શાહ, મુંબઈ દ્વારા
૧૦-૦-૦	શ્રી ભગવાનદાસ હરખચંદ, મુંબઈ દ્વારા
૩-૦-૦	શ્રી ગુલાબચંદજી કેસુરજી-મોટા વડાચ્છા
૫-૦-૦	શ્રી નરોત્તમ ભગવાનદાસ શાહ, મુંબઇ દ્વારા
૧૦-૦-૦	શ્રી છગનલાલ કુલચંદ, આમોદ દ્વારા
૭-૮-૦	શ્રી જૈન સ્વયંસેવક મંડળ મુંબઇ હા. શેઠ બાબુભાઇ ગુલાબચંદ ઝવેરી
૧૦-૦-૦	શ્રી રતિલાલ વર્ધમાન શાહ, મુંબઇ દ્વારા
૨૫-૦-૦	શ્રી કોટ જૈન સંઘ-મુંબઇ હા. શેઠ અમથાલાલ નગીનદાસ ભાખરીઆ-મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાં. દેરાસર

(અનુસંધાન પૃ. ૭ ઉપર)

સ્ટેન્ડિંગ કમિટીના સભાસદોને વિનંતિ.

કોન્ફરન્સના બંધારણાનુસાર પ્રત્યેક સભાસદે દર વર્ષે ઓછામાં ઓછા **રૂા. પાંચ સુકૃત ભંડાર ફંડમાં** આપવા જોઇએ.

સ્ટેન્ડિંગ કમિટીના સર્વે સભાસદોને તે રકમ તુરત મોકલી આપવા વિનંતિ છે.

સભાસદોને વર્કિંગ કમિટીના ઠરાવાનુસાર "જૈન યુગ" નિયમિત મોકલવામાં આવે છે.

લિ૦ સેવકો,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
કાંતીલાલ ઈશ્વરલાલ
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

અમર કૃતિઓના સર્જનહાર.

(લેખાંક ૨ જો)

"ગુજરાતની એકતા અને મહત્તાને પોતાની કલ્પના વડે મૂર્ત કરતા વીશ્વ કર્મા"

આચાર્ય હેમચંદ્રની વિશિષ્ટતા સવિશેષતો એ કારણે છે કે એ સર્વ ક્ષેત્રને સ્પર્શે છે; અને સંપ્રદાયિકતાની સાંકડી ગલીમાં ન ઢંકાઇ રહેતા છુટથી જગતના ચોકમાં મ્હાલે છે. એટલે માત્ર જૈનોનાજ નહીં પણ જૈનેતરોના આકર્ષણનો એ વિષય બને છે. તેઓશ્રીની સચોટ ઉપદેશ શૈલી વડેજ અપુત્રીયાના ધનનો મોહ નૃપ કુમારપાળને છોડવો પડે છે. પરનારી સહોદરપણાનો સર્વ શ્રેષ્ઠ ગુણ ખીલવવો પડયો છે અને મદ્ય માંસની લોલુપતાને કાયમી દેશવટો દેવાયો છે. તેઓશ્રીની કુનેહના જોરે નવરાત્રિના પશુવધ પર ખંભાતી તાળા વસાયા. દુઃખે ઉદર પૂર્તિ કરતા માનવોના દારિદ્ર દૂર થયાં અને અમારીનું એક છત્રી રાજ્ય પ્રવર્તી રહ્યું. ખાદીનો કપડો ઓઢી એમણે જેમ સ્વામીભાઇની ગરીબાઇનો અવાજ નૃપતિના કર્ણે પહોંચાડયો તેમ એ મામુલી છતાં પવિત્ર ચીજની પ્રાણ પ્રતિષ્ઠા પણ સ્થાપન કરી. અહિંસાનો રાજ દરબારમાં પ્રવેશ એ એમની અનુપમ પ્રભાને આભારી છે.

એ ઉડતી નોંધ અહીંજ અટકાવી લેખના મુખ્ય વિષય તરફ વળીએ. તેઓશ્રીની સાહિત્ય સેવા સાહિત્યના ઇતિહાસમાં અજોડ છે એમ કહી શકાય. પહેલી નજરે ઉડીને આંખે વળગે એવી વાત તો એ છે કે આ બાળ દીક્ષિત સાધુએ પોતાના આવશ્યક કાર્યોમાંથી–ઉપર વર્ણવી ગયા પ્રસંગોમાંથી–સમય કહાડીને સાહિત્યના વિકટ પ્રદેશમાં પદ સંચાર કરી કોઇ ગ્રન્થકારને ટપી જાય તેવું અજબ કામ કર્યું છે. એવો એક પણ વિષય નહીં જડે કે જ્યાં સુરિપુંગવ હેમચંદ્રની લેખિનીએ પ્રવેશ ન કર્યો હોય! વળી એ રચના પણ મૌલિકતે સ્વતંત્રતા-પૂર્ણ. નર્યા સાહિત્ય સર્જનથીજ તેઓ ઇતિહાસના પાને અમર થઇ શકે તેમ છે. એમની કૃતિઓ આજે પણ જગતભરના વિદ્વાનોમાં ચમત્કૃતિ જગાવે છે. કલીકાળસર્વજ્ઞનું બિરૂદ કે જ્યોતિધરનો ઉલ્લેખ એ તો માત્ર યોગ્યની યોગ્યતા સુચક છે. એમણે મૂકેલ વારસો જે આપણા હાથમાં આજે મોજુદ છે તે એટલો કિંમતી છે કે એના સાચા મૂલ્યાંકન સારૂં આંકડા માંડવાની જરૂરજ નથી. યથેચ્છ પ્રકારે એનું પાન કરવું અને જગતભરના માનવીઓને એ મીઠા અમૃત ઝરણાનું પાન કરાવવું એજ સાચું મૂલ્યાંકન છે.

જગતમાં વાસ્તવિક એવું નવું કેટલું અને શું હોય છે? બાકી જે કંઇ પ્રાપ્ત છે એ પરથી દેશકાળને નજરમાં રાખી એ સર્વને વિશિષ્ટ દ્રષ્ટિબિંદુથી ગોઠવવું કે ચર્વવું એમાં લેખકની મૌલિકતા રહેલી હોય છે. જુદી જુદી સામગ્રીને વિશિષ્ટ દ્રષ્ટિબિંદુથી રજુ કરવામાં કે એકત્રિત કરવામાંજ લેખકની પ્રતિભા રહેલી છે.

હેમચંદ્રાચાર્યની લેખન પ્રવૃત્તિ એટલી વિશાળ તેમજ વિવિધ છે કે તે પર અહીં તો માત્ર ઉડતી નોંધ લઈ થોડી મુખ્ય બાબતનો વિચાર કરી, સંતોષ પકડવાનો છે. એમાં ઉંડુ અવગાહન કરવા સારૂ જે અભ્યાસને જે આવડત જોઇએ એ નથી એમ કબુલી આગળ વધીએ. તેમનો પહેલો અને મુખ્ય ગ્રંથ "સિદ્ધહૈમશબ્દાનુંશાશન" છે. વ્યાકરણ શાસ્ત્રના સૂત્ર—ગણપાઠ—ધાતુપાઠ ઉણાદિ અને લિંગાનું શાસન એમ પાંચ અંગ ગણાય છે જે બીજા વ્યાકરણ ગ્રંથોની બાબતમાં જુદા જુદા લેખકોએ લખ્યાં છે જ્યારે શ્રી હેમચંદ્રે એ સર્વ પોતેજ લખીને વ્યાકરણને એકધારૂં બનાવ્યું છે. વળી બીજી વિશેષતા પણ છે. તે માત્ર સંસ્કૃત ભાષાનું જ વ્યાકરણ નથી. તેના કુલ ૪૬૮૫ સૂત્રોમાંથી ૧૧૧૯ સૂત્રો પ્રાકૃત ભાષા માટે છે એ પર એક નાની (લઘુવૃત્તિ ૬૦૦૦ શ્લોક પ્રમાણ) અને એક મોટી (બૃહદ્વૃત્તિ ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ) ટીકા લખી સિદ્ધરાજની સંપૂર્ણ અને સહેલું વ્યાકરણ રચવા માટેની માંગણી અક્ષરશઃ પૂરી પાડી છે. એ પર જુદા જુદા વિદ્વાનો તરફથી વૃત્તિઓ રચાણી છે જેની સંખ્યા દશથી વધુ છે. વ્યાકરણની પૂર્ણાહૂતિ બાદ સંસ્કૃત તેમજ દેશી શબ્દોનો કોશ તૈયાર કરવાનું કામ હાથમાં લીધું. નામ માલા રચી જે "અભિધાન ચિંતામણી" તરિકે પ્રસિદ્ધ થઇ. તેની ટીકા પણ પોતેજ લખી. વળી જાણીતાં પરિશિષ્ટો પણ દરેક કાંડને અંતે મૂકયા. એ આખા સંસ્કૃત કોશને પૂરો કરવા -'અનેકાર્થ સંગ્રહ' નામની પૂર્તિ લખી. તેઓશ્રીના ગ્રંથની પ્રમાણભૂતતા એ પરથી સુવિદિત છે કે પાછળના ટીકાકારોએ સંખ્યાબંધ અવતરણો લીધા છે. દેશી શબ્દોની વ્યુત્પત્તિ વિચિત્ર હોવાથી તેમને ભેગા કરી વ્યવસ્થિત કરવા એ બહુ કપરૂં કામ હતું તે દેશી નામમાળા રચી સફળતાથી પાર પાડયું વળી "નિઘંટુ શેષ" યાને વૈદ્યક નિઘંટુ પણ રચ્યો. સરળ તેમજ સુવ્યવસ્થિત રચનાવાળા સંપૂર્ણ વ્યાકરણ અને કોશ જેવા આવશ્યક પુસ્તકો પુરા પાડી જે અપ્રતિમ સેવા બજાવી છે અને અભ્યાસીઓને વર્ણનાતીત સગવડતા કરી આપી છે તે ન ભૂલાય તેવી છે.

કાવ્ય તરફ દૃષ્ટિપાત કરીશું તો સંસ્કૃત દ્વયાશ્રય યાને ચાલુક્ય વંશોત્કીર્તન તથા પ્રાકૃત દ્વયાશ્રય યાને કુમારપાળ ચરિત પ્રથમ આંખે ચઢશે. પ્રથમ કાવ્યના ૨૦ સર્ગોમાં પંદર સુધી સિદ્ધરાજ જયસિંહ દેવના રાજ્ય કારભારનું વર્ણન છે અને છેવટના પાંચ સર્ગમાં કુમારપાળ ભૂપ સંબંધી હકીકત છે. ખૂબી તો એ છે કે એક બાજુ સંસ્કૃત વ્યાકરણ ઉદાહરણ સહિતને બીજી બાજુ ઇતિહાસ એ પરથી તારવી શકાય છે. બીજું કાવ્ય કેવળ પરમાર્હત રાજવી કુમારપાળનો વૃત્તાંત જણાવે છે. 'શબ્દાનુંશાસન' 'કાવ્યાનુંશાસન' અને 'છંદોનું શાસન' ત્યાર બાદ રચાયા છે. કાવ્યાનુંશાસન પર 'અલંકાર ચુડામણિ' નામાવૃત્તિ અને તે બંને ઉપર 'વિવેક' નામા મોટી ટીકા રચી છે. એ ગ્રંથમાં ૫૦ લેખકોનો નામ દઇને ઉલ્લેખ કર્યો છે ને લગભગ ૮૧ ગ્રંથોનો આધાર ટાંકયો છે. એ પરથી સંસ્કૃત કાવ્ય અને સાહિત્ય શાસ્ત્રના અભ્યાસીને તે ગ્રંથની અગત્ય સહજ સમજાય તેમ છે. 'મમ્મટ' આદિના એ વિષયના અધરા અને સાહિત્યના અન્ય વિભાગોની ચર્ચા દૃષ્ટિએ અધૂરા ગ્રંથો કરતાં કાવ્યાનુંશાસન જેવા

સંપૂર્ણ ગ્રંથનું મહત્વ સવિશેષ હોય તેમાં આશ્ચર્ય પણ શું હોઇ શકે ?

'લક્ષણ' અને 'સાહિત્ય'ના ક્ષેત્રમાં પૂર્ણ પણે ઘૂમી શ્રી હેમચંદ્રે 'પ્રમાણ શાસ્ત્ર' તરફ પગલા માંડયા. 'પ્રમાણ મીમાંસા' નામા ગ્રંથ એના ફળ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. એ પછી 'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર મહાકાવ્ય આવે છે. જેના દશ પર્વો છે અને શ્લોક સંખ્યા ૩૬૦૦૦ છે. એમાં ચાલુ અવસર્પિણી કાળના યુગલીક કાળથી આરંભી પરમાત્મા શ્રી મહાવીર દેવના શાસન સુધીનો શૃંખલાબદ્ધ હેવાલ અલંકારિક ભાષામાં આલેખ્યો છે. એ ગ્રંથ જોતાંજ ગ્રીક કવિ હોમરની કૃતિ યાદ આવે છે અગર તો શ્રી વાલ્મિકી અને વ્યાસ સ્મૃતિ પથમાં તાજા થાય છે.

ઉક્ત કવિ યુગલે રચેલા રામાયણ અને મહાભારત સદૃશ આ ગ્રંથ વિશાળ છે. વળી જૈન દૃષ્ટિયે રામાયણ અને મહાભારતનું પ્રકરણ કેવા પ્રકારનું છે એનો યથાર્થ ચિતાર ખડો કરે છે. ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, અને વાસુદેવ બળદેવ તથા પ્રતિવાસુદેવ રૂપ નવ ત્રિગડા મળી ત્રેસઠ પરાક્રમશાળી આત્માઓના વિસ્તારથી એમાં જીવનો અપાયા છે. તીર્થંકર પ્રભુની દેશના ટાણે એવી વિવિધ પ્રકારી કાવ્ય રચના કરી છે કે એનો પૂર્ણ ખ્યાલ વાંચ્યા વિના ન આવી શકે. બીજા તીર્થપતિ શ્રી અજીતનાથની દેશના પ્રસંગમાં સારાયે ચૌદ રાજલોકમાં ઉડયન કરી વસ્તુ સ્થિતિના દર્શન કરી રહ્યા ન હોય એમ જણાયા વિના ન રહે. પાછળ 'પરિશિષ્ટ પર્વ' નામા ગ્રંથ જોડી સાથેજ સૂરિજીએ જૈન ધર્મની મહાન્ સેવા બજાવી છે. શ્રી મહાવીર પછી થયેલ પ્રભાવિક સંતોનો એમાં ઇતિહાસ છે. ઈતિહાસિક નજરે આ નાનકડા ગ્રંથનું મહત્વ અતિગણું છે. ચરમજીન પછીનો હજાર વર્ષનો જે ઇતિહાસ અંધારામાં છે અને જેના પર 'હાથી ગુફા' અને 'મહારાજા ખારવેલના શિલાલેખ' પછી જે પ્રકાશ પડવા માંડયો છે. વળી જેમાં 'મથુરાના કંકાળી ટીલાએ સહાય અર્પી છે એમાં અટકોડા સાધવામાં પરિશિષ્ટ પર્વ ઠીક ભાગ ભજવે છે.

'વીતરાગ સ્તોત્ર' સાથેજ રાગદ્વેષથી રહિત એવા પરમાત્માના સાચા સ્વરૂપનું ધ્યાન રજુ કરનાર સ્તોત્ર છે. એમાં અઢાર દોષથી રહિત અને આત્માના મૂળ ગુણોનું સંપૂર્ણપણે શુદ્ધત્વ પ્રાપ્ત કરી પરમાત્મ પદની પ્રાપ્તિ કરનાર વિભુતિનું ગુણ કીર્તન છે. એમાંની બે દ્વાત્રિંશિકાઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. એ જોડીને દાર્શનિક કાવ્ય કહેવામાં વાંધો નથી એના નામ છે, 'અયોગ વ્યવચ્છેદિકા' અને 'અન્યયોગ વ્યવચ્છેદિકા' બત્રીશ શ્લોકોના આ નાનકડા સંગ્રહમાં ઇતર દર્શનોની માન્યતામાં કયાં કયાં યુક્તિ વિકળતાઓ છે તે દર્શાવી જૈન દર્શનના સિદ્ધાન્તોની અકાટયતા સાબિત કરી બતાવી એના મુખ્ય તત્ત્વોનું મંડનાત્મક શૈલીથી વ્યાન કર્યું છે. વિષય કર્કશ છતાં કાવ્ય તરિકેની પ્રાસાદિકતા બહુ ભારે છે. એમાં ભક્તિ-વિચાર અને કાવ્યરૂપ ત્રિવેણીનું અદ્ભુત સંગમ સ્થાન નિર્માયું છે. પૂર્વે કહી ગયા તેમ દ્વયાશ્રય કાવ્યોમાં એક બાજુ પોતે બનાવેલા વ્યાકરણ માટે ટાંકેલા ઉદાહરણોની હારમાળા ચાલે છે. બીજી તરફ કુમારપાળ રાજા સુધીના સોલંકી રાજાઓનો સવિસ્તર ઇતિહાસ આવ્યો જાય છે. એમાં માત્ર પરાક્રમની વાતજ નહિં પણ બંધાવેલા વિહારો તળાવો અને ઉભા કરેલા નગરોના ચમત્કૃતિ પૂર્ણ વર્ણનોથી કાવ્યની જમાવટ પણ સુંદર થઇ છે. એ ઉપરથી ભાર મૂકીને કહેવું જ પડશે કે જેમ શ્રી હેમચંદ્રસૂરિ શાસ્ત્ર નિર્માતા તરિકે અદ્વિતિય શકિતશાળી હતા તેમ તેમની કવિત્વ શક્તિ પણ અજોડ હતી. 'યોગશાસ્ત્ર' ગ્રંથ હાથમાં લેતાં જાણે કોઇ અનોખી ધરતી પર પગ મેલ્યા જેવો ભાસ થશે. એની સંકલના જુદીજ છાપ પાડે છે. તે એક 'ઉપનિષદ' રૂપ હોઇ શિષ્ય એવા રાજવી કુમારપાળ માટેજ ખાસ લખાયો છે અલબત ગૃહસ્થ-જીવન ગાળતાં પ્રત્યેકને માટે એના દ્વાર ખુલ્લા છે અને એમાં શ્રાદ્ધ ધર્મ પરત્વે ઘણું જ વિસ્તારપૂર્વક કહેવાયું છે. યોગનું મહાત્મ્યજ એવું છે કે વિસ્તૃત સાહિત્યનો ભાર વહન કરવા છતાં 'ભરત-ચક્રવર્તી કેવલજ્ઞાન પામી મુક્તિ પંથના પ્રવાસી બન્યા' એ સુંદર અને હૃદયસ્પર્શી ઉદાહરણથી ભૂમિકા બાંધી આચાર્યશ્રી આગળ વધે છે. સાધુ ધર્મ સંબંધમાં નિયમ પ્રમાણે પ્રથમ કહે છે છતાં એની અવધિ માત્ર અઠાવીશ શ્લોકમાં આણી, લંબાણથી ગ્રહસ્થ ધર્મના વર્ણનમાં અવગાહન કરે છે. 'એમાંજ શ્રી હેમાચાર્યના 'યોગશાસ્ત્ર'ની મહત્તાને વિશિષ્ટતા છે.' એમ જે પૂંજાભાઈ જૈન ગ્રંથમાળાના પ્રકાશનમાં કહેવાયું છે તે બરાબર છે. વધુમાં એ જણાવે છે કે 'અન્ય ગ્રંથો યોગ સાધના માટે ગૃહસ્થાશ્રમના ત્યાગને પ્રથમ આવશ્યકતા તરીકે જણાવે છે જ્યારે શ્રી હેમાચાર્યનું 'યોગશાસ્ત્ર' ગૃહસ્થ-ધર્મના પાયા ઉપરજ યોગ સાધનાનો ક્રમ સ્થાપિત કરે છે. નવીનતા હોય તો એ છે કે ઉપાસક ધર્મને પીઠીકારૂપે લઇ તેની ઉપર ધ્યાન. સમાધિ આદિ અન્ય યોગાંગોની ઇમારત ખડી કરવામાં આવી છે. વળી એના ઉપર પોતેજ વૃત્તિ રચી છે; જેની શ્લોક સંખ્યા ૧૨૦૦૦) ની છે. એમાં કલીકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રની આજે પણ જે બત્રીશ કૃતિઓ લબ્ધ થાય છે ને જે સાહિત્યના ભિન્ન ભિન્ન અંગોને અલંકૃત કરે છે એ પરથી તુલના કરતાં રચયિતા માટે ભૂરિ ભૂરિ ધન્યવાદના હાર્દિક ઉદ્ગાર પોકાર્યા વિના રહેવાય તેમ નથી.

વંદન હો સાહિત્ય સાગરમાં અમૃત સરિતા સમી અમર કૃતિઓના વાહકને.

—મોહનલાલ દીપચંદ ચોકસી.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ
જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ટ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

(અનુસંધાન પૃ. ૪ ઉપરથી)

૨૫-૦-૦ શ્રી ઉંઝા જૈન મહાજન હા. શેઠ ભોગીલાલ નગીદાસ શાહ

૯-૦-૦ ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ મુંબઇ દ્વારા

૨-૪-૦ મંત્રી શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર ખંભાત સમિતિ હા. શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રી કૉ. ફરન્સ નિભાવ ફંડ.

શ્રી ચાંપસીભાઇ જીવણદાસે કૉન્ફરન્સની ફિક્સ્ડ ડિપાઝિટોના પ્રોફરેજના રૂા૦ ૪૮-૦-૯ આ ખાતે આપ્યા છે તે આભાર સહિત સ્વીકારીએ છીએ.

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

પુસ્તક પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત **'સન્મતિતર્ક'** (અંગ્રેજી અનુવાદ) પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસે લખેલી વિદ્વતાપૂર્ણ સૂક્ષ્મ પ્રસ્તાવના અને ટીકા સાથે હાલમાં પ્રકટ કરવામાં આવેલ છે. જૈન ભંડારો લાઇબ્રેરીઓ તેમજ જૈન સાહિત્યના અભ્યાસીઓ માટે આ પુસ્તક ઉપયોગી અને સંગ્રહ કરવા યોગ્ય છે. ૪૨૫ પૃષ્ઠના ગ્રંથની કિંમત માત્ર પ્રચારની દૃષ્ટિએ રૂા૦ ૧) રાખવામાં આવેલ છે. (પોસ્ટેજ અલગ)

મદદ.

રાવ સાહેબ શેઠ **કાંતિલાલ ઇશ્વરલાલ** જે. પી. એ બોર્ડને રૂા૦ ૫૦૧) પાંચસો એક પ્રદાન કર્યા છે તે બદલ તેઓનો અત્યંત આભાર માનીએ છીએ.

ડૉ. શ્રી મોહનલાલ હાથીભાઇ તલાટી એમ. બી. બી. એસ. (દેહગામ) એ રૂા૦ ૨૫) પાઠશાળા મદદ ખાતે મોકલવા કૃપા કરી છે તે આભાર સહિત સ્વીકારીએ છીએ.

ધાર્મિક પરીક્ષા માટે નવા સેન્ટરો.

બોર્ડ દ્વારા તા૦ ૨૪-૧૨-૧૯૩૯ ના રોજ લેવામાં આવનાર શેઠ **સારાભાઈ મગનલાલ મોદી** પુરૂષ વર્ગ અને **સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષાઓ માટે નીચેના સ્થળે નવા સેન્ટરો રાખવામાં આવ્યા છે.

સેન્ટર.	વ્યવસ્થાપકો,
(૧) વડોદરા	શ્રી. વાડીલાલ કેશવલાલ શાહ અને શ્રી. પુનમચંદ કેશવલાલ પરીખ
(૨) નિંગાળા (કાઠીઆવાડ)	શ્રી કાકરસી જીવરાજ શાહ અને શ્રી. ચતુરદાસ નાયચંદ શાહ
(૩) ડભોઇ	શ્રી. ફકીરચંદ નેમચંદ અને શ્રી. મુલચંદ પાનાચંદ
(૪) મંદસોર (માળવા)	શ્રી. મોતીલાલ છિગાવત અને શ્રી. સજ્જનલાલ હિંગડ
(૫) શોળાપુર (મહારાષ્ટ્ર)	શ્રી. વીરચંદ નેમીદાસ શાહ અને શ્રી. કંકુચંદ દેવચંદ
(૬) અજમેર (રાજપુતાના)	શ્રી. હરિશ્ચંદ્રજી ધારીલાલ અને શ્રી. ધનરૂપમલજી મુણોત એમ. એ.
(૭) લુણાવાડા	શ્રી. જયંતિલાલ દલસુખભાઇ શાહ

પત્ર બંધુને આવકાર.

શ્રીયુત્ ચીમનલાલ વાડીલાલ શાહના તંત્રીપણા હેઠળ પ્રગટ થયેલ નવિન અઠવાડિક પત્ર 'જૈન બંધુ' ના ત્રણ અંક જોયા પછી એમ કહેવું પડશે કે જૈન સમાજમાં જે પત્રો નીકળે છે એમાં એનું સ્થાન અનોખું છે. તેમાં પણ ખાસ કરીને મુંબઇ જેવા શહેરમાં આવાં એક જૈન સાપ્તાહિકની જરૂરીયાત હતી, જે આ પત્રે પૂરી પાડી છે. મુંબઇ શહેરની જૈન વસ્તીનો અવાજ રજુ કરવા માટે આ પત્ર જૈન સમાજને વધુ ઉપયોગી થઇ પડે એમ ઇચ્છીશું. આ પત્રના વેપારી બજારો સબંધેની નોંધ, મહિલા વિભાગના પ્રશ્નો, અને બાળ વિભાગ એ અન્ય અઠવાડીકથી જુદા પાડનાર પ્રશંસનીય તત્વો છે. કક્કા ચિત્રનું ઓળખાણ લાગે છે તો આકર્ષક પણ એ સંબંધમાં એક સુચના કરી લઇએ કે પૂર્વે પૂનામાંથી પ્રગટ થતાં એક પત્રે જેમ પાછળથી એવા ચિત્રો દ્વારા જૈન સમાજનું વાતાવરણ બગાડી મૂકયું હતું તેવું બનવા ન પામે એટલી ચેતવણી આપી અમો એક વખત પુનઃ 'જૈન બંધુને' ફતેહ ઇચ્છીએ છીએ.

—જૈન યુગ સમિતિ.

એક અનુભવી સંશોધકનો સ્વર્ગવાસ!

પાટણ મુકામે પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજીનો થયેલ સ્વર્ગવાસ એ જૈન સમાજને આઘાતકારી લાગેજ. તેમના સરખા જ્ઞાન ધ્યાનાદિ ધર્મ કાર્ય પરાયણ અને શુદ્ધ સંયમી જીવન ગુજારનાર સાધુ-જીવનની છેલ્લી ઘડી સુધી જ્ઞાનોદ્ધાર અને ગ્રંથ સંશોધનના અતિ અગત્યના કાર્યમાં રચ્યા રહેનાર સાધુ-સ્વજીવન સાફલ્ય કરી ગયા એ શોકકારક ન લેખાય; પણ એમના જવાથી જે એક આદર્શ સંતની ખોટ જૈન સમાજને પડી-મુનિશ્રી પુણ્યવિજયજીના શબ્દોમાં કહીયે તો જે જમણી આંખ તુટી-તે ઓછી દુઃખકર નથીજ. એવા પવિત્ર મહાત્માની સ્મૃતિ જે સંશોધનનું વિશાળ કાર્ય હજુ નજર સામે પડયું છે એ જોતાં વારંવાર થવાનીજ-તેમનું સેવા પરાયણ જીવન પ્રેરણા પૂરક બનો એજ અભ્યર્થના.

(અનુસંધાન પૃ. ૩ ઉપરથી)

માફક ગટર મુકાદમનું જ કાર્ય કરે-તો એક વિદ્વાને કહ્યું છે કે- Save me from my friends અર્થાત્ મારા મિત્રોથી બચાવ-જેવું વાકય આ કિંમતી અંગ માટે ઉચ્ચારવાનો સમય આવે! યુગને બંધ બેસતાં ન થઇ પડે તેવા કાર્યોનો ઉલ્લેખ કરવો કે એ પર કડવી ટીકા કરવી એ એક વસ્તુ છે અને વારે કવારે એ પાછળ પાનાના પાના રોકવા કિંવા પોતે સર્વજ્ઞ છે એવું માની લઇ કલ્પનાના વંટોળ ચઢાવવા અથવા તો મનગમતા ગોળા ગબડાવવા એ તદ્દન જુદી-વાત છે. એટલું યાદ રહે કે સમાજ ઉન્નતિનુંજ ધ્યેય હોય તો અહર્નિશ બનતા બનાવોમાંથી જે જે ઓકી કહાડવાનું કે જોઇને ફેંકી દેવાનું લાગે એણે બાજુ રાખી કેવલ ચાવવાથી લાભ થાય અને પચાવવાથી રક્ત વધે તેવું હોય તેનોજ સંગ્રહ અને પ્રચાર ઇષ્ટ છે. આ નોંધ કોઈ અમુક પત્રને આશ્રયી કરાયેલી છે એવું નથીજ. સામાન્ય દૃષ્ટિયે આલેખાયેલા આ શબ્દોમાંથી તથ્ય જણાય તેટલુંજ ગ્રહણ કરવાનો પ્રત્યેક પત્રને આગ્રહ છે.

શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીના ટ્રસ્ટીઓની ચુંટણી.

કારતક વદ ૭ રવીવારનો દિવસ શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીના ટ્રસ્ટીઓની ચુંટણીનો અગાઉથી નક્કી કરવામાં આવ્યો હતો તે મુજબ તે દિવસે સવારના મતદારોથી તેમજ ચુંટણી પ્રચારનું કાર્ય કરનારાઓથી દેરાસરજીના નીચેની જગા તેમજ ઓટલો ચીકાર ભરાઇ ગયા હતા અને આ ગીરદીને લઇને દેરાસરજીની ઉપર જવા માટે બીજો રસ્તો પણ ખોલવામાં આવ્યો હતો. કુલે મતદારોની સંખ્યા ૭૫૦ લગભગની હતી. તેમાંથી ૩૭૫ લગભગ સભ્યો (મતદારો) મત આપવા માટે આવ્યા હતા. અને દરેક મતદારે પ્રત્યેકે અગીયાર અગીયાર મત આપ્યા હતા. કુલે ૧૨ મત આપવાનો દરેકને હક હતો. પરંતુ છાપરીયા સાથમાંથી શેઠ છોટાલાલ પ્રેમજીભાઇ ચુંટાઈ ગયેલા હતા એટલે દરેકને ૧૧ મત પ્રમાણે મતો આપવાના હતા.

કુલે ૨૪ નામોની દરખાસ્તો રજુ થઇ હતી તેમાંથી ૭ નામો ઓછા કરવામાં આવ્યા હતા કારણ કે આ સાત ભાઇઓએ ટ્રસ્ટીઓ તરીકે ઉભા રહેવાની ના પાડી હતી હવે કુલે ૧૨ ટ્રસ્ટીઓ ચુંટવાના હતા તેમાં ૧૭ જણાના નામો બોર્ડ ઉપર મુકાયા હતા—

આ ૧૭ માંથી નીચે પ્રમાણે ૧૨ ટ્રસ્ટીઓને વધુમતે ચુંટાયેલા બોર્ડ ઉપર જાહેર કરવામાં આવ્યા હતા.

સાથ	ચુંટાયેલા ટ્રસ્ટીઓના નામ	મત
૧	ગુજરાતી શેઠ રા. સા. કાંતીલાલ ઇશ્વરલાલ જે. પી.	૩૩૫
૨	,, શેઠ ધુરાલાલ કસ્તુરચંદ સંઘવી	૩૨૦
૩	,, શેઠ કેશવલાલ મોહોલાલ	૩૨૪
૪	,, શેઠ બબલચંદ કેશવલાલ મોદી	૨૮૪
૫	સુરતી શેઠ નેમચંદ અભેચંદ ઝવેરી જે. પી.	૩૨૯
૬	,, શેઠ ભાઇચંદ નગીનભાઇ ઝવેરી	૩૩૨
૭	,, શેઠ પાનાચંદ રૂપચંદ ઝવેરી	૨૯૬
૮	,, શેઠ હીરાભાઇ ન્યાલચંદ ઝવેરી	૩૨૧
૯	છાપરીઆ શેઠ છોટાલાલ પ્રેમજીભાઇ (વગર ચુંટણીએ જાહેર થયા)	
૧૦	ઘોઘારી શ્રી. સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી સોલીસીટર	૨૮૨
૧૧	,, શેઠ નરોત્તમદાસ કેશવલાલ જે. પી.	૨૮૫
૧૨	,, શેઠ દુલભજી મુલચંદ	૨૩૩

નવીનતામાં એ વાત ચર્ચાતી હતી કે આવી રીતે ચુંટણીની પદ્ધતીએ મુંબઇના દેરાસરજીના ટ્રસ્ટીઓની નીમણુંક કરવામાં શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીએ પહેલ કરી છે.

—વાડીલાલ જે. શાહ.

શ્री नेमिनाथ ब्रह्मचर्याश्रम (जैन गुरुकुळ) चांदवडका ग्यारहवां वार्षिकोत्सव.

शनिवार ता. १८–११–१९३९ को आश्रमका ग्यारहवां वार्षिकोत्सव श्रीमान् शेठ शा. बन्सीलालजी गुलाबचंदजो साहिब नाहार के नेतृत्वमे अत्यंत समारोह के साथ मनाया गया, स्वागत प्रमुख श्रीमान् शेठ राजमलजी लखीचंदजी साहिब ललवाणी जामनेर प्रकृत्ति अस्वस्थके कारण पधार नही सके इस लिये उन्ही के स्थान मे संस्था के एक प्रमुख कार्यवाहक श्रीमान् शेठ शा. आनंदरामजी मानमलजा साहिब समदडिआ मंचर इन्होंने स्वागत प्रमुखका सर्व काम किया. सरधस के बाद प्रातःमे बालवीरों के शारिरिक व बौद्धिक प्रयोग हुये, इस विषयमे यह संस्था सर्वत्र सुप्रसिद्ध है इस लिये अधिक विवरण दिया नही.

इस समय सेनापति बापट संस्थामे पधारे व उन्होंने जैन धर्मकी विशालता व महत्ता व आजका राष्ट्र कार्य इस विषयमे मार्मिक उपदेश दिया बाद मे इस प्रांत के बहूत बडे विभाग मे अंगरेजी शिक्षण मिलनेकी जो न्यूनताथी वह दूर करके संस्थाने गांवका विकास व संवर्द्धन इस दृष्टिसे कितना व कैसा कार्य किया है व इसलिये गांवको यह सस्था आवश्यक व भूषणावह है.

प्रमुख तथा स्थान स्थानके नेताओंने हायस्कूल इमारत फंड के लिये साथ घुमनेका आश्वासन दिया. सक्रिय सहानुभूति कीं दृष्टिसे प्रमुखश्रीने रु १५०१ को दर्शनी हुडी हायस्कूल के इमारत फंडमे दी इसके अलावा श्री नयनसुखदासजी पारख वणी इन्होंने पहिले रु. ५०१ व ओर रु. ५०० मिलकर रुपैये एक हजार श्री सुरजमलजी भिनराजजी संचेवी कळवण इन्होंने पहिले रु. १०१ व ओर रु. १०० मिलकर रुपैये २०१, श्री भिवराजजी कानमलजी नांदगांव इन्होंने रु. १५१ हायस्कूल फंडमे देनेका जाहिर किवां इसके आलावा संस्था के दैनिक खरचमे रोख व वस्तूरुप भेट मिली.

—केशवलाल हरकचंद आवड.

थाणानुं नवुं जिनालय अटकयुं छे.

थाणा खाते એક જિનાલય છે. અને બીજુ એક બંધાવવાની શરૂઆત શ્રી જિનરૂધિસૂરિજીના ઉપદેશથી કરવામાં આવી, શરૂઆતમાં દશ હજ્જર લગભગનો ફાળો નોંધાયો અને કામ શરૂ કરવામાં આવ્યું. મંદિરમાં ૨૫૦૦૦ લગભગ ખર્ચાઈ ચુકયા અને હજુ કામ અધુરૂં પડયું છે, મંદિર પાસે પત્થરો પડયા છે થાણાનો સંઘ આટલી રકમ ખર્ચવા શક્તિમાન નથી. એટલે મદદ મેળવવાની તજવીજ ચાલે છે.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું: "હિંદસંઘ"–"HINDSANGHA." Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રી:–મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:–રૂપીઆ બે. છુટક નકલ:–દોઢ આનો.

નવું વર્ષ ૮ મું. | સોમવાર તા. ૧ લી જાન્યુઆરી ૧૯૪૦ | અંક ૩ જો.

જોખમાતી જગત–સંસ્કૃતિ.

આજે સમગ્ર વિશ્વ એક ભયાનક જ્વાલામુખીની ટોચ ઉપર સ્થગિત થયું છે. પર્વતની કેટલીક ટુંકોમાંથી ગરમ લાવારસ ઉછળી રહ્યો છે અને અનેક નાની પ્રજાઓને ખાળી રહ્યો છે. બાકીના ભાગની પ્રજાઓ પણ કયારે અને કઇ રીતે આ સળગતા જ્વાલામુખીના લાવારસમાં હોમાઇ જશે તેની કોઇને કશી ખબર નથી. વિશ્વભરની સંસ્કૃતિઓ આજે જોખમાઇ રહી છે. 'બલીયાના બે ભાગ' ની નીતિ ચોમેર વ્યાપ્ત બની છે.

જર્મનીએ પોલાંડને ત્રણજ અઠવાડીઆમાં નામશેષ–હતુ ન હતું કરી નાખ્યું. સમાનવાદના સુંવાળા ઓઢણ નીચે પ્રશાંત જણાતા રશીઆએ તક સાધુ બની, પોલાંડને જમીનદોસ્ત કરવામાં જર્મનીને સાથ આપ્યો અને બદલામાં પોલાંડના જરૂરી ટુકડાને સ્વઉદરમાં પધરાવ્યો..તૃષ્ણાની આગ આગળ વધી અને નાનકડા ફીનલેન્ડને 'તેં નહીં તો તારા બાપે ગાળ દીધી હતી'ની વરૂનીતિ સુણાવીને. લડાઇ જાહેર કર્યા વિનાજ બોમ્બ વર્ષા ચાલુ કરી દીધી–જગતનેપોતાના સગભાવનો પરિચય આ રીતે કરાવ્યો. ગઇ કાલે જે હાલ પોલાંડના થયા તેજ હાલ આવતી કાલે ફીનલેન્ડના થવા નિર્માણ થયા હોય એમ ભાસે છે.

દરીઆઇ તરતી સુરંગો અને યુબોટ–ટોરપીડોના કારણે હજારો ટનેજની સ્ટીમરોના જળસમાધિના વર્ણનો રોજ–બ–રોજ વાંચીએ છીએ. કેઇક સ્ટીમરોના જાતે આપઘાત કર્યાના રોમાંચકારી બ્યાનો પણ વાંચવા મળે છે. આ દરીઆઇ યુદ્ધમાં સેંકડો મનુષ્યોના પ્રાણ પણ જોખમાય છે. રોજ રોજ આવું વાંચીને જગત પણ એ રોજનીશીથી ટેવાઇ ગયું છે, માનવસુર્લભ સમવેદના પણ લુપ્ત થતી જાય છે.

આકાશી યુદ્ધમાં પણ અનેક વાયુયાનોના નાશ સાંભળીયે છીએ. પ્રિયજનોને છેલ્લા વ્હાલ કરી યુદ્ધ ભૂમિમાં સીધાવેલ સૈનિકોનો કચ્ચરઘાણ નીકલતો વાંચીએ–સાંભલીયે છીએ. આમ જગતની પ્રજાઓનું સ્વત્વ, સંસ્કૃતિ અને સ્વતંત્રતા પરવારવા બેઠી હોય એમ લાગે છે. એકજ પુરૂષની ઇચ્છા, જગ અશાંતિના દ્વાર ઉઘાડે છે અને તે ઘડીએ સમગ્ર વિશ્વ ભય, આશંકા અને એવી અન્ય ભૂતાવળોથી ગ્રસિત બને છે.

આવે વિષમ ટાણે હિન્દનો એક મુઠીભર હાડકાવાળો અર્ધનગ્ન જેવો સીત્તેર વર્ષને આરે બેઠેલ સંત પુરૂષ, શાંતિ–અહિંસા–પ્રેમ–સહિષ્ણુતા–ભાતૃભાવ આદિની મધુર વાતોને પોતાની નિત્યની જબાનમાં વહેતી કરે છે. વિશ્વ તેની સામે આશાથી જોઇ રહ્યું છે. નૂતન હિન્દનો તો એ સરજનહાર છેજ પણ ખૂન તરસ્યા વિગ્રહમય દેશો પણ એની સામે મીટ માંડીને બેઠા છે. એની ચાલ ધીમી છે પણ મક્કમ છે. એની વાણી નમ્ર પણ ચેક્કસ છે. એના મૌનની પાછળ મહાશકિત રહેલી છે.

जनपदानांशान्तिर्भवतु નો પાઠ કરનાર અર્હત્—ઉપાસકોની, વિગ્રહને આવે વિષમટાણે શું ફરજ હોય એ અવશ્ય વિચારણીય છે. જૈન સંસ્કૃતિના મૂળને આચ્છાદન કરનાર શાખા–પ્રશાખાઓના, તીથિઓના અને વિધિનિષેધના અર્થહિન ઝગડાઓને ભૂલી જઇ ભારતસંત મહાત્માજીના અહિંસા–સત્યના પ્રયોગોને સક્રિય ટેકો આપવો એ ભારતિય અને શ્રમણ સંસ્કૃતિનેજ ટેકો આપવા સમાન છે. જગત જ્યારે યુદ્ધના ફળસ્વરૂપ જંગલીપણા તરફ અનિચ્છાએ પણ ધકેલાઇ રહ્યું છે ત્યારે હિન્દની આ અધ્યાત્મિક સંસ્કૃતિજ આખરે તારણહાર નીવડશે એ ભાવિનો બોલ છે.

—રાજપાલ મગનલાલ વ્હોરા.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧-૧-૪૦. સોમવાર.

જીવન હૈ સંગ્રામ.

અહા! કેવું સુંદર સૂત્ર! જાણે સત્ય પરિસ્થિતિનું મૂર્તિમંત દર્શન! ભલે સંગ્રામ શબ્દ પાછળના ભાવમાં ફેર હોય, એની વ્યાખ્યા કરવામાં દ્રષ્ટિ બિન્દુની ભિન્નતા હોય છતાં આજના દુન્યવી જીવન તરફ દ્રષ્ટિપાત કરતાં "જીવન હૈ સંગ્રામ" એ વાતનો સ્પષ્ટ સાક્ષાત્કાર થાય છે.

યુરોપમાં પ્રવર્તી રહેલ મહા ભયંકર માનવ સંહાર એ વાતની સાક્ષી પુરે છે. ભારત વર્ષમાં સંખ્યાબંધ વર્ષોની એક ધારી ચુસણ વૃત્તિ પછી આજે–હુન્નર ઉદ્યોગનું જે મીડું વળી ગયું છે અને જે ઘોર બેકારી ડાચા ફાડી સામે ખડી થઈ છે એના એક માત્ર ઉપાય તરિકે–આબાદીની તમન્ના પ્રગટી છે એની પ્રાપ્તિના એક માત્ર ઉપાય તરિકે મહાત્મા ગાંધીજીએ પણ સત્યાગ્રહનો આખરી સંગ્રામ સુચવ્યો છે. આમ આજનું વાતાવરણ સંગ્રામ નાદોથી ગાજી ઉઠયું છે.

સંગ્રામ શબ્દની પાછળ કોઇ જાદુઇ મોહિની છુપાઇ છે. એનાથી માનવ હૃદયો એકા એક ચેતનાવંત બની જાય છે. જો કે એ પાછળ ભય ડોકીઆ કરતો હોય છે છતાં એનાથી સ્ફુર્તિ પણ ઓછી નથી સાંપડતી. પણ સાથો સાથ એ પણ નિતરૂં સત્ય છે અને ઇતિહાસના પાને પાને અંકાયેલું પ્રમાણ યુક્ત બ્યાન છે કે સંગ્રામે જેમ હજારોના જીવન પલ્ટામાં પ્રેરણા પાઈ છે–નિસ્તેજને કાયરમાં નવ જ્યોત જગાવી છે, તેમ લાખોના જીવન દીપ બુઝાવ્યા છે. સંખ્યાબંધ રચનાત્મક કાર્યોનો બોર કૂટો કરી નાંખ્યો છે. એ ઉપરથી વિના સંકોચે કહી શકાય કે હિંસક સંગ્રામ જીવન માટે નિરર્થક છે એટલુંજ નહિં પણ નિતાંત હાનિકારક છે. 'જીવન હૈ સંગ્રામ' જેવા અણમૂલા સૂત્ર પાછળ જે અનેરો ભાવ છે તેનો ઉકેલ અહિંસક યુદ્ધનું સ્વરૂપ પિછાનવાથી લબ્ધ થઇ શકે છે. ઝુઝતા રહેવાની તમન્નાને લાગણી પ્રશંસનીય ને આદરણીય છે પણ એ પ્રેમના રાહે સ્વીકૃત થયેલી હોય અને એ આંતરિક શત્રુઓ યાને આત્માના સાચા દુશ્મનો સામે પ્રગટેલી હોય તોજ. જૈન સમાજ ધારે તો આ ઉમદા સૂત્ર પાછળનો સાચો ભાવ જનતા સમક્ષ યથાર્થ સ્વરૂપમાં રજુ કરી શકે કારણ કે એને ગલથુથીમાંજ વીતરાગ પ્રભુના કથનમાંથી સતત્ વહન થતું એ સત્વ પાવામાં આવ્યું હોય છે "સંસાર એ યુદ્ધ ભૂમિ છે" એ જ્ઞાન એને માટે નવું નથી.

પણ અહા! આજે જૈન સમાજ પ્રતિ નજર ફેંકતા સાવ ઉલટી વાત નજરે આવે છે. જીન ભગવાનનો ઉપદેશ અંતરમાં ઉતારવાને સ્થાને અભરાઇ પર ચઢાવી-કર્મરિપુઓ-અંતર શત્રુઓ કે પાશવીવૃત્તિઓ સાથે સંગ્રામ ખેલવાનું ચૂકી, એ સમાજ પરસ્પરના બાહ્ય મતાંતરોની યુદ્ધ જ્વાળમાં લપટાઇ સમષ્ટિ જીવનના કિમતી વર્ષો–સંગઠિત બળદ્વારા સંચય થતી અમાપ શક્તિ–નિરર્થક રીતે બરબી રહ્યો છે!

એનું એક પત્ર કે જે શાસન સેવાનો ઇજારો ધરાવવાનો બુરખો ઓઢી રહેલ છે તે પોકારે છે કે–કોન્ફરન્સ આજે જે સંપની વાત પોકારે છે. વિખૂટા પડેલા ભાગોને સાંધવાને પ્રયાસ સેવે છે એમાં રખે સપડાતા! કારણ કે એ અધર્મીઓનું મંડળ છે!!

એ સમાજનું એક જાણીતું પત્ર કહે છે કે જેના મંતવ્યો નિરાળા છે–જેની જોડે છીંકતા છીંડા પડે તેવું છે તેની જોડે વાટાઘાટ એ એક જાતનું ઢીલાપણું છે! કોન્ફરન્સના સૂત્રધારોએ એથી હાથ ધોઇ નાખવા જોઇએ!!

એ સમાજના યુવક વર્ગનો અવાજ રજુ કરવાનો દાવો મનસ્વીપણે માની લઇ, પીઠ બળમાં પીછે હઠ સિવાય ભાગ્યેજ અન્ય સંગીનતા દાખવનાર વર્ગનું વાજીંત્ર વદે છે કે સિદ્ધાંતના ભોગે ઐક્ય મેળવાય તો એ નકામું છે. એ અમને ન ખપે. સમાજનું વલણજ કોઇ એવું વિચિત્ર છે કે એમાં પ્રેમ ભાવથી કે પ્રચારના સાધનથી સુધારણા થાયજ નહીં! એને તો કાયદાના બંધનથી જકડવુંજ રહ્યું!! દેશનું સ્વરાજ્ય મેળવવાની વાત કરનાર આ વર્ગ ધર્મમાં ત્રીજી સત્તાની આડખીલી સ્વીકારવા ઉલટ ધરાવે છે એ વીસમી સદીનું અનેરૂ કૌતુક છે!!!

'જૈન બંધુ' પરિસ્થિતિની પિછાન બરાબર કરે છે પણ શ્રીમંતાઇ સામેના પ્રકોપથી કહો કે સ્વમંતવ્યથી કહો ગમે તે કારણે–ટોપલો ધનવાનોના માથે ઠાલવી હાલ એવા સવાલો બાજુ પર રાખી બીજી બાબતોમાં મેળ સાધવાનું જણાવે છે અને જ્યોતિ ધરવાનો જેનો મુદ્રા લેખ છે તે ઉચ્ચારે છે કે આજની દશાની જવાબદારી વર્તમાન સૂત્રધારોમાં સ્થાપિત હક ધરાવનાર એક વર્ગની નિષ્ક્રિય દશાને આભારી છે માત્ર ખુરસી શોભાવનારને તક વેળા હાથ બંખેરી ઉભો થનાર વર્ગ એ માટે જવાબદાર છે.

આમ જૈન સમાજના જાણીતા પત્રોમાં પણ સંગ્રામના સૂર સંભળાય છે. ભલે પછી એ એક બીજાથી જુદી દિશામાં જતા હોય! ભલે એમાં ચર્વીત ચર્વણ હોય! ભલે એ દેશ–કાળની જરૂરીયાતથી દૂર જતાં હોય! અગર એ સાચો સંગ્રામ નાદાન પણ રજુ કરતાં હોય! છતાં પક્ષ પુરતો પ્રચાર તો કહી શકાય.

કોન્ફરન્સના વાજીંત્રમાં વર્તમાન દશા થવાના કારણોની મીમાંસા ગયા વર્ષના અંકોમાં વિસ્તારથી

કરાયેલી છે એટલે એના વારંવાર પારાયણ કરવા ઇષ્ટ નથીજ–મૂંડે મૂંડે મતિર્ભિન્ના એ સૂત્ર પ્રમાણે પોત પોતાની વાંસળી બજાવવાનો દરેકને હક્ક છે. એટલી ચોખવટ કરી લઇએ કે વિખુટા પડેલા વર્ગો વચ્ચે એક વ્યાસ પીઠ પર બેસી વર્તમાન કોકડું ઉકેલવા માટે તેમજ સમાજના અન્ય આવશ્યક પ્રશ્નો હાથ ધરી શકાય તેવું વાતાવરણ તૈયાર કરવા માટે જે બાંધ છોડની મસલત ચાલે છે એ અમુક સહૃદય ભાઇઓના આંતરિક ઉમળકાને આભારી છે. કોન્ફરન્સના દ્વાર સદાને સારૂ જૈન સમાજના કોઇપણ વર્ગ સારૂ ઉઘાડાજ છે કેમકે એ સારાયે સમાજની સંસ્થા છે. એ કોઇ અમુક મંતવ્ય ધારીઓનું રજીસ્ટર્ડ મંડળ નથીજ. ભલે આજે એનો કારભાર અમુક વિચાર ધારીઓના હાથમાં આવ્યો હોય તોપણ આખરી લગામ જનતાના હાથમાં છે. ઉકત ભાઇઓ તરફથી સુલેહ–સંપના પ્રયાસ થાય એમાં કોન્ફરન્સની કાર્યવાહક સમિતિ શા સારૂ નકારો ભણે પણ તેથી કોન્ફરન્સ સાવ અટકી પડી છે એટલે હવે પગે પડતી આવી છે એમ માનનાર ખરેખર ધુમાડાના બાચકા ભરે છે! તેમ એને સિદ્ધાંત પાલનની કંઇ પડી નથી એમ કહેનારા પણ ભીંતજ ભુલે છે!!

ઐકય–સંપ કે સંગઠનના પ્રયાસો જો અર્થ શૂન્ય હોય તો કોન્ફરન્સનું અસ્તિત્વ શા સારૂ જોઇએ? અખિલ સમાજનું પ્રતિબિંબ પાડે છે એટલે એમાં જુદા જુદા વિચારધારીઓને સ્થાન છે. છતાં અવાજની રજુઆતમાં તો મોટા ભાગની બહુમતી નક્કી કરે તેજ સૂર નીકળે. પરસ્પરના મતફેરોની વાગોળણી કે ભીતરી હોંસાતોંસીમાં એ પડે પણ નહીં અને એ એનું કાર્ય પણ નહીં.

સિદ્ધાંત પાછળ મરી ફીટવું જોઇએ. જીવન સંગ્રામનો એ મહામૂલો હથીયાર છે. એ વિનાનું જીવન એ લૂણ વિહુણા ભોજન સમ નિરસ છે છતાં એ પણ એટલુંજ સાચું છે કે સિદ્ધાંત એવો હોવો જોઇએ કે જેથી દિવસાનુદિવસ પ્રગતિનો કાંટો આગળ વધે જૈન ધ્યે. કોન્ફરન્સનો સિદ્ધાંત જૈન ધર્મના વિકાસ અને વિસ્તારને અનુકુળ હોય–જૈન સમાજનું શ્રેય સાધનારો હોય–એથી નિતાંત જૈનોનું કલ્યાણ સધાનારૂં હોય–એ સિદ્ધાંતથી વીસંવાદ કે વિરોધાભાસ હરગીજ ન પેદા થવો જોઇએ.

આજની જુદી છાવણીઓ એ કંઇ એવા સિદ્ધાંત ખાતર ઉભી થયેલી નથી એ તો ગયા અંકમાં સુચવ્યા પ્રમાણે એક પ્રકારના અજીર્ણનું પરિણામ છે. તેથી એ અજીર્ણ ટાળી દઇ સાચી ઝીંદાદીલી પેદા કરવાની જરૂર છે. જીવન સંગ્રામ ખેલવાની સાચી દિશા તો જુદી છે. એમાં જુના–નવા, શ્રીમાન–ધિમાન–કે યુવાન–વૃધ્ધ રૂપી સર્વ વર્ગોના હાર્દિક સહકારની જરૂર છે સૌના હૃદયમાં એ ભાવ પ્રગટો એજ અભ્યર્થના.

≠ નોંધ અને ચર્ચા. ≠

શોધખોળ માટે વિશાળ ક્ષેત્ર—

જૈન ધર્મ સંબંધી સવિશેષ માહિતી મેળવવા સારૂ તેમજ એની ઐતિહાસિક મહત્તા પુરવાર કરવા સારૂ શોધખોળનું કાર્ય સંગીન પાયા પર હાથ ધરવાની જરૂર છે એ માટે પસંદ કરવા લાયક ક્ષેત્ર બેંગાલ અને પૂર્વ પ્રદેશ છે કેમકે જૈન ધર્મના તીર્થંકરોની–ગણધરોની અને પ્રસિદ્ધ આચાર્યોની જન્મભૂમિઓ એ તરફ આવેલી છે એટલુંજ નહિં પણ એ સંતોના મોટા ભાગનો વિહાર પણ એ પવિત્ર સ્થાનમાં થયેલો છે. પલાડપુરમાં સર્વ પ્રથમ પ્રતિષ્ઠાન નિર્ગ્રંથ જૈન સંપ્રદાયનું થયું હતું. જૈન સાહિત્યમાં એવા પુષ્કળ પ્રમાણો મળી આવે છે કે જેથી પુરવાર કરવું સહજ છે કે એ પ્રદેશમાં બહુ પ્રાચીન કાળમાં પણ જૈનધર્મે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. મગધના ઇતિહાસ સાથે કે ભારત વર્ષના પ્રાચીન વિદ્યાપીઠો–નાલંદા અને વિક્રમશીલા સાથે જૈન દર્શનનો ઓછો સંબંધ નથી. શ્રી કલ્પસૂત્રમાં સંખ્યાબંધ ગોત્રોને શાખાઓના નામ આવે છે કે જેની પાછળ ઉંડી તપાસ કરવામાં આવે તો બંગાળની ભૂમિમાંથી એના અંકોડા સહજ જોડી શકાય તેવી ઐતિહાસિક સામ્રગી ઉપલબ્ધ થઈ શકે તેમ છે. સરાક જાતિની પુરાતનતા પર તેમજ પ્રભુશ્રી પાર્શ્વનાથ અને મહાવીર દેવના શાસનમાં સૌ પ્રથમ શ્રાવકો તેજ હતા એ વાત પર પ્રકાશ ફેંકતો એક લેખ આ અંકમાં આવેલ છે એ વાત પરથી સહજ અનુમાની શકાય તેમ છે કે એ દિશામાં અભ્યાસી બંધુઓના પ્રયત્ન વાળવામાં આવે તો જૈન ધર્મના ગૌરવમાં સવિશેષ વધારો થાય, અને એનું ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વ વધવા પામે.

શત્રુંજયની તળેટીમાં—

આજ કાલ "શત્રુંજયની તળેટીમાં આગમ મંદિરની સામી દિશામાં જૈન શ્રીમાનો બંગલા બાંધી એકાદ નાનું જૈન નગર ઉભું કરવાના છે" એ વાત વધુ જોરથી સંભળાય છે. એ માટે પ્લોટો નક્કી થઇ ગયા છે અને એમાં અમુકના નામો પણ બહાર બોલાય છે. આમ બનવું અસંભવિત નથી. પવિત્રને શાશ્વત તીર્થની છત્ર છાયામાં ધનિકો વર્તમાન કાલિન અનુકુળતાઓ સહિત વસવાટ કરવાનો વિચાર કરે અને એ પર પોતીકા નામના લેબલ લગાવે તો આજે રોકનાર કોઇ નથી! એક કાળ એ પણ હતો કે ભાતા તળાટીથી માંડી પહાડનો ચઢાવ શરૂ થાય છે જ્યાંથી એવી જય તળાટી સુધીનો માર્ગ પવિત્ર મનાતો એ પ્રદેશની સમિપમાં કોઇ જૈન પિશાચ સરખો પણ કરતું નહીં! પણ જ્યારથી માલિકી હક્ક હકોકાર સાહેબનો થયો ત્યારથી વાત બગડી. એ ખુલ્લો પ્રદેશ દામ આપી ખરીદાયો. એક બાજુ આગમ મંદિર ઉપાશ્રય ને બંગલા જેવું મકાન આજે નજરે આવે છે એટલે સામી બાજુમાં અગર તો સમિપમાં જૈન નગર ઉભું કરવાની વાત પાયા વગરની છે એમ કહેવા કરતાં વધુ સંભવિત છે. ચાહે તો પવિત્ર પહાડની સમિપ જૈનોના વસવાટ હોય તો અન્ય પ્રકારની કોઈ ભારે આશાતના થવાનો સંભવ ન રહે અગર પોતીકા મકાન હોય તો લાંબો સમય સુખેથી રહી શકાય કે એવા બીજા ગમે તે આશયથી શ્રીમંતોની

વલણ એ પ્રકારની થઇ હોય તે માટે ઝાઝું કહેવાપણું નથી. મુદ્દાની વાત એકજ છે અને તે એજ કે પાલીતાણામાં લાખોના ખરચા કરતાં પૂર્વે ડાકોર સાહેબ જોડે પવિત્ર ગીરિના યાત્રા હક્ક સંબંધી યોગ્ય સ્પષ્ટીકરણ કરી લેવાની જરૂર છે. પ્રતિવર્ષ કરાર મુજબ સાડ હજાર અપાતાં છતાં શંકરની ટેરી કુંડ અને તળાટીની વાત આદિ પ્રશ્નો હજુપ્ અણ ઉકલ્યા પડયા છે! જૈન સમાજ અને રાજ્ય વચ્ચેનું અંતર વધતું જાય છે! છેલ્લા સમાચાર મુજબ શેઠ કસ્તુરભાઈ લાલભાઇ એ નિમિત્તે પાલીતાણા જવાના છે ને એ સંબંધી તોડ આણવાના પ્રયાસ કરવાના છે એટલે વધુ વિચારણા મુલતવી રાખવી ઈષ્ટ માની છે.

આપણે ક્યાં જઈ રહ્યા છીએ?

હજુપ્ શ્રી ગોડીજી મહારાજના ટ્રસ્ટ સંબંધી નોંધ જુની નથી થઇ ત્યાં શ્રી નેમીનાથના દેરાસરના વહીવટનો આખરી કરાર સાંભળી હૃદય પોકારે છે કે આપણા વણિક વર્ગની-જેની પ્રજ્ઞાને બૃહસ્પતિની ઉપમા અપાય છે કિંવા જેની સલાહ વગર રાજા રાવણનું રાજ્ય ગયું એમ કહેવાય છે-બુદ્ધિ આમ ગીરો કેમ મૂકાતી જાય છે? આપણા હાથેજ આપણે સંઘ સત્તાને ખસેડી મૂકી બહારની સત્તાનો-એડવોકેટની સલાહનો અંકુશ સ્વીકારીએ છીએ! ધરમેળે વહીવટી તંત્ર સુધારવાને બદલે ઝાલાવાડી કે નગર સાથ જેવા સાંકડા ભાવમાં તણાઇ, ખેંચાખેંચીમાં પોતાના હાથેજ પોતાના પગ પર કુહાડો મારીએ છીએ! પરાપૂર્વથી ચાલી આવતી સંઘ સત્તા-સંઘ દોરવણી-જેવા અણમૂલા સાધનને તિલાંજલી દઇ-એના પર કાયમના તાળા લગાવી,-નવી ખર્ચાળ પદ્ધતિ અને જેને દેવદ્રવ્ય ભક્ષણમાં રંચ માત્ર દુઃખ ઉપજે તેમ નથી!-જેની સલાહ માંગવા જતાં પણ પૈસા આપવા પડે છે! જેમાં કેવળ ડગલે ને પગલે ભક્તિ ભાવે મૂકાયેલા પ્રત્યેક પૈસાનો નિરર્થક વ્યયજ દેખા દે છે-એવી ત્રીજી વ્યક્તિનું અધિપત્ય વહોરી લઇએ છીએ! આ કંઇ ઓછા દુઃખનો વિષય નથી. માની લીધેલા મમ્મત ને ધર કરી બેઠેલાં ક્ષુદ્ર વૈમનસ્યોથી આજે સમજુ ગણાતા ને બુદ્ધિશાળી મનાતા આપણે કેવી મૂર્ખામીની ઉંડી ગર્તામાં હડસેલાઇ રહ્યાં છીએ તેનો એકાંતે બેસી વિચાર કરવાની કિમતી પળ આવી ચુકી છે. સ્વચ્છ હૃદયે, દીર્ઘ દ્રષ્ટિથી, વિચાર કરવાની અને ગયા અંકની નોંધ ધ્યાનમાં રાખી સંઘ ગૌરવ જળવાય, દ્રવ્યનો અપવ્યય અટકે અને વહીવટ ચોકખો રહે તેવું બંધારણ રચવાની જરૂર છે.

વિચાર રત્ન.

1 Good for Evil-A more glorious victory can not be gained over anothers than this, that when the injury began on his part, the kindness should begin on ours.

—Tillotson.

અપકારને બદલે ઉપકાર.

અતિ કીર્તિશાળી વિજય આ કરતાં બીજો કોઇ નથી કે જે બીજા ઉપર મેળવી શકાય છે; તે એ કે જ્યારે તેના તરફથી નુકશાન કરાય ત્યારે આપણા તરફથી માયાળુપણું યાતો નમ્રતા શરૂ કરવી જોઇએ.

ओसवाल सम्मेलन.

श्री अखिल भारतवर्षीय ओसवाल महा सम्मेलन का पांचवा अधिवेशन अजमेर के निकट पुष्कर में सफलता पूर्वक हो गया. स्वागताध्यक्ष श्रीयुत जालिमसिंहजी बी. ए. वकील व्यावर और प्रमुख जबलपुर निवासी श्रीयुत मोतीलालजी मूरा थे. आपका व्याख्यान छोटा और सारगर्भित था आगरेसे शेठ अचलसिंहजी एम. एल. ए. बाबू दयालचंदजी जौहरी, कलकत्तेसे बाबू विजयसिंहजी नाहर, जबलपुरसे बाबू सुन्दरलालजी बी. ए. एडवोकेट, जैपुरसे श्रीयुत गुलाबचंदजी ढढ्ढा एम. ए, भरतपुरसे श्री. जवाहरलालजी नाहटा आदि अनेक ओसवाल भाई उपस्थित थे।

दस्सों, बीसो, पांचोका आपसमें कन्या व्यवहार खोलने और विधवा विवाह जारी करनेवालोंका बहुमत होते हुवेभी सारी समाजको साथ लेकर चलने वास्ते ऐसे चर्चा ग्रस्त-प्रश्नों को छेडा ही नही गया. सब लोगोंका एक ही धय था कि ऐसा प्रस्ताव कोई पास न किया जावे कि जिस पर हम खुद प्रस्ताव पास करनेवाले भी न चल सकें केवल प्रस्ताव पास करनेसे कोई लाभ नहो कि जिसपर चलने को कोई तैयार न हो।

ओसवाल जातिमें श्वेताम्बर, दिगम्बर, स्थानकवासी, तेरहपंथी, वैष्णव और आर्य समाजी सभी धर्म के माननेवाले मोजूद है. आपसमें सबका कन्या व्यवहार चालू है इसलिये ऐसे प्रश्न जो आपसमें फूट पैदा करें लीये हा न जावे ऐसा बंधारणमें पहिलेसे ही ठहराव है।

उदाहरण के लिये इसी अधिवेशनमें एक प्रस्ताव ऐसा आया कि ओसवाल जाति के मूल संस्थापक श्री रत्नप्रभसूरिजी को जय घोष के साथ सम्मेलन का कारवाई हमेशा प्रारंभ हुवा करे।

इस पर स्थानकवासीयों और वैष्णवोंने विरोध कीया और प्रधानसे रूलिंग मांगा गया. जिसपर प्रधानको बहसं बन्द करके वह प्रस्ताव ही निकाल दैना पडा. अन्य जातिय सुधारों के प्रस्ताव पास हो कर ओसवाल सम्मेलन के मुख पत्र ओसवाल पत्र को सप्ताहिक करनेका प्रस्ताव पास हुआ जिसमें बेंगलोर निवासी एक सज्जन ने पत्रको सप्ताहिक करनेके लिये ५००) रुपया भेंट कीया और इतना ही द्रव्य और भेजनेकी आशा दिलाई।

—एक सम्बाददाता.

પાલીતાણા—અવનવી ઘટનાઓનું કેન્દ્રસ્થાન.

સને ૧૯૩૯ નો ડીસેમ્બર મહિનો જૈનો માટે અતિ મહત્વનો ગયો છે. આ માસમાં અનેક વિચારણીય બનાવો બની ગયા છે, અને તેમાં પણ ઘણા ખરા બનાવોનું કેન્દ્રસ્થાન પાલીતાણા બન્યું છે. આ બનાવોની સમીક્ષા કરવાનું એક બાજુ રાખી અત્યારે તો માત્ર બનેલા બનાવો તરફજ લક્ષ દોરવવું રહે છે. જે ઘટનાઓ બની ગઇ છે તેમાંની કેટલીક નવીન આશાઓ અને નવા વિચારોને જન્મ આપનારી છે જ્યારે કેટલીક ઘટનાઓ આઘાત પહોંચાડનારી પણ બની ગઇ છે

૧ તીર્થાધિરાજ પર આગ.

પવિત્ર તીર્થાધિરાજ શત્રુંજય ઉપર આદીશ્વરજી મહારાજના મુખ્ય દહેરાસરમાં શાંતિ સ્નાત્રને દિવસેજ લાગેલી આગ, વર્ષોથી અખંડ બળતા ઘીના દીવાઓનું બુઝાઇ જવું, નૈવેદ્યનું બળી જવું, પ્રતિમાજીને શ્યામ બનવું વિગેરે કદિ પણ ન બનેલા આવા ભયંકર બનાવથી જૈન કોમ જેવી શ્રદ્ધાળુ કોમને સખત આઘાત લાગે એ સ્વાભાવિક છે. આ બનાવને ઘણા દૈવી કોપ માને છે, ઘણા અમંગળ ઘટનાઓ બનવાની આગાહી માને છે, ત્યારે કેટલાક અકસ્માત માને છે. આ વિષયમાં વિગતવાર અને સત્તાવાર સમાચારો ન મળે ત્યાં સુધી દૈવી કોપ માનવો કે અકસ્માત માનવો એનો નિર્ણય થઇ શકે નહિ. પણ એટલું તો ચોક્કસ છે કે આ દુઃખદ બનાવે ઘણા જૈનોને આઘાત લગાડયા છે.

૨ પ્રતિમાજી તુટયા.

"જૈન જ્યોતિ" ના તા. ૩૦-૧૨-૩૯ ના અંકથી સમાચાર મળે છે કે કદંબગિરિ માટે ખાસ ઘણા ખરચે તૈયાર થયેલી અને ખાણમાંથી સ્પેશીયલ ખર્ચે તૈયાર કરાવેલી ૧૫ ફુટની પ્રતિમાજી મકરાણાથી કદંબગિરિ આવતી હતી તે વેગનમાં આગ લાગી અને મહા ખર્ચે તૈયાર થયેલી પ્રતિમાજીના ટુકડે ટુકડા થઇ ગયા. આ ગમખ્વાર બનાવ પણ શત્રુંજયની આગ પછી બીજે કે ત્રીજે દિવસે બનવાથી જૈન કોમમાં ખળભળાટ પેદા થયો છે અને કોમ ઘણી અમંગળ શંકાઓથી ભયભીત બની ગઈ છે.

૩ યતિજી સુગનચંદજી ઝળકે છે!

ઉપરોકત બનાવો બન્યા પછી પાલીતાણામાં એક યતિજી જે જોધપુર તરફના કહેવાય છે તે બીધેલી જનતાને વધુ ભયભીત કરે છે, અને સાથે સાથે જૈનોને પુણ્યકાર્ય કરી આવા ભય ટાળવાનો ઉપદેશ આપી રહ્યા છે.

૪ જૈન નગરની યોજના.

પાલીતાણાની નજીક આવેલા મહાન્ તીર્થાધિરાજની તળેટીમાં એક સુશોભિત જૈન નગર વસાવવાની યોજનાના સમાચાર જે અત્યાર અગાઉ દૈનિક પેપરોમાં આવી ગયા છે. તેના મંડાણ પણ પંદર દિવસમાં થઇ જશે એમ જણાય છે. અને એ એ હજાર વારના ૪૦ પ્લોટો એ શ્રીમંત ગૃહસ્થો તરફથી ખરીદાઇ પણ ગયા છે. આ ઘટના બનવાની આગાહી ૨ વર્ષ પહેલાં શ્રીયુત્ પોપટભાઇ ધારસીના સંઘના પાલીતાણાના આગમન સમયથીજ થઈ રહી હતી. જે સ્થળમાં તેનો પડાવ હતો તે સ્થળ વસવાટને યોગ્ય લાગતાં તે સ્થળ પર કેટલાકની નજર હતી. તેવામાં શ્રી. પોપટભાઇએ બીજી હોસ્પીટલ માટે જગ્યા પસંદ કરી, પછી આગમ મંદિરની જમીન ખરીદાઈ, સાહિત્ય મંદિર આવ્યું, એટલામાં ખરતર ગચ્છવાળાઓએ પણ જમીનનો મોટો પ્લોટ ખરીદ્યો, આ રીતે આ યોજનાની પૂર્વભૂમિકા તૈયાર થઇ. પાલીતાણા નરેશે પણ જૈન શ્રીમંતોની ભુખ જોઇ, અને જો તેમનો સહકાર મળે તો પાલીતાણા સ્ટેટ સમૃદ્ધ અને એ ઇચ્છાએ પોતે સાનુકૂળતા કરવા સંમતિ દર્શાવી. અને આજે એ દિશાએ યોજના તૈયાર થઇ ગઇ. હાલની જણાતી ગોઠવણ મુજબ એક અપટુડેટ વિશાળ બાગબગીચા અને બંગલાઓથી શોભતી તળાટી થોડા સમયમાં જૈનોની વસવાટ ભૂમિ બની જશે. અને આ રીતે પાલીતાણા અને શત્રુંજય લગભગ સંધાઈ જશે. આ સ્થળે ઘણા ભાઇઓ પ્રશ્ન ઉઠાવે છે કે આ રીતે વસવાટવાળી તળેટી બનવાથી જે તીર્થ ભૂમિની અત્યારે મહત્તા છે તે જળવાઇ નહિ રહે. અને તીર્થ ભૂમિ મટી નિવાસ ભૂમિ અથવા ઐશ આરામની ભૂમિ તો નહિ બને ? આ ભય તદ્દન પાયા વગરનો નથી. અમોને પણ લાગે છે કે અન્ય હવા ખાવાના સ્થળો જેવીજ સ્થિતિ સિદ્ધાચલની થવાનો આ પ્રથમ પાયો છે.

૫ નિર્જળ ટેકરીઓમાં જળાશય.

શત્રુંજયનો આખોયે ડુંગર લગભગ નિર્જળ છે ગણ્યા ગાંઠયા કુંડ શિવાય એક વિશાળ જળાશય તેના ઉપર દેખાતું નથી. અને તેથી કરી ઢોરો વિગેરેને પાણીની ઘણીજ અગવડ પડે છે. આ અગવડ ટાળવા અને પખાલનું પાણી નિરર્થક નહિ જવા દેતાં એક જળાશયમાં સંઘરવાની યોજના પણ રાજ્ય અને પેઢીના સહકારથી વિચારાઇ રહી છે.

૬ જૈનોમાં એકયની દિશામાં પ્રયાસ.

કેટલાક વર્ષોથી જૈનોમાં મતભેદને અંગે જે કલુષિત વાતાવરણ ચાલી રહ્યું છે તેનો પણ સંતોષકારક નિવેડો લાવવાના પ્રયાસો પણ એજ ભૂમિમાં આગેવાનો અને મહાન આચાર્યોના સહકારથી થઇ રહ્યાના સમાચાર મળે છે. આ વિષય ઉપર સત્તાવાર સમાચાર ન મળે ત્યાં સુધી કાંઈ પણ લખવું ઉચિત લાગતું નથી.

૭ યાત્રાળુઓની ભરતી.

ગત નાતાલના તહેવારોમાં પાલીતાણામાં યાત્રાળુઓની ભરતી સારા પ્રમાણમાં દેખાતી હતી, અને તેમાં પણ શ્રીમંત વર્ગ ખાસ તરી આવતો હતો. મોતીસુખીયાની ધર્મશાળા, કલ્યાણ ભુવન, ચંપાનિવાસ આદિ ધર્મશાળાઓ ચીકાર ભરાઈ ગઇ હતી, અને કહેવાય છે કે હવે ધર્મશાળાના મુનિમો પણ સમય ઓળખી જુની શેડાઇ અને જોહુકમી ભૂલી યાત્રાળુઓની જરૂરીયાતો પૂરી પાડવા ઠીક ઠીક યત્નો કરતા હતા. અને આણંદજી કલ્યાણજીની પેઢીના મુનીમ પણ પોતાનું આળસ ખંખેરી સુધારાઓ કરવા લાગી ગયાના સમાચાર પણ મળે છે.

—મ. હી. લાલન.

વસ્તુનું હાર્દ સમજવું જોઇએ.

આજકાળ આપણી ઘણી ખરી કરણીઓમાં 'અચરે અચરે રામ' યાને 'पीछेसे चली आती है माटे चालवा दो' જેવું આચરણ નજરે પડે છે 'ज्ञानक्रियाभ्याम् मोक्ष:' એ સનાતન સિદ્ધાન્ત જેને માન્ય છે તેને ક્રિયા યાને કરણી વિના તરગીજ ચાલવાનું નથીજ. ચાહે તો યુવક હો કે પંડિત હો, વિચારક હો કિંવા તત્વચિંતક હો–ભલે એ પોતાના સમયનો ઘણો ભાગ જ્ઞાનગોચરીમાં વ્યતીત કરે છતાં જો એ સાવ ક્રિયાથી પરાંગ્મુખ રહે તો પેલા જ્ઞાનની કિંમત યથાર્થ નહિંજ અંકાવાની કેમકે 'ज्ञानस्य फलं विरति:' એ શાસ્ત્ર વચન છે. લાંબી કે દીર્ઘ વિચારણા પાછળ અમલમાં કંઇજ ન હોય તો એ વાંઝીયા જ્ઞાનથી લાભ શું હોઇ શકે? એટલે ક્રિયાનું મહત્વ તો છેજ. કહેવાનું એટલુંજ છે કે એ જ્ઞાનપૂર્વક યાને સમજ સાથે કરાવી જોઇએ.

ક્રિયા સંબંધમાં જેમ ઉગતી પ્રજા કરતાં જુન વાણી માનસ ધરાવનાર વર્ગને વધુ કહેવાનું છે તેમ દીક્ષા સંબંધમાં જુના ચીલે ચાલનાર કરતાં નવમતવાદી યાને વર્તમાન યુગના યુવાનોને આવેગ કે ઉભરાને તિલાંજલી દઇ વધારે ધિરજ ધરી એ મહત્વના મુદ્દાને–એક પવિત્ર અને જીવનમાં અતિ અગત્ય ધરાવતી મહાન્ ક્રિયાને–બારિકાઇથી સમજવાનો–આગ્રહ કરવાનો છે. 'ક્રિયા અને દીક્ષા' એ બન્ને વિષયોમાં જુના અને નવા વિચારના માનવીઓને ઉપયોગી થઇ પડે તે સારૂ જૈન જૈનેતર સમાજમાં ખ્યાતિ પામેલા મુનિશ્રી વિદ્યા-વિજયજીના નિમ્ન ફકરાઓ રજુ કરવામાં આવે છે. એ પરથી આજે આપણે કયાં ઉભા છીએ એનો ખ્યાલ આવશે એટલુંજ નહિં પણ આપણે કયાં જવાનું છે એ સ્પષ્ટ થશે.

ક્રિયાઓ.

"સાધારણ રીતે જૈન સાધુઓ જ્યાં જ્યાં ચોમાસું કરે અથવા થોડી પણ સ્થિરતા કરે, ત્યાં જૈન ધર્મ પાળનારા ભાઇઓ અને બ્હેનોને ધાર્મિક પ્રવૃત્તિમાં જોડવાને જરૂર પ્રયત્ન કરે. એ ધાર્મિક પ્રવૃત્તિમાં ઘણા સાધુઓમાં અને ઘણા સ્થળોમાં રૂઢીપૂજકતાનું એટલું બધું તત્વ પેસી ગયું છે કે જેના લીધે આજકાલના નવયુવકો કિંવા વિચારકોને એ તરફ અભિરૂચી ઓછી થાય છે. અમે માનીએ છીએ કે સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ અને એવી ક્રિયામાં સર્વથા નહિ માનનારા લોકો તો બહુજ ઓછા હશે. એ ક્રિયાઓમાં માને છે જરૂર, પરન્તુ એનું મહત્વ નહિ સમજવાના કારણે, તેમજ એ ક્રિયા-ઓના અર્થો જેવી રીતે સમજવા જોઇએ, તેવી રીતે નહિં સમજવાને કારણે તે તરફ લોકોની અભિરૂચિ ઓછી થાય છે. અને તેમાંયે ધર્મભાવનાવાળી બ્હેનો તેમ થોડાક જુના ઘરડાઓએ ક્રિયાઓનું મહત્વ કે અર્થ સમજ્યા વિના જે રીતે ક્રિયા કરે છે અને ક્રિયા કરતાં પણ ક્રોધાદિ કષાયો આદિ દુર્ગુણોની મંદતા નથી કરી શકતાં, એના લીધે બીજાઓ એમની અજ્ઞાનતા ઉપર નહિ પણ એ ક્રિયા તરફ ઘણા કરે છે. જોઇએ તો એમ કે જેઓ ક્રિયામાં માનનારા છે અને એકલી વાચાળતા આત્મકલ્યાણમાં સાધનભૂત નથી થઇ શક-વાની, એવું જે માને છે, એમણે સમજપૂર્વક ક્રિયા કરવાની કોશિષ જરૂર કરવી જોઇએ."

મતભેદ.

'દીક્ષાઓના સંબંધમાં હમણાં હમણાં કેટલાંક વર્ષોથી જૈન સમાજમાં મ્હોટો મતભેદ ઉત્પન્ન થએલો છે. ખાસ કરીને કેટલાક યુવકો તો દીક્ષામાં માનતાજ નથી. એઓ સાધુ સંસ્થાની આવશ્યકતાજ નથી સ્વીકારતા. કેટલાક યુવકો એવા છે કે જેઓ સાધુઓની જરૂરત તો સ્વીકારે છે; પરન્તુ 'યોગ્ય' માણસો સાધુ થાય એમ ચાહે છે જોકે સાધુ થવાને 'યોગ્ય' કોણ હોઇ શકે? એનો સિદ્ધાંત એમણે નિશ્ચય કરેલો નહિ હોવાથી ઘણે ભાગે 'યોગ્ય' કે 'અયોગ્ય' બધા પ્રસંગમાં વિરોધ કરવા તૈયાર થાય છે. જ્યારે કેટલાક એવા પણ છે કે જ્યાં મોટા 'ભા' બનવાનો પ્રસંગ મળે ત્યાં ગમે તેવી 'અયોગ્ય' દીક્ષા હોય તો 'યાહુસેન' કરવા મંડી જશે, ને જો જરા કોઇએ માન સન્માન ન આપ્યું, તો ગમે તેવી 'યોગ્ય' દીક્ષામાં પણ વિરોધ કરવા તૈયાર થઇ જશે. મતલબ કે જેમનો કોઇ સિદ્ધાંતજ નથી. અસ્તુ.

એમાં કંઇ શક નથી કે સાધુ થવામાં એક મોટી જવા-બદારી વહોરવી પડે છે. અને આવી જવાબદારી અયોગ્ય માણસને માથે લાદવામાં આવે તો તેનું બુરું પરિણામ આવે. તેવીજ રીતે દીક્ષા આપનાર ગુરૂમાં પણ યોગ્યતાની ઘણી જરૂર છે. અને એટલાજ માટે શાસ્ત્રકારોએ દીક્ષા આપનાર અને દીક્ષા લેનાર–બંનેમાં કયા કયા ગુણો હોવા જોઇએ તેનું યોગ્ય વર્ણન કર્યું છે. અપવાદ તો હોયજ. યોગ્ય માણસ પણ દીક્ષા લીધા પછી 'અયોગ્ય' નીવડી શકે છે. તેમ જેને 'અયોગ્ય' ગણવામાં આવતો હોય, એવો માણસ દીક્ષા લીધા પછી પણ કોઇ શુભ કર્મોદયથી બહુજ પ્રભાવશાળી અને સ્વપર કલ્યાણ કરવાવાળો પણ નીવડી શકે છે. પણ સાધારણ રીતે દ્રવ્ય ક્ષેત્રકાળ ભાવનો વિચાર કરી દીક્ષાઓ થવી યોગ્ય છે. અને આ સંબંધી જેમ સાધુઓએ ચોક્કસ સિદ્ધાંતો મુકરર કર-વાની જરૂર છે, તેવી રીતે સમાજના હિતસ્વી યુવકોએ પણ ચોક્કસ સિદ્ધાંતવાદી બનવાની જરૂર છે, સિદ્ધાંત મુકરર કર્યા વિનાના જેટલા વિરોધો થાય છે, એ બધા અનિચ્છનીય છે. અને એજ કારણ છે કે ઘણી વખત જેમ સાધુઓને પસ્તાવું પડે છે, તેમ યુવકોને પણ પાછા પડવું પડે છે. પાછળનું પરિણામ ગમે તેવું આવે, પરન્તુ બન્ને પક્ષ જો સિદ્ધાંતોને અનુસરીને વર્તાવ કરે, તો અત્યારે નિરર્થક કોલાહલોથી જન શાસનને જે અપભ્રાજના ઘણી વખત થાય છે, તે થવા ન પામે. દીક્ષા આપવામાં અને લેવામાં જો માત્ર આત્મકલ્યાણ કરવા કરાવવાની ભાવના રખાય ને ઉમ્મર આદિ ખાસ બાબતો જોઇનેજ દીક્ષા આપવામાં આવે, તો પાછળથી ગમે તેવું પરિણામ આવે તોપણ તેમાં કોઇનો દોષ કાઢી શકાય નહિ."

સંગ્રાહક—M.

ઓપરેશન—વઢવાણ કેમ્પ ખાતે શાંતમૂર્તિ મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજની આંખનું ઓપરેશન તા૦ ૧૨ મીએ રાજકોટવાળા ડો૦ રતિલાલ શાહના હાથે થયું છે. આથી મહારાજશ્રીની આંખે સારો ફાયદો થયો છે.

ધાર્મિક પરીક્ષા—અમદાવાદ ખાતે શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની ધાર્મિક ઇનામી પરીક્ષા તા૦ ૨૪–૧૨–૩૯ ને રવિવારે બપોરના ૧૨ કલાકે ઝવેરીવાડ ઉજમબાઇની ધર્મશાળાના મકાનમાં લેવાઇ હતી.

સરાક જૈનોનું પુરાતન તીર્થ—માઉન્ટ પાર્શ્વનાથ.

PARASNATH

નિર્ગ્રંથ પાર્શ્વ અને શ્રમણ મહાવીરદેવે અપનાવેલ
સરાક–સારાક (શ્રાવક) જૈનોનું ઉત્પત્તિ સ્થાન.

લેખકઃ—નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૧ લો.

પ્રસ્તુત ઐતિહાસિક લેખ સંશોધન કરવાનો પ્રથમ અવસર મને પ્રાપ્ત થવાથી આ કાર્ય વિદ્વાનો સમક્ષ ધરવા શક્તીમાન થાઉં છું. મ્હને ખાત્રી છે કે આ પુરાતન શોધખોળ પરથી નિર્ગ્રંથ પાર્શ્વ અને શ્રમણ મહાવીરે આર્ય અને અનાર્યભૂમિપર પાદવીહાર કરી આ "સરાક" યાને "સારાક" જાતીને જૈનધર્મમાં અપનાવ્યાના ઐતિહાસિક પુરાવાઓ મળવા પામેલ છે, જે જૈનોના પુરાતન ઇતિહાસમાં આજથી ઉમેરો કરે છે. જૈન સાહિત્ય આવશ્યક નિર્યુક્તિ તેમ લોક-પ્રકાશ નામના ગ્રંથોમાં ઉલ્લેખ કરેલ છે કે પાર્શ્વ અને મહાવીર આર્ય તેમ અનાર્યદેશોમાં વીચર્યા હતા.

"ખરી રીતે સરાકો મધ્ય એશિયામાંના સેરીક[1] પ્રદેશમાંથી ઉતરી આવેલ છે. સરાઓગી નામની જૈન જાતી સોરગી નામથી ઓળખાતા લોકોથી મળતી આવે છે ઇ. સ. પૂર્વે ચોથી સદીમાંના મેગેસ્થનીસ[2]ના કથન મુજબ આ લોકો સિંધુ અને પંજાબ નદી વચ્ચે રહેલા પ્રદેશપર વસેલ હતા. જૈનોના કથન મુજબ સરાઓગી જાતીને જૈનાચાર્ય જિનસેને ખદેલમાં (જયપુરની ઉત્તરે આવેલ) રાજપુતો અને વૈસ્યોને જૈનધર્મમાં વીર સંવત ૬૪૩ ઇ. સ. ૧૧૬ માં અપનાવ્યા તે તેમના વંશજો છે. આથી ઇ. સ. બીજી શતાબ્દિમાં સોરગી જાતીના લોકો દક્ષિણમાં જયપુર સુધી ઉતરી આવ્યાનું જણાય આવે છે. મ્હનો સોરગી અને સરાક જાતીના લોકોનો ઘનીષ્ટ સંબંધ હોય તેમ જણાતું નથી. એમ છતાં બંન્ને જાતી મધ્ય એશિયા (વર્તમાન-ચાઇનીઝ તુર્કસ્તાન) માં આવેલ સેરીક પ્રદેશમાંથી ઉતરી આવેલ સંભવે છે. આમાંની એક ઉત્તર=પશ્ચિમ ફ્રંન્ટીઅરના રસ્તે અને બીજી ઉત્તર=પૂર્વના માર્ગે ઉતરી આવેલ હોવી જોઇએ."

In reality the Sarakas are immigrants from Serike (in Central Asia). The Jain sect called Saraogie is perhaps identical with the people called Sorgae, that according to Megasthenes (in the 4 th century B. C.), occupied a tract of country lying above the confluence of the Indus with the stream of the Punjab. According to Jain accounts, Saraogies are descendants of those Rajputs and Vaicyas who were converted to Jainism by Acharya Jina sena in Khandel (north of Jaipur) in the year 643 after Mahavir, i. e., in 116 A. D. Sorgae therefore in the 2 nd century. A. D. advanced as for south as Jaipure. I do not find any intimate relation between the Saraogies and Saraks. However, both might perhaps have come from Serike (in Central Asia), one though the North-Western frontier, and other through the North-Eastern frontier.

---

૧. પંજાબની સરહદ પર સીંધુ નદી પાર 'કાલાબાગ" નામનું પુરાતન શહેર આવેલ છે. આ શહેર પાસેની પહાડી ટેકરી પરની શોધખોળ થતાં જૈનીઝમને લગતા પુરાતન અવશેષો મળવા પામ્યા છે. આ સ્થલ ફ્રંન્ટીઅરમાં ગણાય છે.

૨. એન્સ્યન્ટ એન્ડ મેડીવલ જ્યોગ્રોફી ઓફ ઇંન્ડીયા આય નંદલાલ ડે.

(S. C. Vidyabhusana: Vratya and Samkara=Theories,

1 J. A. S. B, 1902, p. 171.

૨ મેકક્રીન્ડલ–મેગેસ્થનીસ. પૃષ્ટ. ૧૪૪

હુઇન્લી નામના ચીનાઈ મુસાફરે આ જગ્યા અથવા આશ્રમનું "સાલેકીઆ" નામ આપ્યું છે (Kii-Fol. 10 a.) આ નામ જુલીયન નામના મુસાફરે ફેરવી તેનું મૂલ નામ "મરાક" બદલ્યું હોય એમ મનાય છે. (t ii. P. 503) ડો૦ ઇટલે આ બદલેલું નામ કાયમ રાખ્યું છે

હુઇનલુનની મુસાફરીના વર્ણનમાં ઇત્સીંગ નામના પ્રવાસીએ આ નોંધ લીધી હોય એમ લાગે છે. મ્હારો તો એવો અભીપ્રાય છે કે "સાલેકીઆ" નું મુલ નામ "સેરીક" હોવું જોઇએ, અને તે એટલા માટે એમ કહેવાતું હતું કે તે ચીનાઈ મુસાફરો માટે બાંધવામાં આવેલ હતું.

The name of this convent is given by Hwuilih (K. ii. fol 10a) as Sha-lo-kia which is restored by Julien (t. ii. p. 503) doubtfully to Sharaka. Dr. Eitel (handbook sub voc.) has followed him in this restoration. It seems to be referred to by I-Thing in his account of the travels of Hwii-lun (Jour. R. As. Soc, N. S. vol xiii, p. 570). I am of opinion that Sha-lo-kia ought to be restored to Serika, and that it was so called because it was built for the Chinese hostages or hostage.[1]

એ સ્પષ્ટ છે કે પ્રાચીન તીબેટનો, મેંગોલો અને મીનાઓનો ધર્મગુરૂ જૈન હોવો જોઇએ કારણ તેમનું કથન એમ છે કે તે ઇ. સ. પૂર્વે. દશમી અને અગીઆરમી શતાબ્દિમાં હયાત હતો. તીબેટનો કહે છે કે તે ઇ. સ. પૂર્વે. ૯૧૬ માં જન્મ્યો હતો. અને ૮૮૧ માં બુદ્ધ થયો હતો, પાંત્રીસ વર્ષની ઉમરે ધર્મ પ્રચાર શરૂ કર્યો અને ૮૩૧ માં દેહ છોડયો આ તમામ હકીકત **તીર્થંકર પાર્શ્વનાથને** લાગુ પડે છે.

(અપૂર્ણ.)

1 Buddhist Records of Western World: 1884, vol 1, p. 57.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ
જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃત:—

		પૃષ્ટ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

— સમાચાર સાર —

—દેશભક્ત શ્રી. પોપટલાલ શાહ મ્યુ ના પ્રમુખ તરીકે—પુનાની મ્યુનીસીપાલીટીના પ્રમુખ તરીકે દેશભક્ત શ્રી. પોપટલાલ શાહ ચુંટાયા છે તેઓ જૈન છે તેમજ ચુસ્ત મહાસભાવાદી છે તેમજ આપણી કોન્ફરન્સના મહારાષ્ટ્ર વિભાગના આગેવાન છે. પ્રમુખ તરીકે ચુંટાઇ આવવા બદલ તેઓને અમારા અભિનંદન છે.

—સાધ્વીજી શ્રી લાભશ્રીજી કાળધર્મ પામ્યા— કારતક વદ ૯ ના દિવસે સવારે સાધ્વીજી લાભશ્રીજી ભાવનગર મુકામે કાળધર્મ પામ્યા છે. તેમનો દિક્ષા પર્યાય ૫૬ વર્ષનો હતો: તેમનો જન્મ સંવત ૧૯૧૯ અમદાવાદમાં થયો હતો. એમના તરફથી એકંદર નાના મોટા ૨૮ સાહિત્ય સાધનો–સૂત્રો–ગ્રંથો–પ્રકરણો વિગેરે પ્રગટ થયા છે. ૨૦ વર્ષની ઉમરે દીક્ષા લીધી હતી. ૭૬ વર્ષની ઉમરે તેઓશ્રી કાળધર્મ પામ્યા છે. સ્વર્ગવાસી સાધ્વીજીના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

—સાધ્વીજી શ્રી ઉત્તમશ્રીજી કાળધર્મ પામ્યા— ભાવનગર ચાતુર્માસ રહેલા સાધ્વીજી નવલશ્રીજીના શિષ્યા સાધ્વીજી ઉત્તમશ્રીજી માગસર શુદ ૧૦ ગુરૂવારે રાત્રે કાળધર્મ પામ્યા છે. સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

—સાધ્વીજી સૌભાગ્યશ્રીજી કાળધર્મ પામ્યા— શ્રી પાલીતાણે ચાતુર્માસ રહેલા વયોવૃદ્ધ સાધ્વીજી સૌભાગ્યશ્રીજી લગભગ ૬ માસની માંદગી ભોગવી ગત્ અડવાડીયામાં કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી ક્રિયાપાત્ર તેમજ વિદ્વાન હતા અને તેઓશ્રીનો શિષ્યા પરિવાર ઘણોજ બહોળો છે. સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

—શેઠ ગીરધરભાઇ આણંદજીનો સ્વર્ગવાસ— જૈન સમાજમાં જાણીતા અને ભાવનગર સંઘના સેવાભાવી આગેવાન વયોવૃદ્ધ શેઠ ગીરધરભાઇ આણંદજી માગસર શુદ ૭ સોમવારે સ્વર્ગવાસ પામ્યા છે. ભાવનગરની પાંજરાપોળ, શ્રી વર્ધમાન તપ ખાતું, સામાયીક શાળા, ભોજનશાળા વિગેરે મુખ્ય સંસ્થાઓના સંચાલક–પ્રમુખ તરીકે સારી સેવા બજાવી છે. તેઓ ભાવનગર સંઘના પ્રમુખ હતા, ત્યારે કહેતા હતા કે–"સંઘપતિ" એટલે સંઘનો સેવક, નહીં કે–"સંઘનો શેઠ" તેમના પુત્ર શ્રી. મોતીચંદભાઇ સોલીસીટર, શ્રી. નેમચંદભાઇ અને બંધુ કુંવરજીભાઇ તથા ગુલાબચંદભાઇ વિગેરે સંસ્કારી કુટુંબ પરિવારને અવલંબન આપતા સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

—અમદાવાદના જીનાલયની મુલાકાત— હડીભાઇની વાડીમાં આવેલા જીનાલયની મુંબઇના ના. ગવર્નરે તા. ૧૯ મી ડિસેમ્બરે મુલાકાત લીધી હતી.

—વાડીલાલ જેઠાલાલ શાહ.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA." Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રીઃ-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ-રૂપીઆ બે. છુટક નકલઃ-દોઢ આનો.

નવું વર્ષ ૮ મું. | મંગળવાર તા૦ ૧૬ મી જાન્યુઆરી ૧૯૪૦ | અંક ૪ થો.

સ્ત્રી કેળવણી અને ઉદ્યોગ.

ગયા જમાનામાં છોકરીઓને ભણાવવાનું ઓછું હતું, ને હજી જોઈએ તે પ્રમાણમાં વધ્યું તો નથી, છતાં ગયા જમાનાની સરખામણીમાં જરૂર વધ્યું છે. તે જમાનાના વાલીઓ અને મા બાપોને એક ડર હતો કે, અમુક ઉંમર પછી છોકરીને ઘર બહાર સુરક્ષિત મોકલી શકાશે? બાળ લગ્ન પણ કારણ હતું. ગાંધીજીને પ્રતાપે એ ડર ઓસરતો ગયે; લોકોને હવે લાગે છે કે. છોકરીઓને સુરક્ષિત રીતે બહાર મોકલી શકાય; સમાજ પર એટલો વિશ્વાસ રાખી શકાય; સમાજ એવો બની શકે. અને ગાંધી યુગમાં સ્ત્રીઓ જે નિર્ભયતા બતાવતી ગઈ તેથી પણ આ ડર તો ગયો. હું અહીં માત્ર શહેરોની વાત નથી કરતો, તેમાં ગામડાની પ્રજાનો પણ સમાવેશ કરીને કહું છું.

હવે બહેનો ભણવા લાગી છે. મોટી ઉંમર સુધી પણ ભણાવવાને માટે લોક તૈયાર થાય એમ છે બાળ લગ્નને સરકારી કાયદો હવે રોકે છે, લોકોમાં પણ તે ઓછાં થતાં જાય છે. હવે ડર બીજો ઉભો થવા લાગ્યો છે. અને તે એ છે કે, ભણવાથી આપણી છોકરીઓ પણ આ છોકરાઓની જેમ કામ છોડતી ને કામ ન જાણતી થશે તો? ભણવાને કારણે ઘેર બહુ કામ ન કરે, અમુક વખત જ બહુ તો કરે; આથી માતાની સારી શાળામાં પણ કામની તાલીમ ઓછી મળે; અને જો શાળાઓ કામ કરવાની વૃત્તિ જ બગાડે, તો તો આપણું ઘરમાં ભાવી સ્ત્રી અને પુરૂષ બેઉ હાથ પગ વગરનાં થઇ રહે. એ તો બારે મોટી આપત્તિ થઇ કહેવાય.

આ ભય જો આજનાં સ્ત્રી-વિદ્યાલયો સાચો પાડે, તો તેની વ્યાપક અસર તો અચૂક એ થાય કે, સામાન્ય લોકો પોતાની છોકરીઓને ભણાવતાં અટકે એટલે કે, નવે રૂપે પાછું સ્ત્રી શિક્ષણ વિઘ્નમાં આવી પડે. તેથી આજનાં વિદ્યાલયોને માથે એક ખાસ જવાબદારી છે કે, સ્ત્રી શિક્ષણના હિતમાં પણ કેળવણીના હિતમાં તો છેજ-પરંતુ વિશેષ આ ખ્યાલથી, તેમણે કામ પરત્વે પોતાનું દ્રષ્ટિબિંદુ કેળવવું ને દુરસ્ત કરવું જોઇએ, એમણે મા બાપોના આ નવા ડરને ઉગતો જ ડામવો જોઇએ. તો જે નુકશાન રાષ્ટ્રના છોકરાઓને પહોંચ્યું છે તે આ નવી વધતી સ્ત્રી-કેળવણીને તો ન પહોંચે.

અને કામ કરવાની સાથે વિદ્યા શું કામ ન ભણાય? ગૃહ ઉદ્યોગોમાં બહેનો શું કામ શોધો ન કરે? શું કામ હલકી ઘંટીની શોધ આપણને બહેનોમાંથી કોઇ ન આપે? દળવા માટે અમુક લંબાઇનો પથ્થર કેમ? ગોળ ફેરવવાથી દળાય શી રીતે? વસ્તુને કુટવી ને દળવી એ ક્રિયાઓમાં શો ફરક? દળી રહ્યે, ગાળો કાઢવા માટે લૂગડું ઘાલ્યે શી કરામત થાય છે? શાથી?-આ ને આવી આવી અનેક રસિક વાતો બહેનો કામ કરતાં કરતાં કેમ ન વિચારે? કેમ ન શોધે? એનું વિજ્ઞાન તેમને કેમ ન આવડે? વિદ્યાલયમાં ઉદ્યોગનો અર્થ આવો થવો જોઇએ. અને જાત મહેનત તો વિદ્યાર્થીએ કરવીજ જોઇએ. તો વિદ્યા તેજસ્વી બની શકે, એ હિંદની પ્રાચીન કેળવણી પદ્ધતિનો સાચો સિદ્ધાંત પણ ન ભૂલવો જોઇએ.

આ રીતે જો બહેનો વિદ્યાલયમાં પોતાનાં કામો કરે, તો પછી તેમાં ને વિદ્યાભ્યાસમાં તેમને વિરોધ નહિ પણ સુંદર અનુસંધાન ને મેળ લાગશે; મળેલી વિદ્યા મનન થઇને પાકી થશે; જીવનમાંજ તે ગોઠવાતી જશે, જેથી આજની જેમ મગજ પર ભારરૂપ નહીં લાગે

—મગનભાઇ દેસાઇ.

જૈન યુગ.

તા૦ ૧૬-૧-૪૦. મંગળવાર.

રચનાત્મક કાર્યના સાત અંગ.

'સાત ક્ષેત્રે દ્રવ્ય વાપરે' એ ઉલ્લેખ, ઘણા ખરા કથાનકોમાં જ્યાં ધાર્મિક વૃત્તિના રાજવી કે શ્રાવકનું વર્ણન ચાલતું હોય છે ત્યાં જોવામાં આવે છે. એ પર ઠંડકથી વિચાર કરતાં, એમાં રહેલી દીર્ઘદૃષ્ટિ અને ફળ સિદ્ધિ જણાઇ આવે છે. રાજ્યને જેમ પાયદળ આદિ સાત પ્રકારનું સૈન્ય હોય છે કે જેના બળ ઉપર એ નિભે છે તેમ જીન શાસનને સાત ક્ષેત્ર રૂપી સેનાનું બળ છે કે જેની સંપૂર્ણ વિકસ્વરતાથી એ પ્રફુલ્લિત ને નવપ્રલ્લવિત બન્યું રહે છે.

દેશના પ્રશ્નમાં શું કે સમાજના સવાલમાં શું જ્યાં રચનાત્મક કાર્યની વાત આવે છે ત્યાં નવું લોહી યાને તરુણ વર્ગ એકાએક એ સામે છેડાઇ પડે છે! એની ગરમીનો પારો ઉંચે ચઢે છે. ગર્જારવને ધમધમાટ-એજ જેના જીવન મંત્રો ગણાય છે એવા આ યુવાન વર્ગને રચનાત્મક કાર્ય નિર્જીવ અને રસ વગરનું જણાય છે! એ પાછળ જે વજ્રસમ અત્રૂટ સંગઠન અને એ દ્વારા પ્રાપ્ત થતી ઠંડી તાકાત રહેલી છે તેનો સાચો ખ્યાલ એને નથી આવી શકતો. 'ટીપે ટીપે સરોવર ભરાય' અથવા તો 'કાંકરે કાંકરે પાળ બંધાય' જેવા ઘરગથ્થુ સૂત્રો ઉકેલવાની ધિરજ એણે કેળવી નથી તેનું એ પરિણામ હોય છે. એટલે જ્યારે કોઇ અનુભવી ને નિષ્ણાત નેતા તરફથી રચનાત્મક કાર્યક્રમ રજુ કરવામાં આવે છે ત્યારે એ સામે સૌ પ્રથમ ફફડાટ ઉપર વર્ણવ્યો તે પ્રકારના વર્ગરૂપી રીડીઆ બાનામાંથી ઉઠે છે.

જૈન સમાજમાં પણ આ જાતના વહેણા વહી રહ્યાં છે. જાણે ચર્ચાસ્પદ સવાલો નહીં હોય તો કોન્ફરન્સના અધિવેશનમાં એકઠા મળીને કરવાનું શું રહેશે? પછી એમાં જનતાને શો રસ પડશે? એવી પ્રશ્નાવળી ચાલી રહી છે. અધિરાઇને આવેગપર જરા બ્રેક મૂકી વિચાર કરીએ છીએ ત્યારે તરતજ સમજાય છે કે ચર્ચાના આધુનિક મુદ્દા કિંવા જેને બળતા પ્રશ્નોના લેબલ લગાવાય છે એવા સવાલો એ તો મામુલી અને નજીવા છે. એ સિવાય એટલું સંગીનને સત્વર ઉપાડવા લાયક કામ પડયું છે કે જો એમાં એક તાર થઇ જવાય તો વારે કવારે ઉભરાતા ને વિક્ષેપની વાડ બડી કરતાં આ સવાલો પ્રતિ નજર કરવાનો સમય પણ ન મળે! એક રીતે કહીયે તો આ જાતના નજીવા પ્રશ્નોએ સમાજને ગુંગલાવી, સમષ્ટિ જીવનના કિંમતી વર્ષોને નિષ્ફળ બનાવી, પ્રગતિના કાંટાને થંભાવી દીધો છે. ભારતવર્ષના ચારે ખૂણા તરફ નજર દોડાવો એની ધરતી પર પથરાયેલાં તીર્થોને જીનમંદિરો પ્રતિ દૃષ્ટિ ફેંકો, સાથોસાથ જ્ઞાનભંડારો-કળાના ધામો-અને વિવિધ પ્રદેશમાં વસતાં શ્રાવક-શ્રાવિકાઓના રંગ-બેરંગી જીવનો-એ વચ્ચે લાંબા-કાળથી ચાલી આવતી શ્રમણ સંસ્કૃતિનો વિહાર અને ઉપદેશ આદિ વિષયો તરફ ધ્યાન આપો, તો સહજ જણાશે કે સાચુ ને સંગીન કાર્ય કરવાનું ક્ષેત્ર એટલું વિશાળ છે અને એ માટે સેવાભાવી કાર્યકરોનું જુથ જમાવવાની અગત્ય એટલી બધી છે કે કોન્ફરન્સના નિયમિત અધિવેશન અને એક બારો દશવર્ષીય કાર્યક્રમ પણ ઓછો પડે.

આજે ધર્મની સમાનતા હોવા છતાં મારવાડ કે બંગાળ અથવા પંજાબ કે મહારાષ્ટ્રમાં વસતા જૈનોની દશા વિખરાયેલા મણકા જેવી છે! એને માળામાં ગાંઠનાર કોઇ સળંગ સૂત્ર નથી! તીર્થો તેમજ કળાના અદ્‌ભૂત ધામ સમા ચૈત્યો એ સૌકોઇને માટે પૂજનીક છતાં એના તંત્રમાં નથી તો એક બારી દોરવણી કે એના સંરક્ષણમાં નથી તો એકસરખું ધોરણ! મોટા ભાગે ઘણા બરા સ્થળોમાં તદ્દન બિન જવાબદારીભર્યો વહીવટ પ્રવર્તે છે. આજે પણ મારવાડ-મેવાડમાં એવા જીર્ણમંદિરો પડયા છે કે જેના તરફ દૃષ્ટિ કરવાની કોઇને ફુરસદ પણ નથી. કળાના રહ્યાસહ્યા એ અવશેષોનો વિના રોકટોકે મરજી માફક ઉપયોગ કરાય છે! કેટલાક સ્થળોમાં મૂર્તિઓ અપુજ્ય રહે છે એ વાત કોનાથી અજાણી છે? જ્ઞાનભંડારોમાંના કેટલાક તો હજુ એવા તાળાચાવી હેઠળ છે કે જ્યાં સૂર્યના કિરણોનો પ્રવેશ પણ અસંભવિત છે. બીજા કેટલાક માલિકી હકની પીડા ખમી રહ્યા છે અને જે કેટલાક દુનિયાની નજરે ચઢયા છે તેનો નવેસરથી ઉદ્ધાર કે નવી પદ્ધત્તિ દ્વારા સંરક્ષણ એ તો મુંઝવતો પ્રશ્ન છે. ડહોળાયેલા વાતાવરણમાં એ માટે નથી તો જોઇતું દ્રવ્ય મળતુ કે નથી તો નિષ્ણાત ને અનુભવી કાર્યકર જડતા!

પ્રાચીન શોધખોળ એ તો લગભગ અણસ્પર્શ્યો વિષય આપણા માટે છે એમ કહેવામાં અતિશયોકિત જેવું નથીજ. ઐતિહાસિક શોધખોળે જે નવિન પ્રકાશ ફેંકયો છે અને જેના વડે જૈન ધર્મની પ્રાચીનતાના-આગમ સાહિત્યમાં વર્ણવાયેલા પ્રસંગોની સત્યતાના-જે અંકોડા સંધાયા છે એમાં આપણો ફાળો કેટલો છે? સાધુ-સાધ્વી જેવા અતિ ઉપયોગી અંગો હોવા છતાં જૈન ધર્મ વિસ્તારને સ્થાને હ્રાસ અનુભવે છે એ પવિત્ર સંસ્થાનો દેશ કાળને અનુરૂપ ઉપયોગ કરવા તરફ આપણું લક્ષ્યજ નથી ગયું!

શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રોની બૂરી દશા એ તો અનુભવનો વિષય છે. સરાક, પલ્લીવાળ આદિ ઉદ્ધાર માંગે છે પણ એ માટે એકધારી યોજના આપણે કરી છે બરી? આતો ઉડતી નજર માત્ર છે. એ સિવાય દેશ-કાળને બંધ બેસે તેવા ઘણા ઘણા કાર્યો હાથ ધરવાની અગત્ય છે. નમૂનેદાર શિક્ષણ સંસ્થાઓ ને દરદી માટેના રૂગ્ણાલય કે આરામગૃહો અને બેકારી નિવારણના સાધનોનો સમાવેશ એમાં થાય છે. પણ આ બધું થાય કયારે? અંતર સંધાયા વગર એ શકય છે? સેવક-ધીમાન્ અને શ્રીમાન રૂપી ત્રિવેણીના હાર્દિક સંગમ વિના એ બની શકે? આ એકજ પ્રશ્ન આજે વિચારણા માંગે એ વેળા ગંજીપાની રમતના એક્કાની યાદ કરવાની આવશ્યકતા છે.

≠ નોંધ અને ચર્ચા. ≠

અમદાવાદ દીક્ષા પ્રકરણ—

કેટલાક સમયથી પ્રસરી રહેલ શાંત વાતાવરણમાં અમદાવાદમાં અપાયેલ દીક્ષાએ એકાએક સનસનાટી પ્રગટાવી. રૂ જનગર મુનિ સંમેલનના ઠરાવને સામે રાખી વિચારીએ તો ભાઇ છનાલાલ તેમજ શંકરલાલની પ્રવજ્યા વાસ્તવિક રીતે નથી થઇ એમ કહેવું જ પડે. છતાં છનાલાલના પિતાનું નિવેદન વાંચતા એ રાજી ખુશીની દિક્ષા જણાય છે. શંકરલાલની દિક્ષા એ વાંસણ માંજનાર પટેલ હતો એટલા ખાતર ટીકાના વંટોળે નથી ચઢી, પણ એની માતુશ્રીએ જે વિરોધ નોંધાવ્યો છે અને જે ઉહાપોહ પ્રગટાવ્યો છે તે લક્ષ્ય બહાર કરવા જેવો નથીજ. આમ છતાં અમદાવાદ "જૈન યુવક સંઘે" જે રીતે પ્રચાર કર્યો એમાં પાદરાની ચાર બાળાઓનો કિસ્સો વગર તપાસે ઉમેર્યો અને વાતાવરણમાં ખોટો ખળભળાટ ઉભો કર્યો એ વ્યાજબી નથી કર્યું. યુવકોએ અધુરી કે પાયા વિનાની વાતોને ભભક ભરી જાહેરાત આપતાં પૂર્વ પૂરી તપાસ કરવી જોઇએ. જવાબદારીનું ભાન યુવકોની સંસ્થાને હોવું જ ઘટે. શ્રી મણિલાલ પાદરાકરે નિવેદન કરી અને શેઠ બકુભાઈના પ્રમુખપદે મળેલી સભાએ ઠરાવો કરી એ બનાવ પર પ્રકાશ પાડયો છે એનાથી જનતાને સત્ય વાતનું ભાન થયું છે અને યુવક સંઘની પ્રવૃત્તિ સખત ટીકા પાત્ર બની છે. જાહેર પત્રોમાં એ હેવાલો આવી ગયા હોવાથી અમે તેનું ચર્વીત ચર્વણ ન કરતાં એ ઉપરથી એટલું તો કહી શકીએ કે યુવક સંઘની ઉતાવળ અને યથેચ્છ ભૂમ કબુલવામાં અશકિત એ માટે જવાબદાર છે. ઉપજાવી કાઢેલી વાતોથી સમાજ ઐકય જોખમાય છે અને પડેલ ભાગલા વચ્ચેનું અંતર વધે છે જે બિલકુલ ઇષ્ટ નથી. ભાઇશ્રી ભગવાનજી કપાસીનો પત્ર કહે છે કે "મી૦ પરમાનંદ કાપડીઆએ તો તા૦ ૨૫-૧૨-૩૯ ના" 'નવ સૌરાષ્ટ્ર' (અમદાવાદ) માં જાહેર કે છુપી દિક્ષા કોઇ પણ જનની ન થવા દેવાની શક્તિ કેળવવા હાકલ કરી છે" જો આ વાત સાચી હોય તો તે દુઃખ કર્તા છે એટલુંજ નહિ પણ ધર્મિક નજરે વાંધા ભરી છે. એક કરતાં વધુ વાર કહેવાયું છે અને પુનઃ ભર મૂકીને કહેવું પડે છે કે કોઈ પણ સાચો જૈન દીક્ષાનો વિરોધી હોઇ શકેજ નહીં. જે કંઇ મતફેર છે એ છુપી અને સંતાકુકડીની રમત સામે છે. કોન્ફરન્સે કદિ પણ દીક્ષા જેવી પવિત્ર ક્રિયાનો વિરોધ કર્યોજ નથી અને કરી શકે પણ નહીં; આમ છતાં કેટલ કના વ્યકિતગત વિચારોને નામે એ મહાન્ સંસ્થા સામે અખાડા કહાડવા એ બિલકુલ અયોગ્ય છે. અખિલ હિંદનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થામાં જાત જાતના ભેજાઓ હોય, અને બિન જવાબદારીભર્યા સૂર તેઓ કહાડે તેથી સંસ્થાને વગોવવી કે એને ઉતારી પાડવી એ તો એકાદ કપુતના કારણે ખાનદાન પિતાને નામોશી દેવા જેવું છે!

કોન્ફરન્સની કાર્યવાહી—

એક તરફ જ્યારે બાંધછોડથી પડેલા ભાગલા સાંધવાના પ્રયાસ થાય છે ત્યારે કોઇ ઠરાવ મૂકનાર મર્યાદા ઉલંઘી આ મહાન્ સંસ્થા પર આણુછાજતાં આક્ષેપ કરે છે અને જાણીતા ચર્ચા લેખક એ ફાટ સંધાય તેવો મશાલો પુરવાને બદલે મીઠું મરચું ભભરાવી પુરાણા ચોપડાને એવી વિલક્ષણ પદ્ધતિએ ઉકેલે છે કે સંસ્થાના ગૌરવને ક્ષતિ પહોંચે. આ તકે એકજ વાત તરફ જનતાનું ધ્યાન ખેંચીએ કે જુનર અધિવેશનનો ઠરાવ એટલો સાદો ને સીધો હતો કે એનો જો અમલ થયો હોત તો વડોદરા સરકારના કાયદાની ઉપસ્થિતિ થવાજ ન પામત. એ ઠરાવ સર્વ સત્તા સંઘના હાથમાં સોંપતો હતો. બહારની ડખલગિરિ નહોતો નોતરતો. આજે આપણે શું ઇચ્છીએ છીએ? મુનિ સંમેલનના ઠરાવને ઉભય પક્ષે વધાવી લીધેલ છે છતાં એને અમલી બનાવવાનું કામ એકલા સાધુ વર્ગથી શકય છે ખરું? સંઘના સહકારની એમાં જરૂર નથી? તેથીજ આપણે આજે સંઘોના ભાગલા સાંધી સર્વત્ર એકધારૂ સંગઠન ઇચ્છીએ છીએ. જૈનધર્મનાં સિદ્ધાંતો સામે કચવાટ ન થાય, જૈન સમાજની શાંતિ ન જોખમાય, અને મુમુક્ષુનો રસ્તો સરળ થાય એવો માર્ગ દોરવા સારૂ એક વ્યાસપીઠ પર એકઠા થવાની અને અંતરના મેલ ત્યજવાની જરૂર છે. ગતવર્ષના અંકોમાં કોન્ફરન્સના બંધારણ અને ઠરાવો સંબંધમાં વિસ્તારથી છણાવટ કરેલી છે. એનું કાર્ય વધુમતીના ધોરણે ચાલે છે. સમાજ જો ધારે તો આજે એ વધુમતી પોતાને જેમનામાં વિશ્વાસ છે એવા હાથોમાં સોંપી શકે છે. એ માટેનો રાહ રિસાઇ જુદા તડા ઉભા કરવાનો નથી પણ યથાર્થ રીતે પ્રચાર કરી પોતાના પ્રતિનિધિ તરિકે શ્રદ્ધા સંપન્નો અને જૈનધર્મનું ગૌરવ વધારે તેવાને ચુંટી મોકલવાનો છે. પ્રતિનિધિ મોકલવાનો હક સંઘોનો છે અને સંઘોમાં વર્ચસ્વ કે લાગવગ કોની છે એ કહેવાની જરૂર છે ખરી? જે સંસ્થા આવું સ્પષ્ટ ને દેશ કાળને અનુરૂપ બંધારણ ધરાવે છે એને વગોવવી, કે છુટા છવાયા યુવકોના વ્યકિતગત ભડકાવનારા વિચારોથી દોરવાઇ જઇ. તેઓ માત્ર આ સંસ્થાના સભ્યો છે એટલા ખાતર કેવળ પ્રહારો કર્યા જવા, એ શું વ્યાજબી છે? 'અગડે બે' સિવાય એનુ બીજુ કંઇ પરિણામ આવે ખરૂં? જનતાના પીઠબળથી રાષ્ટ્રીય મહાસભાએ જે કાર્ય દેશના ઇતિહાસમાં કરી બતાવ્યું તેવુંજ કાર્ય સંઘોના સહકારથી ધર્મની સાચી દાઝવાળા—જૈનો સમાજમાં કરી બતાવે કોન્ફરન્સનું વર્તમાન બંધારણ એમાં સહાયરૂપ છે. એ સામે ગમે તેવા ઉદ્દામ યુવકથી પણ આંગળી ચીંધાય તેમ નથીજ બાકી 'પાડાના વાંક પખાલીને ડામ દેવો' એ તો મૂર્ખતાની નિશાની છે.

યુવક પ્રવૃત્તિ પાટાપરથી ઉતરી પડી છે!

યુવક સંઘોની સ્થાપના, એ વેળા જનતાનુ એ પાછળ પીઠબળ, જુદા જુદા સમજુ અને શાણા નેતાઓના એ પર આશીર્વાદ અને કકડે ભુસકે વધતી જતી સભ્ય સંખ્યાનો વિચાર કરતાં, એનુ આજનું અસ્તિત્વ 'સાપ ગયા ને લીંસોટા રહ્યા' જેવું જણાય છે! આરંભકાળના વિરાટ સ્વરૂપ સામે આજનું વામન રૂપ જરૂર ડંખે છે. સમજે આશા રાખેલી કે અન્યત્ર જેમ બને તેમ આ નવજુવાનોનો સમૂહ પોતાનામાં ભરેલી અખૂટ શકિત અને અદમ્ય ઉત્સાહના જોરે જામી ગયેલી જડતા, પ્રવર્તી-રહેલી ગતાનુગતિકતા અને આકંડ સુધી ભરેલી વહેમી દશાને તિલાંજલી આપી જૈનધર્મના સિદ્ધાંતોને

(અનુસંધાન પૃષ્ઠ ૫ ઉપર)

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

સુકૃત ભંડાર ફંડ.

આ ફંડમાં નીચેની રકમો ચાલુ વર્ષ (સંવત ૧૯૯૬) માં પ્રાપ્ત થઇ છે જે આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

રૂા. આ. પા.

૧૦-૦-૦ શ્રી. બી. એલ. શાહ, પ્રમુખ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **માલેગાંવ** સમિતિ.

૨૫-૦-૦ શ્રી. **પ્રભાસ પાટણ** જૈન સંઘના હા. શેઠ હરખચંદ મકનજી મા હીરજી નાગજી

૨૯-૦-૦ શ્રી. નારાણજી નરશી શાહ, મંત્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **બારશી** સમિતિના.

૧૦-૦-૦ શ્રી. જમનાદાસ ચતુરદાસ શાહ, **મુંબઈ** દ્વારા

૫-૦-૦ મંત્રી શ્રી કૉ. કેળવણી પ્રચાર **સાંગલી** સમિતિના હા. શ્રી ચતુરભાઇ પીતાંબરદાસ શાહ

૧૬-૦-૦ શ્રી **મલુંદના** જૈન ભાઇ-બહેનોના હા. શ્રી. **રાણાભાઈ હીરજી** મા. શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી.

૨-૪-૦ શ્રી. શાંતિલાલ એમ. શાહ, મંત્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **ગોધાવી** સમિતિ.

૭-૧૨-૦ શ્રી. ચીમનલાલ છોટાલાલ શાહ, મંત્રી કૉ. કેળવણી પ્રચાર **પાલેજ** સમિતિ

૮-૦-૦ શ્રી કેશરીચંદ નેમચંદ શાહ, મંત્રી કૉ. કેળવણી પ્રચાર **વડોદરા** સમિતિ.

૨-૪-૦ શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન, મંત્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **મુંબઇ** સમિતિ.

૨૫-૦-૦ શ્રી. અંબાલાલ લલ્લુભાઇ શાહ-પ્રમુખ શ્રી કૉ. કેળવણી પ્રચાર **બોરસદ** સમિતિ.

૨-૦-૦ શ્રી. કાંતિલાલ મગનલાલ શાહ, મંત્રી કૉ. કેળવણી પ્રચાર **અમદાવાદ** સમિતિ.

૩-૦-૦ ડૉ. મોહનલાલ હાથીભાઇ તલાટી, **દેહગામ**.

૧-૪-૦ શ્રી. છગનલાલ છોટાલાલ વકીલ, મંત્રી કૉ. કૉ. પ્રચાર **ડભોઈ** સમિતિ

[તા૦ ૬-૧-૪૦ પર્યન્ત.]

સાભાર સ્વીકાર.

શ્રી જૈન શ્વે એજ્યુકેશન બોર્ડને નીચેની રકમો પ્રાપ્ત થઇ છે જે અત્યંત આભાર સહિત સ્વીકારવામાં આવે છે

રૂા. ૨૪૮-૦-૦ શેઠ **મેઘજી સોજપાળ** મુંબઇ તરફથી [સન્ ૧૯૩૮ ની પરીક્ષાના ઇનામોના]

રૂા. ૫૦૦-૦-૦ **શ્રીમતી ચંપાબહેન સારાભાઇ મોદી** તરફથી [સન્ ૧૯૩૮ ની પરીક્ષા ઇનામો આદિના]

રૂા ૧૦૧-૦-૦ શેઠ **કલ્યાણભાઇ છગનલાલ નાણાવટી** મુંબઇના [લાઇફ મેમ્બર તરીકેના]

રૂા. ૫૦૧-૦-૦ રાવસાહેબ શેઠ **કાંતિલાલ ઇશ્વરલાલ** જે. પી. મુંબઇના [ભેટ ખાતે]

કૉન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

નવેમ્બર, ડિસેમ્બર (૧૯૩૯) અને જાન્યુઆરી (૧૯૪૦) માસ દરમ્યાન કૉ. કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિઓને નીચે પ્રમાણેની રકમો મદદ તરીકે મોકલાઇ ચુકી છે.

રૂા. ૨૫૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **લિંબડી** સમિતિ (નવેમ્બર ૧૯૩૯)

રૂા ૫૦૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **ઉમેદપુર** સમિતિ (નવેમ્બર ૧૯૩૯)

રૂા. ૧૦૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **ખંભાત** સમિતિ (નવેમ્બર ૧૯૩૯)

રૂા ૪૦૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **ઉંઝા** સમિતિ (ડિસેમ્બર ૧૯૩૯)

રૂા. ૩૦૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **ખંભાત** સમિતિ (ડિસેમ્બર ૧૯૩૯)

રૂા ૭૫-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **પાલેજ** સમિતિ (જાન્યુઆરી ૧૯૪૦)

રૂા. ૨૫૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **બોરસદ** સમિતિ (જાન્યુઆરી ૧૯૪૦)

રૂા. ૨૫૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **અમદાવાદ** સમિતિ (જાન્યુઆરી ૧૯૪૦)

રૂા. ૧૨૫-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **વડોદરા** સમિતિ (જાન્યુઆરી ૧૯૪૦)

રૂા. ૫૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **ડભોઇ** સમિતિ (જાન્યુઆરી ૧૯૪૦)

રૂા. ૨૫૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **સાંગલી** સમિતિ (જાન્યુઆરી ૧૯૪૦)

રૂા. ૩૦૦-૦-૦ શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **મુંબઇ** સમિતિ (જાન્યુઆરી ૧૯૪૦)

[તા. ૧૪-૧-૧૯૪૦ પર્યન્ત]

ધાર્મિક પરીક્ષાના પરિણામો.

બોર્ડ તરફથી ગત્ તા૦ ૨૪ ડિસેમ્બર ૧૯૩૯ ના રોજ લેવામાં આવેલ **શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ** અને **અ. સૌ હીમઇબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક લરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામો આ નીચે આપવામાં આવે છે.

સ્ત્રી ધોરણ ૨ પરીક્ષિકા:-શ્રીમતી **લીલાવતીબહેન દેવીદાસ કાનજી**, મુંબઇ.

નંબર	નામ	સેન્ટર	ગુણ	ઇનામ
૧	કમળાબહેન ભોગીલાલ	ખંભાત (શ્રાવિકાશાળા)	૭૮	રૂા. ૧૫)
૨	સુશીલાબહેન માણેકલાલ શાહ	અમદાવાદ (દ. મ. શા.)	૭૩	રૂા. ૧૨)
૩	કુસુમબહેન મણીલાલ	પાદરાકર પાદરા	૬૮	રૂા. ૯)
૪	પ્રભાવતીબહેન ભગુભાઇ	સુરત (જૈ. ન્યા. ઉ.)	૬૪	રૂા. ૬)
૫	બચુબહેન ફકીરચંદ	સુરત ,,	૬૨	
૬	લલિતાબહેન દીપચંદભાઇ	પાદરા	૫૮	
૭	ચંપાબહેન અંબાલાલ	ખંભાત (શ્રા. શા)	૫૮	
૮	હસમુખબહેન ઉજમશી	ખંભાત ,,	૪૪	

સ્ત્રી ધોરણ ૩ પરીક્ષિકા:–અ. સૌ. મોતીકોરબ્હેન નવલચંદ શાહ, મુંબઇ.

નંબર	નામ	સેન્ટર	ગુણ	ઇનામ
૧	શારદાબ્હેન મલુકચંદ ભણસાલી	પાલણપુર	૭૧	રૂા. ૧૮)
૨	મોતીકોરબ્હેન કપૂરચંદ	આમોદ	૬૨	રૂા. ૧૪)
૩	ભીખીબ્હેન ચુનીલાલ દલાલ	ભરૂચ	૫૭	રૂા. ૧૦)
૪	સુરજબ્હેન કેવળચંદ શાહ (કડોદના)	મુંબઇ	૫૬	રૂા. ૮)
૫	તિલકબ્હેન મોહનલાલ મતીયા	ભરૂચ	૫૫	
૬	જશીબ્હેન ખોટાલાલ	ઉંઝા	૫૨	
૭	પદ્માવતીબ્હેન સોમાભાઇ	પાદરા	૫૦	
૮	કળાવતીબ્હેન દલસુખભાઇ શાહ	ભરૂચ	૪૯	
૯	વિદ્યાગૌરી વ્રજલાલ	ભરૂચ	૪૭	
૧૦	મંગળાબ્હેન મોતીચંદ કાંટાવાલા (જૈ. જ્ઞા. ઉ)	સુરત	૪૪	
૧૧	કંચનબ્હેન ચુનીલાલ	આમોદ	૩૮	
૧૨	તારામતી મણીલાલ રેશમવાલા (જૈ. જ્ઞા. ઉ)	સુરત	૩૮	

પરીક્ષિકા તરફથી રિપોર્ટ:–બાર બેઠેલાને બાર પાસ છે. સો ટકા પરિણામ છે. સ્ત્રીઓને તેમની શક્તિ અનુસાર સવાલો પૂછવામાં આવે તો સંતોષકારક પરિણામ મળી શકે. આ સ્ત્રી ધોરણમાં પરીક્ષામાં બેસનારની સંખ્યા ઘણી ઓછી ગણાય માટે સંખ્યામાં લાભ લે તેવો પ્રયત્ન થવાની જરૂર છે.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક શિક્ષણ પ્રચારાર્થે મુંબઇમાં સભા. અભિપ્રાયો મોકલવા તજ્ઞોને વિનંતિ.

આ સંસ્થા દ્વારા ધાર્મિક શિક્ષણ પ્રચારાર્થે લગભગ ૨૬ વર્ષથી એક ધારા પ્રયાસ ચાલુ છે. તે કાર્યના પોષણરૂપ પ્રતિ વર્ષે હિન્દના જૂદા જૂદા પ્રાંતોના અનેક સેન્ટરોમાં ડિસેંબર માસમાં નિયમિત ધાર્મિક પરીક્ષાઓ લેવાય છે જેનો લાભ લગભગ ૧૨૦૦ વિદ્યાર્થી ભાઇ-બ્હેનો મેળવે છે. તદુપરાંત જૈન પાઠશાળાઓને પણ આ સંસ્થા દ્વારા મદદ આપવામાં આવે છે.

જૈન સમાજમાં ધાર્મિક શિક્ષણ સરળતાથી વધુમાં વધુ પ્રચાર પામે એ હેતુથી બોર્ડની પ્રવૃત્તિને સંગીન-સ્થિતિ પર મૂકવા, મુંબઈ તેમજ અન્ય સ્થલોની પાઠશાળાદિ શિક્ષણ સંસ્થાઓમાં સર્વત્ર દાખલ કરી શકાય એ પ્રકારના અભ્યાસક્રમની શક્યાશક્યતા પર વિચારણા કરવા તેમજ ધાર્મિક શિક્ષણ પ્રચારને સ્પર્શતી અન્ય બાબતો અંગે વિચાર વિનિમય કરી શકય ઉપાયો યોજવા માટે મુંબઈના શિક્ષણ-પ્રેમી બંધુઓની એક સભા **રવિવાર તા. ૧૮ ફેબ્રુઆરી ૧૯૪૦** ના રોજ બપોરના **રા. રા. ૨-૩૦** વાગે શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સના હોલમાં બોલાવવામાં આવી છે.

ઉપરોક્ત સભામાં રજુ થનારા વિવિધ દૃષ્ટિબિંદુઓની વિચારણામાં સરળતા થાય એ માટે બોર્ડના ચાલુ અભ્યાસક્રમ અંગે વિગેરે અભિપ્રાય તા૦ ૧૦ મી ફેબ્રુઆરી ૧૯૪૦ સુધીમાં મુંબઈના તજ્ઞ વિદ્વાનોને લખી મોકલવા વિનંતિ કરવામાં આવે છે.

લિ૦ સેવકો,
સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી
અમૃતલાલ કેશવલાલ મોદી
ઑનરરી સેક્રેટરીઓ.

(અનુસંધાન પૃષ્ઠ ૩ ઉપરથી)

સુંદર સ્વરૂપમાં ને સરળ શબ્દોમાં પ્રસરાવશે. ઉગતી પ્રજામાં સેવાવૃત્તિને ઐક્યતાના અણમૂલા મંત્રો ફુંકશે. સંગઠન દ્વારા ધર્મસમાજનું ગૌરવ વિસ્તારશે. વ્યાયામ આદિના પ્રચારથી ને ઘરગથ્થુ હુન્નરોના અમલથી નવી પ્રજાનો દિદાર ફેરવી નાંખી બેકારીને મારી હઠાવશે. આ સ્વપ્ન શરૂમાં સાચું પડતું લાગેલું પણ ખરું. લગભગ પાંત્રીશ મંડળોનું જુથ જામેલું અને જો દીર્ઘદર્શી હાથની દોરવણી મળી હોત તો સાચેજ એ સ્વપ્ન કાર્યપણે પરિણમ્યું હોત. પણ જે સુકાનીઓ મળ્યા, તેમને ઉપર વર્ણવી પ્રવૃત્તિઓમાં રસ ન પડયો. રફતે રફતે પ્રગતિના પગલાં ઓળંગવાને બદલે કુદકા મારવા શરૂ કર્યા! નવ સર્જનના મોહમાં વિદ્વાન્ આચાર્યોના કથનોને ઠોકરે માર્યા! વર્તી રહેલી ક્રિયા-કરણીમાં દેશકાળને અનુરૂપ સુધારણાને સ્થાને એના મૂળમાંજ કુઠાર ઘાત આરંભ્યા! વાત વાતમાં કેવલ પથરાજ ફેંકવા માંડયા!

પરિણામ એકજ આવ્યું કે સમાજનો ભાવ ઓગળી ગયો. સહકાર ખેંચાઇ ગયો! આખરે એ સંઘો કેવલ વારે કવારે વાણી કે લખાણમાં અસ્તિત્વ દર્શાવતાં ખાલી ખોખા રૂપ બની ગયા સામાન્ય દૃષ્ટિયે ખેંચાયેલા આ ચિત્રમાં અપવાદને સ્થાન છે. એ સંઘોમાં કેટલા સેવા ભાવી બંધુઓ જણાય છે. તેમની સેવાની ખગશ પ્રશંસા માંગી લ્યે છે છતાં એકંદરે એનો ઇતિહાસ કરુણ છે એ માટે બે મત જેવું નથીજ. એ સ્થિતિ તંત્રવાહકોને જલ્દી સમજાય એમાં લાભ છે. સભ્યોના શંભુ મેળાથી કે દિ' ઉગ્યે બંધારણના શબ્દો સુધારવાથી શુકવાર નથી વળવાનો-પાટા પર આવવાનો રાહ જનોપયોગી કાર્યવાહીના અમલનો છે.

'જૈન બંધુ' ના ખોટા પ્રચારનો રદીયો.

"જૈન બંધુના તા૦ ૧૩-૧-૪૦ ના અંકમાં મુખ પૃષ્ઠ પર શ્રી. દલીચંદ વીરચંદ શ્રોફે શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ ટ્રસ્ટ બોર્ડના ટ્રસ્ટ તરીકેના પોતાના ઓહદાનું રાજીનામું ચોક્કસ કારણોસર મોકલાવી આપેલ છે." વીગેરે સમાચાર આપવામાં આવ્યા છે તે સત્યથી વેગળા છે. રાજીનામા માટે ખાસ કોઇ કારણ ઉપસ્થિત થયું નથી તેમ હજુ સુધી રાજીનામું મળ્યું પણ નથી.

—મોહનલાલ દી. ચોકસી.
ઓ. મંત્રી. શતાબ્દિ ટ્રસ્ટ બોર્ડ.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ સૂક્ષ્મ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૦, પાયધુની, મુંબઈ, ૩.

સરાક જૈનોનું પુરાતન તીર્થ—માઉન્ટ પાર્શ્વનાથ.

PARASNATH

નિર્ગ્રંથ પાર્શ્વ અને શ્રમણ મહાવીરદેવે અંગ્રનાવેલા

સરાક—સારાક (શ્રાવક) જૈનોનું ઉત્પત્તિ સ્થાન.

લેખકઃ—નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૨ જો.

It is clear that the Gotam of early Tibetans, Mangols and Chinese must have been a Jain, for the latter say he lived in the 10th and 11th centuries B. C. Tibetans say, he was born in 916, became a Budha in 881. preached from his 35th year and died in 831 B. C., which closely corresponds with the saintly Parsva.'

('Science of Comparative religions. By, Major General J. S. R. Forlong. 1897, Intro-p. 19).

શ્રમણ લોકો જેને સ્ટ્રેબો નામના પ્રખ્યાત લેખક જરમન તરીકે સંબોધે છે અને પેરફીરીયસ સમણીઅનો તરીકે સંબોધે છે, તે એક જુદા ધર્મના સાધુઓ છે અને તે જૈન અગર બીજી જાતના હોવા જોઇએ.

Sarmanes called Germans by Strabo and Samaneuns by Parphyrius are the ascetics of a different religion, and may have belonged to the sect of Jina or to another. (the life of Budha, p. 105, By,-E. I. Thomas, 1927).

અલેકઝાન્ડરના સમયના શ્રમણો જે એકટીયા, ઓક્ષીઆના અને અફગાનીસ્તાન અને હીંદુસ્તાનના જવા આવવાના માર્ગ ઉપર તમામ પ્રદેશમાં જૈન અને બૌદ્ધ ધર્મનો ફેલાવો ઉન્નતી ૩૫ ફેલાએલ હતો.

The samans of Alexander found Jaino-Budhism strongly in the ascendant throughout Baktria, Oxiana, and all the passes to and from Afghanistan and India (Science of Comparative religions, By, Major General J. S. R., Forlong, 1897, Intro-p. 40-

ઇ. સ. ૨૦૨ થી ૧૯૩ વર્ષ પૂર્વે જ્યારે ચીનમાં હુનવંશની ઉન્નતિ પહેલાં તેમ ઇ. સ. ૬૯૦ માં સુઇ વંશના શાસન કર્તાઓના સમયમાં ચીનમાં બૌદ્ધ ધર્મને કોઇ જાણતુ નહોતું એટલે કે ઇ. સ. પૂર્વે. ૨૦૦ માં જૈનીઝમ અને બુદ્ધીઝમ ફેલાએલ હતો.

202-193 B. C. Riso of Chinise Han dynasty before which say compilers of sui dynasty about 600 A. D., 'Budhisum was unknown in China, so that all prior to 200 B. C. was Jaina-Budhisum (Science of Comparative religions, By, Major General J. S. R., Forlong, Intro-p 61.)

સન ૧૯૩૭ ની સાલમાં મ્હારા તરફથી કલિંગ પ્રદેશમાં સરાક જાતી નામનો લેખ શ્રી જૈન સત્યપ્રકાશ નામના પત્રમાં આપેલ તેમાં ત્યાં વસનાર વર્તમાન સરાકોમાં કેટલાકની ઉપાધીમાં "સેનાપતી" નામથી ઓલખાવેલ છે તેમ સન ૧૯૩૮ ની સાલમાં "જૈનયુગ" (આ) પત્રમાં બેંગાલમાં વર્તમાનમાં ઓળખાતા સરાકોમાં તેમ બંગાળી પ્રજામાં "સીંહ" નામની ઉપાધી ધરાવનાર પુરાતન સમયમાં એટલે ઇ. સ. પૂર્વે ૭ સૈકાની શતાબ્દિમાં જૈનધર્મને માનનાર હતા તે સંબંધમાં એક વધુ પુરાવો આપણને પુરાતન બૌદ્ધ સાહિત્ય "બુદ્ધચર્યા" નામના પુસ્તકમાંના "સીહસુત્ત" નામના વિભાગમાં પૃષ્ટ ૧૪૮ (અં. નિ. ૮, ૧, ૨, ૨) માંથી મળી આવે છે. આમાં જણાવેલ છે કે—

નિન્દા સત્ર.

નિન્દા એ મીઠી ખુજલી જેવી છે. ચળ આવે અને જેમ જેમ ખણતા જઈએ તેમ તેમ તે વખતે બહુજ સારૂ લાગે છે પણ આખરે તો વેદનાનો પાર રહેતો નથી. એજ દશા અંતે નિન્દાખોરની થાય છે. પણ સમજવા છતાં સ્વભાવને વશ બનીને નિંદક મનુષ્યથી નિંદા કર્યા વિના રહેવાતું જ નથી. ઘણે ભાગે સાંભળનારને પણ બીજી બાબતોમાં જેટલો રસ નથી પડતો તેટલો રસ નિંદાશ્રવણમાં થાય છે. આ પ્રમાણે વક્તા-શ્રોતા બન્ને પક્ષ તરફથી નિંદાને ઉત્તેજન મળે પછી તે રોગ વધુને વધુ પ્રમાણમાં ફેલાય તેમાં શું આશ્ચર્ય?

આ દેશમાં પ્રાંતિય અને જ્ઞતિય અભિમાન જે સહુથી વધુ કોઇ પ્રદેશવાસીને હોય તો તે મહારાષ્ટ્રવાસિઓને છે એમ મનાય છે. દેશ હિતના ભોગે પણ પ્રાંતિય અભિમાન જાળવવા તેઓ મથે છે. લોકમાન્ય તીલક મહારાજ પછી સમસ્ત દેશ ઉપર જેમની મહાન અસર પડી છે તે મહાત્માજી-એક ગુજરાતી આવો મહાન આગેવાન બને એ મહારાષ્ટ્રીય જનતાને અરૂચિકરતો હતુંજ. તેમાં બધુરામાં પુરૂં મધ્ય પ્રાંતના ભૂતકાલીન વડા પ્રધાન ડો૦ ખરેના પદભ્રષ્ટનો દુઃખદ બનાવ બન્યો. ગાંધીજી અને સરદારને એ પ્રકરણમાં ઉચ્ચિત ભાગ ભજવવો પડ્યો. પરિણામે મરાઠી વૃત-પત્રોએ નિન્દા સત્ર-ભાંડણ લીલા શરૂ કરી હતી જે ઓછે વત્તે અંશે અદ્યાપિ ચાલુ છે અને તે કયારે બંધ થશે તે કહી શકાય તેમ નથી. મહારાષ્ટ્રના કોઇ પણ વિભાગમાં ફરતાં આ વાત અતિ સ્પષ્ટપણે જણાઇ આવે તેમ છે ચોમેર ગાંધી દ્વેષિ વાતાવરણ ધમધમતું જોવાય છે. અલબત્ત, બધા સમાન ન હોઇ શકે. માનનીય ખેર સાહેબ, કાકા સાહેબ અને શ્રી માવલંકર દાદા જેવા પુરૂષો એ ભૂમિનાજ રત્નો છે પણ અવિકાંશે જોઇએ તો ઉપરોક્ત હકીકતને પુષ્ટિ મલે તેમ છે.

પ્રમાણિક મતફેર હોવો સંભવિત છે. જાહેર જીવનમાં એવા પ્રસંગો આવે પણ ખરા. એક મનુષ્ય સર્વને કોઇ પણ રીતે સંતોષ નજ આપી શકે એ દીવા જેવી સ્પષ્ટ વાત છે પણ એ પ્રસંગે વિરૂદ્ધ પક્ષમાં જે બેવકુફીલીતા દર્શન થવા જોઇએ તેને બદલે જગતને અતિશય ગંદી રમતના દર્શન થાય છે. તદ્દન બાલીશ દલીલો, પત્રકારને ન છાજે તેવી ભાષા અને ગલીચ હુમલાઓ એ પ્રમાણિક મતભેદની નીશાની નથી પણ હૃદયાંતર્ગત સળગતી ઇર્ષ્યાગ્નિની જવાળાઓ છે.

મહાત્માજી પણ આપણા જેવા મનુષ્ય-છદ્મસ્થ મનુષ્ય છે તેથી એમના કાર્ય માર્ગમાં સ્ખલના નજ થાય એમ કોણ કહે છે? ખૂદ તેઓએ જે સરળતાથી પોતાના જીવનના પાનાઓ ખુલ્લા મુકયા છે તેવી હિંમત બીજાં તો કોઈ બતાવે તેમ જણાતું નથી. તેમની સાથેના મંતવ્યની ભિન્નતાથી આ કાળના એક પરમ સ્થિતપ્રજ્ઞ પુરૂષને અતિ કઠોરતાથી ભાંડવામાં સામાન્ય ગૃહસ્થાઇ પણ કઇ રીતે ટકી શકે?

મહારાષ્ટ્રીય વૃત્ત-પત્રોમાંના "ગાંધી નિંદા સત્ર" ઉજવણીના કોલમોમાંથી આપણા એક પત્રને પણ પ્રેરણા મળી હતી અને કેટલાક અંકો સુધી વીરના શાસનને પગલે ચાલવાને બદલે મરાઠી પત્રોને પગલે ચાલવાનો માર્ગ સ્વીકાર્યો હતો. એ પુરૂષને તો કોઈ ગુજરાતના તપસ્વી કહી સ્તુતિ કરે કે વર્ધાનો વંઠેલો કહી નિન્દે એ બન્નેમાં સમવૃત્તિ છે કોઇ મહાત્મા કહે કે શયતાન કહે તેમાં પણ એને સમભાવ છે એટલે એ નિર્મલ દીલના નિન્દકનું તો આથી કશું બગડતું નથી પણ આ નિંદક વીરનું શું થશે તે તો જ્ઞાની જાણે. એક પરમ ગુણવાન પ્રત્યે જો આવી ઇર્ષ્યા-નિંદા પ્રવર્તે અને ત્યાં સમકિત વસતું હોય તો મિથ્યાત્વ કોને કહેવું અને તે કયાં વસતું હશે?

—રાજપાળ મગનલાલ વહોરા.

"એક સમય ભગવાન (બુદ્ધ) વૈશાલીમાં હતા...તે સમયે નિગંઠો (જૈનો) ના શ્રાવક સિંહ,[૧] સેનાપતિ તેમની સભામાં બેઠેલ હતા...તે સમયે સિંહ, સેનાપતિ જ્યાં નિગંઠ નાતપુત્ત (મહાવીર દેવ) હતા ત્યાં ગયા."

[૧] "સીંહ" આ નામની ઉપાધી ધરાવનાર વર્તમાન બેંગાલ અને બીહારમાં ઘણા પ્રમાણમાં વસી રહેલ છે જેઓ પુરાતન સમયમાંના લીચ્છવી રાજ્યવંશની ઓલાદના છે. ભારતીય ઇતિહાસના આરંભમાં બળવાન અને શુરવીર લીચ્છવી રાજ્ય કર્તાઓનું રાજ્યસાસન વૈશાલી વર્તમાન અસાઢ પર હતું. જે ઇ. સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દિમાં આબાદ નગર હતું. આ સમયમાં આ શહેરની ગણના તીરહુત દેશમાં થતી. પ્રખ્યાત રાજા ચેટક જેઓ લીચ્છવી વંશમાં થઇ ગયેલ તેમની રાજકુમારી ત્રીસલાદેવીથી શ્રી મહાવીરનો જન્મ થએલ હતો. એટલે તેમનું મોસાલપક્ષ લીચ્છવી રાજ્ય વંશમાં હતું. લીચ્છવી રાજ્યકર્તાઓનું રાજ્ય ચીન્હ "સીંહ" નું પુરાતન સમયથી ચાલી આવે છે. આ વંશના રાજ્યકર્તાઓનો રાજ્ય અમલ બેંગાલથી માંડી ઉત્તર હીમાલય સુધી હતો. શ્રી મહાવીરના સાસનમાં લીચ્છવી રાજ્યકર્તાઓએ જૈનધર્મનો સારા પ્રમાણમાં ઉપદેશ લીધેલ. વર્તમાનમાં "સીંહ" નામની ઉપાધીવાળા ખાનદાનો લીચ્છવી વંશના હોય તેમ મળી આવે છે.

વિદ્વાન વાંચક—સરાક જાતીનો પુરાતન ઇતિહાસ એ નામના લેખો મ્હારી તરફથી આ પત્રમાં પ્રથમ લખવામાં આવેલ હતા તેપરથી કેટલાક વિદ્વાનો તરફથી "સરાક જાતીનું ઉત્પત્તિસ્થાન" માટે મને શંસોધન કરવા ભલામણ થવાથી આ ઐતિહાસિક લેખ શ્રી જૈનધર્મ પ્રચારણી સભા કલકતા કે જેઓ સરાક જૈનોનો ઉદ્ધાર તનમન અને ધનથી કરી રહેલ છે તેમને તેમ ઇતિહાસ તત્ત્વ મહોદધી જૈનાચર્ય શ્રી વિજયેન્દ્રસૂરિજી, ઉપાધ્યાય શ્રીમદ્ મુનિરાજ શ્રીમંગલ વિજયજી સાહેબ કે જેઓશ્રી આજે કેટલાક સમયથી બેંગાલ અને બીહારમાં વીચરી નિર્ગ્રંથ પાર્શ્વ અને શ્રમણ મહાવીરદેવના બનાવેલ જૈનોનો ઉદ્ધાર કરી રહેલ છે તેઓ શ્રીમાનોને આ મ્હારી અસાધારણ શોધ રજુ કરૂં છું તો ખાત્રી છે કે તેમાં કંઇપણ બાબત પર ઉણપ જેવું જણાય તો મને સુચના કરવામાં આવશે એવી ખાત્રી છે.

—સંપૂર્ણ.

---

[૧] આ લેખ લેખકની પરવાનગી સીવાય કોઇએ પ્રગટ કરવો નહી.

શ્રી પાર્શ્વનાથ પ્રભુ જન્મ કલ્યાણક મહોત્સવ.

માગસર વદ ૧૦ ગુરૂવારે બપોરે ત્રણ વાગે શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીથી શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણક નીમીતે ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. વરઘોડો, પાયધુની, ત્રાંબાકાંટા, ઝવેરી બજાર, વીઠલવાડી કાલબાદેવી થઇ ઝવેરી બજારના રસ્તેથી દેરાસરજીએ ઉતાર્યો હતો.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ખુલાસો.

"જૈન" ના તા૦ ૩૧-૧૨-૩૯ ના અંકમાં જૈન રહ્યુ. સોસાયટી આમોદ તરફથી એક પત્ર પ્રકટ થયેલ છે જેમાં શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી પ્રતિવર્ષે ડિસેમ્બર માસના છેલ્લા અઠવાડીયામાં લેવામાં આવતી ધાર્મિક પરીક્ષાઓના (૧) પરિણામો લાંબા સમયે બહાર પાડવામાં આવે છે અને તેનો સમય પણ ચોક્કસ હોતો નથી. (૨) પ્રમાણપત્રો તથા ઇનામોની રકમ બોર્ડ દ્વારા બહારગામ મોકલાયા બાદ તે ઘણાં લાંબે ગાળે આપવામાં આવે છે. (૩) પ્રમાણપત્રોમાં ઇનામોની રકમ કોઈ ગૂઢ કારણસર લખવામાં આવતી નથી અને (૪) પરિણામ 'જૈન યુગ' માં પ્રકટ કરવામાં આવે છે તેને બદલે 'જૈન' માં પ્રકટ કરવા આદિ મતલબની કેટલીક ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી છે.

ધાર્મિક પરીક્ષાઓ અને તેની વ્યવસ્થાદિ અંગે જાહેર જનતામાં ગેરસમજુતી ન થાય એ હેતુથી અત્રે ટુંક ખુલાસો રજુ કરવા પ્રેરાઇએ છીએ.

(૧) બોર્ડ દ્વારા પ્રતિવર્ષે ડિસેમ્બર મહીનાના છેલ્લા સપ્તાહમાં (જેની તારીખ લગભગ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર આવે છે) જૂદા જૂદા ઘણા સેન્ટરોમાં લેખિત પરીક્ષાઓ લેવામાં આવે છે, તે માટે છાપેલા સીલબંધ પ્રશ્ન પત્રો અને જવાબ લખવા માટેની કાપીઓ વ્યવસ્થાપકોને મોકલાય છે. આ પરીક્ષા થયા બાદ રેલ્વે પાર્સલ અથવા પોસ્ટ દ્વારા કાપીઓ બોર્ડને જાન્યુઆરી માસમાં મળે, તેને પોરણવાર વર્ગિકરણ કરી સ્થાનિક તેમજ બહારગામના પરીક્ષકોને (જેઓ કોઇ પણ બદલાની આશા વગર માત્ર સેવા ભાવથી આ કાર્ય કરે છે અને જેમાં કેટલીક વખત તો જૈનો ઉપરાંત સુવિખ્યાત વિદ્વાન જૈનેતર પંડિતો પણ હોય છે) કાપીઓ તપાસવા મોકલાય, તેઓ તરફથી તે તપાસાઇ ને આવ્યા બાદ પરિણામ તૈયાર કરવા, ઇનામ નીર્ણિત કરવા આદિ આ સર્વ કાર્યોમાં લગભગ બે અઢી માસ રહેજે વ્યતીત થાય તે સમજી શકાય તેવી બાબત છે. આ સર્વ થયા પછી તુરતજ નામ, ગામ, પોરણ માર્ક અને ઇનામ આદિની સંપૂર્ણ વિગત સાથે લગભગ ફેબ્રુઆરી-માર્ચ માસમાં પરિણામ "જૈન યુગ" માં પ્રકટ કરવામાં આવે છે. યુનિવર્સીટી કે જ્યાં પરીક્ષકો આર્થિક બદલો લઇ કાર્ય કરતા હોય છે ત્યાં પણ લગભગ ૩-૩॥ માસે પરિણામ પ્રકટ થાય છે તે ધ્યાનમાં લેતાં બોર્ડ દ્વારા બે-અઢી માસમાં પરિણામ પ્રકટ કરવામાં આવે તે અવશ્ય વખતસર લેખાવું જોઇએ એમ અમારૂં માનવું છે. અભ્યાસ-ક્રમમાં પરિણામ બહાર પાડવા અંગે સમય નીર્ણિત કરવામાં આવેલ છે તે અને છેલ્લા ૩-૪ વર્ષમાં પરિણામો ઘણીજ ઉતાવળે ઉપર દર્શાવેલા સમયમાં પ્રકટ કરવામાં આવેલ છે તે આ સોસાયટીના લક્ષ બહાર હોય એમ લાગે છે.

(૨) પ્રમાણપત્રો અને ઇનામની રકમ બહારગામમાં લાંબે સમયે અપાય છે એ બાબત બોર્ડનું ધ્યાન તે તે સ્થળોના વિદ્યાર્થીઓ આદિ જવાબદાર વ્યક્તિ દ્વારા ખેંચવામાં આવે તો અવશ્ય તત્સંબંધે યોગ્ય થઇ શકે.

(૩) પ્રમાણપત્રોમાં ઇનામની વિગત નહીં મૂકવામાં કોઇ ગૂઢ કારણની કલ્પના કરવી તે ખરેખર હાસ્યાસ્પદ છે. ઇનામની રકમ-ઉપર જણાવ્યા પ્રમાણે-પરિણામ સાથે છપા-વવામાં આવે છે. તે એક પ્રકારની છાત્રવૃત્તિ અથવા ઉત્તેજ-નાર્થેજ અપાય છે. તેને વિદ્યાર્થીએ મેળવેલા શિક્ષણના પ્રમાણપત્રની સાથે કોઇ નિસ્બત હોતી નથી. યુનિવર્સીટીદ્વારા સારામાં સારી રકમો મેળવનારાઓના પ્રમાણપત્રોમાં પણ તે જાતના ઉલ્લેખો એ કારણસરજ કરવામાં આવતા નથી.

(૪) પરીક્ષામાં પસાર થતા લગભગ ૭૦૦ થી ૯૦૦ વિદ્યાર્થીઓનાં વિગતવાર પરિણામની હકીકત લગભગ ફુલ્સકેપ સાઇઝના ૧૫ થી ૧૭ પૃષ્ઠ રોકી ફ્રી ઓફ ચાર્જ કોઈ પત્ર પ્રકટ કરે એ કલ્પનામાં ઉતરી શકે એવી બાબત નથી. પ્રકટ થતા પરિણામોવાળા "જૈન યુગ" ની કોપી જે જે સ્થળેથી વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસે છે તે તે સ્થળના વ્યવસ્થાપકોને, પાઠશાળા, કન્યાશાળાદિ સંસ્થાઓને તેમજ યોગ્ય સ્થળે મોકલાય એવી ચોક્કસ ગોઠવણ બોર્ડ દ્વારા કરવામાં આવેલી છે તે ઉપરથી લાગતા વળગતાને તેની તુરત જાણ થાય છે અને થઇ શકે છે.

છેવટે બોર્ડ દ્વારા ધાર્મિક અભ્યાસના પ્રચારાર્થે વર્ષો થયા થતી પ્રવૃત્તિને વધુમાં વધુ વિકસાવવા જૈન સમાજ પ્રેરાય એ ઇચ્છી વિરમીએ છીએ.

૨૦, પાયધુની, મુંબઇ. તા૦ ૩-૧-૧૯૪૦

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.
અમૃતચંદ કેશવલાલ મોદી.
ઑનરરી સેક્રેટરીઝ

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ
જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ઠ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—મુંબઇ, ૩.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને શ્રી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA." Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રી:-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:-રૂપીઆ બે. છુટક નકલ:-દોઢ આનો.

નવું વર્ષ ૮ મું. | ગુરૂવાર તા૦ ૧ લી ફેબ્રુઆરી ૧૯૪૦ | અંક ૫ મો.

परोकाराय सतां विभूतयः

પ્રાચીન સમયના લોકો ઘણી નજીવી આવકમાં પોતાનો સંસાર વ્યવહાર ચલાવી શકતા હતા અને તેથી તેઓ ઘણું ધન બચાવી શકતા હતા પણ સમય બદલાવાથી આપણા વડિલો જે વસ્તુઓ મોજ શોખની ગણતા હતા તેને આપણે જરૂરની વસ્તુઓ ગણવા લાગ્યા છીએ અને તેથી ખરચ પણ પ્રમાણમાં વધ્યા જ કરે છે.

વળી તેઓ હાલના જેવા જડવાદીઓ નહતા. શરીરને સર્વસ્વ માની તેના લાલનપાલનમાં પોતાનું સઘળું બળ વાપરતા નહતા. આત્મા એજ મુખ્ય વિષય હતો. અને તેથી ધર્મ ભાવનાનું જોર તેમનામાં વિશેષ પ્રમાણમાં જોવામાં આવતું હતું. 'હાથે તે સાથે' એ સૂત્રને તેઓ મુખ્ય માનતા હતા, અને તેથી પોતાના અતિભોગે પણ પરનું કલ્યાણ કરવા તત્પર થતા. પોતાના દેહનો પણ પરોપકાર વાસ્તે ભોગ આપવા જેઓ ઉત્સુક થાય તેઓ ધન તે કામમાં ખરચે એવાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ છેજ નહિ. આપણને આ બાબતનો બરાબર ખ્યાલ આવતો નથી તેનું કારણ એ છે કે આપણે જડવાદના વાતાવરણમાં ઉછરીએ છીએ, અને આપણા જીવન વ્યવહારમાં ધર્મને કેટલું ઉચ્ચસ્થાન આપવું જોઇએ તે હજુ આપણા લક્ષ બહાર છે; તેથીજ દુનિયાના મોજ શોખના વિષયમાં પુષ્કળ પૈસા ખરચતાં આપણે પાછી પાની કરતા નથી, પણ ધર્મ કાર્યમાં પાછળ પડીએ છીએ. આવકના 'અર્ધા' ભાગની વાત કોરાણે મુકીએ, 'પા' ભાગની વાત પણ છેટે રાખીએ માત્ર આવકનો દશમો ભાગ પણ જો ધર્મ નિમિત્તે આપણે ખરચતા હોઇએ તો પણ ઘણું કામ કરી શકાય. આ પણ ન બને તો આવકમાંથી એક આની યાને સોળમો ભાગ ખરચવો.... ...આ કાર્ય પરમાર્થ બુદ્ધિ વિના થઈ શકતું નથી, અને જે પ્રમાણમાં ધર્મ કાર્યમાં ધન ખરચીએ છીએ તે પ્રમાણમાં પરમાર્થ બુદ્ધિ વધતી જાય છે, અને તે પ્રમાણમાં સર્વ આત્માઓ સત્તાએ સરખા છે, અને બીજા જીવો પણ આપણા ભાઇઓ છે એ સિદ્ધાંત હૃદયમાં દ્રઢ થતો જાય છે.

—મણીલાલ નથુભાઇ દોશી
બી. એ.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાયે છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧-૨-૪૦. ગુરૂવાર.

ઉપાસક વર્ગનો ભૂતકાળ.

સાત અંગમાં જિન પ્રતિમા–જિન ચૈત્ય અને જ્ઞાન એ ત્રણ અતિ ઉપયોગના અને જૈનધર્મના પાયારૂપ હોવા છતાં ચેતન્યધારી આત્માના સહકાર વિના કંઈપણ કરવા અસમર્થ છે. એની વિકસ્વરતા ને વિસ્તૃતતાનો આધાર જૈન સમાજની જાગ્રતિ અને બંત પર અવલંબે છે. અને એ સમાજ મુખ્ય રીતે શ્રમણ તથા શ્રાદ્ધ વર્ગનો બનેલો છે. આજે જે ચતુર્વિધ સંઘ તરિકે ઓળખાય છે અને જેમાં સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા રૂપ ચાર શ્રેણિનો સમાવેશ કરાય છે એના બળ ઉપરજ જૈન ધર્મના અભ્યુદયનો અને જૈન કોમની ઉન્નતિનો આધાર છે.

જેટલા પ્રમાણમાં ઉક્ત ચાર પાયાની વધુ મજબૂતાઇ ને દ્રઢતા, તેટલા પ્રમાણમાં એ ઉપર ઉભા કરાતાં પ્રાસાદનું વધુ ટકાઉપણું ને શ્રેષ્ટતા. તેથીજ એનો વિચાર આજે સૌ પ્રથમ આવશ્યક છે. દેશ-કાળ પ્રતિ નજર રાખી જ્યાંસુધી આ ચાર અંગોનો વિચાર નહીં કરવામાં આવે ત્યાંસુધી પ્રારંભમાં સુચવાયેલા ત્રણ અંગ વિકળ રહેવાના. એ પાછળ જે પ્રકારનું ઉત્તેજક બળ બરચાવું જોઇએ તે નહિં બરચાવાનું અને એ ઉણપ કંઇ નાની-સુની ન લેખાય! એથી પરિણામ એકજ આવે કે એ અણમૂલા સાધનો દિનપ્રતિદિન પોતાનો મહત્વનો ઉદ્દેશ ગુમાવતાં જાય, એ દ્વારા થતો લાભ મામુલી બનતો જાય, અને જાતે પણ શીર્ણ વીશીર્ણ દશાના ભોગ બને.

શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર તરફ સૌ પ્રથમ નજર એટલા સારૂ કરવાની છે કે એ બેજ એવા ક્ષેત્ર છે જ્યાંથી બાકીના પાંચને પોષણ મળી શકે છે. જેટલા પ્રમાણમાં શ્રાવક સમુદાય આર્થિક અને રાજકીય અથવા તો નૈતિક કે સામાજીક દ્રષ્ટિએ ઉન્નત્ત દશા ધરાવતો હશે તેટલા પ્રમાણમાં જૈનધર્મનું ગૌરવ અને જૈન સમાજની ઇતર સમાજમાં પ્રતિષ્ઠા યાને માનમરતબો જામવાના.

ભૂતકાળ પ્રતિ મીટ માંડતાંજ આ વસ્તુ હસ્તામલકવત્ દ્રષ્ટિ ગોચર થાય તેમ છે. પરમાત્મા–મહાવીર દેવના સમયમાં ભારતવર્ષનો મોટો ભાગ જૈન ધર્મ પાળતો હતો અને ધન્ય શાળીભદ્ર તેમજ આનંદ કામદેવ જેવા રિદ્ધિ સંપન્ન ને સમર્થ વ્યવહારીઆ સાહસિકતા અને વ્યાપાર કુશળતા માટે સુવિખ્યાત હતા. કદાચ એમ કહેવામાં આવે કે પ્રભુશ્રીવર્ધમાન જેવા સમર્થ ત્રિકાળજ્ઞાનીના સમયમાં એ જાતની રિદ્ધ સિદ્ધિ હોય એમાં નવાઇ ન લેખાય! એ વાત માની લઇ ત્યારપછીનો ઇતિહાસ અવલોકીશું તો જણાશે કે જ્યાંસુધી વિદ્વાન ને દીર્ઘદર્શી આચાર્યો સતત્ વિહારદ્વારા જૈનદર્શનના ઉમદા અને ઉદાર તત્વો જનતામાં પ્રચારતા હતા, અને જ્યાં સુધી જૈનધર્મના સમૃદ્ધ શ્રીમાનો સર્વદેશીય નજરે તેમને એ કાર્યમાં તન-મન-ધનથી સહાય આપી, માત્ર જૈનોનાજ નહિં પણ સારી જનતાના શ્રેય પ્રતિ નજર રાખી, સ્વફરજ અદા કરતા હતા ત્યાં સુધી ઉન્નત્ત સ્થિતિ ચાલુ રહી હતી ચારે દિશામાં વિસ્તાર પામેલી ગંદિરોની શ્રેણીઓ અને એમાં સ્થાપન કરવામાં આવેલાં સંખ્યાબંધ બિંબો એ વાતની સાક્ષી પુરે તેમ છે.

જ્ઞાનભંડારોમાં સચવાયેલો કિમતી ગ્રંથસંગ્રહ એ વાતને વધુ પુષ્ટ બનાવે છે. જૈનધર્મ પાળનાર વર્ગ કેવળ વ્યવસાય રસિકજ નથી રહ્યો તેમ કેવળ વૈશ્ય વર્ગનોજ નહોતો બન્યો. એમાં ક્ષત્રિય અને બ્રાહ્મણ વર્ગ પણ મોટા પ્રમાણમાં ભેળાયેા હતો એટલે આપણને એ સમયમાં સર્વ રીતે ઉન્નત્તિ થયેલી જણાય છે. વિદ્વતા-ક્ષાત્રતેજ અને વાણિજ્ય કુશળતા ઉડીને આંખે વળગે એવા જોવાના મળે છે. એ વેળા થઇ ગયેલા સંખ્યાબંધ આત્માઓના સુવર્ણાક્ષરે નોંધાયેલા નામો આજે પણ સાહિત્યના મહાસાગરમાંથી ઉપલબ્ધ થાય છે. એ મહાશયો દ્વારા જન્મ પામેલી કૃતિઓ સેંકડો વર્ષોના વાયરા વાયા છતાં, અને કરાલકાળના સપટા સહ્યા છતાં, સ્વઅસ્તિત્વ દ્વારા ગતકાલિન ગૌરવની ઝાંખી કરાવે છે. આ પ્રકારનો કીર્તિવંત યુગ સર્જવામાં શ્રમણ સંસ્કૃતિનો ફાળો નાનોસુનો નથીજ છતાં ઉપાસક વર્ગનો એક ધારો અને બંતભર્યો સહકાર ઘડીભર પણ વીસરી શકાય તેમ નથીજ. છકાયના રક્ષક શ્રમણો મર્યાદિત ક્ષેત્રમાંજ કામ કરી શકે; કેમકે તેમને સાધુ જીવનના કપરા આચાર-વિચાર પ્રતિ દ્રષ્ટિ રાખીને કામ કરવાનું હતું. ઉપાસક યાને શ્રાદ્ધ વર્ગને આ જાતની મુશ્કેલી નડે તેમ હતીજ નહીં. તે કાળનો જૈનધર્મી જન સમુદાય મુનિધર્મ અને ગ્રહસ્થ ધર્મ વચ્ચે રહેલ મર્યાદા અને અંતરને સારી રીતે સમજી શકતો હતો. તેથીજ આપણને તે સમયના ઉદાહરણો વાંચતાં 'કમ્મે શૂરત્વ ને ધમ્મે શૂરત્વ' ની ઝળક ડગલે પગલે નજરે ચઢે છે. અહિંસા ધર્મના અનુયાયી છતાં-વીતરાગના ઉપદેશને શ્રદ્ધાપૂર્ણ હૃદયે ધારણ કરવા છતાં–એ વર્ગની અહિંસા નબળાઇ પોષક કે સાહસ વિરોધી ન હતી. સમય પિછાની હસ્તિ પીઠપર બેસી એ જેમ પ્રતિક્રમણ કરી શકતો તેમ જરૂર જણાતા રણાંગણમાં હિંમતથી ઘુમી પણ શકતો. એની દયા પાછળ આજની માફક ભીરૂતા કે નિર્બળતા નહોતી છુપાણી. એ દરિયા ખેડતો મહાસાગર ડહોળતો અને કરોડોના વ્યવસાય સંભાળતો; છતાં ધર્મવાસિત હૃદય હોવાથી ગ્રહસ્થોચિતવ્રત લેવામાં પાછળ ન રહેતો. એ વેળા પેલો વ્યવસાય કે એ પાછળ દેવો પડતો ભોગ આડા ન આવતાં. શ્રદ્ધાપૂર્ણ હૃદયે વ્રત ધારણ કરતો–સ્વપત્નિને પ્રેરણા પાતો અને

≠ નોંધ અને ચર્ચા. ≠

મેળાવડા અને સ્નેહ સંમેલન—

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો ઇનામી મેળાવડો અને બાબુસાહેબ પનાલાલ હાયરકુલનુ સ્નેહસંમેલન એ એવા પ્રસંગો ઉજવાઇ ગયા કે જે ઉપરથી જૈન વિદ્યાર્થીગણની પ્રગતિનો કયાસ નિકળી શકે. મેળાવડો ધાર્મિક વિદ્યાભ્યાસમાં ઉંચે નંબરે પાસ થનાર અને કોન્સર્ટમાં સારૂ કામ કરી દેખાડનાર વિદ્યાર્થીઓને ઇનામ આપવા અર્થે યોજાયેલ છતાં એ વેળા અંગખળના ને વ્યાયામના જે કેટલાક પ્રયોગો કરી દેખાડવામાં આવેલા એમાં શ્રી વખારીયાનુ કામ ખાસ પ્રશંસનીય લેખાય. એ ઉપરથી ગૌરવ જરૂર લઇ શકાય; છતાં એ દિશામાં જૈન સમાજે કુટલું ક્ષેત્ર વટાવવાનુ હજુન બાકી છે તેમજ જૈન વિદ્યાર્થીઓએ ખંતથી એ પાછળ મંડી જવાની કેવી અગત્ય છે એનો ઠીક ખ્યાલ આવી શકયો છે. એ ઉપરાંત પાનવાળો, દારૂડીઓ, વરવધુ આદિના આબેહુબ વેશ ભજવી બતાવવામાં આવેલ એ પણ જતાં કરી શકાય તેમ નથી. આમ છતાં એક વાત પ્રતિ લક્ષ ખેંચવું જરૂરી છે કે કળાની દ્રષ્ટિયે આપણે જરૂર પાછળ છીએ. કાર્યને અનુરૂપ રંગભૂમિના સર્જન કરવામાં ઉણપ ઘણી રહે છે વળી એ સાથે નિયમિતતા ને શિસ્તમાં પણ શિથિલતા જણાઇ આવે છે. વિદ્યાર્થીગણ પાસેથી એ સંબંધમાં નમૂનેદાર ઉદાહરણ પુરું પડવું જોઇએ. સ્નેહ સંમેલનમાં જે ઉપક્રમ ગોઠવાયો હતો એમાં ચિતાર રજુ કરવામાં જે કુશળતા ને સામગ્રી જોઇએ તે નહોતી જણાતી. કળાની નજરે એ ખામીભર્યુ લેખાય. ચોપડીઓના કિલ્લા જેવું સુંદર દ્રશ્ય-વિદ્યાર્થીઓની ભજવવાની શક્તિમાં કચાશના અભાવે નહિં પણ, એ આયોજનમાં રહેલી સાધનની ઉણપ ને આવશ્યક દેખાવની તંગાશ ને કારણે લુખુ જણાતું-અંગ્રેજી નાટય પ્રયોગ ને જાદુના પ્રયોગ સાવ નિરર્થક ગયા કહી શકાય-સંગીત ને વ્યાયામના પ્રયોગો વખાણને પાત્ર લેખાય. એ વેળા જૈન વ્યાયામશાળાની તાલીમ યાદ આવે તેમ છે કેમકે ભાઇ નવિનચંદ્રના પ્રયોગોમાં એ કારણ રૂપ છે. વહેંચાયેલા ઇનામો સંબંધમાં એક પત્રકારે જે કાગનો વાઘ બનાવ્યો ને એ પાછળ કંઇ ભેદ જોયો એમાં કેવળ તરંગવશતાજ લાગે છે. ઉભય પ્રસંગો પરથી વ્યાયામ અને અંગખળની ખીલવટ માટે આપણે હજુન ઘણુ કરવાનુ છે એ સ્પષ્ટ વાત તરી આવે છે. સાથો સાથ કળાની ખીલવણીમાં કેટલા પાછળ છીએ તેનું પણ ભાન થાય છે. ધાર્મિક અભ્યાસ સંબંધમાં પ્રમુખે તરફથી જે ઇશારા કરવામાં આવ્યા છે તે એક બીજાથી જુદી દિશામાં જતાં હોઇ અવશ્ય વિચારણા માંગે છે. એ વિષય પરનો આખરી નિર્ણય કરતાં પૂર્વે પુષ્કળ છણાવટની જરૂર છે. એ માટે થોડો ઉહાપોહ નીચે રજુ કરીએ છીએ.

ધાર્મિક અભ્યાસ—

વિદ્યાલયના મેળાવડાના પ્રમુખ શ્રી મણિભાઇ નાનાવટી, વિદ્યાર્થીઓને અપાતા ધાર્મિક શિક્ષણમાં જબરૂં પરિવર્તન ઇચ્છે છે. જે રીતે હાલમાં અભ્યાસ કરાવાય છે એ બિલકુલ ઇચ્છનીય નથી. એમાં કેવળ ગોખણપટ્ટી છે અને વિદ્યાર્થીગણ એમાં રસપૂર્વક એકતાર નથી થતો તેથી એ બોજારૂપ કહી શકાય એમ તેમનું મંતવ્ય છે એ સારૂ પોતાના પાશ્ચિમાત્ય દેશના અનુભવ ટાંકી કોઇ જુદીજ પદ્ધતિની ટેકસ્ટ બુક સુચવે છે. એથી ઉલ્ટું હાયરકુલના સંમેલનના પ્રમુખ શ્રી કાન્તિભાઇ મોરખીઆ-એ માટે ખાસ ભાર મૂકે છે. વિદ્યાર્થી જીવનમાં શરૂઆતથી ધાર્મિક જ્ઞાન અને એના ઉમદા સંસ્કારની અગત્ય દર્શાવી. સ્કુલની એ સંબંધી પ્રગતિ પ્રશંસા પાત્ર જણાવે છે. એ માટે બન્ને પ્રમુખોએ પોતાના જીવન નજર સામે રાખી વાત કરી છે. આમ નિરાળા સુર પરથી વિદ્યાર્થી ગણમાં દર્શાવી અભ્યાસ કેવા પ્રકારનો હોવો જોઇએ અને એ માટે પ્રબંધ કેવો થવો ઘટે એનુ યોગ્ય નિરાકરણ થતું નથી છતાં એટલું તો નિશ્ચિત કરી શકાય છે કે આ ગુંચવણ ભર્યો કોયડો વિચારણા અને ઉકેલ અવશ્ય માંગે છે.

જૈન ધર્મના સિધ્ધાંતો બાળ માનસમાં સરલતાથી ઠસાવી શકાય તેવી ટેકસ્ટ બુક સૌ કોઇ માંગે છે છતાં વર્ષોના અનુભવ પરથી જણાઇ આવ્યું છે કે એ માટે યોગ્ય પ્રયાસ થઇ શકયો નથી. જૈન ધર્મી સંસ્થાઓમાં ખુદ જૈન ધર્મને લગતા તત્વોનુ જ્ઞાન જે વિદ્યાર્થીઓને ન મળે અને શ્રાવક ધર્મના પાયારૂપ ક્રિયાઓ પ્રતિ અભિરૂચી ન પ્રગટે તો પછી ઉગતી પ્રજામાં એના બીજ રોપણ કઇ રીતે અને કયા સમયે કરવા એ પણ વિચારણીય છે. અભ્યાસ બોજારૂપ ન થઇ પડે; વિદ્યાર્થી પોતાના અન્ય વ્યવહારિક શિક્ષણ સાથે હોંશથી અને શ્રદ્ધાથી એ ગ્રહણ કરે અને જ્યારે ઉંચુ શિક્ષણ મેળવી બહાર પડે ત્યારે એ જેમ કેળવણી નિષ્ણાત તરિકે ઓળખાય તેમ એક ચુસ્ત જૈન ધર્મી તરિકેની એની છાપ પડે તે સારૂં કેવા ફેરફાર ઇષ્ટ છે એ સૌ પ્રથમ નક્કી કરવાનું છે. અભ્યાસી બંધુઓએ અને અધ્યયન કરતાં વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યોની ચર્ચા શરૂ કરી દેવી ઘટે છે. ધાર્મિક અભ્યાસનેયોગ્ય ટેકસ્ટના અભાવે કેવળ એનો છેદ ઉરાડવાની વાત કરવી એ જૈન સંસ્થાઓનું ભવિષ્ય જોખમાવા જેવું છે તેમ રસ હીનતાથી ચાલવા દેવો એનો અર્થ પણ કંઇજ નથી.

ગ્રહણ કરેલ નિયમમાં જરાપણ સ્ખલના ન દાખવતો. શ્રાવિકા વર્ગમાં શ્રાવક વર્ગ માફક સાહસને વીરતા ભરેલાં હતાં. પતિવ્રત ધર્મની તો જડ જામી હતી તેથા સંતતિમાં એ ગુણો વારસામાં ઉતરતા. જયન્તિ-સુલસા અથવા અનુપમા કે લક્ષ્મીદેવીના નામો તો જાણીતા છે, છતાં એ સિવાય સંખ્યાબંધ નામો આજે ઉપલબ્ધ થઇ ચુકયા છે જિજ્ઞાસુ આત્માઓએ શિલાલેખ, પ્રતિમા લેખ અને પુરાતત્વની શોધ પ્રતિ માત્ર નજર નાંખવાની જરૂર છે.

ઉપરના ગુણો જે વર્ગમાં વાસ કરી રહ્યા હોય, તેમાં મહા અમાત્ય, મંત્રી, સેનાપતિ કે દંડપાલ પાકે અથવા તો એના હાથમાં નગર શેઠાઇ કે મહાજનની આગેવાની હોય અથવા તો વેપારનો કાબુ હોય એમાં નવાઇ જેવું શું લેખાય? રાજદરબારમાં અને વાણિજ્યમાં આગળ પડતો ભાગ લેનારા એ પૂર્વજોએ જૈનધર્મનો ધ્વજ ચોદિશ ફરકાવ્યો હતો અને જૈન સમાજમાં સમૃદ્ધિના ધોધ વહેવડાવ્યા હતા. અનુકંપા દાન દેતાં કે પ્રજા ધર્મ પાળતી વેળા જૈનજૈનેતર જેવા ભેદ નહોતા પાડયા આંખ સામે સેવાનો મુદ્દો રાખી ફરજ બજાવી હતી.

શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિનો—

આજ સુધીનો વૃત્તાન્ત.

જૈન સમાજના અનેક અણઉકેલ પ્રશ્નોમાં કેળવણી પ્રચાર અને બેકારી નિવારણ સૌથી વધારે ધ્યાન ખેંચી રહેલ છે. ઇ. સ. ૧૯૩૭ માં શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ અને શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ મોરખીઆની શ્રી જૈન શ્વેતાંબર મૂ૦ કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિના સ્થાનિક મુખ્ય મંત્રીઓ તરીકે વરણી થયા બાદ કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિની સભાઓમાં ઉપરના પ્રશ્નો સંબંધમાં કૉન્ફરન્સ શું કરી શકે અને કેવી કેવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકે તે સંબંધમાં ખુબ ઉહાપોહ થયો અને એ બન્ને પ્રશ્નોને લગતી વ્યવહારૂ યોજના ઘડવા માટે જુદી જુદી પેટા સમિતિઓ નિમાઇ. આ દરમિયાન કેળવણી પ્રચારની દિશાએ જો કોઇપણ વ્યવહારૂ યોજના કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિ ઘડે અને ઉપાડે તો શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલે બે વર્ષમાં આખી રકમ ખર્ચાઇ જાય એવી સમજુતીએ રૂા. ૨૫૦૦૦) ની રકમ આપવાની પોતાની ઇચ્છા વ્યકત કરી. પરિણામે પ્રાથમિક, માધ્યમિક તેમ ઔદ્યોગિક કેળવણી લેતા સ્થલ સ્થલના જૈન વિદ્યાર્થીઓને આર્થિક રાહત આપી શકાય એ હેતુપૂર્વક કેળવણી પ્રચારની એક યોજના નક્કિ કરવામાં આવી અને તે યોજનાને અમલમાં મુકવા માટે નવ સભ્યોની શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ ઉભી કરવામાં આવી. આ સમિતિએ પ્રસ્તુત યોજનાને અનુસરતા નિયમો અને પેટા નિયમો ઘડીને એ યોજનાને ચોતરફ પ્રસિદ્ધિ આપી. શરૂઆતમાં આ સમિતિનું કામકાજ સ્થાનિક મુખ્ય મંત્રીઓ સંભાળતા હતા. ચારેક માસ બાદ આ સમિતિના મંત્રી તરીકે શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરીની નિમણુંક કરવામાં આવી જેમણે લગભગ આઠેક માસ એ અધિકાર ઉપર કામ કર્યું. તેમની કાર્યવાહી દરમિયાન બારશી, સુરત, વઢવાણ કેમ્પ અને મુંબઇ એ ચાર સ્થલોએ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિઓ ઉભી કરવામાં આવી. બારશીની સમિતિદ્વારા બહેનો માટે એક ઉદ્યોગ શિક્ષણની સંસ્થા ઉભી કરવામાં આવી છે જે આજ સુધી બહુ સુંદર કામ કરી રહી છે અને જેનો અનેક બહેનો સારી સંખ્યામાં લાભ લઇ રહી છે.

ઇ. સ. ૧૯૩૮ ના માર્ચ મહીનામાં સ્થલે સ્થલે સ્થાનિક સમિતિઓ ઉભી કરવા માટે, ઉભી થયેલી સમિતિઓનું સમયે સમયે નિરીક્ષણ કરવા માટે તેમજ મુંબઇ ખાતે કેન્દ્રસ્થ સમિતિનું આખુ કામકાજ સંભાળવા માટે શ્રી રાજપાળ મગનલાલ વ્હોરાની નિમણુંક કરવામાં આવી. એજ વર્ષના એપ્રીલ માસમાં શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરીનું રાજીનામું આવતાં તેમના સ્થાને શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ અને શ્રી મણિલાલ મોકમચંદ શાહની કેન્દ્રસ્થ સમિતિના મંત્રીઓ તરીકે નિમણુંક કરવામાં આવી. શ્રી રાજપાળ મગનલાલ વ્હોરાના ચાલુ પ્રવાસના પરિણામે તેમજ સમિતિના એક મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહે કેળવણી પ્રચારની આ યોજનાના ફેલાવા માટે ગુજરાત, કાઠિયાવાડ તથા મહારાષ્ટ્રમાં કરેલ પ્રવાસોના પરિણામે ઉપર જણાવેલ ચાર સમિતિઓ ઉપરાંત આજે કેન્દ્રસ્થ સમિતિએ સંમત કરેલી કુલ ૫૦ સ્થાનિક સમિતિઓ ઉભી થઇ શકી છે જેમાંની ૨૫ સમિતિઓ વ્યવસ્થિત રીતે કામ કરી રહી છે અને તે તે સ્થલના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ફી તેમજ પાઠયપુસ્તકો દ્વારા સારા પ્રમાણમાં રાહત આપી રહી છે. કેન્દ્રસ્થ સમિતિએ સંમત કરેલી કુલ ૫૦ સમિતિઓમાંથી અગાસીની સમિતિ સાર્વજનિક ગુજરાતી પ્રાથમિક શાળા ચલાવી રહી છે અને બારશી તથા ઉંઝાની સમિતિઓ ઔદ્યોગિક શિક્ષણ આપનારી સંસ્થા ચલાવે છે. આજસુધીમાં ભિન્ન ભિન્ન સમિતિઓ દ્વારા આ યોજનાનો—૧૫૬૨ વિદ્યાર્થીઓએ તથા ૨૭૮ વિદ્યાર્થીનીઓએ—કુલ ૧૮૪૦ ભાઇ બહેનોએ લાભ લીધો છે.

આ સાથે એ પણ આનંદજનક બીના છે કે આપણી કેન્દ્રસ્થ સમિતિએ જ્યારે આજ સુધીમાં જુદી જુદી સ્થાનિક સમિતિઓને માટે કુલ રૂા. ૧૪૫૦૦) મંજુર કર્યા—મોકલ્યા છે ત્યારે તે સામે તે તે સ્થાનિક સમિતિઓએ કુલ રૂા. ૧૧૬૦૦) એકત્ર કર્યા છે.

આજ સુધીમાં રૂા. ૧૨૭૦૦ જુદી જુદી સમિતિઓને મોકલાયા છે, અને રૂા. ૧૮૦૦ પગાર, પ્રવાસ, છપાઇ, પોસ્ટેજ વિગેરે બાબતમાં ખરચાયા છે. આ ઉપરાંત ચાલુ વર્ષની જવાબદારીઓને પહોંચી વળવા માટે હજુ રૂા. ૧૫૦૦) લગભગ મોકલવાના રહે છે. એ બધી રકમો મેળવતાં કુલ રૂા. ૧૬૦૦૦) થાય જે રકમ રૂા. ૨૫૦૦૦) માંથી બાદ કરતાં આ સમિતિ પાસે બાકી કુલ રૂા. ૯૦૦૦) લગભગ રહેશે. આ રકમમાંથી ચાલુ વર્ષ જેટલીજ આવતા વર્ષની જવાબદારીને પહોંચી વળવા માટે રૂા. ૮૦૦૦) નો ખપ પડશે અને આ સમિતિને પોતાનું કામ આગળને આગળ ચાલુ રાખવા માટે વિશેષ નાણાં ન મળે તો પણ જે જે સ્થાનિક સમિતિઓએ શિક્ષણ સંસ્થાઓ ઉભી કરી છે તેને બને ત્યાં સુધી ટકાવી રાખવી જોઇએ એ દૃષ્ટિએ બાકીની રકમ રૂા. ૧૦૦૦) પછીના વર્ષોમાં તે તે સંસ્થાઓને આપવા માટે બાજુએ રાખવી યોગ્ય લેખાશે. આ રીતે વિચારતાં આ સમિતિને પોતાનું વ્યાપક કાર્ય કરવા માટે એક વર્ષથી વધારે ચાલે તેટલાં નાણાં નથી એ બાબત કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિએ ધ્યાનમાં લેવી ઘટે છે અને જો કાર્યવાહક સમિતિ આ કાર્ય પૂર્વવત્ ચાલુ રહે એટલુંજ નહિ પણ વધારે વિસ્તાર પામે એમ ઇચ્છતી હોય તો વધારે ફંડની સગવડ કરવી ઘટે છે. આ બાબતનો તાત્કાલિક વિચાર તેમજ નિર્ણય થવાની જરૂર છે કે જે ઉપરથી સ્થલે સ્થલે ઉભી કરવામાં આવેલ સમિતિઓએ આગળના વર્ષો માટે શું કરવું કે શું વિચારવું તે માટે યોગ્ય દિશાસૂચન આપી શકાય.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પરીક્ષાના પરિણામો.

બોર્ડ તરફથી ગત તા૦ ૨૪ ડિસેમ્બર ૧૯૩૯ ના રોજ લેવામાં આવેલ **શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ** અને **અ. સૌ હીમઇબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામો આ નીચે આપવામાં આવે છે.

(ગતાંકથી આગળ)

કન્યા ધોરણ ૧—પરીક્ષિકા શ્રીમતી **રૂક્ષ્મણીબ્હેન ચીમનલાલ શાહ, મુંબઈ.**

(કુલ બેઠી ૨૩૭–પાસ ૧૯૩–નાપાસ ૪૪)

નંબર.	નામ.	સેન્ટર.	ગુણ.	ઇનામ રૂા.
૧	લીલાવતી હરગોવિંદ શેઠ	સોલાપુર	૭૯	૯–૦–૦
૨	કલાવતી જીવરાજ ગાંધી	,,	૭૯	૯–૦–૦
૩	લલીતા ચીમનલાલ મહેતા	અમદા (શ્રા.ઉ.શા.)	૭૨	૬–૦–૦
૪	કમળા ચુનીલાલ શાહ	સોલાપુર	૭૧	૫–૦–૦
૫	હીરાલક્ષ્મી ચતુરદાસ શાહ	નિંગાળા	૭૦	૪–૦–૦
૬	મંજુલા દલીચંદ	રાજકોટ	૬૯	૨–૮–૦
૭	સવિતા પુરશોતમદાસ શાહ	અમદા.(દ.મ.શા.)	૬૯	૨–૮–૦
૮	સુશીલા માણેકલાલ પાછીયા	અમદા.(ગં.જે.ક.)	૬૮	૨–૦–૦
૯	પ્રભાવતી નાથાલાલ દલછાચંદ શાહ	પાલણપુર	૬૮	૨–૦–૦
૧૦	કુમુદ નંદલાલ સત્યવાદી	અમદા. (શ્રા.ઉ.શા.)	૬૬	૧–૪–૦
૧૧	સુશીલા મણીલાલ સુતરીઆ	,, ,,	૬૬	૧–૪–૦
૧૨	માણેક નગીનદાસ	ડભોઇ	૬૬	૧–૪–૦
૧૩	લીલાવતી જીવરાજ ગાંધી	સોલાપુર	૬૬	૧–૪–૦
૧૪	કમલાવતી રાયચંદ જૈન	વલસાડ	૬૫	૦–૮–૦
૧૫	સુશીલા છગનલાલ	,,	૬૫	૦–૮–૦
૧૬	વિમળા ચતુરદાસ શાહ	પૂના	૬૫	૦–૮–૦
૧૭	હેમકુંવર ન્યાલચંદ કુવાડીઆ	કરાંચી	૬૫	૦–૮–૦
૧૮	વનલીલા વ્રજલાલ શાહ	અમદા.(સા.જે.પા.)	૬૫	૦–૮–૦
૧૯	સુભદ્રા દેવચંદ ગાંધી	સોલાપુર	૬૫	૦–૮–૦
૨૦	શાંતા કશળચંદ મહેતા	કરાંચી	૬૩	
૨૧	કુસુમ ભગુભાઇ શાહ	અમદાવાદ (ગં.જે.ક.)	૬૩	
૨૨	કંચન મયાભાઈ શાહ	,, ,,	૬૩	
૨૩	મધુકાંતા મણીલાલ શાહ	,, ,,	૬૩	
૨૪	વસંતા ગુલાબચંદ દોશી	સોલાપુર	૬૨	
૨૫	રંજનબાળા ચત્રભુજ શાહ	કરાંચી	૬૨	
૨૬	લલીતા માણેકલાલ પરિખ	વડોદરા	૬૨	
૨૭	વિદ્યા ચીમનલાલ ચોકસી	અમદા.(ગં.જે.ક.)	૬૨	
૨૮	ચંદ્રકાંતા કાંતિલાલ શાહ	,, (શ્રા.ઉ.શા,)	૬૨	
૨૯	કળાવતી ગુજર	પૂના	૬૧	
૩૦	શાંતાકુંવર	અજમેર	૬૧	
૩૧	શાંતા પુંજલાલ શાહ	વડોદરા (લ.વિ.જૈ.પા.)	૬૧	
૩૨	શાંતા શિવલાલ	રાજકોટ	૬૦	
૩૩	સકરી નગીનદાસ મગનલાલ મહેતા	પાલણપુર	૬૦	
૩૪	નૌરતનબાઇ	અજમેર	૬૦	
૩૫	રેવા દલસુખભાઈ	વડોદરા (લ.જૈ.પા.)	૬૦	
૩૬	વિદ્યા ત્રિભોવનદાસ વકીલ	પાદરા	૬૦	
૩૭	પદ્મા ચીમનલાલ શાહ	વડોદરા (લ.જૈ.પા.)	૬૦	
૩૮	કાંતા કસ્તુરચંદ	અમદાવાદ (દ. મ. સા.)	૫૯	
૩૯	કમળા કુલચંદ શાહ	કરાંચી	૫૮	
૪૦	રસીલા મફતલાલ શાહ	અમદાવાદ (શ્રા.ઉ શા.)	૫૮	
૪૧	શારદા ત્રિભુવનભાઇ	રાજકોટ	૫૮	
૪૨	કંચનગૌરી છગનલાલ	,,	૫૭	
૪૩	કુસુમ મલુકચંદ શાહ	પૂના	૫૮	
૪૪	ભાનુમતી રતનજી શાહ	વલસાડ	૫૭	
૪૫	કંચનલક્ષ્મી નારાણદાસ કોઠારી	નિંગાળા	૫૭	
૪૬	સુરજ મનસુખલાલ	કરાંચી	૫૭	
૪૭	ચંપા નગીનદાસ શાહ	સોલાપુર	૫૭	
૪૮	ઈંદુમતિ બાબુલાલ શાહ	પૂના	૫૭	
૪૯	સુશીલા સુરજમલ કાપડીઆ	અમદાવાદ	૫૭	

(ગં. જૈ. ક.)

૫૦	શાંતા મગનલાલ તેજમલ	પાલણપુર	૫૭
૫૧	રસીલા મોતીલાલ શાહ	અમદાવાદ (ગં.જૈ.ક.)	૫૭
૫૨	કાંતા કેશવલાલ	અમદાવાદ (દ.મ.શા)	૫૭
૫૩	સુલોચના હરીલાલ વાલુભાઇ	ઝક્ષી પાલણપુર	૫૬
૫૪	બચુ કેસરીભાઇ ઝવેરી	મુંબઈ (મું.મા.સભા)	૫૬
૫૫	હંસા નવલચંદ શાહ	સુરત (છાપરીઆ શેરી પા.)	૫૬
૫૬	મંજુલા મોહનલાલ ઝવેરી	સુરત (જૈ.જ્ઞા.શા.)	૫૫
૫૭	ગુણીબ્હેન ચંદુલાલ ઉમેદચંદ ગાંધી	પાલણપુર	૫૫
૫૮	પદ્માબ્હેન અમૃતલાલ	ડભોઈ	૫૫
૫૯	સરલાબ્હેન હીરાલાલ અનાજવાલા	સુરત (છાપરીઆ શેરી)	૫૫

શ્રી કાન્તિલાલ ભાઇએ સુપ્રત કરેલી રકમ બે વર્ષમાં ખર્ચાઇ જાય એમ ઇચ્છા વ્યકત કરેલી એ ધ્યાનમાં લેતાં આ સમિતિ ઉપર કોઇ પ્રમાદશીલતાનો જરૂર આક્ષેપ કરે. આના ખુલાસા રૂપે જણાવવું જરૂરી છે કે આ યોજનાનો પ્રચાર કરવા માટે આ સમિતિ જે કાંઇ કરવું ઘટે તે કરતી આવી છે. આમ છતાં પણ જૈન સમાજ આ યોજનાનો પુરતો લાભ લઇ શકી નથી તેનાં અમને બે કારણો માલુમ પડયાં છે. એક તો કેટલાક સ્થલના કાર્યકર્તા આગેવાનોનો કોન્ફરન્સ વિરૂદ્ધનો અભિનિવેશ આ યોજનાને ઉપાડી લેવામાં બહુ આડે આવે છે. આનો કાંઇ ઉપાય નથી. બીજું કેટલાક સ્થલના કાર્યકર્તાઓ કામ કરવામાં બહુજ શિથિલ હોય છે અને તેથી આવી સહેજે મળતી મદદનો પોતપોતાના કાર્યક્ષેત્ર માટે તેઓ લાભ લઇ શકતા નથી. આજ કારણે કેટલીએ સમિતિઓ–નિષ્ક્રિય દશામાં ડુબેલી છે. આમ છતાં પણ અમને અનુભવથી માલુમ પડયું છે કે જે જે સ્થલની સમિતિઓએ આ કાર્ય પુરા રસ અને ઉત્સાહથી ઉપાડયું છે તે તે સ્થલોને આ યોજના મોટા આશીર્વાદ રૂપ થઇ પડી છે. અને તેથી અમને આશા છે કે જો આ યોજનામાં જૈન સમાજના ઉદાર ગૃહસ્થો તરફથી સારી સારી રકમો ભરવામાં આવશે તો આ યોજના કેળવણીની દિશાએ ઘણુંજ રચનાત્મક કાર્ય કરી શકશે.

પરમાનંદ કુંવરજી કાપડીઆ.
મણિલાલ મોકમચંદ શાહ.
મંત્રીઓ.

૬૦ ઇંદ્રાવતી ડાહ્યાભાઇ રેશમવાલા સુરત ૫૪
(છાપરીઆ શેરી)
૬૧ કાંતા હિંમતલાલ ડભોઇ ૫૪
૬૨ કળાવતી નાનાલાલ શાહ અમદાવાદ ૫૩
(ગં. જૈ. ક)
૬૩ જમનાબાઇ અભેચંદ કરાંચી ૫૩
૬૪ લીલાવતી લલુભાઇ ઉજમભાઇ પાલણપુર ૫૩
૬૫ ગુણીબ્હેન કાલીદાસ કસ્તુરચંદ ગાંધી
પાલણપુર ૫૩
૬૬ ઉમરાવકુંવર અજમેર ૫૩
૬૭ પ્રભાવતી મણીલાલ મુંબઇ (માં. જૈ. સ.) ૫૩
૬૮ લલિતા કાંતિલાલ ભગુભાઇ અમદાવાદ ૫૩
(શ્રાવિકા શાળા)
૬૯ નિર્મલા શંકરલાલ જૈન લુણાવાડા ૫૩
૭૦ સવિતા મણીલાલ પેથાપુર ૫૨
૭૧ નજરકુંવર અજમેર ૫૨
૭૨ વસુમતિ હીરાલાલ મુંબઇ (માં. જૈ. સ.) ૫૨
૭૩ સુશીલા કેશરીચંદ બાલુભાઇ મુંબઇ ૫૨
(માં. જૈ. સભા)
૭૪ જસવંતિ મગનલાલ શાહ વલસાડ ૫૨
(ભાગડાવાળા)
૭૫ કળાવતી મણીલાલ અમદાવાદ (દ.મ શા.) ૫૨
૭૬ કાંતા શંકરલાલ જૈન લુણાવાડા ૫૨
૭૭ વસુમતિ ભોગીલાલ દેસાઇ અમદાવાદ ૫૨
(શ્રા. ઉ. શા.)
૭૮ શાંતા ડાહ્યાભાઇ રાજકોટ ૫૨
૭૯ હીરા અંબાલાલ શાહ અમદાવાદ ૫૨
(શાહપુર જૈ. શ્રા.) ૫૨
૮૦ વિમળા અમૃતલાલ બોરસદ ૫૨
૮૧ ભીખી લક્ષ્મીચંદ મુંબઇ (માં. જૈ. સ.) ૫૨
૮૨ કંચન મંગળદાસ શાહ અમદાવાદ ૫૧
(દ. મ. શા.)
૮૩ લાડકુંવર અજમેર ૫૧
૮૪ વસુમતિ અમીચંદ ઝવેરી મુંબઇ (મા.જૈ.સ) ૫૦
૮૫ ભાનુમતિ ચંદુલાલ સુરત (છાપરીઆ શેરી) ૫૦
૮૬ તારા ચુનીલાલ શાહ સુરત (જૈ. વ. વિ.) ૫૦
૮૭ અનુસૂયા દીપચંદ શાહ કરાંચી ૫૦
૮૮ સુલોચના પોપટલાલ શાહ અમદાવાદ ૪૯
(ગં. જૈ. ક)
૮૯ શાંતા ચત્રભુજ કોઠારી કરાંચી ૪૯
૯૦ સુશીલા આશાભાઇ મગનલાલ અમદાવાદ ૪૯
(શ્રાવિકાશાળા ઘાંચી પોળ)
૯૧ નિર્મલા રતિલાલ શાહ અમદાવાદ (સા. પા.) ૪૮
૯૨ કંચન અંબાલાલ કાપડીઆ ખંભાત ૪૮
૯૩ શાંતા ભુધરભાઈ કરાંચી ૪૮
૯૪ કમળા અંબાલાલ જૈન લુણાવાડા ૪૮
૯૫ લીલાવતી મોતીચંદ જુન્નેર ૪૮
૯૬ શારદા ચીમનલાલ ડભોઇ ૪૭
૯૬ સવિતા ચંદુલાલ પેથાપુર ૪૭
૯૮ તારા રાયચંદ કઠોર ૪૭

૯૯ મંજુલા શાંતિલાલ શાહ કરાંચી ૪૭
૧૦૦ ઇંદિરા મંગલદાસ શાહ અમદાવાદ ૪૭
(સારંગપૂર તળીઆ પોળ)
૧૦૧ સુશીલા વાલચંદ વખારીઆ બારશી ૪૭
૧૦૨ પ્યારૂબાઇ મેઘરાજ બારશી ૪૭
૧૦૩ સવિતા ભોગીલાલ અમદાવાદ (દ. મ. શા.) ૪૭
૧૦૪ મંજુલા માણેકલાલ પાછીઆ અમદાવાદ ૪૭
(દ. મ. શા.)
૧૦૫ ચંપકલતા પોપટલાલ વલસાદ ૪૭
૧૦૬ સુંદર ગેલાચંદ વલસાડ ૪૭
૧૦૭ મધુબ્હેન મણીલાલ ડભોઈ ૪૬
૧૦૮ ઇંદુ લાલભાઇ પેથાપુર ૪૬
૧૦૯ પ્રભાવતી લાલભાઈ અમદાવાદ (દ. મ. શા.) ૪૬
૧૧૦ જસવંતી મગનલાલ (ઘોખીવાડ) વલસાડ ૪૬
૧૧૧ પ્રભાવંતી પાનાચંદ મહેતા કરાંચી ૪૬
૧૧૨ જ્યોત્સના હિંમતલાલ મરચન્ટ અમદાવાદ ૪૬
(સારંગપુર તળીઆ પોળ)
૧૧૩ સવિતા વાડીલાલ શાહ અમદાવાદ (શ્રા. શા.) ૪૬
૧૧૪ લીલાંવતી હરખચંદ બાફણા પૂના ૪૬
૧૧૫ ભાનુમતી ચીમનલાલ ઝવેરી સુરત ૪૬
(જૈ. ના. ઉ.)
૧૧૬ સુભદ્રા શંકરલાલ લુણાવાડા ૪૫
૧૧૭ શાંતા હરજીવન જૈન લુણાવાડા ૪૫
૧૧૮ સુમિત્રા ભીખાભાઈ અમદાવાદ ૪૫
(શ્રાવિકા શાળ ડોસીવાડા)
૧૧૯ ધનલક્ષ્મી છોટાલાલ અમદાવાદ (શ્રા. શા.) ૪૫
૧૨૦ વસુમતી ચીનુભાઇ ઝવેરી „ (ગં. જૈ. ક.) ૪૫
૧૨૧ સુશીલા વજેચંદ રેશમવાલા સુરત (છા. શે) ૪૫
૧૨૨ રમીલા નેમચંદ ઝવેરી સુરત (જૈ. ના. ઉ.) ૪૫
૧૨૩ સવિતા ભીખાલાલ છાણી ૪૫
૧૨૪ શાંતા ઉત્તમચંદ ઊંઝા ૪૫
૧૨૫ પદ્મા બાલુભાઇ ઝવેરી મુંબઇ (માં. જૈ. સ.) ૪૫
૧૨૬ સવિતા અમરચંદ દેશાઇ અમદા. (દ.મ.શા.) ૪૪
૧૨૭ શારદા અમૃતલાલ લુણાવાડા ૪૪
૧૨૮ લીલાવંતી પ્રાગજી મુંબઇ (માં જૈ. સ) ૪૪
૧૨૯ પદ્મા રતિલાલ ઝવેરી „ „ ૪૪
૧૩૦ કમુબ્હેન મગનલાલ વલસાડ ૪૪
૧૩૧ કુસુમ ડાહ્યાલાલ અમેરાજ કોઠારી પાલણપુર ૪૪
૧૩૨ લીલાવતી દેવશીભાઇ કરાંચી ૪૪
૧૩૩ સુશીલા રમણલાલ ઝવેરી અમદાવાદ ૪૪
(ગં. જૈ. ક.)
૧૩૪ કાંતા ભગવાનજી કરાંચી ૪૪
૧૩૫ રાજેમતી મોહનલાલ બારશી ૪૪
૧૩૬ સુશીલા મણીલાલ પૂના ૪૪
૧૩૭ કમળા ખેમચંદ કુબેરદાસ પાલણપુર ૪૩
૧૩૮ કુસુમ ચીમનલાલ શાહ સુરત ૪૩
(વનિતા વિશ્રામ)
૧૩૯ શારદા મોહનલાલ બોરસદ ૪૩
૧૪૦ પુષ્પા રાયચંદ બોરસદ ૪૩
૧૪૧ કલાવંતી ચીમનલાલ મુંબઇ (માં. જૈ. સ.) ૪૩

૧૪૨ નિર્મળા હીરાલાલ લુણાવાડા ૪૨
૧૪૩ શાંતા ચુનીલાલ ખંભાત ૪૨
૧૪૪ તારા વીરચંદ શાહ ચાણસ્મા ૪૨
૧૪૫ વિદ્યા મહાસુખરામ શાહ વડોદરા ૪૨
(લ. જૈ. પા.)
૧૪૬ શારદા નેમચંદ વડોદરા ૪૨
(લ જૈ. પા.)
૧૪૭ સુશીલા મણીલાલ ઉત્તમચંદ પાલણપુર ૪૧
૧૪૮ કમળા ખુશાલચંદ ગોદા કઠોર ૪૧
૧૪૯ લીલી દલીચંદ કઠોર ૪૧
૧૫૦ હીરા ફકીરચંદ ડભોઇ ૪૧
૧૫૧ તારા રતિલાલ અમદાવાદ (દ મ. શા.) ૪૦
૧૫૨ લીલાવંતી અમુલખભાઇ કરાંચી ૪૦
૧૫૩ ઉજમ ઝવેરચંદ શાહ સુરત (વનિતા વિ.) ૪૦
૧૫૪ સવિતા પ્રેમચંદ દોશી અમદાવાદ ૪૦
(દ. મ શા)
૧૫૫ ભાનુ મણીલાલ મુંબઇ (માં. જૈ. સ.) ૪૦
૧૫૬ પ્રભાવતી ત્રિભોવનદાસ ખંભાત ૪૦
૧૫૭ શાંતા હરજીવન શાહ કરાંચી ૪૦
૧૫૮ પ્રભા જેચંદ સુરત (છાપરીઆ શેરી) ૪૦
૧૫૯ સુશીલા ચમનલાલ નગીનદાસ પાલણપુર ૪૦
૧૬૦ કાંતા કસ્તુરદાસ પેથાપુર ૩૯
૧૬૧ કુસુમ ભીમાજી કઠોર ૩૯
૧૬૨ કંચન માણેકલાલ ઓરસદ ૩૯
૧૬૩ વસુમતિ ચીમનલાલ ડભોઇ ૩૮
૧૬૪ કુસુમ ઉજમશી શાહ સુરત (નવાપુરા) ૩૮
૧૬૫ નથનબાળા ઠાકોરદાસ ઝવેરી સુરત ૩૮
(છાપરીઆ શેરી)
૧૬૬ બચુબ્હેન વાડીલાલ અમદાવાદ ૩૮
(શ્રાવિકા શાળા)
૧૬૭ સુશીલા દલીચંદ કઠોર ૩૮
૧૬૮ કપીલા મૂળજી વડોદરા ૩૮
૧૬૯ વિદ્યા સકરચંદ શાહ અમદાવાદ ૩૮
(શ્રાવિકાશાળા)
૧૭૦ વિમળા ભીખાભાઇ શાહ અમદાવાદ ૩૭
(શ્રાવિકાશાળા)
૧૭૧ વીરમતી દયાચંદ કંસારા સુરત ૩૭
(જૈ. જ્ઞા. ઉ.)
૧૭૨ કુસુમ સકરચંદ અમદાવાદ (દ. મ. શા.) ૩૭
૧૭૩ વિમળા છોટાલાલ શાહ કરાંચી ૩૬
૧૭૪ લીલાવતી લાલચંદ કઠોર ૩૬
૧૭૫ પ્રભાબ્હેન હાથીભાઇ કકલચંદ પાલણપુર ૩૬
૧૭૬ સવિતા ચુનીલાલ શાહ વડોદરા ૩૬
૧૭૭ ભાનુમતિ પુનમચંદ શાહ અમદાવાદ ૩૬
(દ. મ. શા.)
૧૭૮ જશી માણેકલાલ ચાણસ્મા ૩૬
૧૭૯ તારાગૌરી છગનલાલ ગાંધી કરાંચી ૩૬
૧૮૦ જતન કુંવર અજમેર ૩૬
૧૮૧ સુભદ્રા લક્ષ્મીચંદ અમદાવાદ (દ મ. શા.) ૩૫
૧૮૨ ઇંદુમતિ ઉજમશી શાહ સુરત (નવાપુરા) ૩૫
૧૮૩ મોહનભાઇ પન્નાલાલ ગેલડા રતલામ ૩૫
૧૮૪ પ્રભાવતી મણીલાલ મહેતા કરાંચી ૩૫
૧૮૫ હંસા ભોગીલાલ જેસંગભાઇ અમદાવાદ ૩૪
(દ. મ. શા.)
૧૮૬ જયા અંબાલાલ શાહ વડોદરા ૩૩
૧૮૭ વિજયા હાકરશી કરાંચી ૩૩
૧૮૮ શાંતા સાકરચંદ ખંભાત ૩૩
૧૮૯ જસુદ ચુનીલાલ છાણી ૩૩
૧૯૦ કેશર બબાલાલ ઉંઝા ૩૩
૧૯૧ વિમળા જીવણલાલ શાહ અમદાવાદ ૩૩
(સારંગપુર)
૧૯૨ મેનાસુંદરી છોટાલાલ શાહ ડભોઇ ૩૩
૧૯૩ સુગન ગણુજી પોરવાલ રતલામ ૩૩

સ્ત્રી ધોરણ ૧—પરીક્ષિકા શ્રીમતી **ત્રિમલાબ્હેન બાલુભાઇ શાહ, માટુંગા.**

(કુલ બેઠી ૩૪, પાસ ૩૦ નાપાસ ૪)

નંબર	નામ	સેન્ટર	ગુણ	ઇનામ રૂા.
૧	કંચનબ્હેન ભગુભાઇ શાહ	અમદાવાદ (દ. મ. શા.)	૭૯	૧૨-૮-૦
૨	લીલાબ્હેન પિતાંબરદાસ મહેતા	પૂના	૭૯	૧૨-૮-૦
૩	શારદાબ્હેન શિવલાલ શાહ	અમદાવાદ (દ. મ. શા.)	૭૫	૮-૦-૦
૪	લીલાવંતી શંકરલાલ શાહ	પૂના	૭૨	૬-૦-૦
૫	લીલાવંતી રતનજી શાહ	મુંબઇ (માં. જૈ. સ.)	૬૮	૫-૦-૦
૬	પવિત્રા રૂપચંદ શાહ	સુરત (વનિતા વિ.)	૬૬	૪-૦-૦
૭	કાંતાબ્હેન ખીમચંદ ગાંધી	બનારસ	૬૫	૩-૦-૦
૮	હીરાબ્હેન ભોગીલાલ	અમદાવાદ (શ્રા. ઉ. શા.)	૬૪	૨-૮-૦
૯	સુનંદા હરગોવનદાસ	છાણી	૬૪	૨-૮-૦
૧૦	મંજુલા લાલભાઇ શાહ	અમદાવાદ	૬૩	૨-૦-૦
૧૧	શાંતા પુલચંદ શાહ	કરાંચી	૬૦	
૧૨	જેકોરબ્હેન દલપતભાઇ	ખંભાત	૬૦	
૧૩	જયાબ્હેન હડીસીંગ ઝવેરી	મુંબઇ (માં. જૈ. સ.)	૫૯	
૧૪	વસુમતિ દામજી શાહ	સુરત (વનિતા વિ.)	૫૯	
૧૫	હીરબાઇ નેણશી શાહ	બારશી	૫૭	
૧૬	સુભદ્રા ઉત્તમચંદ	ઉંઝા	૫૩	
૧૭	માણેકબ્હેન શંકરલાલ	લુણાવાડા	૫૨	
૧૮	સુમંતાબ્હેન બાબુલાલ શાહ	પૂના	૫૦	
૧૯	ચંદનબ્હેન મોહનલાલ શાહ	આમોદ	૪૯	
૨૦	શાંતા ચતુરદાસ	પૂના	૪૮	
૨૧	પુષ્પાવતી મણીલાલ શાહ	પૂના	૪૭	
૨૨	નિર્મળા અંબાલાલ	લુણાવાડા	૪૫	
૨૩	તારામતી ત્રીકમલાલ	અમદાવાદ (દ. મ. શા.)	૪૩	
૨૪	મંગલાગૌરી છોટાલાલ	આમોદ	૪૨	
૨૫	વિમળા સોમચંદ	ખંભાત	૩૮	
૨૬	પ્રભાવતી હીરાચંદ	આમોદ	૩૭	
૨૭	લીલીબ્હેન સોમચંદ	ખંભાત	૩૫	
૨૮	ચંદ્રમણી કલ્યાણદાસ	છાણી	૩૪	
૨૯	શારદા ગાંડાભાઇ	અમદાવાદ (દ. મ. શા.)	૩૩	
૩૦	વિમળા છોટાલાલ કસ્તુરચંદ	પાલણપુર	૩૩	

પુસ્તકોનું અવલોકન.

૧ સુભાષિત રત્ન ખંડ-સંગ્રાહક શ્રી રાજપાળ મ. વહોરા પ્રકાશક શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. (૦-૪-૦) ગુજરાતી કહેવતોની માફક વપરાતા અને કંઠે કરવા લાયક સંસ્કૃત વાક્યોનો યાને સુભાષિતોનો સંગ્રહ અને તે પણ ગુજરાતી અર્થ સહિત ઉગતી પ્રજા માટે અને ખાસ કરી વિદ્યાર્થી-ગણ માટે એક અગત્યની પુસ્તિકાની ગરજ સારે છે.

૨ સૂર્યપુરનો સુવર્ણયુગ-સંચયકાર કેશરીચંદ હીરાચંદ ઝવેરી. પ્રકાશક-શ્રી જૈન સાહિત્ય ફંડ, સુરત. (૧-૦-૦) સુરત શહેર સંબંધી આ બુકમાં સંપૂર્ણ ઇતિહાસ તો નથી છતાં જૈન ધર્મનું ગૌરવ સુચવતા કાર્યોનું બ્યાન, ચૈત્ય ને રચાયેલ સાહિત્ય સબંધી વર્ણન તેમજ પધારેલા મુનિ મહારાજો અને કહાડવામાં આવેલ સંઘો સબંધી બ્યાન અપાયેલું છે. સંચીત સામગ્રી કરતાં પણ શ્રીયુત્ મોહનલાલ દ. દેશાઇની લાંબી પ્રસ્તાવના સવિશેષ પ્રકાશ પાડે છે અને ઐતિહાસિક નજરે એનું મૂલ્ય સવિશેષ છે

૩ શ્રી જિન ઋદ્ધિસૂરિ જીવન પ્રભા-લે. ગુલાબમુનિ. શિષ્ય, ગુરૂ માટે લખવા બેસે ત્યારે ભકિત જોર કરેજ એટલે પ્રશંસાનો પારો ઉંચો ચઢે એમાં નવાઇ શી! એટલે એ દૃષ્ટિ ને ગચ્છવૃત્તિ બાજુ પર રાખતાં એમાંની એકજ વાત વધુ પ્રશંસનીય જણાઈ છે તે એજ કે સ્વર્ગસ્થ શ્રી મોહન-લાલજી મહારાજના પટ્ટધર શ્રી ઋદ્ધિસૂરિએ ખાસ કરી સુરત અને મુંબઇની આસપાસના પ્રદેશમાં સતત્ વિચરી, ધર્મ પ્રચારને સમાજ ઉન્નતિનું કાર્ય સુપ્રમાણમાં કર્યું છે.

૪ યુગ પ્રધાન શ્રી જિનચંદ્રસૂરિ-લેખક અગરચન્દ નાહટા, ભૈંવરલાલ નાહટા, (૧-૦-૦) હીંદી ભાષામાં લખાયેલ આ પુસ્તક ખરતરગચ્છમાં થયેલ પ્રભાવિક આચાર્ય મહારાજ શ્રી જિનચંદ્રસૂરિના કાર્યો પરત્વે વિસ્તૃત પ્રકાશ ફેંકે છે. સમ્રાટ અકબર શાહને જૈન ધર્મના સિદ્ધાંતો પ્રતિ વાળી, જીવદયાના તેમજ બીજા કાર્યો તેની માફક કરાવવામાં જેમ તપાગચ્છમાં શ્રી હીરવિજયસૂરિએ જે અગત્યનો ભાગ ભજવ્યો છે તેમ ખરતરગચ્છમાં શ્રી જિન-ચંદ્રસૂરિએ ભજવ્યો છે. 'સૂરિશ્વર અને સમ્રાટ' મફક આ પુસ્તકમાં સંખ્યાબંધ ઐતિહાસિક પુરાવા સંગ્રહેલાં છે. પ્રસ્તાવના કે જે સાક્ષર મોહનલાલ દલીચંદ દેશાઇના હસ્તે લખાયેલી છે તે એ વાતની સાક્ષી પુરે છે. એક બે સ્થાને તપા અને ખરતર વચ્ચે ચાલેલા જુદા જુદા મંતવ્યો જુના રાસા પરથી ટાંગવામાં આવેલ છે અગર ગળે ન ઉતરે તેવું લખાણ શ્રી હીરવિજયસૂરિ માટે લખાયેલ છે તે આવા મહત્વના ગ્રંથમાં ન લેવાયું હોત તો ઠીક થાત. આજનો યુગ ગચ્છોમાં તડા વધારવાનો નહિં પણ એક બીજાને નજીક લાવવાનો છે અને ભૂતકાળની એવી વાતોને ભૂલી જવાનો છે એ વાત સતત્ દ્રષ્ટિ સન્મુખ રાખવી ઘટે.

૫ દીવાલી પર્વ અને આપણું કર્ત્તવ્ય-મુનિશ્રી કનકવિજયજીએ 'માંગરોળ મેન્શન' માં આપેલ જાહેર વ્યાખ્યાન ને શ્રી. લાલજી કેશવજી ચીનાઇ તરફથી લઘુ પુસ્તિકા રૂપે પ્રગટ કરવામાં આવેલ છે. લક્ષ્મીપૂજન વહીપૂજન અને દીવા કરવા રૂપ. કરણીઓ જે દીવાલીના દિનોમાં મહત્વનો ભાગ ભજવે છે એ પ્રતિ જૈન ધર્મી આત્માની નજર કેવા પ્રકારની હોવી જોઇએ અને ધન્નાશાલિભદ્રની ઋદ્ધિ આદિ વાક્યો લખતી વેળા કેવી ભાવના રાખવી જોઇએ તેનો ઠીક ખ્યાલ આપી ચાલતી મિથ્યાત્વ યુક્ત પ્રથા પર પ્રકાશ ફેંકવામાં આવેલ છે.

—ચોકસી.

નવી પાઠશાળા.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફના પરીક્ષક વાડીલાલ મગનલાલ બરવાળા આવ્યા. અત્રે પાઠશાળા ન હોવાથી તે સ્થાપવાનો પ્રયાસ કર્યો અને મુનિ નીતિવિજયજી મહારાજના નેતૃત્વ નીચે તા૦ ૪-૧-૪૦ ના તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના નિભાવ માટે રૂા૦ ૧૨૫) નું ફંડ થયું હતું.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ઠ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**

૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ સૂક્ષ્મ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-**શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.**

૨૦, પાયધુની, **મુંબઇ, ૩.**

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:–"હિંદસંઘ"–"HINDSANGHA." Regd. No. B 1906

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રી:–મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:–રૂપીઆ બે. છુટક નકલ:–દોઢ આના.

નવું વર્ષ ૮ મું. | શુક્રવાર તા૦ ૧૬ મી ફેબ્રુઆરી ૧૯૪૦ | અંક ૬ ઠો.

બેકારીનું કારણ.

"હિન્દુસ્તાનના હાથમાં હુનર જેવી વસ્તુ શું રહી છે? અને વ્યાપાર એ પ્રજાના હાથમાં હોવો જોઇએ. જ્યારે રાજા વેપારી હોય, તો પ્રજા ભિખારી બને એ સ્પષ્ટ છે. બેકારીનો પ્રશ્ન હલ કરવો હોય તો ઘરમાંથી જ એનો સુધારો કરવાની કોશિષ કરવી જોઇએ. ૨૦૦ રૂપિયાનો પગારદાર માણસ પણ ચાર પાંચ માણસનું કુટુમ્બ નથી નભાવી શકતો. અને બુમો મારે છે. કારણ એ છે કે એના ઘરમાં ફિજુલ ખર્ચનો પાર નથી. એક મજૂરનું આખું કુટુંબ મજુરી કરીને બે ત્રણ રૂપિયા પેદા કરતું હોય, અને ઘરમાં છાશ–રોટલો ખાતું હોય, છતાં ભૂખની બૂમ મારે. કારણ એ કે એવો મજુર ચા, બીડી, પાન, દારૂ અને નાટક સીનેમાની પાછળ કેટલો બધો ખર્ચ કરે છે? આપણી માતાઓ અને બ્હેનો દળવાનું, ખાંડવાનું, સીવવાનું, ભરવાનું વિગેરે કામ કરતી, જ્યારે આજે એ બધા કામોને માટે એક ગરીબમાં ગરીબને પણ પૈસા ખરચવા સિવાય વાત નથી. જરા ઉંડા ઉતરીને જોઇએ તો જીંદગીની શરૂઆતમાંથીજ બેકારીપણાનું જીવન ઘડાઈ રહ્યું છે. સ્કૂલમાં શિક્ષણ શરૂ થાય છે ત્યારથી જ બેકારી શરૂ થાય છે. શિક્ષણ પુરૂં થાય છે ત્યાં સુધીમાં તો બાપના હજારો રૂપિયા ખર્ચ કરાવી છોકરાએ બાવો બનાવી દીધો હોય છે, ગ્રેજ્યુએટ થઇને બહાર નિકળ્યા પછી એ પચ્ચીસ વર્ષના યુવકનું પોતાનો પેટનું પાશેર અન્ન પેદા કરવાની શક્તિ નથી હોતી. જ્યારે બૂટ–શૂટમાં અને નેકટાઇ કોલરમાં ફેશનેબલ બન્યા વગર રહેવાતું નથી. આજના શિક્ષિતોની દશાનું વર્ણન કરતાં એક કવિ કહે છે:—

"ન સરકારમેં કામ પાનેકે કાબિલ,
ન દરબારમેં લબ હિલાનેકે કાબિલ;
ન જંગલમેં રેબડ ચલાનેકે કાબિલ,
ન બાજારમેં બોઝ ઉઠાનેકે કાબિલ;
ન પઢતે તો, સૌ તરહ બાતે કમાકર,
વહ બોયે ગયે અૌર તાલીમ પાકર."

અત્યારનું શિક્ષણ લેનારાઓની આ દશા છે!

"દેશની દારિદ્રતાનું મૂખ્ય કારણ કમાવનાર કરતાં ખાનારની સંખ્યા કઇ ગુણી વધારે છે, તે પણ છે. દરિદ્રતાને દૂર કરવાને બીજા જે ઉપાયો લઇએ, તેની સાથે આ ઉપાય લેવાની ખાસ જરૂર છે કે જીવનના ઘડતરની શરૂઆતથીજ જીવનનું સાધન મેળવવા ફિજૂલ ખર્ચથી દૂર રહેવું.

—મારી સિંધ યાત્રા.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૨-૪૦. શુક્રવાર.

વર્તમાનસ્થિતિ કેવી છે?

ગયા અંકમાં ઉપાસક વર્ગનો ગૌરવવંત ભૂતકાળ નિહાળ્યો. એની સરખામણીમાં વર્તમાનકાળ જરૂર લુખો અને દુઃખકર જણાવાનો. 'નવકારનો ગણનાર દુઃખી નજ હોય' એ એક કાળે સાચુ હતું. કારણ કે ધર્મ અને એના અનુયાયી પ્રત્યે સંપૂર્ણ પ્રેમભાવથી જોનારાનો ટોટો નહોતો. જૈનધર્મે સ્વધર્મી બંધુત્વના સગપણને એટલું ભારે વજન આપ્યું છે કે જેથી એની તુલનામાં અન્ય કોઇ સંબંધ ટકી શકે જ નહિં. ભૂતકાળે શ્રદ્ધા-સંપન્ન વર્ગ સવિશેષ હોવાથી, સ્વધર્મીભાઇ પ્રત્યેનું ઋણ અદા કરવાની વૃત્તિ પૂર્ણપણે ખીલી હતી; અને એજ સાચું સાધર્મીવાત્સલ્ય હતું. એની સાબિતીરૂપે સંખ્યા-બંધ ઉદાહરણ રજુ કરી શકાય.

આજની માફક એક સ્થાનેથી બીજે સ્થાને જવાના અથવા તો ગણત્રીના કલાકમાં સારોયે ભારતવર્ષ ખુંદી નાંખવાના સાધનો ન હોવા છતાં ભિન્ન ભિન્ન પ્રદેશવર્તી સંઘોમાં સળંગ સૂત્રરૂપે ગાંઠનારી જો કોઇ ચીજ હતી તો તે સાધર્મીભાઇના નાતાની જ. અલબત એને જીવંત રાખવાનું કાર્ય શ્રમણ સંસ્થા કરતી. એ વાતથી કોણ અજાણ્યું છે કે 'શાહ' બિરૂદની સત્યતા પુરવાર કરી બતાવવા કટિબદ્ધ થનાર સંઘના મોવડીઓને અણધારી મદદથી નવાજી દેનાર હડાલાનો બીમો દેદરાણી કેવળ સ્વામીભાઇના સગપણથી જ પ્રાપ્ત થયો હતો.

પણ આજે એ ભાવ અને એ શ્રદ્ધાના સ્વપ્ના સેવવા રહ્યાં છે. જે કંઇ છુટા છવાયા દેખાય છે તે વિસ્તૃત આકાશ પ્રદેશમાં દૂર દૂર પ્રકાશી રહેલાં તારલીયા સમા છે. જૈન સમાજમાં પરાપૂર્વથી જે ઉમદા સંસ્કાર પોષાતા આવે છે અને જૈનધર્મના ગર્ભમાં એ માટે જે સુંદર ભૂમિકા બાંધવામાં આવી છે એ જોતાં જૈનધર્મનો અનુ-યાયી બેકાર હોય એ સંભવેજ નહિં. પણ આજે બેકારી રૂપી ડાકણ ચક્ષુ સામે ડાચુ ફાડી બડી છે એટલે ક્યાં તો આપણે અર્થાત્ અત્યારના જૈનો ધર્મનું સાચુ હાર્દ સમજ્યા નથી અથવા તો એ સમજણ પાછળ જે ભોગ ધરવો ઘટે તે ધરી શકયા નથી એમ બિન સંકોચે કબુલવું જ રહ્યું.

એક તરફ ભૂતકાળ કરતાં વર્તમાનકાળની સગવડો અતિ ઘણી છે. ઓછા સમયમાં વિશાળ પ્રદેશ ખુંદી શકાય તેવી સાનુકુળતાઓ છે ત્યારે કોણ જાણે કેમ આપણને આપણા જ પુરોગામીઓએ જે ઉમદા ભાવ સેવ્યો હતો અને જે ઉદારવૃત્તિના દર્શન કરાવ્યા હતા તેનો સાચો ખ્યાલ આવતો જ નથી. આજે પણ ધર્મ-બુદ્ધિથી ધન દેવાય છે. ટીપ લઈ આવનાર સામાન્ય રીતે નિરાશ હૃદયે પાછો નથી ફરતો પણ દેશકાળને અનુરૂપ જે સંગઠનની જમાવટ કરવી જોઇએ તે કયાં દ્રષ્ટિ ગોચર થાય છે? જે નિમિત્તે ધન ખરચાયું કે દાન દેવાયું એ કાર્ય પૂર્ણતાને વર્યું કે નહીં એની કોણ ભાળ કહાડે છે? ભૂતકાળે પ્રત્યેક શહેરી સંઘોની સ્થિતિ સમૃદ્ધ હોવાથી એ પોતાની આસપાસના પ્રદેશ સમાલી લેતા-લાંબી નજર કરવાની અગત્ય નહોતી. આજે એ સ્થિતિ પલટાઇ ગઇ હોવાથી દૂર દ્રષ્ટિ ફેંકયા વિના ચાલે તેમ નથી. સાધનોએ અંતર ઘટાડયું છે એટલે એનો લાભ લઇ સંગઠન વધુ દ્રઢ બનાવવાની અગત્ય છે.

અમદાવાદે પંજાબ-બેંગાલ કે મદ્રાસને વીસરવાના નથી જ. જૈનધર્મનો વિજયધ્વજ સાચા સ્વરૂપમાં ઉડતો રાખવાના પિપાસુએ ભારતવર્ષના પ્રત્યેક ખુણામાં દ્રષ્ટિપાત કરવો જોઇશે. કેવળ ગુજરાતના બે પાંચ મોટા શહેરો પર નજર નાંખી જવાથી જૈન સમાજની ગૌરવ ગાથા ગાવા માંડશે તો અવશ્ય એ પાછો પડશે; કારણ કે બીજા સંખ્યાબંધ સ્થાનોનો કરૂણાજનક ચિતાર પેલી ગાથાઓનું માધુર્ય વીણસાડી દેશે.

કેવળ ગુજરાતના ધર્મ પ્રભાવનાના કાર્યોની નોંધ લીધા કરીશું કે બડા થતાં રંગ બેરંગી મંદિરોની પ્રશસ્તિ વિચાર્યા કરીશું તો જેણે ઐતિહાસિક મહત્તા પ્રાપ્ત થઇ છે અને ગૌરવના અભિષેક માટે જેનો હક્ક પ્રથમ છે એવા પૂર્વ પ્રદેશના તીર્થો-દેવાલયો અને ઉપા-સક વૃંદની સ્થિતિ પ્રતિ મીટ કોણ માંડશે? ગિરનારની ભૂમિને બાદ કરીયે તો મુંબઇ ઇલાકામાં અન્ય કોઇ કલ્યાણક ભૂમિ છે બરી? સાહિત્યના પાના ફેરવીએ તો શિલાલેખો પ્રતિ નેત્રો ઢાળીયે તો જેટલો પૂર્વ પ્રદેશનો પ્રાચીન ને શૃંખલાબદ્ધ ઇતિહાસ મળી આવે છે એટલો આ પ્રદેશનો નથી મળતો. આ બધી વાતો યાદ કરવાનું કારણ એકજ છે કે આપણી દ્રષ્ટિને વિશાળ બનાવવાનો સમય આવી ચુકયો છે. ભૂતકાળના સંભારણા વર્તમાન સમયની તંદ્રા ઉરાડવા સારૂ છે. એમાંથી કટિબદ્ધ થઇ ઉદ્યમશીળ થવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે એટલા સારૂ તે કીંમતી છે. કેવલ વારંવાર એને વાગોળી જવાથી કંઇજ અર્થ સરે તેમ નથી.

આર્થિક, સામાજીક અને રાજકીય અથવા તો શારી-રિક કે માનસિક કોઇપણ દ્રષ્ટિએ જોઇશું તો આપણું ત્રાજવું નમતું નહીં જણાય. ઉધાર પાસુ જ મોટું દેખાશે. એ પાછળના કારણોનો અભ્યાસ કરી સમતોલતા આણવા સારૂ પ્રયાસ કરવાની જરૂર છે. એની શરૂઆત શ્રાવક ક્ષેત્રથી જ કરવી ઇષ્ટ છે.

≠ નોંધ અને ચર્ચા. ≠

'જૈન યુગ' સામે તહોમતનામું!

'પ્રબુદ્ધ જૈન' અંક ૧૬ માં શ્રી પરમાણંદભાઇ 'અમદાવાદ દીક્ષા પ્રકરણ'વાળી નોંધ સંબંધમાં લંબાણ ટીકા રજુ કરે છે. જૈન યુગ સમિતિ મધ્યમ માર્ગે કાર્ય લેવાના વિચાર ધરાવનારી હોવાથી કયાંતો તદ્દન જુનવાણી માનસ ધારી–અથવા તો અતિ નવમતવાદીવર્ગની એ સામે રાતી આંખ હોય એ સંભવિત છે એટલે એની ચર્ચામાં ઉતરવાનું ફિજુલ છે પણ આ વિદ્વાન્ મિત્રે કેટલીક વાતો એવી રીતે રજુ કરી છે કે જે અવશ્ય વિચારણા માંગે છે.

શરૂઆતમાં શ્રી કપાસીએ પોતાના સળંગ લખાણમાંથી અમુક લીંટીઓ ઉચકી ખોટો ઉહાપોહ પ્રગટાવ્યો છે એમ પુરવાર કરતાં કહે છે કે 'મારૂં લખાણ કુમળી વયના છોકરા છોકરીને દીક્ષા આપવા સામે છે.' એ ચર્ચામાં ઉતરવું અત્રે અપ્રસ્તુત છે. બાકી 'કુમળી વય' શબ્દજ શંકાઓના વમળ પેદા કરે તેવો છે એટલું ભાઇશ્રી જરૂર ધ્યાનમાં લ્યે.

પછી છાપાવાળાઓનો બીજો પ્રપંચ વર્ણવે છે, ને કહે છે કે–તથ્યાતથ્યની જરા પણ દરકાર વિના લેખને અવતરિત કરવા અને એ પર મનગમતી ટીકા કરવી એ એની વ્યાખ્યા છે. એમ કહી 'જો આ સાચું હોય' વાળું અમારૂં લખાણ પણ એ કક્ષામાં આવેછે એમ જણાવી અમને એ કક્ષામાં મૂકે છે. એ વેળા બંન્ને એકજ સંસ્થાના સાથી અધિકારી હોઈએ તેથી લખતાં પહેલાં પૂછવું હતું અથવા તો એ માટે 'નવ-સૌરાષ્ટ્ર' જોવું હતું એમ શિખામણ આપે છે. એ વાત સાચી છે. બરી પદ્ધતિ તો એજ છે એની પણ ના નથી. છતાં કહેવા જેટલી અમલમાં મુકવી એ સુલભ નથી. ખુદ લેખક પણ અમારી સાથે એ વાતમાં સંમત થશે. જરૂર પડયે દાખલો ટાંકી પુરવાર કરી શકાય તેમ છે કે ખુદ લેખક પોતે એ ચીલે ચાલી શકયા નથી. એમ થયું હોત તો જૈન સમાજમાં વર્તમાન વિષમ સ્થિતિ જોવાનો સમય આવતેજ નહીં.

એ પછી જુનો એક પ્રસંગ ટાંકે છે. એના ખુલાસા તરિકે મેં જે કહ્યું હતું તેને હજુ પણ વળગી રહું છું. 'એક તરફ સ્વયંસેવક મંડળના વિરોધ કરાવને ટેકો આપવો ને બીજી તરફ એ કરાવ ભૂલ ભર્યો લખવો' એ મારા વિદ્વાન્ મિત્રની વલણ કદાચ નયવાદની દ્રષ્ટિયે સાચી હશે પણ વ્યવહારૂ બુદ્ધિએ મને નથી સમજાતી.

'આમ સત્યથી વેગળા દોડવાની તેમજ પ્રતિપક્ષી વિચારકો સંબંધમાં લખવા જતાં સભ્યતા કે ઔચિત્યની મર્યાદા ઓળંગવાની રીત જૈન યુગના તંત્રીને ન છાજે. કોન્ફરન્સનુ ધ્યેય ભિન્ન ભિન્ન મત ધરાવનાર અનેક વ્યક્તિઓને તેમજ વર્ગોને એકત્ર કરવાનું છે. એના મુખપત્રમાં એવી એક પંણ વાત ન આવવી જોઇએ કે જે સત્યથી વેગળી હોય અને જે સૌને ઇષ્ટ એકીકરણની વિરોધી હોય.'

ઉપરના આ ભાગને હું તહોમતનામું માનુ છું. જૈન યુગ જે સંસ્થાનું પત્ર છે એ સંસ્થાના ઉદ્દેશ તે મોભો નજર સામે રાખીનેજ જે કંઈ લખવું પડે છે તે બને તેટલી સાદી ભાષામાં લખુ છું. અમદાવાદથી એક ભાઇનો પત્ર મળે એ વાતનો ઇશારો કરવો કે ત્યાંની સભાનો હેવાલ મળે એની નોંધ લેવી એમાં ઔચિત્ય ભંગ કયાં થયો? કોન્ફરન્સ જો અખિલ જૈન સમાજની છે તો એમાં તેઓ આવી જતા નથી? એ સભાના હેવાલમાં યુવક સંઘની પ્રવૃત્તિને કોન્ફરન્સ સાથે જોડતી દીધી હોય તો એની ચોખવટ કરી 'તલને ગોળ' જુદા દેખાડવાનો ધર્મ શું 'જૈન યુગ'નો નથી? એમાં સત્યથી વેગળું શું છે? એમાં એકીકરણને વિરોધ કયાં આવે છે? જેમ એ હેવાલને સ્થાન આપ્યું તેમ એ સામે જે વર્ગને કહેવાનુ હોય તેને જો સ્થાન ન અપાય તો જરૂર ભૂલ ગણાય. બાકી કોન્ફરન્સની સ્થિતિ સ્પષ્ટ કરવી એ ફરજ શું અમારી નથી! જે પ્રવૃત્તિમાં કોન્ફરન્સ માનતી પણ ન હોય, જેમાં શાસ્ત્રીય નજરે ખુલ્લો ભંગ જણાતો હોય, જે પ્રવૃત્તિ માત્ર કોન્ફરન્સ-માંના અમુક ભાઇઓના વિચારનો પડઘો પાડતી હોય, તે પ્રવૃત્તિ સારીયે સંસ્થાના નામે ચડાવાતી હોય તો એ અસત્ય દૂર કરવાની ફરજ 'જૈન યુગ' ની નથી? એમાં મર્યાદા ભંગ કયાં થયો છે? વિદ્વાન્ મિત્ર છેલ્લા પેરામાં જણાવે છે કે—'આજના યુવકો અને યુવક પ્રવૃત્તિ સામે કેટલીક ટીકાઓ છે.....તંત્રી મહાશયને કહેવતોનો ઠીક ઠીક શોખ લાગે છે.....પોતાના કથનને માર્મિક બનાવવા માટે આવી કહેવતોનો ઉપયોગ કરવો...કહેવતો ઘણીવાર અણીદાર જેરી શસ્ત્રનુ કામ સારે છે.'

મારે શ્રીયુત્ પરમાણંદભાઇના વિચારો સાથે મતભેદ છે અને તે સકારણ છે; પણ તેથી મન ભેદ નથીજ. તેમના અમુક ગુણનો હું ચુસ્ત પ્રશંસક છું. વ્યક્તિગત ટીકા કરવાની મારી ઇચ્છા પણ ન હોય એ એક કરતાં વધુ વાર પુરવાર થયેલ છે. તો પછી જે કહેવતોને એ માર્મિકને જેરી શસ્ત્રની ઉપમા આપે છે એને મૂળ લખાણથી છૂટી ન પાડતાં સાથે રાખીને વાંચે, એ પાછળ રહેલો સરખામણી કરવાનો મુદ્દો ધ્યાનમાં લ્યે અને ઘડીભર એના લખનારને ભૂલી જાય તો–સહજ સાચી વાત સમજશે. આજે જેને તેઓ ટીકાકાર માને છે તે યુવક પ્રવૃત્તિની શરૂઆતથીજ નહિં પણ એના ભાવનગરમાં થયેલ પ્રથમ મંગળાચરણથી જોડાયેલ અદનો સભ્ય છે. છેલ્લા રાજીનામા પૂર્વની લગભગ યુવક સંઘની પ્રત્યેક કાર્યવાહીમાં એણે ભાગ લીધો છે લગભગ દાયકા ઉપરાંતના વર્ષોની ચડતી પડતી એની નજર સામે આજે પણ રમી રહી છે. હજુ પણ એ યુવક છે અને એ પ્રવૃત્તિના સાચા રૂપનો ચાહક છે. જે પ્રવૃત્તિનો એ અનુયાયી હતો તેનુ આજનુ સ્વરૂપ દુઃખકારક લાગતું હોવાથીજ એ માટે લખવા પ્રેરાયો છે. એ માટે એની પાસે સંગીન પુરાવા છે. જો આ ભાવથી લખાણ જોવાશે તો એ ટીકારૂપ નહિં પણ છુટા પડેલા એક મિત્રના આંતરિક ઉદ્ગાર રૂપ લેખાશે.

વિદ્વાન્ મિત્રની છેલ્લી લીંટીઓ ખરેખર આશ્ચર્ય પમાડે છે!

'જ્યારે એક પત્ર જે સંસ્થાનુ પોતે મુખપત્ર હોવાનો દાવો કરતું હોય તે સંસ્થાનેજ ઘાતક લખાણ લખવા તરફ ઢળતું દેખાય ત્યારે આપણને કેવળ દુઃખજ થાય.....આટલું તે સંસ્થાના સુત્રધારોને સુચવવું અસ્થાને નહિ ગણાય.'

જૈન યુગની કઈ નીતિથી સંસ્થા ઘવાય છે એ જણાવ્યા વગર કેવલ પોતાને અમુક વાત રૂચતી ન આવે એટલા સારૂ ઉપરની લીંટીઓ લખી નાંખવી એ પૂર્વે જે જાતની શિખામણ આપી તેને અનુરૂપ છે ખરી? એક તરફ કહેવું કે સહકાર્યકર હોવાથી પૂછીને ખુલાસો મેળવીને લખવું જ્યારે બીજી તરફ પોતે એવીજ જાતનું ચિત્રણ કરતાં પૂર્વે પોતાની શિખામણનો જરા સરખો અમલ પણ ન કરવો! આ તે સંસ્થાના સુત્રધારોને સુચના છે કે નિર્ણિત કરેલ અભિપ્રાય છે?

———

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પરીક્ષાના પરિણામો.

બોર્ડ તરફથી ગત્ તા૦ ૨૪ ડિસેમ્બર ૧૯૩૯ ના રોજ લેવામાં આવેલ **શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ** અને **અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામો આ નીચે આપવામાં આવે છે.

(ગતાંકથી આગળ)

પુરૂષ ધોરણ ૨—પરીક્ષકઃ શ્રી **મોહનલાલ દીપચંદ ચોકસી,** મુંબઇ.

(કુલ બેઠા ૨૪, પાસ ૧૬–નાપાસ ૮)

નંબર.	નામ.	સેન્ટર.	ગુણ.	ઇનામ
૧	શાંતિલાલ ચીમનલાલ શાહ	અમદાવાદ	૫૫	રૂા. ૧૫)
૨	જસવંતલાલ પરશોતમદાસ વાયવાલા	,,	૫૪	રૂા. ૧૨)
૩	અંબાલાલ પુનમચંદ શાહ	ચાણસ્મા	૫૩	રૂા. ૯)
૪	મણીલાલ પુરશોતમદાસ દેવસી	ભાવનગર	૫૨	રૂા. ૬)
૫	અમૃતલાલ મણીલાલ મહેતા	અમદાવાદ	૪૭	
		(જૈ. શ્વે. મૂ. બો)		
૬	મોહનલાલ છોટાલાલ શાહ	બોરસદ	૪૭	
૭	મણીલાલ ચુનીલાલ મહેતા	સાંગલી	૪૪	
૮	ખીમચંદ ચુનીલાલ શાહ	પાદરા	૪૩	
૯	જયસિંગભાઇ મણિલાલ શાહ	પાદરા	૪૩	
૧૦	બાબુલાલ રામચંદ ગાંધી	પાલીતાણા	(ય ગુ)	૪૨
૧૧	વીરચંદ કેસરીચંદ શાહ	સુરત	(જૈ. બો.)	૪૧
૧૨	દુલેરાય પ્રભુલાલ માટલીયા	ભાવનગર		૪૦
૧૩	ચંપકલાલ જેકણદાસ શાહ	સુરત		૪૦
		(જૈ. વિ. આ.)		
૧૪	મનસુખલાલ અમૃતલાલ દોશી	ભાવનગર		૩૮
૧૫	મોહનલાલ ગુજરાણી	ભોપાલગઢ		૩૭
૧૬	ધરમચંદ દીપચંદ દેશાઇ	અમદાવાદ		૩૪
		(જૈ. મુ. બો.)		

પુરૂષ ધોરણ ૨ અંગે પરીક્ષક તરફથી રિપોર્ટ.

વિદ્યાર્થીના પ્રશ્ન પત્રોમાંના લગભગ ચારેકમાં પાનાની પાછળના ભાગમાં લખાણ કર્યું છે અને એક બંધુએ પેન્સીલથીજ ઉત્તરો આપ્યા છે. જો કે મેં એ સર્વ તપાસમાં લીધેલ છે છતાં બીજી વખત આમ ન થવું જોઇએ. એ ઉપરાંત પ્રત્યેક વિદ્યાર્થીએ નોટ પરની સુચનાઓ લક્ષમા લેવાની જરૂર છે. વળી દરેક સવાલ લખતાં પૂર્વે કાળજીથી વાંચી જવાની જરૂર છે. પ્રશ્નમાં શું માંગેલ છે તેમજ એ સામે માર્ક કેટલા છે એ તરફ ખાસ ધ્યાન આપવું જરૂરી છે. કેટલાકે નજીવા માર્કના સવાલ પાછળ પાના ભર્યા છે ને સમય ગુમાવ્યો છે તે એમ કરવાથી જરૂર બચી જાત. મૌલિક ગાથાઓ સામે કોઇ કોઇ વિદ્યાર્થીએ નોટ લખી છે છતાં એટલું તો ચોક્કસ છે કે ગાથા ન આવડે તો પણ એનો ભાવાર્થ તો અવશ્ય લખવો ઘટે–કેવળ અભ્યાસક્રમની કલમ ટાંકવી એનો કંઇજ અર્થ નથી.

લી૦

મોહનલાલ દીપચંદ ચોકસી.

પુરૂષ ધોરણ ૫ વિભાગ ૧ 'ક' ખંડ પરીક્ષકઃ પંડીત **શ્રી દલસુખભાઇ ડાહ્યાભાઇ માલવાણિયા,** બનારસ.

(બેઠા ૨–પાસ ૨)

૧	શોભાચંદ્ર જૈન	છોટીસાદડી ૪૫
૨	કલ્યાણચંદ્ર નાગોરી	છોટીસાદડી ૪૨

પુરૂષ ધોરણ ૫ વિભાગ ૧ 'ख' ખંડ પરીક્ષકઃ પંડીત **દલસુખભાઇ ડા. માલવાણિયા,** બનારસ.

(બેઠા ૨–પાસ ૨)

૧	કન્હૈયાલાલ દક	છોટીસાદડી ૪૪
૨	રત્નકુમાર જૈન	છોટીસાદડી ૪૧

પુરૂષ ધોરણ ૪ પરીક્ષકઃ પંડિત **મુશાલદાસ જે. કરગથલા.** મુંબઇ

(બેઠા ૧)

૧	જીવણલાલ પોપટલાલ પાટણકર	વરકાણા ૪૦

સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૩ (અધ્યાત્મ વિષય) પરીક્ષકઃ શ્રી **ભોગીલાલ અમૃતલાલ ઝવેરી,** બી. એ; એલ એલ, બી; એડવોકેટ, મુંબઇ.

(બેઠા ૧)

૧	ઈંદુમતી ચંપકલાલ મહેતા	અમદાવાદ	૬૫	રૂા. ૨૦)
		(દ. મ. મા.)		

કન્યા ધોરણ ૨ પરીક્ષકઃ શ્રી **નરોતમદાસ નગીનદાસ શાહ,** મુંબઇ.

નંબર.	નામ.	સેન્ટર.	ગુણ.	ઇનામ રૂા.
૧	સવિતા મોહનલાલ શાહ	અમદાવાદ (દ.મ.શા.)	૮૪	૧૦–૦–૦
૨	સુમન પરશોત્તમદાસ વાયવાલા	,, (શ્રા.ઉ.શા.)	૮૩	૮–૦–૦
૩	વનલક્ષ્મી જેસંગભાઇ શાહ	,,(શ્રાવિકા શા.)	૮૨	૬–૦–૦
૪	શાંતા ચુનીલાલ	ડભોઇ	૭૯	૫–૦–૦
૫	રમિલા ઝવેરચંદ ઝવેરી	સુરત (જૈ. ન્યા. ઉ.)	૭૮	૪–૦–૦
૬	મધુ ત્રિભોવનભાઇ	ડભોઇ	૭૭	૨–૮–૦
૭	પ્રભાવતિ ભોગીલાલ શાહ	અમદા.(શ્રા ઉ.શા.)	૭૭	૨–૮–૦
૮	શાંતા જેઠાભાઇ	સમૌ	૭૫	૨–૦–૦
૯	કળાવતી ચિમનલાલ શાહ	સુરત (વનિતા વિ)	૭૪	૧–૦–૦
૧૦	કંચન હિંમતલાલ શાહ	સુરત (જૈ. ન્યા. ઉ.)	૭૩	૧–૦–૦
૧૧	સુમતિ કેશવલાલ	સમૌ	૬૯	૧–૦–૦
૧૨	સુમતિ બાબુભાઇ કંસારા	સુરત (જૈ. ન્યા. ઉ.)	૬૯	૧–૦–૦
૧૩	મંજુલા મગનલાલ ઝવેરી	સુરત ,,	૬૫	
૧૪	પ્રભાવતિ કેશવલાલ શાહ	અમદાવાદ	૬૫	
		(દ. મ. શા.)		
૧૫	હીરા માણેકલાલ શાહ	અમદાવાદ (દ.મ.શા.)	૬૪	
૧૬	મધુ ત્રિકમલાલ	છાણી	૬૪	
૧૭	વિમલા દલસુખભાઇ	છાણી	૬૩	
૧૮	કમુ છોટુભાઇ ઝવેરી	સુરત (જૈ. ન્યા. ઉ.)	૬૧	
૧૯	શ્રી કુંવર નેમચંદ બલદોટા	બારશી	૬૧	
૨૦	શાંતા ચંદુલાલ	ડભોઇ	૬૧	
૨૧	વિમલા ભીખાભાઇ	છાણી	૬૧	
૨૨	સુશીલા મણિલાલ	અમદાવાદ	૫૮	
		(શાહપુર શ્રા. શા.)		
૨૩	કમળા પરશોત્તમ	મુંબઇ (માં. જૈ. સ.)	૫૭	
૨૪	સુમિત્રા અનુભાઇ ગોળવાલા	અમદાવાદ	૫૭	
		(દ. મ. શા.)		

(અનુસંધાન પૃ. ૮ ઉપર)

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

નવી કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિની ચુંટણી અને આગામી વસ્તી ગણત્રી અંગે નિર્ણય.

— સમાજમાં ઐક્ય સ્થાપવાના પ્રયાસો. —

કૉન્ફરન્સ કાર્યવાહી સમિતિની સભા તા. ૪–૨–૪૦ ના રોજ **રા. ચીમનલાલ નેમચંદ શ્રોફ** એમ. બી. બી. એસ; ડી. ઓ. એમ. એસ. ના પ્રમુખપણા હેઠળ મળી હતી જે સમયે શેઠ અમરચંદ ઘેલાભાઇ અને શેઠ ગિરધરલાલ આણંદજીના અવસાન બદલ નીચે પ્રમાણે શોક પ્રદર્શિત કરનાર ઠરાવ પસાર થયો હતો.

"કૉન્ફરન્સના કાર્યમાં સક્રિય ભાગ લેનાર અને પરમ સહાનુભૂતિ ધરાવનાર ભાવનગર નિવાની **શેઠ અમરચંદ ઘેલાભાઇ ગાંધી** અને **શેઠ ગિરધરલાલ આણંદજી કાપડીઆ**–જેઓએ શ્રી સંઘ અને સમાજના અનેક કાર્યોમાં તન, મન, ધનથી ભોગ આપેલ છે તેઓના ખેદજનક અવસાનની નોંધ કાર્યવાહી સમિતિની સભા દિલગીરીપૂર્વક લે છે અને તે સ્વર્ગસ્થોના આત્માને શાંતિ ઇચ્છી તેઓના કુટુંબીજનો પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ વ્યક્ત કરે છે."

તદુપરાંત શેઠ કાંતિલાલ ઇશ્વરલાલે ઐક્ય અંગે નિવેદન રજુ કર્યા બાદ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિનો રિપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. તેની નોંધ લઇ જુની સમિતિ વિસર્જન કરી નીચેના સભ્યોની નવી સમિતિ એક વર્ષ માટે ચુંટવામાં આવી.

૧	શેઠ	મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટર.	
૨	,,	કાંતિલાલ ઇશ્વરલાલ, જે. પી.	
૩	,,	મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલિસિટર.	
૪	,,	સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી, સોલિસીટર.	
૫	,,	મોહનલાલ દલીચંદ દેશાઈ, એડવોકેટ.	
૬	,,	જમનાદાસ અમરચંદ ગાંધી.	
૭	,,	રમણિકલાલ કેશવલાલ ઝવેરી, સોલિસિટર.	
૮	,,	બબલચંદ કેશવલાલ મોદી	
૯	,,	પરમાનંદ કુંવરજી કાપડીઆ બી. એ. એલએલ. બી.	ઑનરરી સેક્રેટરીઝ.
૧૦	,,	મણિલાલ મોકમચંદ શાહ	

આગામી વસ્તી ગણત્રી સમયે જૈનો પોતાને 'જૈન' તરીકે લખાવે તે માટે યોગ્ય પ્રચાર કાર્ય કરવા નિર્ણય થયા બાદ સં. ૧૯૯૫ ની સાલનો હિસાબ તપાસવા **શ્રી બાલચંદ મગનલાલ મહેતા** જી ડી. એ. આર. એ. અને **શ્રી નરોત્તમ ભગવાનદાસ શાહની** ઑનરરી ઓડીટરો તરીકે નિમણુંક કરવામાં આવી હતી. અન્ય કેટલાક કારોબારી કાર્ય અંગે નિર્ણયો થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
કાંતિલાલ ઇશ્વરલાલ.
સ્થાનિક મહામંત્રીઓ.

પત્ર પેટી

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ બોર્ડના મંત્રીનો ખુલાસો.

જૈન યુગ તા. ૧૬–૧–૪૦ ના અંકમાં 'જૈન બંધુ' પત્ર સંબંધમાં જે લખાણ છે એથી એ પત્રને અન્યાય થયો છે એ માટે દિલગીર છીએ.

તપાસ કરતાં માલમ પડયું છે કે સુરતથી રાજીનામાનો પોસ્ટકાર્ડ શ્રી ગોડીજીની ચાલના સરનામે મોકલાયેલ; જે કોઇ વ્યક્તિએ અહરથીજ તફડાવી લઇ; મને અંધારામાં રાખી, એમાંની વિગત 'જૈન બંધુ' પર મોકલી. પત્રનો જે ફોટો પ્રગટ થયેલ છે એ પરથી એ વાત ખુલ્લી પડી ચુકી છે.

ઉભયને ભટકાવી મારવાનો નિંદ્ય પ્રયાસ જે વ્યક્તિ તરફથી કરાયેલ છે એને સમાજની નજરે ઉઘાડી પાડવાની અગત્ય છે. જે કાર્ય 'જૈન બંધુ' ધારે તો સુગમતાથી પાર ઉતારી શકે.

—મોહનલાલ દીપચંદ ચોકસી.
ઓ. મંત્રી, આ. જ. શતાબ્દિ બોર્ડ.

શ્રી ઠાણા દહેરાસરજીની વિશિષ્ટતા.

અમોને શ્રી ઠાણા જૈન દેરાસરજીના મુનિમ તરફથી જણાવવાની એલતેમાસ થઇ છે કે:–

ગયા વરસના શ્રાવણ માસથી લગાવી દીવાલી સુધીમાં દુકાળ તથા લડાઇના વાતાવરણના અંગે—ટીપ જે ચાલુ હતી તેમાં ખાંચો પડવાથી અને ટીપ બરોબર ન ચાલતી હોવાને કારણ કંટ્રાકટર સાથે સલાહપુર્વક કામ બંધ રાખ્યું હતું તે બાંધકામ કારતક માસથી પાછુ ધમધોકાર ચાલુ કરવામાં આવ્યુ છે ને બાંધ કામ રીતસરનું ચાલે છે.

દહેરાસરજીનાં બાંધ કામ પાછળ રૂા. ૪૦) હજાર ઉપરાંત ખરચાયા છે ને હજુ રૂપીયા વીસ હજારની જરૂરીયાત છે.

શ્રી ઠાણા નગર પ્રાચિન ઇતિહાસીક છે. જેનો સંબંધ શ્રી શ્રીપાળ મહારાજના રાસથી હોવાથી શ્રીનવપદ આરાધકો માટે ખાસ શ્રીસિદ્ધચક્રનું પ્રથમ પંકતીનું આરસનુ ૬×૬ ફુટનુ માંડલુ છ ફુટ ઉંચુ. (સમોવસણ) શાસ્ત્રોક્ત રીતે બનાવવામાં આવશે.

મુલનાયક તરીકે શ્રીમુનિસુવ્રત સ્વામીજીની ભવ્ય ૩૩ ઇંચ ઉપરાંતની પ્રતિમાજી મુલગભારામાં બીરાજમાન કરવામાં આવશે. નવપદજીના માંડલા માટે ખાસ ૨૨×૨૨ નો રંગમંડપ વધારાનો બનાવી ચૈત્રી અને આસોની ક્રિયા સહીત ઓલી કરનારાઓ માટે નવપદજી આરાધનાની સારી સગવડ કરવામાં આવી છે. એકંદરે લગભગ ૫૦૦ માણસો પુજા ભણાવતી અને ક્રિયા કરતી વખતે–સગવડતા પુર્વક આરાધના કરી શકે તેવુ ભવ્ય દહેરાસરજી ને તિર્થોદ્ધાર થવાનો છે.

મુંબઇના જૈનોની ખાસ જરૂરીઆત.

સસ્તા ભાડાની ચાલીઓ અને જૈન હોસ્પીટલ.

દાનની દિશા બદલવાની પવિત્ર ફરજ.

અત્યારના વેપાર ધંધાની મંદીના વખતમાં આપણા કેટલાક ભાઇઓને નોકરી મળતી નથી, તેમજ નાણાંના અભાવે કોઈ સ્વતંત્ર ધંધો કરી શકતા નથી અને જે ભાઇઓ નોકરી અથવા બીજા નાના વેપારમાં રોકાયેલા હોય છે તેમને મહામુશીબતે રૂપીઆ પચાસથી પંચોતેર મળે છે અને તેમાં પણ ઘરના ઓછામાં ઓછા ચારથી પાંચ માણસનું ગુજરાન ચલાવવાનું હોય છે, અને તેમાંથી મોટી રકમ ભાડા પેટે આપવા છતાં રહેવા લાયક જગ્યા મળતી નથી. આ પરિસ્થિતિમાંથી આપણી સમાજનો ઉદ્ધાર કરવા માટે સસ્તા ભાડાની ચાલીઓ ઉભી કરવાની ખાસ જરૂર છે. આ દિશામાં પાટણ જૈન મંડળે પહેલ કરીને બતાવી આપ્યું છે. હવે આપણા શ્રીમંતો પોતાની સખાવતનો રસ્તો બદલીને આ દિશામાં પોતાની સખાવતો કરે તો સારૂં. આપણા દેરાસરના ટ્રસ્ટીઓ તથા બીજા સંસ્થાઓના રૂપીઆઓ જે કેવળ સાડા ત્રણ ટકા અથવા ચાર ટકાની લોનમાં રોકે છે તેના બદલે મુંબઈમાં ચાર ટકાનું વ્યાજ ઉત્પન્ન થાય એવી રીતે રૂપીઆ રોકીને પોતાના ભાઇઓને લાભ આપવો જોઇએ. આપણા ટ્રસ્ટીઓ હવે આ તરફ લક્ષ આપે તો સારૂં. અજે આપણા ભાઇઓ કેવી મુસીબતમાં પોતાનું જીવન વીતાવે છે તેનો અનુભવ થયો હોય તેજ જાણે.

આપણી સમાજ આટલી સખાવતી હોવા છતાં આજે મુંબઈ શહેરમાં આપણી હોસ્પીટલ નથી તે શરમાવનારી વાત છે. કોઇ રોગગ્રસ્ત જૈનને ડોક્ટર હોસ્પીટલમાં તાત્કાલિક બસેડવાની સલાહ આપે, ત્યારે કોઇ બીજા જૈનેતર હોસ્પીટલમાં તાત્કાલિક ખાલી જગ્યા નહિ મળવાથી ચાર્જ આપવો પડે છે. આવી પરિસ્થિતિમાં આપણી પોતાની હોસ્પીટલ હોય તો ઘણા આપણા સાધારણ ભાઇઓને ઉપયોગી થઇ પડે. એ રીતે સસ્તા ભાડાની ચાલીઓ અને હોસ્પીટલની ખાસ જરૂરીઆત છે. જૈન શ્રીમંતો આ તરફ લક્ષ આપશે ખરા!

—કેસરીચંદ જેસીંગલાલ.

શ્રી વાડીલાલ પુનમચંદ હિંદુ આરોગ્ય ભુવન.

રાવનપુરમાં ના૦ નવાબ સાહેબના હસ્તે થયેલી ઉદ્‌ઘાટન સમારંભ.

શેઠ રતીલાલ વાડીલાલ શાહ અને શેઠ ધીરજલાલ વાડીલાલે તેમના પિતાશ્રીના સ્મરણાર્થે બંધાવેલ આરોગ્ય ભુવનની ઉદ્‌ઘાટન ક્રિયા તા. ૨૬-૧-૧૯૪૦ ના રોજ સવારે નામદાર રાવનપુરના નવાબ સાહેબ મુર્તુજાખાનજી બહાદુર બાબીના મુબારક હસ્તે દબદબાભરી રીતે કરવામાં આવી હતી. મુંબઇ શેર બજારના પ્રમુખ શ્રી કે આર. પી ગ્રાફ, રાવસાહેબ કાંતિલાલ ઈશ્વરલાલ, કાંતિલાલ બકોરદાસ શાહ, કરમચંદ મુનીલાલ જે. પી, માણેકલાલ ચુનીલાલ શાહ જે પી. ગિરધરલાલ ત્રિકમલાલ, લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી મુલચંદ આશારામ ઝવેરી આદિ અનેક સ્થળોના જાણીતા સદ્‌ગૃહસ્થોની આ પ્રસંગે પધરામણી થઇ હતી.

જૈનાચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ, કચ્છના દિવાન શ્રી ટી. ડી. રાણા, સર પ્રીકાભાઇ આદિના શુભેચ્છાઓના સંદેશાઓ પ્રાપ્ત થયા હતા.

શેઠ રતીભાઇએ નામદાર નવાબ સાહેબે આ કાર્યમાં આપેલ મદદ અને સહકારની પ્રશંસા કરી હતી. નામદાર નવાબ સાહેબે પ્રસંગોચિત ભાષણ કરી ઉદ્‌ઘાટન ક્રિયા કરી હતી

તદુપરાંત શ્રી આદેશ્વરજીના દેરાસરજી બહાર રાયણ પગલાની પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી. શ્રી રતીલાલભાઈ અને ધીરજલાલ ભાઇને રાધનપુરના દિવાન સાહેબના પ્રમુખ સ્થાને માનપત્ર અર્પણ થયેલ. લગભગ પાંચેક હજાર રૂપીઆ પાંજરાપોળ આદિ સંસ્થાઓને શ્રી રતીભાઇએ આપ્યા છે.

જૈન ધર્મ ઉપરના આક્ષેપો.

સંવત્ ૧૯૯૦ માં શ્રી રાજનગર (અમદાવાદ)માં અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિસમ્મેલનના નિર્ણયાનુસાર શ્રી સંઘને-સૌ જૈન ભાઇઓને નમ્ર વિનંતીક રવામાં આવે છે કે કોઇપણ વર્તમાનપત્ર કે કોઈ પણ પુસ્તકમાં અન્યોનો તરફથી કે તેરાપંથી, સ્થાનકવાસી યા દિગંબરો તરફથી જૈન ધર્મ, જૈન તીર્થ કે જૈન સાહિત્ય વગેરે ઉપર આક્ષેપો કરેલા જોવામાં આવે તો તેની માહીતી નીચેના સરનામે લખી મોકલી આભારી કરે.

—શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ.
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, **અમદાવાદ**

WISDOM OF INDIA.

"મુક્તિ સંગ્રહ"-શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી. તરફથી સંસ્થાઓને ભેટ.

સ્વ. શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડની પ્રેરણાથી ભારતવર્ષના બહુશ્રુત વિદ્વાનોએ રચેલી ૧૧૦૦ સુક્તિઓના અંગ્રેજી ભાષાંતર યુકત ૪૦૦ પાનાના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ આ ગ્રંથની **૧૫૦** નકલો જૈન સંસ્થાઓ, લાઇબ્રેરીઓ, પાઠશાળાઓ વિ. સંસ્થાઓને માત્ર રૂા. ૦-૪-૦ ની પોસ્ટ સ્ટેમ્પ મોકલવાથી ભેટ આપવામાં આવનાર છે. લખો—'જૈન બંધુ' કાર્યાલય, જરીવાલા મેન્શન, ફ્રેંચબ્રિજ, મુંબઇ ૭.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક શિક્ષણ પ્રચારાર્થે મુંબઇમાં સભા.

જૈન સમાજમાં ધાર્મિક શિક્ષણ સરળતાથી વધુમાં વધુ પ્રચાર પામે એ હેતુથી બોર્ડની પ્રવૃત્તિને સંગીન-સ્થિતિ પર મૂકવા, મુંબઈ તેમજ અન્ય સ્થલોની પાઠશાળાદિ શિક્ષણ સંસ્થાઓમાં સર્વત્ર દાખલ કરી શકાય એ પ્રકારના અભ્યાસક્રમની શકયાશકયતા પર વિચારણા કરવા તેમજ ધાર્મિક શિક્ષણ પ્રચારને સ્પર્શતી અન્ય બાબતો અંગે વિચાર વિનિમય કરી શકય ઉપાયો યોજવા માટે મુંબઇના શિક્ષણ-પ્રેમી બંધુઓની એક સભા **રવિવાર તા. ૧૮ ફેબ્રુઆરી ૧૯૪૦** ના રોજ બપોરના **સ્થા. ટા. ૨-૩૦** વાગે શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સના હોલમાં બોલાવવામાં આવી છે.

આ સભામાં ધાર્મિક શિક્ષણ-પ્રેમી બંધુઓ અને બહેનોનો પધારવા વિજ્ઞપ્તિ છે.

લિ૦ સેવકો,
સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી
બબલચંદ કેશવલાલ મોદી
ઑનરરી સેક્રેટરીઓ.

ધર્મ સંબંધી અભ્યાસ કેવી રીતે કરાવવો?

ગોખણપટ્ટી નિરર્થક છે?

ફરજીયાત ધર્મકરણીની જરૂર નથી?

લેખકઃ—શેઠ કુંવરજી આણંદજી કાપડીઆ, ભાવનગર.

ઉપર જણાવેલી ત્રણે બાબતો માટે છેલ્લા "જૈન યુગમાં" શ્રી મહાવીર વિદ્યાલયમાં થયેલા ઇનામી મેળાવડાને અંગે જે લખાયેલ છે તે વાંચતા કાંઇક મારા વિચારો જણાવવાની મને જરૂર લાગવાથી આ ટુંકો લેખ તે પત્ર મારફતે પ્રગટ થવા મોકલ્યો છે.

૧ જૈન ધર્મ સંબંધી અભ્યાસની હાલ જે નવકાર મંત્રથી શરૂ કરાવવામાં આવે છે તે બધી રીતે સ્વીકાર કરવા યોગ્ય છે. જૈન ધર્મની કોઇપણ ક્રિયા એ સૂત્રોના અભ્યાસ વિના થઇ શકતી નથી. તે અભ્યાસ શુદ્ધ થવો જોઇએ અને તેના અર્થની વિચારણા પણ અમુક વયે વિદ્યાર્થીને ધારી શકે ત્યારે કરાવવી જોઇએ. જેને પૂર્ણ શ્રદ્ધા છે તેને કંઠે કરેલા નવકારાદિ સૂત્રો મૂળમાત્ર પણ મહાલાભ આપનારા છે એમ સિદ્ધાંતના કથન અનુસારે સિદ્ધ થાય તેમ છે.

૨ આને **ગોખણપટ્ટી** શબ્દથી ઓળખાવીને તેની કિંમત ઘટાડવાનો જે પ્રયત્ન કરવામાં આવે છે તે યોગ્ય નથી. ગોખવું એ ખાસ ઉપયોગી છે. હું મારા અનુભવથી કહી શકું છું કે મેંજ ૬૦-૭૦ વર્ષ અગાઉ ગોખીને કંઠે કરેલ છે તો તે સૂત્રો, સ્મરણો, પ્રકરણો વિગેરે અત્યારે પણ અરાબર યાદ આવે છે વળી ઇંગ્રેજી અભ્યાસ પણ શું ગોખ્યા વિના યાદ રહે છે? માત્ર તેની ક્રિયામાં વયને લઇને ફેરફાર થાય છે. નાના બાળકો ગોખે છે ત્યારે મોટા વિદ્યાર્થી વારંવાર વાંચીને સ્પેલીંગ મીનીંગ વિગેરે કંઠે કરે છે. એટલે ગોખવું એ નકામું છે તે કોઈ રીતે સિદ્ધ થઇ શકે તેમ નથી. આપણે કોઇ વાત ખાસ યાદ રાખવા જેવી હોય છે તો તે એકથી વધારે વાર સંભારી જઇએ છીએ તે ગોખણનોજ પ્રકાર છે

૩ હવે ફરજીયાત ધર્મકરણી કરાવવાના સંબંધમાં જણાવું છું કે શું આપણે બાળકને ફરજીયાત નીશાળે મોકલતા નથી? તેની ઇચ્છાથીજ તે જાય છે? ફરજીયાત મોકલ્યા પછી તેને તે વાત ગમી જાય છે ત્યારે પછી કહેવું પડતું નથી. તેમજ જિનદર્શન, જિનપૂજા, ગુરૂવંદન, શાસ્ત્રશ્રવણ, ધર્મશાસ્ત્રાભ્યાસ, યથાશક્તિ પ્રત્યાખ્યાન વિગેરે પણ બાળ વયથી ક્રમે ક્રમે ફરજીયાત શરૂ કરીને વધારવા જોઇએ પણ પહેલા તો ફરજીયાતજ કરાવવા જોઇએ. જેમના માતા પિતાએ કે બીજા વડીલોએ બાલ્યાવસ્થાથી તેવી ટેવ પાડી નથી તેઓ અત્યારે પણ તેમાનું પ્રાયે કાંઇ કરતા નથી અને કરે છે તો તેમાં રસ લેતા નથી, વેઠ સમજે છે. આ બધા તેને પ્રથમ ફરજીયાત ધર્મ કરણી ન કરાવ્યાનાજ માઠાં પરિણામ છે. એવી કરણીમાં રસ ઉત્પન્ન કરવો તે પણ માતા પિતાનુંજ કામ છે. તે તેમણે કરવુંજ જોઇએ.

આપણને અન્ય સંગતિથી એક એવી કુટેવ પડી ગઇ છે કે—આપણને બીજાનું મીઠું લાગેછે અને આપણું કડવું લાગે છે. જુઓ મુસલમાનો શું ફરજીયાત નીમાજ પઢતા નથી? ક્રિશ્ચિયનો શું ફરજીયાત રવિવારે તેમના દેવળમાં જતા નથી? આ બધા શું અરાબર સમજ્યા પછીજ કરે છે? એનો ઉત્તર એજ છે કે—ફરજીયાત શરૂઆત કર્યા પછી જ્યારે તેમાં લાભ દેખાય છે ત્યારે પછી રસ પડે છે અને બહુ પ્રેમથી તે ક્રિયા થાય છે.

યાદ કરો કે કોઈ સમજ્યા પછી નિશાળે જતુજ નથી. પ્રથમ નિશાળે જાય છે, ત્યાં ભણે છે અને પછી ભણવાના લાભ સમજે છે. ત્યારે હોંશે હોંશે નિશાળે જાય છે. તેજ પ્રમાણે ધર્મક્રિયા માટે પણ સમજવું: **પ્રથમ ફરજીયાત અને પછી મરજીયાત.**

તમારી વ્યાધિ ગ્રસ્તપણાની સ્થિતિ વિચારો. તે વખતે વૈદના કે ડોકટરના કહેવા પ્રમાણે ફરજીયાત કેમ વર્તીએ છીએ? ફરજીયાત દવા કડવી પણ પી જઇએ છીએ, વૈદ કહે તેજ ખાઇએ છીએ ને તે ના પાડે તે તજી દઇએ છીએ. આમ કરીએ છીએ તોજ વ્યાધિ વહેલો વિરામ પામે છે, તેજ પ્રમાણે આપણે અજ્ઞાન અને અશ્રદ્ધાના વ્યાધિથી ગ્રસ્ત થયેલા છીએ તેથી તેને માટે સત્ગુરૂ અને સત્શાસ્ત્રો જે પ્રમાણે વર્તવાનું કહે, જે તજવાનું કહે જે કરવાનું કહે તે પ્રથમ તો આપણે તેમના કથનને માન આપીનેજ કરવું જોઇએ. પછી જ્યારે આપણને આપણા હિતની ખરી સમજણ પડશે ત્યારે પ્રથમ પ્રમાણેજ શુભ વર્તન રાખશું. અભક્ષ્ય ભક્ષણને તજી દેશું જિનપૂજા ગુરૂવંદનાદિ કર્તવ્ય કરશું અને નિરંતર આત્મહિત તરફ દ્રષ્ટિ રાખી પૌદ્ગલિક ભાવની રોમે રોમે લાગેલી અસરને દૂર કરશું.

ધાર્મિક વિદ્યાભ્યાસમાં પણ રસ ઉપજે તેવી પ્રવૃત્તિ કરવી જોઇએ. વિદ્યાર્થીઓ સદાચરણી બને તેવી હિતશિક્ષા તેમને આપવી તેમજ અપાવવી જોઇએ. તેને માટે અનુભવી અને સદાચરણી શિક્ષકો રાખવા જોઇએ પરંતુ આવી ખાસ જરૂરી બાબતમાં પણ ઘણી જગ્યાએ ઉપેક્ષા ભાવ જણાય છે તે ન હોવો જોઇએ.

વ્યવહારિક શિક્ષણ માત્ર ઉદર પોષણ માટેજ કે કુટુંબના ભરણ પોષણ માટે આપવામાં આવે છે. તેમાં આપણે કેટલા વર્ષો ગાળીએ છીએ? અને ગળાવીએ છીએ? તેને માટે કેટલો ખર્ચ કરીએ છીએ? કેટલું જોખમ ખેડીએ છીએ? તેના પ્રમાણમાં આત્માનું હિત કરનાર, મનુષ્ય જીંદગીને સફળ કરનાર ધાર્મિક અભ્યાસ માટે આપણે કેટલા વર્ષો ગાળીએ છીએ. ને કેટલો ખર્ચ કરીએ છીએ? તેનો મુકાબલો કરી જોશો.

કેટલાક બંધુઓ ધાર્મિક વ્રત નિયમો તરફ અભાવ ધરાવનારા હોવાથી અભક્ષ્ય ભક્ષણનો, કંદમૂળ ભક્ષણનો, અને રાત્રિ ભોજનનો ત્યાગ કે જે આભવ પરભવ હિતકારી છે, શરીરને પણ સુખી બનાવનાર છે અને ખર્ચમાં પણ લાભ કરનાર છે તેને માટે જરૂરજ સમજતા નથી અને તેના નિયમ કરનાર કરાવનાર તરફ અભાવવાળી નજરે જુએ છે તેને માટે શું લખવુ? તેઓ પોતાના ને પરના હિતને ખાસ હાનિ કરનાર છે આ વાત પ્રસંગોપાત જરૂરની જાણીને સૂચવી છે.

આ સંબંધમાં જો કોઈ બંધુ યોગ્ય દલીલથી ઉપરની હકીકતનો નિરાસ કરશે તો મારી બુદ્ધિ અનુસાર હું તેનો રદીયો આપવા ઇચ્છા ધરાવું છું, પરંતુ એટલું ખાસ ધ્યાનમાં રાખવા વિનંતિ કરૂં છું કે ઉપર જણાવેલા વિચારોને જુના વિચારો કે રૂઢીચુસ્ત વિચારો કહી ઉપેક્ષા કરશો નહી, પરંતુ તેનો આશય જરા શાંત વૃત્તિથી વિચારશો.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

કાર્યવાહી સમિતિની સભા

આગામી **સોમવાર** તા. ૧૯-૨-૧૯૪૦ (બેંક હોલીડે) ના રોજ બપોરનાં ૨ટાં. ટા. ત્રણ વાગે કાર્યવાહી સમિતિની એક સભા સંસ્થાની ઑફિસમાં મહારાષ્ટ્ર જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના બંધુઓ સાથે કૉન્ફરન્સ સંબંધે ચર્ચા કરવા મળશે.

સર્વે સભ્યોને અવશ્ય હાજરી આપવા વિજ્ઞપ્તિ છે.

લી૦ મંત્રીઓ.

(અનુસંધાન પૃ. ૪ ઉપરથી)

૨૫	તારામતિ મગનલાલ શાહ	સુરત (જૈ. જ્ઞા. ઉ.)	૫૭
૨૬	તારા કેશવલાલ	સમો	૫૬
૨૭	રેવા ખોડીદાસ	ઉંઝા	૫૫
૨૮	ચંદન ગુલાબચંદ	લુણાવાડા	૫૫
૨૯	ઇંદુ છોટાલાલ	પેથાપુર	૫૫
૩૦	સવિતા રતિલાલ	પાલેજ	૫૫
૩૧	જસ્સૂ રણછોડલાલ શાહ	અમદાવાદ (દ. મ. શા.)	૫૫
૩૨	સુમંગલા ત્રિકમલાલ	છાણી	૫૫
૩૩	વસુમતિ ચંદુલાલ	પેથાપુર	૫૫
૩૪	કુસુમ નગિનદાસ શાહ	અમદાવાદ (દ. મ. શા.)	૫૪
૩૫	સુભદ્રા નાથાભાઇ	ડભોઇ	૫૧
૩૬	સુશીલા પુલચંદ શાહ	અમદાવાદ (દ. મ શા.)	૫૧
૩૭	સુભદ્રા ચુનીલાલ	પાલેજ	૫૦
૩૮	કાંતા ચતુર્ભુજ	અમદાવાદ (દ. મ. શા.)	૫૦
૩૯	કંચન મગનલાલ	„ „	૪૯
૪૦	સુમિત્રા કેશવલાલ	પેથાપુર	૪૮
૪૧	સુભદ્રા કેશવલાલ	અમદાવાદ (દ. મ. શા.)	૪૭
૪૨	ચંચળ છગનલાલ	લુણાવાડા	૪૫
૪૩	શાંતિ મનસુખલાલ	છાણી	૪૫
૪૪	સુશિલા જીવણલાલ	અમદાવાદ (દ. મ. શા.)	૪૩
૪૫	કમલા પન્નાલાલજી	માલવી રતલામ	૪૩
૪૬	હીરા મણીલાલ	અમદાવાદ (દ. મ. શા.)	૪૩
૪૭	દેવકુંવર નેણશી શાહ	બારશી	૪૩
૪૮	પદ્માવતી રવિકરણદાસ	ઉંઝા	૪૧
૪૯	પુષ્પા છનાલાલ	ઉંઝા	૪૧
૫૦	લલિતા લાલભાઇ	પેથાપુર	૪૧
૫૧	સુશિલા સુંદરલાલ	ભરૂચ	૪૧
૫૨	કાંતા કુંવરજી	પાલેજ	૩૯
૫૩	વિમલા માનચંદ	પૂના	૩૮
૫૪	લીલાવતી રૂપચંદ ગાદીયા	રતલામ	૩૮
૫૫	ઇંદુમતિ છગનલાલ	આમોદ	૩૮
૫૬	વસુમતિ માણેકલાલ કાપડીઆ	અમદાવાદ (દ. મ. શા.)	૩૭
૫૭	રાધા ચુનીલાલ	ડભોઇ	૩૬
૫૮	કમળા બાવચંદ	મુંબઇ (માં. જૈ. સ.)	૩૫
૫૯	કમળા પુરનમલજી પોરવાડ	રતલામ	૩૫
૬૦	હસુમતિ ચંદુલાલ શાહ	અમદાવાદ (દ.મ.શા.)	૩૪

સદ્‌ગુણાનુરાગીની સ્મૃતિ.

સદ્‌ગુણાનુરાગી સન્મિત્ર, મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજના પુણ્યનામથી જૈન સમાજમાં ભાગ્યેજ કોઈ અજાણ હશે તેમની અદ્‌ભુત શાંતતા, આત્માભિમુખવૃત્તિ, સચ્ચારિત્ર પાલન, પરમ જ્ઞાનરાગ, સરળતા, અપરિગ્રહતા, દેહમોહથી વિરક્તતા ઇત્યાદિ ગુણોનો જ્યારે જ્યારે વિચાર આવે છે ત્યારે તેઓ ચોથા આરાના નમૂનારૂપ હતા એમ જણાયું છે. વર્તમાન સાધુ સમાજમાં તેઓ ખાસ કોઈ પદવીધર ન હોવા છતાં પ્રથમપદે આવે તેવા હતા એમ સદા જણાયું છે.

એ પૂજ્ય મુનિવરના પ્રથમ સંવત્સરી દિને મુંબઇમાં શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં પન્યાસ શ્રી પ્રીતિવિજયજી મહારાજની અધ્યક્ષતામાં તેમના ગુણગ્રામ ઘણા વક્તાઓએ પોતપોતાની રીતે કર્યા હતા. આ લેખકે તે સમયે એવા ભાવાર્થનું જણાવ્યું હતું કે "જૈન સમાજનું પુષ્કળ દ્રવ્ય અનેક માર્ગોએ ખર્ચાયા કરે છે. ઘણાઓના સ્મારકો પણ રચાય છે. પરંતુ જે પુરૂષને દેહપર મોહ ન હતો અને જેણે પોતાની નામના ખાતર કશું પણ કર્યું નથી પણ સમાજમાં જ્ઞાન પ્રચારના શુભાશયથી સેંકડો નહિ, હજારો નહિ, લાખ નહિ પણ લાખો પુસ્તકો છૂટે હાથે અને વિના મૂલ્યે તેમની પાસે જનાર કોઈપણ યાત્રિકને આપ્યા-અપાવ્યા છે. એવા શ્રીમાન કર્પૂરવિજયજી મહારાજને સ્વર્ગવાસી થયા આજે એક વર્ષ થયું છે પણ તેમનું જીવન કાર્ય-જ્ઞાન પ્રચાર કોઇએ ઉપાડ્યો નથી. જૈન સમાજમાં તેમના ઘણા ભક્તો હોવા છતાં તેમના સ્મારક વિષે કોઇએ કશું કર્યું નથી. તેમના સ્મારક નિમિત્તે તેઓશ્રીના મંદિર, મૂર્તિ કે પાદુકા સ્થાપન કરવાનું હું નથી કહેતો-એ જાણીને તેમનો આત્મા પણ કકળી ઉઠે. તેમને માટે એકજ ઉત્તમ સ્મારક છે અને તે જ્ઞાનદાન દેવાનું." આ અપીલ કરી હું નીચે બેઠો અને તુરતજ પાસે બેઠેલા શેઠ શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરીએ 'વ્યવસ્થિત કાર્ય ઉપાડાય તો' અમુક રકમ આપવા જણાવ્યું. અમે તેમની પાસેથી વધુ રકમનું વચન મેળવી ઉત્સાહભેર એક સમિતિ સ્થાપી જેમાં શ્રીયુત મોતીચંદભાઈ કાપડીઆ, શ્રી મોહનલાલ ચોકસી, શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, શ્રી વાડીલાલ જેઠાલાલ, શ્રી હીરાભાઇ મલયારી, આ લેખક અને શ્રીયુત નરોત્તમદાસ ભગવાનદાસ શાહ (મંત્રી) આદિ છીએ.

તત્પશ્ચાત્ શું કાર્ય કરવું તેની રૂપરેખા દોરતાં સર્વાનુમતિએ એમ નક્કી થયું કે તેમના છૂટા-છવાયા ઘણા લેખો છે તે સર્વને એકત્ર કરી પુસ્તકાકારે છપાવવા. તેમનો લેખ સંગ્રહ સમાપ્ત થયા પછી જો સમિતિ પાસે આર્થિક છુટ હશે તો અન્ય પ્રકાશન પણ થશે. અત્રે એ જણાવવું જરૂરી છે કે આ સર્વ કાર્યમાં પન્યાસ શ્રી પ્રીતિવિજયજી મહારાજની પૂર્ણ સહાનુભૂતિ હતી.

કાર્યને મૂર્ત સ્વરૂપ આપવા માટે નાણાં ભરાવવા શરૂ કર્યા. સમિતિના સભ્યોના પ્રયાસોથી અને પૂ૦ પન્યાસજીની પ્રેરણાથી અત્યાર સુધીમાં લગભગ રૂા. ૪૦૦૦) ચાર હજાર ભરાઇ ગયા છે જેની વિગતવાર નોંધ પ્રકાશિત થયેલ ગ્રંથોમાં છે.

અપૂર્ણ.

—રાજપાળ મગનલાલ વહોરા.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA." Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રી:-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:-રૂપીઆ બે. છુટક નકલ:-દોઢ આના.

નવું વર્ષ ૮ મું. | શુક્રવાર તા૦ ૧ લી માર્ચ ૧૯૪૦ | અંક ૭ મો.

એઠી નજર.

['હરિજન' પત્રની પ્રશ્ન પેટીમાં નીચેનો એક પ્રશ્નોત્તર પ્રગટ થયેલ છે. પ્રશ્નકારનો પ્રશ્ન અને પૂ૦ મહાત્માજીએ આપેલો તેનો જવાબ-એ બન્ને ખુબજ હૃદયંગમ અને વિચારણીય હોઇ તેને 'હરિજન બંધુ' ના તા. ૪-૨-૪૦ ના અંકમાંથી અત્ર સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે.]

પ્રશ્ન—હું એક ગરીબ માણસ છું. મિલમાં કામે છું. ભારે મૂંઝવણમાં પડયો છું. જ્યારે જ્યારે બહાર નીકળું છું ત્યારે રસ્તે જતી હરકોઈ સ્ત્રીનો ચહેરો જોઇ મને વિકાર થાય છે ને બધો કાબુ ખોઈ બેસું છું. મને ઘણીવાર બીક લાગે છે કે મારે હાથે કંઇક અજુગતું થઈ બેસશે. એક વાર તો મેં આપઘાતનો પણ વિચાર કર્યો, પણ મારી ગુણિયલ સ્ત્રીએ મને બચાવ્યો. એણે સૂચવ્યું કે હું ઘર બહાર જાઉં ત્યારે દરેક વેળા મારે એને સાથે લઇને નીકળવું. આથી કામ ચાવ્યું ખરૂં, પણ હમેશાં એ નથી બની શકતું. ઘણી વાર હું મરણિયો થાઉં છું ને મને થાય છે કે જાણે મારી પાપી આંખોને ફોડી નાંખું. પણ મારી સ્ત્રીના વિચાર મનમાં આણીને મારી જાતને રોકું છું. આપ સંત પુરૂષ છો. કંઈક ઉપાય ન બતાવો ?

ઉત્તર—તમે સાચા ને નિખાલસ છો. તમારે જાણવું જોઇએ કે બીજા ઘણા તમારા જેવીજ સ્થિતિમાં હોય છે. એઠી નજરનો રોગ બધે સામાન્ય છે. આજકાલ વધી રહ્યો છે. એક જાતની પ્રતિષ્ઠા પણ જાણે એણે મેળવી છે. પણ આ સ્થિતિ તમારે સારૂ દિલાસારૂપ ન સમજતા. તમને બહાદુર પત્ની મળી છે. તેને તમારાથી બેવફા ન જ નીવડાય. અને પર સ્ત્રી વિષે મનમાં વિષય લાલસા સેવવી એ બેવફાઈની પરિસીમા ગણાય. એથી લગ્ન સંસ્થા નરી ઠેકડીરૂપ બની જાય છે. અંતર શત્રુ સામે દૃઢતા પૂર્વક લડયે જાઓ. બીજી તમામ સ્ત્રીઓ સગી બહેનો છે એ ભાવ મનમાં ચિંતવ્યા કરો. વિકાર પોષનારૂં સાહિત્ય ન વાંચો. સિનેમા કે બીભત્સ ચિત્રો જે આપણાં છાપાંઓમાં ઢગલા મોઢે છપાય છે તે ન જુઓ. ભોંયે દૃષ્ટિ રાખીને ચાલવાનો રિવાજ રાખો અને સાથે સાથે પ્રભુની કરૂણા ભાખો કે તે અંતરના તમામ મેલને દૂર કરે, અને શ્રદ્ધા રાખો કે ઈશ્વર જરૂર તમને આ શાપમાંથી મુક્ત કરશે. જરૂર લાગે તો ઘેરાં ચશ્માં પહેરો. એથી તમને સરસ બાહ્ય મદદ મળશે. અકળાવે એવી વિશાળતા અને ભીડવાળા મોટાં શહેરોમાં ખરૂં જોતાં કશું વખાણવા જોગ નથી હોતું. એના એ કોલાહલ સાંભળવાનને એના એ ચહેરા રોજે રોજ જોવાના-જે આપણને નિષ્ક્રિયતાની પ્રબળ શક્તિએ ઘેર્યા ન હોત તો એના એ કદરૂપા દેખાવને ફરી ફરીને જોઇને આપણે ગળે આવી જઇએ. દિવસની વેળાએ હાથ પરના કામમાં મચ્યા રહો, અને રાત્રે એકાદ સામાન્ય ખગોળ વિદ્યાની ચોપડીની મદદથી થોડુંક આકાશ દર્શન કરતા થશો તો તમને એવાં એવાં દ્રશ્યો જોવા મળશે કે-દુનિયાના કોઇ સિનેમા તે તમને બતાવી શકે નહિ. અને એમ પણ બને કે એક દિવસ એ જ આકાશમાં ઝગતા અનંત તારાઓ મારફૂતે ડોકિયાં કરી રહેલ ઈશ્વરની પણ તમને ઝાંખી થાય, અને રાત્રીની એ દૈવી લીલા જોડે તમારૂં અંતર એક તાર થાય તો એમાંથી જ તમને અનહદ નાદ અને વિશ્વમાં વ્યાપી રહેલું દૈવી સંગીત સંભળાવા લાગે. રોજ રાત્રે આવો પ્રયત્ન કરી જુઓ. એથી તમારી નજર નિર્મળ થશે. અને તમારા અંતરના મેલ દૂર થશે. ઈશ્વર તમારૂં કલ્યાણ કરો.

મહાત્મા ગાંધીજી.

જૈન યુગ.

તા૦ ૧-૩-૪૦. શુક્રવાર.

અધિવેશન ?

રાષ્ટ્રિય મહાસભાના અધિવેશન વર્ષો વર્ષ જુદા જુદા સ્થળોમાં નિયમિત મળતાં હોય, એ માટે મહિનાઓ પૂર્વે તૈયારીઓ ચાલુ હોય, અને એ પાછળ આમ જનતાના અતિ મોટા ભાગનું લક્ષ્ય કેંદ્રિત થતું હોય,–એ વાતનું અવલંબન લઇ, સુષુપ્ત જૈન સમાજમાં અધિવેશન માટેનો અહલેક જગાવનાર–એની ચર્ચા કરવા સારૂં મહારાષ્ટ્રથી ચાલી આવનાર–બંધુઓના ઉમંગ કે ધગશ માટે અવશ્ય બહુમાન સંભવે. શિવાજી અને તિલક મહારાજની એ ભૂમિનું બમીરજ કોઇ અનેરૂં છે. એ ધરતીમાં મામુલી ફંડથી કે ઘેર ઘેર ભ્રમણ કરી પૈસા જેવી નજીવી રકમ ઉઘરાવી. એમાંથી મોટી પ્રતિભા સંપન્ન સંસ્થાઓના સર્જન કરનાર એક કરતાં વધુ આત્માઓના પ્રાણપૂરક ઉદાહરણથી સામાન્ય કક્ષાના માનવીમાં પણ ઘડો લેવા લાયક જાગ્રતિ દૃષ્ટિગોચર થાય છે. સેવાની તમન્ના ઉડીને આંખે વળગે છે. પ્રૌઢને ચુનંદા કાર્યકરોના જે બ્યાન કોન્ફરન્સની વર્કીંગ કમિટિની છેલ્લી બેઠકમાં થયાં, એ ગમે તેવા સુષુપ્ત આત્માને જગાડે એટલુંજ નહિં પણ ગુંચવાયેલા કોકડાનો ઉકેલ આણી ભાવિ કાર્યક્રમ તરફ ડગ ભરવાની તાલાવેલી પ્રગટાવે તેવાં હતાં. એ પાછળ શબ્દાડંબર નહોતો પણ સેવાની ઉંડી ધગશ અને એ કરતાં પણ તસુ આગળ વધે એવી શિષ્ત પાલનની નિર્મળવૃત્તિના દર્શન થતાં હતાં.

ઐક્ય માટેના થઈ રહેલા પ્રયાસો માટે તેમણે પણ આનંદ વ્યક્ત કર્યો. એ ચાલુ રહે ને બીજી તરફ અધિવેશન ભરવાની તૈયારી થાય એ તેમના વકતવ્યનો ધ્વનિ હતો. એ સંબંધમાં અત્યાર સુધીની ચાલી આવતી પ્રથાને તિલાંજલિ આપી કેવી પદ્ધત્તિ અખ્તીયાર કરવી એ પણ તેમણે જણાવ્યું. એ સંબંધમાં જૈનયુગના ગતવર્ષના અંકોમાં બંધારણની ચર્ચા વેળા લગભગ એ બંધુઓના વિચારને મળતું સુચન કરી ગયા હોવાથી એનુ ચર્વીતચર્વણ ન કરતાં મુશ્કેલી કયાં નડે છે, કિંવા અધિવેશન ભરવામાં મુખ્ય અવરોધ કયાં બડો થાય છે એનો વિચાર કરવાની અગત્ય છે.

એ સાચું છે કે રાષ્ટ્રિય મહાસભા જેવી રીતે પગભર થઇ તેવી રીતે આપણી કોન્ફરન્સ પણ પગભર થઇ કાર્યશીલ બને એ સૌ કોઇની તમન્ના છે. એ સારૂં એ મહા સભાની માફક આપણી જૈન મહા સભા માટે રેખાંકન કરાવું જોઇએ. છતાં એ વાત ભુલવાની નથી કે ઉભય વચ્ચે અને ઉભયના કાર્ય પ્રદેશ વચ્ચે જે કેટલું અંતર છે તે તરફ જો દુર્લક્ષ દાખવી કેવળ અનુકરણ કરવામાં આવે તો એ પાછળ પરિણામ નિરાશા ભર્યું જ રહેવાનું. ઉભયના પીઠબળમાં જે વિલક્ષણતા સમાયેલી છે અને ઉભય પાછળ જે ઇતિહાસ સંકળાયેલો છે એ બારિકાઇથી અવલોકન કરીનેજ ઉચિત કાર્યક્રમના આંક માંડવા ઘટે છે.

રાષ્ટ્રિય મહાસભા પાસે એક અદ્‌ભુત રાહબર ને સંખ્યાબંધ ફકિરોનુ જુથ પડયું છે કે જેની કાર્યવાહી મૃતકને પણ સજીવન કરી બતાવે તેવી ચમત્કારી છે. જ્યારે જૈન કોન્ફરન્સ પાસે એમાંનુ કંઇજ નથી એમ કહીયે તો ચાલે. આજનું રામગઢ લાખોની આંખોનું આકર્ષણ બની રહ્યું છે ને બની રહેશે ત્યારે એની હોડમાં રજુ કરાતું મણુંદ કેટલાને આકર્ષશે એ અણઉકળ્યો પ્રશ્ન છતાં અંતર સ્પષ્ટ જોઇ શકે તેમ છે. સેવાના વ્રતવાળા, અને વર્ષ સુધી સતત્ કામ આપે તેવા પ્રમુખની વરણી કરવાની વાત જેટલી મોહક છે તેટલી જૈન સમાજની નાડ પારખતાં સર્વત્ર સ્વીકર બને એ માટે શંકા રહે છે. અલબત એ સ્થિતિ પાંચ કે દશ વર્ષના નિયમિત અધિવેશન પછી પ્રાપ્ત થવી અશકય નથીજ.

પણ અધિવેશન ને અવરોધ તો બડક તો જુદો છે. ઐકયના પ્રયાસ આદરવાની–એ પાછળ સર્વ કંઇ લક્ષ્ય કેંદ્રિત કરવાની અગત્ય ભાવનગરે ઉભી કરી છે અને જ્યાં સુધી એને અનુસરતી ભૂમિકા ન રચાય ત્યાં સુધી અધિવેશન પ્રત્યેનો તલસાટ ઉદ્‌ભવવો મુશ્કેલ છે.

અધિવેશન ભરતાં બર્ચ બહુ આવે છે. એ માટે પ્રમુખ નથી મળી શકતો કિંવા કોઇ સ્થળનું આમંત્રણ નથી એ મુંઝવણ કરાવનાર પ્રશ્નો છે એવું કોઇ ન માને. એનો તોડ તો આણી શકાય તેમ છે. જે નડતર છે એ તો અધિવેશન 'શા માટે ભરવું'? અને 'એમાં શું કરવું' એ સવાલોની છે.

આટલા પ્રમાણની નિષ્ક્રિયતા નેત્ર સામે દેખાતી હોવા છતાં એક વર્ગને એકે સવાલને પડતો મૂકવાની ઇચ્છા નથી! એતો ચર્ચાના પ્રચારમાંજ–પોતે માની લીધેલા સુધારામાંજ–સમાજનું શ્રેય અને અધિવેશનની સફળતા માને છે! બીજો વર્ગ એટલો ચુસ્ત છે કે ધર્મની વાતમાં જરા પણ હસ્તક્ષેપ કરાય તો રિસાઇ બેસે! એ મડા ગાંઠ તોડવા સારૂ વચલા માર્ગ તરિકે કેવળ કેળવણી ને બેકારીના પ્રશ્નો લેવા અને સંગઠન જમાવવું એવી પેરવી આદરાઇ રહી છે. મુંઝવનારી સ્થિતિ ઉપરના ભિન્ન વિચારોમાં છે. એ સબંધમાં ખુદ વર્કીંગ કમિટિના સભ્યોમાં તોડ જોડ કરી એક માર્ગ નિશ્ચિત ન થાય ત્યાં લગી 'ગામમાં પેસવાના ફાંફાં ને પટેલને ત્યાં ઉના પાણી જેવું!' લેખાય.

અધિવેશન જો જૈન સમાજના શ્રેયને માટેજ ભરવાનું હોય તો છેલ્લા દશકાની પરિસ્થિતિનો નિષ્પક્ષપણે અભ્યાસ કરી–લાભાલાભનો વિચાર કરી–જરૂર કેટલીક બાબતોમાં પરિવર્તન કરવું પડશે–સુધારાના નામે સ્વછંદ નહી ચાલે. તે વિના આમ જનતાનો સાથ નહીં મળે. પરિવર્તન કરવામાં આવશે તો 'શું કરવું'? એ પ્રશ્ન નહીંજ રહે. એનો ઉકેલ તો નજર સામે તરવરશે. એ સારૂં અગત્ય છે એક કરતાં વધુ વાર છુટથી વિચારોની આપ લે કરવાની અને કોઇ નિયત કાર્યક્રમ યોજવાની. ભાવના વશ થઇ પરોક્ષમાં રાચવા કરતાં દ્રષ્ટિ સન્મુખ પથરાયેલા પ્રત્યક્ષનો બરાબર આંક મૂકવાની જરૂર સવિશેષ છે.

≠ નોંધ અને ચર્ચા. ≠

ધાર્મિક અભ્યાસક્રમ કેવો હોવો જોઇએ?

એજ્યુકેશન બોર્ડના મંત્રીઓ તરફથી ગોઠવાયેલી સભામાં ઉક્ત વિષય પર જુદા જુદા બંધુઓ તરફથી જે જાતની ચર્ચા કરવામાં આવી, અને જે સુચનો રજુ થયાં એ ઉપરથી એટલું તો સ્પષ્ટ થયું કે વર્તમાન અભ્યાસક્રમ અવશ્ય પરિવર્તન માંગે છે છતાં એ કાર્ય ધારવા જેટલું સુલભ નથી. એ પર માત્ર મુંબઇવાસી બંધુઓનોજ નહિં પણ અખિલ ભારતવર્ષના જુદા જુદા ખુણામાં પથરાયેલા અને ધાર્મિક શિક્ષણને અંગે રસવૃત્તિ ધરાવતા સૌ કોઇ ભાઇઓનો અભિપ્રાય મેળવવો જરૂરી છે. અભ્યાસક્રમ અને પાઠય પુસ્તકો વારંવાર બદલવા ઇષ્ટ ન ગણાય એટલે એ બદલતાં પૂર્વે સંગીન વિચારણા થવી જોઇએ. વધુ નહિંતો એ માટે એક દશ વર્ષીય યોજના મુકરર કરવી ઘટે. તોજ એ દ્વારા ઈપ્સિત પ્રગતિ કેટલા પ્રમાણમાં થઇ એનુ તોલન કરવું માફકસર આવે. એ સારૂં પ્રાથમિક સભામાં જે સુંદર શરૂઆત થઈ છે એનો વિસ્તાર સમયની અનુકુળતા ધ્યાનમાં લઇ વધારવામાં આવે. એ ઉપરાંત બહાર ગામ વસતા વિચારકોને પોતાના મંતવ્ય લેખિત મોકલી આપવાની વિનંતી વારંવાર કરવામાં આવે. સુષુપ્ત સમાજમાં આ જાતનું પુનરાવર્તન આવશ્યક છે. અભ્યાસક્રમની છણાવટ વિદ્યાર્થીઓની નજરે કરવાની છે એ લક્ષ્યબિંદુ વીસરવાનુ નથી તેમ એ સાથે એ વાત પણ ભુલવાની નથી કે જે પદ્ધતિએ પરિક્ષા લેવાય છે તે રીતે અભ્યાસક્રમ બહુ લાંબો ગુંચવણભર્યો કે સંખ્યાબંધ પુસ્તકો વાંચવા પડે તેવો ન હોવો જોઇએ. સ્કુલમાં ભણતો વિદ્યાર્થી પોતાના વ્યવહારિક શિક્ષણ ઉપરાંત થોડો સમય બચાવીને અને વ્યવસાયરકત આત્મા પોતાના દરરોજના સમયમાંથી ગણત્રીની મીનીટો ફાજલ પાડીને પણ આ વાર્ષિક હરિફાઈમાં ભાગ લઈ શકે તેવો તે સરલ હોય. એ પાછળનો આશય સામાન્યતઃ એ હોય કે ક્રમસર અભ્યાસ કરનાર વિદ્યાર્થી જ્યારે સાતે ધોરણમાં પાસ થઇ બહાર પડે ત્યારે એનામાં જૈનધર્મ સંબંધી અર્થાત્ જૈનધર્મના ઇતિહાસ અને એમાં જુદા જુદા કાળે થયેલી વિભુતિઓના સુંદર ને પ્રભાવપૂર્ણ જીવન સંબંધી એ ઠીક ઠીક જાણતો હોય. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ કે પૌષધ જેવી ક્રિયાઓમાં કામ આવતા સૂત્રો એણે કંઠાગ્ર હોય એટલુંજ નહિં પણ એ પાછળનું રહસ્ય એ સમજતો હોય, પોતાના સંજોગ ધ્યાનમાં રાખી બારવ્રત જેવા આવશ્યકવ્રતો એણે ગ્રહણ કરવાની ઉત્કંઠા જાગે, અને એ ઉભય પ્રકારની દક્ષતા ઉપરાંત જૈન ધર્મનું જે હાર્દ લેખાય એવા જીવ વિચારને નવતત્ત્વ, આત્મા અને કર્મ,–દ્રવ્ય અને અસ્તિકાય–પ્રમાણ અને નિક્ષેપા. નય અને સ્યાદ્વાદ જેવા વિષયોનું મધ્યમ પ્રકારી અર્થાત્ ઇતરને સરળતાથી સમજાવવાની આવડતવાળું જ્ઞાન હોય. વિજ્ઞાન યુગમાં દલીલ પુરસ્સર જૈન ધર્મના સિદ્ધાંતો સમજાવવાની શક્તિ સંપાદન કરી હોય એટલુંજ નહિં પણ સામાની ભમાવનારી યુક્તિઓનું નિરાસન કરી, સ્વ મંતવ્યને દ્રઢપણે વળગી રહેવાનું બળ પણ હોય. જો પરિક્ષા માટેનો અભ્યાસક્રમ આટલી સગવડ પૂરી પાડતો હોય તો એજ્યુકેશન બોર્ડનો એક ઉદ્દેશ અવશ્ય સધાય છે એમાં અતિશયોક્તિ નથીજ.

સમાચાર સાર

—**હૃદય પલટો**—હમણાંજ શ્રી વિજયનીતિસૂરિજી પાસે એકજ સ્થાનકવાસી સમુદાયના વૃદ્ધને યુવાન પાંચ શિષ્યોએ મૂર્તિપૂજા સ્વીકાર્યાના દાખલા મોજુદ છે, તો જૈન સંઘની ઐકયતા ખાતર બન્ને પક્ષના આગેવાનો ખુલ્લા દીલથી વીચારની આપ લે કરે તો જૈન સંઘમાં ઐકયતા જરૂર ફેલાવી શકાય તેમ હું માનું છું. જૈન સંઘમાં આગેવાનોનું ધ્યેય જૈન ધર્મને વિશાળ બનાવવાનું હોય તોજ કાર્ય થઇ શકે અને તે પણ મત મતાંતર અને કદાગ્રહરૂપી ભૂતોના ચોટલા પકડી તેને સંઘમાંથી દુર ફેંકવામાં આવે તોજ આ કાર્ય થઇ શકે. પ્રભુ સર્વેને સદ્બુદ્ધિ આપો.

તા૦ ૨૨–૨–૪૦. —**રતિલાલ ભીખાભાઇ.**

—**અગાસીના દેરાસરજીનો વાર્ષિક દિવસ**—અગાસીના શ્રી મુનીસુવ્રતસ્વામીજીના દહેરાસરજીનો વાર્ષિક દિવસ માહા સુદ ૧૦ હોવાથી આ દિવસે મુંબઇ તેમજ પરામાંથી લગભગ ૨૦૦૦ માણસોએ યાત્રા માટે ભાગ લીધો હતો. બપોરે પુજા ભણાવવામાં આવી હતી. શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ બપોરે ત્યાં પધાર્યા હતા. યાત્રિકોને ઉતરવા માટેની અગવડતા શેઠ ભાઇચંદભાઇ તેમજ શેઠ રતીલાલભાઇએ બતાવતાં શેઠ કાંતીલાલભાઇએ આ બાબત લક્ષ ઉપર લીધી છે અને ધર્મશાળા માટે સારી રકમ શેઠ તરફથી નોંધાવવાના સમાચાર પ્રાપ્ત થયેલા છે.

—**આચાર્ય શ્રી વિજયલલિતસૂરીશ્વરજી ગુજરાત તરફ**—આચાર્ય શ્રી વિજયલલિતસૂરિશ્વરજી મહારાજે મારવાડથી પાલનપુર, અને પાલનપુરથી પાટણ તરફ પધારવા માટે વિહાર કર્યો છે. ટુંક સમયમાં પાટણ પધારશે.

—**ચાંદીલાલ જેઠાલાલ શાહ.**

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮–૮–૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭–૮–૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩–૦–૦	૧–૦–૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧–૮–૦	૦–૮–૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ટ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫–૦–૦	૧૦૦૦	૧–૦–૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩–૦–૦	૮૫૦	૧–૮–૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬–૦–૦	૧૨૫૬	૩–૦–૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪–૦–૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**

૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

પૂર્વ દેશના તીર્થોનો વહિવટી સડો.

મૂળ કચ્છના વતની અને બેએક પેઢી થયાં બારશી (મહારાષ્ટ્ર) માં વસતા ભાઇ શ્રી નેણશી નરસી શાહ પૂર્વ દેશની યાત્રાએ નીકળ્યા છે. એ ભાઇએ સમેતશિખર તથા લછવાડાની યાત્રા કર્યા પછી–ત્યાંનું વહિવટી વાતાવરણ જાણ્યા પછી મારા પર આઠ પાનાનો એક મોટો પત્ર લખ્યો છે જેમાં લછવાડા (ક્ષત્રિયકુંડ) ના વહીવટ વિષે ભારે ફરીયાદ ભરી પડી છે. શ્રી નેણશીભાઇને હું પીછાનું છું ત્યાં સુધી પ્રાયઃ આ હકીકતમાં અસત્ય હોવા સંભવ જણાતો નથી. અને તેથી તેમના આગ્રહથી આ હકીકત જાહેરમાં મુકું છું.

સ્મરણ છે તે પ્રમાણે ગત્ વર્ષમાં પણ સમેત શિખર–લછવાડા આદિના વહીવટ વિષેની ફરીયાદના લેખો વર્તમાન પત્રોની કટારોમાં આવ્યા હતા. અંગત રીતે પણ ઘણા યાત્રીઓની ત્યાંના વહીવટી તંત્ર માટે ફરીયાદ રહ્યા કરી છે. પરંતુ ન માલુમ શાથી પણ ત્યાંના કાર્યકર્તાઓનું લક્ષ આ તરફ ખેંચાતુંજ નથી. અથવા કહીએ કે સર્વ વાતો બહેરા કાન ઉપર અથડાય છે.

શ્રી નેણશીભાઇનો મારા ઉપરનો પત્ર સમેતશિખરના વહીવટ માટે તો પ્રશંસા ઉચ્ચારે છે પણ લછવાડા માટે ભારે રોશ પ્રગટ કરે છે. તેમના પત્રનો સાર ભાગ અત્રે રજુ કરું છું.

"તા. ૨૧-૧-૪૦ ના રવાના થઇ સમેતશિખરજીની યાત્રાએ નીકળ્યા છીએ. રસ્તામાં કેટલીક યાત્રા કરી સમેત શિખર પહોંચ્યા અને ત્યાં યાત્રા રૂડી રીતે કરી છે. બધી વ્યવસ્થા શ્રી જૈન શ્વે૦ કમિટી હસ્તક છે જેના જનરલ મેનેજર મહારાજા બહાદુરસિંહજી છે જેઓ કલકત્તા રહે છે. વ્યવસ્થા વખાણવા યોગ્ય છે. પંચતીર્થી કરતાં લછવાડા આવ્યા ત્યાં શ્રી ક્ષત્રીય કુંડની યાત્રા કરી. ધર્મશાળા વિગેરે સાધનો તો છે પણ માણસોના પગાર બાર મહીના થયા ચુકવાયા નથી. × × × × પછી ધર્મશાળા તો રીપેર શાનીજ થાય? અત્રેની વ્યવસ્થા પણ તેજ કમિટી કરે છે કાંકડીયા દેરાસર તથા ધર્મશાળા પણ એજ કમિટી હસ્તુ છે અને ત્યાં પણ પગાર બાર બાર મહીનાના ચડેલા છે. પગાર ન મળવાથી માણસો ચોરી કરવા પ્રેરાય છે. વિઝીટ બુકમાં આ વિષે ઘણા શેરા થયા છે પણ કશી દાદ મળતી નથી × × × × × × લછવાડાના મૂનીમ રામરૂપનાથને છૂટા કરેલ છે. તેનો પગાર છ માસનો ચડેલો તે નહિ આપવાથી તેણે મહારાજ બહાદુરસિંહજી ઉપર જમુઇની કોર્ટમાંથી ડીક્રી મેળવી છે અને સાધારણ ખાતાના વાસણો ઉપર તેની બજવણી કરી થોડા પૈસા વસુલ કર્યા છે × × × × લાખોના ફંડો દેરાસરમાં હોય છતાં શા માટે પગાર નહીં આપતા હોય? મોટા માણસો જે કરે તે ચાલે છે. × × × કદાચ તમે કાંઇક વર્તમાન પત્રોમાં લખો તો અસર થવાની હોય તો થાય વિગેરે."

ઉપરનાં પત્રમાં શ્રી નેણશીભાઇ સમેત શિખરની બાહ્ય વ્યવસ્થા ઠીક ઠીક જોઇ જે કે પ્રશંસા ઉચ્ચારે છે પણ ત્યાંના હિસાબી કારભાર માટે તો ગત વર્ષમાં પ્રાયઃ શ્રી ભગવાનજી કપાશીએ જાહેર પત્રોમાં લખેલ–અને 'જૈન' પત્રમાં મહારાજા બહાદુરસિંહજીને સમય ઓલખવા ચેતવણી આપતો 'એડિટોરીયલ' પણ આવેલ–મતલબ કે સમેતશિખર કે લછવાડા જ્યાં જુઓ ત્યાં અવ્યવસ્થા અને આપખુદીના દર્શન થાય છે. પૂર્વ તરફના આપણા મૂખ્ય તીર્થોના વહીવટની આ અવદશા જોઇ ખેદ ઉપજે એમ છે. પદાધિકારીઓ કયા પ્રકારના ગર્વથી આ રાજાશાહી ઢબે આપખુદ વર્તન ચલાવતા હશે તે સમજવું કઠિન છે જ્યાં વાડજ ચીભડા ગળે ત્યાં ફરીયાદ કોને કરવી? હિસાબી ઠેકાણું નહિ, કોઇને સંતોષકારક જવાબ નહિ. માણસોને પગાર નહિ, આ સર્વનો શું અર્થ હશે?

આપણે આશા રાખીએ કે મહારાજા બહાદુરસિંહજી સાહેબ નવાયુગની રોશનીને પિછાણે અને સંતોષકારક વહીવટ કરે અથવા છટા થઇ અન્ય કાર્યકર્તાઓ માટે માર્ગ મોકળો કરે. જે બે માંથી એકે માર્ગ ગ્રહણ કરવામાં નહિ આવે તો આજ નહીં તો આવતી કાલે પણ સમયની નોબત સાંભળ્યા વિના તેમને છૂટકોજ નથી.

—રાજપાળ મગનલાલ વહોરા.

મુંબઇ: ૨૫–૨–૧૯૪૦.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પરીક્ષાના પરિણામો.

બોર્ડ તરફથી ગત્ તા૦ ૨૪ ડિસેમ્બર ૧૯૩૯ ના રોજ લેવામાં આવેલ **શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ** અને **અ. સૌ. હીમકુંવરબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામો આ નીચે આપવામાં આવે છે.

(ગતાંકથી આગળ)

સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૫ (સસ્કૃત)

પરીક્ષકઃ–શ્રી. **મનસુખલાલ હીરાલાલ લાલન,** મુંબઇ.

(બેઠા ૯, પાસ ૮, નાપાસ ૧)

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ
૧	પોપટબ્હેન માણેકલાલ (ડાહીબ્હેન પા)	અમદાવાદ	૮૬	રૂા. ૨૦)
૨	શારદાબ્હેન કેશવલાલ (ડાહીબ્હેન પા.)	અમદાવાદ	૮૦	રૂા. ૧૦)
૩	ચંપાબ્હેન મોહનલાલ શાહ	છાણી	૬૭	
૪	જસુમતિ મણીલાલ રેશમવાલા (છાપરીઆશેરી પા.)	સુરત	૬૫	
૫	હંસાબ્હેન રતિલાલ શાહ (ડાહીબ્હેન પા.)	અમદાવાદ	૫૨	
૬	કીકીબ્હેન ચુનીલાલ શાહ	ભરૂચ	૪૦	
૭	ભાનુમતિ સરૂપચંદ કડીયા	ભરૂચ	૩૮	
૮	નિર્મળાબ્હેન છોટાલાલ શાહ (છાપ. પા.)	સુરત	૩૩	

પુરૂષ ધોરણ ૫ વિભાગ ૬ (સંસ્કૃત વ્યાકરણ)

પરીક્ષકઃ- **પંડિત શ્રી નાગેશ** વ્યાકરણાચાર્ય, મુંબઇ.

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ
૧	વિષ્ણુદત્ત પૌડિયાલ	છોટી સાદડી	૭૫	રૂા. ૨૦)

પુરૂષ ધોરણ ૫ વિભાગ ૩ (અધ્યાત્મ વિષય) પરીક્ષકઃ– **શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,** સોલિસિટર, મુંબઇ.

(બેઠા ૩, પાસ ૨, નાપાસ ૧)

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ
૧	ચીમનલાલ માણેકલાલ મકાતી	પાદરા	૬૧	રૂા. ૨૦)
૨	વાડીલાલ વીરચંદ શાહ	વડોદરા	૫૦	રૂા. ૧૦)

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

આ સંસ્થાની કાર્યવાહી સમિતિની એક સભા સોમવાર તા૦ ૧૯-૨-૪૦ ના રોજ બપોરના સ્ટાં ટા. ૩ વાગે કૉન્ફરન્સ કાર્યાલયમાં મલી હતી જે વખતે ઘણી સારી સંખ્યામાં સભ્યો હાજર હતા.

રાયબહાદુર **શેઠ નાનજી લવાભાઇ જે. પી** પ્રમુખસ્થાને બિરાજ્યા હતા.

પ્રારંભમાં શ્રીયુત **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ** મહારાષ્ટ્રના બંધુઓને આવકાર આપી શ્રી. પોપટલાલ રામચંદ શાહની પૂના મ્યુનિ૦ ના પ્રમુખ તરીકે થયેલ ચુંટણી બદલ અભિનંદન અર્પ્યા હતા.

બાદ મહારાષ્ટ્ર જૈન કૉન્ફરન્સની વર્કિંગ કમિટીના હાજર રહેલા સભાસદો શ્રી. **બાલચંદ હીરાચંદ** (માલેગાંવ) **શ્રી પોપટલાલ રામચંદ શાહ** (પૂના) **શ્રી. મોતીલાલ વીરચંદ** (શોલાપુર) શ્રી. **કીશનદાસ** ભૂખણદાસ (માલેગાંવ) અને શ્રી. **મોતીલાલ ચુનીલાલ** ચાંદવડકર (માલેગાંવ) તરફથી કૉન્ફરન્સની પ્રવૃત્તિને વેગ આપવા સંબંધે વિવિધ દૃષ્ટિ બિંદુઓ રજુ કરવામાં આવતાં અધિવેશન સત્વર મેળવવાની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

કાર્યવાહી સમિતિના સભાસદો શ્રી. મોતીચંદભાઇ ગિ. કાપડીઆ, શ્રી. કાંતિલાલ ઇશ્વરલાલ, શ્રી. મહાસુખભાઇ ચુનીલાલ, શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી, શ્રી ચીમનલાલ વાડીલાલ શાહ શ્રી. ધીરજલાલ ટો. શાહ, શ્રી. કેશરીચંદ જેસંગલાલ, ડૉ૦ ચીમનલાલ ઓફ. શ્રી. વલ્લભદાસ મહેતા, શ્રી. મણિલાલ મોકમચંદ શાહ વિગેરેએ પ્રાસંગિક જૂદા જૂદા વિચારો રજુ કરી અધિવેશન જલ્દી બોલાવવાની સૂચનાઓ કરી હતી.

બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
કાંતિલાલ ઇશ્વરલાલ.
સ્થાનિક મંત્રીઓ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક શિક્ષણ પ્રચારની દિશાએ આગેકૂચ.

જૈન સમાજમાં ધાર્મિક શિક્ષણ સરતાથી વધુ પ્રચાર કરી શકાય, તેને સ્પર્શતા વિવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણાદિ માટે મુંબઇમાં તા. ૧૮-૨-૪૦ ના રોજ બપોરનાં સ્ટાં. ટા. ૨-૩૦ વાગે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હોલમાં એક સભા મળી હતી. જે સમયે આ વિષયમાં રસ લેતા બંધુઓની સારી સંખ્યામાં હાજરી હતી.

શ્રીયુત **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,** બી. એ. એલ એલ. બી, સોલિસિટર પ્રમુખસ્થાને બિરાજ્યા હતા.

પ્રારંભમાં મી. માણેકલાલ મોદીએ નિવેદન પત્રિકા અને આવેલા અભિપ્રાયો રજુ કર્યા બાદ શ્રીયુત મોતીચંદ ગિ. કાપડીઆએ બોર્ડે અત્યાર પર્યન્ત ધાર્મિક શિક્ષણ પ્રચારની દિશામાં કરેલા પ્રયાસોની ટુંક હકીકત સભાજનો સમક્ષ મૂકી સૌને પોતાના પરિપકવ વિચારો દર્શાવવા વિજ્ઞપ્તિ કરી હતી.

શ્રી **બબલચંદ કેશવલાલ મોદી** (મંત્રી) એ ધાર્મિક શિક્ષણના ચાર વિભાગો પાડી રાજકીય અને વ્યવહારિક દૃષ્ટિ ઉપરાંત વિજ્ઞાન, વૈદ્યક, ન્યાયની દ્રષ્ટિએ પણ આ શિક્ષણ પ્રચારની કેટલી ઉપયોગિતા રહેલી છે તે સચોટ અને સુંદર રીતે દલીલ પુરસ્સર રજુ કરી હતી.

શ્રી **ભાવજી દામજી શાહે** અભ્યાસક્રમમાં કેટલાક સુધારા કરવા તેમજ પાઠય પુસ્તકો બોર્ડ દ્વારા છપાવવા અને બોર્ડની **સિલ્વર જુબીલી ઉજવવા** સુચનાઓ કરી હતી.

શ્રી **ભોગીલાલ લલ્લુભાઈ શાહે** બોર્ડના ચાલુ અભ્યાસક્રમને વ્યવહારિક સાથે ફરજીયાત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓની દૃષ્ટિએ હળવો બનાવવા અંગે વિચારો રજુ કર્યા હતા.

શ્રી **ફતેચંદ ઝવેરભાઇ શાહે** વિજ્ઞાન અને ધર્મ સાથે મેળ ખાતા ગ્રંથો પઠન ક્રમમાં રાખવા તેમજ અભ્યાસક્રમ બે વિભાગમાં વહેંચી પાઠશાળાઓ તેમજ હાઇસ્કૂલ બોર્ડિન્ગો આદિના વિદ્યાર્થીઓ માટે પૂરતી સગવડ અને અવકાશ આપવા ભલામણ કરી હતી.

શ્રી **મોહનલાલ દીપચંદ ચોકસી** એ વિદ્યાર્થીઓના માનસને અનુરૂપ શિક્ષણક્રમ રાખવા; વાંચનમાળા તૈયાર કરાવવા, જૂદા જૂદા વિષયોમાં નિષ્ણાત થનારાઓ માટે વ્યવસ્થા કરવા તેમજ બોર્ડના કાર્યને સામુદાયિક દૃષ્ટિએ નિહાળવા અપીલ કરી હતી.

શ્રી **ઉમેદચંદ દોલતચંદ બરોડીઆએ** ધાર્મિક શિક્ષણ કઈ ભાષામાં વધુ સરળતાથી આપી શકાય, અને (૨) કયા ક્રમે ગોઠવણી કરી શકાય તે અંગે થીઓસોપીકલ સોસાયટી અને પારસીઓની યોજના પ્રમાણે પ્રત્યક્ષથી શરૂ કરી પરોક્ષ વસ્તુ તરફ, ગુજરાતી ભાષાને શિક્ષણના મિડિયમ તરીકે સ્વીકારી જવાના મતલબના વિચારો પ્રદર્શિત કર્યા હતા.

શ્રી **મોહનલાલ દલીચંદ દેશાઇ** એ પ્રાચીન અને નવીન શિક્ષણ પદ્ધતિ પર પ્રકાશ ફેંકતા ધાર્મિક શિક્ષણ માટે વાંચનમાલાના પ્રયાસો, પાઠશાળા મદદની યોજના, જૈન શિક્ષકો તૈયાર કરવા ટ્રેનિંગ કોલેજ રાખવા, જૈન પંડિતોજ શિક્ષણાર્થે રોકવા સંબંધે વિવેચન કરી બોર્ડ જો ગવર્મેન્ટના એજ્યુકેશન ખાતા સમાન અધિપત્ય ભોગવનાર સંસ્થા બને અને તે દ્વારા જૈન કેળવણી કૉન્ફરન્સ ભરાય એવી આશા વ્યક્ત કરી હતી.

શ્રી ચીમનલાલ વાડીલાલ શાહે આ પ્રશ્ન પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓની દૃષ્ટિએ વિચરવા, ધર્મના સાચા તત્ત્વો બાળકોના મગજમાં સરળતાથી કેમ ઉતરે-તે માટે કથાનકો-સત્પુરૂષોના જીવન ચરિત્રો શિખવવા અને ટુંકમાં ઓછામાં ઓછા પ્રયાસે અને ખર્ચે વધુમાં વધુ શિક્ષણ મેળવી શકાય એ માટે સ્વતંત્ર કમિટી નીમવા આગ્રહ પૂર્વક જણાવ્યું હતું.

આ વિષયની કેટલીક રસપ્રદ ચર્ચા થયા બાદ પ્રમુખશ્રી મોતીચંદ ગિ. કાપડીઆએ આ પ્રશ્નની મહત્ત્વતા જોતાં પુનઃ બીજી સભામાં વિચારણા કરવા સુચવ્યું હતું. બાદ પ્રમુખશ્રીનો આભાર માની શ્રી. બબલચંદ કેશવલાલ મોદી તરફથી યોગ્ય-યેલ અલ્પાહારને ન્યાય આપી આનંદ પૂર્વક આજની સભા વિસર્જન કરવામાં આવી હતી.

श्री सम्मेत शिखरजीकी
मेरी यात्रा
और उस संबंधि कतिपय विचार.

(लेखकः--सुंदरलालजी जैन.)

३ दिसंबर को हम सात स्त्री पुरुष लाहोर से श्री सम्मेत शिखरजीकी यात्रा के लिए रवाना हुवे। प्रातःकाल दिल्हि पहुचे। आग्राकी गाडीमें दो घटे टाईम था इसलिये साध्वीजी श्री चित्तश्री आदि ४ साध्वीयों का दर्शन करने उपाश्रय गये। दर्शन कर वापिस स्टेशन पर पहुंचे। स्टेशन पर ही खाना पीना करके गाडीमें बैठ गये। राजाकी मंडी स्टेशन पर शामको उतरकर हम रोशनमुहल्ला आग्रा की जैन श्वेतांबर धर्मशाला में चले गये। वहीं बा० दयालचंदजी से पता मिला कि मुनिराज श्री १०८ श्री दर्शनविजयजी आदि त्रिपुटी श्री शोरीपुर तीर्थ से प्रातः ही विहार करदेंगे। अस्तु बाबुजीने काफी प्रयत्न कर हमारे लिये एक टैक्सी २१)रु. में श्री शौरीपुर तीर्थ तक आने जानेकी करदी। हम दूसरे दिन प्रातः ही ४ बजे चलपडे। आग्रासे श्री शौरीपुर तीर्थ लगभग ४५ माईल है। सडक पक्की है लेकिन आखिरमे कुछ रास्ता बडा खराब है। हम सात बजे के करीब वहां पहुंच गये। मुनि महाराज विहार करने वालेही थे कि हम लोग पहुच गये। दर्शन कर चित्त प्रसन्न हुआ। तीनों ही योग्य महात्मा हैं। श्री शौरीपुर तीर्थ में भगवानका दर्शन पूजन किया। एक मन्दिर है धर्मशाला है। दिगम्बरों के साथ यहांभी झगडा है यहां पर भगवान अरीष्टनेमी के जन्म तथा च्यवन दो कल्याणक हुवे हैं। बिल्कुल मामूली गामडा है। खा पीकर वापिस आग्रा पहुचे। आग्रा में देखने लायक ताजबीबी का मकबरा तथा लाल किल्ला है। श्री शौरीपुर तीर्थ को शिकोहाबाद स्टेशन से भी जा सकते हैं वहां परसे केवल १२ मील पडता है। बैलगाडी मिलती है। आग्रामें लगभग ११ अपने मंदिर हैं। वापस आग्रा कैन्ट से चढकर हम सुबह कानपुर पहुंचे। स्टेशन की धर्मशाला में हम लोग ठहर गये। स्टेशन से लगभग आध माइल पर भव्य काच का मंदिर है। मन्दिर अत्यन्त मनोहर है। देखने के काबिल है। परन्तु मन्दिर के साथ ही म्युझियमके ढंग पर अनेक चीजें रखी हैं जिसमें की कुछ अनुचित नंगी मूर्तियां पवित्र स्थान के प्रभाव को क्षणभरके लिये नष्ट कर देती है। न मालूम मन्दिर बनवाने वालोंने किस आशय से यह उसस्थान पर बनवाई हैं। कानपुर बडा व्यापारी शहर है और अच्छी रौनक है। कानपुर से सीधा हम लोग लखनौ चले गये। लखनौ अमीनाबाद पार्क में ही हम ठहर गये। अपने १४ मन्दिर लखनौ में हैं। ९ मन्दिर शहर में हैं। और ५ दादा वाडी में (शहर से लगभग ४ माईल पर)। यहां एक मुनिराज के भी दर्शन हुवे। मंदिरों का दर्शन करते २ बा. स्वरूपचंदजी की भक्ति चित्तको मोहित करनेवाली थी। आप बडे मिलनसार, प्रभु भक्त हैं। पता लग जाये कि कोई उनका स्वधर्मी भाई आया है फिर बिना खिलाये उसको जाने नही देंगे। दादा वाडी से मन्दिरों के दर्शन कर चित्त में विचार होता था कि जिस महानुभावोंने इतनी भक्ति से यह देवालय बनवाये हैं आज उनकी पूरी सेवा भक्ति करनेवाले भी नजर नहीं आते। लखनौ बडा रौनक वाला शहर है। यू. पी. गवर्मेन्ट का हैडक्वार्टर है। लखनौ से सवार होकर हम सोहावल स्टेशन पर उतरे। सोहावल छोटासा स्टेशन है। वहांसे लगभग २ माईल के उपर रत्नपुरी तीर्थ है। मन्दिर दर्शनीय है यहां पर श्री धर्मनाथ प्रभु के चार कल्याणक हुवे हैं। धर्मशाला है। पास छोटासा गांव भी है। वापिस सोहावल आकर गाडीसे अयोध्या स्टेशन पहुंचे। कटरा मुहाल में श्वेतांबर जैन धर्मशाला व मंदिर है। यहां पर ऋषभदेव भगवान के तीन कल्याणक तथा श्री अजित, श्री अभिनंदन, श्री सुमति तथा श्री अनंत प्रभु के प्रथम ४-४ कल्याणक हुवे हैं। प्राचीन मंदिर का जीर्णोद्धार हो रहा है। हजारो रु. जीर्णोद्धार पर लग रहे हैं। अमदावादकी एक बूढी माताजी पूर्ण भक्ति, लगन तथा प्रेम से सब कार्य करवा रही हैं। लगभग आठ बरस से जीर्णोद्धार का कार्य वह अकेली करवा रही हैं। घर वार छोडकर केवल तीर्थोद्धार के लिये अपना जीवन अर्पण कर दिया है। स्वयं रु. इकट्ठी करती हैं। और लगवाती हैं। मुनिम पं. ज्येष्ठारामजी भी मिलनसार तथा उत्साही हैं। जिस प्रकार मंदिर का जीर्णोद्धार हो रहा है आशा है अभी काफी समय लगेगा। परन्तु यह सर्वथा ठीक है कि अगर यह मन्दिर कभी तैयार होगया तो सारी अयोध्या नगरीमें इसके समानका एकभी मन्दिर नही होगा। प्राचीन मन्दिर के नीचे भोंयरे में भी प्राचीन मूर्तियां है जो कि उसी भोंयरे से कभी निकली थी।

[अपूर्ण]

શ્રમણ સંસ્કૃતિની સૌરભ.

કર્તવ્યનું સ્મરણ અને આચાર પાલન.

અમારે ગમે ત્યાં વિચરીને પણ ઉપદેશ તો આપવાનોજ છે. પછી સાધુને ગુજરાત શું અને કાઠિયાવાડ શું? સિંધ શું અને પંજાબ શું? મેવાડ શું? અને મારવાડ શું? જ્યાં લાભ દેખાય, ત્યાં પહોંચી જવું એ અમારું કર્તવ્ય છે. સંયમની રક્ષાપૂર્વક બની શકે તેટલું બીજાનું હિત કરવું એ અમારું કામ છે. ભગવાન મહાવીર, અને તેમના અનુયાયીઓ અનાર્ય દેશમાં વિચર્યા છે, ને ભયંકર કષ્ટો સહ્યા છે. આજનો ભક્ત વર્ગ પોતાના ગુરૂને જરાપણ કષ્ટ ન પડવા દે એટલી કાળજી શ્રદ્ધાપૂર્વક રાખે છે સાધુને વળી બીજો વિચાર શું કરવાનો હોય? ક્ષુધાની નિવૃત્તિ માટે પાશેર અન્ન, શરીરને ઢાંકવાને માટે બે ચાર કપડાં, અને સૂવા બેસવાને માટે સાડા ત્રણ હાથ જમીન-આટલું જો મળી જતું હોય તો એક સાધુને માટે-એક મસ્ત ફકીર ને માટે બીજી વસ્તુની જરૂરે શું છે? જ્યાં ભક્તોનાં ટોળાં ખમાખમા કરતાં ઉભા રહ્યાં હોય, જ્યાં રોજને રોજ બેન્ડના સરોદાથી સામૈયા થતાં હોય, જ્યાં ભક્તાણીઓ ચાર ચાર વખત ઇચ્છા મુજબનાં આહાર પાણી વહોરાવવાને માટે તૈયાર રહેતી હોય, જ્યાં ઉંચામાં ઉંચી જાતની મલમલો અને સેંકડોની કિંમતની કામળો ઓઢવા મળતી હોય, જ્યાં લાખોની કિંમતનાં અલીશાન મહેલો રહેવાને મળતાં હોય અને જ્યાં પગ ઉપર પગ ચઢાવીને આખો દિવસ બ્રીંકણીના સડાકાઓ સાથ ગામ ગપાટા મારવામાં સમય વ્યતીત થતો હોય, એવા સ્થાનોમાં રહીને જીવન વ્યતીત કરવું એમાં સંયમની શોભાએ શી છે? સંયમની કસોટીએ શી છે? આનંદ ત્યાં છે કે જ્યાં ઘોર અહિંસામાં રચીપચી રહેલાં લોકોને અહિંસા દેવીના દર્શન કરાવવામાં આવે છે. આનંદ ત્યાં છે કે જેમણે જૈન ધર્મનું નામનિશાન પણ ના સાંભળ્યું હોય તેઓ જૈન ધર્મના રહસ્યોને સાંભળીને મંત્ર મુગ્ધ થતાં હોય. આ બધા આનંદની આગળ વિહારનાં કષ્ટો એ કષ્ટો તરીકે નથી દેખાતાં. ખરી વાત તો એ છે કે સાધુ જ્યારથી માતા પિતાને, ઘરબારને, પુત્ર પરિવારને, જ્ઞાતિ-પાંતિને દેશવેષને છોડી સાધુતા સ્વીકારે છે ત્યારથીજ કષ્ટ એ તો એમને માટે નિર્માણ થયેલી વસ્તુ છે ઇચ્છાનો રોધ એ તપસ્યા છે. અને એ તપસ્યા કરવા માટેજ માણસ સાધુ થાય છે.

× × × ×

જૈન સાધુઓનો પાદવિહાર, એ આજના જમાનામાં લોકોને બહુ આશ્ચર્યમાં નાંખે છે. સમયનો બચાવ કરવાનાં સાધનો એક પછી એક નીકળતાંજ રહ્યાં છે. ઘોડા, ઉંટ, ગાડી, રેલ, મોટર અને હવાઇ જહાજ સુધીનાં સાધનો કૂદકે અને ભૂસકે નીકળી રહ્યાં છે. દેખીતી રીતે આ સાધનોનો ઉપયોગ કરનાર થોડા સમયમાં ઘણું કાર્ય કરી શકે છે. એમ બાહ્ય દૃષ્ટિએ જોનારને જરૂર દેખાય છે પરંતુ સંસારનો ત્યાગી વર્ગ કે જેમણે કેવળ નિઃસ્વાર્થ વૃત્તિથી જગતનું કલ્યાણ કરવાને માટે ભેખ ધારણ કર્યો છે, એવાઓને માટે આ વર્તમાન સમયનાં સાધનો, સિવાય કે એમને સંયમથી નીચે પાડે, ધીરે ધીરે પોતાની સાધુતા દૂર હઠાવે, બીજાને ફાયદો કરી શકતાં નથી. ગૃહસ્થોને માટે એ સાધનો જરૂર ઉપયોગી લેખી શકાય! પરંતુ સાધુને માટે તો-ત્યાગીને માટે તો નિતાન્ત હાનિ કર્તા છે એ વાત બહુ સુક્ષ્મતાથી વિચાર કરતાં સમજ્યા વગર નહિ રહે. અને તેનુંજ પ્રત્યક્ષ ઉદાહરણ છે કે હિંદુસ્થાનના બહોંતેર લાખ સાધુઓની આ દશા થઇ છે સાધુઓનો માનમર્તબો શાથી ઓછો થઇ ગયો છે? સાધુના નામથી લોકોને કેમ ધૃણા ઉત્પન્ન થાય છે? એનું મૂળ તપાસવામાં આવે તો એકજ માલૂમ પડે છે કે સાધુમાં જે ત્યાગવૃત્તિ જોઇએ, જે જિતેન્દ્રિયતા જોઇએ, જે નિર્લોભતા જોઇએ તે નથી રહી. શાથી નથી રહી? એનો જવાબ સીધો અને સરળ છે.

× × × ×

એક પગથિયું ચૂકનારો માણસ નીચે આવીને પડે છે. સાધુ ત્યાગી છે. એણે ત્યાગનો ઉપદેશ આપવાનો છે. એણે સંસારી જીવોને સંસારના પ્રલોભનોમાંથી દૂર રહેવાનો ઉપદેશ આપવાનો છે. એણે સંસારનાં જીવોને નીતિ પરાયણ બનાવવાના છે. સદાચાર તરફ વાળવાના છે. સંસારની વાસનામાં રચી પચી રહેલાં જીવોને એમનું આત્મિક ભાન કરાવવાનું છે. આ બધીયે બાબતમાં જે માણસ કુશળ હશે, પોતે તે પ્રમાણેનું આચરણ કરતો હશે તેજ બીજાઓને સમજાવવાનો અધિકારી છે. સ્વયં લાલચમાં ફસાયેલો માણસ બીજાને ઉપદેશવાને અધિકારી નથી. દેશના ઉદ્ધાર માટે આજે સેંકડો માણસો 'દેશનાયક' તરીકેનું બિરુદ ધરાવનારા બહાર પડયા છે, પ્લેટફોર્મને ગજાવે છે, ક્ષણ ભર માટે હજારો મનુષ્યોના હૃદયો હચમચાવી મૂકે છે આ બધું છતાં આંટી ઘુંટીનો પ્રશ્ન આવે છે ત્યારે, સૌને એમ થાય છે કે ચાલો આપણે મહાત્મા ગાંધી પાસે કારણ એ છે કે 'એ કોઇનો પક્ષપાત કર્યા વિના અથવા પોતાની સ્વાર્થવૃત્તિનો જરા પણ અંશ રાખ્યા વિના, પોતાના અંતર આત્માને અવાજ પ્રમાણે પોતાને સત્ય લાગે છે, તે રાહ બતાવે છે.' એવી શ્રદ્ધા લોકોની છે. અને તે શ્રદ્ધા તે તરફ લઇ જાય છે. કંચન કામિનીની આશક્તિમાંથી સંસારના જીવોને બચાવવાનો ઉપદેશ, કંચન કામિનીનો સર્વદા ત્યાગી સાધુજ કરી શકે.

—મુનિશ્રી વિદ્યાવિજયજી.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૯, પાયધુની, મુંબઇ, ૩.

સદ્‌ગુણાનુરાગીની સ્મૃતિ.

(ગતાંકથી ચાલુ.)

ઘણીવાર એવું બને છે કે સમાજ પાસે સુંદર યોજના રજુ કરતાં સમાજ તેને વધાવી લે છે અને સહાય કરે છે. પણ પછીથી કાર્યને વેગ મળવાને બદલે ઘણીવાર કાર્યમાં શિથિલતા આવી જાય છે. આ સમિતિ એમાં અપવાદરૂપ છે એ જણાવતાં આનંદ થાય છે. અર્થાત્ દ્રવ્ય સહાય મળતાં વેંતજ આ સમિતિએ એક ભાઇને સદ્‌ગુણાનુરાગીના લેખોની પ્રેસ કૉપી તૈયાર કરવા રોકી, સાથોસાથ છાપકામ પણ શરૂ કરાવ્યું. પરિણામે સન્મિત્રના દ્વીતિય સંવત્સરી પ્રસંગ પહેલાં લગભગ ૭૫૦ પાનાનો શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભાગ ૧ બહાર પાડી દીધો છે તેની કિંમત કાચા-પાકા પુઠાની અનુક્રમે પાંચ અને છ આના રાખી છે. જે પડતર કિંમતથી પણ અડધી છે. ત્યાર પછી હમણાં બીજો ભાગ પણ તેવડોજ અને એજ કિંમતથી બહાર પડી ચુકયો છે જેમાં સુક્ત મુક્તાવલી ઉપર સદ્‌ગુણાનુરાગી કૃત સુંદર વિવરણ છે જે આત્માર્થીઓએ ખાસ વાંચવા-વિચારવા યોગ્ય છે.

બન્ને ભાગની એક એક હજાર નકલ કઢાવી છે. કેટલીક નકલો ખપી છે એ જાણવા મંત્રીશ્રીને પુછપરછ કરતાં જણાયું કે એક ઠેકાણે લ્હાણી માટે ૧૫૦-૨૦૦ નકલ ગયેલ તે અને અન્ય છૂટક વેચાણ મળી ભાગ્યેજ ચારસો નકલ ખપી હશે! (પ્રથમ ભાગ) આ જાણી જૈન સમાજની જ્ઞાન પ્રિયતા ઉપર ખેદ ઉપજે છે. જે પુરૂષની સ્મૃતિ માટે આ પ્રયાસ થયો છે એ પુરૂષ પ્રત્યે સમગ્ર જૈન જનતાનો પરમ ભક્તિરાગ હતો એમાં શંકા જેવું નથી. તેમનાજ લખાયેલા લેખો આટલી વ્યવસ્થિત રીતે અને અલ્પમૂલ્યે જનતા સમક્ષ ધરવામાં આવે, તે સંબંધી હસ્તપત્રો છપાવી લોકોમાં જાણ કરવામાં આવે છતાં આ દશા હોય અને એ જ કારણે હવે પછીના ભાગોની ૫૦૦ નકલો કઢાવવા વિચાર ચાલે એ જૈન સમાજ માટે આશ્ચર્ય અને દુઃખજનક જ ગણાય.

આ ફાળાની રકમ હમણાં ચાર આંકડામાં છે તે પણ આગળ વધવાની જરૂર છે. જેથી સન્મિત્રના લખાણો ઉપરાંત અન્ય આવશ્યક પ્રકાશનો પણ થઇ શકે એમનો રાગીવર્ગ હિંદભરમાં પથરાયેલ છે. પ્રત્યેક વ્યક્તિ જો ધારે અને આ રીતે પોતાની અંજલી અર્પે તો આ રકમ વધીને સારા પાયે થઈ જાય. જેમાંથી સદ્‌ગુણાનુરાગીની સ્મૃતિ વધુને વધુ જળવાય તેવા હરકોઇ પ્રયાસ આ સમિતિ કરશે.

રૂા. ૫૦૧) ભરનારને જેટલાં પ્રકાશનો થાય તે સર્વની પાંચ પાંચ નકલો વિના મૂલ્યે અપાય છે રૂા. ૨૫૧) ભરનાર ત્રણ અને રૂા. ૧૦૧) ભરનારને એક નકલ વિના મૂલ્યે આપવાનું નક્કી થયેલ છે. સો રૂપયાથી ઓછી રકમ ભરનારને છાપેલ કિંમતથી અડધી (એટલે મૂળ કિંમતથી પા કિંમતે) ગ્રંથો આપવા ઠરાવ્યું છે.

પ્રથમ ભાગમાં શ્રીયુત્ મો. ગિ. કાપડીઆ અને શ્રી મોહનલાલ ચોકસી પાસેથી અનુક્રમે ઉપોદ્‌ઘાત અને આમુખ લખાવીને છાપેલ છે. દ્વીતિય ભાગમાં શેઠ શ્રી કુંવરજીભાઇ આણંદજી પાસેથી પ્રસ્તાવના અને શ્રી ચોકસી પાસેથી સદ્‌ગુણાનુરાગીનુ જીવન ચરિત્ર લખાવીને મૂકેલ છે. ભવિષ્યમા બહાર પડનાર ભાગોમાં પણ તેમના ભક્ત-લેખકોના હાથે લખાયેલ આવા લખાણ મૂકાશે જેથી સન્મિત્ર વિષે ઘણો પ્રકાશ પડશે.

નાણાં પાઠવવાનું સ્થાન નીચે પ્રમાણે છે.

શ્રી નરોત્તમ ભગવાનદાસ શાહ.
મંત્રી, શ્રી કર્પૂરવિજય સ્મારક સમિતિ,
ગોપાલ ભુવન-પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

અંતમાં સદ્‌ગુણનુરાગીના વિશાળ અનુયાયી વર્ગને એટલુંજ સૂચવવું પર્યાપ્ત થશે કે શ્રીમાન શાંતમૂર્તિ કર્પૂરવિજયજી મહારાજ અમુક કોઈ ખાસ ગૃહસ્થના ન હતા. પણ તેઓશ્રી સૌ કોઇના હતા. મારા-તારા ના ભેદભાવથી તેઓ અલિપ્ત હતા. એ પુણ્ય પુરૂષની સ્મૃતિ માટે આ પ્રયાસ આદર બુદ્ધિએ થયો છે એમાં સહાય આપવાની સૌની ફરજ છે. થતું કાર્ય એકાંતે મતભેદ વિનાનું છે. આ સર્વ વિચારી દરેક ભાઇ-બહેન પોતાનો ફાળો-ફૂલ નહિ તો ફૂલ પાંદડી ઉપર દર્શાવેલ ઠેકાણે મોકલી આપે અને પ્રકાશિત થતા ગ્રંથો બીજેજ મહીને મળવા મુશ્કેલ થાય તેટલા પ્રમાણમાં ઉઠાવે એજ ભાવના. **अस्तु!**

મુંબઇ: વસંત પંચમી: ૧૯૯૬.

નિવેદક,
રાજપાળ ભગનલાલ વ્હોરા.

લુધીયાનામાં દીક્ષા મહોત્સવ.

લુધીઆનામાં પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી પં. શ્રી સમુદ્રવિજયજી આદિ પધાર્યા હતા. જ્યાં આચાર્યશ્રીના ઉપદેશથી શાસનોન્નતીના કાર્યો સારા થયેલા છે.

માહા સુદ ૨ શનીવારે વિજયમુહુર્તે યોગીરાજ શ્રી કૃષ્ણાનંદજી તથા શ્રી સ્વામી શ્યામાનંદજીને સંઘ સમક્ષ-દીક્ષા આપવામાં આપવામાં આવી હતી. દીક્ષા વિધી થયા બાદ આચાર્ય શ્રી, પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી, તેમજ નુતન મુનિરાજ શ્રી વિશ્વવિજયજીએ દીક્ષા ઉપર સુંદર વિવેચનો કર્યા હતા.

દીક્ષીતના નામો અનુક્રમે-શ્રી વિશ્વવિજયજી, શ્રી વૃદ્ધિવિજયજી રાખવામાં આવ્યા છે. શ્રી આત્માનંદ જૈન સ્કુલ માટે બીલ્ડીંગની જરૂરીઆત અંગે પં. શ્રી સમુદ્રવિજયજીએ શ્રી સંઘને જણાવતાં નીચે મુજબ રકમો ભરાઇ હતી.

૫૦૧) લાલા દેશરાજજી જોહ્રાવાળા રૂમ એક માટે.
૫૦૧) લાલા લચ્છમણદાસજી જોહ્રાવાળા રૂમ એક માટે.
૧૦૧) લાલા ધનપતરાયજી ચરણદાસજી આદિએ જાહેર કર્યા હતા—

અને આગળ કામ ચાલુ છે. આચાર્ય શ્રી આદિ હોશીયારપુર તરફ વિહાર કરશે.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA." Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રી:-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:-રૂપીઆ બે. છુટક નકલ:-દોઢ આનો.

નવું વર્ષ ૮ મું. | શનિવાર તા૦ ૧૬ મી માર્ચ ૧૯૪૦ | અંક ૮ મો.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

કાર્યવાહી વિષે બિનપાયાદાર હકીકતો સંબંધે સત્તાવાર નિવેદન.

શું મહામંત્રીએ રાજીનામું આપ્યું છે?

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિમાં કર્યા હતા. પહેલી સભામાં મહારાષ્ટ્રના આગેવાન બંધુઓએ જૈન-સમાજના ઉત્કર્ષ સાથે નિકટ સંબંધ ધરાવતા અનેક પ્રશ્નો વખતો-વખત વિચારવામાં આવે છે તે અંગેની કેટલીક હકીકતો થોડાક સમયથી તદ્દન વિકૃત સ્વરૂપમાં જૈન જનતા સમક્ષ રજુ કરવાનો ધંધો ચોક્કસ વ્યક્તિઓ લઇ બેઠી છે અને બરાદા પૂર્વકના-જુઠ્ઠાણાઓ ફેલાવી સમાજમાં અશાંત વાતાવરણ ઉત્પન્ન કરવા પ્રયાસો સેવી રહી છે એ તરફ અમારૂં લક્ષ ખેંચવામાં આવતાં નિવેદન કરવાનું કે:—

જૈન સમાજ અત્યારે જે વિકટ સ્થિતિમાંથી પસાર થઇ રહી છે તે લક્ષમાં રાખતાં નિરર્થક ચર્ચાઓ કે લાગણીને ઉશ્કેરનારા આહેવાલોથી સમાજનું અહિતજ થાય છે. કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિમાં થતા નિર્ણયો જનતાની જાણ માટે તેનાં મુખ પત્ર 'જૈન યુગ' તેમજ સમાજના તથા જાહેર પ્રતિષ્ઠિત વર્તમાન પત્રોમાં પ્રગટ થતા રહ્યા છે અને થશે. અપરિપકવાવસ્થામાં પસાર થતી અને ગંભીર વિચારણાધિન રહેતી બાબતોને જ્યારે કોઇપણ પ્રકારના આગળ પાછળના સંબંધ વગર મારી-મચડીને માત્ર કોઈ એકાદજ વ્યક્તિના નિવેદનને સતત સ્પર્શવામાં આવે ત્યારે તેમાં અંગત દ્વેષ રહેજે તરી આવે એમ છે. એમાં નથી કોમની સેવા-સમાજની દાઝ કે સંસ્થાના હિતની દૃષ્ટિ, માત્ર સ્વાર્થને કોઇપણ રીતે પોષવાની વૃત્તિનાજ આવા લખાણો કે અહેવાલોમાં દર્શન થાય છે.

કૉન્ફરન્સની તા૦ ૧૯-૨-૪૦ અને તા૦ ૬-૩-૪૦ ના રોજ મળેલી કાર્યવાહી સમિતિની સભામાં કૉન્ફરન્સનું આગામી અધિવેશન મેળવવા સંબંધે વિચારણા ઉપસ્થિત થતાં સભ્યોએ આજની સમાજની નાજુક પરિસ્થિત અને તેમાં સંગઠીત રીતે માર્ગ કાપવાની શુભ નિષ્ઠાથી વિવિધ દૃષ્ટિ-બિંદુઓ રજુ ખાસ એ કાર્ય માટે મુંબઈ આવી ખૂબ રસ અને લાગણી પૂર્વક કૉન્ફરન્સને પુષ્ટી આપનાર પોતાના નિશ્ચિત વિચારો કમિટી સમક્ષ મૂકયા હતા. ખાસ કરી તે સભા અને ત્યાર પછીની સભાની કાર્યવાહીને કેટલાક વર્તમાન પત્રોમાં પાનાઓના પાનાઓ ચિતરી રચનાત્મક કાર્યમાં વિક્ષેપ નાંખવા અને જનતાને સત્યથી વેગળી અથવા ભળતી વસ્તુ તરફ દોરવાનો અઘટિત પ્રયત્ન સેવવામાં આવ્યો છે. એટલુંજ નહિં પણ કૉન્ફરન્સના એક રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રીયુત્ કાંતિલાલ ઇશ્વરલાલ જે પી. એ પોતાના ઓહ્દાનું રાજીનામું આપ્યાના સમાચારો પ્રગટ કરી તેનો પ્રચાર પણ વ્યવસ્થિત રીતે કરવામાં આવેલ છે કૉન્ફરન્સ કાર્યાલયમાં રાજીનામું પ્રાપ્ત થયેલ નથી તેમજ શ્રી. કાંતીલાલ ઇશ્વરલાલ રે. જ. સેક્રેટરી તરીકે અત્યાર પર્યંત પોતાના તન મન અને ધનથી ભોગ આપી સેવા બજાવી રહ્યા છે. એ રીતે આ રાજીનામાંના સમાચાર તદ્દન પાયા વગરના અને જવાબદારીનું લેશ માત્ર પણ ભાન રાખ્યા વગર અપાયેલ છે.

છેવટે જૈન જનતાને નિવેદન કરવાનું કે કૉન્ફરન્સ કે તેની કાર્યવાહી વિષે આ પ્રકારની ગુલબાંગોથી સાવધાન રહી સત્તાવાર સમાચારો પ્રકટ ન થાય ત્યાં સુધી તેના પર વિશ્વાસ મૂકવો નહિં. કાર્યાલય તરફથી સમય સમય પર સમાજોપયોગી સમાચારોની જાણ જનતાને કરવામાં આવે છે અને તે મુજબ ભવિષ્યમાં પણ થશે.

લિ૦ સેવક,

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

મુંબઇ, તા. ૧૦-૩-૧૯૪૦ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થઃ–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૩-૪૦. શનિવાર.

સ્ટેન્ડિંગ કમિટીની બેઠક.

કેટલાક સ્થળેથી જાહેરમાં આવેલા કોન્ફરન્સના અધિવેશનની અગત્યતા દર્શાવનાર વિચારોથી તેમજ તે સંબંધમાં લગભગ વર્કિંગ કમિટીની છેલ્લી ત્રણેક સભાઓમાં જુદા જુદા દ્રષ્ટિબિન્દુઓથી ચલાવવામાં આવેલી ચર્ચા પછી એપ્રીલની આખરમાં કોન્ફરન્સની સ્ટેન્ડિંગ કમિટી મેળવવા સંબંધી સર્વાનુમતે થયેલ ઠરાવ એ સૌ કોઇને અવશ્ય આનંદ આપશે; અને અમને ખાત્રી છે કે એ બેઠકમાં કોઇ પણ જાતના પૂર્વગ્રહ વગર ખુલ્લા હૃદયે અને ઉદાર વૃત્તિએ, તેમજ સ્વમંતવ્યના સંકુચિત વમળમાં ચક્કાવા લેવાને બદલે જૈન સમાજના શ્રેયની દ્રષ્ટિથી લાભાલાભનું દ્રષ્ટિબિન્દુ નજર સન્મુખ રાખીને છેલ્લા દશકાની કાર્યવાહીનું સિંહાવલોકન કરવામાં આવશે તો જે અધિવેશન આજે સમયના હિંડોળે અવલંબે છે તે હાથ વેંતમાં આવી ઉભું રહેશે. શ્રીયુત્ મોતીચંદભાઇ તરફથી છેલ્લી વર્કીંગ કમિટિની સભામાં પ્રારંભમાં જે નિવેદન રજુ કરવામાં આવ્યું–એમાં જે કેટલીક વાત ઉચ્ચારવામાં આવી તેમાંથી એ ધ્વનિ જરૂર નિકળે છે. વળી શ્રીયુત્ ચીનુભાઇએ સ્ટેન્ડીંગ કમિટિ મેળવવા સબંધમાં જે દરખાસ્ત રજુ કરી અને એ વેળા જે કારણો રજુ કર્યા એનો શાંતિપૂર્વક વિચાર કરીએ તો એટલો સાર સહજ તારવી શકાય કે એપ્રીલની આખરે મળનારી બેઠક એ મહત્વની અને અધિવેશન સંબંધમાં અગત્યનો નિર્ણય કરનારી બનશે. અમારા ગયા અંકમાં અધિવેશન સંબંધી અગ્ર લેખમાં જે મુદ્દા ઉભા કરાયેલ ને સૌ પ્રથમ વિચારોની આપ લે દ્વારા કોઇ નિયત કાર્યક્રમ યોજવાની સુચના કરવામાં આવેલી તેને પ્રોત્સાહન મલ્યું છે, એટલુંજ નહિં પણ સર્વાનુમતે એને અનુરૂપ ઠરાવ પસાર કરીને વર્કીંગ કમિટિએ ખરેખર સાચી દિશામાં પગલું ભર્યું છે, એમ અતિશયોક્તિ કર્યા વિના કહી શકાય.

ભાવનગરની મડાગાંઠ પછી સમય ઘણો વ્યતીત થયો છે; છતાં એ દરમીઆન શ્રીયુત્ કાન્તિલાલભાઇ તરફથી ઐક્યતા બાબત જે પ્રયાસો કરવામાં આવ્યા છે અને વાતાવરણમાં ઐક્યતા માટે જે આંદોલન ઉભું કરવામાં આવ્યું છે; અને ડો. સ્ટોકના શબ્દોમાં કહીયે તો ફળ બેસવાનીજ ઢીલ છે. સમાજની નાડ પારખી કેટલીક વાર જવાબદાર વ્યકિતઓને નિવેદન ટુંકા કરી ઘણી બરી વાતો મનમાં રાખવી પડે છે એથી ઘણીએ વાર સ્વતંત્રતાના વાયુમાં કડવી ટીકાઓના ભોગ પણ બનવું પડે છે! કેટલાક છાપાઓ એમાં મનગમતી છુટ લઇ આક્ષેપ મૂકવાની હદ સુધી પણ પહોંચી જાય છે! એકને એમાં નેતા થવાની ગંધ આવે છે તો બીજાને એમાં શ્રીમંતોની પૈસાના જોરે સમાજને હાથ તળે રાખવાની ચાલાકી જણાય છે! એથી તો પત્રોના કોલમોમાં મનગમતી ટીકાઓના બાણ છુટે છે, કટાક્ષ ભર્યા મથાળા દોરાય છે અને ઠઠ્ઠા ચિત્રની રજુઆત સુધી વાત પહોંચે છે! નેતાગીરીની નિષ્ફળતાના પોકાર પડે છે! શ્રીમંતાઇ સામે હુમલા થાય છે.! ઐક્યની મસલતમાં શ્રીયુત્ કાન્તિભાઇને ઉપર રજુ કરી એ તાવણીમાંથી પસાર થવું પડયું છે. છતાં એ સર્વ પછી જે પરિણામ પ્રાપ્ત થયું છે એ અમારી નજરે વિજય સુચક છે. વ્યવહારૂ ભાષા એને અર્ધો વિજય લેખશે પણ ઝીણવટથી વિચારતાં એ અર્ધા પાછળ કયાંતો પૂર્ણતા અને કયાંતો શૂન્યતા એ સિવાય ત્રીજી દશા અસંભવિત છે; એટલે અમે તો પૂર્ણતાનીજ આશા રાખીએ. શ્રીયુત્ કાંતિભાઈ અને ડો. સ્ટોક જેવાના હાથે એ સ્થિતિ પ્રગટે એમાં ભાગ્યેજ કોઇ નારાજ હોય એમ કલ્પીએ તો અમારી કલ્પના નિરાધાર ન ગણાય. સનાતન સૂત્ર પોકારે છે કે દાતાર–ભક્ત કે શૂરવીર એ તો સ્વયં નેતા સમાન છે અર્થાત્ નેતાગીરી એમને જન્મતાંજ છઠ્ઠીના લેખમાં લખાઈ હોય છે. એ સારૂ પૈસાના જોરે નેતા બનવા માંગે છે એવી કલ્પના પણ અસ્થાને છે. દાનવૃત્તિ ધનના ત્યાગ વિના અશક્ય છે અને એ જાતનો ત્યાગ સદા પ્રશંસાને યોગ્ય છે, છુટા હાથે ધન વાપરનાર અથવા તો શક્તિ મુજબ દેશ કાળને અનુરૂપ માર્ગે ધન વ્યય કરનાર જનતાની જીભે સહજ ચઢે છે. એણે નેતા બનવાની વિધિ કરવાની જરૂર નથી રહેતી. એથી ઉલ્ટું સંસ્થાઓ, સામે જઇ એવા આત્માઓનો સહકાર શોધે છે. કોન્ફરન્સ જેવી મહાન્ સંસ્થામાં શ્રીયુત્ કાન્તિભાઇની પ્રવૃત્તિ–સેવાના મુદ્દાથીજ અંકાયેલી છે અને મંત્રી પદના અધિકારને પણ અનુરૂપ છે. બાકી એમના સરખા દાનવીર ગૃહસ્થને મેળવવા એમાં સંસ્થાને ઓછુ ગૌરવ નથીજ. આટલી વાત મૂળ વિષયથી બસી જઇ એટલા સારૂ ઉલ્લેખવી પડી છે કે કેટલાક પત્રોમાં ઐક્ય અને અધિવેશનના મહત્વના સવાલોમાં આપણાજ બંધુઓ તરફથી એવી ચર્ચાને એટલી હદે ભેળવી દેવામાં આવી છે કે એ પરત્વે મૌન રહેવું એ ભૂલજ ગણાય.

પણ સર્વાનુમતીના ઠરાવ પછી એ બધું ભૂલી જઇ, ગઇ ગુજરી વીસારી દઇ, આપણી પ્રિય સંસ્થાના ઉત્કર્ષ અર્થે બને બનો મીલાવી કામ કરવાનો દ્રઢ સંકલ્પ કરી લેવાની પળ આવી ચુકી છે. બેઠકને સફળ બનાવવા શું કરવું જોઇએ એનો વિચાર હવે પછીના અંક પર રાખી આ તકે એકજ પ્રાર્થના–અને તે પણ ખાસ કરીને પત્રકારો અને લેખકોને–કરીએકે ચર્ચાના વંટોળ કે શંકાઓની ભ્રમજાળ ન વિસ્તારતાં જૈન સમાજનું લક્ષ્ય ઐકય પર કેંદ્રિત કરી, બેઠકને અચુક વિજયવંતી કરવાના નિશ્ચય પર આવી; એ જાતનું વાતાવરણ સર્જવામાં તેઓ પોતાની સર્વ શકિત ખરચે.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટી બોલાવવા નિર્ણય.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની સભા બુધવાર તા૦ ૧૩-૩-૪૦ ના રોજ રાવબહાદુર શેઠ નાનજી લધાભાઇ જે. પી ના પ્રમુખસ્થાને મળી હતી.

કૉન્ફરન્સનું આગામી અધિવેશન મેળવવા અને ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટી બેલાવવા સંબંધે વિચારણા થતાં શેઠ ચીનુભાઇ લાલભાઇ સોલિસિટરે નીચે પ્રમાણે ઠરાવ રજુ કર્યો હતો.

"કૉન્ફરન્સનું અધિવેશન મેળવવા સંબંધી તથા કૉન્ફરન્સની વર્તમાન પરિસ્થિતિ બાબત વિચાર કરવા ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટિની સભા મુંબઇમાં તા ૨૭ તથા ૨૮-૪-૪૦ ના રોજ મેળવવા આ સભા ઠરાવ કરે છે અને તે સંબંધી યોગ્ય ગોઠવણ કરવા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને સત્તા આપે છે."

ઉક્ત ઠરાવને **શ્રી સાકરચંદ માણેકચંદ ઘડીયાલી** અને **શ્રી બબલચંદ કેશવલાલ મોદી** તરફથી ટેકો મળતાં સર્વાનુમતે પસાર થયો હતો

શ્રી મહારાષ્ટ્રિય જૈન શ્વે. કૉન્ફરન્સના મંત્રી તરફથી ઐક્યના કાર્યમાં સક્રિય સાથ આપવા તેમજ અધિવેશન મેળવવા અંગે આવેલ તા. ૨૮-૨-૪૦ નો પત્ર તથા શ્રી તારાચંદ જે. શાહનો પત્ર રજુ થતાં તેની નોંધ લેવામાં આવી.

સ્ટેન્ડિંગ કમિટીના આવેલા રાજીનામાઓ પૈકી શ્રી ધીરજલાલ ટી. શાહે આગ્રહ થતાં તે પાછું ખેંચી લેતાં બીજા ૫ સભ્યોના રાજીનામાંઓ સ્વીકારવામાં આવ્યા હતા. તદુપરાંત નીચેના ગૃહસ્થોની સ્ટે. કમિટિના સભ્યો તરીકે નિમણુંક કરવામાં આવી અને કમિટીના સભ્યોના ફાળાની રકમ અંગે મંત્રીઓને યોગ્ય સુચના અપાઈ હતી.

શ્રી માણેકલાલ ચુનીલાલ જે. પી. (અમદાવાદ), શ્રી ચંદુલાલ ટી. શાહ (મુંબઇ). શ્રી ચુનીલાલ મુળચંદ કાપડીઆ (મુંબઇ). શ્રી મંગલચંદ લલ્લુભાઇ (પાટણ) અને શ્રી ચીમનલાલ જેચંદ શાહ એમ. એ (પાટણ).

શ્રીમતી મંગલાબ્હેન મોતીલાલના દુઃખદ અવસાન બદલ નીચે પ્રમાણે શોકદર્શક ઠરાવ સભ્યોએ ઉભા થઇ પસાર કર્યો હતોઃ—

ઠરાવ—શ્રીમતી મંગળાબેન મોતીલાલના ફકીરચંદ જેઓએ જૈન સમાજની અનેક વિધ સેવાઓ કરી હતી, જે જૈન મહિલા સમાજના સેક્રેટરી અને કાર્યવાહક વર્ષો સુધી હતા, અને જેમની સુશીલ પ્રકૃતિ અને સુજનતા આકર્ષક હતા અને જે શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ સાથે વર્ષોથી જોડાએલા હતા તેમનાં અવસાનની નોંધ આજે મળેલી શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિ અત્યંત દુઃખ સાથે લે છે અને તેમના આત્માને શાંતિ ઇચ્છે છે. આ ઠરાવની નકલ ઘટતે સ્થાને સેક્રેટરીઓએ મોકલી આપવી.

બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

લિ૦ સેવકો,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
કાંતીલાલ ઇશ્વરલાલ.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

કાર્યવાહી સમિતિની સભા.

કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા બુધવાર તા૦ ૬-૩-૪૦ ના રોજ શ્રી ચીનુભાઇ લાલભાઇ શેઠ, સોલિસિટરના પ્રમુખસ્થાને કૉન્ફરન્સ કાર્યાલયમાં મળી હતી જે સમયે કૉન્ફરન્સનું આગામી અધિવેશન મેળવવા સંબંધે વિચારણા કરવામાં આવી હતી. આ બાબતની વિશેષ વિચારણા બીજી સભા ઉપર મુલતવી રાખવામાં આવી હતી.

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

શેઠ ગિરધરલાલ ત્રિકમલાલ રાધનપુર નિવાસી તરફથી બોર્ડને રૂા૦ ૨૦૧) બસો એક પાઠશાળા મદદ ખાતે પ્રાપ્ત થયા છે તે આભાર સહિત સ્વીકારીએ છીએ.

શ્રી સુકૃત ભંડાર ફંડ.

નીચે પ્રમાણે રકમો પ્રાપ્ત થઇ છે જે સાભાર સ્વીકારીએ છીએ.

૫-૦-૦ શ્રી લક્ષ્મીચંદ ડાહ્યાભાઇ સંઘવી, મંત્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **રાજકોટ** સમિતિ.
૪-૧૨-૦ શ્રી વલ્લભદાસ પ્રેમચંદ મહેતા, મંત્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **મહુવા** સમિતિ.
૨૫-૦-૦ શ્રી જૈન સંઘ સમસ્ત હા. ડૉ. જગમોહનદાસ મંગળદાસ શાહ જંબુસર
૨-૮-૦ શ્રી છોટાલાલ માણેકચંદ દોશી, મંત્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર **અગાશી** સમિતિ.
૫-૦-૦ શ્રી ઝવેરચંદ પરમાણંદ ભણસાલી—મુંબઇ દ્વારા.

ઑલ ઇન્ડિયા સ્ટેન્ડિંગ કમિટિના સભ્યોને વિનંતિ.

કૉન્ફરન્સના બંધારણાનુસાર જે સભ્યોએ પોતાના વાર્ષિક સુકૃત ભંડાર ફંડના ફાળાની રકમ અત્યાર પર્યન્ત ન મોકલાવી હોય તેઓને તે સત્વરે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. કાર્યાલય તરફથી આ અંગે પત્રો લખાયા છે તે તરફ સાદર ધ્યાન ખેંચવામાં આવે છે અને આશા છે કે ફાળાની રકમ સર્વે તરફથી તાકીદે મોકલી આપવામાં આવશે.

કૉન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

આ સમિતિની એક સભા બુધવાર તા. ૬-૩-૪૦ ના રોજ કૉન્ફરન્સ કાર્યાલયમાં શ્રી અમૃતલાલ કેશવલાલ મોદીના પ્રમુખસ્થાને મળી હતી જે સમયે આગામી નવા વર્ષ માટે નીચેના સ્થળોની ૧૪ સ્થાનિક સમિતિઓને તેઓએ એકત્ર કરવા કબૂલેલી રકમ એકત્ર કરવાની શર્તે નીચે પ્રમાણેની મદદ મંજુર કરવામાં આવી છે.

(૧) સાંગલી	રૂા. ૬૦૦-૦-૦	(૨) બારશી	રૂા. ૨૫૦-૦-૦
(૩) અગાશી	રૂા. ૨૫૦-૦-૦	(૪) અમદાવાદ	રૂા. ૭૫૦-૦-૦
(૫) ઉંઝા	રૂા. ૧૦૦૦-૦-૦	(૬) બોરસદ	રૂા. ૬૦૦-૦-૦
(૭) ખંભાત	રૂા. ૬૦૦-૦-૦	(૮) વડોદરા	રૂા. ૩૦૦-૦-૦
(૮) ડભોઈ	રૂા. ૨૦૦-૦-૦	(૧૦) પાલેજ	રૂા. ૨૦૦-૦-૦
(૧૧) આમોદ	રૂા. ૧૨૫-૦-૦	(૧૨) ગોધાવી	રૂા. ૧૫૦-૦-૦
(૧૩) મહુવા	રૂા. ૪૦૦-૦-૦	(૧૪) રાજકોટ	રૂા. ૧૦૦-૦-૦

કુલ રૂપીઆ ૫૫૨૫-૦-૦ પાંચ હજાર પાંચસો પચીસ.

—કૉન્ફરન્સ કાર્યાલય.

ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને નિવેદન.

કાર્યવાહી સમિતિએ મુંબઇમાં તા૦ ૨૭ અને ૨૮ એપ્રિલ ૧૯૪૦ (સંવત ૧૯૯૬ ના ચૈત્ર વદ ૬ અને ૭ શની-રવિવાર) ના દિવસોએ ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીની સભા મેળવવા નિર્ણય કરેલ છે. તદનુસારે આ સભામાં આગામી અધિવેશન મેળવવા તેમજ કૉન્ફરન્સની વર્તમાન પરિસ્થિતિ અને સમાજહિત સાથે નિકટ સંબંધ ધરાવતા અગત્યના પ્રશ્નોની ગંભીર વિચારણા થશે તેમાં દરેક સભ્યની હાજરી અનેક રીતે માર્ગદર્શક નિવડવા સંભવ છે. તેથી સૌને પ્રેમપૂર્વક ઉત્સાહથી આ સભામાં પધારી ભાગ લેવા વિનંતિ કરીએ છીએ. આ અંગે વિશેષ વિગત દર્શાવનાર પત્રિકા ટુંક સમયમાં મોકલાશે.

પ્રાંતિક મંત્રીઓને પોતાના પ્રાંતના વધુમાં-વધુ સભ્યો હાજરી આપે તે માટે યોગ્ય પ્રેરણા કરવા વિજ્ઞપ્તિ છે.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
કાંતિલાલ ઇશ્વરલાલ.
સેક્રેટરીઓ.

શ્રી અયોધ્યાજી તીર્થનો જીર્ણોદ્ધાર સત્ય ખુલાસો.

નીચેનો ખુલાસો અમોને પ્રગટ કરવા માટે મળ્યો છે—

આ તીર્થનો જીર્ણોદ્ધાર હાલમાં એક કમિટી મારફત ચાલે છે, અને અમદાવાદવાળા વીજકોર બ્હેન પોતાની વૃદ્ધ વયે પણ તીર્થ પ્રત્યેની ભાવનાથી પ્રેરાઇ જ્યારે ત્યાં હાજર રહી સઘળું કામકાજ પોતાની દેખરેખ નીચે કરાવે છે, અને તેનો નાણાં પ્રકરણીય વહીવટ મુંબઇ અમદાવાદ વિગેરે સ્થળોના ગૃહસ્થોની બનેલી કમીટી મારફત ચાલે છે, અને જે કામ લગભગ પૂરૂં થવા આવ્યું છે, તેના સંબંધમાં હમણાં થોડા સમય પહેલાં એટલે કે તા૦ ૨૧-૧-૪૦ ના "જૈન" પત્રના અંકમાં કોઇ એમ. પી. જૈન નામની સહિથી એક લેખ પ્રગટ થયો છે, અને તેમાં કેટલીક ખોટી શંકાઓ અને આક્ષેપો તેણે કર્યા છે, તે સંબંધમાં મુખ્ય કાર્યકર્તા શ્રી. નાનાલાલ હરિચંદ શાહ તરફથી જણાવવામાં આવ્યું છે કે તેમણે જાતે ત્યાં તપાસ કરી છે, બીજા ગ્રહસ્થોએ તપાસ કરી છે, અને ત્યાંના મુનીમ તરફથી પણ ખુલાસો પૂછાવતા તેમને માલમ પડ્યું છે કે કોઇ વિઘ્ન-સંતોષી માણસે તદન નાપાયાકાર અફવાઓ ઉડાડી છે અને ખોટા આક્ષેપો કર્યા છે, કામ સંતોષકારક અને સંપૂર્ણ દેખરેખ નીચે થાય છે. જૈન સમાજે આવા માણસોથી ચેતતા રહેવું જરૂરી છે.

—ના. હ. શાહ.

શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ તરફથી ચાલતી પાઠશાળા.

શ્રીમાન શેઠ કાંતીલાલ ઇશ્વરલાલ J. P તરફથી શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે ચાલતી ધાર્મિક પાઠશાળાની લગભગ ૨૫૦ બાળાઓને ફાગણ સુદ ૧ રવીવારે સવારે મરીનડ્રાઇવ ઉપરના શેઠશ્રીનાં ઘર દેરાસરજીની યાત્રાર્થે લઇ જવામાં આવી હતી. આ પ્રસંગે છોકરીઓએ ગરબા ગાઇ આનંદ આપ્યો હતો શેઠ કાંતીલાલભાઇ તરફથી દરેક છોકરીઓને ચોપડી-વાટકો તથા મીઠાઇ વહેંચી આપવામાં આવ્યા હતાં. ત્રણ શિક્ષીકા બ્હેનોને દરેકને રૂા. ૫) ખુશાલી તરીકે આપ્યા હતા. અને દરેક શિક્ષીકાનો પગાર રૂા ૫) લેખે વધારી આપવામાં આવ્યો હતો.

—વાડીલાલ જેઠાલાલ શાહ.

ચેતવણી.

વીરજી નામના છ વર્ષની ઉમરના મારા દીકરાને દીક્ષા આપવા માટે આંહીથી ગમે ત્યાં કોઇએ ભગાડેલ છે. મારી સ્થિતિ ગરીબ છે, છોકરા ઉપર આધાર છે તો મારી રજા સિવાય કોઇએ તેને દીક્ષા આપવી નહીં તેની ચેતવણી આપું છું છતાં કોઇ દીક્ષા આપશે તો તેના ઉપર તથા તે કામમાં મદદ કરનારા ઉપર કાયદેસર પગલા લેવામાં આવશે.

મજકુર છોકરાને મેળવી આપનારને રૂા૦ ૨૫) ઇનામ તરીકે એક ગૃહસ્થ તરફથી આપવામાં આવશે.

શા૦ શામજી ગોવા, ગામ કચ્છવાગડના
પાલીતાણા. (કાઠિયાવાડ). માધવલાલ બાબુની ધર્મશાળા.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પરીક્ષાના પરિણામો.

બોર્ડ તરફથી ગત તા૦ ૨૪ ડિસેમ્બર ૧૯૩૯ ના રોજ લેવામાં આવેલ **શેઠ સાકળચંદ મગનલાલ મોદી પુરૂષ વર્ગ** અને **અ. સૌ. હીમકોરબાઇ મેઘજી સાજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામો આ નીચે આપવામાં આવે છે.

(ગતાંકથી આગળ)

પુરૂષ ધોરણ ૧ 'ક' ખંડ (તપગચ્છ વિભાગ)

પરીક્ષકોઃ શ્રી **રતિલાલ ભીખાભાઇ શાહ** અને શ્રી **સેવંતિલાલ ચીમનલાલ શાહ,** બી. એસ. સી; મુંબઇ.

(એકંદા ૭૫ પાસ ૭૪ નાપાસ ૧)

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ રૂા.
૧	અમૃતલાલ લક્ષ્મીચંદ વાધર	મુંબઇ	૮૦	૧૫-૦-૦
૨	છોટાલાલ નવલચંદ હીરાચંદ શાહ	મુંબઇ	૭૦	૮-૦-૦
૩	અમરચંદ વલમભાઇ દોશી (સિદ્ધ. બા.)	પાલીતાણા	૭૦	૮-૦-૦
૪	ઝવેરચંદ કરમચંદ મહેતા	,, ,,	૭૦	૮-૦-૦
૫	રમણલાલ ભોગીલાલ મુહેતા	અમદાવાદ	૬૮	૫-૦-૦
૬	રાયચંદ મુલચંદ શાહ (જૈ. મૂ. બોર્ડિંગ)	અમદાવાદ	૬૬	૪-૦-૦
૭	શામળજી ગુલાબચંદ મહેતા (સિદ્ધ. બા)	પાલીતાણા	૬૫	૨-૮-૦
૮	ભોગીલાલ મુલજી શાહ (યશો. મુ)	પાલીતાણા	૬૫	૨-૮-૦
૯	શાંતિલાલ દયાલજી દોશી	ભાવનગર	૬૫	૨-૮-૦
૧૦	કાંતિલાલ મોતીચંદ શાહ	ભાવનગર	૬૨	૦-૧૨-૦
૧૧	કાંતિલાલ મણિલાલ શાહ (જૈ. વિ. મં.)	અમદાવાદ	૬૨	૦-૧૨-૦
૧૨	રસિકલાલ ચિમનલાલ શાહ	અમદાવાદ	૬૨	૦-૧૨-૦
૧૩	રમણિકલાલ નારણદાસ બગડીઆ	રાજકોટ	૬૦	
૧૪	સોમચંદ ખોડીદાસ શાહ (ચિ.ન.વિ.)	અમદા.	૫૯	
૧૫	શાંતિલાલ દેવચંદ શાહ	ભાવનગર	૫૮	
૧૬	ચુનીલાલ કૃષ્ણાર્થદ ગુજર	સાંગલી	૫૮	
૧૭	કાંતિલાલ રતનચંદ શાહ	અમદાવાદ	૫૮	
૧૮	શાંતિલાલ નરસીદાસ શાહ (યશો. મુ.)	પાલીતાણા	૫૮	
૧૯	નેમીચંદ પુનમચંદ ઓસવાલ	સાંગલી	૫૭	
૨૦	મોહનલાલ દોલાજી શાહ (જૈ. બો.)	સુરત	૫૭	
૨૧	જયંતિલાલ તારાચંદ કોઠારી (સિદ્ધ ખાલા.)	પાલીતાણા	૫૬	
૨૨	મોહનલાલ કરસનજી મહેતા	ભાવનગર	૫૬	
૨૩	જયંતિલાલ બાલચંદ દોશી (જૈ. મૂ. બો.)	અમદાવાદ	૫૬	
૨૪	દલીચંદ જેચંદ શાહ (જૈ. વિ. મં.)	અમદાવાદ	૫૫	
૨૫	રસિકલાલ મગનલાલ શાહ (જૈન મૂ. બોર્ડિંગ)	અમદાવાદ	૫૫	
૨૬	કાંતિલાલ દલસુખભાઇ શાહ	અમદાવાદ	૫૫	
૨૭	હિંમતલાલ હરખચંદ મહેતા		૫૪	
૨૮	જશવંતલાલ મણીલાલ શેઠ (યશો. ગુ.)	પાલીતાણા	૫૪	
૨૯	ભીખાલાલભાઇ નાથાલાલ શાહ (જૈ. મૂ. બોર્ડિંગ)	અમદાવાદ	૫૪	
૩૦	ચિતરંજન નાથાલાલ કાપડીઆ (જૈન વિ. આ.)	સુરત	૫૪	
૩૧	કાંતિલાલ દીપચંદ શાહ (જૈન મૂ. બો.)	અમદાવાદ	૫૩	
૩૨	પોપટલાલ અમિચંદ શાહ (જૈન વિ. મં.)	અમદાવાદ	૫૨	
૩૩	વર્ધમાન રતીલાલ મોરાણા	રતલામ	૫૨	
૩૪	ચીમનલાલ શિવધરલાલ શાહ	દાહોદ	૫૨	
૩૫	કાંતિલાલ અમરચંદ શાહ (સિદ્ધ. બા.)	પાલીતાણા	૫૧	
૩૬	કાંતિલાલ જગજીવનદાસ ચોકસી	મુંબઇ	૫૧	
૩૭	કાંતિલાલ કરસનજી મહેતા (સિદ્ધ. બા.)	પાલીતાણા	૫૦	
૩૮	ગેંદાલાલ હુકમીચંદ મુરાણા	રતલામ	૫૦	
૩૯	કેશવલાલ નરોત્તમદાસ શાહ	મુંબઇ	૫૦	
૪૦	વસંતરાય દુર્લભજી ટોલીઆ	ભાવનગર	૫૦	
૪૧	જવાહરલાલ જાજોડ	ભોપાલગઢ	૫૦	
૪૨	હરિલાલ ડાહ્યાભાઇ ગોહેલ (બાલાશ્રમ)	પાલીતાણા	૪૮	
૪૩	સૌભાગ્યમલ હિરાચંદ ધોંચા	રતલામ	૪૭	
૪૪	ચીનુભાઇ વાડીલાલ શાહ	અમદાવાદ	૪૭	
૪૫	હરિલાલ હરજીવનદાસ શાહ (બાલાશ્રમ)	પાલીતાણા	૪૫	
૪૬	ત્રિભોવનદાસ રતનશી શાહ	ભાવનગર	૪૫	
૪૭	શ્રીપાલ દુલીચંદ સાંખલા	મુંબઇ	૪૨	
૪૮	જેચંદ ચુનીલાલ શાહ (શ્વે. મૂ. બો.)	અમદાવાદ	૪૨	
૪૯	રસિકલાલ મુલચંદ શાહ	અમદાવાદ	૪૨	
૫૦	કાંતિલાલ ચંદુલાલ શાહ	અમદાવાદ	૪૧	
૫૧	ચીનુભાઇ અમૃતલાલ (વિદ્યાશાળા)	મુંબઇ	૪૦	
૫૨	જયંતિલાલ ભાવજી શાહ	ભાવનગર	૪૦	
૫૩	પરશરામ ચુનીલાલ ચોરડીઆ	અમદાવાદ	૩૯	
૫૪	કેશવલાલ પી. શાહ (શ્વે. મૂ. બો.)	અમદાવાદ	૩૯	
૫૫	ડાકરશી ન્યાલચંદ શાહ (યશો. મુ.)	પાલીતાણા	૩૮	
૫૬	રમણલાલ જીવણલાલ શાહ (જૈન શ્વે. બો.)	અમદાવાદ	૩૭	
૫૭	બાબુલાલ બાલાભાઇ	દાહોદ	૩૭	
૫૮	બાબુલાલ ચેલાભાઇ શાહ	અમદાવાદ	૩૭	
૫૯	અમૃતલાલ મોતીલાલ શાહ (જૈન શ્વે બો.)	અમદાવાદ	૩૬	
૬૦	ડાકરશી નાથાલાલ શાહ (જૈન શ્વે. બો.)	અમદાવાદ	૩૫	
૬૧	કાંતિલાલ વનમાળી કામદાર (બાલાશ્રમ)	પાલીતાણા	૩૫	
૬૨	જયંતિલાલ ચોરવનદાસ શાહ (બાલાશ્રમ)	પાલીતાણા	૩૫	
૬૩	અમૃતલાલ જેસંગલાલ પટણી	મુંબઇ	૩૫	
૬૪	રમણચંદ્ર જીવણલાલ શાહ (જૈન શ્વે. બો.)	અમદાવાદ	૩૫	
૬૫	મયાચંદ મણીલાલ શાહ (જૈન શ્વે. બો.)	અમદાવાદ	૩૫	

૬૬ જયંતિલાલ શંકરલાલ કાપડીઆ અમદાવાદ ૩૫
(જૈન શ્વે. બો.)
૬૭ દુર્લભજી હીરાચંદ દોશી મુંબઇ ૩૪
૬૮ શાંતિલાલ હીરાલાલ શાહ દાહોદ ૩૪
૬૯ પ્રેમચંદ ગુલાબચંદ શાહ પાલીતાણા ૩૪
(બાલાશ્રમ)
૭૦ જયંતીલાલ કાલીદાસ શાહ પાલીતાણા ૩૪
(યશો. ગુરૂ.)
૭૧ લાલભાઇ અમૃતલાલ દલાલ અમદાવાદ ૩૪
(જૈન શ્વે. બો.)
૭૨ કાંતિલાલ ત્રિભોવનદાસ શાહ પાલીતાણા ૩૩
(બાલાશ્રમ)
૭૩ મણિલાલ ખુશાલભાઇ પટેલ બોરસદ ૩૩
૭૪ રતિલાલ અમરચંદ વાહા પાલીતાણા ૩૩
(બાલાશ્રમ)

પુરૂષ ધોરણ ૧ 'ખ' ખંડ (વિધિ પક્ષ)

પરીક્ષકઃ શ્રી **લક્ષ્મીચંદ સુખલાલ**, મુંબઇ.

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ
૧	ભવાનજી નાનજી શાવલા	મુંબઇ	૫૦	રૂા. ૧૫)
૨	પાસુ વાલજી શાવલા	મુંબઇ	૪૪	
૩	હરશી ઉમરશી હરીઆ	મુંબઇ	૪૧	

સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૧ (તત્ત્વજ્ઞાન વિષય)

પરીક્ષકઃ શ્રી **પ્રસન્નમુખભાઇ સુરચંદ્ર બદામી**,
બેરીસ્ટર-એટ-લૉ, મુંબઇ.

નંબર	નામ	સેંટર	ગુણ	ઇનામ.
૧	શાંતાબ્હેન મોહનલાલ (દ. મ. શા.)	અમદાવાદ	૫૩	રૂા. ૨૦)

બાલ ધોરણ ૧-પરીક્ષકઃ-શ્રી. ધારશી ગુલાબચંદ શાહ, વળા.

(બેઠા ૪૫૫, પાસ ૩૦૨, નાપાસ ૧૫૩)

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ રૂ.
૧	રસીકલાલ સાકરલાલ કપાસીયાવાલા	સુરત	૭૬	૧૦-૦-૦
	(હરિપુરા જૈન પાઠશાળા)			
૨	નેમચંદ મગનલાલ શાહ (હ. જૈ. પા.)	સુરત	૭૩	૭-૦-૦
૩	ચંદુલાલ ગીરધરલાલ શાહ	રાધનપુર	૭૩	૭-૦-૦
૪	ભાઇલાલ પાનાચંદ શાહ	ડભોઇ	૬૯	૫-૦-૦
૫	શાન્તિલાલ મોતીલાલ શાહ	ડભોઇ	૬૮	૩-૮-૦
૬	ચીમનલાલ કેસુરચંદ શાહ	સુરત	૬૮	૩-૮-૦
	(જૈ. વિ. આશ્રમ)			
૭	મણીલાલ જીવણલાલ શાહ	ડભોઇ	૬૭	૨-૦-૦
૮	પનાલાલ લાલચંદ શાહ	વડોદરા	૬૫	૨-૦-૦
	(કોઠીપોળ જૈ. પાઠશાળા)			
૯	છોટાલાલ રીખવચંદ દોશી	વાવ	૬૪	૨-૦-૦
૧૦	નવીનચંદ્ર પરશોતમદાસ વાયવાળા	અમદાવાદ	૬૩	૧-૮-૦
	(શ્રી લઘુ પ્રવર્તક સભા)			
૧૧	રસીકલાલ મંગળદાસ શાહ	અમદાવાદ	૬૩	૧-૮-૦
	(સારંગપુર જૈન પાઠશાળા)			
૧૨	તારાચંદ રીખભચંદ વીરવાડીઆ	વાવ	૬૨	૧-૦-૦
૧૩	છીતાલાલ હીંમતલાલ શાહ	ડભોઇ	૬૨	૧-૦-૦
૧૪	ધનરાજ નાનચંદ ટોપીવાળા	સુરત	૬૧	૦-૮-૦
	(હરિપુરા રૂપાલા ટેકરી જૈ. પા.)			
૧૫	ડુંગરસિંહ જૈને નાહટા	ગુજરાંવાલા	૬૧	૦-૮-૦
૧૬	સૌભાગ્યચંદ અમૃતલાલ કોઠારી	પાલણપુર	૬૧	૦-૮-૦
૧૭	ચિનુભાઇ વરધમાનદાસ રવચંદ	ઉમતા	૬૧	૦-૮-૦
૧૮	બાબુલાલ લહેરચંદ	ઉંઝા	૬૧	૦-૮-૦
૧૯	સોમચંદ આસારામ	માણસા	૬૦	
૨૦	ભીખાભાઈ સરૂપચંદ શાહ	સુરત	૬૦	
	(હરિ. જૈ. પા.)			
૨૧	ઉત્તમભાઈ મણીલાલ શાહ	વડોદરા	૫૯	
	(કોઠીપોળ જૈ. પાઠશાળા)			
૨૨	ધનદુલાલ લાલભાઈ શાહ	પેથાપુર	૫૯	
૨૩	ચુનીલાલ તેજજી શાહ	ભરૂચ	૫૯	
૨૪	કનૈયાલાલ ભીખાલાલ શાહ	પાલણપુર	૫૮	
૨૫	જયંતિલાલ પરશોતમદાસ ગાંધી	વડોદરા	૫૮	
	(કોઠીપોળ પાઠશાળા)			
૨૬	હરખચંદજી કચરદાસજી ભટેવરા	ચાંદવડ	૫૮	
૨૭	પારસદાસજી જૈન	ગુજરાંવાલા	૫૮	
૨૮	કાંતિલાલ દોલાજી શાહ	બગવાડા	૫૮	
૨૯	હીરાલાલ સવઈચંદ શાહ	વડોદરા	૫૭	
	(કોઠીપોળ પાઠશાળા)			
૩૦	કસ્તુરચંદ મોહનલાલ મહેતા	અમદાવાદ	૫૭	
	(ચી. ન. વિદ્યા વિહાર)			
૩૧	બાલાચંદ જેઠાલાલ શાહ	ડભોઇ	૫૭	
૩૨	નાનચંદ ગુલાબચંદ શાહ	બગવાડા	૫૬	
૩૩	કાન્તિલાલ ચીમનલાલ ચોકસી	વડોદરા	૫૬	
	(કોઠીપોળ જૈન પાઠશાળા)			
૩૪	કાન્તિલાલ કકલચંદ વહોરા	વાવ	૫૬	
૩૫	નટવરલાલ દયાળજી મહેતા	કરાંચી	૫૫	
૩૬	નટવરલાલ મગનલાલ મહેતા	કરાંચી	૫૫	
૩૭	જયંતિલાલ કકલદાસ શાહ	ઉમતા	૫૫	
૩૮	કાન્તિલાલ રિખભચંદ	વાવ	૫૫	
૩૯	ભાઇલાલ નરસીંહદાસ શાહ	રાધનપુર	૫૫	
૪૦	મણીલાલ છગનલાલ શાહ	ડભોઇ	૫૫	
૪૧	અમુલખ જગજીવનદાસ ધ્રુ.	કરાંચી	૫૪	
૪૨	બાબુલાલ મણીલાલ શાહ	લુણાવાડા	૫૪	
૪૩	રમણલાલ હરજીવનદાસ શાહ	માણસા	૫૪	
૪૪	રસીકલાલ નાથાલાલ	,,	૫૪	
૪૫	ઇશ્વરલાલ ચીમનલાલ વહોરા	વાવ	૫૪	
૪૬	કૈલાસચન્દ્ર	ગુજરાંવાલા	૫૪	
૪૭	સોમચંદ છોટાલાલ શાહ	ડભોઈ	૫૩	
૪૮	જયંતિલાલ નાથજીભાઇ શાહ	લુણાવાડા	૫૩	
૪૯	સકરચંદ અંબાલાલ શાહ	અમદાવાદ	૫૩	
	(જ્ઞાનોદય જૈન પાઠશાળા)			
૫૦	છોટાલાલ લાલભાઇ શાહ	અમદાવાદ	૫૩	
	(વિજયનીતિસૂરિ પાઠશાળા)			
૫૧	કાન્તિલાલ કેશવલાલ શાહ	કરાંચી	૫૩	
૫૨	માણેકલાલ શીવલાલ	જુન્નેર	૫૩	
૫૩	વસંતલાલ રવચંદ શાહ	અમદાવાદ	૫૩	
૫૪	બાલુભાઇ છગનલાલ	ભરૂચ	૫૩	
૫૫	સેવંતિલાલ બબાલાલ	ઉંઝા	૫૨	
૫૬	બાલુભાઈ નાગજી શાહ	સુરત	૫૨	

૫૭ ધીંસાલાલ રામપ્રતાપ સાંકળા મન્દસોર ૫૨
૫૮ ચંદ્રકાન્ત મોહનલાલ કાલીદાસ કરાંચી ૫૨
૫૯ મનહરલાલ લાલચંદ શાહ ,, ૫૨
૬૦ ત્રિલોકચંદ પ્રતાપચંદ શાહ ,, ૫૨
૬૧ ચંદુલાલ ખેમચંદ ડગલી અમદાવાદ ૫૨
(ચી. ન. વિદ્યાવિહાર)
૬૨ નિહાલચંદ ગુજરાંવાલા ૫૨
૬૩ રમણીકલાલ વાડીલાલ શાહ ઉમતા ૫૧
૬૪ છોટાલાલ વેલચંદ શાહ પાલણપુર ૫૧
૬૫ જયંતિલાલ દલપતરામ મહેતા રાધનપુર ૫૧
૬૬ ઓછવલાલ મગનલાલ શાહ ડભોઇ ૫૧
૬૭ શાન્તિલાલ કેશરીમલજી સુરાણા રતલામ ૫૧
૬૮ લીલાચંદ પરશોતમદાસ ગાંધી વડોદરા ૫૧
(કોઠી પોળ જૈન પાઠશાળા) ૫૧
૬૯ ચંદુલાલ ચુનીલાલ શાહ પાલેજ ૫૧
૭૦ સુબોધચંદ્ર માણેકલાલ શાહ અમદાવાદ ૫૧
(વિજયનીતિ સૂરિ જૈન પાઠશાળા)
૭૧ બંસીલાલ માણેકચંદ દુગડ ચાંદવડ ૫૦
૭૨ મનસુખલાલ મણીલાલ મેતા કરાંચી ૪૯
૭૩ રમણલાલ દીપચંદ શાહ અમદાવાદ ૪૯
(ચી. ન. વિદ્યાવિહાર)
૭૪ રસિકલાલ ધેલાચંદ શાહ વલસાડ ૪૯
૭૫ ભોગીલાલ હીરાલાલ ગાંધી લુણાવાડા ૪૯
૭૬ મદનલાલ મોતીલાલ ચપરોદ મંદસોર ૪૯
૭૭ ચંદુલાલ દલછાચંદ પારેખ વાવ ૪૯
૭૮ હીરાલાલ શીવલાલ બોરા જુન્નેર ૪૯
૭૯ નવીનચંદ્ર રંગીલદાસ કપાસીયાવાળા સુરત ૪૮
(હરિ૦ પાઠશાળા)
૮૦ રતીલાલ મહાસુખલાલ પરીખ લુણાવાડા ૪૮
૮૧ જયંતિલાલ કેશવલાલ શાહ ઉમતા ૪૮
૮૨ વ્રજલાલ દલસુખ ટોણીઆ રાજકોટ ૪૮
૮૩ આત્મારામ ચીમનલાલ ઝવેરા અમદાવાદ ૪૮
(ચી. ન. છાત્રાલય)
૮૪ હીરાલાલ શંકરલાલ ચોપડા ચાંદવાડ ૪૮
૮૫ નવલચંદ બેચરદાસ શાહ આમોદ ૪૮
૮૬ રસીકલાલ મણીલાલ શાહ માણસા ૪૮
૮૭ સોજપાર મુરજીભાઈ શાહ બારશી ૪૮
૮૮ પોપટલાલ વાડીલાલ ભણસાલી મહુધા ૪૮
૮૯ મણીલાલ મોહનલાલ દીવાનજી આમોદ ૪૭
૯૦ ઉત્તમચંદ ગીરધરલાલ શાહ ડભોઇ ૪૭
૯૧ શંકરલાલ કોમળજી બ્રાહ્મણ રતલામ ૪૭
૯૨ રમણલાલ કેશવલાલ પરીખ વડોદરા ૪૭
(લક્ષ્મી વિ. જૈ. પા.)
૯૩ દલીચંદ મુળચંદ શાહ (જૈ. વિ. આ.) સુરત ૪૭
૯૪ ઓતમલાલ સરૂપચંદ કુંડલીઆ વાવ ૪૭
૯૫ મોહનલાલ શીવલાલ શાહ રૂપાલ ૪૭
૯૬ બાબુલાલ અંબાલાલ શાહ અમદાવાદ ૪૭
૯૭ બાબુલાલ છનાલાલ ઉંઝા ૪૭
૯૮ હીરાલાલ વાડીલાલ શાહ મ્હેસાણા ૪૬
૯૯ સેતાનમલ તખતમલ નાર રતલામ ૪૬

૧૦૦ દીનકર જીવણલાલ પેથાપુર ૪૬
૧૦૧ કેસરીમલ મેઘરાજજી વરકાણા ૪૬
૧૦૨ છોટાલાલ સુરચંદ શાહ અમદાવાદ ૪૬
૧૦૩ મણીલાલ મોહનલાલ કપાસી કરાંચી ૪૬
૧૦૪ ફકીરચંદ કેશવલાલ ઉંઝા ૪૬
૧૦૫ શાન્તિલાલ કરમચંદ શાહ લુણાવાડા ૪૫
૧૦૬ મનહરલાલ ઠાકરશી શાહ કરાંચી ૪૫
૧૦૭ જયંતીલાલ મણીલાલ શાહ સુરત ૪૫
(રત્નસાગર જૈન બોર્ડિંગ)
૧૦૮ વાડીલાલ જગજીવનદાસ શાહ અમદાવાદ ૪૫
(ચી. ન. પાઠશાળા)
૧૦૯ કેશવલાલ દીપચંદ ગાંધી અમદાવાદ ૪૫
(ચી. ન. વિદ્યાવિહાર)
૧૧૦ રમણલાલ નગીનદાસ શાહ અમદાવાદ ૪૫
(ચી. ન. વિદ્યાવિહાર)
૧૧૧ જયંતિલાલ બાલચંદ શાહ અમદાવાદ ૪૪
(ચી. ન. વિદ્યાવિહાર)
૧૧૨ શાન્તિલાલ ચોથમલજી રતલામ ૪૪
૧૧૩ રમણલાલ સોમચંદ શાહ લુણાવાડા ૪૪
૧૧૪ પ્રવીણચંદ્ર છોટાલાલ સંઘવી કરાંચી ૪૪
૧૧૫ ચીમનલાલ ડાયાભાઇ શાહ પાલેજ ૪૪
૧૧૬ ચુનીલાલ ધુલચંદજી વરકાણા ૪૪
૧૧૭ નન્નુમલ ગુજરાંવાલા ૪૩
૧૧૮ અમૃતલાલ કકલભાઈ શાહ પાલણપુર ૪૩
૧૧૯ ગુલાબચંદ ઝવેરચંદ વરકાણા ૪૩
૧૨૦ રાજમલ મોહનલાલજી હિંગડ મંદસોર ૪૩
૧૨૧ બાપુલાલ અમુલખદાસ ઝોટા રાધનપુર ૪૨
૧૨૨ પીરૂલાલ દુલીચંદજી ચોપડા રતલામ ૪૨
૧૨૩ નવીનચંદ્ર છોટાલાલ શાહ પેથાપુર ૪૨
૧૨૪ રતીલાલ મોતીલાલ શાહ અમદાવાદ ૪૨
૧૨૫ નથમલ મંછાલાલજી ઉમેદપુર ૪૨
૧૨૬ રાજમલ માધુલાલજી પામેચા મંદસોર ૪૨
૧૨૭ ભોગીલાલ માધવલાલ માણસા ૪૨
૧૨૮ કુંદનમલ ચીમનાજી વરકાણા ૪૧
૧૨૯ રિખવચંદ્ર સરૂપચંદ્રજી ઉમેદપુર ૪૧
૧૩૦ રજનીકાંત લાલભાઇ શાહ અમદાવાદ ૪૧
(શ્રી લઘુ જૈ. ધ. પ્રવર્તક સભા)
૧૩૧ ઉત્તમચંદ દેવચંદ દલાલ બગવાડા ૪૧
૧૩૨ ભંવરલાલ છાજેડ ભોપાલગઢ ૪૧
૧૩૩ કેશવલાલ છોટાલાલ શાહ પાટણ ૪૧
૧૩૪ પ્રીયવદન શાન્તિલાલ શાહ વડોદરા ૪૧
(કોઠી પોળ જૈ. પા.)
૧૩૫ શાન્તિલાલ કચરાભાઇ શાહ પાલણપુર ૪૧
૧૩૬ ખુબચંદ હીરાચંદ મહેતા પાલણપુર ૪૧
૧૩૭ સુવાલાલ ઉત્તમચંદ સચેતી ચાંદવડ ૪૧
૧૩૮ રમણલાલ ડાયાલાલ ઉંઝા ૪૧
૧૩૯ જયંતિલાલ મંગળદાસ અમદાવાદ ૪૧
(ચી. ન. વિદ્યાવિહાર)
૧૪૦ છોટાલાલ ચંદુલાલ શાહ સમૌ ૪૧
૧૪૧ કાન્તિલાલ મગનલાલ મેતા કરાંચી ૪૧

૧૪૨ રમણલાલ નાથાલાલ શાહ માણસા ૪૧
૧૪૩ મણીલાલ લાલચંદ ગુજર જુન્નેર ૪૦
૧૪૪ હકમચંદ નગીનદાસ શાહ મહુધા ૪૦
૧૪૫ બાબુલાલ પુનમચંદ ઉંઝા ૪૦
૧૪૬ નરપતલાલ કકલચંદ વહોરા વાવ ૪૦
૧૪૭ કાન્તિલાલ છગનલાલ માણસા ૪૦
૧૪૮ બાલુભાઈ કસ્તુરચંદ શાહ સુરત ૪૦
(રત્નસાગર જૈ. બો.)
૧૪૯ જયંતિલાલ ચંદુલાલ શેઠ સુરત ૪૦
(રત્નસાગર જૈ. બો.)
૧૫૦ લાભશંકર ચીમનલાલ મેતા કરાંચી ૪૦
૧૫૧ ઉદ્દેચંદ ચુનીલાલ શાહ આમોદ ૪૦
૧૫૨ પોપટલાલ ગણપતલાલ શાહ સાંગલી ૪૦
૧૫૩ કાળીદાસ મગનલાલ શાહ નીંગાળા ૩૯
૧૫૪ શાન્તિલાલ ખેતશી શાહ કરાંચી ૩૯
૧૫૫ કાન્તિલાલ પુનમચંદ મેતા પાલણપુર ૩૯
૧૫૬ સુમતિલાલ શીવલાલ શાહ રૂપાલ ૩૯
૧૫૭ મણીલાલ નારણજી બજાણી વલસાડ ૩૯
૧૫૮ અમૃતલાલ ચુનીલાલ શાહ પાલણપુર ૩૯
૧૫૯ રંગરૂપમલ જીવણમલજી જાલોર ૩૯
૧૬૦ પુખરાજ તિલોકચંદજી વરકાણા ૩૯
૧૬૧ ઝવેરચંદ જવાનજી ,, ૩૯
૧૬૨ જીવણલાલ અંબાલાલ કરાંચી ૩૮
૧૬૩ રસીકલાલ ચોથાલાલ મેપાણી પાલણપુર ૩૮
૧૬૪ રતીલાલ ચુનીલાલ ઝવેરી ,, ૩૮
૧૬૫ રતીલાલ ચુનીલાલ ભણસાલી ,, ૩૮
૧૬૬ ધેવરચંદ ઓટરમલજી ધણા વરકાણા ૩૮
૧૬૭ કેસરીમલ ઝવેરચંદજી ઉમેદપુર ૩૮
૧૬૮ તારાચંદ ભાગચંદજી લુણાવા ,, ૩૮
૧૬૯ નટવરલાલ વાડીલાલ શાહ બોરસદ ૩૭
૧૭૦ રતનશી દામજી શાહ બારસી ૩૭
૧૭૧ રતીલાલ ચંદુલાલ શાહ પાલણપુર ૩૭
૧૭૨ મણીલાલ ચતુરભાઇ શાહ ,, ૩૭
૧૭૩ શાન્તિલાલ ધરમચંદ દોશી ,, ૩૭
૧૭૪ છનાલાલ ચીમનલાલ સોમાણી ,, ૩૭
૧૭૫ છગનલાલ ચુનીલાલજી વરકાણા ૩૭
૧૭૬ ચીનુભાઇ નગીનદાસ શાહ અમદાવાદ ૩૭
(શ્રી લઘુ જૈ. ધ. પ્ર. સભા)
૧૭૭ જેચંદ મૂળચંદ શાહ બગવાડા ૩૭
૧૭૮ ઇશ્વરલાલ જેચંદભાઇ કઠોર ૩૭
૧૭૯ ચંપકલાલ રૂપચંદ શાહ રાજકોટ ૩૭
૧૮૦ દલીચંદ ધરમશી પારેખ જુનાગઢ ૩૭
૧૮૧ ચંદ્રકાન્ત લીલાચંદ શાહ વડોદરા ૩૬
(કોડીપોળ પાઠશાળા)
૧૮૨ લીલાચંદ ચીમનલાલ શાહ વડોદરા ૩૬
(લક્ષ્મી વિ૦ જૈ. પા.)
૧૮૩ સુમંતરાય દલપતરાય મહેતા રાધનપુર ૩૬
૧૮૪ કાન્તિલાલ શીવલાલ ગાંધી રાજકોટ ૩૬
૧૮૫ પોપટલાલ શામજીભાઇ શાહ પાલણપુર ૩૬
૧૮૬ મૂળચંદ ખીમરાજજી વરકાણા ૩૬

૧૮૭ ઉત્તમચંદ જેઠાલાલ શાહ સમો ૩૫
૧૮૮ રતીલાલ વાડીલાલ શાહ ,, ૩૫
૧૮૯ શાંતુલાલ હીરાચંદ શાહ ,, ૩૫
૧૯૦ જેશીંગલાલ મણીલાલ મેપાણી પાલણપુર ૩૫
૧૯૧ કનૈયાલાલ હંસરાજ શાહ ,, ૩૫
૧૯૨ સુરજમલ લહેરચંદ શાહ ,, ૩૫
૧૯૩ ચંદુલાલ છગનલાલ વાન ,, ૩૫
૧૯૪ રતીલાલ ચીમનલાલ મહેતા ,, ૩૫
૧૯૫ જયંતિલાલ છોટાલાલ મહેતા ,, ૩૫
૧૯૬ રાજમલ ચતુરલાલ શાહ ,, ૩૫
૧૯૭ ટેકચંદ છોગમલજી ઉમેદપુર ૩૫
૧૯૮ ચંપાલાલ રતનચંદજી વરકાણા ૩૫
૧૯૯ સાગરમલ દુલીચંદજી સંકલેચા રતલામ ૩૫
૨૦૦ કનુલાલ ચુનીલાલ ભણ. મહુધા ૩૫
૨૦૧ ચીમનલાલ ચુનીલાલ શાહ પાલણપુર ૩૪
૨૦૨ જગજીવન ઉજમશી ભાવનગર ૩૪
(વૃ. જૈ. પા.)
૨૦૩ કાન્તિલાલ બબલદાસ શાહ રાધનપુર ૩૪
૨૦૪ વાડીલાલ અંબાલાલ શાહ અમદાવાદ ૩૪
(શ્રી લઘુ જૈ. ધ. પ્ર. સભા)
૨૦૫ ચંદ્રકાન્ત ખેતશીભાઈ શાહ કરાંચી ૩૪
૨૦૬ ચંદ્રકાન્ત ચત્રભુજ કોઠારી કરાંચી ૩૪
૨૦૭ ગુલાબચંદ દેવચંદ શાહ બગવાડા ૩૪
૨૦૮ યશવંત રાયચંદ વલસાડ ૩૪
૨૦૯ મોહનલાલ લુણાવત ભોપાલગઢ ૩૩
૨૧૦ ચીનુલાલ અંબાલાલ માણસા ૩૩
૨૧૧ મનસુખલાલ ભગવાનદાસ ભાવનગર ૩૩
(બાળ વિદ્યાર્થી ભુવન)
૨૧૨ માંગીલાલ જવાનમલજી ઉમેદપુર ૩૩
૨૧૩ સરદારમલ પરતાપચંદ ,, ૩૩
૨૧૪ માણેકચંદ ચીમનાજી ,, ૩૩
૨૧૫ જીવરાજ ચુનીલાલજી ,, ૩૩
૨૧૬ ઇન્દરમલ લક્ષ્મીચંદજી શરાફ રતલામ ૩૩
૨૧૭ મનહરલાલ નારણજી બજાની વલસાડ ૩૩
૨૧૮ સુરજમલ મન્નાલાલ પોરવાડ મંદસોર ૩૩
૨૧૯ માંગીલાલ મેઘરાજજી કાંકરીઆ ,, ૩૩
૨૨૦ મલુકચંદ ભીમાજી જાલોર ૩૩
૨૨૧ સુંદરલાલ દલીચંદ શાહ કઠોર ૩૩
૨૨૨ સોભાગ્યચંદ ઝવેરચંદ શાહ ,, ૩૩
૨૨૩ મનહરલાલ અમૃતલાલ બુહારીવાલા ,, ૩૩
૨૨૪ બાબુલાલ ભીખાભાઇ મહેતા પાલણપુર ૩૩
(મહેમદપુર)
૨૨૫ ધીરજલાલ વરધમાન સંઘવી નીંગાળા ૩૩
૨૨૬ કાન્તિલાલ (હાથીચંદ) ફકીરચંદ શાહ રૂપાલ ૩૩
૨૨૭ ચીમનલાલ શીવલાલ શાહ ,, ૩૩
૨૨૮ મદનચંદ મુણોત ભોપાલગઢ ૩૩
૨૨૯ સુજાનમલ જેરાજજી રતલામ ૩૩
૨૩૦ કેશવલાલ અભેચંદ મેતા જુનાગઢ ૩૩
૨૩૧ મગનલાલ દુર્લભજી ધોળકીયા ,, ૩૩
૨૩૨ વિનોદરાય ધરમશી વારૈયા ભાવનગર ૩૩
(વૃ. જૈ. પા.)

૨૩૩ મોહનલાલ પરતાપચંદજી સેડીયા ઉમેદપુર ૩૩
૨૩૪ સૌભાગ્યચંદ નાથુભાઈ ચોકસી સુરત ૩૩
(રત્નસાગર જૈ. બો.)
૨૩૫ હિંમતલાલ સોભાગચંદ શાહ અમદાવાદ ૩૩
(જ્ઞાનોદય પાઠશાળા)
૨૩૬ રતીલાલ ધનાલાલ શાહ અમદાવાદ ૩૩
૨૩૭ મણીલાલ ડાયાભાઈ શાહ ,, ૩૩
(લધુ જૈ. ધ. પ્ર. સભા)
૨૩૮ અમૃતલાલ હડીસીંગ શાહ અમદાવાદ ૩૩
(લધુ જૈ. ધ. પ્ર સભા)
૨૩૯ ચંદુલાલ હરજીવન શાહ રાધનપુર ૩૩
૨૩૦ કાન્તિલાલ ચુનીલાલ દેશાઇ ,, ૩૩
૨૪૧ ગોવિન્દજી ધનજી દોશી ,, ૩૩
૨૪૨ શાન્તિલાલ ભૂરાલાલ પારેખ કરાંચી ૩૩
૨૪૩ જયંતિલાલ પાનાચંદ મેતા ,, ૩૩
૨૪૪ શાન્તિલાલ મણીલાલ કોઠારી ,, ૩૩
૨૪૫ ભોગીલાલ જગમોહન શાહ ,, ૩૩
૨૪૬ પુનમચંદ કસલચંદ મેતા ,, ૩૩
૨૪૭ નટવરલાલ કસલચંદ ,, ૩૩
૨૪૮ અચલદાસ તેજમલજી વરકાણા ૩૩
૨૪૯ દેવીચંદ કસ્તુરચંદ ,, ૩૩
૨૫૦ ફતેહચંદ કેસુરામજી ,, ૩૩
૨૫૧ હર્ષચંદ ચૈનમલજી ,, ૩૩
૨૫૨ પુખરાજ જોરમલજી ,, ૩૩
૨૫૩ જોરાવરમલ વરતીમલ (નાડોલ) ,, ૩૩
૨૫૪ પુખરાજ પુનમચંદ ,, ૩૩
૨૫૫ કુટરમલ ચીમનાજી ,, ૩૩
૨૫૬ અંસીલાલ ચાન્દમલ વોરા ચાંદવડ ૩૩
૨૫૭ ઓંકારદાસ ગણેશમલ છાજેડ ,, ૩૩
૨૫૮ સુવાલાલ હીરાલાલ ચોરડીયા ,, ૩૩
૨૫૯ બાબુલાલ બીખચંદ ,, ૩૩
૨૬૦ દલીચંદ મૂળચંદજી ઉમેદપુર ૩૩
૨૬૧ મનકલાલ દેવીચંદ કાતરણીકર ચાંદવડ ૩૩
૨૬૨ જયંતિલાલ મુળજી બોરસદ ૩૩
૨૬૩ શવજીભાઇ ખીમચંદ શાહ ,, ૩૩
૨૬૪ બાલુભાઇ માણેકલાલ શાહ ,, ૩૩
૨૬૫ રતીલાલ નેમચંદ શાહ સમૌ ૩૩
૨૬૬ ચીનુલાલ બબલદાસ શાહ ,, ૩૩
૨૬૭ રસીકલાલ જેઠાલાલ શાહ ,, ૩૩
૨૬૮ જયંતિલાલ સાંકળચંદ શાહ ,, ૩૩
૨૬૯ વાડીલાલ દલસુખરામ શાહ ,, ૩૩
૨૭૦ બાબુલાલ કેશવલાલ શાહ ,, ૩૩
૨૭૧ છોટાલાલ ચંદુલાલ મોરખીયા પાલણપુર ૩૩
૨૭૨ ચીમનલાલ અમીચંદ શાહ ,, ૩૩
૨૭૩ બાબુલાલ ગોદડભાઈ દેસાઇ ,, ૩૩
૨૭૪ ભોગીલાલ મણીલાલ મહેતા ,, ૩૩
૨૭૫ કાન્તિલાલ લલુભાઈ મહેતા ,, ૩૩
૨૭૬ શાન્તિલાલ સુંદરલાલ મહેતા ,, ૩૩
૨૭૭ વહાલચંદ અમુલખ શાહ ,, ૩૩
૨૭૮ ડાયાલાલ મણીલાલ મહેતા ,, ૩૩
૨૭૯ ગકુરલાલ મોહનલાલ વાણ પાલણપુર ૩૩
૨૮૦ બાબુલાલ કાળીદાસ મહેતા ,, ૩૩
૨૮૧ ચંદુલાલ પુરશોતમ વીદાણી ,, ૩૩
૨૮૨ રતીલાલ ચુનીલાલ શાહ ,, ૩૩
૨૮૩ રમણીકલાલ કેશવલાલ શાહ ,, ૩૩
૨૮૪ અમૃતલાલ લાલચંદ ગુજર જુ-નેર ૩૩
૨૮૫ છોટાલાલ પુરશોતમ મહેતા રાધનપુર ૩૩
૨૮૬ ભોગીલાલ જીવરાજ ગુજરાતી ચાંદવડ ૩૩
૨૮૭ મનસુખલાલ મગનલાલ શાહ ભાવનગર ૩૩
(વૃ. જૈ. પા.)
૨૮૮ ઇશ્વરલાલ છગનલાલ શાહ કઠોર ૩૩
૨૮૯ હડમતમલ મોતીજી જાલોર ૩૩
૨૯૦ હસમુખલાલ અંબાલાલ શાહ વડોદરા ૩૩
(લક્ષ્મીવિ. જૈ. પા.)
૨૯૧ ચુનીલાલ જુહારમલ વરકાણા ૩૩
૨૯૨ દાનમલ જવાનમલ ,, ૩૩
૨૯૩ ફુલચંદ કુંદનમલ ,, ૩૩
૨૯૪ ચન્દનમલ કરમચંદ ,, ૩૩
૨૯૫ માંગીલાલ કેસરીમલ પાલેરચા ,, ૩૩
૨૯૬ ચન્દ્રકુમાર ચતરરાજજી ઉમેદપુર ૩૩
૨૯૭ પ્રેમચંદ રાજમલ ,, ૩૩
૨૯૮ મનહરલાલ મોતીલાલ આમોદ ૩૩
૨૯૯ લલ્લુભાઇ હરીચંદ શાહ ,, ૩૩
૩૦૦ ચંદુલાલ ડાયાભાઇ દલાલ ભરૂચ ૩૩
૩૦૧ બાબુલાલ મણીલાલ શાહ પાલણપુર ૩૩
૩૦૨ હિંમતલાલ ફુલચંદ શાહ કરાંચી ૩૩

૫૦ હજારનું દાન કર્યું, બદલામાં કસ્ટમ માફ.

દુષ્કાળને અંગે ફાળો કરવા માટે જોધપુરનું એક ડેપ્યુટેશન કલકત્તા ગયું. અત્રે લાડનું (મારવાડ) વાળા તેરહપંથી ગૃહસ્થ શેઠ જીવનમલ ચન્દનમલજીએ રૂ ૫૦૦૦૦ ફાળામાં નોંધાવ્યા.

ચાંદીની મૂર્તિઓ ગુમ.

જિનાલયમાંથી આંગીનો સામાન કે ચાંદીની પ્રતિમાઓ ગુમ થવાના પ્રસંગો હમણાં-હમણાં વધતાં આવે છે. આ પ્રસંગમાં વધારો નોંધાવતી એક બીના અમદાવાદમાં બની ગઇ.

મ્યુ. સ્ટેન્ડીંગ કમીટીમાં ચુંટાયા.

મુંબઇ ખાતે તા. ૪-૩-૪૦ ના રોજ મ્યુનીસીપલ સ્ટેન્ડિંગ કમીટીના આઠ ઉમેદવારોની ચુંટણી કરવામાં આવતાં શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયાની તેમાં ચુંટણી કરવામાં આવી છે.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૦, પાયધુની, મુંબઈ, ૩.

श्री सम्मेत शिखरजीकी

मेरी यात्रा

और उस संबंधि कतिपय विचार.

(लेखकः—सुंदरलालजी जैन.)

(गतांकसे चालु)

अयोध्या हिंदुओंका भी बडा भारी तीर्थ है। सरयु नदी पास है। लोगोंका कहना है कि यहां की मूर्ति चमत्कारी है। अयोध्या दो दिन रहकर हम सीधे बिनारस (काशी) पहुंचे। काशीमें भेलुपुरा-भदैनी. रामघाट तथा और भी कई एक श्वेताम्बर जैन मंदिर शहर में हैं। भेलुपुरा में धर्मशाला है। साथ में दिगम्बर मंदिर है। श्वेताम्बर मंदिर के बीचसे रास्ता है। श्वेताम्बर मंदिरकी वेदी पर दिगम्बर-प्रतिमा भी रखी हैं जो झगडेका बीज है। समयकी बलिहारी है। तीर्थस्थान जो शांति के रुप होने चाहियें आत्मा को आनंद मिलना चाहिये वहीं आज स्थान स्थान पर क्लेश-झगडे खडे हैं। भेलुपुरा के व्यवस्थापकों को चाहिये कि दिगम्बर मूर्तियां दिगम्बर मंदिरमें विराजमान कर दी जावें और अपना अपना रास्ता अलग अलग बना लेवें ताकि भविष्यमें यह झगडा भी कहीं उग्र रुप न धारण कर लेवे। भेलुपुरे में भगवान पार्श्वनाथ के चार कल्याणक हैं। भेलुपुरा के पास ही भदैनीमें श्री सुपार्श्व प्रभु के चार कल्याणक हैं। गगा के तट पर इस मंदिर का दृश्य देखने लायक है। वहींसे रामघाटमें बडा भव्य मंदिर है। अनेकों मूर्तियां हैं। काशीसे १४ माइल के उपर चंद्रपुरी है। मोटरसे हम लोग वहां गये। गंगा के तट पर बहुत उंचे विशाल स्थानमें मंदिर है। गंगा का दृश्य बडा सुंदर है। यहां चंदा प्रभु के चार कल्याणक है। धर्मशाला भी है। यहांसे वापिस होते हुवे उसी मोटर से हम लोग सिंहपुरी (जो सारनाथ के पास गांव में है) पहुंचे। यहां श्री श्रेयांस प्रभु के चार कल्याणक है। यहां का बुढा पुजारी बडी तेज मीजाज का है। यात्रियों से कमसे कम मनुष्यता का वर्ताव तो होना ही चाहिये पर उसके यह शब्द मुझे आज भी चुभते हैं कि हम यात्रियों के नौकर नहीं। इस मन्दिर की व्यवस्था करनेवालों को चाहिये कि ऐसे उग्र स्वभाववालों को कभी ऐसे पवित्र स्थानों पर नहीं रखना चाहिये। दुनियामें मसल मशहूर है 'आप किसीको आराम देंगे तो वह आपकी सेवा अवश्य करेगा' परन्तु यहां बात ही उल्टी देखनेमें आई। जैसा एकांत शान्त स्थान और उसके रखवाले बिल्कुल उल्टे इतने उग्र स्वभाव के। अस्तु मेरी तो व्यवस्थापकोंसे विनम्र प्रार्थना है कि ऐसे तीर्थों परसे वीभावी मनुष्य रखने चाहिये। थोडी दूर सारनाथ में बौद्धों का 'मूलगन्ध कटो विहार' नामक मन्दिर देखने के काबिल है। मन्दिर एक आदर्श है। ऐसे मन्दिर अपनी समाजमें होने चाहियें। मन्दिरमें भगवान बुद्ध की मूर्ति कैसी मनोहर है। मन्दिर में कितनी शांति विराज रही है। दिवारों पर भगवान की सब लीलाएं चित्रोंमें दिखाई हैं. मन्दिर क्या है Model है। मन्दिर के अन्दर जाते ही चित्त को बडी शान्ति मिलती है ओर भगवान का जीवन आंखों के सामने आ जाता है। वहीं पास में दिगम्बर मन्दिर है। वहांसे वापीस काशी आए। काशी हिन्दुओंका बडा भारी तीर्थ है। हिन्दु युनिवर्सिटी की सीट हैं। काशीसे हम पटना गये। पटना शहर भगवान का मन्दिर है यहां भी एक तर्फ दिगम्बर मूर्ति रखी है। गुलजार बाग स्टेशन के दूसरी तर्फ सुदर्शनसेठ व श्री स्थूलिभद्रजी की देरी हैं। पटना से हम लोग सीधा राजगिर स्टेशन पहुंचे। वहां बडी विशाल धर्मशाला है पास में मन्दिर है। शहर में दिगम्बर बौद्ध तथा हिन्दुओं के मन्दिर है। यहां अनेक कुंड गरम पानी के हैं जो पहाडों से न मालूम कबका उसी धारा प्रवाह से निकल रहा है। पानी अनेक रोगों के लिये लाभ दायक है। लोग: सैंकडों की तादादमें यहां स्वास्थ ठीक करने आते हैं।

(अपूर्ण.)

मुनिश्री विद्याविजयजीना शिष्यने वडी दीक्षा.

भुज, ता० ७ मी मार्च मुनिश्री विद्याविजयजीना शिष्य श्री पुर्णानंदजीने गइ काले धामधुम पूर्वक वडी दीक्षा आपवामां आवी हती.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તાર: HINDSANGHA. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું મુખપત્ર. REGD. No. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ.

JAIN YUGA.

વાર્ષિક લવાજમ રૂા. ૨)

પુસ્તક ૮ અંક ૧૦

વીર સંવત્ ૨૪૬૬–વિક્રમ સંવત્ ૧૯૯૬
મંગળવાર, તા. ૧૬ એપ્રીલ ૧૯૪૦.

કાર્યાલય:
શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ; ૨૦, પાયધુની, મુંબઇ

સ્ટેન્ડિંગ કમિટી ખાસ અંક.

કૉન્ફરન્સના ઉદ્દેશો.

આ કૉન્ફરન્સ કે જેનું નામ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ રાખવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ જૈનને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય અને બીજા જૈન કોમ અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી ઠરાવો કરવાનો અને તે ઠરાવોને અમલમાં મૂકવા માટે ઉપાયો યોજવાનો છે.

સમસ્ત જૈન કોમને (સંઘ) લાગુ પડતા સવાલો જ કૉન્ફરન્સ હાથ ધરશે. ન્યાતના, સ્થાનિક સંઘના, મહાજનના અને પંચના તકરારી વિવાદગ્રસ્ત વિષયો સીધી કે આડકતરી રીતે કૉન્ફરન્સ હાથ ધરી શકશે નહિં.

અધિવેશનો.

૧ ફલોધી (મારવાડ)	૧૯૫૮
૨ મુંબઇ	૧૯૫૯
૩ વડોદરા (ગુજરાત)	૧૯૬૧
૪ પાટણ (ગુજરાત)	૧૯૬૨
૫ અમદાવાદ (ગુજરાત)	૧૯૬૩
૬ ભાવનગર (કાઠીયાવાડ)	૧૯૬૪
૭ પૂના (મહારાષ્ટ્ર)	૧૯૬૫
૮ મુલતાન (પંજાબ)	૧૯૬૯
૯ સુજાનગઢ (રાજપુતાના)	૧૯૭૧
૧૦ મુંબઇ	૧૯૭૨
૧૧ કલકત્તા (બેંગાલ)	૧૯૭૪
૧૨ સાદડી (મારવાડ)	૧૯૭૬
કન્વેન્શન સંમેલન–મુંબઇ	૧૯૮૧
ખાસ અધિવેશન–મુંબઇ (શત્રુંજયના પ્રશ્ન અંગે)	૧૯૮૨
૧૩ જુન્નેર (મહારાષ્ટ્ર)	૧૯૮૬
૧૪ મુંબઇ	૧૯૯૦

પ્રમુખો.

શેઠ અખ્તાવરમલ મહેતા
રાય બદ્રિદાસ બહાદુર
રાયબહાદુર બુદ્ધિસિંહજી દુધેડીઆ
શેઠ વીરચંદ દીપચંદ, સી. આઇ. ઇ.
રાયબહાદુર સિતાપચંદજી નહાર
શેઠ મનસુખભાઈ ભગુભાઈ
શેઠ નથમલ ગોલેચ્છા
શેઠ પન્નાલાલ જોહરી
શેઠ મોતીલાલ મુલજી, જે. પી.
ડૉ. બાલાભાઈ મગનલાલ નાણાવટી
શેઠ ખેતસી ખીઅસી જે. પી.
લાલા દૌલતરામ નહાર
શેઠ કસ્તુરભાઇ લાલભાઇ
બાબુ બહાદુરસિંહજી સિંધી
રાવસાહેબ રવજી સોજપાલ, જે. પી.
બાબુ નિર્મલકુમારસિંહ નવલખા

જનરલ સેક્રેટરીઓ.

શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા. એમ. એ; જયપુર.
બાબુ બહાદુરસિંહજી સિંધી ઝમિન્દાર, કલકત્તા.
શ્રીયુત મુલચંદ આશારામ ઝવેરી, અમદાવાદ.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,
બી. એ. એલએલ. બી; સોલિસિટર.
રાવસાહેબ કાંતીલાલ ઇશ્વરલાલ જે. પી.

વિષયાનુક્રમણિકા

	વિષય.	લેખક	પૃષ્ઠ. મુખપૃષ્ઠ.
૧	કોન્ફરન્સના ઉદ્દેશો	તંત્રી	૧
૨	નિર્ણયાત્મક બેઠક	શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ. એલએલ. બી; સોલિસિટર	૩
૩	નાવડી તરતી રાખવાના માર્ગો		
૪	ઐક્ય માટે દર્દભરી અપીલ	શ્રી. સુરચંદ પુરશોત્તમદાસ બદામી, બી.એ. એલએલ. બી.	૪
૫	નોંધ અને ચર્ચા	તંત્રી	૫
૬	ભરહરિયે કે કાંઠે ?	શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી	૬
૭	ક્યાં છે તમન્ના ?	શ્રી. કુલચંદ હરિચંદ દોશી મહુવાકર	૭
૮	શ્રી જૈન સમાજકો શુભ સંદેશ	પં. શ્રા સમુદ્રવિજયજી ગણિ	૮
૯	અધિવેશન ભરવાનો માર્ગ	શ્રી. બાલચંદ હીરાચંદ–માલેગાંવ	૯
૧૦	પંચવર્ષિય કાર્યક્રમ એજ નિશ્ચયાત્મક માર્ગ	શ્રી. સારાભાઈ દલાલ–અમદાવાદ	૧૦
૧૧	ઓલ ઈન્ડીયા સ્ટેન્ડિંગ કમિટીની બેઠકની સફળતા ક્યારે ?	શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન	૧૧
૧૨	श्री सम्मेतशिखरजी की मेरी यात्रा	श्री. सुंदरलालजी जैन	૧૨
૧૩	કોન્ફરન્સ–શિથિલતા નિવારણ	શ્રી. નાગકુમાર મકાતી બી. એ. એલએલ. બી.- વડોદરા	૧૩
૧૪	વર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ પાથરતા કિરણો	મુનિશ્રી વિદ્યાવિજયજીની સિંધ યાત્રામાંથી	૧૪
૧૫	કોન્ફરન્સ માટે મેં શું કર્યું ?	શ્રી. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની, બી. એ. એલએલ. બી.–સાદરા.	૧૫
૧૬	જૈન કોન્ફરન્સની સ્થિતિ શાથી સુધરે ?	શ્રી. રમણિકલાલ કેશવલાલ ઝવેરી, બી. એ. એલએલ. બી; સોલિસિટર, મુંબઈ.	૧૬
૧૭	સંઘટના અને વિઘટના	શ્રી. બાલચંદ હીરાચંદ–માલેગાંવ	૧૭
૧૮	Jain Swetamber Conference	Syt. Makanji Juthabhai Mehta, Barrister–at–law.	૧૮
૧૯	જૈન સમાજને ચરણે: એક દર્દભરી અપીલ	શ્રી. મુલચંદ આશારામ ઝવેરી–અમદાવાદ	૧૯
૨૦	કોન્ફરન્સનું ૧૫ મું અધિવેશન	શ્રી. મોતીલાલ વીરચંદ–માલેગાંવ	૧૦
૨૧	स्टेन्डींग कमिटी से निवेदन	શ્રી. જવાહરલાલજી નાહટા–ભરતપૂર	૨૧
૨૨	નિરક્ષરતા નિવારણમાં આપણે શું કરી શકીએ?	શ્રી. કેસરીચંદ જેસીંગલાલ શાહ	૨૨
૨૩	સ્થાયી સમિતિની આગામી બેઠક	શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી.એ એલએલ.બી.	૨૩
૨૪	કોન્ફરન્સની પ્રગતિ અંગે મ્હારા વિચારો	શ્રી. કુંવરજી આણંદજી કાપડીઆ	૨૩
૨૫	માત્ર બે જ સવાલો	શ્રી. બબલચંદ કેશવલાલ મોદી	૨૪

આભાર.

અમારા નિમંત્રણને માન આપી જૈન સમાજના વિદ્વાન્ લેખકોએ જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ પાડતા, અને કોન્ફરન્સની પ્રવૃત્તિઓની સમીક્ષા કરતા જે લેખોની સામગ્રી આ અંક માટે મોકલાવી આપી છે, તે માટે અમો તેમનો આ સ્થળે આભાર માનીએ છીએ.

—જૈન યુગ સમિતિ.

જૈન યુવક સંઘમાંથી રાજીનામું.

શ્રીયુત્ મંત્રીઓ, મુંબઇ, તા. ૧૪–૪–૪૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઈ.

વિ. વિ. સાથે જણાવવાનું જે તા. ૧૩–૪–૪૦ ના રોજ મળેલી આપણા જૈન યુવક સંઘની કાર્યવાહી સમિતિએ શ્રી કોન્ફરન્સની હાલની પ્રવૃત્તિ સંબંધે બે વિભાગનો એક ઠરાવ પસાર કર્યો છે, તેમાંના દીક્ષાને લગતા પ્રથમ વિભગા તરફ મારી સંપૂર્ણ સંમતિ છે. પરંતુ કોન્ફરન્સની કેટલીક સક્રીય કાર્યવાહીમાં હું વિશેષ સંકળાયેલો હોવાથી તેમજ સમાજની એકતામાં સમાજને વિશેષ લાભ છે એમ માનતો હોવાથી ઠરાવના બીજા વિભાગનો હું યથાસ્થપણે પાલન નહિ કરી શકું એવી માન્યતા ધરાવતો હોવાથી હું આ પત્રથી યુવક સાંઘના સભ્ય તરીકેનું રાજીનામું આપું છું જે સ્વીકારી આભારી કરશો.

આટલા વર્ષોના યુવક સંઘ સાથેના સહકાર્યથી કોઈનું દીલ દુભાવ્યાનો પ્રસંગ બન્યો હોય તો તેની ક્ષમા ચાહું છું.

લી૦ મનસુખલાલ હીરાલાલ લાલન.

જૈન યુગ.

તા૦ ૧૬-૪-૪૦. મંગળવાર.

નિર્ણયાત્મક બેઠક.

કોન્ફરન્સના ઇતિહાસમાં સ્ટેન્ડિંગ કમિટિની આ બેઠક અતિ મહત્વની અને નિર્ણયાત્મક ગણાશે. કયાંતો એ દ્વારા નવું પાનુ ઉઘડશે અથવાતો કાયમ ને સારૂ પાના ફેરવવાની તસ્દી લેવાની નહીં રહે.

રાષ્ટ્રીય મહાસભાની કલકત્તામાં મળેલી મહાસમિતિની બેઠકપૂર્વે મહાત્મા ગાંધીજીએ જે શબ્દો ઉચાર્યા હતા તે આ ટાણે યાદ કરવા જેવા છે. એનો સારાંશ એ હતો કે જો દેશને એકધારી દોરવણી આપવી હોય તો કાર્યવાહક સમિતિમાં નિતિ અને વિચારનુ સામ્ય હોવું જોઇએ. એમાં વિસંવાદી તત્વ ભરવાથી એનો ઘણો કાળક્ષેપમાં માંહોમાંહેની ચર્ચામાં જ વ્યતીત થવાનો અને એકસુરો નાદ ન નિકળવાથી જનતાને સાચી દોરવણી નહીં મળવાની.

જૈન સમાજની આજની સ્થિતિમાં એ શબ્દો પર નજર ઠેરવી વિચાર કરીએ તો સહજ જણાશે કે કોન્ફરન્સનુ સુકાન જ્યાં લગી મોટા ભાગનો, અરે લગભગ સર્વનો વિશ્વાસ ધરાવનાર વ્યક્તિના હાથમાં નહીં આવે અને એ હાથ પાછળ કાર્યવાહક સમિતિની એકમતીનું પીઠબળ નહીં હોય ત્યાં લગી નથી તો વર્તમાન દશા સુધારવાની કે નથી તો સમાજ, પ્રગતિના પંથે એક ડગલું આગળ ભરવાનો. આ લખાણ પાછળ કોઇ અમુક વ્યક્તિને મોટી ચિતરવાનો કે એની પાછળ આંધળીયા કરવાનો ધ્વની છે એમ કોઇ માની ન લ્યે. જરા ધીરજ રાખી છેલ્લા પંદર વર્ષનો ઇતિહાસ તપાસે. એમાં જુન્નર તથા મુંબઇના અધિવેશનો સંબંધી કાર્યવાહીનો અભ્યાસ કરે. એ દરમિઆન મળેલી સ્ટેન્ડિંગ કમિટિ તેમજ સંખ્યાબંધ વર્કીંગ કમિટિઓમાં થયેલ કામકાજ અને એ સર્વ પરથી સમાજમાં થયેલી અસરનો વિચાર કરે તો સહજ સમજાશે કે જે જાતની અસર પેદા કરવાનો મનોરથ આપણે સેવતાં હતાં–અથવા તો વાતાવરણમાં જે વાયુનો સંચાર પ્રસારવાના આપણા અભિલાષ હતાં–એ સફળ નથી થયાં; અને કોન્ફરન્સ તરફની જનતાની અભિરૂચીમાં ઓટ આવતી ચાલુ રહી છે.

જરૂર એમાં કોન્ફરન્સ સામે અમુક પક્ષોનો વ્યવસ્થિત પ્રચાર તેમજ બીજા કારણો છે. આ અંકમાં અન્યત્ર એ સબંધી જુદી જુદી રીતે એનુ નિરૂપણ પણ કરાયેલું છે. છતાં એક વાત ભુલવી જોઇતી નથી કે એ બધા કરતાં પણ વર્તમાન કાર્યવાહક સમિતિના જે સભ્યો આજે કાર્યવાહી ચલાવી રહ્યા છે એમાં જે વિચાર-નિતિનું અનૈકય છે અને તેથી જે બસુરો અવાજ નિકળે છે એ કારણ દુર્લક્ષ્ય કરવા જેવું ને ઓછું જવાબદાર નથીજ. એમાં જે વિવિધ વિચાર સરણી દ્રષ્ટિગોચર થાય છે તે નિમ્ન પ્રકારે આલેખી શકાય.

જેઓ શ્રીમંતાઇની કક્ષામાં સુખેથી ગણી શકાય અને પ્રસંગ મળતાં લક્ષ્મીનો વ્યય કરવામાં પાછી પાની ન કરે અને જેમનો આશય ધર્મતત્વ કે સાધુ સંસ્થા આદિ કોઇ જાતની ચર્ચામાં ઉંડા ઉતર્યા સિવાય સમય મળતાં હાજરી આપી સમાજ પ્રગતિના કાર્યને વેગ આપવાનો છે એવા સભ્યોનો એક વર્ગ.

બીજા વર્ગમાં બુદ્ધિ પ્રગલ્ભતાના જોરે, જેઓ કાયદાની બારિકાઇ કે આંટી ઘુંટી ધ્યાનમાં લઇ, સમાજના અભ્યુદયમાં રસ લઇ બીજા ધર્મોના રીત રસમો સહ ધર્મનો તાળો મેળવી કાંમ ચલાવવાની વૃત્તિવાળા શ્રીમંતો આવે છે.

જેઓનું સ્થાન સમાજમાં મધ્યમ પ્રકારે લેખાય અને જેમનામાં અધિકાર કરતાં ફરજ બજાવવાનું ભાન સવિશેષ જાગ્રત છે અને જેઓ માન્યતાના વમળમાં કે ચર્ચાના ચકમાં કુદકી ફરવા કરતાં યથાશકિત સેવા કરી છુટવાના અધ્યવસાયવાળા છે એવાનો ત્રીજો વર્ગ.

ચોથા વર્ગમાં પાશ્ચિમાત્ય રહેણી–કરણીના સંસર્ગથી જેમનામાં વિચારની ઉદ્દામતા આવેલી છે એવા સભ્યોનો સમાવેશ થાય છે. તેમને સાધુ સંસ્થામાં સડો જણાય છે, ધાર્મિક માન્યતામાં અંધ શ્રદ્ધાનો ભાસ થાય છે, પૂર્વાચાર્યોના કિમતી સૂત્રોમાં 'બાબા વાકયમ્' લાગે છે અને પ્રચલીત પ્રથામાં અંધ અનુકરણ જણાય છે. એ બધાનો નાશ કરી જેમને નવ સર્જન કરવાના કોડ છે અને એ પાછળ સમયનો ભોગ આપવાની બગશ પણ છે, શબ્દ યુદ્ધમાં પરાજય ન પામે તેવી લડાયક વૃત્તિ પણ ધરાવે છે.

આ ચાર વર્ગમાં વહેંચાયેલી કાર્યવાહક સમિતિ એકધારો કાર્યક્રમ ઘડી શકે એ આકાશકુસુમસમ અસંભવિત છે. વળી એ પણ સ્પષ્ટ છે કે એમાંનો કોઇ પણ એકાદો વર્ગ એકલા હાથે કોન્ફરન્સનું ગાડુ હંકારી શકે તેમ નથી. બાકીના ત્રણમાંથી બેનો સહકાર તો એને જોઇએજ. પ્રશ્ન એ થશે કે તો પછી કયા ત્રણ વર્ગનું એકીકરણ થવું જોઇએ? એનો નિર્ણય કરતાં પૂર્વે જૈન સમાજની વર્તમાન મનોદશા અને વલણ વિચારવા જોઇએ સમાજના મોટા ભાગનું સંગ્રહ સ્થાન કહો કે એકત્ર મળવાનું કહો તો તીર્થમેળા–દેવાલય ઉત્સવો અને ઉપાશ્રયોમાં થતાં વ્યાખ્યાનો છે. એ ટાણે સૌ કોઇની નજર શ્રીમંતો પ્રતિ સહજ ઢળે છે. વળી એનો અનુભવનો વિષય છે કે દ્રવ્ય વિના ભાગ્યેજ કોઇ પ્રવૃત્તિ ચલાવી શકાય છે. ભલભલાઓને પણ ધનિકનો સાથ ગુમાવવા જેવો પ્રસંગ પ્રાપ્ત થતાં બોલ્યું ફોક કરવા જેવું પ્રહસન ભજવવું પડે છે. સંઘ કે જ્ઞાતિમાં અથવા અન્ય કોઇ સામાજિક મેળાવડામાં આજે પણ દ્રવ્યવાન સહજ રીતે અગ્રસ્થાન પામે છે. એની પાછળ જન સમૂહનો મોટો ભાગ ખેંચાય છે. ટુંકમાં કહીયે તો પ્રત્યેક શહેરોના સંઘોમાં એમનુ (ધનિકોનુ) વર્ચસ્વ આજે પણ દૃષ્ટિગોચર થાય છે. એમના રીસામણા કે એમની ઉપેક્ષા એટલે લગભગ મોટા ભાગનો સાથ ગુમાવવાપણું!

જ્યાં વર્તમાન સ્થિતિ આવી છે ત્યાં પૂર્વે વર્ણવેલા ચાર વર્ગમાંના પ્રથમને મહત્વ આપવુંજ પડવાનું. બીજા

વર્ગનુ સ્થાન પણ રહેવાનુ જ. વર્તમાન તંત્રમાં એની ડગલે પગલે અગત્ય રહેવાની. એ વર્ગના સંયેાગેા એવા છે કે એ સીધેા ભેાગ ઝાઝેા ન આપી શકે છતાં દેારવણી તેા અવશ્ય કરી શકે. ત્રીજા વર્ગનુ વલણ જાણીતું છે. આમ જનતામાંથી ઉદ્ભવેલ એ વર્ગ જનસમૂહના અતિ વિશાળ ભાગ જોડે સંપર્ક સાધતેા હેાઇ, સેવા વૃત્તિથી વધુ ને વધુ સ્થાન જમાવતેા જાય છે. આમ આ ત્રણ વર્ગનુ એકીકરણ થાય તેા તંત્ર સુતરાં ચાલી શકે. શ્રીમંત-ધીમંત અને સેવાધારીનુ સામ્ય સર્વ રીતે શૈથિલ્ય ને નિષ્ક્રિયતા દૂર કરવા સમર્થ છે. ચેાથા વર્ગને વીસરી જવાનું પ્રયેાજન નથી પણ એની વિચારશ્રેણી કેાન્ફરન્સમાં કાર્યસાધક નીવડે એ અશકય છે. એને જુદી વ્યાસપીઠની જરૂર છે જે એ વર્ગના મેાવડીઓએ શેાધી પણ છે. એ વર્ગ તરફથી જે વાતેાનુ પ્રતિપાદન કરાય છે અને જે હવા ફેલાવાય છે એને કેાન્ફરન્સ વાદી માનસ કયાં સુધી ટેકેા આપી શકશે એ ચેાખવટ કરવાની પળ આવી ચુકી છે. એ વર્ગ સાથે ભેળાઇને કાર્યવાહી ચાલુ રાખવી એનેા અર્થ કયાં તેા એજ થાય કે વિશાળ જૈન સમૂહનેા સાથ ગુમાવવેા અને કેાન્ફરન્સને એક પ્રકારની સુધારા પરિષદમાં ફેરવી દેવી.

એ વર્ગના ઉમંગી ને ધગશધારી બંધુઓ પ્રત્યે માન હેાવા છતાં તેઓ જે સિદ્ધાંત ધરાવે છે અને જે જાતની કાર્યવાહી હાથ ધરે છે એ સામે અંતરનેા સાચેા અવાજ રજુ કરવામાં જરા પણ ક્ષેાભ દાખવવેા કે ભીનું સંકેલવાની વૃત્તિનું પ્રદર્શન કરવું એ આવી કટેાકટીની પળે સમાજ અને સંસ્થાનેા દ્રોહ કરવા સમાન લાગતું હેાવાથી એનેા ઉલ્લેખ સ્પષ્ટતાથી કરવાની જરૂર લેખી છે. એ પાછળ જરા પણ કેાઇ જાતનું મનેામાલિન્ય નથી, તેમ કેાઇના હક્કને આડે આવવાપણું પણ નથી. કેાન્ફરન્સ આજે એવા પાણીમાં ઉભી છે કે જો એ જરાપણ ભૂલ કરે તેા બુડી જવાનેા ભય સામે બડેા છે. વર્ષોથી સાથે કામ કરનારા યુવક બંધુઓ પ્રત્યે અવશ્ય માન હેાયજ. પણ તેથી એમના અંગીકાર કરેલા મનેારથેા સ્વીકારી લેવા કે દુધ દહીંઆ વૃત્તિ દાખવવી એ ઉભયને નુકશાન કર્તા છે, એમ હવે ચેાકખું જણાય છે.

કેાન્ફરન્સને નિયમિત અધિવેશન ને રચનાત્મક કાર્યની ખાસ અગત્ય છે. જૈન સમાજમાં એની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા થાય એવી કાર્યવાહી હાથ ધરવીજ એને પરવડી શકે તેમ છે; અને એટલા સારૂજ સૌથી પ્રથમ એકતા આણવાની છે. કેવળ સિદ્ધાંતનેા બાહુ આગળ ધરવાથી કે ઠરાવના નામે નાક ઉંચુ રાખવાથી એક ડગલું પણ એ આગળ ભરી શકે તેમ નથીજ. ચક્ષુ સામે જે પરિસ્થિતિ દેખા દે છે અને જે સવાલેા બડા થયા છે એ આગળ, દીક્ષા આદિ ચર્ચાત્મક ઠરાવેાનુ બાસ મહત્વ નથીજ એમાં બાંધ છેાડ ને પૂર્ણ સ્થાન છે. ત્રીજી સત્તાની દરમ્યાનગીરિથી એ પ્રશ્નેાનેા ઉકેલ કરવા કરતાં પરસ્પરના સંગઠનથી અને મુનિ સંમેલનના ઠરાવેા અમલી બને તેવી કાર્યવાહી હાથ ધરવાથીજ એનેા ઉકેલ આણી શકાશે. તેાજ સમાજમાં સંપ બન્યેા રહેશે. યુવક સંઘની નીતિથી તેા ભાગલા વધુ મજબુત બનશે. સંઘેામાં પડેલા ભેદેામાં નવાનેા ઉમેરેા થશે અને સમાજ છિન્નભિન્ન દશામાં વેરાઇ જશે! આવું ભવિષ્ય કેાઇપણ કેાન્ફરન્સવાદી ન ઇચ્છે!

એથી આ બેઠકમાં નિર્ણય કરતાં પૂર્વે પ્રત્યેક સભ્યે સ્વ હૃદય પર હાથ મૂકી, પરિસ્થિતિનેા પૂર્ણ અભ્યાસ કરવાનેા છે. અને નીતિકારનુ એ વચન યાદ રાખવાનુ છે કે—સર્વ નાશે સમુત્પન્ને અર્ધંત્યજતિ પંડિતઃ

(અનુસંધાન પૃ. ૫ ઉપરથી)

મુનિસંમેલનના કાર્યને અભિનંદન આપતેા ઠરાવ પણ કરે છે. આજે એ કાળની સ્થિતિમાં ઘણેા ફેર પડી ગયેા છે. વર્કીંગ કમિટી ઠરાવ ફેરવે તેા સમાજમાં પડેલા ભાગલા સંધાય તેમ છે. મુનિ સંમેલનના ઠરાવનું પાલન કડકપણે થાય તેવું વાતાવરણ સર્જી શકાય તેવા સંયેાગેા પણ છે. એક વર્ગનું માનવું પણ છે કે જે રીતે આ ઠરાવ વર્કીંગ કમિટિમાં પસાર થયેા તે રીતે એ ઝાઝા મહત્વનેા ન ગણાય. એ રદ થાય તેા એમાં કેાન્ફરન્સને કંઇ લાંછન લાગે તેવું છેજ નહીં. થેાડા સભ્યેા એવેા પણ મત ધરાવે છે કે જુન્નર અધિવેશનના ઠરાવથી વર્કીંગ કમિટી કે સ્ટેન્ડિંગ કમિટી આગળ જઇ શકે નહીં. એ ઠરાવમાં વધુ કડકતા આણવી હેાય કે ત્રીજી સત્તાનેા અંકુશ નેાતરવેા હેાય તેા અધિવેશન બેાલાવી તેમ કરવું જોઇએ. એક તરફ જુન્નર વેળાની પરિસ્થિતિનેા અભ્યાસ કરીએ છીએ, બીજી તરફ જૈન સમાજના મેાટા ભાગનું ધાર્મિક વલણ જોઇએ છીએ, અને ત્રીજી તરફ વર્કીંગ કમિટિમાં જે રીતે આ નિબંધ સબંધમાં કામ લેવાયું છે તેનેા વિચાર કરીએ છીએ ત્યારે એમ કહેવુંજ પડે છે કે ઉતાવળ જરૂર થઇ છે અને નિર્ણીતસત્તાની બહાર જવાયું છે.

પણ આજે એ જુના પેાપડા ફેંદવાનેા સમય નથી. જો વર્તમાન ગુંચ ઉકેલાતી હેાય અને કેાન્ફરન્સનું પૈડું ચીલે ચડતું હેાય તેા આવા ઠરાવેાને ભુંસી વાળવામાં કંઈજ માનહાનિ કે નાકધસણી ન લેખાવી જોઇએ. કેાન્ફરન્સ એ અખિલ સમાજનું અંગ છે અને સમાજના મેાટા ભાગનું જે દ્વારા શ્રેય સધાતું હેાય, એવા કાર્યેા ઉપાડવામાં જો ભૂતકાળના કેાઇ ઠરાવનું બંધન નડતું હેાય તેા તે દૂર કરવા તત્પર થવુંજ જોઇએ. એ કાર્ય સામે અમુક વિચારધારી વર્ગનેા મતફેર રહેવાનેા. આ યુગમાં સર્વાનુમતે કાર્ય કરવાની આશા અસંભવિત છે. જો કાર્યકરેાનેા ઉદ્દેશ શુદ્ધ છે તેા એમણે સ્ટેન્ડીંગ કમિટિ કે ખુલ્લા અધિવેશન પાસે પહેાંચી જઇને પણ આ કેાકડાનેા ઉકેલ આણવામાં પાછી પાની કરવી ન જોઇએ.

મુનિ સંમેલને કડક ઠરાવ કરી જુન્નર અધિવેશનની દીર્ઘદર્શિતા ને દિશા સુચનને બહાલી આપી છે. જુન્નર વેળા રિસાયેલ વર્ગ પુનઃ સંસ્થામાં પ્રવેશ ઇચ્છે છે. એની સરખામણીમાં વર્કીંગ કમિટિના એક ઠરાવનેા નામચ્છેદ એ કેાઇ મેાટી ચીજ નથી કે એ પાછળ કેાઇ માતબર સિદ્ધાંતભંગ પણ નથીજ. એ સામે મુનિ સંમેલનના ઠરાવનું પાલન નથી થતું એમ કહેવું એ પાંગળેા બચાવ છે. ઠરાવનું પાલન સર્વત્ર થાય. એવું વાતાવરણ પેદા કરવાની જવાબદારી આપણી અર્થાત્ પ્રત્યેક સંઘેાની છે અને પરસ્પર ગઇ ગુજરી ભુલી જઇ નિખાલસ હૃદયે અને હાર્દિક પ્રેમભાવે મળીએ અને નિશ્ચય કરીએ તેા એ કંઇ મુશ્કેલ નથીજ.

નાવડીને તરતી રાખવાના માર્ગો.

લેખકઃ—શ્રીયુત્ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
બી. એ. એલએલ. બી; સોલિસિટર એન્ડ નોટેરી પબ્લિક.
જનરલ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

કોન્ફરન્સનું નાવ ભરદરિયે છે તેનાં કારણો આપણે વિચારી ગયાં. કોન્ફરન્સનું અધિવેશન શકય નથી અથવા થઈ શકતું નથી એ એકજ બાબત ઉપર આપણે કેંદ્ર કરીએ તો કોન્ફરન્સનું નાવ અત્યારે ભરદરિયે કહી શકાય.

દરિયામાં નાવ હોય તેમાં કાંઇ ગભરાવાનું કારણ નથી. દરેક નાવ ને દરિયામાં રહેવાનું હોય છે એ તો એનો જાતિય ધર્મ છે. વાત એ છે કે નાવ દરિયામાં છે ત્યાંથી કાંઠે લાવી શકાશે કે એ દરિયામાં અટવાઇ અફળાઈ નામશેષ થઇ જશે. આનો જવાબ સહેલો છે અને મુશ્કેલ બન્ને છે.

પ્રથમ પ્રશ્ન એ છે કે આપણે એ નાવની જરૂરીઆત છે ખરી? આપણને એમ લાગ્યું છે કે આપણા અનેકવિધ સામાજિક પ્રશ્નો છણાવટ માગે છે, ઉકેલ માગે છે, દીર્ઘ વિચારણા માગે છે, પ્રખર નિર્ણય માગે છે.

અત્યારે રાષ્ટ્ર ભાવનામાં ઓતપ્રોત થતા જતા દેશને આવા સામાજિક વિચારણા કરનાર મંડળની જરૂરીઆત છે? હોય તો એની મર્યાદા શી છે? સમસ્ત શ્વેતાંબર જૈન સમાજને સામાન્ય વ્યાસપીઠની જરૂરીઆત છે? હોય તો અત્યારના વિચારયુગમાં તેની શકયતા છે? પ્રાચીન વિચારસરણીવાળા અને વર્તમાન નવયુગને આરેલેલા વિચારકો માટે સામાન્ય વ્યાસપીઠ હોવાની શકયતા ખરી?

આ સર્વ સવાલો ખૂબ વિચારણા માગે છે. જૈન સમાજ નાની છે, એટલે એને સ્વાત્મ જીવન માટે વધારે વિચાર કરવો ઘટે, એને માથે દેરાસરો તથા તીર્થોની ઘણી મોટી જવાબદારી છે, એને અતિ વિશાળ સાહિત્યનો વિકાસ કરવાનો છે, એને જૈન ધર્મ જગત્ ધર્મ છે એમ બતાવવાનું છે, એના અહિંસાના સિદ્ધાન્તપ્રચારમાં વર્તમાન રાજદ્વારી ગૂંચવણોના નિકાલનું દિગ્દર્શન વિશ્વને બતાવવાનું છે, એનું કંડસ્થ સાહિત્ય દુનિયાને જેમ કરે તેવું છે, એનું કાવ્ય સાહિત્ય અદ્‌ભુત છે, એના કાવ્ય વ્યાકરણ કોશ અણમૂલાં છે, એનાં નયનિક્ષેપનાં સિદ્ધાંત જગતને સાનંદાશ્ચર્ય પમાડે તેવા છે અને એનું સાહિત્ય અસાધારણ હિતકર હોઇ જગતને નૂતન સત્યો આપે તેવું છે. આ સર્વ કાર્ય એક વ્યક્તિ કરી શકે તેમ ન હોઇ એને એક યા બીજે નામે મળવાની અને આવી પડતા અનેક કોયડાઓનો નિકાલ કરવાની જરૂર તો છેજ. રાષ્ટ્રહિતને વિરોધ ન આવે તે રીતે અનેક પ્રશ્નો જૈન સમાજના આસ છે અને તેની સંખ્યા ઘણી મોટી હોઇ તેનો નિકાલ કરવોજ રહ્યો.

કોન્ફરન્સની સંસ્થા આટલાં વર્ષોથી ચાલે છે તેને અંગે તેના નામની આસપાસ જેમ ક્રેડિટ (સન્માન) ઊભું થયું છે, તેમ જે વ્યક્તિ કે સંસ્થાને તેના મંતવ્ય સાથે સંમતિ ન હોય તેમના દીલમાં કાંઇક રંજ પણ થયો છે, એની વાસ્તવિકતા પર અત્રે ચર્ચા માટે ન રોકાતાં એક વાત તેમાંથી નીકળી આવે છે અને તે એ છે કે નામની દરકાર કરવાની જરૂર નથી અનેક પ્રશ્નોનો સમષ્ટિ રૂપે મળીને નિકાલ કરવાની જરૂરજ છે, તો ગમે તે નામે મળીએ તે જૂદી વાત છે પણ મળ્યા વગર સમાજશરીરને લાગુ પડેલો રોગ જશે નહિ એમ જરૂર જણાય છે.

વિચારકોની સાથે અનેક વખત ચર્ચા કરતાં જણાયું છે કે સર્વ કોઇ કોન્ફરન્સની જરૂરીઆત સ્વીકારે છે, એના અધિવેશનની આવશ્યકતા કબૂલ કરે છે, એમાં સક્રિયતા લાવવાની વાતને ટેકો આપે છે. હવે એમાં અગવડ કયાં આવે છે તે જોઇએ.

કોન્ફરન્સની સંસ્થા પાશ્ચાત્ય નવયુગની સંસ્થાના ધોરણ પર રચાયલી છે, એની નજર હમેશા રાષ્ટ્રિય મહાસભા (ઇંડીયન નેશનલ કોંગ્રેસ) તરફ રહી છે, એના બંધારણમાં બહુમતવાદનું તત્ત્વ છે, આપણા પ્રાચીનો નવયુગની બહુમતવાદની ભાવનાને ઝીલી પચાવી શકયા નથી એટલે સ્થાયી હકકોને જનતાનાં રાજ્ય કે દોરવણી પાલવતાં નથી, પરમતની સહિષ્ણુતા આપણે હજુ પૂરી કેળવી શકયા નથી, આપણા મતથી બીજા મતમાં કે ઊલટા મતમાં પણ તથ્યાંશ હોઇ શકે એવી વિચારધારાને આપણે બીલવી શકયા નથી. આપણે એ નવયુગની જનશક્તિને સમજતા થયા છીએ, પણ બહુમતમાં જે વિશ્વાસ હોવો જોઇએ તે હજુ આવ્યો નથી. પરિણામે જરા મતભેદ થતાં આપણે બે સામસામી છાવણીમાં વહેંચાઈ જઇએ છીએ. આ સ્થિતિ અયોગ્ય છે. પ્રાચીન મહાજન સંસ્થામાં નેતાના હાથમાં જે સુકાન હતું તે હવે જનતામાં ગયું છે—એ જ્યારે પચાવી શકશું ત્યારેજ આપણે આગળ વધી શકશું અને એ વાતને સમજ્યેજ છૂટકો છે. ગમે તે નામે મળીએ, પણ જનશક્તિ અને બહુમતવાદમાં તો વિશ્વાસ રાખવોજ પડશે અને અનેકાંત વાદ સમજનાર જૈન સત્યના અંશની બાજુ ન સમજી શકે એમ લાગતું નથી. એટલે નામની મુંઝવણ કરતાં બહુમતવાદની વિશિષ્ટ કાર્ય-પ્રણાલિકાનું રહસ્ય સમજવામાં આપણો જયવારો છે.

નાના મતભેદોને ભૂલી જઇએ, બંધુભાવે કામ કરવાનું છે એમ સમજીએ, સમાજની નાનામાં નાની વ્યક્તિનો ઉપયોગ છે અને તે કરતાં આવડે તો તેમાંથી મોટું પરિણામ નિપજાવી શકાય તેમ છે એમ સ્વીકારીએ તો આપણો રસ્તો સ્પષ્ટ છે, સામે છે, ઉઘાડો છે. આપણે પ્રત્યેક સમાજની એક એક વ્યક્તિ બીઈએ, આપણા હકક કે અધિકાર બીજી વ્યક્તિ જેટલાજ છે અને સમાજની સેવામાં આપણે આપણો યથાયોગ્ય ફાળો આપવો જોઇએ, એટલું જો આપણા મનમાં સ્પષ્ટ થાય, નિશ્ચિત થાય, તો પછી કાંઈ વાંધો આવે તેમ લાગતું નથી. બાકી હું કહું તેમજ થવું જોઇએ અથવા મારા સિવાય અન્ય વિચારક હોઈ શકે નહિ એવા ધોરણે કામ લેતાં આપણું સ્થાન જાય છે અને સમાજ શરીરને હાનિ પહોંચે છે. પોતાના વ્યકિતત્વના ગોપનને સ્થાન આપ્યા સિવાય આ

યુગની સંસ્થાઓમાં કામ કરવામાં વારંવાર વિમાસણના પ્રસંગો આવ્યાજ કરે છે.

આટલી સૂચના માન્ય થાય અને પછી આપણે સેવાભાવી કાર્યવાહકો મળી આવે તો કૉન્ફરન્સની કે એના જેવી સામાજિક સંસ્થાને અવકાશ છે. ખરી વાત તો આખો વખત કાર્ય કરનારની સંખ્યા મેળવવાની છે. ધર્મ અને સમાજ ખાતર સ્વાર્પણ કરનારા થોડા સેવાભાવી હોય તો તેમનો સ્વાર્થનો ભોગ જોઈ સમાજ તેને અપનાવ્યા વગર નહિ રહે. આપણે તો મહાત્માજી કે જવાહીરલાલ જેવા ખડે પગે કામ કરનારા જોઈએ. એવા બે પાંચ મળે, તે પ્રાચીન ભાવના સમજેલા હોય, નવયુગના અભ્યાસી હોય, જૈન ધર્મની વિશ્વધર્મ તરીકેની શક્યતામાં માનનારા હોય, તો આખો સમાજ પરિવર્તન પામી જાય અને વિશ્વભરમાં જૈન ધર્મના ડંકા વાગે એવો અત્યારનો સમય છે.

વ્યાપારી કોમને હિસાબે એવા સેવાભાવી ન મળે તો આપણે ઘરદિવડા પ્રગટાવીએ. ગામોગામ અને શહેરે શહેરમાં બે ચાર સ્થાનિક કામ કરનાર વ્યક્તિઓ જરૂર મળે. એ મહાદેવીનો સંદેશો સમજે અને જૈન સમાજના ભાવી ઉત્કર્ષને પોષે તો પણ આપણે માટે હજુ ભવિષ્ય છે. દરેક વ્યક્તિ પોતાના પગ તરફ, હૃદય તરફ નજર રાખતા શીખે, પોતે શું ફાળો આપ્યો તે તરફ લક્ષ્ય આપે તો હજુ કાર્યક્ષેત્ર વિશાળ છે અને સમાજને એની જરૂર છે. એવા કાર્યવાહકો મળી આવે અને તે સ્થાને સ્થાને નાના મોટા સત્રો આરંભી દે, તો હજુ ઘણું મોડું નથી થયું. આપણે સ્થાનિક ઝગડામાં પડવું નથી, આપણે અર્થ નહિ આવે. ઉત્કટ ભાવના અને દૃઢનિશ્ચય આગળ ગમે તેવી વગરના ઝગડાઓમાં પડવું નથી, આપણો મુદ્દો સામાજિક ઉન્નતિનો હોઇ નવો પંથ કાઢવો નથી, આપણે ખાસ કરીને વિચાર વાતાવરણને શુદ્ધ કરવું છે, વિચારની સ્પષ્ટતા કરવી છે, જનતા પોતાનો ધર્મ અને પોતાનું સ્થાન સમજતી થાય તેવી કરવી છે, કોઇપણ જૈનને લાચારીથી હાથ લાંબો કરવો પડે એવી સ્થિતિ રહેવા દેવી નથી અને આપણા વ્યાપાર આપણે ખોતા જઇએ છીએ તેને બદલે તેમાં પ્રગતિ કરી જનતાનું આપણું સ્થાન કાયમ રાખી આપણે તેમાં વધારો કરવો છે, આપણી સખાવતોને સહેતુક અને વ્યાપ્ય કરવી છે અને આપણી ધર્મશ્રદ્ધાના પાયા ન્યાય-વિચારણા પર રચવા છે.

આપણી સંખ્યા નાની હોઇ, આપણે સન્નદ્ધબદ્ધ હોઈએ તોજ આપણે આગળ વધી શકીએ. કોઈ પ્રશ્ન વિવાદગ્રસ્ત થઇ પડે તો વિચારીએ કે થોડો કાળક્ષેપ કરવાથી એકમત થઇ જવાશે. એવે પ્રસંગે જરા પાછા હઠી મુલતવી રાખીએ અને વિચારબળ કેળવવામાં સમયનો ઉપયોગ કરીએ તો તેમાં નુકસાન નથી.

આ રીતે વિચારતાં હજુ આપણા સમાજ માટે ભવિષ્ય છે. અત્યારનો યુગ આપણને આહ્વાન કરે છે અને આપણે વખતસર ન ચેતીએ તો લાલબત્તી પણ બતાવે છે. વ્યાપારી તેમના મગજ સમતોલ હોય, કોમને સુલભ એવી દીર્ઘદૃષ્ટિ વાપરી આપણે જનતાના અને જનસેવામાં આ મહાન્ કાર્યમાં આડખીલી રૂપ ન બનતાં આપણો ફાળો આપીએ, થોડા વખત માટે આપણા વ્યક્તિત્વને ભૂલી જતાં શીખીએ અને સમાજના વિકાસમાં આપણો વિકાસ છે એમ બરાબર માની કાર્ય લઇએ તો હજુપણ સમય છે. વખત વધારે બારીક આવતો જાય છે અને આપણે નાના મતમતાંતરોનો ભોગ બની અકિંચિત્કર થઇ જશું તો જે થોડું રહ્યું છે તે પણ ગુમાવી બેસશું અને ભવિષ્યની પ્રજામાં કોઇ વિચારક જાગશે તો આપણી મંદતા પર અશ્રુ સારશે.

અત્યારની મુંઝવણોના નિકાલ છે, ઉપાય છે, રસ્તાઓ છે. આપણી ભાવના સમાજને જીવતો અને વહેતો કરવાની હોય તો આગળ રસ્તો સાફ દેખાઇ શકાય તેમ છે. અત્યંત પ્રેમથી, ધર્મ ભાવનાથી, પોતાની જાતને ભૂલી જઈ, આપણો ફાળો આપીએ અને આપણને મળતી તક અને આપણી સગવડોનો સંયોગાનુસાર સમાજહિતમાં ઉપયોગ કરીએ તો કાંઇ વાંધો અડચણોના ઉકેલ આવી શકે છે. પ્રેમથી, હોંસથી, ઉત્સાહથી, પ્રેરણાથી, આગળ ધપીએ અને જૈન ધર્મનો વિજય છે **जैनं जयति शासनम्** સૂત્રને નજરમાં રાખીએ.

અત્ર કરેલી સૂચના સ્ત્રીને કે પુરૂષને, સાધુને કે શ્રાવકને, બાળને કે વૃદ્ધને, પ્રાચીનને કે અર્વાચીનને-સર્વને ગ્રાહ્ય હોઇ તેમને ચરણે ધરી છે. આગળ વધવા પ્રેરણા કરી અત્ર વીરમીએ.
शिवास्ते पन्थानः सन्तु !

ઐક્ય માટે દર્દભરી અપીલ.

[શ્રીયુત સુરચંદ્ર પુરશોત્તમદાસ બદામી, બી. એ. એલએલ. બી; રિટાયર્ડ જજ સ્મોલ કોઝેઝ કોર્ટ, પોતાના તંત્રી ઉપરના પત્રમાં નીચેના ઉદ્ગારો વ્યક્ત કરે છે. સમાજે ખરેખર તે વિચારવા જેવા છે.]

'દરેક કૌટુમ્બિક તેમજ સામાજીક કાર્ય અને પ્રગતિ માટે ઐક્યતાની ખાસ જરૂર છે, અને તે ઐક્યતા કુટુંબ કે સમાજની જૂદી જૂદી વ્યક્તિઓ એકબીજા સાથે પ્રેમ ભાવથી વર્તે અને પરસ્પરનું હૃદય શુદ્ધ અને વિશાળ રાખે તોજ બની રહે અને મજબૂત પણ થાય; અને તેમ ન હોય તો ઐક્યતા બની ન રહે એટલુંજ નહિં પણ એક બીજામાં વૈમનસ્ય ઉત્પન્ન થાય અને વધે. કૉન્ફરન્સ જેવી મહાન સંસ્થાનો મેળાવડો કરવા માટે ખાસ નિશ્ચય કરવાની જરૂર છે કે સમાજના જૂદા જૂદા પક્ષમાં અગ્રભાગ લેતી વ્યક્તિઓના હૃદયો શુદ્ધ, વિશાળ અને એક બીજા તરફ મિત્ર ભાવથી જોઇ રહેલાં છે કે કેમ?

આ બાબતની કૉન્ફરન્સના સુકાનીઓની ખાત્રી થાય તો કૉન્ફરન્સનો મેળાવડો કરવો અત્યંત હિતકર છે. કૉન્ફરન્સ જેવી સંસ્થાની સમાજને જરૂરીઆત છે તે માટે તો બે મત હોઇ શકેજ નહિં. આપણી કૉન્ફરન્સ સમાજની ઐક્યતા સાધવામાં અને પ્રગતિ લાવવામાં સફળ નિવડો એજ પ્રાર્થના.'

—સુરચંદ્ર પુરશોત્તમદાસ બદામી.

સુરત, ૧૦-૪-૪૦.

નોંધ.....અને.....ચર્ચા.

સિદ્ધાંતનો ભોગ ન જ અપાય.

જે મૂળ મુદ્દા ઉપર અથવા તો મૌલિક તત્વો પર સંસ્થાઓની રચના કરવામાં આવી હોય અથવા તો સ્થાપન કાળે જે ઉદ્દેશો સ્વીકૃત કરવામાં આવ્યા હોય તેનો ભંગ કરી અથવા તો તેને સદંતર ત્યજી દઇ સંસ્થા પોતાનું જીવન નજ ટકાવી શકે. જે સિદ્ધાંત સ્વીકારવાથી સંસ્થા પોતાનું જુદું વ્યક્તિત્વ જનતામાં સ્થાપન કરે છે એનોજ જો અપલાપ કરવામાં આવે કિંવા એમાં ધરમૂળથી પરિવર્તન કરવામાં આવે તો એથી સંસ્થાનું અસ્તિત્વ અવશ્ય જોખમાય; એટલે એવા પ્રસંગોમાં બાંધછોડનો કંઇજ અર્થ નથી. એવે ટાણે કયાં તો સર્વ સભ્યોએ સાથે મળી ઉચિત ફેરફાર કરવો ઘટે અથવા તો જુની સંસ્થાને આટોપી લઈ, નવેસરથી એનું નામાભિધાન કરવું ઘટે.

પણ આજે તો વાત વાતમાં પ્રત્યેક વ્યક્તિ જ્યાં સમાધાનની નાની સરખી વાત આવે, અગર તો જ્યાં થયેલી ભૂલ સુધારવા જેટલુંજ કામ હોય, ત્યાં સિદ્ધાંતભંગનો બાહુ ખડો કરે છે! કેવલ પોતે ધારી લીધેલા મંતવ્યથી જરા પણ અન્યને જુદી રીતે વિચાર કરતો જુવે કે એને પેલાનો માર્ગ વિપરીત ભાસે છે! એની જોડે સમજુતી કરવામાં જાત જાતની શંકાઓ અનુભવે છે! જો દરેક વ્યક્તિ આમ પોતાનાજ એકડા ઘુંટવા માંડે અને એ પર મજબુત રહે તો સંસ્થા જેવી વસ્તુજ ટકવા ન પામે અને 'સમાધાન' શબ્દને ડીક્ષનેરીમાંથી પાણીચુંજ આપવું પડે!

ધારો કે એક વ્યકિતએ માની લીધું કે બાળદીક્ષા એ બાળલગ્ન જેટલીજ ભયંકર વસ્તુ છે. બીજો વળી એમજ માને છે કે દીક્ષા જેવી પવિત્ર વસ્તુ જ બીજી કોઈ નથી! એમાં બાળ–પ્રૌઢ કે વૃદ્ધના બંધન ઇષ્ટ નથીજ. સાકરને જ્યારે પણ મ્હોમાં નાંખો ત્યારે મીઠાશ આપવાની. ત્રીજો વળી એજ વાત કહે કે જે યુગમાં મા બાપની આજ્ઞા હોય નહિ છતાં બાળ વિદ્યાર્થી સ્વેચ્છાથી સત્યાગ્રહ સૈન્યમાં ભરતી કરી શકતો હોય, કિંવા શિક્ષણ છોડી દઈ અસહકારમાં નામ નોંધાવતો હોય; એ યુગમાં એવોજ કોઇ બાળ પોતાનું નામ શ્રમણવૃંદમાં નોંધાવવા તૈયાર થાય તો એ સામે વાંધો ન લેવો જોઇએ! આ તો માન્યતાઓના નમૂના! મુંડે મુંડે જુદી મતિ એટલે એ કરતાં વધારે નમૂના મેળવી પણ શકાય. એવે ટાણે કોનું ખરું માનવું એ ગુંચવણ અવશ્ય ઉભી થવાની. વર્તમાન યુગનો શિક્ષિત તરતજ રાજ્યનો કાયદો આગળ ધરવાનો, જ્યારે જેને શાસ્ત્ર પર શ્રદ્ધા છે એ જુની પરંપરાને વધુ મહત્વ આપવાનો. પ્રથમ શ્રેણીનો વિચારક ઐહિક સુખ પર વજન મૂકવાનો તો પાછળવાળો પારલૌકિક કલ્યાણ પ્રતિ મીંટ માંડવાનો. સંસ્થામાં આવી જનતની વિચાર સરણીવાળા સભ્યો હોયજ; અને એવી વિચારશ્રેણીને પ્રત્યેકનો સિદ્ધાંત ગણી મહત્વ અપાય તો એક ડગલું પણ આગળ ભરવું અશકય થઇ પડે. સંસ્થાનું અસ્તિત્વ નામ માત્રનું થઇ જાય. વ્યકિતગત બાબતોને સિદ્ધાંતનું રૂપ ન દેવાય, કદાચ એ પર મુસ્તાક રહેવું હોય તો સંસ્થાને છોડી દઇ એકાકી રહેવું જોઇએ, પણ તેથી સિદ્ધાંત ભંગનો હાઉ ઉભો કરવો એમાં સંસ્થા પ્રત્યેનો પ્રેમ નથી જણાતો પણ કેવળ સ્વમાન્યતાની હઠિલાઇનું પ્રદર્શન કરાય છે.

સમાધાન કરવામાં સંસ્થાનો નિયત કરાયેલ ઉદ્દેશ ઉખડી જતો હોય, કિંવા સંસ્થા જે ધર્મની ગણાતી હોય એ ધર્મ સાથે વિસંવાદ થતો હોય તો અવશ્ય એવા સિદ્ધાંતભંગને કોઇ નજ ઇચ્છે. બાકી વ્યક્તિગત માન્યતાઓ અન્ય કોઇ જાતની બળજબરાઈથી સંસ્થા પર લાદવા જવામાં કંઇજ ડહાપણ નથી સમાયું. એથી સમાધાન જરૂર આવું ઠેલી શકાય પણ સાથેજ એ ભય ઉભે કે આવા મર્યાદિત વર્તુળોમાં કે મૂઠીભર માન્યતાવાળાઓના હાથમાં સમાજનો શ્રદ્ધાસંપન્ન એવો મોટો વર્ગ કયાં સુધી રમ્યા કરશે? કયાંતો એ ઉપેક્ષા વૃત્તિ ધારણ કરશે અથવા તો જ્યાં કેવળ શબ્દોની ખેંચપકડ છે ને બીજું કંઈ કરવાપણુંજ નથી ત્યાં ઉભોજ નહિં રહે.

વર્કીંગ કમિટિનો ચર્ચાપાત્ર ઠરાવ!

સમાજમાં સંગીન ભાગલા પડયા હોય તો એ જુનર અધિવેશનના ઠરાવ પરત્વે નહિં, પણ વડોદરા રાજ્યે પ્રગટ કરેલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ અંગે કોન્ફરન્સ તરફથી નિમાયેલ પેટા કમિટીએ જે રીપોર્ટ કર્યો તે અંગે છે. એ કમિટિ કેવા સંયોગોમાં નિમાઈ, કમિટિના સભ્યો નિવેદનમાં શું કહે છે, નિબંધમાં શું સુધારા સુચવે છે અને કેવો અપવાદ માંગે છે, વળી એમાંના બે ઉદ્દામવાદી સભ્યો કેવા પ્રકારની વિરોધ નોંધ કરે છે, અને એ સંબંધમાં કેવા અભિપ્રાયો મળેલા છે એ બધાનો સામાન્ય ખ્યાલ કોન્ફરન્સના સં. ૧૯૮૬–૮૭ ના રિપોર્ટ પરથી આવે તેમ છે. તે સમયનુ વાતાવરણ લક્ષ્યમાં લઈ કમિટિના સભ્યોએ શુદ્ધ બુદ્ધિથી જે રિપોર્ટ ઘડયો એ માટે આજે કંઇ કહેવું ઉચિત ન ગણાય. છતાં એ સંબંધમાં કેટલીક વિચારણા જરૂરી છેજ. શરૂઆતમાં કમિટિ જણાવે છે કે—

'સામાન્યતયા વિચારતાં આ બાબતમાં શ્રી સંઘ યોગ્ય પ્રબંધ કરે અને સર્વે મુનિ વર્ગ તે પ્રમાણે વર્તવા કબૂલ કરે તો આવા ધારાની જરૂરીઆત નથી એમ જણાય છે'.....એ પછી અશકયતાનો ઉલ્લેખ કરી આવા કાયદાની જરૂર સ્વીકારે છે.

વર્કીંગ કમિટિના ઠરાવ પછી, વડોદરા સરકારે કાયદો કર્યો એ સામે જૈન સમાજના એક ભાગે વિરોધ નોંધાવ્યો, વાતાવરણ ડહોળાઇ ગયું અને આખરે અમદાવાદમાં મુનિ સંમેલન મળ્યું. એમાં જે દિક્ષા સબંધી પ્રથમ પ્રસ્તાવ થયો એ જુનર કરતાં ઘણો આગળ જાય છે. સંમેલનનો અગીઆરમો ઠરાવ વડોદરા સરકારને સન્યાસ દીક્ષાનો કાયદો જૈન સમાજને લાગુ પડતો બંધ કરવા જણાવે છે. એ પછી ટુંક સમયમાંજ મુંબઇમાં કોન્ફરન્સનું અધિવેશન મળે છે એ

(અનુસંધાન પૃ. ૨ ઉપર)

ભરદરિયે કે કાંઠે?

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

ગયા અંકમાં આવેલ શ્રી મોતીચંદ ભાઈના લેખથી સહજ સમજાય તેમ છે કે કૉન્ફરન્સનુ નાવ ભરદરિયે કેવા પ્રકારે છે. અહીં આજે એ વિચારવાનું છે કે એ કાંઠે આવી શકે કે કેમ?

જૈન સમાજનો મોટો ભાગ સારી રીતે જાણે છે કે આપણી એ મહાસભાનો ભૂતકાળ અતિ ઉજ્વળ અને ગૌરવવંતો હતો. એ સમયના અધિવેશનના હેવાલો-વ્યાસપીઠ પર થયેલા વ્યાખ્યાનો-પ્રમુખસ્થાને વિરાજમાન થયેલ પ્રતિભાસંપન્ન સદ્ગૃહસ્થો અને સંચિત કરવામાં આવેલ ફંડ તેમજ ઉપાડવામાં આવેલ કાર્યો આજે પણ એ વાતની સાક્ષી પુરે છે અને ગૌરવ ગાથા ગાય છે. જો કે કેવલ ગતકાળ પર રાચવાથી વર્તમાન ગુંચ નજ ઉકલી શકે. એ પર કુદડી ફરવાથી ઓસરી જતી પ્રતિભાના રક્ષણ ન થઇ શકે; છતાં એ પરથી અનુભવ જરૂર પ્રાપ્ત થઈ શકે. ચાલુ ગુંચ કયા કારણથી પડી અને એ ઉકેલવા સારૂ તથા પુનઃ ન પડે એ સારૂ કેવો માર્ગ અખ્તિયાર કરવો ઘટે એ માટેનો સમ્યક યાને બોધપાઠ તો અવશ્ય શીખી શકાય.

એ વેળા પણ મતફેરના વમળો નહોતાં ઉઠતાં કે ધુંચવણ ભરી સ્થિતી નહોતી જન્મતી એમ તો નહોતુંજ. કદાચ આજના જેવા એ બળતા પ્રશ્નો નહિં ગણાતા હોય! છતાં સાચેજ લોહી ઉકળાવનાર તો હતાજ. એ વેળા દીર્ઘદર્શી નેતાઓ પણ હતા. સમાજનું ઐકય જળવાઈ રહે, ભાગલા પડી ન જાય અને કોકડુ ઉકલી શકે એવો રાહ શોધી કહાડવામાં એમની કાર્યદક્ષતા ને વ્યવહાર કુશળતા જણાઈ આવતી. એથી કદાચ આજના યુગને એમના ઠરાવમાં શબ્દ લાલિત્ય ન પણ જડે. કદાચ એની રચના પણ સુંદર ન લાગે છતાં જ્યારે એના પાલન પર નજર નાંખીએ છીએ ત્યારે-જનતા એનો કેવો એકધારો અમલ કરેછે એ જોઇએ છીએ ત્યારે-જરૂર હર્ષ થાય છે. થોડું પણ કામ થયેલું જણાય છે. ઠરાવો કેવળ કાગળ પર રહેલા છે એમ કહેવાની તક સાંપડતીજ નથી. શું આ વસ્તુ આજે ગ્રહણ કરવા જેવી નથી? વ્યક્તિગત સિદ્ધાંતો પકડવા કે દળો ઉભા કરવા એ કંઇ મુશ્કેલ વાત નથી. જડબાતોડ ભાષા વાપરવી કે કડવી વાણીમાં વિલાસ કરવો એ પણ અઘરૂં નથીજ. સૌ પ્રથમ જોવાનુ છે એ પાછળનુ પીઠબળ, અને એ બળ તૈયાર થવામાં કામ કરતી આમ જનતાની શક્તિ. ગમે તેવા સુંદર ને સારી શબ્દ રચના વાળા ઠરાવ કે વિદ્વત્તાપૂર્ણ અને જોમ પ્રગટાવે તેવા વ્યાખ્યાનો જ્યાં લગી આમ જનસમૂહની નાડી પારખીને નહીં થયા હોય કિંવા એ વિશાળ વૃંદના અંતરને નહીં સ્પર્શતા હોય ત્યાં લગી નથી તો નવચેતન પ્રગટવાની કે નથી તો કંઇ સંગીન કામ થવાનુ.

જેમ ભારત વર્ષનો ઉદ્ધાર એના ગામડાઓના ઉદ્ધાર ઉપર અવલંબે છે તેમ જૈન મહાસભા યાને કૉન્ફરન્સનો અરુણોદય એ જૈન સમાજના વિશાળ ભાગમાં-જે ધર્મપ્રેમનો પાવક બળી રહ્યો છે-જે સાધર્મી વાત્સલ્ય રૂપી ઉમદા ગુણ વાસ કરી રહ્યો છે એને બંધુ-પ્રજ્વલિત બનાવવામાં-એને વિશાળ દૃષ્ટિએ ખીલવવામાં સમાયેા છે. કેવળ મૂઠીભર સુધારકોથી-આંગળીના ટેરવે ગણાય એટલા નવસર્જકતાના શંખવાદકોથી અને અતિ અલ્પ સંખ્યાના ઉદ્યમવાદીઓથી હરગીજ એ થનાર નથી. કૉન્ફરન્સ અખિલ જૈન સમાજના એકત્ર સંગમ સ્થાથ સમી છે. પ્રત્યેક ભાગમાંથી એની વ્યાસપીઠ પર આવનાર જૈનોમાં વ્યવહાર કે રીત રસમની વિવિધતા ઓછી ન છતાં એક ધર્મભાવની સરખાઈ મુખ્ય ભાગ ભજવતી હોવાથી, એ સૌ કોઈના આકર્ષણની વસ્તુ બની રહેછે. ભૂતકાલિન જે ગૌરવની વાત કહી ગયા એના મૂળ પણ આ ધર્મસામ્યમાં સમાયેલ છે. તેથીજ ધાર્મિક કાર્યો પ્રત્યેનુ એનુ વલણ અન્ય સર્વ ઉદ્દેશોમાં અગ્રપદ ભોગવતું હતું અને ભોગવતું રહેવાનુજ. ભૂતકાળનો એ સમ્યક પુનઃ ચક્ષુ સન્મુખ તાજો કરવાનો છે, એમજ નહિં પણ એક વાર ફરીથી એને દ્રઢપણે વળગી આગળ કૂચ કરવાની છે.

કૉન્ફરન્સને કેવલ સામાજિક સંસ્થા માનનાર કે એને સમાજ સુધારાનું હથિયાર બનાવનાર જરૂર ભૌંત ભૂલે છે. બંગાલ, પંજાબ અથવા તો મારવાડ ગુજરાતના જૈનોમાં વ્યવહાર વૈચિત્ર્ય છે; એટલુંજ નહિં પણ એ ભાગોમાં વસતી પેટા જ્ઞાતિઓમાં પણ વિવિધતા ઓછી નથી જ. એ બધાના એકીકરણની વાતો કરવામાં હાલના તબકકે કેવલ કાળક્ષેપજ જણાય છે. એવીજ બાબત રાજકીય અને રાષ્ટ્રીય સવાલોની છે. એને લગતી ગુંચો ઓછી નથી જ. આનો અર્થ એ નથી કરવાનો કે કૉન્ફરન્સે એ જાતના સવાલો હાથ ન ધરવા કે એ સંબંધમાં કંઇ ઉચ્ચારવું નહિં. અહીં એ વાતનો ઉલ્લેખ એટલા સારૂ કરવો પડયો છે કે એ વાતો ઉદ્દેશમાં હોવા છતાં અગ્રપદ લઇ શકે તેમ નથી એનો ખ્યાલ આવે. દેશ-કાળ પ્રતિ ધ્યાન દઇ એ જાતના સવાલો અવશ્ય વિચારવા પડવાના; પણ એને લગતા ઠરાવોમાં આપણા હૃદયની લાગણી દાખવવા સિવાય ઝાઝુ અમલી કાર્ય ભાગ્યેજ રહેવાનુ. આ બધી ચર્ચાનો ફલિતાર્થ એ આવ્યો કે કૉન્ફરન્સે પ્રત્યેક વેળા ધર્મ-દ્રષ્ટિ યાને ધાર્મિક મંતવ્ય-નજર સન્મુખ રાખવુંજ જોઇએ. તોજ એના સંદેશને આમ જનતા ઝીલી લેવાની. જ્યાં એ માર્ગથી ચાતરવાની દિશા લેવાઇ કે એનુ કાર્ય જોખમાવાનુ. ટુંકમાં એકજ વાત ભાર મૂકી જણાવીયે કે કૉન્ફરન્સ એ નથી તો સુધારા પરિષદ કે નથી તો રાષ્ટ્રિય પરિષદ એ કેવળ છે જૈન ધર્મની દૃષ્ટિયે જીવન ઘડતર પરિષદ. એના પ્રત્યેક કાર્યમાં જૈન ધર્મની ઉન્નત્તિ અને એના પવિત્ર સ્થાનકો તથા એના પવિત્ર સૂત્રો-એ ઉભયના-રક્ષણ અને પ્રચારની વાતો મુખ્ય ભાગ ભજવવાની-એ પાછળ પ્રભુ કથિત સાતે ક્ષેત્રોનો વિચાર દેશ-કાળને અનુરૂપ રીતે વિચાર કરવાનો છતાં એ વેળા લક્ષ્યબિંદુ ધ્રુવ સમ અચળ રાખવાનુ કે આપણે નવસર્જન નથી કરતાં પણ જીર્ણોદ્ધાર કરીએ છીએ અર્થાત્ દ્રવ્ય યાને મૂળ વસ્તુને કાયમ રાખી પર્યાયો બદલીએ છીએ એટલે કે દ્રવ્ય પર લાગેલા આવરણો કિંવા બાઝેલા પડલો ખંખેરી નાંખી, ચાલુ સમયને અંધ બેસતા ચોકડામાં એને સ્થાપન કરીએ છીએ.

જો આ મુદ્દાપર સૌ કોઇ એકમત થાય તો નાવ ભરદરિયેથી કાંઠે આણી શકાય અને એની સફરોનો આંક અવશ્ય વધારી શકાય. એ સ્થિતિ જન્મતાં સોસાયટી કે યુવક સંઘ જેવા વાડા કાયમ રાખવાનું પ્રયોજન જ નહીં રહે. એ વેળા આજે દીક્ષા, દેવ દ્રવ્ય કે વિધવા વિવાહ જેવા જે પ્રશ્નો લોહી ઉકાળી રહ્યા છે અને જન સમૂહની એકતાને જોખમાવી રહ્યા છે તે આપોઆપ ઓસરી જશે. એમાં લે-મૂકના ધોરણે એવો માર્ગ નિકળી શકશે કે જેથી ત્યાગ માર્ગનો રોધ પણ નહીં થાય અને એ સાથે ઉપાશ્રયના બારણે રોકકળ પણ નહિ ઉદ્ભવે. દેવદ્રવ્યનો ઢગ એવી રીતે ખરચાઇ જશે કે મારવાડ-મેવાડના-પ્રાચીન કાળની કીર્તિ કથાના જર્જરિત દશાપન્ન કથકો-યાને રમણિય-દેવાલયો નવિન સ્વાંગ સજીને જૈનધર્મના જવલંત ઇતિહાસની ઝાંખી કરાવવા પુનઃ ટટાર થશે અને એ સાથે કેળવણીનો છોડ શ્રીમંતોના એકધારા સહકારથી અવશ્ય નવપલ્લવતાને પામશે. કદાચ વિધવાઓને ફરીથી પરણવાની હોકલ નહીં અપાય તો પણ કર્મવશાત્ એ જાતના જીવનમાં જનાર સામે પ્રબળ રોષની જ્વાળા તો નહીંજ ભભુકે. આ ચિત્ર કેવળ કલ્પનામય નથીજ. સંપથી કયું કાર્ય સાધી શકાતું નથી? પ્રેમના માર્ગને કંઇજ મુશીબત નથી અને 'સંહતિ કાર્ય સાધિકા' એ સનાતન સૂત્ર ખોટું પણ નથીજ. વેર વિખેર દશામાં આજે શ્રીમંત-ધીમંત અને સેવકોની જે શક્તિનો હ્રાસ થઇ રહ્યો છે અને એક બીજાની વિરૂધ દિશામાં એ જે કામ રહી છે તેનો જો સાથે બેસી સંચય કરી, એક નિર્ણિત માર્ગે ઉપયોગ કરવામાં આવે તો એથી શું સિદ્ધ ન થઈ શકે?

વધુ લંબાણ ન કરતાં એટલુંજ જણાવીયે કે 'ભરદરિયે' ના લેખમાં જે કારણો દર્શાવાયા છે એનો અભ્યાસ શાંતિ પૂર્વક કરી પ્રત્યેક જૈન છેલ્લા દશવર્ષની સ્થિતિનું-લાભા લાભની દ્રષ્ટિયે-તોલન કરે. કેવળ માન્યતાના વમળમાં ચક્કાવા ન ખાય. એટલું નિશ્ચિત કરી લ્યે કે-તીર્થંકર ભગવાનના પવિત્ર સૂત્રોમાં અહિંસા-સત્ય-બ્રહ્મચર્ય-જેવા અદ્વિતિય ગુણો પર વિસ્તારથી વિવેચન કરાયેલ છે અને એના પ્રચાર પાછળ ત્યાગમય જીવન યુક્ત શ્રમણ સંસ્થા મોજુદ છે ત્યાં પાશ્ચિમાત્ય વિચાર સરણી કામ આવી શકવાની નથીજ. એમાં પૂર્વકાલિન આર્ય સંસ્કૃતિના પ્રેમ જનિત ઉપચારોજ કારગત નિવડવાના. વસ્તુને વસ્તુ સ્વરૂપે ઓળખ્યા સિવાય ચાલવાનુ નહીંજ. એમાં ભાડુતી વિચાર સરણી કામ નહીંજ આવવાની.

જૈન સમાજનો અતિ મોટો ભાગ શ્રદ્ધા સંપન્ન છે. એને મન માત્ર શ્રી મહાવીરના વચનોજ નહિ પણ એ પછી થયેલા પ્રતિભા સંપન્ન અને પ્રખર વિદ્વાન્ એવા શ્રી ઉમાસ્વાતિ મહારાજ, શ્રી સિદ્ધસેન દિવાકરજી, શ્રી હરિભદ્રસૂરિ, શ્રી અભયદેવસૂરિ, શ્રી કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ, અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ મુનિમહારાજોના શબ્દો પણ પ્રભુવચનો સમ સંપૂર્ણ વિશ્વાસનીય છે. એટલે એથી જુદી રીતે-પાશ્ચિમાત્યોનુ આંધળુ અનુકરણ કરી દેવ દ્રવ્ય માટે નવિન માર્ગ ચીંધનાર કદિ પણ એ વર્ગમાં સફળતા મેળવી શકવાનો નથી. એવીજ રીતે જે દર્શનમાં શીયલ-રક્ષણ પર વજન મૂકાઇ ભારોભાર એના વખાણ કરાયાં છે ત્યાં વિધવાના લગ્ન માટે સમંતિ શોધવા જવું એ ધુમાડાના બાચકા ભરવા જેવું છે. જે ધર્મમાં ત્યાગ મુખ્ય ભાગ ભજવે છે. ઐહિક સુખ કરતાં આત્મ શ્રેય વધુ મહત્વ ધરાવે છે અને એ સંદેશ સતત્ ઉપાસક વૃંદમાં જાગ્રત રહે એ સારૂ પવિત્ર સાધુ સંસ્થાનુ આયોજન છે; તે ધર્મના અનુયાયીમાં એ સંસ્થા પ્રત્યે વંટોળ જગાવવાના પ્રયાસ કરવા કે કેવળ દેહના વિલાસોની વાતો કરવી એ રાખમાં ઘી ઢોળવા જેવું છે. ઉપર વર્ણવી એવી ખોટીજક જેમના મગજોમાં ભરાઇ બેઠી હોય તેમને જલ્દીથી એમાંથી છુટા થઇ, કોન્ફરન્સ જેવી સંસ્થાને પણ એના પડછાયે લઇ જવાનો મોહ છોડી દઇ, એને રચનાત્મક ચીલે લઇ જવાના પ્રયાસ આદરવા ઘટે. એ સંસ્થાદ્વારા સંખ્યાબંધ મંડનાત્મક કામો થયા છે અને થઇ શકે તેમ છે એ તરફ ધ્યાન દોરાય તો નાવ કાંઠેજ છે.

ક્યાં છે તમન્ના?

લેખક:-શ્રી કુલચંદ હરિચંદ દોશી, મહુવાકર.

શ્રીમંતો ઘણા ઘણા છે, દાનવીરો પણ દાનના ઝરણ વહેવડાવી રહ્યા છે, પંડિતોનો પાર નથી, વિચારકો વધી પડયા છે, લેખકોનો તૂટો નથી, વ્યાખ્યાતાઓ મળી આવે છે, કવિઓનો રાફડો ફાટયો છે, સાધુ-સાધ્વી સંસ્થાઓમાં સંખ્યાબંધ ત્યાગીઓ વિચરી રહ્યાં છે, યોજકો અને પ્રયોજકો પણ નીકળી આવે છે, સંઘના મોવડીઓ અને સંઘપતિઓ ગામેગામ બેઠા છે, પ્રમુખો ને મંત્રીઓ ઠેર ઠેર જોવાય છે, મંડળો ને સેવા સમાજો પણ કયાં ઓછાં નીકળ્યાં છે? પણ કયાં છે સમાજના ઘડવૈયાઓ? કયાં છે સમાજના કલ્યાણ માટે આજીવન કાર્ય કરનાર સેવકોની જમાત? કયાં છે સમાજના પુનર્નિર્માણ માટે રચનાત્મક કાર્યમાં દટાઇ જનાર નવ લોહિયાઓ? કયાં છે સમાજના નવ સર્જકો? કયાં છે સમાજના પ્રાણને નવ પલ્લવિત કરનાર યુવક હૃદયો? કયાં છે સમાજ નૈયાને ડૂબતી પાર લગાવવાવાલા સૈનિકો? કૂંકથી પાર ઉતરે ખરા? માત્ર વાણી વિલાસથી કાર્ય સરે? માત્ર ક્રાંતિની બૂમ મારવાથી ક્રાંતિ આવે? ચીનગારી રટવાથી આગ લાગે? યોજનાઓ ઘડવાથી ને ઠરાવો કરવાથી નવસર્જન થઇ શકે? અજ્ઞાનતા ને રૂઢીચૂસ્તતાની બાંગ પોકારવાથી સુધારા થયા છે? માત્ર લેખો લખી નાંખવાથી કાયાપલટ આવે છે? સમાજની પાછળ રચનાત્મક કાર્યમાં દટાઈ જનારા નીકળી પડે, કામ, કામ ને કામમાં મગ્ન થઈ જાય, અંગેઅંગને પહોંચી વળે તો આવતી કાલે સમાજની નસ નસમાં પ્રાણ પૂરાય, સમાજ નવજીવન પામે. કયાં છે એ તમના?

* श्री जैन समाज को शुभ संदेश. *

भारतवर्षिय अखिल जैन श्वेताम्बर समाज की माननीय प्रतिष्टित एवं धार्मिक सामाजिक उन्नति करनेवाली भारत वर्षके अंदर यदि कोइ संस्था है तो केवल जैन श्वेताम्बर कोन्फरन्स।

अनेक तीर्थों व भगवन्मंदरोसे अलंकृत एवं ओसवाल पोरवाड़ बगैरह बंधुओं का उत्पति स्थान **मरुधर** (मारवाड) देशमें जन्म लेकर मरुधर–गुजरात, काठीयावाड, बंगाल, दक्षिण आदि देशों का पर्याटन कर कोन्फरन्स देवी खूब फली फूली और अपने दिव्य चमत्कारों से जैन समाजको चमत्कृत की परंतु कम भाग्य से किसी बद नजर की नजर लगजानेसे जैन समाज में गच्छ के नामसे समुदाय के नाम से, देवद्रव्य के नाम से, दोक्षा और तिथि के प्रकरण से या अन्य अन्य कारणो से द्वेषानल बढने लगा–कुसंप रुपी ज्वालायें जाज्वाल्यमान होने लगी–इसका सेक आदरणीय श्री कोन्फरन्स दैवी को भी लगा। जिससे सुस्त होकर सुप्तप्रायः दशा को प्राप्त हुइ और निद्रा के घूहटि लेने लगी।

इसके विचक्षण महान् कार्यकर्ता व उपासक लोग इस को जगानेके लिए भरसक प्रयत्न किये और अब कर रहे हैं परंतु सफलता दिखाइ नहीं देती, मेरी रायमे तो कार्य कर्त्ताओंको चाहिये कि प्रथम कोन्फरन्स (महा सभा) मैया के भक्तों का मजबूत संगठन कर लेवें और इस संगठन रुपी मनबूत अखंड हथीयार को अपने हाथ में लेकर मिरचों की धूनी देनी चाहिये जिस से बद नजर की नजर उतर जाय-दूर हो जाय और कोन्फरन्स मैया फिर पूर्ववत चमक उठे और अपने दिव्य तेज से सबको अंजित करे।

मेरी समजमें नहीं आता कि जिस धर्ममें–जिस समाजमें हमेशां या धार्मिक शुभ प्रसंगो पर यह उद्घोषणा की जाती है, यह शुभ भावना भाइ जाती है, यह उच्चारण किया जाता है कि "**श्री श्रमणसङ्घस्य शान्तिर्भवतु, श्री पौर जनस्य शान्तिर्भवतु, श्री जनपदानां शान्तिर्भवतु, श्री राजाधिपानां शान्तिर्भवतु, श्री राजसन्निवेशानां शान्तिर्भवतु, श्री गोष्टिकानां शान्तिर्भवतु, श्री पौरमुख्याणां शान्तिर्भवतु, श्री ब्रह्म लोकस्य शान्तिर्भवतु**" उस धर्ममें द्वेषानल क्यों? इतने लडाई झगडे क्यों, इतनी कुटिलता–उस समाजमें इतना इतना कुसंप क्यों?

जब हम सब श्रवण भगवान श्री महावीर देव के सच्चे उपासक है, उन्हीका प्ररुपित स्याद्वाद रुपी जैन धर्म के आराधक है. उनके वचनामृत का पान करनेवाले हैं तो फिर हमारे हृदयों में द्वेषानल कैसे भभूक उठता है? शान्त हो जाना चाहिये।

मेरा जैन समाज को यही शुभ संदेश है कि हम सब भगवान श्री महावीर देव के संतान हैं. सब भाइ भाइ है–तो हमारा सबका कर्तव्य है–फरज है कि भगवान श्री महावीर के नाम पर पुनित जैन धर्म के नाम पर स्याद्वाद धर्मका गौरव बढाने के लिए अपने हित के लिए द्वेषानल को शांत करके परस्पर के वैमनस्य को दूर कर के अनेकताको सात समुद्रों से पार भगा कर घर फूकनेवाली फूट देवीका शिर फोड कर एकता स्थापन कर लें–सब भाई भाई प्रेमकी मजबूत जंजीर में बद्ध होकर मजबूत दृढ संगठन कर लें और जैन धर्मका विजय डंका संसार भरमे बजावें।

हम देख रहे हैं कि पारसी–ईसाइ–मुसलमान, व्होरा सनातनी–आर्य समाजी वगैरह अपने धर्म के लिए अपने मन्तव्य भेद को अपने पास रख कर (भूलाकर) अपने धर्मका गौरव बढाते ह, धर्मोन्नति करते हैं, इसी तरह हमारा भी फरज है कि अपने अपने मन्तव्य भेद को भूलाकर (अपने पास रख कर) जैन धर्मका गौरव दिन दूना रात चौगुना बढावें और जैन धर्म पूर्ववत् खूब फूले फाले, सब जीव पुनित जैन धर्म की छत्र छाया में आकर आत्म कल्याण करें अपने मनोरथ पूर्ण करे।

यह कब बन सकता है जब सब श्री जैन कोन्फरन्स देवी के झंडे के नीचे आवेगें तब।

लेखक,
आचार्यवर्य श्रीमद्विजयवल्लभसूरिजी महाराजके शिष्यरत्न
स्वर्गीय उपाध्यायजी श्री सोहनविजयजो महाराज के शिष्य
पन्यास समुद्रविजयजी गणि.
हुशीआरपुर. (पंजाब.)

Life—Life was not given us to be all used up in the pursuit of what we must leave behind us when we die. —May.

"જીવન"—જીંદગી આપણને એટલા સારૂં નથી મલી કે જ્યારે આપણે મરી જઇએ ત્યારે આપણી પાછળ મૂકવાના સંગ્રહ માટેજ તેને આખીયે ખરચી નાંખીએ. તાત્પર્ય એ છે કે તેનો બીજો ઉપયોગ પણ છે.

અધિવેશન ભરવાનો માર્ગ.

લેખક :
શ્રી. બાલચંદ હીરાચંદ-માલેગામ.

કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ બોલાવવાનો નિર્ણય કરવાથી અનેક નવી ઘટનાઓ જૈન સમાજમાં અમલમાં આવે એવા સંભવો જણાવા માંડયા છે. અત્યાર સુધીની રીતી જે ચાલતી આવી છે તેમાં અત્યંત ક્રાંતિકારક ફેરફારો થવા દરેક સંભવ છે. આ વખતે દરેક વિચારક જૈન બંધુએ કોન્ફરન્સનું અધિવેશન ઓછા ખરચે કેવી રીતે ભરી શકાય અને કોન્ફરન્સનું કાર્ય યશસ્વી રીતે કેવી રીતે અમલમાં આવે તેમજ આપણા આંગણે કોન્ફરન્સ બોલાવવાની દરેક નાના કે મોટા ગામને કેવી રીતે પ્રેરણા મળે તે બાબત પોતાના વિચારો રજુ કરવાની આવશ્યકતા છે.

જૈન સમાજમાં આમ તો દરેક વરસે ધાર્મિક વિધાનો મોટા ખરચે અને પૂર ભપકાથી થયાજ કરે છે. અને તેમાં ધારેલ કરતાં બમણા ખરચો લોકો કરેજ જાય છે. તેના કારણોમાં ઉતરી તેના ઉપર ટીકા કરવાની આવશ્યકતા નથી. પણ પોતાનું ભાવી ઘડવા માટે પોતાના સંતાનો સુખી, પરાક્રમી અને સમાજ હિતૈષી તેમજ ધનવાન ને ધાર્મિક કેવી રીતે બને તે માટે કોઇ પણ વિચાર કરતું જણાતું નથી એ બેદનો વિષય છે. માટે આવા સમાજ સુધારણાના કાર્યો વધુને વધુ લોકપ્રિય શી રીતે બની શકે તે માટે ઉંડી વિચારણા કરવાની ખાસ આવશ્યકતા છે.

પ્રથમ તો કોન્ફરન્સ મેળવવા માટે લગ્નરોનું ખરચ માથે ઉઠાવવાની જરૂર પડે છે. અને તેથીજ દરેક ગામના લોકો આગળ મોટો પ્રશ્ન પૈસાનો આવી પડે છે. અને આગલી પ્રથામાં આપણે ફેરફાર કરી ઓછા ખરચે કોન્ફરન્સ ભરશું તો આપણું ઓછું દેખાશે એવી ખોટી ભાવના સમાજમાં પેસી ગએલી છે. જેવી રીતે લગ્ન કાર્યમાં સમાજના રીવાજ મુજબ અમુક ખરચ કરવુજ જોઇએ એવી ખોટી માન્યતાને લીધે સમાજના અત્યાર સુધી લાખો રૂપીઆ બરબાદ થઇ ગયા છે, તેવીજ ખોટી માન્યતા આ ખરચ માટે પણ થઇ બેઠેલી જણાય છે. જ્યારે કોન્ફરન્સ લગ્નાદિ પ્રસંગે ખરચો ઓછા કરવા માટે પ્રયત્નો ને ફરાવો કરે છે ત્યારે તેજ કોન્ફરન્સ અધિવેશન માટે ઓછા ખરચમાં અને સાદાઇથી કરવાની પ્રથા શરૂ થવીજ જોઇએ. અને તે માટે પહેલ કોન્ફરન્સ ઓફીસેજ જ્યાં કોન્ફરન્સ ભરવાનું નકી થાય ત્યાં હાજર રહી કરી બતાવવી જોઇએ.

કોન્ફરન્સ માટે પહેલા તો કંકોત્રીનો મોટો જથ્થો મોકલવામાં આવે છે અને તેમાં કાર્યકર્તાઓનો ઘણો વખત અને શક્તિ ખરચ કરવી પડે છે. અને પોસ્ટેજ મોટા પ્રમાણમાં ખરચવું પડે છે. તે પ્રથા બંધજ થવી જોઇએ. સેંકડો ગામોમાં જ્યાં આ કંકોત્રીઓ જાય છે ત્યાં તે કચરાપટીને સ્વાધીન કરી દેવામાં આવે છે. અથવા બીજી ઉજમણા કે ઉપધાનની કંકોત્રીની પેઠે દહેરાસરમાં કે ઉપાશ્રયમાં ચોટાડવામાં આવે છે. અને તેથીજ તેની થોડાજ લોકો ખબર કહાડતા હશે. જેને લાગણી છે તે તો ગમે ત્યાંથી ખબર મેળવી લે છે. અને પોતાને ઇષ્ટ માર્ગે તે કાર્ય કરવા મંડી પડે છે. તેથી આ ખરચ ફોગટ કરવા જેવું થાય છે હાલમાં ઘણો ખરો કેળવાયેલ વર્ગ છાપાઓ વાંચે છે અને ગમે તે સાધનો વડે તે કોન્ફરન્સનું અધિવેશન કે કાર્ય જાણી લે છે. માટે ફક્ત જાહેર છાપાઓમાં આંદોલનો, લેખો પ્રગટ કરી અધિવેશનની જાહેરાત આપવી યોગ્ય થશે. પ્રારંભમાં જૈન છાપાઓ નહોંજ હતા. અગર ઓછાજ હતા. તેથી કંકોત્રીની આવશ્યકતા હશે પણ હાલની પરિસ્થિતિમાં તેની બીલકુલ આવશ્યકતા અમો જોતા નથી. માટેજ છાપાઓ દ્વારા જાહેર આમંત્રણો પ્રગટ કરી કુંક ખરચે આખા હીંદના સંઘને ખબર પહોંચાડી શકાય તેવી પ્રથા તત્કાલ શરૂ કરવી જોઇએ. કંકોત્રીની પ્રથા બંધ થાય તો મોટું ખરચ અને શક્તિ બચી જાય.

ત્યાર બાદ ભોજન વ્યવસ્થામાં એક મોટી શક્તિ અટકી પડે છે અને મુખ્ય કાર્ય પાછળ દુર્લક્ષ કરી લોકોની વ્યવસ્થા રાખવા એક મોટી વગદાર અને શક્તિશાલી કમિટી અટકી પડે છે તેનો વિચાર કરવાની આવશ્યકતા છે. કોન્ફરન્સમાં આવનાર પ્રતિનિધિઓ પાસેથી ભોજનનું ખરચ લેવાનો રીવાજ તો પ્રચલિત કરવામાં આવેલોજ છે. પણ ઘણાએક કોન્ફરન્સ ભરનાર શહેરોએ તે રિવાજ તોડી ભોજનનું ખરચ ઉપાડી લીધેલું છે. અને નવકારશી કે સ્વામીવત્સલનું સ્વરૂપ તેને આપી પોતાની નામના જળવી રાખવાના પ્રયત્નો કરેલા છે. એ પ્રથાથી આટલા લોકોની આપણે શી રીતે વ્યવસ્થા રાખી શકીશું એ ફીકરમાં ઘણા ગામના લોકો કોન્ફરન્સને આમંત્રણ આપવામાં અચકાતા હોય એ બનવા જોગ છે. મોટા શહેરમાં એકેક દીવસ નવકારશીનું નામ ધારણ કરી જમાડનારા શ્રીમાનો મળી આવે તેવો સંભવ છે. પણ આમ ધાર્મિક સ્વરૂપ આપવા કરતા જો પોતાનાજ ખરચે જમણ કરવાનું હોય તો તે કોઇને પણ વધુ બોજા રૂપ નહીંજ નિવડે. અને આ ભોજનનું મહાન કાર્ય એકાદ ભોજનાલય ચલાવનાર કાબેલ સંસ્થાને સોંપવામાં આવે અને ટીકીટો લઇ જમાડે તેવી વ્યવસ્થા કરવાથી મોટી કડાકૂટ અને વ્યવસ્થાનો બોજો વહન કરવામાંથી બચી શકાય તેમ છે. ભોજનાલયમાં જમવાનો દર નક્કી કરવામાં આવે, રસોઇની જણસો મુકરર કરવામાં આવે અને ઠીક વ્યવસ્થા થાય છે કે કેમ તે ઉપર દેખરેખ રાખવામાં આવે તો આ કાર્ય પાછળ જે શક્તિ ખરચ થાય છે તે બધી બચી જાય. બીજી પણ ખાસ વસ્તુઓ ફરાવેલ ભાવથી મેળવી શકાય તેવો પણ બંદોબસ્ત કરી શકાય. એટલે ખરચની વહેંચણી ઠીક પ્રમાણમાં થઇ કડાકુટમાંથી બચી શકાય. એ મુદ્દા ઉપર ખાસ વિચાર કરવા જેવો છે.

ઉપલા એ મુખ્ય કાર્યનો એવી રીતે ઉકેલ થવા પછી કોન્ફરન્સ બોલાવનારાઓ ઉપર મુખ્યત્વે કરી અધિવેશન માટે જગ્યાની તજવીજ કરવાની રહી. અત્યારસુધી કોન્ફરન્સો માટે મોટા ભવ્ય વિશાળ અને લગ્નાદિ સમારંભો માટે થાય તેવા ભપકાબંધ મંડપો અને સુશોભન વિગેરે થતા આવેલા છે ને તેની પાછળ પણ ઘણું મોટું ખરચ આપણે

કરીએ છીએ. તેમાં મોટો ફેરફાર કરવાની જરૂર છે. મોટા શહેરમાં કોન્ફરન્સ ભરવી હોય તો એકાદ થીએટર કે ટાઉન હોલ અગર બીજું એવું વિશાળ મકાન પસંદ કરવામાં આવે ને ત્યાં વગર ખુરસી ટેબલોથી સાદી જાજમ ઉપર બેઠક ભરવામાં આવે તો ઘણી સુલભતાથી કાર્ય થઈ શકે અને થોડી જગ્યામાં વધુ લોકોનો સમાવેશ થઇ શકશે અને અનેક જાતની કડાકુટ અને ખરચથી બચી શકાશે. ગામડામાં જો કોન્ફરન્સ ભરાય તો ખુલ્લા મેદાનમાં સાંજથી અધિવેશન શરૂ થાય ને બાર એક વાગ્યા સુધી કામ ચાલે તો પણ સુખેથી કાર્ય થઇ શકે. કારણ આપણે રાતમાં જમવાની જરૂર નહિં હોવાથી સુખેથી કાર્ય થઇ શકે. આ પદ્ધતિ તીર્થ-ભૂમિ માટે વધુ અનુકૂળ થઇ પડે તેમ છે. જરૂર જણાય તો એકાદ સાદો મંડપ બાંધવામાં આવે તો પણ ચલે તેમ છે. અનેક જાતની કડાકુટમાંથી બચી શકાય તેમ છે. શોભા કે ભપકો એ આપણો મુદ્દો નથી પણ સમાજનું કલ્યાણ શી રીતે થઇ શકે તે માટે વિચારક વર્ગે પુખ્ત વિચાર કરી નિર્ણય કરવાનો હોય છે ત્યારે આવા શોભનના પ્રકારો વગર ચલાવી લઈ શકાય એમાં જરાપણ શંકા નથી.

ઉપલી બાબતો કરતાં અતિ કષ્ટસાધ્ય અને કાર્યકર્તાઓને ઘડી ઘડી મુંઝવણની વાત પ્રમુખની ચુંટણીની છે. અત્યારસુધી પ્રમુખની ચુંટણીમાં મુખ્ય લક્ષ્યબિંદુ શ્રીમંત તરફ જ રાખવામાં આવેલ છે, અને તેથી અત્યારસુધીના પ્રમુખો ફક્ત ત્રણ દિવસના શોભાના દેવ જેવા નિવડેલા છે. એમાં એકાદ અપવાદ હોય તેની ના નહિ; પણ પ્રમુખ ચુંટાયા પછી બીજા અધિવેશન સુધી અધિકાર ચલાવનાર અને કરાએલ ઠરાવોનો સમાજમાં પ્રચાર કરે એવા એક પણ પ્રમુખ ચુંટાયા નથી એ ખેદનો વિષય છે. તે માટે તો પ્રમુખની ચુંટણીની પદ્ધતિ તદ્દન બદલીજ નાખવી જોઇએ. પ્રમુખ એવો હોય કે જે કેળવાયેલ હોવા ઉપરાંત કાર્યકર્તા હોય. અને વરસો સુધી પ્રવાસ કરી વ્યાખ્યાનો આપી જાગૃતિ કાયમ રાખે તેમજ કોન્ફરન્સ સંબંધી જે ગેરસમજુતી કેટલાએક લોકોએ ફેલાવી મુકેલી છે તે દૂર કરી કોન્ફરન્સ વધુને વધુ લોકપ્રિય થાય તેવા ભ્રમણો કરનાર પ્રમુખ ચુંટાવા જોઇએ. શ્રીમંત નહી તેવા પ્રમુખ ચુંટાવાથી કેટલાક ઈર્ષાળુ લોકોને ઠીક નહીં લાગે તે માટે દરકાર કરવાની જરૂર નથી. કોઈ પણ પ્રમુખ પોતાના કાર્યથી માન્યતા પામશે. અને બીજાને પણ તે પદ શોભાવવાની ઇચ્છા થશે. હાલમાં પ્રમુખ થવા માટે પોતાનો વારો આવશે એમ ધનવાન નહીં એવા ગૃહસ્થો ભાગ્યેજ ધારી શકે. અને કાર્ય કરવાની ઇચ્છા અને લાયકાત છતાં કોઈ તેવી કલ્પના પણ મનમાં લાવી ન શકે. તે પ્રથા ઠીક ન કહેવાય. વિચારક અને કાર્યકર ગૃહસ્થ માટેજ પસંદગી આપવી જોઇએ. અને આવા કાર્યકર પ્રમુખને મદદ આપવા માટે પ્રધાન મંડળ જેવી એક કમિટીની મદદ મેળવી આપવી જોઇએ. જેથી પ્રમુખ વધુ કાર્યક્ષમ થઇ શકે. પ્રમુખના સરધસ જેવા ત્રિવાજો ઉપર મોટો કાપ મુકવો જોઇએ. અલબત પ્રમુખનું યોગ્ય માન જળવાય તેની જરૂર છે. પણ દેખાઉ શોભા પાછળ શક્તિ ખરચ ન થાય તેની સાવચેતી રાખવી જોઇએ. પ્રમુખની ચુટણી પાછળ થતું ખરચ, વખતની બરબાદી અને કાર્યની અનિશ્ચિતતા એ બધું મટી જાય એવી તજવીજ કરવી જોઇએ.

છેવટ કોન્ફરન્સમાં ઠરાવો થાય છે તેનું પ્રમાણ બદલવાની પણ જરૂર ઘણી છે. આપણે ભલામણો રૂપે ઘણા ઠરાવો ભલે કરીએ પણ આવતા વર્ષનો પ્રોગ્રામ નક્કી કરી તેનો અમલ અને પ્રચાર પ્રત્યક્ષ થાય તે માટે યથાયોગ્ય પ્રયત્ન કરવો જોઇએ અને પ્રોગ્રામ પુરો કરી બીજા અધિવેશનમાં બીજો પ્રોગ્રામ ઘડવાની તૈયારી કરવી જોઇએ.

મારા વિચારો યથામતિ સમાજ આગળ મુકેલા છે. તે ઉપર વિદ્વાન અને સમાજહિતચિંતકો વધુ પ્રકાશ પાડે એવી આકાંક્ષા છે.

પંચવર્ષિય કાર્યક્રમ એજ નિશ્ચયાત્મક માર્ગ.

(લે. **શ્રી. સારાભાઇ દલાલ–અમદાવાદ**)

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની ઑલ ઇન્ડીઆ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મુંબઇ મુકામે ચાલુ માસની આખરે મળવાની છે. અંદર અંદરના વિખવાદોને લીધે જૈન કોમની જેટલા પ્રમાણમાં અને જેટલી દીશામાં પ્રગતિ થવી જોઇએ તેટલી થઇ નથી. દોષારોપણ કરવાનો આ સમય નથી. પરંતુ જૈન કોમનું સુકાન જેઓના હસ્તક હોવાનું મનાય છે તેઓ આવી પરિસ્થિતિ માટે જરૂર જવાબદાર ગણાય. જૈન કોમ માટે સમૂહ વિચારણાની અતિ આવશ્યકતા છે. કોન્ફરન્સના અધિવેશનો નિયમિત ભરાતાં નથી. જૈન કોમ સમક્ષ અનેક અણ ઉકેલ પ્રશ્નો પડેલા છે. કોમની આર્થિક, સામાજિક રાજકીય અને કેળવણીને લગતી પરિસ્થિતિ ગંભીર વિચારણા અને વર્તન માંગે છે. તે પ્રત્યે ઉદાસીનતા સેવવામાં કોમની કંગાલીઅત વધતી જાય છે, કોમની અસ્મિતા જેવું કાંઇ રહેતું નથી અને કોમનું એક સંપીલાપણું સચવાતું નથી. પરિણામે કોમની દૃષ્ટિએ બીજી કોમોના પ્રમાણમાં આપણી ગણના થતી નથી. જેમ રાષ્ટ્રીય પુનર્રચના કે આર્થિક નવસર્જન માટે અમુક વર્ષો માટેની Planned programme કે Planned Economy ની યોજના ઘડવામાં આવે છે. તેવીજ રીતે પાંચ વર્ષ માટેના Planned programme ની યોજના જૈન કોમ માટે પણ ઘડી કહાડવી જોઇએ. અને પાંચ વર્ષ સુધી એ યોજનાનુસાર કાર્યક્રમ પાર પાડવાના અથા પ્રયત્નો થવા જોઇએ. જ્યાં સુધી કાર્યયોજના અને કાર્ય દીશા નક્કી થાય નહીં ત્યાં સુધી સુવ્યવસ્થિત અને સંગીન કાર્ય સાધી શકાશે નહીં એવી રીતની યોજના પાછળ Concentration કરવું જોઇએ. જેથી કરીને જનતાથી રચનાત્મક કાર્યક્રમ પરત્વે સતત્ કાર્ય કરવાની કેટલી તૈયારી છે તેનું રહેજે માપ નીકળી શકશે. પછી ભવિષ્યના કાર્યક્રમ માટે કેવા પગલાં ભરવાં જોઇએ તેનો ચિતાર આવશે ભલે થોડું કામ થાય; ભલે મુંગુ કામ થાય; પરંતુ એવા કાર્યક્રમથી જે આપણે સાચા કોમ સેવકોનું જુથ ઉભું કરી શકીશું તોપણ કોમના ઉજ્વળ ભવિષ્ય માટે એ નાનો સુનો ફાળો ન કહેવાય અને તેવા જુથમાંથી Servants of India Society. ની માફક Servants of India Society જેવું મંડળ ઉભું કરી શકીશું જે કોમના અનેક પ્રશ્નોનો ઉંડો અભ્યાસ કરી જનતાને તેના ઉકેલમાં કિંમતી ફાળો આપશે. જનતાને જગાડવા સાચા નિઃસ્વાર્થી કાર્યકરોની જરૂર છે. સંગીન કાર્ય જરૂરી નાણું તાણી લાવે છે. જનતાએ અત્યાર સુધી સાથ આપેલો છે. જનતા જરૂર સાથ આપશે. હીંમત, દીર્ઘદૃષ્ટિ અને કાર્યદક્ષતા જોઇએ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

ઑલ ઇન્ડીયા સ્ટેન્ડિંગ કમિટીની બેઠકની સફળતા કયારે ?

લેખકઃ—મનસુખલાલ હી. લાલન.

લેખાંક ૨ જો.

ગયા અંકમાં કોન્ફરન્સની સ્થાયી સમિતિની સફળતા માટે મુખ્ય ભૂમિકા રૂપે થોડાક વિચારો રજુ કરાયા છે. આ વખતે તે સ્થાયી સમિતિની બેઠકમાં કયા વિષયોને ખાસ મહત્વ આપવું જોઇએ તે સંબંધે થોડાક વિચારો રજુ કરીશ.

કોન્ફરન્સના અધિવેશનને લાંબો સમય વીત્યા બાદ આજે અધિવેશનની જગ્યાએ સ્થાયી સમિતિ મળે છે, તે અધિવેશન જેટલી જ ઉપયોગી ગણાવી જોઇએ. આ સ્થાયી સમિતિની બેઠકમાં જે વિચારણાઓ થાય તે ઉપર કોન્ફરન્સના ભાવીનો મુખ્ય આધાર રહે તેવું છે. કોન્ફરન્સની આખીયે જવાબદારી મુખ્યત્વે કાર્યવાહી સમિતિ ઉપર અવલંબે છે, અને કાર્યવાહી સમિતિ જ કોન્ફરન્સનો આત્મા છે એમ કહીએ તો પણ ખોટું નથી. કાર્યવાહી સમિતિની બેઠકો અવારનવાર જરૂરી પ્રસંગોએ મળે છે; પરંતુ કોઇપણ નિશ્ચિત કાર્યક્રમની ગેરહાજરીમાં મીટીંગોમાં સ્ફૂર્તિની ખામી ખુલ્લી તરી આવે છે. એટલે આપણે આ ઉપરથી એટલું તો સ્પષ્ટ તારવી શકીએ છીએ કે કોન્ફરન્સની પ્રગતિ માટે નીચેના મુદ્દાઓ આવશ્યક વિચારણા માગે છે. (૧) નિશ્ચિત કાર્યક્રમ. (૨) ખામી વિનાની કાર્યવાહી સમિતિ. (૩) સમયાનુકૂળ બંધારણમાં ફેરફાર. (૪) નિયમીત અધિવેશન. આ ચાર મુદ્દાઓ કોન્ફરન્સની હયાતિની ચાર દિવાલો સમાન લેખાવા જોઇએ.

હવે પહેલા મુદ્દાની વિચારણા કરતાં આપણે જોઇ શકીએ છીએ કે બેકારીનો સવાલ અત્યારે જૈન કોમની મધ્યમ વર્ગની પ્રજાને ખાસ પીડી રહ્યો છે, આને માટે નિશ્ચિત કાર્યક્રમની યોજના મુખ્યત્વે ઘડાવી જોઇએ અને આવી યોજના ઘડવાનું કાર્યજ ઑલ ઇન્ડીયા સ્ટેન્ડિંગ કમિટિએ કરવાનું છે. કાર્યવાહી સમિતિનું કામ સ્થાયી સમિતિએ ઘડેલી યોજનાઓને અમલમાં મૂકવાનું હોય છે. એટલે પ્રથમ તો સ્થાયી સમિતિએ બે કે ચાર વર્ષનો કોઇ કાર્યક્રમ આ ક્ષેત્ર માટે નિશ્ચિત કરવો આવશ્યક છે.

નિશ્ચિત યોજના ઘડાયા પછી કાર્યવાહી સમિતિ કેટલા પ્રમાણમાં તે વ્યવહાર રૂપમાં મૂકી શકે તેમ છે, એના બળાબળનું માપ કહાડવું જોઇએ. કાર્યવાહી સમિતિએ એક દિલથી આવી યોજનાને અમલી બનાવવા પ્રયત્નો આદરવા જોઇએ. જો ઘડાયેલી યોજનાઓ અમલમાં ન મૂકાય તો તેની કાગળના ટુકડા જેટલી કિંમત જ ગણી શકાય. આને માટે કાર્યવાહી સમિતિની રચના જેટલી જવાબદાર હોય તેટલી ભાગ્યે જ બીજી હોઇ શકે. આજે આ રચના ખાસ કરી ખામી ભરેલી દેખાઇ આવે છે, અને તેથીજ ધારેલાં કાર્યો અમલમાં મૂકી શકાતાં નથી.

આપણા બંધારણ અનુસાર જૂદા જૂદા પ્રાન્તોના પ્રતિનિધિઓની બનેલી કાર્યવાહી સમિતિ હોવી જોઇએ, અને નિયમાનુસાર ગણતરી પણ એ મુજબજ કરવામાં આવે છે, પરંતુ આજે કાર્યવાહી સમિતિના સભ્યો તે તે પ્રાન્તોનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય એ શંકાસ્પદ છે, બલ્કે નથી ધરાવતાજ અને તેથી કરીને પોતાના પ્રાંતનો અવાજ જે તેમના તરફથી રજુ થવો જોઇએ તે કરી શકાતો નથી.

આ ઉપરાંત કાર્યવાહકોની અતિ અલ્પ સંખ્યાના યોગે અનેક સંસ્થાઓમાં કામ કરનારા કાર્યવાહકો આ સમિતિમાં પણ અગત્યનું સ્થાન ધરાવતા હોય છે. અને તેમાં કેટલીક વખત તો એક બીજાની વિસંવાદી સંસ્થાઓ અને ભિન્ન ભિન્ન વિચારો ધરાવતી સંસ્થાઓના કાર્યવાહકો કોન્ફરન્સના પ્લેટફોર્મ ઉપર એકત્ર થાય છે. આ વસ્તુસ્થિતિમાં કાર્યવાહી સમિતિના લગભગ વિભાગો પડી જાય છે, અને ભિન્ન ભિન્ન વિચારો ધરાવતાં યુથ પોતપોતાના વિચારો તરફ સંસ્થાને ઘસડવા પ્રયત્નો કરે છે, અને આથી કોન્ફરન્સની સ્થિતિ એટલી પાંગળી બને છે કે કોઇપણ મહત્વની યોજના તે અમલમાં મૂકી શકતી નથી. દરેક સંસ્થાના અમુક ધ્યેય અને અમુક સિદ્ધાંતો હોય છે જ. અને તેના કાર્યવાહકો તે સિદ્ધાંતનો કે ધ્યેયનો ભોગ આપી ન શકે એ વાસ્તવિક છે, તેવીજ રીતે કોન્ફરન્સ પણ એક વિશાળ ધોરણ ઉપર રચાયેલી સંસ્થા છે, એને એના ધ્યેય અને સિદ્ધાંતો પણ છે, અને એની કાર્યવાહી સમિતિમાં બેસનારાઓ સામે એ સંસ્થાની જ ઉન્નતિ મુખ્ય લક્ષ્યબિંદુ હોવું જોઇએ. કદાચ આમ કરતાં વિસંવાદી સિદ્ધાંતો ઉભા થાય અને ઘર્ષણનો સંભવ જણાય તો એ સંસ્થાના હિત ખાતર એના ધ્યેયને જ વળગી જેઓ કાર્ય કરવા તૈયાર હોય તેમનો માર્ગ મોકળો કરવો જોઇએ, તેઓને કાર્ય કરવા દેવા જોઇએ. જેઓ એમ માનતા હોય કે કોન્ફરન્સ અમૂક કાર્ય કરે તો સિદ્ધાંતનો ભંગ થાય છે, તેઓ જરૂર સામનો કરી શકે, પરંતુ લાગવગના જોરે સંસ્થાને પોતાના સિધ્ધાંતો તરફ વાળવા ઘસડવી એ સંસ્થાને પાંગળી બલ્કે નિર્જીવ બનાવવા જેવી વસ્તુ છે. આ રીતે કાર્યવાહી સમિતિ એકજ ભાવનાવાલી બને તો ઘણા કાર્ય અને ખાસ કરી ધારેલી યોજનાઓ સફળ થઇ શકે.

હવે આપણે ત્રીજા પ્રશ્નની વિચારણા કરીએઃ—કાર્યવાહી સમિતિની ચુંટણી બંધારણ અનુસાર થાય છે, અને મજબુત કાર્યવાહી સમિતિ બનાવવા માટે સમયાનુકૂળ ફેરફારો બંધારણમાં જરૂરી છે. કદાચ સ્થાયી સમિતિની સભામાં બંધારણીય ફેરફારો ન થઇ શકતા હોય તો તે એક બાજુએ હાલ તુરત મૂકવા, પરંતુ કઇ કલમોની ખામીઓ અડચણરૂપ છે, કઇ કલમો ફેરફાર માગે છે, એ ઉપર ચર્ચા તો થવી જ જોઇએ અને બંધારણના ફેરફારો માટે એક પેટા સમિતિ નિયત કરવી જોઇએ, જે સમિતિ આવતા અધિવેશન સુધીમાં તે તૈયાર કરી રાખે.

ચોથો મુદ્દો નિયમિત અધિવેશનઃ આ મુદ્દા ઉપર ઘણું ઘણું લખાઇ ગયું છે, બોલાઇ ગયું છે, ચર્ચાઇ ગયું છે, અને તે સર્વને સ્વીકાર્ય પ્રશ્ન છે. આ પ્રશ્નનો નિર્ણય પણ આ સ્થાયી સમિતિની બેઠકમાં કરીજ લેવો જોઇએ. જે વિષમ પરિસ્થિતિમાંથી કોન્ફરન્સ પસાર થાય છે, એથી વધુ વિષમ સ્થિતિ બનવા ન દેવી હોય તો આ મુખ્ય પ્રશ્ન મુખ્યત્વે હાથ ધરાવો જોઇએ, અને એના માર્ગમાં આવતા બધાયે અવરોધો દૂર કરવા જોઇએ.

આટલી વિચારણાઓ આ સમિતિની બેઠકમાં થાય તોજ કંઇક માર્ગ નીકળે અને ત્યારેજ આપણે બોલાવેલી સ્થાયી સમિતિના મૂલ્ય આંકી શકાય.

श्री सम्मेत शिखरजीकी

मेरी यात्रा

और उस संबंधि कतिपय विचार.

(लेखकः--सुंदरलालजी जैन.)

(गतांकसे संपूर्ण.)

वहांसे ३ माईल पैदल का रास्ता तय करके क्षत्रियकुंड की तलैटी हैं। यहां दो मन्दिर है भगवान वीर की दीक्षा स्थान है। बडा सुरम्य स्थान है। यहां से पहाड की चढाई शुरू होती है। ३-४ माइल पहाड तय करके उतराईमें क्षत्रियकुंड का मन्दिर है यहां वीर प्रभु की जन्म भूमि कही जाती है। परंतु यहां कोई भी वस्ती का चिन्ह नहीं। यह तो केवल स्थापना तीर्थ ही नजर आते हैं। मन्दिर की व्यवस्था बिलकुल ठीक नहीं। पुजारी जो है उसे पूजा कराने का भी ज्ञान मालूम नहीं। कर्मचारी लोग करें भी क्या। लछवाड, दीक्षा स्थान के मन्दिर तथा क्षत्रियकुंड के सब कर्मचारी एक स्वर से चिल्ला रहे थे कि साहेब साल भरसे हम लोगों को पगार नहीं मिला। बोलो हम कहां से खावें। बात दर असल ठीक है जिन बिचारे कर्मचारीयों को साल साल भर की पगार नहीं मिली वह क्या काम करेंगे। ऐसी अंधेर दशा नहीं होनी चाहिये। साधन तो उनलोगों का पगार ही है ओर यह भी न मिले तो वह केसे पालन करे। व्यवस्थापको को विचार कर ओर दया दृष्टि कर उनलोगों को पगार दे देनी चाहिये ताकि मंदिरोकी व्यवस्था ठीक हो। क्षत्रियकुंड से सेवा पूजा कर हम लोग वापिस लछुवाड आ गये ओर वहीं से मोटर लारी लेकर काकंदी होते हुवे जमुई स्टेशन से चढ कर गिरीडीह पहुच गये। काकंदी तीर्थ के कर्मचारी भी पगार के लिये कह रहे थे उन विचारों की पगार भी कई महीने से नहीं मिली। गिरीडीं से सीधे मोटर कर के हम वराकड दर्शन करते हुये मधुवन सुबह ८-९ बजे पहुंच गये। वहां सेवा पूजा कि। प्रभु भक्ति आनंदपूर्वक की। सब स्थानों पर प्रायः नई छतगीयां बन गइ है बाकी बन रही हैं। पहाड बडा हरियाली का है। जल मन्दिर में पुजारी लोगों की व्यवस्था ठीक नहीं। साम को वापिस नीचे उतरे। कोठी की ही मोटर में वापिस गिरीडीह पहुंचे। हालांकि हमने मोटर के लिये पहले मुनीम साहिब को कह दिया थी लेकिन फिर भी कोइ प्रबंध नहीं। लाचारी कोठी की मोटर में गये। जिसमें हमें पैसे भी ज्यादा देने पडे। मधुवन में कइ प्रकार की बातें भिन्न भिन्न व्यक्तियों से सुनने में आइ। उनसबकी सुनकर मेरी तो व्यवस्थापकों से विनम्र निवेदन है कि वह धनी मानी समाज के अगुआ होते हुवे ओर इतने वर्षों में तीर्थराज की सेवा करते आए हैं। वह स्वयं ही तीर्थ का कल हिसाब पबलिक में पुस्तक रुप से ही प्रकट कर दें ताकि जो लोग आक्षेप करते हैं उन्हें स्वयं ही शर्तिन्दा होना पडे। जब आप के हृदयमें सच्चाइ है तो फिर दोष ही क्या। ओर तीर्थराज के कर्मचारीयों के उपर पूरी टपका रहेब अगर आप स्वयं ही रक्षक होते हुवे विचार नहीं करेंगे तो कौन करेगा। वहां के कर्मचारीओं के चारित्र के विषय में भी कुछ आक्षेप सुने जिसके लिये शायद कोइ नें भी कोइ केस चल रहा है। अस्तु कहने का तात्पर्य यही है कि व्यवस्थापकों विचार करके सब त्रुटियों का ठीक कर देना चाहिये। ताकि ऐसे पवित्र स्थान पर जा कर यात्रियों को अपनी आत्मा के कल्याण का साधन मिल शके। गिरीडीह से सीधा कलकत्ता पहुंचे ओर बा. फुलचंद मुकीम की धर्मशाला में ठहरे। जगह के लिये बडी कठीनाइ हुइ। अपनी धर्मशाला होते हुवे भी अपनो को स्थान के लिये इतना कष्ट उठाना पडे। ओर अन्यमति सब भरे हें। व्यवस्थापकों को इसका योग्य प्रबंध करना चाहिये। कलकत्ते में ३-४ रोज ठहर कर श्री मंदिरजी के दर्शन आदि कर सीधे भागलपुर होकर चंपापुरी दर्शन करके वापिस पटना होते हुवे लाहोर पहुंच गये। यात्री बडे आनंद से पूरे १ महीने में निर्विघ्नतया समाप्त हुइ। यात्रा जानेका उद्देश केवल यही होता है कि अपनी आत्मा को ऐसे पवित्र स्थानों पर रहकर पवित्र किया जावे। इस लिये तीर्थों के व्यवस्थापकों को चाहिये किसभी तीर्थों के वातावर्ण को शुद्ध बनायें तभी यात्रा सफल हो सकती है। मेरी तुच्छ बुद्धिमें जब तक जैन समाज इन सब तीर्थों का प्रबंध एक सेन्ट्रल बोडो के हाथमें नहीं करेगा तबतक इतकी व्यवस्था नहीं सुधर सकती जैन समाज को तीर्थों के मामलेमें पंजाब के सिखोंने जिस प्रकार अपने जुरदारों का प्रबंध किया है ठीक उसी प्रकार व्यवस्था करनी चाहिये।

કૉન્ફરન્સ—શિથિલતા નિવારણ.

શ્રી. નાગકુમાર મકાતી-વડોદરા.

આજે કૉન્ફરન્સને મજબૂત અને પ્રગતિશીલ બનાવવા ઉહાપોહ ચાલી રહ્યો છે તે ટાંકણે તેની શિથિલતા નિવારવાને લગતા મારા વિચારો નમ્રભાવે રજુ કરવાની તક લઉં છું. કૉન્ફરન્સમાં આવેલા દૌર્બલ્યનાં મુખ્ય કારણો મને નીચે પ્રમાણે જણાય છે.

(૧) વિશિષ્ટ કાર્યક્રમનો અભાવ. (૨) પ્રમુખની પસંદગી. (૩) કાર્યકર્તાઓની ઉણપ. (૪) સમાજ સંપર્કનો અભાવ. (૫) સ્થાનિક સમિતિઓની નિષ્ક્રિયતા. (૬) અધિવેશનમાં થતા ઠરાવોનું સ્વરૂપ. (૭) સંસ્થાનું નામ.

ઉપરનાં કારણોની સંક્ષિપ્તમાં સમીક્ષા કરીએ.

(૧) વિશિષ્ટ કાર્યક્રમનો અભાવ:—કૉન્ફરન્સની શિથિલતાનું સૌથી અગત્યનું કારણ તેની પાસે ચોક્કસ, સંગીન અને નક્કર કાર્યક્રમનો અભાવ છે એમ મને લાગે છે. સમાજનો આમ વર્ગ રસ લઇ શકે અને જૈનોના વિશાળ સમૂહના હિતોને સ્પર્શે એવો કાર્યક્રમ જ્યાં સુધી હાથ ઉપર લેવામાં ન આવે ત્યાં સુધી આખો સમાજ સંસ્થામાં રસ લેતો થાય નહિ અને સંસ્થા મૃતપ્રાયઃ બને એ તદ્દન સ્વાભાવિક છે.

કાર્યક્રમની પસંદગી એ પણ એક વિરાટ અને વિકટ પ્રશ્ન છે. જૈન અને જૈનેતર સમાજના કેટલાય પ્રશ્નો સમાન અને સર્વસામાન્ય છે. દાખલા તરીકે રાષ્ટ્રિય પ્રશ્નો બન્નેના એક અને અભિન્ન છે. આવા પ્રશ્નો માટે કૉન્ફરન્સને ખાસ વિચારણા કરવાની રહેતી નથી. સિવાય કે શુદ્ધ રાષ્ટ્રિય સંસ્થાઓએ નક્કી કરેલા આદર્શો, ભાવનાઓ અને કાર્યક્રમોને જૈન સમાજમાં પ્રચલિત અને લોકપ્રિય કરવા તે પોતાનાથી બનતા પ્રયાસો કરે. પરંતુ જૈન સમાજના સામાજિક, આર્થિક, ધાર્મિક તીર્થ વિષયક અને તાત્વિક કેળવણી વિષયક પ્રશ્નો-ઇતર સમાજથી કેટલેક અંશે ભિન્ન અને નિરાળા છે તેનો ઉકેલ જૈન સમાજ પોતાની રીતે પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ પ્રમાણે કરી શકે. પરંતુ આવા પ્રશ્નોનું ચોક્કસ સ્વરૂપ નક્કી કરી તેને અનુલક્ષી સ્પષ્ટ કાર્યક્રમ ઘડવામાં આવે તોજ સંસ્થા વિકાસ સાધી શકે. આજે કૉન્ફરન્સ પાસે ખાસ સંદેશ નથી. કૉન્ફરન્સ શું છે? શું કરી રહી છે? તે કયા આદર્શો માટે પડી છે? એવા સવાલો કરનારને સંતોષ આપી શકાય એવા જવાબો આપણી પાસે તૈયાર નથી. તેથી ભણેલા અને અભણ, ધનિક અને સામાન્ય, નોકરીયાત અને વેપારી, યુવાન અને વૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ એવા સર્વ પ્રકારના જૈનો રસ લઇ શકે તેવો વિસ્તૃત કાર્યક્રમ હાથ ઉપર લેવામાં ન આવે ત્યાં સુધી સંસ્થાનું દૌર્બલ્ય નાશ પામે એમ લાગતું નથી.

(૨) પ્રમુખની પસંદગી:—કાર્યક્રમ નક્કી કર્યા પછી સંસ્થા માટે મહત્વનો પ્રશ્ન તેના પ્રમુખને લગતો છે. સંસ્થાના વિકાસ માટે અને તેનો મોભો વધારવા માટે પ્રમુખ ઉપર મહત્વનો આધાર છે. બુદ્ધિ, સહૃદયતા, ઉત્સાહ અને સેવા ભાવની ધગશવાળી વ્યક્તિઓમાંથીજ પ્રમુખની પસંદગી થવી જોઇએ. પ્રમુખ પૈસા પાત્ર હોય ને સાથે વાંધો નથી પણ માત્ર એટલાજ ગુણ ઉપર પસંદગી ઉતરવી ન જોઇએ. લાયકાતનું માપ સમાજની સેવા કરવાની ધગશ ઉપરથી નીકળવું ઘટે. અધિવેશનના દિવસો પૂરતી ખુરશી શોભાવી સખાવતનો એક ટુકડો ફેંકી ઇતિ કર્તવ્યતા સમજનાર પ્રમુખથી હરગીજ સંસ્થાનું કાર્ય થઇ શકવાનું નથી. માત્ર પૈસાની લાયકાતવાળા પ્રમુખને પસંદ કરવાની પ્રણાલિકાનો ભંગ કર્યેજ છુટકો છે.

(૩) કાર્યકર્તાઓની ઉણપ:—કાર્યકર્તાઓની અછત એ પણ કૉન્ફરન્સની શિથિલતાનું મોટું કારણ છે. આપણી પાસે જે કાર્યકરો છે તે અતિ નાની સંખ્યામાં છે. જે છે તે પોતાના અંગત કાર્યભારથી વધુ પડતા દબાયેલા છે. સહૃદયી અને સેવાભાવી છતાં, સંસ્થાનું કામ જોઇએ તેવી સારી રીતે ન કરી શકવાના સંયોગોવાળા છે. પ્રમુખ અને કાર્યકરોમાં સમૂહને વિશ્વાસ હોવો જોઇએ. તેમની નેતાગીરીમાં શ્રદ્ધા હોવી જોઇએ તેમણે સ્થળે સ્થળે ફરીને પ્રચાર કરવો જોઇએ. કૉન્ફરન્સનો સંદેશ ઘેર ઘેર પહોંચાડવો જોઇએ. પ્રચારક રોકી પ્રચાર કરવાની પદ્ધતિ બરાબર નથી. પ્રચારક સારો હોવા છતાં સમાજ તેને પિછાનતો હોતો નથી. તેનામાં સમાજ શ્રદ્ધા મૂકી શકતો નથી. આ જાતના પ્રચારનું પરિણામ શૂન્યમાંજ આવે છે. જે આગેવાનોમાં સમાજને શ્રદ્ધા હોય, જેમના શબ્દોને સમાજ માનપૂર્વક સાંભળતો હોય તેમણે ઘરની બહાર નીકળવું જોઇએ. પંડિત જવાહરલાલ નેહરૂ કે સરદાર વલ્લભભાઇથી એક વખતની ફેરણીમાં જેટલો પ્રચાર થઇ શકે તેનાથી શતાંશ પણ સામાન્ય પ્રચારકથી ન થઈ શકે. તેવીજ રીતે કૉન્ફરન્સના અધિનાયકો અને મોવડીઓ જરા વધારે ભોગ આપી પ્રચારાર્થે નીકળવાનું ઉચિત ધારશે ત્યારેજ કૉન્ફરન્સ પ્રત્યે જરૂરી આદરભાવ પ્રકટશે. ત્યાં સુધી સંગીન પ્રગતિ થવી અસંભવિત છે. કાર્યકરોની અછત હોવાથી આપણે નવિન કાર્યકરો ઉત્પન્ન કરવાની પણ ઘણી જરૂર છે. નેતાઓની ફેરણીમાંથી આવા અનેક કાર્યકરો નીકળી આવવા સંભવ છે.

(૪) સમાજ સંપર્કનો અભાવ:—કૉન્ફરન્સની શિથિલતાનું એક બીજું કારણ સમાજ સાથે સતત સંપર્કમાં રહેવાની તેની શિથિલતા છે અધિવેશનના ત્રણ દિવસો પછી કૉન્ફરન્સ જેવી કોઈ ચીજ છે કે કેમ તે લોકો ભૂલી જાય છે. સમાજ સાથે સંપર્કમાં ન રહેતી સંસ્થા ચિરંજીવ બની શકતી નથી. સંપર્ક એ સંસ્થાનું પ્રજીવક તત્ત્વ છે. સંસ્થાની ચેતનવંતી નાડીના ધબકારા હમેશાં સમાજના કાન ઉપર અથડાયા કરવા જોઇએ. સંપર્ક સાધવાનું અને સંસ્થાનો સંદેશ પહોંચાડવાનું સાધન આજે વર્તમાન પત્ર છે. કૉન્ફરન્સને પોતાનું મુખપત્ર છે. પણ તે આજે સમાજમાં કેટલે ઘેર જાય છે? તેની નકલો કેટલી ખપે છે? તે કેટલું વંચાય છે? તેમાં વાંચવા જેવું કેટલું આવે છે? આ બધા ઉપર તેની ઉપયોગિતાનો આધાર છે. મુખપત્રનું લવાજમ માત્ર

આઠ આના જેટલું–તદ્દન નામનું રાખી તેને ઘેર ઘેર પહોંચાડવાની જરૂર છે. તેની વાંચક સંખ્યા હજારો જેટલી થવી જોઇએ. તોજ કોન્ફરન્સ સજીવ છે એમ જનતા જાણી શકે, જો મુખપત્રનો પૂરતો અને બહોળો ફેલાવો કરવામાં ન આવે તો તે ચાલુ રાખવામાં કાંઈ અર્થ નથી. મુખપત્ર કાઢવાના સંતોષ ખાતરજ તે નીકળવું ન જોઇએ. તે ખરેખર સમાજને ઉપયોગી થઈ પડવું જોઇએ. સમાજને કેળવવાનો અને સંસ્થામાં રસ ઉત્પન્ન કરવાનો એ એકજ માર્ગ છે. ખોટની પરવા કર્યા વિના મુખપત્રને વિશાળ પાયા ઉપર મૂકવાની યોજના થવી ઘટે છે. તેમાં આવતા સુધાણુ બાબત પણ ઘણા સુધારા વધારાને અવકાશ છે. કોઇ પણ સંસ્થાના પ્રચારનું મુખ્ય સાધન નબળું હોય તો કંઇ પણ કાર્ય થઇ શકતું નથી. ઉલટા શ્રમ અને અર્થ વ્યર્થ જાય છે. મુખપત્રના પુનર્વિધાનની યોજના સૌ પ્રશ્નોમાં મને અગત્યની જણાય છે.

(૫) સ્થાનિક સમિતિઓની નિષ્ક્રિયતા:—કોન્ફરન્સની લોકપ્રિયતાની ખામીનું આ પણ એક મોટું કારણ છે. સ્થાનિક સમિતિઓ દ્વારાજ કોઇ પણ સંસ્થાને કાર્ય કરવાનું હોય છે. આ સમિતિઓ જેટલી વધારે અને જેટલી મજબૂત તેટલી મધ્યસ્થ સંસ્થા પણ મજબૂત બને. આપણે ત્યાં સ્થાનિક સમિતિઓની સંખ્યા ઘણી જૂજ છે અને તેમાંની મોટા ભાગની તદ્દન નામની છે. આ સમિતિઓમાં પ્રાણ લાવવાની જરૂર છે. પરંતુ ચોક્કસ કાર્યક્રમના અભાવે તેમાં જીવ આવી શકે તેમ નથી. કયો કાર્યક્રમ લઇ સમિતિઓએ સમાજ પાસે જવું? કયા કાર્યક્રમને બહાને લોકોને ભેગા કરવા? કેળવણી પ્રચારની યોજનાથી આ સમિતિઓને કંઇક કામ મળ્યું છે અને તેથી લોકો કોન્ફરન્સ પ્રત્યે આકર્ષાઇ તેવાજ બીજા કાર્યક્રમો ઘડી સ્થાનિક સમિતિઓની નિષ્ક્રિયતા દૂર કરવામાં આવે અને નવિન સમિતિઓ સ્થળે સ્થળે સ્થાપવામાં આવે તો કોન્ફરન્સ જરૂર મજબુત બને.

(૬) આધિવેશમાં થતા ઠરાવોનું સ્વરૂપ:—મોટે ભાગે અધિવેશનમાં થતા ઠરાવો જે ગામે અધિવેશન ભરાયું હોય તે ગામની ભાગોળેજ રહે છે. પાછળથી કોઇ તેને સંભારતુંજ નથી. પ્રમુખ સાહેબ ત્રણ દિવસ ખુરશી શોભાવી વિદાય થાય છે અને અધિવેશનની બીજી બેઠક સુધી નિષ્ક્રિયતાનું સમ્રાજ્ય પ્રવર્તે છે આપણે દેશવિરતિઓએ જાણે ઠરાવોનો અમલ નહિ કરવાનું સર્વવિરતિપણું ગ્રહણ કર્યું હોય તેમ લાગે છે અને આપણા ઠરાવોનું સ્વરૂપ પણ કેવું હોય છે! મોટે ભાગે વિનંતિરૂપ અને ભલામણ રૂપ. જ્યારે આપણે કાંઇ પણ કામ ન કરવું હોય ત્યારે બહુજ ગંભીરતા અને ડહાપણ પૂર્વક સમિતિની નીમણુંક કરવી. આ પરિસ્થિતિ ટાળવી જોઇએ. અમલ ન કરવો હોય તેવા ઠરાવો જ કરવા નહિ, અને ઠરાવો કરવા તેનો પૂરેપૂરો અમલ કરવો. તેમ ન થાય તો શા માટે અધિવેશનો પાછળ હજારો રૂપીઆનું પાણી કરવું?

(૭) સંસ્થાનું નામ:—કોન્ફરન્સની શિથિલતાનાં કારણોમાં આ કારણ જરૂર કોઇને હાસ્યાસ્પદ લાગશે. પરંતુ હાસ્યાસ્પદ થવાની બીક રાખ્યા સિવાય જે વસ્તુ મને ઘણા વખતથી ખુંચ્યા કરે છે તે કહી દઉં તો ખોટું નથી. આજના જેવા રાષ્ટ્રિય યુગમાં 'કોન્ફરન્સ' જેવો પરદેશી શબ્દ કેમ વાપરવો ગમે છે? શું કોઇ દેશી શબ્દ જડતો નથી? શું દેશી શબ્દ તેના જેટલો આકર્ષક નથી?

કોન્ફરન્સના મોવડીઓ તો અડંગ રાષ્ટ્ર સેવકો છે, તેમને પણ આ શબ્દ ખટકતો નથી? અને વળી અધુરૂં હોય તેમ કોન્ફરન્સની આગળ કેટલાક અભિમાન પૂર્વક 'શ્રીમતી' વિશેષણ લગાડે છે. જાણે 'શ્રીમતી' કોન્ફરન્સ કહેવાથી તેનું ગૌરવ વધતું હોય! મને તો આ તદ્દન વિચિત્ર અને બેહુંદુ લાગે છે. કોન્ફરન્સ શબ્દનો મોહ ન છુટતો હોય તો શ્રીમતીને બદલે વિશેષણ તરીકે કોઇ વિદેશી શબ્દ શોધવો જોઇએ. 'મીસ' કે 'મીસીસ' જેવા શબ્દ વધારે ઉચિત લાગે બાકી 'શ્રીમતી કોન્ફરન્સ' એ તો રાજેશ્રી વીલીયમ્સ શ્રીયુત જોન્સ, ભાઇ હેન્રી, અખંડ સૌભાગ્યવતી ઇલીઝાબેથ, ગંગા સ્વરૂપ પમેરી અને બ્હેન માર્ગારેટ જેવું શોભે છે. અને કોન્ફરન્સને નારી જાતિ કયા વૈયાકરણીએ બનાવી? આ અજુગતું કજોડું હવે વર્જવામાં આવે તો સારૂં!

પરંતુ કોઇ પૂછશે કે નામ અને શિથિલતા વચ્ચે શો સંબંધ છે? તેમને કહેવાનું કે 'હ ગ મ ર ટ પ ર' અને તોતડી અને કાલી ભાષા માટે પંકાયેલા વાણીઆઓને 'કોન્ફરન્સ' જેવું લાંબુ લચક અને જોડાક્ષરી નામ કેમ કરીને બોલતાં ફાવે? જે વસ્તુ બોલતાં ન ફાવે તેના પ્રત્યે રૂચિ કેવી રીતે ઉત્પન્ન થાય? અને રૂચી ઉત્પન્ન ન થાય તેના પ્રત્યે આદર ભાવની તો વાતજ શી?

વર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ પાથરતાં કિરણો.

સૌનો સહકાર—આજે આખા જગતમાં નાના મોટાની વચમાં વૈમનસ્યની દિવાલ ઉભી થયેલી જોવાય છે. પરંતુ એ તો સાદી સમજની વાત છે કે બન્નેમાં જેટલો સહકાર વધારે રહેશે તેટલાંજ ધર્મ, સમાજ કે રાષ્ટ્રનાં કાર્યો વધારે સાધી શકાશે. જરૂર છે માત્ર બન્નેને સમજવાની. બન્નેનાં માનસો જુદાં જુદાં હોવા છતાં સમય ઉપર બન્નેની જરૂર પડે છે. એટલા માટે 'યુવક માનસને' હાથમાં રાખવા જે જે કરવું ઘટે, તે તે મ્હોટાઓએ કરવું જરૂરનું છે. મ્હોટાઓ પોતાના મ્હોટપણનો જો ખ્યાલ રાખે અને થોડુંક દિલ ઉદાર રાખે તો નાના પ્રાણ પાથરવા પણ કેટલાક તૈયાર થાય એવા હોય છે. આગેવાનોની આગેવાની સમુદાયથી શોભી શકે છે. 'મોરની શોભા પીંછાથી છે' એ કહેવતમાં રહસ્ય જરૂર છે.

પ્રવૃત્તિ—'પ્રવૃત્તિ' શબ્દ 'નિવૃત્તિ' નો બોધક છે અને 'નિવૃત્તિ' શબ્દ પ્રવૃત્તિનો દ્યોતક છે. હંમેશાં શબ્દો સાપેક્ષ હોય છે. જેમ સત્ય, અસત્ય, સજ્જન દુર્જન વગેરે. આ ઉપરથી સંસારમાં બે પ્રકારના માર્ગો સ્પષ્ટ જણાય છે. 'પ્રવૃત્તિ માર્ગ' અને 'નિવૃત્તિ માર્ગ' સંસારના વ્યવહારિક કાર્યો, પછી તે લોકોપકારનાં હોય કે સ્વાર્થનાં હોય એ બધાંયે પ્રવૃત્તિ માર્ગમાં ગણી શકાય છે. લોકવ્યવહારમાં ન પડતાં કોઇ અગમ્ય એક સ્થાનમાં રહી, કેવલ આત્મ ચિંતવન કે આધ્યાત્મીક વિચારોમાં મસ્ત રહેનાર માણસ નિવૃત્તિમાર્ગી કહેવાય છે. સાધુઓની માટે આ બેમાંથી કયો માર્ગ ઉચિત છે? એ એક વિચારણીય પ્રશ્ન છે. ઉપદેશ આપવો, વ્યાખ્યાનો કરવા, ધર્મ ચર્ચાઓ કરવી, ઉત્સવ મહોત્સવો કરાવવા, પુસ્તકો લખવાં, સંસ્થાઓ સ્થાપવી, દેશોદેશ વિચરવું, પ્રચાર કરવો આ બધાયે પ્રવૃત્તિ માર્ગના રસ્તાઓ છે.

(મુનિશ્રી વિદ્યાવિજયજીની સિંધ યાત્રામાંથી)

કૉન્ફરન્સ માટે મેં શું કર્યું?

લે.–વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ
બી. એ. એલ. એલ. બી.–સાદરા.

કૉન્ફરન્સે શું કર્યું એવો પ્રશ્ન જૈન સમાજમાંની કેટલીક વ્યક્તિઓને પુછતાં સાંભળીએ છીએ તેના બદલે જૈન સમાજમાંની પ્રત્યેક વ્યક્તિ કૉન્ફરન્સ માટે મેં શું કર્યું? એ પ્રશ્નની ગંભીરપણે વિચારણા કરતી થશે, ત્યારેજ આપણી જૈન કૉન્ફરન્સનું નાવ મઝદરીયે ખરાબે ચઢી જતું બચી કાંઠે આવતું દેખાશે.

જૈન સમાજની હરેક પ્રકારની પ્રગતિ માટે વધારે–ઓછી ધગશ ધરાવના વિચારશીલ તેમજ કાર્યસાધક જૈન બંધુઓને હવે એવું સમજાવવાની જરૂર રહી નથી કે સમાજોન્નતિ માટે અનેક દીશામાં પ્રયાસ કરતી જૈન કૉન્ફરન્સના કાર્યનો સરવાળો પ્રત્યેક જૈન વ્યક્તિ તન, મન અને ધનનો ભોગ આપી હરકોઇ પ્રગતિસાધક યોજનાને આગળ ધપાવે તોજ આગળ વધે તેમ છે. આપણે કોઈપણ પ્રકારનો ભોગ આપવાની પરવા ન કરતાં કૉન્ફરન્સે શું કર્યું એવીજ પૃચ્છા કર્યા કરીએ અને તેવી સ્થિતિ જૈન સમાજના મ્હોટા ભાગની વર્તતી હોય તો પછી કૉન્ફરન્સની એક પણ યોજના સંગીન પરીણામ નીપજાવી શકે નહિ.

કૉન્ફરન્સની જરૂરીયાત અને ઉપયોગીપણા માટે હવે આ જમાનામાં કોઈપણ વિચારક જૈન બંધુને જરા પણ અંદેશો રહેતો હોય તેમ સંભવતું નથી; પરંતુ તેની કાર્યવાહી માટેજ સમાજમાં પક્ષ–ભેદ પડી ગયાનું સમજાય છે અને તેથી પ્રત્યેક વ્યક્તિ ઉપરના પ્રશ્નનો વિચાર કરતી થઈ જાય અને તે સાથે પક્ષ–ભેદ કઇ રીતે દૂર થઇ શકે તે માટે યોગ્ય ઉપાય શોધી કાઢવામાં સફળતા પ્રાપ્ત કરે તો કૉન્ફરન્સના કાર્યને ઘણી રીતે પુષ્ટિ મળે તેમ છે.

સ્થાપિત હીત ધરાવતા સંઘના આગેવાન તેમજ સાધુ વર્ગનો મ્હોટો ભાગ કંઈક સ્વાર્થી નજરે કૉન્ફરન્સના કાર્યને આગળ વધારવાને બદલે–સમાજોન્નતિના કાર્યમાં પોતા તરફનો યોગ્ય ફાળો આપવાને બદલે, ઉલટા કૉન્ફરન્સની કાર્યવાહીને સીધી યા આડકતરી રીતે તોડી પાડવાના કાર્યમાં લાંકડા સંકાર્યે જાય તેવા પ્રસંગે ખરા હૃદયથી કામ કરતા કૉન્ફરન્સના આગેવાન કાર્યકર્તાઓની મુશ્કેલીમાં વધારો થાય છે.

અત્યારે કૉન્ફરન્સ સામેનો વિરોધ, કઇ રીતે–કેવા ઉપાયો લીધાથી નીર્વિર્ય થઈ શકે તેજ મુખ્ય પ્રશ્ન સૌ કોઈ વિચારશીલ આગેવાનોનું ધ્યાન રોકી રહેલ છે. માનભર્યા સમાધાન માટે તનતોડ પ્રયાસ થઈ રહેલ છે. આવા સમાધાનની સિદ્ધિ માટે બાંધ–છોડ યા તો છુટછાટના સિદ્ધાંતને ગમે તેટલો આગલ કરવામાં આવે તો પણ કોઇપણ પક્ષ પોતાના મૂળભૂત સિધ્ધાંતોને–કારગત સાધ્યબિંદુને બાજુ ઉપર મુકવા સુધીની હદે તૈયાર હોઈ શકે નહિ એ વાત કબુલ રાખીને પણ કહેવું જોઇએ કે કૉન્ફરન્સ સામે અંગત, સામાજિક અગર ધાર્મિક કારણે વિરોધ બતાવનારાઓએ સમજવું જોઇએ કે જૈન સમાજની આર્થિક, ઔદ્યોગીક, રાજકીય તેમજ ધાર્મિક પ્રગતિ માટે તેમના હૃદય પ્રદેશમાં જરાપણ ખેવના હોય તો તેમણે ચાલુ જમાનાની ખરી જરૂરીયાતો સંબંધમાં પુષ્ત વિચાર કરી, કાળના પ્રવાહની સામેપૂર તણાતા થવાને બદલે કાળના પ્રવાહની સાથે આગળ વધવા માટે તૈયાર રહેવું જોઇએ અને તેવી તૈયારી સંકુચિત વિચારદૃષ્ટિથી કોઇપણ રીતે થઇ શકે તેમ નથી; પરંતુ ઉદાર ભાવનાથી, વિશાળ દૃષ્ટિથી તેમજ તન, મન અને ધનનો થોડા યા વધારે અંશે ભોગ આપવાથીજ થઈ શકે તેમ છે. અને મારૂં તેજ સાચું એવા કદાગ્રહને છોડી સાચું તે મારૂં તે સિદ્ધાંતને અનુસરવાની જરૂર છે; એટલુંજ નહિ પણ પોતાના વિચારોથી વિરૂધ્ધ વિચાર ધરાવનારના ઉગ્ર વિચારોથી ઉશ્કેરાઇ જવાને બદલે મર્યાદીત ભાષા અને યુક્તિ પુરઃસરની દલીલથી તેવા વિચારોનો સામનો કરવા માટે તૈયાર થવું જોઇએ.

ચાલુ સૈકામાં બનતા બનાવોથી આપણે જોઈ શકયા કે સંઘના આગેવાનો તેમજ સાધુધર્મના અગ્રણીઓ, ધર્માદા પેઢીનો હીસાબ પ્રકટ કરવાની બાબતમાં તેમજ દીક્ષા પ્રકરણ જેવી બાબતમાં નિરંકુશ સ્થિતિ ચાલુ રહેવા દેવાનો આગ્રહ રાખવાથી કંઇ પણ તોડ કાઢી શકયા નહિ તેમજ યોગ્ય બંધારણ ઘડવામાં અને તેનો અમલ કરાવવામાં પાછા પડયા ત્યારે રાજ્યથી પસાર થયેલ કાયદાના બંધારણને તાબે થવાની તેમને ફરજ પડી અને કાયદાની ચુંગાલમાંથી છટકવા માટે બારી–બારણાં શોધવા નીકળવું પડયું. આ પ્રકારની પરિસ્થિતિમાંથી હજુ પણ કંઈ બોધપાઠ ન મલતો હોય અને પોતાના પૂર્વગ્રહ વિચારોને આગ્રહ પૂર્વક વળગી રહેવા તેઓ માગતા હોય તોપણ ઉપર જણાવી ગયા મુજબ સામાજીક ઉન્નતિ માટે તેમને કંઇ પણ ધગશ હોય તો બંને પક્ષ વચ્ચેનું સમાધાન તદ્દન અશકય કે અસંભવીત જણાતું નથી. કેળવણી, ઔદ્યોગીક પ્રગતિ, બેકારી નીવારણ, સંગઠ્ઠન–જેવા ઘણા ઘણા પ્રશ્નોના ઉકેલ બને પક્ષ સાથે મલીને ઘણી સહેલાઇથી કરી શકે તેમ છે અને તેવા પ્રશ્નો હાથ ધરવા પુરતું જ કૉન્ફરન્સનું કાર્યક્ષેત્ર મર્યાદીત રાખવામાં આવે તો પણ ઘણું કામ થઇ શકે તેમ છે. હાલની મુશ્કેલીમાંથી કોઇપણ રીતે રસ્તો કાઢવાની નજરે, તકરારી ગણાતા પ્રશ્નોની છણાવટ ઉદ્દામ વિચારકો અને યુવક સંઘના મંડળો માટે રહેવા દેવામાં આવે તો સમાધાન ઘણી રીતે શકય જણાય છે.

લાંબી મુદતથી કૉન્ફરન્સના અગ્રણીઓ સમાધાન માટે પ્રયાસ કરી રહેલ છે એમ આપણે સાંભળીએ છીએ; પરંતુ તેમના પ્રયાસની સફળતામાં કેવા પ્રકારની મુશ્કેલીઓ આવે છે તે બાબતમાં હજુ કંઈ પ્રકાશ પાડવામાં આવ્યો નથી, એટલે ઉપર મુજબના સમાધાન માટે સૂચના કરવાની પ્રેરણા થાય છે અને તેવું સમાધાન પણ ન થઈ શકતું હોય તો પછી તેને માટે નીરર્થક કાળક્ષેપ કરવાથી કંઇ ફાયદો નથી; પરંતુ હરકોઇ પ્રકારે કૉન્ફરન્સના નાવને પુરી સાવચેતી સાથે આગળ ધપાવવાની જરૂર છે.

મેળવવા ધારેલી સ્ટેન્ડિંગ કમિટિને પ્રથમ દરજ્જે ઉપરના પ્રશ્નની ગંભીર વિચારણા કરવાની રહે છે અને સમાધાન માટે પ્રયાસ કરી રહેલ આગેવાનોની મુશીબતોનો ખ્યાલ કરી,

જૈન કૉન્ફરન્સની સ્થિતિ શાથી સુધરે?

લેખક:—શ્રી. રમણિકલાલ કેશવલાલ ઝવેરી, બી. એ. એલએલ. બી; સોલિસિટર, મુંબઈ.

કૉન્ફરન્સના તેરથી ચૌદ અધિવેશન થઇ ગયા. અત્યારે કૉન્ફરન્સની સ્થિતિ વિષમ થઇ ગઈ હોય એમ લાગે છે. કૉન્ફરન્સનો ઇતિહાસ જ એવો છે કે તેની સ્થિતિ ભરતી–ઓટ માફક થયા કરે છે. કૉન્ફરન્સના અસ્તિત્વને થોડા વર્ષ થયા બાદ અમદાવાદ કૉન્ફરન્સની સામે થયું અને તે બાબત ધાર્મિક ખાતાઓના હિસાબ તપાસવા માટેની હતી, ત્યારબાદ થોડા ઘણા અધિવેશન થયા. પાલીતાણાના ઝઘડા સમયે કૉન્ફરન્સ અને અમદાવાદના શેઠિયાઓનો થોડો ઘણો સાથ મળ્યો હતો. ત્યારબાદ દીક્ષાનું નવું પ્રકરણ ઉભું થયું અને જૂનેર મુકામે કૉન્ફરન્સમાંથી 'શાસનપક્ષ' છૂટો પડ્યો. અત્યારે બે પક્ષના સમાધાનની વાટાઘાટે ચાલે છે અને કદાચ આ લેખ પ્રગટ થાય તે પહેલા વાટાઘાટો પૂર્ણ થઇ ગઇ હશે; અત્યારે જે કામચલાઉ સંપ થાય તે હંમેશનો થાય એમ આપણે ઇચ્છીએ.

હાલના સમયમાં ઝઘડાઓ ઘણા છે અને તેથી કૉન્ફરન્સનું શ્રેય ધારનારાઓએ વિવાદાસ્પદ વિષયોથી હાલ દૂર રહેવું ઘટે છે. એવા પ્રશ્નો તો યુવક સંઘ અથવા બીજી સંસ્થા ચર્ચે તે વધારે સારું. હાલમાં તો બે ચાર બીન તકરારી પ્રશ્નો ઉપરજ કૉન્ફરન્સ ધ્યાન આપે તો વધારે સારું.

કૉન્ફરન્સની મુખ્ય મુસ્કેલી એ છે કે તેના અધિવેશનમાં ઘણા ઠરાવો પસાર કરવામાં આવે છે. સબજેક્ટ કમીટીમાં દરેક ઠરાવ ઉપર સાઠમારી ચાલે છે, અને પછી મહામહેનતે ડઝનબંધ ઠરાવો પસાર કરવામાં આવે છે, પરંતુ તે ઠરાવોના એકેના અમલ કરવા માટે કશા પ્રયત્નો કરવામાં આવતા નથી. બીજા અધિવેશન સુધી કૉન્ફરન્સના આગલા અધિવેશનના પ્રમુખ કોણ છે તે પણ ભૂલી જવામાં આવે છે.

બીજું કૉન્ફરન્સના ઠરાવોનો જરાએ પ્રચાર થતો નથી. મુંબઇના આગેવાનો બહારગામ જતા નથી; વર્ષમાં બે મહીના પણ ઠરાવનો પ્રચાર કરવા કશા યત્નો કરવામાં આવતો નથી; કાંતો આગેવાનોમાં નિષ્ક્રિયતા છે અથવા તો સમયનો અભાવ છે. અત્યારે જમાનો પ્રચારનો છે. કોઇપણ વિચારનું પ્રતિપાદન તેના પ્રચારથી થાય છે, માત્ર બે ત્રણ વર્ષે એકાદ અધિવેશન મળે, અને ડઝનબંધ ઠરાવ કરી કૉન્ફરન્સ વિખેરાઇ જાય એ સ્થિતિ હાલના જમાનામાં મુદ્દલે ચાલશે નહિ. કૉન્ફરન્સે જો આમ વર્ગમાં લોકપ્રિયતા મેળવવી હોય તો તેના મોટા આગેવાનોએ ગામોગામ જઇ કૉન્ફરન્સનો સંદેશ પહોંચાડવો જોઇએ. જો તેઓને આખો વર્ષ સમય ન મળે તો જેટલો સમય મળે તેટલો પણ પ્રચાર પાછળ ગાળવો જોઇએ. હવે માત્ર ઉપદેશકોના પ્રચારથી કશું વળશે નહિ, બીજું પ્રચાર કર્ય વ્યક્તિ કરે તેના ઉપર આધાર રાખે છે. હંમેશા પ્રતિભાશાળી વ્યક્તિ સમાજ ઉપર સારી છાપ પાડી શકે છે, લોકોને તેવા નાયકોની જરૂર છે. મુંબઇમાં બે ત્રણ મહીને કાર્યવાહી સમિતિની મીટીંગ મળે અને અમૂક ચર્ચા કરી સૌ ઘેર જાય તેમાં કૉન્ફરન્સનો પ્રચાર થઇ શકે નહિ; બીજું સ્થાયી સમિતિની બેઠક માત્ર મુંબઇમાં મળે છે તે પણ યોગ્ય નથી, તેની બેઠક જૂદે જૂદે સ્થળે મળવી જોઇએ; ત્યાં બહારગામના આગેવાનો નિદ્રામાં હશે તે જાગશે તેમજ સ્થાનિક લોકોના સમાગમમાં મુંબઇના આગેવાનો આવશે. આ પણ એક પ્રકારનો પ્રચારજ છે. આવા પ્રચારથી પણ કૉન્ફરન્સમાં જાગૃતિ લાવી શકાય છે.

કૉન્ફરન્સ ઉપર કહ્યા પ્રમાણે માત્ર બે ત્રણ વિષયોની ચર્ચા હાલમાં કરે તો તેની સ્થિતિ સુધરશે. હાલના ઉગ્ર વાતાવરણમાં વિવાદાસ્પદ પ્રશ્નો તેને ચર્ચવા જોઇએ નહિ. દાખલા તરીકે હાલમાં બેકારીનો પ્રશ્નો એટલો બધો ગંભીર છે તો તે બાબત પર કૉન્ફરન્સ લક્ષ્ય આપે તો વધારે સારું. સમાજની આર્થિક સ્થિતિ દિવસે દિવસે નબળી થતી જાય છે, તેના શા કારણો છે અને તે દૂર શું ઉપાયો લેવા તે બાબત બહુ ઝીણવટથી તપાસવી ઘટે છે. હાલના બદલાતા જતા સમયમાં સમાજે શું કરવું તેને માટે આગેવાનોએ સમાજને દિશા–સૂચન કરવું જોઇએ. આ બાબતમાં એક રીપોર્ટ શ્રી બી. કે. મોદીએ વર્કીંગ કમીટી આગળ રજુ કર્યો હતો, પરંતુ તેના ઉપર જોઇએ તેવું લક્ષ્ય અપાયું નથી, એ દીલગીરી ભર્યું છે, એમાં ઘણી વ્યવહારૂ સૂચનાઓ કરી છે અને થોડા રૂપીયાની મૂડીમાં ઘણા નિરૂદ્યમીને કામે લગાડી શકાય તેવી યોજનાઓ છે. આવા અથવા બીજા વ્યવહારૂ પગલાની યોજનાઓ રજૂ કરવી જોઇએ અને તેનો અમલ થવો જોઇએ. આ પ્રમાણે જો કૉન્ફરન્સ કાર્ય કરશે તો જરૂર સમાજમાં તે લોકપ્રિય થશે.

તેમના હાથ કઇ રીતે મજબુત કરી શકાય તે માટે ચર્ચા કરી તેમને એક વખત છેવટની અજમાયશ કરી લેવા દેવી જોઇએ અને તેમાં પણ તેઓ નિષ્ફળ જાય તો પછી કૉન્ફરન્સને મરણશરણ નહિ થવા દેતાં એકઠા થયેલ આગેવાનોએ યોગ્ય સંગઠનપૂર્વક કૉન્ફરન્સની કાર્યવાહીને આગળ ધપાવવા પ્રતિજ્ઞાબદ્ધ થવું જોઇએ; એટલુંજ નહિ પણ કૉન્ફરન્સ માટે મેં શું કર્યું અને હવે મારે શું કરવાની જરૂર છે તેનો ખરા જીગરથી યોગ્ય નિર્ણય કરી, નિર્ણય મુજબ તાત્કાલીક અમલ કરતા થઈ જવાની જરૂર છે. અન્ય ભાઈબંધ કોમોના મુકાબલે જૈન સમાજમાં ત્યાગભાવથી સેવા કરનારાઓની ઉણપને લીધે તેમજ વીરોધીઓ તરફથી રચનાત્મક કાર્યક્રમને તોડી પાડવાના થતા પ્રયાસના કારણે કૉન્ફરન્સના આગેવાનોએ વધારે સચેત અને ઉદ્યમવંત થવાની અનિવાર્ય આવશ્યકતા છે. કિંબહુના.

સંઘટના અને વિઘટના.

લેખક :
બાલચંદ હીરાચંદ, માલેગામ

જૈન સમાજમાં હાલમાં જે કેટલાએક લોકોએ ગમે તે કારણે વિઘટના જેવું વાતાવરણ ઉત્પન્ન કરેલું છે તે મટાડી સંઘટના થાય અને સમાજનું સામુદાયિક બલ એકત્રિત થઈ સમાજનું ઉત્થાન થાય એવા શુભ હેતુથી કોન્ફરન્સના એક મહામંત્રી શ્રીમાન્ કાંતિલાલે જે જેહેમત ઉઠાવી ઐકય સાધના માટે પ્રયત્ન ચલાવ્યો છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. અને તેમને એ કાર્યમાં યશ મળે તો સહુ કોઇને અત્યંત આનંદ થશે એમાં જરાએ સંશય નથી. પણ ઐકય માટે પ્રયત્ન કરવો અને તેમાં સફળતા મળવી એ તદન જુદી વાત છે. છતાં આપણે ઇચ્છીશું કે, ગમે તે કારણોથી અને ગમે તેમના પ્રયાસથી ઐકય સાધના થાય. એમાંજ સહુનું શ્રેય છે.

વિઘટના શા માટે ?

સમાજમાં હાલમાં વિઘટના જેવા જે દેખાવો દેખાય છે તે કોને આભારી છે? દીક્ષાના ઠરાવે વિઘટના થઈ છે એમ માનીએ તો કોન્ફરન્સે એવો કયો ધર્મ વિરૂદ્ધ ઠરાવ કર્યો છે કે, જેને લીધે બાલદીક્ષાના હિમાતીઓ નારાજ બન્યા છે. ખુદ સાધુ સંમેલને તેમની માન્યતા મુજબ જે ઠરાવો કરેલા છે તે ઠરાવો ઠોકરે મારનારા તેના માટે જબાબદાર નથી શું? અને કદાચ ધર્મવિરૂદ્ધ ઠરાવ થયો હોય તો દલીલ અને શાસ્ત્રના પુરાવા તેમજ જગત વ્યવહાર અને સાદી સમજ મુજબ તેઓ અમુક સિદ્ધાંત સિદ્ધ કરી બતાવે તોજ તેઓ ઠરાવ ફેરવી પણ શકે. અને જગતમાં ગમે તે સમાજમાં સુધારા કરનારા અને સૂચવનારા હમેશ લઘુમતીમાંજ હોય છે. ત્યારે પૂર્વોક્ત ઠરાવો સુધારી લેવા માટે તો કોન્ફરન્સમાં અહુસંખ્ય લોકો પધારી પોતાની માનીનતા સહેજે સિદ્ધ કરી બતલાવે પણ અમારી દૃઢ માન્યતા છે કે, દીક્ષા પ્રકરણના નામે સમાજમાં વિગ્રહ કરનારાઓને પોતાનેજ આત્મ વિશ્વાસ નથી. અને તેથીજ તેઓ હીંમતપૂર્વક કોન્ફરન્સમાં પ્રવેશ કરી શકતા નથી. આવા લોકો માટે કોન્ફરન્સે પોતાનું કામ શા માટે અટકાવી રાખવું જોઇએ એ અમો સમજી શકતા નથી.

ખરૂં કારણ જુદુજ છે.

જૈન સમાજની સંઘટના તોડી વિઘટનાનું પાપ કરનારાઓનું માનસ કાંઇક જુદીજ વૃત્તી સેવે છે. કોન્ફરન્સની સર્વાંગીણ પ્રગતિશીલ કાર્યપદ્ધતિ જોઇ જુનવાણી અને પરંપરાથી અમુક સ્થાન અટકાવી બેઠેલા સમાજના વડેરાઓ એમ માની બેઠેલા છે કે, જો આમ કોન્ફરન્સનું જોર વધવા દેઇશું તો રખેને આપણું બહુમાન ઘટી જશે. આપણી પરંપરાથી ચાલતી આવેલી જે કાર્યપદ્ધતી છે તેમાં ફેરફાર કરવો પડશે. અને નવા નવા લોકો આપણા હાથમાંથી આપણી સત્તા છીનવી લેશે. આ માન્યતાને લીધે તેઓ આવા પ્રકારનું સમાજ વિઘટનાનું પાપ સેવી રહેલા છે. વાસ્તવિક રીતે આમ કરવાથી તેઓ જેવુને તેવુ ચલાવેજ જશે અને એમાં કોઇ વિક્ષેપ કરશેજ નહીં એવી એમની માન્યતા હશે તો તે કેવળ ભૂલ ભરેલી છે. તેઓ બહુમાન પૂર્વક સમાજનો અવાજ સાંભળશે તો ઠીક, નહીં તો છેવટ પરાણે વિગ્રહપૂર્વક તેમને કડવાશથી પોતાનું સ્થાન છોડવું પડશે. એ કુદરત છે. એ પરંપરાનો ઇતિહાસ છે અને એ નિર્વિવાદ સત્ય છે. તેને અટકાવવા મહાન પુરૂષો પણ સમર્થ થયા નથી. કાલને આધીન સહુ કોઇ ઇચ્છાએ કે અનિચ્છાએ થઇ જ રહેલા છે.

સાધુઓ અને શ્રાવકોનો સંબંધ.

જ્યારે ત્યારે એ વાત આગળ ધરવામાં આવે છે કે, સાધુઓ અને શ્રાવકોનો કાંઇ સંબંધ નથી. સાધુ તદ્દન સ્વતંત્ર છે, અને એમના કોઇપણ કાર્યમાં શ્રાવકોએ હું કે ચું કર્યા વિના મુંગે મોઢે ચુપચાપ બેશી રહેવુ એટલુંજ શ્રાવકોનું કર્તવ્ય છે. સાધુઓ સ્ખલનાતીત છે. અને સાધુને ઠપકો આપવો એટલે ધર્મભ્રષ્ટ થઈ જવાય છે વિગેરે અનેક માન્યતાઓ લોકોમાં ઘરાદાપૂર્વક ફેલાવવામાં આવી છે અને ભોળા લોકો તેને અનુસરી આ ધર્મના હાઉ આગળ ચુપચાપ થઈ જાય છે. વાસ્તવિક વિચાર કરતા સાધુ કે શ્રાવક એકજ બોલે છે ત્યારે તે વ્યક્તી છે અને સમાજ તે સમષ્ટીરૂપ છે. અને વ્યકતી કરતા સમષ્ટીનું મહત્વ તીર્થંકર મહારાજાએ પણ સ્વીકારેલું છે. તીર્થંકર મહારાજ શ્રી સંઘને પૂજ્ય માની તેને નમસ્કાર કરે છે. એટલું સમજ્યા છતાં શ્રી સંઘને હાડકાના માળાની ઉપમાં અપાય એ ઉપરથી આવા વિચારો ફેલાવનારનું માનસ સ્પષ્ટ થાય છે. સાધુઓ અને શ્રી સંઘના હિત સંબંધો ઓતપ્રોત હોય છે. એટલુંજ નહીં પણ શ્રાવકની દરેક હીલચાલ ધર્મયુક્ત અને શિષ્ટસંમત કરવી હોય તો જ્ઞાની સાધુઓના પવિત્ર વિચારોની અને પ્રેરણાઓની જરૂર હોય છે, તેમજ સાધુઓની દરેક જાહેર હીલચાલ શ્રાવકોની અર્થાત્ શ્રી સંઘની મદદ વગર થવી અશકય છે. જ્યારે કોઇને દીક્ષા આપવાની હોય છે ત્યારે વિધિનું સાહિત્ય, પ્રશસ્ત જગ્યા, ધર્મપ્રભાવનાના સાધનો, વરઘોડા કે બીજા અનેક પ્રકારના વિધાનો શ્રાવકોની મદદની અપેક્ષા રાખે છે. ત્યારે જેને દીક્ષા આપવાની હોય તેની પરીક્ષા, તેની લાયકી, તેના ઉપર અવલંબી રહેલાઓની કે તેના વાલી વારસોની પરિસ્થિતિ દ્રષ્ટિક્ષેપમાં લાવવાની જરૂર નથી શું? એ વાતની પુરેપુરી જાહેર અને તેની વ્યવસ્થાની જબાબદારી શ્રાવકોની નથી શું? અર્થાત્ દરેક સાધુની સાર્વજનિક કે જાહેર ક્રિયાઓમાં શ્રાવકોની સલાહ અને મદદની અત્યંત જરૂર છે એ તદ્દન અનિવાર્ય સત્ય છે. એ ઉપરથી જોઇ શકાશે કે સાધુ અને શ્રાવકનો સંબંધી ઘણી બાબતોમાં અભિન્ન છે અને ઓતપ્રોત છે. આમ કોલાહલ કરવાથી તે જુદો પાડવો તદ્દન અશકય છે.

સંઘટનાનો સરળ માર્ગ.

આપણે સહુ કોઈ બંધારણોની મદદથી અને સહકાર્યથી કાંઇક કરી બતાવી શકીએ. સમાજ કાર્ય કાંઈ એકાકી માણસથી તે નહીંજ થઇ શકે. એમ છે ત્યારે લોકસંગ્રહની આવશ્યકતા છે એમાં શંકા નથી. લોક સંગ્રહ કરવા માટે સંસ્થાએ કાર્ય કરી બતાવી જનતાનું પ્રેમ જીતી લેવાની જરૂર

The Jain Swetamber Conference.

By; Syt. Makanji Juthabhai Mehta Esqr. B. A. LL. B; Barrister-at-law.
Ex-General Secretary, Jain Swetamber Conference.
Lentin Chamber, Dalal Street, BOMBAY.

Owing to internal disputes and difference about the Resolution of "Dikasha" passed at the Session of the above Institution at Junnar held in the year 1930 the Office-holders and the Working Committee of the conference have neither been able to do much work to carry out the aims and objects of the above Institution or to put into force the various resolutions passed at its Sessions.

The next Session was held in Bombay in 1934 A. D. when the new Constitution of the above Institution was passed. Since then, though, the said Constitution provides for holding annual Sessions of the above Institution, the Working Committee has not been able to hold any Sessions of the Conference. It is high time that the disputes or differences be settled and the next Session be held during the course of the year at some centre approved by the Working Committee.

Thirty two resolutions were passed at the Bombay Sessions out of which a few were formal. The rest were important. It should be seriously considered whether any useful purpose is served by passing so many resolutions when the Working Committee-the governing body of the Institution and its Office-holders are not able to do any substaintial work to carry out the same.

Resolution No. 2 about industrial training and commercial education and Resolution No. 4 regarding unemployment among the Jains passed so far back as 1934 at Bombay Sessions seems to have received no attention at all from the Working Committee and the Office-holders.

May I suggest that steps should be taken by the Working Committee and the General Secretaries to appoint a small but influential Committee with a view to inquire into the economic and industrial condition of the Jains and to suggest ways and means whereby the economic condition of the Jains be improved and the Jains be able to regain the position which they once occupied as Captains of industry and business magnets. In the meantime funds should be raised and young educated Jains should be sent to foreign lands to get practical knowledge and experience in diverse industries and commercial concerns with a view to revive old and to start new industries which may improve not only the economic condition of our Community but of our Motherland.

છે. જનતાનું પ્રેમ જીતી લેવા માટે કીર્તિ નિરપેક્ષતા, સ્વાર્થ-ત્યાગ, અને સમાજના દૂષિત ભાગેાનું અચુક જ્ઞાન એ ગુણેાની જરૂર છે. શ્રમસાતત્ય અને કીર્તિલેાલુપતાનેા અભાવ જ્યાં જોવામાં આવે છે ત્યાં લેાકેાનું આકર્ષણ સ્વાભાવિક જ ઉત્પન્ન થાય છે. અને વિચારી વર્ગ આપેાઆપ તે સંસ્થા તરફ વળે છે. ત્યારેજ ખરૂ સંઘટન ઉત્પન્ન થાય છે. કૃત્રિમ અને મલમ-પટીનું સંઘટન એ ટકાઉ હેાતું નથી. એ નિર્વિવાદ વાત છે. માટે સંઘટન કરવુ હેાય તેા તે સત્ય અને નિર્વિકાર પાયા ઉપર રચાએલું હેાવું જોઇએ. માટેજ કેાન્ફરન્સે તેના અધિ-વેશનેા હમેશ ભરતાજ રહેવું જોઇએ. તેમાં ભરતી કે ઓટના આંદેાલનેા ભલે ચાલ્યાજ કરે. પણ દરેક વિષય વિચારી જગત આગળ મુકાય છે અને તેની છણાવટ થઇ તેમાંથી સત્ય સ્વરૂપ તરી આવે છે. અને એકંદરે વિચારતા પ્રગતીની દ્રષ્ટીથી લાભજ થાય છે. ક્ષણવાર નિરાશા જેવું વાતાવરણ જણાય તેથી કાર્યકરેા નાસીપાસ નજ થાય. હીલચાલ, મંથન, વિચાર વિનિમય અને સંઘટન એ પરંપરા ક્રમપ્રાપ્ત છે એમાં નિસર્ગ વિરૂદ્ધ કાંઈ પણ નથી.

આજના વિરોધક તેજ કાલના સુધારક.

આજે જેએા અમુક વાતનેા વિરોધ કરે છે તે આવતી કાલે તેજ વાતનેા પુરસ્કાર કરતા આવ્યા છે એ નિયમ અખં-ડિત પળાયેા છે. વિલાયત જનારાઓનેા બહીષ્કાર કરનારાઓ પાછળથી વિલાયતની વારંવાર યાત્રાઓ કરે છે. આભડછેટને માથે લેઈ ગર્જારવ કરનારા પાછળથી પેાતેજ અસ્પૃશ્યતાના નિવારકેા બને છે. હીંસાને પ્રસિદ્ધ કરવામાં ભયંકર માનહાની અને ગૌપ્યસ્ફેાટ જેવું માનનારાઓ આજે હીંસાબની ચેાખવટ સરકાર મારફતે કબુલ કરનારા બની ગયા છે. ભાવનગર કેાન્ફરન્સ વખતે હિંસાને પ્રગટ કરવાના વિરૂદ્ધ વાતાવરણ સંક્ષુબ્ધ થયું હતું. અને પરંપરાના હક્કો માર્યા જવાની ધારતી પેદા થઇ હતી. અને પૂના કેાન્ફરન્સ વખતે મધ્યમ માર્ગ ગ્રહણ કરી માંડવાળ કરવી પડી હતી. તે દિવસ ક્યાં ગયા ? હીંસાને પ્રગટ નહી કરવાથી કેટલી અનર્થ પરંપરા પેદા થાય છે તેના દાખલા કાંઈ ઓછા નથી. માટે વિરેાધ-કેાથી કેાઇને પણ ડરવાનું હેાયજ નહી કાર્ય કરે જવું. અને તે પણ નિરપેક્ષ વૃત્તીથી કરે જવું, જેનું ફળ મળ્યા વિના નહીં રહે. માટે અમુક રીસાએલાઓને મનાવવા જતા બીજા રીસામણા વધી પડવાનેા સંભવ રહે છે તેથીજ કર્તવ્યપરાયણ થઇ સમાજોન્નતીના કાર્યો કરવા એ દરેક જૈનનું આદ્ય કર્તવ્ય છે.

જૈન સમાજને ચરણે: એક દર્દભરી અપીલ.

— લેખક:—ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી-અમદાવાદ. —

જનરલ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

મિત્રો! આપણે એકાદ વર્ષ અગાઉ કોન્ફરન્સનું એકાદ અધિવેશન ભરવા માટેનું વાતાવરણ રચવાના પ્રયાસ કરતા હતા. પરંતુ એ વાતાવરણમાં થોડાએક અશુદ્ધ જંતુઓએ પ્રવેશ કર્યો અને આપણું એ કામ અધુરું રહ્યું.

આજે આપણે આપણી પાછલી સ્થિતિ ઉપર દ્રષ્ટિપાત કરવા અને ભાવી કાર્યક્રમની રૂપરેખાઓ દોરવા; સ્ટેન્ડીંગ કમીટી મારફતે એકત્ર થવાના છીએ. તેવા પ્રસંગે અંતરના વેર ઝેરથી પીડાતી, આ દુઃખી કોમના ભલા માટે, મારા અનુભવોનું એક ચિત્ર દોરવાનો પ્રયાસ હું અહીં કરું છું.

જૈન કોમ એ ખરેખર દુઃખી કોમ છે, થોડાએક ઉજળા નગરોમાં વસતા શ્રીમંત શ્રાવકોને જોઇને કે થોડાએક વરઘોડા કે ઓત્સવ-મહોત્સવોને જોઇને એને સુખી કે સમૃદ્ધિવાન માની લેવાના ભૂલાવામાં કોઈ પડશો નહીં!

એની કરોડોની સંખ્યા ભાંગતી ભાંગતી બાર લાખને મથાળે આવીને ઉભી છે! એના ૧૦૦૦ બાળકોમાંથી ૬૫૯ બાળકો અને એની ૧૦૦૦ બાલીકાઓમાંથી ૯૦૦ બાળીકાઓને જ્ઞાનનો પ્રકાશ પોચાડવાનું કામ હજુ અધુરૂ છે. ખુણે ખાંચરે પડેલા, ભૂખના દુઃખથી પીડાતા એના સહધર્મી બંધુઓની સંભાળ લેવાનું કામ હજુ શરૂ કરવાનું છે. શહેરનો વહેપારી અને ગામડાનો વાણીયો ગરીબાઇ તરફ ધસડાતો જાય છે. તેને બચાવવાના વ્યવસ્થિત પ્રયત્નો કરવાનું કામ હજુ બાકી છે. એના પૂર્વજોએ સોંપેલા હજારો સ્મારકો ભૂમી શરણ થતા જાય છે. એના પ્રાચિન અવશેષો વેરણ છેરણ પડયા છે. અને એની પ્રાચિન ગ્રંથ સામગ્રીના વિકાસ અને વ્યવસ્થાનું ઢગલાબંધ કામ અધુરૂ પડયું છે. આવી દશામાં એને કોઇ સુખી કે સમૃદ્ધિવાન માની લેવાના ભૂલાવામાં પડશો નહી!

એ દુઃખી ને કોઈ વધુ દુઃખી કરવાના પ્રયાસ કરશો નહી! એના લોહી ભીના ઘા ઉપર કોઇ લુણ લગાડવાનું પાપ કરશો નહીં! વિધવા વિવાહના, દિક્ષાના કે તિથીઓના તોફાન ઉભા કરીને એની રહી સહી ઐકયતાને ભાંગવાના પાપ કોઇ આદરશો નહીં! કાગળ અને શાહી જેવા જ્ઞાનના પવિત્ર ઉપકરણોનો દુરૂપયોગ કરીને એના ભાગેલા કાળજા ઉપર કારમા ઘા કોઇ કરશો નહીં! દાનવીરોના દુકાળ પડયા છે અને દાનના ઝરણા સુકાતા જાય છે. તેવા કાળમાં કોઇ દયાળુ હૃદયમાંથી વહેતા દાનના નિર્મળ ઝરણાને ઇર્ષા કે વેર ઝેરથી કોઈ દુષિત કરશો નહીં! નિરઉપયોગી અને નિર્જીવ પ્રશ્નોને ઉપસ્થિત કરીને સંઘ કે સોસાયટીના નામે એના ભાંગેલા દેહ ઉપર વધુ ફટકા કોઇ મારશો નહીં!

જરા મોટુ મન રાખીને આવો! મિત્રો! આવો! જરા વિશાળ હૃદય લઇને આવો! મિત્રો! આવો! આપણે હાથમાં હાથ મીલાવીને આ દુઃખી કોમના દુઃખ નિવાર્ણાર્થે સાથે બેસીને વાર્તાલાપ કરીએ!

નિર્જીવ મતભેદને મોટુ સ્વરૂપ આપીને તમે નહી જ આવો તો અમે તો અમારા સાધન અને સમજણ પૂર્વક! આ દુઃખી કોમના દુઃખ નિવાર્ણાર્થે પગલા ઉપાડીશું! અમે વહેતા કરેલાં ધાર્મિક અને વ્યવહારીક જ્ઞાનના નિર્મળ ઝરણા ભેદભાવ વગર અમારા અને તમારા બાળકોને પાવન કરતા આગળ વહ્યાજ જશે. એના વિકાસ માટે વધુ સંગીન અને વ્યવહારૂ યોજનાઓ અમે તૈયાર કરીશું. એની નબળી થતી જતી શારીરીક સંપત્તિને વિકસાવવાના પ્રયાસો અમે આદરીશું. એના ભૂખના દુઃખ ટાળવાને અને એની આર્થિક નબળાઇ દુર કરવાને અમે અમારાથી બનતું કરીશું! અમારૂ ગત કાર્ય અને અમારો ભાવી કાર્યક્રમ કોઈ પણ જાતના ભેદભાવ વિના આખીએ જૈન સમાજને અસર પહોચાડતો પહોચાડતો આગળ ચાલ્યો જશે.

આટલી દર્દભરી અપીલ પછી આપણી ભાવી રચનાનું એક આછુ ચિત્ર દોરવાનો પ્રયાસ અહીં કરૂં છું.

મિત્રો! આપણામાંના ઘણાઓના મનમાં એવી ભાવના જાગૃત થઇ છે કે, આપણે કોન્ફરન્સનું અધિવેશન ભરવું જોઇએ. અને માનો કે આપણે કોન્ફરન્સનું એક અધિવેશન ભર્યું, ઠરાવો કર્યા અને સૌ વીખરાયા! પણ ત્યાર પછી શું? કાગળ ઉપરની યોજનાઓ કે ઠરાવો આ દુઃખી કોમની સ્થિતિ સહ્ય બનાવવામાં શી રીતે ઉપયોગી થશે! પ્રતિવર્ષ કોન્ફરન્સનું અધિવેશન ભરવાનો મોહ આપણે જતો કરીએ અને જૈન સમાજના હિતાર્થે કામ કરતી એક સંસ્થા અસ્તિત્વ ધરાવે છે એ બીના જૈન સમાજના સ્મૃતિપટ ઉપર તાજી રાખવા પાંચ વરસે એકાદ અધિવેશન જુદા જુદા તિર્થ સ્થળો ઉપર ભરવાના નિર્ણય ઉપર આવીએ. પ્રતિવર્ષ સ્ટેન્ડીંગ કમીટીની એક એક બેઠક ભરીને આપણે આપણું કામકાજ ચાલુ રાખીએ તો મને લાગે છે કે આપણા માર્ગમાંની ઘણી મુસ્કેલીઓનો અંત આવી જશે.

આપણે કોન્ફરન્સનું અધિવેશન ભરવાના અભિલાષ સેવવા કરતા, કોન્ફરન્સ ઓફીસ કેમ વધારે સંગીન કામ કરતી બને અને એની સેવાઓ જૈન કોમની સ્થિતી સંગીન કરવામાં કેમ વધુ ફાળો આપતી બને એવી આશાઓ રાખવી એ વધારે યોગ્ય છે.

જો કે કોન્ફરન્સનું અધિવેશન ભરાયાને જરા લાંબો સમય વ્યતિત થયો છે. એવા સંજોગોમાં આપણે ગુજરાત કે કાઠીયાવાડના કોઇ એકાદ તીર્થ સ્થળમાં એકાદ અધિવેશન ભરવાના નિર્ણય ઉપર આવીયે તો તે કાંઇ અજુગતુ નથી.

આપણે અધિવેશન ભરીને કેવા ઠરાવો કરવા જોઇએ. એમ કહેવા કરતા આપણે અધિવેશન ભરીને કેવું કામ કરવાનો નિર્ણય કરવો જોઇએ એમ કહેવું એ વધારે વ્યાજબી લાગ્યા સિવાય રહેશે નહીં.

માનવ જાતી માટે કેળવણી, આરોગ્ય અને આર્થિક સંગીનતા એ ત્રણ પ્રશ્નો સઘળા પ્રશ્નોના મોખરે છે. આપણે

પણ આડી અવળી ગુંચવણ ભરેલી વાતોને એક બાજુએ રાખીને આ ત્રણ પ્રશ્નો પાછળજ આપણે આપણી સઘળી શક્તિને એકત્ર કરીએ તો અત્યારની જૈન સમાજની સ્થિતિ સુધારવામાં ઘણું સંગીન કામ કરી શકીએ.

કેળવણીને અંગે.

ધાર્મિક, વ્યવહારીક અને શારીરીક કેળવણીના જુદા જુદા અંગોને વિકસાવવા ધાર્મિક શિક્ષકો, સંગીત શિક્ષકો, અને વ્યાયામ શિક્ષકોને તૈયાર કરવા માટેની યોજનાઓ ઘડીને અમલમાં મુકવી. ચિત્રકળાની ખીલવણી માટેના પ્રયાસો કરવા, પાઠશાળાઓ, વ્યાયામ શાળાઓ અને સંગીત શાળાઓ સ્થાપવી, ચલાવવી અને વિકસાવવી.

ઉમ્મર લાયક સ્ત્રી, પુરૂષોના જ્ઞાનમાં વધારો કરવા માટે સંગીન વાંચનનો પ્રચાર કરવો. વાંચનાલયો અને લાયબ્રેરીઓ ચલાવવી. બંધ પડેલી લાયબ્રેરીઓને ચાલુ કરવી, અને વિકસાવવી. લાયબ્રેરીઓની વ્યવસ્થા અને વિકાસ માટે તાલીમ-બદ્ધ લાયબ્રેરીઅનો તૈયાર કરવા. પ્રાચીન ગ્રંથભંડારોનું સંશોધન કરાવવું. તેની નામાવળીઓ તૈયાર કરવી. ઉપયોગી ગ્રંથો છપાવવા. અને જુદી જુદી લાયબ્રેરીઓને પુરા પાડવા. ટુંકાણમાં કેળવણી અને જ્ઞાનના પ્રત્યેક અંગોની ખીલવણી કરવી. ચિત્રકળાને ખીલવવી અને પ્રાચિન અવશેષોના રક્ષણાર્થે સંગ્રહસ્થાનો સ્થાપવા અને ચલાવવા.

આરોગ્યના અંગે.

આરોગ્યના પ્રશ્ન તરફ આપણે પુષ્કળ બેદરકાર છીએ. આપણા વિદ્યાર્થીઓના મોઢા ઉપરથી લાલાઈ અદ્રશ્ય થતી જાય છે. ખડતલકાયા અને મર્દાનગીભર્યા શૌર્યને બદલે બીકણ અને ફીક્કાચહેરાના વિદ્યાર્થીઓના ટોળાં ભેગાં થતા જાય છે. શહેરોમાં વસતી જૈન પ્રજાની ૮૦ ટકા વસ્તી સાંકડી, અંધારી અને હવા ઉજાસ વિનાની ખોલીઓમાં વસે છે. પ્રજાની શારીરીક સંગીનતા વધારવા માટે આરોગ્યના જ્ઞાનનો ફેલાવો કરવો, વસવાટના સાધનો સુધારવા, માંદગીના પ્રસંગને પહોંચી વળવા માટે તબીબી મદદ અને તબીબી સાધનો પોંચાડવાના પ્રબંધો રચવા. વ્યાયામના સાધનો વધા-રવા અને વ્યાયામના ફાયદાઓ જણાવતા સાહિત્યનો પ્રચાર કરવો.

આર્થિક સંગીનતા.

આ એક ગુંચવણ ભર્યો કોયડો છે. નાણાનું વિશાળ ભંડોળ એ માગી લે છે. અને આપણી શક્તિ તો મર્યાદીત છે. મનુષ્યના જીવન ઉપર અસર પોંચાડનારો અને એની સર્વ શક્તિઓને દબાવનારો આ એક પ્રશ્ન છે. તેને આપણે જતો કેમ કરી શકીએ? આ વિષયના નિષ્ણાતોની એક કમીટી-દ્વારાએ જુદા જુદા અખતરાઓ કરીને આપણી આર્થિક સ્થિતીને સંગીન કરવાના પ્રયત્નો પણ આપણે આદરવા જોઇએ.

આ ત્રણે પ્રશ્નો માટે આપણે યોગ્ય ઠરાવો કરીને સક્રિય પ્રયાસો કરવા જોઇએ. અને બીજા કોઈ અનિવાર્ય પ્રશ્નો આપણી સામે આવે તો આપણે માર્ગદર્શક ઠરાવો કરીને હર ઉભા રહેવું જોઇએ. ટુંકાણમાં સમાજના ઐકયમાં ભંગાણ પાડનાર નિરર્થક પ્રશ્નોની ચર્ચામાં આપણે ઉતરવું ન જોઇએ.

કૉન્ફરન્સનું ૧૫ મું અધિવેશન.

મહારાષ્ટ્રના ભાઇઓએ અધિવેશન જલ્દી ભરાવવાના વિષયને ગતિ આપવાથી ૧૫ મું અધિવેશન અને તેટલું જલ્દી ભરાય એમ સહુ કોઈ ઇચ્છે છે. 'અધિવેશન ભરવા માટે સ્થાન અને ખર્ચનો પ્રશ્ન મહત્વનો નથી' એમ જૈન યુગના તા. ૧ લી એપ્રીલના અગ્રલેખમાં તંત્રીશ્રીએ લખેલું છે. પરંતુ અધિવેશન શા માટે ભરવું? અને એમાં શું કરવું? એ પ્રશ્નો મુંઝવણ કરનારા છે એમ તંત્રીશ્રીનું માનવું છે. અમારી દૃષ્ટિમાં ખરી મુંઝવણ એ પ્રશ્નમાં નથી; પરંતુ અધિવેશન ભરાવવાના દૃષ્ટિબિંદુમાં ફેરફાર કરવાની કલ્પનાઓ જે મહારાષ્ટ્રીય બંધુઓ તરફથી રજુ કરવામાં આવેલી છે એ કલ્પનાઓથી કાર્યકર્તા-ઓને ધાસ્તી લાગે છે કે, સાદાઇમાં અને તદન ઓછા ખરચે સેવાભાવી પ્રમુખ ચુંટી અધિવેશન ભરવાથી અધિવેશન તરફ સમાજનું આકર્ષણ નહિં થાય; અને હાલની પરિસ્થિતિમાં શ્રીમાન્ અને પદવીધર સમાજને આકર્ષનાર પ્રમુખ મળી શકશે નહિ. એ બધી કલ્પના મૂળમાં અમોને ભૂલ ભરેલી લાગે છે. અધિવેશનનો આડંબર, તે કરવા પાછળ થતી મહેનત અને તે માટે કરાતા મોટા ખરચો અને કોન્ફરન્સના ત્રણ દિવસ પછી કોન્ફરન્સના કાર્યથી તદન અપરિચિત એવા પ્રમુખ ચુંટવાનું દૃષ્ટિબિંદુ રાખવામાં આવે છે, એજ કોન્ફરન્સના કાર્યને રોકનારૂં અને નુકસાનકર્તા છે. સેવાભાવી પ્રમુખ અને અત્યંત સાદાઇથી ઓછા ખરચે અધિવેશન ભરી વર્ષ દરમ્યાન પ્રત્યક્ષ રચનાત્મક કાર્ય કરવામાં આવે તો સમાજમાના ગમે તેવા જુદા જુદા વિચારો ધરાવનારા ભાઈઓનું સંસ્થા તરફ આક-ર્ષણ વધી કોન્ફરન્સ સંપૂર્ણ સજીવન થઇ શકે.

અમૂક ઠરાવોને લીધે અમૂક ભાઇઓને કોન્ફરન્સમાં જોડા-વવું અશક્ય લાગતું હોય તો ધ્યેયને નુકસાન ન કરતાં ઠરાવોમાં સુધારો વધારો કરવાની અને વિચારોનો ભોગ આપવાની પણ આપણી તૈયારી હોવી જોઇએ. કોન્ફરન્સ એ જૈન સમાજની છે, અને તેમાં દરેક જુના કે નવા વિચાર ધરાવનારા બંધુઓને પોતાના વિચારો રજુ કરવાનો હક્ક હોવો જોઇએ.

આવતી સ્ટેન્ડિંગ કમીટીની બેઠકમાં એ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે અને અધિવેશન સત્વર ભરવામાં આવે એમ અમો ઇચ્છીએ છીએ.

—મોતીલાલ વીરચંદ–માલેગામ.

(જનરલ સેક્રેટરી, જુન્નેર કોન્ફરન્સ અધિવેશન.)

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

૨૦, પાયધુની, મુંબઈ, ૩.

स्टेन्डिंग कमिटी से निवेदन

समय देनेवालें व्यक्ति-पत्र-प्रेस-प्रचारक-उच्चकोटि के होने चाहिये।

(लेखक:—श्रीयुत जवाहरलाल नाहटा-भरतपूर.)

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स के प्रस्तावानुसार समस्त भारतमें तभी कार्य हो सकता है जबकि उसकी उपयोग्यता सभी प्रान्तों के प्रत्येक जैन को जाकर समझाई जाय। हरेक व्यक्ति जब तक किसी बात के हानि लाभ पर बिचार नहि कर लेता तब तक उसका उस पर चलना कठिन है।

प्रेसीडेन्ट, रेसीडेन्ट जनरल सेक्रेटरी और दूसरे नेता देश में भ्रमण नहि करते, दैनिक समाचार पत्र नहि जो नित्य आपका सन्देश जनता तक पहुंचा सकें, ऐसे जबरदस्त प्रचारक नहि जो अपने व्याख्यानों द्वारा जनता को अपनी तर्फ खींच सकें, घर का प्रेस नहि जो सस्ते में सस्ता जैन साहित्य जनता को दे सकें। ऐसी दशा में संस्था का प्रचार कैसे हो।

पदाधिकारी समय देने की प्रतिज्ञा करें।

मेम्बरान और पदाधिकारी केवल बातें बनाकर गायब न हो जावे। कुच्छ काम करें, समय से पूर्व आवें और पश्चात जावे. कोई ऐसी मिटिंग न होनी चाहिये जिस में किसी मेम्बर की गैर हाजिरी हो. और यदि बिला वजह हो तो उस्से भेट स्वरूप कुच्छ फंड में लैना चाहिये और सबको प्रतिज्ञा करनी चाहिये कि वर्ष में इतना समय आपनी जिन्दगी का समाज को भेट करेंगे। किसी को केवल कुरसीयां तोडने के लिये नहि चुना जाय. उनसे प्रतिज्ञा लैनी चाहिये कि वर्ष में मास दो मास तीन मास अमूक टाईम घर का काम छोडकर जैनों के उत्थान वास्ते देश में भ्रमण करेंगे। बारह महीने पेट पालने में जाते है तो कुच्छ समय कोन्फरन्स के हेतू भी खर्च करना चाहिये। सभी नेता देश में भ्रमण किया करते है तो हमारे नेता चुप क्यों है वह भी भ्रमण करके आत्मत्याग का परिचय दें।

पत्र साप्ताहिक किया जाय।

वर्तमान में जैन युग जिस दशा में निकलता है, जिस प्रमाण में उसकी ग्राहक संख्या है सिवाय स्टेन्डिंग कमेटी के मेम्बरों के जिन्हें अनिवार्य खरीदना पडता है, दूसरा कोई अधिक ग्राहक नहि इससे आप समझ लें जनता क्या चाहती हैं।

हवाई तार टेलिफून रेडीयों के जमाने में आपकी पन्द्रह दिन पुरानी खबरें सुनने को कोई तैयार नहि. जनता दैनिक पत्र चाहती है यदि आप प्रबंध नहि कर सके तो साप्ताहिक आवश्य कीजये जिसके द्वारा आपका सन्देश महीने में चार ४ वाणी जनता तक पहुंच सके।

इस लिये जैन युग को शीघ्र सप्ताहिक कीजिये, प्रष्ट संख्या अन्य सप्ताहिक पत्रो के समान बढाईये और अनुभवि वैतनिक सम्पादक से पत्र का सम्पादन कराईये, ऑनररी सम्पादक के पास इतना समय नहि जो पत्र को जनता की ईच्छानुसार सर्वांगसुन्दर बना सके. उस पत्र में हिन्दी विभाग भी खोलना चाहिये ताकि हिन्दी प्रान्तों की सहानुभूति आपके साथ हो। व्यापारी राजद्वारी, और नवीन समाचारों का भी समावेश हो ताकि पाठकों को सर्व प्रकार की जानकारी हो सके और ग्राहक संख्या भी बढे. विश्वास रखिये यदि पत्र का सम्पादन श्रेष्ट हुवा तो घाटे की जगह मुनाफा होगा।

निजका प्रेस हो।

जब तक कोन्फरन्स अपना प्रेस नहि खोलती जीर्ण पुस्तकोद्धारवाला प्रस्ताव अमल में नहि ला सकती. अभी तक अप्रकाशित शास्त्र ढेरों पडे हुवे हैं यदि वह गल गये तो याद रखिये दूसरी चीजें जैन धर्म की समाप्ति को नहि रोक सकेंगी। प्रेससे ही शास्त्र उद्धार कीया जा सकेगा सस्ता जैन साहित्य संसारको देसकेंगे जैन धर्मको पुस्तकोद्धारा देश विदेशमें फैला सकेंगे जिस में आपका सप्ताहिक पत्र तो मुफतमें निकल सकता है। कुच्छ काम संसारके सामने आना चाहिये. जनता ठोस काम देखना चाहती है। स्थानकवासी जैन कोन्फरन्स हमसे पीछे कायम हुई थी जिसने भी अपना प्रेस खरीद लीया और हम जहां थे वही पडे है।

यदि प्रेस खोलकर ४५ आगम और दूसरा प्राचीन साहित्य मूल और भाषान्तर संसार के सामने ला सकें तो हम जैन धर्म को बडी से बडी सेवा कर सकेंगे। वर्तमान जमाने में प्रेस भी प्रचार का मुख साधन माना गया है।

वैतनिक प्रचारक रक्खे जाय।

प्रचारकों की जरूरत इस लिये विशेष है कि आप तो तीन दिन अधिवेशन करके चूप हो जाते है। प्रस्तावों को ग्रामीण जनता तक कौन पहुंचावे। अधिकांश लोग बे पढे है बहुत से निर्धनता के कारण पत्र मंगाते ही नहि बहनो को पढने का अवकाश ही नहि, बहनो को पढने की रुची ही नहि, ऐसे लोगों तक आपका सन्देश प्रचारक हो तो पहुंचा सकते है। किसी को सन्देह होवे तो उसे समझा भी सकते हैं ग्रामों में पंचायतें कराकर प्रस्तावानुसार ठहराव भी करा सकते हैं. चंदा भी कर सकते हैं. चार आना प्रति मनुष्य

वसूल भी कर सकते हैं जनिता के पास कोई मांगने जावेगा ही नहि तो याद रखिये मनयाडर से कोई आफिस में भेजेगा भी नहि ।

उन्ही प्रचारकों द्वारा जो जैन भाई अजैन बन गये है वापस धर्म में आये जा सकते है। जो धर्म से विमुख होने वाले हो शंका समाधान करके रोके जा सकते है । पुस्तक भंडारोंको व्यवस्थित कराया जा सकता है। जरूरी मन्दिरोंका जीर्णोद्धार नहि होता और विना जरूरी मन्दिरों के नाम से लोग धोका देकर ले जाते हैं। धर्मादे को जादाद और धर्मादे का पैसा लोग दबा बैठे हैं। वह सब पोल खाता आप उपदेश को द्वारा जान सकेंगे और वही लोग पत्र की ग्राहक संख्या भी बढा देंगे ।

कितने लोगों का ख्याल है कि भाडेके आदमी क्या काम कर सकेंगे उन्हें स्वामी दयानन्द के पंछे साठ ६० वर्षों में उनके वैतनिक प्रचारक और भजनोयोंने लाखों अपने साथी बना लिये ईसाई पादरी सब वैतनिक काम करते है जिन्होंने भारत वर्ष में लाखों ईसाई बना लिये तब जैन कुच्छ न कर सकेंगे. ईस बात को देखना चाहिये । यदि आप छोटी तनखाहवाले गिरे पडे आदमी रखेंगे तो वैसाही काम होगा । अच्छे विद्वान और सेवाभावी रखोंगे तो वैसाही काम होगा । यह तो योग्यता पर निर्भर है कि आप अच्छे आदमी रखकर उनसे काम लैना भी जानते हैं वा नहि में दावे से कहता हूं कि योग्य वैतनिक उपदेशक पूरी संख्या में रखे जाते और नियमसर संचालन होता तो कोन्फरन्स का अधिवेशन प्रतिवर्ष अवश्य होता रहता और अनेको निमंत्रण आते रहते ।

यदि कोन्फरन्स की प्रगति बढाना है तो जैन युग को साप्ताहिक कीजीये. उस की पृष्ट संख्या दूसरे सप्ताहिक पत्रों समान बढाईये । वैतनिक सम्पादक रखिये. निजका प्रेस खोलिये. आगम और दूसरे शास्त्रो का मूल और अनुवाद संसार के सामने चाहये पूरी संख्या में प्रचारक रखकर भारत के सभी प्रान्तों में कोन्फरन्स का प्रचार कराईये तब जनता आपके साथ होगी ।

अभी तो कोन्फरन्स गुजरात काठियावाड काही विशेष ध्यान रखती है कुच्छ हिन्दी पान्तों का भी ख्याल कीजीये उधर के नेताओंसे तबादस्ता ख्यालात कीजये उन देशो में प्रचारक भेजके पढने को हिन्दी साहित्य दीजये जैन युगमें हिन्दी की व्यवस्था कीजये तो हिन्दी प्रान्तो में भी उत्साह से स्वागत हो ।

नाबालिग की दिक्षा—देव द्रव्य आदि चर्चा गुजरात में ही है दूसरे प्रान्तो में नहि मेवाड, मालवा, मारवाड, जन संख्या में गुजरात से कम नहि. यू. पी. सी. पी. बंगाल, पंजाब, आदि सभी प्रान्त ऐसे है चाहें तो अधिवेशन प्रति वर्ष करा सकते हैं मगर उनका ध्यान ही रक्खा जाता तो वे भी उदासान है।

वर्तमान में जो एज्युकेशन पर रूपया खर्च होता है वह केवल अक्षर ज्ञान पर होता है धर्म को स्थान नहि हिन्दु युनिवरसिटी के विद्यार्थीयो को स्कोलरशीप और दुसरे धार्मिक बातों में श्वेताम्बरत्व का पूरा ध्यान नहि रक्खा जाता ऐसी धारणा लोगो में बढतो जाता है इसो लिये चरों तर्फ से उदासीनता दीख रही है इन सब बातों के खुलासा और प्रचारवालें पत्र प्रेस प्रचारक हीसाब से उत्तम साधन है आशा है उसकी व्यवस्था की जावेगी ।

નિરક્ષરતા નિવારણમાં આપણે શું કરી શકીએ ?

આજે હિંદુસ્તાનમા સેંકડે આઠ માણસો લખતા વાંચતા જાણે છે જ્યારે અમેરીકામાં સોએચોરાણું, ઇંગ્લેંડમાં સોએ ચોરાણું, જાપાનમાં સોએ નવાણું માણસો લખી વાંચી શકે છે. અમેરીકામાં માથા દીઠ રૂા. ૬૫) ઇંગ્લંડમાં રૂા. ૩૨) અને જાપાનમાં રૂા. ૧૧) માથા દીઠ કેળવણી પાછળ ખરચ છે ત્યારે હિંદુસ્તાનમાં માથા દીઠ કેળવણી પાછળ રૂપીઓ એક ખરચાય છે આ વસ્તુસ્થિતિ બતાવી આપે છે કે કેળવણીની બાબતમાં સરકારે પૂરતું ધ્યાન આપ્યું લાગતું નથી. સદ્‌ભાગ્યે છેલ્લા સવા બે વર્ષના કોંગ્રેસ સરકારના અમલમાં આ વિષય તરફ ખુબ ધ્યાન ખેંચાયું અને આમ જનતાને ભાન થયું કે આપણા દેશમા અજ્ઞાનતા મોટા પ્રમાણમાં છે. ગુજરાતની અંદર કેળવણીનું પ્રમાણ તેર ટકા છે તેમાં પુરૂષોના બાવીસ ટકા અને સ્ત્રીઓના ચાર ટકા. આ સંજોગોમાં ગુજરાત અને કાઠીઆવાડમાં કામ કરતી આપણી જૈન સંસ્થાઓ ધારે તો ઘણું કામ કરી શકે તેમ છે. આપણી જૈન સંસ્થાઓએ નક્કી કરવું જોઇએ કે ત્રણ વર્ષમાં ગુજરાત અને કાઠીઆવાડમાં એક પણ અજ્ઞાણ જૈન ભાઇ કે બેન ન હોવા જોઇએ. જ્યાં આપણી જૈન સંસ્થા હોય ત્યાંના આજુબાજુના ગામડામાં તપાસ કરીને અજ્ઞાણ ભાઇઓ અથવા બેનોના નામ જાણીને તેમને અક્ષરજ્ઞાન આપવાનો પ્રબંધ કરવો જોઇએ. માત્ર જૈનોની વાત કરવાનો હેતુ તો એ છે કે આપણી પાસે પુરતું ફંડ નથી કે આપણે દરેક કોમને પહોંચી વળીએ. આ સિવાય ગામડામાં કે શહેરમા રહેતા શિક્ષિત ભાઇ કે બેને નક્કી કરવું જોઇએ કે હું અમુક અશિક્ષિતને ભણાવીશ. દરેક કોમે આ બાબતમાં પહેલ કરીને હિંદુસ્તાનમાંથી નિરક્ષરતાને કાયમને માટે દેશવટો આપવો જોઇએ. આજે અજ્ઞાનથી કેટલા વહેમો અને રૂઢીઓ સમાજમાં ઘર કરી બેઠેલ છે ? તો આ બાબતમાં આપણે કોઇ સ્થાયી યોજના ઘડવી જોઇએ.

—કેશરીચંદ જેસીંગલાલ.

સ્થાયી સમિતિની આગામી બેઠક.

લેખક:—શ્રીયુત્ પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી. એ. એલએલ. બી.

આ સમિતિની બેઠક એપ્રીલ માસની આખરે મળવાની છે. આ સમિતિમાં લગભગ નિષ્ક્રિય જીવન જીવતી કોન્ફરન્સને સજીવ અને સક્રિય કેમ બનાવી શકાય એ પ્રશ્નનો વિચાર થવાનો છે. આજે આવી અનેક કોમી પરિષદ સંસ્થાઓ મૃતપ્રાય દશામાં ડુબેલી છે આનાં બે કારણો છે. એક તો દરેક કોમના કેળવાયલા વર્ગમાંથી મોટો ભાગ કોમી પ્રવૃત્તિ વિષે ઉદાસીન બની ગયો છે. બીજું રાષ્ટ્રિય આન્દોલનનો વેગ દિન પ્રતિદિન વધારેને વધારે પ્રબળ બનતો જાય છે. તેની પાસે કોમી તતુડી કોઇ સાંભળતું જ નથી. આજે આવી કોમી પ્રવૃત્તિ ઇષ્ટ છે કે અનિષ્ટ છે તે તેના ઉદ્દેશ અને કાર્યપદ્ધતિ ઉપર આધાર રાખે છે. જે કોમી પ્રવૃત્તિનો ઉદ્દેશ પોતાની કોમના હકો જાળવવા અને વધારવા પુરતો જ હોય તે કોમી પ્રવૃત્તિ સરવાળે અનિષ્ટ જ બનવાનો સંભવ રહે છે; કારણ કે કેવળ હક્ક સંરક્ષણ તેમજ સંવર્ધનના ખ્યાલો ઉપર રચાયલી કોમી પ્રવૃત્તિ માણસોને એકદમ સંકુચિત વૃત્તિના બનાવે છે; કોમ કોમ વચ્ચે ઘર્ષણની અનેક શક્યતાઓ ઉભી કરે છે; કોમ કરતાં ઘણા વિશાળ એવા રાષ્ટ્રકારણ ખાતર પ્રજાજનોએ જે પ્રકારનું સમર્પણ અને આત્મભોગ આપવાની જરૂર હોય છે તેવું સમર્પણ કે આત્મભોગ આપવાની વૃત્તિને પ્રવૃત્તિ મંદ પાડે છે એટલું જ નહિ પણ ઘણું ખરું બાધક નીવડે છે.

તો પછી આજની કક્ષાએ સર્વ કોમી પ્રવૃત્તિઓ બંધ કરી દેવી એજ ઇષ્ટ છે? આ બાબત ઇષ્ટ હોય તો પણ આજના સંયોગોમાં શક્ય નથી. હિંદી જનતાનો ઘણો મોટો ભાગ હજુ કોમી વર્તુળોની કલ્પના વડે જ સંકળાયેલો છે. કોમ કોમના કેટલાક એવા અંગત પ્રશ્નો હોય છે કે જે સ્વતંત્ર નિર્ણયની અપેક્ષા ધરાવતા હોય છે અને જેના અંગે બીજી કોમો સાથે અથડામણ ઉભી થવાનો કશો સંભવ જ હોતો નથી. વળી જે કોમી વર્તુળો આજે મજબુત મૂળ નાંખી બેઠાં છે તેનો રાષ્ટ્રકારણમાં ઠીક ઠીક લાભ લઇ શકાય એવી પણ શક્યતા છે. જે તૈયારીઓ આજે રાષ્ટ્ર સમસ્ત પ્રજાજનો પાસેથી માંગી રહેલ છે તે દિશાએ પોતપોતાની કોમના માણસોને તૈયાર કરવાનું દરેક કોમી સંસ્થાઓ સ્વીકારી લે—એટલે કે રાષ્ટ્રિય નવવિધાનને સંપૂર્ણપણે પોષક અને સમર્થક બનવાનું ધ્યેય કોમ કોમની પ્રતિનિધિ સંસ્થાઓ જો અંગીકાર કરે તો આજની અનેક કોમી સંસ્થાઓ રાષ્ટ્રહિતને બાધક બનવાને બદલે ઘણી રીતે સાધક બની શકે એમ છે. દાખલા તરીકે આજનું રાષ્ટ્રોત્થાન આપણી પાસેથી માંગી રહેલ છે કે આપણામાં કોમી એકતા આવે, અસ્પૃશ્યતા દૂર થાય, મદ્યનો બહિષ્કાર થાય, ગૃહઉદ્યોગો બને તેટલું પોષણ પામે, સ્વદેશીને વધારે ઉત્તેજન મળે, ખાદીનો ઉપયોગ ખૂબ વધે, બાળલગ્ન જેવી ખોટી અને

જૈન કૉન્ફરન્સની પ્રગતિ અંગે મ્હારા વિચારો.

લેખક:—શ્રીયુત્ કુંવરજી આણંદજી કાપડીઆ.

આ મહાન્ સંસ્થાની આવશ્યકતા વિષે અને તેના ઉદ્દેશોના સંબંધમાં ઘણું બોલાયું છે ને લખાયું છે તેથી તે સંબંધમાં લખવાની જરૂરીઆત રહેતી નથી. અત્યારે કોન્ફરન્સની સ્થિતિ જે મંદ પડેલી દેખાય છે તેને પાછી તેજમાં લાવવા માટે કેટલાક મહાનુભાવો પ્રયાસ કરી રહ્યા છે તેને અંતઃકરણથી ટેકો આપવો એ આપણું કામ છે. એવું તેજ લાવવાના કારણોમાં એક કારણ જેમનું દિલ કોઈ પણ કારણે ઉંચું થયેલું હોય તેનું સમાધાન કરવાનું છે આપણો જૈન સમુદાય જો એક દિલે કામ કરે તોજ ધારેલી કાર્યસિદ્ધિઓ થઇ શકે તેમ છે. એને માટે સંપની ખાસ જરૂર છે. સંપ તો સુરતરૂ છે. સંપની પસંદગી તો બધા સુજ્ઞ બંધુઓ કરે છે પરંતુ તેને અમલમાં મુકવા ને મુકાવવાનો પ્રયાસ કરવાની જરૂર છે. હાલમાં ચાલતી કેટલીક વાતો ઉપરથી સંપ થવાની આગાહી કરી શકાય છે.

કોન્ફરન્સે હાલમાં તો આપણા સમુદાયમાં આવેલી કેળવણીની ખામી દૂર કરવાને માટે તેને લગતા અનેક પ્રકારના પ્રયાસો કરવાની જરૂર છે. જો કોમ કેળવણીમાં આગળ વધે તો ઘણી બાબતોની વિમાસણ દુર થઈ જાય એ ચોકકસ વાત છે. બીજી બાબત આપણા વર્ગમાં બેકારી એટલી વધી પડી છે કે તેને લઇને આપણે ધર્મ સાધન કરી શકતા નથી. તેમ એવી ગરીબી ભોગવી રહ્યા છે કે જે સ્થિતિ ત્રાસદાયક લાગે છે. તે દુર કરવા માટે બહુ દીર્ઘ વિચાર કરીને પ્રયાસ કરવાની જરૂર છે. આપણી કોમના દ્રવ્યવાનો અનેક બાબતોમાં દ્રવ્યનો વ્યય કરે છે પરંતુ તે સઘળી બાબતો પૈકી હાલમાં ઉપર જણાવેલી બે બાબતોની ખાસ આવશ્યકતા છે. એ બંને બાબતો તરફ શ્રીમંત બંધુઓનું વલણ થાય અને તેમાં દ્રવ્યનો વ્યય બહોળે હાથે કરવામાં આવે તો જરૂર એ સંબંધમાં આપણે સફળતા મેળવી શકીએ. જ્યાં સુધી અન્નપૂર્ણાદેવી પ્રસન્ન ન થાય અને સરસ્વતીદેવી સાનિધ્યકારી ન થાય ત્યાંસુધી આપણે બીજી બાબતોમાં સફળતા મેળવી શકીએ નહીં. તેટલા માટે મારી તો નમ્ર વિનંતિ એજ છે કે પ્રથમ સમુદાયમાં સંપ કરી આવી બાબતમાં સંપૂર્ણ વીર્ય ફોરવવું જેથી થોડા વખતમાં આપણે બીજી પણ અનેક જરૂરની બાબતો હાથ ધરી શકીએ. આશા છે કે મારા આ વિચારો જૈન બંધુઓ ધ્યાનમાં લેશે અને તદનુકુળ પ્રયત્ન શરૂ કરશે.

હાલ વધારે લખવાની આવશ્યકતા જણાતી નથી.

માત્ર બે જ સવાલો.

લેખક:—શ્રી. બબલચંદ કેશવલાલ મોદી.

શ્રી કોન્ફરન્સની સમાજના વિચારો દોરવવાની પ્રવૃત્તિમાં શિથીલતા આવવાને લીધે કેટલાક ભાઇઓનું એવું માનવું થતું જાય છે કે કોન્ફરન્સ હાલમાં કાંઇ જ કાર્ય કરી શકતી નથી. આ માન્યતા અયોગ્ય છે; કારણ કે કોન્ફરન્સની કેળવણી વિષયક પ્રવૃત્તિ ચાલુ છે તેટલું નહિ પરંતુ દીવસે દીવસ પ્રગતિમાન થતિ જાય છે.

શ્રી જૈન એજ્યુકેશન બોર્ડ જે હાલમાં ધાર્મિક કેળવણીના વિષયોમાં જ રસ લે છે તેની પ્રગતિ સુંદર ગણાય. આખા હિંદુસ્થાનમાં સ્થળે સ્થળે બાળકોની ધાર્મિક અભ્યાસની પરીક્ષા લેવાની વ્યવસ્થા તેમજ સારી રીતે પાસ થનાર વિદ્યાર્થીઓને ઇનામની યોજના વૃદ્ધિ પામતી જાય છે. નવા પરીક્ષા લેવાના મથકોમાં લગભગ ૨૫% નો વધારો તેમજ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓમાં લગભગ ૪૦% નો વધારો થયો છે. તેમજ પાઠશાળાઓ કે જેમાંની મોટા ભાગની પૂરતિ મદદના અભાવે બંધ થવાની તૈયારીમાં હતી તેમને યોગ્ય મદદ આપી ચાલુ રાખવામાં કોન્ફરન્સનો ફાળો નાનોસુનો નથી. આ વિવિધ પ્રવૃત્તિઓ ઐકયના વાતાવરણથી સુધરી શકે તેમ છે. પરંતુ તે સમયની પ્રાપ્તિ પહેલાં પણ આ કામમાં સ્થિરતાથી સુધારો ચાલુ જ છે. આ ઉપરાંત ચાલુ અભ્યાસના પુસ્તકોની જરૂરીયાત અનીવાર્ય હોવાથી પુસ્તકોની સંબંધમાં પણ ઠીક ઠીક વિચારણા ચાલી રહે છે.

આ ઉપરાંત શેઠ કાન્તીલાલની સામાજિક અભ્યાસની યોજનાએ કેળવણીના વિષયમાં મક્કમ પ્રગતિ કરી છે.

હવે શું કરવાનું શકય છે અને શું સુધારા વધારાથી આ યોજનાઓ સમાજને વધુ ફળદાયી નીવડે તે વિચારવાનું રહે છે.

(૧) હિંદુસ્થાનભરમાં આવી રહેલી ધાર્મિક અભ્યાસ કરાવતી પાઠશાળાઓ માટે સર્વમાન્ય અભ્યાસક્રમ.

(૨) તે પાઠશાળાઓના વહીવટ માટે સૂચના આપવા અને તેમના વહીવટ અને અભ્યાસ સામાન્ય ધોરણ ઉપર લાવવા માટે ઇન્સપેકટરોની વ્યવસ્થા.

(૩) વધારે પ્રમાણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે તે માટેની વ્યવસ્થા.

(૪) પાઠશાળાઓને મદદ આપવી તથા જરૂરતની જગ્યાઓએ તેની સ્થાપનાઓ.

(૫) એક આદર્શ પાઠશાળા મુંબઇમાં નભાવવી તે.

(૬) સામાજિક કેળવણીની સંસ્થાઓ ઘણી છે, પરંતુ તેનું સામાન્ય કેન્દ્રસ્થ સ્થાન નહિ હોવાથી એક બીજાની અગવડો તથા પ્રગતિ સંબંધી વિચારોની આપલે કરવા અને સુધારાઓ સામાન્ય દરેક સંસ્થાઓમાં અમલમાં લાવી શકાય તે માટે કોન્ફરન્સ દ્વારા તેનું મધ્યસ્થ મંડળ.

(૭) સામાજિક કેળવણીની પ્રગતિ માટેનો પ્રબંધ.

આ બાબત કેળવણીની થઈ. હવે બીજો પ્રશ્ન બેકારીનો કોન્ફરન્સે હાથ લેવા જેવો છે, તે માટેની વિચારણા કોન્ફરન્સે ઘણીવાર કરી છે અને તે માટેની અમલમાં લાવી શકાય તેવી વ્યવહારૂ યોજનાઓ પણ કોન્ફરન્સ પાસે છે.

તો સર્વે સમાજના સભ્યોના સહકારથી આ બેકારીનો પ્રશ્ન ઘણી સહેલાઇથી આપણે ઉકેલવાની પહેલ કરી શકીએ.

કો-ઓપરેટીવ લેન્ડીંગ સોસાઇટીઓ તેમજ બીજા ઘણા નવા ક્ષેત્રો છે કે જેમાં જૈનો પોતાની બુદ્ધિમતાથી પોતાને તેમજ દેશને લાભ દઈ શકે તેમજ આવા બેકારી જેવા પ્રશ્નોનો પણ ઉકેલ લાવી શકે.

પ્રાણશોષક બદીઓ દૂર થાય, સ્ત્રી વર્ગ સમાન દરજ્જાને પામે, નિરક્ષરતાનો સર્વથા નાશ થાય વિગેરે. આજે આ બધા કાર્યો કોમ કોમના આગેવાનો પોતપોતાની કોમના માણસો પુરતાં સંભાળી લે તો સમગ્ર રાષ્ટ્રકાર્યને કેટલો બધો વેગ મળે? આવા આશય સાથે સંલગ્ન બનેલી કોમી પ્રવૃત્તિ આવકારદાયક બની શકે છે. આજે સુતેલી અને ફરીને જાગ્રતિ શોધતી કોમી પરિષદો આ નવું દૃષ્ટિબિંદુ ગ્રહણ કરે અને પોતાની સર્વ પ્રવૃત્તિને રાષ્ટ્રીય ભાવનાથી રંગી દે અને એ ધોરણે જ પોતપોતાનો કાર્યક્રમ ઘડે એમ આપણે ઇચ્છીએ.

આ સ્થાયી સમિતિના કેટલાક આગેવાનો શ્વે. મૂ. વિભાગમાં પડેલા પક્ષોને એકત્ર બનાવવાની અને એ રીતે મૃતપાય કોન્ફરન્સને સજીવ અને પ્રાણવાન બનાવવાની હીલચાલ કરી રહ્યા છે. ઉભા થયેલા પક્ષો સંધાય અને પરસ્પર એકતા ઉભી થાય એ કોણ ન ઇચ્છે? પણ આજના ઉગ્ર મતભેદોનું પ્રાબલ્ય વિચારતાં આવા પક્ષો વચ્ચે સ્થાયી એકતા શકય કે સંભવિત નથી લાગતી. એમાં પણ જે પક્ષને જ્યાં ત્યાં 'ધર્મ વિરૂદ્ધ'ની ગંધ આવ્યા કરતી હોય અને એવી ગંધ આવતાં ભડકવા અને ભાગવાની ટેવ પડી હોય તે પક્ષને આજના પ્રાગતિક કાળમાં બહુમતી મુજબ નિર્ણયો કરતી અને કાર્ય ચલાવતી પરિષદમાં કેટલું સ્થાન હોઇ શકે એ શંકાસ્પદ છે. આમ છતાં પણ આવી આખી કોમના પ્રતિનિધિત્વનો દાવો કરતી સંસ્થાના આગેવાનોનો ધર્મ છે કે આખી કોમને બને તેટલા એકતાના સૂત્રો વડે સંગઠિત કરવી અને તે દૃષ્ટિએ શકય તેટલી એકતા સાધવાની તેમની પ્રવૃત્તિ આવકારદાયક છે અને તે ખાતર ભિન્ન ભિન્ન પક્ષોએ પોત પોતાના સિદ્ધાન્ત કે સ્વત્વને બાધ ન આવે એવી બાંધ છોડ કરવી એ પણ એટલું જ અપેક્ષિત છે.

પણ આવી એકતાના અભાવે કોન્ફરન્સ ચાલતી નથી અથવા તો આવી એકતા થયા પછી કોન્ફરન્સનું કામ આગળ ધપાવવામાં જરા પણ મુશ્કેલી નહિ આવે આ બન્ને માન્યતાઓ ભૂલ ભરેલી અને ગેરરસ્તે દોરવનારી છે. આજનો કાળ અને વિચારસંઘર્ષણ એવા પ્રકારના છે કે ભિન્ન ભિન્ન આદર્શો ઉપર ઉભા થયેલા વિચારપક્ષો એકત્ર થાય તો પણ કયાં સુધી એક સરખા જોડાયલા રહેશે એ શંકાસ્પદ રહેવાનું જ. રાષ્ટ્રીય મહાસભાનો આજ સુધીનો ઇતિહાસ આ બાબતની સાક્ષી પુરે તેમ છે. એકતા થાય તો ઇષ્ટ અને આવકારદાયક છે; ન થાય અથવા તો ઉભી કરેલી એકતા તુટી પડે તો પણ કોન્ફરન્સનું કામ ચાલવું જ જોઇએ અને જરૂર ચાલે—જો કોન્ફરન્સના કાર્યની પાછળ આખો આત્મા રેડીને અને સમયનો પુષ્કળ ભોગ આપીને સ્થળે સ્થળે ફરનારા પ્રતિષ્ટાપાત્ર કાર્યકર્તાઓ કોન્ફરન્સને મળે તો. ખામી છે ખુબ ભોગ આપીને કાર્ય કરનારાઓની. આગામી સ્થાયી સમિતિની બેઠક જો કોન્ફરન્સને ચિરંજીવી બનાવવા માંગતી હોય તો તેણે આવા કાર્યકર્તાઓ શી રીતે ઉભા કરવા એ જ એક વિચાર કરવો ઘટે છે.

तार:–HINDSANGHA.

* श्री जैन श्वेताम्बर कॉन्फरन्स. *

रेसीडेन्ट जनरल सेक्रेटरीओ:–
मोतीचंद गिरधरलाल कापडीआ.
बी. ए. एल एल. बी. सोलिसिटर.
कांतिलाल इश्वरलाल जे. पी.
शेर अने स्टॉक ब्रोकर.

२०, पायधुनी, मुंबई, ३.
ता० १२ एप्रिल १९४०.

सुज्ञ श्री,

वि. आपणी महासभानी अखिल हिंद स्थायी समितिनी एक बेठक **मुंबई शहेरमां तारीख २७–२८ एप्रिल १९४०** (सं. १९९६ ना चैत्र वद ६–७) **शनि–रविवारे** बोलाववा निर्णय कर्यो छे ते आपने सहर्ष विदित करीए छीए.

आपने सुविदित हशे के जैन समाज अत्यारे भारे कटोकटीना समयमांथी पसार थाय छे: एनी आर्थिक स्थिति विकट थती जाय छे, एनो व्यापारो परनो काबू ढीलो पडतो जाय छे, राजकीय वातावरणमां एनुं स्थान उतरतुं जतु देखाय छे, जीवनकलह उग्र बनतो जाय छे अने धर्मभावना ओसरती जाय छे, अने चिरकालना स्थापित हको पर त्राप पडती जाय छे. आवी विषम परिस्थितिमां आंतरकलह भारे विषम घटना उत्पन्न करे छे, अर्थ वगरना परिणामशून्य कलहो गामे गाम अने घेरे घेर विसंवाद उत्पन्न करी रह्या छे अने जैनोनो सामाजिक ह्रास थतो दीर्घदृष्टाओनी नजरे चढे छे.

सांसारिक, राजकीय, आर्थिक, नैतिक अने धार्मिक क्षेत्रोनी जे वखते खूब संभाळ राखवी जोइए, यारे आपणे तो सामाजिक रीते एकठा मली आपणी स्थिति पर विचार पण करी शकता नथी अने तेवा संरक्षण माटेनी गोठवणो करवा प्रयत्न करवामां आवे छे ते पण निराशामां परिणमे छे. आवा कटोकटीना सजोगोमां सर्व दिशाथी विचार करवो घटे छे. आपणी महासभानुं नाव भरदरिये झोला खाय छे. आ स्थिति वधारे वखत लंबाय तो परिणामे आपणी पासे छे ते पण गुमावी बेसीए. एटले आपणे एकठा मलीने आपणी महासभानो तात्कालीन कार्यक्रम गोठववो घटे अथवा एनी भविष्यनी कार्यरेखा आलेखी एनी अतिम कार्य दिशा निश्चित करवी घटे.

एटला माटे आपणे सर्व प्रकारनी चर्चा करी आपणी (मूर्तिपूजक) जैन श्वेतांबर महासभानी कार्य दिशा निश्चित करीए. आप तेटला माटे मुंबई शहेरमां उपर जणावेली तारीख पहेला जरुर पधारशो. सामाजिक कार्योमां सर्वना एक सरखा सहकारनी जरुर छे अने विचारणाने परिणामे सारा भावीनी आशा जरुर रहे छे.

आ आमंत्रणने खास महत्वनुं समजी आपणा समाजना अगत्यना भावीनिर्णयमां आपनो सहकार जरुर आपशो एवो अमारो आग्रह छे. आपनो सत्कार करवा अत्रेनी कार्यवाहक समिति उत्सुक छे. आप जरुर पधारशो अने आवी महत्वनी विचारणामां आपनो फाळो आपशो. आपना आगमननी उत्कण्ठाथी प्रतीक्षा करीए छीए. स्वीकारनो पत्र जरुर लखी अमने हर्षित करशो.

—: कार्यक्रम. :—

शनीवार, ता० २७–४–४० टाइम बपोरना स्टां. टा. २॥ थी ५॥

(१) प्रमुखनी चुंटणी.
(२) स्थानिक महामंत्रीओनुं निवेदन.
(३) प्रमुखनुं भाषण.

रात्रे स्टां. टा. ८॥

(१) स्थायी समितिना सभ्योनी सभा अने समाजना ऐक्य तथा महासभानी परिस्थिति इत्यादि रजु थता कार्यक्रमनी विचारणा तथा निर्णय.

रवीवार, ता० २८–४–४० टाईम बपोरना स्टां. टा. १॥ थी ५॥

(१) आगली रातनी स्थायी समितिए नक्की करेल कार्यक्रम.

लि० सेवको,

मोतीचंद गिरधरलाल कापडीआ

कांतिलाल. ईश्वरलाल.

रेसीडेन्ट जनरल सेक्रेटरीओ.
श्री जैन श्वेताम्बर कॉन्फरन्स.

नोट:-(ए.) सभा स्थळ हवे पछी जणाववामां आवशे.
(बी.) आप कोन्फरन्सने उतारे उतरवाना छो के खानगी उतारे तें जणावशो.
(सी.) बिस्तरो साथे लाववा कृपा करशो.

હિંદની સેવામાં જૈન કઇ રીતે ભાગ લઇ શકે?

'હિન્દની સેવામાં જૈન કઇ રીતે ભાગ લઈ શકે' એ મારે બતાવવું એમ પ્રમુખે (શ્રી કસ્તુરભાઇ લાલભાઇ) સુચવ્યું છે; તો હું કહું છું કે આપણે સૌએ પોતપોતાની દૃષ્ટિએ પોતપોતાનો ધર્મ સંપૂર્ણ પાળીએ તો જરૂર હિન્દની સેવા થશે પણ તે સામાન્ય વાત નથી; પણ ધર્મ કોને કહીયે?

ધર્મના બે ભાગ છે. ૧ લો તો બધા ધર્મોને સામાન્ય એવા નિયમો છે, અને બીજો ભાગ તે સર્વ સામાન્ય સિદ્ધાન્તોને ખીલવવા માટે આચારો મૂકવામાં આવ્યા છે તે અને તેને અંગે વિચારો ઘડવામાં આવ્યા છે તે.

મુસલમાનને માટે એક વાત ખાસ માન્ય કહેવાતી હોય તે હિન્દુને ગમતી ન હોય છતાં આપણે માટે અને તેમને માટે સર્વમાન્ય જે સિદ્ધાંતો છે તેનું તો બન્નેએ પાલન કરવું જોઇએ; આથી આપણે આપણો ધર્મ શોભાવી શકીએ. જો તેમ ન કરીએ તો પ્રત્યેક ધર્મની વિશેષતા બંધનરૂપ થઇ પડે છે, અને એવી વિશેષતા સશાસ્ત્ર હોય તોય, કાંતો શાસ્ત્ર ખોટું હોય યાતો તે શાસ્ત્રનો જે અર્થ કરતા હોઇએ તે બરાબર કર્યો ન હોય યા સમજતા ન હોઇએ.

× × × અહિંસા તમારો ધર્મ છે, તમારૂં કર્તવ્ય છે, તે મોક્ષનું દ્વાર છે. મુસલમાનોને દુભવીને હું સુખી થવા ઇચ્છું તો અધર્મ છે. અહિંસા પાળનાર મુસલમાનને ને હિન્દુને એક સમાન ગણે.

—મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી.

× × × × × ×

કૉન્ફરન્સ શું છે?

"કોન્ફરન્સ એ સમુદાયનું એકત્ર થયેલું મંડળ છે અને તેનો મુખ્ય હેતુ છુટી છુટી શક્તિને એકત્ર કરવાનો જ છે, ચાલુ જમાનામાં આપણી કોમ પોતાની સંસારિક, શારિરીક, નૈતિક, માનસિક, રાજકીય અને ધાર્મિક ઉન્નતિના ક્રમમાં જે સ્થિતિએ આવી ગઇ છે, તેમાંથી તેનો ઉદ્ધાર કરવો એ કોન્ફરન્સનો મુખ્ય હેતુ છે, અને આ પ્રમાણે થવા માટે એક હાથે જેવી રીતે તાળી પાડી શકાય નહિં તેવી રીતે ગમે તેવા પરાક્રમી, ધનાઢય અગર બુદ્ધિશાળી મનુષ્યથી સમુદાયની મદદ સિવાય કોઇ પણ કામ પાર પાડી શકે નહિં કેમકે એકત્ર બળ, સંપ અને પરસ્પર સદ્‌ભાવ થવા માટે કોન્ફરન્સો કરવાની ખાસ આવશ્યકતા છે."

—વીરચંદ દીપચંદ સી. આઇ, ઇ; જે. પી.

× × × × × ×

"હાલના જમાનાની પ્રવૃત્તિ જોતાં આપણી કોમને કોન્ફરન્સ વગર ચાલે તેમ નથી. કોન્ફરન્સથી જૈન કોમની છુટી છવાઈ નાની નાની ન્યાતો, તેના મંડળો અને સંઘોનો સમૂહ મજબુતાઇથી એક થયેલો જોઇ શકાય છે, અને આગળ વધીને એટલે સુધી પણ કહી શકાશે કે **કોન્ફરન્સ એ જૈન કોમનું જીવનબળ છે.** કોમની અંદર જે અનહદ શક્તિ, ગૌરવ, સામાજિક બળ અને પ્રગતિનો જુસ્સો આવી રહેલાં છે તે દર્શાવનારી સંસ્થા છે. તે જૈન કોમના ઉત્તમ વિચારો, ઉત્તમ કેળવણી, સામાજિક સુધારો અને અનહદ ધર્મજ્ઞાન પ્રવર્તાવનાર મંડળ છે. જે કોમ આગળ વધવાનો દાવો કરે અગર તો આગળ વધવાના પ્રયત્નો કરે તેને આવી સંસ્થાની ખાસ જરૂર છે."

—ડૉ. બાલાભાઇ મગનલાલ નાણાવટી. એલ. એમ. એન્ડ એસ.

× × × × × ×

સંપ અને સેવાભાવ વગર એક પણ કાર્ય પાર પાડવું અશકય છે.

"આજે આખી દુનિયામાં જય પિપાસાની આગ સળગી ઉઠી છે આપણી જન્મભૂમિએ સેંકડો વર્ષની પરાજીત મનોદશાને દેશવટો દઇ સ્વતંત્રતાનું ધ્યેય જાહેર કર્યું છે. આપણા જૈન સમાજમાં પણ યુવક વર્ગમાંજ માત્ર નહિં પણ પુરાણપ્રેમી વર્ગમાં પણ લાંબો વખત મૂતેલી વિચાર શક્તિ અને ક્રિયાશક્તિ ફૂદકા મારવા લાગી છે 'થાય તે થવા દેવું' 'ઘર સાચવીને બેસી રહેવું' એવી જે ભાવનાના પાશમાં દેશ અને સમાજ જકડાયા હતા તે ભાવના હવે શીથીલ થવા લાગી છે. ટુંકમાં કહું તો આજે આપણી આસપાસ "જીવતું વાતાવરણ" ઉત્પન્ન થઇ ચુકયું છે.

કરવા જેવાં અતિ અગત્યનાં કામો તો ઘણાંએ છે, પણ સંપ અને સેવાભાવ વગર એક પણ કાર્ય પાર પાડવું અશકય છે. ફક્ત સાધુઓજ એક સંપી કહે તો આખો સમાજ પુનર્જન્મ પામે. સાધુઓ, વિદ્વાનો, શ્રીમંતો અને સ્વયંસેવકો, એ સર્વનો સહકાર હોય તો આપણા-દેશનું કલ્યાણ સાધી શકે.

શ્રીમંતોને અરજ કરીશ કે દાન કરો તો જોડવાના કામમાં કરજો, તોડવાના નહિ.

—રાવસાહેબ રવજી સોજપાળ જે. પી.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ"-"HINDSANGHA."

Regd. No. B 1996

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

The Jain Yuga.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર]

તંત્રી:-મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:-રૂપીઆ બે.

છુટક નકલ:-દોઢ આનો.

નવું વર્ષ ૬ ઠું. | સોમવાર તા૦ ૧ લી એપ્રીલ ૧૯૪૦ | અંક ૯ મો.

કૉન્ફરન્સની જરૂરિયાત.

શેઠ કસ્તુરભાઇ લાલભાઇના મનનિય ઉદ્‌ગારો.

"આપ સૌને વિદિત હશે કે જૈન સમુદાયના જૂદા જૂદા ગામના સંઘના આગેવાનોની એક સભા સને ૧૮૮૦ માં અમદાવાદમાં મ્હારી જાણ પ્રમાણે પ્રથમ મળી હતી. વખત જતાં આવા સંમેલનની ઉપયોગિતા જણાઇ-અને સને ૧૯૦૨ ની સાલમાં ફલોધી ખાતે તેની પહેલી બેઠક થઇ, અને તે કૉન્ફરન્સમાં તીર્થના તેમજ કોમ ઉન્નતિના પ્રશ્નો હાથ પર ધરવામાં આવ્યા; અને ત્યારપછીની કૉન્ફરન્સની જુદી જુદી બેઠકોમાં કામકાજ તેની અગત્યતા પૂરતી રીતે સાબીત કરે છે. × × × × આવે વખતે આપણી છુટી છવાયલી જ્ઞાતના મંડળો અને સંઘોને એકત્ર કરવા, અને આપણામાં પ્રગતિ અને કર્તવ્યનો જુસ્સો રેડવા, **કૉન્ફરન્સ એ આપણું અંગજ બનવી જોઇએ.** આપણી કોમની ઉન્નતિના કામમાં સ્વાર્થ-ત્યાગી માણસો છે પણ તેમની મદદે સમસ્ત કોમ ન હોય તો તેમનું કામ સહેલાઇથી અને સરળતાથી થવું સંભવિત નથી. **તેથીજ કોમના અભ્યુદયના ઉત્તમ વિચાર આપણી સમક્ષ રજુ કરી, તેને વ્યવહારૂ રૂપમાં મૂકવા કોન્ફરન્સની ખાસ જરૂર છે.** ટુંકાણમાં કૉન્ફરન્સ કોમના જીવનનું અને કર્તવ્યનું સાધન હોઇ નિયમિત રીતે ઓછા ખર્ચે મળવી જોઇએ અને જૈન ભાઇઓને તે તેમની સામાજિક, ધાર્મિક નૈતિક સ્થિતિ સુધારવામાં જેટલી વધુ ઉપયોગી થઇ પડે તેટલાજ પ્રમાણમાં આપણી કાર્ય નિપુણતા અને કર્તવ્ય શક્તિનું માપ નીકળી શકે."

[કન્વેન્શન, ૧૯૨૫]

ઐક્યની પરમાવશ્યકતા.

× × × "ખાસ દુઃખનો એ વિષય છે કે આવા કટોકટીના મામલામાં જ્યારે આખી કોમે એક દીલે, એક સાથે એકતા-પૂર્વક ઉભા રહેવું જોઇએ ત્યારે પણ અણસમજુ કલહપ્રિય મનુષ્યો કચવાટ ઉભો થઇ આવે તેવી ખ્યાલી બાબતો રજુ કરે છે. હું સ્થાનિક તેમજ પરદેશના ઘણા વિચારક આગે-વાનોના સંબંધમાં આવ્યો છું હું તો અત્યારે ઐક્યનું વાતાવરણ અવલોકી રહ્યો છું અને જ્યાં જ્યાં ત્યાં સંપ અને એકદીલી સર્વત્ર જોઇ રહ્યો છું, અને ખરા જૈન હૃદયમાં અત્યારે સત્તા પ્રાપ્તી કે સત્તા આક્ષેપનો ખ્યાલ કેમ હોય! અત્યારે તો પોતાની જાતને ભૂલી જઇ કોમના મહા વિકટ પ્રસંગમાં હાથે હાથ મેળવવાની જ વાત હોય. બીજો વિચાર ખોટો છે, કારણ વગરનો છે અને અત્યંત વિઘાતક છે.

અત્યારે સ્થાનિક કે કોમીક, ગચ્છના કે જ્ઞાતિના ભેદો વિસારી ધનવાનોએ અને મધ્યમ જનોએ, વિદ્વાનોએ અને અલ્પાભ્યાસીઓએ હાથ મેળવવાનો પ્રસંગ છે. દીર્ઘ વિચાર કરી કોમના નાવને માર્ગે ચડાવી કાંઠે લઇ આવવાનું છે અને એ વખતે અન્ય હકીકત મનપર લાવવી એ અધર્મ ગણાય. પૂર્વકાળને જતો કરો, થયેલી ભૂલો વિસારી દો, ગત્ સ્ખલ-નાઓ વિસરો અને કાંઈક કરો અને નહિં તો હંમેશને માટે કોમના હિતનો વિચાર મૂકી દો."

—સદ્‌ગત શેઠ દેવકરણ મૂળજી.

[કન્વેન્શન, ૧૯૨૫]

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧-૪-૪૦. સોમવાર.

ભૂમિકા શુદ્ધિની જરૂર.

જે તબકકે આજે આપણે આવીને ઉભા છીએ એ વેળા માત્ર એકજ જરૂરીયાત છે અને તે હૃદય ભૂમિકાની શુદ્ધિની. ગમે તેવો કુશળ કળાકાર કે નામાંકિત ચિત્રકાર, જ્યાં સુધી જે પટપર કળા દર્શાવવાની હોય કે જે દિવાળ પર ચિત્રનું આલેખન કરવાનું હોય, તે શુદ્ધ ને સ્વચ્છ ન હોય ત્યાં સુધી પોતાની આવડતનું સુંદર પ્રદર્શન કરી શકતો નથી; કેમકે એને પાકી ખાત્રી હોય છે કે ભૂમિકાની મલીનતા એના સર્વ પ્રયાસ પર પાણી ફેરવી વાળશે.

રામગઢ અધિવેશનમાં મહાત્મા ગાંધીજીએ જે શબ્દો કહ્યા છે એમાંથી પણ આજ ધ્વનિ નિકળે છે. દેશ આખરી સંગ્રામમાં જંપલાવે તે પૂર્વે અહિંસા અને સત્ય પ્રત્યેકના હૃદયમાં કેટલી હદે પચી ગયા છે એનો કયાસ કાઢવાની સૌ કરતાં પહેલી અગત્ય છે.

જૈન સિધ્ધાંતકારોએ અંતર શુદ્ધિની આવશ્યકતા પ્રત્યેક કરણીમાં સ્વીકારી છે. એ વાતથી ભાગ્યેજ કોઇ જૈન સંતાન અજ્ઞાત હશે. જો આજે બીજી-ત્રીજી વાતો ઘડીભર બાજુએ રાખી, સર્વ લક્ષ્ય આ વાત પર કેંદ્રિત કરવામાં આવે તો જે ઐકયની ઝાંખી સરખી પણ નથી થતી અને જ્યાં કેવળ વારેકવારે મત ભિન્નતાના જ દર્શન થયાં કરે છે; અરે જાતજાતના મંતવ્યો અને એ પાછળ જૂદા જૂદા સુર સંભળાય છે-એ સર્વ આપો-આપ શમી જાય. અપેક્ષા ધ્યાનમાં રાખી પ્રત્યેક તત્વનું તોલન કરનાર જિજ્ઞાસુ જેમ સર્વત્ર મળતાપણું નિરખે છે અને સુખેથી સમન્વય કરે છે તેમ નિર્મળ હૃદય બનાવીને-અખિલ સમાજના શ્રેયનો મુદ્દો નજર સન્મુજ રાખીને-કામ ઉપાડનાર નેતા અવશ્ય ઐકયતા સાધી શકે છે.

જૈન સમાજના ગમે તે વર્તુળમાં વહેંચાયેલા-ગમે તે લેબલથી ઓળખાતા દરેક સેવાભાવી અને સમાજના કલ્યાણવાંછુ આત્માને આ વાત લાગુ પડે છે એટલું જ નહિં પણ એ દ્રષ્ટિએ પોતાની કાર્યવાહી નિયત કરવાની મર્યાદા-દોરી બતાવે છે. સેવકોએ એ માર્ગે પળવાની પળ આવી છે.

આજે યુરોપમાં જે ભીષણ સંગ્રામ ચાલી રહ્યો છે એ તરફ જેમ ભારત વર્ષ બેદરકાર ન રહી શકે, તેમ એ હિંદ-દેશમાં વસતી નાની મોટી દરેક પ્રજા પણ દુર્લક્ષ્ય ન દાખવી શકે. પરિવર્તન ને ક્રાન્તિની જે છોળો ઉછલી રહી છે એના છાંટા સર્વને ઓછાવત્તા પ્રમાણમાં લાગવાના છે. એ સારૂ વેર વિખેર દશામાં કે ભિન્ન ભિન્ન છાવણીઓમાં વહેંચાઇને ઉભવામાં કેવળ હાનિ છે. સંગઠિત સમાજરૂપે, સમગ્ર શક્તિ સંચીત કરી એક અવાજે આપણા હક્કોના સંરક્ષણની વાત રજુ કરવાની તાકાત હશે, તોજ પ્રાપ્ત થયેલ સાચવી રાખવાની અને વધુ કંઇપણ મેળવવાની આશા છે. એટલેજ આ વિષમ પળે અમારી તો એ હાકલ છે કે જ્યારે ઓલ ઇન્ડીયા સ્ટેન્ડિંગ કમીટીની બેઠકના ઢોલ વાગી રહ્યા છે અને એ પ્રસંગે ભાવિ અધિવેશનનું મૂહૂર્ત નક્કી થવાનું છે, ત્યારે દરેક કાર્યકરે નિર્મળ વૃત્તિથી પોતે સમાજનો નેતા કે આગેવાન છે અથવા તો અમૂક સિદ્ધાંતને વર્યો છે એવા અહંભાવથી નહિં, પણ પોતે સમાજના એક નાનકડા અંગરૂપે હોઇ, બાંધછોડની દ્રષ્ટિથી સમાજનું શ્રેય સધાતું હોય તો એ સાધવાની તમન્નાથી જે યત્ન આરંભાયો હોય તેમાં સાથ આપવાની ફરજ છે અને એજ સેવા કરવાની સાચી રીત છે એમ માનીને સંપૂર્ણ સહકાર અપાય તોજ કાર્યસિદ્ધિ છે.

સમાજ સામે ભલે ને પ્રશ્નોની હારમાળા હોય! વળી એ પરના મતમતાંતર પણ ઓછા ન હોય! છતાં જેનામાં સમન્વય કરવાની વૃત્તિ જોર કરતી હોય છે અને જેનામાં પ્રેમભાવે કંઇ કાર્ય કરવાની તમન્ના થનગનતી હોય છે એ સાંધવામાં જ ઉલટ લે છે. વાડાબંધી કે અલાયદા ચોકા એને આનંદ આપી શકતા નથી જ. જેના અંતરમાં ઉપર વર્ણવ્યો એવો પ્રેમરસ ઉભરાતો હોય છે એની આગળ મોટા હિમાલય પહાડ જેવા અવરોધો પણ નશ્વરતા પામી જાય છે ત્યાં દીક્ષા જેવા નાનકડા સવાલની તે·શી ગુંજાશ?

દીક્ષાને પવિત્ર વસ્તુ માનનાર અને એની અગત્ય પૂર્ણપણે સ્વીકારનાર વર્ગો એ ચીજ આપવા લેવાના માર્ગોની ભિન્નતા પર મહાભારત ઉભું નજ કરી શકે. જે સમયે ભિન્ન સંસ્કૃતિધારી પ્રજાઓ એકતા સાધવાનો શંખ ફુંકતી હોય તે વેળા એકજ ધર્મને વરેલા અને અહર્નિશ એકજ સંસ્કૃતિનું પાન કરનાર બંધુઓ અન્ય પ્રસંગોમાં પરસ્પર છુટથી હળતા મળતા ને વ્યવહારિક કાર્યો સાધતાં હોવા છતાં કેવળ ધર્મના નામે ઉભી કરેલી આડને આગળ ધરી સમાજના જરૂરી કાર્યોના ઉકેલ સામે કયાં સુધી આંખમીચામણા કર્યા કરશે?

A good name—The way to gain a good reputation is to endeavour to be what you desire to appear. —Socrates.

"સારૂં નામ"—સારી નામના મેળવવાનો એજ રસ્તો છે કે જેવા દેખાવાને માગતા હોઇએ તેવા બનવાને યત્ન કરવો.

વિશિષ્ટતા.

સંસારના પ્રત્યેક માનવમાં કંઇકને કંઇક વિશિષ્ટતા રહેલી હોય જ છે. મનુષ્ય સ્વભાવ જ એવો છે કે દરેક માણસ કમમાં કમ એવા ગુણથી યુક્ત હોય છે કે, જે ગુણ બીજામાં ઓછો દેખાય અથવા ન દેખાય. હજારો દુર્ગુણોથી ભરેલા માણસોમાં પણ કંઇક તો ગુણ હોયજ છે. કોઇમાં વિદ્વત્તા હોય છે, તો કોઇમાં સદાચરણ હોય છે; કોઇના મુખમાં મીઠાશ હોય છે, તો કોઇ કાર્ય કુશળ હોય છે; કોઇમાં સેવાભાવ હોય છે, તો કોઇમાં ધાર્મિક વૃત્તિ હોય છે; કોઇમાં પ્રમાણિકતા વિશેષ દેખાય છે તો કોઇમાં ઓજસ્વિતા હોય છે; કોઇ સંસારમાં રહેવા છતાં વૈરાગી-ઉદાસીન હોય છે, તો કોઇ સત્યવાદી હોય છે; કોઇમાં વકતૃત્વનો ગુણ હોય છે, તો કોઇ લેખક હોય છે, કોઇ કવિ હોય છે, તો કોઈ ગ્રંથકાર હોય છે, કોઇ અર્થ શાસ્ત્રી હોય છે, તો કોઇ વિજ્ઞાની હોય છે, કોઇમાં સંગીતકળાની સ્વાભાવિકતા હોય છે, તો કોઇ નૃત્યકાર હોય છે; કોઇનું ભેજું ગણિતમાં આરપાર ઉતરી જાય છે, તો કોઇ આકાશના તારાઓને આંગળીઓના વેઢ ઉપર રમાડે છે, કોઈ અભિનયમાં કુશળ છે, તો કોઈ જાદુના ઝપાટા લગાવે છે. આમ માનવ સમૂહમાં જુદી જુદી શક્તિઓ અને જુદા જુદા ગુણોને ધારણ કરનારી વ્યક્તિઓ આપણી આંખ સ્હામે આવીને ઉભી રહે છે.

(મુનિશ્રી વિદ્યાવિજયજીની સિંધ યાત્રામાંથી)

૬૪	ભગવાનદાસ મણીલાલ શાંહ	પાલેજ	૩૫
૬૫	મોહનલાલ જુહારમલજી જૈન	સાદડી	૩૫
૬૬	મિશ્રીમલ કેશ્રીમલજી પાવેચા	રતલામ	૩૪
૬૭	શાંતિલાલ વાડીલાલ શાહ	અમદાવાદ	૩૩

પુરૂષ ધોરણ ૩ જું.

પરીક્ષકઃ—**શ્રી. માવજી દામજી શાહ, મુંબઇ.**

(બેઠા ૬, બધા પાસ)

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ રૂા.
૧	જમનાદાસ ગોકળદાસ દક્કર (ગં. જૈ. પા.)	ભાવનગર	૮૦	૧૮-૦-૦
૨	કાંતિલાલ જગજીવન દોસી (ગં. જૈ. પા.)	ભાવનગર	૭૬	૧૪-૦-૦
૩	ભાઇચંદ લલ્લુભાઇ શાહ (જૈ. વિ. આશ્રમ)	સુરત	૭૬	૧૦-૦-૦
૪	દલીચંદ મોહનલાલ શાહ (ગં. જૈ. પા.)	ભાવનગર	૬૬	૮-૦-૦
૫	ગોબર રવજી મહેતા	મુંબઇ	૩૩	
૬	વીરચંદ ભાઇચંદ શાહ	અમદાવાદ	૩૩	

(શ્રી જૈન શ્વે. મૂ. બોર્ડિંગ)

સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૪ વિષય 'પ્રાકૃત'

પરીક્ષકઃ—**શ્રી. હરગોવિંદદાસ રામજી શાહ, મુંબઇ.**

(બેઠા ૨, પાસ બે)

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ રૂા.
૧	સત્યવતી જમનાદાસ ઝવેરી	મુંબઇ	૭૬	૨૫-૦-૦
૨	શારદા કુલચંદભાઇ	અમદાવાદ	૬૦	૧૫-૦-૦

(દ. મ. શારદા ભુવન)

જોધપુર રાજ્યમાં તેરાપંથી સાધુઓને કોર્ટમાં હાજરી આપવામાંથી મુક્તિ.

Umedpur, 25-3-40

The Editor,

Shri Jain Yuga, Bombay.

Dear Sir,

His Highness the Maharajasaheb Bahadur of Jodhpur has been graciously pleased to issue a Farman for exemption of the Terapanthi Jain Sadhus from Court attendance.

The Farman is published on page 630 of volume 75, No. 24 of the Jodhpur Government Gazette dated Saturday 27th January 1940 over the signature of Sir Donald Field kt. C. I. E. Chief Minister of Jodhpur as under :-

ORDER

Dated Jodhpur the 25th January 1940, No. 5062.

It is hereby ordered for the guidance of all Civil, Criminal and Revenue Courts that no recognised Terapanthi Sadhu or Sadhvi shall be arrested or summoned as a witness, nor shall any commission be issued for recording their evidence except with the previous sanction of the Chief Minister. These Sadhus own no property, have no permanent place of residence, take no interest in mundana affairs and are precluded by the tenets of their religion from giving evidence or otherwise taking part in any judicial proceedings. No useful purpose therefore would be served by calling upon them to give evidence either personally or throuth Commission, nor should any necessity ordinarily arise to summon them in Court as accused, so long as they adhere strictly to their present outlook and mode of living.

Yours faithfully,
G. C. DHADDA.

જૈન યુગનો ખાસ અંક.

એપ્રીલ મહીનાની તા. ૨૭ મી તથા ૨૮ મીએ મુંબઇમાં ઓલ ઇન્ડીયા સ્ટેન્ડિંગ કમીટીની બેઠક મળે છે, તે પ્રસંગે ઉપયોગી વિચારણાઓ થઇ શકે એ હેતુથી એપ્રીલની તા. ૧૬ મીનો જૈન યુગ નો અંક ખાસ અંક તરીકે કાઢવામાં આવશે. આ અંકને જૈન કોમના આગેવાન વિદ્વાનો તથા અનુભવી કાર્યકર્તાઓની કલમે લખાયેલા, અનેક વિચારણીય દૃષ્ટિબિન્દુઓ રજુ કરતાં લેખોની સામગ્રીથી ભરપૂર બનાવવામાં આવશે.

—જૈન યુગ સમિતિ.

श्री सम्मेत शिखरजीकी

मेरी यात्रा

और उस संबंधि कतिपय विचार.

(लेखकः—सुंदरलालजी जैन.)

(गतांकसे चालु)

यहां पांच पहाडियां है जिन पर मन्दिर चरण पादुका बने हैं. दो दिनमें आराम से ५ पहाडों की यात्रा हो जाती है। करनेवाले एक दिनमें भी करते हैं। समयका पता यहीं लगता है कहां श्रेणिक राजाकी जाहोजलाली-कहां आजकी राजगृही। मुनिसुव्रतस्वामी के चार कल्याणक यहां है. अहिंसा के अवतार श्री वीर प्रभुने १४ चौमासे इसी विशाल नगरीमें किये थे पर आज इसी विशाल नगरीमें चंद झोंपडों के सिवाय कुछभी नहीं। यहां खुदाईका काम हो तो बहुत कुछ प्राचीन अवशेष अभी निकल सकते हैं। जैनों के धनी मानी सज्जनों को चाहिये इस ओर लक्ष्य दें, ताकि इस विशाल धर्म के इतिहास का सुवर्ण युग आजभी संसार के सामने आ जावे। पांच पहाडों के नामः—विपुलगिरि, रत्नगिरी, उदयगिरी, सुवर्णगिरी और वैभारगिरी। वैभारगिरि पर खोद काम से कुछ जैन, वैष्णव मूर्तियें मिली है जो कुछ तो वहीं रखी हैं ओर कुछ नालंदा चली गई प्रतीत होती है। मूर्तियां बडी प्राचीन है। कइ मूर्तियों में स्पष्ट सिर के बाल है। कइ पर विजोरा हाथ में है। कइ पर नग्नत्व को ढांकने के लिये कपडे का पूरा निशान हैं। कइयों के शिर की आकृति भी भिन्न प्रकार की है। मुझे तो यही प्रतीत होता है कि यह बहूत पुराने जमाने की मूर्तियें है। पूरा शोधखोल होनेसे ही ठीक पत्ता चल सकता है। राजगृही में शालिभद्र शेठ की त्रिर्माल्यक हुआ तथा श्रेणिक राजाका भंडार की दिवाल खुदाइ से निकली है। राजग्रही में प्रबन्ध अच्छा है। धर्मशाला में सब प्रकारका आराम है। राजगृही से ही मोटर करके हम कुंडलपूर दर्शन करते हुवे सीधे श्री वीर प्रभु की पुण्यमयी निर्वाण भूमि पावापुरी पहुंच गये। कुंडलपुर में मंदिर धर्मशाला है। श्री गौतम स्वामी की जन्म भूमि है। पास ही नालंदा की खुदाई मेंसे निकले अवशेष हैं। पावापुरी में जल मन्दिर की भव्यता देखकर मनुष्य कितना भी उदास हो एक बार तो उस वीर प्रभु की इस पुण्यमयी निर्वाण भूमि को स्पर्शकर पुलकित हो जावेगा। मुझे तो पावापुरी में इतना आनंद आया कि शायद किसी भी तीर्थ पर नहीं आया होगा। जिसे अपनी आत्मा को उच्च बनाना है उसे ऐसी पवित्र भूमि में होकर प्रभु के चरणों में बेठ जाना चाहिये। यहां ध्यान में कितना आनंद आता है वर्णन नहीं किया जा सकता। मंदिर की व्यवस्था बहुत अच्छी है। कर्मचारी लोग पूरी सेवा करते हैं। मुझे तो यह पूर्ण विश्वास हो चुका है कि जैन इतिहास में अगर कोई पुण्यभूमि है तो यही पावापुरी है। ओर मेरा तो हरएक जैन से अनुरोध है कि अगर वह अपने जीवन को सफल बनाना चाहते हैं तो अवश्य ही जीवन में एक बार इस पुण्य भूमि का स्पर्श कर उस वीर परमात्मा की विभूति को अपनाऐं। जल मन्दिरमें प्रभुका संस्कार हुआ है। यहां के चरण अत्यन्त जीर्णावस्थामें है। व्यवस्थापकों को चाहिये कि अब इन चरणों पर केसर न चढाने दें अन्यथा यह प्राचीन चिन्ह भी नाम शेष हो जावेगा। जो लोग मूर्ति पूजा को जैनों में नई चली मानते हैं उन्हे एक बार इधर आ कर अपने भ्रम को मिटा लेना चाहिये। गांवमें विशाल मन्दिरमें प्रभु की निवार्ण भूमि हैं। व्यवस्थापकों को चाहिये कि वीर प्रभु के जीवन की लीलाऐं जल मन्दिर में चित्रित कर दें ताकि हरएक दर्शक के दिलमें उस संसार के आदर्श स्वरूप महान विभूतिका वास्तविक चित्र हृदय पर अंकुरित हो जावे। मेरे पास तो इतनी शक्ति नहीं जो मैं इस पुण्य भूमिका वर्णन कर सकुं। मेरे हृदय पर इस पुण्य भूमिका अद्भुत प्रभाव हुआ है। पावापुरी से मोटर करके हम लोग गुणायाजी (जो कि लब्धि संपन्न श्री गौतम प्रभु की केवल ज्ञान भूमि है) गये। भव्य मन्दिर धर्मशाला है। वहांसे सीधा हम लोग लच्छवाड चले गये। लच्छवाड में मन्दिर धर्मशाला जीर्णावस्था में है। ऐसा मालूम देता है व्यवस्थापक कभी अपनी आंखों से देखने भी नहीं आते।

(अपूर्ण.)

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

≠ નોંધ અને ચર્ચા. ≠

શ્રીમંતાઈ દોષ પાત્ર છે?

જૈન સમાજની સંસ્થાઓમાં જે નિષ્ક્રિયતા દ્રષ્ટિગોચર થાય છે એના દોષારોપણનો ટોપલો કેવળ ધનિકોના શીરે ઠાલવવો એ યુક્તિશૂન્યને ગેરવ્યાજબી છે. કર્મવાદની થિયરી જાણનાર કોઈ પણ જૈન આ જાતનો એકાંત પકડી શકે નહીં. અલબત એ વાત સાચી છે કે પૈસાના જોરે સંસ્થાઓમાં શ્રીમંત વર્ગનું પ્રાબલ્ય વધુ હોય છે અને તે માત્ર જૈન સમાજમાંજ દ્રષ્ટિગોચર થાય છે એવું કંઈ નથી વળી દ્રવ્યના દાન દ્વારા કીર્તિ અને અધિકાર પ્રાપ્તિ એ કંઇ તિરસ્કરણીય બાબત પણ નથી. રિદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ એ પૂર્વભવની પુન્યકરણીના ફળ રૂપે ગણાય છે એટલે આમ જનતા શ્રીમંત ગ્રહસ્થ પ્રતિ સહજપણે બહુમાનની નજરે જુએ છે. એમાં પણ જ્યાં મમ્મણ શેઠની કૃપણતાને સ્થાને જગડુશાની ઉદારતા દેખાય ત્યાં મોટા ભાગનું આકર્ષણ સવિશેષ હોય એ સમજાય તેવી વાત છે. જૈન ધર્મી શ્રીમંતોની દાન દિશા માટે કદાચ એમત સંભવે પણ એમની દેવાની શક્તિ માટે ભાગ્યેજ એમત હોય. એટલે સંસ્થાઓની કાર્યવાહીમાં એમનું સ્થાન જે દ્રષ્ટિએ છે એ તરફ જો લક્ષ આપીએ તો નિષ્ક્રિયતા માટે તેમને એકલાને જવાબદાર નજ લેખી શકાય. હજુન્ એ માટે જેઓ ચાલુ યુગની કેળવણી પામેલા હોઇ, અન્ય સંસ્થાઓના કામો કેવી સુંદર પદ્ધતિએ ચાલે છે એના અભ્યાસી હોઇ, માત્ર પોતાના જ્ઞાનનો ઉપયોગ કેવલ વિવિધરંગી યોજનાઓ ઘડવામાંજ કરે છે અને એ પાર ઉતારવાની ફરજ કોઈ અન્ય વર્ગની છે એમ સમજે છે તેવાને જવાબદાર ગણી શકાય. પણ એ બધા કરતાં ઉડીને આંખે વળગે તેવી ઉઘાડી વાત તો એ છે કે આપણને જેટલો નવ નવી સંસ્થાઓ ઉભી કરવાનો મોહ છે એટલો એને સંગીનતાથી ચલાવવાનો અનુભવ નથી. એક રીતે કહીયે તો એટલા સેવાભાવી કાર્યકરો પણ આપણી પાસે નથી. જે થોડા ઘણા છે. તે એક કરતાં વધુ સંસ્થાઓમાં એક યા બીજી રીતે સંકળાયેલા હોય છે. વળી એમાંના મોટા ભાગને પોતાના વ્યવસાય તરફ પણ ધ્યાન આપવાનું હોવાથી બધે એકધારી સેવા આપી શકતા નથી. જ્યારે આ અગત્યના મુદ્દા પ્રતિ દ્રષ્ટિ પડે છે ત્યારે તો એમજ કહેવું વાસ્તવિક જણાય છે કે આપણે ધનિક કે શ્રીમંતની અથવા તો પરસ્પરની ટીકા કરવી ત્યજી દઇ જે કાર્યકરો છે એમાં એખલાસ વધારી, બધે ભેગા મેળવી કાર્ય કરવા માંડીએ. આજે આપણને Wealth, Talent, and sacrifice અર્થાત્ ધન, બુદ્ધિ અને ભોગની આવશ્યક્તા છે. એ ત્રિપુટીના યોગ વિના એક પણ સંસ્થાની પ્રગતિ અશક્ય છે. એટલે પ્રત્યેક સંસ્થાની કાર્યવાહી સમિતિમાં એ ત્રણેનો સંગમ ત્રિવેણીના સંગમ સમો ઈષ્ટ છે.

પત્રકારની સ્વતંત્રતા.

જ્યારે સ્વાતંત્ર્ય ચીજ એ ઉત્તમ વસ્તુ છે ત્યારે એ પ્રત્યેક વ્યક્તિને હોય એ માટે બે મત હોઇજ ન શકે. જૈન દર્શન આત્માની અનંત શક્તિ બતાવે છે એટલુંજ નહિં પણ ભાર મૂકીને જણાવે છે કે દરેક આત્મા ધારે તો માત્ર મહાત્માજ નહિં પણ ખુદ પરમાત્મા થઈ શકે છે. જ્યાં આવો સુંદર સિદ્ધાંત ગળથુથીમાં પ્રાપ્ત થયો હોય, વળી જ્યાં દેશનું વાતાવરણ એ જાતની ચેતના પ્રગટાવતું હોય ત્યાં પત્રકારની સ્વતંત્રતાનો પ્રશ્ન ઉદ્ભવે એ એક અછેડંજ મનાય? છતાં એ વાત આજે વિચારવાની જરૂર પડે છે અને તેની પાછળ સંગીન કારણો પણ છે. સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચે રહેલું વૈષમ્ય જોને સમજવાની તસ્દી લીધી નથી અને જેનું ધ્યેય ગમે તેમ ચિતરી મારવું પછી ભલેને એ ચિત્રણથી વાત વીણસી જતી હોય. વાતાવરણ કલુષિત થતું હોય એ જોવાની જેને વૃત્તિ સરખી નથી; એવા હાથમાં છાપુ એ સમાજ સેવા કે દેશ સેવા કરવાને સ્થાને કેવળ કલેશની હુતાશન પ્રગટાવે છે. સેવાના ઓથા તળે કુસેવાના કામો એ દ્વારા થાય છે. છાપાની એ કટારો ખરેખર સાચી કટારો કરતાં પણ અતિ દારૂણ વિનાશ જન્માવે છે. જો આ જાતની વલણને છાપાની સ્વતંત્રતાના નામે ચલાવી લેવામાં આવે તો એવી સ્વતંત્રતાને નવ ગજના નમસ્કાર ઇષ્ટ છે. એથી સમાજ કે દેશનું એક પણ કાર્ય સુધરે તો નહિં પણ, કેટલાક સેવાભાવી આત્માઓએ જે જડ જમાવી હોય તે શંકા કુશંકાને મરજી માફકના ચિત્રણમાં હતી નહતી થઈ જાય. આ વાત છાપાઓ દ્વારા બની ચુકેલી અને બનતી જોઇએ છીએ તેથીજ આપણને સ્વતંત્રતા પ્રતિ પ્રેમ હોવા છતાં નિરંકુશ કલમ માટે પ્રેમ નથી જન્મી શકતો. કાર્યવાહીના હેવાલ રજુ થાય એ સામે વાંધો નથી. પણ એ રજુઆતને જે જાતનો ઓપ ચઢાવાય છે, મરજી માફકના એમાં જે રંગો પુરાય છે અને કેટલીકવાર રજનું ગજ બનાવાય છે એ ઇષ્ટ નથી લાગતું. સ્વતંત્રતાના ઉપાસક છતાં સમાજની નાડ જોઇ, સ્વેચ્છાએ અમુક મર્યાદા એ માટે બાંધવાની જરૂર છેજ.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ઠ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**

૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

કૉન્ફરન્સનું નાવ ભરદરિયે—તેનાં કારણો.

અત્યારે આપણી મહાસભાનું નાવ ભરદરિયે છે અને હાર્દિક પ્રયત્ન કરવામાં આવે તોજ તેને કાંઠે લાવી શકાય તેમ છે. એ હકીકતનો તો સર્વ સ્વીકાર કરે તેમ છે, પણ તેનાં કારણો કયાં છે તે વિચારવાનો અત્યારે અવસર છે. આપણે અગત્યનાં કારણો તપાસી જઇએઃ—

૧ અમુક સંસ્થા શરૂઆતમાં જે તેજઃ પુંજ પ્રસરાવે છે તે અમુક સમય જતાં મંદ પડતો જાય છે એનું મુખ્ય કારણ બહુધા એ હોય છે કે શરૂઆતમાં આપણે ભવ્ય વિચાર વાતાવરણ ઉત્પન્ન કરવાના ઝોમમાં એટલી ગંભીર વાતો કહી નાખીએ છીએ અને એવા ખ્યાલો ઉત્પન્ન કરવા મંડી જઇએ છીએ કે તે વખતના ઉત્સાહના પ્રાગ્‌ભારમાં કાર્યની શકયાશકયતા અથવા આપણા ઉત્સાહનાં પૂરનું પ્રાબલ્ય કેટલું છે તેની તુલના કરવાની આવશ્યકતા તે વખતે લાગતી નથી. સમાજે સાંભળ્યું તે માન્યું, પણ તેટલી હદ સુધી આપણો સૂર ન પહોંચ્યો એટલે પારકાને માટે ન્યાય આપવાની શીઘ્રતાને ધોરણે સમાજની તે તરફની ભાવનામાં ધીમો ધીમો પણ મક્કમ ઘટાડો થતો ચાલ્યો.

૨ સમાજનો પ્રત્યેક માણસ પોતે સમાજ પ્રગતિના કાર્યમાં શું ફાળો આપી રહેલ છે તે વિચારવાને બદલે કૉન્ફરન્સે શું કર્યું છે એ વાતનો વિચાર કરવા લાગી ગયો. પરિણામે એની ઉત્કટ ભાવનાને ફળ સિદ્ધિ ધારેલ ધોરણ સુધી ન પહોંચેલી જણાતાં એ કૉન્ફરન્સ તરફ અેદરકાર થતો ચાલ્યો.

૩ કૉન્ફરન્સ એ રાજકીય મંડળ નથી, એને બહારથી સુધારા મેળવવાના નથી, એને પારકાની મીંડાશ કે બક્ષીસ પર જીવવાનું નથી, પણ એને પોતાને પોતામાંથી સામાજિક, ધાર્મિક, આર્થિક અને નૈતિક પ્રગતિ સાધવાની છે, તેથી આપણે પ્રત્યેક કાંઈ પણ ન કરીએ તો કૉન્ફરન્સ જેવી સામાજિક સંસ્થા નિષ્પ્રાણ બની જાય એ અગત્યનું સૂત્ર સમાજ વીસરી ગયો.

૪ પ્રત્યેક વ્યક્તિ હેડ ઓફીસ શું કરે છે એની તુલના અને ગણના કરવા તત્પર થઇ, એમાં પોતાનું સ્થાન અને પોતાનો ફાળો કેટલો છે તે વાત વિચારી નહિ અને પરિણામે પોતાના કર્તવ્ય–કાર્યનો રિપોર્ટ આપવાની કક્ષામાંથી રિપોર્ટ માંગવાની કક્ષામાં આવી ગઇ. આપણા પ્રત્યેકનાં કાર્યનો સરવાળો એ વાત વિસારે પડી ગઈ અને કૉન્ફરન્સે કાંઈ નથી કર્યું એમ કહેવામાં પોતાના પગ પર કે હૃદય પર નજર નાખવાને બદલે સામા પર નજર કરવાની વૃત્તિ ધીમે ધીમે વધતી ચાલી.

૫ સર્વ સમય કામ કરનાર સેવાભાવી વ્યકિતઓને આપણે ન મેળવી શકયા. એટલે કેટલાંક કાર્યો થતાં ગયાં, પણ એમાં સાતત્ય જળવાવું જોઇએ અને સ્પષ્ટ ધોરણ રહેવું જોઇએ એ બન્નેની ગેર હાજરી દેખાઈ. વ્યાપારી કોમનું ધોરણ રૂપીઆ આના પાઈના માં હોઇ સમાજસેવા તરફ આદર્શ હોવા છતાં એનું વર્તન થઇ શકયું નહિ. પરિણામે કૉન્ફરન્સ સંસ્થાને લોકની નજરમાં રાખવાની અને એના સંદેશાને ઘેર ઘેર અને ગામડે ગામડે પહોંચાડવાની બાબતમાં ઉપેક્ષા થઇ. આ બાબતમાં મુંબઇના જવાબદાર કાર્યવાહકો તથા પ્રાંતિય સેક્રેટરીઓની અને સંસ્થાનાં જનરલ સેક્રેટરીઓની ઉપેક્ષા ખાસ ધ્યાન ખેંચે તેવી હોઇ વિચારણા માંગે છે.

૬ મુંબઇની ઓફિસમાં તો થેડે થોડે અંતરે કૉન્ફરન્સનું નામ સંભળાતું રહ્યું, પણ જીલ્લામાં તો કૉન્ફરન્સ નામની સંસ્થા હતી એતો લગભગ ઇતિહાસનો વિષય જ બની ગયો.

૭ ભાવનગરના ૧૯૦૭ ના અધિવેશન વખતે શેઠ આણંદજી કલ્યાણજીના હિસાબનો પ્રશ્ન ઉપસ્થિત થતાં પાંચ સભ્યોની પેટા સમિતિ રિપોર્ટ કરવા માટે નીમવામાં આવી એ વખતથી કૉન્ફરન્સના પાયા ઢીલા પડવા લાગ્યા. સરકારી કાયદા નીચે તેજ હકીકત હાલ કરવી પડે છે, છતાં બીજાં અનેક કારણોને લઇને શેઠ આણંદજી કલ્યાણજીના અગ્રગણ્ય કાર્યવાહક કૉન્ફરન્સના સદર વિષયના નિર્ણય સાથે સંમત ન થઇ શકયા અને ધીમે ધીમે વિસરતી શિથિલતા અંતે પરાંડમુખતામાં પરિણમી.

૮ કૉન્ફરન્સના કાર્યક્ષેત્રની વિશાળતા અને મર્યાદાનો સામગ્રિક વિચાર ન હોવાને કારણે અમુક સાધુ સમુદાય કૉન્ફરન્સની વિરૂદ્ધ પ્રચાર કરતો રહ્યો અને એની સામાજિક પરિસ્થિતિ ન સમજવાને કારણે લોકોની શ્રદ્ધાનો ગેર લાભ લેતો ચાલ્યો.

૯ રાષ્ટ્રિય ભાવના વિકસાવતા આર્યાવર્તમાં કોમીય ભાવનાનું સ્થાન ભષ્ટ થતું ચાલ્યું અને વિચારશીલ વર્ગને નાના સમૂહમાં કામ કરતાં અંદરથી ધક્કા લાગવા માંડયા અને પરિણામે એ સામુદાયિક કાર્ય તરફ મંદતા આવી ગઇ.

૯ દીક્ષા કઈ વયે અને કેવી રીતે આપવી એ પ્રશ્ને આખી સમાજમાં ખળભળાટ મચાવ્યો અને તેને પરિણામે કૉન્ફરન્સ તરફની મંદતામાં વધારો થતો ચાલ્યો.

૧૦ કૉન્ફરન્સની પ્રગતિમાં મધ્યમ થરનું જોર વધતું જતું જોઇ સ્થાપિત હકવાળી વ્યક્તિઓ ચોંકી ગઇ અને એણે કૉન્ફરન્સ તરફ દુર્લક્ષ્ય કરવા માંડયું.

૧૧ નવયુગની ભાવનાને બહલાવવાને બદલે કૉન્ફરન્સ ધ્યેય સમગ્ર સમુદાયમાં ઐકય કરવાનું રહેતાં એ કોઇ વર્ગને પોતાની તરફ આકર્ષી શકી નહિ. પ્રાચીન પ્રણાલિકાની માનીનતાવાળા એમાં સ્વાતંત્ર્ય જોઇ રહ્યા અને નવીન પ્રણાલિકાવાળા એમાં સાર્વત્રિક પરાધિનતા જોઇ રહ્યા. વચ્ચેનો વર્ગ બન્ને બાજુ અથડાતો રહ્યો અને એ મધ્યમ ભાવનાનો વિકાસ કરવામાં કે પરિસ્થિતિને અનુકૂળ મધ્યમ માર્ગ હસ્તગત કરવામાં નિષ્ફળ નીવડયો.

આ મોટાં કારણો હોઈ બીજાં નાનાં અનેક કારણો છે જેને પરિણામે કૉન્ફરન્સની મંદતા આવી પડી છે. દરેક વ્યક્તિ એના ઉત્કર્ષને ઇચ્છે છે, એની સામુદાયિક શકયતા સ્વીકારે છે, પણ પોતા સિવાય અન્ય તે કામ કરે એમ અંતરથી ઇચ્છે છે. આ પ્રત્યેક ગૂંચવણના ઉપાય છે અને આપણી સમુદાય શક્તિના હાથમાં છે તે પર હવે પછી વિચાર કરશું.

—મોતીચંદ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

ઑલ ઇન્ડીયા સ્ટેન્ડિંગ કમીટીની બેઠકની સફળતા કયારે ?

સંવત ૧૯૯૦ મા કોન્ફરન્સનું મુંબઈ અધિવેશન મળ્યા બાદ આજે પાંચ વર્ષનો લાંબો ગાળો પસાર થઈ ગયો છે. આ લાંબા ગાળા દરમ્યાન એક કરતાં વધારે વખત કોન્ફરન્સનું અધિવેશન ભરવા માટે કાર્યવાહી સમિતિમાં વિચારણાઓ કરવામાં આવી, અને દરેક પ્રસંગે અધિવેશનની અગત્યતા વધારે અને વધારે સહુ કોઈને જણાવા લાગી; અને આને માટે વિવિધ સ્થળોએથી પ્રયત્નો પણ થવા લાગ્યા, પરંતુ બાલદીક્ષા પ્રકરણ ઉપસ્થિત થયા પછી દરેક ગામમાં સંઘો જુદી જુદી કક્ષાઓમાં વહેંચાઇ ગયેલા હોઈ કોઇપણ ગામવાળાઓ પોતાને ત્યાં આમંત્રણ આપવામાં ફલીભૂત થયા નહિં. છેલ્લે છેલ્લે આપણે સહુ જાણીએ છીએ તેમ ભાવનગરે આ દિશામાં મંડાણ શરૂ કર્યાં, પરંતુ પરિસ્થિતિની પ્રતિકૂલતાએ એ મંડાણ લટકતું જ રહ્યું. આ વર્ષો દરમ્યાન એક વખત સં. ૧૯૯૩ માં મુંબઇ મુકામે ઑલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમીટીની બેઠક બોલાવવામાં આવી, અને એ બેઠકમાં રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ તરીકે પ્રૌઢ અને અનુભવી કાર્યકર્તા શ્રી. મોતીચંદભાઈ કાપડીયા અને દાનવીર શ્રીયુત શેઠ કાંતીલાલભાઈની સેવા કોન્ફરન્સને મળતાં એ સ્થાયી સમિતિની બેઠકને એક પ્રકારનો વિજય મળ્યો, અને કોન્ફરન્સની પ્રગતિમાં ઉત્તરોત્તર વધારો થશે એમ સહુ કોઇને નિઃસંશય લાગવા માંડયું, અને એ આશાને ફળીભૂત કરતી શ્રી. કાંતીલાલભાઇની કેળવણી પ્રચાર અર્થે જાહેર થયેલી રૂપીયા પચ્ચીસ હજારની સખાવતે કોન્ફરન્સને પુનઃ વેગવંત બનાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો, અને એ કેળવણી પ્રચારના કાર્યથી જનતાને કોન્ફરન્સની મહત્તા અને ભાવનાનો ખ્યાલ આવવા લાગ્યો. પરંતુ આ બધાની સાથે એક માન્યતા તો દિવસાનુદિવસ વધવા લાગી કે કોન્ફરન્સે જૈન કોમમાં પોતાનું ગૌરવ જાળવી રાખવું જ જોઇએ. અને તે ગૌરવ જાળવવા માટે કોમમાં પડેલા બે ફાંટાઓ અવશ્ય સંધાવા જોઇએ. જ્યાંસુધી આ ફાંટાઓ સાંધવામાં ન આવે ત્યાં સુધી કોમમાં મહત્ત્વના કાર્યો થઇ શકશે નહિ એમ ઘણા કાર્યકરોને લાગવા માંડયું, અને તેથી એ દિશામાં શ્રીયુત્ કાન્તિલાલભાઇએ અંગત રીતે પ્રયાસ આદર્યા છે જે ફળીભૂત થાય એમ સહુ કોઈ જરૂર ઇચ્છે જ.

આ સમય દરમ્યાન પણ અધિવેશનની આવશ્યકતા તો વધારે અને વધારે જણાવા લાગી પરંતુ જ્યાં સુધી અધિવેશન માટે ભૂમિકા સાફ ન થાય ત્યાં સુધી અધિવેશન સફળ થાય કે કેમ એ શંકાભરેલું કાર્યકરોને જણાવા લાગ્યું. આથી કરીને એ ભૂમિકા સાફ કરવા માટે, પરસ્પર વિચારોની આપલે કરવા માટે, અને સ્થાયી સમિતિના સભ્યોના અભિપ્રાયો જાણવા માટે, પ્રાથમિક પગલાં રૂપે સ્થાયી સમિતિની બેઠક બોલાવવાની જરૂર કાર્યવાહક સમિતિને જણાઇ. અને એ પ્રમાણેનો સર્વાનુમતે ઠરાવ કરી એપ્રીલ માસની તા. ૨૭ મી તથા ૨૮ મીએ ઑલ ઇન્ડીયા સ્ટેન્ડિંગ કમિટિની બેઠક મુંબઇમાં બોલાવવાનો નિર્ણય કાર્યવાહક સમિતિએ કર્યો. અધિવેશનની સફળતા માટે આ પગલું જેટલું આવકારદાયક છે, તેટલું જ આવશ્યક છે, એના અનેક કારણો છે; સહુ સભ્યો પોતપોતાના વિચારો છુટથી દર્શાવી શકે, ચર્ચાઓ કરી શકે, લાભાલાભ વિચારી શકે અને દિશાસૂચન કરી શકે એ બધું ય આ સમિતિમાં થઈ શકે. આ સમિતિ મારા નમ્ર મંતવ્ય પ્રમાણે બે દિવસના જલસાના રૂપમાં ન ફેરવાઈ જવી જોઇએ; મોટેરાંઓને અને પ્રેક્ષકોને આમંત્રણ આપી તેઓની સગવડ જાળવવા પાછળ જરાપણ સમયનો ભોગ અપાવો ન જોઇએ. ઠરાવોની કે શબ્દોની સાઠમારીમાં ઉતરવું ન જોઇએ અને જેમ બને તેમ સાદી ભાષામાં નિયમોને અનુસરી ટુંકાણમાં મુદ્દાઓ ઉપર જ ચર્ચાઓ ચલવી જોઇએ, જેથી થોડા સમયને ભોગે સારું કામ નીપજાવી શકાય.

આ સમિતિમાં મુખ્ય વિચારણા કયા પ્રશ્નોની જરૂરી છે, અને તે વિચારણા કરવા માટે કયા કયા તબક્કાઓ હાથ ધરવા જોઇએ તે માટે મારા વિચારો આવતા અંકમાં જણાવીશ. હાલ તુરત તો આપણે સઘળાઓ સમિતિની સભા ફતેહમંદ રીતે પાર પાડવા અને અધિવેશનના માર્ગના અવરોધો દૂર કરવાના એકજ લક્ષ્યને અવલંબીએ. ઇતિ.

—મનસુખલાલ લાલન.

મુંબઇમાં વસતા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ તથા બાલિકાઓની કેળવણી માટે

મદદની યોજના.

શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચારક સ્થાનિક સમિતિ, મુંબઈ.

આથી સર્વે જૈન ભાઇઓને જણાવવાનું જે મુંબઇમાં વસતી પ્રજાને પોતાના બાળક બાલિકાઓને કેળવણી આપવાનું કામ ઘણું ખર્ચાળ અને મુશ્કેલી ભર્યું હોય છે, અને એ આર્થિક મુશ્કેલીઓને અંગે કેટલાએક માબાપો પોતાના સંતાનોને જોઇતા પ્રમાણમાં કેળવણીમાં આગળ વધારી શકતા નથી, અને આથી આપણી સમાજના બાળકોનો મોટો ભાગ કેળવણીથી વંચિત રહી જાય છે.

આપણા સમાજમાંથી ઉપરની આર્થિક મુશ્કેલી દૂર કરવા માટે મુંબઇમાં વસતા જૈન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પોતાને જોઇતી કેળવણી સહેલાઇથી લઇ શકે, અને એમના માર્ગમાં કંઇ પણ અવરોધ ન પડે એ હેતુથી મુંબઇમાં બે વર્ષથી અમારી સમિતિ તરફથી કેળવણીના ક્ષેત્રમાં વિશેષ પ્રગતિ થાય, એટલા માટે વિદ્યાર્થીઓ તથા બાળિકાઓને ભણવાના સાધનો એટલે કે **પાઠય પુસ્તકો સ્કુલ ફી** તથા સ્કોલરશીપ વિગેરે સારા પ્રમાણમાં આપવામાં આવે છે અને લગભગ બે વર્ષમાં અઢીસો વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓએ આ સંસ્થાનો લાભ લીધો હતો. આ યોજના બહુ અગત્યની લાગવાથી સમિતિએ આ વર્ષે પણ પોતાનું કાર્ય ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. જેથી આ યોજનાનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ નિયમો તથા અરજીનું ફોર્મ નીચેના સ્થળેથી મંગાવી લેવું, અને તે ફોર્મ પર સઘળી વિગત ભરી મોકલી આપવું.

આશા છે કે જૈન વિદ્યાર્થીઓ અને બાલિકાઓ આ યોજનાનો સંપૂર્ણ લાભ ઉઠાવશે.

૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ નં. ૩.

માનદ્ મંત્રીઓ.
શ્રી કો. કે. પ્ર. સ્થાનિક સમિતિ, મુંબઇ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પરીક્ષાના પરિણામો.

બોર્ડ તરફથી ગત તા૦ ૨૪ ડિસેમ્બર ૧૯૩૯ ના રોજ લેવામાં આવેલ **શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ** અને **અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના કેટલાક ધોરણોના પરિણામો આ નીચે આપવામાં આવે છે.

(ગતાંકથી સંપૂર્ણ.)

બાળ ધોરણ ૨ જું.

પરીક્ષકઃ—**શ્રી. લક્ષ્મીચંદ સુખલાલ, મુંબઈ.**

(બેઠા ૭૯, પાસ ૬૭, નાપાસ ૧૨)

નંબર	નામ	સેન્ટર	માર્ક	ઇનામ રૂા.
૧	ગુલાબચંદ પ્રેમચંદ શાહ (જૈન વિદ્યાર્થી આશ્રમ)	સુરત	૮૮	૧૦-૦-૦
૨	બાબુલાલ હરચંદ શાહ (રત્નસાગરજી જૈન બોર્ડિંગ)	સુરત	૮૨	૮-૦-૦
૩	બાબુભાઈ મંગળદાસ શાહ (સારંગપુર જૈન પાઠશાળા)	અમદાવાદ	૮૧	૬-૦-૦
૪	અનોખીલાલ મુલચંદ ભંડારી	ચાંદવડ	૭૯	૫-૦-૦
૫	ચંપકલાલ મુળચંદ લાખાણી (સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ)	પાલીતાણા	૭૮	૩-૦-૦
૬	નટવરલાલ ઝવેરચંદ શાહ (ર.જૈ.બો.)	સુરત	૭૮	૩-૦-૦
૭	બુદ્ધિલાલ ઠાકરસી શાહ (ચી. ન. વિદ્યાવિહાર)	અમદાવાદ	૭૮	૩-૦-૦
૮	બાબુલાલ હરજીવનદાસ	માણસા	૭૭	૨-૦ ૦
૯	જયંતિલાલ આત્મારામ ભાવસાર	આમોદ	૭૬	૧-૦-૦
૧૦	જયંતિલાલ લક્ષ્મીચંદ શાહ	રાધનપુર	૭૫	૧-૦-૦
૧૧	ધરમચંદ ડાહ્યાભાઇ શાહ (જૈ. વિ. આ.)	સુરત	૭૫	૧-૦-૦
૧૨	વિજયચંદ મોહનલાલ શાહ (જૈ. વિ. આ.)	સુરત	૭૪	૦-૮-૦
૧૩	ચંદુલાલ મગનલાલ શાહ (ચી. ન. બો.)	અમદાવાદ	૭૪	૦-૮-૦
૧૪	ચંદુલાલ ભીખાભાઇ શાહ (ચી. ન. બો.)	અમદાવાદ	૭૦	
૧૫	છોટાલાલ વિજયચંદ શાહ	વડોદરા	૭૦	
૧૬	શાન્તિલાલ કકલભાઇ વોરા	વાવ	૭૦	
૧૭	વાઘજી મંજીભાઇ વોરા	વાવ	૭૦	
૧૮	જયંતિલાલ બીખાભાઇ શાહ (ચી. ન. વિ.)	અમદાવાદ	૬૮	
૧૯	રતિલાલ બેચરદાસ શાહ (સિ. જૈ. બા.)	પાલીતાણા	૬૭	
૨૦	હઠીચંદ બોડીદાસ દોશી (સિ. બાલાશ્રમ)	પાલીતાણા	૬૪	
૨૧	નંદલાલ છગનલાલ શાહ	સુરત	૬૪	
૨૨	નરોત્તમદાસ ચીમનલાલ શાહ (ચી. ન. છા.)	અમદાવાદ	૬૨	
૨૩	ચીનુભાઇ નગીનદાસ મહેતા	અમદાવાદ	૬૧	
૨૪	રાજમલ જવારમલ વોરા	ચાંદવડ	૫૯	
૨૫	સુમનલાલ નગીનલાલ શાહ	આમોદ	૫૯	
૨૬	વ્રજલાલ પુરુષોત્તમ અજમેરા (સિ. જૈ. બા.)	પાલીતાણા	૫૯	
૨૭	રામચંદ હરખચંદ	ચાંદવડ	૫૮	
૨૮	સાકરલાલ હરલોચન શાહ	આમોદ	૫૭	
૨૯	વસન્તિલાલ દયારામજી દમ	રતલામ	૫૭	
૩૦	ધીરજલાલ હંસરાજ કામદાર (સિ. જૈ. બા.)	પાલીતાણા	૫૫	
૩૧	રસિકલાલ મણિલાલ શાહ (સિ. જૈ. બા.)	પાલીતાણા	૫૫	
૩૨	પન્નાલાલ વનેચંદ ભંડારી	ચાંદવડ	૫૪	
૩૩	ચીનુભાઈ અમુલખરાય શાહ (ચી. ન. છા.)	અમદાવાદ	૫૩	
૩૪	અંબાલાલ રાયચંદ શાહ (ચી. ન. છા.)	અમદાવાદ	૫૨	
૩૫	જયંતિલાલ સુંદરલાલ પરીખ	પાલણપુર	૫૨	
૩૬	સૌભાગ્યચંદ ચત્રભૂજ શાહ (સિ. જૈ. બો.)	પાલીતાણા	૫૨	
૩૭	મોહનલાલ મનસુખલાલ શાહ	સાંગલી	૫૧	
૩૮	લાલચંદ મોતીચંદ લાખાણી (સિ. જૈ. બો.)	પાલીતાણા	૫૧	
૩૯	પન્નાલાલ મોતીલાલ શાહ	પાલેજ	૫૦	
૪૦	રોશનલાલ માણેકચંદજી કોઠારી	રતલામ	૪૯	
૪૧	છગનલાલ મકનચંદ મહેતા	સાંગલી	૪૮	
૪૨	શાન્તિલાલ વક્તાવરમલજી પિતલ્યા	રતલામ	૪૮	
૪૩	સંચાલાલ મોતીલાલ જૈન	ચાંદવડ	૪૭	
૪૪	લાધુરામ જસરાજ બેદમુથા	ચાંદવડ	૪૭	
૪૫	ભીમરાજ મનાજી	ઉંમ્બેદપુર	૪૬	
૪૬	માનમલ રતનચંદજી	જાલોર	૪૫	
૪૭	શાંતીલાલ ચુનીલાલ શાહ	પાલણપુર	૪૫	
૪૮	જયંતિલાલ મગનલાલ શાહ	અમદાવાદ	૪૪	
૪૯	ચુનિલાલ ઉમાજી	જાલોર	૪૪	
૫૦	રમણલાલ દલીચંદ કાપડીઆ	આમોદ	૪૪	
૫૧	કેશરીમલ ઈન્દ્રચંદ્રજી મિદામિયાં	સાદડી	૪૩	
૫૨	કાન્તિલાલ બાળુશા ગુજરાથી	ચાંદવડ	૪૨	
૫૩	મફતલાલ હેમરાજ શાહ	પાલણપુર	૪૨	
૫૪	રમણલાલ ડાહ્યાભાઇ શાહ	આમોદ	૪૧	
૫૫	ભંવરલાલ ચુનિલાલજી ધોરવા	સાદડી	૩૯	
૫૬	ગુલાબચંદ જવારમલજી બોથરા	ચાંદવડ	૩૯	
૫૭	રમણિકલાલ નાગરદાસ આંખડ	રાધનપુર	૩૯	
૫૮	ડાહ્યાભાઈ સોમચંદ શાહ	આમોદ	૩૯	
૫૯	શાંતિલાલ મગનલાલ શાહ (સિ. જૈ. બા.)	પાલીતાણા	૩૮	
૬૦	જીવરાજ ગોરધનદાસ પારેખ (સિ. જૈ. બા.)	પાલીતાણા	૩૭	
૬૧	વાડીલાલ શામજી (વૃ. જૈ. પા.)	ભાવનગર	૩૭	
૬૨	મુલચંદ ભાઇચંદ મહેતા (સિ. જૈ. બા.)	પાલીતાણા	૩૬	
૬૩	પોપટલાલ પરશોત્તમદાસ શાહ (વૃ. જૈ. પા.)	ભાવનગર	૩૬	

તાર : HINDSANGHA.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર.

REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.

તંત્રી.

મનસુખલાલ હી. લાલન.

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૧૧-૧૨

જૈન યુગ

JAIN YUGA

વૈશાખ શુદ ૯, ગુરૂવાર.

તા. ૧૬ મી મે ૧૯૪૦

સંક્રમણશીલ જગત્.

(ઉપજાતિ)

રવિ સંક્રમે છે શશિ સંક્રમે છે,
તારા સમૂહો પણ સંક્રમે છે;
ગ્રહો સદાના ગતિમાન્ રહે છે,
નક્ષત્રમાલા ચલ ને વહે છે. ૧

વાયૂ સુવેગે વહતો દિસે છે,
અગ્નિ સ્ફુલિંગો અતિ વેગ લે છે;
જુઓ સહર્ષે સરિતા વહે છે,
માર્ગો ક્રમે છે અતિ દીર્ઘ જે છે. ૨

ભેદી ઘણા પત્થર બીણ માર્ગો,
ભેદી ઘણા પર્વત ગૂઢ માર્ગો;
વેગે વહે છે ઉપદેશ દે છે,
જ્ઞાની જુઓ બોધ અપૂર્વ લે' છે. ૩

સમૂદ્રવીચી અતિ સંક્રમે છે,
સંપૂર્ણ પૃથ્વી ગતિચક્ર લે છે;
જે સંચરે છે સ્ફુરણા કરે છે,
ચૈતન્ય સંજ્ઞા જગમાં લહે છે. ૪

ગતિ વેગ છે જીવતણી જ સંજ્ઞા,
તેથી નહિ અન્ય વિરૂદ્ધ પ્રજ્ઞા,
વૃક્ષો ફળે છે લતિકા ફુલે છે,
ફળ ફુલ રૂપે ગતિ ત્યાં સ્ફુરે છે. ૫

રાજ્યો વધે છે શિખર ચહે છે,
ફરી પરાવર્તનમાં પડે છે;
ગતિ તથા સંક્રમના ફળો છે,
અખંડ વેગે ગતિ સાંપડે છે. ૬

ગતિ નહિ સંક્રમણો ન જ્યાં છે,
ત્યાં જીવસંજ્ઞા કિમ સંભવે છે?
સ્ફુરે નહિ તે શવ પ્રાણ હીન,
અયોગ્ય તે છે જગમાંહિ દીન. ૭

[redacted] ચાહે વિકસાવવાને,
નિષ્ક્રીય જે પ્રાણ વિહીન જાણે;
ચૈતન્ય જ્યાં નષ્ટ થયું દિસે છે,
તે ભ્રષ્ટ જેવા પથરા વસે છે. ૮

જો જીવવાની વધતા જવાની,
પરાક્રમે તેજ બતાવવાની;
ઇચ્છા હશે સંક્રમશીલ થાઓ,
સ્ફુરો વધો આગળ વેગ લાવો. ૯

જે રાજ્ય વા માનવના સમૂહો,
જે જ્ઞાન વિજ્ઞાન સુધર્મ ભાવો,
વધ્યા નહિ આગળ શૂન્ય ભાવે,
તે નષ્ટ વા ભ્રષ્ટ થયા સ્વભાવે. ૧૦

વિકાસ પામ્યા નહિ કાલ વેગે,
થંભી રહ્યા કાષ્ટ સમાન માર્ગે;
તે નાશ પામી વિખરી જવાના,
તે નામ માત્રે જ ભુલી જવાના. ૧૧

માટે ઉઠો આત્મવિકાસ માગો,
નવા નવા જીવન માર્ગ સાધો;
નહિ થજો પત્થર કાષ્ટ ખંડ,
કરો ખરો સંક્રમ જે અખંડ. ૧૨

સિદ્ધાંત જે હોય ત્રિકાલ સત્ય,
આચાર પરિવર્તનશીલ માત્ર,
જે દેશ કાલાવધિથી ફરે છે,
વિકાસથી ઉન્નતિના ઠરે છે. ૧૩

માટે ખરી માનવતા બતાવો,
બુદ્ધિ ખરી તે ઉપયોગ લાવો;
ન રાખવી તે પશુ તુલ્ય વૃત્તિ,
વિચાર માર્ગે કરવી વિશુદ્ધિ. ૧૪

તે જીવશે જે શુભ સંક્રમે છે,
દ્રવ્યાદિ ભાવો મન ઓળખે છે;
છોડી સ્થિરા જે મૃતતુલ્ય શાંતિ,
વિકાસ ભાવે વધશે સુનીતિ. ૧૫

આત્મા પિછાનો વિજયી થવાને,
કરી ખરૂં તેજ પ્રદિપ્ત માને;
છોડો પરપ્રત્યયનેય બુદ્ધિ,
કરો બરી સુંદર આત્મશુદ્ધિ. ૧૬

—શ્રી બાલચંદ હીરાચંદ, માલેગામ.

જૈન યુગ.

તા૦ ૧૬-૫-૪૦. ગુરૂવાર.

નિશ્ચિત માર્ગદર્શન.

. આસ અંકમાં જણાવ્યા મુજબ આ વેળાની રટે. કમિટીની બેઠક સર્વાંશે તો નહિ પણ ઘણી ખરી રીતે નિર્ણયાત્મક નિવડી છે.

વડોદરા રાજ્યે કરેલ કાયદાને વર્કીંગ કમિટિનો જે ઠરાવ ટેકો આપતો હતો તે રદ થઈ, પડેલ પક્ષો વચ્ચે મેળ થયો હતે તો એ કાર્ય ઘણુંજ સુંદર થતે અને બરોબર બેઠક પૂર્ણપણે નિર્ણયાત્મક બની હોત, પણ વિધિને તે મંજુર ન હોવાથી છેક છેલ્લી ઘડીયે શેઠ જીવાભાઇ તરફથી પોતાના પક્ષકારોને પૂછી સંમતિ મેળવવાનો ઇરાદો રજુ થયો અને એ માટે વધુ સમયની આવશ્યકતા પર ભાર મૂકાયો, એટલે એ વાત બેઠકના સમયે તો લટકતી રહી. અધિવેશન મળે તે પૂર્વે એ સંબંધમાં કાયમી ઉકેલ આવી ગયો હશે એમ કલ્પવું એ જૈન સમાજનું પ્રચલીત વાતાવરણ જોતાં વધારે પડતું ન લેખાય.

કદાચ તેમ ન પણ બને, છતાં એટલું તો દ્રઢતાથી કહેવું જોઇએ કે અધિવેશનમાં જે વિષયો પર કાર્યવાહી કેંદ્રિત કરવાનું સૂચન કરવામાં આવ્યું છે અને એ સારૂ સર્વાનુમતે જે નૈતિક બંધન હાજર રહેલ સભ્યોએ હસ્તે મુખડે સ્વીકાર્યું છે, એ જોતાં વિદ્યમાન પક્ષોમાંના કોઇને પણ કોન્ફરન્સ સામે કે એના અધિવેશન પ્રત્યે હવે આંગળી ચીંધવાપણ રહેતું નથી. જે અધિવેશને કેવળ કેળવણી અને બેકારી નિવારણ પરત્વેજ પોતાનું લક્ષ એકત્રિત કરવાનું છે, અરે એ પાછળજ કમર કસી વર્ષભર માટેનો કાર્યક્રમ યોજવાનું છે અને એ યોજના માત્ર મીનીટ બુકના પાના પર ન રાખતાં ભારત વર્ષના ચારે ખુણામાં પ્રચારવા અને અમલી બનાવવા સતત્ પરિશ્રમ જારી રાખવાનું છે, તે કયા જૈન માટે અસ્પર્શ્ય રહી શકે? કયો વીર સંતાન એ સામે કડુ વાણીના ઉચ્ચાર કે વિરોધી કરણીના દર્શન કરાવવા તૈયાર થવાનો? એ બે પ્રશ્નોજ એવા છે કે એમાં યંગ-મેન કે યુવક-બાળક કે વૃદ્ધ અથવાતો રૂઢીપોષક કે સુધારક સૌ સાથે બેસી, વિચાર વિનિમય કરી શકે અને સંગીન યોજના ઘડી જૈન સમાજમાં પ્રવર્તી રહેલી વિષમ પરિસ્થિતિ ટાળી શકે. જ્યાં દીક્ષા સંબંધી કે અન્ય સામાજીક ચર્ચાત્મક ઠરાવની ચાંચ બુડે તેવો લગીરે સંભવ નથી ત્યાં ગમે તે વર્તુળમાં વહેંચાયેલો, ગમે તે સાધુ મહારાજની ઉપાસના કરતો અથવાતો અન્ય બાબતમાં ગમે તેવા વિલક્ષણ વિચારને ધારણ કરનારો-કોઇ પણ જૈન, ચાહે તો શ્રીમંત કે સામાન્ય, ધીમંત કે સેવાભાવી-અન્ય અંદેશાને આગળ ધર્યા સિવાય, છુટથી ભાગ લઇ શકે છે. જ્યાં આટલી હદે વાત સ્પષ્ટ છે, ત્યાં પછી સમાજમાં એક સંપી ચાહનાર અને અહર્નિશ સમાજની પ્રગતિ વાંછનાર કોઇપણ જૈન અધિવેશનમાં હાજરી આપ્યા સિવાય કેમ રહી શકે? જેના હૃદયમાં સાચી ધગશ છે તે હરગીજ નહીં રહે-વાનો. આ બે સવાલના પેટાળમાં ઘણી ઘણી બાબતો છુપાયેલી પડી છે. એ બધીને રફતે રફતે, કાર્યકરોની શક્તિનુ તોલન કરીને બહાર આણી શકાય તેમ છે. એ દ્વારા જનતાના હૃદયને જેમ સ્પર્શવું સુલભ છે તેમ વસ્તીના દૂર પડેલા ભાગોને પહોંચવું પણ સુલભ છે. જો બીજી ત્રીજી જંજાળ છોડી એના પરજ મન સ્થિર કરાય તો ફંડ થવામાં પણ મુશ્કેલી નથીજ.

કોઇનું માનવું હોય કે એમાં અધિવેશન ભરવાની શી જરૂર? એવા રચનાત્મક કાર્યો તો અજે પણ આદરી શકાય. અહીંજ સમજફેર થાય છે. દરેક રચનાત્મક કાર્ય પાછળ ધનની અગત્ય રહેવાનીજ અને એ ધન એકઠુ કરવા સારૂ અધિવેશન જેવા પ્રસંગની જરૂર ગણાયજ. જો કેવળ વિચારણા કરી, ઉડી જવાનું હોય અથવાતો માત્ર મનગમતા દ્રષ્ટિબિન્દુઓથી વાણી વિલાસ કરી જલ્સો બનમ કરવાનો હોય અગરતો બોલવાનું ઘણું અને કરવાનું કંઇ નહિ જેવું પ્રહસન ભજવી વિખરાઇ જવાનું હોય તો સાચેજ અધિવેશનની જરૂર ન ગણાય. જનતા પણ આજે એટલી જાગ્રત બની છે કે એવા જલ્સાને તે જરૂર લાત મારે. પણ જે કાર્ય-વાહી પાછળ લાભ થવાની ચોકખી આશા બાંધી શકાય તેમ હોય અને સાથોસાથ એ પણ સૂર્યના પ્રકાશ માફક ખુલ્લું જણાતું હોય કે એને લગતો કાર્યક્રમજ પડેલા ભાગલાને સાંધી જે બેપરવાઇ અને વિરાગતા યાતો નિષ્ક્રિયતા વર્તે છે એમાં સ્ફુર્તિ ને સતેજતા આણી શકે તેમ છે; તેનો અધિવેશનની વ્યાસપીઠ પરથીજ નિર્દેશ કરવો ઇષ્ટ લેખાય. જેમ અધિવેશનમાં ભાગ લેનાર માટે દરવાજા ખુલ્લા મેલાયા છે તેમ પોતાના આંગણે બેઠક ભરનાર માટેની સ્થિતિ પણ ચોકખી થઇ ગઇ છે. કેટલીક વાર બળતે બળતી ચર્ચાઓથી અથવા તો મનગમતા પ્રશ્નો આણવાની વાતોથી બેઠક બોલાવનાર સ્થાનિક સંઘનું વાતાવરણ કલુષિત બને છે અને ઐકય જોખમાય તેવી સ્થિતિ જન્મે છે તેવો રંચમાત્ર ભય હવે રાખવાનુ કારણ રહેતું નથીજ.

કોઇ આકસ્મિક કારણ ઉદ્ભવે અથવા તો દેશની પરિસ્થિતિ કિંવા કાળની હાકલ ફરજ પાડે તોજ એને લગતી વિચારણા હાથ ધરવાની અગત્ય જન્મે, તે વિના ઉક્ત પ્રશ્નજોડીજ મુખ્ય ભાગ ભજવવાની. આ જાતનું પગલું કોન્ફરન્સના ઇતિહાસમાં નવી ભાત પાડે છે. એક રીતે કહીયે તો જૈન સમાજની આ મહાન્ સંસ્થા, જે અત્યાર સુધી વિચારણાના અંતે સંદેશ સુચના કે ભલામણ કરી સંતોષ પકડતી હતી, તેને બદલે જાતે કાર્ય કરવાના ક્ષેત્ર પ્રતિકગ ભરવા કટિબદ્ધ થઇ છે એવું અનુમાની શકાય છે.

વળી અધિવેશન અમુક મહિનામાં ભરવું એવો નિશ્ચય દાખવીને ઠરાવનું મહત્વ વધાર્યું છે ને જૈન સમાજમાં પ્રવર્તી રહેલ સુષુપ્તિને ઉરાડી મૂકી છે. કેવળ સ્થળની પસંદગી એટલા સારૂ બાકી રાખી છે કે જ્યારે કાર્યપદ્ધત્તિમાં આટલી હદે પરિવર્તન દાખવ્યું છે અને વાદળા ઘેરાવાના સંયોગોનો અંત આણ્યો છે, ત્યારે આમંત્રણ દેનાર શહેરોને પોતાના પૂર્વના શબ્દો સાચા કરી દેખાડવાનું સુગમ પડે.

એટલું કહી દેવું પર્યાપ્ત થઇ પડશે કે એથી ઉપ-રોકત બે પ્રશ્નોને કે એના મહત્વને રંચ માત્ર અલવલ આવવાની નથીજ.

≠ નોંધ અને ચર્ચા. ≠

આક્ષેપ અને કડવી વાણીથી સેવા શક્ય છે?

'જૈન બંધુ' ના તંત્રીશ્રીની સમાજ સેવાની ધગશ અને એ ખાતર તા૦ ૨૭-૪-૪૦ ના અંક ૨૪ તેમજ અંક ૨૫ માં પીરસેલી વાનકી પર નજર કરીએ તો એક વાત જે આગળ તરી આવે છે તે લખાણમાં આક્ષેપોનો સંભાર અને હદ ઉપરાંતની કડવી વાણી છે. જૈન યુગના ખાસ અંક માટે જ્યારે મોટા ભાગના સભ્યો તરફથી પ્રશંસાના ઉદ્ગાર સાંભળવાના મળ્યા છે ત્યારે એ ભાઇશ્રી જે સર્ટિફીકેટ આપે છે એ કેવળ ભુલ ભર્યું છે એમજ નહિ પણ વગર સાબિતિઓના આક્ષેપોથી ભરેલું છે. જુદા જુદા લેખકોના લેખો હોય એટલે દ્રષ્ટિબિન્દુઓમાં વિવિધતા સહજ હોઈ શકે. વળી દરેક પોતાના મંતવ્ય અનુસાર વર્તમાન સ્થિતિનો ઉકેલ સૂચવે. વિચારશ્રેણિમાં ભિન્નતા હોય એટલે એનું સુચવન પણ થાય તેને અમુક વર્ગ તરફ હેતુપૂર્વકનો અણગમો માનવો અને પોતાની માન્યતાથી જુદા પડતાં લખાણોમાં ભલેને પછી એ સાચી સ્થિતિ રજુ કરતાં હોય અથવા તો વર્તમાન ગુંચના ઉકેલને અનુલક્ષી લખાયા હોય–એને અધીકારીઓની ખુશામત કહેવા બહાર પડવું એ સત્ય પરિસ્થિતિનો અપલાપ કરી સર્વ કંઈ ડહાપણ પોતાના એકલામાંજ સમાયું છે એવો આડંબર કરવા સિવાય બીજું શું કહી શકાય?

"ઐક્ય" ની વાત ખોટી ઉપાડવામાં આવી હતી કે હાલના તબકકે માત્ર કેળવણી અને બેકારી જેવા પ્રશ્નો પ્રતિ સર્વ લક્ષ કેંદ્રિત કરવું જોઇએ એ ઉલ્લેખ ગેરવાજબી હતો, એ જ્યાં લગી દાખલા દલીલ ટાંકી પુરવાર ન થાય ત્યાં લગી તંત્રીશ્રી પોતાના ગમે તે અંગત કારણે મંત્રી કે ઉપપ્રમુખ તરફ રોષની પ્રબળ જવાળાઓ ફેંકયા કરે કિંવા પોતાના શબ્દકોષમાંથી વીણી વીણીને મનગમતાં વિશેષણો લગાડયા કરે એથી જૈન સમાજની કંઇ સેવા થતી હોય એમ માનવું એ ધુમાડાના બાચકા ભરવા જેવું છે.

સ્ટેન્ડિંગ કમિટિએ સર્વાનુમતે એ સવાલોને લગતો મુખ્ય ઠરાવ પસાર કરી એ પાછળ કાર્યવાહકોની કેટલી દીર્ઘદ્રષ્ટિ હતી એ વાત પુરવાર કરી આપી છે. અરે એજ કાર્યકરોની દોરવણી વિનાવિરોધે ચાલુ રાખી એમનામાં મૂકેલો વિશ્વાસ વાસ્તવિક હતો અને છે એ પણ જાહેર કરી દેખાડયું છે. અગ્રગત કાર્ય કરવાની પદ્ધતિ સામે મતફેર હોઇ શકે, અથવા તો જેમને કાર્ય સોંપાયુ હતુ તેમની ભલમનસાઇ, સરલતા કે મુત્સદીપણામાંની ત્રૂટીને કારણે કાર્યસિદ્ધિ ધારણા મુજબ ન થઇ શકી હોય એ માટે કંઇક અંશે રંજ જેવું પણ સંભવી શકે, પણ એટલા સારૂ કેવળ મનગમતા અનુમાનો દોરી, શોભાસ્પદ ન લેખાય એવી શૈલીમાં કેવળ કટુ શબ્દોના પ્રહાર વર્ષાવે રાખવા એથી સમિતિની–કોન્ફરન્સની કે જૈન સમાજની કયા પ્રકારની સેવા સધાય છે તે સમજી શકાતું નથી! સાચી ખગશનો આવો ઉપયોગ જોઇ ગ્લાનિ ઉપજે છે! વિરોધ વૃદ્ધિ માં એવની કલ્પના શી રીતે કરી શકાય? જે સંસ્થા અમુક વ્યક્તિ અગર વ્યક્તિઓની બની ગઇ લાગતી હોય તો એ માટે દલીલ પૂર્વકનો પ્રચાર કરી સભ્યોમાં બહુમતી જન્માવી સંસ્થાનો કબજો હસ્તગત કરવો અને વ્યક્તિના પાશમાંથી એને છોડાવવી એ વ્યાજબી માર્ગ છે. પણ એ તાકાદના અભાવે અથવા તો પોતાના મંતવ્યમાં સુરપુરે તેવી સંખ્યાના દોષે, 'His mater's Voice' 'હા જી હા' ના ઉપનામો દેવા બહાર પડવું એ ભલે આત્મસંતોષ પુરતું સુંદર જણાય. બાકી એમાં છીછરી વૃત્તિનુ પ્રદર્શન છે એટલુંજ નહિ પણ ધૃષ્ટતાની છેલ્લી રેખા ઓળંગાય છે.

'ઐક્ય' માટેની ચોખવટ.

લાંબા સમયથી જૈન સમાજ જેની અભિલાષા ધરતો હતો એ ઐક્યનો પ્રશ્ન જો કે ધારણા મુજબ સિદ્ધ નથી થઈ શક્યો છતાં એ પાછળની જહેમત નિષ્ફળ ગઇ છે અથવા તો નજીકના ભવિષ્યમાં ઐક્ય થવું અસંભવિત છે એમ માનવાની જરૂર નથી. જે રીતે વાટાઘાટ ચાલી છે એનાથી એક ફાયદો અવશ્ય થયો છે કે પડેલ અંતરમાં કોઇ જાતની આડી ટેડી ચર્ચાઓથી વધારો નથી થયો. ઐક્ય ન સંધાવાથી પરસ્પર જે દોષારોપણની ઝડી વર્ષે છે તેવું પણ કંઇ બનવા નથી પામ્યું એક રીતે કહીયે તો ઉભય વચ્ચેના દ્રષ્ટિબિન્દુઓમાં પૂર્વે જે મતભેદનો ઢગ દ્રષ્ટિગોચર થતો એને સ્થાને અત્યારે એકાદ આડી દિવાલ તુટવી અશક્ય નથીજ. એ માટે શેઠ જીવતલાલે પ્રયાસ જારી રાખવાની જરૂર છે, કારણ કે છેલ્લે તબકકે પોતાના સાથીદારો સાથે છુટથી ચર્ચા કરવાનો પૂર્ણ સમય નથી મળી શક્યો એવું કારણ તેમણે રજુ કર્યું છે. ઉભય પોત પોતાની રીતે બાંધ છોડના સિદ્ધાંતથી પોતાના મંતવ્યમાં ઢીલી દોરી મૂકી વધુ નજીક આવ્યા છે અને એક વ્યાસપીઠ પર સાથે બેસી જૈન સમાજની વર્તમાન વિષમ દશાનો સાચો ઉકેલ આણવા સારૂ પ્રબળ જીજ્ઞાસુ છે. આ ચોખવટજ અતિ અગત્યની છે.

સ્ટેન્ડીંગ કમિટિના ઠરાવે એ દિશામાં એક પગલું આગળ ભર્યું છે. એ પાછળ જે ઉમદા રહસ્ય છુપાયું છે એ સંબંધી વિગતવાર સમજણ આગળ ઉપર આપવાનું રાખી હાલ માત્ર એ વાત પર ભાર મૂકીએ કે આવતા અધિવેશનમાં કયા બાબતો પર લક્ષ્ય કેંદ્રિત થશે અથવા તો એકઠ ભરવાનું મહત્વ કયા વિષયોની ચર્ચા પાછળ બેંચાશે એ વાત સૂર્ય માફક સ્પષ્ટ કહી બતાવી છે. કેળવણી અને બેકારી નિવારણ એ બે સવાલો માટે કોઇને પણ મતફેર હોય એ માન્યામાં ન આવે તેવું છે. એ એવી ભૂમિકા તૈયાર કરે છે કે જૈન સમાજમાં ગમે તે કારણે અને ગમે તે માન્યતાથી દોરાઇ, છુટા પડેલા ગમે તે વિચારના માણસો, જુથો કે પક્ષો, જરા પણ રંચ સેવ્યા વિના એક સાથે બેસી શકે.

એ સાથે બંધારણ સુધારણાની વાત એટલા ખાતર રાખી છે કે પરસ્પર ભળવામાં દરેક પ્રાંત યા વિભાગનો સાચો મત નક્કી કરવામાં અગર તો એનું સાચુ પ્રતિનિધિત્વ મેળવી, કરેલ ઠરાવનો પ્રચાર કરી, અમલી બનાવવામાં જે મુશ્કેલી નડે છે તે દૂર થાય.

આ એકજ ઠરાવે દીક્ષા સંબંધી કે અન્ય ચર્ચાત્મક મનાતા વિષયો સંબંધી કોઇ પણ જાતના વંટોળ ઉદ્ભવે એવી સ્થિતિ રહેવા દીધીજ નથી. એ સારૂ જૂદા જૂદા દ્રષ્ટિબિન્દુઓથી કે ભિન્ન ભિન્ન નિમિત્તોનો આશ્રય લઈ વૃદ્ધ, પ્રૌઢ કે યુવક ગણાતા વર્ગો એમાં એક સાથ ઉભા છે. એક રીતે કહીયે તો આ સ્થિતિ ઉદ્ભવવામાં જે પ્રશ્ન માટે વાટાઘાટો ચાલી હતી તેણે ઠીક સાથ પૂર્યો છે. જેની શરૂઆત સારી છે એનો અંત સુંદર આવશે એમ કલ્પવું અસ્થાને નથીજ. થયેલી ચોખવટ કરતાં વધુ બેંચવામાં સાર પણ નથીજ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

અખિલ હિંદ સ્થાયી સમિતિની બેઠક.

સમાજોત્કર્ષ માટે આર્થિક ઉદ્ધાર, કેળવણી પ્રચારાદિ પ્રશ્નોની વિચારણા.

અજબ ઉત્સાહ વચ્ચે પૂર્ણ થયેલ કાર્યવાહીની સંક્ષિપ્ત નોંધ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની ઑલ ઈંડિયા સ્ટેન્ડિંગ કમિટીની પ્રથમ દિવસની બેઠક તા. ૨૭ એપ્રિલ ૧૯૪૦ શનીવારના દિવસે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિશાળ સભાગૃહમાં બપોરના સ્ટાં. ટા ૩ વાગે **દયાલંકાર શેઠ લલ્લુભાઈ દીપચંદ ઝવેરી** ના પ્રમુખપદે મળી હતી.

મુંબઇ તેમજ બહારગામના સભ્યોમાં આ કમિટી અંગે સારા પ્રમાણમાં ઉત્સાહ પ્રગટયો હતો, જેની સાક્ષી આજે હાજર રહેલા મોટી સંખ્યાના સભ્યો, આમંત્રિત સંભાવિત ગૃહસ્થો, પ્રેક્ષકો અને બહેનો પૂરતા હતા. મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના સ્વયંસેવક બંધુઓ ડ્યુટી બજાવતા હતા. સભામાં ધ્વનીવર્ધક યંત્રોની ગોઠવણ રાખવામાં આવી હતી. બંગાલ, કચ્છ, ઝાલાવાડ, ગોહિલવાડ, સોરઠ, હાલાર, અમદાવાદ શહેર અને જીલ્લા, પાટણ સુરત, દક્ષીણ મહારાષ્ટ્ર. ઉત્તર મહારાષ્ટ્ર તથા મુંબઇના સ્ટેન્ડિ કમિટીના સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. (જેની નોંધ અન્યત્ર આપી છે)

શરૂઆતમાં શ્રી મુંબઇ અને માંગરોળ સભાની શ્રી શકુંતલા કાંતિલાલ કન્યાશાળાની બાળાઓએ મધુર ધ્વનીથી સ્તુતિ અને સ્વાગત ગીત ગાયા હતા. તત્પશ્ચાત્ **શ્રી મુળચંદ આશારામ ઝવેરી**એ દયાલંકાર શેઠ **શ્રી લલ્લુભાઈ દીપચંદ ઝવેરી**ને પ્રમુખપદ લેવા દરખાસ્ત રજુ કરતાં તેમનો પરિચય આપતાં જણાવ્યું હતું કે શેઠશ્રીને હું ઝવેરી તરીકે કે શ્રીમંત ગૃહસ્થ તરીકે ઓળખાવવા નથી માગતો પણ તેઓશ્રીના જીવદયાના કામથીજ તેમને ઓળખાવવા યોગ્ય ગણું છું. આ દરખાસ્તને પુના મ્યુનિસિપાલીટીના પ્રમુખ **શ્રી પોપટલાલ રામચંદ શાહ, શેઠ છોટાલાલ પ્રેમજી, શ્રી અમલચંદ કેશવલાલ મોદી** વિગેરેનો ટેકો મળતાં શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરી પ્રમુખ સ્થાને બિરાજ્યા હતા અને એ સ્થાન આપવા બદલ તેમણે આભાર માન્યો હતો.

બાદ શ્રી **મોતીચંદ ગિ. કાપડીઆ**એ બેઠકની સફળતા ઇચ્છતા તાર તથા પોસ્ટથી આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા.

સંદેશાઓના વાંચન બાદ રાવસાહેબ શેઠ **કાંતિલાલ ઈશ્વરલાલે** મહામંત્રીઓનું નિવેદન રજુ કર્યું હતું (જે આ અંકમાં અન્યત્ર છપાયેલ છે.) ત્યાર બાદ દયાલંકાર શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરીએ પોતાનું પ્રમુખ તરીકેનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું (જે અન્યત્ર છાપવામાં આવેલ છે.)

બાદ શ્રી શકુંતલા કાંતિલાલ કન્યાશાળાની બાળાઓએ વંદે માતરમ્ નું ગીત મધુર સ્વરે ગાયું હતું અને સૌ સભાજનોએ ઉભા થઇ પૂર્ણ ગંભીરતાથી તે સાંભળ્યું હતું. બાદ સભા વિસર્જન થઇ હતી.

શનિવાર તા. ૨૭-૪-૪૦ ની રાત્રે સ્ટાં ટા. ૮॥ વાગે સ્થાયી સમિતિના સભ્યોની સભા વિદ્યાલય હોલમાં આવતી કાલની બેઠકમાં રજુ કરવાનાં ઠરાવો વિષે વિચારણા અને નિર્ણય માટે મળી હતી જેમાં સાડાચાર કલાકની દીર્ઘ ચર્ચા બાદ ૭ ઠરાવો ખુલ્લી બેઠક માટે નિર્ણિત કરવામાં આવ્યા હતા. રાત્રે ૧ વાગે સભા સમાપ્ત થતાં સૌ વિખરાયા હતા.

બીજા દિવસની બેઠક.

રવિવાર તા. ૨૮-૪-૪૦ ના રોજ બપોરના સ્ટાં ટા. ૩ વાગે મહાવીર વિદ્યાલય હોલમાં બીજા દિવસની સભા મળવાની હોઈ નિર્ણિત સમય પૂર્વે પ્રેક્ષકો, સંભાવિત ગૃહસ્થો અને સભ્યોની આવજા શરૂ થઈ ગઇ હતી. બહેનોની પણ સારી સંખ્યામાં હાજરી હતી. સમય થતાં પ્રમુખ શ્રી **લલ્લુભાઇ દીપચંદ ઝવેરી** પધારતાં શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના બેન્ડે તેમનું સ્વાગત કર્યું હતું. દ્વારપર મહામંત્રીઓ તથા અન્ય ગૃહસ્થોએ પ્રમુખશ્રીનું સ્વાગત કરી ખાસ મંચપર તેમને લઇ જવામાં આવ્યા હતા. બાદ શ્રી શકુંતલા કન્યાશાળાની બાળાઓએ સ્તુતિ ગીત તથા સ્વાગત ગીત ગાઇ સૌને હર્ષિત કર્યા હતા.

અત્રે શેઠ **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ** (રેસીડેન્ટ જનરલ સેક્રેટરી) એ સફળતા ઇચ્છનાર સંદેશાઓ તાળીઓના ગડગડાટ વચ્ચે વાંચી સંભળાવ્યા હતા.

સભાની કાર્યવાહીની શરૂઆત કરતાં પ્રમુખસ્થાને શેઠ લલ્લુભાઇએ કૉન્ફરન્સ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર બાબુ રાય કુમારસિંહજી (કલકત્તા) બાબુ ધનુલાલજી સુચંતી. (બીહાર શરીફ) બાબુ ચાંદમલજી જોહરી (આગરા) ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી (મુંબઇ) શેઠ ટોકરશી મુલજી (કચ્છ) શેઠ અમરચંદ ઘેલાભાઇ ગાંધી (ભાવનગર) શેઠ ગિરધરલાલ આણંદજી (ભાવનગર) બાબુ મોતીચંદજી નખત (કલકત્તા) શેઠ સુખરાજ જવારમલ લલવાણી (પુના) શેઠ રાજારામ મયાચંદ (કરાડ) શ્રી મંગલાબ્હેન મોતીલાલ જે. પી. (મુંબઇ) અને શેઠ લાલભાઈ કલ્યાણભાઇ ઝવેરી (વડોદરા) ના દુઃખદ અવસાન બદલ શોકદર્શક ઠરાવ રજુ કરી સ્વર્ગસ્થોના આત્માને શાંતિ ઇચ્છી હતી. આ ઠરાવ સભાજનોએ ઉભા થઈ પૂર્ણ ગંભીરતાપૂર્વક પસાર કર્યો હતો.

વસ્તી ગણત્રી.

માલેગામ નિવાસી શેઠ **બાલચંદ હીરાચંદ** આવતી વસ્તી ગણત્રી અંગે જૈન ભાઇઓ તથા બહેનો પોતાને 'જૈન' તરીકે નોંધાવે તે માટે જરૂરી પ્રચાર કાર્ય કરવા સંબંધી ઠરાવ રજુ કરતાં જણાવ્યું હતું કે આ ઠરાવ સમગ્ર હિંદના

જૈનોને તેમજ મહારાષ્ટ્રને મારી દ્રષ્ટિએ અનેક રીતે અગત્યતા ધરાવનાર છે. વાણીયા, પટેલ વિગેરેને મહારાષ્ટ્રમાં ગુજરાતી તરીકે જૈનોને પટ્ટણી તરીકે અને મેમણોને કચ્છી તરીકે ઓળખવામાં આવે છે આવી રીતે આ પ્રાંતવાસીઓ ઇતર-પ્રાંતિયજનોને તેમના પ્રાંતના નામથી ઓળખે છે, એ પરિસ્થિતિ બદલાય અને આપણી આબાદી કેટલી છે, આપણી સંખ્યા કેટલી છે તેનું માપ કાઢવાની અત્યારે ખાસ આવશ્યકતા ઉભી થઇ છે. વક્તાએ પુરાતન સમયની જૈનોની જાહોજલાલી અને જનસંખ્યા વિષે ઇશારો કરી વધુમાં ઉમેર્યું હતું કે હિન્દુ શબ્દ તો માત્ર સ્થાનદર્શક છે. તે ધર્મદર્શક નથી. રાષ્ટ્રિય દ્રષ્ટિએ કદાચ જૈનો હિંદુઓ હોય છતાં ધાર્મિક દૃષ્ટિએ તો જૈનજ છે. આ સર્વ પરિસ્થિતિ નજરમાં રાખતાં તેઓએ જૈન સમાજને આવતી વસ્તી ગણત્રી પ્રસંગે 'જૈન' તરીકે ઓળખાવા અપીલ કરી હતી

શેઠ રમણિકલાલ કેશવલાલ ઝવેરી સોલિસિટરે ઠરાવને ટેકો આપતા જણાવ્યું હતું કે આજે કેટલાક સ્થળે જૈનોને હિન્દુઓ માનવામાં આવે છે. અમુક દ્રષ્ટિએ એ વસ્તુ સ્વીકાર્ય ગણાય. છતાં જૈનોની સંખ્યાનું માપ કાઢવા ખાતર આજે વસ્તી પત્રકમાં જૈનોનાં કોલમમાં જૈનોએ પોતાને હિન્દુ, વાણીયા, વૈશ્ય આદિ ન લખાવતાં સ્પષ્ટપણે 'જૈન' જ લખાવવાની જરૂર હું જોઈ શકું છું. **રા. મોતીચંદભાઇ કાપડીઆને** મેં ઘણી વખતે મુંબઇમાં જૈનોની સંખ્યા ચાલીસ હજાર લગભગ હોવાનું કહેતા સાંભળ્યા છે જ્યારે સેન્સસમાં એની અર્ધી સંખ્યા પણ જણાતી નથી. શું આ સેન્સસની ખામી જણાવનાર વસ્તુ નથી? આ માટે બહારના ઉપાયો શોધવા કરતાં આપણે પોતેજ પ્રચાર કાર્ય કરી આવી ભૂલો થતી હોય તો સુધરાવવાની રહે છે.

શેઠ મોહનલાલ દીપચંદ ચોકસીએ ઠરાવના અનુમોદનમાં કેટલીક હકીકતો રજુ કરી ઉમેર્યું હતું કે આજે આપણે વસ્તીપત્રક કરનારની કે ભરનારની ભૂલો શોધવા જવાં કરતાં આપણે આપણી ગફલતને સુધારવાની છે. જૈનો ગુજરાત કે કાઠિયાવાડ, મહારાષ્ટ્ર કે મારવાડ, બંગાલ કે પંજાબ માંજ પથરાયલાં નથી પણ તેઓ સમગ્ર હિન્દના દરેક દરેક પ્રાંત અને શહેરમાં વસી રહેલા છે. આપણા પ્રચાર કાર્યને વેગવાન બનાવી ચોમેર આ બાબતની સમજણ આપવાની કોન્ફરન્સ દેવીની ફરજ છે. તેની સાથે અત્રે પધારેલા પ્રત્યેક સભાસદે પણ એ માટે બની શકે તેટલા વધુ પ્રમાણમાં પોતાના પ્રાંત કે શહેરમાં એ માટે ઘટતા ઉપાયો યોજવાના રહે છે.

પ્રમુખશ્રીએ સભાની સમ્મતિથી આ ઠરાવ સર્વાનુમતે પસાર થયેલ જાહેર કર્યો હતો.

આર્થિક ઉદ્ધાર અને કેળવણી પ્રચાર.

શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. એડવોકેટે ત્રીજો ઠરાવ રજુ કર્યો હતો જેમાં કોન્ફરન્સના આગામી અધિવેશનનું કાર્ય (૧) કોન્ફરન્સના બંધારણમાં ઉદ્દેશ અને કાર્ય વિસ્તાર સિવાયની બાબતોમાં જરૂરી ફેરફાર. (૨) આર્થિક ઉદ્ધાર અને (૩) કેળવણી પ્રચાર એ ત્રણ બાબતો ઉપર ખાસ કરીને કેન્દ્રીત કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરવા ઉપરાંત આવતી નાતાલ સુધીમાં કોન્ફરન્સનું અધિવેશન ભરવાની ગોઠવણ કરવા કાર્યવાહક સમિતિને સૂચના કરવામાં આવી હતી.

શ્રીયુત દેશાઇએ ઠરાવ રજુ કરતાં કોંન્ફરન્સની બેઠક ભરવામાં સમાજ કલેશ અને કંકાસ આદિની મુખ્યત્વે નડતી મુસ્કેલીઓનું દિગ્દર્શન કરાવી આમંત્રણો મળવા છતાં વિરોધી પરિસ્થિતિ આધીન તેમાં અસફળતા મલી હોવાનું જણાવ્યું હતું. તેઓએ કોન્ફરન્સની પરિસ્થિતિને સુધારવા અંગે અનેક પ્રકારનું માર્ગદર્શન કરાવ્યું હતું. અને તકરારી વિષયો પડતાં મૂકી આવતા અધિવેશન સુધી કેળવણી પ્રચાર અને બેકારી નિવારણ જેવા નિર્દોષ પ્રશ્નો હાથ ધરવામાં કોઇને વાંધો ન હોઇ શકે એ પ્રકારે પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું. જૈન સમાજને આ બે પ્રશ્નો કઇ રીતે અને કેટલી હદે સંબંધ ધરાવે છે, તેના નિરાકરણ માટે આજે જો ઉપાયો યોજવામાં ન આવે તો સમાજ વિકટ પરિસ્થિતિમાં આવી પડે તે વિગેરે અંગે બ્યાન કરી કોન્ફરન્સ માટે આ ઠરાવમાં દર્શાવેલ બાબતો હાલ તુરત વધુ હિતકર નિવડશે એવી આશા વ્યક્ત કરી હતી.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટિના પ્રમુખ **દયાલંકાર શેઠ લલ્લુભાઈ દીપચંદ ઝવેરી.**

પુના મ્યુનિસીપાલીટીના પ્રમુખ શેઠ **પોપટલાલ રામચંદ્ર શાહે** મુંબઇમાં મળેલા ગત અધિવેશનની સ્મૃતિઓ તાજી કરી શ્રીસંઘ ની ઉન્નતિમાં સાધુ-સાધ્વી તેમજ શ્રાવક-શ્રાવિકાઓ કઇ રીતે ફાળો આપી શકે તે માટે થયેલી કેટલીક ચર્ચાનો ઉલ્લેખ કર્યો હતો. તેઓએ આજના યુગમાં શ્રદ્ધાળુ ગણાતા ભાઇઓની દીલની લાગણી કોઈ પણ રીતે ન દુઃખાય એ માટે કોન્ફરન્સ તેમજ તેના આગેવાનો દ્વારા અત્યાર પર્યંત લેવામાં આવેલા પગલાઓ તેમજ પ્રયાસોને ઉદ્દેશી જણાવ્યું હતું કે આટલું આટલું કરવા છતાં તેઓ કોન્ફરન્સમાં આવ્યા નથી તો પણ કોન્ફરન્સ તો સમાજની ઐકયતા ખાતર દરેક પ્રકારે બલીદાન આપવા તૈયાર હતી અને છે. પૂજ્ય મહાત્માજીએ કોમી ઐકયતા માટે મી. ઝીણાને કોરો ચેક આપવા

સુધીની તત્પરતા વ્યક્ત કરી હતી તેવીજ રીતે કોન્ફરન્સના આગેવાનોએ પણ વિરોધી પક્ષને તેટલેજ અંશે સંતોષવા દરેક પ્રયત્નો કર્યા છે. કોન્ફરન્સની એવી હાર્દિક ઈચ્છા છે, કે કોઈ પણ ભોગે હિન્દમાં વસનાર એકેએક જૈન તેની છત્ર-છાયા હેઠળજ હોય અને તે દ્વારા સમાજોન્નતિના કાર્યો વધુમાં વધુ થયા કરે.

આજે ગામડાઓમાં જૈનોની હાલત ઘણીજ કફોડી છે, તેઓ પાશેર અનાજ માટે ફાંફા મારી રહ્યા છે સેંકડો જૈન કુટુંબોને અઠવાડીયામાં એક પાલી અનાજ મેળવવા માટે પણ અનેક પ્રકારના સંકટો વેઠવા પડે છે. જૈન સ્ત્રીઓને આજે પોતાની લજ્જા ઢાંકવા માટે વસ્ત્રો મેળવવામાં કેટલી અડચણો પડે છે તે કદાચ મુંબઈ કે અમદાવાદ, રાધનપુર કે કલકત્તા જેવા શહેરમાં વસનાર શ્રીમંત ભાઇઓને ખબર નહીં હોય. આપણી આ દુઃખમય પરિસ્થિતિના નિવારણ માટે ઐક્યતા કરવાની સાથે કોન્ફરન્સને પણ એવા માર્ગે વાળવાની છે કે જેથી આપણા અનેક કંગાલ ભાઇ બહેનોની તે સંભાળ લઇ શકે.

ભાવનગર રાજ્યના માજી સરન્યાયાધીશ શેઠ **જીવરાજભાઇ ઓધવજી દોશી**એ ઠરાવના અનુમોદનમાં અત્યારની જૈન સમાજની કટોકટીભરી સ્થિતિ વખતે આ બાબતની કેટલી મહત્વતા અને આવશ્યકતા છે તે વિષે ખુબ અસરકારક વિવેચન કર્યું હતું. તેઓએ પોતાના પ્રવાસ દરમ્યાન અનુભવેલા બનાવો સભા સમક્ષ રજુ કરી આપણી કોન્ફરન્સના આવતા અધિવેશનને યશસ્વી બનાવવા મુખ્યત્વે આ બે પ્રશ્નો ઉપયોગી થઇ પડશે એવી હાર્દિક ઇચ્છા વ્યક્ત કરી હતી.

શ્રીયુત **પરમાણંદ કુંવરજી ઝવેરી**એ ઠરાવને વિશેષ અનુમોદન આપતાં કોન્ફરન્સના ઉદ્દેશો અને હેતુઓ સ્પષ્ટપણે સમજાવી કોન્ફરન્સની બેઠક મળે ત્યારે અમુકજ મર્યાદિત વિષયની ચર્ચા કરવી એ મંતવ્ય સાથે ભિન્નતા દર્શાવવા છતાં કોન્ફરન્સની નાજુક સ્થિતિ વખતે ખૂબજ સંભાળ રાખવાની હોવાથી આ ઠરાવને ટેકો આપ્યો હતો તેઓશ્રીએ કોન્ફરન્સના બંધારણને સમયાનુકુળ બનાવવા સૂચના કરી હતી.

બારશી શહેરની કોંગ્રેસ કમિટીના પ્રમુખ **શ્રીયુત મુલજી નરશી શાહે** ઠરાવને સંક્ષેપમાં અસરકારક રીતે ટેકો આપ્યો હતો બાદ અમદાવાદ નિવાસી **શેઠ બબલચંદ કેશવલાલ મોદીએ** આ પ્રસ્તાવના અનુમોદનમાં કેટલીક જરૂરી દલીલો રજુ કરી સભાજનોને આ ઠરાવને પસાર કરવા વિનંતિ કરી હતી.

પ્રમુખશ્રીએ સર્વ સમ્મતિથી ઠરાવ એકમતે પસાર થયેલો જાહેર કર્યો હતો.

કોન્ફરન્સનું બંધારણ.

કોન્ફરન્સના બંધારણમાં યોગ્ય ફેરફારો કરવા સંબંધે આગામી અધિવેશનમાં રિપોર્ટ રજુ કરવાની કાર્યવાહી સમિતિને સૂચના કરનાર ઠરાવ રજુ કરતાં **શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ** જણાવ્યું હતું કે આપણા સમાજમાં કેળવણી ફેલાશે અને આર્થિક સ્થિતિ સુધરશે તો લોકો આપોઆપ પોતાનું કર્તવ્ય સમજતા થઇ જશે. અને તેમ થતાં બીજા પ્રશ્નોનો સહેજે નિકાલ આવી જશે. તેથી ત્રીજા ઠરાવને લક્ષમાં રાખી કોન્ફરન્સે બંધારણમાં ઘટતા ફેરફારો કરવાના રહે છે. કોન્ફરન્સનું બંધારણ સમય જૈન સમાજની પરિસ્થિતિને લક્ષમાં રાખીનેજ ઘડવામાં આવેલ છે. અત્યારે સમાજ પાસે અનેક અગત્યના પ્રશ્નો અણઉકેલ પડયા છે આપણી જૈન મહાસભાની સ્થિતિ સુદૃઢ કરવા તેમજ સમાજને આગળ વધારવા કેળવણી અને બેકારી નિવારણના પ્રશ્નોની અગત્યતા સૌ કોઇ સ્વીકારશેજ. તેથી આ પ્રકારનો સુધારો કરવા માટે કોન્ફરન્સની કાર્યવાહી સમિતિને આ સૂચન સમયસરનું છે.

શ્રીયુત **મકનજી જુઠાભાઈ મહેતા** બારીસ્ટરે ઠરાવને ટેકો આપ્યો હતો. બાદ સોલાપુર નિવાસી શેઠ **મોતીલાલ વીરચંદ** ઠરાવના અનુમોદનમાં પોતાનું વક્તવ્ય રજુ કર્યા પછી શેઠ **મોહનલાલ ભગવાનદાસ ઝવેરી** સોલિસિટરે એક જુસ્સાદાર ભાષણ કરી જૈન સમાજની પરિસ્થિતિનું પ્રતિબિંબ કોન્ફરન્સના બંધારણમાં કેટલે અંશે સ્વીકારી શકાય તે વિષે સુંદર વિવેચન કર્યું હતું. બાદ પ્રમુખશ્રીએ સર્વાનુમતે આ ઠરાવ પસાર થયેલો જાહેર કર્યો હતો.

આર્થિક ઉદ્ધારની યોજના.

સુરત નિવાસી ડો. **અમીચંદ છગનલાલ શાહે** આર્થિક ઉદ્ધારના પ્રશ્નોપર કોન્ફરન્સની કાર્યવાહક સમિતિએ યોજના તૈયાર કરી આવતા અધિવેશન વખતે રજુ કરવા સંબંધે ઠરાવ મૂકયો હતો. તેઓએ સમાજની વ્યાપારીક પરિસ્થિતિ ઉપરાંત આંતરીક આર્થિક અવદશાનું ચિત્ર રજુ કર્યું હતું. જેવી વ્યાપારી કોમ પોતાની આર્થિક સ્થિતિ પ્રત્યે બેદરકારી બતાવી શકે નહીં અને તે માટે કોન્ફરન્સ જેવી સંસ્થાની પણ ઘણા અંશે જવાબદારી રહેલી છે તેથી આર્થિક ઉદ્ધારના પ્રશ્નો પર વિગતવાર નિવેદન રજુ કરવા કાર્યવાહી સમિતિને સૂચન કર્યું હતું.

શેઠ **ચીમનલાલ વાડીલાલ શાહે** ઠરાવને ટેકો આપતાં શહેર અને નાના ગામડાઓમાં વસી રહેલા જૈનોની સ્થિતિ એક બીજાથી કેટલી જુદી છે તે સમજાવ્યું હતું. બાદ શેઠ **ચુનીલાલ સરૂપચંદ પારેખે** ઠરાવને અનુમોદન આપ્યું હતું. પ્રમુખશ્રીએ ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો જાહેર કર્યો હતો.

પ્રમુખ સ્થાનેથી છઠ્ઠો ઠરાવ નીચે મુજબ રજુ કરવામાં આવ્યો હતો.

(૬) કોન્ફરન્સના આગામી અધિવેશન માટે **બારશી** શહેર (મહારાષ્ટ્ર) માટે ત્યાંના સંઘ તરફથી **શેઠ મુલચંદ જેતીરામ બલદોટાએ** આમંત્રણ કર્યું; **નિંગાળા** (કાઠીયાવાડ) માટે ત્યાંના સંઘ તરફથી **શેઠ મણીલાલ જયમલ શેઠે** આમંત્રણ કર્યું અને **મણુંદ** (ગુજરાત) માટે ત્યાંના સંઘ તરફથી **શેઠ ચીમનલાલ વાડીલાલ શાહે** નિમંત્રણ કર્યું તેની સાભાર નોંધ લેવામાં આવે છે. સદર સ્થળમાંથી કે અન્યત્ર અધિવેશનનું બે માસમાં નિર્ણિત કરવાની સત્તા કાર્યવાહી સમિતિને આપવામાં આવે છે.

પ્રમુખશ્રીએ કોન્ફરન્સને આગામી અધિવેશન માટે આમંત્રણ કરનાર બંધુઓને ધન્યવાદ આપ્યો હતો. તેઓશ્રીએ કોન્ફરન્સની કાર્યવાહી સમિતિ દ્વારા આ અધિવેશન અંગે

(અનુસંધાન પૃ. ૧૭ ઉપર)

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

અખિલ હિન્દ સ્થાયી સમિતિના પ્રમુખ–

દયાલંકાર શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરીનું ભાષણ.

વ્હાલા બંધુઓ અને બ્હેનો,

આપની વચ્ચે આજે ઉપસ્થિત થતાં મને આનંદ થાય છે. સમાજનું હિત તે મનુષ્યના જીવનનો ધર્મ હોવો જોઇએ, અને એ હિત સાધવા જ્યાં ભેગા થઇએ ત્યાંથી આપણે કેમ દુર રહી શકીએ? મને આ સ્થાને બેસાડવામાં આપે મારા પ્રત્યે જે પ્રેમ બતાવ્યો છે તે માટે હું આપનો આભારી છું. મારૂં સ્થાન આપ જાણો છો કે મેં મારા પ્રિય જીવદયાના વિષયમાં ઘણાં વર્ષોથી લઈ લીધું છે અને તેની પાછળ મારી સેવા રાતદિવસ આપતો રહ્યો છું. આથી આપણી આ મહાન્ સંસ્થાના કામકાજમાં નિયમિત ભાગ લઇ શકયો નથી; છતાં તે મહાન્ સંસ્થાને હું ભૂલી ગયો છું એમ સમજવાનું નથી. સને ૧૯૦૨ માં સ્વર્ગસ્થ શેઠ ફકીરચંદ પ્રેમચંદની રાહબરી અને રાતદિવસની મોટી જહેમતને પરિણામે, મુંબઈ મુકામે મળેલી આપણી કોન્ફરન્સની નામે બીજી પણ બરી રીતે પહેલી ભવ્ય બેઠક વખતે તે સજ્જન પુરુષના સહકારી કાર્યકર્તાઓમાં હું પણ એક હતો. તેઓ અને શ્રી. વીરચંદ દીપચંદ, શ્રી. મોહનલાલ પુંજાભાઇ, શ્રી. માણેકલાલ ચેલાભાઈ વિગેરે સ્વર્ગવાસી થયા; પણ અત્યારે તે સમયનો ઉત્સાહ સંઘભક્તિનો આવેશ અને સબળ પુરૂષાર્થ યાદ આવે છે, તેનાં જુનાં સ્મરણો તાજાં થાય છે, અને તે સર્વે ગુણો આપણામાંની હયાત પ્રધાન વ્યકિતઓમાં જાગૃત થાય અને તે વડે કોન્ફરન્સનો ઉત્કર્ષ થાય એમ હું ઈચ્છું છું.

વર્તમાન પરિસ્થિતિ પર ધ્યાન આપતાં આપણે આપણું સંગઠન કરી શકીએ અને શક્તિનો વિચાર કરી શકીએ તો આ મહાસભાનું ગૌરવ વધારી શકીએ એમાં કંઈ શક નથી. આપણા સમાજમાં સમર્થ વ્યક્તિઓ છે, જોઇતું ધન છે, ભણેલા ગણેલાની સંખ્યા ઘણી વધી છે, લોકો વિચારતા થઈ ગયા છે. સગવડનાં પુષ્કળ સાધનો મળી શકે છે,–આ સર્વનો ઉપયોગ સમાજના હિતમાં જરૂર થઇ શકે. જો પ્રધાન વ્યકિતઓમાં આત્મવિશ્વાસ આવે અને આત્મભોગ આપવાની ધગશ જાગે તો ધાર્યું કામ પાર પાડી શકાય. એટલે આપણી આ મહાસભાને ઉંચા પદે લઇ જઇ શકાય અને તે દ્વારા સમાજ–હિતનાં સત્કાર્યો કરી શકાય.

આપણી મહાસભાએ સમાજ ઉપયોગી કાર્યો માટે જે આંદોલનો ઉત્પન્ન કરી આખી સમાજમાં ફેલાવ્યાં છે તેનાં સારાં પરિણામો આપણે જોઇ રહ્યા છીએ. સ્થળે સ્થળે પાઠશાળાઓ, ગુરૂકુળો, બાળાશ્રમો, વિદ્યાલયો, શિક્ષણશાળાઓ, વિદ્યાર્થીગૃહો, દવાખાનાંઓ, આરોગ્યભુવનો, જ્ઞાનમંદિરો, પુસ્તકાલયો અને જ્ઞાન ભંડારો વગેરે સ્થપાઇ અત્યાર સુધી સારા પ્રમાણમાં કાર્ય કરી રહ્યાં છે. બાળલગ્ન, વૃદ્ધલગ્ન, પ્રેતભોજન અને રડવા કુટવા આદિ હાનિકારક રિવાજો મ્હોટે ભાગે નાબુદ થયા છે. ધર્માદા ખાતાંના વહિવટો પહેલાં કરતાં વધારે વ્યવસ્થિત થયાં છે. જુદા જુદા પ્રાંતોના જૈનો સાથે સહકાર વધ્યો છે. એ રીતે આપણી મહાસભાના પ્રયાસોથી સમાજને ઘણા લાભો થયા છે અને જો સર્વ પક્ષ અને સર્વ કોટિના જૈનો પુરો સહકાર આપી સંગઠિત થઇ ઐકયથી કાર્ય કરે તો આ મહા સંસ્થાથી આપણા સમાજને હજી પણ વધારે લાભો પ્રાપ્ત કરી શકાય તેમ છે.

દરેક વ્યક્ત કે સંસ્થા પર ઠંડા કે ઉના વાયરા વાય છે અને તોફાની વાયરા ફુંકાતાં તેની સ્થિતિ ડામાડોળ બને છે, આપણી મહાસભાનો ઇતિહાસ તપાસતાં પણ તેવા જુદા જુદા પ્રસંગો આપણને મળી આવે છે. નજદીકના સમય તરફ દ્રષ્ટિ કરીએ તો તેવું જ એક પ્રકરણ દિક્ષાના પ્રશ્નને જગાડેલું જોવામાં આવે છે. આથી જુના વિચારવાળા અને નવા વિચારવાળા વચ્ચે મતભેદ ઉત્પન્ન થયા; નવીન પક્ષો અને નવાં મંડળોની સ્થાપના થઇ, તેમનું પ્રચારકાર્ય ખુબ થવા લાગ્યું; શાસ્ત્રોનાં સાધક બાધક પ્રમાણો રજુ થવા લાગ્યાં, શબ્દોની આઠમારી થવા લાગી અને સામસામા ઠરાવો વિગેરેથી સંઘ સંઘોમાં, કુટુંબ–કુટુંબોમાં, સગાસંબંધી- ઓમાં અને જ્ઞાતિઓમાં સ્થળે સ્થળે ભાગલા પડી ગયા. સાધુ સાધુઓમાં પણ પક્ષો પડયા અને વિક્ષેપો વધ્યા આવી પક્ષાપક્ષીથી સમાજમાં સમાધાન વૃત્તિ સ્થિર નહિ રહી શકી અને અસંતોષ, કલેશ અને કુસંપનું વાતાવરણ ફેલાયું.

સંવત ૧૯૮૬ ની જુન્નરની બેઠકમાં દિક્ષા સંબંધી સાદો અને સર્વ પક્ષોને માન્ય થાય તેવો નરમ પણ મુદ્દાસરનો ઠરાવ કરવામાં આવ્યો. તે બાદ વડોદરા રાજ્યે "સંન્યાસ દિક્ષા નિયામક નિબંધ" ઘડવાની હિલચાલ કરી. આથી સાધુઓનું સંમેલન ભરવાની યોજના વિચારાઇ અને સંવત ૧૯૯૦ માં અમદાવાદ મુકામે સાધુ સંમેલનની બેઠક મળી. આ સંમેલનમાં વિદ્વાન, વયોવૃદ્ધ જૈનાચાર્યો તેમજ અન્ય સાધુઓએ જુદા જુદા વિષય ઉપર ૩૪ દિવસ સુધી ચર્ચા કરી અને જે નિર્ણયો કર્યા તે પટ્ટકરૂપે સહી કરી બહાર પાડયા. મજકુર સાધુ સંમેલનના દિક્ષા અંગેના ઠરાવને જો આપણે તપાસીએ તો જરૂર માલમ પડશે કે તે ઠરાવ આપણી મહાસભાના જુન્નર અધિવેશનના ઠરાવ કરતાં ઘણી વધારે મર્યાદાઓ દિક્ષા અંગે મુકે છે. ત્યારબાદ

સંવત ૧૯૯૦ માં મુંબઇ મુકામે મળેલા ચૌદમા અધિવેશનમાં સાધુ સંમેલને શાસ્ત્ર, પરંપરા અને વિવેકબુદ્ધિથી સર્વાનુમતે કરેલા ઠરાવો માટે તેમજ તેમણે દ્રવ્ય ક્ષેત્ર અને કાળભાવની જરૂરીઆત સ્વીકારી ઉપન્ન થયેલી વિષમ પરિસ્થિતિ દુર કરી તે માટે અભિનંદન આપનારો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તે સાથે સાથે સાધુ સંમેલનને કેટલીક જરૂરી નમ્ર સૂચનાઓ પણ કરવામાં આવી. જો કે આ સૂચનાઓ સંબંધી ત્યારપછી નિર્ણયો થઇ શકયા નથી તેમજ કરેલા ઠરાવોનો અમલ કરવા-કરાવવા માટે પણ વ્યવસ્થા થઇ શકી નથી. તે અંગે જલદીથી યોગ્ય ગોઠવણ કરવાની જરૂરીઆત હજુ ઉભી રહે છે એ પરિસ્થિતિ કોઇપણ રીતે ઇચ્છવા યોગ્ય ગણી ન શકાય. તેથી આપણે ઇચ્છીશું કે સાધુ સમાજ તેમના સંમેલનના ઠરાવ અનુસાર વર્તે અને સમાજમાં કોલાહુલ તેમજ વિરોધ ઉપન્ન થતા અટકાવે.

સાર્વજનિક ધર્માદા ખાતાંઓનાં હિસાબ ચોકખા અને વ્યવસ્થિત રાખવા જોઇએ, જાહેરની જાણ માટે પ્રગટ થવા જોઇએ કે જેથી લોકોમાં તેવાં ખાતાંઓ પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ પ્રગટે અને તેને સહાય આપવા પ્રેરાય. આ પ્રશ્ન અંગે આપણી મહાસભાની બેઠકોમાં વારંવાર ઠરાવો કરવામાં આવ્યા છે. ધર્માદા ખાતાંના હિસાબો અને બીજી વ્યવસ્થા બરાબર રાખવામાં આવતી નથી એમ લાગવાથી મુંબઈ સરકારે સને ૧૯૩૫ માં એક કાયદો કરી તે અમલમાં મૂકયો છે. આ કાયદો હિંદુ તેમજ જૈન ખાતાંઓને લાગુ પડે છે અને તેથી કેટલાંયે ખાતાંઓના અવ્યસ્થિત હિસાબો સુધરી ગયા છે. જે સરવૈયાંઓ તદન બાનગી રાખવામાં આવતાં હતાં તેની નકલો સરકારી દફ્તરે દાખલ થઇ ચૂકી છે.

કોન્ફરન્સના કાર્યમાં સમાજ સુધારણા અને તેના હિતની યોજના અને વિચારો નકકી કરવા અને ફેલાવવા એ મુખ્ય છે. આપણી એ સંસ્થા ક્રિયાત્મક કરતાં વિશેષ રીતે વિચારાત્મક છે. સમગ્ર કોમના સવાલો હાથ ધરી યોગ્ય રીતે ઉકેલ કરવા અને તે માટે જરૂરી પોકાર અને પ્રચાર કરવો એ પ્રસંગોપાત સારૂં કામ કરે છે માત્ર ઠરાવો કરી બેસી રહીએ તો મેળવેલી પ્રતિષ્ઠા ઓછી થતી જાય, પરંતુ ઠરાવો અંગે જો બરાબર કાર્ય કરી દેખાડવામાં આવે તો સંસ્થા તરફ સમાજ જરૂર આકર્ષાય. આપણી મહાસભાના ગત અધિવેશનોમાં થયેલા ઠરાવો તરફ નજર કરીએ તો માલમ પડશે કે તેમાંના કેટલાક ધનના અભાવે અમલમાં મુકી શકાય તેવા નથી, કેટલાક સહકારના અભાવે કાર્યમાં મુકી શકાય તેમ નથી, ત્યારે કેટલાક પત્રવ્યવહારથી, આંદોલનોથી, પ્રચાર કાર્યથી જરૂર અમલમાં મુકી શકાય. દાખલા તરીકે છેલ્લા અધિવેશનના ઠરાવોમાંનો ત્રીજો ઠરાવ કે જે તિર્થોના સંરક્ષણ માટે કરેલો છે તે રૂએ સરકારી શોધખોળ ખાતામાં બોદકામના અનુભવી યા શીલ્પીની નીમણુક કરાવી શકાય અગર શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી મારફત થઇ શકે. લેખોનો સંગ્રહ જુદી જુદી સંસ્થાઓદ્વારા અગર પ્રાંતિક સમિતિઓ મારફતે થઈ શકે. પુસ્તક ભંડારોમાં રહેલાં પુસ્તકોની ટીપો તૈયાર થઇ નથી. સાહિત્ય પ્રચારના ઠરાવને પણ વેગ આપી શકાયો નથી. હુન્નરઉદ્યોગ શિક્ષણ સંબંધીના તેમજ બેકારી નિવારણ માટેના ઉપાયોના ઠરાવ અંગે કાંઇપણ થઈ શકયું નથી. શ્રી કેશરીઆજી તીર્થનું પ્રકરણ ભીનું સંકેલાયું કે તેનું સ્પષ્ટ પરિણામ નહિ આવ્યું એ દુઃખદાયક બીના જાહેર છે. પાટણમાં શેઠ હેમચંદ મોહનલાલે સારી રકમ ખરચી જ્ઞાનમંદિર બંધાવી ખુલ્લું મુકયું પણ ત્યાંના સંઘ સાથે અનુકુળતા નહિં થવાથી ત્યાંના પ્રસિધ્ધ જ્ઞાનભંડારોની પ્રતો ત્યાં આવવા પામી નહિ. આ પ્રકારની કાર્યસમાલોચના નિરાશા સિવાય બીજું શું બતાવી શકે? ભલામણરૂપે કરેલા કેટલાક ઠરાવોમાં જો સક્રિય અને ખંતપૂર્વક કાર્ય ચાલુ રાખવામાં આવ્યું હોય તોપણ આપણે કેટલુંક સંતોષ લેવા જેવું પરિણામ લાવી શકીએ. ઠરાવો કરવા કરતાં જે કાર્ય કરી શકીએ તે હાથ ધરવાની પ્રવૃત્તિ સેવવી એ વિશેષ આવકારદાયક છે.

ઠરાવોનો અમલ જ્યાં સુધી ન થાય યા તે માટે સક્રિયતા અને ચેતન બતાવવામાં ન આવે ત્યાં સુધી કાગળ ઉપર રહેલા એ ઠરાવોની કાંઇ કીંમત થતી નથી. આ માટે આપણી પ્રાંતિક સમિતિઓ સબળ અને સેવાભાવી કાર્યકર્તાઓના સંચાલન નીચે મુકવી જોઇએ. કાર્યકર્તા સ્વયંસેવકોનું દળ ઉભું કરવું જોઇએ. આપણા મુખપત્રદ્વારા આપણા કાર્યોની જાહેરાત વખતોવખત આપવી જોઇએ. તેનું તંત્ર કુશળ હસ્તમાં મૂકી તે દ્વારા મહાસભાના ધ્યેય અને ઠરાવો અનુસાર સમાજમાં સુવિચારો, ભાવનાઓ અને યોજનાઓનો પ્રચાર થવો જોઇએ. કુસંપ અને કલેશને જરાપણ ઉ-તેજન ન મળે, અઘટિત આક્ષેપોને અવકાશ ન અપાય તે દ્રષ્ટિ લક્ષમાં રાખી સૌમ્યતા, સભ્યતા અને સંયમવાળી ભાષાનો સર્વદા ઉપયોગ રાખવો જોઇએ, તીખાં તમતમતાં વાક્પ્રહારો કદી વિજય અપાવી શકતાં નથી એ ધ્યાનમાં રાખવું જોઇએ. અખંડ અને તેમ ન બને તો અમુક સમય માટે સેવા અર્થે ભોગ આપનારા કાર્યકર્તાઓની ઉણપ છે. તેવા કાર્યકરો વિશેષ પ્રાપ્ત થાય ત્યારે સમાજની ઉન્નતિ સત્વર અને સારી રીતે થશે. ત્યાં સુધી સંજોગાનુસાર જે કાર્યકર્તાઓ અને સભ્યો મળે તેમનાથી આપણે આપણું કાર્ય ચાલુ રાખવું જોઇએ અને વધુ સાનુકુળ સંજોગો અને સેવાભાવી કાર્યકરો મેળવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ.

કેટલાક વિવાદગ્રસ્ત સવાલોને એક બાજુએ રાખી જેમાં સર્વ એકમત થાય એવા અને ખાસ ઉપયોગી જરૂરીઆતવાળા પ્રશ્નો ઉપર પુરતું ધ્યાન આપવું જોઇએ. દરેક કોમ માટે કેળવણી અને બેકારી નિવારણ એ બે પ્રશ્નો હાલ અગ્રસ્થાને ગણાય છે. કેળવણીના બે પ્રકાર પાડી શકાય. એક ધાર્મિક કેળવણી કે જેનાથી ધર્મનાં તત્વો અને નીતી સહેલાઇથી સમજાવી શકાય અને જીવનમાં ઉતારી શકાય. આ

માટે જૈન ધર્મની ક્રમિક વાંચનમાળા, જૈન તત્વજ્ઞાનને સળંગ સમજાવનારાં પુસ્તકો સારી અને સાદી ઢબે લખાએલાં હોવાં જોઇએ બીજી વ્યવહારીક કેળવણી કે જે મન, તન અને આત્માની સર્વ શક્તિઓને સપ્રમાણ અને એકી સાથે વિકાસ કરનારી હોવી જોઇએ હાલની વ્યવહારીક કેળવણીમાં કેટલીક ત્રુટીઓ છે તે દુર કરવી જોઇએ કેળવણી લેનારને પોતાનો જીવન નિર્વાહ રહેલાઇથી થઈ શકે એટલી આવડત અને સાધન સંપત્તિ હોવી જોઇએ. આ માટે ગૃહઉદ્યોગો અને હાથની મહેનતવાળા ઉદ્યોગોને પુરતું ઉ-તેજન મળવું જોઇએ.

ભણેલા અને બીનભણેલા, સામાન્ય અને મધ્યમ વર્ગમાં બેકારી એટલા બધા પ્રમાણમાં વધી છે કે તેની પરિસ્થિતિ ઉંડા ઉતરી તપાસતાં આપણને અનહદ દુઃખ થયા વગર રહે નહિ. આપણા ભાઇ બ્હેનો ગરીબાઈમાં રીબાય છે, દુઃખી થાય છે, અને માંડમાંડ પોતાનું દુઃખી જીવન વ્યતીત કરે છે. મુંબઇ અને બીજાં શહેરોમાં માણસોને ભાડાંના મકાનમાં રહેવું પડે છે. તેમની કમાણીનો મુખ્ય ભાગ ભાડામાં જાય છે, એટલે પોતાના કુટુંબનો પુરતો નિર્વાહ થઈ શકતો નથી અને શરીર શક્તિ સારી રહી શકતી નથી. આના નિવારણ માટે સસ્તાં ભાડાની સગવડભરી ચાલીઓ અને સારી જૈન હોસ્પીટલની ખાસ જરૂરીઆત છે. 'પાટણ જૈન મંડળ' ની ચાલીઓ, સર કીકાભાઈ પ્રેમચંદ તરફથી બંધાએલાં મકાનો, 'ભાયખલા ટ્રસ્ટ'ની ચાલીઓએ એ જરૂરીઆત કેટલેક અંશે પુરી પાડવા માંડી છે પરંતુ તે જરૂરીઆતના પ્રમાણમાં બહુજ નાની છે. સમાજના શ્રીમંતો તેમજ દ્રવ્યવાન સંસ્થાઓએ આ પ્રશ્ન ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. સ્વર્ગસ્થ શેઠ દેવકરણ મુલજીએ પોતાના વીલમાં સસ્તાં ભાડાંની ચાલીઓ માટે રૂપીઆ ચાર લાખ તથા હોસ્પીટલ માટે રૂપીઆ બે લાખની સખાવત જાહેર કરેલી છે તે પ્રસંશનીય છે અને આપણે ઇચ્છીશું કે એના સંચાલકો જરૂર જલ્દીથી એ યોજનાઓ અમલમાં મૂકે.

ગુજરાત કાઠીયાવાડ વિગેરેમાં આ વર્ષે દુષ્કાળ આવ્યો છે અને બીજી બાજુ યૂરોપમાં ભયંકર લડાઈ જાગી છે. ખાદ્ય ખોરાકીની વસ્તુઓ મોંઘી થઈ છે. હજારો માણસો પોતાના દેશને તજી અન્ય સ્થળે પેટ ગુજારો શોધવા ગયાં છે. દુધ, ઘી આપનાર ઢોરોનો મરો થયો છે એટલે પુરતા પ્રમાણમાં દુધ, ઘી મળી શકતાં નથી. આવી કટોકટી સ્થિતિ દુર કરવા પ્રયાસો કરવા એ શ્રીમંતોની તેમજ આપણી સૌની ફરજ છે અને તેવું કાર્ય એ મોટામાં મોટું સ્વધર્મિવાત્સલ્ય છે. આપણા શ્રીમંતોની માલીકીના એવાં અનેક સાધનો છે કે જેથી સેંકડો જૈનોને નીભાવી શકાય. આપણે સૌ ઇચ્છીશું કે જૈન શ્રીમંતો તેમના વહીવટ હેઠળના ખાતાંઓમાં આપણા જૈન બંધુઓને પ્રથમ આશ્રય આપવા જરૂર તત્પર રહે.

સંપ, એકતા, સંગઠન એ એકજ મુખ્ય વાતને પોષનારા શબ્દો છે. અંદર અંદર વિચારભેદને કારણે લડવાથી પક્ષો બંધાય છે અને તેથી એકતાને ધક્કો પહોંચે છે, સમાજ છિન્નભિન્ન થાય છે અને સંયુક્ત પ્રયાસ પર આધાર રાખતું મહાન્ કાર્ય થઇ શકતું નથી વિચારભેદથી હૃદયભેદ થાય એ સ્થિતિ દરેક વ્યકિતએ દુર કરવાની છે. એકજ ઘરમાં જુદી જુદી વ્યકિતઓ જુદા જુદા વિચાર ધરાવતી હોય, છતાં તે કુટુંબના સુલેહસંપને જરાયે વાંધો ન આવે એ સ્થિતિ લાવવાની જરૂર છે. ઘર કરતા સંસ્થા મોટી છે. તેમાં તો સર્વાનૂમતિથી કાર્ય થાય તો તેના જેવું ઉત્તમ કાંઇપણ નથી, પણ જો વિચારભેદને કારણે તેમ ન બની શકે તો બહુમતિથીજ કાર્ય લઇ શકાય ને તેમાં અલ્પમતિ ધરાવનારાઓને રીસાવાનું સ્થાન હોઇ ન શકે. બહુમતિથી કાર્ય લેવામાં લાંબી ચર્ચામાં બહુ કાળક્ષેપ કરવો કે કદાગ્રહ રાખવો એ યોગ્ય નથી. બહુમતિથી વિરૂધ્ધ જઇને હૃદયભેદ કે પક્ષ પાડવાની નીતિ રાખવી એ ભયંકર છે, એમ થાય તો કોઇપણ સંસ્થા ટકી શકે નહિ, અને એકતાના અભાવે કાર્ય ચલાવી શકે નહિ.

ગત બેઠકમાં આપણે એકતાનો ઠરાવ કર્યો હતો તેમાં પણ સ્પષ્ટ જણાવ્યું હતું કે શ્રાવકોએ શ્રાવકો પ્રત્યેના અને સાધુઓએ સાધુઓ પ્રત્યેના અંગત દ્વેષ, ઇર્ષ્યા, દોષ વગેરે ભુલી જઇ સર્વે આપણા સ્વધર્મીઓ છે એમ સમજી, અરસપરસ માનભરી રીતે વર્ત્તવું ઉચિત્ત છે, જૈન સમાજના ઉદ્ધારના દરેક સવાલોમાં અંગત લાગણીનો ભોગ આપી ખરા દિલની એકતા કરવામાં આવે તો જૈન ધર્મનો પ્રકાશ જવલંત થશે એ નિઃસંદેહ છે.

આપણા સમાજમાં અત્યારે સ્થળે સ્થળે કલેશમય વાતાવરણ જણાય છે તે દુર કરી સંપ કરવા અને આપણી મહાસભાના છત્ર નીચે સમસ્ત સમાજની પ્રગતિ સાધવા યોગ્ય પ્રયત્ન કરવા એક સમિતિ ગત અખિલ હિન્દ સ્થાયી સમિતિની બેઠકમાં નીમવામાં આવી હતી આ સમિતિએ શું કાર્ય કર્યું તે સમાજ જાણી શકી નથી; પણ છેલ્લા કેટલાક સમયથી આપણી કાર્યવાહક સમિતિના ઉપપ્રમુખ ડૉ. ચીમનલાલ શ્રોફ અને સ્થાનિક મહામંત્રી શ્રી કાન્તિલાલભાઇ તરફથી એ અંગે સતત્ પ્રયત્નો થયાનું આપણી જાણમાં આવ્યું છે. આપણે ઇચ્છીશું કે એ પ્રયાસોનું શુભ પરિણામ જલદી આવે. કોઈ પણ ગુંચનો ઉકેલ બન્ને પક્ષોના અરસપરસ મેલાપ અને વિચારણાને અંગે બાંધછોડના સિદ્ધાંતે થઇ શકે. જૈન ધર્મના અનેકાન્ત તત્વજ્ઞાનમાં સમાધાન અને સમન્વય એ બેને જરૂરી દર્શાવેલાં છે અને સિદ્ધાંતનો ભેદ આડે ન આવે તો બાંધછોડ કરી હૃદયભેદને તિલાંજલી આપી એકરસ અને એકધારી એકતા સાધી શકાય. એવો એક પણ કોયડો નથી કે જેનો સરળતા હોય તો ઉકેલ ન થઇ શકે. જ્યાં ઇચ્છા દૃઢ છે ત્યાં અનેક માર્ગો સુલભ છે.

આપણી આ મહાસભા આપણા સમાજ માટે સામાન્ય વ્યાસપીઠ પુરૂં પાડે છે. તેમાં કોઇપણ શ્વેતાંબર જૈન ગમે તે વિચારનો, પક્ષનો, કે ગચ્છનો હોય તે ભાગ લઇ શકે છે. વૃદ્ધો કે યુવકો, નવા યા જુના વિચારના-સર્વને એકસરખું સ્થાન છે. બંન્નેએ સમાનદૃષ્ટિ રાખી સંપ અને ઉન્નતિના માર્ગે આગળ વધવાનું છે અને તેમાં કોઈ પ્રત્યે આક્ષેપ કે તિરસ્કાર હોવો ન જોઇએ. હૃદય શુદ્ધ, વિશાળ અને અન્યોન્ય મિત્ર-ભાવવાળાં અને પ્રમાણિક જરૂર હોવાં જોઇએ. આપણે સર્વનું સંગઠન કરવાનું છે અને સર્વના સહકાર અને સહાય પર આપણો આધાર છે. કોઇના મતનો બળજોરીથી ઉચ્છેદ કરવો અથવા કોઇને બાકાત રાખવા એ સમાજહિતને હાનિકર્તા છે. બધા એકજ શરીરના અંગો છે. એકનો છેદ થતાં બીજાં અંગોને પણ નુકશાન થાય છે. તેથી બધા અંગ અને ઉપાંગોને સાચવી, રચનાત્મક કાર્યથી એકધારો વિકાસ સાધવો એમાં આપણી વણિકબુદ્ધિ અને શાસનશોભા છે.

કોન્ફરન્સની છેલ્લી બેઠક ભરાયાને છ વર્ષ થયાં. હવે તેની બેઠક જલદી ભરાય એમ સૌ કોઈ ઈચ્છે છે. બેઠક ભરવામાં પડતી મુશ્કેલીઓ, જુની પ્રથાઓ પ્રમાણે બેઠક ભરવામાં થતો વિશેષ નકામો ખર્ચ, વિગેરે ધ્યાનમાં લઈ તેમાં સમયાનુસાર યોગ્ય ફેરફારો કરવા જોઇએ. જરૂરી કાર્યક્રમની પસંદગી, નવીન કાર્યકરોની ચૂંટણી, સેવાભાવી ગૃહસ્થની પ્રમુખ તરીકે નીમણુંક અને કાર્ય આગળ ધપાવી શકે એવી પ્રાંતિક સ્થાનિક સમિતિઓની સ્થાપના એ ખાસ જરૂરી છે. અધિવેશનમાં ઠરાવો પણ એવા કરવા જોઇએ કે જે રચાનાત્મક હોય, તેનો અમલ થઈ શકે તેવા હોય અને સમાજ ઉપયોગી હોય. ચાલુ પ્રથાએ બાહ્ય આડંબરરૂપ યા ભલામણરૂપ ઠરાવો કરવાની રૂઢી છોડી દેવી જોઇએ.

સતત્ કાર્ય ચાલુ રાખે તેવા પ્રમુખ મળે, કાર્યકર્તાઓ અને નેતાઓ પોતાની ઓફીસનું ક્ષેત્ર છોડી અન્ય શહેરોમાં પ્રચાર અર્થે જઈ કોન્ફરન્સની મહત્તા સમજાવે, અન્ય સ્થળોના સંઘો સાથે સંપર્ક સાધે, જુદા જુદા વિચારો ધરાવનારા જૈનોનું સંસ્થા તરફ આકર્ષણ કરવામાં પ્રયત્નશીલ થાય, કોન્ફરન્સ સૌની છે, સૌ કોન્ફરન્સમાં ભાગ લઈ વિચારની આપ લે કરી શકે છે, કોઈપણ પક્ષ પ્રત્યે કૉન્ફરન્સને વિરોધ નથી, સર્વને તેમાં સમાન હક્ક છે, સમાજના હિત સાધવા માટે તે સ્થપાયલી છે, ચાલુ રહી છે અને પોતાના જીવન પર્યંત રહેશે. આવું દાખલા દલીલથી સ્પષ્ટ કરવામાં આવે અને તે માટે યોગ્ય પ્રચારકો નીમાય, પત્રકારોની સહાનુભૂતિ અને સહાય લેવામાં આવે તો બનતાં સુધી દર વર્ષે બેઠક ભરવાનો ગત બેઠકમાં કરેલો ઠરાવ આપણે અમલમાં જરૂર મૂકી શકીએ, અને તેને સક્રિય અને સજીવ બનાવી શકીએ.

કોન્ફરન્સ એ અંગ્રેજી નામને બદલી "મહાસભા" કે "પરિષદ્" યા એવું કોઇ આપણી ભાષાનું અપરનામ આપવું એ વધુ યોગ્ય છે. આપણી આ મહાસભામાં અનેક ગુપ્ત શક્તિઓ છે અને તેનો વિકાસ કરવાથી આખા સમાજનું હિત સાધી શકાય છે. તેને સાદાઇથી ઓછા ખર્ચે બાહ્ય આડંબર વગર ભરી શકાય તેમ કરવા માટે બંધારણમાં, કાર્ય દિશામાં, સંચાલકોના કાર્ય પ્રદેશમાં અને પ્રચાર કાર્યમાં ઘટતા ફેરફારો કરવાની જરૂર છે.

જાહેર કાર્યમાં સત્તા કે કીર્તિનો વધુ પડતો લોભ રાખવાથી સંસ્થાને હાનિ પહોંચે છે, અરસ પરસના સહકારથી, ચર્ચા અને નિમંત્રણાથી સર્વ કાર્ય શાંતિપૂર્વક દખલગીરી વગર ચાલે એમ દરેક કાર્યકર્તાએ જોવાનું છે. દરેક વ્યક્તિના શુભાશયથી જણાવેલા વિચારોને સાંભળવા અને લક્ષમાં લેવા ઘટે. દરેકને હૈડે કોન્ફરન્સનું હિત છે એ વિના સંકોચે સ્વીકારવું ઘટે. પોતાની મનમાનતી એક વાત થાય યા ન થાય તો પણ સંસ્થાના કાર્યમાં તેનો મમત ન હોવો જોઇએ. શ્રીમંત કે સામાન્ય, ભણેલા કે બીન ભણેલા, વૃદ્ધ કે યુવક, સર્વને શાસન પ્રત્યે પ્રેમ છે, સમાજના હિત પ્રત્યે સંપૂર્ણ આદર છે. મતભેદ ભલે હોય પરંતુ વખત આવે એ મતભેદને ડુબાડી દેવા જોઇએ અને તેમ કરવામાંજ ખરી માનવતા સમાયેલી છે. દુનિયાના જુદા જુદા દેશોના ઇતિહાસોનું નિરીક્ષણ એમ સ્પષ્ટ દેખાડે છે કે દેશમાં ગમે તેટલા પક્ષો હોય, વિચારભેદો હોય, છતાં જ્યારે દેશને માટે આપત્તિનો સમય આવે ત્યારે તે ભૂલી જઇ પક્ષનું નહિ પણ દેશનું હિત શામાં સમાયેલું છે તે વિચારી દેશના રક્ષણ માટે એકત્ર થઇ આપત્તિનો સામનો કરી વિજય મેળવવા સર્વે પક્ષો કટિબદ્ધ થાય છે. એ મુજબજ આપણે પણ આપણા સમાજને માટે કટિબદ્ધ થવું જોઇએ અને એમાંજ ખરૂં જૈનત્વ સમાયેલું છે.

છેવટમાં હું ઈચ્છીશ કે આ મહાસભાનું નાવ સહિસલામત કિનારે લઈ જવા આપ સર્વે કુશળ નાવિકો તરીકે તૈયાર થશો. તેની સામે આવતાં અનેક તોફાનોનો સામનો કરી હિંમત અને કાર્યદક્ષતાથી સર્વે બનતા પ્રયત્નો કરવામાં અને ભોગ આપવામાં પાછી પાની નહિ કરશો અને આપણી મહાસભાને વિજયવંતી, કલ્યાણકારી અને ગૌરવવંતી ચાલુ રાખશો, અધિષ્ઠાયક દેવો સૌને સન્મતિ આપે, શાસનને જયવંતુ રાખે અને સમગ્ર ભારતવર્ષના શ્રેયમાં જૈન સમાજ પણ સારો ફાળો આપે એવી મારી છેવટની પ્રાર્થના છે. ॐ શાન્તિ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

સ્ટેન્ડિંગ કમિટી સભા.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓનું નિવેદન.

પ્રમુખશ્રી અને બંધુઓ,

અખિલ હિંદ સ્થાયી સમિતિના અધિવેશન પ્રસંગે આપ સૌ બંધુઓને હાર્દિક આવકાર આપતાં અમોને અત્યંત હર્ષ થાય છે.

આપણી સમસ્ત ભારતીય સ્ટેન્ડિંગ સમિતિનું અધિવેશન મુંબઈ શહેરમાં આ સ્થાને તા. ૨૭ અને ૨૮ માર્ચ ૧૯૩૭ ને રોજ થયું, ત્યાર પછી આપણી સમિતિએ આજ સુધી કયાં કાર્યો હાથ ધર્યાં, તેનો અમલ શી રીતે કર્યો, તેમાં અગવડો કયાં કયાં આવી અને તેના ઉદ્દેશોને લક્ષ્યમાં રાખતાં ઉપયુક્ત સૂચના કરવા યોગ્ય જણાય તેને સંગ્રહી આ ટુંક નિવેદન આપની પાસે રજુ કરતાં અમને આનંદ અને ગ્લાનિ થાય છે. કંઇક થઇ શકયું છે તે માટે આનંદ થાય છે, ઘણું થઇ શકયું નથી તે માટે ગ્લાનિ થાય છે. તેની વિગતો અને તેનાં કારણો આપ આ નિવેદનમાં જોઇ શકશો.

૧. કેળવણી પ્રચાર.

અમારી નિમણુંક થયા પછી તુરતજ કાર્યવાહક સમિતિની સ્થાનિક મીટિંગો બોલાવી કોન્ફરન્સની વિવિધ પ્રવૃત્તિઓને સજીવન કરવા તેમાં વિચારણા ચલાવવામાં આવી. દીર્ઘ વિચારણાને પરિણામે કાર્યવાહક સમિતિ તુરતમાં **કેળવણી** અને **બેકારી**ના પ્રશ્નોને હાથ ધરવાના નિર્ણયપર આવી.

એ નિર્ણયને પરિણામે એ બન્ને વિષયો પરત્વે યોજના તૈયાર કરવામાં આવી અને તે પર ખૂબ ચર્ચા કરી રસ લેનાર બંધુઓએ નીચે પ્રમાણે કાર્ય **કેળવણી**ના વિષય પરત્વે હાથ ધર્યું.

આપણી સમાજમાં કોઇપણ બાળક કે બાળિકા પ્રાથમિક કેળવણી લીધા વગર ન રહે અને સાથે માધ્યમિક કેળવણી માટે સાધનો તેમને પ્રાપ્ત થાય અને યોગ્ય સાધનો દ્વારા ઔદ્યોગિક કેળવણીને પણ પ્રસાર મળે એ દૃષ્ટિએ એક વ્યાપક યોજના તૈયાર કરવામાં આવી.

કોન્ફરન્સના ઉદ્દેશો ઠામ ઠામ સમજાય, દેશના બંધુઓ કેળવણી પ્રચારના કાર્યમાં રસ લે તેવી યોજના કરી. આ યોજના ઘડવા માટે એક ખાસ સમિતિ નીમી. તેણે તૈયાર કરેલી યોજનાના લાભ જૈન વસતીવાળા સર્વને લેવાનો હોઇ ઠામ ઠામ સ્થાનિક સમિતિઓ નીમવાનો પ્રબંધ કર્યો અને દરેક સમિતિના સ્થાનમાં બની શકે તો અરધી રકમ ઉત્પન્ન કરવાની અને જરૂરી સ્થાને તેથી ઓછી રકમમાં કામ લેવાની યોજના કરી. આ યોજનાના અમલ માટે મુંબઇમાં કેન્દ્રસ્થ સમિતિ નીમી અને તે સમિતિ કાર્યવાહક સમિતિને નિવેદન કરે તેવો પ્રબંધ કરવામાં આવ્યો.

આ કેળવણીની નૂતન યોજના માટે શ્રી. કાંતિલાલ ઇશ્વરલાલે રૂા. ૨૫૦૦૦ પચીસ હજારની રકમ આપી. પરિણામે ૫૦ ઉપરાંત શહેરોમાં સ્થાનિક સમિતિઓ નીમવામાં આવી. કેંદ્રસ્થ સમિતિ તરફથી અત્યાર સુધીમાં રૂા. ૧૮૦૦૦) અઢાર હજારની રકમ રવાને કરવામાં આવી. લગભગ તેટલીજ રકમ તે તે સ્થાનોએથી થઇ. એનો લાભ લેનાર ૨૦૦૦ બે હજાર વિદ્યાર્થી વર્ગ લગભગ ગણી શકાય, તદુપરાંત સમાજમાં ઔદ્યોગિક શિક્ષણાર્થે બારસી અને ઉંઝામાં ઉદ્યોગશાળા સ્થપાઇ તેમજ અગાશીમાં પ્રાથમિક શિક્ષણ શાળા (સ્કૂલ) ની શરૂઆત થઇ. એ રીતે વ્યવહારિક કેળવણી અને ઔદ્યોગિક શિક્ષણના કાર્યને કોન્ફરન્સે વેગ આપવાની સક્રિય શરૂઆત કરી. આ સમિતિના કાર્યથી કોન્ફરન્સનું નામ દેશ દેશાવરમાં જાગતું થઇ ગયું અને એની સાથે રહી સ્થાનિક કાર્ય કરનારનો એક સેવાભાવી વર્ગ તૈયાર થઈ ગયો. આનો સીધો લાભ કેળવણીની જરૂરીઆત પૂરી પાડવામાં થયો અને આડકતરો લાભ ગામે ગામ કોન્ફરન્સના સંદેશા પહોંચ્યા.

અત્યાર સુધીના ત્રણ વર્ષમાં કોન્ફરન્સદ્વારા એ ખાતામાં લગભગ રૂા. ૧૮૦૦૦ નો વ્યય થયેા છે. બહારગામની સ્થાનિક સમિતિઓએ પણ લગભગ ૧૬૦૦૦) એકત્ર કરી વ્યય કરતાં આ પ્રવૃત્તિના વિકાસાર્થે લગભગ રૂા. ૩૫૦૦૦) ખર્ચાયા. એક વર્ષ હજુ એનુ કાર્ય ચાલે તેટલેા સંભાર આપણી પાસે છે. એ ફંડમાં દરેક જૈન બંધુ શક્તિ અને ઇચ્છા અનુસાર ફાળેા આપી શકે છે, આપવાની ખાસ જરૂર છે અને એ કાર્ય આગળ ધપાવવા યેાગ્ય છે. હજુ અનેક ગામ અને શહેરેામાં આવી સમિતિ નીમાવાની જરૂર છે. ત્રણ વર્ષના અરસામાં આ એક વ્યયહારૂ કાર્ય પાર પડયું ગણી શકાય.

૨. બેકારી નિવારણ.

બેકારી નિવારણ માટે એક સમિતિ નીમવામાં આવી હતી. એ સમિતિએ ઘણેા વિચાર કરવા યેાગ્ય રિપેાર્ટ તૈયાર કર્યેા છે. એને આર્થિક સહાય ન મળવાને કારણે એ દિશામાં અમલ થઇ શકયેા નથી. એ રિપેાર્ટ અતિ વ્યવહારૂ છે અને વ્યવહારદક્ષ નિષ્ણાતેાએ તૈયાર કર્યેા છે. એનેા અમલ થવા યેાગ્ય રકમની પ્રાપ્તિ થાય તેા જૈન સમાજમાં પેાતાના ઉદરનિર્વાહ માટે કેાઇને હાથ લંબાવવેા નહિ પડે એવી સુંદર યેાજના તેમાં છે. અત્યારના પ્રચલિત દિશાનિર્માણના ધેારણે આપણી શક્તિનેા વ્યય કેળવણી પ્રચાર અને બેકારી નિવારણને અંગે કરવાનું ઠરે તેા પ્રથમ સમિતિના કાર્યને ખૂબ આગળ ધપાવવા અને બીજી સમિતિના કાર્યને મક્કમ રીતે શરૂ કરવા અમારી ભલામણ છે આ બન્ને કાર્યેાને અંગે બેમત પડવા સંભવ નથી અને અમારી દૃઢ માન્યતા છે કે લેાકેા ભણતા થઇ જાય અને કામધંધે લાગી જાય તેા આપણા દરેક પ્રશ્નેાના નિકાલ ટુંક સમયમાં થઇ જવાનેા પૂરતેા સંભવ છે. કેળવણી પ્રચારાર્થે નીમેલ સ્થાનિક કેન્દ્રસ્થ સમિતિ તથા સ્થાનિક સમિતિઓના કાર્યવાહકેાનેા આભાર માનવાની આ તક અમે લઇએ છીએ.

મુખ્યત્વે આ ઉપરથી જનતાને વિદિત થશે કે કોન્ફરન્સ આવા રચનાત્મક કાર્ય પરત્વેજ લક્ષ આપી બેાલવા કરતાં યેાજનાઓને સક્રિય કાર્યરૂપમાં પરિણત કરી સમાજ અને કેામને લાભદાયી નિવડવા પ્રયત્નેા કરતી આવી છે અને કરી રહી છે.

૩. સાહિત્ય પ્રકાશન.

જૈન સાહિત્યપ્રચારના કાર્યને અંગે જૈન ગુર્જર કવિઓનેા ત્રીજો ભાગ શ્રીયુત મેાહનલાલ દલીચંદ દેસાઇએ તૈયાર કર્યેા તેનું મુદ્રણ હાથ ધરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં તેના એક હજાર પૃષ્ટ છપાઇ ગયા છે અને હજુ તે ગ્રંથમાં ઘણેા સારેા વધારેા થવાનેા છે. આ ગ્રંથ પ્રકાશનથી જૈન કવિઓની વિશિષ્ટતા અને વિશાળતા સિધ્ધ થશે અને ગુર્જર ગિરામાં એને સુયેાગ્ય સ્થાન સંપડાવશે. અત્યંત ચીવટથી આ ગ્રંથ સામગ્રી તૈયાર કરનાર સાક્ષરવર્ય શ્રી. મેાહનલાલભાઇ દેસાઇનેા આભાર માનવાની આ તક લઇએ છીએ આ અવિરત પ્રયાસ કરનાર અને ચીવટથી સાહિત્ય સેવા કરનાર અભ્યાસીની કદર આવતેા યુગ જરૂર કરશે એવી અમારી માન્યતા છે.

સાહિત્યપ્રચારનું ધ્યેય લક્ષ્યમાં રાખી સંસ્થાએ મુદ્રણ કરેલ જૈન સાહિત્યનેા ઇતિહાસ તથા જૈન ગુર્જર કવિઓના પ્રથમના બન્ને ભાગેાનું મૂલ્ય ઘટાડવામાં આવ્યું છે. ત્યાર પછી તેનેા ઉઠાવ સારેા થતેા ચાલ્યેા છે એ હકીકત આપને અત્રે જણાવવી સમુચિત ધારીએ છીએ.

૪. એજ્યુકેશન બેાર્ડ.

કોન્ફરન્સ દ્વારા વ્યવહારિક કેળવણી પ્રચારની સાથે ધાર્મિક કેળવણી માટે પણ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા વર્ષેાથી સંગીન કાર્ય થઇ રહ્યું છે. દર વર્ષે લગભગ ૧૫૦૦ વિદ્યાર્થી ભાઇ-બહેનેા હિંદના જૂદા જૂદા ભાગના ૧૦૦ જેટલા સેન્ટરેામાં ધાર્મિક પરિક્ષાઓ આપે છે. પરિક્ષા કાર્ય ખૂબ વ્યવસ્થિત થાય છે. સારા નંબરે ઉત્તિર્ણ થનારને વાર્ષિક લગભગ ૧૦૦૦ રૂપીઆના ઇનામેા અપાય છે. એ કાર્યમાં સ્વ. શેઠ સારાભાઇ મગનલાલ મેાદી અને તે પછી શ્રીમતી ચંપાબહેન સારાભાઇ તથા શેઠ મેઘજી સેાજપાળ જે ઉત્સાહથી સહકાર અને સહાયતા આપતા રહ્યા છે તે બદલ તેમને અભિનંદન આપીએ છીએ.

૫. સાહિત્ય પ્રચાર.

સાહિત્યપ્રકાશનને અંગે પંડિત સુખલાલજી સાથે ચર્ચા કરી શ્રી સિધ્ધસેન દિવાકરના અમુલ્ય ગ્રંથરત્ન **સન્મતિ તર્ક**ની ઉપેાદ્ઘાતનું અંગ્રેજી અવતરણ આપણી એજ્યુકેશન બેાર્ડ મારફત પ્રકાશન કરવામાં આવ્યું. એ કાર્ય અતિઉપયેાગી થયું છે. એ ગ્રંથ સંગ્રહવા અને અભ્યાસ કરવા યેાગ્ય હેાઇ વિદ્વદ્માન્ય થયેલ છે.

ઉપરાંત પંડિત સુખલાલજીના સહકારી અધ્યાપક તરીકે બનારસ હિંદુ યુનિવર્સિટિમાં શ્રી. દલસુખભાઇ માલવણીઆને માસિક રૂા. ૫૦) પચાસનું વેતન આપી જૈન સાહિત્યના અધ્યાપન વિષયને પ્રાગતિક કરવા યોજનાનો અમલ છેલ્લા બે વર્ષથી કરવામાં આવ્યો છે.

૬. હવે સંસ્થા હસ્તકની નાની નાની કાર્યવાહી પર દૃષ્ટિક્ષેપ નાખી જઇએ.

(ક) **સુકૃતભંડારની** યોજનાનો અમલ કરવા મેળાવડા અને પ્રચારકાર્ય નાના પાયાપર ચાલુ છે. પર્યુષણ વખતે એ કાર્ય આકાર ધારણ કરે છે. એ કાર્યને દેશપરદેશનો સહકાર મળે તો એમાં ઘણો વધારો શકય છે અને એમ કરવું જરૂરી છે. એ સુકૃત ભંડારને અનુરૂપ મેમ્બરશીપની યોજના પર હાલમાં કાર્યવાહક સમિતિ વિચાર ચલાવી રહી છે અને તે આપની સમક્ષ વિગતવાર રજુ કરવામાં આવશે. એનો અમલ તો અધિવેશન વખતે બંધારણમાં ફેરફારને પરિણામે શકય છે. અત્યાર સુધી આ દિશામાં ઘણું સામાન્ય કામ થયું છે.

(ખ) **શ્રી મહાવીર જયંતિ** (ચૈત્ર શુદ ૧૩) ને જાહેર તહેવારમાં ફેરવી નાખવા ત્રણે ફીરકાના સહકાર સાથે મુંબઇ સરકારને રિપ્રેઝેન્ટેશન અને ડેપ્યુટેશન દ્વારા અરજ કરવામાં આવી હતી તેનો સહાનુભૂતિભરેલ જવાબ મળ્યા પછી સરકારી સમિતિએ આપણી માગણીનો સ્વીકાર કર્યો નથી. એ દિશાએ પ્રયાસ ચાલુ છે. પણ આવા નિર્દોષ કાર્યમાં પણ સમાજકલેશના કારણે કેટલાકો તરફથી વિરોધ દાખવવામાં આવેલ તે આશ્ચર્યજનક અને વિરોધી માનસની પ્રતીતિ કરાવનાર છે. દર વર્ષે ત્રણે ફીરકાના સહકારથી જયંતિ મુંબઇમાં ઉજવાય છે અને આ રીતે ત્રણે ફીરકાના સહકારને સારો લાભ મળે છે જૈનો સર્વ અરસપરસના મતભેદો ભૂલી જઇ એક સાથે જોડાઇ સર્વ સામાન્ય પ્રશ્નો હાથ ધરે, બેકારી કેળવણી આદિ સવાલો ચર્ચે અને પરસ્પરને સમજતા થાય એમાં અંતે શ્રીવીરપરમાત્માના ધર્મનો વિજય છે, પ્રગતિ છે અને પ્રકાશ છે.

(ગ) કોન્ફરન્સના મુખ-પત્ર **જૈનયુગના** પ્રચાર માટે યોજના વિચારવામાં આવી. એ પાક્ષિકને ચાલુ રાખ્યું છે. એ પત્ર નિયમિત બહાર પડે છે. એ પત્રની સમિતિનો અને ખાસ કરીને એના તંત્રી શ્રીયુત મોહનલાલ ચોકસીનો આભાર માનવાને આ તક લેવામાં આવે છે. જે સંસ્થાઓ કોન્ફરન્સ સાથે જોડાય તેની પાસેથી વાર્ષિક રૂપીઓ એક લઇ માત્ર ૦-૬-૦ પોસ્ટ ખર્ચના લઇ એ પત્ર મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

(ઘ) મારવાડમાં શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢાના પ્રયાસથી પ્રાંતિક કોન્ફરન્સનું અધિવેશન ગત વર્ષમાં ભરવામાં આવ્યું હતું. તે વખતે આપણી ઓફિસ તરફથી એમને સર્વ પ્રકારની સહાય કરવામાં આવી હતી.

(ઙ) શ્રી કેશરીઆજી ધ્વજ દંડ કમીશનના ખર્ચને અંગે આપણી પાસે શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય ફંડ ખાતાની રકમ હતી તેમાંથી રૂા. ૪૦૦૦) ની રકમ શ્રીયુત મકનજીભાઇ મેહેતાને આપી છે.

(ચ) બિહારની સરકારે ૧૯૩૮ માં હિંદુ રિલીજીયસ એન્ડાઉમેન્ટ બીલ બહાર પાડયું. આપણાં અગત્યના તીર્થો એ સરકારની નીચે આવેલાં હોઈ આપણાં તીર્થસ્થાનોની પવિત્રતા જળવાઇ રહે અને હિસાબશુદ્ધિ રહે તે રીતની વિચારણા કરવા એક પેટા સમિતિ નીમી અને જરૂરી પ્રસંગે આપણો કેસ રજુ કરવા શ્રી હીરાલાલ હાલચંદ દલાલ બારિસ્ટરને બીહાર સરકારના ગૃહમંત્રી તરફ રાંચી મુકામે મોકલી આપ્યા. આપણા એ કાર્યની પ્રશંસા સાર્વત્રિક થઇ છે. શ્રીયુત હીરાલાલ દલાલે લીધેલ શ્રમ માટે તેમનો આભાર માનવાની આ તક હાથ ધરવામાં આવે છે. આ ધર્મતીર્થ સંરક્ષણની ગોઠવણને અંગે ઘણી હીલચાલો તથા જરૂરી પત્રવ્યવહાર કરવામાં આવ્યો હતો

(છ. બરવાળાના દેરાસરપર ધાડ પડવાની હકીકત આવતાં મુંબઇ સરકારને મંદિર સંરક્ષણ માટે જરૂરી વિજ્ઞપ્તિ કરવામાં આવી અને સરકારે આપણી વિજ્ઞપ્તિને માન આપી તાત્કાલિક જરૂરી હુકમો બહાર પાડી રક્ષણ કાર્ય હાથ ધર્યું.

(ઝ) સને ૧૯૪૧ ના ફેબ્રુઆરી માસમાં થનાર વસ્તી ગણતરીને અંગે જૈન બંધુઓ પોતાનો ધર્મ બરોબર નોંધાવે તે માટે જરૂરી પ્રચારકાર્યનું કામ હાથ ધરવામાં આવ્યું અને અન્ય ફીરકાના સહકાર સાથે આ કાર્ય આગળ ધપાવવા ઠરાવ કરવામાં આવ્યો. આ કાર્ય હાલ ચાલુ છે.

કૉન્ફરન્સ ઑફીસ જૈન જનતાની સામાન્ય ઉલ્લેખનીય કેંદ્ર બનેલ છે. જૈન સમાજના અનેક સવાલોપર તેની સહાય માગવામાં આવે છે, તેની સલાહ લેવામાં આવે છે અને તેની પાસેથી વિગતો માગવામાં આવે છે. બની શક્તિ સર્વ સલાહ અને સહાય આપવામાં આવે છે અથવા તે માટે પ્રબંધ અગર જરૂરી સૂચના કરવામાં આવે છે.

આ પ્રમાણે ત્રણ વર્ષમાં જે થોડું કાર્ય થઇ શકયું છે તેની ઉપર ઉપરની રૂપરેષા આપની સમક્ષ રજુ કરી. એમાં ગર્વ લેવા જેવું કાંઇ નથી, છતાં સહજ આનંદનો વિષય ગણાય. હવે ગ્લાનિ થાય તેવી કેટલીક વાત કરવાની રહે છે.

૭. કૉન્ફરન્સનું અધિવેશન.

આપણી સંસ્થાનું અધિવેશન કરવા ઘણા પ્રયત્ન કર્યા. આપણામાં કેટલાક કારણોને લઇને કુસંપ થઇ ગયો છે તેને લઇને કોઇ શહેર કે ગામ અધિવેશન કરતાં અચકાય છે. ભાવનગરના કેટલાક ઉત્સાહી ભાઇઓએ અધિવેશન માટે આમંત્રણ આપ્યું અને ગતવર્ષમાં તે થઇ પણ ગયું હોત; પણ અંદર અંદરની સ્થાનિક અગવડે તે કામ અટકી પડયું તે કાર્યને અંગે સેક્રેટરીઓએ વિગતિ સ્થાનપર કરી, જાતે જઇ આવ્યા પણ હજુ સુધી એ અધિવેશન ભરાઇ શકાણું નથી એ પ્રથમ ગ્લાનિનો વિષય છે.

જે કૉન્ફરન્સને પોતાને ઘર આંગણે બોલાવવામાં જેનો મોટું માન સમજતા હતા તેને અત્યારે કોઇ નિમંત્રે નહિ, અધિવેશનના પ્રમુખ મેળવવામાં પણ મુશ્કેલી આવે. મંત્રણા કરવામાં તેને કૉન્ફરન્સ તરફ અરૂચિ ન હોય પણ અર્થ વગરના બુમરાટો એને આડા આવતા લાગે, બોટી ખટપટ ઘર આંગણે નોતરવી એને ન પાલવે—એ આપણો **બીજો** ગ્લાનિનો વિષય છે

સંપ.

આપણામાંથી થોડા ભાઇઓ છૂટા પડી ગયા એમને દીક્ષાના પ્રશ્ને મુંઝવ્યા. આપણે દીક્ષાનો વિરોધ હોયજ નહિ. દેશ કાળ સમજી સુયોગ્ય રચના થાય, ખરા વૈરાગ્ય વાસિતને દીક્ષા અપાય, શાસનની શોભામાં વૃદ્ધિ થાય તેવી ગોઠવણો થાય અને જૈન ધર્મના ડંકા વાગે તેમાં કોઇને કલ્પનાથી પણ વાંધો નજ હોય. મતભેદ દૂર કરવા અત્યાર સુધીમાં એકથી વધારે વખત પ્રયત્ન કર્યા છે. કૉન્ફરન્સનાં દ્વાર સર્વ માટે ખુલ્લાં છે. દીક્ષા મોક્ષનો રાજમાર્ગ છે એ સૂત્રનો સ્વીકાર કર્યો છે. એમાં ગેરરીતિ ન ચલાવાય એ આપણો ઉદ્દેશ છે

અત્રે પ્રસંગોચિત નિવેદન કરવું જોઇએ કે સમાજના ચોક્કસ વર્ગ સાથે એકય સાધવા છેલ્લા કેટલાક માસ થયા ડૉ. ચીમનલાલ નેમચંદ શાંહ અને શ્રી કાંતીલાલ ઇશ્વરલાલ દ્વારા પ્રયત્નો શરૂ કરવામાં આવેલા તે અંગે મુંબઇમાં શેઠ જીવતલાલ પ્રતાપશી ને ત્યાં કૉન્ફરન્સના આગેવાનો તેમજ શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ જીવતલાલ પ્રતાપશી, શ્રી મુળચંદ બુલાખીદાસ, શ્રી. ચુનીલાલ લક્ષ્મીચંદ વોરા, શ્રો. સાકરચંદ ખુશાલચંદ, આદિ બંધુઓ ને મળી ઐકય માટેની ભૂમિકા શોધવામાં આવી. તદુપરાંત અમદાવાદના આગેવાન ગૃહસ્થો તેમજ કેટલાક પૂજ્ય આચાર્યાદિ મુનિવર્યોને મળી તત્સંબંધે ઘટતા માર્ગો નક્કી કરાયા.

સમાધાન સરળતાથી શિઘ્ર થઇ શકે એ માટે દરેક પ્રકારે આપ-લે કરવાની કૉન્ફરન્સ, તેના આગેવાનો અને યુવક બંધુઓએ તત્પરતા દેખાડી. બે અવિધિસરની સભાઓ પણ એકત્ર થઇ જેમાંથી એક કૉન્ફરન્સમાં મળી તેમાં શેઠ જીવતલાલ પ્રતાપશી અને શ્રી. મુળચંદ બુલાખીદાસે ખુલ્લાં દિલથી જે વાટાઘાટ કરી તેના પરિણામ સ્વરૂપ યોગ્ય ઠરાવ પસાર કરવા સેન્સ જણાઇ અને ઐકય સધાઇ જશે તેમ દરેકને લાગ્યું. શેઠ નગીનદાસ કરમચંદ એ છેલ્લી સભા વખતે બહારગામ હોવાથી તેઓના આવ્યા બાદ અમારા આશ્ચર્ય વચ્ચે શેઠ જીવતલાલ ભાઇનો ઉત્સાહ મંદ પડયો હોય તેમ દેખાયું-જોકે તેમનાં તરફથી અમોને હજુ એમજ જણાવવામાં આવેલ છે કે એમને પોતાના પક્ષની અનુમતિ લેવાની બાકી છે એટલે જરા સમય લાગશે. આ ઉપરથી અમારો અંગત અભિપ્રાય એ છે કે કૉન્ફરન્સમાં હાલમાં બેસનાર જુદા જુદા વિચાર ધરાવનાર ભાઇઓને એક કરવા જેટલા સહેલા છે તેટલા કદાચ સામાં પક્ષને પોતાની સાથે પોતાના પક્ષના બંધુઓને જોડવા સહેલા નથી લાગતા એટલે આ સ્થિતિ ઉત્પન્ન થઇ હોય. પ્રયત્નો તો હજુ ચાલુજ છે છતાં એમ તો ચોક્કસ છે કે કૉન્ફરન્સે પોતાના પગ ઉપર રહીનેજ આગળ ધપવાનું છે. આપણે ઇચ્છીએ કે સામા પક્ષને પોતાના બીજા સહકારીઓનો સહકાર જોઇવાનો છે તે જલ્દી જોઇ ઐકય સાધવા અંગે જે શુભ પરિણામ મહાપરિશ્રમે શકય બનાવી શકાયું છે તેને અમલમાં મૂકવા

પહેલી તક સાંપડે. કોન્ફરન્સની કાર્યવાહી સમિતિના સભ્યોનું હૃદય-દિલ કેટલું સાફ છે, સમાજના ભલા માટે કાર્ય કરવાની તેઓને જે ધગશ છે તે શેઠ જીવતલાલ પ્રતાપશીએ પ્રત્યક્ષ સભામાં જોયું હશે. અમો હજુ એક અપીલ કર્યા વગર રહી શકતા નથી કે આ પ્રયાસોને સ્થંભિત કરવા જેઓ કારણ બન્યા છે તેઓ જો તેને સફળ બનાવવા જલ્દી પ્રયત્નો નહિં કરે તો સમાજને અત્યંત હાની થશે.

સંપ સાધવા પ્રયત્ન ચાલુ છે. થોડો ભોગ આપીને પણ મનદુઃખ દૂર કરવા સદૈવ તૈયારી બતાવી છે. આપની પાસે આ નિવેદન રજુ કરવાની આગલી રાત સુધી પણ સારો દિવસ લાવવા જટિલ પ્રયાસો કર્યા છે અને આશા છે કે આપણે એક દિવસે સર્વ સાથે મલી સામાજિક પ્રગતિના માર્ગો વિચારશું.

અપીલ.

જૈન ધર્મનો જગતમાં જોટો નથી. એને અનુસરનાર મન વચન કાયાથી પ્રગતજ થાય. એમાં મતભેદને સ્થાન નથી. એમાં અપેક્ષા સમજવાની સ્યાદ્વાદ શૈલી છે. એના આવિષ્કરણમાં સતત ઉન્નતિ છે. એ ધર્મના અનુયાયીઓ સાથે ન બેસી શકે તો તો અહિંસાધર્મ લાજે. આપણે તો વ્યાપારી રહ્યા, આપણે તોડ જોડના રસ્તાના જાણકાર રહ્યા, આપણે સમયને ઓળખનારા રહ્યા, આપણી ઉન્નતિ માટે, આપણા અહિંસા ધર્મના પ્રચાર માટે, આપણી શ્રમણ સંસ્કૃતિની જાળવણી માટે, આપણે એકતા સાધવીજ રહી. આપણી નાની સંખ્યા અને મોટી જવાબદારી જોતાં આપણે એકતાની ભાવના ખીલવીએ. આપણે જરા વિચારભેદ થતાં મનભેદ કરી ન નાખીએ. આપણે વ્યવહારૂ થઇ જઇએ જ્ઞાન દર્શન ચારિત્રથી ભરપૂર ધર્મ, અપેક્ષા વાદમાં ઉછરેલા, અનેકાંતવાદનું રહસ્ય સમજનારા આપણે જો સામાન્ય મતભેદ ન ચલાવી લઇએ અને આપણા વગર કોઇ સાચુ નજ હોઇ શકે એમ ધારી લઇ ચાલીએ તો આપણે મહાન વારસાને યોગ્ય નથી, જૈન નામ ધરાવવાને લાયક નથી, શ્રીવીરના પુત્રનો દાવો કરવાનો આપણો હક્ક રહેતો નથી અને અત્યારની દુનિયામાં આપણે ટકી શકીએ તેમ પણ નથી.

અને મતભેદ શો છે? જરા ઊંડા ઉતરતાં જણાશે કે એમાં કાંઇ અકાટય મુદ્દો નથી, એમાં સત્વ નથી, એમાં દમ નથી, આપણી જવાબદારીઓ મોટી છે, આપણું કાર્યક્ષેત્ર વિશાળ છે, આપણને ન સમજનાર ઘણા છે. એવા સમયમાં આપણે નજીવી બાબતમાં રિસાઈ બેસીએ તો આપણે હારી બેસીએ, કર્તવ્ય વિમુખ થઇ જઇએ અને અંતે નામશેષ થઇ જઇએ. સંપ ત્યાં સુખ છે અને સુખ હોય ત્યાં સાધ્યસાપેક્ષતા છે. જરા વિચારશો, મતભેદ જેવું શું છે? વીરપરમાત્મા સર્વને માન્ય છે, આગમ પંચાગી સર્વને માન્ય છે, આચાર ગ્રંથો આદરણીય છે, સંયમ કર્તવ્ય છે, શ્રમણ ઉપાસના જીવનનું ધ્યેય છે. મુદ્દામાં મતભેદ નથી, વિગતોમાં અટવાઇ જઇએ તો આપણે ફસાઇ જઇએ. સંપ ઐકય કરવાના પ્રયત્નો ચાલુ છે. આપ સર્વના સહકારથી આનંદ થઇ આવશે.

બહુ થોડું થઇ શકયું છે. પ્રેમ અને સંપ હોત તો જરૂર વધારે કરી શકત. મોડું થયું એવી ચિંતા હવે નકામી છે. હજુ પણ જાગીએ. અમે જોઇ શકયા છીએ કે જનતાનો કોન્ફરન્સ તરફ સાચો ચાહ છે. એને કર્તવ્યદશામાં મૂકવો એ આપણું કર્તવ્ય છે.

અને એમ ન કરીએ તો આપણા અપરંપાર સાહિત્યનું શું થાય? આપણા તીર્થોનું શું થાય? આપણા હજારો મંદિરોની જાળવણી કોણ કરે? આપણામાંનાં દીન દુઃખીનો ઉદ્ધાર કોણ કરે? આપણા સાહિત્યને વિશ્વને બારણે બારણે કોણ મોકલે?

અને આ દરેક પ્રશ્નનો જવાબ આપતી વખત ચો તરફ આંખ ઉઘાડી રાખશો. વિશ્વયુદ્ધ, જનતાની નવીન ભાવનાઓ, વિચારમાર્ગોની વિવિધતાઓ અને પશ્ચિમ પ્રજાના સંયોગને પરિણામે થતાં પરિવર્તનો ખાસ ધ્યાનમાં રાખશો. જુની વિચારધારાને નવીન આકાર ન અપાય તો ગૃહજીવન પણ અત્યારે અશકય છે અને સમાજજીવન તો તદ્દન અશકય છે મૂળ મુદ્દાને વાંધા ન આવે તેવા ફેરફારો જૈનસમાજે તો યુગે યુગે સ્વીકાર્યા છે અને એ સ્વીકાર્યેજ છુટકો છે.

કોન્ફરન્સ એ સમગ્ર જૈન કોમની સર્વોપરી સંસ્થા છે તેમાં ગમે તેટલા ભિન્ન ભિન્ન વિચાર ધરાવનાર ભાઇઓ હોય પણ તેઓએ તો સમગ્ર જૈન સમાજ અને કોમની દૃષ્ટિ સન્મુખ રાખીનેજ કાર્ય કરવાનું રહે છે. એમાં કોઇ એકાદ પક્ષ કે સંસ્થાના સિધ્ધાંતો સ્વીકારાય તેવી વલણને અવકાશ નથી. યુવકોમાં ઉત્સાહ છે, કાર્ય શકિત છે. સેવાની ધગશ છે, પરંતુ તે ટકાવવા માટે કેટલીક વખત જે રીત અખ્તયાર કરવામાં આવે છે જે દેખાવો થાય છે તેથી તેઓ અપ્રિય થઇ પડે છે. કોન્ફરન્સ સાથે બીજા પક્ષોની જેમ તેઓ નિકટ સંબંધ ધરાવતા થયા છે એ એક બાબત નિર્દેશ કરવી આવશ્યક લાગે છે. કોન્ફરન્સના પ્લેટફોર્મ

ઉપર સમગ્ર કોમને મધ્યબિંદુમાં રાખીને જો કાર્ય લેવામાં આવે અને આપણી છુટી છવાઇ વિખરાઇ ગયેલી શક્તિઓ એકત્રિત થાય તો કોમની સ્થિતિ આજે કંઇ જૂદીજ નજરે ચઢે. સક્રિય અને સંગીન કાર્યને સૌ ટેકો આપેજ છે. એકાદ ન્હાની સંસ્થા ટકાવવા ખાતર કોઇ મ્હોટી સંસ્થાના ભોગની આશા કે કલ્પના રાખવી હાસ્યાસ્પદજ થઇ પડે. અત્યાર સુધીની કેટલીક પ્રવૃત્તિને ખોટી રીતે કોન્ફરન્સના નામે ચઢાવી દેવામાં આવી છે તેનાં પરિણામે થોડા ઘણા અંશે આ મહાસભાને આંચકો લાગેલ છે. ભવિષ્યમાં આ સ્થિતિ સુધરે અને સૌ ભાઇઓ આપણી કોન્ફરન્સ મહાદેવીદ્વારા સમાજહિતના કાર્યો સાધે એવી આશા રાખવી વધુ પડતી નથીજ.

સમજણ પૂર્વક કામ લેવાય તો હજુ પણ જૈન સમાજ માટે સારૂં ભવિષ્ય છે. અત્યારે જનતામાં સેવા ભાવની ધગશ જાગી છે. કામ લેતા આવડે તો અત્યારે સારો વખત છે. કામ બગાડતાં આવડે તો અત્યારે સાંધનારા શોધ્યાં જડે તેમ નથી. આ સર્વ ધ્યાનમાં લઇ અમારા સંપના પ્રયત્નને સહકાર આપશો અને ઉજ્જવલ ભવિષ્યને આશાવંતુ, ઓજસ્વંતું, યશસ્વંતુ બનાવવાના આ મહાકાર્યમાં સહકાર આપશો.

આટલી છેલ્લી ટકોર કારણસર કરવી પડી છે તેટલા પૂરતીજ અમારી ગ્લાનિ છે. આશા છે કે નિર્જીવ મતભેદને ભૂલી જઇ આપણે એક વ્યાસપીઠેથી જગતને બોલાવીએ અને આપણા સૂરમાં જનતાને ભેળવીએ એમ કરશો. હજુ આપણે માટે આશાવંતુ ભવિષ્ય નીપજાવવાની સંભાવના છે. આપણે હજુ પરિવર્તન કાળના આરે ઉભા છીએ, પણ હવે પાણીને પસાર થવા દેવું પાલવે તેમ નથી. જરા પ્રસન્નચિત્ત, દીર્ઘ વિચારણાથી, સારી સમજાવટથી આપણે સંપ સાધીએ એક થઇ જઇએ અને આપણા સમાજ સેવાનાં સ્વપ્નાને સાચાં પાડીએ.

અતિ મહત્વનો વિષય કોન્ફરન્સ તરફ ઉપેક્ષા વૃત્તિનો છે. મુંબઇ શહેરની બહારના ભાગમાં અમુક અપવાદ બાદ કરતાં કોન્ફરન્સ તરફ ઘણી બેદરકારી લેવામાં આવે છે. બારિક અવલોકનને પરિણામે અમને જણાયું છે કે કોન્ફરન્સ તરફ કોઇ ભાઇઓની અરૂચિ નથી, પણ પોતા સિવાય સર્વ કાર્ય કરે એવી તેમની ઇચ્છા છે. પરિણામે આપણી પ્રાંતિય સંસ્થાઓ કામ કરતી લગભગ બંધ થઈ ગઇ છે. જાણે કોન્ફરન્સ એટલે મુંબઇ એવી સ્થિતિ થઇ ગઇ છે આપણને અમારા જેવા અતિ વ્યવસાયી સેક્રેટરીઓ મળ્યા. તેઓ ગામે ગામ ફરી કોન્ફરન્સને જાગતી રાખી શકતા નથી એટલે કોન્ફરન્સની જરૂરીઆત સર્વ સ્વીકારતા હોવા છતાં કોન્ફરન્સનું કામ ઘોંચે પડી ગયું છે. આપણા સ્થાનિક કાર્યકરો જાગૃત થાય, આપણને આખો વખત કામ કરનાર જનરલ સેક્રેટરીઓ મળે અને આપણી સર્વ પ્રાંતિય અને તાલુકા સમિતિઓ કામ કરતી થઇ જાય તો બે પાંચ વર્ષમાં આપણી સ્થિતિમાં મોટો ફેરફાર થઇ જાય. જનતાને અખીલ ભારતીય મંડળની જરૂરીઆત લાગે છે, પણ તેને ટકાવનાર કાર્ય કરનારાઓની અલ્પતા દેખાય છે. એનો ઉપાય આપના હાથમાં છે. આપ અમારે સ્થાને અને સમસ્ત પ્રાંતોમાં કાર્ય કરનારાઓને નીમી શકો છે. એવી રીતે કામ લેવાની જરૂર છે અને તેમ થતાં આપણી અનેક ગૂંચવણોનો નિકાલ જરૂર થઇ જશે. આપણા પ્રશ્નોની વિવિધતા જોતાં આપણે સેવાભાવીઓનો ખુબ ખપ છે અને અમુક વિચારણા પૂર્વક યોજના થાય તો તેવા કાર્યકરો આપણે મેળવી શકીએ તેમ છે. આપ આ વાત ખુબ વિચારશો.

બાકી ભાવનગરમાં અધિવેશન ન થયું તે વાતથી અમને બહુ દુઃખ થયું છે. એમાં વખતના વહેવા ઉપરાંત બીજા સવાલો રહે છે પરંતુ આપણી કાર્યવાહક મંડળીએ ઐકય માટેની તમન્ના અને તે માટે આપવા ધારેલ ભોગની પાસે આપણી ભાવનાની સફળતા નજીક આવતી જાય છે એમ અમને લાગે છે. વચગાળેના માર્ગો કાઢવાની રીતિ સ્વીકારી આપણે આગળ ધપીએ તો હજુ માર્ગ નિષ્કંટક થઇ જશે એમ અમને દેખાય છે

છેવટે આપણે ચીવટથી આગળ ધપીએ, તે માટેના માર્ગો વિચારીએ અને પ્રાપ્ત થયેલ શુભ અવસરનો લાભ લઇએ. આપણને જીવદયાના કાર્યમાં જીવન અર્પનાર **દયાલંકાર** પ્રમુખ મળ્યા છે, એમના આશીર્વાદથી એમની કાર્ય પ્રેરણાથી આપણે પ્રગતિ કરીએ અને શુભ ઉદ્દેશથી આ સંસ્થા શરૂ કરવામાં આવી છે તદ્યોગ્ય પ્રવૃત્તિ કરી ઉદયકાળને સન્મુખ લાવીએ એવી ભાવના દર્શાવી અમને સહકાર આપનાર સર્વ બંધુ બ્હેનોનો આભાર માની અત્ર વિરમીએ.

લિ. સેવકો,
મોતીચંદ ગિરધરલાલ કાપડીયા
કાંતીલાલ ઇશ્વરલાલ
રેસીડેન્ડ જનરલ સેક્રેટરીઝ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય ભુવન,
મુંબઈ ૭.

(અનુસંધાન પૃ. ૬ ઉપરથી)

નિર્ણિતિ થયેલ સમય દરમ્યાન નિર્ણય લાવવામાં આવે એવી ઇચ્છા વ્યકત કરી હતી.

દયાલંકાર શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરીએ અત્યંત બાહોશીથી સ્થાયી સમિતિના આ અધિવેશનનું કાર્ય પાર પાડ્યું, એની વિષય વિચારીણી સમિતિમાં પોતાની કાર્ય દક્ષતાથી વિવિધ ચર્ચાને ન્યાય આપ્યો અને મંદ પડતા જતા કોન્ફરન્સના કાર્યને વેગ આપ્યો તે માટે આ અધિવેશન તરફથી તેઓશ્રીનો હાર્દિક આભાર માનવાની દરખાસ્ત રાવસાહેબ **શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી.** એ રજુ કરી હતી.

શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીએ કોન્ફરન્સ પ્રત્યે ખૂબજ મમતા પ્રદર્શિત કરતાં કોન્ફરન્સની આવશ્યક્તા અને તેને ગમે તે રીતે ટકાવી રાખવા માટે જોરદાર શબ્દોમાં અપીલ કરી આ અધિવેશનની સફળતામાં પ્રમુખનો હિસ્સો વર્ણવી હરાવને ટેકો આપ્યો હતો.

તાલીઓના ગડગડાટ વચ્ચે આ હરાવ કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શેઠ **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ** સોલિસિટરે પસાર થયેલ જાહેર કર્યો હતો.

પ્રમુખશ્રી **લલ્લુભાઇ દીપચંદ ઝવેરીએ** આભાર પ્રદર્શનના હરાવ બદલ નમ્ર ભાવે સૌના પ્રેમ, સહકાર અને શુભ લાગણીથી આ બેઠકનું કાર્ય જે સુંદર રીતે સફળતા પ્રાપ્ત થઇ શકી છે તે બદલ સૌનો ઉપકાર માન્યો હતો અને આ રીતેજ ઉત્સાહ પૂર્વક ભવિષ્યમાં પણ કોન્ફરન્સનું દરેક કાર્ય કરવા અપીલ કરી હતી જેની સભાજનો ઉપર ઉંડી અસર થઇ હતી.

તત્પશ્ચાત્ સ્થાયી સમિતિના આ અધિવેશનમાં તરદી લઈ બહાર ગામથી અત્રે પધારી ચર્ચામાં પોતાના ફાળો આપનાર સભાસદ બંધુઓ વિગેરેનો, તેમના આતિથ્યની સગવડ કરી આપવામાં સહાય કરવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય ના કાર્યવાહકોનો, અધિવેશન પ્રસંગે સંગીત રંજન કરવા માટે શકુંતલા કાંતિલાલ જૈન કન્યાશાળાની બાળાઓનો, સેવા કરનાર શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો અને આતિથ્ય યોજનાર શ્રીયુત **મનસુખલાલ હીરાલાલ લાલન** વિગેરે સર્વનો આભાર માનવાની દરખાસ્ત ડો. **ચીમનલાલ નેમચંદ શ્રોફે** રજુ કરી હતી. તેને શેઠ **લલ્લુભાઇ કરમચંદ દલાલે** ટેકો આપ્યા બાદ તે સર્વાનુમતે પસાર થઇ હતી. પ્રમુખશ્રીને રાવસાહેબ **રવજી સોજપાળના** હસ્તે પુષ્પહાર અર્પણ થયા બાદ બાળાઓને પ્રમુખશ્રી તરફથી સુંદર થાળ અને મીઠાઇ અપાઇ હતી. બાદ રા. **પોપટલાલ રામચંદ શાહે** મેળાવડાની સફળતા વિષે પ્રાસંગિક વિવેચન કરવાની તક લીધી હતી. ત્યાર બાદ ધરમપુર સ્ટેટના રાજકવિ શ્રીયુત **ભોગીલાલ રતનચંદ વોરાએ** પ્રસંગને અનુલક્ષી આલ્હાદજનક સંગીત રેલાવ્યું હતું. બાદ વંદેમાતરમ્ અને **પ્રભુશ્રી મહાવીરના** જયધ્વની વચ્ચે અધિવેશનની પૂર્ણાહુતિ થઇ હતી અને સૌ વિદ્યાલયની અગાશીમાં રાવસાહેબ શેઠ **કાંતિલાલ ઇશ્વરલાલ** જે. પી. તરફથી પ્રમુખ અને પધારેલા ગૃહસ્થોના સત્કારાર્થે યોજાયેલ પાર્ટીને ઇન્સાફ દેવા પધાર્યા હતા. છેવટે આનંદના વાતાવરણ વચ્ચે સૌ વિખરાયા હતા.

સ્થાયી સમિતિમાં હાજરી આપનાર સભ્યો.

મુંબઇ

૧ રાવસાહેબ શેઠ રવજી સોજપાળ જે. પી.
૨ રાવસાહેબ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
૪ ,, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી
૫ ,, મોહનલાલ દલીચંદ દેશાઇ
૬ ,, મોહનલાલ દીપચંદ ચોકસી
૭ ,, મોહનલાલ હેમચંદ ઝવેરી
૮ ,, મણીલાલ મોકમચંદ શાહ
૯ ,, મગનલાલ મુલચંદ શાહ
૧૦ ,, મકનજી જે. મહેતા
૧૧ ,, મુલચંદ સજમલજી
૧૨ ,, ચુનીલાલ વીરચંદ
૧૩ ,, નરોત્તમ ભગવાનદાસ શાહ
૧૪ ,, સાકરચંદ માણેકચંદ ઘડીયાલી
૧૫ ,, ચીનુભાઇ લાલભાઇ શેઠ
૧૬ ,, વાડીલાલ સાકલચંદ વોરા
૧૭ ,, પરમાનંદ કુંવરજી કાપડીયા
૧૮ ,, રતીલાલ સારાભાઇ ઝવેરી
૧૯ ,, હીરાભાઇ રામચંદ મલજારી
૨૦ ,, રણછોડભાઈ રાયચંદ ઝવેરી
૨૧ ,, નાગજી ગણપતભાઈ
૨૨ ,, જીવણલાલ એન. ગાંધી
૨૩ ,, ચંદુલાલ ટી. શાહ

સુરત

૧ શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ.
૨ ડો. અમીચંદ છગનલાલ શાહ

વલસાડ–નવસારી વિગેરે.

૧ શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરી
૨ ડો. ચીમનલાલ એન. શ્રોફ
૩ શેઠ મગનલાલ બી. શાહ
૪ ,, નગીનદાસ વીરચંદ ઝવેરી

અમદાવાદ શહેર અને જીલ્લો.

૧ શેઠ કેશવલાલ નાગજી સંઘવી
૨ ,, મુલચંદ આશારામ ઝવેરી
૩ ,, પોપટલાલ શામળદાસ શાહ
૪ ,, રમણિકલાલ કેશવલાલ ઝવેરી
૫ ,, બબલચંદ કેશવલાલ મોદી
૬ ,, ચંદુલાલ સારાભાઇ મોદી

સોરઠ.

૧ શેઠ છોટાલાલ પ્રેમજી
૨ ,, પ્રાણલાલ મકનજી
૩ ,, ઝવેરચંદ પરમાનંદ
૪ બ્હેન ગુલાબબ્હેન મકનજી
૫ શેઠ કેશરીચંદ જેસીંગલાલ
૬ બ્હેન લીલાવતી દેવીદાસ
૭ શેઠ મણીલાલ જેમલ શેઠ

હાલાર.

૧ શેઠ મનસુખલાલ હીરાલાલ લાલન
૨ ,, ધરમશી જેઠાભાઈ

પાટણ શહેર અને જીલ્લો.

૧ શેઠ કેશવલાલ મંગળચંદ શાહ
૨ ,, ચીમનલાલ વાડીલાલ શાહ

વડોદરા-ખંભાત.

૧ શેઠ ચીમનલાલ મોતીલાલ પરીખ

રાધનપુર એજન્સી.

૧ શેઠ ચીમનલાલ શીરચંદ શાહ

પાલણપુર.

૧ શેઠ કાલીદાસ સાંકલચંદ દોશી
૨ શેઠ તારાચંદ એલ. કોઠારી

કડી.

૧ શેઠ અમીચંદ ખેમચંદ શાહ

બંગાલ.

૧ શેઠ નરોતમ જેઠાભાઇ

કચ્છ.

૧ શ્રી ક્ષમાનંદજી મહારાજ
૨ શેઠ પદમશી દામજી ખોના
૩ ,, લક્ષ્મીચંદ વીરજી લાપસીઆ
૪ ,, મેઘજી સોજપાળ

કાઠિયાવાડ (ઝાલાવાડ)

૧ શેઠ પુરશોતમ સુરચંદ
૨ શેઠ ભગવાનદાસ હરખચંદ

ગોહિલવાડ.

૧ શેઠ નાનચંદ શામજી
૨ ,, વલ્લભદાસ પુલચંદ મેતા
૩ ,, જમનાદાસ અમરચંદ ગાંધી
૪ ,, જીવરાજ ઓધવજી દોશી
૫ ,, સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી

મધ્યપ્રાંત.

૧ શેઠ હરખચંદ હવસીલાલ

માલવા.

૧ શેઠ કનૈયાલાલ નથમલજી

મારવાડ.

૧ શેઠ ચુનીલાલ હ. રાણાવટ
૨ ,, કેશરીચંદ જવારમલ

ઉત્તર મહારાષ્ટ્ર.

૧ શેઠ પોપટલાલ રામચંદ શાહ
૨ ,, મુળજી નરશી
૩ ,, રાજમલ માનમલ
૪ ,, બાબુલાલ મગનલાલ રાહ
૫ ,, બાલચંદ હીરાચંદ શાહ
૬ ,, કેશવલાલ રાયચંદ
૭ ,, કીશનદાસ ભુખણદાસ
૮ ,, મોતીચંદ વીરચંદ
૯ ,, કેશવલાલ બાલારામ
૧૦ ,, ચુનીલાલ સરૂપચંદ

દક્ષિણ મહારાષ્ટ્ર.

૧ શેઠ ચતુરભાઇ પિતાંબર શાહ

(અનુસંધાન પૃ. ૨૦ ઉપરથી)

તત્પશ્ચાત્ શ્રીયુત **મોહનલાલ દલીચંદ દેશાઇ** એડવોકેટે ભગવાન મહાવીરના જીવન ઉપર બોલતાં જણાવ્યું કે ભગવાને જે ધર્મથી કલ્યાણ જોયું તે ધર્મ જગતને બતાવ્યો. તેમના ઉદ્ભવ વખતે વાતાવરણ ઘણું ખરાબ હતું પણ તેમણે ક્રાંતિ કરી વાતાવરણને વિશુદ્ધ કર્યું. તે સમયે યજ્ઞ-યાગાદિક હોમો ખૂબ થઇ રહ્યા હતા. પશુઓનો અને મનુષ્યો સુદ્ધાંનો હોમ થતો હતો. અને વર્ણાનાં બ્રાહ્મણો ગુરુ: એમ મનાતું હતું. વળી બ્રાહ્મણોએ ત્યારે વેદવાકયો પે તેજ ઉચ્ચરી શકે તેવો ઇજારો રાખ્યો હતો. સ્ત્રીઓ કે શુદ્રોને વેદ વાંચવાનો કે સાંભળવાનો પણ અધિકાર નહોતો. સન્યાસ પણ શુદ્રો લઇ શકતા નહીં આવી વિષમ પરિસ્થિતિ ત્યારે હતી. જેના અવશેષો હજુ પણ મદ્રાસ ઇલાકામાં જોવા મળે છે. આવો અસામ્યવાદ દૂર કરવા ભગવાન વીરે અને બુધ્ધે મહાન બળવો કર્યો તેમણે સ્પષ્ટ ઉચ્ચાર્યું બ્રહ્મં જાનાતિ ઈતિ બ્રાહ્મણા: જેઓ આત્માને જાણે તેજ યથાર્થ બ્રાહ્મણ હોઇ શકે. મનુષ્ય જાતિથી નહીં પણ કાર્યથી જ ઉચ્ચ નીચ છે. પોતાને ફાળે આવેલું કાર્ય મનુષ્ય કરે પણ આપણે સૌ સમાન છે અને પશુઓને પણ જીવવાનો હક્ક છે.

ભગવાને શ્રાવક ધર્મ અને સાધુ ધર્મ એમ બે માર્ગ પાડયા. જેથી શકિતઅનુસાર સૌ સાધના કરી શકે, તેમણે તીર્થરૂપ સંઘને વંદન કરી સન્માનનિય ગણેલ છે. સ્ત્રીઓને પણ મહાવીરે પુરૂષ જેવાજ હક્કો આપ્યા છે. સ્ત્રીઓ સાધ્વી થઇ શકે છે અને મોક્ષે જઇ શકે છે એ પણ શ્વેતાંબર શાસ્ત્રોમાં સ્પષ્ટ વર્ણવ્યું છે. ભગવાને મોટા ભાઇ તથા માતા પિતા આદિની આજ્ઞાપાલનનું પણ આપણને શીખવેલ છે. ભગવાન વીરના આવા લોકોત્તર જીવનને યથાર્થ કોણ વર્ણવી શકે છે તેમના જીવનમાંથી આપણે થોડું પણ મેળવીને જઇએ તો બોલ્યું સાંભળ્યું સાર્થક છે. બાદ એકાદ બે વકતાઓએ પ્રાસંગિક વિવેચનો કર્યા હતા.

વકતાઓના ભાષણો પૂર્ણ થતાં પ્રમુખશ્રી **જીવરાજભાઇ દોશી**એ ભાષણ કરતાં જણાવ્યું કે—મહાવીર જીવન ઉપર જુદા જુદા વકતાઓએ ઘણું કહ્યું છે. મીસ બોલીનવિટલ જેવા આંગ્લ બાઇ જૈન ધર્મને વરે એ આપણે માટે ખરેખર આનંદનો વિષયજ ગણાય. ભગવાને જાતિથી નહીં પણ કર્મથીજ મનુષ્ય બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર હોઇ શકે છે એમ ઉતરાધ્યયનમાં પ્રકાશ્યું છે એ ખરેખર યથાર્થ છે. ગુણીજનો ઉપર પ્રમોદભાવ પ્રગટવાની જરૂર છે, અને તોજ આપણામાં ગુણો આવી શકે છે. ભગવાન મહાવીરના જીવનમાંથી આપણે સૌ અવશ્ય કાંઇક ગ્રહણ કરીને જઇએ એજ ભાવના છે.

બાદ વંદેમાતરમ્ અને શ્રી મહાવીર પ્રભુની જયધ્વનીની ગુંજમાં સૌ વિખરાયા હતા.

મુંબઇમાં સાધ્વીજી પધાર્યા.

—આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિજીના સંઘાડાના વિદ્વાન્ સાધ્વીજી શ્રી માણેકશ્રીજી આદિ સાધ્વીજીઓ વૈશાખ શુદ ૩ ને દિવસે મુંબઇ પધાર્યા છે અને ભીંડી બજાર પર આવેલા નમિનાથજી મહારાજના ઉપાશ્રયમાં ઉતર્યા છે. મુંબઇમાં સાધ્વીજીઓનું આગમન ઘણા વર્ષ પછી નવીનજ છે.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

અખિલ હિંદ સ્થાયી સમિતિમાં પસાર થયેલા ઠરાવો.

રવીવાર તા૦ ૨૮-૪-૧૯૪૦

(૧) કૉન્ફરન્સના કાર્યમાં પરમ સહાનુભૂતિ ધરાવનાર બાબુ રાયકુમાર સિંહજી (કલકત્તા), બાબુ ધન્નુલાલજી સુચંતિ (બીહાર શરીફ), બાબુ ચાંદમલજી ઝોહરી (આગરા), ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી (મુંબઇ), શેઠ ટોકરશી મૂલજી (કચ્છ), શેઠ અમરચંદ ધેલાભાઇ ગાંધી (ભાવનગર), શેઠ ગિરધરલાલ આણંદજી કાપડીઆ (ભાવનગર), બાબુ મોતીચંદજી નખત (કલકત્તા), શેઠ સુખરાજ જવારમલ લલવાણી (પૂના), શેઠ રાજારામ મયાચંદ (કરાડ), શ્રી મંગલાબ્હેન મોતીલાલ જે. પી. (મુંબઇ), અને શેઠ લાલભાઇ કલ્યાણભાઈ ઝવેરી (વડોદરા) ના દુઃખદ અવસાન બદલ આ કમિટી દિલગિરી જાહેર કરે છે અને સ્વર્ગસ્થોના આત્માને શાંતિ ઈચ્છી તેમના કુટુંબીજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

—પ્રમુખસ્થાનેથી.

(૨) આવતી વસ્તી ગણત્રીને અંગે આપણા જૈન ભાઇઓ તથા બહેનો પોતાને 'જૈન' તરીકે બરોબર નોંધાવે એ માટે યોગ્ય પ્રચાર કરવા માટે કૉન્ફરન્સ સાથે સંબંધ ધરાવતા સર્વે અધિકારીઓને આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે.

(૩) આ સ્થાયી સમિતિ કૉન્ફરન્સના આવતા અધિવેશનનું કાર્ય (૧) કૉન્ફરન્સના બંધારણમાં ઉદ્દેશ અને કાર્યવિસ્તાર સિવાયની બાબતોમાં જરૂરી ફેરફાર (૨) આર્થિક ઉદ્ધાર અને (૩) કેળવણી પ્રચાર એ ત્રણ બાબતો ઉપર ખાસ કરીને કેન્દ્રિત કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઉપરના નિર્ણય મુજબ આવતી નાતાલ સુધીમાં કૉન્ફરન્સનું અધિવેશન ભરવાની ગોઠવણ કરવા માટે કાર્યવાહક સમિતિને સૂચના કરવામાં આવે છે.

(૪) ત્રીજા ઠરાવને લક્ષમાં રાખી કૉન્ફરન્સના બંધારણમાં કરવા યોગ્ય ફેરફારો સંબંધે આગામી અધિવેશનમાં રીપોર્ટ રજુ કરવાની કાર્યવાહી સમિતિને સૂચના કરવામાં આવે છે.

(૫) આર્થિક ઉદ્ધારના પ્રશ્નોપર યોજના તૈયાર કરી આવતા અધિવેશન વખતે નિવેદન રજુ કરવા માટે આ સ્થાયી સમિતિ કાર્યવાહક સમિતિને સૂચના કરે છે.

(૬) કૉન્ફરન્સના આગામી અધિવેશન માટે **બારશી શહેર** (મહારાષ્ટ્ર) માટે ત્યાંના સંઘ તરફથી શેઠ મુલચંદ જેતીરામ બલદોટાએ આમંત્રણ કર્યું; **નિંગાળા** (કાઠીયાવાડ) માટે ત્યાંના સંઘ તરફથી શેઠ મણીલાલ જયમલ શેઠે આમંત્રણ કર્યું અને **મણુંદ** (ગુજરાત) માટે ત્યાંના સંઘ તરફથી શેઠ ચીમનલાલ વાડીલાલ શાહે નિમંત્રણ કર્યું તેની સાભાર નોંધ લેવામાં આવે છે. સદર સ્થળમાંથી કે અન્યત્ર અધિવેશનનું બે માસમાં નિર્ણિત કરવાની સત્તા કાર્યવાહી સમિતિને આપવામાં આવે છે.

—પ્રમુખસ્થાનેથી.

સફળતા ઇચ્છનારા સંદેશાઓ.

અનુયોગાચાર્ય પંન્યાસજી શ્રી પ્રીતિવિજયજી ગણિવર-શ્રી ગોડીજી ઉપાશ્રય, **મુંબઇ**; બાબુ નિર્મલકુમારસિંહજી નવલખા, **અજીમગંજ**; શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ, **જયપુર**; શેઠ અમૃતલાલ કાલીદાસ, **બહાદરેશ્વર**; શેઠ કચ્છલભાઇ બી. વકીલ, **માથેરાન**; શેઠ સકરાભાઇ લલ્લુભાઈ મનોરદાસ **અમદાવાદ**; શેઠ મંગલદાસ લલ્લુભાઇ **કરાડ**; રાજ્ય રત્ન શેઠ હીરાચંદ વસનજી, **પોરબંદર**; શેઠ પુંજાભાઇ દીપચંદ **અમદાવાદ**; શેઠ કાંતિલાલ મગનલાલ શાહ, **અમદાવાદ**; શેઠ હસ્તીમલ દલીચંદ, **અહમદનગર**; શેઠ રતિલાલ વર્દ્ધમાન શાહ, **વઢવાણ કેમ્પ**; શેઠ કાંતિલાલ ડી. કોરા એમ. એ, **ખેડા**; શેઠ વાડીલાલ મગનલાલ વૈદ્ય, **વડોદરા**; શેઠ છોટાલાલ ત્રિકમલાલ પારેખ, **અમદાવાદ**; શેઠ સુરચંદ પુરશોત્તમદાસ બદામી, **સુરત**; શેઠ ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની, **સાદરા**; શેઠ ગણેશમલ રૂખનાથમલ બેંકર્સ, **હૈદ્રાબાદ**; લાલા બાબુરામ જૈન બી એ. એલ એલ. બી; **ઝીરા** (પંજાબ); શેઠ લાડકચંદ પાનાચંદ **બોટાદ**; શેઠ રતિલાલ ભીખાભાઇ શાહ **અમદાવાદ**; શેઠ ગણપતચંદ પદમચંદ બીજાપુરવાલા **સાંગલી**; શેઠ હરિલાલ જેઠાલાલ શાહ; **ખંભાત**; શેઠ કેશવલાલ છગનલાલ, શ્રી જૈન વીશા શ્રીમાલ અને ઓશવાલ જ્ઞાતિના યુવક મંડળના સેક્રેટરી **કચ્છ માંડવી**; શેઠ મોતીલાલ ચુનીલાલ શાહ, ઑનરરી સેક્રેટરી શ્રી મહારાષ્ટ્રિયજૈનકૉન્ફરન્સ, **માલેગામ**.

સુધારો.

આ અંકના પૃષ્ટ ૭ થી ૧૬ સુધીમાં તા૦ ૧-૫-૪૦ છપાઇ છે ત્યાં તા. ૧૬-૫-૪૦ સમજવી.

—તંત્રી.

શ્રી મહાવીર જયંતિ ઉત્સવ.

જૈનોના ત્રણે ફીરકાના સંયુક્ત આશ્રય હેઠળ ઉજવાયેલ જયંતિ મહોત્સવ.

જૈનોના ત્રણે ફીરકાની મહાસભાઓ–શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ અને શ્રી દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સંયુક્ત આશ્રય હેઠળ ચૈત્ર સુદિ ૧૩ શનિવાર તા. ૨૯–૪–૪૦ ના રોજ શ્રી મહાવીર જયંતિ હીરાબાગ હોલમાં રાતનાં સ્ટાં. ટા. ૮-૩૦ વાગે સુંદર રીતે ઉજવાઇ હતી. પ્રમુખસ્થાને ભાવનગર રાજ્યના માજી સર ન્યાયાધીશ શેઠ **જીવરાજ ઓધવજી દોશી** બી. એ. એલ એલ. બી. બિરાજ્યા હતા. હીરાબાગનો વ્યાખ્યાન હોલ સમયસર શ્રોતાજનોથી ચિકાર ભરાઇ ગયો હતો. સભામાં ધ્વની વર્ધક યંત્રો પણ રખાયા હતા. અને શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના સ્વયંસેવક બંધુઓ વ્યવસ્થા જાળવતાં હતાં. ત્રણે ફિરકાઓના આગેવાન બંધુઓની સારી સંખ્યામાં હાજરી હતી.

પ્રારંભમાં માન્યવર શેઠ **કુંવરજી આણંદજી**એ ભગવાન મહાવીરના જીવન પર બોલતાં જણાવ્યું હતું કે—**ભગવાન મહાવીર** પરમાત્માનું જીવન ત્રણે ફીરકાઓમાં જાણીતું છે. નયસારના ભવમાં ભદ્રિક પરિણામે જે ત્યાગભક્તિ કરી હતી તેનું ફળ મહાવીર તરીકે ઉપજવામાં આવ્યું હતું. તીર્થંકરના જીવો અવ્યવહાર રાશીમાં હોય ત્યારે પણ તેમના આત્મામાં અપૂર્વ ભાવ હોય છે. મરીચીના ભવમાં, પડવા છતાં પણ દંભ ન કર્યો પણ અનેકને ધર્મ પમાડી આદિશ્વર પ્રભુ પાસે મોકલાવ્યા. છેવટે નંદન રૂપીના ભવમાં એક લાખ વર્ષ માસ ખમણ કરી તીર્થંકર નામકર્મ બાંધ્યું. મહાવીરના ભવમાં દ્વન્દ્વ સંકટ નિવારણાર્થે સાથે રહેવા પ્રાર્થના કરે છે પણ ભગવાન તેનો અસ્વીકાર કરે છે. કારણ કે તીર્થંકરો ગમે તેટલું સહીને પણ સ્વશકિતથી જ્ઞાન મેળવે છે. આ ઉપરાંત પ્રભુમાં અપ્રતિમ પ્રેમ, ક્ષમા વિગેરે ગુણો પણ અતિશય ઉચ્ચ કોટીના હતા. માતા-પિતાના મૃત્યુ પછી સંસાર ત્યાગ કરવાનો નિશ્ચય હોવા છતાં વડિલ ભાઇ પ્રત્યેની દાક્ષિણ્યતાથી બે વર્ષ વધુ ગૃહવાસે રહે છે છતાં કમળની માફક નિર્લેપપણે રહે છે, સર્વ જગતજીવોને ધર્મ પમાડવાની ઉત્કટ ઇચ્છા પણ તીર્થંકર જેવી અન્યમાં નથી હોતી અને એવા અત્યુચ્ચ શુભ ભાવથીજ તીર્થંકરપણું બંધાય છે.

તેમણે જ્યારે સંઘ શાસન પ્રવર્તાવ્યું ત્યારે ઘોર હિંસામય યજ્ઞો થતા હતા. પણ તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સૌથી પ્રથમ એવા યજ્ઞોના કરનાર અગીઆર મહાન પંડિતોને પોતાના શિષ્ય બનાવી યજ્ઞની હિંસામય જવાળાઓને બુઝાવી હતી.

આપણે વર્ષો વર્ષ તેમની જયંતિ ઉજવીએ છીએ છતાં આપણામાં જો કાંઇ પણ ગુણ ન આવે તો જયંતિની ઉજવણીનો હેતુ સરતો નથી. ભગવાને સર્વને દાન આપવાનું કર્યું છે. દાનધર્મમાં નિષેધને સ્થાન નથી. તેમણે દીક્ષા પછી પણ બ્રાહ્મણને વસ્ત્રદાન કર્યું હતું એ સુપ્રસિદ્ધ છે. જગત આખું કર્મથી મુકાઓ એવો ઉચ્ચ મૈત્રી ભાવ તેમનામાં હતો. તેમણે દાન શિયળ-તપ–ભાવ રૂપ ચારે પ્રકારના ધર્મને સ્વજીવનમાં ઉતારી પછીજ તેનો ઉપદેશ કર્યો છે. જેથી જગત પર તેની અસર થાય છે. તેમણે કેવળજ્ઞાન પછીના ત્રીશ વર્ષોમાં અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે. માત્ર મનુષ્યોજ નહીં પણ પશુઓને પણ તેમણે તાર્યા છે. તેમની ભાષાજ એવી હતી કે જેથી પશુઓ પણ સમજતા હતા. ભગવાન આપણે માટે ઘણો વારસો મુકી ગયા છે પણ ખેદની વાત છે કે તેને જોઇએ તેટલા પ્રમાણમાં અને તે રીતે આપણે એ વારસાને સાચવી શકયા નથી. છતાં થોડું પણ આચરીએ તો અવશ્ય આત્મકલ્યાણ થાય. જયંતિનો હેતુ મહાપુરૂષના આદર્શમય જીવનને જાણી તેમાંથી ગુણ ગ્રહણ કરવાનો છે.

શ્રીયુત **કુંવરજીભાઇના** અનુભવપૂર્ણ વકતવ્ય બાદ ખ્રિસ્તિમાંથી જૈન ધર્મ અંગીકાર કરનાર **અમેરીકન મહિલા કુમારી ઓલિનવિટલે** અંગ્રેજીમાં બોલતાં જણાવ્યું કે-જગતમાં સાચો ધર્મ હોય તો તે ફક્ત જૈન ધર્મ છે. મેં જૈન ધર્મનો ઉંડો અભ્યાસ કર્યો છે. જૈન વિદ્વાનોએ મારી શંકાઓનું સમાધાન કર્યું છે અને ત્યાર પછી મને જૈનધર્મની ભારે અર્થગંભીરતા સમજાઈ છે જૈન ધર્મ એ વૈજ્ઞાનિક ધર્મ હોઇ મનુષ્યને કુદરતની નીકટ લઇ જાય છે. જગતને શાંતિનો રાહ બતાવનાર આવા તેજસ્વી ધર્મ પ્રત્યે તમારે અભિમાન લેવું જોઇએ, અને તેના પ્રચાર માટે સર્વસ્વ કરવું જોઇએ.

બાદ બેરીસ્ટર **ચંપતરાયજી** એ વીરજીવન ઉપર બોલતાં જણાવ્યું કે-શાસ્ત્રોમાં અનેક બાબતો લખી છે એટલા માત્રથી કામ ચાલતું નથી પણ એ બાબતોને વિજ્ઞાનથી સિદ્ધ કરી બતાવવાની જરૂર છે. આ બાઇ (એલીનવિટલ) ક્રીસાઈ ધર્મમાં પેદા થઇ છે પણ પૂર્વ સંસ્કારના પ્રબળપણાથી તથા આ ભવમાં પણ યોગ્ય સામગ્રી મલવાથી જૈન ધર્મ ઉપર શુદ્ધ શ્રદ્ધાવાળી બની છે. અત્યારનું વાતાવરણ જૈન દ્રષ્ટિએ વિરૂદ્ધનું છે. સર્વ ધર્મ પરિષદમાં પણ આપણું કશું સ્થાન નથી. એક સમયે પૂર્વ દેશ મહાવીરાદિ તીર્થંકરોના વિહારથી પાવન થતો હતો અને એ મહાપુરૂષના વિહારથી એ પ્રદેશનું બીહાર એવું નામ પડયું છે. તથા અનેક નગરના નામો પણ વર્ધમાન આદિ છે. હિન્દુશાસ્ત્રોમાં પણ તીર્થંકરના નામો મળે છે, પરંતુ આપણે પોતે બેદરકાર રહીશું કે ઝગડાઓમાં પડશું તો છે તે પણ ગુમાવશું.

(અનુસંધાન પૃ. ૧૮ ઉપર)

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તાર : HINDSANGHA.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર.

REGD. NO. B 1996

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૧૩

વ્યવસ્થાપક મંડળી

મોહનલાલ દીપચંદ ચોકસી.

તંત્રી.

મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ

JAIN YUGA

વૈશાખ વદ ૧૨, શનીવાર.

તા. ૧ લી જુન ૧૯૪૦

પ્રભુ દર્શન !

(ભુજંગ પ્રયાત)

ન દીઠા પ્રભૂ શાસ્ત્રના પાઠ માહે,
નહી સાક્ષરી શબ્દના જાલ માહે;
નહી તત્વના શુષ્ક જંજાલ માહે,
ઘટત્વે પટત્વે ન દીઠા કિહાંએ. ૧

નહીં વેષ વાણી વિલાસે પ્રભૂ તે,
નહીં વાદ પૂર્વાર્ધે વા ઉત્તરાર્દ્ધે;
કથા સાર સિદ્ધાંત આડંબરોમાં,
ન પામ્યા પ્રભૂદર્શ મેં અક્ષરોમાં. ૨

નહીં દીપમાળા વિષે મેં નિહાળ્યા,
નહીં ઠાઠ આંગીમહી તેહ ભાળ્યા;
પ્રભૂ કયાં દિસે વાદ્ય ઝંકાર નાદે?
નહીં રાગ વા તાલમાં વા વિવાદે. ૩

ન દીસે પ્રભૂ મિષ્ટ નૈવેદ્ય માહે
ન છે તે ફળોમાં ફુલોમાં સમાએ;
નહીં મંત્રમાં તંત્રમાં યોગ ધ્યાને,
નહીં છંદ વિજ્ઞાન સિદ્ધાંત ગાને. ૪

નહીં સૂર્ય વા ચંદ્રના બિંબ માહે,
નહીં તેહ આકાશમાં સંકળાએ;
પ્રભૂ દર્શ જેવું ન તે રત્નગર્ભે,
નહીં સાંપડે તેહ વારી તટાકે. ૫

નહીં પર્વતોની ગુફામાં જણાએ,
ન તારાગણોમાં વિભૂ બંધ થાએ;
નહીં મંદિરોમાં પ્રભૂ ગુપ્ત થાએ,
કિહાં સાંપડે તે ન માર્ગો જણાએ. ૬

પ્રભૂ તૂં મને તાહરૂં દર્શ આપ,
અનંતા ભવોના સહૂ પાપ કાપ;
નહીં ધીર; અસ્થીર છે ચિત્ત મારૂં,
કરે ઝંખના હો પ્રભૂ દર્શ તારૂં. ૭

નહીં સ્થૂલમાં સાંપડે શ્રી પ્રભૂજી,
નહીં વાસના રંગમાં તેહ રાજી;
વિકલ્પો ઘણા ચિત્તના ઘોર થાએ,
પ્રભૂ સંભવે કેમ ત્યાં? અંધ ભાવે. ૮

કિહાં બુદ્ધિભેદે પ્રભૂ દર્શ થાએ?
કહો કેમ સંકલ્પમાં તે સમાએ?
ખરી બુદ્ધિ થાએ કદી નિર્વિકાર,
પ્રભૂ સંભવે ત્યાં ખરો શાંતિધાર. ૯

પ્રભૂ સત્ સ્વરૂપે ચિતાનંદ રૂપે,
હૃદાકાશ માહે દિસે શુદ્ધ રૂપે;
થજો તેહ આત્મા તણું દર્શ મારે,
નહીં અન્ય ઇચ્છા વસે ચિત્ત મારે. ૧૦

પ્રભૂ દર્શ સર્વત્ર હો એહ ભાવે,
ગિરી શૃંગ આકાશ તારા વિભાવે;
નહી કોઇ એના વિના વસ્તુ દીસે,
ભર્યો સર્વ લોકે પ્રભૂ સત્ય ભાસે. ૧૧

માલેગામ તા૦ ૨૫-૫-૪૦.

શ્રી. બાલચંદ હીરાચંદ.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧-૬-૪૦. શનીવાર.

બંધારણ ફેરફારનો પ્રશ્ન શા માટે?

જ્યારે આવતાં અધિવેશનમાં ચર્ચાત્મક પ્રશ્નોને ઇરાદાપૂર્વક બકાત રાખવામાં આવ્યા છે અને કેવળ કેળવણી અને બેકારી નિવારણ જેવા અતિ અગત્યના અને સાથોસાથ સર્વાંગે રચનાત્મક સવાલોનેજ હાથ ધરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે ત્યારે સહજ પ્રશ્ન ઉદ્ભવે કે બંધારણમાં ફેરફારની વાત એ સાથે શા માટે જોડવામાં આવી? એમાં કંઈ ઓછી ચર્ચા નથી જન્મતી!

પ્રશ્ન તદ્દન સાચો છે અને એમાં ચર્ચાની જડ રહેલી છે છતાં કોન્ફરન્સના ચક્રોને બરાબર ચાલુ ને ગતિમાન રાખવામાં જે કંઇ અડચણો નડતી અનુભવાઇ છે એ દૂર કરવા સારૂ બંધારણનો સવાલ હાથ ધરવોજ પડે અને તેથી એ વાત ઉક્ત રચનાત્મક કાર્યો સહ આમેજ કરવામાં આવી છે. એ સાથે જે એક નુકતે ચીની કરવામાં આવી છે તે કોઇએ પણ લક્ષમહાર કરવાની જરૂર નથી. એ નુકતેચીની એટલીજ છે કે બંધારણનો સવાલ હાથ ધરવામાં આવશે પણ કોન્ફરન્સનો જે ઉદ્દેશ, અને કાર્ય વિસ્તારને લગતી ટીપણીમાં જે બંધન છે તે તો કાયમજ રહેશે અર્થાત્ બંધારણની શરૂઆતનો એ મહત્વનો ભાગ અફર રહેશે. ફેરફારની વિચારણામાં એને સ્થાન નહીં મળે–આ મર્યાદા આંકવાથી ચર્ચાનો ઘણો વંટોળ વીખરાઈ જશે અને કેટલીકવાર આ જાતની ચર્ચા જે કઠીન, નિરસ અને કંટાળાભરી થઈ પડે છે તે બનવા નહીં પામે. આમ છતાં કેટલાક આવશ્યક ફેરફાર બંધારણની ત્યાર પછીની કલમોમાં કરવા જેવા છે અને એ પાછળ ઠીક ઠીક વિચારણાની જરૂર પણ છેજ. એ સંબંધી લંબાણ ચર્ચા–અને એને લગતું અમારૂં દ્રષ્ટિબિન્દુ જૈન યુગના ગત વર્ષના અંકોમાં લગભગ છ લેખોમાં–આલેખવામાં આવ્યું છે એટલે અત્યારે એને કલમવાર વિચારવાની અગત્ય નથી રહેતી; છતાં એ સંબંધમાં જે કેટલાક ખાસ મુદ્દાઓ છે તે પ્રતિ જનતાનુ લક્ષ્ય ખેંચવું અસ્થાને ન ગણાય.

ચાલુ બંધારણ મુજબ પ્રત્યેક સંઘને પોતાના પ્રતિનિધિ ચુંટી મોકલવાનો હક્ક છે. કોઇપણ જાતના પૂર્વગ્રહ વગર, શાંતચિત્તે વિચારતાં સહજ જણાય તેમ છે કે આ હક્ક અતિ મહત્વનો છે અને જૈન સમાજના લગભગ પૂર્ણ ભાગનો વિચાર એમાં સમાઇ જાય છે. જૈન ધર્મમાં–જૈન સમાજમાં–સંઘનુ સ્થાન અતિ ગૌરવવંતુ છે. એમાં અપેક્ષાએ સાધુ–સાધ્વી શ્રાવક અને શ્રાવિકા રૂપ ચારનો સમાવેશ થાય છે તેમ શ્રાવક–શ્રાવિકા રૂપ બે ક્ષેત્રનો સમાવેશ પણ થાય છે. સાધુ–સાધ્વી વર્ગ સતત્ વિચરતા રહેવાના નિયમવાળા હોવાથી તે અમુક એક સંઘની મર્યાદામાં નથી આવી જતો–એવા સમયે શ્રાવક–શ્રાવિકા વર્ગનો સંઘ એજ કાર્યકર બની રહે છે. આવા શહેરના સંઘો કોન્ફરન્સના અધિવેશન માટે પોતા તરફના પ્રતિનિધિઓ ચુંટી શકે છે. તેઓને પોતે જે વિભાગ તરફથી ચુંટાયા હોય તે સંબંધમાં સત્તાવાર કહેવાનો યાતો બોલવાનો અધિકાર છે. જ્યારથી સંઘોમાં તડા કે ભાગલા પડયા અને ચુંટણી કરવામાં એને ઉદાસીનતા દાખવી ત્યારથી સંઘ તરફથી આવનાર પ્રતિનિધિઓ ન રહ્યા. એને બદલે શહેરના અમુક ઉદ્દેશના આધારે સ્થાપન થયેલા મંડળોએ પ્રતિનિધિ મોકલવા માંડયા અને એનુ પરિણામ એ આવ્યું કે વૃદ્ધો યા પ્રૌઢોના સ્થાને યુવાનની સંખ્યા વધુ પ્રમાણમાં દ્રષ્ટિ ગોચર થવા માંડી. એ તો સમજાય તેવી વાત છે કે વૃદ્ધો યા પ્રૌઢો સામાન્યતઃ સામાજીક સુધારા કે રાષ્ટ્રિય પરિવર્તન તરફ ઝાઝું ધ્યાન આપતા નથી. તેઓમાં શ્રદ્ધાનુ પ્રાબલ્ય સવિશેષ હોવાથી તેમનુ લક્ષ્ય તીર્થ કે ધર્મના સવાલો પ્રત્યે હોય છે. ઉગતા વર્ગમાં તીર્થપ્રતિ પ્રેમ હોવા છતાં અને ધર્મના તાત્વિક ભાગ તરફ બહુમાનની લાગણી છતાં પેલા વર્ગ જેટલી શ્રદ્ધા કે ક્રિયા રૂચી ન હોવાથી તેમને તીર્થ કે ધર્મના સવાલોમાં ઝાઝો રસ રહેતો નથી. એનુ પરિણામ એ આવ્યું કે એક સમયે તીર્થ અને ધર્મના પ્રશ્નોમાં અગ્રભાગ લેતી આ મહાન્ સંસ્થા ધીમે ધીમે સમાજ સુધારા અને રાષ્ટ્રના પ્રવાહ તરફ ઢળતી ગઇ. અને એજ કારણથી આમ જનતાના મોટા ભાગનુ જે એ કેન્દ્રસ્થાન ગણાતી તેમાં કંઇક અંશે ક્ષતી પહોંચી. આમ છતાં ધાર્મિક વિષયોથી એ કંઈ સાવ હાથ ધોઇ બેઠી નહોતી; એટલે એના કાર્ય તરફ જનતાની આંખ રહેતી. કેવળ એ પ્રકારની દૃષ્ટિ રહેવાથી દોષ શોધવાની વાત મુખ્ય બની અને કાર્યમાં સહકાર દેવાની ભાવના ગૌણતાને પામી.

સંઘ જો પોતાનો હક્ક ભોગવતો રહ્યો હોત તો આ પરિણામ નજ આવત. સંઘ તરફથી શ્રદ્ધા સંપન્ન અને દીર્ઘદર્શી પ્રતિનિધિઓ ચુંટાઇ મોકલાવા ચાલુ રહ્યા હોત તો તેમના જ્ઞાન અને અનુભવની અસર અધિવેશનમાં થતાં ઠરાવો પર અવશ્ય પડત અને જે એક ભાગ તરફથી કહેવામાં આવે છે કે કોન્ફરન્સની પ્રવૃત્તિ ધર્મમાર્ગથી બસી ગઇ છે તે કહેવાની જરૂર નજ રહેત. સંઘ પોતાનો હક્ક ન ભોગવે અને એ સ્થિતિનો લાભ ઉગતા તરણો લ્યે. એ દ્વારા પોતાના વિચારોનુ પ્રતિબિંબ પાડે અને જનતાનુ લક્ષ્ય બીજી દિશા તરફ વાળી જાય એમાં બંધારણનો દોષ નજ લેખી શકાય. સંઘની ભાગલા વાળી સ્થિતિ જોઈ, એક

≠ નોંધ અને ચર્ચા. ≠

અભિપ્રાય ભેદ રહેવાનો—

ભાગ્યેજ કોઇ ઠરાવ કે કોઇ નિર્ણય એવો હશે કે જેના પર મતભેદ નહીં હોય! અલ્પાંશે અભિપ્રાય ભેદ તો રહેવાનો જ. ચાલુ કાળની વિચાર શ્રેણીની એ ખાસિયત છે 'મુંડે મુંડે મતિર્ભિન્ના' એ સૂત્રમાં એના મૂળ છૂપાયા છે. તેટલા સારૂ જ બહુમતીથી કામ કરવાની પ્રણાલિકા સર્વત્ર આદર પામી ચુકી છે. પ્રમાણિક મતભેદ એ કંઇ ટીકાપાત્ર વસ્તુ નથી. યાદ રાખવાનું તો એટલું જ છે કે મતફેર ગમે તેટલો ગહન ને ગંભીર હોય છતાં એથી મનભેદ બિલકુલ ન થવો જોઇએ. વળી મતફેર એ જેમ ભિન્ન પ્રકારની બુદ્ધિમતાનું સૂચક છે તેમ બહુમતિને માન આપવાની વૃત્તિ એ સાચી સમજ શક્તિ ધરવાની નિશાની છે એમ કરવામાં શિસ્ત પાલનનો મહત્વનો મુદ્દો સમાયો છે. ભાગ્યેજ કોઇ યુગ એવો કલ્પી શકાય કે જેમાં શિસ્તપાલનની અગત્ય ન લેખાતી હોય–જ્યાં શિસ્તનો અભાવ ત્યાં નિર્નાયકતા કમાડ ઠોકતી ઉભી હોય જ. સર્વ અહમિંદ્રનો ભાગ ભજવતા હોય ત્યાં પાંચસો સુભટવાળા કથાનકને સ્મૃતિપટમાં તાજું કરવું પડે, અને દશા એ થાય કે નાયક વિહોણા સૈન્ય અંદર અંદર જ કપાઈ મરે!

આ વાત આલેખવાની આવશ્યકતા એટલી જ છે કે ચર્ચાના વંટોળમાંથી મુક્ત થઈ જૈન સમાજના દરેક પત્રકારની તેમજ પ્રત્યેક લેખકની ફરજ હવે એ છે કે એ પોતાની કલમ કોન્ફરન્સની મહાસમિતિએ જે ઠરાવો પસાર કર્યા છે એના પ્રચાર પ્રતિ ચલાવે અને જનતામાં આગામી અધિવેશન માટે જબરી ઉલટ પેદા કરે. ઠરાવમાં રહેલી ઉણપ કે એ સામેની ટીકા સંબંધમાં હવે પાના કે કોલમ ભરવા એ વાસ્તવિક નથી અને એમ કરવા જતાં આમ જનતામાં નિરર્થક વિસંવાદી માનસ પેદા કરવા જેવું થાય છે! એટલે જ જેઓ કોન્ફરન્સને ચેતનવંતી બનાવવાના અભિલાષ સેવે છે–જેઓ એને સતત્ કામ કરતી જોવાના રસિયા છે, તેઓ આડીટેડી ચર્ચામાં કાળ વ્યતીત ન કરતાં, એણે કરેલા નિર્ણયના પ્રચારમાં એકતાનથી લાગી જાય–વાતાવરણ એવું ઉત્સાહજનક સર્જે કે અધિવેશન નમૂનેદાર બની જાય. કલમના ચલાવનારા માટે કે જનતાના જીવનને ઘડવાનો દાવો કરનારા માટે આ વાત મુશ્કેલ નથીજ. જૈન સમાજમાં વર્તી રહેલી નિષ્ક્રિયતા અને સુષુપ્તિ દૂર કરવાનો એ એક ધોરી માર્ગ છે. એકધારી દોરવણી આપ્યા સિવાય વિખરાયેલા અંકોડા સંધાવા મુશ્કેલ છે. આવી વિષમ પરિસ્થિતિમાં પત્રકાર અને લેખક પાસે રજુ કરવામાં આવેલ ઉપરની માંગણી નિરર્થક નહીં જતાં કંઈક સક્રિયરૂપે પરિણમવી ઘટે.

ફાચર મારવાનો આ સમય નથી!

વર્ષોના વહાણા વાઇ ગયા પછી, કોઇ સુભાગી પળે સમાજમાં પડેલા ભાંગલા સાંધવાની તમન્ના ઉભય પક્ષના અગ્રણીઓમાં જન્મી છે એટલુંજ નહિં પણ, વચ્ચેની આડી દિવાળ એળંગાઈ જવાની પળ પણ હાથ વેંતમાં દેખાય છે. એવે ટાણે ધરાદાપૂર્વક કે પોતાના ગોકળી મૂકેલા મંતવ્યના જોર પર જેઓ એમાં ઉભી ફાચર મારવાનુ કાર્ય હાથ ધરે છે એ ચીરકાળની મહેનત પર પાણી ફેરવે છે એટલુંજ નહિં પણ પોતાના ઉતાવળીયા પગલાથી જૈન સમાજને ભારી નુકશાન પહોંચાડે છે. દેશ કાળ પ્રતિ લક્ષ ઠેરવી જે ઐકય સંધાતું હોય એથી નથી તો જૈન ધર્મને કંઇ બળવળ આવવાની કે નથી તો જૈન સમાજને એથી કંઇ નુકશાન થવાનું. સંપ થવાથી એકંદરે લાભજ છે. અલબત જુદા પડેલા પક્ષો વચ્ચે એના મૂળ ઉંડા બઝાડવા હોય તો લે મૂકના સિદ્ધાંતથી ઉભય ટકી શકે એવી ભૂમિકા રચવી જોઇએ. એવે સમયે જૈન સંઘના કોઇ અનોખા બંધારણની ચર્ચા જગાડનાર, વર્તમાનમા ચાલી રહેલી પ્રત્યેક કાર્યવાહીમાં અધર્મની ગંધ પારખનાર, અને પોતે પકડી રાખેલી ડુગડુગીને ગમે તે રીતે વગાડવી ચાલુ રાખનાર, નથી તો એકતા સાધવામાં કંઇ ફાળો આપતો કે નથી તો પોતાના કાર્ય દ્વારા સમાજની કંઈ સેવા કરતો. એથી ઉલટું પોતાના લખાણ દ્વારા ઘણા ભદ્રિક પુરુષોના હૃદયમાં ખોટો વસવસો પેદા કરે છે! આ રીતે સંગઠનના અણમૂલા કાર્યને ઢીલમાં નાંખે છે!

જ્યારે સમાજ સંખ્યામાં ક્ષીણ થતો નજરે આવતો હોય, વસ્તીગણત્રીના આંકડા, પ્રતિદશકાએ ચોંકાવનારી વિગતો રજુ કરતાં હોય, અને ભિન્ન ભિન્ન વાડા અને સંખ્યાબંધ ચોકા વચ્ચે ધર્મ કે સંઘનું કોઇ પણ કાર્ય સધાતુ ન હોય, ત્યારે આવા આદમના જમાનાની વાત કરવા બહાર પડવુ અથવા તો જે બંધારણની પાછળ કોઈ જાતની ઐતિહાસિક દ્રષ્ટિ કે યુક્તિપૂર્ણતાનો સધિયારો ન હોય એના ગુણગાન ગાવા અગર તો પોતે જે કલ્પી લીધેલું છે એ બંધારણજ જૈન સંઘે સ્વીકારવું જોઇએ બદલાતા દેશ કાળ તરફ જરા સરખી નજર ન નાંખવી એવા બણગા ફુંકવા એ સમજ શક્તિ વાળાને ઘડીભર શોભી શકે તેવું નથી. ઐકયની સાધના કપરી હોય છે અને જુદા જુદા મંતવ્યો ધારી વચ્ચે એની સાંકળ જોડવી એમાં હામ–દામ ને ઠામ નો ભોગ ધરવો પડે છે તેથીજ એ કપરા કાર્યને કરવા જેઓ બહાર પડયા હોય તેમના કાર્યમાં ફાચર ન મારવાની હાકલ કરવી એ ધર્મ થઈ પડે છે.

તરફથી એવો ફેરફાર સુચવાયો છે કે કોંગ્રેસની માફક લવાજમથી સભ્ય બનવાની પ્રથા દાખલ કરવી અને એ રીતે રજીસ્ટર થનાર સભ્યોજ પોતા તરફના પ્રતિનિધિ ચુંટી શકે. પ્રતિનિધિ તરીકે આવનાર ગ્રહસ્થ પણ રીતસર સભ્ય થયેલ હોવો જોઇએ. સંઘ દ્વારા રીતસર ચુંટણી નજ થતી હોય અગર જૈન સમાજના મહત્વના પ્રશ્નોની વિચારણામાં સંઘ માત્ર ઉદાસીન વૃત્તિનુ પ્રદર્શન દાખવતો હોય તો ઉપરની રીત અસર કારક છે. બીજા વર્ગ તરફથી એમ પણ કહેવામાં આવે છે કે કોન્ફરન્સે જો સાચેજ જૈન સમાજ તરફથી કંઇ કહેવાનો કે એના શ્રેય માટે કંઇ કરવાનો દાવો કરવો હોય તો એને સંઘ દ્વારાજ કામ લેવું જોઇએ. જુદા મંડળોના પ્રતિનિધિઓ કે અમુક શિક્ષિત વર્ગને બાસ પ્રતિનિધિ ચુંટવાનો અધિકાર આપવાથી મુક્ત રહેવું ઘટે; કારણ કે મંડળોના ડેલીગેટ પાછળ કે કેવળ ડીગ્રીના જોરે ચુંટાઇ આવનાર ડેલીગેટ પાછળ જનતાનુ પીઠબળ જોઇતા પ્રમાણમાં હોતું નથી. એવી રીતે મળેલા સહકારથી કેવળ હાથ ગણત્રીમાં ભળે સંખ્યા ઠીક જણાય પણ કાર્યવાહીમાં કે પસાર કરેલ ઠરાવના અમલમાં એ જાતના ડેલીગેટો તરફથી કંઇજ લાભ મળતો નથી. પોતાના શહેર કે વિભાગમાં પોતે કંઇજ સક્રિય પરિણામ દાણવી શકતા નથી. પ્રતિનિધિત્વના મુદ્દા સંબંધે આ એ જાતની વિચાર શ્રેણી પ્રવર્તે છે. એ ભિન્નતા પાછળ જુદા જુદા દ્રષ્ટિકોણ છે એ સંબંધમાં હવે પછી.

યુવકો-સુધારકો શું માગે છે?

લેખકઃ
શ્રી બાલચંદ હીરાચંદ, માલેગામ.

સુધારકો એટલે લઘુમતી.

સુધારકોને હમેશ નવી ઘટનાઓ સમાજમાં બનાવવાની હોય છે. વિચારપૂર્વક સમાજના દોષો અને પ્રગતિને રોકનારા ઘટકો અને કારણોનો વિચારપૂર્વક સામનો કરવાનો હોય છે. સ્થાપિત હકોના વિરૂદ્ધ પોતાનો વિરોધ રજુ કરવાનો હોય છે. તેથીજ સંઘર્ષણ વધી સામાન્ય રીતે સમાજમાં અપ્રિય થવું પડે છે. તેમજ જુના વિચારવાળાઓની ગાળો ખાઈ સમાજમાં કોઇ વખત ફજેતી પણ વ્હોરી લેવી પડે છે. છતાં પોતાના વિચારોમાં મક્કમ રહી પ્રચાર ચાલુ રાખવો પડે છે. લોકમાન્ય તીલક સામાજિક સુધારામાં આગળ પડતો ભાગ લેતા નહીં હતા. છતાં તેઓ સાચા સુધારક હતા. તેમને જ્યારે પૂછવામાં આવતુ કે, તમો સામાજીક સુધારાથી ડરો છો શું? ત્યારે તેઓ જવાબ આપતા કે સુધારાઓ તો મને માન્ય અને પ્રિય પણ છે. છતાં હું સમાજને છોડી એકદમ આગળ દોડવા માંગતો નથી. સમાજને કોઇ સુધારો પાચન થઈ જાય ત્યારે સમાજની નાડ પારખી હું બીજો સુધારો તેમના આગળ ધરવા માંગુ છું. સમાજમાં અને મારામાં વધું છેટું પડી જાય તો સમાજમાં સુધારાઓ દાખલ કરવામાં શેકડો વિઘ્નો ઉપસ્થિત થઇ જશે માટે ધીમેથી પણ મક્કમપણે સુધારાઓની તરફેણ કરીશ. એ વિચારોથી આપણે ઘણું જાણવાનું મળે છે. પ્રિન્સિપાલ આગરકર પ્રખર સુધારક હતા. અને તેઓ પોતાના વિચારોનો પ્રચાર યા હોમ કરે જતા હતા. સમાજનો રોષ તેમણે પોતા ઉપર ખેંચી લીધો હતો અને તેથીજ તેમની હયાતીમાં તેઓને ઘણો છળ સોસવો પડયો હતો. તેમના પશ્ચાત્ જોકે તેઓ હાલમાં પૂજાય છે. અને જે સુધારાઓ માટે તેમનો સમાજે તિરસ્કાર કર્યો તેજ સમાજ તેમના વિચારોથી પણ ઘણો આગળ વધી ગયો છે એ દ્રશ્ય જોઇ આપણા જૈન સુધારકોએ શાંતિ, ધીરજ રાખી અપમાનની પર્વા રાખ્યા વિના મક્કમપણે આગળ વધવું જોઇએ.

સુધારકો અપમાનમાં માને નહિ.

આપણાજ બંધુઓનો સુધારો આપણે કરવાનો છે. ત્યારે તેમ કરતા તેઓ ગેરસમજુતીથી જો આપણા ઉપર ચિઢાય અને આપણું અપમાન કરે કે સમાજમાં આપણને હલકા પાડે તેમાં નવાઇ જેવું શું છે? અને તેના માટે આપણી પીછેહટ થઈ એમ સમજી આપણે નાસીપાસ થવાની શું જરૂર છે? આપણા વિચારો જો સાચા હોય તો તે આજે નહીં તો કાલે જરૂર લોકોમાં માન્ય થશે. એવો વિશ્વાસ આપણા હૃદયમાં જાગૃત રાખવાનો છે. એવા વિચારથીજ જો સુધારકો પોતાનું કાર્ય બજાવે જશે તો વિજય તેમનોજ છે એમાં શંકાને જરાએ સ્થાન નથી. ઓપરેશન કરતા દરદી ડાકટર ઉપર ચીઢાય ને ડાકટરને ગાળ પણ દઇ બેસે તો તેથી ડાકટર ગુસ્સે થતો નથી. તે તો દરદીની પરવશ સ્થિતી ઉપર કરૂણા લાવી બધી વાત હસવા જેવી સમજી પોતાનું કાર્ય કરે જાય છે. કારણ તેની ખાત્રી હોય છે કે છેવટ દરદીનું દુઃખ દૂર થશે ત્યારે તે પોતાની મેળે ડાકટરનો ઉપકાર માનવાનોજ છે. તેમ સુધારકોએ પોતાની શાંતિ ગુમાવવાની નથી. કોઇનો દોષ બતાવી વ્યકતી ઉપર હુમલો કરવાનો નથી પણ યુક્તીથી અને સમાજની નાડ પારખીનેજ પોતાને માન્ય અને સમાજના હિતના જણાય તેવા સુધારાઓ દાખલ કરવા માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ.

સુધારક નિર્લોભી અને ત્યાગી હોય.

સુધારકોએ નવા વિચારો લોકોમાં પ્રસૃત કરી સમાજ કલ્યાણ કરવાનો પવિત્ર વિચાર હોવાથી તેને અંગત લોભ હોવાનું કારણ હોય નહીં. હું સમાજમાં આગેવાન ગણાવું, સમાજમાં પ્રમુખ થઈ બેસું અગર સમાજ મને માને-પૂજે એવી આકાંક્ષા જો કોઇ સુધારક રાખે તો તે સાચો સુધારક હોયજ નહી. મારી વાત ને મારી ટેક અમુક રીતે રહેશે તોજ હું અમુક વાત માન્ય કરીશ એવી મહત્વાકાંક્ષા સુધારક કોઇ દિવસ રાખેજ નહી. સમાજના કલ્યાણ માટે પોતાની ગમે તેટલી મહત્વની આકાંક્ષા કે વિચાર ઘડીભર બાજુ ઉપર મુકવાને પણ સુધારક અચકાય નહી. એને મન તો સમાજમાં સુધારો દાખલ કરવાનો છે તે માટે વ્યક્તિનો ભોગ એ અનિવાર્ય વસ્તુ છે. સમાજ જ્યારે આખરી ફેસલો પોતાના મત સાથે કરે છે ત્યારે ત્યાગ અને નિર્લોભતાના સદ્‌ગુણોની જરૂર તે પરીક્ષા કરે છે અને હડીકાઇ કોની છે અને ઉદારતા કોની છે એ તે સહેલાઈથી સમજી લે છે અને આજ નહી તો કાલે ત્યાગી તરફ તેનું મન આકર્ષાયા વગર રહેતું નથી. એના જવલંત દાખલાઓ ઘણા નજરે પડે છે. મહાત્મા ગાંધીજીના સામાજીક વિચારો ઉપર હજુ પણ કોઇ કોઇ વખત કેટલાએક કુવિચારકો હુમલો કરવા બેશે છે પણ તેની કેટલી કીંમત સમાજમાં અંકાય છે? પ્રારંભમાં કોલાહલ કાંઇ ઓછો નહી હતો. પણ ત્યાગ અને નિર્લોભના આગળ તે રોષ બધો શાંત પડી ગયો જણાય છે. સુધારકો જો પોતાના બંગલે બેશી એકાદ લખાણ લખી અગર એકાદ સભામાં છટાદાર ભાષણ કરી સુધારક મનાવવાનો દાવો કરતા હોય તો તે ખરેખર અનિચ્છનીજ નહી પણ ખેદજનક પણ છે. અને તેવા લોકો સુધારક ગણવાને પણ અપાત્ર છે. સુધારક વિચારો પ્રસૃત કરવા માટે તો ભોગ હોવો જોઇએ. ત્યાગી બની ઘર ઘર ફરવું જોઇએ. લોકોનો તિરસ્કાર સહન કરીને પણ પોતાના વિચારોની સત્યતા સિદ્ધ કરવી જોઇએ. એમ કરવાથીજ સુધારકો યશસ્વી બની શકશે. ફક્ત હો હા કરી સમાજમાં ખળભળાટ અને ઉષ્કેરણી કરવાથી કાંઇ પણ ઇષ્ટ પ્રાપ્ત થઈ શકશે નહીં.

પ્રત્યક્ષ કરી બતાવો, વાતો બસ થઈ!

કરવું કાંઇ નથી ને અમથી વાતો કરી સમાજને અસ્તવ્યસ્ત કરી નાખવો એ સુધારકની પ્રશસ્ત રીતિ ન કહેવાય. એક ગામના જૈન બંધુઓ સાથે બીજા તેજ પેટા ન્યાતના બંધુઓનું સગપણ થતું નહી હતું. પહેલ કોણ કરે એ પ્રશ્ન હતો. એક સુધારકે એક કાગળ લેઇ લખી કાઢયું કે તે ગામના જૈનો સામે સગપણ કરવામાં દોષ નથી. તેના

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

દેલવાડા (મેવાડ)માં મૂર્તિઓના અંગો ખંડિત થયા.

મેવાડ—દેલવાડાના વિશાલ જિનાલયના મૂળ ગભારામાં વિરાજમાન નવ પ્રતિમાઓના અંગો-અક્ષુ, નાસિકા આદિ કોઇ અદમાસે ખંડિત કર્યાના સમાચારો વિશ્વાસપાત્ર સ્થળેથી મલ્યા છે. ત્યાંની સ્થાનિક જૈન જનતાની તેમજ મુંબઇ આદિ હિંદના સંઘોની લાગણી આ પ્રસંગથી તીવ્ર બની છે. જાણવા પ્રમાણે આ અંગે કેસ પણ થયો છે. આશા છે કે નામદાર મેવાડ સરકાર આ બાબત ચાંપતી તપાસ હાથ ધરી, ગુન્હેગારોને શોધી કાઢી યોગ્ય શિક્ષા કરી જૈન સમાજને અવશ્ય ન્યાય આપશે.

છઠ્ઠા ધોરણમાં અર્ધમાગધી

છઠ્ઠા ધોરણમાં અર્ધમાગધી—મુંબઇ યુનિવર્સિટી દ્વારા છઠ્ઠા ધોરણમાં અર્ધમાગધીના અભ્યાસાર્થે અપાતી સગવડ બંધ કરવામાં આવનાર હોવાની હીલચાલ કોન્ફરન્સના લક્ષ ઉપર આવતાં તુરતજ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર સાહેબને એ ભાષાના અભ્યાસને ઉત્તેજન આપવાની અગત્ય અને અભ્યાસક્રમમાં તેની ઉપયોગીતા વિગેરે મુદ્દાઓ પર પ્રકાશ પાડનાર એક લંબાણ નિવેદનપત્ર મોકલી છઠ્ઠા ધોરણમાં અર્ધમાગધી ચાલુ રાખવા ભારપૂર્વક વિનંતિ કરવામાં આવી છે. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર તરફથી કોન્ફરન્સને, આ બાબત અધિકારીઓના વિચારાધીન હોવાનું જણાવવામાં આવ્યું છે.

લાગતા વળગતાઓનું આ બાબતમાં લક્ષ ખેંચી યોગ્ય કરવા વિનંતિ કરવામાં આવે છે

માનાર્પણનો ભવ્ય મેળાવડો.

દુષ્કાળના આ વિષમ સમયમાં રૂા. ૫૧૦૦૦) ની ઉદાર સખાવત કરી મુંબઇની જીવદયા મંડળીને કાર્ય ઉપાડી લેવાનું સૂચન કરનાર દાનવીર **શ્રેષ્ઠી શ્રી વલ્લભદાસ કરસનદાસ નાથાભાઇ** ને માનપત્ર સમર્પણ કરવાનો મેળાવડો **મુંબઈની શ્રી જીવદયા મંડળી** તરફથી તા. ૩૦-૫-૪૦ ના રોજ સાંજના સાડા છ વાગ્યે માધવબાગના ભવ્ય વ્યાખ્યાન હોલમાં **ધરમપુરના મહારાણા શ્રી વિજયદેવજી સાહેબ**ના પ્રમુખપણા હેઠળ ઉજવાયો હતો. વ્યાખ્યાન હોલ શ્રોતાઓથી ચીકાર ભરાઇ ગયો હતો. સભાની શરૂઆતમાં ધરમપુર સ્ટેટના રાજકવિ **શ્રીયુત્ ભોગીલાલ રતનચંદે** સ્વાગત ગીત પોતાની હંમેશની ઢબે બુલંદ-સુરીલા સ્વરે ગાઇ સંભળાવ્યું હતું. બાદ મંડળીના પ્રમુખ દયાલંકાર શેઠ **લલ્લુભાઇ દીપચંદ ઝવેરી** એ પોતાનું નિવેદન રજુ કર્યું હતું. ત્યારબાદ સંદેશાઓનું વાંચન અને દુષ્કાળની પરિસ્થિતિનું હૃદયદ્રાવક બ્યાન શ્રી. **જયંતિલાલ એન. માન્કરે** કરી સભાજનોના દીલને હલાવી નાખ્યા હતા. તત્પશ્ચાત્ શેઠ લલ્લુભાઇએ માનપત્ર વાંચી સંભળાવી પોતાના તરફના સુખડના કારકેટમાં તેને મહારાણા શ્રીના હસ્તે શેઠ વલ્લભદાસ ભાઇને અપાવ્યું હતું. સાથોસાથ બીજા પણ ૩-૪ માનપત્રો દાનવીર શેઠશ્રીને સમર્પણ થયા હતા. ત્યાર બાદ શ્રી. **લલ્લુભાઈ દલાલ, ડા. પુનશીભાઇ મૈશેરી** વિગેરેના પ્રસંગોચિત વિવેચનો થયા પછી શ્રી. માન્કરે પ્રસ્તુત અધુરા કાર્ય માટે અપિલ કરી હતી. તથા કવિ શ્રી. **ભોગીલાલભાઇએ** કરૂણ ગીત દ્વારા દુષ્કાળની પરિસ્થિતિ વર્ણવી હતી. જેની અસર પ્રત્યેક શ્રોતાઓ ઉપર થઈ હતી. બાદ શ્રી. વલ્લભદાસ શેઠે માનપત્રનો પ્રત્યુત્તર આપતાં પોતાની ફરજ બજાવ્યાનું જણાવ્યું હતું. ત્યાર પછી પ્રમુખ સાહેબ મહારાણા શ્રી **વિજયદેવજી સાહેબ**નું ભાષણ થયું હતું. જેમાં તેમણે માનવતા ભર્યા ઉમદા વિચારો વ્યક્ત કર્યા હતા.

શેઠશ્રી લલ્લુભાઇ ઝવેરી, કવિ શ્રી. ભોગીલાલભાઇ, તથા શ્રી. જયંતિલાલ માનકરના અસરકારક વકતવ્યના પ્રતાપે જૈન સમાજના જાણીતા દાનવીર શેઠ શ્રી. **માણેકલાલ ચુનીલાલ શાહુ** જે. પી. તરફથી રૂા. ૨૦૦૧) ની મદદની જાહેરાત થઇ હતી. તથા શેઠ **રવજીભાઈ સોજપાળ** અને શેઠ **મેઘજીભાઇ સોજપાળ** તરફથી પણ રૂપિયા એક એક હજારની સખાવતો જાહેર થઇ હતી. અન્ય રકમો રૂા. પાંચસો, એકસો તથા પરચુરણ રકમોની પણ જાહેરાત થઈ હતી. અંતમાં કુલહારોની વિધિ બાદ સભા સમાપ્ત થઇ હતી.

ઉપર સહીઓ લેવા માંડી શેકડો સહીઓ મળી. સહી નહી કરનાર કોઇ જણાય પણ નહી. તે કાગળ તીજોરીમાં મુકાઈ ગયો. વરસો સુધી તેની કોઇએ ખબર લીધી નહીં. બાદ એક વખત કેટલાએક સાચા સુધારકોએ ઠરાવ અમલમાં મુકવાનો કર્યો. યોગ્ય વર કન્યા શોધી કાઢયા. મેળ બેસાડયો ને વ્યવહાર શરૂ થઇ ગયો. આજે સમાજ સુખી થયો. જો એ ઠરાવ જેવા બીજા સો ઠરાવો કર્યા હોત તો એ ઈષ્ટ કાર્યની સિદ્ધિ યથી અશકય હતી. ઠરાવો બહુમતીથી કે પાર્લામેંટરી પદ્ધતીથી કદાચ પાસ કરી શકાય. પણ તે લોકપ્રિય થઇ અમલમાં મુકાય તોજ તેની મહત્તા છે. આ કાંઈ રાજદ્વારી આંદોલન નથી. બીજા પાસેથી મેળવવાનું એમાં છેજ નહીં. એમાં મુખ્ય કાર્ય પોતાનેજ કરવાનું છે લોકો ઉપર વિચાર એકદમ ઠસાવી શકાય નહી. ધીરજ ખંત અને ચીવટાઈ રાખી ત્યાગ બુદ્ધિ પૂર્વક શ્રમવેઠીને સુધારણાઓ દાખલ કરી શકાય. આમ ઘેર બેઠે લોકો માની લે અને આપણે યશ મેળવી સમાજમાં પંકાઇએ એવા વિચારોને તિલાંજલીજ આપવી જોઇએ.

સમાજને અખંડ રાખો!

જે સમાજના કલ્યાણ માટે સુધારકો ત્યાગપૂર્વક પ્રયત્ન કરવા પ્રયત્નશીલ છે તે સમાજ અખંડ રહે તોજ તેઓ કાંઇ કરી શકશે. સમાજમાં દ્વિધા ભાવ હશે, સમાજ વેરવિખેર થઈ ગયો હશે તો સુધારો કોનો કરશો? સમાજની નાડ પેહેલા પારખવી જોઇએ. સમાજનો કેળવણીનો દરજ્જો ઓળખવો જોઇએ અને કયા સુધારાઓ સમાજ ઝીલી શકશે અને પચાવી શકશે તેનો વિચાર કરવો જોઇએ. એકાદ ક્રાંતિકારક સુધારો દાખલ કરવો હોય તો સુધારકે ખરેખર ભેખજ લેવો જોઇએ. સમાજની નાડ પારખ્યા વગર હો હા કરીને સુધારાઓ થઇ શકતા નથી. સમાજની પર્વા કર્યા વગર સમાજના ગામડીઆ ગણાતા વિભાગ સુધી પોતાનો શુભ સંદેશ પહોંચાડવાની તમારી હીંમત ન હોય તો સુધારાઓના ફંદમાં પડવુંજ નકામું છે. સમાજમાં જુના વિચારો દાખલ થએલાજ છે એટલુંજ નહી પણ ઘર ઘાલી બેઠેલા છે, તેનો પ્રચાર અને ઉશ્કેરાટ જુનવાણી વિચારકો રહેજે કરી મુકે છે. સુધારકોને જેહેમત ઉઠાવવાની હોય છે. માટે સુધારકોનું કાર્ય તેટલે દરજ્જે કઠણ છે. અને કઠણ છે એટલા માટેજ તેને બુદ્ધિ, ચાતુર્ય, કુશળતા, નિઃસ્વાર્થબુદ્ધિ અને ઉદારતાની ખાસ જરૂર છે. સુધારકો કેળવાએલા અને બુધ્ધિશાલી હોય છે તેમના માટે આથી વધુ લખવાની આવશ્યતા અમો જોતા નથી.

કૌશાંબી તીર્થની જૈન ગુફાઓ.

લેખકઃ–નાથાલાલ છગનલાલ શાહ.

અલ્હાબાદ જિલ્લામાં મંઝાનપુર તેહસીલમાં પભોસા નામનું ગામ આવેલ છે. આ ગામ પૂર્વ કાળમાં 'પ્રભાસ" નામના મશહુર સ્થળ તરીકે ઓળખાતું. વર્તમાન પભોસા-કૌશામ્બિ જમના નદીના ઉતરિય કીનારા તરફ આશરે ત્રીશ ફીટ ઉંચી એક ટેકરી પર આવેલ છે. જે અલ્હાબાદથી આશરે ત્રીશથી પાંત્રીશ માઇલના અંતરે આવેલ છે. પ્રભાસની સુંદર ટેકરી જમના અને ગંગા નદીઓ વચ્ચેના સંગમ ઉપર આવેલ છે. જે ટેકરી આ બન્ને મહાન નદીઓના વચ્ચેના અંતર પર એક માત્ર ખડકરૂપ છે.

કોશામ ખીરાજના મહાન કીલ્લાથી વાવ્ય ખૂણામાં આ ટેકરી ત્રણ માઇલ દૂર આવેલ છે. કોશામ ખીરાજ એટલે પૂર્વ કાલીન કૌશામ્બિ. વર્તમાન આ ગામને કોશામ ઈનામ નામથી ઓળખાવે છે. કોશામ ખીરાજના કીલ્લાની બહાર આ બંન્ને ગામોથી ભૂતકાળનું કૌશામ્બિ નગર હતું. જે ઉપરોક્ત બતાવેલ ટેકરીની તદ્દન સામેજ હતું. ટેકરીની સામે કેટલેક ઉંચે ખડકમાંથી કોતરી કાઢેલ એક નમુનેદાર ગુફા છે, તેમાં જઇ શકાતું નથી. આ પત્થરની ઉંચી ગુફા "વીસારીનાગ" નું નિવાસસ્થાન છે એ વાત નિર્વીવાદ છે. કૌશામ્બિનું વર્ણન કરતાં ચીનાઈ યાત્રી હુએનસોંગે ગુફા અને નાગના માટે નીચે પ્રમાણે વર્ણવેલ છે.

કૌશામ્બિ નગરથી આશરે દોઢ માઇલ દૂર નૈરૂત્ય ખૂણામાં એક ભયંકર 'વીસારી નાગ"નું રહેઠાણ છે, જે સ્થાન પત્થરનું છે. આ મહાન નાગને વશ કરીને તથા ગત (ગૌતમબુદ્ધ) પોતાની છાયા અહીં મૂકીને ચાલ્યા ગયા હતા. આ સંબંધમાં લોકોની એવી દંતકથા છે, પરંતુ છાયાનો અંશ વિદ્યમાન નથી. આ ગુફા કોશામ્બિથી નૈરૂત્ય ખુણામાં દોઢ માઇલના અંતરે આવેલનું બતાવેલ છે. એવું હુએનસોંગનું કથન ભૂલ ભરેલું છે. આનું કારણ એ છે કે ટેકરી કૌશામ્બિથી વાંવ્ય ખુણામાં આવેલ છે.

ડો. ફૂહરરે સન ૧૮૮૭ ની સાલમાં આ જગ્યાએ આવી તપાસ કરી તેમ ગુફામાં દાખલ થયા, પરંતુ નાગ દેખાયો નહિ, એટલે લોકોમાં અજાયબી થઇ હતી. ગામથી આશરે ૧૧૦ પગલાં જેટલે દુર પાછલ એક ચોતરો છે. આ ચોતરો અગાઉની ખાણોના કચરાનો બનેલો છે. ઉક્ત ચોતરા ઉપર એક આધુનિક જૈન મંદિર આવેલું છે. તેની પાસે ખડકમાંથી કોતરી કાઢેલી જિન તીર્થંકરોની મૂર્તિઓ છે. આ મૂર્તિઓ નાની અને નગ્ન દશામાં છે મંદિરથી ઇશાન ખૂણામાં આશરે દોઢસો ફીટ દુર એક ખડક આવેલ છે, જે ૪૭ ફીટ સીધો ઉંચો છે. જે ગુફાના સૌથી ઉંચા ભાગમાં આ ખડક આવેલ છે. ખડકની ઉપર કાબરચીત્રા રંગના ચકમક ઢગલા બંધ પડેલા છે. ઇ સ. આઠમા સૈકા પછી થોડા સમયે ખાણવાળાઓએ નીચેથી ગુફામાં જવાનો માર્ગ બંધ કર્યો હોય તેમ ચોક્કસ રીતે જણાઇ આવે છે.

ગુફા નક્કર ખડકમાંથી આખીએ કોતરી કાઢેલ છે. તેમ ટાંકણાંથી કોતરી કાઢેલ નીશાનીઓ નજરે પડે છે. ડાબી બાજુએ પથ્થરનું ઓસીકું અને પથારી એટલે સેજ આવેલ છે. આ કોઇ સાધુ પુરૂષના માટેના ઉપયોગીના અર્થે રાખવામાં આવેલ જણાઇ આવે છે. ગુફાના ઉપરના ભાગની રચના ઘણી વિચિત્ર છે દરેક બાજુએ મધ્યમાં ઘુમટદાર અભરાઇઓ અને ગોખલા બનેલા છે. અભરાઇઓથી ઉપરનો અડધો ભાગ રોકાઇ જાય છે, જ્યારે બાકીનો ભાગ સપાટ છે. મુખ્ય બારણાનો ભાગ બે ફુટ બે ઇંચ લાંબો અને એક ફુટ નવ ઇંચ પહોળો છે. તેમાં પથ્થરનો ઓતરંગ છે. તેની દરેક બાજુએ લાલ રંગવાળા રેતીના પથ્થરના સાદા થાંભલા છે. થાંભલાઓના ઉપર તેમજ નીચેના ભાગમાં ચોરસ ઘાટના છીદ્રો છે. બારણાનો ઓતરંગ ટેકરીની ઉપલી કોરથી દશ ફીટ દુર છે. આ બારણાની ડાબી બાજુએ સવા બે ફીટ દુર બે નાની બારીઓ આવેલી છે. આમાંની એક બારીનો વ્યાસ એક ફીટ પાંચ ઇંચનો અને બીજી બારીનો એક ફીટ સાત ઇંચનો છે. દીવાલની જાડાઇ પોણા ફીટની છે. પ્રવેશ દ્વારની ડાબી બાજુએ ઉપલા ખૂણા પર સવા ફીટ છેટે આઠ લાઇનમાં એક શિલા લેખ કોતરાએલ છે. આ શિલાલેખ ઇ. સ. પૂર્વે પહેલી કે બીજી શતાબ્દિમાં લખાએલ છે, જે કુદરતી ખડકની ખડબચડી સપાટી ઉપર કોતરાએલ છે. ગુફાના અંદર ડાબી લંબાઇ નવ ફીટ અને જમણી બાજુએ સાડા આઠ ફીટ છે, તેમ ઉંચાઇમાં સવા ત્રણ ફીટ છે. પહોળાઇ સાત ફીટ અને ચાર ઇંચ છે. પથ્થરની સેજ જે અંદર આવેલ છે, તેની લંબાઇ નવ ફીટ અને પહોળાઇ એક ફીટ આઠ ઇંચની છે. તેમ ઉંચાઇએ એક ફીટ બે ઇંચની છે, તેના પર દશ યાત્રાળુઓની ટુંકી નોંધો લીધેલી છે આમાંની પાંચ ગુપ્તવંશના શરૂઆતના સમયના યાત્રીકોની, ચાર ઇ. સ. પાંચમા સૈકાની અને આઠમા સૈકાના યાત્રાળુની નોંધ છે. પ્રવેશ દ્વારની સામે ગુફાથી પશ્ચિમ ભણી દીવાલ ઉપર ત્રણ શિલાલેખો આપેલા છે, આમાંનો એક શિલાલેખ ઇ. સ પૂર્વે પહેલા કે બીજા સૈકાનો છે, અને બે શિલાલેખો યાત્રાળુઓની ટુંકી નોંધોનો છે, જે શરૂઆતની ગુપ્ત કાળની લીપીથી કોતરાએલ છે.

ગુફા બહાર ખડક ઉપરનો લેખ.

ખડકમાંથી કોતરેલી સપાટી ચૌદ ઇંચ લાંબી અને સાડા દશ ઇંચ પહોળી છે. તેમાંનો દરેક અક્ષર સરેરાસ ૧$\frac{3}{5}$ ઇંચ લાંબો તેમજ ૩$\frac{5}{5}$ ઇંચ ઉંડો છે. છઠ્ઠી લાઇનના ચાર અક્ષરો અને આઠમી લાઇન લગભગ આખી આમાં અપવાદ રૂપ છે. ઉક્ત લેખને લાંબા સમય સુધી તેને જૂદા જૂદા હવા પાણીના ફેરફારો થવા છતાં નોંધ સંપૂર્ણ રીતે સચવાઈ રહેલ છે તે અજાયબ જેવું છે. આ લેખ પહેલાં મી. એસ. જે. કોકબર્નની લક્ષમાં આવ્યો હતો, જેમણે ખગોળ શાસ્ત્રના કાર્ય માટે વપરાતા દુરબીન વડે આ લેખની કોપી લીધી હતી, પણ નકલ અશુદ્ધ આવી હતી. તે પછી ડો. હોર્નલે-રોયલ એશિયાટીક સોસાયટી ઓફ બેંગાલના સન ૧૮૮૭ ના માર્ચ મહીનાના અંકમાં પ્રયોગાત્મક લેખ આપેલ હતો.

(અનુસંધાન પૃ. ૮ ઉપર જુઓ)

ગુજરાતનો પ્રાચીન મંત્રી વંશ.

લેખક:
પંડિત લાલચંદ ભ. ગાંધી.

[જૈન ધર્મના શ્રમણોએ જેમ સાહિત્ય સર્જનમાં અતિશય કિંમતી ફાળો આપ્યો છે અને તેથી ગુજરાતી સાહિત્ય સવિશેષ સમૃદ્ધ બન્યું છે, તેમ જૈન ધર્મના ચુસ્ત ઉપાસકો એવા વણિકોએ રાજ્યસંરક્ષણ અને રાજ્ય વિસ્તારમાં તેમજ સમાજ ઘડતરમાં જરૂરી ફાળો આપવામાં રંચ માત્ર પાછીપાની નથી કરી. એક સમયે ગુજરાતની પરાધિનતાનો ટોપલો મહારાજા કુમારપાળની દયાવૃત્તિ પર ઠલવાતો હતો અને એના નિમિત્તરૂપ જૈનધર્મને લેખવામાં આવતો હતો, પણ શોધખોળે અને ઐતિહાસિક વૃત્તાન્તોએ પુરવાર કરી આપ્યું છે કે એમ ઉલ્લેખવામાં કયાંતો લેખકોની અજ્ઞાનતા કે અભ્યાસની ન્યૂનતા જવાબદાર હતી કિંવા જૈનધર્મ પ્રત્યેની અસૂયા તરી આવતી. એજ કુમારપાળ રાજવીના યશસ્વી કાર્યો આજે સર્વત્ર પ્રશંસા પામતા જોઇ, એમને પરમ માહેશ્વર તરિકે ઠોકી બેસાડવાના પ્રયાસો થઇ રહ્યાં છે! એવીજ રીતે ગુજરાતમાં વણિક વર્ગે પણ ઓછી શૂરવીરતા નથી દાખવી. તેઓએ વંશ ઉતાર મંત્રીપદ અને સેનાપતિપદ ભોગવી રાજ્ય ચલાવવામાં જે કિંમતી ફાળો નોંધાવ્યો છે એ પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીના ઐતિહાસિક નિબંધ પરથી જે સંક્ષિપ્ત તારવણી કરવામાં આવી છે તે પરથી જણાઇ આવે છે.]
—તંત્રી.

"મહારાજા કુમારપાળના મંત્રીશ્વર પૃથ્વીપાલની પ્રાર્થનાથી ૨૪ તીર્થંકરોનાં પ્રાકૃત અપભ્રંશાદિ ભાષામાં ચરિત્રો રચનાર, વડગચ્છના હરિભદ્રસૂરિએ એ ચરિત્રોના અંતમાં ઉપર્યુક્ત મંત્રી પૃથ્વીપાલનો તથા તેના પૂર્વજોનો પરિચય કરાવ્યો છે. કુમારપાળના રાજ્ય-કાળમાં રચાયેલાં એ ચરિત્રોમાંથી ૮૦૩૨ પદ્યપ્રમાણ પ્રાકૃત ચંદ્રપ્રભ ચરિત્રની વિ. સં. ૧૨૨૩ માં તાડપત્રપર લખાયેલી પુસ્તિકા પાટણ સંઘવીના પાડાના ભંડારમાં વિદ્યમાન છે, જેનો આદ્યંત ભાગ ગાયકવાડ ઓરીએન્ટલ સિરીઝના પાટણ ભંડારના ડિ. કૅટા. (વૉ. પૃ ૨૫૨ થી ૨૫૬) માં મેં દર્શાવ્યો છે, જે હરિભદ્રસૂરિના વિ. સં. ૧૨૧૬ માં રચાયેલા અપભ્રંશ નેમિનાથ-ચરિત્રનો ઉલ્લેખ મેં જેસલમેર ભંડાર સૂચીમાં કર્યો છે અને જર્મનીના સુપ્રસિદ્ધ સ્વ૦ ડૉ. હર્મન યાકોબીએ જેનો એક ભાગ સનત્કુમાર-ચરિત્ર જર્મનીમાં રોમન લિપીમાં પ્રકાશિત કરેલ છે. એજ હરિભદ્રસૂરિએ રચેલ મલ્લિનાથ ચરિત્ત પણ પ્રાપ્ત થાય છે. ઉપર્યુક્ત ચરિત્રોની પ્રાંત પ્રશસ્તિ પરથી જણાય છે કે—

"શ્રીમાલપુરમાં ઉત્પન્ન થયેલ પોરવાડ વંશમાં સુગુણ મુક્તામણિ જેવો નિન્નય નામનો વણિક ઠક્કુર થયો હતો. શ્રીદેવીએ પ્રકટ થઇને ભાવી અભ્યુદય કહેવાથી તે, શ્રીમાલપુરથી ગંભૂય (ગાંભૂ) નગરીએ પહોંચ્યો. ત્યાં તેના ઘરમાં વિપુલ લક્ષ્મી, વિલાસ કરવા લાગી હતી. પૃથ્વીને હર્ષ આપનાર વનરાજના પ્રકટ થયેલા મંડળમાં પદ-વિભવની પુષ્ટિ થઇ હતી. પસરતા ગંધહસ્તીઓની ઘટાઓ વડે અને ઉછળતા ઘોડાઓની હટ્ટ વડે અનેક પ્રકારે થયેલો તેનો ઉદય-વિસ્તાર વિસ્મય પમાડે તેવો હતો. વનરાજ રાજદ્વારા અણહિલ્લપુરમાં લઇ જવાયેલા તે નયમતિવાળાએ વિદ્યાધરગચ્છમાં ઋષભજિનનું મંદિર કરાવ્યું હતું.

વિશુદ્ધ નીતિવડે કીર્તિ-પ્રસર પ્રાપ્ત કરનારા રત્નનિધિ જેવા નિન્નથી બહુસંખ્ય સૂક્તિઓ વડે સુખ આપનાર લહર દંડનાયક થયો. કૂદતા ઘોડાઓના સૈન્ય સાથે તે વિંધ્યગિરિના પ્રદેશમાં પહોંચ્યો હતો. ત્યાંથી શ્રેષ્ઠ હાથીઓની ઘટાગ્રહણ કરી જ્યારે તે પોતાના પુર-સંમુખ આવતો હતો, ત્યારે તેને હાથીઓ ગ્રહણ કરવા ઉત્સુક થયેલા શત્રુ રાજાઓ સાથે યુદ્ધ થયું હતું.

મૂળરાજ રાજની રાજ્યલતાના અંકુર જેવો વીર, ચૌલુક્ય મૂળરાજના, અને ચામુંડ રાજના રાજ્યોમાં તથા વલ્લભરાજ અને દુર્લભરાજ રાજના કાળમાં પણ વિદ્યમાન અદ્વિતીય મંત્રી થયો, જેણે અંતમાં ચારિત્ર આચર્યું હતું.

તે મંત્રીને લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવીના જૂદા જૂદા નિવાસ જેવા, વસુધામાં વિખ્યાત એવા બે (પુત્રો) ઉત્તમ પુરુષો થયા. તેમાં પ્રથમ સૂર્ય જેવો નેઢ, ભીમદેવના રાજ્યમાં મહામતિ (મહામાત્ય) થયો. બીજો, પોતાની પ્રભાવડે સૂર્યને પણ ઝાંખો પાડનાર વિમળ નામનો દંડપતિ થયો. ભીમદેવ રાજના વચન વડે સકળ શત્રુઓના વૈભવને ગ્રહણ કરનાર તે, ચંદ્રાવતી દેશને ભોગવતો હતો. આબૂ ગિરિને જોઇને તેણે વિચાર કર્યો કે—'ખરેખર, વિવિધ સંવિધાનો (ઘટનાઓ) ના ઘરરુપ, ઉત્તમ તીર્થ એવો આ પર્વત છે, એથી જો આના ઉપર ઋષભજિનનું મંદિર કરાવાય; તો હું પોતાના જીવિતવ્યને-બળને-અને લક્ષ્મીને કૃતકૃત્ય માનું.'

એવી રીતે વિચાર કરતાં વિમળને અંબાદેવીએ સ્વપ્નમાં કહ્યું કે—'ભદ્ર! આ સુંદર વિચાર કર્યો છે, એ પ્રમાણે હૃદયનું ઈચ્છિત તું કર. હું પણ તને સહાય કરીશ' દેવીએ ભીમદેવ રાજને અને નેઢને પણ તત્ક્ષણ પ્રસ્તુત અર્થનો ઉપદેશ આપ્યો, એથી તે બન્નેએ પણ વિમળને અનુજ્ઞા આપી. ત્યાર પછી આબૂગિરિ ઉપર અંબાદેવીએ પ્રગટ થઇને ઉપદિષ્ટ કરેલા પ્રદેશમાં જિનભવન કરાવ્યું-જેનો મધ્ય ભાગ શ્રી ઋષભદેવના બિંબરૂપી સૂર્યોદ્યોતિત કર્યો હતો, જેનાપર પતાકા ફરકતી હતી, જિનશાસનમાં કથન કરેલી નીતિ પ્રમાણે જેમાં ચિત્રશાળા સુવિભક્ત કરવામાં આવી હતી.

કર્ણદેવના રાજ્યમાં, નેઢ મહામાત્યનો પુત્ર ધવલ નામનો સચિવેન્દ્ર થયો, જેણે પોતાના જશવડે સંસારને ઉજ્વલ કર્યો હતો.

જયસિંહ દેવના રાજ્યમાં, ત્રિભુવનને આનંદ આપનાર આનંદ નામનો સચિવેન્દ્ર થયો, તેની પ્રિયતમાનુ નામ પદ્માવતી હતું. તેમના પુત્ર પૃથ્વીપાળે જયસિંહદેવ અને કુમારપાળ રાજનો રાજ્યકાળ સત્યનામવાળો કર્યો છે; અર્થાત્ પોતાના બળ વડે પૃથ્વીનુ પાલન કરી દેખાડી સ્વનામ યથાર્થ કર્યું છે.

પૃથ્વીપાળે નિન્નયના કરાવેલા જલિહરગચ્છના ઋષભજિનભવનમાં પિતા માટે અને પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાં માતા માટે, ચંદ્રાવતીમાં માતામહીના સુખ માટે, અણહિલપુર પાટણમાં મંડપો કરાવ્યા હતા. માતામહ વાલ્હુનાશ્રેય માટે જેણે રોહ વિગેરે ૧૨ ગામવાળા મંડળમાં આવેલા સાયણવાડપુરમાં શાંતિજિનનું ભવન કરાવ્યું હતું.

કૌશાંબી તીર્થની જૈન ગુફાઓ.

(અનુસંધાન પૃ. ૬ ઉપરથી)

ગુફાની બહારનો શિલાલેખ ૧.

૧ राज्ञो गोपाली पुत्र स ૫ आसाढसेनेन लेनं
૨ वहसति मित्रस ૬ कारितं (उदासक) दस
૩ मातुलेन गोपालोया ૭ मे सवछरे काशपीयानं अ हं
૪ वैहयरी–पुत्रेन (आसा) ૮ [ता] नं ` ` ि ` [॥]

ભાવાર્થ—ગોપાલી વઇહીદારી (રાજકુમારી વઇહીદારીના) પુત્ર અને ગોપાલીના પુત્ર રાજા બહસત્તી મિત્ર (બૃહસ્પતિ મિત્ર) ના મામા અસાઢસેન કાસ્યમ અર્હતો કાસ્યમ ગોત્રીય વર્ધમાનના શિષ્યોના.....દશમા વર્ષમાં (દશમા વર્ષ) એક ગુફા બનાવરાવી.....

ગુફા અંદરનો શિલાલેખ ૨.

આ લેખ ગુફાની પશ્ચિમ ભણીની બહારથી સપાટી ઉપર કોતરી કાઢવામાં આવેલો છે, તેની લંબાઈ ૩૨ ઇંચ અને પહોળાઇ ૧૨ ઇંચની છે. શિલાલેખ સંપૂર્ણ રીતે સારી હાલતમાં જળવાઇ રહ્યો છે.

૧ अधिछत्राया राज्ञो शोनकायनपुत्रस्य वंग पाएस्य
૨ पुत्रस्य रात्रो ते वमी पुत्रस्य भागवतस्य पुत्रेण
૩ वैहिदरी पुत्रेण आसाढसेनेन कारितं [॥]

ભાવાર્થ—સોનકાયન (સૌનકાયન) અધિચ્છત્રના પુત્ર રાજા વંગપાલ અને તેવણી (રાજકુમારી ત્રૈવર્ણ) ના પુત્ર ભાગવત અને વઇહીદારી (રાજકુમારી વઇહીદારના પુત્ર) અષાઢસેને બનાવી.

સંગ કાળની લીપીઓના અક્ષરોમાં સામ્ય હોવાથી આ આ બંને લેખો ઈ. સ. પૂર્વે પહેલા કે બીજા સૈકામાં લખાયા હશે એમ વિશ્વસનીય રીતે કહી શકાય. ઉત્તર પાંચાલના પૂર્વ કાલીન બળવાન સામ્રાજ્યના પાટનગર અધિછત્ર[1] (અહીચ્છત્ર) ના શરૂઆતના રાજાઓની વંશાવળી ખાસ ઐતિહાસીક મહત્વની છે જે આપણને અહીં મળી રહે છે.

સોન કાયન.

વંગપાલ (અહીચ્છત્ર નરેશ)–૧ તેમણી (રાજકુમારી ત્રૈવર્ણ) સાથે લગ્ન થયું.

રાજા ભાગવત—૧ ગોપાલા, વઇહીદારી (રાજકુમારી વઇહીદાર) સાથે લગ્ન થયું.

ગોપાલ—૧ અસાઢસેન.

રાજા બહુસત્તી મિત્ર.

બહસતી મિત્ર નરેશનું શાસન ક્યાં પ્રવર્ત્તતું હતું અને તેમના પીતા કોણ હતા એ જણાવવામાં આવ્યું નથી. આમ છતાં તેઓ કૌશામ્બિના રાજા હતા એમ કોઇપણ જાતના વાંધા વીના કહી શકાય. આનું કારણ એ કે પ્રભાસ કૌશાંબી પાસે છે તેમ બહસતી મિત્રના ઘણા સીક્કાઓ[2] કૌશાંબી ખાતેથી પ્રાપ્ત થયા છે. (અપૂર્ણ.)

આબુગિરિના શિખર પર રહેલા નેઢ અને વિમળના જિનમંદિરમાં અતિ આશ્ચર્ય ઉત્પન્ન કરનાર મંડપ કરાવીને, પોતાના વંશના ઉત્તમ પુરુષોની મૂર્તિઓને વિલાસ કરતી હાથણી પર કરાવી હતી. તેણે બહુ પુસ્તકોના અને બહુ વસ્ત્રોના દાનવડે નિત્ય સંઘ ભક્તિ કરી પોતાના આત્માને ખરેખર કૃતાર્થ કર્યો હતો.

મંત્રીવંશની પ્રાકૃત પ્રશસ્તિ મુજબ.

ગુજરાતનો પ્રાચીન રાજવંશ.	ગુજરાતનો પ્રાચીન મંત્રી વંશ.
વનરાજ (ચાવડો)	પોરવાડ વણિક
(વિ. સં. ૮૦૨ થી ૮૬૨)	નિન્ન ઠક્કુર.
(સોલંકી રાજ વંશ)	લહર દંડનાયક
મૂલરાજ (વિ. સં. ૯૯૩ થી ૧૦૫૨)	
ચામુંડરાજ (વિ. સં. ૧૦૫૨ થી ૧૦૬૫)	વીર મંત્રી (વિ. સં. ૧૦૮૫ માં સ્વર્ગવાસ)
વલ્લભરાજ (વિ. સં. ૧૦૬૫ થી ૧૦૬૫)	
દુર્લભરાજ (વિ. સં. ૧૦૬૫ થી ૧૦૭૭)	
ભીમદેવ (વિ. સં. ૧૦૭૭ થી ૧૧૨૦)	નેઢ (મહામતિ) વિમળ (દંડપતિ)
કર્ણદેવ (વિ. સં. ૧૧૨૦ થી ૧૧૫૦)	ધવલ (સચિવેંદ્ર)
જયસિંહ (વિ. સં. ૧૧૫૦ થી ૧૧૯૯)	આનંદ (સચિવેંદ્ર)
કુમારપાળ (વિ. સં. ૧૧૯૯ થી ૧૨૩૦)	પૃથ્વીપાલ (સચિવ)

1 The modern Ramnager in Rohilkhand, see Cunninghan, Archaelogical Survey Reports vol 1. pp. 255–265. Führer, Monumental Antiquities and inscriptions in the north-western Provinces and sudh p. p. 26–29. The same from Adhichhatra and not the usual Ahiksetra, Ahikshattra or Ahichchhatra of the Mahabharata. Harivamsa and Panini occurs also in several inscriptions of the first century B. C. lately exavated by me at Ramdagar.

2 See Sir A Cunningham. Coins of Ancient India Pt. I. p. 73 where the king's name is wrongly read Bahasatamitra. The Lucknow Museum Coin cabinet possesses fifteen coins of Bahasatimitra, nine of which were excavated by me at Kausambi in 1887 and six at Adhichhatra (Ramnagar) in 1891.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું. અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની, મુંબઈ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તાર : HINDSANGHA.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર.

REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ.

JAIN YUGA

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૧૪

જેઠ શુદ ૧૧, રવિવાર.

તા. ૧૬ મી જુન ૧૯૪૦

સાક્ષરોની ભ્રમણા.

છેલ્લા કેટલાક વર્ષોથી નવલકથા લખનારા કેટલાક ગુજરાતી સાહિત્યકારો કાલ્પનિક પાત્રો ઉભા કરી પ્રાચીન જૈનાચાર્યોને એક યા બીજી રીતે હલકા ચીતરવાની કોશિશ કરી રહ્યા છે.

ગતવર્ષમાં કરાંચી ખાતે થયેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના તેરમાં અધિવેશન પ્રસંગે ઘણા ગુજરાતી સાક્ષરો આવેલા. આ સાક્ષરોમાંના ઘણાખરા અમારા જુના મિત્રો હોઇ પરસ્પર મળવાનું ખૂબ થતું. એક પ્રસંગે કેટલાક સાક્ષરોની ઉપસ્થિતિમાં ઉપયુક્ત વિષયની ચર્ચા ચાલી. આ વખતે પ્રસિદ્ધ નવલકથાકાર ભાઇ ચુનીલાલ વર્ધમાન શાહ પણ હતા. કે જેમનું તાજું જ પુસ્તક 'રાજહત્યા' બહાર પડયું હતું. શ્રીયુત મુનશીની 'પાટણની પ્રભુતા' અને 'રાજાધિરાજ'ની માફક 'રાજહત્યા'માં શ્રી. ચુનીલાલભાઇએ પણ જૈન સાધુ પર આક્ષેપ મૂકયા છે. આ ચર્ચા પ્રસંગે મારી એ દલીલ હતી કે:-

"સાંસારિક અવસ્થામાં રહેલા માણસને માનસિક પતનના સંયોગમાં મૂકીને એમાંથી એને જિતેંદ્રિય તરીકે ઉંચો લાવવો, એ ખરેખર મહત્વ કહી શકાય, પણ જે સંયમી છેજ, જિતેન્દ્રિય છેજ, એને માનસિક પતનના સંયોગમાં મૂકી અને પછી જિતેન્દ્રિય તરીકે બતાવવો, એ તો એના વ્યક્તિત્વને ખરેખર અન્યાય આપવા જેવું થાય છે."

"બીજી બાબત એ છે કે 'નવલકથા' એ 'નવલકથા' છે. નવલકથાનું નામ જ એ સૂચવે છે કે તેમાં કંઈ નવીનતા હોય નવલકથા એટલે કાલ્પનિક કથા, એના પાત્રો કાલ્પનિક હોય. એમાં ઇતિહાસ પ્રસિદ્ધ સાચા પાત્રોનું આલેખન ન હોઇ શકે. નવલકથામાં સાચા અને કાલ્પનિક પાત્રનું મિશ્રણ કરવામાં આવે. એટલી એની ઉણપ છે. ભલે વસ્તુ સત્ય ઘટનાવાળી હોય. શ્રી હેમચંદ્રાચાર્યનું પાત્ર. એ ઇતિહાસમાં પ્રસિદ્ધ સત્ય પાત્ર છે, જ્યારે મંજરીનું પાત્ર છે કાલ્પનિક. આ દૃષ્ટિએ પણ સાચા ઇતિહાસનું ખૂન થયું કહેવાય."

શ્રી હેમચંદ્રાચાર્યના સ્થાનમાં કોઈ ગૃહસ્થનું કાલ્પનિક પાત્ર ગોઠવીને તેને ગમે તેવો વિષયો આલેખવામાં આવ્યો હોત, તો તેને અન્યાય કર્યો ન કહેવાય. શ્રી હેમચંદ્રાચાર્યને તો પહેલેથીજ એક સાધુ, ત્યાગી, સંયમી તરીકે મુકરર કરવામાં આવેલા છે. પછી એને માનસિક પતનની ભૂમિકામાં મૂકવા, એ ઘોર અન્યાય છે.

—મુનિશ્રી વિદ્યાવિજયજી

શરીરબળની જરૂર.

ભૂતકાળમાં હિંદવાસીઓ માનસિક અને અધ્યાત્મિક નીસરણીના ઉચ્ચ પગથીઆ પર ચઢયા હતા. માનસિક અને અધ્યાત્મિક ઉન્નતિની ઇચ્છા અહુજ તીવ્ર થઈ, અને તેથી પ્રજાના શરીર તરફ તેઓએ દુર્લક્ષ્ય કર્યું. તેઓ પોતાની ઉચ્ચાઇથી નીચે પડવા. અને તેથી કરીને ધાર્મિક અને માનસિક જીવનને વાસ્તે મોટી શક્તિવાળી પ્રજા આપણી નજરે પડે છે, પણ તે એમાંથી એકપણ માર્ગમાં કૃતેહ મળે, તે વાસ્તે જોઇતું શરીરબળ તે પ્રજામાં દૃષ્ટિગોચર થતું નથી. ઉંચી અભિલાષાઓ હોવા છતાં, તે તૃપ્ત કરવાને ખંતથી અને એક ચિત્તથી કાર્ય કરવાની શક્તિ ન હોય તેવા નિર્બળ મનુષ્યોની બનેલી પ્રજા જોઇ કોણ દીલગીર ન થાય? આ સ્થૂલ ભુવનના કાયદાઓની બેદરકારીથી હિંદવાસીઓ પોતાની ઉચ્ચ સ્થિતિથી નીચે આવ્યા છે, અને નિર્બળ બન્યા છે. આવી જૈનોની શારીરિક સ્થિતિ ઘણે ભાગે થયેલી છે, તેના મુખ્ય ત્રણ કારણો નીચે પ્રમાણે છે. બાળ લગ્ન–શારીરિક કેળવણી (કસરત) વીગેરેનો અભાવ અને આરોગ્ય વિદ્યા અને શરીરના બંધારણ સંબંધીના નિયમોનું અજ્ઞાન.

જો જૈનોએ ખરેખરો પુરૂષાર્થ પ્રાપ્ત કરવો હોય, તો બાળલગ્ન અટકાવવાની પ્રથમ જરૂર છે. તે સાથે દરેક જૈને કસરત કરવી જોઇએ, અને બીજા વ્યવહારિક વિષયોની સાથે આરોગ્ય વિદ્યાના અને શરીર બંધારણના નિયમો સંબંધી જ્ઞાન નિશાળમાં તેમને મળે તેવી ગોઠવણ થવી જોઇએ. આમ થશે ત્યારે જ જૈનો ખરેખરા શૂરવીર નીકળશે અને કર્મ શત્રુને જીતનાર જિનનું ખરૂં નામ સંપાદન કરશે માટે શરીર તરફ બહુ જ લક્ષ આપવાની હાલમાં જરૂર છે.

—શ્રી. મણીલાલ ન દોશી.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૬-૪૦. રવીવાર.

દ્રષ્ટિકોણ વચ્ચેનો તફાવત.

જૈન સમાજમાં જૂદા જૂદા શહેરોના સંઘો જે પદ્ધતિએ આજે કામ કરી રહ્યા છે, એમાં દિ'ઉગ્યે જે મતફેરો ઉભા થાય છે, અને સંઘનું કાર્ય ચલાવનારા અગ્રણીઓનું જે માનસ દ્રષ્ટિગોચર થાય છે; એ બધાનો યથાર્થ અભ્યાસ કરવામાં આવે તો એ દિવા જેવું સ્પષ્ટ સમજાય તેમ છે કે મોટા ભાગના સંઘો હજુન્ જુનવાણી માનસ ધરાવતાં હોઈ. તેમના હસ્તકના વહીવટમાં કે તેમની દ્વારા ચાલતી કાર્યવાહીમાં આમ જનતાના અવાજ જેવું તત્વ ભાગ્યે જ જોવા મળે તેમ છે. ઘણા ખરા પ્રસંગોમાં સત્તાના જોરે કે અધિકાર યા શ્રીમંતાઇના બળે કાર્યોનો ઉકેલ આણાયેલો દેખાશે. જે આમ જનતાના હક્કની આપણે વાત કરીએ છીએ એ પણ પોતાના હક્ક કેવા પ્રકારના છે અથવા તો સંઘના સભ્ય તરીકે પોતાને શું ફરજ અદા કરવાની છે અથવા તો એથી પોતાના શીરે કેવા પ્રકારની જવાબદારી આવે છે; એ વાતથી એ જનસમૂહનો મોટો વર્ગ અજ્ઞાત હોવાથી; આગેવાનોએ લીધેલા ખરા યા ખોટા પગલા માટે ઝાઝો ઉહાપોહ કરતો નથી. ઘણા ખરા દાખલાઓમાં કર્તા કારવતાઓ એકઠા મળી જે નિર્ણય રજુ કરે છે, એ સંઘનો ગણાય છે મોટો ભાગ એને વધાવી લે છે. જવલ્લેજ એ સામે કોઇ આંગળી ચીંધનાર જડે છે અને કદાચ કોઇ ઉભો થાય તો એના અવાજની અસર નગારખાનામાં તતુડીના અવાજ સરખી થાય છે! આ પરિસ્થિતિ વર્તતી હોવાથી જે સ્થળના કાર્યકરો અથવા તો સંઘનો મુખી રીસાય છે અગર તો વિરૂદ્ધ મત ધરાવે છે ત્યાંનો સહકાર આપોઆપ અટકી પડે છે. એ વેળા સમજુ ગણાતા માણસો પણ ભૂલ કોની છે એ જોવાને બદલે કે અમૂક આગેવાન ભલે જુદો મત દર્શાવે તેથી સંઘનો સહકાર બંધ ન થવો ઘટે એવું પ્રતિપાદન કરવાને બદલે મૌનનું અવલંબન ગ્રહણ કરે છે. સંઘની કાર્યવાહીમાં પરાપૂર્વનો અધિકાર-પ્રતિષ્ઠા અને શ્રીમંતાઇ એ અગ્રસ્થાન ભોગવે છે.

જ્યાં સામાન્ય પ્રકારે આવી દશા વર્તતી હોય ત્યાં વીસમી સદીના યુવકો કે તરુણોને રસ નજ પડે. કદાચ એમાં તેઓ રસ ધરાવતાં થાય તોપણ સંઘના કર્યોમાં એમના અવાજને સંભળાતાં વિલંબ અવશ્ય થાય. એટલી ધિરજ તેઓ ધરી શકે કે કેમ એ એક પ્રશ્ન છે. મોટો ભાગ એ જુનવાણી તંત્રને સુધારી એને સ્થાને બહુમતવાદને અથવા તો જનતાના અવાજને સ્થાન મળે એવું કરવાના વિચારનો છે; અને થોડા ઉદ્દામ વિચારકો તો આ જાતની સંઘસંસ્થાનું અસ્તિત્વજ ભૂંસી વાળવા ઇચ્છે છે. તેઓ સારી રીતે સમજે છે કે જો સંઘને પ્રતિનિધિ ચુંટી મોકલવાનો હક્ક રહેશે તો મોટા ભાગના સંઘો ઉદ્દામ વિચારધારી વ્યક્તિઓનો છેદ ઉરાડી દેશે અર્થાત્ પ્રતિનિધિ તરીકે ભાગ્યેજ વરણી કરશે, અને એનો અર્થ એજ થાય કે આજે સંસ્થામાં તેઓ જે સ્થાન ધરાવે છે તે ગુમાવવાનો સમય આવે. પણ સંઘને બદલે જો પ્રતિનિધિ ચુંટવાનું કાર્ય લવાજમ ભરનાર સભ્યોના હાથમાં હોય તો ઉપર વર્ણવી તેવી વિષમ દશા ન જન્મે. લવાજમ ભરી સભ્ય તરીકે નામ નોંધાવવામાં ઉગતી પ્રજાને જેટલો રસ છે એટલો પ્રૌઢોને કે વૃદ્ધોને નથી. ટીપ કે ફાળો કરી દ્રવ્ય એકઠું કરવામાં રોકાયેલો એ વર્ગ વાર્ષિક લવાજમ જેવી પ્રથામાં રસવૃત્તિ ન દાખવે. એમાં દેવાની રકમ કરતાં અગાઉ વર્ણવી એવી પ્રતિષ્ઠાનો ખ્યાલ પણ આડે આવે. એનું પરિણામ એકજ આવે કે મંડળ યા સંસ્થામાં સભ્ય થનાર સંખ્યા યુવકો અથવા તો સુધારકોની વિશેષ હોવાની અને એથી પ્રતિનિધિત્વના ફારમમાં કુદરતી રીતે જ તેમની બહુલતા આવવાની. આમ ઉભય પ્રથાના દ્રષ્ટિકોણ વચ્ચેનો ફરક છે. એ નજીવો નથી પણ બારિકાઇથી વિચારતાં બહુજ સરખો વિશાળ છે. સંઘના પ્રતિનિધિઓમાં પ્રૌઢની સંખ્યા વિશેષ હોવાની—જુનવાણી માનસનો સંભવ પણ ખરો, છતાં એથી સમગ્ર સંઘનું પીઠબળ પ્રાપ્ત થવાનું; એથી અમલી કાર્ય થવાનો સંભવ ખરો. જ્યારે લવાજમવાળી સંસ્થાઓ મારફતે ગણનાર સહકારમાં જુવાનોનું તત્વ સવિશેષ. જુદા જુદા વિષયોની ચર્ચાણામાં ઠીક જમાવટ થાય, પણ પીઠબળ સભ્યો જેટલું જ અને એમાં પણ મતફેરો ને માન્યતા ભેદોનો સુમાર નહિ. વ્યક્તિ-સ્વાતંત્ર્યના આ યુગમાં મસ્તકે જુદા જુદા મતો રહેલા છે, એટલે બહુમતીથી થયેલા કાર્યમાં પણ ઝાઝો શુકરવાર આવતો નથી. લઘુમતીવાળા તો પોતાની જાણે કંઇ ફરજ જ નથી એમ સમજે છે. જ્યારે બહુમતી મેળવવામાં ઠીક ઠીક જોર દાખવનાર મોટો વર્ગ બેઠક પૂર્ણ થઇ ગયા પછી કંઇ કરવાપણું રહેતું નથી એમ માની સ્વ ફરજ પૂરી થઇ ગણે છે.

આમ એક તરફ નદી છે તો બીજી તરફ વાઘ છે. સંઘ સંસ્થા પર પ્રતિનિધિની ચુંટણી રખાય એ વધારે અનુકુળ છે, છતાં એ માટે સંઘ બંધારણમાં દેશકાળને ઉપયોગી સુધારણા કરવી જોઇએ એમ ન થાય તો લવાજમ પદ્ધતિવાળા સભ્યોના હાથમાં તંત્ર જાય એજ ઇષ્ટ લેખાવાનું. એથી સુષુપ્તિ તો ટળી જશેજ. સંસ્થાને નવજીવન તો પ્રાપ્ત હશે—એ કેવા પ્રકારનું હશે એ અત્યારે કહેવું અશકય છે.

≠ નોંધ અને ચર્ચા. ≠

તીર્થક્ષેત્રોના કારખાના—

આપણા દરેક ક્ષેત્રમાં વહીવટી તંત્ર ચલાવનારી જે સંસ્થાઓ છે તે સર્વ જુદા જુદા હેતુ પુરસ્સર નિયત કરાયેલ નામે, અન્ય વેપારી સંસ્થાઓની માફક ચાલતી હોઇ, તેમની ખ્યાતિ પેઢીઓ તરિકે સવિશેષ જાહેર છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી એ સર્વમાં મુખ્ય છે; કારણ કે એની હસ્તક એક કરતાં વધુ તીર્થોના વહીવટ છે. આવાજ પ્રકારની પેઢીઓ જુનાગઢ-દેલવાડા-કદંબગીરિ-તારંગા-ભોયણીજી આદિ ધામોમાં પણ છે. યાત્રાળુ સમુદાયમાં એ સર્વ કારખાના તરિકે ઓળખાય છે એટલુંજ નહિ પણ સામાન્ય રવૈયો પણ એવો છેજ કે યાત્રાર્થે આવનાર પ્રત્યેક વ્યક્તિને જો કંઇ પણ દાદ ફરિયાદ કરવાની હોય તો ત્યાં જઇ એ કરે છે અને એ દ્વારા જોઇતી સગવડ પણ મેળવે છે. એ કારખાનામાં જે જે ખાતાઓ ચાલતા હોય તેમાં યથાશક્તિ ફાળો ભરવાનો ધર્મ યાત્રાળુઓનો છે અને તે હાર્દિક ઉમળકાથી બજાવાતો આવ્યો છે અને હાલ પણ ચાલુ છે.

આજકાળ આ સંબંધમાં પૂર્વે નહોતી ઉઠતી એવી રંગ-બેરંગી ફરિયાદો યાત્રાળુઓ તરફથી ઉઠવા માંડી છે અને કેટલાક દાખલાઓમાં પરાપૂર્વથી ચાલી આવતી ઉપર વર્ણવી તેવી પ્રથાનુ પેઢી યા કારખાનાના માણસો તરફથી છડેચોક ઉલંઘન કરવામાં આવ્યાનું પુરવાર થયું છે. એ પાછળ વિચાર કરતાં-એ માટેના કારણોનો અભ્યાસ કરતાં-સહજ માલુમ પડે છે કે પેઢીના માણસો ધીમે ધીમે અધિકારના મોહમાં તણાઇ, પોતાના પર સતત્ દેખરેખના અભાવે સત્તાશીલ બનતા જાય છે, મન ગમતી રીતે કાર્ય કરે છે અને સામાન્ય યાત્રાળુ વર્ગને ગાંઠતા પણ નથી. જ્યારે કોઈ મોટા ગૃહસ્થ અગર તો આગેવાન સભ્ય આવનાર હોય છે ત્યારે તેમની આંખો આંજવા કામ એવી સીફતથી કરી દેખાડે છે કે જેથી એમનાપર વહીવટી તંત્રની સુંદર છાપ બેસે. વ્યવસાય અને પ્રવૃત્તિરકત એ મોટેરાઓ ઝાઝો સમય થોભી શકતા નથી, તેમ બારિકાઇથી તપાસ કરવાનો એમણે સમય પણ હોતો નથી; એટલે આ ઉજળા આડંબર પાછળ ચાલતી અંધાર લીલા તેઓ જોઇ શકતા નથી! જ્યાં એમના પગલા પાછા થાય છે કે બીજી બાજુ ચાલતી હોય તેમ ચાલવા દો ની ગત આરંભાય છે! એક કાળે જે કારખાનુ દરેક યાત્રાળુ માટે આર્શિર્વાદ સંસ્થા સમુ લેખાતું ત્યાં આજે સામાન્ય યાત્રિકોની કોઇ રાવ સાંભળનાર ન હોવાથી સહાયક સંસ્થા મટી, કેવળ મોટા શ્રીમંત યા સંપત્તિશાળીનીજ સગવડ સાચવનાર સ્થાન સમુ લેખાય છે! આ ચિત્ર ખાસ કરી મોટા તીર્થોના કારખાનાને સવિશેષ લાગુ પડે છે. જ્યાં અગાઉ કરતાં ધર્મશાળાઓ વધારે થઇ હોય છે ત્યાં આજે આ જાતની ફરિયાદો રોજની થઇ પડી છે એ એક વાતથીજ ઉપરોક્ત વસ્તુ પુરવાર કરી શકાય છે.

ટુંકમાં કહીયે તો યાત્રાળુઓની સગવડ કે સંભાળ તરફ બજાવવું જોઇતું કર્તવ્ય નહિં જેવું બની ગયું છે કેવળ શ્રીમંતોની સરભરા એજ જાણે ધ્યેય થઇ પડયું છે અને એમાં એટલી દાક્ષિણ્યતા ચલાવાય છે કે પખાલ-પૂજાના નિયત કરાયેલ સમયમાં પણ ફેરફાર કરી દેવાય છે! હિસાબી તંત્ર માટેની ખૂબ લાંબા સમયની છે એ સૌ કોઇ જાણે છે. એમાં હજુન ઘટતી સુધારણા નથી થઇ તેમ નથી પૂરી ચોખવટ આવી એ પણ ઉઘાડી વાત છે. ત્યાં આ જાતની ખુશામદખોરી અગર તો કેવળ ધનિકો તરફનુજ ઢળતું વલણ પગ પેસારો કરતું હોય એ બિલકુલ ઇષ્ટ નથી તેમ ચલાવી લેવા યોગ્ય નથી. આજનો એ વિચારણીય પ્રશ્ન છે.

સિંહવૃત્તિ કે શ્વાનવૃત્તિ?

સિંહનો સ્વભાવજ એવો હોય છે કે તે મૂળ તરફજ આંખ માંડે છે. પોતાના દેહ પર ફેંકાયેલ બાણને એ જોવા નથી થોભતો, પણ તરતજ એ ફેંકનાર પ્રતિ ધસી જાય છે. પણ શ્વાન યાને કુતરાનો સ્વભાવ આ જાતનો નથી. એ પથરો ફેંકનાર માનવી તરફ ન જતાં, ફેંકાયેલ પથરાને જોઇ રહે છે અને એજ જાણે કે શત્રુ હોય એમ એની સામે ઘુરકીયા કરે છે! તેથીજ શ્વાન વૃત્તિ સદાકાળ ટીકા પાત્ર લેખાય છે! જેમ એની પૂંછડી વાંકી હોઇ, વર્ષો સુધી જમીનમાં દાટવા છતાં સીધી નથી થતી એટલે કહેવત રૂપ થઇ પડી છે તેમ તેની ઉપર વર્ણવી ખાસિયત અને એ સાથે પોતાનાજ જાત ભાઇઓ જોડે બાખળવાની આદત પણ ઉદાહરણ દેવા યોગ્ય લેખાય છે. ઉભય વૃત્તિ વચ્ચે જે તફાવત રહેલો છે એ કોઈ પણ સમજુ માણસને ઓળખતાં વિલંબ થાય તેવું નથી; અને એમાં સિંહવૃત્તિજ ચઢીયાતી યાને વાસ્તવિક છે એ કબુલવામાં વાંધો આવે તેવું પણ નથીજ.

જૈન સમાજમાં પણ ઉપરોક્ત ઉભયવૃત્તિના અનુસરણ કરનારા માનવીઓ દૃષ્ટિગોચર થાય છે. એમાં વેપારી ધંધાદારી પત્રકાર કે લેખક આદિ વ્યવસાયવાળા સૌ કોઈ સમાય છે. આર્થિક દૃષ્ટિજ જેમના નેત્રો સામે મુખ્ય ભાગ ભજવે છે એવા વ્યાપારી વર્ગ કરતાં પત્રકાર, લેખક કે ભાષણકર્ત્તાના કાર્યક્રમમાં પેલા વૃત્તિયુગલના દર્શન સવિશેષ થાય છે. 'મુંડે મુંડે મતિ ર્ભિન્ના' અને 'તુંડે તુંડે નવી વાણી' એ ઉક્ત અનુસાર જુદા જુદા ભેજામાં જુદા જુદા પાકનો સંભવ સહજ હોય; અને તેથી ભિન્ન ભિન્ન મંતવ્યો વચ્ચે સંઘર્ષણ ઉદ્ભવે એ સામે આંગળી ચીંધવાપણું નજ હોય, છતાં એ કલમ કટાક્ષની ફેંકાફેકીમાં અવશ્ય ગ્રહસ્થોચિત વિવેકને સ્થાન હોવું જોઇએ. સ્વમંતવ્ય સિદ્ધ કરવા સારૂ યુક્તિઓ રજુ કરવી એ એક માર્ગ અને તીખી વાણીને તમતમતા વિશેષણોનો સંભાર ભરવો એ બીજો યાને વિપરીત માર્ગ! જેના બીસામાં જે જાતનો મસાલો ભર્યો હોય તેજ તે પીરસવાનો અને એ પરથીજ એની જાત પરખાવાની. વીસમી સદીના આ ઉદાર યુગમાં એ સામે કોઇની રૂકાવટ ચાલી શકે તેવું છેજ નહિં; છતાં જેમ સરાણે ચઢતાં હીરા-પથરા વચ્ચેનો ભેદ છુપો નથી રહેતો તેમ શિષ્ટ સમાજમાં એ લખાણો વચ્ચે રહેલું અંતર ગોળને ખોળ સમ જુદુ પડતાં વિલંબ નથી થતો ભલેને એ પાછળ ગમે તેવો વાણીનો ઓપ ચઢાવ્યો હોય! આખરે પણ ઉંડાણમાં રહેલી અસુયા ઉઘાડી પડી જાય છે! સેવાના અંચળા પાછળ ઝેરીલી વૃત્તિ દર્શન દઇ રહી હોય છે! તેથીજ ભાર મૂકીને કહેવું પડે છે કે હુંપણાનો મદ ત્યજી દઇ, કલમના કટાક્ષો પર અંકુશ મૂકી, સાચેજ સમાજ સેવા કરવી હોય તો શ્વાન વૃત્તિને લાત મારી સિંહ વૃત્તિ આદરવી ઘટે. બંધુને બંધુ ભાવે એટલી અંતિમ અરજ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

કાર્યવાહીની ટુંક હકીકત.

કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિની એક સભા તા. ૯-૬-૪૦ ના રોજ શ્રીયુત **ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ** એમ. બી. બી. એસ; ડી. ઓ. એમ. એસ. ના પ્રમુખપણા હેઠળ મળી હતી.

સંવત ૧૯૯૫ નો હિસાબ પાસ.

૧ સંવત ૧૯૯૫ ના વર્ષનો ઓડીટ થયેલ હિસાબ અને સરવૈયું રજુ કરવામાં આવતાં શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીની દરખાસ્ત અને શ્રી કેશરીચંદ જેસંગલાલ શાહના ટેકાથી તે સર્વાનુમતે પસાર કરવા તથા ઓડીટર્સ શ્રી બાલચંદ મગનલાલ મહેતા, જી. ડી. એ; આર. એ અને શ્રી નરોત્તમ ભગવાનદાસ શાહે બજાવેલ માનદ સેવા બદલ આભાર માનવા ઠરાવવામાં આવ્યું.

૨ સંસ્થાના એક મહામંત્રી શેઠ કાંતીલાલ ઈશ્વરલાલ જે. પી. તરફથી તા. ૨૯-૪-૪૦ ના પત્રદ્વારા આવેલ રાજીનામું રજુ થતાં સંસ્થાને તેઓની સેવાની જરૂર હોવાથી તે સ્વીકારી શકાય એમ નથી તેથી તેઓને તે પદ પર ચાલુ રહેવા આગ્રહપૂર્વક વિનંતિ કરવા અને તે અંગે નીચેના સભ્યોએ ડેપ્યુટેશનમાં મળવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. ડેપ્યુટેશનની સંખ્યામાં વધારો કરવાની રે. જ. સે. ને સત્તા આપવામાં આવી. ડેપ્યુટેશનનું પરિણામ આવતી મિટિંગમાં રજુ કરવું. દરમ્યાન વિચારણા મુલતવી રાખવી.

દરખાસ્ત—શ્રી. જમનાદાસ ચતુરદાસ શાહ.
ટેકો—શ્રી. ચીમનલાલ વાડીલાલ શાહ.

૧ ડૉ. ચીમનલાલ એન. શ્રોફ.
૨ શ્રી. ચીનુભાઇ લાલભાઈ શેઠ.
૩ શ્રી. વાડીલાલ મોકળચંદ વોરા.
૪ શ્રી. લલ્લુભાઇ દીપચંદ ઝવેરી.
૫ શ્રી. રણછોડભાઇ રાયચંદ ઝવેરી.
૬ શ્રી. ચુનીલાલ વીરચંદ.
૭ શ્રી. કાલીદાસ સાંકળચંદ દોશી.
૮ શ્રી. જમનાદાસ ચતુરદાસ શાહ.
૯ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

૩ ઑલ ઇન્ડિયા સ્ટેન્ડિંગ કમિટીની મુંબઈમાં તા. ૨૭-૨૮ એપ્રિલ ૧૯૪૦ ના રોજ મળેલી સભામાં નાતાળમાં અધિવેશન ભરવા, બંધારણમાં ફેરફારો સંબંધે રિપોર્ટ કરવા, આર્થિક ઉદ્ધારના પ્રશ્નોપર નિવેદન કરવા અને આગામી અધિવેશન માટે આવેલા આમંત્રણો માટે નિર્ણય કરવા સંબંધે પસાર થયેલા ઠરાવો (અનુક્રમે નં. ૩, ૪, ૫ અને ૬) સંબંધી યોગ્ય ગોઠવણ અને નિર્ણયો કરવાની વિચારણા થતાં—

(એ) આગામી અધિવેશન મેળવવા તેમજ આમંત્રણ સ્વીકારવાની બાબત હાલ તુરત મુલતવી રાખી મંત્રીઓ તેમજ સભ્યોએ તે માટે ઘટતું કરવા સુચવવામાં આવ્યું.

(બી) બંધારણમાં ફેરફારો કરવા અને આર્થિક ઉદ્ધાર અંગે નિવેદન કરવાની બાબત અધિવેશન પ્રસંગે વિચારવા ઠરાવવામાં આવ્યું.

૪ શ્રી જૈન એસોસીએશન ઓફ ઇંડિયાના મંત્રી તરફથી ભાડું ઘટાડવા અંગેની બાબત યોગ્ય નિર્ણય કરવામાં આવ્યા બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

મેટ્રીક પાસ થયેલા જૈન વિદ્યાર્થીઓને ઇનામ.

સ્વ૦ શેઠ ફકીરચંદ પ્રેમચંદ રાયચંદના નામથી સોંપવામાં આવેલ ફંડમાંથી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી એક સ્કોલરશીપ છેલ્લા મેટ્રીકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈન વિદ્યાર્થીને તેમજ બીજી સ્કોલરશીપ સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને આપવામાં આવશે. આ સ્કોલરશીપ પ્રાઈઝનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ સેન્ટર, સીટ નંબર, માર્કસ વિગેરેની સર્વ જરૂરી વિગતો સાથે નીચેના સ્થળે **તા. ૧૫ મી જુલાઇ ૧૯૪૦** સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ,
૨૦, પાયધુની,
મુંબઇ નં. ૩.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
કાંતિલાલ ઈશ્વરલાલ
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વે કૉન્ફરન્સ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

જૈન પાઠશાળાઓને મદદ.

આગામી વર્ષ માટે જૈન પાઠશાળાઓને મદદ આપવા અરજીઓ માંગવામાં આવી છે. જે જૈન પાઠશાળાઓને મદદની જરૂર હોય તેઓએ બોર્ડના કાર્યાલયમાંથી (કે. ૨૦, પાયધુની મુંબઇ ૩) ફોર્મ મંગાવી તુરત ભરી મોકલવા.

શ્રી ગોડીજી પાર્શ્વનાથજી મહારાજ જૈન દેરાસરજી તરફથી બોર્ડને પાઠશાળા મદદ માટે રૂા. ૨૦૦) ની રકમ મંજુર કરવામાં આવી છે.

શેઠ મેઘજી સોજપાળ તરફથી ગત્ ગર્ષની (૧૯૩૯) શ્રી. હીમદાબહેન મે. સો. સ્ત્રી વર્ગ ધાર્મિક પરીક્ષાના ઇનામોની રકમ રૂા. ૩૭૪) પ્રાપ્ત થયા છે તે આભાર સહિત સ્વીકારીએ છીએ.

ગત વર્ષની પરીક્ષાના **પ્રમાણપત્રો** અને **ઇનામો** સર્વે સેન્ટરોમાં મોકલી આપવામાં આવેલ છે.

પ્રગતિ વિરોધક પક્ષની ભૂમિકા.

લેખકઃ—શ્રી. બાલચંદ હીરાચંદ, માલેગામ.

સમાજ નહી પણ પક્ષ!

કોઇપણ સમાજ કે પક્ષના નામમાં તેના ગુણોનું અને કાર્યક્ષેત્રનું મંતવ્ય સમાઇ જતું હોય તો તેથી જગત તેનું બરાબર મૂલ્યાંકન કરી શકે. પણ જ્યારે કોઇ સમાજ પોતાનો નામકરણમાં ચાલબાજી કે ગેરસમજુતી ફેલાવવાનો પ્રયત્ન કરે ત્યારે તેને રોકવું કે તેની ખરી વસ્તુસ્થિતિ ઉઘાડી પાડવી એ દરેકની ફરજ છે. કોન્ફરન્સના કાર્યને બેટી રીતે ચીતરી સમાજમાં તેને ઉતારી પાડવાનો અને તેના કાર્યમાં અનેક વિરોધો ઉત્પન્ન કરી હોહા મચાવી સમાજમાં ભાગલા પાડવા માટે જ્યારે પ્રયત્ન થાય છે ત્યારે તેનો વખતસર વિરોધ કરી તેનું સત્યસ્વરૂપ જનતા આગળ મુકવાની અમો અમારી ફરજ જોઇએ છીએ.

આવી કલ્પનાથીજ, જે પક્ષ પોતાને શાસનપ્રેમી કે ધર્મી અથવા એવા નામથી ઓળખાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેમના અંતરંગના હેતુઓ ઉપર પ્રકાશ પાડવા માટેજ અમોએ આ લેખ લખવાનો પ્રયાસ કર્યો છે.

શાસનપ્રેમી એટલે શું?

જ્યારે એ પક્ષ પોતાને માટે શાસનપ્રેમી નામ ધારણ કરે છે ત્યારે તેમાંથી એવો ધ્વનિ ઉત્પન્ન કરવા માગે છે કે, તેમના પક્ષમાં ભળી જાય અને મુંગે મોઢે જે તેમનું પ્રભુત્વ સ્વીકારે તે શાસનપ્રેમી અને બીજાઓ જાણે શાસન વિરોધીઓ અથવા શાસનદ્વેષી છે, એવી કલ્પના લોકોમાં પ્રસૃત કરી ભોળા લોકોને શાસન દ્વેષનો હાઉ બતાવી પોતામાં ભેળવી લેવાની પ્રવૃત્તિ તેમાં બતાવવામાં આવે છે. એટલે પોતાના નામમાંજ બીજાને હલકા પાડી પોતાને બધા ધર્મના અને મહાવીર ભગવાનના ગણાવવાનો પ્રયત્ન છે. તેમજ બીજા કે જેઓ તેમની હા માં હા ભણે નહીં તેમને તુચ્છકારી તેમનો દ્વેષ બતાવવાનો ખુલ્લો પ્રયત્ન છે. શાસન પ્રત્યે પ્રેમ બતાવવાનો, ભક્તિ બતાવવાનો માર્ગ તેઓ એકલાજ જાણે ખરીદી બેઠેલા હોય એમ દેખાવ કરવાનો પ્રયત્ન આ નામમાં ખુલ્લો જણાઇ આવે છે. આપણાથી પર હોય તેમને હલકા પાડવાનો આ એક કુત્સિત પ્રયત્ન છે. મહારાષ્ટ્રમાં બ્રાહ્મણેતર નામનો એક પક્ષ છે. વાસ્તવિક રીતે જોતા એ નામ ઉપરથી ફક્ત બ્રાહ્મણોને બાદ કરતા આખા હીંદના કે તેની બહારના પણ લોકોનો જાણે તેમાં સમાવેશ થઇ જાય છે. અર્થાત્ એ બુલ્લી રીતે અતિ વ્યાપ્તિ દોષ છે. એ પક્ષ ઉભો કરનારાઓનો હેતુ ફક્ત બ્રાહ્મણોને ઉતારી પાડવા કે દ્વેષ કરવો એટલોજ હતો. અને તેથીજ આવું વિચિત્ર અર્થવિહીન નામ તેમણે ગ્રહણ કરેલું હતું. તેવોજ આ એક પ્રયત્ન છે. અને એટલા માટેજ અમો કહેવા માગીએ છીએ કે આ સમાજ નથી પણ એક વિરોધી પક્ષ છે. અને તેમના નામમાં દ્વેષ બુલ્લો તરી આવે છે. જૈનધર્મ અને તેના સિદ્ધાંતો એકાંતવાદી નથી પણ અનેકાંત વાદી છે. તેથીજ અમો ભારપૂર્વક કહીએ છીએ કે અમુક જનની માન્યતા વગરવિચારે બતાવો તોજ શાસનપ્રેમ બતાવાય એ માન્યતા તદ્દન બાલીશ છે.

ધર્મીપક્ષ એટલે શું?

પોતાને ધર્મી કહેવડાવવામાં બીજાને અધર્મી કહેવડાવવાનો સ્પષ્ટ આશય પ્રતીત થાય છે. રૂઢ આચાર કે ધીમે ધીમે પૂર્ણ રીતે પરિવર્તિત થએલો આચાર મૂળ આચરથી ગમે તેટલો વિરૂદ્ધ જતો હોય છતાં તેનેજ વળગો બીજો આચાર સંભવેજ નહી એવી અજ્ઞાનજન્ય કલ્પના કરી બેસી તેનેજ ધર્મના નામે ડોકી બેસાડવાનો પ્રયત્ન કરવો એ ધર્મ નજ કહેવાય એનો અમુક વ્યક્તિઓના ગમે તે આચારને વગર વિચારે ધર્મ ધર્મ પોકારવા જેવું છે. પ્રાચીન આચારો જેવા કે વસ્ત્રગ્રહણ અને તેનો સંગ્રહ તથા ઉપયોગ, પ્રાચીન બાનપાન ગ્રહણ તેનો ઉપયોગ જેવો ને તેવોજ અત્યારે ચાલે છે? મહાવીર ભગવાન જે પ્રમાણે આચારો પાળતા તેવોજ આચાર અમો પાળીએ છીએ એવો સ્પષ્ટ દાવો કોઈ કરી શકે છે શું? વગર ફોગટનો કોલાહલ કરવામાં કાંઇપણ લાભ નથી. અત્યારે જે આચારોમાં ફેરફાર અથવા શિથિલતા આવી હોય તે દેશ કાલ પરિસ્થિતીને અનુસરી ક્રમપ્રાપ્ત આવેલી છે. એમાં કોઇનો દોષ કાઢવાનો અમારો હેતુ છેજ નહીં. અમારો મતલબ એટલોજ છે કે, ધર્મના નામ નીચે લોકોને અધર્મી કહેવડાવી પોતે મોટા ભા થઇ ડાહી ડાહી વાતો કરનારાઓ વિષે શું માનવું એનો વિચાર કરવાનો છે. જ્યારે દુનિયામાં ધાર્મિક વિચારોમાં પરાવર્તન થઇ સર્વધર્મ પરિષદો ભરાય છે. પરમત સહિષ્ણુતાનું વાતાવરણ પેદા થઇ રહ્યું છે અને તત્વજ્ઞાનની છણાવટ થઇ રહી છે અને જૈન તત્વજ્ઞાન લોકોને ગળે ઉતરી રહ્યું છે તેવા સમયે આપસમાં ધર્મી અધર્મીની ગોલંદાજી કરવી અને પોતાના વિચારોનું છીછરાપણું પ્રગટ કરવું એ તદ્દન અજ્ઞાનતા છે એજ અમારૂ કહેવું છે.

યંગમેન્સ સોસાયટી એ નામ કેવું?

જ્યારે આંગ્લ વિજ્ઞાનની અને વિદ્યાની ક્ષણે ક્ષણે નિંદા કરાય છે, ઈંગ્લીશ ભણેલાઓ એટલે અધર્મી એવી વિચિત્ર અને મૂર્ખાઇ ભરી કલ્પના અજ્ઞ જનતામાં પ્રસૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે પોતા માટે વિલાયતી નામ પસંદ થઈ શકે એ આ જમાનાની અજાયબી કહેવાય. ગુજરાતી ભાષામાં કે સંસ્કૃત ભાષામાં એવું નામ ન જડ્યું જેથી આવું વિચિત્ર અર્થવિહીન અને પરકીય ભાષાનું નામ પોતા માટે પસંદ કરનારનું માનસ કેવું છે તે જોઇ શકાય છે. ખાસ નવવિચારનો પ્રચાર પોતાની રીતી મુજબ કરવા પ્રયત્ન કરનારા આંગ્લ વિદ્યા વિભૂષિત જૈનો પોતાની સમાજનું યુવક સંઘ જેવું સંસ્કૃત અને સાર્થ નામ ગ્રહણ કરે છે, ત્યારે તદ્દન જુનવાણી વિચારો પકડી રાખી સમાજને સ્થગિત રાખી નિષ્ક્રિય બનાવવાનો પ્રયત્ન કરનારાઓ પોતાને પોતાની કૃતીથી તદ્દન ઉલટું યંગમેન્સ સોસાયટી જેવું પરકીય અર્થહીન નામ ગ્રહણ કરે છે એ આશ્ચર્ય જોવા જેવું છે. સમાજમાં ઐકય વધે અને વિરોધો ઓછા થાય એવા નવવિચારના અમારા એક દિગંબર બંધુના વાંચવામાં આ યંગમેન્સનું નામ આવ્યું. તેમણે મને તરતજ લખ્યું કે આ યંગમેનો

નવા વિચારના હોવાજ જોઇએ. એમનો સહકાર આપણે સાધી દિગંબર અને શ્વેતાંબર એ બન્ને સંપ્રદાયોના મતભેદો દૂર કરવાનો પ્રયત્ન એમના સહકારથી કરી શકીશું. એમ લખાણ આવવાથી અમોએ એ યંગમેનોના માનસની કલ્પના તેમને આપી. એથી એ ભાઈના આશ્ચર્યનો પાર રહ્યો નહી. યંગમેન નામ ગ્રહણ કરી કૃતિ તદ્દન ઉલટી કરનારા આ બંધુઓના આવા નામ ગ્રહણનો કેટલો ઉલટો અર્થ થાય છે તેનો આ પ્રત્યક્ષ દાખલો છે.

ધર્મી એટલે પ્રગતિનો વિરોધક!

હાલમાં જેઓ પોતાને ધર્મી તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરે છે તે ખરેખર તો પ્રગતિ વિરોધક જ છે. તેઓના કર્તવ્યોમાં મુખ્યત્વે કરીને જે કોઇ વિચારક સુધારાઓ સૂચવે તેનો વિરોધ કરવો. તે સુધારાથી સમાજને લાભ છે કે હાની છે તેનો વિચાર કરવાની તેમને ફુરસદ નથી. ગમે તેવા સંજોગોમાં ગમે તેવા નાલાયક માણસને તેના વાલીઓને કે અવલંબિતોને રખડતા મૂકી ગમે તેટલી બાલ વયમાં દીક્ષા આપવા કોઇ સાધુ તૈયાર થાય તે માટે જરા જેવો પણ વિચાર કરવા આ પક્ષ પાસે અવકાશ નથી. દરેક દીક્ષા પ્રશસ્ત રીતે જ થઈ છે અને થાય છે એમજ કહેવાની તેમની હીંમત હોય તો અમે તેમના માટે કાંઇપણ કહેવા માગતા નથી. કોઇ વખત અપૂર્ણ માહિતી મેળવી કોઈ સુધારણાવાદીએ પ્રશસ્ત એવી દીક્ષાનો કદાચ વિરોધ કર્યો હોય કે તે સમાજમાં હલકી પાડી હોય પણ તેથી બધી જ દીક્ષાઓ શાસ્ત્રાનુસાર જ અપાય છે ને તેમાં વિચાર કરવા જેવું કાંઇ નથી જ એમ હીંમતભેર કોઈ કહી શકશે નહિં; એમ છે ત્યારે કોઈપણ દીક્ષાના દોષો આવા ધર્મી કહેવાતા સજ્જનોએ બતાવવા પ્રયત્નો કર્યા છે? દીક્ષાનો અત્યારસુધી કોઇએ વિરોધ કર્યો જ નથી. ફક્ત અયોગ્ય દીક્ષા માટે જ કોઈ કોઈ વિરોધ નોંધાયો છે, તે ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, ધર્મી એટલે હાં જી હાં કહેનારા પ્રગતિ વિરોધક પક્ષના લોકો–એથી બીજો અર્થ સંભવતો જ નથી.

પ્રગતિ વિરોધકો પાસે કાંઈ કાર્યક્રમ છે?

એ વાત ઘણા વરસોના અનુભવથી પ્રત્યક્ષ સિદ્ધ થઇ ચૂકી છે કે, પ્રગતિ વિરોધક આ નામધારી ધર્મી બંધુઓ પાસે કાંઇ કાર્યક્રમ નથી. તેમણે સમાજની કે ધર્મની ઉન્નતિની દૃષ્ટિથી, નવું જ્ઞાન કે ઉત્સાહ સમાજમાં વધે અથવા સામાજીક કે ધાર્મિક દૃષ્ટિથી જૈનોની ઉન્નતિ થાય એવો એકે કાર્યક્રમ ઘડયો નથી, અને તેનો પ્રચાર કર્યો નથી. અયોગ્ય દીક્ષા પ્રતિબંધક ધારા માટે તેઓ ફક્ત રોદણા રોવા પસંદ કરે છે. તે માટે તેઓએ સાધુઓના ખોટા આચારો અને દીક્ષાની ધાંધલ પાછલ થતાં અયોગ્ય કાર્યક્રમ રોકવા માટે કાંઈ પ્રયત્નો કર્યા છે શું? જે કારણો દૂર કરવા માટે કાંઇપણ પ્રયત્ન આવા ધર્મી કહેવાતા બંધુઓએ કર્યો હોત તો તેમના પ્રયત્નના પ્રામાણિકપણા માટે કોઇને શંકા રહેત નહિં, પણ અનુભવ તદ્દન ઉલટો જ છે. તેઓએ તેવા કારણોને ઉલટું ઉત્તેજન આપેલું છે. આ પરિસ્થિતિ ચાલુ છે, ત્યાં સુધી કોન્ફરન્સ કદાચ પોતાના બધા ઠરાવો પાછા ખેંચી લે, કે ધર્મી કહેવાતા બંધુઓને મનાવી લેવા ખાતર ગમે તેવો પ્રગતિ વિરોધક ઠરાવ કરે તો પણ સમાજની વૃત્તિ તેથી પલટાઈ નહિં જાય. અયોગ્ય દીક્ષાના કંકાસ બંધ નહિં પડે અને સાધુ વર્ગ માટે તેટલા પુરતો જે અણગમો પેદા થયો છે તે સંપૂર્ણ નષ્ટ નહિં થાય. તેને માટે તો સાધુઓએજ પોતાના ધર્મી કહેવડાવનારા ભક્તો સાથે મળી અયોગ્ય દીક્ષા પોતાના જ ઠરાવોને અનુસરી બંધ કરી દેવી જોઇએ અને તે ઠરાવ તોડનારને ઉઘાડા પાડવા જોઇએ. એ સિવાય બીજો પ્રશસ્ત માર્ગ અમો જોઈ શકતા નથી.

કોન્ફરન્સમાં આવતાં કેમ અચકાય છે?

જ્યારે ઐકયસાધના માટે પ્રયત્નો થયા ત્યારે કોન્ફરન્સમાં દાખલ થવા માટે વિચારી વર્ગ પાસે વિરોધ બતાવવા કાંઇ દલીલ નહીં રહી ત્યારે તેમના આગેવાન બંધુઓએ ખરા અંતઃકરણથી સહકાર કરવાનું ઠરાવ્યું. પણ અંદરથી દોરી સંચાર થવાના કારણે બધા વિચારો હવામાં ગુમ થઇ ગયા. એ ઉપરથી ખુલું પડી ગયું કે, તે પક્ષના વિચારી વર્ગનો વિરોધ બીલકુલ નથી, પણ લોકો પરપ્રત્યયનેય બુદ્ધિના હોવાને લીધે કોન્ફરન્સમાં ભળી શકતા નથી. જે લોકોના મનમાં કોન્ફરન્સનો દ્વેષ છે તેઓ પાસે તેના વિરોધ માટે દલીલ નથી. દાખલ નહિ થવાના યોગ્ય કારણો નથી. ફક્ત વિરોધ માટે જ વિરોધ કરવાની વૃત્તિ દૃઢમૂલ થઇ છે. તેમના મનમાં બ્રામી હોવી જોઇએ કે આપણું કરવું કોઇ રીતે આપણે સિદ્ધ કરી શકીએ. એમ નથી; તે સત્યથી અને તત્વથી વેગળુ છે, અને તેથીજ તે દલીલ સાસે ટકી શકે તેમ નથી. એવી રીતે આત્મવિશ્વાસનો અભાવ હોવાને લીધે તેઓ કોન્ફરન્સમાં આવવા અચકાય છે. તેમનું બોલવું, તેમની માન્યતા અને તેમના આચાર, યુક્તિ સંગત હોય તો તેમને કોન્ફરન્સમાં આવવામાં કોઇ જાતનો વિરોધ હોવાનું કારણ જ હોય. પણ વસ્તુસ્થિતિ તેવી નથી. તેઓને ભીતિ છે અને તે સકારણ છે કે, યુક્તિવાદ દાખલા દલીલો આગળ આપણે નમતું આપવું પડશે, 'તેથીજ તેઓ કોન્ફરન્સમાં ભળવું જોખમ ભરેલું ગણે છે.

સ્થાપિત હકોવાળાઓનો વિરોધ.

મુખ્યત્વે કરીને જે લોકોને એમ લાગે છે કે આપણી માનહાની થશે, આપણી મોટાઇ જોખમાશે, સમાજમાંનો આપણો દરજ્જો ઘટી જશે અને બીજો વર્ગ આગળ વધી આપણે સમાજમાં પૂજાઇશું નહિ એવા વર્ગનો વિરોધ એમાં ખાસ કરીને છે. તેઓએ ઐહિક વૈભવના કારણભૂત એવો ધર્મ છે અને તે ધર્મ અમે કહ્યો તેમજ આચરવાથી ધનધાન્ય સમૃદ્ધિ થશે એવી શ્રી વીતરાગ ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ ગુમ પ્રરૂપણા ચાલુ રાખી છે, તેથી જ લોકો પોતાના વિચારો વિરૂદ્ધ કોન્ફરન્સના વિરોધી બની બેઠા છે. એટલા માટેજ અમારી વિનંતિ છે કે તેઓએ પોતાનું પ્રગતિ વિરોધક પક્ષ એવું સાર્થ નામ ગ્રહણ કરવું જેથી કોઇને તે માટે તકરાર કરવાનું કારણ ન રહે.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:–શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૯, પાયધુની, મુંબઈ, ૩.

કૌશાંબી તીર્થની જૈન ગુફાઓ.

લેખકઃ—નાથાલાલ છગનલાલ શાહ.

(ગતાંકથી આગળ)

કોસામ (કૌશામ્બિ) ના પુરાતન સ્મારક.

સન ૧૯૦૮ માં શ્રીમાન વસુ મહાશયે અહીંના પુરાતન અવશેષો શોધી કાઢેલ, જેમાંથી એક પ્રાચીન અને મહત્વનો શિલાલેખ મલી આવેલ છે તે આયપટ્ટનો એક સુંદર નમુનો છે.

આ મલી આવેલ આયપટ્ટ એક પાષાણનો તેમાં શિલાલેખ પ્રાચીન કુશાન રાજ્ય કાળના અક્ષરોમાં કોતરાયેલ છે. આયપટ્ટના મધ્ય ભાગમાં એક આઠ પત્રનો પૂર્ણ પ્રફુલ્લિત કમલ છે, જેની ચારે બાજુએ ચાર રત્નત્રયનાં ચિન્હ કોતરાયેલ છે. આવાં શિલ્પકામ મથુરા (કંકાલિટીલા) માંથી મલી આવેલ અવશેષો પર મલી આવે છે.

આયપટ્ટ પરનો લેખ.

૧ सिद्धम् राज्ञो शिवमित्रस्य संवच्छर
१०,२....खम....ह. ए. किय।
૨ थविरस बलदाससस निवर्तन सा. ए. शिवनदिस
अंते बासिम....
૩ शिव पालितन आयपटो थपयति अरहत पूजाए ॥

ભાવાર્થ—સિદ્ધમ્-રાજા શિવમિત્રના સંવત બારમાં શિવનંદિની સ્ત્રી શિષ્યા (આર્યિકા) મ્હોટી સ્થવીસ બલદાસાના કહેવાથી શિવપાલિતે અર્હંતોની પૂજના માટે આ આયપટ્ટ સ્થાપિત કર્યો.[1]

જૈન સાહિત્ય પ્રજ્ઞાપના સૂત્રમાં આ કૌશામ્બિ નગરને વત્સ દેશની રાજ્યધાની તરીકે વર્ણવેલ છે જૈન સાહિત્યોમાં બતાવ્યા પ્રમાણે જૈન તીર્થંકર પદ્મપ્રભુના ચાર કલ્યાણક આ ભૂમી પર થયેલ છે. અંતિમ તીર્થંકર મહાવીરને તપનું પારણું આ પુરાતન નગરમાં સતી ચંદનબાલાએ કરાવેલ છે. ઉક્ત નગરના પ્રખ્યાત મહારાજા શતાનિક અને તેમના રાજકુમાર ઉદયનના માટે જૈન સાહિત્યોમાં સારી રીતે વર્ણન કરેલ મળી આવે છે. શતાનિક રાજાની પ્રખ્યાત રાણી મૃગાવતીએ આ સ્થળે શ્રમણ મહાવીરદેવ પાસે દિક્ષા ગ્રહણ કરેલ હતી. તેમના કેવળજ્ઞાનનું પુરાતન સ્થાન જેને વર્તમાનમાં "સાલાક મઉ" Salak Mau નામનું સ્થળ જણીતું છે. અહીંયા સુર્ય ચંદ્રનું અવતરણ, અનાથી મુનિનો જન્મ થયેલ. શ્રી જિનપ્રભસૂરિના—કૌશામ્બિ કલ્પમાં જણાવેલ છે કે—આ સ્થળે "આકુલ વિહાર" હતો જ્યાં શ્રમણ મહાવીરને સતી ચંદનબાળાએ આકુલ વહોરાવ્યા હતા.

પુરાતન કૌશામ્બિ નગરની શોધખોળમાંથી કેટલીએક જૈન મૂર્તિઓ, શિલ્પકામના પત્થરો અને શિલાલેખો થોડાક સમય પર મળવા પામેલ છે તેને અલ્હાબાદ મ્યુનીસીપાલ મ્યુઝીયમમાં સુરક્ષિત રીતે રાખવામાં આવેલ છે જે જૈનોના પુરાતન ઇતિહાસમાં ઘણા ઉપયોગી છે.

ઉપરોક્ત લેખમાં જે શિલાલેખો આપેલ છે જે ઈ. સ. પૂર્વેની બ્રાહ્મી લીપીમાં કોતરાએલ છે. તેમાં કાશ્યપ ગોત્રીય વર્ધમાન (મહાવીર) ના શિષ્યોના માટે તે સમયના રાજાઓએ ગુફા બનાવી આપ્યાનો ઉલ્લેખ કરેલ છે. ગુફાઓ અંદરના લેખો પરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે વત્સ દેશના રાજ્યકર્તાઓ શિલાલેખોમાં બતાવેલ સમય દરમ્યાન જૈન ધર્મને માનનાર હતા. આ સમયમાં આ ભૂમિપર જૈન ધર્મ એ રાષ્ટ્ર ધર્મ હતો.

(સંપૂર્ણ.)

1. Archcelogical Survey of India Report 1913–14 P 262

સંગ્રહિત.

"પોતાની ઓછામાં ઓછી આવશ્યકતા ઉપરાંત જે કંઇ પણ મનુષ્ય લે છે તે ચોરી કરે છે."

× × ×

"અપરિગ્રહી પોતાનું નિત્યજીવન સાદું કરતો જાય."

× × ×

"વેપારીઓ એક બીજા પ્રત્યે બંધાય નહિ તો વેપાર ચાલે જ કેમ? આમ વ્રત સર્વ વ્યાપક વસ્તુ જોવામાં આવે છે. તો પછી જ્યારે આપણે પોતાનું જીવન બાંધવાનો પ્રશ્ન ઉઠે, ઇશ્વર દર્શન કરવાનો પ્રશ્ન રહ્યો છે, ત્યાં વ્રત વિના કેમ ચાલી શકે? તેથી વ્રતની આવશ્યકતા વિષે આપણામાં કદી શંકા જ ન ઉઠે."

જે જે અંશે રે નિરૂપાધિકપણું, તે તે અંશેરે મોક્ષ.

× × ×

"અને ત્યાં સુધી" "વચન શુભ નિશ્ચયોમાં ઝેર સમાન છે. એમ મેં તો મારા પોતાના જીવનમાં ને ઘણાઓના જીવનમાં જોયું છે." "અને ત્યાં સુધી કરીશ" એમ કહેનાર પોતાની નબળાઇનું અથવા અભિમાનનું દર્શન કરાવે છે."

× × ×

"મદ્યપાનને કાં તો વ્રતમાં દવા તરીકે અપવાદ મૂકયો હોય અથવા ન મૂકયો હોય તો શરીરનું જોખમ વહોરવાનો વ્રતની પાછળ નિશ્ચય હોય. દવા તરીકે પણ દારૂ ન પીવાથી દેહ જાતો રહે તો શું? દારૂ લેવાથી દેહ રહેશે જ એવો પટ્ટો કોણ લખાવી શકે છે? અને તે ક્ષણે દેહ નભ્યો ને બીજી જ ક્ષણે કોઇ બીજા કારણસર જાય તેનું જોખમ કોને માથે? અને એથી ઉલટું. દેહ જતાં છતાં પણ દારૂ ન લેવાના દૃષ્ટાંતની ચમત્કારિક અસર દારૂની બદીમાં ફસાયેલાં મનુષ્યો ઉપર થાય એ જગતને કેટલો બધો લાભ છે! દેહ જાઓ અથવા રહો, મારે તો ધર્મ પાળવો જ છે એ ભવ્ય નિશ્ચય કરનારા જ ઇશ્વરની ઝાંખી કોઇ કાળે કરી શકે છે જ; વ્રત લેવું એ નબળાઇ સૂચક નથી પણ બળ સૂચક છે."

× × ×

"આદર્શ આત્યંતિક અપરિગ્રહ તો મનથી અને કર્મથી જે દિગંબર છે તેનો જ હોય."

× × ×

"આપણે આદર્શને ધ્યાનમાં રાખીને જેમ બને તેમ નિત્ય આપણો પરિગ્રહ તપાસીએ ને ઓછો કરતાં જઇએ."

પરીખ.

જૈનાચાર્ય શ્રી વિજયાનંદસુરીશ્વરજી મહારાજની ઉજવાયેલ જયંતી.

ત્રણે ગચ્છના મુનીરાજોની ધ્યાન ખેંચનારી હાજરી.

સાધ્વીજી માણેકશ્રીજીએ આપેલું ભાષણ.

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના આશરા હેઠળ શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે જેઠ સુદ ૮ ગુરૂવારે સવારે પૂજ્ય આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી. આત્મારામજી) મહારાજની જયંતી આચાર્ય શ્રી જિનઋદ્ધિસૂરિશ્વરજી મહારાજના પ્રમુખસ્થાને ઉજવવામાં આવી હતી. સભામાં ત્રણે ગચ્છના (અંચળગચ્છ, તપાગચ્છ તેમજ ખરતરગચ્છના) મુનીરાજોની હાજરી ખાસ ધ્યાન ખેંચતી હતી. સાધ્વીજી માણેકશ્રીજી આદિ હાજર હતા. પ્રથમ મંડળના બેન્ડ કલાસે સલામી આપ્યા બાદ શ્રી. ચોકશીએ સભા બોલાવવાનો સરકયુલર વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ શ્રી. શાંતીલાલ બી શાહ ખંભાતવાળાએ સ્વરચીત ગાયન હારમોનીયમ સાથે ગાઈ સંભળાવ્યું હતું. **સાધ્વીજી માણેકશ્રીજી**એ બોલતા જણાવ્યું કે, આપણે આજના ચરિત્ર નાયકના સંપૂર્ણપણે ગુણ ગાન કરી શકીએ તેમ નથી. એક સૈકા પહેલા સદ્ધર્મનો દુષ્કાળ પડયો. એટલે કે, ધર્મથી લોકો પતીત થતા હતા. તેવા સમયમાં એક શીખ કુટુંબમાં આ મહાપુરૂષનો જન્મ થયો હતો. સેંકડો માણસોમાં એક સુરવીર થાય છે. આ મહાપુરૂષ શુર વીર હતા. પ્રથમ તેઓશ્રીએ સ્થાનકવાસીમાં દિક્ષા ગ્રહણ કરી હતી. દીક્ષા લીધા પછી અભ્યાસ કરવામાં મશ્ગુલ બન્યા. જેમ જેમ વધુ અભ્યાસ થતો ગયો તેમ તેમ તેઓશ્રીને સત્યવસ્તુ સમજવા લાગી. અંતે સંવેગીપણાની દીક્ષા ગ્રહણ કરી તેઓશ્રીના વચનોથી શાંતી પથરાતી હતી. તેઓશ્રીના વચનમાં તાકાત હતી. રાયકોટ (પંજાબ) માં સ્થાનકવાસીમાંથી દેરાવાસીમાં જૈનો આવેલા છે. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી ત્યાં દેરાસરજીની ખાસ અગત્યતા છે તો આ વાત સૌને લક્ષમાં રાખવા જણાવણ કરી હતી

શ્રી. મોતીચંદભાઈ કાપડીઆએ જણાવ્યું કે આજે મહારાજશ્રીના સ્વર્ગવાસ થયાને ૪૪ વરસ થયા છે. તેમના જીવનમાંથી, જાણવાનુ મળે છે કે, જે વાતનો નિર્ણય કરે, તે વાત પાર પાડવા માટે તત્પર હતા. રચનાત્મક-મંડનાત્મક-ખંડનાત્મક આવી ત્રણે શૈલીથી તેઓશ્રીએ પુસ્તકો-ગ્રંથો રચેલા છે. સર્વ ધર્મ પરિષદમાં પોતાને આમંત્રણ મળતાં શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને ચીકાગો મોકલ્યા હતા. જૈન તત્વાદર્શ, અજ્ઞાન તીમીર ભાસ્કર વગેરે વીગેરે પુસ્તકો રચેલા છે. **શેઠ ગુલાબચંદ આણંદજી**એ ભાવનગરનો પોતાનો અનુભવ રજુ કર્યો હતો.

શ્રી. નરોત્તમ બી. શાહે આચાર્ય પદ્વી પ્રસંગનો દાખલો આપી. તેઓશ્રીનું સમાધીમરણ થયું તે હકીકત દર્શાવતા કહ્યું કે "અબ હમ ચલતે હૈ" આવા ઉદ્ગારો આચાર્યશ્રીએ જીવનનાં છેલ્લા ટાઇમે ઉચ્ચાર્યા હતા.

શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીએ પોતાનો રટુડન્ટ વખતનો પરિચય આપી તેઓશ્રીના ગ્રંથો વાંચી તેઓશ્રીના પગલે ચાલવા ભલામણ કરી હતી. **પં. શ્રી પ્રીતિવિજયજી મહારાજે** જણાવ્યું કે, આત્મારામે-પોતાના આત્મામાં આરામ કરેલો છે. જુસ્સાદાર વાણીમાં કેટલાક પ્રસંગ વર્ણવ્યા હતા. અંતે જણાવ્યું હતું કે —

૨૦ વરસના ટુંક દિક્ષા પર્યાયમાં તેઓશ્રીએ ઘણુંજ સુંદર કાર્ય કરેલ છે. શ્રી. **બુદ્ધિ મુનીજી**એ જણાવ્યું કે, ઘોલેરામાં પૂજ્ય શ્રી મોહનલાલજી મહારાજ અને શ્રી આત્મારામજી મહારાજ એકજ દિવસે આવેલા. શ્રી આત્મારામજી મહારાજનું સામૈયું લગભગ પહોંચવા આવેલું એટલે તે સામૈયામાં ભંગાણ ના પડે તેટલા માટે શ્રી મોહનલાલજી મહારાજે પછીથી ગામમાં પ્રવેશ કર્યો ત્યાર પછી ઉભય મલ્યા અને પરસ્પર વંદના થઈ.

શ્રી રાજપાળ વ્હોરાએ શતાબ્દિ સમયનો પરિચય આપ્યો હતો. અને શ્રી મોહનલાલજી મહારાજ અને શ્રી આત્મારામજી મહારાજ વચ્ચેનો સંબંધ કેટલો સુંદર હતો, તેનો ખ્યાલ આપ્યો હતો.

શ્રી. મોહનલાલ ચોકસીએ જણાવ્યું કે આજની આ સભાના હેન્ડબીલમાં 'નવયુગ પ્રવર્તક" શબ્દ મૂકેલો છે તે વ્યાજબી છે. આર્ય સમાજમાં દયાનંદ સરસ્વતી હતા. જ્યારે જૈનોમાં ખાસ શ્રી આત્મારામજી મહારાજ હતા.

શ્રી. વાડીલાલ જેઠાલાલ શાહે જણાવ્યું કે, જેવી રીતે શ્રી મોહનલાલજી મહારાજને અને શ્રી આત્મારામજી મહારાજને સંબંધ હતો તેવોજ સંબંધ રાખી આજે આચાર્ય શ્રી જીનરીદ્ધિસુરીશ્વરજી મહારાજે અત્રે પ્રમુખ સ્થાન લઇ સંબંધ જાળવી રાખેલો છે.

પ્રમુખ સ્થાનેથી આચાર્યશ્રીએ જણાવ્યું કે, આજે ત્રણે ગચ્છના સાધુઓની હાજરી જોઇ મને ઘણોજ સંતોષ થાય છે. જે વખતે શ્રી આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યા તે વખતે વિરોધી લોકોએ ખોટી બુમો ઉરાડી તેઓશ્રીની રાખ અટકાવવા પ્રયાસ કર્યો પરંતુ તે લોકો ફાવ્યા નહીં. આ વખતે શ્રી મોહનલાલજી મહારાજ મુંબઇ હતા. તેમને આચાર્યશ્રીના સ્વર્ગવાસના ખબર પડતાં બોલી ઉઠ્યા કે મારો જમણો હાથ ચાલ્યો ગયો. આ વખતે રૂપીયા ત્રીસ હજાર એકત્ર કરી લગભગ ૨૦૦૦) તારો કરવામાં આવ્યા તથા બીજા પ્રયાસોના પરિણામે રાખ પાછી મળી હતી.

શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીમાં આંગી ચઢાવવામાં આવી હતી.

—વાડીલાલ જેઠાલાલ શાહ.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર: HINDSANGHA. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર. REGD. NO. B 1996

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૧૫

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.

તંત્રી.

મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ

JAIN YUGA

જેઠ વદ ૧૧, સોમવાર. તા. ૧ લી જુલાઇ ૧૯૪૦

યંત્ર અને તેના શાપ!

"યંત્રોએ આપણા નિત્યના જીવનમાં ગણિત દાખલ કર્યું નથી, અથવા ખરું કહીએ તો તેણે આપણા જીવનની એક બાજુમાં-આપણી ઉત્પાદનની પ્રવૃત્તિમાં-સંખ્યા અને સુવ્યવસ્થા દાખલ કરી છે, અને તેમાં પણ નાનાં નાનાં રાજ્યોના સ્વતંત્ર રાજાઓ છે; કેમકે ઉત્પાદનના અનેક ઘટકોમાંનો એકેએક પોતપોતાના ગઢમાં એકલો ને અળગો થઇને બેઠેલો છે. આપણા નિત્યના જીવનની બીજી બાજુ-વહેંચણી-ને આકસ્મિક યોગ અને અસમાન બળોની ખેંચતાણ પર છોડી દઇએ છીએ. પરિણામ એ આવ્યું છે કે યંત્રે તેના શાપ પૂરેપૂરા વરસાવ્યા છે, તેના આશીર્વાદનું દાન તેણે કર્યું નથી. ગામડાંના જીવનમાં માનવી માનવી વચ્ચે પ્રમાણમાં જે હેતનો ને પરસ્પર લાગણીનો સંબંધ હતો તેમાંથી તેણે આખી વસ્તીઓની વસ્તીઓને છિન્ન ભિન્ન કરી નાંખી કે તેણે આપણા સૃષ્ટિસૌંદર્યવાળા પ્રદેશોને તારાજ કરી દીધા છે. આપણા વૃક્ષોને કરમાવી નાંખ્યા છે અને આપણાં નદીનાળાને વિષમય બનાવી મૂકયાં છે; તેણે કારીગરનું પોતાની કળાકારીગરી વિષેનું અભિમાન હણ્યું છે; તેના અનેક ચાકરોને તેણે નિર્જીવ એકરૂપતા ને અતિશ્રમની ચક્કીમાં હડસેલી દીધા છે. તેની નિયમિત ગતિઓ જે સુરક્ષિતતાનું વચન આપે છે તે, તેમજ તેની ઉત્પાદનની અનંત શક્તિમાંથી જે ફુરસદ અને રિદ્ધિસિદ્ધિ નીપજવાની આશા રાખી શકાય, એ બેમાંથી એકે આપણે-તેના માલને માટે વ્યવસ્થિત બજાર અને ખપત ન હોવાને લીધે-ભોગવવા પામતા નથી."

(એલ્સફર્ડ)

(હરિજન બંધુ, તા. ૨૩-૬-૪૦)

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्ववोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧–૭–૪૦. સોમવાર.

દેશ–કાળને અનુરૂપ ફેરફાર.

રાષ્ટ્રિય મહાસભાના નિયમિત અધિવેશનો અને એ પાછળ સારૂ યે વર્ષ કામ આપનાર ભેળધારી લોકનાયકોએ ભારત વર્ષના વિવિધ પ્રકારી પ્રજાજનોમાં અને દેશના ભિન્ન ભિન્ન ખુણાઓમાં આબાળવૃદ્ધ પર્યંત એટલી જાગ્રતિ આણી છે કે સંસ્થાની કાર્યવાહીમાં સવિશેષ રસ પેદા થયો છે; એટલું જ નહિ પણ સંગઠન અને પરસ્પરના સહકારથી ગમે તેવા મહાભારત કાર્યો પણ કરી શકાય છે એવો પ્રબળ અને દ્રઢ વિશ્વાસ ઉદ્ભવ્યો છે. આની અસરથી જૈન સમાજ પણ મુક્ત નથી રહી શકયો. એના મોટા ભાગને કોન્ફરન્સના અધિવેશન અને એ દ્વારા થતી કાર્યવાહીમાં ઉલટ છે જ. જે કંઇ ઉણપ એ વૃત્તિના પ્રદર્શનમાં દ્રષ્ટિગોચર થાય છે તેના કેટલાક કારણ સંબંધમાં આપણે અગાઉના અંકોમાં વિસ્તારથી વિચારી ગયા છીએ. એનો સાર એટલો તારવી શકાય કે આમ જનતાનું આકર્ષણ કરવાનું એક માત્ર સાધન લાલિત્યપૂર્ણ શબ્દોથી ભરચક ઠરાવો નથી પણ જે દ્વારા કંઇ કાર્ય દાખવી શકાય ને જનસમૂહના ઉંડાણમાં સરળતાથી પ્રવેશી, એ સહ ઓતપ્રોત બની શકાય એવા ઠરાવો છે.

એટલે બંધારણ ફેરફારમાં પ્રતિનિધિત્વના પ્રશ્ન પર જે મહત્વ ભરી વિચારણા કરી ગયા એ પછી જે કેટલીક બાબતો વિચારવાની રહે છે એમાં નીચે મુજબ ખાસ ઉલ્લેખી શકાય.

(૧) પ્રતિનિધિનું લવાજમ યાને ફી. (૨) વિષય વિચારિણી સમિતિની ચુંટણી. (૩) સ્થાયી સમિતિની નીમણુંક. (૪) કાર્યવાહી સમિતિ. (૫) નિયમિત અધિવેશન.

જૈન સમાજ એક રીતે કહીએ તો આ જાતની પદ્ધતિસરની બેઠકોમાં જે રસ લઇ રહ્યો છે. તે એકાદ નવિન અભ્યાસી ઉંચા ધોરણના વર્ગોમાં પ્રથમ પગ મૂકે અને જે અનુભવ એને થાય એ જાતનો છે. સંઘ સંસ્થાનો એનો અનુભવ ઘણો જુનો છે, પણ એની કામ કરવાની પદ્ધતિમાં ફેર હોવાથી એ અનુભવ અહીં બંધ બેસતો ન થાય. ટીપ ભરવાની વાત નવીનથી પણ વાર્ષિક લવાજમનો પ્રશ્ન એની નજરે જરૂર વિલક્ષણ લેખાય. એ બધું જોતાં રકમ ઘટાડવી જોઇએ.

વિષય વિચારિણી સમિતિમાં નિયત કરેલ ક્રમમાંથી 'ગ્રેજ્યુએટોમાંથી ૧૫ અને અધિપતિઓમાંથી ૪' સભ્યો લેવાની કલમ કહાડી નાંખવી–હવે એની જરૂર નથી. જનતામાં એટલી કેળવણી આવી છે કે જેને હવે આવા ઇજારાની અગત્ય નથી. વધુ મત મેળવી આવવાનો અને એ રીતે પોતાના પ્રાંતનો વિશ્વાસ ધરાવવાનો રવૈયો પર્યાપ્ત છે; ચાહે તો તંત્રી હોય કિંવા ગ્રેજ્યુએટ હોય એને એ માટે હરિફાઇ કરવી ઘટે. વળી હિંદના જે રીતે વિભાગ પાડયા છે એમાં જૈન સમાજની વર્તમાન વસ્તીના ધોરણે ફેરફાર કરવાની જરૂર છે.

સ્થાયી સમિતિમાં વ્યવસ્થિત પ્રતિનિધિત્વ આણવા સારૂ હાલના મોજૂદ વિભાગોને બદલે મોટા શહેરો અને એની આસપાસનો પ્રદેશ એની સાથે મેળવી કેન્દ્ર ઉભા કરવા ઘટે. કેવળ ઝાલાવાડ વિભાગ કે હાલાર વિભાગ દર્શાવવાથી એમાંના કોઇ શહેરને શીરે જવાબદારી રહેતી નથી. વડોદરા, ખંભાત ને એડાને એક દોરીએ બાંધવાથી નથી તો કાર્ય સરતુ કે નથી તો પ્રચાર કરવાની સુગમતા થતી. ભાવનગર અને એની આસપાસના પ્રદેશમાં જો ભાવનગરને કેંદ્ર બનાવ્યું હોય તો કંઇપણ પ્રવૃત્તિ થતી રહે. છેવટે ભાવનગરના કાર્યકરોને પોતાના શહેરનું નામ ન બગડે એટલી શરમથી પણ કામ કરવું પડે, આતો માત્ર ઉદાહરણ છે. કેન્દ્ર પ્રથા વિના જાગ્રતિ આવવી અસંભવિત છે. સ્થાયી સમિતિના સભ્યનું લવાજમ ઘટાડવું જોઇએ અને એની બેઠક વર્ષમાં ત્રણથી ચાર વાર જૂદા જૂદા ભાગોમાં કાર્યાલયના સ્થાન સિવાય ભરવી જોઇએ. આજના સાધનોની અનુકુળતાથી એ કંઇ મુશ્કેલ નથી. વળી એથી જે ભાગમાં બેઠક મળવાની હોય ત્યાં અવશ્ય જાગ્રતિ આવે છે. કાર્યવાહી સમિતિમાં કાર્યાલય મુંબઇમાં હોવાથી મુંબઇમાં વસતા સભ્યો આમે જ કરાય એ ઠીક છે, છતાં આજે મુંબઇમાં દરેક પ્રાંતના રહેવાસી વસે છે એટલે એ દરેકનું પ્રતિનિધિત્વ આવે તેમ કરવું જોઇએ અને એ ચુંટવાની જવાબદારી એ પ્રાંતોના માથે નાંખવી ઘટે. એમ થશે તોજ સ્થિતિ સુધરશે. આજે તો એક સભ્ય અમુક પ્રાંત તરફથી બેસતો હોય તે સભ્ય વર્ષમાં એકવાર પણ પ્રાંતમાં જતો સરખો પણ હોય નહિ; અથવા તો તે પ્રાંતમાં એનો કંઇ અવાજ કે પાછળ પીઠબળ પણ ન હોય! પછી એના સમિતિમાં બેઠાનો શો ઉપયોગ!

અધિવેશન ઓછું ખરચાળ બને અને નિયમિત ભરાય એ સારૂ તો ઘણું ઘણું કહેવાયું છે. દરેક પ્રાંતમાં એની બેઠક ફરતી ફરતી મળે. ખાસ કરી એ માટે તીર્થસ્થળ અગર તીર્થસ્થાનની નજીકનું સ્થાન પસંદ કરવામાં આવે અને બેઠક તેમજ જાહેરાત આદિમાં રાષ્ટ્રીય મહાસભાનું અનુકરણ કરાય. વળી એ સાથે જૈન સંસ્કૃતિને અનુરૂપ બીજો કાર્યક્રમ રખાય તો આજની સુસ્તિ સહજ ઉડી જાય.

≠ નોંધ અને ચર્ચા. ≠

'મુંબઇ સમાચાર'ની કીંમતી સલાહ.

મુંબઇ સમાચારના અધિપતિએ તા. ૨૫-૫-૧૯૪૦ ના અગ્રલેખ પછીના કોલમમાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અંગે જે તટસ્થ વૃત્તિએ દીર્ઘદર્શિતા ભર્યું વિવેચન કર્યું છે, એ પરથી કોઇપણ જાતના પક્ષમોહમાં લેપાયા સિવાય અથવા તો જૈન સમાજમાં પડેલ ભાગલા પ્રતિ રાગાંધતામાં તણાયા સિવાય પ્રત્યેક જૈને સાર લેવાનો છે. લેખની પ્રથમ કંડિકામાં જુન્નર અધિવેશન અને ત્યારપછી દીક્ષાના પ્રશ્ન અંગે પડેલ ભાગલાનું ટુંકમાં અવલોકન કરી-એ પાછળ યુવકોની વલણ કેવા પ્રકારની છે તેમ સ્થિતિચુસ્ત માનસ કેવી જાતનું છે, એનું નિષ્પક્ષભાવે તોલન કરી બન્ને પક્ષો ભેગા મળે એ સારૂ કરવામાં આવેલ પ્રયાસ સંબંધમાં સુંદર ખ્યાલ આપ્યો છે. આખુયે લખાણ પક્ષપાતના ચસ્મા ઉતારી વાંચવામાં આવે તો કેવળ વસ્તુ સ્થિતિની સાચી રજુઆત કરી, દેશ-કાળને અનુરૂપ માર્ગ ગ્રહણ કરવાની સૂચના કરે છે. બીજી કંડિકામાં જે ચેતવણી આપે છે તે નજર સામે રાખવા જેવી છે. એ શબ્દો આ રહ્યા:—

"કોન્ફરન્સને નીચી પાડવાના સ્વપ્ન કોઇ સેવતા હોય તો તેમણે યાદ રાખવું ઘટે છે કે તેઓ બીંત ભૂલે છે. હવે પછી પણ સમજુતી થતી હોય તો ઇચ્છવા યોગ્ય છે, અને સમજુતી નહિ જ થતી હોય તો પણ કોન્ફરન્સે તો સ્થાયી સમિતિના નિર્ણય અનુસાર પોતાનું કાર્ય આગળ ધપાવ્યે જ રાખવાનું છે. તે કદાચિત કંઇ નિર્ણયાત્મક કાર્ય નહિ કરે છતાં પ્રચાર કરશે તો પણ મોડું વહેલું તેનું શુભ પરિણામ આવ્યા વિના રહેશે નહિ અને હવે તો સ્થિતિ ચુસ્ત પક્ષને અનુકુળ ફેરફાર કાર્યક્રમમાં કરવાનું કબુલ કરવા છતાં એ પક્ષ નહિ સમજી જાય તો જનતા દોષ તેનો કહાડશે."

ભાવનગરને ચીમકી આપતાં જણાવે છે કે—"કોન્ફરન્સ પક્ષને સમજુતી નહિ કરવા માટે ભાવનગર તરફથી દોષ દેવાતો હતો પણ એ પક્ષે કાર્યક્રમમાં ફેરફાર કરવાનું કબુલ કર્યા પછી તો ભાવનગરના નેતાઓને પરિષદની બેઠક નહિ ભરવા માટે કંઇ કારણ રહેતું નથી. આથી ભાવનગરના નેતાઓએ ભાવનગરના શુભ નામ અને અત્યાર સુધીની કીર્તિને ખાતર પણ પરિષદની બેઠક ભાવનગર ખાતે બોલાવવાનું આમંત્રણ સજીવન કરવું ઘટે છે."

પરિષદના નેતાઓને ઉદ્દેશી સલાહ આપે છે કે-"નેતાઓએ આ માટે ત્યાગવૃત્તિ એખ્તિયાર કરવી પડશે, અને આરામ ખુરસી પરથી ઉઠી કામ કરવા મંડી ઉંજમ લાવવો પડશે."

'મુંબઇ સમાચાર' સામે સોસાયટીના બખાળા.

ઉપર જે અગ્રલેખની વાત કરી ગયા એ સામે અમદાવાદની યંગમેન જૈન સોસાયટીના મંત્રીઓએ તા. ૧૪-૬-૪૦ ના 'વીરશાસન'માં વિના કારણ બખાળા કહાડ્યા છે. અગ્રલેખની ભાષા અને મધ્યસ્થ દ્રષ્ટિથી લખાયેલ લખાણ વાંચતાં કોઇને પણ પહેલી તકે લાગ્યા વિના ન રહે કે એમાં તંત્રીશ્રી કેવળ નિષ્પક્ષભાવે જૈન સમાજના ભાવિ કલ્યાણની દ્રષ્ટિથી વ્યાજબી રીતે પ્રશ્નની છણાવટ કરી રહેલ છે. પણ જેની ચક્ષુઓમાં 'મારૂં એજ સાચું' અથવા 'અમૂક સૂરિ છાપ મારે એજ સમ્યકત્વી બાકી બધા નાસ્તિક કે અધર્મી' જેવા ભ્રમજનક પડળો બાઝવા હોય તેને એ નિતરાં સત્યમાં પણ એક પક્ષીયતા દેખાય એમાં આશ્ચર્ય શું? જે અધિપતિએ આજ પૂર્વે સોસાયટીની નાની મોટી પ્રત્યેક પ્રવૃત્તિ ને જાહેરાત આપવામાં રંચ માત્ર ભેદભાવ નથી દાખવ્યો પણ ઘણા પ્રસંગોમાં ઉલ્ટું વધુ મહત્વ આપ્યું છે અને એ માટે ઉક્ત પક્ષ તરફથી એક કરતાં વધુ વાર અભિનંદન મેળવ્યા છે. એ જ્યારે જાતે પરિસ્થિતિનું સમભાવે તોલન કરી સાચી દિશા આજે દર્શાવે છે, ત્યારે મંત્રી મહાશયો શા સારૂ મ્હોં ફેરવે છે, અને એ સામે ખોટા પ્રલાપ કહાડે છે? યુવક સંઘ એ જુદી સંસ્થા છે એ જાણ્યા છતાં વારેકવારે શા માટે એની કેટલીક પ્રવૃત્તિઓને કોન્ફરન્સની સાથે ભેળવવામાં આવે છે? એ પાછળ કેવળ આ મહાન્ સંસ્થાને હલકી પાડવાનો નિંદ્ય ઇરાદો નથી તો બીજું છે શું? જુન્નરના દીક્ષા ઠરાવથી રાજનગર મુનિ સંમેલનનો ઠરાવ આગળ ગયો છે અને કપરો પણ છે. એ ઉપરથી જ કોન્ફરન્સના ઠરાવમાં રહેલ દીર્ઘદ્રષ્ટિનો ખ્યાલ આવે તેમ છે. રાષ્ટ્રિય મહાસભાના શિસ્તની વાત કરનારા જરા પોતાના વર્તન તરફ નજર નાંખશે તો જણાશે કે જૈન સમાજની મહાન્ સંસ્થા પ્રત્યે શિસ્તભંગનું પગલું ભરનાર તેઓ પોતેજ છે, અને સિદ્ધાંત ભંગના નામે સ્વચ્છંદતાથી ભાંડવામાં તેમણે પોતેજ પહેલ કરી છે. સિદ્ધાંત ભંગ ન ચલાવી લેવો જોઇએ એ વાત જરૂર ઇષ્ટ છે, પણ સિધ્ધાંત ભંગ થયો છે કે કેમ એ પ્રથમ નક્કી કરવું જોઇએ તો ખરૂં જ ને! અને તે વાત આઘે ઉભી પથરા ફેંકવાથી ન બને પણ બધો મિલાવી, સાથે ઉભી, નિષ્પક્ષ દ્રષ્ટિયે વિચારી કરવી જોઇએ.

જૈન સમાજના શ્રેયમાં રસ ધરાવતાં ગ્રહસ્થોએ જ્યારે ઐકય સાધના માટે પ્રયાસ સેવી સફળતા પ્રાપ્ત થાય તેવી ભૂમિકા સુધી કામ કર્યું છે, ત્યારે એમાં અવરોધ ઉભો ન કરો; પણ સાચા જીગરથી એમાં સાથ આપો. સ્થાયી સમિતિએ ઉઘાડેલા દ્વારમાં પ્રવેશી, દેશકાળને અનુરૂપ કાર્યમાં બધો મીલાવો. ગઇ ગુજરી ભૂલી જવામાં જ સાર છે. સુજ્ઞેષુ કિંબહુના!

કેળવણી અતિ ખર્ચાળ બની છે

એક તરફ હિંદની સ્થિતિ હુન્નર ઉદ્યોગના અભાવે દિવસાનુદિવસ રંક થતી જાય છે અને દરિદ્રતા ડાકિની વધુ ને વધુ પ્રમાણમાં ડોકીયા કાઢી ઉભી રહે છે, ત્યારે નિશાળોમાં કેળવણી અતિ મોંઘી ને ખરચાળ બનતી જાય છે. ફીનું પ્રમાણ વધુ હોય છે એમાં ચોપડીઓનો ખરચો જબરી વૃદ્ધિ કરે છે. અભ્યાસક્રમ ઘણી ખરી નિશાળોમાં દર વર્ષે બદલાતો હોવાથી જુના પુસ્તકોમાંથી જવલ્લેજ કામ લાગે છે અને વિદ્યાર્થીઓને નવા પુસ્તકો લાવવા પડે છે! હિંદ જેવા ગરિબ દેશને આ પ્રથા પરવડી શકે તેવી નથીજ. પૂર્વે મહાત્મા ગાંધીજીએ વારંવાર અભ્યાસક્રમ બદલવા સંબંધમાં કેળવણી નિષ્ણાતોનું ધ્યાન ખેંચ્યું હતું, અને એ સામે લાલ બત્તી ધરી હતી તે વાસ્તવિકજ હતું. આ જાતના મોટા ખરચાને લઇ મધ્યમ કક્ષાના વિદ્યાર્થીઓને ભણવાનું મોંઘુ પડી જાય છે. કેટલાકને અકાળે નિશાળને છેલ્લા રામ રામ કરવા પડે છે. પ્રત્યેક નિશાળના સંચાલકોને આ પ્રશ્ન દેશ-કાળ પ્રતિ નજર રાખી વિચારવા આગ્રહભરી વિનંતિ છે.

સિદ્ધક્ષેત્રના કેટલાક પ્રશ્નો.

સિદ્ધક્ષેત્ર યાને પાલીતાણા એ જૈન સમાજ માટે અતિ મહત્વનું અને સર્વશ્રેષ્ઠ યાત્રાધામ ગણાતું હોવાથી ત્યાં યાત્રિકોનું ગમનાગમન સરિતા પ્રવાહસમ સદા વહેતું રહે છે. ફક્ત ચોમાસામાં એ માટે પ્રતિબંધ હોવાથી ભાગ્યેજ કોઇ રડ્યો ખડ્યો મુસાફર યાત્રાર્થે આવે છે! આમ છતાં એ સમયમાં પણ ખાસ ચોમાસું એ પવિત્ર ભૂમિમાં કરવાના ઉદ્દેશથી આવી વસેલાં યાત્રાળુઓ હોય છે તો ખરાંજ. સિદ્ધાન્તમાં જે પવિત્ર પહાડનું મહાત્મ્ય સવિશેષ દર્શાવવામાં આવ્યું છે અને જેને માટે પૂજ્યકાર મુનિશ્રી વદે છે કે—

'કાંકરે કાંકરે શ્રી સિદ્ધ ક્ષેત્રે, સાધુ અનંતા સીધ્યારે'

વળી જ્યાં શ્રી યુગાદિ જીનેશના પવિત્ર પગલાં માત્ર પાંચ પચીશ વાર નહિં પણ નવાણું 'પૂર્વ' વાર થયેલાં છે અને ચોવીશ જીનમાંના એકાદને વર્જી સૌ કોઇ આ શાશ્વત ગિરિની શીતળ છાયામાં જુદા જુદા પ્રસંગે આવી ગયાં છે આમ જ્યાં પવિત્રતા અને મહત્તા ઠાંસી ઠાંસીને ભરાયેલ છે એવા તીર્થાધિરાજ શત્રુંજય અને એની તળેટીમાં વસેલા પાલીતાણા શહેર સબંધમાં થોડો વિચાર આવશ્યક થઇ પડે છે. પ્રત્યેક વર્ષે જ્યાં વધુ નહિં તો બે ત્રણ દિવસ ગાળવા એ માનવ જીવનની અહોભાગ્ય ઘટિકા મનાઈ છે ત્યાં વાતાવરણની વિચિત્રતા કે માનવ વ્યવહારની વિકૃતિ આંખ ઉઘાડી રાખીને જોવામાં આવે તો અવશ્ય ગ્લાનિ પેદા કરે તેમ છે. ચાહે તો પાલીતાણા હોય કે પુનિત પર્વતની ટોચે આવેલ દાદાશ્રી ઋષભદેવની મોટી ટુંક હોય કિંવા ખુદ આદિનાથનું દેવાલય હોય-એ સર્વ સ્થળે નૈતિક બંધનના દોર હરગીજ ઢીલા ન પડવા જોઇએ. નિતિશાસ્ત્રની દૃષ્ટિયે દોરવામાં આવેલ મર્યાદાના અંક ઉલંઘાવા ન પરવડે. શ્રી વીતરાગ પ્રભુના શાસનમાં ભક્તિને મોંઘેરું સ્થાન હોવા છતાં એની ઘેલછા સામે તો આડી લીંટીજ ઉભી કરાયેલી છે. મર્યાદા ભંગ થતો હોય એવું એક પણ વર્તન ઘડીભર પણ ચલાવી લેવાની સખ્ત મના કરવામાં આવી છે. ચારિત્રસંપન્નતા માટે અથવા તો સદ્વર્તન સારૂ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. જે ધર્મના પ્રણેતા ઉપરોક્ત ગુણો માટે બહુમાન ધરાવતાં હોય ત્યાં આજે જે જાતના વિચિત્ર અને ઘૃણાજનક વર્તન ચાલી રહ્યાં હોય એ જૈન નામધારીને રંચ માત્ર શોભા આપે તેવા નથીજ. એમાંના કેટલાક પ્રશ્નો સત્વર ઉકેલ માંગે છે. એ સબંધે તાકીદે પ્રબંધ કરવાની ફરજ ધર્મશાળાના વ્યવસ્થાપકોની અને તીર્થનો વહીવટ સંભાળતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની છે.

પાલીતાણાને પ્રથમ લઇએ તો આજે ત્યાં નર-નારીઓ માટે ઝાડે જવાની જરા પણ સગવડ છે ખરી? ધર્મશાળાઓ વધી. એમાં અન્ય પ્રકારની સગવડો પણ ઉમેરાઇ છતાં દિન ઉગ્યે જે વસ્તુની ખાસ અગત્ય રહે છે, અને જ્યાં મર્યાદા જળવાય એવા પ્રબંધની જરૂર છે એને માટે કંઈ છે ખરૂં? જશકોરની મેડી સામે ને બાજુ તથા કોટાવાળાની ધર્મશાળાની બાજુની ગલી પાછળ જ્યાં આજે ઘણા ખરા યાત્રાળુઓ જંગલ જાય છે એ સ્થાનમાં સ્ત્રી પુરુષની મર્યાદા જળવાય તેવું છે ખરૂં? એક તો પાછળ રસ્તો છે એટલે બીજો પણ અવર જવર ખરો. એમાં ઉભયને માટે નથી જુદા માર્ગ! કેટલીક વાર ગલીના નાકેજ સ્ત્રીઓ બેસી જાય છે. કોઇકવાર એમાં સાધ્વીજી પણ નજરે ચઢે છે ત્યારે તો મનમાં જબરો ક્ષોભ ઉદ્ભવે છે! એજ માર્ગે થઈ મરદને જવાનુ! આ વિચિત્રતા ને વિકૃતિ હજુ સુધી કેમ ચલાવી લેવાય છે! ટળાટીના પાછળા ભાગમાં પણ પ્રથમ ઉભય વર્ગ માટે જુદા ભાગ જેવું હતું. થોડા અંશે પણ મર્યાદા જળવાતી! ત્યાં એક તરફ આગમ મંદિર ને એના મકાનની હાર આવવાથી એ સગવડ જતી રહી. ત્યાં પણ આજે સ્ત્રીઓને કયાં બેસવું અને મરદોએ કેવી રીતે જવું એ સવાલ મુંઝવે છે. વળી ડોલીવાળાઓ એ નાની બારીનો માર્ગ અવર જવરનો બનાવ્યો છે! રોજની હાજત માટે સ્ત્રી પુરુષની મર્યાદા સચવાય તેવો, અને યાત્રાળુઓને બહુ દૂર ન પડે એવો બંદોબસ્ત તાકીદે કરવાની જરૂર છે. આ પ્રશ્નની અગત્ય એને પ્રથમ સ્થાન અપાવે છે. સૌ પ્રથમ પ્રબંધ એને સારૂ કરવાનો છે.

—M.

સમાચાર સાર

—ગુજરાંવાલા (પંજાબ) માં જેઠ શુદ ૮ ના શ્રી વિજયાનંદસૂરિશ્વરજી મહારાજની જયંતી ઉજવી. પ્રતાપરાણાની જયંતી હિંદુઓએ ઉજવી. આ જયંતીમાં ખાસ આમંત્રણ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને આપવામાં આવતાં તેઓશ્રીએ ત્યાં ભાગ લીધો હતો અને પ્રતાપ ભામાશા સાથેના સંબંધનું વર્ણન કર્યું હતું.

—પૂજ્ય આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પંદરમી જયંતી શ્રી મહાવીરસ્વામીજીના ઉપાશ્રયે જેઠ વદ ૩ શનીવારે આચાર્ય શ્રી જીનરિદ્ધિસૂરીશ્વરજીના પ્રમુખસ્થાને ઉજવવામાં આવતાં શ્રી વાડીલાલ માસ્તર તેમજ શ્રી ભોગીલાલે સૂરીજી પ્રત્યેના કાવ્યો સંભળાવ્યા હતા. શેઠ લલ્લુભાઇ દલાલ, શેઠ જીવણચંદ ધરમચંદ, શ્રી. મોહનલાલ ઝવેરી સોલીસીટર, શ્રી. વાડીલાલ જેઠાલાલ, શ્રી. મંગળદાસ ઝવેરી, શ્રી. નરોતમ બી. શાહ તેમજ પંન્યાસજી શ્રી રત્નમુનિજીગણીએ સ્વર્ગસ્થ પ્રત્યેના ગુણગાનપૂર્વક વિવેચનો કર્યા હતા. છેલ્લે પ્રમુખસ્થાનેથી આચાર્યશ્રીએ ઉપસંહાર કર્યો હતો.

શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભાને ઉદાર સખાવત.

ઉક્ત સભાની શ્રી **શકુંતલાબ્હેન કાંતીલાલ ધરચલાલ જૈન** કન્યાશાળામાં નવી ટર્મમાં અસાધારણ સંખ્યામાં દાખલ થવા આવનાર જૈન કન્યાઓને દાખલ કરી શકાય એ હેતુથી એક ઉદાર કેળવણીપ્રિય આગેવાન બંધુએ રૂા૦ ૫૦૦૦) દર વર્ષે-એ વર્ષ સુધી આપવા (કુલ રૂા૦ દશ હજાર) કૃપા કરી છે આમ થતાં જૈન બાળાઓને એ ડિવીઝન થાય ત્યાં સુધી દાખલ કરવા સભાના કાર્યવાહકોએ નક્કી કરેલ છે.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૦, પાયધુની, મુંબઈ, ૩.

પુસ્તકોનું અવલોકન.

૧ **શ્રી ગાથા સહસ્રી**—સં. શ્રી સમયસુન્દરગણિ પ્ર૦ શ્રી જિનદત્તસૂરિ પ્રાચીન પુસ્તકોદ્ધાર ફંડ (સુરત) શીતલવાડી ઉપાશ્રય.) આ પુસ્તકમાં પ્રાકૃત ગાથાઓનો સંગ્રહ કરવામાં આવેલ છે અને એ ઉપર વિસ્તારથી નોંધ આપેલી છે શ્રીયુત્ મોહનલાલ ભગવાનદાસ ઝવેરીએ આઠ પાનાની પ્રસ્તાવનામાં એ સંબંધમાં સુંદર પ્રકાશ પાડયો છે.

૨ તત્વાર્થ સૂત્ર (હીંદી ભાષા) કિં. ૧-૨-૦ લે. પંડિત સુખલાલજી.

૩ વીર પ્રવચન (ગુજરાતી) કિં. ૦-૧૦-૦ લે. મોહનલાલ ચોકસી ઉપરના બન્ને પુસ્તકો કે શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથમાળાના પ્રથમ અને દ્વિતિય પુષ્પ તરિકે શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ ટ્રસ્ટ બોર્ડ તરફથી પ્રગટ થયેલ છે. એમાંના વીર પ્રવચન સંબંધમાં પૂર્વે આ પત્રમાં નોંધ લેવાઇ ચુકી છે. એની આ નવી આવૃત્તિમાં તીર્થો-સાહિત્ય અને પર્વો સંબંધી લખાણ ઉમેરી લગભગ ચાળીસ પાનાનો ઉમેરો કરાયેલ છે. તત્વાર્થ સૂત્રના લગભગ સાતસો પાનામાં પંડિતજીએ જૈન ધર્મના ઉમદા તત્વોનું સરળ ભાષામાં વ્યાન કર્યું છે. એ પરની લાંબી પ્રસ્તાવનામાં વાચકવર્ય ઉતાસ્વાતિ મહારાજના આ સુપ્રસિદ્ધ ગ્રંથ પર કેટલી ટીકાઓ થઇ છે એનો વિસ્તારથી ઇતિહાસ આપી, આ ગ્રંથ માટે દિગંબર સંપ્રદાય પણ બહુમાન ધરાવે છે એના કારણ સમજાવતાં લાંબુ વર્ણન કર્યું છે. શૈલી એવી લીધી છે કે વિદ્યાર્થી વર્ગ માટે આ ગ્રંથ આશીર્વાદ સમાન છે. જૈન જૈનેતર વિદ્યાર્થી એનો લાભ છુટથી લઇ શકે એ સારૂ એ વર્ગ માટે બોર્ડ તરફથી માત્ર બાર આના કિંમત રખાઈ છે.

પ્રાપ્તિસ્થાન—મોહનલાલ દીપચંદ ચોકસી.

તાંબાકાંટા, વહોરાનો જુનો માળો, ૪ થે માળે, મુંબઇ ૩

૪ શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભા ૨—આ ભાગમાં મહારાજશ્રીના ઉપદેશ વાકયામૃતના સંગ્રહ ઉપરાંત આખી સુક્ત મુક્તાવળી ભાવાર્થ સહિત આપવામાં આવેલ છે. વિશેષમાં એ સંતનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર અપાયેલ છે. શ્રી. કુંવરજીલાઇએ પ્રસ્તાવના લખી છે. લગભગ ૩૬૦ પાનાનવાળા આ પુસ્તકની કિંમત માત્ર ૦-૬-૦ છે.

૫ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિશ્વરજીનું જીવન ચરિત્ર પ્ર. જીવણલાલ પોપટચંદ શાહ. કિં. ૦-૩-૦ ગુજરાતી ભાષામાં લખાયેલ આ પુસ્તિકા વિદ્યમાનસૂરિજીએ કેવી રીતે પ્રગતિ સાધી આજનું મહત્વતા ભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું એ દર્શાવે છે અને મુનિવિહાર કેવા લાભો કરે છે તેનો સુંદર ચિતાર આપે છે. જ્યાં જ્યાં આ મહાપુરૂષના પગલાં થયા છે ત્યાં સંપને શાંતિ વર્તી રહી છે અને વર્ષો જુના કલેશો પણ તેઓશ્રીની સમજાવટથી નાશ પામ્યા છે એ દર્શાવતી આ લઘુ પુસ્તિકા સાધુ જીવનમાં રહેલ પવિત્રતાનો ઠીક ખ્યાલ આપે છે.

—ચોકસી.

મર્હુમ શેઠ જીવાભાઈ કેશરીચંદ તેમનો ટુંક પરિચય.

આજથી બાસઠ વર્ષ પહેલાં રાધનપુર ખાતે શેઠ કેસરીચંદ કસ્તુરચંદને ત્યાં તેમનો જન્મ થયો હતો, તેમની બાલ્યાવસ્થા સામાન્ય રીતે પસાર થઇ હતી ત્યાર બાદ ધંધાર્થે તેઓશ્રી મુંબઇ આવ્યા.

તેઓશ્રીનું જીવન વિવિધ રંગોથી રંગાયેલ હતું. તડકો અને છાયો ખૂબ અનુભવ્યો હતો. તેઓશ્રી મેસર્સ નારણદાસ મનોરદાસની પેઢીના માલીક શ્રીયુત શેઠ ગોરધનદાસ સોનાવાલાના આગ્રહથી તેમની પેઢીમાં જોડાયા હતા, અને ધીમે ધીમે એ પેઢીના મુખ્ય ભાગીદાર બન્યા હતા.

તેઓશ્રીએ જેમ લક્ષ્મી મેળવી તેમ ખર્ચી પણ જાણી છે. જાહેરાતથી તેઓશ્રી હંમેશાં વેગળા રહેતા હતા, એટલે સામાજીક કાર્યોમાં આગળ પડતો ભાગ ન લેવા છતાં પણ પરોક્ષ રીતે પોતાની દરેક સેવા આપતા હતા, તેઓશ્રી અનેક સંસ્થાઓના પેટ્રનનું માનવંતુ સ્થાન ધરાવતા હતા. જેવી કે 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય' બોંબે હયુમેનીટેરીઅન લીગ (જીવદયા મંડળી) શ્રી મુંબઇ ગોરક્ષક મંડળી કાંદેવલી શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ વગેરે વગેરે.

રાધનપુર ખાતે યાત્રીઓની સગવડ માટે કોઇ સ્થાન ન હતું. શેઠ જીવાભાઇના લક્ષ્ય ઉપર આ બાબત આવતાં તેઓશ્રીએ એક આલીશાન ધર્મશાળા બંધાવી આપી કે જે યાત્રીઓને આર્શીવાદ રૂપ થઇ પડી છે.

રાધનપુરના અગ્રગણ્ય શહેરીઓમાં તેમનું સ્થાન પ્રથમ પંક્તિમાં આવતું હતું. તેમના સ્વર્ગવાસથી જૈન સમાજને એક મુત્સદી, ઉદાર, અને મુંગા સેવકની ખોટ પડી છે, સંભળાય છે કે સદ્ગત પોતાની પાછળ પણ મોટી સખાવત કરી ગયા છે. મર્હુમને સંસ્કારી પત્નિ ત્રણ પુત્રો અને એક પુત્રી છે.

તેમના આત્માને ચીરશાંતિ મળો એજ અભ્યર્થના.

—જાણકાર.

જોઇએ છીએ.

સુરતની શ્રી જયકુંવર જૈન જ્ઞાન—ઉદ્યોગશાળા માટે **ધાર્મિક સ્ત્રી શિક્ષિકા** તેમજ તે ઉપરાંત બીજી બાઇઓ શિવણ, સંગીત, ચિત્રકામ આદિ સ્ત્રી ઉપયોગી અગર ઘરગથ્થુ હુન્નર ઉદ્યોગ શીખવી શકે તેવી બાઇઓ. ઓછામાં ઓછો પગાર તથા લાયકાત સાથે લખો:—

કુંદનલાલ હીરાચંદ ઝવેરી.
મેનેજીંગ ટ્રસ્ટી.
શ્રી જયકુંવર જૈન જ્ઞાન ઉદ્યોગ શાળા.
ગોપીપુરા, ચાંલ્લા ગલી, સુરત.

દેવગઢની જૈન ગુફા.

લેખક:—
નાથાલાલ છગનલાલ શાહ.

મૌજુદાના યુક્ત પ્રદેશની દક્ષિણ પશ્ચિમ દિશાએ માળવાનો કંઈક અંશ આવેલ છે. ઝાંસીની પ્રખ્યાત મહારાણી લક્ષ્મીબાઈના રાજ્ય અમલમાં તેમ મરાઠાઓની અમલદારીમાં આ પ્રદેશનો અધીકાર ઝાંસીના પંડિતોનો હતો. તેની પૂર્વ દિશામાં બુદ્દેલખંડના જંગલ અને પશ્ચિમ દિશાએ માળવાના પહાડો આવેલ છે ઝાંસીના દક્ષિણ ભાગના અંતમાં લલિતપુર નામનું શહેર આવેલ છે. લલિતપુરથી વીસ માઈલ દક્ષિણમાં દેવગઢ નામનું પ્રાચીન સ્થાન આવેલ છે. પંદરસો વર્ષો પર આ સ્થાન જૈનોની પવિત્ર તીર્થ ભૂમિ તરીકે પસિદ્ધ હતું જે હાલમાં નાનું ગામ છે. આ સ્થળે હાલમાં એક જૈન પુજારી સિવાય એક પણ જૈનનું ઘર હસ્તી ધરાવતું નથી. જે પુજારી દેવગઢની ટેકરી પર આવેલ જૈન મૂર્તિઓની પુજા કરવા જાય છે. આ ગામ બેતવા નદીના કીનારા પર આવેલ છે. તેમ આ ટેકરી જમીનના ભોંય તળીયાથી ત્રણસો ફીટ ઉંચાઇએ છે. કે જેના પર બુન્દેલના પ્રખ્યાત રાજા કિર્તીવર્મા ચંન્દેલનો "કરનાલી" નામનો પ્રાચીન કીલ્લો આવેલ છે ટેકરી પર જૈનોનાં સોલ મંદિરો આવેલ છે. તેમાં કેટલાંક સારી સ્થિતિમાં છે ને બાકીના ઘણાના ભાગનો નાશ થયેલ છે. તેમાંનું કોતર કામ એ શિલ્પકળાના નમુના રૂપ છે. આ ટેકરીથી પશ્ચિમ બાજુની ટેકરી પર જવા આવવા માટે રાજઘાટી અને નાહારઘાટી નામના બે રસ્તાઓ આવેલ છે જે બડકમાંથી કોતરી બનાવેલ છે.

આ ટેકરી પરની બાજુમાં પથ્થરમાંથી કોતરી કાઢેલ સિદ્ધગુફા નામની એક જૈન ગુફા આવેલી છે. તેમાં જવા માટે પગથીઆં મધ્ય ભાગમાંથી તે બાજુ દોરાય છે. ટેકરીની સપાટી ઉપર એક ડાક બંગલો નવો બંધાવેલ છે. બંગલાની ઉત્તર દિશામાં (Dashabtar) દશાવતારનું મંદિર આવેલ છે. દશાવતાર, સિદ્ધગુફા અને નાહારઘાટીના સ્થાનો ગુપ્ત રાજાઓના બનાવેલ છે દશાવતારની નજીકમાં એક "હાથી બન્ધા" નામનો પથ્થરનો થાંભલો છે જ્યાં હાથીઓને બાંધવામાં આવતા. આ ટેકરીનું વરસાદનું પાણી આ રસ્તે બેતવા નદીમાં જાય છે. આ સ્થળેથી ગુપ્ત વંશના સમયના કેટલાક શિલાલેખો મળી આવેલ છે.

સિદ્ધગુફાની બહાર એક નાનો શિલાલેખ છે. જેમાં જેખલોનના બુન્દેલના વડવાદાએ અહીંઆ આરામ કરેલ અને અહીંઆ મરણ પામેલ તે સમયે દેવગઢ ઘણું પ્રખ્યાતિમાં આવેલ હતું દેવગઢના બુન્દેલ રાજાઓએ અહીંની જેમ દતીઆમાં કીલ્લો બાંધેલ હતો. દેવગઢના પૂર્વ ભાગે જૈન મંદિરો જુદા જુદા સમયમાં બંધાયેલ હતા. આ મંદિરોના મધ્ય ભાગમાં એક છ થાંભલાનું મહોટું મંદિર છે તેની થોડેક દુર એક ચાર થાંભલાનું છત્રી સ્થાન આવેલ છે આમાંના એક થાંભલા પર રાજા ભોજદેવના રાજ્યકાળના સમયનો એક પ્રાચીન શિલાલેખ શક સંવત ૭૮૪ ઇ. સ ૯૧૧ નો કોતરાએલ છે. તેમ બીજો શિલાલેખ જે આઠ લીટીનો મળી આવેલ છે જે ઇ. સ. ૧૦૯૭ નો છે જેમાં સુચવે છે કે કીર્તિવર્મા ચંન્દેલના મુખ્ય પ્રધાન વચ્છરાજે એ બનાવેલ છે જેથી આ રાજાના સ્મારક તરીકે દેવગઢના કીલ્લાનું નામ કીર્તિદુર્ગ કહેવાય છે.

સિદ્ધગુફામાં એક નાનો શિલા લેખ છે અને નાહાર ઘાટીમાં એક મહોટો સાત લીટીનો શિલા લેખ છે. અને રાજા ઘાટીમાં રાજા કીર્તિવર્મા ચંન્દેલનો શિલા લેખ છે તેમાં સુચવેલ છે કે સંવત ૧૪૯૩ (ઇ. સ. ૧૪૩૬) માં નાહનસીંહજીએ આ મંદિર બંધાવ્યું.

દેવગઢમાં ૨૦૦ શિલા લેખ છે જેમાં ૧૯૭ શિલાલેખ ઐતિહાસીક છે. અહીંઆના જૈન મંદિરોમાં શાંતિનાથનું મંદિર મહોટું વીશાલ શિલ્પ કળાના નમુના રૂપ છે તેમાંના એક સંસ્કૃત શિલા લેખમાં સુચવેલ છે કે વીક્રમ સંવત ૧૩૬૩ માં દાન દાનેશ્વર સિંઘવી લક્ષ્મણના વંશમાં સિ. જગરાજે બનાવ્યું. આ મંદિરની ઉત્તર દિશાએ એક ઐતિહાસીક ભાષામય શિલા લેખ પ્રાચીન સમયનો છે જેમાં "જ્ઞાન શિલા" કોતરાએલ છે તેમાં અઢાર ભાષાઓ અને અઢાર લીપીઓના[1] નમુના બતાવેલ છે તેમાં જણાવેલ છે કે—સાખા નામદીને આ કોતરાવેલ છે.

કોટના દક્ષિણના દરવાજા નીચે બેતવા નદી વહે છે નદી તરફ જવા માટે ત્રણ ઘાટો, પર્વત કોતરી બનાવેલ છે તેમાં ત્રણ શિલા લેખ બ્રાહ્મી લીપીમાં કોતરાએલ છે.

અહીં સ્થાનીક દંતકથા છે કે-દેવપત અને ખેવપત નામના બે જૈન ભાઈઓ કે જેઓએ "જ્ઞાનીનો પથ્થર" મેળવ્યો હતો આથી તેઓએ ઘણું દ્રવ્ય મેળવ્યું હતું અને કીલ્લો અને મંદિરો શહેરમાં સાથે બંધાવ્યાં હતાં આ પથ્થરનું સાંભળી તે વખતના રાજા આવ્યા અને શહેરની બહાર કે જ્યાં જ્ઞાનીનો પથ્થર હતો ત્યાં ગયા અને બેતવા નદીમાં ફેંકી દીધો.

આ સ્થાનપરનાં મંદિરોની શિલ્પ કારીગરી ભારત વર્ષની શિલ્પકળામાં અનોખી છે. અહીં પ્રાચીન સમયના કીર્તિ સ્થંભો જોવામાં આવે છે.

ઉપરોક્ત શિલા લેખોમાં એક મ્હોટો શિલા લેખ સાત લાઇનમાં કોતરાએલ મળી આવેલ છે જેમાં બ્રાહ્મી લીપીમાં ગુપ્ત રાજ્ય કાળના સમયનો છે તેમાં આઠ દેવીઓના ચિત્રો કોતરાએલ છે.[2]

જનરલ કનીંગહામે જણાવેલ છે કે—અહીંના મંદિરો પૈકીનો એક શિલાલેખ સંવત ૮૬૨ (ઇ. સ. ૧૧૬૪) તેમ બીજો એક ઉપયોગી શિલા લેખ શક સંવત ૭૮૪ ભોજ દેવના સમયનો છે તે ઇ. સ. ૮૬૨ ના મળી આવેલ છે.[3]

---

૧ જુઓ સમવાયાંગ સુત્ર.

૨ આર્કિઓલોજીકલ સર્વે રિપોર્ટ વો. ૧ સન ૧૯૧૭-૧૮ પૃ. ૩૮

૩ કનીંગહામ આર્કિ. સર્વે ઓફ ઇન્ડીયા રિપોર્ટ વો. ૧૦ પૃષ્ટ ૧૦૦-૧૦૪

श्रीमान् पूर्णचन्द्रजी नाहर (संस्मरण)

आचार्य श्रीराधारमण शर्मा, शास्त्री, काव्यतीर्थ.

जाडे के दिन थे और १९३३ का साल। डाक्टरों की सम्मति से मैं अपने दुर्लभ स्वास्थ्य की मरम्मत के लिए राजगृह की पार्वत्य भूमि में सपरिवार रहकर गन्धक-मिश्रित उष्णजल के सोतों का आनन्द ले रहा था। राजगृह विहार का प्रकृतिनिर्मित सेनिटोरियम है, विश्वविश्रुत नालन्दा के पार्श्व में बसा हुआ, छोटी-छोटी पर्वत-मालाओं, पर्वतों का हृदय फाडकर निकलनेवाले ठंडे और गरम जल के मनोरम झरनों, और उपवन-सरीखे वनों से नयनाभिराम! राजगृह का महत्त्व इन्हीं में है। वह कोई नगर नहीं है; महज छोटा-सा गाँव। फिर भी वहाँ जाडे के अवसर पर सैकडों स्वास्थ्यचिन्तकों और हजारों जैनों की भीड होती है। वह जैनों और बौद्धों का एक महान् तीर्थभी है।

मैं वहीं पंचायती अखाडे में सपरिवार ठहरा हुआ था। अखाडे के श्रीयुत महन्तजी ने अपना दोमंजिला नया मकान मुझे पूरा का पूरा दे रक्खा था, नहीं तो मुझे भी अन्य यात्रियों की तरह या तो धर्मशाला की किसी छोटी कोठरी में अपनी दुनिया बसानी पडती, या फिर किसी मिट्टी के झोपडे में रहने का सुख लूटना पडता।

राजगृहवास के आरम्भिक दिनों में ही धर्मशालाओं के बीच एक सुन्दर-सा बँगला देख जब उसके भी धर्मशाला होने की कल्पना कर मैं निश्चिन्त हो गया था, तो एक दिन किसी पंडे ने मुझे बताया—यह नाहरजी का बँगला है। नाहरजी बडे अच्छे आदमी हैं, वे दो-चार दिन में ही यहां आनेवाले हैं, उनके आ जाने से राजगृहवासी सनाथ हो जाते है आदि-आदि। मैंने सुना, सोचा—होंगे कोई नाहरजी, मुझे क्या मतलब! और इन बातों को भूल गया। मैं स्वीकार करता हूं—उन दिनों पुरातत्त्व के इस अगाध विद्वान्, सौजन्य के इस मूर्तरूप, आतिथ्य के इस व्यसनी और सहृदयता के इस स्तम्भ से मेरा धुंधला-सा परिचय था।

उसके कई दिन बाद एक दिन, मैं राजगृह के छोटे-से अस्पताल में बैठा अस्पताल के डाक्टर मि० पी० गुप्ता से गप्पें लडा रहा था। डाक्टर बंगाली थे, पर हिन्दी के बडे हिमायती! सहृदय भी आला दर्जे के थे। मेरी बदकिस्मती या खुशकिस्मती से जब उन्हें पता मिला—मैं भी साहित्यिक क्षेत्र के पांचवें सवारों में हूं तो वे बडे ही प्रसन्न हुए। फिर तो उनसे साथ छुडाना कठिन हो गया। उनके लिए मेरे पास एक और आकर्षण था, और वह था मेरे पास आनेवाली पत्र-पत्रिकाओं का ढेर! उन्हें अस्पताल से छुट्टी मिलती नहीं और आ जमते। खैर।

गप्पों के बीच डाक्टर ने अकस्मात् कहा—"सुनते हैं, कल नाहरजी आ गये।"

"कौन नाहरजी?"—मैंने दरयाफ्त किया।

"ओह! आप नाहरजी को नही जानते। कलकत्ते के पूर्णचन्द्रजी नाहर!"

"जानता हूं, वे पुरातत्त्व के विद्वान् हैं।"

"बस? अरे, वह पुरातत्त्व के विद्वान् तो हैं ही, उससे कहीं अधिक सौम्य, सहृदय और सुशील हैं। मेरा दावा है—जो भी एक बार उनसे मिल लेगा, वह उनके सौजन्य का आजन्म कायल रहेगा। वह मनुष्य नहीं, देवता हैं। यहां उनका अपना बंगला है; वे जाडे भर प्रायः यहीं रहते हैं।"

झूठ क्यों बोलूं—मुझे उस समय डाक्टर की बातें अविश्वसनीय नहीं तो अत्युक्तिपूर्ण जरूर मालूम हुईं; फिर भी मैंने कहा—"तो कल चलकर मिला जाय।"

"जरूर"—डाक्टर ने कहा, और दूसरे दिन प्रातः ९ बजे हम लोग नाहरजी के बंगले पर पहुंचे। बंगला बडी ही सुरुचि से बना हुआ है। आगे काफी मैदान है। फूल लगे हुए हैं। बंगले के बरामदे और मैदान में यथास्थल कुछ शिलालेख और मूर्तिखंड रक्खे हुए हैं, जो नवागन्तुक को फौरन् बता देते हैं, यह किसी पुरातत्व-विशारद का वासस्थान है। हम लोग कमरे में घुसे। कमरे में एक ओर पुस्तकों से भरी आलमारियां, और दूसरी ओर एक चौकी पर प्राचीन शिलालेख और ताम्रपत्र रक्खे हुए थे। पुरानी इमारतों, भग्नावशेषों, जंगलों और पहाडों के चित्र कमरे की शोभा बढा रहे थे। कुछ चित्र नालन्दा सम्बन्धी भी थे। कमरे के अन्दर एक व्यक्ति बैठा कुछ लिख रहा था—गेहुंआ रंग, ५० के उपर की अवस्था होने पर भी तेजस्वितापूर्ण मुखमंडल, नाटा कद, और आकर्षण भरी बडी बडी आंखे! यही थे, अन्तरराष्ट्रीय ख्यातिप्राप्त, पुरातत्व के महान् भारतीय विद्वान् श्रीपूर्णचन्द्रजी नाहार एम्. ए, बी. एल्., एम्. आर. ए. एस्. आदि। हम लोगों के पैर की चाप सुन उन्होंने अपनी चश्मामंडित आंखें उपर

સ્કૂલના અભાવે રઝળી પડતા જૈન વિદ્યાર્થીઓ.

મુંબઇની કૉન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ પર આ વખતે કુલ્લે એકસો બે ફારમો આવેલા, તેમાં મોટા ભાગના ફારમો અંગ્રેજી ઉંચા ધોરણના વિદ્યાર્થીઓના હતા; તેઓએ સ્કૂલ ફી તથા પુસ્તકોની માગણી કરેલી. આ ઉપરથી જોઈ શકાય છે કે આપણી સમાજના વિદ્યાર્થીઓ જે અંગ્રેજીમાં અભ્યાસ કરે છે, તેઓને અસાધારણ ફી ભરીને ભરડા કે ફેલોશીપમાં દાખલ થવું પડે છે, અને ઘણા વિદ્યાર્થીઓ ફીના અભાવે ભણતા જ નથી. બાબુ પનાલાલ પૂરનચંદ જૈન હાઇસ્કૂલમાં અમૂક વિદ્યાર્થીઓને જ લેવાના હોય છે, અને તેમાં પણ અંગ્રેજી છઠ્ઠા અને સાતમાં ધોરણમાં તો એક એક કલાસ છે, તેથી અંગ્રેજી પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાંથી પચાસ ટકા પાસ કરે છે. આ પ્રસંગે બાબુ પનાલાલ પૂરનચંદ જૈન હાઇસ્કૂલના ટ્રસ્ટી સાહેબોને મારી નમ્ર વિનંતિ છે કે મુંબઇ મ્યુનિસિપાલીટી ગુજરાતી ચોથા ધોરણ સુધી મફત શિક્ષણ આપે છે, તો આપ સાહેબો ગુજરાતી ધોરણ બંધ કરીને તેના બદલામાં અંગ્રેજી ધોરણ વધારે ઉઘડવા. આ ન બની શકે તો અંગ્રેજી છઠ્ઠા અને સાતમાં ધોરણના બે કલાસ કરવા. આ બે સુચનામાં કાંઇ ન બને તો મુંબઇના સખી જૈન ગૃહસ્થોને મારી વિનંતિ છે કે માંગરોળ જૈન કન્યાશાળામાં જેમ બબે કલાસ ઉઘાડવાની શરતે રૂપીયા દશ હજાર કોઇ સખી ગૃહસ્થે આપ્યા, તેવી રીતે અંગ્રેજી છઠ્ઠું તથા સાતમું ધોરણના બે કલાસ ઉઘાડવા વાસ્તે રૂપીયા આપશે, તે સીવાય બાબુ પનાલાલ પૂરનચંદ જૈન હાઇસ્કૂલના ટ્રસ્ટી સાહેબોને જણાવવાનું કે આપ નવા વિદ્યાર્થીઓ દાખલ કરો ત્યારે સાધારણ વિદ્યાર્થી તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. કારણ કે શ્રીમંતો તો પોતાના છોકરાને ફી ખરચીને પણ ભણાવી શકશે, પણ ગરીબ માણસો નહિ ભણાવી શકે. આજે તે હાઇસ્કૂલમાં જે માણસો ઘેરે ટયુશન રાખે છે તથા મોટી ફી ભરી શકે છે તેવાના છોકરાઓ પણ દાખલ થાય છે, તો આ સૂચના ઉપર ઘટતું થાય.

વળી આ બાબતમાં વિશેષ ધ્યાન ખેંચવાનું એ છે કે બાબુ પનાલાલ હાઇસ્કૂલ જેવી સંખ્યાવતી હાઇસ્કૂલે તો માર્કના ધોરણ ઉપર નજર રાખવા કરતાં ગરીબાઇ તરફ નજર રાખવાની ખાસ જરૂરિયાત છે. જો કે માર્કના ધોરણથી સ્કૂલનું ધોરણ ઉંચુ જળવાઇ રહે છે, પરંતુ ગરીબ વિદ્યાર્થીઓને જે નિરાશા ઉત્પન્ન થાય છે તે બહુ શોચનીય છે.

આ ઉપરાંત એક બીના તરફ અમો હાઇસ્કૂલના સંચાલકોનું વધુ ધ્યાન ખેંચવાની આ તકે જરૂર જોઇએ છીએ. સ્કુલ ખુલી ગયા પછી નવા વિદ્યાર્થીઓની થોકબંધ અરજીઓ દાખલ થવા માટે આવે છે, જેનું પ્રમાણ લગભગ સેંકડો ઉપરનું છે. આ વિદ્યાર્થીઓની લાયકાત માટે એમની પરીક્ષા જે લેવાય છે, તે સ્કુલ ઉઘડી ગયા પછી ઘણા દિવસે લેવાય છે, જેનું પરીણામ એ આવે છે કે પરીક્ષામાં પાસ ન થનારા વિદ્યાર્થી પનાલાલ સ્કુલમાં તો સ્થાન મેળવી શકતા નથી; પરંતુ અન્ય સ્કુલોમાં પણ જગ્યાઓ ભરાઇ ગયેલી હોવાથી તેઓ સ્થાન મેળવી શકતા નથી અને કેટલા કીસ્સાઓમાં તો મેં ઉપર જણાવ્યું તેમ ઉંચી ફી આપતાં અને સખળ દોડાદોડી કરવા છતાં પણ દાખલ થઇ શકતા નથી. અંતે વિદ્યાર્થીઓને રખડી જવું પડે છે. આ બીના ઘણી જ મહત્વની છે અને મારા કેળવણી સમિતિના મંત્રી તરીકેના ત્રણ વર્ષના અનુભવ ઉપરથી હું જોઇ શકું છું કે આ મુશ્કેલી દિવસે દિવસે વધતી જાય છે, તો આ મુશ્કેલી નીવારણ માટે બાબુ પનાલાલ સ્કુલના સંચાલકોએ વિદ્યાર્થીની પરીક્ષા વહેલી લેવા પ્રબંધ કરવો ખાસ જરૂરી છે.

—કેસરીચંદ જેસીંગલાલ.

उठाईं और कलम रखते हुए बोले—"अहा, डाक्टर साहब! आइए, आपने स्वयं क्यों कष्ट किया, मैं तो आप लोगों से मिलने आता ही। कहिए, कुशल तो है?"

कुशल—प्रश्नोत्तर के बाद ही नाहरजी ने मेरी ओर संकेत करते हुए पूछा—"आपका परिचय?"

डाक्टर ने परिचय देना प्रारंभ किया। आज मैं मानता हूं—उस दिन श्रीनाहरजी का परिचय देने में उन्होंने जरा भी अत्युक्ति से काम नहीं लिया था, वह तो आवश्यकता से भी कम कहा गया था। हां, श्रीमान् नाहरजी को मेरा परिचय देने में उन्होंने—मेर रोकने पर भी—अत्युक्ति से काम ले ही लिया। उन शब्दों को सुन मैं संकोच के भार से दबा जा रहा था।

डाक्टर की बातों की समाप्ति के साथ ही श्रीमान् नाहरजी के करकमल मुकुलित हो मेरी तरफ उठ गये मैं जरा लज्जित हो गया।

नाहरजी ने मुझसे पूछा—"कब आये, कहां ठहरे है?"। मैंने सारी बातें बता दीं। उसके बाद जो बातें आरंभ हुईं, तो दो घंटे तक बातें होती रहीं। मैंने देखा नाहरजी पुरातत्व के ही कोरे विद्वान् न थे। वे बहुज्ञ थे, उनकी प्रतिमा बहुमुखी थी। उनके मुख से चन्दबरदाई से आरंभ कर भूषण, देव, बिहारी और आज के हरिऔध, गुप्त, प्रासाद और पन्त के युग तक की कविताओं का क्रमिक इतिहास सुन मैं जितना विस्मित हुआ, उतना ही आनन्द-विभोर भी। मैं समझता हूं, इतना विस्तृत और गवेषणात्मक अध्ययन अधिकांश कविवरों का भी न होगा। जैन दर्शन की तो उनमें विलक्षण विज्ञता देखी। आपने शायद इस पर एक पुस्तक भी लिखी है। (अपूर्ण)

('माधुरी' सें उध्धृत)

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને શ્રી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર: HINDSANGHA. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર. REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. ઝાલન.

જૈન યુગ

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છૂટક નકલ દોઢ આને.

પુસ્તક ૮ અંક ૨૬

વિ સં. ૧૯૯૬, અષાડ શુદ ૧૨, મંગળવાર. તા. ૧૬ મી જુલાઇ ૧૯૪૦

JAIN YUGA

હજુ ચેતીએ.

સુખચેન પ્રિયતા, આરામ-પ્રિયતા કદી કોઇ ઊંચે ચઢેલા દેશને પાડ્યા વિના રહી હોય એવું મેં જગતના ઇતિહાસમાં કયાંયે વાંચ્યું નથી. મહેનતુ, કસાયેલા, કઠણ જીવનમાં રસ લેનારા લોકોને હાથે રાજ્યો અને સામ્રાજ્યોની સ્થાપના, અને આળસુ મોજ મજા પરાયણ તથા સુંવાળા વંશજોને તેમનો નાશ-એ બધાયે દેશોના ઇતિહાસનો સાર કહી શકાય.

અધ્યાત્મને માર્ગે તેમજ સમૃદ્ધિને માર્ગે ચઢવાની સાધના એકજ છે. પડેલા રાષ્ટ્રને ફરીથી ઉઠવાનો માર્ગ પણ તેજ છે. તે માર્ગ સાદાઇનો છે. શોખનો નહિ; આઠ નવ કે વધારે પણ કલાક પરિશ્રમ કરવાની હોંશ અને શક્તિ ધરાવવાનો છે. બે કલાક કામ કરી બાર કલાક નિરાંત ભોગવવાનો નહિ; વર્ષમાં આઠ દસ વાર નિર્દોષ સાદા મનોરંજનો મેળવવાના છે. અઠવાડિયામાં ત્રણ ચાર વાર સીનેમાની મોજ તથા રોજ રોજ હોટલના ભોગ અને રેડિઓના કર્કસ સંગીતથી રીઝવાનો નહિ. પોતાનું જ્ઞાન વધારવાને માટે જ્ઞાન વર્ધક સાહિત્ય સેવનનો છે. રાત આખી ઘૂળ જેવી નવલકથા અને જાસૂસી વાતો પાછળ ઉજાગરો કરવાનો નહિ. મોટા આગળ આંખને આંજી નાખે તેવો પ્રકાશ અને પાછળ ધૂમાડો ને ધુળનો પ્રસાદ ખવાડનાર મોટરના જેવી ભોગમય સંસ્કૃતિ આપણા ઉપયોગની નથી. સહેલાણીપણું દેશને સ્વરાજ નહિ અપાવી શકે. અહિંસાને માર્ગે પણ નહિ, હિંસાને માર્ગે પણ નહિ.

'ક્રાંતિ' 'જગતની નવી રચના' નું રટણ આપણે કરી રહ્યા હતા. એ હવે સામે આવી રહેલી જણાય છે. ધણાએ માન્યું હશે કે નાટકમાં જેમ પડદો ઉંચો થાય છે અને દેખાવ બદલાઈ જાય છે, તેમ બહુ મનોહર રીતે એ ક્રાંતિ આવી જશે પણ જગતની રંગભૂમિ પર ધરતીકંપના જેવા આંચકાથી જ એવા ફેરફારો થાય છે. અને એ આંચકાની ધારતી સહુને અકળાવી રહી છે. હિંસક અને અહિંસક સેના ઉભી કરવાની કલ્પનાઓ એને જ પરિણામે છે. પણ સેના હિંસક હોય કે અહિંસક હોય, એટલું ચોક્કસ સમજવું કે ખડતલ, શ્રમ સહન કરી શકનાર, ઝટ કપડાં પહેરી બહાર નીકળી શકનાર તરૂણ-તરૂણીઓજ કામ લાગી શકવાના છે. અને જે નવી રચના થશે તેમાં રાજ્ય બંધારણ ગમે તેવું થાય, તેઓનાજ હાથ ઉપર રહેશે. સુખમય બને કે જુલમી બને; જેમણે સાદાઈ અને શ્રમને જીવનમાં અગ્રસ્થાન આપ્યું હશે, તેમને જ રાજ્યમાં સત્તા મળશે. આરામમાં રહેનારા લોકો મોં માગ્યા દામ આપીનેયે કદાચજ તેમાં પોતાનો નિભાવ કરી શકશે. હજુ ચેતીએ.

(હરિજન બંધુ તા૦ ૧૭-૩-૪૦)

શ્રી. કિશોરલાલ ઘ. મશરૂવાળા.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥
—श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.

તા૦ ૧૬-૭-૪૦. મંગળવાર.

આમજનતાનું પ્રતિનિધિત્વ.

રાષ્ટ્રિય મહાસભાનું આજે દેશમાં જે મહત્તા ભર્યું સ્થાન છે, એ વિશાળ આમ જનસમૂહના હાર્દિક ટેકાને આભારી છે. પ્રાંતિક ધારાસભાની ચુંટણીઓથી તેમજ મ્યુનિસિપાલીટી કે લોકલ બોર્ડની ચુંટણીઓથી એ વાત દિવા જેવી પુરવાર થઈ ચુકી છે. માત્ર જ્યાં એ જાતનો સહકાર ઓછો છે કિંવા પ્રાંતપર કાર્યકરોમાં મતભેદ કે વીખવાદ છવાયો છે ત્યાં વિજય નથી મલ્યો! બાકી ભારતવર્ષના વિશાળ ભાગમાં લઘુમતી મેળવી, સ્વવર્ચસ્વ સ્થાપી પોતાની પાછળ પ્રજાનું કેવું સંગીન પીઠબળ છે એ કોંગ્રેસે પૂરવાર કરી બતાવ્યું છે.

આ માપે આપણી જૈન મહાસભા યાને કોન્ફરન્સને માપીએ તો એનો આદિકાળ, વચલા સમયને ટપી જાય તેવો છે. શરૂઆતમાં એની પાછળ વિશાળ જનસમૂહનું આકર્ષણ હતું અને મોટા શહેરોના સંઘોપર જબરી પ્રતિષ્ઠા ધરાવનારા નામાંકિત નરોએ પ્રમુખ તરિકેની ખુરશી શોભાવી છે અને એ વેળાની વ્યાસપીઠ પરથી હજારોના ફંડ થયા છે એ પરથી પુરવાર થાય છે કે એ વેળા કોન્ફરન્સ પ્રત્યે નાના-મોટા બાળ-યુવા કે પ્રૌઢ સૌ કોઇનો એક ધારો સાથ હતો. કેવળ મધ્યકાળમાં જ આ સ્થિતિમાં ઓટ આવ્યો. રંગ બેરંગી કલહો પેદા થયા, અને જૈન સમાજનું વાતાવરણ એટલી હદે સંક્ષુબ્ધ થઈ ગયું કે આજે એ મહાન્ સંસ્થા પૂર્વવત્ કામ કરતી થઈ જાય, એવી ઘણાની મનીષા હોવા છતાં-એ સંસ્થા જીવંત રહેવી જોઇએ એવી હજારોની ઇચ્છા છતાં, જાણે કોઇ એવા અકલ્પિત વળગાડની ચૂડમાં એ ભરાણી છે કે એમાંથી છુટવા પ્રયાસ કરે છે ને સફળતા પામવાની ઘડી આવે છે, ત્યાં કંઇ ને કંઇ નવું સંકટ આરણ્ય ખખડાવતું ખડુ થાય છે! સમાજમાં પ્રવર્તી રહેલ કલહ દાવાનળને આગળ ધરી કયાં તો ભલભલા મોટા સંઘો પણ પોતાને ત્યાં બેઠક ભરવાની હિંમત કરતાં અચકાય છે અને અને એવીજ રીતે સૂત્રધાર બનવા માટે ઓછી આનાકાની નથી થતી! એ પાછળ કયા કયા કારણો કામ કરી રહ્યા છે અથવા તો આ જાતની સ્થિતિ ઉદ્ભવવામાં વર્તમાન સંચાલકો કેટલે અંશે જવાબદાર છે અગર તો ચાલુ યુગમાં વૃદ્ધ-પ્રૌઢ અને યુવક-વર્ગના દ્રષ્ટિબિંદુઓની ભિન્નતા એમાં કારણભૂત છે કે કેમ? એ વર્ણવવાની હવે અગત્ય નથી. એ સંબંધમાં જુદી જુદી કલમે અને ભિન્ન ભિન્ન નજરે ઘણું ઘણું કહેવાયું છે.

કોઇ એક વર્ગના શીરે ટોપલો ઓરાઢવાની જરૂર નથી, તેથી થયું ન થયું બનાર નથી. ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણી, બગડી સુધારવાનો જે આદેશ છેલ્લી બેઠકમાં અપાયો છે અને ખાસ લક્ષ્ય બે સવાલો પાછળ કેંદ્રિત કરવાની ભલામણ થઇ છે એ જોતાં એટલું તો સ્પષ્ટ થાય છે કે એ સિવાયના પ્રશ્નોમાં સમાજ એટલી હદે મતમતાંતર ધરાવે છે કે એની ચર્ચામાં ઉતરવાથી કંઇ શુકરવાર વળે તેમ નથી. જે વર્ગને એવા પ્રશ્નોની ચર્ચા વિના ચેન જ ન પડતું હોય તેને કયાં તો એ માટે સમાજનું આકર્ષણ કરી બહુમતી જમાવવી ઘટે અથવા તો એ પ્રશ્નો છુટથી ચર્ચી શકાય એવી કોઇ વ્યાસપીઠ શોધવી ઘટે. અહીં તો જે બે સવાલ ને મહત્તા અપાઇ છે એ પાછળ કેવી દીર્ઘદર્શિતા સમાયેલી છે અને આવતા અધિવેશનમાં એકદિલીથી કામ કરવામાં આવે તો પુનઃ સંસ્થા કામ કરતી થઇ જાય તેવા સંજોગો છે કે કેમ એ વિચારણા અગ્રસ્થાને છે.

કારણોની માથાકુટમાં પડયા વિના કહી શકાય કે આમ જૈન જનતાનું આકર્ષણ કરી શકે એવો કાર્યક્રમ આપણી પાસે પૂર્વે નહોતો, જે ઉક્ત સવાલો હાથ ધરવાથી સરલ રીતે પ્રાપ્ત થાય છે. જૈન બંધુઓનો વિશાળ વર્ગ જોવો હોય કિંવા એના સંપર્કમાં આવવું હોય તો આપણે દેવાલય-તીર્થમેળા અને ઉપાશ્રય તરફ નજર માંડવી રહી. સાથોસાથ એ વર્ગને સીધી અસર પહોંચાડે તેવું કાર્ય હાથ ધરવું રહ્યું.

જે બે ઠરાવો પાસ કરવામાં આવ્યા છે, એમાં પૂર્વે વર્ણવી તેવી શક્તિ છે કેળવણી માટેનો અખતરો તો છેલ્લા ત્રણ વર્ષથી ચાલી પણ રહ્યો છે. એના વડે જ થોડું ઘણું જીવન દ્રષ્ટિગોચર થામ છે. એમાં એજ્યુકેશન બોર્ડની પરિક્ષાઓ સાથ પૂરે છે. કોન્ફરન્સની કાર્યવાહીમાંથી આ બે વસ્તુઓને બાજુ પર રાખો તો છેલ્લા અધિવેશન પછીના રીપોર્ટમાં શું કહેવાનું-કે કયું કાર્ય કરી બતવ્યાનું બાકી રહે છે એનો વિચાર પ્રત્યેકે અને ખાસ કરી વર્તમાન કાર્યકરોએ સ્વહૃદય પર હાથ મૂકી કરવાનો છે. શું એ પરથી એટલું પુરવાર નથી થઇ શકતું કે વિશાળ જનસમૂહને જેટલી આર્થિક મુંઝવણના ઉકેલની, વ્યવહારમાં ઉપયોગી નિવડે તેવી કેળવણીની અને ધર્મના અંગ રૂપ ગણાતા અભ્યાસની લગની છે એટલી બીજા કશાની નથી પડી?

બીજી તરફ નજર કરતાં જૈન સમાજ જે જે પ્રદેશોમાં વસવાટ કરી રહ્યો છે અને એને લઇ જે જાતના જુદા વ્યવહારોમાં પલોટાયો છે તેને સામાજીક બાબતોમાંની ઘણી બરીમાં મળતાપણું આવે તેમ છેજ નહીં. કેટલાક સામાજીક પ્રશ્નો વાણીમાં ભલે શોભે, કદાચ વધુમતીના જોરે એને ઠરાવનો દેહ પણ મળે છતાં એ કાગળ પર રહેવા પુરતો જ. પંજાબ-ગુજરાતના રાહ જુદા રહેવાના ને શ્રીમાળ-પોરવાડના વર્તુળો એકદમ તુટવાના નહીં એ આજના વાતાવરણ પરથી સહજ તારવી શકાય તેમ છે. એ બધાને એક તંતુએ ગાંઠનાર ધાગો કેવળ સમાન ધર્મનો છે અને તેથી એ દ્રષ્ટિએ વિચારાયેલ સવાલો વડે જ આકર્ષણ શકય છે.

≠ નોંધ અને ચર્ચા. ≠

જૈન વિદ્યાર્થીઓ અને બાબુ પી. પી. સ્કૂલ.

સાંભળવા પ્રમાણે પ્રતિવર્ષ સંખ્યાબંધ જૈન વિદ્યાર્થીઓને બાબુ પી. પી સ્કૂલ નિરાશ કરે છે એના કારણમાં દ્રવ્યના અભાવ કરતાં જગ્યાની તંગાશ અગ્રભાગ ભજવે છે. ઉંચા ધોરણમાં ખાસ કરી છઠ્ઠી સાતમીમાં માત્ર એકેક વર્ગ હોવાથી મર્યાદિત સંખ્યા રાખવામાં આવે છે અને કેટલીકવાર એકાદ વિષયમાં નાપાસ થનારને ફરજીઆત સ્કૂલ છોડવી પડે છે. નવા વિદ્યાર્થીઓ દાખલ થવા સારૂ ધોંધ બંધ ચાલ્યા આવે છે. મહિના પૂર્વે અરજીઓ કરે છે પણ પૂર્વે કહ્યું તેમ જગ્યાની તંગાશને લઈ માત્ર ગણી ગાંડી અરજીઓ પાસ કરવામાં આવે છે અને એમાં પણ પરિક્ષામાં જે સુંદર પરિણામ બતાવે છે તેનો જ સિતારો ચમકે છે; બાકીનાને છેક છેલ્લી ઘડીયે બીજી સ્કૂલો શોધવા જવું પડે છે! ભારે ફી ભરવી પડે છે! અને મહામહેનતે માંડ જગ્યા મળે છે! ગયા અંકમાં ભાઇ કેશરીચંદે લખ્યું છે તે મુજબ ગરીબ અને સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓ કેટલીક વાર રખડી પડે છે એ વાત ખોટી તો નથી જ. બાબુ સાહેબની ધારણા જૈન સમાજના વિશાળ ભાગને–ખાસ કરીને જેઓ બીજે મોટી ફી ન ભરી શકે તેવાઓને–પોતાની આ સ્કૂલમાં સ્થાન અપાય અને સાથે સાથ ધાર્મિક શિક્ષણનો તેમને લાભ મળે-તેવી હતી. એ રીતે આ સ્કૂલ જૈન સમાજને એક મહાન્ આશીર્વાદરૂપ હતી અને આજે પણ છે. પણ જ્યારે દેશ–કાળ ફર્યા છે, શિક્ષણપ્રતિ અભિરૂચી વૃદ્ધિ પામી છે, એક તરફ જૈન વિદ્યાર્થી સંખ્યા વધી રહી છે ને બીજી બાજુ શિક્ષણ ખરચાળ બની ચુકયું છે એવા વિષમ સમયમાં વર્તમાન વ્યવસ્થાપકોએ જગ્યાની તંગાશનો પ્રશ્ન કેવળ આગળ ધરવા કરતાં એ માટે નવિન પ્રબંધ કરી, સ્ટાફ અને ધોરણ વધારી કોઈને નાસીપાસ થઇ પાછું ન ફરવું પડે તેવો પ્રબંધ તાકીદે કરવાની જરૂર છે. અમો જાણીએ છીએ કે આમાં પૈસાની મુંઝવણ નડતી નથીજ; ફક્ત આ તરફ વ્યવસ્થાપકો દ્રષ્ટિ ફેરવે એટલી જ દીલ્ત છે. જૈન વિદ્યાર્થીઓને આ સ્કૂલ મારફતેજ ધાર્મિક શિક્ષણ મળી શકે તેમ છે, જ્યારે બીજે તે વસ્તુ અપ્રાપ્ત છે. આજે ધાર્મિક સંસ્કાર વિહુણી કેળવણી કેવા માઠા પરિણામ આણે છે એ કહેવાની જરૂર રહી નથી 'જૈન'માં કેટલાક વિદ્યાર્થી બંધુઓએ 'ધાર્મિક શિક્ષણ' માટે જે ચીમકી આપી છે તે પણ સંચાલકોએ ધ્યાનમાં રાખવાની છે. વારંવાર અભ્યાસક્રમ ન બદલતાં ચાલુ અભ્યાસની ખુબી કાયમ રાખી શિક્ષણ એવી રીતે અપાય કે ધાર્મિક જેવો કઠીણ વિષય પણ વિદ્યાર્થીઓ હોંશથી શીખે અને ધાર્મિક ક્રિયા તરફ તેમની અભિરૂચી વધે. આ નોંધ પ્રેમ ભાવે લખાયેલ છે અંતમાં એટલો આગ્રહ કરીએ કે એ પર સંચાલકો અવશ્ય ધ્યાન આપે અને જેમ શકુંતલા કન્યાશાળાએ ધોરણ વધારી જૈન કન્યાઓ માટે અભ્યાસની સગવડ વધારી તેમ જૈન વિદ્યાર્થીઓ માટે તાકીદે બાબુ પી. પી. સ્કૂલમાં એવી સગવડ કરવામાં આવે કે જેથી એક પણ જૈન વિદ્યાર્થીને નિરાશ થઇ પાછું ફરવું ન પડે.

વિચારકોની કરૂણ કાર્યવાહી.

જૈન સમાજનો છેલ્લા બે દાયકાનો ઇતિહાસ અવલોકીશું તો કેવલ નહિ જેવા પ્રશ્નોના નિરાકરણમાં અથવા તો ધુળ જેવી ચર્ચા પાછળ વિચારક કે અભ્યાસક વર્ગના ઘણા ખરાયે કાળક્ષેપ કરેલો દ્રષ્ટિગોચર થશે! એના પરિણામમાં કોડી ધોઇને કાદવ કાઢવા જેવું યાને પાણી વલોવ્યા જેવું જણાશે! તેથીજ એ જાતની કાર્યવાહીને અત્રે કરૂણ કહેવી પડે છે! દીર્ઘદર્શી ધર્મપ્રણેતા શ્રીમદ્ વિજયાનંદસૂરિ ઉર્ફે આત્મારામજી મહારાજે જૈન ધર્મનો કેવી રીતે પ્રચાર વધે અને એ માત્ર ભારતવર્ષની ચાર દિવાલમાં પુરાઇ ન રહેતાં પાશ્ચિમાત્ય દેશો અને આંગલ પ્રજા એના રહસ્યને પિછાને એ સારૂ બેરીસ્ટર વીરચંદ ગાંધીને જૈન ધર્મના હાર્દથી વાકેફગાર બનાવી અમેરિકાની ચીકાગો પરિષદમાં મોકલ્યા હતા ત્યાં એ મહાશયે પોતાની આકર્ષક વકતૃત્વ શક્તિથી હજારોનું આકર્ષણ કર્યું હતું અને સંખ્યાબંધ ભાષણો દ્વારા અર્હત્ દર્શનના અનેરા સિદ્ધાંતો જગત્ સન્મુખ રજુ કર્યા હતા. આચાર્યશ્રીએ હિંદી ભાષામાં ગ્રંથો તૈયાર કરી એ દ્વારા આમ જનતામાં જૈન ધર્મના મૂળ તત્વો અને એ પાછળ કેવી ઐતિહાસિક ભૂમિકા ખડી છે તે દર્શાવ્યું હતું. પણ અફસોસની વાત એ બની કે એમના સ્વર્ગગમન બાદ એ દિશામાં કામ કરનાર બહુ વિરલ નિકલ્યા. શ્રી. વીરચંદ જેવો બીજો વીરલો પાકયો જ નહિ! અને સાધુ તથા શ્રાવક વર્ગમાં જે થોડા ઘણા અભ્યાસી ઉદ્ભવ્યા એમાંના ઘણા ખરાયે મામુલી ચર્ચાઓ પાછળ જ પોતાની શક્તિનો વ્યય કર્યો. જૈન ધર્મના ઉમદા તત્ત્વનો પ્રચાર તો દૂર રહ્યો પણ એમાંની કેટલીક બાબતો સબંધમાં શંકાના વમળો ઉભા કર્યા! એકે દેવદ્રવ્યની ચર્ચા ઉપાડી તો બીજાએ સંવત્સરી પ્રકરણ પેદા કર્યું! એક તરફ ગ્રહસ્થાશ્રમમાં રહેવા છતાં ગુરૂપણાનો ડોળ કરવામાં આવ્યો ને બીજી બાજુ અધ્યાત્મના વાજા વાગ્યા. એક બંધુએ 'મહાવીર કહેતા હવા' પ્રગટાવ્યું તો બીજા પંડિતે જૈન કથા સાહિત્યના પંચાણું ટકા કલ્પિત છે એવી અપૂર્વ શોધ કરી! એક મુનિએ નારી જીવનની મહત્તા ગાતાં એટલે સુધી લખી માર્યું કે ચંદનબાળાના સહકાર વિના એકલા મહાવીર જન સમૂહનો ઉદ્ધાર કરવા અશક્ત નિવડ્યા તો બીજા એક પંડિતે કોઇ સર્વજ્ઞ હોઇ શકેજ નહીં એવો ધડાકો કર્યો! એક સુધારકે નવકાર મંત્રનું મૂળ શોધતાં વર્તમાન મંત્રમાં અમુક ભાગ પ્રાક્ષિપ્ત છે એવી શોધ કરીને બીજી બાજુ રાત્રિ ભોજનને કંદમૂળ ભક્ષણનો પ્રતિબંધ જૈન વિદ્યાર્થીઓને ચાલુ સમયની રમતોમાંથી બાકાત રાખે છે ને તેથી તેઓ માંયકાંગલા અને છે એવી અજાયેબી પમાડે તેવી શોધ કરી! એમાં વળી દીક્ષા પ્રકરણ ઉમેરાયું. બીજી બાજુ વિધવા પુનર લગ્નનો સવાલ ઉઠયો એટલે ધર્મ શાસ્ત્રોમાંથી મન ગમતા ટાંચણો આલેખાવા શરૂ થયા. ખુદ શ્રી ઋષભદેવે વિધવા વિવાહ કર્યો હતો એવી મોં માથા વિનાની ગપ ફેંકાઇ! ખૂબી તો એ છે કે આ બધું ખુદ જૈન ધર્મી વર્ગમાં જન્મેલા અને જૈન તરિકે ઓળખાતા મહાનુભાવોના હાથેજ થયું! એ અરસામાં જૈનેતરો તરફથી પણ ઓછા સપાટા જૈન ધર્મ પર નથી થયા! પણ જ્યાં ઘરમાંજ શૂરવીરો પાકયા ત્યાં બહાર જોવાનું કે એ માટે કહેવાનું સૂઝે કેવી રીતે! અંદર અંદરના સવાલ જવાબોમાં એટલી હદે કાળક્ષેપ થઇ ચુકયો છે અને સાર એ નિકલ્યો છે કે સમાજનું વાતાવરણ હદ બહાર કથળી ગયું છે. દેશ કાળને અનુરૂપ શોધખોળ કરી જૈન ધર્મની પ્રાચીનતા પર વધુ પ્રકાશ પાડવાની કે એનો પ્રચાર વિસ્તારવાની વાત

નાલંદામાં શ્રી મહાવીર.

'મારૂં વચન છે એટલે મિથ્યા નજ હોય' એમ માનવું એ એક જૂદી વાત છે અને દરેક વચન સ્વ પ્રજ્ઞા કસોટીએ ચઢાવી ગ્રહણ કરવું એ પણ જૂદી બાબત છે. પ્રથમમાં વ્યક્તિ પરત્વેનો વિશ્વાસ આધારભૂત છે, જ્યારે બીજામાં આત્મ પ્રતીતિની સ્પષ્ટ પ્રભા જણાઇ આવે છે. એકનો લાભ મર્યાદિત હોઇ, ચળવિચળના સ્વભાવયુક્ત છે, જ્યારે બીજાનો પ્રગતિકારક ને અનુભવ જનિત હોવાથી સ્થિરતાપૂર્ણ છે.

મારૂં વ્યક્તિત્વ કિંવા સર્વજ્ઞપણું બાજુએ રાખીએ તો ઉભય રીતિમાં ભુલ થવાનો સંભવ છે; છતાં એકમાં નિરાશાનો સૂર એ કરણ અંત ભાસમાન થાય છે, જ્યારે અન્યમાં ઉલટની આગાહી સૂચક ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવારૂપ તાલાવેલી દૃષ્ટિગોચર થાય છે.

એટલે પ્રસ્તુત વિષય પર આવતાં મારે કહેવું જોઇએ કે જમાલિ કે પ્રિયદર્શના, કર્માવરણને લઇ મારા ઉક્ત (**क्रियमाणं कृतम्**) સૂત્રનું રહસ્ય ન સમજ્યા અને વિપરીત પ્રરૂપણા દ્વારા ભવભ્રમણમાં આગળ વધ્યા એ ઠીક નથી થયું, છતાં અષ્ટકર્મના નિબિડ કોકડાને ઉકેલવા જતાં, અસાવધપણે એમાં કોણ નથી અંધાઇ ગયું? બની ગયેલાનાં ઉદાહરણો વિરલ ને અલ્પસંખ્યામાંજ છે! જ્ઞાનીને એ દશા પર પણ સમભાવ હોય.

ભૂપતિ શ્રેણિક! એમાં સંસારના સંબંધને કે વ્યવહારના બંધનને આગળ કરવાનું પ્રયોજન ન હોય.

ક્ષમા કરશો ભગવન! પણ આપ સરખા ત્રિલોકના નાથનું વચન અવગણી તેઓ કેવળ પોતાનુંજ બગાડી રહ્યાં છે એમ નથી, પણ ઉલટું કેટલાયે ભોળા જીવોનું ઉપદેશદ્વારા અકલ્યાણ કરી રહ્યા છે! આપની ઇશારા માત્ર અનુમતિ મળતાં આજેજ હું તેનો પ્રતિકાર કરી દઉં. એ નિન્હવોને શાસનમાંથી અર્ધચંદ્ર આપ્યેજ છુટકો. કોહવાઇ ગયેલા પદાર્થ જેવા તેઓ સાથમાં રહી સાસનને હાનિ પહોંચાડે તે કરતાં દૂર ફેંકાયાજ સારા! પ્રબળ ધર્મ રાગથી ઉત્તેજિત બની શ્રેણિક મહારાજ વચમાં બોલી ઉઠયા

દેવાણુ પ્રિય! આમ આકળા ન થાવ-અરિહંત-તીર્થંકર કે જિનેશ્વરોએ પ્રરૂપેલા સ્યાદ્વાદ માર્ગ પ્રત્યે આપની આટલી અભેદ્ય આસ્થા હોય એ જરૂર શાસન શોભાનું અને આત્મ ઉન્નત્તિનું અદ્વિતિય કારણ છે. પણ પોતાના માપે અન્યને માપવાનું સાહસ ન કરો. વીરનરનું કાર્ય પડતાને પાટુ મારવાનું હોય કે દયા બાવાનું? એવે સમયે માધ્યસ્થ કે ઉપેક્ષા ભાવના ઘટે કે તિરસ્કારવા વિરોધવૃત્તિ શોભે.

ભય, ત્રાસથી કેકાણે લાવેલા ચીરકાળ સ્થિર રહેશે કે પ્રેમભરી સાચી સમજથી અણાયેલા? આ ચિંતન કરવા જેવો સવાલ છે. લૌકિકથી ન્યારો એવો લોકોત્તર પુરુષોનો ન્યાય છે. પુરૂષાર્થ ફોરવવાનું સાધન મુળકારણ છે કે નિમિત્ત કારણ? મતિમાં વિપર્યાસ દાખલ કરનાર મુળકારણ તો કર્મ છે. તો પછી ખરી રીતે શિક્ષાપાત્ર કોણ છે?

આટલું યથાર્થ રીતે વિચારતાંજ ખરી નાડ તમો પારખી શકશો. સમયને શીરે રહેલ બોજો જનપર ખેંચી લેતાં જરૂર વિચાર કરશો. આકર્ષણનું સાધન 'ભીતિ' નહિં પણ 'પ્રેમ' છે. એનું તમને ભાન થશે ત્યારેજ શાંતિની કિંમત આંકાશે. અન્યની ચિંતા અને તે પણ આત્મ વિષયમાં આપ કયાં સુધી રાખી શકશો? જાણો છો નેકે આત્મિક શ્રેયમાં પરસ્પરની સહાય પણ અમુક શ્રેણી સુધી કામ આપે છે. પછી તો સ્વયં જાતેજ આગળ વધવાનું હોય છે. એટલું તો નિશ્ચિત માનજો કે ઘાતીકર્મોના ક્ષય વિના કૈવલ્યની પ્રાપ્તિ નથી.

પરમાત્માના વચનની અવગણના એ ગુન્હો નથી પણ આત્માનો અધઃપાત છે! એક અપેક્ષાએ માનો કે એ ગંભીર ગુન્હો છતાં એને શિક્ષા શારીરિક કરતાં માનસિક ધોરણ પર રચાયેલી હોવી જોઇએ. જે કર્મ આત્માને વિપરીત માર્ગે દોરી રહ્યું છે તેને વિદારવા જ્ઞાનરૂપ ઇલાજ દેખાડવો ઘટે. જેને મધુર-મીઠાં ફલવૃક્ષનાં ફળ ન ભાવે, અમૃતપૂર્ણ સલીલવાળી સરિતાનું જળ ન ગમે, તેને ડાહ્યા પુરુષો કઇ કક્ષામાં મૂકશે? એવી માન્યતાવાળાની બુદ્ધિના કેટલા દામ આંકાશે? સુવર્ણને પિત્તળ કહેવાથી જેમ તે કિંમતમાં ઉતરી પડતું નથી, તેમ સર્વજ્ઞોના વચનોને થોડા ઘણા અવગણે તેથી તેના મૂલ્ય જરા માત્ર ઘટવાના નથી.

જો મિથ્યાત્વ અને સમ્યકૃત્વ એ દ્વંદ્વ અનાદિકાળથી છે તો પછી મત મતાંતર ચાલુ હોય તેમાં નવાઇજ શી છે? અજ્ઞાન અને જ્ઞાન એ તો રાત્રિ દિવસ કિંવા અંધકાર ને પ્રકાશના જેવું યુગ્મ-પહેલાના સદ્ભાવેજ પાછળનાની કિંમત છે. એમાં ક્ષયોપશમની તરતમના પર વસ્તુ સ્વરૂપ નિરીક્ષણતાની દીર્ઘદર્શિતાનો આધાર છે તેથીજ જ્ઞાની પુરુષો નયની અપેક્ષાથી સાંખ્ય-મીમાંસક-વૈશેષિક, બૌદ્ધ કે એ સિવાયના ઇતર દર્શનોને જીનદર્શનના અંગરૂપ લેખે છે. તેથીજ સપ્તભંગી ન્યાય સર્વ દર્શનોમાં અનન્ય મનાય છે.

મિથ્યાદ્રષ્ટિ આત્માઓ પોતાનો કક્કો ખરો કરવાની વૃત્તિથી વૃથા કલેશવૃત્તિમાં ઘેરાય છે સ્વ સર્વોપરિતા સ્થાપવા અનેક કુયુક્તિઓની જાળ રચે છે અને સરવાળે ઘાણીના બળદની દશા અનુભવે છે.

સમ્યક્ દ્રષ્ટિ પણ આંખ ઉઘાડી એ બધું જુએ છે, છતાં અપેક્ષાથી-દરેકમાંથી સત્યને તારવે છે .....

ચેતન પર સ્વાર બનેલ કર્મ પ્રકૃત્તિના દાવો તરફ મીંટ માંડે છે, વિવેક દશા જગાડે છે. પક્ષપાતના રંગીન ચશ્મા ઉતારી નાંખી, રાગ, દ્વેષ અને મોહરૂપી મત્તદશાને ત્યજી દઇ, આત્મશ્રેય તરફ દ્રષ્ટિ રાખી આગળ વધે છે.

(ચમત્કારિક યોગ યાને પ્રત્યેક બુદ્ધ ચરિત્રમાંથી.)

કોઇ વીરલને સુઝે છે! શ્રીમદ્ આત્મારામજીની દીર્ઘદર્શિતા સાવ ભુલાઇ ગઇ છે! એમના સમયમાં નવિન સ્થપાયેલ આર્ય સમાજ આજે એટલી રીતે વિસ્તાર પામી ચુકયો છે કે ઘડીભર કોઇને પણ આશ્ચર્ય પેદા કરે ત્યારે એ મહાત્માના સંદેશને યથાર્થ રૂપે ઝીલનાર અભ્યાસી શ્રાવકો શોધ્યા જડતા નથી! જે છે તેમણે દુધમાંથી પોરા શોધવા છે! આટલું બધું વિષમ પરિણામ દ્રષ્ટિ સન્મુખ નિહાળ્યા પછી શું હજુ પણ આપણે એ માર્ગે વહ્યા જઇશું કે બોધ ગ્રહણ કરી સાચી દિશા પકડીશું?

સિદ્ધક્ષેત્રના કેટલાક પ્રશ્નો

(૨)

યાત્રાળુઓને પડતી હાડમારી નો પ્રશ્ન બીજે નંબરે આવે છે એક તરફ ધર્મશાળાઓની સંખ્યા વધતીજ જાય છે જ્યારે બીજી બાજુ યાત્રાળુઓને ઉતરવા સારૂ જગા મળતી નથી એવી બૂમ પહેલાં કરતાં વધુ પ્રમાણમાં શ્રવણગોચર થાય છે! એના કારણમાં ઉંડા ઉતરતાં એમાં રહેલ તથ્ય સમજાય છે. પાલીતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી નજીક ને અન્દર બાજુ જે ધર્મશાળાઓ આવેલી છે તેમાં અવશ્ય ખાલી ઓરડીઓ હોય છે અને ત્યાં ઉતરનારને જગા ન મળવાની ફરિયાદ કરવાની અગત્ય રહેતી નથી; પણ ટળાટીથી એ ઘણી દૂર તેમ હવા-ઉજાસ દ્રષ્ટિયે કોટાવાળાને બાબુ સાહેબવાળી, તેમજ ધોધાવાળી. પુરબાર્ડ અને ખાસ કરી કહીયે તો શેઠ નરસી નાથાથી માંડી ડુંગર તરફ જતાં અન્ને માર્ગો પર આવેલી ધર્મશાળાઓ વધુ અનુકુળ હોવાથી યાત્રિકોનો મોટો ભાગ એમાં ઉતરવાનુ વધુ પસંદ કરે છે. એમાંની અપવાદ તરિકે બે ત્રણ બાદ કરતાં બાકીની દરેકમાં કયાંતો બંધાવનાર ગ્રહસ્થોની નહીં જેવી દેખરેખથી કે મુનિમોને પૈસા મેળવવાની પડેલી લાલચથી, ઘણી વેળા જગ્યા ખાલી હોવા છતાં અજાણ્યા યાત્રાળુને કે પાલીતાણામાં પાંચ દશ વર્ષે પગ મૂકતાં જૈનોને ભાગ્યેજ પોટલું મૂકવા સ્થાન મળે છે! કયાંતો પ્રતિવર્ષ આવતો હોય, અથવા ભૂતદક્ષિણા કરવાની વૃત્તિવાળો હોય એવાને ઝટ સ્થાન પ્રાપ્ત થાય છે. મુનિમના બીસામાં જો બનબનરામ પડે તો રૂમ પર લાગેલ તાળું ઉઘડી જતાં વિલંબ થતો નથી! એના અભાવે નકારા સિવાય ભાગ્યેજ બીજો જવાબ મળવાનો. જો કે આવું સર્વત્ર થાય છે એમ કહેવાપણ નથીજ. નહાર બીલ્ડીંગ ને કલ્યાણ ભુવન આદિ બેચારમાં સારા મુનિમો છે જે યાત્રાળુઓને ભેદ ભાવ વિના સગવડ આપે છે. બાકી ધોધાવાળા-કોટાવાળા કે બાબુસાહેબ પનાલાલ આદિ ધર્મશાળાઓ માટે ઉપર વર્ણવી સ્થિતિના એક કરતાં વધુ પ્રસંગો બન્યાના દાખલા આપી શકાય તેમ છે. વૈશાખ જેઠ માસના પ્રખર તાપમાં, જ્યારે માંડ યાત્રાળુઓ સવાસો દોઢસોથી વધુ નથી હોતા ત્યારે પણ આ ધર્મશાળાઓમાં જગ્યા નથી ખાલી હોતી એમાં સમજવું શું?

એકતો બંધાવનાર ગૃહસ્થ તરફની દેખરેખ નહીં જેવી! એમાં વળી એમના તરફથી પોતાના માટે અનામત જગા રાખવાની છુટ. જો કે એ સંબંધમાં તેમણે તો બે ત્રણ ઓરડીઓની રજા આપી હશે છતાં મુનિમો 'છ' પર તાળા મારી રાખે કે! એ ઉપરાંત સાવ ખાલી ઓરડીઓ પર પણ તાળા મારેલા હોય છે! યાત્રાળુઓ ડુગર પર ચઢવા ગયા હોય તેમની ઓરડી પર પણ તાળા હોયજ એટલે સવારે નવની ગાડીમાં ઉતરનાર મુસાફર ધર્મશાળામાં પગ મૂકે ત્યારે એણે બધે તાળાજ દેખાય. કઇ ખાલી છે ને કઇ ભરેલી છે એનો તાગ એ નજ કહાડી શકે. કંઈક વસ્તારી જણાય અથવાતો મુનિમને લાગે કે કંઇ દક્ષિણા ઠીક આપે તેમ છે તો જાણે ઉપકાર કરતાં હોય એમ એકાદનુ તાળુ ઉઘડે, ને એ વેળા પણ ભાર મૂકી કહેવાય કે-'જગ્યા શેઠને સારૂ રાખી હતી પણ એમણે આવતાં ઢીલ થઇ અને તમારે આ બધાને લઈ અથડાવું પડે તે ઠીક નહીં તેથી ઉઘાડી આપું છું.' મુનિમોની આ ચાલબાજી અમદાવાદ-સુરત આદિ શહેરોમાંથી આવતાં ગૃહસ્થો અને પોતાની સગવડ સાચવવાના હેતુ પરજ ધ્યાન રાખી-આનું માઠું પરિણામ કેવું આવશે તે પ્રત્યે બેદરકાર રહી-બક્ષિસ આપવાની પાડેલી ટેવ ને આભારી છે. એકલ દુકલ યાત્રાળુ કે બાહ્ય દેખાવથી કંઇ આપે નહીં તેવો જાણીતો યાત્રાળુ ભાગ્યેજ આ મુનિમો પાસેથી જગ્યા મેળવી શકે, ભલે ને તે કુટુંબ સહિત આવ્યો હોય!

આ જાતની પદ્ધતિ આ મહાતીર્થમાં ચલાવી લેવી વાસ્તવિક છે ખરી? ધર્મશાળા જેવા યાત્રાળુ માટેના સાર્વજનિક સ્થાનોમાં ભેદભાવ-ને મામા-માસીના જેવું ચાલે અથવા તો ત્યાં પણ 'દામ કરે કામ' જેવું વર્તન થતું રહે અને એ માટે શેઠ આ. ક. ની પેઢી તરફથી કંઇ પણ બંદોબસ્ત ન રખાય એ બરાબર નથી. કદાચ કોઇ કહેવા જાય તો જવાબ મળે કે અહીં મોતીશા શેઠની ધર્મશાળામાં આવો અથવાતો વંડે સગવડ કરી આપું. શા સારૂ બીજી ધર્મશાળાઓના વહીવટ પર એમની દેખરેખ ન હોય. પેઢી ધારે તો બંધાવનાર ગ્રહસ્થો જોડે પત્રવ્યવહાર કરી દરેક પર પોતાની દેખરેખનો પ્રબંધ કરાવી શકે. વળી ખાલી ને ભરેલી ઓરડીઓ પારખવા સારૂ નંબર પદ્ધતિ દાખલ કરે. અલબત આ જાતની વ્યવસ્થા સ્થાપવા સારૂ કૃતનિશ્ચયી બનવું પડે અને હાલ માત્ર આવકના કાર્યમાંજ ચિત્ત પરોવે છે તેનાથી એક પગલું આગળ જવું પડે. દેશકાળ પ્રમાણે એ પગલું ભર્યા વિના ચાલે તેમ નથીજ. યાત્રિકોની સગવડ સચવાય એ જોવાનો એનો ધર્મ છેજ.

જગ્યા સબંધમાં-સાધુ-સાધ્વી વર્ગ તરફથી અથવા તો એમના ઓથા તળે મુનિમો તરફથી જે ઓરડા રોકવામાં આવે છે એ પર વધુ પ્રકાશ હવે પછી.

—M.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ઠ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

ગિરનારની જૈન ગુફાઓ

લેખક:—
નાથાલાલ છગનલાલ શાહ.

સૌરાષ્ટ્રમાં આવેલ જુનાગઢ પાસે ગીરનાર પર્વત પર શાહ વંશિય રાજાઓએ ઇ. સ બીજા સૈકાની આસપાસના અરસામાં કેટલીક એક ગુફાઓનું ખોદકામ કરાવ્યું હતું. આ ગુફાઓનું ખોદકામ પ્રાયઃ જૈનોના હીતાર્થે થયેલ હતું એમ જાણવા આવે છે. ખોદકામવાળી ગુફાઓ કદાચ ઘણી જુની પણ હોય એ સંભવનીય છે. આ ગુફાઓ પૈકી "બાવાપ્યારા"ના મઠના નામથી ઓળખવામાં આવતી તે જૈન ગુફા છે. તે ઉપર કોટ પાસે આવેલ છે. જે તેના મહત્વના લેખ માટે મશહુર છે. ગુફામાં ખોદકામથી અગીઆર માંગલીક ચિન્હ કોતરાએલ જણાઇ આવે છે જે પુરાતન સમયના છે. સદર ગુફામાં શિલાલેખ પત્થર પર કોતરાએલ છે, તેની લંબાઇ દોઢ ફુટ અને પહોળાઇ અડધો ફુટ છે. શિલાલેખના વચ્ચેના ભાગોમાં ફાટ પડેલ તેમ ઉપરના બંને ખૂણાઓ ઘસાઇ ગયેલ છે. શિલાલેખ સંસ્કૃત ભાષામાં શાહ વંશિય રાજાઓના રાજ્ય અમલમાંની લીપીમાં કોતરાએલ છે. આ લેખ ચાર લાઇનમાં છે, તેમાં પહેલી લાઇનનો અનુવાદ તુટેલ ભાગ હોવાથી થઇ શકેલ નથી; બાકીની ત્રણ લાઇનોનો અનુવાદ નીચે પ્રમાણે છે *

.....સ્વામી ચષ્ટાનના પ્રપૌત્ર અને રાજા ક્ષત્રપ સ્વામી જયદમના પૌત્ર રાજા મહાક્ષત્રપ.....ગિરિનગરમાં ચૈત્ર શુદ પાંચમને દિવસે દેવો, રાક્ષસો, નાગો, યક્ષો અને અસુરોએ..... જેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જરા મરણને જીત્યાં છે.....

૧ .....સ્તથા સુરગ ....ક્ષત્રપ .....
૨ (સ્વામી) ચષ્ટનસ્ય પ્ર(પ્રો)ત્રસ્ય રાજ્ઞઃ ક્ષત્રપસ્ય સ્વામિ જયદામ પૌત્રસ્ય રાજ્ઞો મહાક્ષ.....
૨ (ચૈત્ર) શુક્લ પક્ષસ્ય દિવસે પઞ્ચમે (૫) ઇહ ગિરિનગરે દેવાસુરનાગયક્ષ રાક્ષસે દ્ધિ.....
૪ .....પ્રક (?) મિવ પરમ.....કેવલિજ્ઞાન સંપ્રાપ્તાનાં જિતજરા મરણા (?)

ઉપરોક્ત લેખ સ્વામી જયદમનના પૌત્ર અને પ્રાયઃ રૂદ્રદમનના પુત્ર રૂદ્રસિંહના સમયમાં લખાયેલ હતો. શિલાલેખમાં રાજાના નામ પછી શબ્દ તેમજ આંકડામાં વર્ષ લખાયું હશે એમ સંભવીત છે. કારણ કે ચોથી લાઇનમાં તીથી પણ આપેલી છે. આ લેખમાં શાહ વંશિય રાજાઓના સંબંધમાં કાંઇ નવી માહિતી મળી શકતી નથી, પણ "**કેવલિજ્ઞાન સંપ્રાપ્તાનાં**" એ શબ્દ જે શિલાલેખની ચોથી લાઇનમાં બતાવેલ છે તે સૌથી વધારે ધ્યાન ખેંચે તેવો છે આ શબ્દનો અર્થ જેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવો થાય છે. જૈન શાસ્ત્રોમાં કેવળી શબ્દ અનેકવાર આવે છે. જે પરથી સિદ્ધ થાય છે કે આ શબ્દ જૈન પારિભાષિક છે આથી આ શિલાલેખ જૈનોનો છે એમ કહી શકાય તેમ છે.

શાહ વંશિય રાજાઓ જૈન ધર્મને માનનારા હતા એ વાતના સ્મારક તરિકે આ લેખ લખાવ્યો પણ હોય, તેઓ બૌદ્ધ ધર્મના અનુયાયી મટ્યા પછી આમ બન્યું હોય તો એ બનવા જોગ છે.

ઉપર કોટના અંદરના જંગલમાં Mai-Gadechi માઇ-ગડેચીના વિભાગમાં એક જુના જૈન મંદિરની નીચે છત્રીસ ફુટ આઠ ઇંચ પહોળી અને તેર ફુટ ઉંડી એક જૈન ગુફા છે આ મંદિરને વર્તમાનમાં મુસલમાનોએ મસજીદ બનાવી દીધેલ છે. આ જૈન ગુફાના છાપરાઓને અષ્ટકોણ થાંભલાઓનો ટેકો છે, જે થાંભલાઓની ઉંચાઇ નવ ફુટ સાડા દસ ઇંચની છે. તેના સ્થંભો ઉપર કોતરકામ કરવામાં આવેલ તેને મુસલમાનોએ પ્લાસ્ટર લગાડી દીધેલ છે. જે બે ચોરસ થાંભલાઓથી ગુફાના આગળના ભાગના બે વિભાગો પડેલ છે તેના ઉપર બહારના ભાગમાં સિંહોની આકૃતિ બતાવેલ છે.†

* Prakrit and Sanskrit Inscription Bhavnagar. P. 17

† Archaeological Survey of Western India. P. 140-141

સમાચાર સાર

—મુંબઇમાં આચાર્ય પદ ઉપાધ્યાયપદ તથા વડી દીક્ષા— અસાડ શુદ ૨ રવીવારે સવારે શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે શ્રી કંચનવિજયજી મહારાજને પંન્યાસજી શ્રી પ્રીતિવિજયજી ગણીવરના હસ્તે વડી દીક્ષા આપવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી ગોડીજી મહારાજના દહેરાસરજીમાં ઓચ્છવ કરવામાં આવ્યો હતો વડી દીક્ષા વખતે પૂજ્ય આચાર્ય શ્રી જીનરિદ્ધિસુરિશ્વરજી, પં. શ્રી રત્નમુનિજી આદિ મુનિરાજો તથા સાધ્વીજી માણેકશ્રીજી આદિ પધાર્યા હતા.

અસાડ શુદ ૨ રવીવારે બપોરે જળયાત્રાનો વરઘોડો શ્રી મહાવીરસ્વામીજી પ્રભુના દહેરાસરજીથી ચઢાવવામાં આવ્યો હતો. મુખ્ય લત્તાઓમાં ફરી દહેરાસરજી વરઘોડો ઉતર્યો હતો. જૈન સ્વયંસેવક મંડળે વરઘોડામાં વ્યવસ્થા રાખી હતી.

—અસાડ શુદ ૭ ગુરૂવારે સવારે ૯ કલાકે પૂજ્ય આચાર્ય શ્રી જિનરિદ્ધિસુરિશ્વરજી મહારાજના સુહસ્તે પં. શ્રી રત્નમુનિજીને આચાર્ય પદ્વી તેમજ શ્રી લબ્ધિમુનિજીને ઉપાધ્યાય પદ્વી સંઘની હાજરી વચ્ચે માધવબાગમાં આપવામાં આવી હતી. બહારગામથી સફળતાના આવેલા સંદેશા શ્રી ચોકસીએ વાંચી સંભળાવ્યા હતા. આચાર્યશ્રીએ તેમજ નૂતન આચાર્યશ્રીએ વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે પં. ભાવવિજયજી આદિ, પં. શ્રી પ્રીતિવિજયજી આદિ તથા સાધ્વીજી માણેકશ્રીજી આદિ પધાર્યા હતા. નૂતન આચાર્યશ્રી તથા ઉપાધ્યાયજીને પહેલો વાસક્ષેપ નાંખવાનું તથા પહેલી કામળી આદિ વસ્ત્રો વ્હોરાવવાના ઘીની ઉપજ સારી થઇ હતી. જીવદયાની ટીપ પણ ભરવામાં આવી હતી.

—વાડીલાલ જેઠાલાલ શાહ.

—જૈન એસોશીએશન ઓફ ઇંડિયા દ્વારા આર્ટ, સાયન્સ, એંજીનિયરિંગ, મેડીકલ, ટેકનિકલ અને કામર્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧૯૪૦-૪૧ ના વર્ષ માટે છાત્રવૃત્તિઓ આપવામાં આવનાર છે. અરજી ફોર્મ તા. ૨૫-૭-૪૦ સુધીમાં (ઠે. ૨૦-પાયધુની-મુંબઇ ૩ ના સિરનામે પત્ર લખી) મંગાવી લેવા મંત્રીઓ તરફથી જણાવવામાં આવેલ છે.

श्रीमान् पूर्णचन्द्रजी नाहर (संस्मरण)

आचार्य श्रीराधारमण शर्मा, शास्त्री, काव्यतीर्थ.

(लेखांक २)

जिस समय मेरे श्वशुर महामहोपाध्याय पंडित रामावतार शर्मा एम्० ए० साहित्याचार्य–प्रणीत सप्तम दर्शन पर आपने अपने विचार प्रकट करना प्रारम्भ किया, मुझे विदित हुआ–आपने जैन दर्शन के साथ ही प्राचीन हिन्दु–दर्शन का भी मननात्मक दर्शन किया है। साढे ग्यारह बज रहे थे। मेरे भोजन का समय बीत रहा था। इधर डाक्टर की अंतडियां भी कुलकुला रही थीं, अतः मैंने जाने की आज्ञा चाही, तो वे वहीं भोजन करने का जबर्दस्त आग्रह करने लगे। अन्ततः प्रबल अनुरोध और संध्या में पुनः मिलने की प्रतिज्ञा करने के बाद अनुमति मिली। हम लोग लौटे।

(२)

घर आकर भोजन के बाद मैं आज के समाचार–पत्र पढ ही रहा था कि नौकर ने आकर खबर दी–कोई नये सज्जन मुझसे मिलने को बाहर खडे हैं। यह बेवख्त का मिलना! फिर यह हैं कौन जो यहां–जहां अभी मेरे मित्रों और परिचितों की संख्या एक दहाई के समीप ही है–मुझसे मिलने आये हैं! मैं उठकर बाहर आया। देखा, देखकर मेरे हर्ष और विस्मय की सीमा न थी, स्वयं श्रीमान् पूर्णचन्द्रजी नाहार खडे मुस्किरा रहे थे।

झटपट उन्हें ले जाकर कमरे में बैठाया, पूछा–"आपने स्वयं कैसे कष्ट किया, और इस समय?"

"हां, आपको असमय कष्ट दिया, क्षमा करेंगे। संध्या में आपने पुनः आने का वचन दिया है–यही याद दिलाने आया हूं। ऐसा न हो आप भूल जायें। एक बात और, इस समय तो मेरे अनुरोध को आपने ठुकरा दिया, यदि संध्या में भी ऐसा ही हुआ तो मेरी आत्मा को बडी चोट लगेगी।"

मैं उनके सौजन्य पर मुग्ध था। इतने बडे सम्पन्न विद्वान् में इतनी अधिक विनम्रता देख कई वर्ष पूर्व पढा हुआ किसी कवि का एक श्लोक मेरे स्मृति–प्रांगण में आ कूदा—

"लक्ष्मीर्यत्र न गीस्तत्र यत्र गीस्तत्र नो रमा।
ते यत्र विनयो नास्ति, सा च सा च स च त्वयि॥"

(जहां लक्ष्मी निवास करती हैं, वहां सरस्वती नहीं रहतीं। यदि कभी किसी तरह दोनों ने एक ही स्थान चुन भी लिया, तो विनय तो वहां रहेगा ही नहीं। उसका उन दोनों से पुराना द्वेष है, किन्तु आश्चर्य है, इन तीनों ने ही आपको अपना आश्रय बना रक्खा है।)

मैंने नाहरजी को यह श्लोक सुनाया तो वे अट्टहास कर उठे। बोले–"बनाने लगे न? तो मैं चलता हूं। कई जरूरी कामों को छोडकर आया।"

"आपने व्यर्थ ही कष्ट किया। मैं तो आता ही! भला आप जैसे महान् की अधिकाधिक संगति कौन न चाहेगा और यदि आपने मुझे पहले दर्जे का भुलक्कड ही समझ लिया था, तो याद दिलाने किसी आदमी को भेज देते, या एक स्लिप लिख दी होती।"–मैंने कहा। "आप मुझे आदमी नहीं समझते?" उन्होंने हंसते हुए कहा–"धूप बडी प्यारी मालूम हुई, इसलिए स्वयं टहलता चला आया। आप बिलकुल पास ही तो हैं।"

नाहरजी जाने को हुए तो मैंने पूछा–"आपका सत्कार मैं, एक अकिञ्चन, किस तरह करूं?"

"अपनी कृपा द्वारा"–उन्होंने छूटते ही कहा।

"वह तो मैं देना नहीं, पाना चाहता हूं। पान मंगवाउं?"

"खाता ही नहीं, क्षमा करेंगे।"

अन्ततः कुछ इलायची लेकर वे चले गये। मैं उन्हें थोडी दूर पहुंचा आया। संध्या के बाद मैं उनके यहां पहुचा। थोडी देर इधर–उधर की बातों के बाद मैं भोजन करने बैठा। भोजन के लिए जितनी तरह की चीजे और जितने परिमाण में लाई गई, वे मेरे जैसे अल्पाशी के पांच–छः शाम के लिए पर्याप्त थीं। अत्यन्त हठ के बाद मैं उनमें से कुछ चीजें निकाल सका। भोजन की चीजें जितनी स्वादु और मधुर थीं, वह तो थीं ही, जिस प्रेम से बैठकर वे खिला रहे थे, वह और भी मधुर और चिरस्मरणीय था। भोजन के बाद कुछ देर और ठहर मैं घर लौट आया। यहां आने पर पता लगा–नाहरजी ने परिवार भर के लिए खाने की चीजें भेजी हैं।

(३)

राजगृह में सबसे बडा दोष यह है कि वहां शारीरिक खुराक यथेष्ट मिल जाने पर भी मस्तिष्क का खुराक बिलकुल नहीं मिलती। डिस्ट्रिक्ट बोर्ड के एक 'रद्दीएण्ट' और नाम-मात्र के भ्रमणशील पुस्तकालय को बाद देने के बाद न तो वहां और कोई पुस्तकालय है, और न वहां कोई पत्र-पत्रिका

ही मिलती है, जिससे वहां जानेवाले सज्जन अपने अवशिष्ट समय का कुछ उपयोग कुछ मानसिक मनोरंजन कर सकें। यह तो खैरियत थी, मेरे पास ६–७ पत्र–पत्रिकाएं आ जाती थीं, अन्यथा समय काटना असम्भव हो जाता। श्रीनाहरजी से परिचय होने के बाद तो इनकी ओर भी कभी नहीं रही। उनके वैयक्तिक पुस्तकालय से मस्तिष्क जितना भोजन प्राप्त करता, उससे कहीं अधिक उनकी बातों से मिला करता!

जब तक मैं वहां रहा, १०–१५ दिन ही ऐसे बीते होंगे, जिस दिन मैं उनसे नहीं मिला और इसका कारण और कुछ नहीं, उनका स्वयं मेरे डेरे पर आ जाना ही होता था। उनकी सज्जनता, उनकी विद्वत्ता का जितना अधिक प्रभाव मुझ पर पडा, उतना ही उनकी कर्मण्यता का भी पडा। वृद्ध होने पर भी मैंने उन्हें राजगृह में ७–८ घंटे नित्य और कभी–कभी तो १५–१६ घंटे मानसिक श्रम करते देखा और तारीफ यह कि वे कलकत्ते से राजगृह जाडे में स्वास्थ्य सुधारने आते थे। उन दिनों श्रीमान् नाहरजी पुरातत्त्व–सम्बन्धी अपनी चौथी पुस्तक लिख रहे थे, जो मथुरा पर लिखी जा रही थी। पुरातत्त्व विषयक उनकी तीन मोटी मोटी पुस्तकें पहले ही निकल चुकी थीं। मुझे प्रसन्नता है, उस पुस्तक के लेखन में मुझे भी अपना कुछ समय लगा उनकी सेवा करने का सुअवसर मिला था।

एक दिन प्रातःकाल मैं बैठा कुछ लिख रहा था कि श्रीमान् नाहरजी आ पहुंचे। आते ही आपने पूछा–"आप नालन्दा देख चुके?"

"अभी कहां! सोच रहा हूं, परसों जाउंगा।"

"परसों ठीक न होगा, मुझे अवकाश नहीं है। कल ही चलिए, मैं गाइड बन कर साथ चलूंगा। मेरे चलने से आप कुछ अच्छी तरह देख सकेंगे और मुझे भी आपकी सेवा का कुछ मौका मिल जायगा।"

श्री नाहरजी का यह मेरे साथ अत्याचार (अति+आचार) था। मैंने रोका–"देखिए, आप मुझसे विद्यावयोवृद्ध हैं, मेरे प्रति ऐसे शब्द और वह भी बारम्बार आपको शोभा नहीं देते। मैं आपके समक्ष बालक हूं–मुझे यों लज्जित न किया करें।"

वे 'वाह' कहकर रह गये। दूसरे दिन हम लोग नालन्दा चल पडे।

नालन्दा–राजगृह से आठ मील दूर उत्तर की ओर है। भारतवर्ष के स्वर्णयुग–गुप्तकाल–में इसकी स्थापना हुई थी। यही वह हमारा विश्वविद्यालय था, जहां पढने भारत के ही नहीं, चीन, जापान, तुर्किस्तान, सिंहल, सुमात्रा आदि देशों के विद्वान्–छात्र नहीं–आया करते थे, और जहां केवल प्रोफेसरों की संख्या १४०० थी। नालन्दा के इतिहास में भारतवर्ष के लगभग सात सौ वर्षों का इतिहास सोया हुआ है, और इसके खण्डहरों में हमारी वह प्राचीन विभूति, सभ्यता और संस्कृति धूलिधूसरित पडी है, जिसके अणुमात्र से भी हम उन स्वार्थ पर निन्दकों से अपनी महत्ता बलात स्वीकार करा सकते है, जो हमारी प्राचीन समृद्धि, सभ्यता और संस्कृति के साथ ही हमारे विज्ञान पर भी मूर्खतापूर्ण ताने कसते हैं। खुदाई में जैसे जैसे विशाल सुन्दर और कल के बन–से हजारों छात्रावास, अध्यापन के कमरे, पुस्तकालय, भोजनागार आदि निकले हैं, उन्हें देख कोई भी सहृदय अपने गत वैभव की याद में दो आंसू गिराये बिना नहीं रह सकता। हम मूर्ख असभ्य और निर्धन समझे जानेवाले काले गुलाम, अपने महाप्रभुओं के शुभागमन के पूर्व क्या थे–इसे देखना हो तो कोई नालन्दा में देखे।

नालन्दा के गौरवपूर्ण इतिहास और उसके दर्शनीयतम स्थानों के संक्षिप्त वर्णन क लिए भी इस पत्र के २०–२५ पृष्ठ चाहिए, अतः उसे यहीं छोडता हूं।

सचमुख नाहरजी की कृपा के कारण ही मैं नालन्दा की प्रत्येक वस्तु, और उसका नवनिर्मित संग्रहालय अध्ययनात्मक दृष्टि से देख सका। हम लोग रात्रि में राजगृह लौट आये।

(अपूर्ण)

('माधुरी' से उद्धृत)

જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ટ્રસ્ટ બોર્ડ તરફથી નિવેદન.

બોર્ડ તરફથી 'જૈનધર્મ' અને 'જૈન સાહિત્ય' અથવા તો એ અંગેની પ્રાચીન 'શોધખોળ તથા પુરાતત્વ' ને લગતી કૃતિઓ તૈયાર કરાવવાનો તેમજ પ્રગટ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે તો જૈન-જૈનેતર વિદ્વાનો અને લેખકોને પોતાની પાસે તેવા પ્રકારની જે કંઇ કૃતિઓ હોય અગર એને લગતી જે કંઇ યોજના હોય તે નીચેની સરનામે મોકલી આપવા નમ્ર વિનંતિ છે.

સરનામું—**મોહનલાલ દીપચંદ ચોકસી.**
ઓનરરી મંત્રી.
C/o તાંબાકાંટા, વહોરાનો જુનો માળો,
ચોથે માળે, મુંબઈ નં. ૩.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને શ્રી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર: HINDSANGHA. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર. REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળી

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ.

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૧૭

વિ. સં. ૧૯૯૬, અષાડ વદ ૧૩, ગુરૂવાર. તા. ૧ લી ઓગષ્ટ ૧૯૪૦

JAIN YUGA

શિવાજી મહારાજનો સંદેશ

કોઇ ધર્મનું, કોઇ ધાર્મિક સંસ્થાનું, કોઇ ધાર્મિક સ્થળનું કે કોઇ ધાર્મિક ગ્રંથનું અપમાન, મારા રાજ્યના અમલદારો–અધિકારીઓ કે બીજા કોઇ ન કરે એવી મારી હૃદયની ઇચ્છા છે. પારકા–ધર્મનું અપમાન કરવું, અન્ય ધર્મના સ્ત્રી–પુરૂષો ઉપર એ બીજા ધર્મના હોવાને કારણે અત્યાચાર ગુજારવા, પારકા ધર્મની સ્ત્રીઓને બળજબરીથી ઘસડી જઈ તેમને વટલાવી, જોરજુલમથી એના ઉપર અત્યાચાર કરવા, એનું શિયળ લૂંટવું એ બધાં કર્મો મનુષ્ય જાતિને શરમાવનારા છે. આવાં કૃત્યોને ધાર્મિક સેવા ગણવી એ અધમપણાની પરાકાષ્ટા છે.

મારા રાજ્યના ખેડુતો ઉપર ત્રાસ ન થાય એ ખાસ તમે જો જો. ખેડુતોના સુખમાં જ રાજ્યની ચડતી છે. ખેડુતોની આબાદીમાં જ રાજ્યની મજબુતી છે. ખેડુતોના ઉદયમાં જ રાજ્યની ઉન્નતિ છે. ખેડુત વર્ગ રાજ્યે પ્રભુ રીઝયો માનજો. મારા રાજ્યના ગરીબ ખેડુતોને કોઇ ન સતાવે, કોઇ ન રંજાડે, એવો બંદોબસ્ત રાખજો. અમલદારો, અધિકારીઓ, જાગીરદારો, શાહુકારો વગેરે સ્વાર્થબુદ્ધિથી ખેડુતોને ચૂસી ન ખાય એની તમે ખાસ ખબરદારી રાખજો.

કોઈ અમર રહ્યું નથી અને રહેવાનું પણ નથી. જન્મ્યું તે મરવાનું છે જ. જીર્ણ થયેલા કપડા કાઢયા વગર છુટકો નથી.

તમે મારી સેવા અને શુશ્રુષા કરવામાં કચાસ નથી રાખી. મારો ગરમ મિજાજ તમે સાંખ્યો છે અને સખ્ત શિસ્ત પણ તમે પાળી છે. તમારા સહકાર, પ્રેમ અને વફાદારી વડે જ હું કંઇ કરી શકયો છું. આજે હું જાઉં છું–કાળે તમારૂં કામ પૂરૂં થયે તમારે ત્યાંજ આવવાનું છે. સર્વેનો રસ્તો એકજ છે. અહીં રહેવાનો મોહ મિથ્યા છે. મારા મરણ પછી જ હિંદુત્વ અને દેશ પ્રત્યેની તમારી વફાદારીની ખરી કસોટી થવાની છે. કઠણ પ્રસંગે હિંમત હારતા નહિ. આ જગતમાં કોઈ નિરાધાર નથી. સર્વેનો આધાર હજાર હાથનો ધણી માથે બેઠો છે. ધર્મ અને દેશની સેવામાં જે સાચા હૃદયથી અને સર્વસ્વના ત્યાગની સાચી ભાવનાથી મંડી પડે છે તેને પ્રભુ યારી આપ્યા વગર નથી રહેતો.

એ પ્રભુમાં વિશ્વાસ રાખો–ભરત ખંડનો વિજય છે.

'છત્રપતિ શિવાજી ચરિત્ર'માંથી.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्ववोदधिः ॥
—श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.

તા૦ ૧-૮-૪૦. ગુરૂવાર.

કેળવણી.

કેટલાક બંધુઓને હજુપણ એમ લાગ્યા કરે છે કે 'કોન્ફરન્સ'નો અર્થ જ જ્યારે વિચાર કરનારૂં મંડળ એવો થાય છે ત્યારે એને અમૂક ઠરાવ પુરતી મર્યાદા સંભવીજ કેમ શકે? એ એક પ્રકારની પીછે હઠ જ ગણાય! આ માન્યતા ઈંગ્લીશ શબ્દ 'Confer' ઉપરથી તૈયાર થયેલ 'કોન્ફરન્સ' નામને આભારી છે. બાકી આપણી કોન્ફરન્સના આરંભ કાળથી જોતાં પણ એ માત્ર વિચાર કરીને બેસી રહેનારૂં મંડળ નથી એ વાત પુરવાર કરી શકાય તેમ છે અલબત એ સાચું છે કે સંખ્યાબંધ ઠરાવમાંના કેટલાક પર જે અમલી કાર્ય થયું છે તેમાં એણે સીધો ભાગ નથી ભજવ્યો અથવા તો શીરપર જવાબદારી નથી લીધી એમ કહી શકાય. પણ આજે તો શબ્દના અર્થ પાછળ ચુંથણા ચુંથવાનો સમય જ કયાં રહ્યો છે? જો આપણા જૈનધર્મના આદેશ પ્રતિ લક્ષ અપાય તો ત્યાંથી સ્પષ્ટ શબ્દો મળે છે કે એકલા વિચારની કંઇ જ કિંમત નથી. વિચાર પાછળ આચાર જરૂરી છે. જ્ઞાન પાછળ ક્રિયા જોઇએ જ. જેમ એકલી ક્રિયા આંધળી છે તેમ એકલું જ્ઞાન પાંગળું છે. ઉભયના સમાગમ વિના કાર્ય સિદ્ધિ શક્ય જ નથી. એટલે કેવળ વિચારક મંડળ કહેવાનો કંઈ અર્થ નથી. રાષ્ટ્રિય મહાસભા તરફ મીંટ માંડતા પણ એજ વાત દીવા જેવી દેખાય છે. માત્ર 'આમ થવું જોઇએ' અને 'અમૂક હોવું જોઇએ'ના ઠરાવો જ્યારે એના માચડેથી થતાં હતાં, ત્યારે એની સ્થિતિ કેવી હતી? એ વેળા આમ જનતા એમાં કેટલો રસ ધરાવતી હતી? અને એ પાછળનું પીઠબળ કેટલું હતું? અને જ્યારથી એને મહાત્માજીની દોરવણી મળી અને વિચારક મંડળમાંથી ઠરાવોનો અમલ કરનાર તરિકેના મંડળમાં એનો નવો અવતાર થયો ત્યારે એની દશામાં કેવો સંગીન પલટો આવ્યો-એ ઇતિહાસ નજર સામે હોવાથી એના વધુ વિસ્તારની જરૂર નજ હોઇ શકે. જૈનધર્મનું મહાન્ સૂત્ર **જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ** અને ગાંધીજીનું વચન. 'બાંડીભાર વાંચન કરતાં શેરભર વર્તન' એ ઉપેક્ષા કરવા જેવા નથી. એ ત્રિકાળ અબાધિત છે એટલું જ નહિ પણ વર્તમાન કાળના સંયોગોમાં તો બાસ આદરણીય છે. એ વિના ભલભલી મોટી સંસ્થાના જીવન રોળાતાં વિલંબ નથી થવાનો. કેવળ વિચારણાનો યુગ આથમી ગયો છે! જનતા આજે વિચારકો સામે મીંટ માંડી નથી રહી. એને વિચારોને રચનામાં મૂકનારા અને થોડું તો, થોડું પણ કામ કરી બતાવનાર, નેતાઓની જરૂર છે. રંગ-બેરંગી વિષયો પર જાતજાતના વિચારો કે તીખી ચર્ચાઓ કરી છુટા પડવા કરતાં એકાદ બે બાબત પર રચનાના મંડાણ માંડવામાં જ સંસ્થાનું સાચું જીવન છે. એ દિશામાં માર્ગદર્શન મળી ચુકયું છે અને કાર્યારંભ કરવાના દિવસો આવી રહ્યા છે.

સતર પંદર વાતોને બાજુ પર રાખી એકલા કેળવણીના વિષય તરફ જોઇશું તો સહજ જણાશે કે એ સંબંધમાં નજર સામે એટલું મોટું વિશાળ ક્ષેત્ર છે કે જેમાં તદાકાર બની જઇએ તો અન્ય વિષયની વિચારણાનો સમય જ ન રહે. કદાચ જરૂર પણ ન રહે.

કેવળ ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળાઓ કે વ્યવહારિક કેળવણી માટે સંસ્થાઓ ઉભી કરવા માત્રથી એ સવાલની પૂર્ણાહૂતિ નથી થઈ જતી. એક કાળે એ ઉભી કરવાનો પ્રચાર ભલે પર્યાપ્ત મનાયો હોય, પણ આજે સ્થિતિ જુદી છે. જૈન સમાજ સંખ્યાબંધ સંસ્થાઓ ધરાવે છે. આજે પાઠશાળા, આશ્રમ, ગુરૂકુળ-વિદ્યાલય અને કોલેજ જેવી સંસ્થાઓ એની પાસે છે અને એ સાથે કેટલાયે કોયડાઓ ઉપસ્થિત થયા છે જે ઉકેલ માંગી રહ્યાં છે. એ ઉપરાંત મહાત્મા ગાંધીજી પ્રેરિત વર્ધા-કેળવણી યોજનાએ જે જુદું છતાં અતિ મહત્વનું દ્રષ્ટિબિન્દુ રજુ કર્યું છે એ તરફ જૈન સમાજે લક્ષ્ય દોર્યા સિવાય ચાલે તેમ નથી. સંસ્થાઓ વધવા છતાં એ સંબંધમાં અંતર પ્રજ્ઞની દ્રષ્ટિએ જે જાતની પ્રગતિ સાધવી જોઇએ તે હજુન્ ઘણી દૂર છે. ઘણી બરી સંસ્થાઓમાં કાર્યકરોનો અભાવ જણાઇ આવે છે! તો કેટલીકમાં પૈસાની તંગી નજરે ચઢે છે! અને એક ધારા અભ્યાસ જેવું તો જવલ્લેજ દેખાય છે! સૌ પોતપોતાના શંખો વિલક્ષણ રીતે ફુંકે જાય છે! એ સર્વને એક છત્ર હેઠળ આણવાની અથવા તો એક રજ્જુએ બાંધવાની અગત્ય છે. કદાચ વહીવટી તંત્ર એકધારૂં ન સર્જી શકાય તો પણ વિદ્યાર્થીના જીવન-અભ્યાસ અને રહેણી-કરણીના નિયમનમાં તો અવશ્ય સમાનતા આણી શકાય. સામાન્ય રીતે જોતાં કેળવણીનો પ્રશ્ન જ્યારે આટલો વિશાળ છે અને સાથોસાથ સમાજમાં સર્વાંગે ઓતપ્રોત થયેલો છે ત્યારે એના મૂલ્યાંકન ઓછા કેમ આંકી શકાય? શા માટે એને આવશ્યકમાંના એકમાં ન લેખાય? શું એ માટે વિચારકોને કંઇજ ઉમળકા નથી ઉદ્ભવતા? કંઇજ પ્રેરણાઓ નથી જન્મતી! આ પ્રશ્ન સામાજીક નથી? જો જૈન સમાજના હાડચામને વળગતો હોય અને શીઘ્ર ઉકેલ માંગતો હોય તો બીજા સૌ કરતાં આ સવાલ મુખ્ય છે. આજે એ પાછળ મંડી જઇ, વ્યવસ્થિત રીતે એનો તોડ આણી, એ પાછળ જુદી જુદી રીતે જે દ્રવ્ય બરચાઇ રહ્યું છે એનો બરાબર લાભ મળે તેવું આયોજન કરવાની સૌ કરતાં બાસ અગત્ય છે. ધાર્મિક અને વ્યવહારિક એ બે ભાગો બાસ છણાવટ માંગે છે અને સ્ત્રી કેળવણી કેવા પ્રકારની હોવી ઘટે, એમાં પૂર્વાત્ય સંસ્કૃતિ કેમ જળવાય તે માટે તો બાસ જુદા પ્રકરણની જરૂર રહેવાની. વિચારકો સારૂ આ કંઇ જેવો તેવો ખોરાક નથી જ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

જૈન ધર્મના અણમોલા સિદ્ધાંતોને વિશ્વવ્યાપી બનાવવાની શેઠ માણેકલાલ ચુનીલાલ શાહ જે. પી. ની પ્રેરક અપીલ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ દ્વારા ગત્ વર્ષે લેવાએલી **શેઠ સારાભાઇ મગનભાઈ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થએલા સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઇનામો આપવા માટે એક જાહેર સંમેલન રવીવાર તા. ૨૮-૭-૪૦ ના રોજ નમતી બપોરના સ્ટા ટા. સાડા ત્રણ કલાકે કોન્ફરન્સ હોલમાં યોજવામાં આવતાં સંખ્યાબંધ નર-નારીઓએ તેમાં ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. ઉપસ્થિત આગેવાનોમાં શ્રી. સકરચંદ મોતીલાલ મૂલજી, શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, શ્રી. મગનલાલ મુલચંદ શાહ, શ્રી. રણછોડભાઇ રાયચંદ ઝવેરી, શ્રી. ચીમનલાલ વાડીલાલ શાહ, શ્રી. હીરાલાલ ચુનીલાલ ઝવેરી, શ્રી. રતિલાલ નથ્થુભાઇ શાહ, શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, શ્રી. રમણિકલાલ કેશવલાલ ઝવેરી, શ્રી. સાકરચંદ માણેકચંદ ઘડીયાલી, શ્રી. નરોત્તમ ભગવાનદાસ શાહ, શ્રી. પરમાણંદ કુંવરજી કાપડીઆ, શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, શ્રી. નાનચંદ શામજી, શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી. ચતુરદાસ રાયચંદ શાહ આદિનો સમાવેશ થતો હતો. સભા-સ્થાનની આજુબાજુની ગેલેરીઓ તેમજ ચાલીઓ પ્રેક્ષકોની હાજરીથી ચિકાર ભરાઇ ગઇ હતી.

પ્રમુખ શ્રીમાન્ **દયાવારિધિ શેઠ માણેકલાલ ચુનીલાલ શાહ,** જે. પી. બરાબર નિશ્ચિત સમયે સંસ્થાના મંત્રી શ્રી. અમૃતલચંદ કેશવલાલ મોદી અને અન્ય મિત્રમંડળ સહિત પધારતાં તેઓને સભાએ સુંદર પ્રેમપૂર્ણ આવકાર આપ્યો હતો.

મંત્રીએ આમંત્રણ પત્રિકા વાંચી કાર્યક્રમની શરૂઆત કરી હતી. શ્રી. શકુંતલા કાંતીલાલ ઇશ્વરલાલ જૈન કન્યાશાળાની બાળાઓએ મધુર સરોદે પ્રાર્થના અને સત્કારગીત ગાયા બાદ **શેઠ અમૃતલચંદ કેશવલાલ મોદી**એ સંસ્થાની ઉત્પત્તિ અને વિકાસક્રમની હકીકતો રજુ કરી આજના જમાનામાં જૈનધર્મ જેવા અદ્વિત્તિય ધર્મ અને તેના સિદ્ધાંતોના પ્રચારની કેટલી અગત્ય રહેલી છે તે ઉપર ખૂબ લંબાણપૂર્વક વિવેચન કરી ધાર્મિક કેળવણીની જીવન, વ્યવહાર અને પ્રત્યેક દિશામાં ઉપયોગિતા સિદ્ધ કરવા સુંદર દલીલો રજુ કરી હતી. નવા નવા ગુન્હાઓ માટે નવા નવા કાયદાઓ આજે થાય છે, પણ એ ગુન્હાઓ જ ન થાય એ માટેના સર્વમાન્ય થઈ પડે એવા કાયદાઓ (સિદ્ધાંતો) જૈન ધર્મમાં વિદ્યમાન છે એના ભોગે આજે વ્યવહારિક કેળવણી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને ધાર્મિક બંધનોની છૂટછાટ આપવાની વાતો કરવામાં આવે છે તે કોઇ રીતે ઇષ્ટ નથી. બોર્ડ ધાર્મિક કેળવણી પ્રચારને સંગીન પાયા ઉપર મૂકવા પ્રયાસો કરી રહેલ છે તેની પ્રગતિ ધીમી હશે પરંતુ સ્થાયી અસર ઉપજાવનારી તો છેજ. વક્તાએ બોર્ડ દ્વારા થઇ શકે એવી કેટલીક યોજનાઓ રજુ કરી હતી.

જીવનના ધ્યેયની નિશ્ચિયતા.

બોર્ડના પ્રમુખ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ. એલ.એલ. બી. સોલિસિટરે પોતાના નિવેદનમાં ધાર્મિક કેળવણી દ્વારા જ જીવનના ધ્યેય (આદર્શ) ની નિશ્ચિયતા થઇ શકે અને માનવ જાતીના કલ્યાણાર્થે જે કોઇ વસ્તુ વિદ્યમાન હોય તો તે ધર્મ અને તેનાં સિદ્ધાંતો જ હોઇ શકે એ વસ્તુ સાબીત કરી બતાવી હતી. જૈન ધર્મના અણમોલા સિદ્ધાંતોના સાર્વત્રિક પ્રચારાર્થે બોર્ડ દ્વારા પ્રયત્નો થઇ રહ્યા છે. તેની યોજના ઘણીજ દીર્ઘદર્શીતા વાપરી કરવામાં આવી છે જેને ધાર્યા કરતાં વધુ સારો અને સંગીન ટેકો મળી રહ્યો છે. જનતા આવી સંસ્થાને પૂરેપૂરો ટેકો આપે તો કાર્ય વધુ વિકસાવી શકાય એમાં શંકાને જરાએ સ્થાન નથી. વિચાર વાતાવરણ ઉત્પન્ન કરવા માટે આવા મંડળોની ઉપયોગિતા સ્વતઃ સિદ્ધ છે. સમાજમાં વ્યવહારિક કેળવણી આપવા માટેના પ્રચારની શરૂઆત કેટલી મુશ્કેલીથી કરવામાં આવેલ તેની ટુંક હકીકત રજુ કરતાં વિદ્વાન વક્તાએ પચીશેક વર્ષ પૂર્વે પરિ-ષદના અધિવેશનમાં અંગ્રેજી કેળવણી આપવાના ઠરાવ ઉપર થયેલી ચર્ચાની વિગતો વર્ણવી હતી. તેઓશ્રીએ આવી સંસ્થાઓ માટે સામુદાયિક સહકાર અને ટેકાની જરૂર અંગે જણાવ્યું હતું કે દરેક વ્યક્તિ જો કાર્ય કરતી થઇ જાય તો સંસ્થા આપોઆપ કાર્ય કરતી બને તેથી વિપરીત જો કોઈ પણ કાર્ય ન કરે તો સંસ્થાના કાર્યો અટકી પડે એ સ્પષ્ટ બીના સમજી લેવા જેવી છે. આ રીતે પ્રત્યેક વ્યક્તિએ આપણી સંસ્થાઓને મદદ કરવી એ પોતાની પવિત્ર ફરજ ગણવી જોઇએ. તેઓએ પ્રમુખશ્રીને પોતાનું વક્તવ્ય રજુ કરવા વિનંતિ કરી હતી.

પ્રમુખ શેઠ માણેકલાલ ચુનીલાલ શાહે નીચે પ્રમાણે ભાષણ કર્યું હતું :—

પ્રમુખશ્રીનું ભાષણ.

સદ્ગ્રહસ્થો અને બ્હેનો,

આજના આ ઇનામ સમારંભના મેળાવડાંનું પ્રમુખસ્થાન મને સોંપી આ સંસ્થાના કાર્યવાહકોએ ધાર્મિક અભ્યાસમાં રસ લેતાં વિદ્યાર્થીઓના તેમજ તેમને તે માટે ઉત્તેજન આપતી સંસ્થા અને કાર્યવાહકોના સંપર્કમાં આવવાની જે તક આપી છે તે માટે મારે તેમનો આભાર માનવાની શીષ્ટ જણવણી જ જોઇએ.

ખરી રીતે કહું તો આવા મેળાવડાઓમાં જવા હું ટેવાયો નથી; કારણ કે મને તે માટે સમય જ ઓછો છે. આમ છતાં આપણા ધર્મના ઉચ્ચ અને સર્વવ્યાપી સિદ્ધાંતો અને આદેશો માટે મને કોઈપણ ધર્મચુસ્ત વ્યક્તિ જેટલી જ માનની લાગણી છે.

જે સમયે આખી દુનિયા પાખંડ, સ્વાર્થ અને હિંસાના સાગરમાં તરબોળ થઇ રહી હતી, અને સઘળે અંધકાર છવાઇ રહ્યો હતો, તે સમયે જગતને એક એવો દિવ્ય પુરૂષ સાંપડયો કે જેણે પોતાના આત્મબળ અને સર્વજ્ઞપણાને કારણે આખી દુનિયાને આફતના ઓળામાંથી બચાવી લેતો અને સર્વત્ર ઉલ્લાસ પાથરતો એવો માર્ગ બતાવ્યો.

આ ઉપદેશક એ અન્ય કોઈ નહિ, પરંતુ પ્રભુ મહાવીર હતા. તેઓએ જગતને દંભનો માર્ગ છોડી, અન્ય ઉપર આધાર મીટાવી સત્ય, અહિંસા અને સ્વાશ્રયનો બોધ આપ્યો, એટલું જ નહિ પરંતુ પોતે ઉપદેશેલા આ માર્ગને વ્યવહારમાં મૂકી જગત સમક્ષ એક જીવંત અને જવલંત દાખલો પૂરો પાડયો.

આ મહાપુરુષના બોધેલા માર્ગને માનનારાઓ જૈન તરીકે ઓળખાયા–આપણે તેમનાજ વારસો છીએ અને તેમણે બોધેલા માર્ગને ધર્મ તરીકે સ્વીકારીએ છીએ.

આવા દિવ્ય અને અદ્વિતિય ધર્મની સમજ આપણા બાળકોને આપણે આપવી જ જોઇએ. સિદ્ધાંતોના હેતુઓ સમજવા માટેનું શિક્ષણ તેમજ વ્યવહારમાં ઉતારવા માટેની જરૂરી ક્રિયાની સમજ આપણા બાળકોને આપવાની ફરજ કુદરતી રીતે આપણા શીરે રહે છે. આ ફરજને અદા કરવી એ પ્રત્યેક જૈનનો ધર્મ છે.

તમારી આ સંસ્થા આ દિશાએ જે કંઇ નાના મોટા પ્રયાસો કરી રહી છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે. આમ છતાં હજુ ઘણું કરવાનું રહે છે.

ધાર્મિક શિક્ષણ માત્ર સૂત્રોની ગોખણપટ્ટીમાં અગર તો પરીક્ષકો તરફથી પુછાએલા પ્રશ્નોના પોપટીઆ ભાષામાં અપાતા જવાબોમાં સમાઇ જતું નથી. તે સમજવા માટે તો આપણે આપણા બાળકોને રસ અને સરળતા પડે તેટલી સાદી ભાષામાં શિક્ષણ આપવું જોઇએ. તેઓ માત્ર સૂત્રોની ગોખણપટ્ટીમાં અને બાહ્ય ક્રિયાકાંડમાં અટવાઇ નહિ જતાં પ્રભુ મહાવીરના ઉત્તમ માર્ગને સમજે તેવો પ્રબંધ કરવો જોઇએ.

આશા રાખું છું કે તમારી આ સંસ્થાના કાર્યવાહકો આ દિશામાં પુરતું લક્ષ આપતાં જ હશે. આવા શુભ પ્રયાસોમાં સાથ આપવાનો ધર્મ સૌ કોઇ ભાઇ બ્હેનોનો છે. અને તે તેઓએ બજાવવો જ જોઇએ એમ મારૂં નમ્ર માનવું છે.

અંતમાં હું આ સંસ્થાને ઘણું જ ઉજળું ભાવી અને ફતેહ ઇચ્છું છું. સાથે સાથે ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને મુબારકબાદી આપું છું કે તેઓ જૈન ધર્મનો અભ્યાસ સંપૂર્ણ રીતે કરી આપણા ધર્મના સિદ્ધાંતોને ચોતરફ ફેલાવવા યથાશક્તિ પ્રયત્ન કરે. ફરીથી હું આપ સૌનો આ તક આપવા માટે આભાર માનું છું.

બાદ સ્થાનિક વિદ્યાર્થીઓને ઇનામો તથા પ્રમાણ પત્રો પ્રમુખશ્રીના મુબારક હસ્તે આપવામાં આવ્યાં હતાં.

અત્રે શ્રી. ચુનીલાલ નારણદાસ કાનુની અને શ્રી. લલ્લુભાઇ કરમચંદ દલાલે ધાર્મિક કેળવણી પ્રચાર અંગે પોતાના વિચારો રજુ કર્યા બાદ—

શ્રી. ચીમનલાલ વાડીલાલ શાહે

બાળકોને કેળવણી કેવી રીતે આપવી જોઇએ, તેમાં કંઠાગ્ર કરાવવાની પદ્ધતિને કયાં સુધી અવકાશ હોઇ શકે, સમજણ શક્તિ કઇ ઉમ્મરે બાળકોમાં ખીલે છે તે વિષે પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. ધાર્મિક જ્ઞાન પ્રચારના અભાવે કેટલાક સ્થળે, કેટલીક સંસ્થાઓમાં અંધાધુંધી ચાલી રહી છે તેથી સમાજને નુકસાન પહોંચે છે એ દૂર કરવા અપીલ કરી હતી.

મુંબઇ માંગરોળ જૈન સભાની બાળાઓએ સંગીત રજુ કર્યા બાદ—

શ્રી. મોહનલાલ બી. ઝવેરીએ

બોર્ડના અભ્યાસક્રમમાં માત્ર કંઠાગ્ર કરવાની પદ્ધતિ સ્વીકારવામાં આવી નથી તેના નીચલા ધોરણથી માંડી ઉપલા ધોરણ સુધીના ગોઠવાયેલા અભ્યાસક્રમમાં અર્થ, વિધિ, હેતુ અને સમજણ સાથે રખાયેલા સૂત્રો–ગ્રંથો શા હેતુસર રખાયેલા છે તેની સમજુતી આપી હતી. કેળવણી આપતાં કયા કયા સિદ્ધાંતો લક્ષમાં રાખવા જોઇએ, આજે કઇ રીતે કેળવણી આપવામાં આવે છે તેની હકીકતો રજુ કરી તેઓએ પ્રમુખશ્રીનો આભાર માનવાની દરખાસ્ત રજુ કરી હતી. **શ્રી. મગનલાલ મુલચંદ શાહે** તેને ટેકો આપ્યા બાદ બાળાઓને મીઠાઇ તથા રૂપાનાણું અપાયા હતાં. પુષ્પહાર અર્પણ થયા બાદ વંદે માતરમ્‌ની મધુરગુંજ વચ્ચે સૌ આ પ્રસંગે **શ્રી. બબલચંદ કેશવલાલ મોદી** તરફથી યોજાયેલ અલ્પાહારને ઇન્સાફ સૌ વિખરાયા હતા.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ઠ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—મુંબઇ, ૩.

મહાત્માજીની સમ્યક્ વિચારશ્રેણી.

રાજસ્થાન ચરખા સંઘના નોકરોને 'ફરજિયાત-પ્રાર્થના' કરાવવાનો કાર્યવાહકો તરફથી જે આગ્રહ રખાય છે તે વાસ્તવિક છે કે કેમ? અગર તો એવો હક તેમને છે કે કેમ? એવો પ્રશ્ન એક બંધુએ ઉઠાવ્યો છે એના જવાબમાં ગાંધીજીએ જે ઉત્તર 'હરિજન બંધુ' તા. ૨૦-૭-૪૦ ના અંકમાં આપ્યો છે એ જૈન સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી હોઈ, એ પાછળનો આશય બરાબર અંતરમાં કોતરી અમલ કરવા યોગ્ય છે. વ્યક્તિ સ્વાતંત્ર્યના નામે વિદ્યાલયમાં અભ્યાસ કરતાં બંધુઓ પ્રભુપૂજન-રાત્રિ ભોજન બંધી કે કંદમૂળ ભક્ષણ ત્યાગ જેવા સ્થાપના કાળે નિયત કરાયેલા મૂળ નિયમો સામે વાંધા ઉઠાવે છે અને એમ કરી સંસ્થાને પોષણ આપનાર જૈન સમાજના વિશાળ વર્ગની લાગણી દુભાવે છે, અને એ દ્વારા સંસ્થાનું જીવન જોખમાવે છે. એ સર્વને પોતે કેવી ભૂલ કરી રહ્યાં છે અને સ્વતંત્રતાની સાચી વ્યાખ્યા શી છે? એનો એ ઉપરથી સહજ ખ્યાલ આવી શકે છે. સંસ્થાના જન્મ કાળે જે ઉદ્દેશ નિયત કરાયેલ હોય છે એ જ્યાં લગી ઉત્પાદકો દ્વારા ફેરવાય નહિ, ત્યાં લગી એ સામે ખોટો વંટોળ પ્રગટાવવો કે એ સામે સંસ્થામાં રહી ચેડા કહાડવા ફિજુલ છે. સંસ્થામાં પ્રવેશતા પૂર્વે કાનુન પોતાને અનુકુળ છે કે કેમ એ વિચારવું ઘટે. પ્રવેશ્યા પછી એનું પાલન જ ઈષ્ટ ગણાય. સમજુ ગણાતા વર્ગે એ કરવાની એવડી ફરજ લેખાય-એ માટેના ગાંધીજીના વચનો આ રહ્યા—

(૧) પ્રાર્થના વિષે—

"ફરજિયાત પ્રાર્થના જેવી વસ્તુ ન જ હોઇ શકે. પ્રાર્થનાને જો પ્રાર્થના તરીકે કશી કિંમત હોય તો તે મરજિયાત જ હોઈ શકે એ તો દેખીતું છે. પણ આજકાલ ફરજની બાબતમાં પણ લોકોમાં વિચિત્ર ખ્યાલો પ્રવર્તે છે. જો તમારી સંસ્થામાં એવો નિયમ હોય કે તેના પગારી બિનપગારી એકેએક સંસ્થાવાસી વ્યક્તિએ સામાન્ય પ્રાર્થનામાં હાજરી ભરવી જોઇએ, તો મારા અભિપ્રાય મુજબ તમે તેવી હાજરી ભરવા બંધાયેલા છે. જેમ બીજી ફરજો અદા કરવા બંધાયેલા છો. તમે સંસ્થામાં જોડાયા એ તમારૂં મરજિયાત પગલું હતું. જોડાયા ત્યારે તમે સંસ્થાના નિયમો જાણી લઇને જોડાયા હતા અગર તો તમારે જાણી લેવા જોઇતા હતા, તેથી તમે નોકરીને અંગે કબૂલેલી બીજી બાબતોની જેમ પ્રાર્થનામાં હાજરી ભરવાની વાતને પણ હું તો મરજિયાત પગલું જ ગણું. જો એકલા પગાર સામું જોઇને જ જો તમે નોકરી સ્વીકારી હોય તો તમારે જોડાતી વખતે જ વ્યવસ્થાપક જોડે ચોખવટ કરી લેવી જોઇતી હતી કે હું પ્રાર્થનામાં નહિ બેસું, અને જો પ્રાર્થનામાં બેસવા સામે વાંધો છતાં તમે તે વાંધો રજુ કર્યા વગર જ સંસ્થામાં જોડાયા હો તો તમે ખોટું કર્યું, જે બદલ તમારે પ્રાયશ્ચિત કરવું જોઇએ. પ્રાયશ્ચિત બે રીતે થઇ શકે-એક તો સાચા દિલથી પ્રાર્થનામાં જોડાઇને, અગર તો રાજીનામું આપીને તથા એમ એકાએક રાજીનામું દઈને છોડી જવાથી સંસ્થાને થનારી નુકશાની ભરી આપીને, કોઇપણ સંસ્થામાં જોડાનાર એ સંસ્થાના સંચાલક વર્ગ તરફથી **ઘણાખરા ઘડાતા નિયમોનું પાલન કરવા બંધાયેલા** છે. જ્યારે કોઇ નવો બનેલો નિયમ ત્રાસદાયક લાગવા માંડે ત્યારે માણસ સંસ્થાના ધારાધોરણની રૂએ પોતાનું રાજીનામું રજુ કરીને સંસ્થા છોડી શકે. પણ પોતે સંસ્થામાં છે ત્યાં સુધી એ નિયમોનો ભંગ એણે નજ કરવો જોઇએ"

(૨) અનેકાંત દ્રષ્ટિ વિષે—

વાત વાતમાં સમજુ ગણાતા માનવીઓ પણ અન્યના સ્વભાવ કે વર્તણુક વિષે ભૂલભર્યા અનુમાન કરી વાળે છે. સ્યાદ્વાદ પદ્ધતિથી દરેક બનાવનું તોલન કરવાની વાત એ વેળા યાદ આવતી જ નથી, અને તેથી ઘણા ખરા પ્રસંગોમાં મનદુઃખના બનાવો બને છે. સામાન્ય ગણાતી બાબતોમાંથી સામી વ્યક્તિમાં અમુક જાતના દોષો છે અગર તો અમુક પ્રકારની સંકુચિતતા એ ધરાવે છે એવા અનુમાન સુધી તેઓ પહોંચી જાય છે એ વેળા અહિંસાને નેત્ર સન્મુખ રાખી, જૈનધર્મમાં દર્શાવેલ અનેકાંત દ્રષ્ટિથી વસ્તુ સ્થિતિનો અભ્યાસ કરવામાં આવે તો રચાયેલા હવાઈ કિલ્લા જોત જોતામાં કેવી રીતે ધરાશાયી થઇ જાય છે એ સમજાવતાં ગાંધીજી પોતાના સાથીદારોને 'હરિજન બંધુ' તા. ૨૦-૭-૪૦ ના અંકમાં કહે છે કે—

"તમે જે આ એક હકીકતમાંથી તમારા સાથીના સ્વભાવ વિષે અનુમાન ખેચ્યું છે એ અયોગ્ય છે. તર્કની દ્રષ્ટિએ તો અયોગ્ય છેજ, પણ અહિંસાની દ્રષ્ટિએ એથીયે વધારે અયોગ્ય છે. ડાર્વિને મનુષ્ય જાતિના અવતાર વિષે પુસ્તક લખ્યું છે, તેમાં એક હકીકત ઉપર અનુમાન નથી બાંધ્યું. તે તો હકીકતના ઢગલા કરતાં ધરાયો જ નથી. એણે તો આખું પુસ્તક એકજ વિધાન સિદ્ધ કરવાને માટે હકીકતોથી ભરી દીધું, અને છેક છેવટે પોતાનો સિદ્ધાંત થોડા શબ્દોમાં રજૂ કરી દીધો, એને સત્યની કેટલી સૂક્ષ્મ કિંમત હશે? આમ છતાં મને એના સિદ્ધાંતમાં દોષ ભાસ્યો છે, કારણ **જૈન દર્શનનો સ્યાદ્વાદ** મને શીખવે છે કે એટલી હકીકત છતાં બીજી એવી હકીકત કદાચ જાણવામાં આવે કે જેથી એ સિદ્ધાંત ખોટો પણ ઠરે. તમે એક કાગળની ઉપર લખેલા 'અંગત' શબ્દથી લેખકના સ્વભાવના અનડા પણાનું અનુમાન કાઢયું. હવે જુઓ એક દાખલો આપું. ઘણા માણસો એક બીજાની થાલીમાંથી ખાય છે, અને એમાં બહુ મિત્ર ભાવ આવી જાય એમ સમજે છે. હિન્દુ પતિઓ તો પતિની એંઠી થાળીમાંથી ખાવામાં પુણ્ય માને છે. આ પણ કદાચ પુણ્ય માનતી હશે, અને મારી થાળીમાંથી ખાતાં એને સંકોચ ન થાય. પણ હું બીજા કોઇની થાળીમાંથી તો શું પણ બાની થાળીમાંથી પણ ખાઈ ન શકું. હવે મને કોઈ બાની થાળીમાંથી ખાવાનો ઇન્કાર કરતો જુએ અને એવું અનુમાન કાઢે કે હું અતડો અથવા સુગાળવો છું, તો મને કેવો અન્યાય કરે? એ એક વસ્તુની ભલે મને સૂગ હોય, પણ મારા સ્વભાવમાં કયાંય અતડાપણું નથી કે સુગાળવાપણું નથી એ વિષે મને શંકા નથી, અને એ મારા સ્વભાવમાં નથી એમ સિદ્ધ કરનાર સેંકડો દાખલા ટાંકી શકાય."

(અનુસંધાન પૃ. ૮ ઉપર જુઓ)

ગ્વાલીઅરની જૈન ગુફાઓ

લેખક:—
શ્રી. નાથાલાલ છગનલાલ શાહ.

ગ્વાલીઅરની ઉત્તરે ચંબલ નદી, દક્ષિણમાં ભિલસા, પૂર્વમાં બુંદેલખંડ અને ઝાંસી અને પશ્ચિમમાં રાજપુતાનાનો વિભાગ આવેલ છે.

ગ્વાલીઅર પ્રાચીન નગરની સમીપ ૩૦૦ ફીટની ઉંચાઇએ પર્વત આવેલ છે. તેના પર પ્રાચીન સમયનો કીલ્લો છે. આ કીલ્લો ઈ. સ. છઠ્ઠી શતાબ્દિમાં ભારતના ઇતિહાસમાં પ્રસિદ્ધ હતો. કહેવાય છે કે કચવાહા વંશના પ્રસિદ્ધ રાજા સુરજસેને ઇ. સ. ૨૭૫ માં ગ્વાલીઅર વસાવેલ હતું. આ શહેરનું નામ—ગ્વાલીય નામનો એક સાધુ અહીં રહેતો હતો તેણે આ રાજા સુરજસેનનું કષ્ટ દૂર કરેલ તેથી આ સાધુના નામ પર આ શહેરનું નામ ગ્વાલીઅર પડેલ છે. અહીંના સ્થાનોમાં પુરાતન શિલાલેખો મળવા પામેલ છે તેમાં ગોપગિરિ, ગોપાલગિરિ, ગોપાચલ તેમજ ગોપાલદૂર્ગ વીગેરે નામોથી ઉલ્લેખો થયેલ મળી આવે છે. આ કીલ્લામાં પ્રસિદ્ધ રાજા તોરમાણ અને મિહિરકુલના સમયના શિલાલેખ ઇ. સ. ૫૨૫ નો કોતરાયેલ છે, જેઓએ ગુપ્ત રાજ્યને ઇ. સ. છઠ્ઠી સદીમાં નષ્ટ કરેલ હતું.

આ શહેરનો પ્રસિદ્ધ કીલ્લો સપાટ શિખર રૂપ રેતીની અને તે પણ સંપૂર્ણ છૂટી એવી ટેકરી ઉપર આવેલ છે. તે આસપાસના મેદાનો ઉપર થઇને એક ખેટ જેવો જણાય છે. ઉત્તરથી તે દક્ષિણ દિસા સુધી તેની લંબાઈ લગભગ બે માઇલ છે, તેમ વધુમાં વધુ પહોળાઇ અડધો માઇલ છે. વચ્ચેના સપાટ ભાગની બધી બાજુએ એક સીધી ટેકરી આવેલ છે. તેની ઉંચાઇ આશરે ત્રણસો ફીટ છે. ટેકરીમાં એક ખીણ આવેલ છે.

ઉરવાહી નામની ખીણ જે નદીની પશ્ચિમ બાજુએ આશરે બે હજાર ફુટ સુધી જાય છે. આ કીલ્લામાં કોઇ પુરાતન મકાન નથી. સાસ બેહુ કે જેને સામાન્ય રીતે મહાન જૈન મંદિર તરીકે ઓળખવામાં આવે છે, તે ઘણું કરીને ઈ. સ. ૧૦૯૩ માં બંધાએલ હતું. (Cuninghaum Reports Vol 2 P. P. 360 & History of Indian and Easten Architectur P. P. 452.)

ગુફાઓનો વીકાશ.

તુમાર રાજ્ય કર્તાઓના સમયમાં એટલે કે પંદરમાં સૈકાની શરૂઆતમાં પોતાના ધર્મ માટે તેમ પૂજ્ય બુદ્ધિના ખાતર જૈનોને કીલ્લાની ટેકરીને એક મહાન તીર્થ સ્થળ રૂપે ફેરવી નાખવાની પ્રબળ ભાવના ઉત્પન્ન થઇ. તેમને થોડા વર્ષોમાં ઘણી વ્યાપક તેમજ વીશાલ એવી ઘણી ગુફાઓ સારા પ્રમાણમાં ખોદી કઢાવી. આ ગુફાઓનો સમયકાળ એટલો બધો આધુનીક છે કે જેથી તેમની રચના પસંદ કરી શકાય તેવી નથી. ઇલોરાની ગુફાઓના સમુહ કરતાં આ ગુફાઓનું મહત્વ ઓછું જણાય છે.

ગુફાઓનો મુખ્ય સમુહ ઉરવાહી ખીણમાં આવેલ છે. તેમાં જૈન તીર્થંકરોની બાવીશ મોટી મૂર્તિઓ ખોદાએલ છે. જે બધી નગ્ન સ્વરૂપમાં છે. આ સીવાય એક મૂર્તિ જૈન તીર્થંકર ઋષભદેવની આ સમુહમાં છે તે પદ્માસને બીરાજિત છે. બીજી એક મોટી મૂર્તિ તીર્થંકર નેમનાથની છે તેની ઉંચાઇ ત્રીશની ફીટ છે. આમાં સૌથી મોટી મૂર્તિ ૫૭ ફીટની છે તે મૂર્તિ ગ્વાલીઅરની બધી મૂર્તિઓ કરતાં ઉંચી છે આ મૂર્તિ નીચે સિંહનું લાંછન છે જે પરથી જણાઇ શકે છે કે આ મૂર્તિ તીર્થંકર મહાવીરની છે. આ બધી મૂર્તિઓ વચ્ચે નાની નાની મૂર્તિઓ મોટા પ્રમાણમાં જોવામાં આવે છે. મૂર્તિઓવાળા ગોખલાઓ સુંદર બનાવટના છે. ગુફાઓનો બીજો મહાન સમુદાય ટેકરીની સામેના ભાગ ઉપર અડધા માઇલના અંતરે આવેલ છે. એ ગુફાઓમાં અઢાર મૂર્તિઓ આવેલ છે. જે મૂર્તિઓ ઉંચાઇમાં વીસથી ત્રીસ ફીટની છે. વળી આઠથી પંદર ફીટ ઉંચાઇવાળી મૂર્તિઓ પણ તેટલીજ સંખ્યામાં છે. આ બાજુએ કેટલીક વધારે ગુફાઓ આવેલ છે, પરંતુ તેમાં વૈરાગીઓ રહેતા હોવાને લઇને ત્યાં જઇ શકાતું નથી.

ગુફાઓમાં બીજા નાના ત્રણ સમુહો આવેલા છે પરંતુ તેમાં ખાસ જાણવા જેવું નથી આમાં એટલુંજ ફક્ત જોવા જેવું છે કે-એક ઉંઘતી સ્ત્રીની આકૃતી આલેખવામાં આવી છે. આ આકૃતીને સુંદર રીતે પોલીસ કરવામાં આવેલ છે તેની લંબાઇ આઠ ફીટની છે. આકૃતીની પાસે એક પુરૂષ એક સ્ત્રી અને એક બાળકનો સમુદાય જોવામાં આવે છે. આ બધા કોણ અને તે કયા હેતુસર બતાવેલ છે તે સમજી શકાતું નથી.

શિલ્પ કામો પરના સંખ્યાબંધ શિલા લેખો તપાસતાં આ બધું શિલ્પ કામ તેતરીસ વર્ષમાં થયેલ હોવું જોઇએ. એવી નવાઇ પમાડે તેવી વાત આપણી સમક્ષ તરી આવે છે. આ બધાં ખોદ કામો ઇ. સ. ૧૪૪૧ થી ઇ. સ. ૧૪૭૪ સુધીના ગાળામાં થયેલ હતાં. કેટલાએક શિલાલેખો તેના પાછળના સમયમાં પણ કોતરાએલ મળી આવે છે. આમ છતાં એ બધાંનો સમયકાળ ઇ. સ. ના પંદરમાં સૈકાનો હોવો જોઇએ એ વાતમાં શંકા કરવાનું કંઇ કારણ નથી.

હાથી દરવાજા અને સાસ વહુના મંદિરના મધ્ય ભાગમાં એક જૈન મંદિર આવેલ હતું જે મોગલ રાજ્યકાળમાં મસ-જીદના રૂપમાં બદલાઇ ગએલ છે. આમાં કેટલુંક ખોદ કામ થવાથી કેટલીક જૈન મૂર્તિઓ તેમ એક શિલાલેખ સંવત ૧૧૬૫ ઈ. સ. ૧૧૦૮ નો મળી આવેલ છે.

આ મૂર્તિઓના સંબંધમાં મોગલ સમ્રાટ બાદશાહ બાબરે પોતે પોતાના જીવન ચરિત્રમાં નોંધ લીધેલ છે કે—ઉપરોક્ત સ્થળની તમામ મૂર્તિઓનો નાશ કરવા માટે તેણે હુકમ કર્યો હતો એમ તે પ્રમાણિકપણે કબુલ કરેલ છે. જો કે તેના ફર-માનોનો પુરેપુરો અમલ થવા પામ્યો નહી છતાં તેના માણસોના હાથે નુકશાન ઘણા પ્રમાણમાં કરવા આવેલ હોવું જોઇએ. જે મૂર્તિઓ ભાંગી નાંખવામાં આવી હતી તેના ટુકડાઓ થોડા સમય પર એકઠા કરવામાં આવ્યા હતા તેમ ઘણી ખરી મૂર્તિઓનું રીપેર કામ કરવામાં આવેલ છે. જે કેટલા પ્રમા-ણમાં સંતોષકારક નીવડેલ છે.

(અપૂર્ણ.)

श्रीमान् पूर्णचन्द्रजी नाहर (संस्मरण)

आचार्य श्रीराधारमण शर्मा, शास्त्री, काव्यतीर्थ.

(लेखांक ३)

उसके बाद मैं प्रायः दो सप्ताह और वहां रहकर लौट आया। श्रीमान् नाहरजी—जैसे विद्वान्, उदार और सहृदय सज्जन का साथ छूटने का मुझे मार्मिक दुःख था; इच्छा थी, कुछ दिन और साथ रहता, पर घर के कई आवश्यक कार्यों ने मुझे इससे वञ्चित रक्खा। श्रीमान् नाहरजी राय हरिप्रसादलाल साहब के कुर्कीहार गांव की खुदाई में निकली बुद्धमूर्तियों के देखने के लिए मेरे साथ ही गया आनेवाले थे, पर मेरे पूज्य पिताजी ने सूचना दी—अब रायसाहब के पास मूर्तियां नहीं रहीं, अतः उनका आना भी रुक गया।

नाहरजी के पाण्डित्य से अधिक उनकी शालीनता और सौजन्य ने मुझे अपना क्रीतदास बना रक्खा था, और जहां उन क्षणोंकी मधुर संस्मृति मेरे प्राणों के अजिर में प्रसन्नता, भाव प्रवणता और उत्साह की राशि बिखेरती रहती थी, आज वह मार्मिक वेदना का उपहार दे रही है। एक दिन नाहरजी अपने साहित्यिक मित्रों का पत्र मुझे दिखला रहे थे। मैंने देखा—हिन्दी के कृतविद्य और लब्धप्रतिष्ठ प्रायः समस्त विद्वानों के अतिरिक्त योरप के भी प्रायः दो दर्जन विख्यात विद्वानों के घनिष्टतापूर्ण पत्र थे। हिन्दी साहित्यमहारथी पं० महावीरप्रसादजी द्विवेदी उनके प्रति बड़ा सम्मान रखते थे, और साहित्यमहारथी एवम् ब्राह्मण होने पर भी नाहरजी को सदा 'श्रद्धेय' और 'प्रणाम' ही लिखा करते थे।

(४)

श्रीमान् नाहरजी ने गया लौटने के समय मुझसे प्रतिज्ञा करा ली थी, मैं शीघ्र ही कलकत्ते आकर उनसे मिलूंगा, और उनके सुप्रसिद्ध नाहर—म्यूजियम को देखूंगा; किन्तु आये अभी दो मास भी नहीं बीते थे कि १५ जनवरी, १९३४ का प्रलयंकर भूकम्प हुआ। बिहार में मृत्यु के बीभत्स ताण्डव से चारो ओर हाहाकार और उथल—पुथल और प्रलय मच गया। भूकम्प के तीसरे दिन प्रातः ही मुझे नाहरजी का अर्जेण्ट तार मिला। उन्होंने मेरे परिवार का कुशल पूछा था! नाहरजी की अहैतुक, पर असीम औदार्यपूर्ण प्रीति का यह ज्वलन्त उदाहरण था, जिसकी याद आज हृदय को बुरी तरह कचोट रही है।

भूकम्प के प्रायः एक मास बाद मैं एक दिन अकस्मात् किसी कार्यवश कलकत्ते चला गया—महज दो दिन के लिए! दूसरे दिन जब मैं श्रीनाहरजी से मिलने गया, और कुशल—प्रश्न के बाद बतलाया—मैं आज रात में ही चला जाउंगा, तो वे बडे नाराज हुए। कहने लगे तो फिर आप आये ही क्यों? इससे कहीं अच्छा था, आप मुझसे मिले बिना ही कलकत्ते से चले जाते। मुझे उनके अनुरोध से एक दिन और रह जाना पडा। उस एक दिन के आतिथ्य में भी उनका सौजन्य और भक्तिपूर्ण स्नेह अद्वितीय चिरस्मरणीय रहा।

उस दिन पहली बार मैंने नाहरजी के साथ नाहर—म्यूजियम देखा। नाहर—म्यूजियम को देख मुझे जो अनिर्वचनीय आनन्द मिला, वह तो मिला ही, खेद भी कम नहीं हुआ। कारण इस यात्रा के पूर्व मैं १२—१४ बार कलकत्ते गया था, पर हर बार इसकी उपेक्षा करता आया था। नाहरजी— म्यूजिम को श्रीमान् नाहरजी ने अपने स्वर्गीय भ्राता श्रीकुमारसिंहजी नाहर की स्मृति में इसके अपने भव्य भवन में स्थापित किया है, और यह निस्सन्देह कहा जा सकता है कि यह म्युजियम साहित्य, कला, पुरातत्व और इतिहास के प्रेमियों के लिए एक तीर्थ ही है। इस म्युजियम में अपने कठिन अध्यवसाय, प्रचुर धनव्यय और सुदृढ लगन के फलस्वरूप श्रीनाहरजी ने जैसी—जैसी बहुमूल्य, दुर्लभ और महत्वपूर्ण प्राचीन और अर्वाचीन वस्तुओं का संकलन किया है, वैसा संकलन भारत के एकाध म्युजियम में ही कदाचित् होगा। इस म्युजियम में प्राचीनकालीन नाना प्रकार का सोना, चांदी, स्फटिक आदि बहुमूल्य पत्थरों की मूर्तियों, शिलालेखों, चित्रों, सिक्कों, अस्त्र—शस्त्रों, आभूषणों, बर्तनों, दीपों तथा कला और पुरातत्व—संबंधी अन्यान्य बहुत—सी वस्तुओं के अतिरिक्त, अप्राप्य हस्तलिखित पुस्तकों का भी एक सुन्दर विशाल और बहुमूल्य संग्रह है; जिसमें जिनधर्म की प्रायः समस्त प्रकाशित और अप्रकाशित पुस्तकें समवेत हैं। संग्रहालय में कुछ अत्यन्त बहुमूल्य प्राचीन बौद्धग्रन्थ भी हैं। बौद्धधर्म की एक पुस्तक बर्मा से प्राप्त हुई है, जिसमें सोने के १५ पत्र हैं। प्रत्येक पत्र पर ६ पंक्तियां हैं, और इसकी लिपि पाली है। प्रत्येक पत्र पर २१ इंच लम्बा और ६ इंच चौडा है। पुस्तक में कई सुन्दर चित्र भी हैं। इसी तरह और भी कई बहुमूल्य पुस्तकें हैं।

म्युजियम में साढे तीन सौ के लगभग प्राचीन चित्रों का भी संग्रह है। जिनमें कुछ अभ्रक पर, कुछ शीशे पर,

कुछ कपडे पर, और एक चमडे पर बना हुआ है। चित्रों में इण्डोपर्शियन, पार्शियन, इण्डोचाइना, मुगल, राजपूत, लखनउ, बंगाल और बिहार आदि सभी कलमों के चित्र हैं। प्राचीन मध्यकालीन और अर्वाचीन चित्र अलग–अलग एकत्रित हैं। एक चित्र मुगलसम्राट् शाहजहां का अपनी प्रेयसी के साथ नाचते हुए का है। आजतक भारत के किसी और चित्रसंग्रह में ऐसा चित्र नहीं देखा गया। नाहर–म्युजियम के साथ एक पुस्तकालय और भी है, जिसका नाम 'गुलाब–कुमारी पुस्तकालय' है। इसका नामकरण श्रीमान् नाहरजी ने अपनी स्वर्गीया माता के नाम पर किया है।

नाहर–म्युजियम और पुस्तकालय के अति संक्षिप्त वर्णन के लिए भी कम से कम २५–३० पृष्ठ चाहिए। भारत ही नहीं, इंगलैण्ड, जर्मनी, डेनमार्क, नारवे, अमेरिका, इटली, जेकोस्लोवाकिया, चीन, जापान, रूस आदि के बडे–बडे विद्वान् और पर्यटक इस म्युजियम को देख इसकी मुक्त कण्ठ से प्रशंसा कर चुके हैं। इस म्युजियम के संस्थापक, संग्राहक, सञ्चालक और प्रबन्धक एकमात्र नाहरजी हैं– हा हन्त–थे।

श्रीनाहरजी पर लक्ष्मी और सरस्वती का सामान स्नेह था। आपके पुत्र और पांच पुत्रियां हैं, जो सभी सुशिक्षित, सौजन्यवान् और सुसंस्कृत हैं। आशा ही नहीं, विश्वास है, श्रयुत विजयसिंहजी नाहर आदि आपके सुपुत्र अपने पिता के इस कीर्तिस्तम्भ संग्रहालय की रक्षा–वृद्धि के लिए सदा सचेट और जागरूक रहेंगे।

भूल गया था, मिलन–दिनों की उस स्निग्ध विभा के बाद विभागरी का यह तमस्तोम भी आने को था! आज जब सौजन्य–सिन्धु नाहरजी की याद आती है, तो मन रो पडता है। हृदय के कोने–कोने में वेदना चीख उठती है। आंसू हृद के सन्ताप को धोने का असफल प्रयास करने लगते हैं।

किन्तु नहीं, नाहरजी जीवित हैं, जीवित रहेंगे! कीर्तिर्यस्य स जीवति।

('माधुरी' से उध्धृत) (संपूर्ण.)

મહાત્માજીની સમ્યક્ વિચારશ્રેણી.

(અનુસંધાન પૃ. ૫ ઉપરથી)

(૩) અહિંસા વિષે—

અત્યારની યાંત્રિક સાધનોની લડાઇમાં 'અહિંસા'થી અચાવ શો થાય? અથવા તો 'અહિંસાનું પાલન' કેવું અઘરું છે મોટા ભાગથી એ બને તેવું નથી જ, ઇત્યાદિ વિચારો ધરનાર વર્ગ સામે ગાંધીજી જે વાત સમજાવે છે તે આ રહી—

"શુદ્ધ અહિંસાના નામ માત્રથી ભડકી જવાનું નથી. એ અહિંસા આપણે સ્પષ્ટપણે સમજી લઇએ અને તેની સર્વોપરી ઉપયોગિતાનો સ્વીકાર કરીએ તો તે અહિંસા આચરવે મનાય છે એટલી કહેણ નથી. ભારત સાવિત્રીવાળા શ્લોકનું રટણ કરવું આવશ્યક છે. ઋષિ કવિ પોકારી પોકારીને કહે છે કે જે ધર્મમાં સહેજે શુભ અર્થ અને કામ સમાયેલા છે. એવો સહેલો ધર્મ આપણે કેમ નથી આચરતા? આ ધર્મ તિલકનો કે ગંગાસ્નાનનો નહીં પણ અહિંસાનો અને સત્યનો. આપણા પાસે એ અમર વાકયો છે–'અહિંસા પરમ ધર્મ છે' 'સત્ય સિવાય બીજો ધર્મ નથી.' એમાં ઇચ્છવા યોગ્ય બધા અર્થો ને કામો રહ્યા છે, પછી આપણે કેમ અચકાઇએ?

છતાં કબૂલ કરવું પડે છે કે લોકોને જે સહેલું છે એજ કહેણ લાગે છે, એ આપણી જડતા સૂચવે છે. આ જડતા નિંદારૂપે અહીં નથી સમજવાની. અહીં મેં અંગ્રેજી પારિભાષિક શબ્દનો તરજુમો કાર્યો છે. વસ્તુ માત્રમાં જડતા નામનો ગુણ રહ્યો છે, ને તે પોતાને સ્થાને ઉપયોગી છે. તેથીજ આપણે ટકી રહીએ છીએ. એ ગુણ ન હોય તો આપણે દડયા જ કરીએ. આવી જડતાને વશવર્તીને આપણામાં એવી માન્યતાએ ઘર કર્યું છે કે સત્ય અને અહિંસાનું પાલન બહુ કહેણ છે. આ દૂષિત જડતા છે. એ દોષ કાઢવો ઘટે છે. પ્રથમ તો આપણે સંકલ્પ કરીએ કે–અસત્ય અને હિંસાથી ગમે તે લાભ થાય તોય તે જતો કરવો છે, કેમકે એ લાભ લાભ નહીં હોય પણ હાનિરૂપ જ હશે. આટલું નિશ્ચયપૂર્વક માનતા થઈએ તો બન્ને ગુણ સહેલાઇથી કેળવાય."

પાસ થયેલા વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો મેળાવડો.

મુંબઇના શ્રી ખંભાત વીશા પોરવાડ જૈન યુવક મંડળ તરફથી ગત્ પરિક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને ઇનામો આપવાનો મેળાવડો મંડળની ઓફીસમાં અસાડ વદ ૯ ને રવીવારે બપોરે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંત્રી શાંતિલાલ વાડીલાલ શાહે કેળવણીથી થતા ફાયદા સમજાવી પાસ થયેલા વિદ્યાર્થીઓને મંડળ તરફથી અભિનંદન આપ્યા હતા.

પ્રમુખશ્રીનાં શુભ હસ્તે રોકડ ઇનામો આપવામાં આવ્યા હતા.

શાંતિલાલ વાડીલાલ શાહ.
મંત્રી.
શ્રી ખંભાત વી. પો. જૈન યુ. મંડળ.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર: HINDSANGHA. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર. REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળી

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ.

JAIN YUGA

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૧૯

વિ. સં. ૧૯૯૬, શ્રાવણ વદ ૧૪, રવિવાર. તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૪૦

સુકૃત ભંડાર ફંડ માટે વિજ્ઞપ્તિ.

જૈન સમાજની અનેકવિધ પ્રવૃત્તિમાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની સેવા જાણીતી છે. વ્યાવહારિક, સામાજિક, નૈતિક, કેળવણી વિષયક તેમજ ધાર્મિક ક્ષેત્રમાં કૉન્ફરન્સે વિચાર માટે મોટો ફાળો આપ્યો છે. વર્તમાન યુગ–ધર્મ એણે સ્વીકાર્યો છે અને વર્તમાન જૈન સમાજની પ્રગતિ માટે એણે જીર્ણ મંદિરોદ્ધાર, પુસ્તકોદ્ધાર તથા કેળવણીના વિષયને હાથ ધરી અનેક અમલી કામ કર્યાં છે. અત્યારે શ્વેતાંબર કોમના પ્રતિનિધિ તરીકે એ બોલી શકે છે અને એના વિચારનો અમલ થાય છે.

એ સંસ્થાને નભાવવા માટે સુકૃત ભંડાર ફંડની યોજના વર્ષોથી ચાલે છે. દરેક શ્વેતાંબર જૈન બંધુ અને બ્હેન **ઓછામાં ઓછા ચાર આના** આપે. શક્તિ પ્રમાણે વધારે રકમ આપી સામાજિક વ્યવસ્થાને પોષે.

પર્યૂષણ પર્વના પવિત્ર દિવસોમાં આપનો ફાળો જરૂર આપશો. નાની રકમો દરેક બંધુ, બ્હેન, બાળક, યુવાન કે વૃદ્ધ આપે તો સરવાળો મોટો થાય છે અને સમાજ ફાલતો ફૂલતો જાય છે. આ અમારી વિજ્ઞપ્તિને આપ જરૂર સ્વીકારશો. સ્વયંસેવકને જરૂર જવાબ આપશો અને કોઈ આપની પાસે ફાળો ઉઘરાવવા ન આવે તો આપ ઑફિસે મોકલાવી આપશો. જેમ લાગા આપવાની ફરજ ગણવામાં આવે છે તેમ સુકૃત ભંડારનો ફાળો આપવાની ફરજ ગણશો. પંચકી લકડી–એક કા બોજ. આપને વધુ વિજ્ઞપ્તિની જરૂર ન હોય. આપની મદદની ગણતરી પર સંસ્થા નભે છે. આપ પ્રેમથી ઉચિત દાન આપશો અને ખાસ કરીને ખાલી હાથે સ્વયં સેવકને જવું ન જ પડે એમ ધારી ઓછામાં ઓછો ફાળો તો જરૂર આપશો.

શ્રી સંઘ સમક્ષ આ વિજ્ઞપ્તિ રજુ કરી સારી રકમ એકત્ર કરવા વિનંતિ છે.

ભવદીય,

ગોડીજી મહારાજની ચાલ,
૨૦, પાયધુની મુંબઈ.
તા૦ ૨૬–૮–૪૦

માણેકચંદ રિખવદાસ ઝવેરી

કિલાચંદ ઉમેદમલ.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

તા. ક:—પ્રત્યેક ગામ કે શહેરમાં ઓફિસ છે એમ સમજી લેવું. સ્થાનિક કાર્યકરો ઑફીસને ગોઠવી લે.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થઃ–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧-૬-૪૦. રવિવાર.

या विद्या सा विमुक्तये.

વિદ્યા પામ્વાનું ફળ મુક્તિ મેળવવી તે છે એ નિતિકારોનું ટંકશાળી વચન છે અને શાસ્ત્રકારોએ તો ભાર મૂકીને દર્શાવ્યું છે કે **ज्ञान क्रियाभ्याम् मोक्षः** અર્થાત્ જ્ઞાન અને ક્રિયા-ઉભયના બળવડે જ મુકત દશા લાભી શકાય છે.

જ્યાં આ વસ્તુ દ્રષ્ટિ સન્મુખ તરવરતી હોય ત્યાં આપણે સૌ પ્રથમ ચીજ એ કરવાની રહે છે કે આપણા પ્રત્યેક કેળવણી ધામોમાં–ચાહે તો એ નાનકડું બાલાશ્રમ હોય કે મોટી વયના વિદ્યાર્થીઓથી આકંઠ ભરેલું વિદ્યાલય હોય–તે દરેકમાં ધાર્મિક શિક્ષણ ફરજીયાત હોવું જ જોઇએ. એ શિક્ષણમાં જ્ઞાન પ્રાપ્તિ સાથેજ આચરણમાં ઉતારવાની કરણીનો ક્રમ દોરેલો હોય એટલે કે વિચાર અને તદ્રૂપ આચાર હોવો જોઇએ. અભ્યાસમાં તત્વાર્થ સૂત્ર જેવો અતિ મહત્વનો ગ્રંથ ભણાવાતો હોય અને ઉંડી ફીલસુફીની ચર્ચા અધ્યયન કાળે થતી હોય જ્યારે એજ અભ્યાસીઓને પ્રભુ પૂજન કે સામાયિક જેવી આવશ્યક કરણીમાં રંચ માત્ર રસ ન હોય! એ કંઇ પ્રશંસાપાત્ર ન ગણાય! માત્ર જ્ઞાનનો ઘટાટોપ લાભદાયી નથી થઇ પડતો. જેમ રહસ્ય સમજ્યા વગરની કરણી એ પોપટના રામનામ પઢવા જેવી છે તેમ વર્તનમાં મુકયા વિનાની પંડિતાઇ એ વાંઝણી સ્ત્રી સમાન છે. આજે ફરજીયાત શબ્દ સામે પ્રકોપ ઉઠતાં વાર નથી લાગતી પણ જરા એ શબ્દના ઉંડાણમાં ડોકીયું કરીશું અને એ પાછળનો આશય વિચારીશું તો સહજ સમજાશે કે આપણી કાર્યવાહીનો મોટો ભાગ ફરજ સમજીને ન કરાવતો હોય તો સામાજીક તંત્ર ચાલી શકેજ નહિં. મરજીયાત રીતે ઘણી જ થોડી ચીજો થાય છે. સંસ્થાઓ કાનુનને શિસ્ત વિના ચાલી શકે જ નહિં. જેને કેવળ સ્વમંતવ્ય અનુસાર વિહરવું હોય એને સંસ્થામાં રહેવું ન ઘટે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીગણમાં–જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતોનું જ્ઞાન હોવું જોઇએ. એ ઉપરાંત શ્રાવક ધર્મોચિત કરણીઓ રહસ્ય સાથે સમજાવેલી હોય. જીવ વિચાર, નવતત્વ અને કર્મગ્રંથ જેવા વિષયોમાં તેમજ જીનપૂજન–સામાયિક કે બારવ્રત જેવા આવશ્યક નિયમોમાં એનો પ્રવેશ હોવો જોઇએ.

ધાર્મિક વૃત્તિથી પ્રેરાઇ જે સંસ્થાઓ પાછળ ધનિકો ઉદાર હાથ લંબાવે છે એ વૃત્તિ જ જો સંસ્થામાં અદૃશ્ય થઇ જતી હોય તો, પછી દાન દેવાનો અર્થ શો? વ્યવહારિક શિક્ષણ ભલે અતિ અગત્યનું ગણાય. છતાં એ ધાર્મિક સંસ્કારને આગળ રાખીને અપાતું હોય તો જ શોભાસ્પદ છે.

અલબત એમ કરવામાં આપણે ગોખણપટ્ટીને ઉત્તેજવા નથી માંગતાં કે ન સમજાતું હોય છતાં ગમે તેમ હાંકે રાખી 'કોર્સ' પુરો કરી નાંખવાની વાત નથી કરતાં. એ સારૂં ચાલુ કાળની પદ્ધતિનો આશ્રય લઇ, સરળતાથી સમજાય તેવો પ્રબંધ કરવાની દરેક સુચનાને વધાવી લઇએ, ધાર્મિક જ્ઞાન સરળતાપૂર્વક અને હોંશે હોંશે વિદ્યાર્થી ગ્રહણ કરે તેવો અભ્યાસક્રમ આંકીએ અને પાઠય પુસ્તકો તૈયાર કરાવીએ. પણ સંપૂર્ણરૂપે એ પહેલી તકે તૈયાર ન થઇ શકે, અને જ્યાં સુધી તૈયાર ન થાય ત્યાં સુધી એ અભ્યાસથી કે એ સંસ્કારથી હાથ ધોઇ નાંખીએ એ તો મુનાસીબ ન લેખાય.

સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓને આપણે ભાવિ જૈન સમાજના મહાન્ સ્થંભો તરિકે ખડા કરવાના છે એટલે એમનામાં જૈન ધર્મના ઉંડા સંસ્કાર પાડવાની ખાસ અગત્ય લેખાય. શોધખોળ–પુરાતત્ત્વ–વિજ્ઞાન અને એ ઉપરાંત સંખ્યાબંધ વિભાગો આજે અભ્યાસી આત્માઓની રાહ જોઇ રહ્યા છે. અફસોસજનક વાત તો એટલી છે કે આપણી પાસે શિક્ષિત સમૂહમાંથી એ વિભાગોને સંભાળે કિંવા એમાં પોતાના અનુભવ જ્ઞાનનો ઉમેરો કરી જગતને આશ્ચર્યમાં મુગ્ધ કરે તેવું કરી બતાવનાર નિષ્ણાતો કયાં છે?

આટઆટલી સંસ્થાઓ ચાલતા છતાં એમાંથી જૈન ધર્મને અને એના તત્વોને વિજ્ઞાનની દ્રષ્ટિએ સમજાવનાર કેટલા વિદ્યાર્થી પાકયા? આજે આર્ય સમાજ તરફ નજર કરીશું તો ત્યાં એવા અભ્યાસીઓ જોવા મળે છે કે જેઓ માસિક બસો પાંચસો સુખે કમાઇ શકે તેવી શકિત ધરાવતાં છતાં કેવળ સેવાભાવ સ્વીકારી નહિં જેવા વેતનથી આર્ય સમાજની પ્રગતિ અર્થે સ્વજીવન નીચોવી રહ્યા છે! જ્યારે આપણામાંના ઘણાને તો ધર્મની પડી નથી! થોડાકને રસ જન્મ્યો છે પણ માત્ર છીંડા શોધવાનો! બહુજ થોડા, અરે નહિં જેવી સંખ્યાના આત્મા જડશે કે જેમના હૃદયમાં એવી તમન્ના જોર કરતી હશે કે સ્યાદ્વાદ જેવા ઉમદા સિદ્ધાંતનો પ્રચાર સારીયે જનતામાં થાય તેવા પ્રયાસો કરૂં. દેશ–કાળની જરૂરીયાતને પુરે તેવા શિક્ષિતો પેદા કરવા જોઇએ–તો જ ધાર્મિક કેળવણી સંગીન થઇ શકે.

મોક્ષતપની આરાધના—દાદર.

આચાર્ય મહારાજના સદુપદેશથી જે ભાઇ–બહેનોએ "મોક્ષ તપ" ની ક્રિયા આદરેલ તેની પૂર્ણાહૂતી રવિવાર તા. ૧૧–૮–૪૦ ના દિવસે હતી. જેમાં ભાઇ–બહેનોએ સારી સંખ્યામાં લાભ લીધેલ હતો.

≠ નોંધ અને ચર્ચા. ≠

કેળવણી અને જૈન સમાજ.

મુંબઇમાં વસતી જૈન જનતાની દ્રષ્ટિએ કેળવણીનો પ્રશ્ન વિચારીએ તો એમ કહેવું પડશે કે છેલ્લા દાયકામાં એ તરફ સવિશેષ લક્ષ્ય અપાયેલું છે અને આજે એ (કેળવણી) પ્રગતિની કક્ષામાં પદ સંચાર કરી ચુકેલ છે. કન્યાઓ માટે અલબત્ત નમૂનેદાર લેખાય તેવી સંસ્થા શકુંતલા કન્યાશાળા એકજ છે અને એની ઉત્તરોત્તર ઉન્નતિ થઈ રહેલ છે. એ પ્રતિ આકર્ષણ વધી રહ્યું છે અને ટુંક સમયમાં એ પોતાના મકાનમાં પગભર થની કાર્ય કરતી સંસ્થાના રૂપમાં પરિણમશે એવી ખાતરી રહે છે. એ જોતાં કન્યાઓને લગતાં શિક્ષણનો પ્રશ્ન ઉકલ્યો કહી શકાય. જો કે એ ખરૂં છે કે ગોબીતલાવના છેડા પર એ સારૂ લેવાયેલ જગ્યા જૈન વસ્તીના કેંદ્રથી દૂર છે અને અનોખી પડી છે વળી ત્યાં પહોંચવા માટે જે ગલી પસાર કરવાની છે એ સ્થાનની વસ્તીના સંસ્કાર શુદ્ધ ન લેખાય એટલે કન્યાઓની અગવડનો સવાલ મુંઝવે ખરો છતાં મધ્ય વસ્તીમાં જોઇતી જગા ન મળે! જૈન સમાજ હસ્તકની જગાઓમાં કેવળ વ્યાજ દ્રષ્ટિ મોખરે રહે! ભાવિ પ્રજાને માટે કંઇ વિચારજ ન હોય! ત્યાં અન્ય માર્ગ શો?

આપણાજ કચ્છી બંધુઓ દીર્ઘદ્રષ્ટિ દોડાવી પોતાની વાડીઓમાં કેળવણી આપતી સંસ્થાઓને પ્રગતિમાન બનાવી રહ્યાં છે ત્યારે ગુજરાતી બંધુઓને પોતાના સ્થાનોમાંથી એ નિકળી જાય એનુ જરા સરખું દુઃખ પણ થતું નથી!

આનંદ જનક બીના એ છે કે કચ્છી ભાઈઓની સંસ્થાઓમાં સગવડ વંચતી જાય છે એટલે જૈન વિદ્યાર્થીઓને અન્યત્ર આથડવું પડે છે અને હાડમારી ભોગવવી પડે છે એનો અંત આવશે. જો કે આબુ પી. પી હાઇસ્કુલમાં જગ્યાની તંગાશને લઇ, નવી કોઈ યોજનાથી સ્થિતિમાં ફેર પડે તેવું ભવિષ્ય નજદિકમાં દ્રષ્ટિગોચર નથી થતું છતાં અંદર પર આવેલ કચ્છી દશા ઓશવાળ અને કચ્છી વિશા ઓશવાળ પાઠશાળાઓ જેમાં હાલ પોંચ ધોરણ સુધીનો અભ્યાસ કરાવાય છે તે મેટ્રિક સુધીનો અભ્યાસ અર્થાત્ સાત ધોરણ દાખલ કરવા ઉદ્યુકત થયેલ છે એ માટે પ્રયાસ ચાલુ થઇ ચુકેલ છે અને એ સમાજની તેમજ કાર્યકરોની ધગશ જોતાં ખાત્રી રહે છે કે ટુંક સમયમાં એ બન્ને સંસ્થાઓ હાય સ્કુલમાં ફેરવાઇ જશે. એમાં હરકોઇ જૈનધર્મી વિદ્યાર્થીને સ્થાન અપાશે. એ સંસ્થાઓનુ સંચાલન જે હસ્તો વડે થઇ રહેલ છે અને શિક્ષણના કાર્યમાં જે સ્ટાફ રોકવામાં આવેલ છે એ જોતાં ભવિષ્ય ઉજ્વલ જણાય છે.

કચ્છીદશા ઓશવાળ પાઠશાળા નજરે જોવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલ એ વેળા જે છાપ પડી છે એ પરથી એટલું વિના સંકોચે કહી શકાય કે કાર્યકરોમાં જે ઉત્સાહ છે એને જો પ્રોત્સાહન મળશે તો હાયસ્કુલ બનવામાં વિલંબ નહીંજ થાય-ઉકત સંસ્થાના વિદ્યાર્થીઓ તરફથી 'પ્રગતિમાન દશા' નામા છ માસિક પત્ર પ્રગટ થાય છે એમાં સંગ્રહિત કરાયેલી સામગ્રી જોતાં સંસ્થાની કાર્યવાહી માટે હરકોઇને બહુમાન પેદા થાય તેમ છે. આમ મુંબઇવાસી જૈન કન્યાઓ અને છોકરાઓ માટેની અગવડનો અંત નજીક છે અને એ ઉન્નતિનું એક શુભ ચિન્હ છે.

ધર્મ નિમિત્તે દાન અને ધાર્મિક ખાતાના ટ્રસ્ટીઓ.

ધર્મ અંગેનુ દાન કેવી રીતે રક્ષાવું જોઇએ, એની રોકાણ કેવી રીતે થવી ઘટે, અને એના વપરાશમાં કયો મુદ્દો ધ્યાનમાં રખાવો જોઇએ તથા અન્ય ખાતાના ટ્રસ્ટીઓ કરતાં તે ખાતાના ટ્રસ્ટીઓની ફરજ કેવી રીતે જુદી પડે છે ઇત્યાદિ વિષયો પર પ્રકાશ ફેંકતો એક લેખ 'હરિજન બંધુ' તા. ૨૪-૮-૪૦ ના અંકમાં મહાત્માજીના હાથે લખાયેલ છે તે ખાસ મનન કરવા યોગ્ય છે. **ગાંધીજી.**

આપણા જમણવારો.

ઘણા અફસોસની વાત છે કે દયાધર્મના પાલક, અરે હિમાયતી એવા જૈનો સામે 'એંહુ' ન મૂકવાની લાલબત્તી ધરવી પડે છે! જેમના નૈતિક-ધાર્મિક કાનુનમાં ગાળી ધોઇને પીવાના આદેશ છે તેમના જમણમાં જે એંઠવાડના ઢગ ઉલરાય છે એ જોઇ કયા સહૃદયી જૈનનુ અંતર દ્રવીભૂત નહીં થતું હોય! પર્યુષણ જેવા મહાપર્વના નિમિત્તે ગોઠવાયેલા જમણોમાં આ જાતનો હદ ઉપરાંતનો એંઠવાડ એ આપણે જમી નથી જાણતા કે ચીન્હે ભાણામાં લેવામાં બે દરકાર છીએ એટલુંજ માત્ર નથી સુચવતો પણ એ દ્વારા આપણા પ્રાણસમા ધર્મ ફરમાન પ્રત્યે આપણે ઉઘાડી રીતે બેવફા છીએ એ વાત પુરવાર કરે છે!

એક તરફ આપણે અતિશય પાણીના ઢોળાણમાં કે લીલ ઉત્પન્ન થાય તેમાં જીવોત્પત્તિ માનીએ છીએ અને બીજી તરફ ઉઘાડા છોગે હૃદયમાં જરાપણ ક્ષોભ આણ્યા વીના એવા કાર્યો પવિત્ર પર્વના દિનોમાં કર્યા જઇએ છીએ કે જેથી જીવોત્પત્તિનો વધારો થાય! અર્થાત્ આપણા જમણવેળાના વર્તન અને થાલીઓમાં ભરેલી છાંડ જોઇને કોઇ પણ ટીકા કરવા લલચાય અને આપણને એ માટે ગુન્હેગાર ઠરાવે તો એ સામે આપણાથી આંગલી ઉંચી થઇ શકે તેમ છેજ નહીં!

જમણવેળા હૃદયગરની ધમાલ કે અમર્યાદિત ધોંધાટ એ તો આપણો રવૈયો થઇ પડયો છે! શાંતિપૂર્વક ને પદ્ધતિસર બેસી આપણે જમી શકતાજ નથી! જાણે જમણના પદાર્થો જીંદગીભરમાં પૂર્વ કોઈવાર જોયાજ નથી!

જો એ પાછળ થતી હિંસાનો આપણને સાચો ખ્યાલ હોય અને અંતર સાચેજ ભેદાતુ હોય તો, આવી ચુકેલા પર્વના પવિત્ર દિવસોમાં આપણે એંઠવાડ વધારવામાં હરગીજ નિમિત્તભૂત ન થવું ઘટે. દરેક પોતા પુરતો એટલો નિયમ ચીવટાઇથી પાળે તો તેથી ઘણો ફેર પડી જાય. એંઠવાડ ઓછો કરવાની સાચી તમન્ના હોય તો એ માટે બીજા છીંડા શોધવાના તજી દઇ, પોતાથી શરૂઆત કરી, ખપ પુરતું લેવાના નિયમનુ ચુસ્તપણે પાલન કરવા કમર કસવી ઘટે. બાકી જે છાંડ જોવામાં આવે છે એ આપણને શોભારૂપ તો નથીજ.

શત્રુંજયનું સમાધાન.

શત્રુંજયને અંગે પાલીતાણા રાજ્ય સાથે ચાલતા વાંધાભર્યા મુદ્દાઓમાં અમદાવાદવાળા શ્રી. શેઠ કસ્તુરભાઇ લાલભાઇ અને પાલીતાણા નરેશ વચ્ચે સમજુતિ થઇ ગયાના સમાચાર મળે છે. કઇ બાબત અને કેવી રીતે સમાધાન થયેલ છે તેની વિગતો પ્રકટ થઇ નથી જનતા તે જાણવા ઉત્સુક છે.

મુંબઇની જૈન સંસ્થાઓની પ્રવૃત્તિઓ.

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા—આ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા ગત પખવાડીયામાં મળી ગઇ, જેમાં નવી કાર્યવાહક સમિતિ, હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની ચુંટણી કરવામાં આવી. જગ્યા કરતાં ઉમેદવાર પત્રો કમતી આવવાથી ચુંટણીમાં કાંઇ રસા કસી જેવું રહ્યું નહિ

રાકુંતલાબાઇ કન્યાશાળા માટે નવા મકાનનું નક્કી થઇ ગયું છે. સાંભળવા પ્રમાણે પ્લાન વિગેરે તૈયાર થઇ ગયા છે, અને વિજયા દશમીના શુભ દિવસે પાયાનું ખાત મુહૂર્ત થશે એમ જણાય છે. નવા મકાનની પસંદગીની જગ્યા માટે જૈન જનતામાં કાંઇક કચવાટની લાગણી ફેલાયેલી જણાય છે. જૈન વસ્તીથી દૂરના લત્તામાં, ધોબી તલાવ જેવું ગીચ જંકશનની પેલી બાંજુ અને ઇંગ્રેજી સીનેમાની સમીપમાં આ મકાનનો પ્લોટ આવેલો હોવાથી ઘણાકને અનુકુળતા કરતાં પ્રતિકુળતા વધારે માલુમ પડે છે. જો કે સ્વચ્છતા અને વિશાળતાની દ્રષ્ટિએ જગ્યાની પસંદગી ઠીક છે, પરંતુ નાની બાળાઓને આવવા જવાની તકલીફ વધારે પડશે એ બનવા સંભવ છે. સાંભળવા પ્રમાણે બસની સગવડ કરવામાં આવનાર છે, છતાં પણ લત્તો, પાડોશ, ગાડી ઘોડા મોટર આદિની દોડધામને અંગે જવા આવવાની મુશ્કેલી તો થવાનીજ. આ બાબતનો લોકમત જાણી હાલના કાર્યવાહકો જેઓ સંસ્થાની ઉન્નતિ માટે ખૂબ પ્રયાસ લઇ રહ્યા છે, તેઓ આ બાબત ઉપર લક્ષ્ય જરૂર આપી મુશ્કેલીઓ ન આવે એવો માર્ગ કાઢશે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મેનેજીંગ કમીટી—આ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા૦ ૨૫-૮-૪૦ રવીવારના રોજ વિદ્યાલયના હોલમાં મળી હતી, જે વખતે ગયા વર્ષનો હેવાલ વંચાયા બાદ કાર્યવાહી સમિતિના આવેલા મતપત્રકોની ગણત્રી કરી પાસ થયેલા કાર્યવાહકોના નામ જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં લગભગ જુના વર્ષની કાર્યવાહી સમિતિજ કાયમ રહી હતી. માત્ર નીચેના ચાર સભ્યોને બદલે બીજા બે સભ્યોની ચુંટણી થઇ હતી. ઉમેદચંદ દોલતચંદ બરોડીયા, બબલચંદ કે. મોદી, મગનલાલ મુળચંદ અને ચીમનલાલ પરીખ આ સભ્યોની જગ્યાએ બે નવા સભ્યો ચંદુલાલ વર્ધમાન શાહ તથા વલભદાસ કુલચંદ મહેતાની ચુંટણી થઈ હતી. કો-ઓપ્શનની બે જગ્યાઓ હવે પછી પૂરવાની છે. મંત્રીઓ તરીકે શ્રી. મોતીચંદભાઇ ગિ. કાપડીયા, ચંદુલાલ સારાભાઇ મોદી, અને ખજાનચી તરીકે શ્રી. કકલભાઇ બી. વકીલની ચુંટણી થઇ હતી.

નોકારશીના જમણો અંગે વ્યવસ્થા—મુંબઇ શહેરમાં સંઘો અને નોકારશીઓના જમણોમાં હમણાં હમણાં છેલ્લા બે ત્રણ વર્ષથી બહુજ અવ્યવસ્થા થતી જણાય છે, અને તેમાં પણ મારા મારીની હદ સુધી મર્યાદાઓ લોપાયાના બનાવો ઘણી વાર બને છે. આ અવ્યવસ્થા કોઇ પણ રીતે ચલાવી લેવાય તેવી હતીજ નહિ. અને ઘણા સમજુ લોકો આ અવ્યવસ્થાનો માર્ગ કાઢવા વિચારી રહ્યા હતા. આગલા વર્ષોમાં માધવબાગની વિશાળ જગ્યા આપણને વાપરવા મળતી, જેથી સ્ત્રી પુરૂષો અલાયદા શાંતિથી જમી શકતા, પરંતુ બે વર્ષથી માધવબાગના સત્તાવાળાઓ તરફથી એ સગવડ નહિ મળતી હોવાથી લાલબાગની નાની જગ્યામાંજ સગવડ કરવી પડે છે. આ વર્ષે પણ પર્યુષણ પર્વમાં એજ સ્થિતિ હતી, પરંતુ દેવસુર સંઘના કાર્યવાહકોએ આ તરફ નજર દોડાવી સ્ત્રી પુરૂષોના અલગ અલગ ટાઇમ બાંધી કાંઇક વ્યવસ્થા જાળવવાની તૈયારી કરી છે. આ વ્યવસ્થા જો કે ઠીક છે, પરંતુ જો અલગ અલગ સ્થાને અલગ અલગ રસોડાં કરવામાં આવે તો થોડા વધારે ખર્ચને ભોગે વ્યવસ્થા સુંદર થાય. હાલ તો આશા છે કે આ વર્ષે ઉપર જણાવેલ વ્યવસ્થા પ્રમાણે પણ લોકો માન આપી પોતાનો સહકાર આપશે.

વ્યાખ્યાન પ્રવૃત્તિ:—મુંબઇમાં દર વર્ષની માફક આ વર્ષે પણ જુદા જુદા ઉપાશ્રયોમાં મુનિ મહારાજો વહેંચાઇ જઇ દરેક સ્થળે વ્યાખ્યાન વાંચી રહ્યા છે. જ્યારે યુવક સંઘ તરફથી હીરાબાગમાં નૂતન ઢબે વ્યાખ્યાનમાળા અપાય છે, તેમાં પણ લોકો સારા પ્રમાણમાં ભાગ લે છે. આ વર્ષે કચ્છી ભાઇઓના પર્યુષણ જૂદાં હોવાથી તેઓના યુવાન વર્ગે પણ પહેલીજ વાર વ્યાખ્યાનમાળાની માંડવી લત્તામાં ગોઠવણ કરી છે, જે ઉપરથી જનતા નવું નવું જાણવા દિવસાનુંદિવસ વધારે ઉત્કંઠિત રહે છે એ દેખાઇ આવે છે. વળી મુંબઇ, અમદાવાદની પેઠે આ વખતે કલકત્તામાં પણ આવી વ્યાખ્યાનમાળાની સગવડ કરવામાં આવી છે એમ સમાચાર મળ્યા છે.

—જાણકાર.

જૈન ધર્મ પ્રચારક સભાની અપીલ.

કલકત્તાની ઉપરોક્ત સભા તરફથી સરાક જાતિના ઉદ્ધાર અર્થે જે કાર્ય થઇ રહ્યું છે એને લગતો રિપોર્ટ તેમજ હેંડબીલો અને લઘુ પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ છે. જૈન યુગમાં સરાક જાતિ-એની પ્રાચીનતા તેમજ જૈન ધર્મ સાથે એનો ગાઢ સબંધ આદિ બાબતોને લગતી લાંબી લેખમાળા પ્રગટ થઇ ચુકેલ છે એટલે એ માટે વધુ લંબાણ ન કરતાં શ્રીમંતો અને શક્તિમંતોને આગ્રહ ભરી હાકલ કરીએ કે મહા પર્વ પર્યુષણમાં ઉપરોક્ત સંસ્થાને ઉદાર દાન વારિથી નવરાવી નાંખે. શિક્ષા પ્રચાર. જીન મંદિર અને ઉપાશ્રય નિર્માણ, શોધખોળ અને સાહિત્ય પ્રચાર આદિ કાર્યો દ્વારા સરાક જાતિના વસવાટવાળા જીલ્લાઓમાં સતત કાર્ય ચાલી રહ્યું છે. મુખ્ય કાર્યાલય ઉપરાંત માનભૂમ જીલ્લામાં શાખા છે. ઉભય સ્થાને વગદાર ગ્રહસ્થોની કમિટિઓ છે. વળી ઉપાધ્યાય મહારાજ શ્રી મંગળવિજયજી અને મુનિ પ્રભાકર-વિજયજી આ કાર્યમાંજ ખંતપૂર્વક મંડી ગયા છે. કેવલ ઉણપ હોય તો પુરતા પ્રમાણમાં ધનની. ધન વાપરવાના આ ઉત્તમ ક્ષેત્ર પ્રતિ સારાયે જૈન સમાજનું લક્ષ્ય ખેંચી સારા પ્રમાણમાં મદદ મોકલવા આગ્રહ કરીએ છીએ. એ માટેના સ્થળ નીચે પ્રમાણે—

બાબુ બહાદુરસિંહજી સિંધી.
૪૮, ગરીયા હાટ રોડ,
પોષ્ટ બાલીગંજ—કલકત્તા.

શેઠ કેશવજી નેમચંદ.
૪૮, ધર્મતલા સ્ટ્રીટ,
કલકત્તા.

સિદ્ધક્ષેત્રના કેટલાક પ્રશ્નો.

(૩)

તળ પાલીતાણામાં જૈનોની વસ્તી સારી સંખ્યામાં હોવા છતાં, અને સાધુ સાધ્વીને યોગ્ય ઉપાશ્રયોની સગવડ છતાં એ વર્ગનો મોટો ભાગ, અગાઉ વર્ણવી ગયા તેવી, તેમજ ડુંગર જતાં નજીક પડે તેવી ધર્મશાળામાં જગ્યા રોકી લે છે! જે જાતની સગવડ ઉપાશ્રયમાં સંભવે છે તે ખાસ યાત્રાળુ નિમિત્તે બાંધેલી આ ધર્મશાળાઓમાં હોતી નથીજ! એ ઉપરાંત જે રીતે ચરિત્ર ધર્મનું પાલન કરાવું જોઇએ અને એમાં સ્ખલના ન પહોંચે તે સારૂ જે જાતની કાળજી રખાવી જોઇએ તે આ પ્રકારના સ્થાનો કે જ્યાં યાત્રાળુ સમુદાયનો મોટો ભાગ ઉતરવા ટેવાયેલો હોય છે ત્યાં શકય નથી. કેટલીક ધર્મશાળામાં સાધ્વી વર્ગે સંખ્યાબંધ ઓરડીઓ રોકી લીધી હોય છે એટલે યાત્રિકો માટે જુજ જગા ખાલી રહે છે. બીજીમાં વળી એ ત્રણ ઓરડીમાં યાત્રિકો હોય તો બીજી એક એમાં એકાદ બે કે તેથી વધુ સાધ્વીના ઠાણા હોયજ! ગ્રહસ્થોની સમિપમાં આ પ્રકારનો વસવાટ સાધુ જીવનને લાભદાયી ગણાય કે હાનિકર એ અવશ્ય વિચારણીય છે. કોઈ કોઇ ધર્મશાળામાં નીચેની ઓરડીમાં સાધ્વી હોય છે જ્યારે ઉપરના હોલમાં સાધુ મહારાજનો ઉતારો હોય છે! શું ભ્રષ્ટ છે? જે સ્થાન અતિ પવિત્ર મનાય છે અને જ્યાં વસ્તીના મુખ્ય ભાગમાં સંખ્યાબંધ જુદા જુદા સ્થાનો મોજુદ છે ત્યાં શા સારૂ આ રીતે ત્યાગી વર્ગ એ બધા પ્રતિ દુર્લક્ષ્ય દાખવી જ્યાં ચારિત્ર ધર્મને ડગલે પગલે ક્ષતિ પહોંચવાનો સંભવ ઉઘાડો દેખાય છે ત્યાં રહેવા લલચાય છે? આ જાતના સંપર્કથી માઠા પરિણામ આવવા સંભવિત નથી કે? અગાઉ જે વાતો છાપામાં આવેલી તેના મૂળ આ જાતના સહવાસમાંજ રોપાય છે એ નથી ભુલવું જોઇતું. શિયલ રક્ષણની નવવાડ જેવું આમ રહેવાથી સંભવતુંજ નથી. પ્રતિક્રમણ કાળે દીવાની ઉજાઇ એ તો સહજ થઈ પડે છે! વાત પણ સાચીજ છે ને કે રાગીને ત્યાગી અથવા તો ગ્રહસ્થી અને સંયમીના વસવાટ એક સાથે કિંવા જોડ જોડ રહીજ કેમ શકે? જીન અજ્ઞાની ઉપર વીજઇ જો એ રખાય તો સંયમને ક્ષતિ પહોંચેજ. '**अति परिचयादवज्ञा**' જેવા દોષો તો હાથ વેંતમાં બની જાય. શ્રમણ સંસ્કૃતિ પાછળ રહેલો ઉમદા ભાવ અવશ્ય જોખમાય.

આ જાતની રોકાણો ને લઈ બાબુ આદિની ધર્મશાળાઓમાં યાત્રાળુઓનો મોટો વર્ગ સવારે વહેલો ઉઠી ડુંગર જનારો હોવાથી ઉકાળેલું પાણી અને આહાર કિંવા ગોચરીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પાલીતાણાની ખરી વસ્તી તો શેઠ આ. ક. ની પેઢીની છે તે ભાગ અને બજાર તરફ રહી એ અર્ધો વસનારને ઘણું આઘુ પડે! એટલે પછી ભોજનશાળા રોજના જમનાર કરતાં પાંચ પંદરની વધુ રસોઇ કરે અને રસોડાવાળા માટે પણ એવોજ નિયમ ધારી શકાય. બાકી એથી વધુ પ્રમાણમાં રસોઇ થાય છે એમાં માનસિક ગણત્રી તો સ્પષ્ટ હોય છે એ ભાગમાં વાસ કરી રહેલા સાધુ-સાધ્વીઓની! એટલે એ આહાર પાણી જુદા જુદા સ્થાનોમાં ભ્રમણ કરી મેળવવામાં આવતી ગોચરી જેટલાં શુદ્ધજ નથીજ. એને ગોચરી નામ આપવામાં પણ મન પાછું પડે છે! કોઇને અપવાદના કારણે આ બહારની ધર્મશાળાનો ઉપયોગ કરવો પડે એ વાત જુદી છે બાકી આજે તો કેટલાકોએ એમાં જે કાયમી વસવાટ બનાવી દીધો છે એ શ્રમણ ધર્મનો વિચાર કરતાં અને બીજી તરફ યાત્રાળુઓની અગવડ તરફ નજર કરતાં વ્યાજબી નથી. જમણ તો આજે પણ આચાર જેમણે પ્રાણ સમો વહાલો છે તેઓ તળ શહેરમાંજ ઉતરે છે.

યાત્રાળુઓને જગ્યાની અગવડના પ્રશ્નમાં આ જાતની વિચારણા કરી, બાકી એક તરફ શ્રમણ સંસ્કૃતિની સુવાસનો વિચાર કરીએ છીએ, એમાં રહેલ ઉંચ ગુણોને ઉમદા રહસ્યનો ખ્યાલ કરીએ છીએ અને એ સામે આજે ત્યાં આચારશીળ કે આડંબરશીળ કિંવા દેખાવધારીનો જે સંગ્રહ પ્રતિવર્ષ ચાલુ રહે છે–વહોરવા ટાણે જે પ્રકારનું એ આચરણ કરે છે–અને એ ઉપરાંત સાબુ–પુસ્તક કે અન્ય સાધન માટે એમણા તરફથી જે માંગો આવતી હોય છે–એની સરખામણી કરીએ છીએ, ત્યારે ઉભય વચ્ચે આસમાન જમીન જેવું અંતર ભાસે છે. સાપ ગયા ને લીંસોટા રહ્યા જેવું દ્રષ્ટિગોચર થાય છે! પુરી હથેળી પણ ન સુઝતી હોય ને આ વર્ગને ડુંગર જતો દેખીયે ત્યારે તો મનમાં પોકાર પડે છે કે પ્રભુ આજ્ઞાની ઠેકડી તો નથી થઇ રહી ને?

આચારની શુદ્ધતા અને યતિધર્મનું પાલન એ સંયમી માટે ખાસ અગત્યના મુદ્દા ગણાય. આવા પવિત્ર સ્થળમાં એ તરફ ખાસ તકેદારી રખાવી જોઇએ. એ માટે યોગ્ય પ્રબંધ ન હોય તો ઉપદેશ દ્વારા ઉપાસક વર્ગનું ધ્યાન ખેંચાવું જોઇએ. બાકી જે કાર્યોથી એ પવિત્ર અંચળો ઝાંખો પડે કિંવા એની પવિત્રતાને ઉણપ આવે એવું તો હરગીજ ન થવું ઘટે.

ઉપકરણ ચારિત્ર પાલનમાં અવશ્ય લાભદાયી છે એટલે બધ પૂરતા જોઇએ પણ એનો સંગ્રહ કે એ પાછળની મૂર્છા એ તો ઉઘાડો પરિગ્રહ જ છે અને આત્માને બુડાવનાર છે એ યાદ રાખવું ઘટે ધર્મ કરણીમાં ઉપયોગી સાધનો માટે વૈદ્ય ગાંધીના સહીયારા શોભા રૂપ ન લેખાય. એમાં ઉઘાડી આત્મ વંચના છે. આ ઇશારા પાછળ રહસ્ય છુપાયું છે જે પિછાનવાની એ વર્ગને માર્મિક સુચના છે. શાશ્વત સ્થાનમાં સાચેજ પવિત્ર જીવન જીવવાના કોડ હોય અને નિર્દોષ ચારિત્ર પાલનની ખેવના હોય તો બહારનો મોહ છોડી શહેરની ભીતરના ભાગમાં વસવું જરૂરી છે.

—M.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૮-૦ (પોસ્ટેજ અલગ)

લખો:–શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૯, પાયધુની, મુંબઈ, ૩

પુસ્તકોનું અવલોકન.

૧ શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભા. ૩ પ્ર૦ સ્મારક સમિતિ કિં. ૦-૬-૦ પૂર્વના બે ભાગોની માફક આ ભાગમાં પણ મુનિશ્રીના જૈનધર્મ પ્રકાશમાં જુદા જુદા પ્રસંગે લખા-યેલા લેખો તેમજ પૂર્વાચાર્ય રચિત નાના પ્રકરણોના અનુવાદો છે. પાનાની સંખ્યામાં અને બાંધણીમાં પૂર્વના બે ભાગને મળતો આવતો આ ગ્રંથ ધાર્મિક વિષયના જ્ઞાન અર્થે સંગ્રહણીય છે.

૨ ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસઃ શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ટ્રસ્ટ બોર્ડ તરફથી પ્રગટ થતી ગ્રંથ-માળાનુ આ ત્રીજું પુષ્પ છે. કિં. ૧-૪-૦. જૈનેતર લેખકના હાથે લખાયેલ આ પુસ્તક જૈન ધર્મના પ્રચારમાં અને જૈન સાહિત્યના વિકાસમાં પ્રાચીન નગરી ત્રંબાવટી યાને વર્તમાન કાળના ખંભાતે કેવો ભાગ ભજવ્યો છે એ જાણવા સારૂ પુષ્કળ સામગ્રી પુરી પાડે છે. ઐતિહાસિક નજરે આ ગ્રંથમાં સંધરેલી સામગ્રી દુર્લક્ષ્ય કરવા જેવી નથી. વર્તમાનકાળે મોજુદ દેવાલયોના ચિત્રો આપી ગ્રંથને સુશોભિત કરાયેલ છે.

નોટ—ઉપરોક્ત બન્ને પુસ્તકો મેઘરાજ ભંડાર ગોડીજીની ચાલ મુંબઈ નં. ૩ એ સરનામે લખવાથી મળશે

૩ કાઠીઆવાડ અને કચ્છમાં આવેલાં મહાન્ જૈન તીર્થોનું દિગ્દર્શન—આ લઘુ પુસ્તિકા-જામનગર એન્ડ દ્વારકા રેલ્વેના પબ્લીસીટી ઓફિસર રા. સા ગીરધરલાલ મહેતા તરફથી પ્રગટ કરાયેલ છે. સંશોધન કરી લખનાર શ્રી. મહાસુખભાઇ ચુનીલાલ શેઠ છે. ભાવનગર અને જુનાગઢ રેલ્વેના ઓફિસ-રોએ સહકાર આપેલ છે; તેથી બાવન પાનાની આ બુકમાં જૈન યાત્રાળુઓને ખાસ ઉપયોગી થઇ પડે એવી ઘણી ખરી બાબતોનો આમાં સમાવેશ થયેલ છે. શત્રુંજય ગીરનાર અને દૂર રહેલા કચ્છ જેવા સ્થાનના મંદિરો સંબંધી, તેમજ આસપાસના જોવા લાયક શહેરો અને એમાં આવેલ જીનમં-દિરો સંબંધી માહિતી આપતી પુસ્તિકાનો પ્રત્યેક યાત્રાળુએ લાભ લેવો ઘટે છે કેવી રીતે યાત્રાનો આરંભ કરવો એની સમજુતી આપી છે તેમજ નકશો પણ મૂકયો છે. પ્રકાશકને લખવાથી બુક મળી શકે તેમ છે અને એ ઉપરાંત પણ જે કંઇ માહિતી જોઇતી હોય તે પુરી પાડવાની ઇચ્છા દર્શાવ-વામાં આવી છે.

૪ શ્રીમદ્ વિજયાનન્દસૂરિના વચનામૃતો—માવજી દામજી શાહ કૃત લઘુ પુસ્તિકાઓમાં આનો નંબર ૪૯ મો છે. કિં. ૦-૨-૦ છે. શ્રી આત્મારામજી મહારાજના નામથી જૈન સમાજમાં વધુ પ્રસિદ્ધિ ને પામેલા એવા દીર્ઘદર્શી આચાર્ય-શ્રીએ હીન્દી ભાષામાં જે ગ્રંથો લખ્યા છે એમાંથી જૈન સમાજને વિચારી મનન કરવા લાયક ૧૦૮ વચનામૃતો સંગ્રહ કરી ગુજરાતી ભાષામાં મૂકવામાં આવ્યા છે. એમાં જુદી જુદી વસ્તુઓ કહેવામાં આવી છે જે આજે પણ એટલીજ ઉપયોગી છે.

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા.

મકાન માટે રૂા૦ ૧૭૫૦૦) ની મંજુરી.
શેઠ અમૃતલાલ કાલીદાસની પ્રમુખ તરીકે વરણી
નવી મેનેજીંગ કમિટી અને અધિકારીઓની ચુંટણી.

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભાની વાર્ષિક જનરલ સભા તા૦ ૧૮ ઓગસ્ટ ૧૯૪૦ ના રોજ શેઠ **અમૃતલાલ કાલીદાસ**ના પ્રમુખસ્થાને મળી હતી જે સમયે સને ૧૯૩૯-૪૦ ના વર્ષનો રિપોર્ટ અને ઓડિટ થયેલ હિસાબ ઉપરાંત ખર્ચ સંબંધી બજેટ અને મકાન માટે રૂા૦ **એક લાખ એકોત્તેર હજાર**ના ખર્ચ માટે સ્વીકૃતી અપાઇ હતી

નવી વ્યવસ્થાપક સમિતિ (૧૯૪૦-૪૧) ના સભાસદો તરીકે શેઠ અમૃતલાલ કાલીદાસ, શેઠ કાંતિલાલ ઓકારદાસ, શેઠ કચ્છલભાઇ બી. વકીલ, શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપ-ડીઆ, શેઠ મકનજી જે. મહેતા, શેઠ પ્રેમજી નાગરદાસ, શેઠ ચુનીલાલ વીરચંદ, શ્રી. કાલીદાસ સાંકલચંદ દોશી, ડો. મોહનલાલ હેમચંદ, શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, શેઠ હીરાલાલ અમૃતલાલ શાહ, શેઠ જમનાદાસ ચતુરદાસ, શ્રી. લીલાવંતીબ્હેન દેવીદાસ, શેઠ જમનાદાસ મોરારજી જે. પી. શ્રી ચંદુલાલ ડી. શાહ, શેઠ સાકરચંદ મોતીલાલ મૂલજી, ડો. ચીમનલાલ નેમચંદ શ્રોફ અને શ્રી ચીનુભાઇ લાલભાઇ શેઠની ચુંટણી નામીનેશન પત્રો વિગેરે દ્વારા જાહેર કરવામાં આવી હતી. ઓડીટર તરીકે શ્રી બાલચંદ મગનલાલ મહેતા જી. ડી. એ; આર. એ અને પાંચ વર્ષ માટે ટ્રસ્ટીઓ તરીકે રાવસાહેબ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી; શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી; શેઠ જમનાદાસ મોરારજી જે. પી; શેઠ અમૃતલાલ કાલીદાસ, શેઠ પ્રેમજી નાગરદાસ અને શેઠ કાંતીલાલ ઓકારદાસ શાહની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. ગત્ વ્યવસ્થાપક સમિતિ માટે આભાર પ્રદર્શન બાદ પ્રમુખ શ્રી. અમૃતલાલ કાલીદાસે સભા માટે કેટલાક સ્થળેથી થતા અનિચ્છનીય પ્રચાર તરફ લક્ષ ખેંચી વિનંતિ અને ચેતવણી સાથે જૈન સમાજને સંસ્થાની કેળવણી પ્રચારાદિની ઉપયોગી પ્રવૃત્તિ અપનાવવા અપીલ કરી હતી. તેઓશ્રીએ ઉમેર્યું હતું કે રાવસાહેબ કાંતીલાલ ઇશ્વરલાલ જેવા ઉદાર ગૃહસ્થો આપણી કોમમાં વિદ્યમાન છે અને તેઓ આ સંસ્થાના પ્રાણ સમાજની તન, મન અને ધન યુક્ત બની શક્તિઓ આ પારમાર્થિક સંસ્થા માટે વ્યય કરી રહ્યા છે. જનતા આથી સુપરિચિત છે અને કોઇના ગંદા પ્રચાર તરફ ધૃણાની નજરેજ જોશે એવી ખાત્રી છે. ડો. ચીમનલાલ નેમચંદ દ્વારા યોજાયેલ અલ્પાહારને ઇન્સાફ આપી જનરલ સભા વિસર્જન થઇ હતી.

બંધારણાનુસાર અધિકારીઓની ચુંટણી વિગેરે કરવા શુક્રવાર તા૦ ૨૩-૮-૪૦ ના રોજ સભા મળતાં શેઠ **અમૃતલાલ કાલીદાસ**ની પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ઉપ-પ્રમુખ તરીકે શેઠ **કચ્છલભાઇ ભુવરદાસ વકીલ**, ખજાનચી તરીકે શેઠ કાંતીલાલ ઓકારદાસ શાહ અને માનદ મંત્રીઓ તરીકે ડો. **ચીમનલાલ નેમચંદ શ્રોફ** એમ. બી. બી. એસ. ડી. એ. એમ. એસ અને શ્રી. **ચીનુભાઇ લાલભાઇ**-સોલીસિટરની ચુંટણી થઇ હતી. તદુપરાંત શ્રીમતી **સુભદ્રાબ્હેન** કાંતીલાલ ઓકારદાસ અને શેઠ હરગોવનદાસ હરજીવનદાસને મેનેજીંગ કમિટીમાં કોઓપ્ટ કરવામાં આવ્યા હતા.

શ્રી કલ્પસૂત્રનું મહત્વ.

પર્યુષણ પર્વના આગમન સાથે જૈન સમાજમાં કોઈ અનોખુ વાતાવરણ પ્રસરી જાય છે. ગમે તેવા વ્યવસાયરક્ત માનવીને અથવા તો જેના હૃદયમાં ધર્મ સબંધે ખાસ કંઇ મહત્વની છાપ નથી હોતી એવા જીવોને પણ ઉપાશ્રયના દ્વારે જવાનું મન થાય છે અને પ્રતિક્રમણ જેવી ક્રિયા ઉભય ટંક કરવાની લગની લાગે છે. શ્રાવણ ભાદરવાના દિવસોનો આવો સુમેળ સાધવામાં સાચેજ દીર્ઘદર્શિતા સમાયેલી છે. પર્વાધિરાજના આઠ દિનોમાં સર્વ શ્રેષ્ઠ મહત્વ સંવત્સરી દિનને પ્રાપ્ત થાય છે એ દિવસ અટ્ઠમ તપ કરનારની તપશ્ચર્યા માટે કહો કે સર્વ તપ આશ્રયીને કહો–ગમે તે લ્યો–તપની પૂર્ણાહૂતિનો દિવસ છે. વળી વર્ષ ભરના પાપો આલોચવાનો અથવા તો થયેલ વૈરવિરોધને કાયમ માટે ભૂસી વાળવાનો પણ એજ આખરી દિન છે 'મિચ્છામિ દુક્કડમ્' જેવી પવિત્ર ક્ષમાપના નિખાલસ હૃદયે ઉચ્ચારવાનો એ કિમતી સમય છે. સૌ દિનો કરતાં જીવદયાના કાર્યો એ પ્રસંગેજ વધુ પ્રમાણમાં થાય છે; અને ચૈત્ય જુહારવાનો એ મોંઘેરો સમય લેખાય છે. એ બધામાં શાંત ચિત્તે મૂળ કલ્પસૂત્રનું શ્રવણ સવિશેષ મહત્વ ધરાવે છે.

ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે પૂર્વમાંથી ઉદ્ધરી જે સૂત્રની શ્લોક બદ્ધ રચના કરી તે બારસા સૂત્ર તરિકે વિખ્યાત થયું, અને મૂળ સ્વરૂપમાં સર્વત્ર સંવત્સરી દિને તે વંચાય છે. એ સૂત્રના શ્લોકો વાંચી જનાર મુનિ પુંગવ શ્રમણ પ્રતિ મીંટ માંડી જૈન સમાજ એકચિત્તે તેનું પાન કરે છે. એ સૂત્રમાં જુદા જુદા પ્રસંગને ઉદ્દેશી દોરવામાં આવેલ ચિત્રોના દર્શન એ ટાણે કરાવાય છે. આમ આ સૂત્ર શ્રવણનો મહિમા અનેરો છે.

કદાચ પ્રશ્ન ઉદ્ભવશે કે મોટા અંગો કે ઉપાંગો આદિને ઘડીભર વેગળા મૂકી જૈન સમાજના નર–નારીઓ શા કારણે આ સૂત્રનુ આટલી હદે મહાત્મ્ય મનાવતાં હશે ?

આ પ્રશ્નના ઉંડાણમાં ઉતરતાં સહજ જણાશે કે આ સૂત્રમાં જૈનોને જાણવા–વિચારવા અને અમલી બનાવવા જેવું ઘણું ઘણું સમાયેલું છે. **પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ** એ સુત્ર અનુસાર એના યોજક–જૈન સંઘમાં એક જબરદસ્ત તે પ્રભાવિક લેખાતા આચાર્ય મહારાજ શ્રી ભદ્રબાહુસ્વામી છે સરલ ભાષામાં તેઓશ્રીએ આ સૂત્રમાં ગૃહસ્થ કે શ્રમણ બાળ કે વૃદ્ધ–તત્વનો ગવેષક કે કથાનો રસીયો સૌકોઇને માફક આવે, અને પોતાના જીવનમાં ઘડો લેવાનું મન થાય તેવા વિષયો ગોઠવ્યા છે અને સાદાઇ છતાં સુંદર રીતે રસ જમાવટ કરી છે.

તીર્થંકરના ચરિત્રો, ગણધર અને સાધુઓના જીવનવૃત્તો તેમજ નિરતિચારપણે સંયમનુ પાલન થઇ શકે એ અર્થે પ્રભુ શ્રી મહાવીર દેવે દર્શાવેલી સામાચારી આદિ પ્રસંગો એવા છે અને એમાં એવો સુંદર ભાવ સમાયેલો છે કે જો એ પાઠળા દ્રઢતાથી ચીટકવામાં આવે અને ગુરૂગમથી અવગાહન કરવામાં આવે તો ઘણું ઘણું નવું જાણવા–જોવા ને શિખવાનુ મળી શકે તેમ છે.

સૂત્રનો સવિશેષ ભાગ કેવળ શ્રી મહાવીર દેવનુ જીવન રોકે છે, છતાં એ પવિત્ર જીવનનો દ્રઢજિજ્ઞાસા વૃત્તિથી અભ્યાસ કરવાનાં ન આવે તો એમાં જે ઉમદા વાતો સમાયેલી છે તેનો સામાન્ય જન સમૂહને ખ્યાલ આવવો પણ મુસ્કેલ છે !

બીજા તીર્થપતિઓના ચરિત્રો ટુંકમાં આપી શાસનાધીશ્વરના જીવનવૃત્ત પાછળ જે કેટલાક મુદ્દાઓ મૂળ સૂત્રકારે કહ્યાં છે અને ટીકાકારોએ જે વાતને ઉચિત સ્વાંગ પહેરાવી નેત્રો સન્મુખ રજુ કરી છે, એ એમણાજ શાસનમાં જન્મેલા આપણા જેવા સારૂ દીવાદાંડી રૂપ છે. બીજું બધું ઘડીભર બીસારી દઇ કેવળ મહાવીર દેવનો પૂર્વ જીવન સંગ્રામ અવલોકો તો એમાંથી ઘણું જાણવાનુ અને એથી વધુ સંગ્રહવાનુ જડી આવે તેમ છે.

મરિચી–વસુભૂતિ અને નંદન શ્રાદ્ધ તરિકેના જીવન એ કર્મરાજ સાથે ખેલાઇ રહેલા નિઃશસ્ત્રી સંગ્રામના વીરતા ભર્યા પ્રકરણો છે એથી અમાપ સત્તાધારી કર્મરાજની આખીયે બાજી ઉધાડી પડી જાય છે.

ઘડીભર આત્મા ભૂલ કરી બેસે છે અને એથી જબરી લાત ખાય છે ને તળીયા સુધી હેઠાં ઉતરી જાય છે પણ એને વસ્તુ સ્વરૂપની જે ઝાંખી થઇ છે તેના જોરે પુનઃ સાહસ ખેડે અને પંક રહિત થયેલ તુમડુ જોત જોતામાં પાણીની સપાટી પર આવી તરવા માંડે તેમ—બાજી ભૂલનાર આત્મા પણ સ્વબળ ફોરવે છે અને જોત જોતામાં ભવાટવીનો કેટલોયે પંથ કાપી નાંખે છે.

આ તો પૂર્વ જીવન પરત્વે ઇશારો કરાયો. પણ આવા આવા તો કેટલાયે પ્રસંગો આ સૂત્રમાં ગુંથાયેલા છે અને એનાથીજ મહત્વ વૃદ્ધિ થઇ છે

જરૂર છે એ સર્વ જોવા–જાણવાને યથાર્થપણે પિછાનવા સારૂ જિજ્ઞાસા વૃત્તિની—

—ચોકસી.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮–૮–૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭–૮–૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩–૦–૦	૧–૦–૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧–૮–૦	૦–૮–૦

જૈનોના સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ટ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫–૦–૦	૧૦૦૦	૧–૦–૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩–૦–૦	૮૫૦	૧–૮–૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬–૦–૦	૧૨૫૦	૩–૦–૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪–૦–૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**

૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

अहिंसा और रक्षा.

आज देश भर में इस बात की चर्चा हो रही है कि आया बाहरी आक्रमण या अन्दरुनी झगडों से देश को और देश बासियों की रक्षा बिना फौज हथियारों के और अहिंसक तरीके से हो सकती है या नहीं। जैसा कि आपको विदित है, आज पिछले २५ वर्ष से हिन्दुस्तानकी आजादी के लिये राजनैतिक क्षेत्रमें भी अहिंसा के सिद्धान्तका प्रयोग हो रहा है। इसके पहले तक हमारे ख्याल में अहिंसा धर्म व्यक्ति के निजी जीवन में और उसमें भी एक संकुचित दायरे में सिमित रहा पर यह स्पष्ट है कि जब तक अहिंसा के सिद्धान्त का हम हमारे व्यक्तिगत और सार्वजनिक जीवन के सभी क्षेत्रों में उपयोग न करे, यह सिद्धान्त अधूरा और पंगु हो रहेगा। जीवन के अमुक क्षेत्र में या दिन रात के चौबीस घंटो में से अमुक समय में ही अहिंसा का पालन और शेष में हिंसा की छूट हमें तो केवल अधा ज्ञानहीन धर्मपालन ही मालूम होता है। इसमें कायरता भी मालूम होती है। हमारा मतलब यह नहीं है कि कोई भी आदमी पूर्ण अहिंसक रूप से जीवन व्यतीत कर सकता है। यह तो असम्भव सी बात है क्योंकि जीवन के लिये हिंसा किसी न किसी रूप में अनिवार्य है पर अहिंसा को कुछ क्षेत्रों में ही सिमित कर देना और दूसरे क्षेत्रो में हिंसा की प्रधानता और छूट मान लेना तो अहिंसा के मूल पर आघात करना है, हमारा ऐसा ख्याल है। ऐसी स्थिति में अहिंसा केवल एक बिडम्बना मालूम होती है। इस सिलसिले में हम आपका ध्यान 'तरुण ओसवाल' के अगस्त के अंक प्रकाशित महात्मा गांधी के 'वीरों की अहिंसा' शीर्षक भाषण की ओर आकर्षित करते है। जिसमें अहिंसा का व्यापक और बिशद पर साथ ही सुगम व्याख्या की गयी है।

आज भारतवर्ष ही नहीं, सारे संसार का ध्यान अहिंसा के सिद्धान्त की ओर गया है। ऐसे अवसर पर अहिंसा को परम धर्म माननेवाले हम जैनो की एक विशेष उत्तरदायित्व हो गया है। हजारों वर्षो से परम्परा से हम अहिंसा धर्म की घोषणा करते रहे हैं और उसके लिये बहुत से कष्ट भी सहे हैं। इसलिये आज जब अहिंसा के सिद्धान्त का परीक्षा का और उसके बिकास का समय आया है, तब हमारा कर्तव्य हो जाता है कि हम इसको प्रतिष्ठा में अपना सहयोग दें और स्पष्ट तोर पर अपना मत दें। हम समझते हैं कि और कुछ न कर सकें तो अहिंसा की सैद्धान्तिक चर्चा में तो हम अधिकार से बोल ही सकते हैं। यदि हम आज इस प्रश्न की चर्चा में संसार के सामने वास्तव में कुछ स्पष्ट और निश्चित राय रख सकें तो अहिंसा धर्मके प्रचार में थोडासा हाथ बंटा सकने के पुन्य के भागी भी हो सकेंगे।

इन सब बातों को ध्यान में रख कर हम नीचे लिखे कुछ प्रश्नों पर आपकी स्पष्ट और निश्चित राय चाहते हैं और आशा करते हैं कि आप हमें जितनी जल्दी हो सके, अपने उत्तर से कृतार्थ करेंगे। हम यह पत्र सभी जैन सम्प्रदायों के आचार्य, प्रख्यात साधु, आगेवान श्रावक तथा जैन पत्रों के सम्पादकों के पास भेज रहे हैं और चाहते हैं कि पर्युषण पर्व तक सब उत्तरों का संकलन करके प्रकाशित करें। यदि हमारी जानकारी न होने से या भूल से किन्हीं महानुभाव के पास यह पत्र खास तोर से न पहुंचे तो भी यह उनकी नजर में आने पर वह अपना मत इस पर प्रकट करेंगे, ऐसी हमें आशा हैं। प्रश्न इस प्रकार हैं।

१ जैन धर्म के अनुसार अहिंसा की क्या व्याख्या है? आपकी राय में क्या आज जो व्याख्या की जाती है, वह उससे भिन्न है? आपकी सम्मति में अहिंसा की पूर्ण व्याख्या क्या है?

२ क्या यह संभव है कि बाहर के आक्रमण या अंदरूनी झगडो जैसे हिन्दु मुस्लिम दंगे, या लूट मार से बिना हथियारों या फौज के अहिंसात्मक ढग से देश की रक्षा हो सकती है?

३ यदि ऐसा नहीं तो क्या आपको राय में अहिंसा जीवन का सर्वव्यापी सिद्धान्त नहीं हो सकता?

४ यदि अहिंसात्मक ढंग से देश की रक्षा का प्रश्न हल हो सकता है, तो किस तरीके से और क्यो कर?

५ आपकी जान में क्या जैन शास्त्रों या साहित्य में ऐसे कोई उदाहरण है जब देश या राज्य की रक्षा के लिये अहिंसात्मक उपाय काम में लाये गये हों?

६ क्या आपकी जान में शास्त्रों में ऐसा भी उदाहरण है जब देश या धर्म की रक्षा का प्रश्न उपस्थित होने पर जैन आचार्योंने हिंसा से रक्षा करनेका आदेश दिया हो या आयोजन किया हो।

हम आशा करते हैं कि जैसा भी हो, संक्षेप में या विस्तार से आप अपना उत्तर हमें शीघ्र ही भेजने की कृपा करेंगे। हम आपको विश्वास दिलाते हैं कि इस प्रश्न की चर्चा उठाने में हमारा एक मात्र उद्देश अहिंसा के प्रचार में तथा उसके सुयोग के बीच में आई हुई बाधाओं को दूर करने में जितना हो सके उतना सहयोग देनेका है।

विजय सिंह नाहर.
सिद्धराज ढड्ढा.
भंवरमल सिंघी.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું અને શ્રી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર : HINDSANGHA.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર.

REGD. NO. B 1996

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૧૮

વ્યવસ્થાપક મંડળી

મોહનલાલ દીપચંદ ચોકસી.

તંત્રી.

મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ

JAIN YUGA

વિ. સં. ૧૯૯૬, શ્રાવણ શુદ ૧૪, શુક્રવાર.

તા. ૧૬ મી ઓગષ્ટ ૧૯૪૦

શ્રી મહુવા યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમના નવા મકાનની રાવસાહેબ શ્રી. કાન્તિલાલ ઈશ્વરલાલના હાથે થયેલી — ઉદ્‌ઘાટન ક્રિયા. —

મહુવાથી તા. ૧૫ મીના તારમાં જણાવવામાં આવે છે કે:—

અત્રેના યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમના નવા મકાનની ઉદ્‌ઘાટન ક્રિયા મુંબઇના જાણીતા આગેવાન દાનવીર શેઠ **કાંતીલાલ ઇશ્વરલાલ** જે. પી. ના હાથે થઇ હતી. ઉપરના પ્રસંગે પ્રમુખસ્થાન ભાવનગરના દિવાન શ્રી. **એ. પી. પટ્ટણી**એ લીધું હતું, તેમજ તે પ્રસંગે ભાવનગરના આગેવાન અમલદારો તથા ગૃહસ્થોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી.

રાવસાહેબ શેઠ કાંતીલાલે મકાન ખુલ્લું મૂકતાં જણાવ્યું કે 'શેઠ શ્રી. **કશળચંદભાઇએ** રૂપીયા પચાસ હજાર જેવી મોટી રકમ જે આ સંસ્થાને આપી છે તે બદલ તેને મુબારકબાદી આપું છું.' અને વધુમાં તેમણે જણાવ્યું કે 'આપણી કોમના બાળકોની બેદારી ટાળવા માટે તેમજ ઉંચી કેળવણી માટે આવી સંસ્થાઓ જેમ વધુ પ્રમાણમાં ખોલાય તેમ સારૂં છે.'

(મહુવાથી તાર પ્રાપ્ત તા. ૧૬-૮-૪૦)

આત્મ પરિક્રમા.

"જ્યારે તમે બીજાની ટીકા કરતા હો અથવા તમે અહીંથી તહીંથી એક બે ભૂલોને શોધી શકયા હો અથવા તો તમે જેને ફાડી તોડી નાખો તેવી એકાદ નબળાઇને વચનદ્વારા વેગ આપતા હો, જ્યારે તમે અન્યને નબળાઈ માટે ઠપકો આપતા હો અથવા ધનને દેવ માનવા માટે કોઇ ઉપર આરોપ મૂકતા હો, ત્યારે તમારે તમારી જાતની આસપાસ એક ફેરો મારવા લાયક વખત આવી લાગ્યો છે" (એમ સમજવું).

આપણામાંના સર્વ સામાન્ય પ્રતિના પ્રાણીઓમાં અનેક ઉણપો ઓછી વધતી રહેલી છે અને આપણે નાના હોઇએ કે મોટા હોઇએ, પણ આપણા દરેકમાં અનેક ગંભીર ઓછપો જરૂર છે; પણ માણસો જ અનેક ખરાબ બાબતોને અમરાઇ પર ચઢાવી દે છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે આપણી પોતાની આસપાસ એક ચક્કર મારી અથવા આપણે બહાર જવું જોઇએ એવો વખત આવી પહોચ્યો છે" (એમ લાગે છે).

બીજાને માટે તમે ફેંસલો આપવા લાગી જાઓ અથવા તેને અમરાઇએ ચઢાવી દો તે પહેલાં આ જીવનમાં આપણને જીવન તોલનનાં તાજવાની જરૂરીઆત સાંપડે છે અને આપણું ગંભીર કયાં ટકી રહે છે અને કયાં હાથ હેઠા પડી બેસી જાય છે, તેની તુલના કરવાની જરૂર પડે છે. તેવે પ્રસંગે તમારી જાતની આસપાસ એક પ્રદક્ષિણા મારવાની રીત બહુ મજાની નીવડે છે."

(સાધ્યને માર્ગે)

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૮-૪૦. શુક્રવાર.

ધાર્મિક શિક્ષણ.

ગયા અંકમાં કેળવણી સબંધી જે વિચાર ચલાવ્યો એના અનુસંધાનમાં અત્રે ધાર્મિક કેળવણી યાને ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન પ્રથમ હાથ ધરીએ. જૈન ધર્મ મનુષ્ય ભવને જે જાતનું મહત્વ આપે છે તે જોતાં ધાર્મિક શિક્ષણ વિહુણ જીવન એ જીવનજ નથી એમ કહેવામાં અતિશયોક્તિ જેવું કંઇજ નથી. એ સબંધમાં એક આંગલ કવિના નિમ્ન વચનો ખાસ મનન કરવા જેવા છે.

"Learning—The end of learning is to know god, and out of that knowledge to love Him, and to imitate Him, as we may the nearest by possessing our souls of true virtue."

પરમાત્માને ઓળખવો એ શિક્ષણનો સાર યાને છેડો છે તે જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ તેને (પરમાત્માને) ચાહતા શિખવું જોઇએ. ત્યાર બાદ તેનું અનુકરણ કરવાની ટેવ પાડવી કે જેથી આપણામાં તેના જેવા સત્ય ગુણોનો આવિર્ભાવ થાય અને તેની નજીક પહોંચી શકીએ. જ્યાં આ પ્રકારનું શિક્ષણ-મહત્વ ચક્ષુ સામે રમતું હોય ત્યાં ગમે તેવા કારણો સામા ખડા કરી, એમાંથી છટક બારી શોધવાની વાત કરી શકાય જ કેવી રીતે? અલબત એ જ્ઞાન મેળવવામાં મુશ્કેલી છે. વળી સૂત્રોની ભાષા પ્રાકૃતને અર્ધમાગધી હોવાથી સરળતાથી એ યાદ પણ ન રહી શકે, તેમજ તાત્વિક વિષય અતિ ગહન હોવાથી પ્રથમ દર્શને સમજવો પણ ભારી પડે. આ બધી મુશ્કેલીઓ છે એની ના પાડયા વગર એટલું ભાર મૂકીને કહી શકાય કે—

બાલ્યાવસ્થા એ એવી સરસ અવસ્થા છે કે એ વેળા જો ધર્મના સંસ્કાર પાડવામાં આવે તો તે જીવનના અંત ભાગ સુધી ટકી રહે છે. એ વેળા સ્મરણ શક્તિ એટલી સત્તેજ હોય છે કે ઓછા પરિશ્રમે ઘણું શીખી શકાય છે. તેથી મુશીબતોમાંથી માર્ગ કહાડીને પણ એ વેળા ધર્મનું શિક્ષણ ઉગતી પ્રજાને આપવાના દરેક ઉપાયો હાથ ધરવાજ જોઇએ. "કુમળા ઝાડને જેમ વાળીએ તેમ વળે" એ ઉક્તિ અક્ષરશઃ સાચી છે.

આજે વ્યવહારિક શિક્ષણ આપતી સંસ્થાઓમાંથી ધાર્મિક જ્ઞાન આપવાની પ્રથા લગભગ નિકળી ગઇ છે એટલે આ સબંધમાં વધુ સંગીન પ્રયાસ કરવાની આપણી જવાબદારી વધે છે. ઘણા બરા શહેરોમાં ધાર્મિક જ્ઞાન આપનારી પાઠશાળાઓ હોય છે પણ એમાં પદ્ધત્તિ કે અભ્યાસની સરખાઇ જેવું જવલ્લેજ જોવામાં આવે છે. ઘણા બરા સ્થાને તો પંચપ્રતિક્રમણ સુધી પહોંચવું એ મહાભારત કામ ગણાય છે! અને તે પણ પોત પોતાની નિરાળી ગાથા પદ્ધત્તિએ અને ઘણું બરું સૂત્રો ગોખીનેજ! અર્થ સમજુતિ અને રહસ્ય સહિત સૂત્ર સમજનારા તો આંગળીના ટેરવે ગણાય તેટલા કદાચ મળી આવે! જ્યાં સામાન્ય સ્થિતિ આ જાતની હોય ત્યાં જીવ વિચાર, નવતત્વ કે કર્મગ્રંથ જેવા રહસ્ય પૂર્ણ વિષયોના જ્ઞાનની આશા શી સંભવે? કદાચ શિક્ષક અભ્યાસીને રસજ્ઞ હોય છતાં જ્યાં ઘોરણ પદ્ધત્તિએ શિક્ષણ આપવાનું હોય, અભ્યાસ કાળના સમયની નિયમિતતા ન હોય. અને એક વ્યકિત પહોંચી શકે તે કરતાં વિદ્યાર્થી સંખ્યા સવિશેષ હોય ત્યાં થાય પણ શું? વળી કેટલીક જગાએ તો શિક્ષકોજ જોઇતી આવડતને અભ્યાસ વગરના હોય છે ત્યાં કેવળ ગોખણ-પટ્ટીજ જોવાની મળે એમાં નવાઇ ન લેખાય!

કેટલાક સ્થળોમાં સંઘને કે આગેવાનોને આવી પાઠશાળાની કંઇજ પડી હોતી નથી. મા બાપ પણ એટલાજ બેદરકાર હોય છે કે જેથી પોતાના સંતાનો ધર્મનું કંઇ શિખે છે કે કેમ એવો પ્રશ્ન પણ એમણે ભાગ્યેજ ઉદ્ભવે છે! ઘણી બરી વેળા પર્વના પ્રસંગોમાં જરા સુંદર રાગે અજીતશાંતિ સ્તવન બોલે કે સ્નાતસ્યાની સ્તુતિ સારી રીતે કહે એટલે વિદ્યાર્થીને ઠીક અભ્યાસ કર્યાનું પ્રમાણ પત્ર મળે. પૂજા પ્રતિક્રમણ જેવી ક્રિયામાં હાજરી ભરે એટલે ધાર્મિક જ્ઞાન ધરાવવાની છાપ મળી જાય! એ કિંમતી વિધાનો કે સૂત્રો પાછળ શું રહસ્ય સમાયેલું છે કિંવા એ કરણી દ્વારા આત્મા કયા ધ્યેયની સિદ્ધિ વાંછે છે એનો નથી તાગ કહાડવાની સમાજ કે માં બાપને ફુરસદ તેમ નથી તો એ સબંધમાં તાગ આપવાની વિદ્યાર્થીને તાલાવેલી! ધાર્મિક અભ્યાસમાં આપણી પાઠશાળાનું સામાન્ય પ્રકારે આ ચિત્ર ખેંચી શકાય.

બાળાશ્રમ-ગુરૂકુળ, બોર્ડીંગ, છાત્રાલય, આશ્રમ, વિદ્યાલય અને કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીગણ-પ્રતિ મીંટ માંડીશું તો ત્યાં સર્વથા આવી દશા નહીં માલમ પડે છતાં એ સંસ્થામાં આવનાર સમૂહની વય વ્યવહારિક શિક્ષણ અને પ્રાપ્ત થતાં સાધન સમયની તુલાએ તોલતાં પરિણામ પ્રશંસા પાત્ર ન કહી શકાય. આર્ય સમાજના મંદિરમાં અધ્યયન કરતાં વિદ્યાર્થીઓ સહ સરખામણ કરીએ તો આપણું ત્રાજવું નમતું નહીંજ જણાય. અરે દૂર શા સારૂં જવું? ખુદ આપણા દિગંબર સંપ્રદાયના વિદ્યાર્થી સમૂહમાં જ્ઞાન જે ભરપૂરતા ને સચોટતા જોવાની મળે છે તે શ્વેતાંબર સંપ્રદાયમાં નહીં જોવાય! આતો માત્ર અધ્યયનની વાત થઇ! ક્રિયામાં તો ઘણા

(અનુસંધાન પૃ ૮ ઉપર જુઓ.)

એજ્યુકેશન બોર્ડ અને ધાર્મિક પરીક્ષા.

યુનીવરસીટીના ધોરણે જુદા જુદા સેન્ટરોમાં એકજ દિવસે ઉપરોક્ત બોર્ડ તરફથી લેવામાં આવતી ધાર્મિક પરિક્ષાએ અગાઉના વર્ષો કરતાં જૈન જનતાના હૃદયમાં વધુ સ્થાન જમાવ્યું છે અને ઉમેદવારની સંખ્યાના દ્રષ્ટિબિન્દુએ તોલન કરીએ તો ઉત્તરોત્તર પ્રગતિ સાધી છે એમ કહી શકાય. આમ છતાં જૈન સમાજની વસ્તીના ધોરણે વિચારીએ અથવા તો જૈન ધર્મના વિશાલ જ્ઞાન પ્રતિ નજર કરી, પ્રગતિનું માપ હાથ ધરીએ, અગર તો દેશ કાળની જે અસર અંતર કોમો ઉપર થઈ છે અને તેથી જે જાતની વિકસ્વરતા એ કોમોમાં થવા માંડી છે તે તરફ દ્રષ્ટિપાત કરીએ તો સહજ જણાશે કે આપણે હજુ ઘણું કરવાનું છે. જે કાર્ય થયું છે તે 'પાશેરામાં પુણી' જેવું લેખાય. હજુ જે લાંબો પંથ કાપવાનો છે અને એ સારૂ જે પ્રબળ પુરુષાર્થ દાખવવાનો છે એ કેવલ પારિતોષક નિમિત્તે ગોઠવાયેલ મેળાવડા પ્રસંગની આછી-પાતળી ચર્ચાથી કે માત્ર એ ટાણે અમુક તમુક નિમિત્તોના સાધિયારા શોધવાથી અને સર્વાંજે હાથ ખંખેરી ઉભા થવામાં એની પૂર્ણાહૂતિ કરી નાખવાથી ઇપ્સિત હેતુ બર નહીં આવે. કોઈ પણ સંસ્થાનો ઇતિહાસ ઉકેળતા જણાશે કે એ પગભર થઈ, જન સમૂહના આકર્ષણનો વિષય બની તે પૂર્વે એણે નાની મોટી કેટલીયે ખાઇઓ ઓળંગવી પડી હોય છે. એની આર્થિક સદ્ધરતા કંઈ એક દિવસમાં નથી આણી શકાઇ? કે એની ઉદ્દેશ સંગીનતા એ થોડી પળોનો પરિપાક પણ નથી! એ માટે કેટલાયે આત્માઓએ કિંવા દ્રઢ નિશ્ચયી કોઈ એક વ્યક્તિએ સંખ્યાબંધ કલાકો ગાલ્યા હોય છે અને કેટલીયે રાત્રિના ઉજાગરા કર્યા હોય છે. આવા કાર્ય ખંતથી મંડ્યા સિવાય સફળ થઈ શકતાજ નથી. કેળવણી યાને શિક્ષણનો વિષયજ એવો છે કે એમાં સમયે સમયે નવિન પ્રશ્નો ઉભા થતાં રહે છે. વળી દેશ-કાળના બદલાતા વાતાવરણની છાયા એ પર પડે છે અને બદલાતી પેઢીઓ એમાં નવા નવા ફેરફારો માંગે છે.

કોન્ફરન્સનાં જે જીવંત કામો છે એમાં એજ્યુકેશન બોર્ડની સ્થાપના અગ્રપદ ધરાવે છે. વર્ષોથી કામ કરી રહેલી એ સંસ્થા સાચેજ જૈન સમાજમાં આશીર્વાદ રૂપ છે. ગમે તેવા મત મતાંતરો એની એ યશ કીર્તિને નહીં લોપી શકે. ભલે કોન્ફરન્સ લીલી-સુકીનો અનુભવ કરી રહી હોય કિંવા એની કાર્યવાહી પ્રત્યે સમાજમાં ભિન્ન ભિન્ન અભિપ્રાયો પ્રવર્તતા હોય અને એ કારણે એ મહાસભાને અસ્તોદયની ભીષણ ચક્કીમાં પીસાવું પડતું હોય, છતાં એ નિમિત્તની થોડીક પણ અસર આ બોર્ડને થાય છે એમ માનવું મારી દ્રષ્ટિયે વધુ પડતુ છે. આજે એવા ઘણા સેન્ટર છે કે જ્યાં કોન્ફરન્સ પ્રતિ વૈમનસ્ય ધરાવનાર ગ્રહસ્થો ધાર્મિક શિક્ષણમાં રસ લઇ, બોર્ડની પરિક્ષાનો પ્રસંગ ઉમંગથી સાચવે છે. જે કંઇ મુશ્કેલીઓ છે તે બીજા પ્રકારની છે અને એનું નિવારણ કરવા સારૂ કેટલાક ફેરફારો બોર્ડના બંધારણમાં તેમજ અભ્યાસક્રમમાં આવશ્યક છે. અત્રે એ પરત્વે ટુંકમાં ધ્યાન ખેંચવું વાસ્તવિક લાગે છે.

કયાં તો બોર્ડનું અસ્તિત્વ તદ્દન નિરાળા ધોરણે થવું જોઇએ અને એણે જૈન જનતામાં વધુ ઉંડુ સ્થાન જમાવવા સારૂ પોતાનો જુદોજ કાર્યક્રમ ગોઠવવો જોઇએ અથવા તો કોન્ફરન્સની સીધી દેખરેખ હેઠળ એને આવવું જોઇએ. હાલની એની દશા સંદિગ્ધ છે. જુદુ લવાજમ જુદા પ્રમુખ ને જુદી કાર્યવાહક સમિતિ એક રીતે એને નિરાળા મંડળનો ભાવ અર્પે છે ખરા, છતાં સુકૃત ભંડારના ફાળામાં મેળવવાનો અર્ધો હિસ્સો અને અધિવેશન ટાણે રિપોર્ટ રજુઆત કરવાની પદ્ધત્તિ કોન્ફરન્સ સાથે એનો સબંધ દાખવે છે. છતાં કોન્ફરન્સની કાર્યવાહક સમિતિનો અવાજ ત્યાં પહોંચી શકતો નથી. એ સમિતિના સભ્યોને બોર્ડની કાર્યવાહી કેવી રીતે ચાલે છે એની ખબર સરખી પણ પડતી નથી. એ માટે અભિપ્રાય ઉચ્ચારવાનો પણ એમને હક્ક નથી! સુકૃત ભંડાર ફાળો સમિતિ ઉઘરાવે અને એમાંનો અર્ધો હિસ્સો બોર્ડને અપાવો જોઇએ એવો નિયમ છે. આતો 'લાગો' ખરો પણ 'અવાજ' નહીં એના જેવું હાસ્યાસ્પદ જણાય છે. સૌ કરતાં પ્રથમ આ સ્થિતિ સુધારવાની જરૂર છે. કોંગ્રેસે ઉભા કરેલા એવા ઘણા મંડળો છે કે જેઓ આજે પોતાના પગ ઉપર ઉભા રહી કામ કર્યા જાય છે એમના પર કોંગ્રેસની પલટાતી કાર્યવાહીની કંઈ પણ માઠી અસર થતી નથી, તેમ કોંગ્રેસ તેમને માટે કંઇ ફાળો કે લાગો આપતી પણ નથી. ચર્ખા સંઘ, ગ્રામ ઉદ્યોગ ઉદ્ધારક મંડળ આદિને ઉદાહરણ તરિકે મૂકી શકાય. જો ફાળો બોર્ડને જરૂરી હોય તો, બોર્ડ માટે એકાદ સમિતિને તે વર્ષ ભરની મુદત પુરતી પર્યાપ્ત ગણાય. એની કાર્યવાહી પર વાર્ષિક રિપોર્ટ ટાણે છુટથી ચર્ચા થાય અને એના આધારે નવી કાર્યવાહક સમિતિ ચુંટાય એવું ધોરણ રખાવું જોઇએ. માત્ર લવાજમ ભરનાર પુરતું એ સંકુચિત મંડળ ન હોવું ઘટે.

કેટલાક એવા ઉત્સાહી બંધુઓ જોવામાં આવ્યા છે કે જેમણે ધાર્મિક શિક્ષણમાં સવિશેષ રસ હોય છે છતાં સર્વત્ર અગર ઘણી ખરી સંસ્થાઓમાં તેઓ લવાજમ ભરી સભ્ય નથી થઈ શકતા. એથી ઉલટું કેટલાકોને લવાજમ આપી સભ્યપદ ભોગવવું ગમે છે જ્યારે ધાર્મિક વિષયમાં ભાગ્યેજ કંઇ રસવૃત્તિ તેમને હોય છે. આમ થવાથી થોડા દ્રવ્યની આવક થાય છે પણ આ વિષયના અભ્યાસીના અનુભવીઓની સલાહનો લાભ મળતો નથી. એથી જે અસર થવા પામી છે તેની વાત હવે પછી. (અપૂર્ણ)

—ચોકસી.

શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ પાલીતાણા.

સંવત્ ૧૯૯૫ ની સાલનો બાવીસમો વાર્ષિક રિપોર્ટ હાલમાં પ્રકટ કરવામાં આવેલ છે તે જોતાં આવક કમી હોવાથી નવીન પ્રગતિ કરી શકાતી નથી તે માટે સમાજે મદદ કરવી ઘટે.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનો પારિતોષિકોત્સવ.

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ દ્વારા ગત્ વર્ષે લેવાયેલી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને શ્રી. સૌ. હીમકુમાઇ મેઘજી સોજપાળ સ્ત્રીવર્ગ ધાર્મિક પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થયેલા મુંબઇના વિદ્યાર્થીઓને ઇનામો તથા પ્રમાણપત્રો આપવા યોજાયેલ સમારંભ પ્રસંગે લેવાયેલ ફોટો.

પ્રાકૃત આદિ ઉચ્ચ ધોરણોમાં ઇનામ મેળવનાર વિદ્યાર્થીઓ ઉપરાંત મધ્યમાં દયાવારિધિ શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી. (મેળાવડાના પ્રમુખ), જમણીબાજુથી શ્રી. મોહનલાલ ખી. ઝવેરી, શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ–સોલિસિટર (બોર્ડના પ્રમુખ), ડાબીબાજુથી શ્રી. મગનલાલ એમ. શાહ, શ્રી. સાકરચંદ મોતીલાલ મૂલજી આદિ કમિટીના સભ્યો અને આગેવાનો નજરે પડે છે.

(અનુસંધાન પૃ. ૮ ઉપરથી)

બરા સ્થળે અલ્પ સંખ્યાને બાદ કરીએ તો સાવ શૂન્ય! અને આવું કરૂણ ચિત્ર જેમ ઉંચી કક્ષામાં જાય તેમ જોવાનું સહજ મળે એટલે બાળાશ્રમમાં જે વિદ્યાર્થી પૂજા-પ્રતિક્રમણ કે સામાયિક જેવી ક્રિયામાં રસ લેતો જણાય તે જ્યારે વિદ્યાલયમાં આવે ત્યારે વધુ રસ લઇ, બરાબર સમજીને કરનાર બનવાને બદલે એનાથી સાવ હાથ ધોઇ નાંખનાર બને! ઉકત સંસ્થાઓમાં ફરજીયાત-ચીજોની યાદીમાં જો ઉપરની ચીજો ન હોત તો આટલી જે જોવાની મળે છે તેનો પણ છેદ ઉડી ગયો હોત! આજે મરજીયાત ને ફરજીયાતના નામે ઓછા વંટોળો નથી જાગ્યા! એ પાછળ કેવા બળો કામ કરે છે તેની ચર્ચા અહીં અસ્થાને છે.

આપણે તો આ બધા ઉપરથી એકજ વાત વિચારવાની રહે છે કે કેળવણીના પ્રશ્નનો જે ઉકેલ કરવાની આપણી ધારણા છે અને ઇતર સમાજોની હરિફાઇમાં ઉભી આપણે કદાચ આગળ જવાની સ્પર્ધા ન કરીએ પણ પાછા ન પડવાની જો આપણી મનીષા હોય તો આ જાતની સ્થિતિ કયા કારણોથી જન્મે છે તે વિચારવાની અને એ કારણોમાં જ્યાં જેટલા પ્રમાણમાં સુધારો કે વહાડકાપ કરવાની અગત્ય જણાય ત્યાં તેમ કરી, ધાર્મિક શિક્ષણનું કાર્ય સુલભતાથી ચીલે ચઢે તેવો પ્રબંધ કરવાની બાસ ફરજ છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સમાન્ય સમિતિની સભા તા૦ ૨૫-૮-૧૯૪૦ નારોજ બોલાવવાનું ઠરાવવામાં આવ્યું છે.

શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા.

ક્વીન્સ રોડ મુંબઇમાં બંધાનાર મકાન માટેના ફંડમાં શેઠ માણેકલાલ ચુનીલાલ શાહે રૂા૦ ૨૫૦૦૦), શેઠ કાંતીલાલ ઇશ્વરલાલે રૂા૦ ૧૦૦૦૧) અને શેઠ હીરાલાલ અમૃતલાલે રૂા૦ ૧૦૦૦૧) આપ્યા છે. કમીટીએ તે અત્યંત આભાર સહિત સ્વીકાર્યા છે.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ બાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

≠ નોંધ અને ચર્ચા. ≠

ધાર્મિક દ્રવ્ય સંરક્ષણ.

સમયની વિલક્ષણતાએ જેમ ધન પ્રાપ્તિ વિકટ કરી મૂકી છે તેમ એની સાચવણ પણ અતિ મુશ્કેલી ભરી થઇ પડી છે; અને તેમાં પણ જે દ્રવ્ય ધાર્મિક ખાતાઓમાં અથવા તો જીવદયા કે પાંજરાપોળ અગર તો કેળવણીની સંસ્થાઓને લગતું હોય છે તેને કેમ સુરક્ષિત રાખવું એ મુંઝવણ ભર્યો પ્રશ્ન થઇ પડયો છે! એ સાથે સારૂં વ્યાજ વધારવાની વણિકકુળ સુલભ વૃત્તિ જોડાયેલી હોવાથી આપાત રમણિય સહ્યરતા એટલે કે દેખાતી સહ્યરતામાં મુગ્ધ બની ધીરધાર થાય છે અને સર્વાળે 'હવેલી લેતાં ગુજરાત' ખોવા જેવું બને છે અર્થાત્ મૂળ રકમ જ ગુમાવવાનો પ્રસંગ આવે છે! આવા સંખ્યાબંધ અનુભવો છતાં જ્યારે કોઈ આસામી કાચી પડે છે અને સંખ્યાબંધ સંસ્થાઓને કપાળે હાથ મૂકી રોવાનો પ્રસંગ સાંપડે છે ત્યારે પુનઃ આ જાતનો પ્રશ્ન તાજો થાય છે. બાકી ધીરતી વેળા કે એકજ વ્યક્તિના બાહ્ય આડંબરને જોઇને આંખો મીચી મોટી રકમ એકજ સ્થાને એકડી કરતા નથી તો વ્યક્તિને વિચાર આવતો કે નથી તો સમિતિને ક્ષોભ થતો! ખુદ બંધારણીય રીતે કામ કરવાનો દાવો કરતી સંસ્થાઓ પણ આ જાતનુંજ વર્તન આચરે છે! એ પાછળ સૌ કરતાં વધુ મોહ હોય છે સારા વ્યાજનો! એ સાથે એકજ વ્યક્તિ પ્રતિષ્ઠાના જોરે કહો કે, શ્રીમંતાઈના ઠઠારાથી કહો, ગમે તે રીતે સંખ્યાબંધ સંસ્થાઓના ઓઠા ધરાવે છે અને એ રીતે સારો ભંડોળ જમાવવાની સહજ સુલભતા પ્રાપ્ત કરે છે! આજના સટ્ટામય યુગમાં અસમાની સુલતાની થતાં વિલંબ નથી લાગતો અને પરિણામ એ આવે છે કે વર્ષોની મહેનત, અને સારી રીતે ઉઠાવેલ જહેમત પર જોત જોતામાં પાણી ફરી વળે છે! ધાર્મિકતાની ઉંડી વાતો કરનાર કિંવા ધર્માત્માનો ડોળ ધરનાર ગ્રહસ્થને આ જાતની પરમાર્થિક રકમો-'ચાંઉ' કરી જતાં જરા માત્ર અરેરાટી પણ નથી ઉદ્ભવતી! જે જાતના ધન ભક્ષણ પાછળ આ ભવની અપકીર્તી અને મહા પાપ ઉઘાડા દેખાય છે અને પરભવની ભયંકર વિટંબણાઓ કથા સાહિત્ય દર્શાવે છે તે પણ સ્મૃતિ-પટમાંથી ભુંસાઇ જાય છે! તેથી એમ પુરવાર થાય છે કે મનુષ્ય સ્વાર્થવશ બને છે ત્યારે સારા ખોટાનું ભાન ભૂલી જાય છે. એ વેળા પાપ-પુણ્યના વિચાર એને આવતાંજ નથી. આ નિયમ પ્રત્યેક સ્વાર્થ રકત આત્માને લાગુ પડે છે. એમાં ટ્રસ્ટિયુસ્ત કે સુધારકના ભેદ પડતાંજ નથી. આવા બનાવો બનતા જોઇ સુધારક વર્ગ ભલે એમ કહે તો આવે કે-'અમો દ્રવ્ય સંગ્રહ કરવાનું પ્રથમથીજ ના કહેતા આવ્યા છીએ. દેવદ્રવ્યના ઢગલા થાય એની વીરૂદ્ધ છીએ. સમાજે એની વ્યાખ્યા ફેરવી અન્ય કાર્યોમાં એ ખરચી દેવું જોઇએ.' દેવદ્રવ્ય ખવાઇ જાય છે માટે એને ઉઘાડા છોગે ખવાય તેવી વ્યાખ્યા કરવી એ કંઈ સાચો ઉપાય નથી. નાની મોટી દરેક સંસ્થા પોતાના ટકાવ માટે આછા પાતળા કે વધારે સંગીન ભંડોળની આશા સેવે છે. પાસે હોય છે એટલું બધું કંઇ તે ઉડાવી દેતી નથી. દરેકને ભવિષ્યનો વિચાર પણ હોય છેજ. વળી જ્યાંથી ઉપર મુજબ સુરીયાણી સલાહ પ્રાપ્ત થાય છે ત્યાં પણ હિસાબોની એવી અંધાધુંધી હોય છેજ. થોડી ઘણી પોલ તો ચાલે એવી આપણી વહીવટી પદ્ધતિ છે. મોટા ભાગનું કામ જ્યાં ઓનરરી યાને સેવા ભાવે જોઇએ ત્યાં સંપૂર્ણ બારીકાઇથી નિરીક્ષણ કરવાની ફુરસદ કોને હોય! એટલું બસ કે કેટલાક પ્રસંગોમાં થયેલી ભૂલોને એવી સીફતથી દબાવી દેવામાં આવી હોય કે પ્રથમ દર્શને એ જણાય જ નહીં. હિસાબ અને રિપોર્ટ પણ એવા સુંદર લેવાસમાં પ્રકટ કર્યા હોય અને પ્રદર્શીધર ઓડીટરની એ હેઠળ સાખ મૂકી હોય કે મોટા ભાગને એમાં શંકા કરવાનું કારણ જ ન રહે. આમ છતાં જ્યારે કોઇ વ્યક્તિ સૂક્ષ્મપણે નિરીક્ષણ કરે છે કિંવા સમિતિનો કોઈ સભ્ય ભીતરના ભેદ પર પ્રકાશ પાડે છે ત્યારે ઉપર વર્ણવ્યો ચળકાટ ઝાંખો પડતાં કંઇજ વિલંબ નથી થતો.

પરિસ્થિતિ જ્યાં આવા પ્રકારની છે અને દ્રવ્ય સંગ્રહ એક યા બીજી રીતે થવાનો કે કરવાની જરૂર રહેવાની ત્યાં અવશ્ય એનું બરાબર રક્ષણ થાય તેવું તંત્ર ઉભું કરવાની જરૂર છેજ. થોડા દિવસની 'હા' 'હો' કરી એ વાતને ભૂલી જવાથી કંઇ હેતું સરવાનો નથી. પ્રત્યેક વિચારક આ સબંધમાં ઉંડો રસ લઇ કોઇ વહેવારૂ માર્ગ ચીંધે એવી આગ્રહ ભરી અપીલ છે. એ સંબંધમાં જૈન બેંકની યોજનાની વાત ઉભી છે જે માટેનો વિચાર આગળ પર કરીશું.

ન ગણીઆતું સાહિત્ય!

ઘણાજ અફસોસની વાત છે કે આજે વર્ષો થયાં આપણા કથા સાહિત્યના પ્રસંગો પર અને એમાં આવતાં પવિત્ર સંતોના જીવનો પર જૈનેતર લેખકો દ્વારા મનગમતા કટાક્ષો કરવામાં આવે છે કિંવા 'મોં માથા વિનાના' કે 'કલ્પના જાળથી ગુંથેલા' વિલક્ષણ ને વિચિત્ર વેશ સજાવાય છે છતાં એ સંબંધમાં આપણી નિદ્રા ઉડતી નથી! શ્રી દ. પાં. ખાંબેટે નામના એકે લેખે મરાઠી પત્રિકા-'કિર્લોસ્કર સામાયિક' માં યૂકા વિહારના બનાવને ઉદ્દેશી 'ઉંચે દેવળ' શીર્ષક હેઠળ મહારાજા કુમારપાળ અને કળિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિને મનગમતી રીતે ચીતર્યા છે અને 'અહિંસા' સંબંધે કોઇ વિચિત્ર ભાવ સૂચક જ્યાનો તેમના મુખે કરાવ્યા છે! એ બનાવને ઐતિહાસિકતાની છાપ મારી બોંબે ગેઝેટીયરનો હવાલો આપ્યો છે! લેખકે શ્રી હેમચંદ્રસૂરિને 'જુ મારવા બદલ ધનપાળને દેહાન્ત દંડની સજા થવી જોઇએ' એવું કહેતા ચીતરીને ધૃષ્ટતાની હદ ઓળંગી છે!!

દેશ-કાળની રસમ જ્યાં આજે જુદી છે અને વ્યક્તિને વાણી સ્વાતંત્ર્યના નામે આજે સ્વછંદતા જોર શોરથી ઉભરાઈ રહી છે ત્યાં આવા લેખકોનો દોષ જોવા કરતાં આપણા સમાજની નબળિઆતી દશા પર આંસુ સારવા વધુ વાસ્તવિક છે. જૈન શાસન જેવું અનુપમ અને મહાન્ ધાર્મિક તંત્ર પ્રાપ્ત થયા છતાં એને જે પદ્ધતિસર ચલાવવું જોઇએ તે સારૂ આપણે કંઇ પ્રબંધ કર્યો છે ખરો? જ્યાં આપણામાંજ કુટનો પાર નથી, ઇતર સમાજ સામે સંગઠિત બળથી ઉભવાની તાકાત નથી, ત્યાં એ સામે કદાચ વિરોધનો સૂર કહાડીયે તો એની શી અસર થવાની! જૈન સમાજની વર્તમાન દશા નિરખી ગમે તેવા કુટકળીયા લેખકને પણ એની મજાક કરવાનું મન થઇ જાય છે!

જૈન કોમની બેકારી, બિનરોજગારી અને પરાવલંબનતા.

આંખમાં અશ્રુ આવે તેવી હૃદય-દ્રાવક સ્થિતિ.

શેઠ માણેકલાલ ચુનીલાલ જેવા નરરત્ન સો વર્ષનાં આંતરે જૈન સમાજના ખોળે જન્મે છે.

રાવસાહેબ કાંતીલાલ ઇશ્વરલાલની જૈન સમાજને એક હર્દભરી અપીલ.

[શ્રી મહુવા ય. બાલાશ્રમના તા ૧૫-૮-૪૦ ના રોજ ઉદ્‌ઘાટન સમારંભ પ્રસંગે અપાયેલ ભાષણ.]

શ્રીયુત્ કશળચંદભાઈ તથા અન્ય ગૃહસ્થો,

શ્રી મહુવા સંઘના દર્શનનો જે લાભ આજે હમોને પ્રાપ્ત થયો છે તે માટે અમો હમોને ભાગ્યશાળી ગણીએ છીએ. શ્રી શત્રુંજય ઉદ્ધારક **જગડુશાથી** માંડીને દાનવીર શેઠ **કશળચંદ** જેવાને જન્મ આપનાર, આ શહેરમાં, પગ મુકતાં કોઈ તીર્થ-ભૂમિનો સ્પર્શ કરતાં હોઇએ તેવું શુભ વાતાવરણ નજરે પડે છે. આ કળીકાળમાં જૈન ધર્મને ટકાવી રાખનાર આપણા સાધુ મુનિમહારાજાઓમાંથી મુખ્ય આચાર્યો, હજારો માઇલ દૂર પરદેશમાં જૈન ધર્મનો ડંકો વગાડનાર શ્રી **વીરચંદ રાઘવજી** વિગેરેને જન્મ આપનાર આ શહેર માટે ફક્ત કાઠિયાવાડ જ નહિ પણ આખા દેશની જૈન કોમ મગરૂરી લઇ શકે.

શ્રી મહુવા યશોવૃદ્ધિ બાળાશ્રમની ઉત્પત્તિનું મુખ્ય કારણ શાસ્ત્ર વિશારદ આચાર્ય શ્રી **વિજયધર્મસૂરિશ્વરજી**નું નામ જ્યારે મારી નજરે પડયું ત્યારે મારા આનંદનો પાર રહ્યો નહિ.

આપણા આચાર્યો અને મુનિવર્ગ શ્રાવકવર્ગની મહત્તા અને ખરી સ્થીતિ આ પ્રમાણે જ્યારે સમજતા થશે ત્યારે જૈન સમાજ કદાચ આખા દેશમાં પ્રથમ પંક્તિમાં મૂકાયેલો હશે. લગભગ ૨૫ વર્ષ પહેલાં જે મહાત્માને જૈન બાળકોની કેળવણીનો પ્રશ્ન વિચારમાં આવ્યો હશે, ત્યારે કેટલું દુરંદેશીપણું તેમનામાં હશે તેનો સહજ ખ્યાલ આવે તેમ છે. જૈન કોમની સાચી દયા ખાનાર આવા મહાત્માઓની આજે ખૂબ જરૂર છે. એમનો આત્મા આજે જ્યાં હો ત્યાં આપણાં તેને વંદન હોજો.

આજે જે શુભકાર્ય કરવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું છે તેનું કારણ શેઠ **કશળચંદભાઇ**નો મારા પ્રત્યેનો એકપક્ષી પ્રેમ છે. લગભગ બે એક વર્ષ પહેલાં શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભાના ફંડ માટે તેમને ત્યાં હું ગયેલો અને ફકત એકજ મીનીટમાં રૂા. ૫૦૦૦)ની રકમ સભા માટે એમણે ભેટ આપેલી. આ રકમ કરતાં દાન આપવાની તેમની શુભ ભાવના અને ધગશ જ્યારે હું યાદ કરૂં છું ત્યારે તેમના પ્રત્યે મારૂં માન વધતું જ જાય છે.

શ્રી **કશળચંદભાઇ**ની અનેક સખાવતોમાં આ બાળાશ્રમને ભાગે મોટો હિસ્સો આવે છે. બાળાશ્રમ માટે ફકત નાણાંનો જ નહિ પણ તેમનો શારીરિક ભોગ પણ મહાન્ છે. બાળાશ્રમ પાસે ચોક્કસ ફંડ થાય નહિ ત્યાંસુધી મહત્વના ખાદ્ય પદાર્થનો ત્યાગ કરવામાં આ સંસ્થા પ્રત્યેની તેમની મમતા આપણે સમજી શકીએ છીએ.

શેઠ **કશળચંદ** મહાન્ કેળવણીકાર ન હોવા છતાં વેપારી છે. વેપારી હમેશાં લાભાલાભ જ જુએ. જૈન સમાજનો લાભા-લાભ શેઠ કશળચંદે આવા બાળાશ્રમોને ઉત્તેજવામાં જોયો જૈન કોમની વર્તમાન દશાનો વિચાર આ પ્રસંગે કરવો મને જરૂરી લાગે છે. આપણા હાથમાંથી ધંધાઓ ઓસરતાં જાય છે. આપણા પૂર્વકાળના મુત્સદીઓ ગયા છે, આપણી દિવાન-ગીરીઓ અને વસુલાતીઓ લગભગ નાશ પામી છે, આપણી ગામડાંઓની શાહુકારી પાયમાલ થઇ ગઇ છે, આપણી ગામડાંની હાટડીઓને તાળાં દેવાયાં છે, આપણો મોતીનો વેપાર તદ્દન ગયો છે. આપણો રૂનો વેપાર દશ ટકા હાથમાં રહ્યો નથી. આપણી શરાફી ઇતિહાસનો વિષય બની ગઈ છે, આપણા ગામડાંઓની વસ્તી ઘટતી ચાલી છે, આપણા મંદિરોમાં પૂજા કરનારની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જાય છે, આપણા ઘી, દુધ તણાઇ ગયાં છે, આપણી વ્યાધિઓ સામે લડવાની શકિત તારાજ થઇ ગઇ છે. આપણો સ્થૂળ, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક હ્રાસ થતો જાય છે. આપણને અત્યારે તિથીઓના ઝગડા ન પાલવે, આપણને શાસન રસિક અને શાસન વિરોધીના પક્ષો ન પાલવે, આપણને વાડા કે પક્ષબંધો ન બોજો, આપણને નાતના તડોમાં વહેંચાઇ જવું ન ઘટે, આપણને પરસ્પર ઇર્ષા કે દ્વેશમાં પડી જઇ સમાજ શરીરનો ઘાત કરવો ન પાલવે. અત્યારે તો આપણું એક જ દ્રષ્ટિબિંદુ હોય. આપણા ભાઇઓ આપણી પૂર્વકાળની જાહેજલાલી કેમ પ્રાપ્ત કરે એનો જ વિચાર આપણને શોભે.

એ સામે સાચેજ પ્રતિકાર કરવાની દ્રઢ ધર્મ ભક્તિ હોય તો એક કાયમી સમિતિ સ્થાપવાની અને એને નભાવવાની ગોઠવણ સૌ પ્રથમ જરૂરની છે. એની પાસે કિંમતી ગ્રંથ સંગ્રહ અને રેફરન્સના પુસ્તકો હોવા જોઇએ ને એનું સંચાલન નિષ્ણાત અભ્યાસીને હાથે થવું જોઇએ. એની પાછળ સારાયે સમાજનું પીઠબળ હોય તોજ એ દ્વારા થતાં પ્રતિકારની યથાર્થ છાપ પડે. જ્યાં આ પ્રકારનું વ્યવસ્થિત તંત્ર ચાલું હોય ત્યાં લેખકોને મનગમતા આલેખન કરતાં વિચાર થઇ પડે. કદાચ કરી દીધા હોય એ સામે સપ્રમાણ જવાબ પ્રાપ્ત થાય એટલે કયાં તો-ક્ષમા માંગવી પડે કિંવા પશ્ચાતાપ જાહેર કરવો પડે. ખુદ જે માસિકે આવા લેખો લીધા હોય એમાંજ ખુલાસો પ્રગટ કરવામાં આજે જેમ આનાકાની થાય છે. જગ્યાનો અભાવ બતાવાય છે તેમ થવા ન પામે. આ પણ એક જાતની શાસન પ્રભાવના છે. પણ એ માટે સાચી ધગશથી કામ ઉપાડવામાં આવે તોજ બને. દેશ-કાળની સ્થિતિ આવું તંત્ર સર્જવાની હાકલ કરી રહ્યું છે. તે વિના સાહિત્યના કિંમતી પ્રસંગોનો કે પ્રભાવિક પુરૂષોનો પવિત્ર જીવનોનો સાચો ખ્યાલ જૈનેતર જગતમાં નહીં પ્રસારી શકાય. અગત્ય છે કુંભકર્ણી નિદ્રા ત્યજી જાગ્રત બની એક સંપથી કાર્યના મંડાણ કરવાની.

આપ વિચારો. જૈન કોમમાં કોઇ નિરાશ્રિત હોય? જેને વિતરાગ ભગવાનની છાયા હોય તે નિરાશ્રિત કેમ હોય? જેની રગે રગમા જ્ઞાન, દર્શન, ચારિત્ર રમતાં હોય, જે આવશ્યક ક્રિયામાં આનંદ માનતો હોય, જેના ઘરમાં સામાયીક અને નવકારની ધુન લાગતી હોય, જે અહિંસાના સૂત્રના પાલનમાં ઝીણવટથી વતર્તા હોય, જેના ઘરમાં બબ્બે વખતે પાણી ગળાતાં હોય, ત્યાં નિરાશ્રિતો હોય? ભગવાનને આશ્રયે જન્મનાર અને ઉછરનારને માથે ચિંતા હોય? અને છતાં આપણે બાલાશ્રમો અને ગુરૂકુળો સંભાળવાં પડે છે એ આપણી દિલગીરીનો વિષય છે. ગામડાં કે શહેરોની બેકારી, બિનરોજગારી અને પરાવલંબનતાનો વિચાર કરતાં આંખમાં આંસુ આવે એવી દર્દભરી કથાઓ છે. તમે તે જાણો છો, અનુભવો છો.

અત્યારે તો આપણું ધ્યેય એકજ હોય; અભણને ભણાવો; નિરૂદ્યમીને ધંધે લગાડો, લોકો ભણશે અને રોજગારે ચઢી જશે તો નકામી ખટપટો, કુથલીઓ અને પરસ્પરની મારામારી ચાલી જશે. આપણી આસપાસ બને છે તે ઉઘાડી આંખે જોવા જેવું છે. વિતરાગના સેવકોની આ દશા ન હોય, અને અર્થ વગરના કજીઆમાં, પરિણામ વગરની ચર્ચામાં અને જરા આગળ પડનારને પાછા પાડવાના પ્રયત્નમાં આપણે ઘણું ગુમાવ્યું છે. હવે દિશા બદલીએ, ઠામ ઠામ, ગામેગામ આપણે કેળવણીની પરબો માંડી દઇએ અને ત્યાં ગમે તે આવે ને જ્ઞાન પિપાસા તૃપ્ત કરે એની યોજના કરીએ. ગમે તે રીતે લોકોને ભણાવો. એમને ધંધે ચઢાવો. એમનો સમય કે જીવન નકામાં જતાં અટકાવો અને આવા જ્ઞાન પરબો માટે તન, મન, ધન ખર્ચો નાખો. આપણાં સ્વામીભાઈનાં બચ્ચાં તે આપણાં જ બચ્ચાં છે. એ બાબતમાં ખૂબ વિશાળતા રાખી બનતી દિક્ષા ઉઘાડી કરો અને તે રીતે આપણી પૂર્વકાળની જાહોજલાલીને જીવતી જાગતી કરો.

અને એ કાર્ય ચાલતું હોય ત્યારે બીજી બાબતોને પડતી મૂકી દો. એક દિવસ આઘી પાછી સંવત્સરી થાય કે તેરસ બે થઇ જાય કે પૂનમ વધી પડે એવા આળપંપાળમાં પડવા જેવું નથી. કદાચ બે ચાર નાના બાળકો દિક્ષા લઇ લેશે તો તેથી જૈન કોમ રંડાઈ જવાની નથી. એવા અર્થ વગરના ઝગડામાં આપણે ઘણું ગુમાવ્યું. સાચી કેળવણી મળશે તો એવા સર્વ ઝગડાનો નિકાલ થઇ જશે અથવા એમાં સત્વ નહિ રહે. આપણે હાલ તો કેળવણી અને બેકારી નિવારણ માટે જ લાગી જવા જેવું છે. આ મારા ખૂબ ચિંતનના પરિણામે થયેલો નિર્ણય છે અને એજ કારણે આપના આ મહાન પ્રયોગમાં ભાગ લેવા હું દૂરથી આવ્યો છું.

બાળાશ્રમમાં મારા બંને મનોરથો સફળ થાય છે. એ કેળવણીના પ્રશ્નનો નિકાલ લાવે છે અને ભવિષ્યની બેકારી અટકાવે છે. ગામેગામ આવી સંસ્થા થાય તો થોડાં વર્ષોમાં આપણે બરાબર તૈયાર થઈ જઇએ. આવી જીવતી સંસ્થાને અપનાવવા માટે કાર્યવાહકોને અભિનંદન આપું છું. હું આ પ્રસંગે એક નરરત્નનું નામ યાદ કર્યા વિના રહી શકતો નથી. દાનવીર શેઠ **માણેકલાલ ચુનીલાલ.** આમને કયો જૈન ન ઓળખતો હોય? સો વર્ષના અંતરે પાકે એવો આ પુરૂષ આજે જૈન સમાજને ખોળે જન્મ્યો છે. જૈન કોમમાં પરહિત કે સામાજીક હિતની નજરે આવા હૃદયપ્રેમથી સાથ આપનાર બેઠા છે ત્યાં સુધી જૈન કોમનું ભવિષ્ય ઉજળું છે એમ લાગ્યા વગર રહે તેમ નથી. આપણી સામાજીક અવનતીનું જે ચિત્ર મેં શરૂઆતમાં દોર્યું છે તેની સામે આ ચિત્ર કલ્પું છું, ત્યારે રણમાં મીઠી વિરડીના વિચારથી જરા શાંતિ થાય છે.

છેવટે આ સંસ્થાના બાળ વિદ્યાર્થીઓને બે બોલ કહેવાની લાલચ હું દૂર કરી શકતો નથી. તમારે બાળકોએ ધ્યાનમાં રાખવાનું કે આ સર્વ સમારંભ તમારે માટે છે. તમો સમાજના સુકાની થશો; તમો ભવિષ્યના વારસદાર અને આગેવાનો થનાર છો; તમે આગળ જતાં સમાજને દોરવણી આપશો. આ બધી જવાબદારીઓ માટે તૈયાર થવાનો આ વખત છે. એમાં જરાપણ આળસ કરશો નહિ. અહીં રહેવામાં જરાપણ સંકોચ પામશો નહિ. આવી અનેક સંસ્થાઓ ચલાવવાનો મનોરથ રાખશો. પણ ખરી વાત તો જ્ઞાન પ્રાપ્તિની અને તેથી વધારે અગત્યની વાત ચારિત્ર્ય બંધારણની છે. તમે જે જાતની ટેવો અહીં બાંધશો તે તમારા આખા જીવનને અસર કરશે. મિત્રો સાથે સહકાર સંસ્થાના કાર્યમાં પૂરવણી, જીવન વિહારમાં સંયમ, સત્ય નિષ્ઠા અને સદ્વર્તન વિગેરે ગુણોને ખીલવશો. જે મહાન્ ધર્મના અનુયાયી થવાનું તમને પ્રાપ્ત થયું છે તેના સંયમ અને અહિંસાને ખીલવશો. સંયમ કે ત્યાગમાં ઓર મઝા છે. સંસ્થાના શિસ્તને પાળવામાં મોટો આત્મવૈભવ છે અને ભવિષ્યના સારા નાગરીક થવાની પગથી છે. માર્ગાનુસારીના જરૂરી ગુણ વિચારશો તો પણ તમને મોજ પડશે. એના વ્યવહારમાં સ્વાધિનતા વધે છે, આત્મસંતોષ થાય છે અને મુક્તિ માર્ગને રસ્તે ચઢી જવાય છે. આ વયે જેટલું સદ્વર્તન રાખશો તેટલું આગળ જતાં ખૂબ લાભ આપશે. આ સંસ્થામાં ગાળેલા દિવસોને પ્રેમથી યાદ કરજો. નિર્દોષ બાળવયની આનંદોર્મિઓ આખા જીવન પંથને ઉજાળશે અને તમને તમારા પગ ઉપર ઉભા રહેતાં શીખવશે. આવો સમય જીવનમાં ફરી આવવાનો નથી એ ધ્યાનમાં રાખી એને અપનાવજો એનો લાભ લેજો અને એની પ્રાપ્તિ માટે મનમાં પરમાત્માની પ્રાર્થના કરજો

જૈન વિદ્યાશાળા-મુંબઇની સામાન્ય સભા.

ઉપરોક્ત સંસ્થાની સામાન્ય સભા શ્રાવણ શુદ ૧૩ (તા૦ ૧૫-૮-૪૦) ને રોજ શ્રી શાન્તિનાથજીના ઉપાશ્રયમાં મળી હતી; ગત્ વર્ષનો રીપોર્ટ તથા હીસાબ મંજુર કરવામાં આવ્યા બાદ નવા વર્ષના મંત્રીઓ તરીકે શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન અને શ્રી. તલકચંદ કાનજી કપાસી અને ખજાનચી તરીકે શેઠ ચંદુલાલ સારાભાઈ મોદી તથા બીજા ૫ સભ્યોની કાર્યવાહી સમિતિની ચુંટણી કરવામાં આવી હતી.

બાદ મેળાવડા અંગેનો કાર્યક્રમ નક્કી કરી મીટીંગ બરખાસ્ત થઇ હતી.

મુંબઇ જૈન યુવક સંઘનું પુસ્તકાલય.

(૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ.)

ઉપરોક્ત સંસ્થા હસ્તકના સાર્વજનિક પુસ્તકાલયની ઉદ્ઘાટન ક્રિયા શ્રાવણ શુદિ ૧૫ ને શનીવારે શ્રી. બાળાસાહેબ ખેરને હાથે કરવામાં આવી હતી. ઉપરના પ્રસંગને અંગે તે માટેની જાહેર સભા બુલીયન એક્ષચેંજ હોલમાં મળી હતી.

ગ્વાલીઅરની જૈન ગુફાઓ

લેખક:—
શ્રી. નાથાલાલ છગનલાલ શાહ.

(લેખાંક ૨ જો)

શ્રી આમરાજા અપર નામ નાગાવલોક.

જૈનોના સાહિત્ય ગ્રંથોમાં શ્રી આમરાજા માટે અનેક જગ્યાએ ઉલ્લેખો કરેલ ઉપલબ્ધ થાય છે. કાન્યકુબ્જ (કનોજ) ના રાજા આમ=નાગભટ્ટ અપર નામ નાગાવલોક જે પ્રતિહાર યાને પરિહાર વંશનો હતો. આ રાજાએ અનેક દેશો જીત્યા હતા એમ ગ્વાલીઅરની પ્રશસ્તિમાં ઉલ્લેખ કરેલ મળી આવે છે. (Archiological Survey of India Report 1904 P. 280) આ રાજાએ કનોજમાં સોલ હાથ ઉંચું જિનાલય બંધાવી અઢાર ભાર સુવર્ણ વજનની તીર્થંકર મહાવીરની પ્રતિમા બનાવી તેમના પૂજ્ય ગુરૂ શ્રી બપ્પભટ્ટીસૂરિ પાસે પ્રતિષ્ઠિત કરાવેલ તેમ ગોપગિરિ–ગ્વાલીઅરના દુર્ગ પર ત્રેવીશ હાથની ઉંચાઇવાળી તીર્થંકર મહાવીરની પ્રતિમા સ્થાપિત કરાવેલ હતી. શ્રી બપ્પભટ્ટીસૂરિએ ગૌડદેશ–બેંગાળની રાજધાની લક્ષણાવતીમાં આવી ત્યાંના રાજા ધર્મપાળને ધર્મોપદેશ આપી આ રાજા ધર્મપાળ અને શ્રી આમરાજા વચ્ચેનું વૈમનસ્ય કાયમ માટે બંધ કરાવી બંન્ને વચ્ચે મૈત્રિ કરાવેલ હતી આ સમય પર બૌધ ભીક્ષુ વાદી વર્ધન કુંજર નામના શ્રમણને શાસ્ત્રાર્થમાં જીતવાથી બેંગાળના રાજા ધર્મપાળે શ્રી બપ્પભટ્ટીસૂરિને "વાદી કુંજર કેસરી" એ નામનું બીરૂદ અર્પણ કર્યું. તેમના શિષ્ય નન્નસૂરિ અને ગોવિંદસૂરિના ઉપદેશથી આમરાજાના પૌત્ર રાજા ભોજે જૈન ધર્મની અધીક રીતે સેવા કરેલ. આ ભોજ તે ભોજદેવ અપર નામ મિહિર યાને આદિ વરાહ તે સંવત ૯૦૦ થી ૯૩૮ સુધી રાજ્ય ગાદીએ હતો.[૧]

નવમી શતાબ્દિમાં ગ્વાલીઅરનો કીલ્લો કનોજના રાજા ભોજના આધીન હતો. જેના સંબંધમાં એક શિલાલેખ ઇ. સ. ૮૭૬ નો ચતુર્ભૂજ નામના મંદિરમાંથી મળવા પામેલ છે. ઇ. સ. દશમી શતાબ્દિથી માંડી ઇ સ. ૧૧૨૮ સુધી કચવાહા વંશના રાજપુતોનું અહીં રાજ્ય શાસન ચાલતું. વીક્રમની બારમી શતાબ્દિમાં થઇ ગયેલ જૈનાચાર્ય શ્રી મલ્લધારી અભયદેવસૂરિએ ગોપગિરિ–ગ્વાલીઅરના શિખર પર આવેલ તીર્થંકર મહાવીરના મંદિરના દ્વારનો ત્યાંના અધીકારીઓએ જે વીરોધ કર્યો હતો તે આ જૈનાચાર્યે અહીંના રાજા ભુવનપાલને ઉપદેશ આપી દુર કરાવેલ હતો. તેમનો રાજ્યકાળ ઇ. સ. ૧૧૫૨ માં મુકવામાં આવે છે.*

વીક્રમ સંવત ૧૫૧૦ માં રાજાધીરાજ શ્રી ડુંગરસિંહના રાજ્યકાળમાં ઉકેશ વંશના ભંડારી દેવરાજે પોતાના કુટુંબ સહીત તીર્થંકર સંભવનાથની મૂર્તિની પ્રતિષ્ટા ખરતરગચ્છના જૈનાચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ અને તેમના શિષ્ય જિનસાગરસૂરિના હાથે કરાવેલ આ મૂર્તિ હાલ અલવરના જૈન મંદિરમાં છે. (જૈન લેખ સંગ્રહ ખંડ ૨ પૃષ્ટ ૪૪ શ્રી પુરણચંદ્ર નાહર)

ઇ. સ. ૧૨૧૦ માં ગ્વાલીઅરના કીલ્લાનો કબજો પરિહાર રાજાઓએ મેળવ્યો. ત્યાર બાદ ઇ. સ. ૧૩૯૮ માં મુસલમીનોએ આ કિલ્લો જીત્યો. તેમની પાસેથી તોમર વંશના રાજપુતોએ કબજો લઇ તેના પર ઇ. સ. ૧૫૧૮ સુધી રાજ્ય કર્યું તોમર વંશના રાજા માનસિંહનો રાજ્યકાળ ઇ. સ. ૧૪૮૬ થી ઇ. સ. ૧૫૧૭ મુકવામાં આવે છે. આ સમય પર ગ્વાલીઅર બહુ ઉન્નતિ પર હતું. "હમીર મહાકાવ્ય" ના કર્તા જૈનાચાર્ય શ્રી નયચંદ્રસૂરિ ગ્વાલીઅરના તોમર વંશના પ્રસિદ્ધ રાજા વિરમના દરબારના પ્રસિદ્ધ કવિ હતા.

ગ્વાલીઅર સ્ટેટમાંના જૈન મંદિરો.

ગ્વાલીઅર શહેરમાંના જૈન મંદિરો તેમજ ગુફાઓ સંબંધી અગાઉના પ્રકરણમાં બતાવી દીધેલ છે સીવાય તેના જિલ્લાઓમાં આવેલ અનેક જૈન મંદિરો મ્હોટા પ્રમાણમાં જોવામાં આવે છે. ગ્વાલીઅરના જૈન ગુફા મંદિરોમાં બીજા નંબરે ચંદેરી નામનું પુરાતન શહેર છે આ સ્થાને પહાડમાં કોતરી કાઢેલ જૈન મૂર્તિઓ તેમજ સ્થાપત્ય જોવામાં આવે છે. આ બન્ને સ્થાનોના અંતરમાં તવરઘાર જીલ્લામાં પઢાવલી અને સુહનીયા તેમજ ગીર્દ જીલ્લામાં વરઇ અને પનિહારમાં જૈન મંદિરો આવેલ છે. નરવર જીલ્લામાં નરવર, સેલઇ અને ભીમપુર તેમ શેાપુર જીલ્લામાં દૂબકુંડ તેમ ઇસાગઢ જીલ્લામાં ઈંદાર, પચરાઇ, ગોલાકોટ, બુઢીચંદેરી, થોવન, તુમૈન વીગેરે ગામોમાં જૈન મંદિરો આવેલ છે. ભેલસા જીલ્લામાં ગ્યાસપુર બડોદ અને અહમદપુર તેમજ ઉજ્જેન જીલ્લામાં ગંધાવલ અને મક્ષી તેમ મંદસોર જીલ્લામાં નિમથુર વીગેરે ગામોમાં પુરાતન જૈન મંદિર જોવામાં આવે છે. (સંપૂર્ણ.)

---

૧ આમરાજા અને ભોજદેવ માટે. ઓઝાકૃત રાજપુતાનેકા ઇતિહાસ પ્ર ખંડ પૃષ્ટ ૧૬૧ થી ૧૬૨ અંગ્રેજ જનતીયે ઇતિહાસ પૃષ્ટ ૨૩૬. લખનઉ કી ઉત્પતિ. (નાગેંદ્રનાથ વસુનો ઇતિહાસિક લેખ. "પાટલી પુત્ર" નો સંવત ૧૯૭૧ ના માહ માસનો અંક ૬.)

નોટ–શ્રી બપ્પભટ્ટીસૂરિનો જન્મ વીક્રમથી આઠસોહ વર્ષે ભાદરવા શુદ ૧૩ નો થયેલ હતો. પટ્ટાવલી પૃષ્ટ ૪૪.

*गोपगिरि सिहर संठिय चरमजिणाय यणदार भवरुद्धं ।
पुनिवदिन्नसा सणमं (सं) साव (ध) णिएहिं चिरकालं ॥
गंतूण तत्थ भणिउग भुवणपाला भिहाण भूपालं ।
अइसय पयत्तेणं मुक्कलयं कारियं जेण ॥
श्री चंद्रसूरि–मुनिसुव्रत चरित्र.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧–૦–૦ (પોસ્ટેજ અલગ)

લખો:–શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૦, પાયધુની, મુંબઇ, ૩.

તાર : HINDSANGHA.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર.

REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૨૦

જૈન યુગ.

વિ સં. ૧૯૯૬, ભાદરવા શુદ ૧૫, સોમવાર.

તા. ૧૬ મી સપ્ટેમ્બર ૧૯૪૦

JAIN YUGA

ક્ષમા–યાચના.

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्व भूएसु, वेरं मज्झं न केणई ॥

પર્યૂષણની પૂર્ણાહૂતિ પ્રસંગે સર્વ જીવો પ્રત્યેના અપરાધની ક્ષમા યાચતાં ઉપરોક્ત ઉદાર ભાવનાને અંતઃકરણ પૂર્વક વ્યક્ત કરી અમારા આત્માને નિર્મળ બનાવવા એ અમારો ધર્મ હોઇ શકે. પત્રકારનો ધર્મ આટીઘુંટીવાળો હોય છે અને એનો માર્ગ કાંટાળો હોય છે. એ માર્ગને સુગમ બનાવતાં અને આંટીઘુંટીઓને દૂર કરવાનો પ્રયત્ન કરતાં અમારા તરફથી કેટલાયે એવા પ્રસંગો બન્યા હશે કે જેથી કોઈ કોઈના અંતરા દુભાયાં હશે. એ સર્વ અપરાધોની નમ્ર ભાવે પુનઃ એક વાર ક્ષમા યાચીએ છીએ.

મોહનલાલ દી. ચોકસી.
મનસુખલાલ હી. લાલન.
જૈન યુગ સમિતિ.

આગામી વસ્તી ગણતરી.

જૈન બંધુઓને વિજ્ઞપ્તિ કે આગામી વસ્તી ગણતરીને અંગે તમારી પાસે સરકારી કે મ્યુનિસિપાલેટિના માણસો નોંધ કરવા આવે ત્યારે આપે ધ્યાન રાખી કહેવાનું છે કે :—

ધર્મે—જૈન

(કોલમ નં. ૪)

જ્ઞાતિ–વાણીઆ, ઓશવાલ પોરવાડ, ભાવસાર વિગેરે જે હોય તે (કોલમ નં. ૩)

આ સંબંધી સ્પષ્ટતા ન હોવાથી આગલા વસ્તી-પત્રકમાં આપણે સહન કરવું પડયું છે–પરિણામે આપણી સાચી સંખ્યા આપણે જાણી શકયા નથી.

આપના લાગતા વળગતા સર્વ સ્વધર્મી ભાઇઓને આ સંદેશો પહોંચાડશો. આ વિજ્ઞપ્તિ શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી કે દિગંબર સર્વે જૈન બંધુઓને લાગુ પડે છે. લુહાણા, પાટીદાર, બ્રાહ્મણ, વાંચી, ભાવસાર–જે કોઇ **ધર્મે જૈન** હોય તેણે જૈન નોંધાવવું.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.
ગોડીજી બીલ્ડિંગ,
૨૦, પાયધુની, મુંબઇ.

લિ૦ સેવકો,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
કાંતીલાલ ઇશ્વરલાલ.
રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્રષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૬-૪૦. સોમવાર.

વ્યવહારિક શિક્ષણ.

કેળવણી સંબંધી વિચારતાં આપણ આજે છેલ્લા તણકકે આવી પહોંચ્યા છીએ. ગયા અંકમાં દૃષ્ટિ દોષથી या विद्या सा विमुक्तये છપાયેલ છે તેને બદલે सा विद्या या विमुक्तये જોઇએ. એનો ભાવ એ છે કે વિદ્યા તેજ છે કે જેના વડે સાચી સ્વતંત્રતા પ્રાપ્ત થાય. એ શકય ત્યારેજ બને કે દરેક શિક્ષણમાં આત્મિક શ્રેય અગ્રપદ ભોગવતું હોય. ધર્મનો જો અપલાપ થતો હોય કિંવા સારામાં સારૂં શિક્ષણ મેળવ્યા છતાં ધર્મ જેવી વસ્તુ જીવનમાં દૃષ્ટિગોચર ન થતી હોય તો એ જ્ઞાનની કિંમત કુટી બદામ જેટલી પણ નથી. એવા શુશ્ક જ્ઞાનને યા શિક્ષણને જૈન ધર્મ કશા લેખામાં ગણાતો નથી અને એ વાત સાચીજ છે.

ધાર્મિક શિક્ષણ પૂર્વક વ્યવહારિક શિક્ષણ મળતું હોય તોજ કોન્ફરન્સનો એ પાછળનો પ્રયાસ વાસ્તવિક છે અને તોજ વિદ્યાલય-કોલેજ કે ગુરૂકુળો આદિ સંસ્થાઓ પાછળનો ધન વ્યય વ્યાજબી છે આ વાત પર વારંવાર ભાર મૂકવાનુ પ્રયોજન એટલુંજ છે કે એક વર્ગ તરફથી આજે ધાર્મિક અભ્યાસનો છેદ ઉરાડી મૂકવાનો પ્રયાસ થઇ રહ્યો છે! કદાચ બહુમતી મેળવી કોઇ સંસ્થામાંથી એમ કરવામાં પણ આવે! તો એ બને તે પૂર્વે આ નુકતેચીની કરીએ કે એમાં સંસ્થાનો અને ભાવિ પ્રજાનો અધઃપાત જ છે.

વ્યવહારમાં ઉપયોગી થઈ પડે તેવું દરેક પ્રકારનુ જ્ઞાન પ્રત્યેક જૈન વિદ્યાર્થીને સુલભતાથી મળી શકે એ સારૂ આજે જે પ્રયાસ થઇ રહ્યા છે એને વધુ વીકસાવવાની અગત્ય છે. સાથો સાથ એ વાત લક્ષ્યમાં રાખવાની છે કે એ શિક્ષણ લઇને આપણા વિદ્યાર્થીઓ કેવળ પાશ્ચિમાત્ય સંસ્કૃતિનુ આંધળુ અનુકરણ કરનારા કે સાહસ વૃત્તિ અને પરિશ્રમને તિલાંજલી દેનારા ન થાય. ઇંગ્લીશ કેળવણી લેનાર વર્ગમાં જે મોટે ભાગે નોકરી કરવાની વૃત્તિ દ્રષ્ટિ ગોચર થાય છે તે ઇષ્ટ ને પ્રશંસવા લાયક નથી. લક્ષ્મીનો વાસ વ્યાપારમાં છે અને સાચી સ્વતંત્રતા પણ ઉદ્યોગશીળ જીવનમાં છે એ વાત સતત્ દ્રષ્ટિ સન્મુખ રાખી ઉગતી પ્રજાએ આગળ વધવાનુ છે. ગ્રેજ્યુએટ થવાની ભાવના સારી દેખાય પણ એ સાથે જોડાયેલ જુદી જુદી લાઇનોમાં વણિક કોમને માફક આવે તેવી લાઇન તો એજ ગણાય કે જેમાં ઉદ્યોગ પ્રધાન હોય. સાચો વણિક સાહસ કે પરિશ્રમથી ન કંટાળે કેવળ બુરશી પર બેસી મત્તા મારવાના કાર્યથી સંતોષ ન પામે. ઉંચા પ્રકારનુ શિક્ષણ મેળવી પોતે આગળ વધે અને સમાજને એ રસ્તે આગળ વધારે.

રાજકારણમાં અને રાષ્ટ્ર જીવનમાં અવશ્ય એ ઝંપ લાવે. ધાર્મિક મર્યાદા એમાં ભાગ લેતાં રોકે છે એવું જો કોઇ કહેતું હોય તો એ હંબગ છે. છેલ્લા દાયકાના બનાવો પરથી એ વાત દીવા જેવી જણાઇ આવે તેમ છે. જૈન સમાજ જ્યારથી કેવળ વ્યવસાયરક્ત બની અને રાજકારણમાં દુર્લક્ષ્ય દાખવતી થઇ ત્યારથી ઘણા હક્કો અને અધિકારો એ ગુમાવતી આવી છે.

મારવાડ-મેવાડ અને ગુજરાતના ઇતિહાસમાંથી આ સત્ય તારવી શકાય તેમ છે. પૂર્વકાળના જૈનો તરફ ગીંટ માંડશું તો જણાશે કે તેઓ કલમ પણ વાપરી શકતા અને તલવાર બેસી શકતા. અહિંસા ધર્મનું ચુસ્તપણે પાલન પણ કરી શકતા અને સમરાંગણમાં શત્રુ સામે સૈન્યને પણ દોરી શકતા. તેથીજ ઉદાહરણ લાભે છે કે—

આબુ મંત્રીએ યુદ્ધની આગલી સાંજે હાથીની અંબાડી પર બેસી પ્રતિક્રમણ પણ કર્યું અને બીજે દિને પ્રભાતે સમરભૂમિમાં શૌર્ય દાખવી વિજય પ્રાપ્ત પણ કર્યો.

આજના વિદ્યાર્થીઓ સામે આવા જવલંત દ્રષ્ટાન્તો મોજુદ છતાં તેઓ શા સારૂ પોતાના જીવનમાં એને આદર્શ રૂપે નથી ધારણ કરતા, સંસ્થાઓના કાનુન સામે હાયવરાળ કહાડવા કરતાં પોતાના પૂર્વજોના જીવનો પ્રતિ ઉંડુ અવલોકન કરે અને પરિશ્રમ કે સાહસથી પાછા ન પડે. આત્મ વિશ્વાસ કેળવે. સુખશીલીયા વૃત્તિ અને હદ બહારની ફેશનને પાણીચું આપે. તેઓ દ્રઢ નિશ્ચય કરશે તો વર્તમાન કાળની પ્રત્યેક ક્ષેત્રમાં-જરૂર અગ્રપદે આવી શકશે. એ સારૂ રાત્રિ ભોજન કે કંદમૂળ ભક્ષણના પ્રતિબંધને આગળ કરવાની કે ધાર્મિક અભ્યાસના ફરજીયાતપણાને સામે ધરવાની બિલકુલ જરૂર નહીં રહે. દુધમાંથી પોરા કહાડવાની આદતને બંધેરી મેલી કેવળ શુદ્ધ ભાવે પૂર્વજોના ઇતિહાસને અવલોકવાની અગત્ય છે. એમ કરવાથી નિતાંત લાભ જ છે. વર્તમાન કાળની વિચારણાને લક્ષી આટલું ચાલું વિષયથી જરા દૂર જઇને કીધા પછી મૂળ વાત પર આવતાં અને એનો ઉપસંહાર કરતાં જણાવવાનું કે આજે વર્ધા કેળવણી યોજના નજર સામે મહત્વનું સ્થાન ધરાવે છે વાત ભૂલવાની નથી. શિક્ષણ ઉદ્યોગ પ્રધાન હોય અગર તો શિક્ષિત વ્યકિતને પોતાનું જીવન ગાળવા સારૂ-કુટુંબના નિર્વાહના કારણે ફાંફાં ન મારવા પડે એ મુખ્ય વાત ધ્યાનમાં રાખવા

≠ નોંધ અને ચર્ચા. ≠

પર્વાધિરાજની ઉજવણી પાછળ—

પર્યુષણ પર્વ એ આત્મકલ્યાણ માટેનું મહા પર્વ તો છેજ, પણ બાહિરાઇથી વિચાર કરતાં જૈન શાસન પ્રવર્તાવનાર મહાપુરુષોએ એ દ્વારા બીજી ઘણી ઘણી બાબતોની સંકલના કરી એમાં જે એક ધારો કાર્યક્રમ આણ્યો છે તે સામાજીક ને વ્યવહારિક જીવનની નજરે ઓછો રસપ્રદ નથીજ. એ પવિત્ર દિવસો આવતાંજ બાળ, યુવા કે પ્રૌઢ, નર કે નારી, પ્રત્યેકના હૃદય ઉમગની ઉઠે છે. અરે એ આવતાં પૂર્વે માસ દોઢ માસ કે પંદર દિન અગાઉ તપીઆના તપ સબંધી કાર્યક્રમ દોરાય છે. કુટુંબમાં વ્રત કરવાની વિચારણાઓ ચાલે છે અને એ નિમિત્તે ધન ખરચવાની મંત્રણાઓ થઇ રહે છે. જ્યાં જ્યાં જૈનોનો સમૂહ વાસ કરી રહ્યો હોય છે એવા નાના ગામડાથી માંડી મોટા શહેરો પર્યંત એ આઠ દિન મહોત્સવના ગણાય છે. ચૈત્ય પરિપાટી યાને વિદ્યમાન ચૈત્યોના દર્શન-અઠ્ઠમનો તપ અથવા તો છુટા છવાયા ઉપવાસો; અમારી પ્રવર્તન યાને જીવદયાના કામો એ જૈનેતર જગતની દ્રષ્ટિયે ચઢી શકે તેવા મહત્વના કામો છે. આ દિવસોમાં સર્વત્ર-પ્રથમ ત્રણ દિનમાં અઢાઇધરના વ્યાખ્યાન અને પાછળના ચાર દિનમાં સવાર સાંજ મળી ઉભય ટંકમાં શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાન વંચાય છે. જ્યારે છેલ્લા યાને સંવત્સરીના પરમ-પવિત્ર દિને ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામી રચિત બારસા સૂત્ર-મૂળ શ્લોકમાં વંચાય છે. એ વેળા એ પવિત્ર સૂત્રની પ્રતમાં જુદા જુદા પ્રસંગે દોરવામાં આવેલ ચિત્રોના દર્શન કરાવાય છે. વળી આ પવિત્ર દિનના પ્રતિક્રમણનું મહત્વ અતિ ઘણું છે કેમકે પરસ્પરને ખમાવવાની ક્રિયા એ વેળા કરવામાં આવે છે. ભાગ્યેજ કોઇ "મિચ્છામિ દુક્કડમ્" ના ઉચ્ચારથી વંચીત રહે છે! આ સાથે પર્વના દિનોમાં કે પૂર્ણાહૂતિ બાદ ચઢતાં કલ્પ સૂત્ર ને રથયાત્રાના વરઘોડા અને થતાં સ્વામીવાત્સલ્યના જમણોનું જોડાણ એ પણ ઇતર સમાજમાં પ્રભાવના અંગેનું દીર્ઘદ્રષ્ટિથી દોરાયેલ કાર્યક્રમનું એક મહત્તાભર્યું અંગ છે. પ્રથમ નજરે જોનારને આમાં ગતાનુગતિકતા જેવું જણાશે. "સાપ ગયા ને લિસોટા રહ્યા" જેવી ઉક્તિનો સાક્ષાત્કાર થશે અથવા તો સુધારક મગજને કેવળ ધમાલ ને અચરે અચરે

જેવી છે. સાચી મહત્તા એમાંજ સમાયેલી છે. જો કે આજે આપણે કંઇ ખાસ જુદી શિક્ષણ સંસ્થાઓ નથી ચલાવતા તેમ આપણી પાસે નથી તો એટલા શિક્ષણ-શાસ્ત્રીઓ એટલે રાષ્ટ્રમાં જે પ્રથા અગ્ર ભાગ ભજવે એ ગ્રહણ કરવામાંજ આપણો માર્ગ નિષ્કંટક રહેવાનો. છતાં આપણા વિદ્યાર્થી વર્ગની નજર આ યોજના પ્રતિ વળવીજ જોઇએ.

જૈન સમાજ કેળવણી પાછળ દ્રવ્ય ખરચે છે અને ભવિષ્યમાં વધુ ખરચે એવી વિનંતિ છે. કેમકે એ પાછળ આપણી મનોકામના જુદા જુદા વિષયોના નિષ્ણાતો પેદા કરવાની છે.

જેની વસ્તુતઃ આજે આપણને ખોટ છે વિદ્યાર્થી વર્ગે પણ ચક્ષુ સામે એ ધ્યેય નિશ્ચિત કરી, મળતી સામગ્રીનો ઉપયોગ કરવાનો છે ઉભયના સહકારથીજ વ્યવહારિક તેમજ ધાર્મિક ઉન્નત્તિ શક્ય છે.

રામ સિવાય બીજું કંઇ શોધ્યું પણ નહીં જડે! છતાં જેની નજર અવલોકન અને એ દ્વારા ઇતિહાસના અંકોડા જોડવામાં-સમાજના ઘડતરમાં થયેલા ચડ-ઉતરના પ્રયોગો પિછાનવામાં રીઢી થયેલી છે એને ઘણું જાણવાનું મળે છે અને એ ઉપરથી દેશ-કાળને લક્ષ્યમાં રાખી, સમાજ ઉત્થાનમાં ઉપયોગી ને કારગત નિવડે તેવી સુચનાઓ આપવાનું કિંવા તેવા કાર્યક્રમ ઘડવાનું કે મૂળ પ્રથામાં ઉચિત ફેરફાર સુચવવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. ઘડીભર આત્મકલ્યાણની વાત અનામત રહેવા દઇએ ને કેવળ જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ પર લક્ષ્ય આપી, એને પ્રગતિના પંથે લઈ જવાની સાચી તમન્ના હોય તો એ માટે જે રેખાંકન આલેખવાના હોય, અને જે નિયમો અમલમાં મૂકાવવાના હોય, એ સર્વના પ્રચાર સારૂ-ઉપર વર્ણવી તેવી પ્રથાઓ કિંમતી સાધન રૂપ થઈ પડે છે. એ પાછળનું આકર્ષણ કાયમ રાખી, એ પાછળના ઉમદા રહસ્યની પિછાન કરાવી, દેશ-કાળને અનુરૂપ બીબામાં એ ઢાળવાથી કાર્ય સિદ્ધિ સુલભ બને છે. જરૂર છે અભ્યાસી હૃદયોએ ખોજ કરવાની.

ટીપ-ફાળા કે ખરડા—

પર્યુષણ પર્વના દિનો જૈન સમાજની નજરે પવિત્ર અને ધર્મ વાપરવાના ગણાતા હોવાથી એ દિનોમાં જુદા જુદા ખાતાઓ સારૂ ધન એકઠું કરવા દેશ-દેશાંતરથી માણસો ઉતરી પડે છે વિવિધ સંસ્થાઓના હેંડબીલો પ્રગટ થાય છે. ટુંકમાં કહીયે તો વાતાવરણ **મદદ માટેની બૂમોથી છલકાઇ જાય છે!** ભાગ્યેજ બહારથી આવેલ કોઇ વ્યક્તિ ખાલી હાથે પાછી ફરે છે! જવલ્લેજ કોઇ સંસ્થાની અપીલ અણસુણી જાય છે!

આમ છતાં કોઇની ભૂખ પૂરી નથી થતી એ પણ એટલુંજ સાચું છે-કેટલાકની આશાઓ અધ્ધર રહી જાય છે! ને કોઈ કોઈ વાર તો સંભળાય છે કે ફંડ સારૂ કરેલ પ્રકાશન કે ખરચેલ ગાડી ભાડા પણ નથી નીકળતા! એક કાળે આ દિનોમાં ઉપરોક્ત રીતે દ્રવ્ય સારા પ્રમાણમાં એકઠું થતું અને એ રસમ સુન્દર લેખાતી આજે દેશના સંજોગો પલટાયા છે. વેપારની મંદીએ એમાં સાથ પૂર્યો છે અને જાત જાતની સંસ્થાઓ ઉભરાઇ ઉઠી છે! દરેકને જુદા જુદા ફંડ ને કાર્યકરો જોઇએ છે. જાહેરાત ને પ્રચાર માટે આંખ મીચીને ખરચા કરવા છે. સેવા ભાવીએ કે શ્રીમાને તસ્દી લેવી નથી! પગારદાર માણસોથી કામ લેવું છે ત્યાં આવકનું પ્રમાણ ઘટી ગયું છે ને ઉપર વર્ણવી તેવી વિષમ સ્થિતિ થાય તો એમાં નવાઇ જેવું કંઇજ નથી! આની માઠી અસર એ થઇ છે કે શ્રીમંત ગણાતો વર્ગ વ્યાખ્યાન વેળા હાજરી આપતો અટકી ગયો છે! એમાં બીજા કારણો પણ હશે, છતાં આ ટીપ ખરડાનું કારણ ઓછું જવાબદાર નથી! પોતાની ઇચ્છાથી દાન દેવું કે કાળો ભરવો અને હાથ સામે ફરજીયાત ખરડાનો કાગળ રખાય ને એમાં પોતાના મોભા પ્રમાણે લખવું જોઇએ એ બે વચ્ચે મહત્વનો ફેર છે! આનાકાની કરવા કરતાં ગેર-હાજરી વધુ સગવડ ભરી ભાસી છે.

આ પ્રથા સંગીન વિચારણા અને ઘટતી સુધારણા માંગે છે. ઉપયોગી સંસ્થાના પોષણને નિભાવ માટે સમાજે અવશ્ય લક્ષ્ય આપવું જોઇએ અને પર્વના દિનો એ માટે અનુકુળ પણ છે, છતાં દેશ-કાળની પરિસ્થિતિનું માપ કઢાડી-એ માટે બીજી કોમના પ્રબંધ જોઇ પ્રચલીત પ્રથામાં યોગ્ય ફેરફાર કરવા ઘટે.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

શત્રુંજય તીર્થના ઝઘડાઓના સમાધાન અંગે શ્રી આણંદજી કલ્યાણજી સાથે થયેલ પત્રવ્યવહાર.

પાલીતાણા રાજ્ય સાથે પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થ અંગેના ઝઘડાઓનું હાલમાં સમાધાન થયાના સમાચારો વર્તમાન પત્રોમાં પ્રકટ થતાં જૈન જનતા તેના મુદ્દાઓ અને વિગતો જાણવા ઉત્સુક અને એ સ્વભાવિક છે. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ દ્વારા એ વિષે શેઠ આણંદજી કલ્યાણજીને લખાયેલ પત્રો અને આવેલ જવાબ સમાજની જાણ માટે અત્રે પ્રકટ કરવામાં આવે છે.

(૧)

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી લખાયેલ પત્ર.

નં. ૨૦૨૦ મુંબઈ તા. ૨૬ ઑગસ્ટ ૧૯૪૦

શેઠ આણંદજી કલ્યાણજી.

અમદાવાદ.

વિ. વર્તમાનપત્રોમાં પાલીતાણા રાજ્ય સાથે સર્વ ઝઘડાઓનું સમાધાન થયાના સમાચારો પ્રકટ થયા છે તે ઉપરથી નિવેદન કરવાનું કે સમાધાન કયા ધોરણ ઉપર અને કઇ બાબતોને અંગે થયેલ છે તેની વિગતવાર હકીકત કૃપા કરી શિઘ્ર જણાવશો જેથી તત્સંબંધે અભિપ્રાય આપવાનું બની શકે. બની શકે ત્યાં સુધી રાજ્ય સાથેના ઠરાવની નકલ મોકલવાની કૃપા કરશોજી.

લિ૦ કૃપાકાંક્ષી,

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

(૨)

શેઠ આણંદજી કલ્યાણજીનો જવાબ.

નં. ૫૫૮૯. અમદાવાદ તા. ૩૧-૮-૧૯૪૦.

શેઠ મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડીઆ.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરી, શ્રી જૈન શ્વે. કૉ. મુંબઇ.

વિ. વિ. તમારો તા ૨૬-૮-૪૦ નો પત્ર મળ્યો છે.

પાલીતાણા રાજ્ય સાથે થએલ સમાધાનને અંગે કિંઇપ હકીકત હાલને તબક્કે જાહેરમાં મુકાય તેમ નથી. થોડા સમયમાં તે સ્થિતિ ઉદ્ભવેથી વિગતવાર મહીતિ આપને મોકલવામાં આવશે.

સહીઓ.....

વહિવટદાર પ્રતિનિધિ

શ્રી સુકૃત ભંડાર ફંડ.

પર્યુષણ પર્વના દિવસોમાં સભાસદોને મોકલવામાં આવેલ શ્રી સુકૃત ભંડાર ફંડની પાવતી બુકો ભરાવી કાર્યાલયમાં પહોંચતી કરવા વિનંતિ કરવામાં આવે છે.

આગામી વસ્તી ગણતરી.

આગામી વસ્તી ગણતરી અંગે કૉન્ફરન્સ દ્વારા આ અંકના મુખપૃષ્ઠ ઉપર આપવામાં આવેલ વિજ્ઞપ્તિ તરફ સૌનું લક્ષ ખેંચી તેનાં પ્રચારાર્થે ઘટતું કરવા સુચવવામાં આવે છે. કૉન્ફરન્સના પ્રાંતિક મંત્રીઓ પોતાના પ્રાંતમાં આ અંગે અવશ્ય પ્રચાર કરશે એવી આશા છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની નવી વ્યવસ્થાપક સમિતિમાં શ્રી. બબલચંદ કેશવલાલ મોદી અને શ્રી. ચીમનલાલ પરીખને કો-ઑપ્ટ કરવામાં આવ્યા છે.

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા.

શ્રી. ભગુભાઇ ફતેહચંદ કારભારી સ્કૉલરશિપ:

મુંબઇ અને માંગરોળ જૈન સભા તરફથી સન્ ૧૯૪૦ માં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ જેઓએ મેટ્રિકની પરીક્ષા પાસ કરી હોય અને કમર્શિયલ કૉલેજમાં અભ્યાસ કરતા હોય તેઓમાં સર્વથી ઉંચે નંબરે પાસ થનાર વિદ્યાર્થીને શ્રી. ભગુભાઇ ફતેચંદ કારભારી સ્કૉલરશિપ રૂપીઆ એંશીની આપવાની છે. સન્ ૧૯૪૦ માં મેટ્રિક પાસ થયેલા ઉમેદવાર વિદ્યાર્થીઓએ પોતાના પરીક્ષાના માર્કસ સાથેની ઉપરોક્ત વિગતપૂર્ણ અરજીઓ સભાના મંત્રીઓ ઉપર તા૦ ૩૦ સપ્ટેમ્બર ૧૯૪૦ સુધીમાં દેવકરણ મેન્શન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨ ના સિરનામે મોકલી આપવી.

લી૦

ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ.

ચીનુભાઇ લાલભાઇ શેઠ.

માનદ મંત્રીઓ.

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

જૈન પાઠશાળાઓને મદદ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી ચાલુ વર્ષમાં જૈન પાઠશાળાઓને આપવામાં આવનારી મદદ માટે છાપેલા ફોર્મ ઉપર (જે સંસ્થાને લખવાથી મોકલવામાં આવે છે) અરજીઓ માંગવામાં આવે છે. ગત્ વર્ષમાં જે પાઠશાળાઓને મદદ અપાઈ હોય તેઓએ પણ પુનઃ અરજી કરવાની હોય છે. પાઠશાળાના સંચાલકોએ અરજી તા૦ ૩૦ સપ્ટેમ્બર ૧૯૪૦ સુધીમાં કાર્યાલયમાં મોકલી આપવી.

ધાર્મિક પરીક્ષાઓ.

આવતા ડિસેમ્બર માસમાં શ્રી. સારાભાઈ મગનભાઈ મોદી પુરૂષ વર્ગ અને અ. સૌ. હીમકોરબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક ત્રીફાઇની પરીક્ષાઓ બોર્ડના સેન્ટરોમાં લેવામાં આવશે. અભ્યાસક્રમ ગત્ વર્ષ પ્રમાણેજ રાખવામાં આવેલ છે. નવાં સેન્ટરો માટે અરજી જેમ બને તેમ તાકીદે મોકલવી આવશ્યક છે. પ્રવેશ પત્ર (ફોર્મ) બોર્ડ કાર્યાલયમાંથી મંગાવી લેવા વિજ્ઞપ્તિ છે.

લિ૦ સેવકો,

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.

બબલચંદ કેશવલાલ મોદી.

ઑનરરી સેક્રેટરીઓ.

પર્વરાજના મહાન્ દિવસો.

જૈનોના મહાન્ ગણાતા પર્યુષણ પર્વના દિવસો આવ્યા અને ગયા. કાળચક્રની ગતિમાં અનેક આરાઓ ફરતા ફરતા આવે છે અને જાય છે, એજ રીતે આજ પૂર્વે પણ અનેક વખત પર્યુષણ પર્વો આવ્યાં અને ગયાં, એજ ચૈત્યોનાં પરિભ્રમણ, એજ ક્રિયાકાંડો, એજ તપશ્ચર્યાઓ અને એજ સ્વામિવાત્સલ્યો અનેકવાર નજરે નિહાળ્યા, કર્યા અને પાછા ચક્ષુ સમીપથી દૂર થયા અને ભૂલ્યા, છતાં પણ ભારતવર્ષની આર્યસંસ્કૃતિમાં જીવનના આદિ કાળથી જે ધર્મભાવના ઓતપ્રોત થઈ રહેલી છે, જે ભાવનાએ સારાયે જગત પર ભારતવર્ષની ઉંચી સંસ્કૃતિની સૌરભ પ્રસારી છે. એ ભારત વર્ષની પ્રજામાં ધાર્મિક દિવસોને વિશિષ્ટ માનવામાં આવે એમાં કાંઇ નવાઇ નથી. ધર્મ રક્ષા, ધર્મ પાલન અને ધર્મસેવનને માટે આર્યાવર્તે ભૂતકાળમાં અનેક વિડંબનાઓ અને મુશ્કેલીઓનો સામનો બહાદુરીથી આનંદપૂર્વક કર્યાં છે, કારણ કે ધર્મને જીવન તત્વનું અમૂલ્ય પોષક અંગ માનનારી આર્યાવર્તની પ્રજા હંમેશાં મરણાંત એને વળગી રહેવામાંજ પોતાના જીવનનું સાર્થકય માને છે.

આ અમૃત પાન પીનારી પ્રજાઓમાં જૈન કોમનું સ્થાન અગ્રપદે છે, કારણ કે એ પ્રજાએ ધાર્મિક સૂત્રોને એકલી ભક્તિ ઘેલછામાં કે બાહ્યાડંબરમાંજ સ્વીકાર્યાં નથી પરંતુ જે નીતિના સિદ્ધાંતો સર્વમાન્ય ગણાયા છે, તેની સાથેજ ધર્મના સિદ્ધાંતોની સાંકળના અંકોડા ભીડાવી એ સાંકળને એવી પવિત્ર અને સુદૃઢ બનાવી છે કે જેને માટે જૈન કોમ આજે પણ ગૌરવ લઇ શકે છે. આ મહાન્ સિદ્ધાંતોને જૈનોના જીવન સાથે જડવામાં જે મહાન્ વિભૂતિ પ્રભુશ્રી મહાવીરે આજથી ૨૫૦૦ વર્ષો પૂર્વે જગત્ને દેશનાના અમૃતનું પાન કરાવી, તેમજ આત્મ સમર્પણથી જે દાખલો બેસાડયો છે એ કદાપિ ભારતની પ્રજા ભૂલી શકે એમ નથીજ.

પર્યુષણ પર્વના મહાન્ દિવસોની યોજના એ પરમ આવશ્યક અને બહુજ વિચારપૂર્વક યોજાએલી યોજના છે, જે મહાન્ વિભૂતિએ અહિંસાના અને પંચ મહાવ્રતના આદર્શોને પોતાના જીવનમાં ઉતારી અન્યને એ માર્ગે વાળવા અનેકવિધ ઉપદેશો આપ્યા એના જીવન ચરિત્રનું અહોનિશ શ્રવણ કરવુંજ જોઇએ. કદાચ સંસારની આધિવ્યાધિથી વીંટાળાયેલા આપણે હંમેશને માટે એ ન કરી શકાયે તો વર્ષના ૩૬૦ દિવસોમાંથી આઠ દિવસ તો જરૂર આપણે એ મહાત્માના ગુણ કીર્તન સાંભળવામાં અને ગાવામાં આપણે વ્યતીત કરીએ. મહાનુભાવોનાં જીવન ચરિત્રો એ મહાનુભાવોનાંજ પ્રતિબિંબો હોઇ એના જીવન ચરિત્રના શ્રવણથી આપણે સાક્ષાત્ એ મહાનુભાવોનીજ ઝાંખી થાય છે એ નિઃસંદેહ છે. પ્રભુશ્રી મહાવીરનું જીવન એ આપણા જીવન માર્ગનો ભોમીયો છે, અનેકવિધ માર્ગો, અનેકવિધ વાનીઓ, અનેકવિધ સિદ્ધાંતો એના જીવનમાંથી મળી આવે છે. આપણે એ જીવનના આદર્શો એ જીવનમાંથી ઉપલબ્ધ થતા માર્ગોએ જવાની ને આપણી જરૂર પણ હોય–કે જે હોવીજ જોઇએ–તો જીવનની ઘટમાલમાંથી આઠ દહાડાના આઠ મણકાઓને અલગ પાડી એ અમૃતનાં પાન કરવાં એ દરેક જૈનની ફરજ હોઇ શકે. એ મહાન્ વિભૂતિએ પોતાના જીવન સાથે જડી દીધેલાં આદર્શો અને વાણીદ્વારા જે ઉપદેશ ધારા વર્ષાવી છે તેને યત્કિંચિત્ પણ જો જીવનમાં ઉતારવામાં આવે તો પણ તેમાંથી ઘણું પ્રાપ્ત કરી શકાય તેમ છે.

વળી આ દિવસોમાં તપને જે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તે પણ યથાસમયજ છે. આપણો જૈન ધર્મ તપપ્રધાન ધર્મ છે, અન્ય ધર્મો જ્યારે ભક્તિ પ્રાધાન્ય ભોગવે છે, ત્યારે જૈન ધર્મ એ તપ પ્રાધાન્ય ભોગવે છે. પોતાના શરીરને કષ્ટ આપી શરીર પરની મમતા ઓછી કરી આત્માને પરમાત્મ જીવનને માર્ગે વાળવા માટે તપ એ ઉત્તમ સાધન મનાયું છે, અને એ તપને આપણા જૈન ધર્મમાં જે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તે આ દિવસોમાં સવિશેષ આરાધવામાં આવે છે એનું કારણ પણ એજ છે. આ રીતે પર્યુષણ પર્વની ગુંથણી એ બહુજ ઉત્તમ અને યથાર્થપણે યોજાએલી ગુંથણી છે. આ મહાન્ પર્વોમાં દરેક જૈન પોતાના જીવનને ધર્મ માર્ગે વાળવા યત્ન કરી જીવનનું સાર્થકય કરે એજ જીવનનો મર્મ હોઇ શકે.

—મ. હી. લાલન.

ધાર્મિક સૂત્રોનો અભ્યાસ.

આજકાલ કેટલાકોની એક એ દલીલ છે કે અમોને ધાર્મિક ક્રિયાઓમાં આનંદ આવતો નથી.

તેની સામે આપણે એક દલીલ રજુ કરીએ છીએ કે તમોએ કોઇ દિવસ ધાર્મિક ક્રિયાઓને સમજવાનો પ્રયત્ન કર્યો છે? મોટા ભાગે તમારો અભ્યાસ ધાર્મિક–બહુજ ઓછો છે. બીજું જે ધાર્મિક અભ્યાસ હશે તો ધર્મશ્રદ્ધા નથી. આખા દિવસના ૨૪ કલાકની દુનીયાદારીની ધમાલમાંથી ધર્મિક ક્રિયાને લગતો અભ્યાસ કરવાને અને તેમાં આનંદ નથી આવતો તે આનંદ પ્રાપ્ત કરવામાં જરા પણ વખત ગાળી તે વસ્તુ સમજવા મહેનત કરી છે? કે જે કરતા હોય તેની અવિધિને આગળ કરીને તેમાં જોડાતા તેમાંથી પડે તેવી આચારણા–તેવાં લખાણ–તેવી કાર્યવાહી તમોએ રાખી છે? માટે હે યુવાનો દુનીયાદારીની ૨૪ કલાકમાંથી થોડો સમય કાઢી ધર્મક્રિયાદિમાં આનંદ મેળવવા ધર્મક્રિયા કરનારાની અવિધિ ટાળવા ધાર્મિક અભ્યાસ વધારવામાં ગાળો.

આપણી એક શાસ્ત્રીય માન્યતા છે કે–"ન કરનાર કરતાં અવિધિએ કરનાર સારો, કારણ કે નહિ કરનારને ગુરૂ પ્રાયશ્ચિત અને અવિધિએ કરનારને લઘુ પ્રાયશ્ચિત છે અથવા અવિધિએ કરનાર પ્રાયશ્ચિત લઇ મુક્ત થાય છે જ્યારે નહિ કરનાર કર્મભારથી દબાઈ જાય છે." પરિક્ષામાં બેસનાર પાસ કે નાપાસ થાય પણ જે પરિક્ષામાં બેઠાજ નથી તેને માટે શું? તેને માટે તો પાસે નથી થવાનું ને નાપાસે નથી થવાનું. ભણે તે ભૂલે. માટે એક વખત અવિધિએ કરનારને પણ એમ થઇ જાય કે આ વિધિએ કરનારા અમારા કરતા સારાં છે અને તેમને તેમની અવિધિ ભારે પડી જાય તેથી તે પણ સુધરે માટે બેવાઓએ બીજાના અવગુણ ગાવા કરતાં આપણે પોતેજ સુધરી જવાની જરૂર છે તો આ દિશા તરફ આપણા પગ માંડો અને અવિધિએ કરનારને પણ માર્ગ દર્શન આપો એજ સૂચવું કિં બહુના શાસનદેવ સર્વને સદ્બુદ્ધિ અર્પો, એજ શુભેચ્છા.

—રમણલાલ.

મુંબઇમાં પર્વારાધન—તડકા છાયા.

દર વર્ષની માફક આ વર્ષે પણ પર્યુષણ પર્વની આરાધના પ્રત્યેક ગામમાં જ્યાં જૈનોની વસ્તી હશે ત્યાં ઓછે વત્તે અંશે કરવામાં આવી હશે. ચાલ્યા આવતા રવૈયા મુજબ કલ્પસૂત્રનું વાંચન, તપશ્ચર્યા, સ્વામિવચ્છલો, સ્વપ્નાંની બોલી વિગેરે ક્રિયાઓ થઇ હશે. કોઇએ ભાવથી તો કોઇએ દેખાદેખીથી, કોઇએ આડંબરપૂર્વક તો કોઇએ શાંતિથી, કોઇએ સલાહ સંપથી તો કોઇએ કલેશથી એ પર્વની પૂર્ણાહુતી કરી હશે. મુંબઇએ પણ જુદા જુદા દહેરાસરોમાં-ઉપાશ્રયોમાં લાગતા વળગતા સમુદાયમાં એકત્ર મળી એ પર્વની યથાશક્તિ આરાધના કરી જેઓમાં મુખ્ય ધામ પાયધુની ગણાવી શકાય.

ગોડીજી મહારાજનો ઉપાશ્રય:—આ ઉપાશ્રયમાં પન્યાસજી મહારાજ શ્રી પ્રીતિવિજયજી ત્રીજું ચોમાસું કરી રહ્યા છે. તેઓએ પોતાના શિષ્ય પરિવારને જુદે જુદે સ્થળે પર્યુષણના વ્યાખ્યાનો વાંચવા મોકલેલા હોવાથી બધા ઉપાશ્રયોમાં લગભગ વ્યાખ્યાન ચાલુ હતાં. ગોડીજીના ઉપાશ્રયમાં મહારાજ શ્રી પ્રીતિવિજયજી ખૂબ ઉત્સાહપૂર્વક વ્યાખ્યાન વાંચી શ્રોતાઓને આકર્ષી રહ્યા હતા. જેથી ગીરદી પણ અસાધારણ રહેતી હતી. અહિં સાંભળવા પ્રમાણે સ્ત્રી વર્ગમાં કાંઈક કલેશ ઉત્પન્ન થયો હતો. મુંબઇમાં સાધ્વીજી મહારાજોનાં ઘણા વર્ષ પછી થયેલું આગમન પણ કોઇ વિરૂદ્ધ પક્ષની બ્હેનોને ન રૂચતું હોવાથી તેઓની હાજરી તરફ કેટલીક બ્હેનોની સૂગ જણાઇ આવતી હતી, અને કાંઇક ખટપટ થતી હતી, પરંતુ મહારાજશ્રીની ચેતવણીથી અને ટ્રસ્ટીઓની સમજૂતીથી એ ખટપટનો અંત તુરત આવી ગયો.

મહાવીર સ્વામીનો ઉપાશ્રય:—આ ઉપાશ્રયમાં આચાર્ય શ્રી રતનમુનિજી ચાતુર્માસ હોઇ ત્યાં પણ વ્યાખ્યાન સારી રીતે વંચાતાં હતાં. આ ઉપાશ્રયમાં મુખ્યત્વે ખરતરગચ્છની ક્રિયાઓ થાય છે. જેથી ખરતરગચ્છનો લગભગ આખોયે સમુદાય ત્યાંજ ભેગો થાય છે.

આદીશ્વરજીની ધર્મશાળા—પાયધુનીની મધ્યમાં આવેલાં આ વિશાળ મકાનમાં પણ વ્યાખ્યાનો ચાલુ હતા. અને મારવાડી ભાઇઓના મુખ્ય ધામ ગણાતા આ સ્થાનમાં મોટે ભાગે મારવાડી ભાઇ બ્હેનોની હાજરી હતી.

શાંતિનાથજીનો ઉપાશ્રય:—આ ઉપાશ્રય સાગર સંઘનું મુખ્ય ધામ ગણાય છે, અને અમદાવાદી, પટણી, રાધનપુરી ભાઇઓની ગીરદી આ ઉપાશ્રયમાં મ્હોટા પ્રમાણમાં થાય છે. આ સંઘની વસ્તીના પ્રમાણમાં આ સ્થાન બહુજ ટુંકું પડે છે, અને એટલી બધી ગીરદી રહે છે કે લોકોને બહાર ઉભા રહેવું પડે છે, તેમાં પણ એ ઉપાશ્રયના કાર્યકર્તાઓ પર્યુષણના જમણવારો પણ એ નાના સ્થાનમાંજ રાખે છે. જેથી એટલી ગંદકી કીચડ અને હોંસાતોસી જામે છે કે જેનું વર્ણન કલમથી થઇ શકતું નથી. સુધરેલી ગણાતી ગુજરાતી જૈન કોમ આટલી બધી અગવડ ખોટી રીતે શા માટે ચલાવી લે છે તે સમજાતું નથી. અહિં જમણવાર તો બીલકુલ થવાંજ ન જોઇએ. કારણ કે પર્યુષણ જેવા પવિત્ર દિવસોમાં એકવાડ ઉપાશ્રયમાં પડે અને જીવોત્પત્તિ થાય એ કદાપિ પણ ચલાવી લેવા જેવું નથી. આ વર્ષે અહિં શ્રીમંત જૈનોના આગમનથી સુપનનું ઘી (બોલી) બહુ મોટા પ્રમાણમાં થયું હતું અને સાંભળવા પ્રમાણે ૫ થી ૬ હજાર રૂપીઆ ચડાવો થયો હતો જે એક રેકર્ડ ગણી શકાય આ રીતના ચડાવાઓ કીર્તિદાનની લાલસામાં વધારો કરે છે, અને એ લાલસા એવી છે કે જેમાં સમજુ ગણાતાઓ પણ ફસાઈ જાય છે અને ગુપ્તદાનને બદલે કીર્તિદાનનો મહિમા વધારવાના ભાગીદાર થાય છે.

નમિનાથજીનો ઉપાશ્રય—પાયધુની ઉપર હમણાંજ બંધાવેલા આ ઉપાશ્રયનો વિશાળ હોલ કોઇ પણ જૈન ઉપાશ્રયથી સ્વચ્છતામાં વિશાળતામાં અને હવા ઉજાસમાં ચડી જાય તેમ છે. આ મનોહર ઉપાશ્રયમાં હમણાંજ દીક્ષા લીધેલા જામનગર નિવાસી શ્રી કંચનવિજયજી મહારાજ વ્યાખ્યાન આપતા હતા, અને સ્ત્રી પુરૂષોની જગ્યાની સગવડતાને અંગે સારી મેદની રહેતી હતી. વળી નગર સંઘ અને ઝાલાવાડ સંઘ વચ્ચે પાંચ વર્ષથી ચાલ્યા આવતા ઝગડાની આ વર્ષે લગભગ પતાવટ થઇ ગયેલી હોવાથી બન્ને સંઘોના ભાઇ બ્હેનોએ સાથે મળી ખૂબ આનંદપૂર્વક ક્રિયાઓ કરી હતી. અને જમણો પણ સાથે થયાં હતાં. આ સ્થળે આ વર્ષે સાધ્વીજી મહારાજનું ચાતુર્માસ હોવાથી સ્ત્રી વર્ગે સારો લાભ લીધો હતો, પરંતુ સ્ત્રી વર્ગને કચવાટ ઉત્પન્ન થવાનું એક કારણ બન્યું હતું, જેથી ઘણો અસંતોષ પ્રસર્યો હતો. સ્ત્રી વર્ગમાં કેટલીક આગેવાન ગણાતી બ્હેનોએ સંવત્સરી પ્રતિક્રમણ કરવા આવતી બ્હેનો પાસેથી બહુજ ખેંચ કરી ભોંભાડું જીવદયા, ઘાટી, પટેલ ફંડ વિગેરે માટે પૈસા કઢાવ્યા હતા, અને ઘણાંક પ્રસંગોમાં તો લગભગ બળ જબરે વાપરવા જેવા બનાવ બન્યા હતા. જે કોઈ રીતે ઇચ્છવાલાયક નજ કહી શકાય, આ પ્રથા આજથી ચાર વર્ષ પૂર્વે કાઢી નાંખવામાં આવી હતી, અને બે પેટીઓ રાખવામાં આવતી હતી. જેમાં સહુ પોતાની ઇચ્છા મુજબ પૈસા નાખી શકે. કોઇ પર કંઇ પણ ફરજ પાડવામાં આવતી નહતી, પરંતુ આ વર્ષે ટ્રસ્ટીઓની બેદરકારીથી કે આંખ આડા કાન કરવાથી આ કચવાટને કારણ મળ્યું હતું, ભવિષ્યમાં આમ ન બને તે માટે ટ્રસ્ટીઓએ ધ્યાન આપવું ઘટે. આ ઉપરાંત આગેવાન ભાઇઓ ઘી બોલવામાં ઘણો સમય લેતી હોવાથી નાનાં બચ્ચાંઓને ઘેર મુકી ૪-૫ કલાકથી આવી બેઠેલી બ્હેનોને બહુ સંતાપ થતો હતો. આ ઉપરાંત બ્લેક આઉટ હોવાથી પણ બ્હેનોને મોડું કરવું પોસાતું નહતું.

લાલબાગ ઉપાશ્રય—અહિં મુનિ મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી પોતાની વિદ્વતાભરી શૈલીથી વ્યાખ્યાનધારા વર્ષાવી રહ્યા હતા. મહારાજશ્રીની સમજાવવાની ઉત્તમ શૈલીથી શ્રોતાઓ ઉપર સારી છાપ પડતી હતી.

હીરાબાગ—પર્યુષણના તહેવારોમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાતી વ્યાખ્યાનમાળા દર વર્ષની માફક આ વર્ષે પણ હીરાબાગમાં રાખવામાં આવી હતી. પંડિત દરબારીલાલજી, કાકા કાલેલકર, રામનારાયણ પાઠક આદિ જુદા જુદા વક્તાઓએ આઠે દિવસ સુધી જાત જાતના વિષયો

શ્રી મહાવીર દેવનો સર્વોત્તમ સંદેશ.

આજે જ્યારે એક સમયે સંસ્કૃતિના કેન્દ્ર ગણાતા અને વિજ્ઞાનમાં સંગીન પ્રગતિ સાધનાર યુરોપના આંગણે મહા-પ્રલયનો પ્રચણ્ડ ઝંઝાવાત પ્રચંડતાથી દિવસાનુંદિવસ વૃદ્ધિ પામી રહ્યો છે! સ્વાધિનતા ભોગવતી નાની પ્રજાઓ દિ'ઉગ્યે હતી ન હતી થઇ જાય છે! એ સમાચારથી અખિલ ભારત-વર્ષનુ વાતાવરણ પણ ડહોળાઇ ચુકયું છે! એમાં વસતી ભિન્ન ભિન્ન ધર્મોવાળી કોમો હિંદીપણાનો ભાવ ભૂલી એકજ ભૂમિના સંતાન આપણે સૌ ભાઇઓ છીએ એ મહત્વનો સિદ્ધાંત વીસરી જઇ-પોતપોતાના સંપ્રદાયિક હિતો આગળ ધરવા લાગી છે! અને એક બીજા સામે ધુરકવા કટિબદ્ધ થઈ છે! એવા બારિક પ્રસંગે પચીસો વર્ષો પૂર્વે થયેલ એક મહાન્ વિભુતિનું આદર્શ જીવન દ્રષ્ટિ સમીપ ખડું કરાવનાર મહાન્ દિવસોમા એ પરમાત્માની સ્મૃતિમાં અન્ય તે કયો સન્દેશ ગ્રહણ કરવાનો હોય? એ અહિંસાના મહાન્ પ્રીરસ્તા અને પ્રેમના મહાસાગરના જીવનમાંથી જે જે ગુણકીર્તન અને વિશિષ્ટ આચરણના અમીપુંજો પ્રાપ્ત થાય છે એમાં અહિંસા સત્ય અને પ્રેમ અર્થાત્ ભાતૃભાવ રૂપી ત્રિપુટી અગ્રપદે આવે છે. એ મહાપ્રભુની ભાતૃભાવ સંબંધેની વાખ્યા માત્ર દેશ પૂરતી નથી રહી, પણ વિશ્વના દરેક માનવ હૃદય અને સાથે સાથ અખિલ જીવસૃષ્ટિ પ્રતિ લંબાઇ છે. સચરાચર જગ-તની મૈત્રી એજ તેમનો મુદ્રાલેખ હતો. એનાથીજ જીવનના બાંતેર વર્ષો પાછળનો ઇતિહાસ ભર્યો છે. એને સંપૂર્ણ પણે ઉકેલવા સારૂ પર્યુષણ પર્વના આઠ દિવસો જ્યાં ઓછા પડે છે! ત્યાં થોડા કલાકોનો શો હિસાબ!

વર્તમાન દુનિયાની આ વિષમ પળે એ ગુણ ત્રિપુટીની પુનઃ આસેવના જરૂરી છે. મન-વચન અને કાયાથી એને અમલી બનાવવાની પળ ઉપસ્થિત થઇ ચુકી છે. આજના આ ભીષણ હત્યાકાંડમાં જે કામ શસ્ત્ર સામગ્રીની વિપુળતાથી નથી સધાવાનુ-તે કામ માત્ર અહિંસા-સત્ય અને પ્રેમ રૂપી ગુણોના સહવાસથી સધાશે. જરૂર છે એ ગુણોનુ પાલન નિર્દંભપણે હૃદયના સાચા ભાવથી કરવાના દ્રઢ નિશ્ચયની. એ ગુણત્રિવેણીમાં સાચે ભાવે કરેલા સ્નાનથી અવશ્ય ગમે તેવા ચીકણા અને ગમે તેટલા વર્ષો જુના પાપોનું પ્રક્ષાલન નિશંક-પણે થવાનું છે. પણ એ પર દ્રઢ શ્રદ્ધા હશે તોજ.

ભારતવર્ષમાં પ્રભુશ્રી મહાવીરે એ સંદેશ સૈકાઓ પૂર્વે પ્રચારીને એ સમયની દુઃખદ સ્થિતિનો અંત આણ્યો હતો. આજે એજ દેશમાં એક મૂઠી હાડકાનો માનવી એ સંદેશ મારફતે ભારતમાં સ્વરાજ્ય સ્થાપવાના પ્રયાસ સેવી રહ્યો છે. અરે એ મારફતે જગતની અન્ય પ્રજાઓને સાચી શાન્તિના પયગામ પાઠવી રહ્યો છે.

જૈન સમાજ ચક્ષુ સામે બની રહેલ આ બનાવોથી અજાણ નજ હોઇ શકે. એની સ્થિતિ પણ આજે ઓછી ગ્લાનિ પેદા કરે તેવી નથી. એને ત્યાં પણ આજે છાશવારે કલેશો ઉદ્ભવી રહેલાં છે. તડા વાડા કે દળબંધીનો આજે શુમાર નથી રહ્યો. કોઇ સિદ્ધાંતના નામે લડે છે, તો કોઈ માન્યતા ખરી કરવા સારૂ કેડ કસે છે. એકજ પિતાના સંતાન વચ્ચે ચાલી રહેલ આ કલેશ દાવાનલ શમાવવા સારૂ ત્રીજી સત્તાના સધિયારા શોધાય છે. ત્રીજી સત્તાનો ન્યાય કેવો હોય છે અગર એ બિલાડીને વાંદરા દ્વારા કેવો ઇન્સાફ મળ્યો એ વાત આ ડાહ્યા પુત્રોને યાદ પણ નથી આવતી! આવા ટાણે પ્રભુશ્રીના અણમૂલા સૂત્રો-અહિંસા-સત્ય અને પ્રેમ કેમ વીસરી જવાય છે? વસ્તુ સ્વરૂપ પિછાનવાની નય પદ્ધતિ કે સ્યાદ્વાદ રીતિ શા સારૂ યાદ નથી કરાતી? આવા ટાણે જૈનો એ ઉમદા માર્ગનો અમલ કરી માત્ર જૈન સમાજનુ ઐકય સાધે પણ ઇતર પ્રજાને અને આગળ વધી લડી મારતી પ્રજાને બોધપાઠ પુરો પાડે એવું ખમીર શું નહીં બતાવે? આવેલી તક એળે ગુમાવવા જેવી ભૂલ કરશે?

આજના એ પ્રભુના જન્મ સ્મરણના પવિત્ર દિવસોમાં ઝઘડવાની વૃત્તિને તિલાંજલિ સમર્પી કરવાના કામોમાં મશ્ગુલતા દાખવવારૂપ એકજ સન્દેશ હોઇ શકે?

તીર્થ હકોનુ રક્ષણ-સાહિત્યનો ઉદ્ધાર-સરાક આદિ જાતિઓમાં ધર્મ પ્રચાર-વિસ્તૃત પ્રદેશમાં શ્રમણોનો વિહાર શોધખોળ-સ્વામી ભાઇઓની બેકારીનુ નિવારણ આદિ ઘણા ઘણા રચનાત્મક કાર્યો રાહ જોતાં ઉભાં છે. એને છુટા છવાયા પ્રયત્નો કરતાં સમાજના સંગઠિત બળની પ્રેરણાની અગત્ય છે. એ માટે પ્રત્યેક જૈન પ્રતિજ્ઞાબદ્ધ થશે કે?

—મોહનલાલ દીપચંદ ચોકસી.

ઉપર વ્યાખ્યાનો આપ્યાં હતાં. છેલ્લે દિવસે ભાંગવાડી થીએટર રોકવામાં આવ્યું હતું. કેટલાકો એમ બોલતા સંભળાતા હતા કે આ દિવસોમાં ધાર્મિક વ્યાખ્યાનોને વધારે મહત્વ અપાવું જોઇએ.

આ શિવાય, કોટ, સેન્ડહર્સ્ટ રોડ, વાલકેશ્વર બંદર વિગેરે સ્થળે પણ ધામધૂમ પૂર્વક પર્વારાધના થઈ હતી. માત્ર બ્લેક આઉટને લીધે બત્તીઓની ખામી તરી આવતી હતી.

વરઘોડા—દર વર્ષની માફક આ વર્ષે પણ બે વરઘોડાઓ એક ગોડીજી મહારાજને ઉપાશ્રયેથી, અને એક લાલબાગથી-એમ નીકળ્યા હતા, વરઘોડાઓમાં પણ લડાઇની અસર જણાતી હતી, આગળ જેવો ઉત્સાહ કે ઠાઠ નજરે પડતા નહતા. આ બે વરઘોડામાંથી પૂર્વની પેઠે એકજ વરઘોડો નીકળે તો જનતામાં ઉત્સાહ વધે અને ઠાઠમાઠ પણ ઠીક થાય.

સ્વામિવત્સલ્યો—દર વર્ષની માફક આ વર્ષે પણ જુદા જુદા સંઘોના સ્વામિવાત્સલ્યો તથા પારણાંઓ થયા હતા. માત્ર પાંચમની નોકારશી થઈ નહતી, આ વર્ષે જમણવારોમાં કંઇક અંશે વ્યવસ્થા જળવાઇ હતી અને સ્ત્રી પુરૂષોનાં જુદા જુદા ટાઇમો રાખેલા હોવાથી બહુ હેરાનગતી થતી નહતી, જો કે જગ્યાની તંગાશ તો જણાતીજ. સાંભળવા પ્રમાણે છઠના વરઘોડા બાદ જે જમણ થયું તેમાં અવ્યવસ્થા ને અંધા-ધુંધી હતાં. મુંબઈ જૈન સુધારામાં અગ્ર ગણાતી જૈન કોમ જમણવારની બાબતમાં જે બેદરકારીપણું દાખવે છે તેથી અન્ય કોમોમાં જૈન પ્રજા હાંસી પાત્ર બને છે, આ વિષયમાં અવ્યવસ્થા અને ગંદકી અટકાવવા વ્યવહારૂ પગમાં તુરત ભરાવાની જરૂર છે.

—જાણકાર.

તું તને ઓળખ?

લેખાંક ૧ લો.

લેખક:
નાનચંદ જે. દલાલ.

Dust Thou art, To Dust returnest was not spoken of the soul.

તારૂં શરીર માટીમાંથી ઉત્પન્ન થયું છે. માટીમાં છેવટે તે મળી જશે. પણ તારો આત્મા તો અમરજ છે. અને તે એક ખોળીઆમાંથી-બીજામાં એમ થોડા થોડા કાળના અંતે તે ખોળીઆં બદલતોજ રહે છે. એ in અને exit ની પરંપરા કયાં સુધી ચાલે છે? જ્યાં સુધી તું તારા આત્માના અવાજને રૂંધી રાખે છે, જ્યાં સુધી એના અવાજને જગત સમક્ષ આચારમાં મૂકી ન શકે, ત્યાં સુધી. પછી ભલે હજારો ખોળીઆ-એ બદલ્યે જાય. તો એ પરમાત્મમાંથી સફરે નીકળેલ તારો આત્મા-એ પરમાત્મમાં કયારે મળી જાય? કયા ખોળીઆમાં રહીને તે પરમાત્મ માર્ગે ચાલી જાય છે? તારા આત્માનું પૂર્ણ સ્વરૂપ તું આજન્મમાં-મનુષ્ય જન્મમાં જોઈ શકે છે અને એજ ભવમાં તું-તે પરમાત્મને માર્ગે પરવરે છે. તારી સાધનાની સફળતા કે નિષ્ફળતા-તારા હાથમાં નથી, તારા પૂર્વ જન્મના કર્મોના હાથમાં છે. મનુષ્ય ભવ એજ મહાન ભવ છે, એટલા માટેજ કે તેમાંથી તું તારા અસલ સ્થાને-પરમાત્મામાં મળી જઇ શકે છે.

તું એક અણસમજુ બાળક છે. કયે રસ્તે ચાલવું તેનું તને જ્ઞાન નથી. બાહ્ય જગતના દેખીતા-રસ્તાઓ પર તું ચાલે છે. અને એના પ્રલોભનો-ઐહિક સુખો પ્રાપ્ત કરવા મથે છે. તું રખડે છે-રવડે છે. શાને માટે? પેટ ભરવા, તારી ઇંદ્રિયોની લોલુપતા પોષવા.

તારી આંખની લાલસા પોષવા તું સૌંદર્ય જુએ છે. તેનો ઉપભોગ કરે છે. પણ તે ઘણે ભાગે કૃત્રિમ સૌંદર્ય હોય છે. આત્માનું સૌંદર્ય જોવાના ચક્ષુ-મનઃ ચક્ષુ તારી પાસે નથી. અને છે તો તેનો તને હાલ કંઇ ઉપયોગ નથી. જ્યારે તે ચક્ષુઓ ખુલશે ત્યારે તું તે વડે ઘણોજ આનંદ તે કુદરતી સૌંદર્યમાંથી લઇ શકશે. તને તે પવિત્ર સુંદર સૃષ્ટિને તારા અપવિત્ર લાલસા રૂપી હાથો અડાડતાં-ભય ઉત્પન્ન થશે. તું દૂરથી-પાસેથી-તેને અટકયા વગર આનંદનો ભોક્તા થશે તે આનંદ ચિરકાળ સુધી તારા સ્મરણપટ પર કોતરાઇ રહેશે. અને એમ ધીમે ધીમે તું એક દિવ્ય જ્યોતિ જોઇ શકશે કે જે જ્યોતિના આધારે તું પરમાત્મના માર્ગે પરવરશે.

તારા બાહ્ય ચક્ષુ અને અંતર ચક્ષુ એક સાથે એક ચીજને જોશે ત્યારેજ તારી દૃષ્ટિ તે ચીજને બરાબર ઓળખી શકશે. તું જ્યાં જ્યાં ફરે છે ત્યાં ત્યાં તું કાંઇનું કાંઇ જુએ છેજ. બધી ચીજે શું તું તારી આંખ ખુલ્લી રાખી જોઇ શકે છે? ધાર કે તું એક દૃશ્ય જુએ છે, એક ભિખારી-રોટી માટે ટળવળતો. ચીંથરેહાલ અને દુર્બળ. શું તું વધારે વાર એને જોઇ શકશે? ન જોઇ શકે તો તું શું કરે છે? એ દૃશ્ય તરફથી તું તારી દૃષ્ટિ ફેરવી લે છે કારણ? તારો આત્મા દુભાય છે તેથી? શું બરોબર તારો આત્મા દુભાય છે? અને જો તારો આત્મા દુભાય નહિં તો શું તું માનવી છે? કોઇ એવો આત્મા નથી કે જે આ કરૂણ દૃશ્યોથી દુભાતો નથી ત્યારે તું શું કરશે? જો તું આત્માના અવાજને પિછાની તેને માન આપવા માગતો હોય તો તું તે કરૂણ દૃશ્યને પલ્ટાવવા પ્રયત્ન કરશે. તે ભિખારીને રોટી આપશે તેને કપડાં આપશે તેને શરણ આપશે. તારી આપેલી એક કે બે રોટી ખાઇને તેનું તે દયામણું મુખ હંમેશા માટે પ્રફુલ્લ બની રહેશે? જ્યાં સુધી તેનું પેટ શાંત રહેશે ત્યાં સુધી તને તે અંતરથી આશિર્વાદ આપશે અને પાછી ભુખ લાગશે ત્યારે? ત્યારે તો તે જ્યાં સુધી એની ભુખ સંતોષાય નહિં ત્યાં સુધી માનવ જગતને તે શ્રાપો અને નિઃશ્વાસોથી ભરી દેશે. ત્યારે શાથી તેનું દમદર તું ફેડીશ? તેની એ દશા શાથી થઇ? તેમ ન થાય તેવા કયા રસ્તા છે? શું જગતની અર્થ વ્યવસ્થા જ ખોટી છે? કયા પાયા પર એ વ્યવસ્થાની ઇમારત રચાયેલી છે? માનવી માનવીને મારી પેટ ભરે અરે મુડદાં પર બેસી ખાય તેવી એ અર્થ વ્યવસ્થા નાબુદ ન થાય? પણ હાં તું કયાં એ બધી પંચાતમાં ઉતરે! તારે તેની શી પડી છે? તને ખાવાનું-મોજમઝાહ મળે છે ને? પછી બીજાની તારે શું! પણ એક કમનસીબ દિવસે તારી કાબેલીઆત્ત તારી પ્રપંચ જાળ હારી-તુટી-જાય તો તું પણ એ દશામાં આવી પડીશ ત્યારે? ત્યારે તું કરીશ શું? 'ભગવાન ભુખા ઉઠાડે છે પણ ભુખા સુવાડતો નથી' એ ઉકતી જુની-જીર્ણ અને અસત્ય આજે નથી નીવડી?

તું ભુખ્યાને અન્ન આપ. તારી પાસે વધારે પડેલો કોળીઓ-તેને આપ અને એમને એમ જીવન જીવ્યે જા-પછી એક દિવસ તને બીજાને ખવડાવ્યા વગર ખવાતુંજ નથી એમ લાગશે. તે દિવસ તારા પેલા પંથ પ્રવેશનો હશે. (અપૂર્ણ.)

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૯, પાયધુની, મુંબઈ, ૩.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ઓફીસની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર: HINDSANGHA. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર. REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. ઝાલન.

જૈન યુગ

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૨૪

વિ સં. ૧૯૯૭, કારતક વદ ૧, શનિવાર. તા૦ ૧૬ નવેમ્બર ૧૯૪૦

JAIN YUGA

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

આવતા અધિવેશનમાં પ્રતિનિધિની ચુંટણી સંબંધે જૈન સંસ્થા, સભા કે મંડળોને નિવેદન.

જૈન સંસ્થા, સભા કે મંડળના મંત્રીઓને વિજ્ઞપ્તિ કે આપણી કોન્ફરન્સનું આવતું ૧૫ મું. અધિવેશન નિંગાળા મુકામે તા. ૨૫, ૨૬ અને ૨૭ મી ડિસેમ્બર ૧૯૪૦ ના દિવસોએ શ્રીયુત છોટાલાલ ત્રિકમલાલ પારેખ (વકીલ) ના પ્રમુખપદે મળનાર છે. મજકુર અધિવેશનમાં પ્રતિનિધિઓ મોકલવા સંબંધે મુંબઇના ગત ૧૪ મા અધિવેશનમાં મંજુર કરવામાં આવેલ બંધારણની નીચેની કલમ પ્રત્યે આપનું ધ્યાન ખેંચીએ છીએ.

બંધારણ કલમ ૪ પ્રતિનિધિ.

આ કોન્ફરન્સ પ્રતિનિધિઓથી બનશે. જેઓ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો હશે અને જેઓ સુકૃત ભંડાર ફંડમાં પોતાનો ફાળો જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષ માટે આપે તેઓજ નીચેના નિયમોને અનુસરી પ્રતિનિધિ થઈ શકશે.

(૧) કોઇ પણ શહેર કે ગામનો સંઘ યા સભા કે મંડળ યા સંસ્થા જે યોગ્ય ગૃહસ્થને કે સન્નારીને પ્રતિનિધિ તરીકે નીમી મોકલે તે વિગેરે.

નોટઃ–પ્રતિનિધિની ઉમર ૧૮ વર્ષથી ઓછી હોવી ન જોઇએ તથા સભા મંડળ કે સંસ્થા ઓછામાં ઓછું એક વર્ષ જુનું હોવું જોઇએ અને તે સ્થાયી સમિતિએ (સ્ટેન્ડીંગ કમીટીએ) સ્વીકારેલું હોવું જોઇએ. તેમજ તેવાં સભા, મંડળ યા સંસ્થાઓએ પોતાના નામ કોન્ફરન્સ કાર્યાલયમાં રૂપીઓ એક વાર્ષિક લવાજમ જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષ માટે આપી નોંધ (રજીસ્ટર) કરાવેલો હોવો જોઇએ. દરેક સ્થળની સભા, સંસ્થા કે મંડળ વધારેમાં વધારે પાંચ પ્રતિનિધિઓ પોતાના સભ્યોમાંથી ચુંટી શકશે.

ઉપરોક્ત હકીકત તરફ ધ્યાન ખેંચી નિવેદન કે આવતા અધિવેશનમાં પ્રતિનિધિઓ મોકલવા માટે સભા, મંડળ કે સંસ્થાએ જરૂરી લવાજમ મોકલી રજીસ્ટર થવા અને કોન્ફરન્સની સમિતિની સ્વીકૃતિ માટે છેલ્લો રિપોર્ટ મોકલે અને એક વર્ષ જુનું હોવાની ખાત્રી સંબંધે વિના વિલંબે લખી જણાવે. એટલે એ બાબતમાં તુરત ઘટતું કરવા ચુકશો નહિં.

૨૦, પાયધુની.
તા. ૧૧ નવેમ્બર ૧૯૪૦

લી. સેવક,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઇ.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૧૧-૪૦. શનીવાર.

આંખ ઉઘાડી રાખવાની જરૂર.

નિગાળા અધિવેશન આજે જૈન સમાજમાં સાચેજ પ્રેરણાપૂરક થઇ પડયું છે. એને સૌ પક્ષોને વિચાર કરતાં કરી મેલ્યા છે. આ જાતની સ્થિતિ સેવાભાવી વર્ગ માટે આશાસ્પદ ગણાય. ખરી વસ્તુનુ તોલન જેટલું સાથેના મિત્રોની વાતપરથી કે સહકાર્યકરોના વાર્તાલાપથી નથી થઇ શકતું એ કરતાં અતિ ઘણુ વિરોધ ધરાવનાર વર્ગના વ્યાનમાંથી કે ટીકા કરવામાંજ ધર્મ માનનાર તંત્રીઓના વાકૂબાણુમાંથી કરી શકાય છે અધિવેશનને માત્ર સફળ જ નહિં પણ જૈન સમાજના ઇતિહાસમાં નવું પાનુ ઉઘાડનાર તરિકે લેખવવું હોય તો જેમણે હાથમાં આજે કોન્ફરન્સનું તંત્ર છે અગર જેમણે આ કાર્ય હાથ ધર્યું છે એ સર્વ કાર્યકર્ત્તાની જવાબદારી કટોકટીની પળમાંથી પસાર થઇ રહી છે એમ માની, ટીકાના તીખા તમતમતા પ્રહારો ઝીલવા છાતી ઉઘાડી રાખી, હાથ ધરેલ કાર્ય પાછળનો ઉદ્દેશ પાર પડે એ સારૂ એક પણ પ્રયત્ન બાકી ન રહે તે માટે આમ સાવચેત રહેવું પડશે. જરૂર પડયે કડવા ઘુંટડા ગળી જઇને, કિંવા ચીરકાળ સંચિત મંતવ્યને હળવા બનાવીને પણ જે કાર્ય હાથ ધર્યું છે–અર્થાત્ કોન્ફરન્સને જૈન સમાજમાં પુનઃ જનહિતના કાર્યો હાથ ધરતી બનાવવાનો મનોરથ સેવ્યો છે—તે પાટા પર ચઢાવીનેજ આરામની 'હાશ' ઉચ્ચારવાની છે ત્યાં લગી સતત્ કાર્યશીલ ને દત્તચિત્ત રહેવાનું છે. આ દૃષ્ટિબિંદુ સામે રાખી, 'જૈન બંધુ'ના કોલમો કે હરકોઇ પત્રના અવલોકનો જોશું તો, અથવા સોસાયટી પક્ષના મેળાવડા પ્રસંગે ઉચ્ચારેલ વાકયો વિચારીશું તો એમાંથી ઘણું એવું જડી આવશે કે જે સબંધી ચોખવટ કરવાની અગત્ય જણાશે અને સાચી જાગૃતિ અર્થે કે ખરા સંગઠન માટે કેવા પગલા ભરવા તેનો બરાબર ખ્યાલ આવશે. આપણે કેવળ ઠરાવો નથી માંગતા, તેમ આપણે કેવળ દિશા સુચન કરી પ્રતિ કર્ત્તવ્યતા નથી સમજતા એ તો હવે ઉઘાડી વાત છે; કેમ કે એ યુગ આથમી ગયો છે એવું આપણે સારી રીતે જાણીએ છીએ. એટલે આપણને નાના કે મોટા-શક્તિ પ્રમાણે-એકાદ બે કે તેથી વધુ રચનાત્મક કાર્યના મંગળાચરણ કરવાની હોંશ છે. વસ્તુતઃ એજ સાચી દિશા છે. એવા કાર્યોની અસર મોડી મોડી પણ જરૂર થયા વિના રહેતી નથી. જ્યાં આ સ્થિતિ પર લક્ષ્ય ઠેરવ્યું કે સત્તર-પંદર કામોમાં માથુ મારવાની વૃત્તિ આપોઆપ પલાયન થવાની. ઉદ્દેશ વિસ્તાર સંભવી શકે પણ કાર્યના રેખાંકન તો મર્યાદિત જ હોય. એક સામટી ઝાઝે ઘોડે સવારી ન થઇ શકે. જ્યારે આ આપણું ધ્યેય નિશ્ચિત છે તો જે સંગઠન–કે સમાજમાં પડેલ ફાંટા સાંધી દઇ સંપ-કરવાના પ્રયાસ થંભી ગયા છે તે પુનઃ શરૂ કરવામાં આવે. કેળવણી અને દારિદ્ર નિવારણ જેવા ઠરાવો માટે જ્યારે વિરૂદ્ધ પક્ષમાં ઉભેલા કે તટસ્થતાનો દાવો કરતા ગ્રહસ્થો તરફથી પણ પ્રોત્સાહન પ્રાપ્ત થાય છે ત્યારે એને લગતી યોજનામાં પૂર્ણ સહકાર પ્રાપ્ત થાય અને એ કાર્ય અખિલ જૈન સમાજ પર્યંત સરળતાથી વિસ્તાર પામે એ ખાતર પણ જે વાત આડખીલી રૂપ થઈ પડતી હોય કિંવા જેના માટે સંગઠન જોખમાતુ હોય એ જતી કરવાનો આજે આપણો ધર્મ છે. સમાજના શ્રેય અર્થે કાર્ય કરનારા સાચા સેવકોએ એ ટાણે હોરી ઢીલી મૂકવી એમાં રંચમાત્ર હીણપત નથી પણ સાચી શોભા છે.

એક વાર ફરીથી સૌકોઇને આગ્રહપૂર્વક વિનવીએ કે જે વિષય પર ચર્ચાના વાદળો ઘેરાયા છે એ એટલા ગહન નથી કે જે માટે માર્ગજ ન નીકળે! દીક્ષા માટે વડોદરા સરકારનો ઠરાવ કે કોન્ફરન્સની મીનીટ બુકનો ઠરાવ હાજર છતાં જે શુભ પરિણામ નથી લાવી શકાણુ તે કરતાં વધુ સારૂ પરિણામ બે આપણી વચ્ચે પુનઃ સંપ જામે અને સંઘ બંધારણ નિશ્ચિત થાય તો–મુનિ સંમેલનના ઠરાવનો કડક પણે અમલ કરાવી આણી શકાય. એવીજ રીતે દેવદ્રવ્યના પ્રશ્નનો ઉકેલ પણ સાધુ મહારાજાઓનો સહકાર સાધી, વિચાર વિનિમયથી લાવી શકાય. ગમે તેટલા જુસ્સાદાર ઠરાવો એ માટે કરવામાં આવે પણ એ માટે જ્યાં લગી સાધુ સંસ્થામાંથી ટેકો નહીં મળે ત્યાં લગી કંઇજ અમલી કાર્ય થવાનું નથી. માત્ર ઠરાવની અસર વાડાના અંતર વધારનારીજ થવાની. વિધવા વિવાહનો પ્રશ્ન કાર્ય વિસ્તારની મર્યાદા બહારનો હોઈ એ માટે સરકારી કાનુન થયેલ હોવાથી, વિના કારણ એને આગળ આણી સંક્ષોભ પેદા કરવાની જરૂર જ નથી. ખરી રીતે દેવ દ્રવ્ય કે વિધવા વિવાહ સંબંધમાં કોન્ફરન્સે હજી સુધી કંઇ પણ ઠરાવ કર્યોજ નથી. સામી છાવણીમાં બિરાજતાં મહાશયો તરફથી કોન્ફરન્સના શીરે ઓરાઢવામાં આવેલ એ એક માત્ર જુઠાણું છે. વળી જુન્નર અધિવેશનમાં થયેલ દીક્ષા સંબંધના ઠરાવ કરતાં અમદાવાદના મુનિસંમેલનનો એને લગતો ઠરાવ વધુ કડક છે. તો પછી એવી કઇ દિવાલ આડી નડે છે કે જેથી આપણે સાથે નથી મળી શકતા? કેવળ જો વડોદરા નિબંધને ટેકો આપતી મીનીટનો ઠરાવ એ દિવાલ પણે પરિણમતો હોય તો એને જમીનદોસ્ત કરવાની તૈયારી કોન્ફરન્સના આગેવાનોએ દાખવી છે અને એના સાક્ષીભૂત તરિકે શેઠ જીવાભાઇ

જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ અને
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

જૈન સમાજની વર્તમાન ગાઢ અંધકારમય પરિસ્થિતિનો વિચાર પ્રત્યેક સહૃદય જૈનને ભારે મુંઝવે તેવો છે. એક સમય એવો હતો કે જ્યારે જૈનો દરેક ક્ષેત્રમાં આગળ તરી આવતા હતા. પણ પરિવર્તનશીલ વિશ્વમાં ઉથલપાથલ કોને નથી સ્પર્શતી? જૈન સમાજમાં પણ અનેક પ્રકારે ઓટ આવી. અધૂરું હોય તેમ આંતર કલહ ભળ્યો. પછી શું ન્યૂનતા રહે?

સમાજમાં મંદતા આવે ત્યારે તેના અંગભૂત સંસ્થાઓમાં પણ સહેજે મંદતા આવી જાય છે. અખિલ ભારતવર્ષિય શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ એક વખત આખા જૈન સમાજનો વિશ્વાસ સંપાદન કરી, આગળ વધતી સંસ્થા હતી. તેના અધિવેશનના મહારથીઓની નામાવલીમાં જૈન સમાજના સમૃદ્ધ અને પ્રતિષ્ઠાપાત્ર ગ્રહસ્થોના નામો જોઇ શકાય છે. આમ છતાં સમાજમાં પ્રસરેલા કલેશાગ્નિએ સૌને દઝાડયા, અને તેની થોડી ઘણી અસર આપણી કેટલીયે સંસ્થાઓને થઇ. કૉન્ફરન્સ પણ તેમાંથી બચી ન શકી.

ગત વર્ષમાં કૉન્ફરન્સના હોદ્દેદારોએ સુલેહ માટે ઘણા પ્રયત્ન કર્યો. પણ દુર્દૈવશાત્ એ કાર્ય નજ બન્યું એ અરસ-માંજ કૉન્ફરન્સની સ્થાયિ સમિતિની એકક મુંબઈ ખાતે મળી. બે દિવસની છણાવટ ભરી વિચારણા બાદ કૉન્ફરન્સનું અધિવેશન, જૈન સમાજમાં અતિ અગત્યના બે પ્રશ્નો–કેળવણી પ્રચાર અને આર્થિક ઉદ્ધાર ઉપરજ લક્ષ કેન્દ્રિત કરી ભરવા માટે નિર્ણય થયો. તે સમયેજ ત્રણ સ્થળથી આમંત્રણ મલ્યા અને દરેક આમંત્રણ દાતાએ પોતાના સ્થળને પસંદ કરવા પ્રેમપૂર્વક આગ્રહ કર્યો. સ્થળનું પાછળથી નક્કી કરવા નિર્ણય કરી ત્યારે સૌ વિખરાયા.

તત્પશ્ચાત્ બધી દૃષ્ટિએ વિચારી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ નિંગાળા ખાતે અધિવેશન ભરવા નિર્ણય કર્યો. આ નિર્ણયથી આમંત્રણદાતા શ્રી નિંગાળા જૈન સંઘ અને શ્રી મણીભાઇ શેઠ વિગેરેને આનંદ થયો. પરિણામે તુરતજ તેઓએ નિંગાળા ખાતે સ્વાગત સમિતિની સભા બોલાવી અને આ કાર્યને સારી રીતે પાર ઉતારવા જુદી જુદી સમિતિઓ સ્થાપી દીધી.

નિંગાળા એ નાનું ગામડું છે. પણ કાર્યવાહકોનો અદમ્ય ઉત્સાહ અને એક સંપીતાથી મોટા શહેરોએ જે ન કર્યું તે કામ નિંગાળા કરી બતાવશે એ સ્પષ્ટ જોઇ શકાય છે. સંઘની દરેક વ્યક્તિને ઘેર જાણે કોઇ મહા ઉત્સવ આવ્યો હોય તેવો ઉત્સાહ પ્રગટયો છે અને તેવીજ ધગશથી સૌ પોતપોતાની જવાબદારી અદા કરવા તત્પર બન્યા છે. નિંગાળા ખાતે સ્વાગત સમિતિની ઑફીસ ખુલ્લી મૂકાઈ ગઇ છે અને મંડપ સમિતિ, રસોડા સમિતિ, ઉતારા સમિતિ વિગેરે સમિતિઓએ પોતપોતાનું કામ આરંભી દીધું છે.

અધિવેશનમાં ચર્ચાવાના પ્રશ્નો વિષે એ મત નથી એ તો કોઇપણ જોઇ શકે તેમ છે. 'દિશા સૂચન' દ્વારા કૉન્ફરન્સના મહામંત્રીશ્રીએ એ બાબત ફરીથી સ્પષ્ટ કરી છે. આથી આગામી અધિવેશનમાં સમાજ પ્રેમી પ્રત્યેક જૈન ભાગ લેશે આ આશા અસ્થાને નથી.

હવે આપણે એ બન્ને પ્રશ્નોની અગત્યતા વિચારીએ.

બન્ધુ સમાજોને મુકાબલે જૈન સમાજમાં કેળવણી પ્રચાર નામ માત્રનોજ છે એમ કબુલ્યા વિના છૂટકોજ નથી. એક તાજો દાખલો જોઇએ. રાજકીય સંયોગોના વૈચિત્ર્યથી લીંબ-ડીની જૈન બોર્ડીંગ બંધ પડી. પરિણામે અનેક વિદ્યાર્થીઓને શિક્ષણમાં આગળ વધવાની ભાવના છતાં અન્ય સ્થળે સવડ ન થવાથી દુઃખપૂર્વક ઘેર બેસવું પડયું છે. આ દશાને શોચ-નિય ન કહેવાય તો અન્ય શું નામ આપવું?

જૈન સમાજમાં પ્રવર્તતિ બેકારીનો કોયડો ભારે વિષમ છે. મધ્યમ વર્ગના લાખો જૈનો રોજીંદુ જીવન કેવું ગાળે છે તેની કલ્પના ફક્ત તેઓજ જાણે છે. જૈનોનું દ્રવ્ય પ્રતિવર્ષે પુષ્કળ ખર્ચાવા છતાં સમાજમાં કંગાલીયત અને અ શિક્ષણ વધીજ રહ્યા છે! વર્તમાન જૈન સમાજનો આ ચિતાર દુઃખ ઉપજાવે તેવો નથી શું?

આ પ્રશ્નોનો તોડ લાવવા આપણી મહાસભા નિંગાળા સંમેલન દ્વારા પૂર્ણ પ્રયાસ કરશે. અધિવેશનના પ્રમુખ પણ ભારે કુશળ અને જૈન સમાજના પ્રીતિપાત્ર મળ્યા છે. આ સર્વ લાભ ઉઠાવાય તોજ પ્રયત્નની સફળતા ગણાય. આશા છે કે દરેક સુજ્ઞ જૈન પોતાની ફરજ સમજી, ડીસેમ્બરની ૨૫ મી તારીખે નિંગાળા હાજર થાય.

—રાજપાલ ભગનલાલ વહોરા.

ચારિત્ર ઘડતરમાં ધાર્મિક શિક્ષણ અનેરો ભાગ ભજવે છે અને જૈન ધર્મના જ્ઞાનથી એક પણ બાળક વંચીત ન રહેવા જોઇએ એવી આપણી ભાવના સહજ હોયજ એટલે એનું શિક્ષણ પદ્ધતિસર અપાય ને આજે એને લગતુ કામ કરી રહેલ સંસ્થાઓ એક સુત્રે નાથી શકાય તેવો પ્રબંધ જરૂરી છે. જ્ઞાન-ક્રિયા વડેજ મોક્ષ શકય છે એટલે પ્રાપ્ત કરેલ જ્ઞાન વર્તનમાં ઉતરે તે સારૂં. દેવાલય–ઉપાશ્રય–સાધુસંગ અને વ્રત તેમજ આવશ્યક કરણી કેવા અગત્યના છે એ સમજાય ને તેમાં રસવૃત્તિ વૃદ્ધિ પામે તેવા માર્ગ યોજવા ઘટે છે.

દરિદ્ર નિવારણ માટે યોજનાઓ આવશે પણ એમાં ધનિ-કની અગત્યતો રહેવાની–જેનું પ્રમાણ સંસ્થાની નજરે નહિં જેવું લેખાય–એટલે એ યોજનાઓ ઉપરાંત સમાજ આજે જે ઉડાઉ રીતે ફેશનમાં અને મોજ શોખમાં વલડાઇ રહયો છે તે એમાંથી અટકે અને રહેણી—કરણીમાં સાદાઇ આવે તેવા માર્ગ ચિંધવા જરૂરી છે. એમાં ખાદી પરિધાનની સલાહ અવશ્ય અગ્રભાગ ભજવવાની—રેંટીયા કાંતણ જેવા ધરગથ્થુ ઉદ્યોગો પણ ન જ વિસરાય. આ ઉપરાંત–સરાક આદિ જાતિઓને અપનાવવાનો પ્રશ્ન તેમજ જૈન ધર્મ અને સાહિત્ય પર થતાં પ્રહારો સામે સંરક્ષણનો પ્રશ્ન, અને પુરાતત્ત્વ કે શોધખોળ ખાતુ વિકસાવવાનો પ્રશ્ન, અને વારસામાં મળેલ વિદ્યમાન દેવ મંદિરો–જ્ઞાન ભંડારો કે–જીનબિંબો આદિની પદ્ધતિસર નોંધ અને સારી રીતે જાળવણીનો પ્રશ્ન એ એવા પ્રશ્નો છે કે જે માટે કોઇને વિરોધ ન જ સંભવે એમાં સૌ નો સાથ મળે અને રચનાત્મક કાર્ય માટે જ્યાં ક્ષેત્ર પણ વિશાળ છે. પણ એ સેવા વૃત્તિથી કંઇ કરવાની સાથ ધગશ હોય તોજ શકય બને. કેવળ ઠરાવથી શુકરવાર ન વળે.

≠ નોંધ અને ચર્ચા. ≠

સંસ્થાઓ અને ડેલીગેટની ચુંટણી.

બંધારણ અનુસાર અધિવેશન ટાણે સંસ્થાઓ પણ વધુમાં વધુ પાંચ ડેલીગેટ ચુંટી મોકલવાનો હક્ક ધરાવે છે અને એ સંબંધી શું વિધિ છે એ આ અંકમાં અન્યત્ર જણાવેલ છે. જ્યારથી સંઘોમાં કુસંપ વધી પડયા અને ચુંટણી કરવાનુ કાર્ય અશકય થઇ પડયું ત્યારથી આ નિયમ વધુ જોરદાર બન્યો. જ્યાં સુધી આ નિયમને અનુસરી સ્થાનિક સંઘને બદલે એ સ્થાનની જુદી જુદી સંસ્થાઓએ નિમેલા ડેલીગેટો આવે ત્યાં સુધી સ્થિતિમાં ઝાઝો ફેર નથી પડતો; પણ એથી ઉલ્ટું અમુક મોટા શહેરોની સંખ્યાબંધ સંસ્થાઓ મોટા પ્રમાણમાં ડેલીગેટો ચુંટી મોકલે ત્યારે વિષમ સ્થિતિ ઉભી થયાનો પ્રસંગ આવે છે. વિષય વિચારીણી સમિતિમાં જવા સારૂં જે ખેંચાખેંચી થાય છે તે જોવા જેવી થઇ પડે છે! પરિણામ ઘણું ખરૂં એ આવે છે કે મોટા શહેરમાં વસનારા અને ભાગ્યેજ વર્ષમાં એકાદવાર વતનનુ મોઢું જોનારા–બંધુઓ વતન કે પ્રાંતના નામે સમિતિમાં ગોઠવાઈ જાય છે. આથી ચર્ચા કરનાર વર્ગ જરૂર વધે છે પણ એ પાછળનુ પીઠબળ કે પોતાના વતનમાં લાગવગ જેવું તત્વ એમાં નહિ જેવુંજ હોય છે! સંસ્થાઓ પણ વિવિધ રંગી ઉદ્દેશોવાળી હોય છે એટલે એ તરફથી આવનાર ડેલીગેટો કોન્ફરન્સ જેવી સંસ્થાને કેટલા સહાયકારી થઇ પડે એ વાત પણ વિચારણીય છે. વળી કેટલીક સંસ્થાઓ સંપ્રદાય ભેદથી પર હોવાનો દાવો કરે છે અને તેમાં ત્રણે ફિરકાના સભ્યો હોય છે કેટલીક બાબતોમાં કોન્ફરન્સના અને એવી સંસ્થાના ઉદ્દેશમાં સ્પષ્ટ વિરોધ દ્રષ્ટિગોચર થાય છે તો એ ચલાવી લેવા જેવું છે કે કેમ તે પણ વિચારણા માંગે છે. જ્યાં સુધી સંઘો રીસામણા ભરી વલણ દાખવશે ત્યાં સુધી આ નિયમ તો રાખવોજ પડવાનો. સાચુ અને તે પણ પ્રાંત કે વિભાગની દ્રષ્ટિયે સંગીન પીઠબળ વાળું પ્રતિનિધિત્વ મેળવવું હોય તો એ સંબંધી બારિકાઇથી જોવું પડશે. જે સંસ્થાના આશય કોન્ફરન્સના આશયથી જુદીજ દિશાએ દોડતા હોય એ સંસ્થાના ડેલીગેટ મોકલવા સંબંધી હકનો કે એવી સંસ્થાના સભ્યો અધિકાર પદે આવી શકે કે કેમ? અગર તંત્રની લગામ એમના કરમાં સોંપાય કે કેમ? એ અવશ્ય ચિંતનીય છે. કોંગ્રેસ અને સુભાશ બાબુના પ્રગતિક પક્ષ વચ્ચે જેમ અંતર અને સિદ્ધાંતિક મતભેદ છે તેવું અહીં પણ હોવાથી આ વાત ખાસ ધ્યાન દેવા જેવી છે. કેટલીકવાર આવી સંસ્થાના સભ્યો અધિકાર પદે હોવાથી અને તેમના મંતવ્યોમાં ઉંધાડી ભિન્નતા હોવાથી છમરડા વળ્યા છે અને વળે છે.

અધિવેશન અને ઠરાવો.

કેવા ઠરાવો એમાં ચર્ચાશે કે એની મર્યાદા કેવા સ્વરૂપની હશે એ સંબંધી અનુમાન દોરવું એ ઉતાવળું ગણાય છતાં સામાન્ય રીતે એમાં શું હોવું જોઇએ એનો વિચાર કરીએ તો ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટિની સુચના પ્રમાણે તો કેળવણી· દારિદ્રય નિવારણ અને બંધારણમાં ફેરફાર આ મુખ્ય બાબતો ઠરાવનો બરડો ધડનાર સમિતિ સામે છેજ. એ ઉપરથી સમિતિ ભલામણ સુચક ઠરાવો ઘડે છે કે રચનાત્મક લાઇન દોરે છે તે જોવાનું છે. જો બોર્ડિંગો સ્થાપવી કે છાત્રાલયો ઉભા કરવા એટલુંજ કહેવાનુ હસે તો એથી નથી તો નવસર્જનવાદીઓને સંતોષ થવાનો કે નથી તો જુનવાણી વર્ગને સંતોષ થવાનો. બીજા સમાજ કરતાં આપણામાં કેળવણી ઓછી છે એમ માની લઇએ એટલે એ વધે તેવા માર્ગ નિયત કરવાનો અને એ સારૂ સાધનનો વધારો કરવાનો જરૂર આપણો ધર્મ પણ ખરો. એ સાથે હરગીજ ભુલવા જેવુ નથી કે કેળવણીની વર્તમાન પ્રથા પર આજે જાત જાતના સુધારા સુચવાયા છે અને એમાં પણ જે ધાર્મિક જ્ઞાનનો છેદ ઉરાડી દેવાયો છે એ સૌ કરતાં વધુ ખટકે છે.

પ્રતાપશી મોજુદ છે એટલે ગુંચ ઉકેલણીની જવાબદારી કોન્ફરન્સના શીરે નથી રહેતી પણ શેઠ જીવાભાઇ અને તેમના પક્ષકારોને માથે છે પ્રયત્ન કરવાની તક નિંગાળાએ ઉભી કરી છે અને ઐકય માટે સાચી લગ્ન હોય તો પુનઃ એ પાછળ લાગી જવાનું છે. ઉભય પક્ષમાં થોડા ઉદ્દામવાદીઓ તો રહેવાના કે જેઓ તલભર નમતું આપવાની વાતનો વિરોધ કરવાના. તેમના એ હક્ક સામે આંગળી ચીંધ્યા વગર એટલું કહીયે કે બહુમતી અજે એકયતાની તરફેણમાં છે અગત્ય છે એ પાછળ હાર્દિક ધગશથી કામે લાગી જનારની. નિંગાળામાં બંધારણ સુધારણાનો પ્રશ્ન ચર્ચવાનો છે. એમાં દેશકાળને અનુરૂપ ધાર્મિક મર્યાદાને ક્ષતિ ન પહોંચે અને ભારતવર્ષના નાના-મોટા દરેક સંઘોનું એમાં પ્રતિનિધિત્વ જળવાઇ રહે એ વાત ધ્યાનમાં રાખી, યોગ્ય ફેરફારો કરી શકાય તેમ છે. આગળના અંકમાં જણાવી ગયા તેમ એ સર્વ કરવાનો કિંવા એ પર આખરી મહોર મારવાનો હક્ક વર્તમાન સંઘોના મોકલેલા ડેલીગેટોને છે. આ જાતના હકને સમજનારા અને એ માટે સંગઠિત બની કામ કરનારા કેવી રીતે તંત્રનો કબજો લઇ શકે છે એ વાત આપણે રાષ્ટ્રિય મહાસભાના ચુંટણી સંગ્રામ પરથી અને પ્રધાન પદના સ્વીકારથી સારી રીતે જોઇ શકયા છીએ. કોન્ફરન્સનું બંધારણ પણ એજ જાતની સગવડ પુરી પાડે છે નિંગાળામાં મળનાર અધિવેશન એ કોઇ પક્ષ-મંડળ કે સુધારકોના અમુક વર્ગનું નથી પણ હિંદના અખિલ શ્વેતાંબર જૈન સમાજનું છે એ વેળા જે પ્રતિનિધિઓ સંગઠિત થઇ આવશે અને દલીલપૂર્વક પોતાની વાત સમુદાયના ગળે ઉતારશે તેમનીજ બહુમતી થવાની છે. તેઓ માત્ર પોતાના ઠરાવોજ પાસ કરાવી શકશે એટલુંજ નહિ પણ કોન્ફરન્સનું તંત્ર ચલાવવાનું પણ હાથ કરી શકશે. જે પક્ષ અત્યાર સુધી પોતાની બહુમતી માટે ગર્વ લ્યે છે-અરે કોન્ફરન્સ એ મૂઠીભર આદમીઓની સંસ્થા માત્ર છે એમ પોકારે છે-તે પોતાની વાત પુરવાર કરી બતાવવાની તક શા સારૂં ગુમાવે? પ્રમાણિકતાથી સામે ઉભી કાર્ય કરવાનું સપ્રેમ આમંત્રણ છે. રૂસણું રાખી બેસી રહેવાથી લાભ નથી. આ અવાજ દૂર સુધી પહોંચાડવામાં અને સચ્ચાઇથી બળમાપણી કરી લેવામાંજ આજના સમયે જૈન સમાજની સાચી સેવા શકય છે એ વાત પ્રત્યેક જૈનને ગળે ઉતારવામાં પત્રકારો અમને સાથ આપે તેવી વિનંતિ છે.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

સ્વાગત સમિતિ—નિંગાળા.

કૉન્ફરન્સના અધિવેશનના નક્કી થયેલા દિવસો.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સના પંદરમા અધિવેશનને માટે સં. ૧૯૯૭ ના માગસર વદ ૧૧, ૧૨, ૧૩ બુધ, ગુરૂ, શુક્ર તા૦ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર ૧૯૪૦ ના દિવસો નક્કી કરવામાં આવ્યા છે અને તે અર્થે સ્વાગત સમિતિ તરફથી દરેક પ્રકારની ગોઠવણની શરૂઆત થઈ રહી છે.

અધિવેશનના સ્થળનો ટૂંક પરિચય.

નિંગાળા એ ભાવનગર સ્ટેટ રેલ્વેનું સ્ટેશન છે. વઢવાણ અને ભાવનગરની મધ્યમાં આ ગામ આવેલું છે. ઝાલાવાડ અને ગોહીલવાડની સરહદો અહિં એકત્ર થાય છે અધિવેશન માટે ઉભું કરવામાં આવનાર કોઠારી નગરનો રસ્તો સ્ટેશનથી ફક્ત પાંચ મીનીટનો છે.

ઠરાવ અંગે.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સના પંદરમાં અધિવેશન વખતે સ્ટેન્ડિંગ કમિટીની છેલ્લી બોલામણ મુજબ કેળવણી અને બેકારીના મૂખ્ય ઠરાવો માટે તેને લગતી વિચારણા, પેટા યોજના વિગેરે સંબંધી ઠરાવો અથવા સૂચના હિન્દભરમાંથી આવનાર પ્રતિનિધિ ભાઇઓને તેમજ આ કાર્યમાં રસ ધરાવનાર અન્ય જૈન બંધુઓને કરવાની હોય તે અમોને નીચેના સરનામે તાકીદે મોકલી આપવા વિનંતિ છે જેથી ઠરાવ ખરડા સમિતિના કાર્યમાં સુગમતા થાય.

લિ૦ સેવક,
મણિલાલ જેમલ શેઠ.
મંત્રી
સ્વાગત સમિતિ.

નિંગાળા.
પી. એસ. રેલ્વે. કાઠીયાવાડ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું ૧૫ મું અધિવેશન.

આવતા ડિસેમ્બર ની તા. ૨૫, ૨૬ અને ૨૭ મી એ શ્વેતાંબર મૂર્તિપુજક કૉન્ફરન્સનું અધિવેશન નિંગાળા (કાઠીયાવાડ) મુકામે મળવાનું છે. આ અધિવેશન કૉન્ફરન્સના અત્યાર પહેલાં ભરાતા અધિવેશન કરતાં જુદીજ રીતે ભરાય છે.

અધિવેશનના મંડપને ખર્ચાલ પદ્ધતિએ નહિં સણગારતાં ગામડાની સુંદર કારીગરીથી સ્વચ્છ અને તંદુરસ્ત હવા પાણીવાળા ખુલ્લી જગ્યાના મેદાનવાળા ભવ્ય પ્લોટમાં તૈયાર કરાવવામાં આવશે. તેની બધી જવાબદારી રાષ્ટ્રની સેવામાં જાણીતા થયેલા અને જૈન સમાજમાં શ્રી જૈન સ્વયં સેવક મંડળના પ્રમુખ તરીકે પંકાયેલ યુવાન ભાઇ શ્રી મણિલાલ જેમલ શેઠે તેમના ગામના ભાઇ ચતુરદાસ રાયચંદની સાથે ઉપાડી છે અને અધિવેશનને સફળતાપૂર્વક પાર ઉતારવા તન તોડ પ્રયાસ કરી રહયા છે. લગભગ ૨૦૦ જેટલા સ્વાગત સભ્યોનો સહકાર તેમણે મેલવ્યો છે. આખા કાઠીયાવાડના જૂદા જૂદા ભાઇઓનો જૂદા જૂદા સ્થળોએથી સુંદર સહકાર મળી રહયો છે. દરેક જૈન વ્યકિતએ અનેક મુશ્કેલી વચ્ચે ભરાતા આ અધિવેશનને પૂરતો સહકાર આપવાની ફરજ સમજવી જોઇએ.

આપણી સમાજમાં કેળવણી લેવાનાં સાધનો જેવા કે શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને અનેક જગ્યાએ હસ્તી ધરાવતી બોર્ડિંગો વિગેરે કૉન્ફરન્સના પ્રચારનેજ આભારી છે. કૉન્ફરન્સનું એજ્યુકેશન બોર્ડ લગભગ ૧૦૦ સેન્ટરોમાં ધાર્મિક પરીક્ષા લઇ દર વર્ષે ઇનામો અને પ્રમાણપત્રો આપે છે. છેલ્લા ત્રણ વર્ષથી રાવસાહેબ કાંતીલાલ ઇશ્વરલાલે કૉન્ફરન્સને કેળવણી પ્રચાર માટે આપેલા રૂા. ૨૫૦૦૦ માંથી લગભગ બાવીસ હજાર જૂદા જૂદા ગામોની ત્રીશેક સમિતિઓ દ્વારા ખર્ચાયા છે ઉપરાંત એ સમિતિઓએ લગભગ અઢાર હજાર રૂપીઆ પોતે એકત્ર કરી વિદ્યાર્થીઓને ચોપડીઓ, સ્કુલ ફી અને ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં ખર્ચ્યા છે. બે હજાર વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે. આ રીતે કૉન્ફરન્સ સમાજમાં વિચાર વાતાવરણનો પ્રચાર કરવા અને તેટલી રીતે ઉપયોગી યોજનાઓ રજુ કરી તેને નાણાંની મદદ મળતાં સારો ઉપયોગ કરી રહી છે. જૈન સમાજની દરેક વ્યકિતની ફરજ છે કે તેણે આ અધિવેશનને—તેમાં ડેલીગેટ અથવા પ્રેક્ષક તરીકે ભાગ લઈ-યશસ્વી બનાવવો.

નાતાળ ટાંકણે અધિવેશન ભરાતું હોવાથી રેલ્વે કન્સેશનનો પણ લાભ મળશે તદુપરાંત શ્રી શત્રુંજય, ટાણા, ગિરનાર આદિ તીર્થોની યાત્રાનો પણ લાભ મેળવી શકાશે. એટલે એક સાથે બે કામ થશે. સમાજનો દરેક વર્ગ આ લાભ જરૂર લે અને અધિવેશનને ફતેહમંદ બનાવે એજ અભિલાષા.

—મણિલાલ મોકમચંદ શાહ.

કાઠિયાવાડમાં કૉન્ફરન્સ દેવીના પુનિત પગલા.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું પંદરમું અધિવેશન પવિત્ર શત્રુંજય ગિરીરાજની છાયામાં નિંગાળા ખાતે તા ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર ૧૯૪૦ સં. ૧૯૯૭ ના માગસર વદ ૧૧-૧૨-૧૩ બુધ. ગુરૂ, શુક્રના દિવસોમાં મળનાર છે.

ચોત્રીશ વર્ષના લાંબા ગાળા પછી કાઠિયાવાડને આંગણે કૉન્ફરન્સ મળે છે. તે માટે સમસ્ત કાઠિયાવાડની જૈન જનતાએ ગૌરવ લેવા જેવું છે.

અત્યાર સુધી કૉન્ફરન્સ મોટા શહેરોમાંજ મળતી હતી. એથી ગામડાના જૈન બન્ધુઓને એમાં સક્રિય ભાગ લેવાની બહુજ ઓછી તક મળતી હતી ગામડાની જનતાને લાભ મળે એ ઉદ્દેશથી આ બેઠકને ગ્રામ્ય વિસ્તારમાં રાખવામાં આવી છે.

કેળવણી અને આર્થિક ઉદ્ધારના અતિ મહત્વના પ્રશ્નો આ બેઠકમાં ચર્ચાવાના હોઇ ખાસ કરીને ગ્રામ્ય જનતાને પોતાનો આવાજ રજૂ કરવાની આવી સુંદર તક ભાગ્યેજ સાંપડે. વ્યવહારિક તથા ધાર્મિક કેળવણીના આપણા સાધનો કેટલા ઓછા છે તે આપણે સારી રીતે જાણીએ છીએ. સમગ્ર હિન્દુસ્તાનમાંથી આવનાર પ્રતિનિધિઓ પાસે આ જાતના વિચારોની આપ લે કરવા અને ઠરાવો દ્વારા આપણી અગવડતાઓનો ઉકેલ લાવવા આ શુભ અવસરે પ્રત્યેક જૈનોને નિંગાળા ખાતે તે દિવસોમાં અવશ્ય હાજરી આપવા અમારી વિજ્ઞપ્તી છે.

અધિવેશનના પ્રમુખ પણ વયોવૃદ્ધ, બાહોશ અને સમાજના ખૂબ અનુભવિ શ્રીયુત છોટાલાલ ત્રિકમલાલ પારેખ-અમદાવાદવાળાની વરણી થયેલી છે. તેવા પીઢ સેવક પાસેથી આપણા કાર્યની સુંદર દોરવણી પણ આપણને યોગ્ય રસ્તે જરૂર વાળશે.

ઝાલાવાડ અને ગોહીલવાડમાંથી સેંકડોની સંખ્યામાં સ્વાગત સમિતિના સભ્યો બની રહ્યા છે. સ્વાગત પ્રમુખ પણ વર્ષો સુધી જેણે લીંબડી બોર્ડીંગનું સફળ સંચાલન કર્યું છે તે શ્રી ભગવાનદાસ હરખચંદ શાહની પસંદગી થયેલી છે.

આશા છે કે કાઠિયાવાડમાં ઘણા વર્ષે પ્રાપ્ત થતી આ સુંદર તકને અપનાવી લઇ કૉન્ફરન્સની બેઠક વખતે જૈન જનતા હાજર રહેવા પોતાનો ધર્મ સમજશે.

નિંગાળાનો શ્રી સંઘ અને તેના ઉત્સાહી ભાઇઓ, આવનાર મહેમાનોની યોગ્ય સરભરા કરવા માટે તનતોડ પ્રયાસો કરી રહ્યા છે. તેથી અત્રે પધારનાર સ્વામી-ભાઇઓની સેવા કરવાની અમારી તીવ્ર અભિલાષાઓને પોષણ આપી, કચ્છ—કાઠિયાવાડ—ગુજરાત તથા સમગ્ર હિન્દનો જૈન સમાજ અત્રે પધારે એ-અમારી પુનઃ વિનંતી છે.

લિ૦
પ્રચાર સમિતિ,
શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
નિંગાળા.

શ્રી સમ્મેતશિખરજી તીર્થના કેસ.

તે અંગે કેટલીક સ્પષ્ટતા.

એક બંધુ જણાવે છે કે શ્રી સમ્મેત શિખર તીર્થ અંગે અનેક કેસ થયેલા હોવાથી કેટલીક સ્પષ્ટતા કરવાની જરૂર છે-તેથી સ્પષ્ટતા કરવાની જરૂર છે કે:-

(૧) સમ્મેતશિખર પર્વત શ્વેતાંબરોએ વેંચાણ લીધેલો તે વેચાણ રદ કરાવવા શ્વેતાંબરો સામે પાલગંજના રાજા અને દિગંબરોએ દાવો કરેલો તેમાં તેઓ હારી ગયેલા તેથી તેમણે અપીલ કરેલી તે Sale set aside case ની અપીલ તથા (૨) દિગંબરોએ બીજો એક દાવો શ્વેતાંબરોએ ડુંગર ઉપર ધર્મશાળા વિગેરે બાંધે નહીં તથા વિપાક વિગેરે રાખે નહિં તે વિગેરે માટે શ્વેતાંબર સામે કરેલો જેને Injunction Case તરીકે ઓળખવામાં આવેલ છે તે કેસમાં હાઇ કોર્ટમાં દિગંબરોએ હારેલા તે અંગે Privy Council માં અપીલ કરેલી.

ઉપરોક્ત બન્ને કેસની અપીલો Privy Council માં જતાં શ્વેતાંબરો તરફથી શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના મોકલવાથી કોંસલ અને સોલીસીટરોને શ્વે તરફથી કેસ સમજાવવા તથા મદદ કરવા શ્રીયુત છોટાલાલ ટી. પારેખ વિલાયત ગયા હતા. જે કાર્ય તેઓશ્રીએ સફળતા પૂર્વક બજાવેલ.

પૂજા કેસમાં તો શ્રી કેશવલાલ પ્રેમચંદ વકીલ ગયા હતા. તેથી જૈન યુગના ગતાંકમાં રા. છોટાલાલ ત્રિ પારેખ પૂજા કેસમાં ગયેલ હોવાની જે હકીકત આવી છે તે બરાબર નથી.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પરીક્ષાઓની તારીખમાં ફેરફાર.

શ્રીમતી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું આગામી અધિવેશન ડિસેમ્બર (નાતાળ) માં નિંગાળા મુકામે મળનાર હોવાથી બોર્ડની વ્યવસ્થાપક સમિતિની તા. ૨૭-૧૦-૧૯૪૦ ના રોજ શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટરના પ્રમુખસ્થાને મળેલી સભામાં ધાર્મિક પરિક્ષાઓ લેવાની તારીખ ૧૨ જાન્યુઆરી ૧૯૪૧ સંવત ૧૯૯૭ ના પોષ શુદ ૧૪ ને રવીવાર રાખવા નક્કી કરવામાં આવેલ છે. નવા સેન્ટરો માટેની અરજી તુરતજ મોકલી આપવી

પરીક્ષામાં બેસવા માટેના વિદ્યાર્થીઓના પ્રવેશપત્રો (ફોર્મ) મોડામાં મોડા તા. ૧૫ ડિસેંબર ૧૯૪૦ સુધી સ્વીકારવામાં આવશે.

બોર્ડના અભ્યાસક્રમમાંના નીચેનાં પુસ્તકો સંબંધે વખતો વખત કેટલાક સ્થળોએથી પુછપરછ આવ્યા કરે છે તેથી નિવેદન કરવાનું કે:—

(૧) "**જૈન દર્શન**"-ન્યાયતીર્થ મુનિ શ્રી ન્યાયવિજયજી કૃત શાહ મોહનલાલ દેવકરણ ડે. દેરાસરીયું-**જામખંભાળીઆ** (કાઠીયાવાડ)

(૨) "**ચરિત્તાવલી**"-રા. સુશીલ કૃત-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા **ભાવનગર** (કાઠીયાવાડ) ને લખવાથી ઉપલબ્ધ થઇ શકશે બન્ને પુસ્તકો મળી શકે છે. તદુપરાંત "સામાયિક સૂત્ર"-શ્રી મોહનલાલ દ. દેશાઇ કૃત-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ (૨૦, પાયધુની-ગોડીજી ચાલ, મુંબઇ, ૩) ના સિરનામે લખવાથી મળી શકશે- આ પુસ્તકની કિંમતના પ્રત લેખે બે આના પ્રમાણે અગાઉથી મોકલી આપવા. પોસ્ટ ખર્ચ અથવા રેલ્વે પાર્સલ ખર્ચ મંગાવનારને શિરે રહેશે.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર: HINDSANGHA.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર.

REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૨૩

જૈન યુગ.

વિ. સં. ૧૯૯૭, કારતક શુદ ૨, શુકવાર.

JAIN YUGA

તા૦ ૧ લી નવેમ્બર ૧૯૪૦

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ
નિંગાળા અધિવેશન.
સ્વાગત સમિતિના વધુ ઓદ્ધેદારો વિગેરે.

ઉપપ્રમુખો: શેઠ જીવણલાલ નાનજી ગાંધી
ધ્રાંગધ્રાવાલા.

શેઠ દામોદરભાઇ કરસનદાસ
વઢવાણ.

મંત્રી: શેઠ રતિલાલ લક્ષ્મીચંદ
કુવાડીઆ, વઢવાણ.

ડ્રાફ્ટ રેઝોલ્યુશન સમિતિના સભ્યો.

શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
બી. એ. એલ એલ. બી; સોલિસિટર એન્ડ
નોટરી પબ્લિક, મુંબઈ.

શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆ
બી. એ. એલ એલ. બી; મુંબઇ.

શ્રીયુત મનસુખલાલ હીરાલાલ લાલન
મુંબઇ.

પ્રચાર સમિતિના સભ્યો.

શેઠ દીપચંદ કેવલચંદ, ચોટીલા.

શેઠ વલ્લભદાસ કુલચંદ મહેતા, મહુવા.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.
નિંગાળા અધિવેશનના પ્રમુખ તરીકે
શેઠ છોટાલાલ ત્રિકમલાલ પારેખની વરણી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના નિંગાળા મુકામે આવતા ડિસેમ્બર માસમાં મળનારા ૧૫ મા અધિવેશનના પ્રમુખસ્થાન માટે શ્રીમાન્ શેઠ છોટાલાલ ત્રિકમલાલ પારેખ, પ્લીડર (વીરમગામ નિવાસી હાલ અમદાવાદ) ને આગ્રહપૂર્વક વિનંતિ કરતાં તેઓશ્રીએ સમાજ સેવાના અમૂલ્ય અવસરને લક્ષમાં રાખી અમારી વિનંતિને માન આપી એ પદ સ્વીકારવા કૃપા કરી છે તે અત્યંત આનંદનો વિષય છે.

શ્રીયુત છોટાલાલ ત્રિકમલાલ જૈન સમાજના એક જાણીતા સેવાભાવી રાષ્ટ્રિય ભાવનાથી ઓતપ્રોત આગેવાન કાર્યકર છે. શ્રી સમ્મેતશિખરજી તીર્થના પૂજા કેસમાં વિલાયત જઈ તેઓએ એ કાર્ય ફતેહમંદ રીતે પાર પાડવા ઉપરાંત બનારસની શ્રી યશોવિજયજી પાઠશાળા તેમજ ગુજરાત–કાઠીઆવાડની અનેક જૈન સંસ્થાઓના પ્રેરક, સંચાલક અને પ્રાણસમા છે.

લિ૦ સેવકો,
મણીલાલ જેમલ શેઠ
ચતુરદાસ રાયચંદ શાહ
ચીફ સેક્રેટરીઓ.
સ્વાગત સમિતિ.

મુંબઇ, તા. ૫–૧૧–૧૯૪૦

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्ववोदधिः ॥

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧-૧૧-૪૦. શુક્રવાર.

'જૈનબંધુ'નો અવળો પ્રચાર

'જૈનબંધુ'ના તંત્રીની જૈન સમાજની પ્રગતિ થાય એવી ભાવનાને માટે માન હોવા છતાં, નિંગાળા અધિવેશન સંબંધમાં તેમણે જે વલણ અખત્યાર કરી છે અને અગ્રલેખ દ્વારા તેમજ સમાચારના કોલમમાં ભડકામણા મથાળા બાંધી જે કર્કશ અને કાતિલ બાણ છોડવા માંડયા છે એ હરગીજ પસંદ કરવા યોગ્ય નથી. એક પત્રકાર તરીકે-જૈન સમાજના સંતાન તરિકે-કિંવા જૈનધર્મના એક અનુયાયી તરિકે તેમણે કોન્ફરન્સ અંગે કહેવાનો અધિકાર છે એ સામે કોઇથી પણ વાંધો કહાડી શકાય તેમ નથી; પણ જે ભાષાનો ઉપયોગ કરાય છે, આમંત્રણ આપનાર કાર્યકરો સામે જે કાદવ ઉરાડાય છે, અને ગતકાલિન સ્ખલનાઓનો (?) જે વિલક્ષણ રીતે ઉલ્લેખ થાય છે એ અમારી નજરે તેમના જેવા સેવાભાવીને શોભારૂપદ નથીજ. આ જાતના ઝેરીલા પ્રચારથીજ ભૂતકાળમાં જૈનસમાજને ઘણું શોષવું પડયું છે અને જો એ પદ્ધતિ ચાલુ રહે તો વધુ શોષવું પડશે. એ શિવાય એ દ્વારા અમને કંઇ બીજું શ્રેય દેખાતું નથી. તેમની અત્યારની વલણ તો:દ્રાક્ષને ખાટી કહેનાર શિયાળ સદૃશ જણાય છે! ઠીંગણા શિયાળથી વૃક્ષપર લટકતી દ્રાક્ષને પહોંચી શકાયું નહીં અને એનું ભક્ષણ કરી શકાયુ નહીં ત્યારે પોતાની અશકિત છુપાવવાને એક વાત એણે રજુ કરી કે-'એ દ્રાક્ષ તો ખાટી છે' જૈનબંધુના તંત્રીશ્રી આ કડવું સત્ય લખવા બદલ બોટું નહિ લગાડે એમની અત્યારની વલણ ઉપરના ઉદાહરણને મળતી આવે છે

'જૈન બંધુ' પત્રના શરૂઆતના પાના ફેરવો અગર તંત્રીશ્રીએ 'જૈન' પત્રમાં લખેલી લેખમાળા વિલોકો તો એ પાછળ એકજ સુર ગર્જતો દ્રષ્ટિ ગોચર થશે અને તે એ કે-'કોન્ફરન્સે ચર્ચાત્મક પ્રશ્નો બાજુએ રાખી, પુનઃ સંગઠિત થઇ, આમજનતાના શ્રેયના કાર્યો ઉપાડવા. રિસાયેલા વર્ગોને મનાવવાની વાત બાજુએ રાખી જેમાં સૌ કોઇ સાથ આપી શકે એવા કેળવણી અને બેકારી નિવારણ આદિ પ્રશ્નો હાથ ધરવા, મૂડીવાદીઓની ખુશામત છોડી દેવી અને વિશાળ એવા આમજનસમૂહમાં જાગૃતિ આણવી. સ્થાપિત હકવાળાને બેસેડી મૂકી સમાજના કલ્યાણ અર્થે સાચી ધગશ ધરાવતા સેવકો રૂપી નવું લોહી આમેજ કરવું. આ જાતના મનોરથધારી ચીમનલાલ શાહ એટલા બાંતર માલેતુજારોની બાનગી વાટાઘાટો અને દીક્ષાના પ્રશ્ન પરત્વેની બાંધ છોડ સામે સતત્ લાલ આંખ રાખી, કલમની કપરી વર્ષા વરસાવતા. એમણે એ વેળા શ્રીયુત્ કાંતિભાઇ જેવાના નિષ્ફાલસ ને એકતાની હાર્દિક ઇચ્છાથી અદરાયેલા પ્રયાસને પણ મનગમતા વાંધા સજાવી ધુતકારવાનું બાકી નહોતું રાખ્યું! અરે ભાવનગરને બાજુએ મેલી પોતાના આંગણ મણુંદરોડ મુકામે કોન્ફરન્સ ભરવાનું આમંત્રણ આપેલું. કેટલીયે વાર ઉચ્ચારેલું કે કેવલ નામનાના ભૂખ્યા કે ધનના જોરે પ્રમુખસ્થાને ચીટકી બેસનારને શોધવા કરતાં સામાન્ય કક્ષાના છતાં સેવાની ધગશવાળાને ચુંટી શિથિલતા દૂર કરી, કોન્ફરન્સને સજીવન બનાવી, નવસરથી કાર્યારંભ કરવો. આ જાતના મંતવ્યથી દોરવાઈ એમણે એ વેળા ઘણા બરા કાર્યકરોની ઝડતી લેવામાં કચાશ નહોતી રાખી. ચોલ-ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટિમાં જે કાર્યવાહી પર ભાર મૂકવામાં આવ્યો અને જે ઠરાવો પસાર કરવામાં આવ્યા તે પ્રત્યે વિરોધ ન નોંધાવવાથી એટલું તો અનુમાન જરૂર કરી શકાય કે એ તેમની માન્યતાને અનુરૂપ થયેલ કાર્ય છે. એજ ગ્રહસ્થ આજે કેમ આટલા બધા પરાંગમુખ થઇ બેઠા છે? શું વર્કીંગ કમિટિમાંથી રાજીનામું આપ્યું તેથી કોન્ફરન્સ પ્રત્યેનો સદ્ભાવ સુકાઇ ગયો?. કિંવા તે હતા ત્યારે જે સંસ્થા સારી હતી તે તેમના બસી જવાથી એકાએક વિરૂપ બની ગઇ? શાંતિથી વિચારશો તો સહજ સમજાશે કે એ વેળાની સ્થિતિમાં કંઇજ મહત્વનો ફેર નથી પડયો. સ્ટેન્ડીંગ કમિટિએ અધિવેશન મેળવવાનો ઠરાવ કર્યો હતો તે પ્રમાણે આમંત્રણવાળા ત્રણમાંથી એકની પસંદગી થઇ છે. આજે શ્રી. મણિભાઇ શેઠના અધિકાર કે આમંત્રણ આપવાના હક સામે ચેડા કહાડનાર પોતાના મણુંદરોડ સબંધેના હક-અધિકારનો વિચાર કરશે તો સહજ સત્ય સમજાશે નિંગાળા સંઘે ભલેને પછી તે પચીશ ઘરનો હોય-મણિભાઇ શેઠના કાર્યનો હસ્તે મુખડે વધાવી લીધું છે. એટલુંજ નહિ પણ કાઠીયાવાડના વઢવાણ, ભાવનગર કે બોટાદ અને લિંબડી જેવા જાણીતા શહેરોએ એમાં જાહેર રીતે સહકાર આપ્યો છે. આવી દીવા જેવી વાત સામે ચેડા કહાડવા એમાં અસુયા સિવાય બીજું શું સંભવે? મણિભાઇ શેઠની કે સ્વાગત પ્રમુખની કોંગ્રેસ પ્રવૃત્તિને કે અન્ય કામગીરીને આમાં ભેળવવાની જરૂર રહે છેજ કયાં? જૈન સમાજની પ્રતિનિધિત્વ ધરાવતી એક માત્ર સંસ્થાને પોતાના આંગણે નોતરવાની-યથા શક્તિ એનું આતિથ્ય કરવાની-એ દ્વારા સ્વામીવાત્સલ્યનો અનેરો લ્હાવ પ્રાપ્ત કરવાની-અભિલાષા કોને ન થાય? મણિભાઇ શેઠ જેવા એક સ્વયંસેવકે એ ઇચ્છા સેવી અને એમાં નિંગાળાવાસીઓએ સાથ આપ્યો એટલે એ બીડું ઝડપાયું. આવી સાદી-સીધી અને સ્પષ્ટ વાતને રંગ-બેરંગી વેશ સજાવવા! એમાં ઇધર ઉધરના મરીમસાલા ભરવા, એ ઉપર નેતાગીરીની લાલસા કે માનની

ભૂખના આરોપણ કરવા, અને મન ગમતા અનુમાનોનો સંભાર ભરી જનતા સમક્ષ મોટા મથાળા હેઠળ એક વિલક્ષણ શબ્દ ચિત્ર રજુ કરવું એ "જૈન બંધુ" ના તંત્રી સિવાય ભાગ્યેજ બીજાથી બની શકે! અમારી નજરે નિગાળાનું મહત્વ મણુંદરોડ કરતાં ઉતરે તેવું નથીજ! એક તરફ શિથિલતા ને સુષુપ્તિ માટે કોન્ફરન્સને દોષ દેવા કિંવા એના કાર્યકરોને શીરે જવાબદારીનો ટોપલો ઓરસઢવો અને બીજી તરફ એજ માણસો પોતાની શકિત અનુસાર એ દશા ટાળી, જાગૃતિ આણુવાને સમાજશ્રેય અર્થે શકય પ્રયાસ આદરવા કમર કસે તો એમને ઉઘડા લેવા બહાર પડવું એ કેવી નિતિ કહેવાય! બે ધારવાળી તલવાર તે આનું જ નામ! કોન્ફરન્સની ભીતરમાં ડોકીયું કરવું કે શ્રી. મોતીચંદભાઇના 'Dead Horse' શબ્દને પકડી લેવો એ કંઇ મોટું કાર્ય નથી? પૂર્વે ઘણીયે વાર, અને ઘણાઓ તરફથી એ સબંધી ચર્વીત ચર્વણ થઇ ગયાં છે. કેવળ કલમ કટાક્ષોથી કે કોલમના કૂટ અક્ષરોથી સમાજનો કંઇ શુકરવાર થયો નથી. આજે જરૂર એવા કલમબાજોની છે કે જે રોગનું સાચું નિદાન કરી એ રોગ નાબુદ કરવાની દવા દેખાડે. આજે એવા બંધુની અગત્ય છે કે જે દૂર રહી પથરા ન ફેંકતાં કે માંહ તૈયાર થતાં વાતાવરણમાં ખોટો ક્ષોભ ન પ્રગટાવતાં, ખભો જોડી, એક સગા ભાઇ સમાન સાથ આપે. 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર' એ જન ઉકિત છે. To err is human એ આંગ્લ કવિનું વચન છે. છતાં વારે કવારે એના ચુંથણા ચુંથ્યા કરવા એવી તો કોઇની પણ સલાહ નથીજ. આત્મા ઉડી ગયા પછી દેહરૂપ પિંજર સાચેજ નકામું ઠરે છે. પણ એ ન્યાય સંસ્થાને લાગુ પડતો નથી. સંસ્થા જડ રૂપ હોવાથી એને પોતીકા પ્રાણ જેવું છેજ નહીં. એનામાં એ પ્રત્યેના પ્રેમધારીઓના સહકારથીજ પ્રાણ પુરાય છે. એ પ્રેમધારીઓમાં કોઇ એટલા હદે સંસ્થા માટે જાત ન્યોછાવર કરે છે કે જેથી એ સંસ્થાના આત્મા તરીકે ઓળખાય છે કારણવશાત્ એવાના જવાથી સંસ્થા થોડા સમય માટે અસ્તના ત્રાજવામાં આવી પડે છે, પણ એ સ્થિતિ કાયમ રહેતી નથીજ. આજે ચેતનવંતા ને સાચા ધગશધારી મળે તો આની આ કોન્ફરન્સ પૂર્વની કીર્તિ પ્રાપ્ત કરે. એ વેળાના દેશ-કાળ અને આજની પરિસ્થિતિ વચ્ચે ઘણો ફરક પડયો છે એટલે એની ગતકાલિન કીર્તિ કરતાં આજની કીર્તિમાં કોઇ જૂદીજ ઝમક આવે. આવી મનોકામના વર્તમાન કાળના પ્રત્યેક જૈનની સંભવે છે કેમકે આજની આપણી નધણિયાતા સમાજ જેવી સ્થિતિથી સૌ કોઇને કંટાળો આવે તેમ છે. નિગાળા એ તો માત્ર ઉપલી સ્થિતિ સર્જવાની મેળાપભૂમિ સમુ છે અને મણિભાઇ શેઠની દોડાદોડ એ ઉપર વર્ણવી મનોકામના સફળ કરવાના દરેક સાધન જોડવાના પ્રયાસ રૂપ છે. એ સિવાય અન્ય ભાવ કલ્પવાની અમારૂં અંતર ના પાડે છે. 'જૈન બંધુ' ના તંત્રીશ્રીને એમાં સાથ પુરવા વિનંતિ છે. Divide શબ્દને ઉવેખી Unite ને પકડવા આગ્રહ છે.

≠ નોંધ અને ચર્ચા. ≠

અધિવેશનનું પ્રમુખપદ.

નિગાળામાં મળનાર અધિવેશનના પ્રમુખની વરણી થઇ ચુકયાના સમાચાર પ્રગટ થયા છે, એટલે એ સંબંધમાં મનગમતી ગુલબાંગો ઉડાડવાનું સહજ બંધ થાય છે. આમ છતાં આવા મહત્વના પદ માટે યોગ્ય ગ્રહસ્થ શોધવામાં કેટલીક મુસ્કેલીઓ નડે છે એ વાત વિચારણીય તો છેજ. સૌ પ્રથમ કોન્ફરન્સના પ્રમુખની વરણીનું ધોરણ રાષ્ટ્રિય મહાસભાની રસમથી અનોખું છે. બંધારણ કલમ ૧૪ મુજબ એ અધિકાર સ્વાગત સમિતિનો છે, માત્ર સ્થાનિક મહામંત્રીઓની સલાહ લઇ તેમ કરવું એટલુંજ સુચન છે. અખિલ જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવનાર જૈન મહાસભાના પ્રમુખનો હોદ્દો એ જેવા તેવા હાથમાં ન સોંપાય એ માટે સેવાભાવ ઉપરાંત જ્ઞાન-અનુભવ અને ઔદાર્ય આદિ ગુણોની આવશ્યકતા પણ સંભવેજ. વળી સંસ્થાના કાર્યો ચલાવવાનો અભ્યાસ પણ આવશ્યક લેખાય અને એ બધામાં અગ્રભાગ ભજવે તેવી વસ્તુ હિંદના સર્વ ભાગોમાં એના વ્યકિતત્વની પ્રતિભા હોવી જોઇએ તે વાત પણ વીસરાવી ન ઘટે, જ્યારે આ બધું વિચારીયે છીએ ત્યારે બંધારણની કલમ જેમના શીરે આ જવાબદારી નાંખે છે તે વાસ્તવિક જણાતી નથી. એ ઉપરાંત કેટલીક વાર આવી રીતે પ્રમુખ પસંદ કરવા જતાં તેમના તરફથી બાંહેધરી માંગવામાં આવે છે એ વાત પણ લક્ષ બહાર કરવા જેવી નથી પ્રમુખ થનારને એ વાતની ચોંખવટ કરવાના કારણમાં કેટલાક ઉદ્દામ વિચારકોનું ભૂતકાલિન વર્તન રજુ કરી શકાય એ વેળા કયાં તો બંધારણની સંદિગ્ધ દશાથી કે એના અર્થ કરનારની સળકઢળકતાથી એવા વિચિત્ર સંયોગો ઉભા થાય છે કે જેથી પ્રમુખની મુંજવણ વધી પડે છે. કેટલીકવાર તે પોતાના અંતરને નથી ખુલ્લું કરી શકતો કે નથી તો યોગ્ય દોરવણી આપી શકતો. આવા કારણોથીજ કેટલીકવાર આવા મહત્વના પદે બેસનાર યોગ્ય ગ્રહસ્થ માટે ફાંફાં મારવા પડે છે બંધારણ સુધારણામાં આ વાત લક્ષ્યમાં લેવા જેવી છે.

બંધારણની સંદિગ્ધતા.

કોન્ફરન્સનું વર્તમાન બંધારણ એ જુનર અધિવેશનનો પાક છે, છતાં ત્યાર પછી બનેલા બનાવો દરમીઆન એને અમલી બનાવવામાં પડતી મુસ્કેલીઓ અને માધવબાગ અધિવેશન ટાણે એની ઉણપનો સધિયારો લઇ એક વર્ગ તરફથી આડકતરી રીતે આણવામાં આવેલ વિવાદગ્રસ્ત સવાલ એ સૌ ઉઘાડા કારણો છે કે જે એમાં ઘટતા ફેરફારો માંગે છે. જો કે ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટિએ ભલામણ એ જાતની કરી છે કે બંધારણની કલમ ૧ ઉદ્દેશ અને ૨ કાર્ય વિસ્તાર એને કાયમ રાખીને કિંવા એને સ્પર્શ્યા વગર અન્ય કલમોમાં સુધારણા કરવી. એકરીતે આમ કરવામાં દીર્ઘદર્શિતા સમાયેલી છે એની ના પાડી શકાય તેમ નથી, પણ સંદિગ્ધતા પેદા કરે તેવું તત્વ પણ એમાંજ સંધાયેલું છે એ વિચાર કરતાં કોઇને પણ સમજાય તેમ છે.

એક તરફ ધાર્મિક, સામાજીક આદિ જૈન કોમને અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો તેમજ એને અમલમાં મુકવાના ઉપાયો યોજવાનો ઉદ્દેશ ધરાવનો

અને બીજી તરફ કૉન્ફરન્સ એનો વિચાર વિનિમય કરનારી કે સુધારણા ભર્યા વિચાર વાયુ પ્રગટાવનારી સંસ્થા માત્ર છે. એથી અન્ય એણે કંઈ કરવાપણ નથી એમ કહેવું એ કઈ રીતે વ્યાજબી કહી શકાય? સમસ્ત જૈન કોમને લાગુ પડતા સવાલો હાથ ધરવાની ડંડિકા રચવી અને બીજી વેળા માત્ર મૂઠીભર ભેજાંઓના હૃદયમાં રમણ કરતા જેના અમલને માટે કે જેના પ્રવેશને સારૂં જ્યાં ભૂમિકા સરખી પણ નથી તેવા સવાલો હાથ ધરવા એ કોના ઘરનો ન્યાય!

પ્રથમ તો વિચારણીય બાબત એ છે કે કૉન્ફરન્સની કાર્યવાહી અખિલ જૈન સમાજના કલ્યાણ અર્થે છે કે માત્ર ચાલુ વાતાવરણની ઉપરછલ્લી માયામાં અટવાઇ, સુધારણાની મશાલ હાથમાં પકડી બેઠેલા કેટલાક મુઠ્ઠીભર માનવીઓની માન્યતા બર આણવા અર્થે?

બીજી વિચારણીય બાબત એ છે કે ધાર્મિક વિષય ઉદ્દેશમાં રાખ્યો છે એટલે એ સંબંધી સવાલો વિચારવાના આવે ત્યારે કામ કેવી રીતે લેવું જોઇએ? જૈન ધર્મમાં ચતુર્વિધ સંઘનું સ્થાન સર્વ શ્રેષ્ઠ છે, એનો નિર્ણય એ આ કામમાં આખરી લેખાય છે. અલબત એમ કરવામાં આગમ પંચાંગી આદિને નજર સન્મુખ રાખવાપણું તો છેજ, પણ કૉન્ફરન્સ તો માત્ર એમાંના બે અંગ શ્રાવક શ્રાવિકા, પુરતીજ છે. એમાં પણ મુખ્ય રીતે ભાગ લેનાર શ્રાવકો છે અને હાલમાં એનું વર્ચસ્વ એવા હાથોમાં છે કે જેમનું જૈન ધર્મનું જ્ઞાન વજન મુકવા લાયક નજ લેખી શકાય. કોઇ કોઇનું જ્ઞાન જરૂર પ્રશંસાપાત્ર લેખાય ત્યારે ત્યાં ક્રિયાના નામે મીંડુ હોય. જ્યારે પ્રભુવાક્ય તો જ્ઞાન-ક્રિયા બન્ને જરૂરી લેખે છે. કહેવાનું એટલુંજ કે ધાર્મિક પ્રશ્નની છણાવટ ટાણે શ્રમણવર્ગ કે જેનું સ્થાન જૈન સંઘમાં અગ્રપદે છે તેની સલાહની કિંવા દોરવણીની આવશ્યકતા ખરી કે નહીં?

જો આ એ બાબતની યથાર્થ રીતે છણાવટ ને ચોખવટ થાય તો કૉન્ફરન્સના નામે પથરાતો અધર્મીપણાનો આરોપ કે એની સામે ખડો કરવામાં આવતો વિરોધનો વંટોળ આપોઆપ સમાઈ જાય. આ ચોખવટ થતાંજ ચર્ચાસ્પદ લેખાતા અને વર્તમાન જૈન સમાજનું ગળું રૂંધી બેઠેલા દીક્ષા, વિધવાવિવાહ અને દેવ દ્રવ્યના પ્રશ્નો સ્વયંમેવ વિલિન થઈ જશે અથવા તો એ માટે અજવાળું પડશે કે જેથી એમાં અંધારે અથડાવાપણું નહીં હોય. જૈન સંઘને જરૂરના પ્રશ્નો નજર સામે તરશે. કૉન્ફરન્સ એ વિચાર વાયુ પ્રસરાવનાર મંડળ છે કે રચનાત્મક કામો ઉપાડનારૂં મંડળ છે, તે સ્પષ્ટ થશે. સંદિગ્ધતા દૂર કર્યા વિના ચાલે તેમ નથીજ. આજે એક વર્ગ એને કેવળ ધર્મોચ્છેદક સંસ્થા માની બેઠેલ છે જ્યારે એક બીજો વર્ગ એને કેવલ સુધારા પરિષદ લેખે છે. મોટો અને વિશાલ સમુદાય તો એ ઉભય વર્ગની વચમાં ઝોલા ખાય છે.

એ વિચિત્ર ગૌરવ કથા નથી.

પ્રબુદ્ધ જૈન તા૦ ૩૧-૧૦-૪૦ ના અંકમાં ભાઇ પરમાનંદ આબુ મંત્રીની કથાને 'વિચિત્ર ગૌરવ કથા' તરીકે ઓળખાવે છે એમાં તેમની સમજફેર થાય છે. જૈન યુગમાં જેનો ઇશારો માત્ર કરવામાં આવ્યો છે, એ આખી વાત 'જૈન સત્યપ્રકાશ' માસિકના આગલા અંકમાં આપેલી છે એ વાંચી જોવા ભલામણ છે. આજના ગાંધી યુગની અહિંસાનો ઉલ્લેખ કરે છે તે સામે આંગળી ચીંધવાપણ નથી પણ સાથે તેઓ ભૂલે નહીં કે ગાંધીજી જે વાત કહી રહ્યા છે તે તીર્થંકર આદિ શ્રમણોએ અમલમાં મૂકી બતાવી છે અને સાધુ શ્રાવકની દયા વચ્ચે કેટલું અંતર છે તેના ભેદ પણ પાડી બતાવ્યા છે. વળી ગાંધીજીની અહિંસા આજે તો એ પોતે જે રીતે નિહાળે છે તે રીતે માત્ર મૂઠીભર આત્માઓમાંજ દ્રષ્ટિગોચર થાય છે. બુદ્ધ વર્કીંગ કમિટિજ જ્યાં એ નજરની નથી ત્યાં અન્ય સભ્યોની શી વાત! આ આપણા કાળની વાત. પણ જે કાળે વાતાવરણજ જુદુ હતું અને આત્મરક્ષણ કે દેશ રક્ષણમાં શસ્ત્રબળ કિંવા પરાક્રમ અગ્રગામી ભાગ ભજવતો એ કાળની વાત જ્યાં ઉલ્લેખાતી હોય ત્યાં એને યોગ્ય પ્રશંસા અપાય એમાં વિચિત્રતા શી સંભવે? જૈન ધર્મી તરીકે ઓળખાતા હોય છતાં ડરપોક બની ઘરમાં પેસી જતા હોય કિંવા પોતાની મા બેનની લજ્જા લુંટાતી હોય છતાં મુંગે મોઢે જોયા કરતા હોય તો એથી જૈન ધર્મને ટીકાપાત્ર થવાનું બને કે નહિં? એ વેળા જૈનોની અહિંસા એ સાચી લેખાવાની ખરીકે? જેમ એવા અનુયાયીની અસરથી ટીકાપાત્ર થવાનું જોખમ છેજ તેમ જેમણે સ્વપરાક્રમ દ્વારા સારાં કાર્યો કરી દેશ ગૌરવ સાચવ્યું છે, તેનાથી પ્રશંસા પાત્ર બનવાનું છે. અહીં અહિંસાની સિદ્ધાંતિક કે સૂક્ષ્મ ચર્ચાની વાત નથીજ. તેમ હિંસામાં દોષ જરૂર છે તેનો અપ્રલાપ કરવાપણું પણ નથી. વળી શુદ્ધ અહિંસા કોને કહેવાય કે કેવી હોવી જોઇએ એની ચર્ચા પણ નથી. એ વિષયજ જુદો છે. અને એનો પૂર્ણ ઉકેલ તો બજુન વર્ષો માંગશે. કારણકે ગાંધીજીની અહિંસામાં માંસભક્ષીને આજે સ્થાન છે જે સંપૂર્ણ અહિંસામાં હરગીજ સંભવવાનું નહીંજ. આતો હજુન અખતરાની સ્થિતિ વર્તે છે. તેનો અભ્યાસ અવશ્ય જરૂરી છે. પણ એટલા ખાતર જેમ શિવાજી મહારાજ કે રાણા પ્રતાપના કાર્યોને વિચિત્રતાની કક્ષામાં નથી મૂકી શકાતા તેમ આબુ મંત્રી કે ચેટક મહારાજના કાર્યોને ઉવેખી નથી શકાતા. તેઓ જૈન ધર્મના અનુયાયી હતા એટલે જૈનો માટે જરૂર એ ગૌરવ રૂપ મનાય. અહિંસા ધર્મના પાલનમાં તરતમતા ઘણા પ્રકારની છે તેથી દરેક વાત સ્થૂલ સ્વરૂપે વિચારવી ઘટે. પ્રતિક્રમણ સામાન્ય રીતે સ્થિર આસનેજ થાય છતાં અપવાદના પ્રસંગોમાં જો આત્માનું ધ્યાન બન્યું રહેતું હોય તો સાધનનો પ્રશ્ન ગૌણ બને છે. કઢંગુ લાગે તે આપણી એકપક્ષીય વિચારણાને આભારી છે. આગલી સાંજે પ્રતિક્રમણ કરનાર આત્મા બીજે દિને શત્રુ સૈન્યને પરાજય પમાડે છે, એ વાત સૌથી કઢંગી નથી પણ સાચી ઉજ્વળતા રૂપ છે-કારણ કે આગલે દિને જ્યારે શત્રુનો સામનો કરવાપણું ન હોતું ત્યારે એક ગ્રહસ્થ કે જેનો વ્યવસાય સેનાપતિપણાનો હતો છતાં આવશ્યક કરણી કરવાનો પણ ધર્મ હતો તે પોતાની ફરજ કેમ ચુકે? તે દિન પૂરતી સકળ જીવ યોનિ સાથે ક્ષમાપના કેમ ન કરે? અલબત બીજે દિને પોતાને લડવાનું છે તે વાત જાણતા છતાં એનો આજનો ધર્મ આવશ્યક ક્રિયાનું પાલન કરવાનોજ હતો. એમાં દંભનો સંભવજ ક્યાં છે? બીજે દિને પોતાની ફરજ ચુકે તો, દેશ પરાધિન થાય એટલે તે વેળા તેનો ધર્મ પરાક્રમ દાખવવાનો હતો. કારણવશાત્ શસ્ત્રો વાપરવા ને કેવળ શોખ ખાતર વાપરવા એમાં મોટો તફાવત છે. જ્યાં ફરજનો પ્રશ્ન આવે છે ત્યાં વાત જુદુ સ્વરૂપ પકડે છે.

(અનુસંધાન પૃ. ૮ ઉપર)

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

નિંગાળા અધિવેશનના સ્વાગતાધ્યક્ષ અને અધિકારીઓની ચુંટણી.

સ્વાગત સમિતિના સભ્યોની એક મીટીંગ તા. ૧૭-૧૦-૪૦ ના રોજ શ્રી. **કુલચંદ જેમલ શેઠ** ના પ્રમુખપણા નીચે મળી હતી તે વખતે સમિતિના ૨૩ સભ્યો હાજર હતા અને નીચે પ્રમાણે કામ થયું હતું.

ભાઇશ્રી મણીલાલ જેમલ શેઠે આ કોન્ફરન્સના અધિવેશનને સંપૂર્ણ પણે કૃતેહમંદ બનાવવા માટે સ્વાગત સમિતીના પ્રમુખ તરીકે **શેઠ ભગવાનદાસ હરખચંદ શાહુ** ને નીમવાની દરખાસ્ત રજુ કરી હતી તેને ભાઇ પરશોતમદાસ નાગરદાસ, ભાઇ ચતુરદાસ રાયચંદ તથા વઢવાણ કેમ્પવાળા શેઠ રાયચંદ અમુલખ શાહે ટેકા આપ્યો હતો અને ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

સ્વાગત સમિતિના ઉપપ્રમુખો માટે નીચેના નામો ભાઈ ચંપકલાલ પિતાંબર તરફથી રજુ કરવામાં આવ્યા હતા. ભાઈ કુલચંદ જેમલ શેઠ નીંગાળા, તથા પરશોતમદાસ નાગરદાસ નીંગાળા, શ્રીયુત જીવરાજ ઓધવજી દોશી બી. એ એલ. એલ. બી. ભાવનગર, શ્રી વીરચંદ પાનાચંદ શાહ સમઢીયાળા શ્રી. રતીલાલ વર્ધમાન શાહ વઢવાણ કેમ્પ અને શ્રી લાડકચંદ પાનાચંદ ઓટાદ. આ દરખાસ્ત ને ભાઇ મગનલાલ નાનચંદે ટેકો આપતા ઠરાવ સર્વાનુમતે પસાર થએલ જાહેર કરવામાં આવ્યો હતો.

સેક્રેટરીઓ તરીકે નીચેના ચાર ભાઇઓના નામની દરખાસ્ત શ્રી. નારણદાસ નાનચંદ કોઠારીએ રજુ કરી હતી. **શ્રી. મણીલાલ જેમલ શેઠ નીંગાળા, શ્રી. ચતુરદાસ રાયચંદ શાહુ નીંગાળા, શ્રી. રાયચંદ અમુલખ શાહુ વઢવાણ કેમ્પ તથા વીઠલદાસ મુળચંદ બી. એ. ભાવનગર.** આ દરખાસ્તને કોઠારી ચીમનલાલ ઝવેરચંદે ટેકો આપ્યો હતો અને ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ખજનચી તરીકે ભાઇ મણીલાલ જેમલ શેઠની દરખાસ્ત અને ભાઇ અમૃતલાલ ભગવાનદાસના અનુમોદનથી શ્રીયુત ઠાકરસી જીવરાજ શાહ અને શ્રી નારણદાસ નાનચંદ કોઠારીને નીમવામાં આવ્યા હતા.

કાર્યવાહક સમિતિના નામો નીચે મુજબ ભાઈશ્રી મણીલાલ જેમલ શેઠે રજુ કર્યા હતા. અને શ્રીયુત રાયચંદ અમુલખના અનુમોદનથી પસાર કરવામાં આવ્યા હતા.

નીંગાળા રતીલાલ ડાહ્યાલાલ, ચંપકલાલ પીતાંબર, ચુનીલાલ ઓધડભાઇ, શાંતીલાલ પોપટલાલ, ચીમનલાલ ઝવેરચંદ, ખીમચંદ કસળચંદ, મણીલાલ દેવચંદ, રવજી મગનલાલ, પોલસીભાઇ જસરાજ, કુલચંદ ત્રીભોવન, તથા ભાઇ મનસુખલાલ જેમલ શેઠ, ભાઇ અમૃતલાલ ભગવાનદાસ ધધુકા, મગનલાલ નાનચંદ કોરીયા, મણીલાલ રાયચંદ ભાડલા, રતનસી નાગજી માસ્તર અને માણેકલાલ જેઠાલાલ ઝીંઝાવદર, ચુનીલાલ ધનજી અને છોટાલાલ કેશવલાલ ઊગામેડી, કોઠારી ત્રીકમલાલ સંઘજી પાલીયાદવાળા, શ્રી. મણીલાલ પટણી ગઢડા, શ્રી. હરીચંદ ઓધવજી પાલીયાદ અને જગજીવનદાસ શીવલાલ બી. એ. એલ. એલ. બી. ભાવનગર.

ત્યાર બાદ નીચે મુજબ સમિતિઓ નીમવામાં આવી હતી.

મંડપ સમિતિ.

કુલચંદ જેમલ શેઠ, ચીમનલાલ ઝવેરચંદ, મણીલાલ રાયચંદ, નારણદાસ નાનચંદ કોઠારી, ચતુરદાસ રાયચંદ, મણીલાલ જેમલ શેઠ, પોલસી જસરાજ, વીઠલદાસ વેલસી, અમીચંદ ડાહ્યાલાલ.

ઉતારા સમિતિ.

ચંપકલાલ પિતાંબર, શાંતીલાલ પોપટલાલ, અમુલખ હરગોવિંદ, મણીલાલ દેવચંદ, રવજીભાઇ મગનલાલ, માણેકલાલ જેઠાલાલ અને મનસુખભાઇ જેમલ.

ભોજન સમિતિ.

પરશોત્તમ નગરદાસ, રતીલાલ ડાહ્યાલાલ, પોલસીભાઇ જસરાજ, રતનસી નાગજી, નારણદાસ નાનચંદ, ચુનીલાલ ઓધડભાઇ, ખીમચંદ કસળચંદ, ચુનીલાલ ધનજી, મગનલાલ નાનચંદ, ત્રીકમલાલ સંઘજી કોઠારી.

પ્રચાર સમિતિ.

શ્રીયુત રાયચંદ અમુલખ વઢવાણ કેમ્પ, લાડકચંદ પાનાચંદ ઓટાદ, વ્રજલાલ મોહનલાલ વકીલ કારીયાણી, અમરચંદ કુંવરજી ભાવનગર, હરીચંદ ઓધવજી પાલીયાદ, વીરચંદ પાનાચંદ, સમઢીયાળા, ચતુરદાસ રાયચંદ શાહ અને મણીલાલ જેમલભાઇ શેઠ.

ઠરાવ ખરડા સમિતિ.

શ્રીયુત્ જગજીવન શીવલાલ પરીખ. વિઠલદાસ મૂળચંદ ભાવનગર, ઉમેચંદ ખેચરદાસ વકીલ વઢવાણ કેમ્પ, વ્રજલાલ મોહનલાલ વકીલ કારીયાણી, અમૃતલાલ ભગવાનદાસ ધધુકા. રતનસી નાગજી ઝીંઝાવદર નાનું.

દહેરાસર સમિતિ.

કુલચંદ ત્રીભોવન અને ઠાકરસી જીવરાજ નિંગાળા.

સ્વયંસેવક સમિતી

તલકચંદ કાનજી કપાસી જી. ઓ. સી. અમૃતલાલ ભગવાનદાસ, ચીમનલાલ ઝવેરચંદ અને જેસીંગભાઇ સુંદરજી.

ત્યારબાદ પ્રમુખસ્થાનેથી નીચેના બે ઠરાવો મુકાતાં તે સર્વાનુમતે પસાર થયા હતા.

ઠરાવ નં. ૧

અધિવેશનના પ્રમુખની ચુંટણી માટે આજે મળેલી સ્વાગત સમિતિ સ્વાગત સમિતિના પ્રમુખ શેઠ ભગવાનદાસ હરખચંદ તથા સ્થાનીક સેક્રેટરીઓ ભાઇ મણીલાલ જેમલ શેઠ તથા ચતુરદાસ રાયચંદ શાહને સંપૂર્ણ સત્તા આપે છે.

ઠરાવ નં. ૨

આજે મળેલી સ્વાગત સમિતિ મર્હુમ રાષ્ટ્રિય સેવક શ્રીયુત મણીલાલ કોઠારીની સાષ્ટ્રિય મહાસભા પ્રત્યેની અને જૈન સમાજની અજોડ સેવાના સંસ્મરણ ચિન્હ તરીકે અધિવેશનના મુખ્ય મંડપને **"મણીલાલ કોઠારી નગર"** એ નામ આપવું એ ઠરાવે છે.

પ્રમુખ સાહેબ તથા પધારેલા ભાઇઓનો ઉપકાર માની સભા વિસરજન થઇ હતી.

પ્રચાર—એક આવશ્યક અંગ.

સંસ્થાઓ ચલાવવામાં જે જે સાધનોની અગત્ય રહે છે એમાં પ્રચાર કાર્યનો ફાળો નાનો સુનો નથી. એક રીતે કહીયે તો સર્વ સાધનોમાં પ્રચારરૂપ સાધન એ આવશ્યક અંગ મનાય. સૌ કોઈ સ્થળના દરેક નાના-મોટા મનુષ્યો સંસ્થાના આદિથી વર્તમાનકાળનો અંત સુધીના ઈતિહાસથી માહિતગાર નથી હોતા. પ્રગટ થતાં હેચાલો કિંવા રિપોર્ટો વાંચનારની સંખ્યા પણ જુજ હોય છે અને એમાં પણ જ્યારે શહેરો અને ગામોની તુલના કરીએ ત્યારે એ અંક ઓછો થતો જાય છે. શહેરના હિસાબે ગામડાનું પ્રમાણ નહિં જેવુંજ જણાય. આવા સંયોગોમાં જ્યારે સંસ્થાનું અધિવેશન મળવાનું હોય ત્યારે પ્રચારનો કાર્યક્રમ જેટલો વિશેષ અને જેટલા વધુ પ્રદેશમાં ગોઠવાય તેટલો સંસ્થા કે એના અધિવેશન પરત્વે રસ વધુ કેળવાય. સૌ કોઇ અધિવેશનમાં આવી શકે નહીં છતાં પ્રચાર અંગેની સભાઓ દ્વારા ઘર આંગણે તેમના કાને પણ સંસ્થાનો સંદેશ પડે. રખે માનતા કે એ છુટા છવાયા શબ્દો સાવ નિરર્થક જાય છે! એની અસર તો સંસ્કૃત વાક્ય **'जलबिंदु निपातेन क्रमशः पूर्यते घटः'** જેવી થાય છે. એ કિંમતી સાધનનો ઉપયોગ કરવાની ઘડિકા આવી ચુકી છે. નિંગાળાએ સ્વાગત સમિતિ તેમજ પેટા સમિતિઓ નીમી પોતાના આંગણે જૈન કોન્ફરન્સ મૈયાને નોતરવાનો નિર્ધાર જાહેર કર્યો છે. એના ઉત્સાહી કાર્યકરો-જૈન બંધુ પત્ર-ગમે તેમ લખે કિંવા સ્વછંદપણે ચિત્રે-એની પરવાહ કર્યા વિના કમરકસીને કાઠીઆવાડમાં ઘુમી આવ્યા છે અને પુનઃ પ્રચાર અર્થે નીકળી પડવાના છે. જેમણે સેવાની તમન્નાથી કેવળ કાર્ય સિદ્ધિની મનીષા છે તેમને છપાના તમતમતા સંભાર ચાખવાની કે સીનેમાના ચિત્રપટ માફક ઘડી ઘડીમાં પરિવર્તન પામતા તંત્રીના રંગબેરંગી તરંગોની હારમાળા વિલોકવાની ફુરસદ પણ કયાંથી હોય!

તેમનો માર્ગ મૂકપણે કામ કરી બતાવવાનો લેખાય. તેમને માટે **'कर्मण्येवाधिकारस्ते न फलेषु कदाचन'** જેવું સૂત્ર દીવા દાંડીની ગરજ સારે. લખાપટી કરનારા લખાપટી કરવાના તેથી કામ કરનારાએ પોતાનો ઉત્સાહ ભંગ કરવાની કે મંદ પાડવાની શી જરૂર હોય!

આ તો જેના આંગણે મેળક મળવાની છે તે પ્રાંત પુરતી વાત થઈ. તે ઉપરથી અન્ય ભાગના કાર્યકરોની ફરજ ઓછી નથી આંકવાની. અલબત પોતાના આંગણે અધિવેશન ન હોવાથી મહેમાનોની સગવડ માટેની ચિંતા તેમને કરવાપણું નથી છતાં મેળકને સફળ બનાવવાના કાર્યમાં તેમનો સહકાર પૂર્ણ આવશ્યક છેજ. એ સારૂ વાતાવરણ 'કોન્ફરન્સમય બનાવવામાં' એ સારૂ નાના મોટા દરેક જૈનના હૃદયમાં નિંગાળાની ભૂમિ' એ પ્રતિદિન સ્મરણ કરવાના વિષય તરીકે સ્થાપન કરવામાં-વિવિધ કાર્યક્રમો પોતપોતાના પ્રાંત પુરતા-યોજવાના છે. અલબત જરૂર જણાય તો મુંબઈના મુખ્ય કાર્યાલયમાં લખી જણાવી જાણીતા કાર્યકરોને એ નિમિત્તે પોતાને ત્યાં નોતરી કાર્યક્રમ પાર ઉતારવા બનતું કરવાની ખાસ ફરજ છે. આ જાતના પ્રચારથી જે હેતુ પરિપૂર્ણ ભરવા પાછળ સમાયેલ છે તે ઘણે અંશે પાર પડે છે. હિંદના જુદા જુદા ભાગમાં-ખાસ કરી મોટી વસ્તીવાળા શહેરોમાં અધિવેશન ભરતાં પૂર્વે જે ભાષણ આદિના કાર્યક્રમો ગોઠવાય અને એ વેળા જે પ્રતિભા સંપન્ન કાર્યકરોના ભાષણ રખાય તો તેથી મેળકતો કોન્ફરન્સના નામે અમુક વર્ગ તરફથી ઓરાઢેલ દોષનો ટોપલો ઉતારો પડી જાય અને બીજું જન-સમૂહની સાથ આપવાની શક્તિ કેટલી અને કેવા પ્રકારની છે એનું માપ નિકળે કે જેથી મેળક ટાણે ઠરાવો પસાર કરતાં કેવું વલણ લેવું જોઇએ તેનો ખ્યાલ આવે. આ જાતના કાર્યક્રમો આમ જનસમૂહ સાથે કાર્યકરોનો સહવાસ વધારનારા છે અને સાથોસાથ ભવિષ્યની રૂપ રેખા દોરવામાં સહાયભૂત બનનારા છે. વળી આ દ્વારા જે પ્રચાર થાય છે એ એટલો સંગીન ને ચીરસ્થાયી રહેવાવાળો છે કે એના આલેખન કરતાં એકવારનો અમલજ એમાં રહેલ ફળદાયિત્વનો પુરાવો આપશે. કોન્ફરન્સે છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રચારના આ અંગને વીસારી મૂકી ગંભીર ભૂલ કરી છે. કેવળ છાપા દ્વારા પ્રચાર કરવાની પ્રથાથી સંતોષ પકડી શિથિલતા વધારી છે. તેથી જન સમૂહના પીછાણનો સાચો કયાસ કહાડવામાં મુશ્કેલી નડે છે; અને 'જો' 'તો' ના ખડકો વાત વાતમાં અવરોધ ઉભા કરે છે.

કાઠીયાવાડના અમુક ભાગોમાં પ્રચાર કરીને તાજા પાછા ફરેલા કાર્યકરોએ જે હેવાલ ગત્ સભામાં સુણાવ્યો એ ઉપરથી મુંબઇવાસી કાર્યકરોની આંખ ઉઘડી જવી જોઇએ.

સુરત-ભરૂચ-વડોદરા-અમદાવાદ-પાલનપુર અને રાધનપુર તેમજ પાટણ અને મહેસાણા જેવા વસ્તીથી ભરચક શહેરોના કાર્યકરોએ એ માટે ગોઠવણ કરવાની છે તેમ મુંબઇના જાણીતા અગ્રેસરોએ એમાં સહકાર આપવા પોતાની પ્રવૃત્તિમાંથી થોડા દિવસ ફાજલ પાડવા જરૂરી છે. એ ઉપરાંત મારવાડ-કચ્છ આદિ અન્ય ભાગોને વીસરવાના નથીજ. કાર્યાલય તરફથી કાનુન પ્રમાણે લખી દેવાય એ પુરતું નથીજ. દરેક ભાગના અગ્રેસરોને આગ્રહપૂર્વક લખાવું ઘટે ને પ્રબંધ કરવા માટે આગ્રહ કરાવો જોઇએ એ સાથે સહકાર માંગનારને તે મેળવી આપવો જોઇએ. શહેરોના નામો લખી ગામડાનુ નામ ન લખવામાં એની જનતાનુ મહત્વ અમો ઓછું આંકતા નથી પણ વાતાવરણ પ્રતિ ધ્યાન આપી જે વધુ જરૂરી લાગ્યું એ દર્શાવવાનો યત્ન કર્યો છે. બાકી ગામડામાં પ્રચાર નિશંક લાભદાયીજ છે.

—M.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૦, પાયધુની, મુંબઈ, ૩.

અધિવેશનની સફળતા માટે.

સંવત ૧૯૯૬ નું વર્ષ પસાર થયું અને ૧૯૯૭ ના મંડાણ થયાં. નવનવી આશાઓને જન્મ આપનાર, અવનવા બનાવોની અનુક્રમણિકાના ઉત્પાદક નવા વર્ષની મંગળ પ્રભાત જૈન જનતાને માટે એક વિશિષ્ટ સંદેશ લાવી છે. જૈન જનતાના સુખ દુઃખનો અવાજ રજુ કરનાર, જૈન જનતાનું સાચું પ્રતિનિધિત્વ ધરાવનાર જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પંદરમાં અધિવેશનની નોબત આ મંગળ પ્રભાતે ગાજી છે, એનો અવાજ જૈન જનતાના ઘેર ઘેર પડઘાંયવા લાગ્યો છે, કાઠીયાવાડના આંગણાને પાવન કરવા આવનાર આ મહાસભાનું સ્વાગત કરવા દરેક સૌરાષ્ટ્રવાસી જૈન બંધુ, ભલે તે સૌરાષ્ટ્રમાં હો કે મુંબઇમાં હો, કરાંચીમાં હો કે કચ્છમાં હો, પરંતુ તે પ્રત્યેક માનવી તલપાપડ બની રહ્યો છે. સારાયે સૌરાષ્ટ્રમાં ઘેર ઘેર નિંગાળાની વાતો થવા લાગી છે, મુંબઇમાં કોન્ફરન્સ પ્રત્યે પ્રેમ ધરાવનારા અનેક સૌરાષ્ટ્રવાસી જૈનોએ સ્વાગત સમિતિના સભ્ય બની હાર્દિક સહકાર આપ્યો છે, એટલુંજ નહિ પણ નિંગાળા જવાની અને નિંગાળા અધિવેશનને ફતેહમંદ બનાવવાની તાલાવેલી ધરાવી રહ્યા છે.

સ્વાગત સમિતિના મંત્રીઓ અન્ય ભાઇઓ સાથે સૌરાષ્ટ્ર-ગુજરાતના પ્રવાસની તૈયારીઓ કરી રહ્યા છે. ગુજરાતના ગામોમાં ડેપ્યુટેશનો મોકલવાની પણ હીલચાલ થઇ રહી છે, અને જૈન જૈનેતર વર્તમાનપત્રો અને સામયિકો નિંગાળા અધિવેશનને વધાવી રહ્યા છે. એકાદ બે દિવસમાં સ્વાગત સમિતિના મંત્રીઓ નિંગાળા પહોંચી જશે અને સાથે સાથે કોન્ફરન્સના કામકાજના અનુભવી કાર્યકરને નિંગાળા રોકી ત્યાં ઓફિસ ખુલ્લી મૂકવાની પણ લગભગ બધી ગોઠવણો થઈ રહી છે. આ રીતે કોન્ફરન્સના અધિવેશન માટે જ્યારે ચારે તરફથી સહકાર અને પ્રોત્સાહન મળી રહ્યાં છે, ત્યારે મુંબઇથી પ્રકટ થતાં બે વર્તમાન પત્રો-"માતૃભૂમિ" અને 'જૈન બંધુ' કે જે એકજ સ્થળેથી એકજ કાર્યાલયમાંથી પ્રસિદ્ધ થાય છે, તેમના તરફથી જૈન જનતાને આડે માર્ગે દોરવા માટે તેમજ કોન્ફરન્સનું અધિવેશન ફતેહમંદ ન થાય એટલા માટે મોટાં મોટાં હેડીંગો બાંધી અનેક પ્રકારની ગુલબાંગો ઉરાડવામાં આવે છે. કોન્ફરન્સના ૧૫ મા અધિવેશનને કોકી કોકીને આમંત્રણ આપનારા, વર્કીંગ કમીટી અને ઓલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટીમાં ખૂબ આગ્રહથી ઠરાવ કરાવનાર મહાશયો આજે જ્યારે એ અધિવેશન મળે છે ત્યારે તેને ઉતારી પાડવા, તેની સામે ગંદો પ્રચાર કરે છે એ એટલું બધુ શોચનીય છે કે તે વર્ણવી શકાય તેમ નથી.

વિચારોના ભેદ દરેક સ્થળે હોય છે અને વિચારભેદોના મંથનમાંથીજ તત્વ નીકળે છે, અને સત્ય માર્ગના દર્શન થાય છે, એટલુંજ નહિ પણ વિચારભેદોની જો શુદ્ધ ભાવે છણાવટ કરવામાં આવે તો તેમાંથી જે માર્ગ અનેક વખત મુશ્કેલ અને દીર્ઘ લાગતો હોય તે સરળ અને ટુંકો બને છે, અને કાર્ય સહેલાઇથી પાર પડે છે. પરંતુ એ વિચારભેદ જ્યારે અંગત ટીકા અને ખોટી ચર્ચાનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે તેમાંથી કલેશનીજ વૃદ્ધિ થાય છે, અને ઘણી વખત ઉચ્ચ વિચારોની ચણેલી ભૂમિકા ભાંગી પડે છે.

ઉપર્યુક્ત પત્રો ઉપર જણાવ્યું તેમ પોતાના મતભેદ ખુશીથી સભ્યતા રીતે દલીલપૂર્વક છણી શકે છે, અને તે માટે લખી શકે છે, પરંતુ વિચારભેદને અભરાઈ પર ચડાવી માત્ર પોતાને પસંદ ન આવ્યું એટલે અમુક ચીજને તદ્દન ઉતારી પાડવાના પ્રયાસો સેવવા એ શોભાસ્પદ નથીજ. જો કે કોન્ફરન્સનું તો આ દ્વારા પણ પ્રચાર કાર્યજ થાય છે, કારણ કે આજે જનતા તદ્દન આંધળીયાં કરી અમુક લખ્યું માટે ધ્રુવ પ્રમાણ એમ માનનારી રહી નથી. આજની જનતા સત્યા-સત્યનો તોલ કરી શકે છે, સારૂં બોટું વિચારી શકે છે, અને ત્યાર પછીજ પોતાનો અભિપ્રાય બાંધે છે. અને એથીજ જૈન જનતાને ફરી ફરી અપીલ કરીએ કે કોઇપણ ગુલબાંગોથી આડે અવળે ચીલે ન દોરાતાં નિંગાળા અધિવેશનને સંપૂર્ણ રીતે ફતેહમંદ બનાવવા દરેક કોન્ફરન્સપ્રેમી જૈન સ્ત્રી પુરૂષ તન, મન, ધનથી કટિબદ્ધ થશે. અને જે ઉત્સાહથી સ્વાગત સમિતિએ કાર્ય ઉપાડયું છે તેને વધારે વેગ આપી શકે તેવા કાર્યવાહક સમિતિના સભ્યોએ આ તકે એકત્ર બની અધિવેશન ફતેહમંદ બનાવવા દરેક પ્રયત્ન કરવા એજ એમનો ધર્મ હોઇ શકે.

—મ. હી. લાલન.

જૈન બાળ મિત્ર મંડળ—મુંબઈ

સ્નેહ સંમેલન.

ઉપરોક્ત સંસ્થા તરફથી પોતાના સભ્યોનું એક સ્નેહ સંમેલન તા૦ ૩-૧૧-૪૦ રવીવારના રોજ જૈન કોન્ફરન્સના હોલમાં યોજવામાં આવ્યું હતું, જે પ્રસંગે ઘણા સભ્યો ઉપરાંત આમંત્રિત ગૃહસ્થોએ પણ હાજરી આપી હતી. શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલીસીટરે પ્રમુખસ્થાન સ્વીકારું હતું, પ્રસંગને અનુરૂપ સંગીત તથા ભાષણો થયાં હતાં. પ્રમુખશ્રીએ પ્રમુખસ્થાનેથી પણ કેટલીક જાણવા જોગ સૂચનાઓ કરી હતી, બાદ અલ્પાહારને ન્યાય આપી સંમેલન વાખરાયું હતું.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ટ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ:**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

આવતા અધિવેશન માટે જનતામાં કલ્પનાતીત ઉત્સાહ.

ઝાલાવાડ સંઘે કરેલ અનુકરણીય ઠરાવ.

કાર્યવાહી સમિતિની સભાની ટુંક નોંધ

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા તા. ૨૭ ૧૦-૪૦ ના રોજ ડૉ. **ચીમનલાલ નેમચંદ શ્રોફ**ના પ્રમુખસ્થાને મળી હતી.

આગામી કૉન્ફરન્સના અધિવેશન સંબંધે શ્રી **મણીલાલ જેમલ શેઠે** એક લંબાણ પ્રેરણાત્મક નિવેદન કરતાં જણાવ્યું હતું કે જૈન જનતા તરફથી આજે કલ્પનાતીત સરસ સાથ કૉન્ફરન્સના કાર્યને મળી રહેલ છે તે આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત છે. પ્રચાર થતાં લોકોએ કૉન્ફરન્સના અધિવેશનને આવકાર આપવા તૈયારી બતાવી છે તેનાં કારણ તરીકે આપણે જ્યારે જોઇએ છીએ ત્યારે કૉન્ફરન્સ મહાદેવીની અત્યાર સુધીની સમાજસેવાજ છે એ સહેજે જણાઇ આવે છે. કૉન્ફરન્સના પ્રચારે અત્યાર પર્યન્ત જૈન સમાજને ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના અનેક સાધનો ઉત્પન્ન કરવામાં સક્રિય સીધી સહાયતા કરી છે એમાં જરાપણ શંકા જેવું નથી. જનતા સાથે કૉન્ફરન્સ સંપર્ક ધરાવે છે તેને નિરન્તર ચાલુ રાખવા પ્રચાર કાર્યની આવશ્યકતા પ્રત્યેક જૈને અમલમાં મૂકવી જોઇએ તેમ થવાથી કૉન્ફરન્સને વેગ મળે છે. આવતા અધિવેશનને સફળ બનાવવા માટે મુંબઇના ઝાલાવાડી સંઘે સહાયતા આપવા નિર્ણય કરેલ છે એ બીજાઓએ અનુકરણ કરવા જેવું છે. કૉન્ફરન્સ સમસ્ત હિંદની સંસ્થા છે. નિંગાળા અધિવેશનને ગોહિલવાડ, ઝાલાવાડ, સોરઠ, હાલાર, આદિ પ્રદેશોએ પોતાનુંજ માની સહાયતા આપવાની શરૂઆત કરી છે અને એ રીતે આજે સમસ્ત કાઠીયાવાડના આંગણે આવેલા અમૂલ્ય ઉત્સવને યશસ્વી બનાવવા જૈન બંધુઓ જાગૃત થાય એવી આશા રાખીએ.

શ્રી મણિલાલ ખુશાલચંદ પારી પાલણપુરવાલાએ આ સભામાં કૉન્ફરન્સના અંગે પોતાના વિચારો વિસ્તારપૂર્વક દર્શાવ્યા હતા જેમાં પ્રચાર કાર્ય, સુકૃતભંડાર ફંડની યોજના, અધિવેશન તીર્થસ્થળમાં જરૂર જણાયે મેળવવા, સ્ટેન્ડિંગ કમિટિની રચના કૉંગ્રેસના ધોરણ પર કરવા, બેંકની યોજના અમલમાં મૂકવા વિગેરે બાબતોનો સમાવેશ થતો હતો.

ઉપસ્થિત સભ્યોમાં ખૂબ ઉત્સાહ વ્યાપેલો જણાઈ આવતો હતો. ડૉ. ચીમનલાલ શ્રોફ, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, શ્રી મણિલાલ મોકમચંદ શાહ, શ્રી સાકરચંદ મા. ઘડીયાલી અને શ્રી મોહનલાલ દી. ચોકસીએ આ પ્રસંગને અનુરૂપ વિધવિધ ઉન્નત વિચારો રજુ કર્યા હતા જેનાં પરિણામે કેટલીક નવીન પ્રેરણાઓ જન્મી હતી.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પરીક્ષાઓની તારીખમાં ફેરફાર.

શ્રીમતી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું આગામી અધિવેશન ડિસેમ્બર (નાતાળ) માં નિંગાળા મુકામે મળતાર હોવાથી બોર્ડની વ્યવસ્થાપક સમિતિની તા. ૨૭-૧૦-૧૯૪૦ ના રોજ શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટરના પ્રમુખસ્થાને મળેલી સભામાં ધાર્મિક પરીક્ષાઓ લેવાની તારીખ ૧૨ જનન્યુઆરી ૧૯૪૧ સંવત ૧૯૯૭ ના પોષ શુદ ૧૪ ને રવીવાર રાખવા નક્કી કરવામાં આવેલ છે. તદનુસારે બોર્ડના સર્વે સેન્ટરોમાં પ્રતિવર્ષ મુજબ પરીક્ષાઓ થશે. નવા સેન્ટરો માટેની અરજી તુરતજ મોકલી આપવી.

પરીક્ષામાં બેસવા માટેના વિદ્યાર્થીઓના પ્રવેશપત્રો (ફૉર્મ) મોડામાં મોડા તા. ૧૫ ડિસેમ્બર ૧૯૪૦ સુધી સ્વીકારવામાં આવશે.

જૈન પાઠશાળાઓને મદદ.

પાઠશાળા મદદ માટે આવેલી અરજીઓ સંબંધે નવેમ્બરના બીજા સપ્તાહ લગભગ નિર્ણય કરવા ધારણા છે. જે પાઠશાઓએ અરજી મોકલી ન હોય તેઓને તે મોકલી આપવા સુચવવામાં આવે છે.

શેઠ માણેકલાલ ચુનીલાલ તરફથી મદદ.

પાઠશાળા મદદ માટે શેઠ માણેકલાલ ચુનીલાલ શાહ જે.પી. એ રૂા. ૫૦૧) પાંચસો એક પ્રદાન કરવા કૃપા કરી છે.

લી૦ સેવકો,

ગોડીજી ચાલ,
૨૯, પાયધુની,
મુંબઇ તા. ૪-૧૧-૪૦

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.
અબલચંદ કેશવલાલ મોદી
ઑનરરી સેક્રેટરીઓ.

(અનુસંધાન પૃ. ૪ ઉપરથી)

અલબત્ત હિંસા તો નાની મોટી દરેક ક્રિયામાં છે, છતાં જ્યારે એ પાછળના હેતુઓની વિચારણા કરીએ છીએ ત્યારે એમાં ઘણી તરતમતા રહેલી જણાય છે. અહીં જે ગૌરવ લેવાની વાત છે તે અહિંસાની પૂર્ણતા નહિં પણ એક વ્રતનિષ્ઠ વ્યક્તિએ સ્વધર્મ પાલનમાં બતાવેલી એક નિષ્ઠા છે. સ્વધર્મનો અર્થ અહીં એક જૈન તરિકે ઓળખાતા ગ્રહસ્થને માટે જે ધર્મ નિર્માણ થયો છે તે સમજવો. આ ઉદાહરણ કલ્પિત નથી, એની પાછળ ઈતિહાસના અંકોડા છે.

વિદ્વાન બંધુ તરફથી પોતાની નોંધમાં છેલ્લા પેરામાં જે વિચારણા કરાઇ છે એને આ પ્રસંગ સાથે કંઇજ લાગતું વળગતું નથી. જ્યાં દંભની ગંધનો સંભવ સરખો નથી ત્યાં આજની આપણી દાંભિક પ્રવૃત્તિને જોડી દઇ તોલના કરવા બેસવું એ વાસ્તવિક કેમ કહેવાય ? સુજ્ઞેષુ કિંબહુના ?

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર: HINDSANGHA. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર. REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.

તંત્રી.

મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ.

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૨૨

વિ સં. ૧૯૯૬, આસો શુદ ૧૫, બુધવાર. તા૦ ૧૬ મી ઑક્ટોબર ૧૯૪૦

JAIN YUGA

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.

ઉદ્દેશ.

આ કોન્ફરન્સ કે જેનું નામ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ રાખવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ જૈનને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય અને બીજા જૈન કોમ અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો અને તે ઠરાવોને અમલમાં મુકવા માટે ઉપાયો યોજવાનો છે.

કાર્ય વિસ્તાર.

સમસ્ત જૈન કોમને (સંઘ) લાગુ પડતા સવાલોજ કોન્ફરન્સ હાથ ધરશે. ન્યાતના, સ્થાનિક સંઘના, મહાજનના અને પંચના તકરારી વિવાદગ્રસ્ત વિષયો સીધી કે આડતરી રીતે કોન્ફરન્સ હાથ ધરી શકશે નહિ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

આગામી અધિવેશનની કાર્યવાહી અંગે સ્ટેન્ડિંગ કમિટીએ કરેલ દિશાસૂચન.

કોન્ફરન્સનું આગામી અધિવેશન નિંગાળામાં (ભાવનગર સ્ટેટ) આવતા ડિસેમ્બર માસમાં મેળવવા નિર્ણય કરવામાં આવેલ છે અને તેને લગતી તૈયારીઓ ત્યાંના ઉત્સાહી ભાઇઓએ કરવાની શરૂઆત કરી છે, એ તબક્કે જૈન જનતાની જાણ ખાતર આગામી અધિવેશનની કાર્યવાહી અંગે મુંબઈમાં રા. રા. **લલ્લુભાઈ દીપચંદ ઝવેરી**ના પ્રમુખપણાં હેઠળ તા. ૨૮ એપ્રિલ ૧૯૪૦ ના રોજ મળેલ ઑલ ઈંડિયા સ્ટેન્ડિંગ કમિટી દ્વારા થયેલ દિશા–સૂચનની યાદ આપવી ઉચિત થઈ પડશે.

સ્ટેન્ડિંગ કમિટીનો ઠરાવ નં. ૩ નીચે પ્રમાણે છે.

"આ સ્થાયી સમિતિ કોન્ફરન્સના આવતા અધિવેશનનું કાર્ય (૧) કોન્ફરન્સના બંધારણમાં ઉદ્દેશ અને કાર્ય વિસ્તાર સિવાયની બાબતોમાં જરૂરી ફેરફાર (૨) આર્થિક ઉદ્ધાર અને (૩) કેળવણી પ્રચાર એ ત્રણ બાબતો ઉપર ખાસ કરીને કેન્દ્રિત કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

ઉપરોક્ત ઠરાવ કોન્ફરન્સના ભવિષ્યના કાર્યક્રમ વિષે એક અતિ મહત્વપૂર્ણ રેખાંકન કરે છે એટલુંજ નહિં પણ સમાજના હાર્દને સ્પર્શી તેનાં ઉદ્ધારાર્થે કેળવણી પ્રચાર અને આર્થિક ઉદ્ધાર (બેકારી નિવારણ) જેવા કોઈપણ પ્રકારના મતભેદ વિનાના સલગતા પ્રશ્નોના નિરાકરણ માટે ઉદ્યુક્ત રહી સમાજના સહકારની અપેક્ષા સેવે છે. અત્યારના સંક્ષુબ્ધ વાતાવરણમાં કોન્ફરન્સ જેવી સમાજની મધ્યસ્થ સંસ્થાને વિકસાવવા સૌ પૂર્ણ પ્રેમથી સહકાર આપે અને આવતા અધિવેશનને સફળ બનાવવા તત્પર બને એ અભિલાષા છે. સ્ટેન્ડિંગ કમિટીએ ખૂબ ચર્ચા કરીને કરેલ આગ્રહપૂર્વકની ભલામણ અનુસાર આવતું અધિવેશન થવા પૂરો સંભવ છે. સર્વ બંધુઓ તેટલા માટે ઉત્સાહથી કાર્ય કરવા લાગી જાય અને આવતા અધિવેશનને સફળ બનાવવા પોતાના તન, મન, ધનથી પ્રયત્ન કરે એમ અંતઃકરણથી ઈચ્છા અને આશા રાખવામાં આવે છે.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ.
તા. ૫–૧૦–૧૯૪૦.

લિ૦ સેવક,
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्ववोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૧૦-૪૦. બુધવાર.

આપણી સંઘ સંસ્થા.

એક કાળની જબરદસ્ત સંસ્થા આજે સાવ જર્જરિત દશાનો ભોગ થઇ પડી છે અને લગભગ અસ્તિત્વ ભુંસી વાળવાની વિષમ અણી પર આવી અટકેલ છે એમ વર્તમાન જૈન સંઘોની દશા જોતાં કહેવામાં જરા પણ અતિશયોક્તિ કરવાપણું નથી. આજે તો ખુદ પરમાત્મા મહાવીર દેવ સ્થાપિત ચતુર્વિધ સંઘના દર્શન તો દુર્લભ થઇ પડયાં છે પણ કેમ જાણે વિપત્તિ આવે છે ત્યારે સાથમાં સહિયરોને લેતી આવે છે એ ઉક્તિ અનુસાર સંઘના નામે વહીવટ ચલાવતા અને કેવળ આગેવાનોના આંગળીએ નાચતા–સાચા સ્વરૂપના સંઘો નહિં પણ કેવળ સંઘના નામધારી માલણા–પણ જોવા નથી મળતા! જાણે જૈન સમાજમાં સાવ શિથિલતાના અમાપ પૂર ચઢી આવ્યા છે! ભાગ્યેજ કોઇ શહેરનો સંઘ પદ્ધત્તિસર કામ કરતો દ્રષ્ટિગોચર થશે! જવલ્લેજ એવું શહેર દેખાશે કે જ્યાંના સંઘમાં તડાં કે ફાટફૂટ નહીં હોય? અથવા ઉઘાડો કે છુપો રોષ કાર્યવાહો પરત્વે નહીં ભભુકતો હોય!

આ સ્થિતિ જન્મવાના કારણો સંખ્યાબંધ છે. સંઘ-આજ્ઞા અને સંઘ ગૌરવની મહત્તા એક કાળે જૈન આમ જનતામાં જે સર્વોપરી પદે હતી તેને હચમચાવી, તોડી પાડવામાં–અરે હતી ન હતી કરી મૂકવામાં નારી ગણ નહિ પણ પુરૂષ વર્ગ વધારે જવાબદાર છે. ચતુર્વિધ સંઘમાં સાધુ–સાધ્વી અને શ્રાવક–શ્રાવિકા રૂપ ચાર વર્ગોને સરખું સ્થાન હોવા છતાં સાધ્વી વર્ગે અને શ્રાવિકા વર્ગે તો તહત્તિ કરીનેજ સર્વ કાર્ય વધાવી લીધા છે; એટલે વર્તમાન દશા આણવામાં એ વર્ગનો જરા માત્ર હાથ નથી. જેમનો હાથ છે એ પુરૂષ વર્ગમાં–આચાર્યથી માંડી સાધુ સુધીના અને આગેવાનથી આરંભી, ઉછરતા યુવાન સુધીના સૌ કોઇ પુરૂષનો સમાવેશ થાય છે. અંદર અંદરની મારામારી, પરસ્પરના વધતાં જતાં અણમેળ અને ખટરાગ અને બધાને ટપી જાય એવી વાણીસ્વાતંત્ર્યની તલપના ઓથા હેઠળ નાચી રહેલી સ્વછંદી લાલસા. એ સૌ આજના કરૂણ ચિત્રના સર્જકો છે. સર્વનાશ પાછળ નવસર્જનની ઉષા ઉગે છે એમ અભ્યાસકો માને છે, અહીં કેવી રીતે નવસર્જનનો અરૂણોદય પથરાય છે એ એક કોયડો છે.

નિંગાળામાં કોન્ફરન્સ દેવીની પધરામણી થવાની રણભેરી બજી રહી છે. આમંત્રણ આપનાર ઉમંગી બંધુઓ એ પાછળ અદમ્ય ઉત્સાહથી કમર કસી પરિ-ભ્રમણ કરી રહ્યા છે. આનંદ પ્રેરે એવા સમાચાર દિ'ઉગ્યે પ્રાપ્ત થઇ રહ્યા છે! ત્યારે પ્રશ્ન ઉદ્ભવશે કે 'સંઘ સંસ્થા' ના ગત કાલિન ગૌરવના અત્યારે સંભારણા શા સારૂ? એ પાછળ અરણ્ય રૂદન કરવાનો શો અર્થ? કયાં તો બગડયાને સુધારવું અથવા તો તોડીને ફેંકી દેવું એ આજનો યુગ ધર્મ!

બિગડી સુધારવામાં માનનાર કોન્ફરન્સ તોડ ફોડની નિતિ કેમ અપનાવે? સુધારણાના પ્રયાસમાં હતો-ત્સાહ કેમ થાય! તેથી એક વાર વધુ એ સંઘોને યાદ કરે છે. થાલી પીટીને જણાવે છે કે સંઘોની સ્થિતિ આજે ગમે તેટલા પગથીયાં નીચે ઉતરી ગઇ હોય–અરે સંઘો પોતે મરવાના વાંકે જીવતા હોય છતાં માતાના (કોન્ફરન્સ મૈયા) ચોપડે તો એમના નામ-ઠામ કાયમ છે, અર્થાત્ એમના સ્થાન ને ગૌરવ હજીપણ મોજુદ છે. અધિવેશનની બેઠકના આમંત્રણ એ સરના-મેજ પાઠવવામાં આવશે. બંધારણ અનુસાર એ સંઘોનેજ પોતાના પ્રતિનિધિઓ ચુંટી કઢાડવાની વિનંતિ થશે. એ સંઘો પોતાના આ અગત્યના હકકનો જો ઉપયોગ નહીં કરે તો એમાં કસુર તેમની પોતાની ગણાશે. 'લગનવેળા ગઇ ઉંઘમાં પછી પસ્તાવો થાય' જેવું થશે.

કોન્ફરન્સ જૈન સમાજના નામે બોલવાનો દાવો કરે છે કારણ કે એની પાસે સારાયે સમાજનુ પ્રતિનિધિત્વ ખેંચાઇ આવે તેવું ઉદાર બંધારણ છે. એમાં પોલ ચલાવી શકાતી નથી. એ બંધારણ મુજબજ પ્રતિનિધિ મોકલી આપવાની આમંત્રણપત્રિકા રવાના થાય છે. વર્તમાન સંઘો સાચેજ માનતા હોય કે કોન્ફરન્સ આજે અધર્મના માર્ગે જઇ રહી છે! અને જૈન સમાજના નામે બોલવાનો અધિકાર નથી તો આ મોકો આવ્યો છે. સંઘોની બેઠક મેળવી તેઓ એવા પ્રતિનિધિઓને ચુંટી મોકલે કે જેઓ જાતે પૂર્ણ શ્રદ્ધાવંત હોઇ, અધ-ર્મના કાર્યમાં સહકાર ન આપે અને વધારામાં બહુમતી મેળવી અધર્મના માર્ગે જઇ રહેતી હોય તો સંસ્થાને પુનઃ ધર્મ માર્ગે વાળે-એનો કબજો મેળવે. એક તરફ અધ-ર્મની વાતોનો ટોપલો ઉરાડવો અને બીજી બાજુ અધર્મનો પડદો ચીરી નાંખી ધર્મનું સાચું સ્વરૂપ દેખા-ડવાની તક સાંપડે ત્યારે કિંકર્તવ્યમૂઢતા આદરવી કે ચાલુ સમયને અનુરૂપ ન થઈ પડે તેવો પ્રચાર કરવો એ ધર્મની સાચી દાઝ જેમને હૈયે છે તેમને શોભારૂપ કાર્ય નથી. આજે પણ એ જર્જરિત દશાપન્ન સંઘોને ટકાર બનાવી, પુનઃ કામ કરતા કરી દેવાની જરૂર છે. પૂર્વે એ ગૌરવભરી સંસ્થા દ્વારાજ જૈન સમાજનું સંગઠન બન્યું રહ્યું છે અને બહારના આવેલ હુમલા-ઓનો યોગ્ય પ્રતિકાર થયો છે. અન્ય પ્રાંતોની વાત બાજુ પર રાખી માત્ર ગુજરાત-કાઠીયાવાડનું ઉદાહરણ

લઇએ. એ ભાગના જૈનોનો મોટો ભાગ ધર્મી માનસ ધરાવતો હોય છે એમ સ્વીકારવામાં વાંધો નથી, તો શા સારૂ મોટી સંખ્યામાં પ્રતિનિધિ તરિકે નિંગાળામાં હાજર રહી જે જે ઠરાવ વાંધાભર્યા જણાય તે તે સુધારવા સારૂ કોશિષ ન કરે? કોન્ફરન્સ જેવી બંધારણીય સંસ્થામાં લડત પધ્ધત્તિસર લડાવી જોઇએ. એ માટે રાષ્ટ્રિય મહાસભાનો દાખલો ચક્ષુ સામે રાખવો ઘટે. સુધારાવાદુ અને વર્કીંગ કમિટિ વચ્ચેનો મતભેદ અને એ અંગેની લડત ધ્યાનમાં રાખી આપણી આ મહાસભામાં કામ લેવાવું ઘટે. કેવળ ઉતારી પાડવાના પ્રલાપ, અથવાતો એ સામે કાદવ ઉરાડવાના બાલિશ પ્રયત્નો; અગરતો રૂસણુ લઇ બેસવાની કુટેવ-એ આ યુગને બંધ-બેસતા હથિયાર નથી-એથી સાચી લડત નથી લડી શકાતી. એથી સંઘ-સમાજના કામ વીણસે છે ત્રીજી સત્તાને મજબૂત થવાનું બને છે. 'હું કાણી બની તને આંધળી કરવાની વૃત્તિથી' કેવળ આપણા પોતાના અધઃપતનનો ઇતિહાસ વધુ ઘેરો અને વધુ કરુણ સર્જાય છે. ઘરના ઝગડામાં પ્રગતિ સાવ અટકી પડે છે અને વિનાશ ડોકીયા કરતો બડો થાય છે.

જેઓ આજે પોતાને ધર્મી માની રહ્યા છે અને ધર્મ સાચવવાની સાચી તમન્ના ધરાવે છે, તેઓ એકાંતમાં બેસી શાંતિથી વિચાર કરશે તો સહજ જણાશે કે જેમને તેઓ અધર્મી કે બોટા રાહે જઇ રહેલા માને છે તેઓ અન્ય કોઇ નહિં પણ તેમનાજ સ્વધર્મી બંધુઓ છે. એકજ મહાવીર પિતાના સંતાન છે. એમની સમજમાં કે એમના વર્તનમાં જે કંઇ વિરોધ લાગતો હોય તે તેમની છાતી સામે ઉભા રહી દલીલ પુરસ્સર સમજાવવો જોઇએ. કેવળ અસહકાર કરી એમને ઉવેખી મૂકવાથી કાર્ય ન સરે! સાચા જૈનનુ એ કર્તવ્ય ન લેખાય. **धारयति इति धर्म** અર્થાત્ નીચા માર્ગે પડી કે સરી જતાંને ધારણ કરી સન્માર્ગે વાળે એ જ્યાં ધર્મ-લક્ષણ મનાયું છે અને જૈન ધર્મનો એ જ્યાં મુદ્રાલેખ છે ત્યાં પોતાનાજ સમાન ધર્મીઓ સહ મળવામાં વાતચિત કરી સમાધાન શોધવામાં મત્સર દાખવવો એ શું વ્યાજબી ને યોગ્ય છે?

સંગઠનની સાચી ભાવનાથી પ્રેરાઇ, જ્યારે અધિવેશનનો યોગ સાંપડયો છે ત્યારે આ ચેતવણી આપવાની ફરજ અદા કરવી વાસ્તવિક લાગી છે. સંઘ સંસ્થાને પુનર્ જીવન અર્પી, નવેસરથી કામ કરતી બનાવવાની પળ આવી ચુકી છે. વર્ષો જુના મતભેદોને ડામી દઇ, નવું પાનું ઉઘાડવાની તક સાંપડી છે. એ ટાણે વિબુધ ગણાતા વર્ગના વારસદારો-વાણિયા વિના રાજા રાવણનું રાજ્ય ગયાની વાત કરનારા વણિકો-સાચી દિશા અવલોકી લઇ, એને અપનાવશે કે?

≠ નોંધ અને ચર્ચા. ≠

પ્રચાર અને રસ પૂરક કાર્યક્રમ

વારંવાર કહેવામાં આવે છે કે જૈન કોન્ફરન્સ આજે ટટાર દશામાં ન જણાતી હોય તો એમાં પ્રચારની ઉણપ એક મુખ્ય કારણરૂપ છે. વાત સાવ દુર્લક્ષ કરવા જેવી નથીજ. અધિવેશનમાં શબ્દલાલિત્યથી ભરપુર ઠરાવો પાસ કરી ગયા પછી નથી તો હોદ્દેદારો કે નથી તો કમિટિના સભ્યો એના પ્રચાર અર્થે કિંવા એ સંબંધી જનતાને પૂર્ણ માહિતગાર બનાવવા સારૂ નિકળ્યા હોય એવું બન્યું છે? એ માટે છાપામાં આવેલ હેવાલને પુરતો માની જાણી વધુ કંઇ કરવાપણું રહેતુંજ નથી એમ માની લેવાય છે અને એવા મંતવ્યધારીની સંખ્યા ઓછી તો નથીજ!

વર્તમાન સંયોગો પ્રતિ ધ્યાન દેતાં પ્રચાર એ સમાજજાગ્રતિનુ જીવંત અંગ છે અને તે કાર્ય માત્ર ભાડુતી માણસો દ્વારા કે પગારદાર વ્યકિત દ્વારા થાય એ એટલું શોભાજનક ને લાભદાયી નથી; જેટલું કાર્ય ઉમંગી કાર્યકરો અને જાણીતા હોદ્દેદારોના પ્રયાસથી સધાય. પણ પ્રશ્ન એ ખડો થાય છે કે એ જાતની ફુરસદ છે કોને? પર્યુષણ પર્વ જેવા નિવૃત્તિજનક દિવસોમાં પણ જ્યાં સુકૃત ભંડારનો ફાળો ઉઘરાવવા સારૂ કાર્યક્રમ ગોઠવાતો નથી ત્યાં શ્રમણ સારૂ કાળ કહાડવો કેમ પરવડી શકે? જો આ પ્રશ્ન એ પ્રશ્ન રૂપેજ રહેવાનો હોય તો કોન્ફરન્સ જીવંત સંસ્થામાં ફેરવાય એ સ્વપ્નની વાત રહેવાની. ભૂતકાળનો ઇતિહાસ નજર સન્મુખ રાખી વર્ષમાં અમુક દિનો પ્રચાર અર્થે ખાસ યોજવાની જરૂર છે. એ સાથે જો સાચુંજ જીવન સંસ્થામાં આણવું હોય તો-આમ જનતાને રસ લેતી કરવી હોય તો માત્ર વાર્ષિક કાર્યક્રમથી ન સંતોષ માનતાં, રાષ્ટ્રિય મહાસભાની માફક માસિક ધ્વજવંદન અને અમુક અઠવાડીક કાર્યક્રમો જેવા કાર્યક્રમો ગોઠવવાની જરૂર છે. આપણે રસ પૂરે તેવા જે કાર્યક્રમો ગોઠવવાના છે તે જૈન ધર્મના સિધ્ધાંત દ્રષ્ટિ સામે રાખી, જૈન સમાજનુ વલણ ધ્યાનમાં લઇ, આબાળવૃદ્ધ એમાં હોંશ પૂર્વક ભાગ લેતો થાય તેવા કાર્યો પસંદ કરવાના છે. આ વસ્તુ કંઇ મુશ્કેલ નથી, આજે પણ એવી સંખ્યાબંધ વસ્તુઓ જૈનઘરોમાં કે આપણા દેવાલયો યા ઉપાશ્રયોના અવરાતી દ્રષ્ટિગોચર થાય છે કે જેમાં નાના મોટા. નર કે નારી સૌ હોંશપૂર્વક ભાગ લેતા જોવાય છે. આપણે પસંદગી કરતી વેળાએ દ્રષ્ટિબિન્દુ નેત્ર સામે રાખવાનુ છે કે-આપણો કાર્યક્રમ કેવલ મનોરંજન પુરતો નથી-કાર્યક્રમ પાછળનુ રહસ્ય સમજાય અને એ દ્વારા જન સમૂહનુ સંગઠન સબળ બને અને આપણી મહાસભાનો સંદેશ પણ વિસ્તારી, એનું આકર્ષણ વધુ સંગીન બનાવી શકાય.

પ્રાંતિક કે જીલ્લાવાર અથવા જુદા જુદા શહેરોમાં કોન્ફરન્સના બંધારણ અનુસાર સ્થાપન થયેલી સંસ્થાઓ મુખ્ય કાર્યાલય તરફથી નિયત કરાયેલ આ જાતના કાર્યક્રમને સફળતાથી પાર ઉતારવાના પ્રયાસો આદરે અને એનો હેવાલ જાહેર પત્રોમાં તેમજ મુખ્ય કાર્યાલયમાં નિયમિત મોકલ્યા કરે. આ નાની સરખી જણાતી વાત જો વિચાર કરવામાં આવશે તો સાચા રૂપમાં સંગઠનના અંકોડા જોડતી જણાશે. વળી એમાં રચનાત્મક

(અનુસંધાન પૃ. ૭ ઉપર)

"એપાન હતો એ હેમચંદ્ર ચાલતી ગાડીએ ચડી બેસે એવો." !!

(શ્રી. મેઘાણીકૃત રા. 'ગંગાજળીઓ' પુસ્તક પૃષ્ઠ ૧૦૩)

ઉપરનું વાકય વાંચતાં આબાલવૃદ્ધ કોઇ પણ જૈનને આઘાત અને આશ્ચર્ય થયા વિના રહે નહિ જો કે પુસ્તક વાંચતાં સહજ માલુમ પડે છે કે આ વાકયો ગૌડાચાર્ય નામના બ્રાહ્મણના મોઢેથી બોલાવ્યા છે. પરંતુ ગૌડાચાર્ય જેવો વિદ્વાન્ બ્રાહ્મણ આટલી તોછડાઇથી બોલે અને શ્રી. મેઘાણી જેવા સાક્ષર એ રીતે એની ગુંથણી કરે, એ કોઇ રીતે જૈન કોમ ચલાવી શકે નહિ. આ પેરીગ્રાફ આખોય જૈનો પ્રત્યે બ્રાહ્મણોનો કેટલો તિરસ્કાર હતો તેનું બોટી રીતે ભાન કરાવતો હોય એ રીતે લખાયો છે. વળી આગળ ચાલતાં શ્રી હેમચંદ્રાચાર્ય ઉપર વધારે આક્ષેપ કરતાં જણાવવામાં આવ્યું છે કે 'કુમારપાળને છેતરવા માટે હેમચંદ્ર સોમનાથ આવતો ત્યારે સોમનાથની સ્તુતિ કરતો, અને રૂદ્રમાળના દર્શન કરતાં રૂદ્રના શ્લોક રટતો.' ઉપરની મતલબનું વાકય પણ હેમચંદ્રાચાર્ય જાણે કે એક મહાન્ ધૂર્ત હોય અને કુમારપાળને શીશામાં ઉતારવા માટે અવનવા પ્રપંચો ગોઠવતા હોય એવા ચીતરી એક મહાન્ પુરૂષના શુદ્ધ અને અલૌકિક ચારિત્ર ઉપર જે કુઠારાઘાત કર્યો છે તે જૈનોને માટે લાંછન રૂપ છે.

વળી વિશેષ આશ્ચર્યજનક અને દીલગીરી ભરેલું એ છે કે આખી નવલકથા વાંચતાં કોઇ પણ સ્થળે હેમચંદ્રાચાર્યના પાત્રને ખાસ સ્થાન આપવામાં આવ્યું નથી, અને એને લગતા પ્રસંગો પણ નથી, છતાં એ પાત્રને નીચું પાડવા માટેજ એને આડકતરી રીતે વાર્તામાં દાખલા રૂપે સ્થાન અપાયું છે એ વસ્તુ જાણીબુજીને આલેખાએલ હોય એમ જણાય છે.

આ પ્રસંગના લેખક શ્રી. ઝવેરચંદ મેઘાણી જેવા સિદ્ધહસ્ત લેખક અને જૈન હોવા છતાં આટલી હલકી કોટીએ પાત્રાલેખન કરે તે તેના જેવા માટે શોભાભર્યું તો નજ કહેવાય.

આ સ્થળે એક બીજો ઉલ્લેખ પણ શ્રી. મેઘાણીના કથાનકો માટે કરવો જરૂરી જણાય છે. શ્રી. મેઘાણીએ ગુજરાતનો જય ભા. ૧ લો બહાર પાડયો છે, અને ભા. ૨ ચાલુ વાર્તા તરીકે 'કુલ છાપ'માં આવે છે, આમાં પણ વસ્તુપાલના પાત્રને તથા તેજપાલનાં ધર્મપત્ની અનુપમાદેવીને એવી રીતે વાતો કરતા વારંવાર ચીતર્યા છે કે સામાન્ય સમજવાળા વાંચકોમાં ગેરસમજુતી ઉભી કરે. એક પ્રસંગમાં એમ લખ્યું છે કે 'રાત્રિના વસ્તુપાળ અને અનુપમાદેવીને એકાંતમાં વાત કરતાં જોઇ સોખુ (વસ્તુપાલની બીજી સ્ત્રી) ચાલી ગઇ. જો કે લેખકે તેઓ બન્નેને રાજદ્વારી વાતો કરતાં ચીતર્યા છે, તો પછી સોખુના ચાલી જવાનો પ્રસંગ શા માટે બતાવ્યો? સોખુ ઉભી રહે તો શું બગડી જવાનું હતું? ખેર! એ તો લેખકની ઇચ્છાની વાત છે, પરંતુ પાત્રાલેખન કરતાં પાત્રોની મહત્તા ન ભૂલાવી જોઇએ અને તેમાંય પણ મહાન્ ગણાતા ઐતિહાસીક પાત્રોને તો જરા પણ અન્યાય ન થવો જોઇએ.

આ ઉપરાંત "ગુજરાતનો જય" વાંચતાં એવો ભાવ તરી આવતો દેખાય છે કે જાણે વસ્તુપાલ જે સંઘ લઇને સિદ્ધક્ષેત્રની યાત્રાએ નીકળ્યા છે, તે જાણે કે સંઘને નામે જાસુસી કરવા અને શ્રાવકોના રાજ્યોનો વિસ્તાર કરવાના ગુપ્ત હેતુથી નીકળ્યો ન હોય તેવો ભાસ દેખાડાયો છે. જે છ-રી પાળતા સંઘમાં આખોય દિવસ ધાર્મિક પ્રવચનો અને ધાર્મિક ક્રિયાઓજ કરવાની હોય, તેવા સંઘમાં વારંવાર ગુપ્તચરોનો પ્રવેશ, ગુપ્તચરોની હીલચાલ, રાજખટપટની મંત્રણાઓ, રાજ્યના ગુપ્તચર નિપુણક અને રત્નપ્રભા નામની એક જાસુસ સ્ત્રીનું રાત્રિના સમયમાં મિલન વિગેરે આલેખનો સંઘની શોભાને સાનુરૂપ તો નજ લેખાય. છતાં નવલકથાની દૃષ્ટિએ માની લઇએ કે રસની જમાવટ અર્થે આવા પ્રસંગો આલેખાયા હોય, પરંતુ તેવા પ્રસંગોએ પણ સિદ્ધાંતનું અને મુખ્ય વસ્તુનું વિરૂપ દર્શન તો નજ થવું જોઇએ.

શ્રી. મેઘાણીને અમો પુનઃ વિનંતિ કરીએ છીએ કે તમારી સંકલનાઓ તમો તપાસી જુઓ? તેમાં પાત્રોની મહત્તા અને પ્રસંગોનાં ઔચિત્ય પ્રત્યે દુર્લક્ષ સેવાયું છે કે નહિ? તેઓશ્રી જૈન હોઇ તેમના પાસેથી જૈનો જે આશા રાખે તેનાથી વીપરીત વસ્તુની પ્રાપ્તિ તેમના તરફથી મળે ત્યારે જૈનોને કેટલા દુઃખનો વિષય તે થઇ પડે એ કલ્પનાતીત છે.

ભૂતકાળમાં શ્રી. કનૈયાલાલ મુનશીને હાથે લખાયેલ 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'માં મંજરી જેવાં કાલ્પનિક પાત્ર સામે હેમચંદ્રાચાર્ય જેવી મહાન્ ઐતિહાસિક વિભૂતિને ઠેરવી જૈનોની જે ટીકા શ્રી. મુનશીએ ઉડાડી હતી, અને એને માટે જૈનોના વિદ્વાનથી માંડી દરેક વ્યક્તિને આઘાત લાગતાં સખ્ત પોકાર ઉઠયો હતો, પરંતુ એ લેખક પોતે જૈનેતર હોવાથી જૈનોનો દાવો તેના ઉપર ચાલી શકે નહિ પણ શ્રી. મેઘાણી તો જૈન હોઈ એક જૈન તરીકે તેની પાસેથી તો આ વાતના સ્પષ્ટ ખુલાસા સાથે ભવિષ્યની આહેંધરી માગવા જૈન કોમ હકદાર છે.

આપણા પૂજ્ય મુનિરાજો-જેઓ પ્રત્યે માનની લાગણી હોવા છતાં કહેવું પડે છે કે-જેઓ પોતાનો ઘણો ખરો સમય આડંબરો પોતાનાજ ગુણાનુવાદો અને કુથલીઓમાં સમયનો દુર્વ્યય કરે છે, તેઓએ આવી બાબતો ઉપાડી લેવાની ખાસ ફરજ છે, કારણ કે વાંચત મનન અને જૈન ધર્મનું રક્ષણ એ તેના નિત્યકર્મો હોઈ આ વિષયમાં તેઓજ વધુ આગળ પડતો ભાગ લઇ કોમને જાગૃત કરી શકે. જૈન વિદ્વાનોનું પણ લક્ષ્ય આ બાજુ ખેંચાવું જોઇએ, કારણ કે જૈન કોમ વ્યવહાર અને ધંધામાં રચી પચી હોઇ એવી વાતો તેમના લક્ષ્યમાં ન પણ આવે, ત્યારે વિદ્વાનોને તે સહજ પ્રાપ્ય હોય છે.

આપણી કોન્ફરન્સે આ બાબતમાં એક સહ્રદય વિચારકોની અને અવલોકનકારોની એક સ્થાયી સમિતિ નીમવી જોઇએ, કે જે જ્યારે જ્યારે આવા પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે ત્યારે ખૂબ જોર પૂર્વક પ્રચાર કાર્ય કરી બરી વસ્તુ સમાજને સાદર કરે.

—મનસુખલાલ લાલન.

જૈન સમાજની સુષુપ્તિ!!

સાંભળવા મુજબ જૈન સમાજમાં જે એક સ્થિતિચુસ્ત વર્ગ છે તેને નિંગાળામાં કૉન્ફરન્સનું અધિવેશન મળે એ પણ ગમતું નથી; એટલે એ વર્ગના ભાડુતી માણસોએ લખાપટી દ્વારા અત્યારથી અધિવેશનના નામે ખોટી ગુલબાંગો ઉરાડી નિંગાળા-બોટાદ અને એજ નજીકના અન્ય ભાગોની જૈન જનતાને ઉંધા માર્ગે ચઢાવવાનો બાલિશ પ્રયાસ આદર્યો છે. જો કે અધિવેશન શા અર્થે મળે છે અને એમાં મુખ્ય કાર્યવાહી કેવા પ્રકારની હાથ ધરવાની છે એ સંબંધમાં "જૈન યુગ" માં ચોખવટ કરવામાં આવી છે અને અવાર નવાર આવતી રહેવાની છે. વિશેષમાં એને લગતા મહામંત્રી આદિના નિવેદનો પણ પ્રગટ થતાં હોવાથી કાઠીયાવાડ કે ગુજરાતની આમ જનતા એ આવા ભાડુતી માણસોના બીન જવાબદારી ભર્યા લખાણોથી દોરવાઇ જવાની જરૂર નથીજ. એ વર્ગ તરફથી વિધવા વિવાહ અને દેવ દ્રવ્યના ઓથા તળે જે જાતનો પ્રચાર કરાયો છે, એમાં કૉન્ફરન્સ જેવી મહાન સંસ્થાને વિનાકારણ સંડોવી કેવલ જૈન સમાજને જબરી હાનિ પુગાડવા સિવાય કંઇપણ લીલું થયાનુ જાણમાં નથી.

એ સ્થિતિચુસ્ત વર્ગના માણસોને આગ્રહ પૂર્વક અપીલ કરીએ કે કૉન્ફરન્સના માર્ગમાં વિના કારણ કાંટા વેરવા કરતાં જૈન સમાજ સામે આજે ઇતર સમુહ તરફથી જે જુદી જુદી રીતે સંકડામણો ઉભી કરવામાં આવે છે એનો વ્યવસ્થિત સામનો કરવાનો અગર એ માટે જન સમૂહને જાગ્રત કરવાનો પ્રયાસ આદરવામાં આવે તો એ સેવા અવશ્ય નોંધનીય લેખાશે. આજે જ્યારે સંગઠનની ખાસ અગત્ય છે ત્યારે પડેલ ભાંગા વધુ મોટા થાય તેવું હરગીજ ન કરવું ઘટે. અંતર સંધાય એવો ઇલાજ શોધવો એ સમજુ ને સમાજપ્રેમીનુ લક્ષણ હોવું જોઇએ.

પટણામાં આવેલા આપણા જૈન મંદિરની બાજુના ખુલ્લા મેદાનમાં ક્રીશ્ચીયનોની છોકરીઓ માટે બોર્ડીંગ હાઉસ બાંધવા બીહાર ગવર્નમેન્ટ વિચાર ચલાવી રહ્યાના સમાચાર બહાર આવ્યા છે. મંદિરની નજીક આ જાતની મીશન બોર્ડીંગ થાય એટલે આશાતનાનો શુમાર નજ રહે એ સામે માત્ર પટણાના જૈનોજ નહિ, પણ હિંદભરના પ્રત્યેક જૈન સંઘોએ પ્રબળ વિરોધ ઉઠાવવો જોઇએ. સંગીનપણે એકત્ર અવાજ રજુ કરવો. આવોજ છતાં જુદા પ્રકારનો વિરોધ ઉઠાવવાનું બીજું કારણ હિંદુ મહાસભાના આગેવાન ભાઇ પરમાનંદે આપ્યું છે. અમરાવતીની જાહેર સભામાં રાષ્ટ્રિય મહાસભા અને મહાત્મા ગાંધીજીની અહિંસા પાલન સંબંધે જે શબ્દો ઉચ્ચાર્યાનુ બહાર આવ્યું છે તે જૈન સમાજે મુંગી રીતે સાંખી લેવા જેવા નથી. આ રહ્યા એ શબ્દો "રાષ્ટ્રિય મહાસભાનો અહિંસા સંબંધી સિધ્ધાંત, માંકડ નહિ મારનારા પણ ગરીબોને નિર્દયતાથી ચુસનારા જૈનો જેવો છે એ નિષ્ફળ અને અમંગી છે." શું જૈનોનો મોટો ભાગ આ રીતનુ વર્તન દાખવે છે? શું જૈનોના તીર્થંકરોએ જે અહિંસા પ્રરૂપેલી છે તે આ પ્રકારની છે? કદાચ એકાદ બે આત્મા લોભવશ બની કયાંક ઉલ્ટા માર્ગે ઉતરી પડે તે સારૂ સિધ્ધાંત કે એના પ્રણેતા અથવા તો ધર્મ કે સમાજ નિંદાપાત્ર લેખી શકાય? અમને તો આમાં અમેરિકાની મીસ મેયોએ "મધર ઇન્ડીયા" લખી જેમ ગટર મુકદમીનુ કાર્ય કર્યું છે, તેવુંજ કાર્ય ભાઇ પરમાનંદે કર્યું છે એમ જણાય છે. આ સામે જબલપુર અને મધ્યપ્રાંતના જૈનોએ વિરોધ નોંધાવ્યો છે, છતાં

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

પંદરમું અધિવેશન—નિંગાળા.

સ્વાગત સમિતિની સભા.

શ્રીયુત,
શ્રીમતી,

વિ. વિ. સાથ જણાવવાનું જે ઉપરોક્ત સ્વાગત સમિતિની એક સભા સં. ૧૯૯૬ ના આસો વદ ૧ ને ગુરૂવાર તા૦ ૧૭-૧૦-૪૦ ના રોજ બપોરના ૪ વાગે **નિંગાળા મુકામે** મળશે. જે વખતે નીચેનું કામકાજ હાથ ધરવામાં આવશે.

૧ સ્વાગત પ્રમુખની ચુંટણી કરવા.
૨ ઉપપ્રમુખોની ચુંટણી કરવા.
૩ મહામંત્રીઓની ચુંટણી કરવા.
૪ બ્રાન્ચની ચુંટણી કરવા.
૫ મંડપ સમિતિ, ભોજન સમિતિ, પ્રચાર સમિતિ, ઉતારા સમિતિ આદિ પેટા સમિતિઓની ચુંટણી કરવા.

સ્વાગત સમિતિમાં નોંધાયેલા સર્વે ભાઇ બ્હેનોને વખતસર હાજર રહેવા વિનંતિ છે.

જે ભાઇઓ સભામાં હાજર રહી શકે નહિ પરંતુ કામ કરવાનો ઉત્સાહ ધરાવતા હોય તેવા ભાઇઓ પોતાના નામો જણાવી આભારી કરશે.

નિંગાળા.
(બી. એસ. રેલ્વે.)
તા૦ ૧૨-૧૦-૪૦

લી૦ સેવકો,
મણીલાલ જેમલ શેઠ.
ચતુરદાસ રાયચંદ શાહ.

નિંગાળા જતાં પહેલાં.....

આ અંકના મુખ પૃષ્ઠ ઉપર આપેલી જાહેરાતથી તેમજ વર્તમાન પત્રોના પાના ઉપર આવી ગયેલા સમાચારોથી જાણી શકાય છે કે આવતા ડીસેમ્બર માસમાં નાતાલના તહેવારોમાં કોન્ફરન્સનું ૧૫ મું અધિવેશન કાઠિયાવાડમાં આવેલા નિંગાળા ગામમાં ભરવાનો વર્કીંગ કમિટિએ સર્વાનુમતે નિર્ણય કર્યો છે. ભાવનગરની ભૂલભુલવણીવાળી વિગતો અને અસ્પષ્ટ વાતાવરણમાં લગભગ બે વર્ષ સુધી કોન્ફરન્સના અધિવેશનનું નાવ માર્ગ ભૂલ્યા મુસાફરની પેઠે અટવાયા કરતું હતું, એ નાવને કોઇક બંદરે લાંગરવાનું તો હતુંજ અને અંતે ભાઇશ્રી મણીલાલ જેમલના અંતઃકરણ પૂર્વકના આમંત્રણને લક્ષ્યમાં લઈ નિંગાળા જવાનું નિર્ણીત થયું.

આગલી નોંધમાં ભાઈશ્રી ચોકસીએ લખ્યું છે તેમ નિંગાળા એક નાનું ગામ હોઇ કોઈ કોઇ મોટા જલસાઓની કે કાઠમાઠની આશા રાખનારાઓને તે રૂચિકર નહિ જણાય. શ્રીમંતોની સુકોમળ સગવડો ત્યાં કદાચ નહિ મળે, પરંતુ શુદ્ધ વાતાવરણના સ્વચ્છ પાગરણો તો અવશ્ય મલશેજ. જલસાઓમાં માણનારાઓ અને દેખાવોથી રાચનારાઓનું યૂથ કદાચ ત્યાં નહિ જામે, પરંતુ સાચી ધગશવાળા અને સાદાઇમાં માનનારાઓનું એક નાનું યુથ તો જરૂર દેખાશે. વીજળીના ભપકા કે સુશોભિત મંડપની કદાચ ખામી જણાશે. પણ ગ્રામ્ય પ્રદેશ અને સુશોભિત ચાંદની તો અવશ્ય આગંતુકોને આનંદ આપશે. નર્યું તીર્થધામ કે ધાંધલીયા કોલાહલો નહિ દેખાય, કિંતુ વિચાર વિનીમય અને શાંતિમય પ્રેરણાના દર્શન તો થશેજ.

ઉપર દર્શાવેલી વિચારસરણી અને વાતાવરણ કોને પ્રિય નહિ હોય ? સાચા કાર્યકરો અને સેવાભાવી સજ્જનો જરૂર આને આવકારશે. અને એનો આનંદ માણશે. પરંતુ એ આનંદ ક્ષણિક ન બને, અનેક વખત બન્યું છે તેમ ત્રણ દિવસની તાલાવેલી નિંગાળાના પાદરમાંજ છોડી દેવાનું ન બને. અને સાત વર્ષ પછી પ્રાપ્ત થતા અણમૂલા અવસરને માત્ર વાતોમાં કે નકામા વિતંડાવાદોમાં કે હૂસ્વઇ દીર્ઘઇની સાઠમારીમાં ન ગુમાવી દેવાય એ જેવું ખાસ જરૂરી છે. જો આવા સુઅવસરને વૃથા ગુમાવી દેવાય અથવા તેનો પૂરેપૂરો લાભ ન ઉઠાવાય તો આગળ વધવાની ઇચ્છાઓ ત્યાંજ દટાઇ જશે એટલુંજ નહિ પણ એ અભિલાષાઓને પુનઃ સજીવન કરવા માટે અવસરની શોધમાં પુનઃ અથડાવું પડશે. આવી શરમપ્રદ જડતા કોઈ પણ જૈન નજ ઇચ્છે એ સ્વાભાવિક છે, પરંતુ એ જડતા ભૂલેચૂકે પણ આપણા આ પ્રાપ્ત થયેલા અવસરને કલંકિત ન કરે એ માટે પ્રથમ ભૂમિકા શુદ્ધ કરવાની જરૂર છે. કાર્યપ્રગતિને આડે આવતા અવરોધો દૂર કરવાની જરૂર છે. દૂરદૂરથી પણ સરળ માર્ગ દેખાય, એ માર્ગના પથિકોને દૂરદૂરથી પણ પોતાના ધ્યેયની સિદ્ધિનાં દર્શન થાય એવો નિષ્કંટક માર્ગ બનાવવાની ફરજ હાલના કોન્ફરન્સના કાર્યકર્તાઓની છે. જેથી એ માર્ગે આવનાર ભાઇઓ કાર્યવાહકોની દૂરંદેશી ઉપર વિશ્વાસ રાખી શકે અને અટપટા વાતાવરણમાં ગુંચવાઇ ન જાય.

કાર્યવાહકોના હાથમાં હજુ ત્રણ માસનો લાંબો ગાળો છે, એ સમય દરમ્યાન બંધારણીય પ્રશ્નો અને કોન્ફરન્સના સર્વદેશીય વિકાસ માટે કોમને લગતા અને કોમને મુંઝવી રહેલા બેકારીના પ્રશ્નને ખૂબ મહત્વ આપવામાં આવે, જમાનાને અનુકૂળ બંધારણ ઘડાય, આર્થિક અધોગતિમાંથી કોમનો ઉદ્ધાર કરવાનાં સક્રિય પગલાં ભરવાની ભૂમિકા તૈયાર થાય, એ માટે મુંબઇની કાર્યવાહી સમિતિએ અત્યારથીજ કામે લાગી જવું જોઇએ.

—મનસુખલાલ લાલન.

એમાં સંગીનતાતો ત્યારેજ આણી શકાય કે એમાં સૂર પુરવાને હિંદનુ એકે એક શહેર જાગી ઉઠે.

"શ્રી મેઘાણી"એ પણ માજા મુકવા માંડી છે. શ્રી હેમચંદ્રાચાર્ય માટે જાણે ટીકાકારો ઓછા હતા તેમ માનીએ એણે આજે રહી રહીને 'રા. ગંગાજળીઓ' લખતાં ઉમેરાયા, જાણે આ બધા થઇ પડેલા સાક્ષરો એકજ બીબામાં ન ઘડાયા હોય તેમ સભામાં બેઠા હોય ત્યારે ડાહી ડાહી વાત કરે અને લખવા માંડે ત્યરે કોઇ જુદીજ વાણીનો પ્રવાહ રેલાવે! એમાંજ જાણે એમની મોટાઇ ન સમાઇ હોય! ભાષા પણ કેવી! વીસમીસદીનો કોઈ શિક્ષક ભાગ્યેજ કોઇ ગામડીયા વિદ્યાર્થીને એવી રીતે બોલવા સારૂ માર્ક આપે કે ચલાવી લે! છતાં નોંધી રાખજો કે એ બોલનાર શ્રી મેઘાણી છે.

'બ્રાહ્મણોનું બળ ક્ષીણ કરવાનો પ્રયોગ સોલંકી રાજ કુમારપાળેજ કર્યો હતો. અહીં આ મંદિરની પ્રતિષ્ઠા કરવા માટે એમને કોઇ ન મળેલો તે જૈન સાધુ હેમચંદ્ર જડ્યો! બેપાન હતો એ હેમચંદ્ર ચાલતી ગાડીએ ચડી જનારો હતો' છે ભાષામાં જરાયે તુચ્છતા? વાહ સાક્ષર મેઘાણી!

આ લખાણ ઇતિહાસિક નજરે કેટલું વાંધાપડતું છે એનો વિચાર બીજા પ્રસંગે રાખી અત્રે કહેવાનુ એટલું છે કે જે સમાજ પોતાના આંતરિક કલેશોમાંથી ઉંચે નથી આવતો અને જેની પાસે સંગઠિત બળ નથી તેને આવી જાતના કંઇ કંઇ ચાંલ્લા ચોટયાજ જાય છે! અંતે હજુન્ કેટલા ચોટતા રહેશે એ કોણ કલ્પી શકે! પેલા વર્ગને એકજ કહીયે કે અંદર અંદરના તોફાન મૂકી કયાં તો એ આ કાર્ય સામે કેડ કસે અગર જે એક માત્ર એકલવાયી અને અટુલી સંસ્થા છે તેને પુનઃ પગભર થવા દે કે જે દ્વારા આ જાતના થતા આક્ષેપોનો દલીલપુરસ્સર રદીયો આપી શકાય.

—M

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.
૨૦, પાયધુની, મુંબઈ, ૩.

ભાવનગરમાં કોન્ફરન્સને ટેકો.

જૈન કોન્ફરન્સના નિંગાળા અધિવેશન માટે ડેપ્યુટેશનનું સુંદર સ્વાગત.

જૈન કોન્ફરન્સના નિંગાળા અધિવેશંનની સફળતા માટે અંતઃકરણથી પ્રત્યેક મદદ આપવા ભાવનગરના આગેવાન ભાઇઓએ ખાત્રી આપી શ્રી મણિલાલ જેમલ, શ્રી મણિલાલ મોકમચંદ, શ્રી ચતુરદાસ રાયચંદ શાહ અને નિંગાળાના શેઠ પરશોતમદાસના પ્રચારાર્થે નિકલેલા ડેપ્યુટેશનને ભાવનગરના શહેરીઓએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. સ્ટેટના માજી ચીફ જસ્ટીસ રા. જીવરાજભાઇ દેશીને ત્યાં સૌ ઉતર્યા હતા ડેપ્યુટેશનના સભ્યોએ તેમજ શ્રી કુંવરજી આણંદજી અને શ્રી જીવરાજ ઓધવજીએ રાજ્યના નામદાર દિવાન સાહેબ શ્રી અનંતરાય પટ્ટણીની મુલાકાત લઇ કોન્ફરન્સ અંગેની સર્વ બાબતોથી તેઓશ્રીને પરિચિત કર્યા હતા નામદાર પટ્ટણી સાહેબે આનંદ પ્રદર્શિત કરી રાજ્ય તરફથી જોઇતી જરૂરી સગવડો આપવા જણાવ્યું હતું, ડેપ્યુટેશને બાળ વિદ્યાર્થી ભુવનમાં જાણીતા કાર્યકરો સાથે જમણ લઇ વિચાર વિનિમય કરતાં એનો સુંદર જવાબ વાળવામાં આવ્યો હતો. તુરતજ વીસ ભાઇઓએ સ્વાગત સભ્યો બનવા કબૂલી વધુ મેમ્બરો બનાવવા માથે લીધું હતું.

આત્માનંદ જૈન સભામાં એક જાહેર સભા ગોઠવવામાં આવતાં શ્રી મણીલાલ જેમલે અત્યારે લાંબા ગાળે અધિવેશન કઇ પરિસ્થિતિમાં એકત્ર થાય છે તે વિગતવાર સમજાવી નિંગાળા એટલે ભાવનગર ગણી કોન્ફરન્સને સફળ બનાવવા દરેક મદદ કરવા અપીલ કરી હતી. ભાવનગરના ભાઇઓ વતી શ્રી જીવરાજભાઇ દોશીએ જણાવ્યું હતું કે ભાવનગર નિંગાળાને પોતાનુંજ નાનું અંગ ગણે છે અને ભાવનગરમાં કોન્ફરન્સને યશસ્વી બનાવવાની હોંશ મનમાં રહી ગઇ પણ તેના નાના અંગે એ હોંશ પૂરી પાડવા તક આપી છે તે બદલ આભાર પ્રદર્શિત કરી ત્યાંના શહેરીઓ તરફથી પ્રત્યેક સહકાર આપવા વચન અપ્યું હતું ડેપ્યુટેશનુ વધુ પ્રચારાર્થે વઢવાણ વગેરે શહેરોમાં જવા રવાના થયું હતું. જૈન જનતામાં ઉત્સાહ અપૂર્વ છે

(અનુસંધાન પૃ. ૩ ઉપરથી)

કાર્યના શ્રી ગણેશાય રહેલ છે એ પણ લક્ષ બહાર ન થાય. 'વાતો કરવાથી વડાં નથી નિપજતાં' એ જનઉક્તિ સ્મૃતિપટમાં તાજી રાખી શરૂઆતના પગલાં ભરવાં ઘટે.

જૈન સંસ્કૃતિ લક્ષ્ય બહાર થવી ન ઘટે-

આજકાલ ઉગતી સંસ્થાઓને નામે કે ચાલતી સંસ્થાઓને પગભર કરવાના નિમિત્તે મનોરંજન કાર્યક્રમોથી ભરપૂર ઉત્સવો ગોઠવવાની પ્રથા જોરસોરથી આગળ વધતી અને કોઇ કોઇ પ્રસંગોમાં મર્યાદાનું ઉલ્લંઘન કરી જતી જોવાય છે ભારતવર્ષની પ્રાચીન સંસ્કૃતિ તરફ મીંટ માંડતાં અને જ્ઞાનપ્રાપ્તિ અર્થે એ જુના સમયમાં જે વ્યવસ્થા કે ગોઠવણ હતાં, એ જોતાં અત્યારના આ સમારંભોમાં કેવલ પાશ્ચિમાત્યોનું આંધળું અનુકરણજ જોવા મળે છે, એમ કહેવું વધારે પડતું નહિ ગણાય. છતાં ઇતર સમાજોમાં જ્યાં એ પ્રચલિત થઇ ચુકયું છે ત્યાં કેવલ જૈન સમાજ એથી સાવ અલિપ્ત રહે એ માનવું પણ વધારે પડતું છે. પડોશીની સારી યા માઠી અસર જરૂર લાગેજ. અત્રે અંગુલિ નિદેશ એટલા સારૂ કરવો પડે છે કે એ બધા પ્રસંગોમાં જૈનો પોતાની જે અનોખી અને પ્રતિષ્ઠાસંપન્ન સંસ્કૃતિ છે તેને સાવ વીસરી ન જાય- જૈનો કળામાં—એટલે નૃત્ય-સંગીત-ગરબા-સંવાદ-આદિ અભિનયોમાં—માનનારા છે એટલુંજ નહિ પણ રસવૃત્તિ દાખવનારા છે, એ માટે કથા સાહિત્ય પણ સહકાર આપે છે. છતાં એક વાત ઉઘાડી આંખે સૌ કોઇને દેખાય તેવી છે અને એ પર જૈન ધર્મ ખાસ ભાર મૂકે છે તે એ છે કે-એ કળાઓનુ પ્રદર્શન કયાંતો ભકિતભાવે પ્રભુ પ્રતિમા સમક્ષ થવું ઘટે, કિંવા સ્નેહપૂર્ણ હૃદયોવાળા પોતાના સ્વામીને રીઝવવા યા એના આત્માને આનંદ અર્પવા, ઉક્ત કળાઓનો આશ્રય ઘણુંખરૂં એકાંતે લઇ શકે. નારીગણ દ્વારા રસિક બનતી એ કળાઓ—કે એ લલનાવર્ગ મારફતે બહેલાતા હાવભાવે જાહેર જનતાના આકર્ષણનો ન તો વિષય બનવા જોઇએ કે ન તો પુરૂષ જાતિના મનોરંજનાર્થે યોજવા જોઇએ એક તો સ્ત્રી જાતી કોમળ, એમાં કંઠલાલિત્ય પણ સહજ, ત્યાં પછી સુંદર વસ્ત્રાભૂષણો અને વિવિધ પ્રકારના હાવભાવનો ઓપ ચઢે ત્યાં સન્મુખ દેવપ્રતિમા ન હોય તો વાતાવરણ સહજ વિલાસમય બની જાય. એ વેળાનું દ્રશ્ય સાચેજ રમ્ય હોય છતાં એ નારીગણ પુરતું મર્યાદિત રખાવાની જરૂર છે. પુરૂષરૂપ ભ્રમરને ત્યાં ફરકવું કે મજા શોધવા ભટકવું એ જરા પણ લાજીમ નથીજ. સંસ્કૃતિના પ્રણેતા પૂર્વ પુરૂષોએ એ માટે દોરેલ મર્યાદા દીર્ઘદ્રષ્ટિ સુચક છે કન્યા અવસ્થાના ગીત ગરબા ભલે સાર્વજનિક રહે, છતાં જ્યાં ઉમરનું વધવાપણું છે, અર્થાત્ કન્યાભાવ મૂકી દઇ, યુવતી કે પ્રૌઢપણાના ભાવ ડોકીયા કરતાં હોય છે ત્યાં સાવ ઉઘાડા માથાના કાર્યક્રમ કે વર્તમાન રંગભૂમિની ઉછીની લીધેલી ટાપટીપ યા હાવભાવ બિલકુલ શાંતિજનક નથી. લજ્જા-યુક્ત કાર્યક્રમ એજ ભારતવર્ષની રમણીઓ માટે કીર્તિકળશ ધારીને પ્રશંસા પામેલ અભિનય છે.

વળી જૈનો માટે 'નવરાત્રના ગરબા' સંભવીત નથી, કેમકે તેમાં તે શ્રધ્ધાની નજર નથી ધરાવતા-છતાં જે આશ્વિન માસના પ્રથમ નવદિન પર જૈનેતરો યા માતાભકતો ભાર મૂકે છે એજ આસો માસમાં જૈનોની પવિત્ર એવી આયંબિલની ઓળીનું પર્વ આવે છે. એના પણ નવ દિવસો છે. નવરાત્રની સમાપ્તિ દશેરાને દિને થાય છે ત્યારે ઓળીની પૂર્ણાહૂતિ પૂર્ણિમાને દિન થાય છે. આમ જૈન-જૈનેતરને મેળ બેસે તેવો કાર્યક્રમ રાત્રિના સમયે અવશ્ય યોજી શકાય. મનોહર ચાંદનીમાં નારીગણ સુમધુર કંઠ દ્વારા દૂરદૂર સુધી સંગીતની સરિતાને વહેવડાવી મૂકે. તપ્ત વાતાવરણને મીષ્ટ આળાપોથી છલકાવી મૂકે. પોતાની સિધ્ધ-હસ્તકળાનો પ્રયોગ કરે. એ સામે આંગળી ચીંધવાપણ નજ હોય, પણ એ સર્વમાં જે વાત ન ભૂલવી ઘટે તે જૈન સંસ્કૃતિ અને નારીજીવનના શણગાર સમી લજ્જા. કાર્યક્રમના યોજકો આ વાત અવશ્ય ખ્યાલમાં રાખે.

(અનુસંધાન પૃ ૮ ઉપરથી)

એ કોમમાં સાહસિક અને સટોડીઆ છે તેમ બેકારો પણ છે અને શ્રીમંતો ધારે તો હુન્નર ઉદ્યોગના કારખાનાં કહાડીને અથવા વ્યાપાર ધંધા માટે ઓછે વ્યાજે નાણાં ધીરી ધર્મી બંધુઓને મદદ કરી શકે. કેળવણીને ઉત્તેજન આપવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને બીજી સંસ્થાઓ ઠીક પ્રયાસ કરી રહી છે પણ તે પૂરતા નથી. એ વિદ્યાલયે બતાવી આપ્યું છે કે કેળવણીના ક્ષેત્રમાં હજુ કરી શકાય એવું ઘણું રહી જાય છે. કોમમાં જો કેળવણી વધશે તો બીજી ફરીયાદ પોતાની મેળે અલોપ થવા માંડશે. આપણે ઇચ્છીશું કે જૈનો વ્યાપારી અને વ્યવહાર કુશળ કોમ છે તેથી તેઓ નિંગાળા ખાતે માત્ર વાતો કરીને છુટા ન પડતા કંઇ સંગીન કરી બતાવશે અને કોન્ફરન્સના કાર્યવાહકો પણ પચારકાર્ય ચાલુ રાખી કોન્ફરન્સે ઉપાડેલા પ્રશ્નો અવકાશને સમયે ચર્ચવાના અને સમય ગાળવા માટેના નહિ પણ ગંભિરપણે ઉપાડી લઇ સંતોષકારક રીતે અને સત્વર ઉકેલવા જેવા છે તે સમજી લેશે.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સનું ૧૫ મું અધિવેશન.

જનતામાં અપૂર્વ જાગૃતિ–કાઠીયાવાડમાં પ્રચાર કાર્ય–સુંદર સહકાર–અધિવેશનની તૈયારીઓ પુર જોશથી ચાલુ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ૧૫ માં અધિવેશનની નિંગાળા ખાતે પુર જોશથી તૈયારીઓ ચાલુ છે. સ્વાગત પ્રમુખ અને અન્ય કાર્યવાહકોની ચુંટણી માટે સ્વાગત સમિતિના સભ્યોની સભા બોલાવવામાં આવી છે. જનતાના સુંદર સહકારથી વિભાગીય સમિતિઓ અને કાર્યવાહકો આવતા અધિવેશનને સફળ બનાવવામાં અવશ્ય સફળતા મેળવશે એવી આશા રખાય છે.

પ્રચાર કાર્ય.

અધિવેશનના પ્રચાર તેમજ સ્વાગત સમિતિના સભ્યો નોંધવા માટે મુંબઇથી શેઠ **મણિલાલ જેમલભાઇ**, શેઠ **મણીલાલ મોકમચંદ શાહ** અને શેઠ **ચતુરદાસ રાયચંદ શાહ** વિજયા દશમીના રોજ કાઠીયાવાડના પ્રવાસે રવાના થયા છે.

તેઓ વઢવાણ કેમ્પ, ભાવનગર, ચુડા, બોટાદ તથા આસપાસના સ્થળોએ ગયા છે જ્યાં જનતાએ તેમના કાર્યને વધાવી લઇ સુંદર ટેકા આપ્યાના સમાચારો મળતા રહ્યા છે. પ્રત્યેક સ્થળે કૉન્ફરન્સ પ્રત્યે પૂર્ણ પ્રેમ અને સદ્ભાવની લાગણી નજરે પડી છે એટલુંજ નહિં પરંતુ ઉત્સાહ પૂર્વક સ્વાગત સભ્ય તરીકે નામો નોંધવામાં આવ્યા છે કૉન્ફરન્સ દેવી આવે છે એવી ભાવના સર્વત્ર જામતી જાય છે અને બોકો તેને વધાવી લેવા માટે અત્યંત ઉત્સુક છે.

વઢવાણ કેમ્પમાં રા. રતિલાલ વર્ધમાન શાહ અને રા. રાયચંદ અમુલખ શાહે ત્યાંના શહેરીઓ અને વકીલ મંડળના સભ્યોને એકત્ર કરી સમાજના ઉત્કર્ષ માટે કૉન્ફરન્સ મહાદેવીના અધિવેશનને સફળ બનાવવા જુસ્સાદાર અપીલ કરી હતી. ઉપસ્થિત ભાઇઓએ ધાર્યા કરતા વધુ સારી સંખ્યામાં સ્વા. સભ્ય તરીકે નામો નોંધાવ્યા હતા.

ભાવનગરમાં સ્ટેશન ઉપર ડેપ્યુટેશનના સ્વાગતાર્થે પ્રતિષ્ઠિત ગૃહસ્થો રા. **કુંવરજી આણંદજી કાપડીઆ**, રા. **જીવરાજ ઓધવજી દોશી**, રા. **વિઠલદાસભાઇ**, રા. **જગુભાઈ**, રા. **ભાયચંદભાઇ**, રા. **બાબુભાઇ** વિગેરે વિગેરે ઉપસ્થિત હતા. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, આત્માનંદ સભા, વિગેરે વિગેરે સંસ્થાઓના બંધુઓ સાથે અનેક પ્રકારની વાટાઘાટો કરવામાં આવી છે. અત્રે પણ સારી સંખ્યામાં સભ્યો નોંધાયા હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે.

બીજા સ્થાનોમાં પણ સારો સહકાર મળેલ છે જેની વિગતો હવે પછી અપાશે.

કૉન્ફરન્સના આવતા અધિવેશન અંગે "મુંબઈ સમાચાર" શું કહે છે?

["મુંબઇ સમાચાર" દૈનિક તા. ૧૪ ઓકટોબર ૧૯૪૦ ના અંકમાં તેના વિદ્વાન અધિપતિની કસાયેલી કલમથી લખાયેલ આગામી નિંગાળા અધિવેશન અંગે નીચે પ્રમાણે અગ્રલેખ પ્રકટ થયેલ છે તે જનતાની જાણ ખાતર અત્રે ઉદ્ધૃત કરીએ છીએ.]

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની બેઠક આવતા ડિસેમ્બર મહિનામાં નિંગાળા ખાતે ભરવાનું ઠર્યું ત્યારે એવી આશા વ્યક્ત થઇ હતી કે ભાવનગર માટે જે મર્યાદા ઠરાવવામાં આવી હતી તે નિંગાળા માટે પણ ચાલુ રાખવામાં આવશે. કૉન્ફરન્સ રેસીડેન્ટ જનરલ સેક્રેટરીની મહીથી તે પછી પ્રગટ થયેલી યાદીમાં કૉન્ફરન્સની સ્ટેન્ડિંગ કમિટીએ તા૦ ૨૮ મી એપ્રીલ ૧૯૪૦ ને રોજ કરેલો ઠરાવ નં. ૩ ટાંકી તેને કૉન્ફરન્સના ભવિષ્યના કાર્યક્રમ માટે અતિ મહત્વપૂર્ણ રેખાંકન જણાવ્યો છે. એ ઠરાવ આ પ્રમાણે છે:-"આ સ્થાયી સમિતિ કૉન્ફરન્સના આવતા અધિવેશનનું કાર્ય (૧) કૉન્ફરન્સના બંધારણમાં ઉદ્દેશ અને કાર્યવિસ્તાર સિવાયની બાબતોમાં જરૂરી ફેરફાર, (૨) આર્થિક ઉદ્ધાર અને (૩) કેળવણી પ્રચાર એ ત્રણ બાબતો ઉપર ખાસ કરીને કેન્દ્રિત કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે." આ યાદી પરથી સ્પષ્ટ રીતે સમજાશે કે જે મર્યાદા કૉન્ફરન્સની બેઠક ભાવનગર ખાતે મળત અને તેને લાગુ પડત તે નિંગાળા ખાતેની બેઠકને પણ લાગુ પડશે. કૉન્ફરન્સ તરફથી યાદીમાં આગળ ચાલતાં જણાવવામાં આવ્યું છે. કે "સમાજના હાર્દને સ્પર્શી તેના ઉદ્ધારાર્થે કેળવણી પ્રચાર અને આર્થિક ઉદ્ધાર (બેકારી નિવારણ) જેવા કોઇ પણ મતભેદ વિનાના પ્રશ્નોના નિરાકરણ માટે ઉદ્યુક્ત રહી સમાજના સહકારની અપેક્ષા સેવે છે." કૉન્ફરન્સની સ્થાયી સમિતિના ઠરાવ અને કૉન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરફની યાદી પરથી જણાય છે કે નિંગાળા ખાતેની બેઠકમાં તર્તવેળાએ કેળવણી અને બેકારીનાજ પ્રશ્ન હાથ ધરવામાં આવશે. આવો બીનતકરારી કાર્યક્રમ હાથ ધરવાનું કારણ માત્ર એટલુંજ છે કે કૉન્ફરન્સ જૂના અને સ્થિતિચુસ્ત પક્ષના જૈનોનો પણ સાથ મેળવી શકે કારણ કે કોમમાં કેળવણી વધારવાની અને બેકારી ટાળવાની અગત્યની તો તેમનાથી પણ ના પાડી શકાય તેમ નથી. કૉન્ફરન્સ અને તેના વિરોધીઓ વચ્ચે વાંધો પડવાથી બંનેમાંથી એકપણ પક્ષ તરફથી કોમની ઉન્નતિનું કાર્ય થઈ શકતું નથી તે મુશ્કેલીમાંથી માર્ગ કહાડી બધા વિચારના જૈનો સાથે મળીને કોમનું કલ્યાણ થાય તેવી યોજના તૈયાર કરી હાર પાડી શકે તેટલા ખાતર કૉન્ફરન્સની સ્થાયી સમિતિએ તર્ત વેળાએ તકરારી સવાલ હાથ નહિ ધરવાનું ઠરાવ્યું છે તે જોતાં જુના વિચારના બંધુઓ પણ હવે કૉન્ફરન્સને સાથ આપશે એવું આપણે ઇચ્છીશું,

ઉકેલવા જેવા પ્રશ્નો.

સસ્તા ભાડાની ચાલોની જરૂર જૈનોને પણ છે. બેકારી પણ એ કોમમાં ઓછી નથી. મુંબઇમાં સસ્તા ભાડાની ચાલો બાંધવાની શરૂઆત થઈ છે છતાં તેનો લાભ ખરા હાજતમંદ જૈનોને મળે છે કે કેમ તે વિચારવા જેવો પ્રશ્ન છે. અત્યારે તો ટેલીફોન રાખનારાઓ પણ સસ્તા ભાડાની ચાલોમાં ઘુસી શકયા છે એવી ફરિયાદ સામાન્ય થઇ પડી છે. જૈન શ્રીમંતો ધારે તો પોતાના હસ્તકના સખાવતી ફંડમાંથી સસ્તા ભાડાની વધુ ચાલો બાંધી ખરા હાજતમંદોને રાહત મળે તેવી ગોઠવણ કરી શકે. જૈનોમાં શ્રીમંતો છે તેમ બેકારો પણ ઘણા છે મુંબઇ અને અમદાવાદના શેર બજારોમાં ઘુમતા જૈનો શ્રીમંત હોય તે પરથી આખી કોમને માલેતુજ્જર માની લેવાની નથી.

(અનુસંધાન પૃ. ૭ ઉપર)

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર : HINDSANGHA.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર.

REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળી

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૨૫

વિ. સં. ૧૯૯૭, માગસર શુદ ૨, રવિવાર.

તા૦ ૧ ડીસેમ્બર ૧૯૪૦

JAIN YUGA

છેલ્લા દાયકાનું સિંહાવલોકન.

સમગ્ર જૈન સમાજની પ્રગતિનો કોઇ પણ સવાલ કોન્ફરન્સ જેવી સંસ્થા સિવાય આપણે ઉકેલી શકીએ તેમ નથી. કોન્ફરન્સ આટલી બધી ઉપયોગી સંસ્થા છતાં આજે તે શિથિલતા ભોગવે છે. કોન્ફરન્સ તે જૈન સમાજનું શરીર છે અને આપણે સર્વે તેના આત્મા છીએ એટલે ખરી રીતે કોન્ફરંસ કરતાં આપણે જ શિથિલ બની ગયા છીએ. કોન્ફરંસ તો સમાજનું બેરોમીટર છે. આજે જૈન સમાજની ખરી સ્થિતિ જે કોઇને જોવી હોય તો કોન્ફરંસને જોઇ લે.

છેલ્લા દસ વર્ષના ગુજરાતના જૈન સમાજના ઇતિહાસે સમગ્ર જૈન કોમ એટલે કોન્ફરંસની પ્રગતિને તદ્દન રૂંધી નાખી છે. બુદ્ધિવાદ અને લાગણીવાદ એ બન્ને વચ્ચે આ દસકામાં જબ્બર ઘર્ષણ થયું. એક વર્ગ સુધારક તરીકે ગણાયો, બીજાએ પોતાને શાસન–રક્ષક તરીકે કહેવરાવ્યો, પહેલા વર્ગે ફક્ત બુદ્ધિને જ મહત્વ આપ્યું, બીજાએ લાગણીના જોરમાં બુદ્ધિને ભળવા ન દીધી. આમ બંનેએ વ્યવહાર અને નિશ્ચયથી ઐકયતા સંધાવા ન દીધી. આનું પરિણામ સમાજ માટે ઘણું જ ભયંકર આવ્યું. અંદર અંદર એક બીજા પ્રત્યે કડવાશ એટલી હદે વધવા માંડી કે પાણીમાંથી પોરા શોધીને એક બીજાની ભુલોને કાગનો વાંધ બનાવ્યો. બંને વર્ગ ખરી રીતે ભાવનાથી ધર્મની સેવાના માર્ગે છે. એકને શ્રાવક વર્ગ કચરાતો દેખાય છે તેથી સાતે ક્ષેત્રનીજ વાજબદારી જેના ઉપર છે તેને પ્રથમ પગભર કરવાની ભાવના છે. બીજાને શ્રાવક ક્ષેત્ર સાથે બીજા ક્ષેત્રની જવાબદારી પણ એક સરખી જ ગણી માર્ગ કાઢવો છે. આ મતભેદો એવા નથી કે જેના માર્ગ ન નીકળી શકે. આખા સમાજના મંથનકાળનો સમય પસાર થઈ જાય છે ત્યારે આવી પક્ષાપક્ષી આપણને કયાં સુધી પાલવશે ! હું બન્ને પક્ષને નમ્ર અપીલ કરૂં છું કે છેલ્લા દશ વર્ષના ઇતિહાસને તદ્દન ભુલી જઈ ભગવાન મહાવીરના ધર્મ ખાતર એક વખત ભેગા થાઓ. કેળવણી અને બેકારી આ બે સવાલો આજે જૈન સમાજ આગળ એવા પડયા છે કે થોડા વર્ષ સુધી આપણી શક્તિ કોન્ફરંસ દ્વારા આ વિષયોમાં જ ખરચીએ તો સંગઠન આપોઆપ થઈ જાય. આ બંને વિષયો એટલા વિશાળ છે કે આના ઉપર પુરતું લક્ષ આપવામાં આવે તો કોન્ફરંસને બીજા વિષયો ચર્ચવાની ફુરસત પણ ન મળે.

શ્રી. કાન્તિલાલ ઈશ્વરલાલના તા. ૨૧-૧-૩૯ ના ભાષણમાંથી

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થઃ–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧-૧૨-૪૦. રવીવાર.

ચાલો નિંગાળા.

નિંગાળા અધિવેશનની તરિખો નજદીક આવી રહી છે. એ વેળા રામાયણનો એક પ્રસંગ સહજ સ્મૃતિપટમાં તાજો થાય એવો બનાવ બન્યો છે. 'वसिष्ठ दत्त लग्नेऽपि रामः प्रवजितो वने' જેવું થયું છે. અર્થાત જે મુહૂર્તમાં શ્રીરામ ગાદીએ બેસવાના હતા અને જેમણે રાજ્યારોહણ સારૂ અયોધ્યાની પ્રજા હર્ષઘેલી બની હતી એ શ્રીરામરાજ્ય પ્રાપ્તિના ચોઘડીયે વનના માર્ગે ચાલી નિકળ્યા. વિધાતાએ એવો વિલક્ષણ યોગ ઘટાવ્યો! અહીં પણ એને મળતી વિલક્ષણતા ઉદ્ભવી છે. જે નિંગાળા અધિવેશન માટે સૌ કરતાં સવિશેષ ઘગશથી જે મણિભાઈ શેઠે બીડુ ઝડપ્યું હતું અને કંઈ કંઈ કોડો સેવ્યા હતા, એ તો રાષ્ટ્રિય મહાસભાના આદેશને અનુસરી સત્યાગ્રહના પંથે ચાલી નિકળ્યા! અરે ગ્રામ્ય અધિવેશન માટે અને અખિલ જૈન સમાજમાં જાગ્રતિ આણવા માટે જેના અભિલાષ સવિશેષ હતાં એ શ્રીયુત્ પોપટલાલ રામચંદ શાહ પણ આજાદીના મશાલચી બની ચુક્યા! આવા વિલક્ષણ પ્રસંગમાં નિંગાળા અધિવેશન ભરાય છે. સ્વાગત મંત્રીનો કારાવાસ જેના મંગળાચરણમાં નોંધાય છે એ ગાંધીયુગમાં જીવતી જનતાને સારૂ દુઃખનો પ્રસંગ નથી પણ બોધપાઠનો–પોતાના જીવનમાં અવનવી તાજગી ભરવાનો–પ્રસંગ છે. એમાંથી ભોગ ધરવારૂપ ઉમદા દ્રષ્ટાંત પ્રાપ્ત થાય છે. સમાજ કરતાં રાષ્ટ્ર પ્રત્યેનું ઋણ અધિક છે એ સાર ઉડીને આંખે વળગે છે. વળી એ વાત પણ પુરવાર થાય છે કે આ કાળ એ નથી તો વાતો કરવાનો કે શબ્દોની સાઠમારી ચલાવવાનો. કેવળ પંગ પર ઉભી કાર્યના શ્રીગણેશ કરવાનો આ મહામૂલો સમય આવ્યો છે. ત્યાં શબ્દોની કિંમત નથી પણ કાર્યોની કિંમત અંકાવાની છે.

શ્રીરામના વનવાસ જતાં અયોધ્યાની પ્રજાએ શું કર્યું એ રામાયણમાં વર્ણવ્યું છે છતાં રાજ્ય તંત્ર અટકી ન પડયું એ સ્પષ્ટ વાત સૌ કોઇ જાણે છે. મણિભાઈ શેઠના જવાથી નિંગાળા અધિવેશનના કાર્યમાં ઓટ ન આવે પણ વિપુળ ભરતી આવે એવું કરવાનો ધર્મ એમની સહ બનો મેળવનાર અને આમંત્રણને સહર્ષ વધાવી લેનાર બંધુઓનો છે શ્રી મહાવીર દેવના સાચા સંતાનનો ગાંધી યુગના આંદોલનો સમજવાનો દાવો કરનાર માનવીનો–એ પ્રથમ ને અતિ આવશ્યક ધર્મ છે. જેમ સમ્રાટ નેપોલિયનની નોંધ પોથીમાં 'Impossible' યાને 'અસંભવિત' જેવો શબ્દ નહોતો તેમ કષાયો પર જય પ્રાપ્તિ અર્થેજ જેનું જીવન છે કિંવા એ જાતની જયશ્રી વરવા માટેજ જેને જિનભગવાનનુ અનુયાયીપણું સ્વીકાર્યું છે એને નથી તો નિરાશાનો આટોપ ભડકાવી શકવાનો, નથી તો જનતાની સુષુપ્તિથી ગભરાટ થવાનો કે નથી તો શંકા-કુશંકાના શ્યામરંગી વાદળોથી મુંઝવણ થવાની–એકજ ધ્વનિ અને એકજ નિર્ધાર.

कार्यं साधयामि वा देहं पातयामि.

નિંગાળા અધિવેશનને સાંગોપાંગ પાર ઉતારી જૈન સમાજમાં નવ ચેતનના પૂર વહેવડાવવા એજ ચક્ષુ સામેનુ કાર્ય અને એને લગતી કાર્યવાહી એજ પ્રોગ્રામ. 'Well begun is half done' એ આંગ્લ કવિની ઉક્તિ યાદ રાખી ધપાવવાનુ ચાલુજ રાખવું. જેની શરૂઆત સારી તેનો અંત સારોજ આવે એ હરગીજ ન ભૂલવું. દેશમાં શરૂ થયેલ બલિદાનની વેદીપર, જેના મુખ્ય કાર્યકરનો ભોગ ચઢે, એ મંગળ ઘડી માટે શું કહેવું? સેવાના ભેખધારીઓ માટે, કેવલ કામ કરી બતાવવાના ધગશધારીઓ :માટે, માત્ર રચનાત્મક કાર્યો હાથ ધરી, સરી પડેલ સંપ-એકતા અને સંગઠનની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવાના વ્રતધારીઓ માટે–એ કરતાં અધિક મંગળ ચોઘડીયું અન્ય શું હોઇ શકે? તેથીજ ચાલો નિંગાળા એ અમારી હાકલ છે.

જુદા જુદા સ્થાનનાં શ્રી સંઘો–એ પવિત્ર તંત્રના સંચાલકો–જલ્દી જાગ્રત થાય. જે કાળે ભારતવર્ષની ઇતર પ્રજાઓ પોતાના કર્ત્તવ્ય માટે કટિબદ્ધ થઇ છે એ કાળે હોંશાતોંશીની વાત આગળ ન ધરો. જે સમયમાં રાષ્ટ્રિય મહાસભા પોતાના અજોડ સંગઠનનો પ્રત્યક્ષ પરચો કરાવી રહી હોય, એ કાળે ભેદવૃત્તિ કે તોડફોડની નિતિના હાથા ન બનો 'ઘર ફુટે ઘર જાય' કિંવા 'કંકાશથી ગોળીમાંનું પાણી પણ ઘટે' એ વૃદ્ધોની કહેતી યાદ કરો. માંડ સાત વર્ષે આવેલ આ પ્રસંગને ભૂતકાળની વાગોવણીમાં કે ભવિષ્યકાળની હોં–માથા વગરની કલ્પનામાં વીણસાડી ન નાંખો નિતિકારો કહે છે કે **मनुष्याः वीस्मरणशीलाः** શાસ્ત્રકારો કહે છે કે 'છમસ્થોથી ભૂલો થવાની' તો પછી ગતકાળની સ્ખલનાઓમાં શા સારૂ અથડાયા કરો છો. એનું વારંવાર પિંજણ કરવામાં 'કોઠી ધોઈને કાદવ ઉલેચવા' સિવાય વધુ શું સાર છે? એ કરતાં શ્રેયસ્કર તો એ સર્વને ભૂલી જઇ નવેસરથી વહીનો આંક 'શ્રી ૧' દોરવામાં છે, ગમે તે પક્ષની ભૂલ માનીએ તો પણ આખરે તો એ જૈન સમાજનું અંગ બનેજને? જુનવાણી કે નવમતવાદી, રૂઢિચુસ્ત કે સુધારક, યંગમેન કે યુથ, એ તો પોતાના હેતુસિદ્ધિ અર્થે કરાયેલા માત્ર વાડાઓ છે. અરે આવેશમાં આવી, સામસામે બાથ ભીડવા અર્થે ઉભી કરાયેલી છાવણીઓ માત્ર છે. એથી એકતા જોખમાણી છે અને કંઇજ શુકરવાર નથી વળ્યો એમ કહીએ

(અનુસંધાન પૃ. ૮ ઉપર)

≠ નોંધ અને ચર્ચા. ≠

ધાર્મિક પ્રશ્નોની વિચારણા—

નિગાળા અધિવેશન માટે બાંધેલી મર્યાદા એ કાયમી નથી તેમ સૌ કોઇ પ્રતિનિધિઓને બંધન કર્ત્તા પણ નથી એ જેમ બંધારણની દ્રષ્ટિયે સ્પષ્ટ વાત છે તેમ એ પણ તેટલીજ સ્પષ્ટ વાત છે કે જ્યારે પણ ધાર્મિક પ્રશ્નો હાથ ધરવાનો પ્રસંગ આવે ત્યારે અત્યાર પૂર્વે જે પદ્ધત્તિએ કામ ચલાવ્યું તે પદ્ધત્તિ લાભકારી નીવડી શકે તેમ નથી. કોન્ફરન્સ ભલે શ્રાવક સંઘનું પ્રતિનિધિત્વ ધરાવનાર મંડળ હોય, ભલે એમાં ચુસ્ત શ્રદ્ધા સંપન્નોની ડેલીગેટ તરીકે વરણી થઇ હોય, છતાં જૈન ધર્મનું જે બંધારણ છે અને એમાં ગુરૂપદનું જે મહત્વ છે એ જોતાં ધર્મ વિષયિક સવાલોમાં સાધુ મહારાજની સલાહ-સૂચનાને દોરવણી અનિવાર્ય છે. કેવળ દીક્ષાના પ્રશ્નને સામાજીક કહી દેવાથી કે દેવદ્રવ્યના સવાલને શ્રાવક સંઘની સત્તા પુરતો મર્યાદિત કરવાથી ચાલી શકે તેમ નથીજ. આગમ પચાંગી અને પરંપરાગત જ્ઞાનની જે વિશાલતા કિંવા જે અનુભવ યુકત ઉંડાણ સાધુ સમુદાયના અમુક ભાગમાં સંભવે છે તે શ્રાવક વર્ગમાં એટલું સુલભ નથીજ. કદાચ એ માટે નિષ્ણાત અભ્યાસી જડી આવે પણ તેની સંખ્યા અતિ અલ્પ ! જ્યાં આ જાતની પરિસ્થિતિ ચક્ષુ સામે હોય અને કોન્ફરન્સ સકળ સંઘોના પ્રતિનિધિત્વનો દાવો કરતી હોય ત્યાં ધાર્મિક પ્રશ્નોનો દેશ-કાળ અનુસાર ઉકેલ કિંવા ધાર્મિક પ્રથામાં પરિવર્તન કરવાનો આશય પરસ્પરના સહકારથીજ બર આવી શકે. એક કાળે આ વસ્તુ મુશ્કીલત ભરી અને અતિ અગવડ ભરી હતી એમ અનુભવીઓને જણાયું હોય તોપણ આજે એ તેટલી મુશ્કેલ નથી. રાજનગર મુનિ સંમેલને નિયુકત કરેલ કમિટિ કે જેમાં વિદ્યમાન ગચ્છના આચાર્યો છે એમની સલાહ મંગાવી કામ કરી શકાય. એ પાછળ વધુ લક્ષ આપી કામ લેવાય તો એ કમિટિ અને ચાલુ કાળને અનુરૂપ વિચારો ધરાવનાર મુનિરાજોના સહકારથી ધાર્મિક પ્રશ્નોની ઘણી ગુંચોનો ઉકેલ આણી શકાય. માત્ર શ્રાવક સમુદાયની ચર્ચાથી કે ઠરાવોથી અને મુનિવર્ગને ઉવેખી મૂકી, એક પણ ચર્ચાસ્પદ ધાર્મિક પ્રશ્ન આજે કે વર્ષો પછી ઉકેલી શકાવાનો નથી. જૈન સમાજના વિશાળ આમ સમૂહમાં સાધુ સમાજની પ્રતિષ્ઠા છે અને જૈન ધર્મના બંધારણમાં એ વર્ગનું જે સ્થાન છે એ જોતાં ઉપરનું અનુમાન એ કલ્પના તરંગ નથી પણ નિતરૂં સત્ય છે. કયાં તો ધાર્મિક વિષય કે જેની પાછળ સમાજનું માનસ વિખરાયેલું હોય કિંવા જેના પર જબ્બર મત ભેદો પ્રવર્તતા હોય તેને હવે પછી સ્પર્શ કરવોજ નહીં એવો ચોકખો એકરાર ઉદ્દેશ હેઠળની નોટમાં કરી દેવો ઘટે કિંવા એ લીધા વિના ચાલે તેમ ન લાગતું હોય તો એ માટેની મર્યાદા સ્પષ્ટ કરવી ઘટે. ઉપરની વિચારણા પછી હરકોઇને ગળે ઉતર્યા વિના એ વાત નહીં રહે કે ગહન ધાર્મિક સવાલો સાધુ ગણના સહકાર કે દોરવણી વિના કેવલ શ્રાવક ગણના પ્રતિનિધિઓના હાથ ઉંચા કરવાથી ઉકલી શકાય નહીં. કોન્ફરન્સમાં જ્યે કોઇ વધુ ગુંચવણ ભરી બાબત વારે કવારે ઉપસ્થિત થતી હોય તો આ ધાર્મિક પ્રશ્નો અને એના નિરાકરણને લગતી સંદિગ્ધ દશા છે. ધર્મનો રંગ-અભિમાન કિંવા પ્રેમ અગર જે કહો તે એ કોઇ જુદી વસ્તુ છે. એટલે એમાં નાની વાતને મોટું રૂપ પકડતાં વિલંબ નથી થતો. છીંકતા છીંકું પડે છે અને એ નામે ઉભો કરાતો વંટોળ આમ જનતામાં-શ્રદ્ધાળુ સમાજમાં-કોઇ જુદોજ પ્રકોપ પ્રગટાવે છે ! એ પ્રકોપની આંધિમાં ઉજળી બાજુ જોવાની નથી ને કેવળ એકાદી ખલના શોધી આગળ ધરાય છે અર્થાત એ દ્વારા વર્ષોની મહેનતથી પગભર થયેલા સારા કાર્યો પર ભૂકંપ સદૃશ આચકો લાગે છે તેથીજ એ વિષય જ્યારે ઉદ્દેશમાં અગ્રભાગ ભજવે છે અને એના વિના કોન્ફરન્સને ચાલવાનું નથી એમ જણાય છે; ત્યારે નિગાળા અધિવેશન ટાણે એ માટે ચોખવટ કરવાની યાદ આપવી વ્યાજબી માની છે. એ બંધારણને લગતી વાત હોવાથી નિગાળા અધિવેશનની મર્યાદા બહાર પણ નથીજ. એને લગતું સ્પષ્ટીકરણ-સંગઠન મજબૂત બનાવશે, સંખ્યાબંધ ભ્રન્તિઓનું નિવારણ કરશે; અને એથી સંસ્થા પ્રતિનું આકર્ષણ વધશે.

અવાજ રજુ કરવાનો હક—

નિગાળા અધિવેશનની આમંત્રણ પત્રિકાઓ હિંદભરના સર્વ પ્રાંતોમાં એટલે કે મોટા શહેરોના સંઘો પર, જાણીતી સંસ્થાઓ પર, અને યાદીમાં જેમના નામ છે એવા ગામો અને નામો પર રવાના થઇ છે અને થઈ રહી છે. એ વસ્તુજ પુરવાર કરે છે કે કોન્ફરન્સનું આ અધિવેશન એ સકળ શ્વે૦ મૂર્તિપૂજક જૈન જનતાનું છે અને એકાદ પક્ષનું કે અમુક બિલ્લાધારી વર્ગનુ નથી. આ રીતે અધિવેશન ભરનાર સ્થાન સકળ સંઘોને પોતાના પ્રતિનિધિ દ્વારા સ્વમંતવ્યો રજુ કરવાની સગવડતા પુરી પાડે છે, અને એ રીતે અખિલ કોમનો નિશ્ચિત અવાજ જાહેર કરનાર જે વર્તમાન જૈન સમાજના નેત્રો સામે કોઇપણ સંસ્થા હોય તો તે માત્ર જૈન શ્વેતાંબર કોન્ફરન્સજ છે એમ જાહેર કરે છે. જે કાળમાં આપણે રહીએ છીએ; અને આપણા પર જે પ્રજાનું શાસન ચાલે છે એનું તંત્ર પણ જે રસમે ગોઠવાયેલું છે ને જે રીતે પ્રજાનો અવાજ જાણવાનો પ્રબંધ છે એનુંજ અનુકરણ કોન્ફરન્સના બંધારણમાં કરાયેલું છે વળી રાષ્ટ્રિય મહાસભાના બંધારણમાં અને કોન્ફરન્સના બંધારણમાં ઘણી રીતે સામ્ય છે. ઉભયના કાર્યક્ષેત્ર ભિન્ન હોવાથી અવશ્ય થોડો ફેર છે. વળી જે સમયે બંધારણ નિયત થયેલ તે કાળની અગત્ય પુરતી કેટલીક વાતો એમાં છે જે આજના યુગને વધારે પડતી લાગે તે સુધારી શકાય તેમ છે અર્થાત સૌમાં એક મળતાપણું છે. તે એ છે કે શાસન કરતી બ્રીટીશ પ્રજા જનસમૂહના અવાજને માન આપે છે. રાષ્ટ્રિય મહાસભા પણ ભારતની જનતાનો અવાજ રજુ કરે છે. અને અવાજ સારી રીતે પ્રાપ્ત થઈ શકે તેવી બંધારણમાં ગોઠવણ છે એજ રાહ આપણી કોન્ફરન્સનો છે. પ્રત્યેક સંઘોને પોતાનો અવાજ રજુ કરવાની જે સગવડ છે એ કંઇ જેવો તેવો હક નથી. એ એકજ વાત સાબિત કરે છે કે સંસ્થામાં નથીતો મામા માસીની ચશ્માપોસી કે નથીતો હુ બાવાને મંગળદાસનું એક હથ્થુપણું ! જે હક પ્રાપ્ત થયેલ છે એનો લાભ યથેચ્છરીતે સંઘો ન ઉઠાવે કે એમાં શિથિલતા કે દુર્લક્ષ દાખવે એમાં સંસ્થાનો દોષ ન લેખાય. દુર બેઠા આ અદ્વિતિય સંસ્થાના-કે જેના ઉપાસકોમાં બાબુ સાહેબ રાય બદ્રીદાસજી, શેઠ વીરચંદ દીપચંદ, શેઠ ફકીરચંદ પ્રેમચંદ, શેઠ મનસુખભાઇ ભગુભાઇ, શેઠ લાલભાઇ દલપતભાઇ, શેઠ મોતીલાલ મુલજી, શેઠ દેવકરણ, મુલજી, આદિ સંખ્યાબંધ

જૈનેતર દૃષ્ટિએ આપણા દહેરાં.

દેલવાડાનાં દહેરાંની માફક કુંભારીઆનાં દહેરાં પણ કળાનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. આરસપહાણની સાથે ટાંકણાની અદ્‌ભુત રમત કરવાની જે મોંઘી કળા ગુજરાતી કળાકારોએ મેળવી છે તેનો પુરાવો અહીં મળે છે શિલ્પસ્થાપત્યના ઘણા નમૂનાઓ જોયા પછી પ્રતીતિ થાય છે કે પ્રાચીન યુગમાં નહિ તો છેવટ મધ્ય યુગમાં પણ શિલ્પ કળાની એક અત્યંત સમૃદ્ધ ગુર્જરી શાખા હોવી જોઇએ. ગુજરાતના પાટણવાડામાં અને ખાસ કરીને કાઠીઆવાડના વઢવાણ, ધાંગધ્રા, સોમનાથ પાટણ, પ્રાચી વગેરે સ્થળોએ હજી સોમપુરા સલાટની આખી જ્ઞાતિઓ છે અને તેઓ શિલ્પશાસ્ત્રની પ્રણાલિ મુજબ ઘડતરનું કામ કરે છે. વંશ પરંપરાગત આ વિદ્યા હજી આછી પાતળી સચવાઇ રહી છે; જોકે આશ્રયના અભાવે એ ખીલી શકતી નથી. જૈન મંદિરોના જીર્ણોદ્ધારમાં કયાંક કયાંક આ ભાઇઓનો ભેટો થઇ જાય છે. એવાજ એક ભાઇનો ભેટો મને ઇડરના ડુંગર પરના જૈન મંદિરોમાં થએલો સને ૧૯૩૯ ના મે માસની શરૂઆતમાં સ્કાઉટિંગને અંગે અમે દસ દિવસનો ડુંગર પર પડાવ નાખેલો ત્યારે નૃત્યની ઢબવાળી એક મૂર્તિ તે ઘડતા હતા. એ વઢવાણના રહીશ હતા અને હું પણ ત્યાંનો વતની, એટલે અમારો ખૂબમેળ જામ્યો. હું રોજ એ ત્રણ વખત એ મૂર્તિ ઘડતા હતા તે જગ્યાએ જઇને એમનું અને જોઉં. આવી આખી મૂર્તિ ઘડતાં એને માત્ર પંદરજ દિવસ લાગે છે એમ મેં જ્યારે જાણ્યું ત્યારે મને તાજ્જુબી થએલી એને દોઢ રૂપીયાનું રોજ મળતું હતું. એ જોતાં એક કડિયાની રોજી બદલ આવું સુંદર કામ કરનારને માટે મારા હૃદયમાં ખૂબ આદર થયો આજે એ મૂર્તિ શ્વેતાંબર જૈન મંદિરના બહારના ભાગને શોભાવી રહી છે.

એક પ્રશ્ન આપોઆપ ઉઠે છે કે જૂના જમાનામાં શિલ્પ-કળાની આટલી બધી છોળ શાથી ઉડતી હશે? આજે જે મંદિરો અને વાવો સમરાવવાનું કે ટકાવી રાખવાનું ખર્ચ પણ ભારે પડી જાય તેવાં જબ્બર ચણતરો ઠેર ઠેર નવાં બંધાયા હશે ત્યારે કેવડી મોટી પૂંજી ખરચાઇ હશે?

વસ્તુઓ સસ્તી હતી અથવા કયાંક કયાંક ફરજીઆત મજૂરોનો એમાં ઉપયોગ થએલો એ જવાબ અપૂરતો છે. શિલાલેખો તો ખાતરી આપે છે કે આવાં ચણતરો પાછળ ઉચ્ચ કોમોનાં મનુષ્યોથી માંડી નીચલી કોમ સુધીનાં માણસોએ નાણાં ખરચેલાં છે. શું એ વખતે ધનની વહેંચણી વધારે સમત્વવાળી હતી તેથી આમ બનવા પામ્યું, કે પછી લોકોમાં ધાર્મિક શ્રદ્ધાનું પ્રમાણ વધુ હતું? કદાચ ધાર્મિક ભાવના જોરદાર હોય તોપણ તેમાં આટલો બધો શણગાર શા માટે? વાવો, તળાવો, કુંકો મંદિરોની આટલી શોભા શા માટે? મને લાગે છે કે બીજા કારણોની સાથે માનવ હૃદયની પ્રદર્શનની મૂળગત ભાવનાએ આમાં મોટો ભાગ ભજવ્યો હોય. દરેક વ્યક્તિ કોઇપણ રીતે વ્યક્ત થવાને નિરંતર જંખ્યા કરે છે. જેની પાસે જે શક્તિ હોય તેને તે પ્રદર્શિત કરવા ચાહે છે. જમાને જમાને આ પ્રદર્શનના પ્રકારો પલટાયા કરે છે, તેમ તેમ આ ભાવના નવાં નવાં સ્વરૂપો ધારણ કરે છે. જૂના જમાનામાં લોકોપયોગી કળાકૃતિઓનાં ઘડતર મારફત ધનિકો પોતાની ખર્ચ કરવાની શકિત પ્રદર્શિત કરી શકતા. વળી આજના જેટલી જીવન ધોરણની વિષમતા પણ સાધનોના અભાવે એ વખતે નહિ. આજે એક માણસ પગે ચાલે છે ત્યારે બીજો આકાશમાં ઝપાટાભેર ઊડે છે; એ વખતે એક માણસ ચાલતો હોય તો બીજો ઘોડાની અથવા ઊંટની સવારી કરીને જતો હોય. ઉપભોગના પ્રકારોમાં પણ એટલી બધી વિષમતા નહતી. વિષમતા હતી માત્ર એકની બીજા ઉપરની અસાધારણ સત્તામાં આજે સત્તાની વિષમતા ઘટી છે, પણ સાધનોની વિષમતા ખૂબ વધી પડી છે. એથી આજના ધન પ્રદર્શનના પ્રકારો આપણને વધારે સ્વાર્થી લાગે છે, જ્યારે ભૂતકાળના પ્રકારો મુકાબલે વધુ લોકહિતકારી રહેતા જો રહસ્ય સમજી જવાય તો ધનપ્રદર્શનની આજની ભાવનાને વધુ હિતકારક વલણ આપી શકાય.

* 'કુમાર' માસિકમાં આવેલ શ્રી રામપ્રસાદ શુકલના લેખમાંથી ઉધ્ધૃત કરેલ ઉપરનું લખાણ સૌ કોઇને મનન કરવા લાયક તો છેજ, પણ ખાસ કરીને ઉદ્યમ જૈન યુવાનો કે જેઓને દેવાલયોના સૃજનમાં કેવલ પહાણાના ખડકલા સિવાય બીજું કંઇ જડતુંજ નથી!

સંગ્રાહક–M.

સ્વર્ગવાસી આત્માઓના નામો રજુ કરી શકાય ને વર્તમાન કાળે પણ નામીચા ગ્રહસ્થોનો જોને સહકાર છે તેના–અવગુણ ગાવા કે એના કાર્યો સામે બખાળા કહાડવા, અથવા તો રિસામણા લેવા, એ શ્રી મહાવીર દેવના સંતાનને શોભતો માર્ગ નથીજ. આજનું તંત્ર માની લ્યો કે એવા હાથોમાં છે કે જે માટે અમુકના અંતરમાં વિરોધની લાગણી પ્રવર્તે છે; છતાં એ ફેરવવાનો, અરે એ હાથોમાંથી લઇને અન્ય મજબૂત હાથોમાં તંત્ર સોંપરત કરવાનો માર્ગ અધિવેશનની બેઠક સિવાય અન્ય છે ખરો? જે સત્તા નથી તો પ્રમુખની કે નથી તો મંત્રીઓની, તે સત્તા જુદા જુદા ભાગમાંથી આવતાં, ને સંઘટિત બની અવાજ રજુ કરતાં ડેલીગેટોની છે. દેશ આખો એ જાતનો હક સરકાર પાસે માંગી રહ્યો છે. સ્વરાજ્યની લડતમાં એજ આશય છે કે બીજું કંઇ? જ્યારે એ હક કોન્ફરન્સના બંધારણમાં વિદ્યમાન હોવા છતાં જે સંઘો એનો ઉપયોગ નથી કરતાં જે ગ્રહસ્થો યા બંધુઓ એ પ્રતિ દુર્લક્ષ દાખવે છે તેઓ પોતાની ફરજ ચુકે છે એમ ભાર મૂકી કહેવું પડે છે. સંસ્થા વિના જૈન સમાજને ઘડીભર ચાલવાનું નથી. વેર વિખેર દશામાં રહેવાથી સર્વનાશ સામેજ ડોકીયા કરતો ઉભો છે આ યુગમાં મત ફેર માટે ઝુઝવાનો, તંત્રમાં સ્ખલના થતી હોય તો સુધારવાનો, એક માત્ર માર્ગ પોતાના હકનો બ્યાજબી પણે ઉપયોગ કરવાનો છે. આ વાત જેટલી વહેલી સમજશે એટલી પ્રગતિ વહેલી થશે. '**संहति कार्य साधिका**' એ સૂત્રને અમલી કર્યા વગર ચાલે તેમ નથી.

નિંગાળા અધિવેશન એક માર્ગદર્શક?

જૈન સમાજ આજે જે પ્રકારની વિષમ અને એકરીતે કહીયે તો અતિ વિલક્ષણ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહેલ છે તે વેળાયે સાચેજ નિંગાળા અધિવેશન માર્ગદર્શક બનવા સંભવ છે. દરેક સંસ્થાઓના ઉદ્દેશો સામાન્યતઃ એક કરતાં વધુ હોય, ઘણાખરા અંશે સર્વદેશીય હોય છે છતાં એમાંની ઘણીખરી સંસ્થાઓ એ ઉદ્દેશોમાંના ગમે તે એકને પ્રાધાન્ય આપી કામ કરતી દ્રષ્ટિગોચર થાય છે. રાષ્ટ્રિય મહાસભાનું ઉદાહરણ નજર સામેજ છે અને આપણી કોન્ફરન્સને ઘણીખરી રીતે મળતું પણ છે. ભારતવર્ષની ઉન્નત્તિ અને આર્થિક પ્રગતિ તેમજ એમાં વસતા ભિન્ન ભિન્ન કોમો વચ્ચે એખલાસ આદિ ઉદ્દેશની વિવિધતા હોવા છતાં એના કેંદ્રમાં સ્વરાજ્ય પ્રાપ્તિ મુખ્ય ભાગ ભજવે છે. જૈન કોન્ફરન્સ પણ શ્વે૦ મૂર્તિપૂજક સમાજમાં ધાર્મિક, સામાજીક, રાજકીય પ્રગતિ વાંછતી હોવા છતાં એનું કેંદ્ર ધાર્મિક ઉન્નત્તિ અને એને લગતાં હક-અધિકારનું સંરક્ષણ છે. પંજાબ મારવાડ કે બેંગાળ આદિમાં વસનાર જૈન બંધુઓમાં જાતજાતની સામાજીક વિલક્ષણતાઓ કે રાજકીય વિષય પરત્વેની માન્યતાઓ મોજુદ છતાં જો એ સર્વને એક તંતુએ કોઇપણ વસ્તુ પરોવતી હોય તો તે માત્ર ધાર્મિકજ એટલે નિંગાળા અધિવેશનમાં એકજ પ્રધાન સૂર હોવો જોઇએ કે જે કંઇ ઠરાવની વિચારણા થાય અને એ પસાર કરવાની તમન્ના ઉદ્ભવે ત્યારે તે માત્ર અમુક પ્રકારના વિચારધારીઓનું પ્રતિબિંબ પાડે છે કે અમુક પ્રદેશના જન સમૂહની અગવડ રોશન કરે છે કે એની અગત્ય હિંદના સર્વ ભાગને છે એની સૌ પ્રથમ ચકાસણી કરી લેવી. ઠરાવોની વિવિધરંગી હારમાળા કે રાજકીય યા સામાજીક વિષયની આડંબરી ખેંચતાણમાં દોડી જતાં પૂર્વે આ પ્રકારની ચકાસણી ખાસ જરૂરની છે. ભૂતકાળમાં આ જાતની તપાસ પ્રત્યે ઉપેક્ષા થઇ જવાથીજ વર્તમાન સ્થિતિનો ઉદ્ભવ થયો છે. એવા સંખ્યા બંધ પ્રશ્નો છે કે જેનો ઉકેલ જૈન સમાજને હાલના તબકકે કરવો ઘટે અને તે પ્રશ્નો કેળવણી અને દારિદ્ર નિવારણ જેટલાજ નિર્દોષ હોઇ સારાયે સમાજને સ્પર્શતા હોવાથી, ધ્યાન આકર્ષે તેવા છે. એમાંનો એક તો આપણા જૈન સાહિત્ય પર થતાં આક્ષેપો-કિંવા આપણા પવિત્ર સંતો કે જેઓ ઇતિહાસની નજરે પણ વિદ્વાન અને વંદનીય મનાયા હોવા છતાં એમણા પ્રત્યે લેખકોના એક વર્ગ તરફથી વારે કવારે જે કાદવ ઉરાડાય છે તે સામે વ્યવસ્થિત સમિતિ સ્થાપન કરી, દલીલ પુરસ્સર રદીયા આપી અને જરૂર જણાયતો તેમની સાન ઠેકાણે આણવા સારૂ કાયદેસર પગલા લઇ શકાય અથવા તો એ સારૂ પ્રબળ વિરોધ પ્રગટાવી શકાય તેવું સંગઠન સર્જવાનો છે. આપણા સાહિત્ય પર યુક્તિપૂર્વક વિચારણા થાય એ સારૂ આપણો વિરોધ નથીજ એમાંની જે બાબતો ઇતિહાસની નજરે પુરવાર ન થતી હોય તે સંબંધમાં ઉચિત અભિપ્રાય રજુ કરાય તે માટે પણ વિરોધ નથીજ. વિરોધ તો એ વસ્તુનો છે કે જે વાત આવા ઐતિહાસિક પાત્રોમાં શોધી પણ જડતી નથી અને જે સંબંધમાં અન્યત્ર કંઇ પ્રમાણ પણ ઉપલબ્ધ થતાં નથી, એ કેવળ કલ્પનાના ઓથે મન કલ્પિત પાત્રના ચિત્રણ દ્વારા, આવા પવિત્ર પાત્રોના જીવન સહ જોડી દેવાય છે અને એ રીતે તદ્દન બેહુંદું ચિત્ર આલેખાય છે અને સાથો સાથ તોછડી વાણીના વાવા પહેરાવાય છે. આવા ચિત્રણ ચલાવી લેવાયાથી કે લેખકની પ્રતિભા નિરખી ચશ્માપોશી કરાયાથી અનર્થ પરંપરા વધતી ચાલી છે. જો એ માટે જાગ્રત બની કંઇજ સંગીન પ્રતિકાર કરવામાં નહીં આવે તો સ્વછંદી કલમો ચલાવનારા કયાં જઇ અટકશે એ કહેવું જેમ અશકય છે તેમ એ જાતના વાંચનદ્વારા આપણા ભાવિ સંતતિ પર કેવી માઠી અસર પડશે અને જૈનેતર પ્રજામાં જૈનધર્મની કેવી ખરાબ છાપ બેસશે એ કળવું પણ તેટલુંજ મુશ્કેલ છે. એ માટે એકજ દાખલો પર્યાપ્ત થશે.

"પ્રાચીન ગુજરાતી કવિતાના વિષય ઉપર બોલતાં ગુજરાતના મહાકવિ શ્રીયુત્ ન્હાનાલાલે નિમ્ન ઉદ્ગાર કહાડ્યા છે-

"ગુજરાતમાં જૂનામાં જુનું સાહિત્યને જૂનામાં જૂની કવિતા તે જૈન સાહિત્યને જૈન કવિતા. જૈનોના સર્વશ્રેષ્ટ સાહિત્યાચાર્ય ને કાવ્યાચાર્ય તે શ્રી હેમચંદ્રસૂરિશ્વર. જૈન સૂરિઓએ સંસ્કૃતમાં કાવ્યો રચ્યાં છે પણ એમની પ્રધાન ભાષા તે અપભ્રંશ ગુજરાતી ભાષા."

"જૈન જગતની-ગુજરાતની-પરમસેવા તે ગુજરાતના રાજવંશોની રાજસેવા, તેમ જૈન કવિતાને સાહિત્યની ગુજરાતની પરમસેવાને ગુજરાતના ઇતિહાસની સેવા."

"પાદલિપ્તસૂરિ, શીલગુણસૂરિ, હેમચંદ્રાચાર્ય, મેરૂતુંગાચાર્ય, હીરવિજયસૂરિ, યશોવિજયજીને વીરવિજયજી કોઈ પણ ધર્મગૌરવવન્તો થાય એવી એ જૈનાચાર્યોની ગુજરાતના શણગારરૂપ નામાવલી છે."

ઉપરના મનનીય ઉલ્લેખો એક સાહિત્યના ઉંડા અભ્યાસી મહાકવિના છે એ સામે રા' ગંગાજળીયામાં શ્રી મેઘાણીના પૂજ્ય શ્રી હેમચંદ્રસૂરિ સંબંધના તુચ્છ શબ્દો વાંચી સાચા જૈનનું હૃદય ભાગ્યેજ ધવાયા સિવાય રહી શકે! પણ નધણિયાતા જૈન સમાજની બેદરકારી કે કુંભકર્ણી નિદ્રા હજુ પણ દૂર નથી થતી! આવાજ વિચિત્ર ચિત્રણ શ્રી સ્થુલભદ્ર માટે શ્રી. મુનશીના હાથે કયાં નથી થયા? 'ઉંચે દેવળ' ના લેખકે કયાં ઓછી કેકડી કરી છે? છતાં આપણી આંખ ઉઘડી છે ખરી? આ જાતનો અન્યાય મુંગે મ્હોંડે ખમવો એમાંજ આપણી બહાદુરી છે કે શું? જૈન સમાજને આ પ્રશ્ન મહત્વનો નથી જણાતો? આ વાતો કેટલાયે બળતા સવાલો છે પણ એ માટે ધર્મશ્રદ્ધા કે સાચો ધર્મપ્રેમ જોઇએ છે. અખિલ જૈન સમાજનું આકર્ષણ કરવાની અભિલાષા ખરેખર ઉદ્ભવી હોય તો આવા પ્રશ્નો હાથ ધરવાની અને એ સારૂ વ્યવસ્થિત પ્રબંધ કરવાની પળ આવી ચુકી છે. એમાં સમાજના સહકારની ઉણપ નથી રહેવાની-અલંપ્રાસંગિકેન.

લેખક—M.

જૈન જનતાને જાગૃત કરવાની જરૂર.

નિંગાળા ખાતે કૅાન્ફરન્સનાં ભરાવનારા અધિવેશનની તારીખો પણ નક્કી થઈ ગઇ છે. માગશર વદ ૧૧-૧૨-૧૩ ના દિવસો જાહેર થયા છે. એટલે આ દિવસો કૅાન્ફરન્સ પ્રત્યે પ્રેમ ધરાવનારા દરેક જૈન ભાઇ, બ્હેનને સ્મરણમાં રમી રહેવા જોઇએ. એટલુંજ નહિ, પણ જેમ બને તેમ વધુ પ્રમાણમાં પ્રતિનિધિઓ મોકલી, રસપૂર્વક ભાગ લેનારાઓએ પોતે થોડીક મુશ્કેલીઓ વેહીને પણ નિંગાળા મુકામે અધિવેશનમાં હાજરી આપવી જોઇએ. નિંગાળા એક ગામડું હોઇ કેટલાકોને ભલે તે પ્રતિકૂળ લાગે. સુંવાળી શય્યામાં સુવાવાળાઓને કદાચ ત્રણ દિવસ સાદી પથારીએ સુવું પડે, પણ તેઓએ ટાઢ ઇત્યાદિનો પણ દરકાર કર્યા વિના ઘણા વર્ષને અંતરે મળનારા આ અધિવેશનને સફળ બનાવવા યત્ન કરવા જોઇએ.

નિંગાળા અધિવેશનનું નક્કી થયા પછી કેટલાક વિઘ્ન-સંતોષીઓએ પોતાની જાત પ્રમાણે તેમાં વિઘ્નો નાખવાનું આરંભી દીધું છે, છુપા હાથોએ કામ કરી કેટલાકને કુહાડાના હાથા બનાવવાનું કાર્ય છુપા હાથો આદરી દે છે. અને કોઇનું એ સારૂં નહિ જોવાવાળા એવા પણ કેટલાકોએ તેમાં વિઘ્ન નાખવા આડાઅવળા પ્રયાસો કરે છે, પરંતુ જેઓ આજ છેલ્લા ૧૦ વર્ષની જૈન સમાજની હાલક ડોલક પરિસ્થિતિથી માહિતગાર છે, જેઓએ આ પરિસ્થિતિ નીપજાવનારા સૂત્ર-ધારોને કયારનાય ઓળખી લીધા છે અને જેઓએ કૅાન્ફરન્સ પ્રત્યે કાયમ અતૂટ પ્રેમ દર્શાવ્યો છે તેવાઓ તો વિઘ્ન નાખ-નારાઓના પ્રયત્નોથી સદા જાણીતો હોય છે, અને સદા જાગૃ-તજ રહે છે, પરંતુ આ વર્ગ બહુ નાનો હોય છે, અને કેટ-લીએક વખત તો પોતાના વ્યવસાયમાં એટલો બધો મશગુલ હોય છે કે આજુબાજુ શું બની રહ્યું તે તેના લક્ષ્યમાં પણ ન હોય જ્યારે સામાન્ય જનતા તો આજુબાજુના બનતા બનાવો, આડાઅવળા થતા પ્રચારો અને સામાન્ય રીતે ગતાનુ-ગતિક બુદ્ધિવાળા હોય, જેમ આગેવાનો દોરે તેમ દોરાય છે. તેઓ શરૂઆતમાં સત્ય પીછાણી શકતા નથી, અને કેટલીક વખત તે જાણવાની ઉપેક્ષા પણ કરે છે.

નિંગાળા ખાતે ભરાનારા અધિવેશન માટે આ વસ્તુનું યથાર્થ અવલોકન અતિ આવશ્યક છે, અને ગયા જૈનયુગના અંકમાં શ્રીયુત ચોકસીના જણાવ્યા પ્રમાણે કૅાન્ફરન્સના ઉદ્દેશ અને મૂળભૂત કાર્યવિસ્તાર માટે જનતામાં ખોટો પૂર્વગ્રહ ન બંધાય એટલા માટે એ બાબતની ખૂબ ખૂબ પ્રસિદ્ધિ કરવાની અત્યંત આવશ્યકતા છે. આ ઉપયોગી ભૂમિકા જે કૅાન્ફરન્સની સફળતાનું મુખ્ય અંગ છે. તે પ્રચાર કાર્ય પ્રત્યે જો ઉપેક્ષા કરવામાં આવશે, ઉદાસીનતા ધરવામાં આવશે તો ઘણા વર્ષે મળેલી તક ગુમાવી બેસવા જેવું થશે. બંધારણ અનુસાર નિંગાળાની સ્વાગત સમિતિએ આ કાર્ય ઉપાડી લેવાનું છે, અને સમિતિએ એક પ્રચાર સમિતિ પણ નીમી છે. પરંતુ આ સમિતિ તરફથી હજુ કાંઇ પણ કાર્ય થતું જોવામાં આવતું નથી, એક પણ વર્તમાનપત્રે આ બાબત હાથમાં લીધી હોય એમ જણાતું નથી, હજુ પત્રિકાઓ કે લેખમાળાઓના દર્શન થતાં નથી, એ ખેદજનક છે.

આ સ્થળે એક વસ્તુ જણાવવી જરૂરી થઇ પડશે કે અધિવેશન નિંગાળા એક ગામડામાં હોઇ તે બાજુની પ્રજા કૅાન્ફરન્સથી વધુ માહિતગાર ન પણ હોય, જો કે સ્વાગત સમિતિની રચના વિશાળ ક્ષેત્ર ઉપર કરી છે, અને સમસ્ત કાઠીયાવાડને સ્થાન અથાગ છે. છતાં કદાચ પ્રચાર સમિતિ જોરદાર ન હોય એ પણ બનવાજોગ છે, તો તે પ્રચાર સમિતિને વધારે બળવત્તર બતાવવાની પહેલી ફરજ છે, અને મુંબઇમાં વસતા કાઠીયાવાડી બંધુઓનો સ્વાગત સમિતિએ સાથ લઈ આ દિશા તરફ થાહોમ ઝડપ વધારવાની જરૂર છે સ્વાગત સમિતિએ મુંબઈની કાર્યવાહક સમિતિમાંથી અથવા તો બીજા ભાઇઓનો સાથ મેળવી લેવો જોઇએ. અને જૂના પ્રૌઢ અને લાગવગ ધરાવનારા સભ્યોની એક એક નાની નાની ટુકડીઓ બનાવી તેઓની સાથે પ્રચાર સમિતિના સભ્યોએ બહારગામ જવું જોઈએ. અમદાવાદ, પાટણ, વડોદરા, સુરત, ખંભાત, રાધનપુર આદિ ગુજરાતના શહેરો તથા કચ્છ અને કરાંચી વિભાગ તરફ પણ પ્રચાર અર્થે ટુકડીઓ મોકલવી જોઇએ, તેમજ પત્રિકાઓ વિગેરે કાઢી બહારગામ ફેલાવો કરવો જોઇએ. જેમ જેમ અધિવેશનના દિવસો નજીક આવતા જાય તેમ તેમ આ દિશાએ ખૂબ અને વ્યવસ્થિત તેમજ અગ્રગણ્ય આગેવાનો દ્વારા કે જેમના અવાજનો પ્રતિઘોષ ઝીલવા હજુ પણ જનતા તૈયાર છે, તેવાઓએ આ કાર્ય માટે પોતાના સમયનો થોડો પણ ભોગ આપી પ્રચારના વેગને મજબૂત બનાવવો જોઇએ. આ દિશામાં ઉપેક્ષા વૃત્તિ કે 'આપણે શું?' એ વિચારો જો કાર્યકરો ધરાવશે તો ઘણા વર્ષે મળેલો અવસર એળે ગુમાવ્યા જેવું થશે. સ્વાગત સમિતિના ઓદ્ધેદારો કાર્યવાહી સમિતિના હોદ્દેદારો અને દરેક કૅાન્ફરન્સ પ્રેમી બંધુ આ વાત અવશ્ય લક્ષમાં લેશે એજ આશા.

મ. હી. લાલન.

શ્રી જૈન શ્વેતાંબર કૅાન્ફરન્સ સ્વાગત સમિતિ—નિંગાળા

કૅાન્ફરન્સ માટે ખાસ રેલ્વે કન્સેશન.

આગામિ અધિવેશન માટે સ્વાગત સમિતિની વિનંતિથી ભાવનગર સ્ટેટ રેલ્વેએ, કૅાન્ફરન્સમાં ભાગ લેવા આવનાર ભાઇ બ્હેનો માટે સીંગલ ભાડાથી ડબલ મુસાફરી કરવાની ખાસ સગવડ કરી આપેલ છે. તે મુજબ વઢવાણ જંકશન, ધંધુકા જંકશન તથા ઢસા જંકશન અને ભાવનગર રેલ્વેના કોઇપણ સ્ટેશનેથી ઉપર દર્શાવેલ ટીકીટો તા. ૨૦ મી ડિસેમ્બરથી આપવાની શરૂ કરશે અને તે વળતી મુસાફરી માટે તા ૩૦ મી ડિસેમ્બર સુધી ચાલશે.

આ મુજબ સ્વાગત સમિતિ, કાઠિયાવાડની બીજી રેલ્વેઓ સાથે તથા બી. બી. એન્ડ સી. આઇ રેલ્વે સાથે પત્ર વ્યવહાર કરી રહેલ છે. નિશ્ચિત જવાબ મળ્યેથી એ વિષે જાહેર કરવામાં આવશે.

આ બાબતમાં વિશેષ ખુલાસા માટે સ્વાગત સમિતિ સાથે પત્ર વ્યવહાર કરવો.

લિ૦ સેવક,

મણીલાલ જેમલ શેઠ
મંત્રી, સ્વાગત સમિતિ.
શ્રી જૈન શ્વેતાંબર કૅાન્ફરન્સ.

નિંગાળા
બી. એસ. રેલ્વે
કાઠીયાવાડ.

॥ ॐ भी परमात्मने नमः ॥

卐 श्री जैन श्वेतांबर कॉन्फरन्स. 卐

१५ मुं अधिवेशन, निंगाला. "मणिलाल कोठारी नगर."

निंगाला. (काठीयावाड. बी. एस. रेल्वे.)

तारीख.....नवेम्बर १९४०

आमंत्रण पत्रिका.

प्रमुखः—श्रीयुत वकील छोटालाल त्रिकमलाल पारेख.

श्राद्धगुणोपेत अनेक शुभोपमा लायक शेठजी साहेब

_____ तथा श्री _____ शहेरना सकल जैन संघ समस्त / सभा, मंडळ, संस्था, पाठशाळा ना

कार्यवाहको योग्य.

श्री निंगाळा थी लि० श्री जैन संघ समस्तना बहुमानपूर्वक जयजिनेंद्र वांचशोजी.

विज्ञप्ति के आपणी श्रीमती जैन श्वेतांबर कॉन्फरन्सनुं अधिवेशन करवानी अमारी भावनाने वेग मळ्यो छे. समस्त झालावाड अने गोहेलवाडे ए कार्यने पूरता उत्साहथी वधावी लीधुं छे अने काठीयावाडे एमां पूरतो सहकार आप्यो छे. अमारा आमंत्रणनो स्वीकार करीने कॉन्फरन्सनी कार्यवाहक समितिए अमने समस्त हिंदना जैन बंधुओनी सेवा करवानी तक आपी छे.

अमारी समिति श्रीयुत **छोटालाल त्रिकमलाल पारेख** वकील (विरमगाम—हाल अमदावाद) ने अधिवेशनना प्रमुखस्थान माटे मेळववा भाग्यशाळी थइ छे अने अमे आगामी मागसर वद ११, १२, १३ संवत १९९७ (ता० २५, २६, २७ डिसेम्बर १९४०) बुध, गुरु, शुक्रना दिवसो कॉन्फरन्सना पंदरमां अधिवेशनने माटे तेओश्रीनी संमतिथी मुकरर कर्या छे.

आपने विज्ञप्ति करवानी के दरम्यानमां समय घणो ओछो रह्यो छे, आपना तरफथी पूरती संख्यामां डेलीगेटो आप मोकली आपी अमारा उत्साहमां वृद्धि करशो. अमारुं गाम नानुं छे पण अमारी सेवा भावना अति विशेष छे. अमने आप म्होटी संख्यामां पधारी सेवाना लहावा लेवानी तक आपवा कृपा करशो अने नाना गामने अनुरुप जे यत्किंचित सेवा भावे बनी शकती सामग्री धरवामां आवे तेथी आप संतोष मानशो एवी अमारी खात्री छे.

समाज सेवानो आ अणमूल प्रसंग छे. घणे वर्षे अधिवेशन थाय छे ए वखते बनती सर्व शक्तिनो आपणे सहकार अने संचय करी उपयोग करीए तो उन्नत्तिना परम ध्येयने पहोंची शकीए.

सर्व कोईने अंगत रीते आमंत्रण न मोकली शकाय ते बनवा जोग छे तो वर्तमान पत्रमां सर्व जोगुं आमंत्रण प्रकट थयेल छे ते सर्व संघो, संस्थाओ, तथा व्यक्तिने उद्देशीने होई जेने ते पहोंचेल न होय तेने आमंत्रण छेज एम प्रचार करी जेटला वधु डेलीगेटो अने विझीटरो आ अधिवेशनमां शामेल थाय अने भाग ले एम करवा—करावववा अमारी खास नम्रता पूर्वक विनंति छे.

ऑल इंडिया स्टेन्डिंग कमिटीए करेली भलामणने नजर समीप राखी कॉन्फरन्सना बंधारण अनुसार आ अधिवेशन करवानुं छे.

आपनुं वनतुं आतिथ्य करवाना अमारा उत्साहमां आप जरुर भाग लेशो अने अमने उपकृत करशो. जरुरी सुचना अने बंधारणनी कलमो आ साथे मोकलेल छे.

ली० संघ सेवको,

मणिलाल जेमल शेठ.
चतुरदास रायचंद शाह.
रायचंद अमुलख शाह.
विट्ठलदास मुलचंद शाह.
रतिलाल लक्ष्मीचंद कुवाडीआ.
मुख्य मंत्रीओ, स्वागत समिति.

भगवानदास हरखचंद शाह.
प्रमुख स्वागत समिति.
श्री जैन श्वेतांबर कोन्फरन्स.
निंगाला (काठीयावाड)

श्री जैन श्वेतांबर कोन्फरन्स, १५ मुं अधिवेशन.

निंगाळा (काठीयावाड.)

अधिवेशन ता. २५, २६, २७ डिसेम्बर १९४०.

सं. १९९७ ना मागसर वद ११, १२ अने १३, बुध, गुरु, शुक्रवार.

खास सूचना.

श्री श्वेतांबर जैन सकल संघना अग्रगण्य सद्गृहस्थो सभा या मंडल या संस्थाना सेक्रेटरीओ (मंत्रीओ) तेमज सुप्रसिद्ध महाशयो अने बंधुओने विनंति करवामां आवे छे के आपना तरफथी योग्य प्रतिनिधि (डेलीगेट) नियत करी तेओनां मुबारक नाम ठेकाणां सहित (पूरां ठेकाणा तथा नाम आपवां) विना विलंबे तुरत नीचे जणाववामां आवेल ठेकाणे मोकली आपशोजी.

१ प्रतिनिधि (डेलीगेट) चुंटती वखते कॉन्फरन्सनां बंधारणना नियमो पैकी चोथा–पांचमा–छट्ठा नियम तरफ आपे जरुर लक्ष्य आपवुं घटे छेः—

नियम ४. प्रतिनिधिः—आ कॉन्फरन्स प्रतिनिधिओथी बनशे. जेओ श्वेतांबर मूर्तिपूजक जैनो हशे अने जेओ सुकृत भंडार फंडमां पोतानो फाळो जे वर्षमां अधिवेशन भराय ते वर्ष माटे आपे तेओज नीचेना नियमोने अनुसरी प्रतिनिधि थई शकशे.

(१) कोई पण शहेर के गामनो संघ या सभा के मंडळ या संस्था जे योग्य गृहस्थने के सन्नारीने प्रतिनिधि तरीके नीमी मोकले ते, तथा जे स्थळे संघ प्रतिनिधिनी चुंटणी माटे न मळयो होय त्यां धोरणसर बोलावेली जाहेर सभा जेने प्रतिनिधि तरीके निमी मोकले ते.

(२) ग्रेज्युएटो जेनी अंदर कोईपण युनिवर्सिटी तेमज विद्यापीठना ग्रेज्युएटो तेमज बेरीस्टर, हाईकोर्ट प्लीडर, एन्जीनीयर अने सब–एसीस्टन्ट सर्जननो समावेश थाय छे जेमनो नोंध (रजीस्टर) कॉन्फरन्स कार्यालयमां (ऑफीस) राखवामां आवशे तेमां जे नामो नोंधाएया (रजीस्टर कराएया) हशे तेओ.

(३) जैन वर्तमानपत्रो अने मासिकोना अधिपतिओ.

(४) स्वागत समितिना (रीसेप्शन कमिटि) सभ्यो (मेम्बरो.)

नोंध–(नोट):—प्रतिनिधिनी उम्मर १८ वर्षथी ओछी होवी न जोईए तथा सभा मंडळ के संस्था ओछामां ओछुं एक वर्ष जुनुं होवुं जोइए अने ते स्थायी समितिए (स्टेन्डींग कमीटी) स्वीकारेलुं होवुं जोईए, तेमज तेवी सभा मंडळ या संस्थाओए पोतानां नाम कॉन्फरन्स कार्यालय (ओफ समां) रुपीओ एक वार्षिक लवाजम जे वर्षमां अधिवेशन भराय ते वर्ष माटे आपी नोंध (रजीस्टर) करावेल होवो जोईए.

नियम ५. प्रतिनिधि प्रमाणः—दरेक शहेर के गामना संघे या सभा, संस्था के मंडळे प्रतिनिधिओनी नीमणुक करती वखते नीचेनुं प्रमाण ध्यानमां राखवुं.

(१) जे शहेर के गामनी अंदर जैन घरनी संख्या सोथी वधारे न होय त्यांना संघे पांच प्रतिनिधिथी वधारे न चुंटवा

(२) जे शहेर के गामनी अंदर जैनोना सोथी वधारे घर होय त्यांना संघे दर सो घर दीठ पांचना प्रमाणमां प्रतिनिधि चुंटी शकशे.

(३) दरेक स्थळनी सभा, संस्था के मंडळ वधारेमां वधार पांच प्रतिनिधिओ पोताना सभ्योमांथीज चुंटी शकशे.

नियम ६. प्रतिनिधि लवाजम (फी):—प्रतिनिधिनी लवाजम (फी) रु. ३) अने भोजन सहित रु. ५) राखवुं.

(१) डेलीगेट (प्रतिनिधि) जे ट्रेनमां रवाना थाय तेनी खबर तार, पत्र द्वारा जैन कोन्फरन्स ऑफीस निंगाळा (काठीयावाड) ना ठेकाणे आगाउथी आपवी.

(२) समय शीयालानो होइ डेलीगेटो–प्रतिनिधिओ तेमज प्रेक्षकोए पोतानो बीस्तर (बेडींग) वि. पूरती संख्यामां साथे लाववा महेरबानी करवी.

(३) टीकीट विगेर अत्रे आवेथी मळी शकशे.

(४) पुरुष प्रेक्षकनी फी रु. १) राखवामां आवी छे.

मणीलाल कोठारी नगर.
निंगाळा (काठीयावाड)
बि. એस. रेल्वे.

ली. सेवको,
मणिलाल जेमल शेठ.
चतुरदास रायचंद शाह.
रायचंद अमुलख शाह.
विठलदास मुलचंद शाह.
रतिलाल लक्ष्मीचंद कुवाडीआ.
चीफ सेक्रेटरीओ, स्वागत समिति–श्री जैन श्वेतांबर कॉन्फरन्स १५ मुं अधिवेशन.

आ पत्र श्री. मनसुखलाल हीरालाल लालने श्री महावीर प्रीं. वर्कस, सीलवर भेनशन, धनजी स्ट्रीट, मुंबई खातेथी छाप्युं, अने श्री. माणेकलाल डी. मोदीએ श्री जैन श्वेतांबर कोन्फरन्स, गोडीजीनी नवी बीलडींग, पायधुनी मुंबई ३, मांथी प्रगट कर्युं छे.

શ્રી જૈન કૉન્ફરન્સનું નિંગાળા અધિવેશન.

શ્રી. મણીલાલ શેઠની હૃદયદ્રાવક અપીલ.

"કૉન્ફરન્સ કંઇ કરતી નથી એ પોતાની જાત ઉપર ઠપકા બરાબર છે."

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના એક પીઢ સેવક શ્રીયુત **મકનજી જે. મહેતા,** બારીસ્ટર-એટ-લૉ ના પ્રમુખસ્થાને તા. ૧ ડિસેમ્બર ૧૯૪૦ ના રોજ મુંબઇમાં મરીન ડ્રાઈવ ઉપર શ્રી પાટણ જૈન મંડળના વિશાળ હોલમાં જૈનોની એક જાહેર સભા મળી હતી.

નિંગાળા કૉન્ફરન્સના એક મંત્રી શ્રીયુત **ચતુરદાસભાઈ રાયચંદ શાહે** સભા બોલાવવાના ઉદ્દેશની વિગત પત્રિકા વાંચી જનતાને દર્શાવ્યા બાદ શ્રી **મણીલાલ** શેઠની દરખાસ્ત અને શ્રી **કેસરીચંદ જે શાહ**ના ટેકાથી પ્રમુખસ્થાને શ્રી. મક-જીભાઇ બિરાજ્યા હતા.

શ્રી. મકનજી જે. મહેતા

કૉન્ફરન્સ પ્રત્યે જનતાની લાગણી ઘણી હોવાના કારણોમાં સમાજની આ મહાસંસ્થાએ અત્યાર પર્યન્ત બજાવેલી મહાન્ સેવાઓ જ અગ્રપદે આવે છે. કોઇપણ દિશામાં જુઓ-કૉન્ફરન્સની સેવાઓ હશે જ. "અહિંસા"-જીવદયા માટે આ સંસ્થાએ આંદોલનો જગાડેલા-દશેરા ઉપર થતા વધ અટકાવવા દેશી રાજ્યોના રાજા-મહારાજાઓને અપીલો કરી જેના પરિણામે અનેક સ્થળે વધ બંધ કરવા ફરમાનો મેળવી શકાયા. સાહિત્યના ક્ષેત્રમાં જુઓ તો મંદિરાવલી-ગ્રંથાવલી-ગૂર્જર કવીઓ-ન્યાયાવતાર જેવા ગ્રંથો પ્રકટ કરવામાં આવ્યા. "ડિરેકટરી" દ્વારા જૈનોની સ્થીતિ આજે જાણી શકાય. યુનિવર્સીટીઓમાં જૈન સાહિત્ય અને માગધી ભાષા કૉન્ફરંસના પ્રયાસોથી જ દાખલ થઇ શકી. બનારસ યુનિવર્સીટીમાં કૉન્ફરન્સ દ્વારા "જૈન ચેર"ની સ્થાપના, ધાર્મિક પરીક્ષાઓ અને પાઠશાળાઓને મદદની એજ્યુકેશન બોર્ડ દ્વારા ચાલુ પ્રવૃત્તિઓ સમાજને માટે ગૌરવ લેવા જેવી હકીકતો છે. તીર્થ રક્ષાના ક્ષેત્રમાં ઉતરો. શ્રી શત્રુંજય તીર્થ અંગેના અનેક કાર્યો, શ્રી સમ્મેતશિખર પર્વત ઉપર બંગલાઓ બંધાવવાના પ્રશ્ન માટે કૉન્ફરન્સે ઉપાડેલ પ્રવૃત્તિ, શ્રી મક્ષીજી, શ્રી અંતરીક્ષજી અને છેલ્લે શ્રી કેશરીયાજીના પ્રકરણ સમયે કૉન્ફરન્સની સેવાઓ જાણીતી છે.

જૈનોએ જૈનને મદદ કરી કામે લગાડવા જોઇએ. ખરા સ્વામી વાત્સલ્યની વ્યાખ્યા આપણે સમજવી જોઇએ. આપણે રાજકીય ક્ષેત્રમાં આગળ વધવાની જરૂર છે આર્થિક સ્થીતિ જૈનોની નબળી છે. બેંકો થવાથી શરાફી ચાલી ગઇ. કેળવણીના ક્ષેત્રોમાં અનેક સંસ્થાઓ કૉન્ફરન્સે ઉભી કરી. એ રીતે કૉન્ફરન્સના કાર્યને આજે બીજી ઘણી સંસ્થાઓએ ઉપાડી લીધેલ હોવાથી કેળવણી-બેકારીના પ્રશ્નો ઉપર લક્ષ કેન્દ્રિત કરવા નિંગાળામાં સૌએ પધારવા પ્રમુખે સુચના કરી હતી.

શ્રી. મોતીચંદ કાપડીઆ.

કૉન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ ભાષણ કરતાં જણાવ્યું હતું કે સને ૧૯૦૩ થી અત્યાર સુધીની કૉન્ફરન્સના કાર્યની રૂપરેખા ગૌરવ લેવા જેવી છે. કૉન્ફરન્સ તરફ લોકો અવિશ્વાસ કે અરૂચી ધરાવતા નથી પણ મ્હારા મત પ્રમાણે ઉપેક્ષાવૃત્તિ સેવે છે. પોતા સિવાય બીજા સર્વ કાર્ય કરે એવી મનોભાવના જ્યાંસુધી હોય ત્યાંસુધી કંઇ સામાજિક કાર્ય ન થઇ શકે. કૉન્ફરન્સ કંઇ કરતી નથી એ કહેવું પોતાની જાત ઉપર ઠપકાની દરખાસ્ત પસાર કરવા જેવું છે. કૉન્ફરન્સે બહારથી હક્કો પ્રાપ્ત કરવાનાં નથી. દરેક વ્યક્તિ અલ્પ પણ સેવા કૉન્ફરન્સ માટે આપવા તત્પર બને તો કૉન્ફરન્સ કામ કરતી દીસે. જૈનોમાં ધનાઢયો છે, શાક્ષિતો છે છતાં સ્થીતિ ઉત્તરોત્તર નબળી બનતી જાય તેનાં ખરા કારણો શોધી કાઢવા ઘટે. તમે બીજી કોમોની સ્થિતિ તપાસો અને તેને આપણી કોમ સાથે સરખાવો. એક પટેલ કોમ લ્યો ૮૦ ટકા. જેટલા ચારોતર વિભાગના તે કોમના ભાઇઓ વિલાયતમાં અનેક ક્ષેત્રોમાં રોકાયેલા મ્હેં જોયા. પારસીભાઇઓની કાર્યકુશળતા નિહાળો અને આપણે કયાં છીએ જુઓ તુરત ખ્યાલ આવશે. નિંગાળાએ કાર્ય પદ્ધતિમાં અદ્‌ભુત ફેરફાર કરેલ તેમાં દીર્ઘ ચિંતન અને વિચાર પૂર્વકની યોજનાઓ સમાયેલી છે. શ્રી મણીભાઇ શેઠે એક નવી દિશા તરફ આપણને પ્રેર્યા છે. કાર્ય સાધક દ્રષ્ટિએ આપણે એકત્ર મળી કામે લાગી જવા અવસર પ્રાપ્ત થયેલ છે. મણીભાઇના શિષ્ટ પાલનને અનુકરણ કરો. તેમને ખરેખર અભિનંદન ઘટે છે. કૉન્ફરન્સના આવતા અધિવેશનના કામકાજમાંથી તેઓ કોંગ્રેસ દેવીના આદેશને શિરોધાર્ય કરી વિસ્તૃત કાર્યક્ષેત્રમાં જશે તેમના સર્વ કાર્યોને યશ મળે તે રીતે આપણે પ્રબન્ધ કરવાની અનિવાર્ય જરૂર તરફ આપ સૌનું નમ્ર ધ્યાન ખેંચી નિંગાળા અધિવેશનમાં પધારવા પુનઃ પુનઃ વિનવું છું.

શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી.

રા ચોકસીએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે જે કાર્ય ભાવનગર શહેર ન કરી શકયું તે મણીભાઈ શેઠ કરી બતાવે એમાં તેઓએ રાષ્ટ્રિય મહાસભામાં મેળવેલ હિંમત અને અને કાર્યદક્ષતાજ તરી આવે છે. રાજકારણમાં તેઓ આગળ વધેલા છે અને તેમના ચાલી જવાથી જૈન સમાજની ફરજ ઉભલ થશે કૉન્ફરન્સને કોઈ સફેદ હાથી ગણે કે તેના બારમા-તેરમાની વાતો કરે તેથી ધબરાવવા જેવું નથી. કૉન્ફરન્સને ચાહનાર એક પણ સાચો જૈન હશે ત્યાંસુધી આ મહાસંસ્થા જીવંત છે-રહેશે-રચનાત્મક કાર્યો કરશે એમાં શંકાને જરાપણ સ્થાન નથી. આપણે આપણી દિશા ફેરવવા જરૂર છે. શહેરોના મોહ, ભપકા તરફ રૂચી ઓછી કરી ગામડાઓમાંથી સર્વ કાર્યોની શરૂઆત કરવી ઘટે. ગામડાઓમાં જૈન ધર્મની જે ભાવનાઓ જીવંત છે તે શહેરોના વાતાવરણમાં નથીજ. ધર્મના નામે કોઇ એતરાજ કરે એ વાસ્તવિક નથી. કૉન્ફરન્સે ધર્મ અને સમાજની સેવાજ બજાવી છે. તેમાં છદ્મસ્થની જેમ

ભૂલ થઈ હોય તો તે સુધારી શકાય. આપણે સર્વજ્ઞ નથી આપણામાં કોઈ સર્વજ્ઞ નથી પછી શું સ્થિતિ હોવી જોઇએ તે વિચારો. એક બીજાએ પરસ્પર હળી-મળી કાર્યો કરવા જોઇએ. કોન્ફરન્સના ઉપયોગી કાર્યોની શૃંખલાબદ્ધ હારમાળા મહાભારત કે રામાયણના રૂપમાં પરિણમે. આપ સૌએ તો દેશકાળને અનુરૂપ થઈ પ્રેમથી એને અપનાવવી જોઇએ-વિકસાવવી જોઇએ અને એ રીતે વીર પરમાત્માના ધર્મની યશ:-પાતકા જગતમાં ફરકાવવી જોઇએ. જૈન સમાજની સ્થિતિ નદીના તળીઆ જેવી છે. જ્યારે ખોદશો ત્યારે જળ નિકળશે. તેથી સમાજને અપીલ કરીશ કે આપણી મહાસભાને પોષણ આપવા કટિબદ્ધ થાઓ અને શ્રી મણીભાઇ જેમલ શેઠ જેવા કાર્યકરોની અહર્નિશ સેવા ઉપર કીર્તિ કળશ ચઢાવો.

શ્રી. વલ્લભદાસ મ્હેતા.

જૈનોના ઉજ્વલ ઇતિહાસ અને મહાજન સંસ્થાની જાહોજલાલીની યાદ આપી આજની સ્થીતિ દીલ કંપાવનારી તરીકે વર્ણવી એમણે જૈન સમાજના બચાવ માટે યોજનાઓ કરવા, જ્ઞાનની પરબો ગામોગામ બેસાડવા ટુંક પણ અસરકારક અપીલ કરી હતી.

શ્રી. મણીલાલ જેમલ શેઠ.

રા. મણીલાલ શેઠે જણાવ્યું કે થોડા જ દિવસમાં હું આપની વચ્ચેથી અદૃશ્ય થઇશ, તે પહેલાં મ્હેં જે કામ ઉપાડેલ છે તેનો હિસાબ આપવાની મ્હારી ફરજ અદા કરીશ. મ્હેં આમંત્રણ આપ્યા પછી લગભગ દોઢ માસ પર્યન્ત પ્રવાસ કરી અધિવેશન માટે દરેક જાતની તૈયારીઓ કરી છે. સ્વાગત સમિતિના સભ્યો બનાવ્યા, મંડપ, સ્વયંસેવક કેમ્પ, ઉતારા, ભોજનાદિ માટે, પાણી માટેની વ્યવસ્થા કરી, ઝાલાવાડ અને ગોહેલવાડના ભાઇઓનો સાથ મેળવ્યો અને એમાં મ્હેં જે સફળતા મેળવી છે તે ગૌરવ લેવા જેવી બાબત છે. જૈન સમાજ અનેક પ્રકારે બેદરકાર રહેલ સમાજ છે. સગા ભાઇઓ મરણતોલ સ્થીતિમાં પડયા હોય ત્યાં સુધી કોઇ પરવા કરતા નથી. જે થવું હશે તે થશે એ જાતની વૃત્તિથી સૌને એકંદરે તો નુકસાન જ થાય છે-એમાંથી બહાર નિકલવા આપણે પ્રયત્નો કરવા ઘટે. દુનિયા શું કરી રહી છે તે આંખો ઉઘાડી જુઓ અને આપણે શું કરવાની જરૂર હોઈ શકે તે વિચારો. હિંદની પ્રગતિમાં આપણે શું ફાળો આપી શકીએ એ વાત તો દુર રહી પણ જૈન સમાજની પ્રગતિમાં કેટલા અંશે આપણે ફાળો આપી શકીએ તે તો વિચારો કુદરત તમારા અધિકાર ઝુંટવી લે એવી સ્થીતિ કરી મૂકી છે. સમાજ નિરાધાર દશા ભોગવે છે. રોમ જ્યારે બળે ત્યારે નીરો મદોન્મત રહે તેવી સ્થીતિ ધનાઢયોની થઇ રહેલી છે. પણ યાદ રાખજો કે મ્હેલાતોમાં મ્હાલતાઓની દશા સમાજની દશા ફરવાની સાથે ફરી જશે. બીહાર-જાપાન આદિમાં થએલા ભુકંપો-કુદરતી પ્રકોપોમાં ધનાઢયોને કુદરતે શીક્ષા કરી. શું તે ઘડો લેવા જેવી બાબત નથી. શીક્ષિતો એકલા કંઇ ન કરી શકે. કહેવત છે કે હજાર ભીખારી થાય ત્યારે એક શ્રીમંત બને. કુદરત શું આ જોઇ રહેશે? આજે અનેક નિરાધાર જૈનો કટોકટી ભરી સ્થીતિમાં છે. ૧૦-૧૨ રૂપીઆની કોટડીમાં ૮-૧૦ માણસો કપડાના પડદા નાંખી વસે તેમાં તેઓની લાજ-મર્યાદા તો નથી જ સચવાતી પણ ભરણ-પોષણની સ્થીતિ પણ ભયંકર જ હોય છે. શું શ્રીમંતો આવી દશા ધારે તો ટાળી ન શકે? આપણે તો વાતો કરવી છે, પણ તેથી દી ન વળે. ખરા કાર્ય કરનારાઓ શોધો, કોમની સ્થીતિ પિછાનનારાઓને કામ સોંપો. મ્હેં મ્હારાથી બનતી દરેક શક્તિ આવતા અધિવેશન માટે ખર્ચી છે. તમો મને આનંદથી વિદાય આપો છો પણ પછીની જવાબદારી પૂર્ણ અદા કરજો. મ્હારા સંદેશાને અધિવેશનમાં રજુ કરજો કે જૈન સમાજની કેળવણી અને બેકારીના વિષયોમાં સંગીન યોજનાઓ કરી અમલમાં મૂકવા તત્પર બનજો. કર્તવ્ય યુગમાં કર્તવ્ય કરનાર જોઇએ. ભણેલાઓની વિસ્તૃત બેકારી માટે હુન્નર-ઉદ્યોગ વિકસાઓ અને વર્ધોની યોજનાને વિચારી તે તરફ પ્રયાણ કરો. છતી શક્તિએ સ્વામીવાત્સલ્ય કે ધર્મક્રિયા ન કરવા માટે ખોટા મિચ્છામી દુક્કડં ન આપો-આત્માને ન ઠગો. શક્તિ હોય તો-અને છેજ-પછી શા માટે ખરા સ્વામીવાત્સલ્ય માટે તન, મન, ધન કુરબાન કરતા નથી? હાડકાઓ અને ચર્મને ચુંસી રહેલી ભયંકર બેકારી માટે શું જૈનો કંઇ ન કરી શકે? એ તો શરમવિનારી અંધકારમય સ્થીતિ છે. કપોળ, ભાટીઆ કે પારસી જેવી નાની નાની કોમો પણ પોતાની જ્ઞાતિ માટે વ્યવસ્થા કરી શકે ત્યારે શું જૈનો પોતાની ખરી ફરજ ન બોળખે? જાગૃત થાઓ. કાર્ય કરતા થાઓ-સફળતા તમારી સન્મુખ છે, મનુષ્ય તરીકે જીવન જીવો અને જીવવા દો, ધર્મના નાતાથી આપણે જોડાયેલા છીએ. મહાવીરના સંતાનો આપણે કહેવાઇએ છીએ. દેહ વિનશ્વર છે, લક્ષ્મી નાશવંત છે. સમાજ, કોમની સેવા બની શકે તેટલી વધુ વ્યવસ્થિત અને સારામાં સારી રીતે કરી છૂટો. પ્રભુ તમોને બદલો આપશે પણ તમે તો બદલાની આશા વગરજ કામ કરો તોજ તે દીપશે. વક્તાએ કામ-ધંધે લગાડવાના ઉપાયો ભાટીઆ સ્ટોર આદિની યોજના રજુ કરી હતી.

નિંગાળામાં ૧૫૦૦ થી ૨૦૦૦ ની વસ્તી છે. ૬૦૦ ફુટ મોટા અને ૪૦૦ ફુટ ચોડા વિશાળ મેદાનમાં મંડપ બનશે. ભાવનગર રાજ્યે અને રેલ્વેએ અમને ઘણી મદદ આપી છે. નહાના ગામમાં અગવડ સગવડ કદાચ થાય તો સમાજ ખાતર વેઠી લો. પણ દૃઢ નિશ્ચય કરો કે મ્હારે મ્હારા સમાજ માટે કંઇક સંગીન કામ કરવું-છે કરવું છે-અને કરવું છે. આપ સૌ નિંગાળા પધારશોજ એવી ખાત્રી રાખી જે લાગણીપૂર્વક આપે મ્હને અભિનંદન આપ્યા છે તે માટે આભાર માનું છું.

બાદ શ્રી હરેરૂભાઇ ચુનીલાલ કોટવાળે પ્રાસંગિક વિવેચન કર્યા પછી—

પ્રમુખ

પ્રમુખશ્રીએ ઉપસંહાર કરી નિંગાળા કોન્ફરન્સના પ્રચાર માટે બધા પ્રાન્તોમાં પ્રવાસ વિગેરેની ગોઠવણ કરવા સુચના કરી હતી. તેઓએ વક્તાઓને તેમજ શ્રી મણીભાઇ શેઠને ધન્યવાદ આપી તેમની રાષ્ટ્ર, સમાજ અને કોમ સેવા માટેની ધગશની પ્રસંસા કરી હતી. તેમની તબીયત સારી રહે અને તુરત પાછા આપણી વચ્ચે આવે એવી પ્રાર્થના સાથે નિંગાળા અધિવેશનમાં સમાજે મ્હોટા પ્રમાણમાં પ્રતિનિધિઓ મોકલવા જણાવ્યું હતું.

શ્રી. મનસુખલાલ લાલન.

આજની સભાના કામકાજ માટે સંતોષ વ્યકત કરતાં પ્રમુખશ્રીએ કોન્ફરન્સના ઇતિહાસ ઉપર નાંખેલ પ્રકાશ અને બજાવેલ સેવા બદલ તેમજ પાટણ જૈન મંડળના ટ્રસ્ટીઓ અને કાર્યવાહકોએ હૉલ આપવા અને સ્વયંસેવક ભાઇઓએ બજાવેલ સેવા માટે આભાર માનવા દરખાસ્ત રજુ કરી હતી જેનો ટેકો મળી ગયા બાદ જયનાદ વચ્ચે સૌ વિખરાયા હતા.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું આવતું અધિવેશન.

સમાજને સ્પર્શતા અનેક પ્રશ્નો પર પ્રકાશ.

જૈન જનતાને સહકારની અપીલ.

શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સના નિંગાળા મુકામે આવતા ડિસેમ્બર માસમાં મળનારા ૧૫ મા અધિવેશનના પ્રચારાર્થે મુંબઇ ધનજી સ્ટ્રીટમાં તા. ૨૫-૧૧-૪૦ સોમવારના રોજ રાત્રે સ્ટા. ટા. ૮ વાગે જૈનોની એક જાહેર સભા મળી હતી. જે પ્રસંગે શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, શ્રી વીરચંદ પાનાચંદ શાહ, શ્રી ભગવાનદાસ હરખચંદ શાહ (સ્વાગતાધ્યક્ષ) શ્રી જીવણલાલ નાનજી ગાંધી. શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન, શ્રી મોહનલાલ ચોકસી, શ્રી ચતુરદાસ રાયચંદ શાહ, શ્રી રતિલાલ કુવાડીઆ આદિ અનેક જૈન જૈનેતર બંધુઓ ઉપસ્થિત હતા.

શ્રી મણીલાલ શેઠે રાવબહાદુર શેઠ નાનજી લધાભાઈ જે. પી. ને પ્રમુખસ્થાન આપવાની દરખાસ્ત રજુ કરતાં શ્રી મનસુખલાલ હીરાલાલ લાલને તેઓ એક બાહોશ સુપ્રસિદ્ધ વ્યાપારી હોવા ઉપરાંત કોમ અને સમાજની સેવાર્થે સદૈવ તત્પર હોવાનું જણાવી ટેકો આપ્યો હતો. બાદ શ્રીમાન્ શેઠ **નાનજી લધાભાઇ** જે. પી. એ પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું.

શ્રી. મોતીચંદ ગિ. કાપડીઆ.

શ્રી જૈન શ્વે૦ પરિષદના સ્થાનિક મહામંત્રી રા. મોતીચંદ ગિ. કાપડીઆએ પ્રારંભમાં કૉન્ફરન્સ જેવી એક અગ્રગણ્ય સંસ્થાના આવતા અધિવેશનમાં ટોળે ટોળે ઉતરી પડવા આમ્રહપૂર્વક જણાવ્યું હતું. જૈન કોમની કેળવણીના ક્ષેત્રમાં કૉન્ફરન્સે વિકાસ સાધવા ખૂબ પ્રચાર કરેલ જેનાં પરિણામે આજે અનેક કેળવણીની સંસ્થાઓ સમાજમાં સ્થપાયેલી દૃષ્ટિગોચર થાય છે. કેળવણી વિના અંધકાર હોય છે અને આપણા જૈન સમાજની આજે જે દયાજનક સ્થિતિ છે તેને ટાળવા ખાતર જૈન મહાસભાને સૌએ ટેકો આપવો ઘટે. કોમ અત્યારે વિકટ સમયમાંથી પસાર થઈ રહી છે, જગતના આંદોલનો જૈન કોમને પણ ઘણા અંશે સ્પર્શતા રહે છે, આપણે આપણા સ્થાનને ટકાવી રાખવા ખાતર જો જાગૃત થઈ સંગઠિત પ્રયાસો નહીં કરીએ તો પસ્તાવવા સમય આવશે. વ્યાપારી ક્ષેત્રમાં જૈનો ઉચ્ચ સ્થાને હતા. આજે એ સ્થિતિમાં ફેરફાર સ્પષ્ટ દેખાય આવે છે. હવે સમયસર પણ પ્રમાદમાં રહી શકીએ નહિં ભાવી પ્રજા આપણને દોષ ન દે એ દીર્ઘ દૃષ્ટિથી વિચારી સમાજોત્થાનના કામે લાગી જવા વક્તાએ જનતાને હાકલ કરી હતી.

શ્રી. મણિલાલ જેમલ શેઠ

નિંગાળા અધિવેશનના એક ચીફ સેક્રેટરી શ્રી. મણિલાલ જેમલ શેઠે લગભગ પોણા કલાલ પર્યન્ત અસ્ખલિત રીતે પ્રેરક ભાષણ આપતાં જણાવ્યું હતું કે કૉન્ફરન્સનું અધિવેશન છ વર્ષના ગાળા પછી કાઠીયાવાડના એક નાના ગામડામા મળે છે પરંતુ અમને ખાત્રી છે કે જૈન સમાજના બધા ભાઇઓ આ મહાસભાને ટેકો આપી તેને સંપૂર્ણતયા યશસ્વી બનાવશે. રાષ્ટ્રિય મહાસભાના એક સામાન્ય સેવક તરીકે ગામડામાં અધિવેશન ભરવાની વૃત્તિ જાગૃત થતાં ઝાલાવાડ અને ગોહેલવાડના ભાઇઓ તેમજ શ્રી ચતુરદાસ રાયચંદ શાહના સહકારથી અધિવેશન માટે આમંત્રણ અપાયા બાદ અત્યાર પર્યન્ત સ્વાગત સમિતિના લગભમ ૩૦૦ સભ્યો નોંધાઇ ચુકયા છે અને નિંગાળામાંજ નહિ પણ સમસ્ત કાઠીયાવાડમાં આ અપૂર્વ અવસરને વધાવી લેવામાં આવેલ છે.

કર્તવ્યયુગ અને કંગાલીયત.

આજે આપણે કર્તવ્યયુગમાં જીવીએ છીએ. કંગાળ દશા આપણાંજ આલસ્ય અને પ્રમાદના લીધે વર્તી રહી છે. તે દશા ટાળવા તેમજ કરોડો રૂપીઆની કિંમતના જીનાલયો, સ્થાપત્ય, સાહિત્ય સમૃદ્ધિને ટકાવી રાખવા, વિકસાવવા, જૈનોના સિદ્ધાંતો જગતમાં ફેલાવવા આપણે સંગઠિત થઇ કાર્ય કરવું ઘટે. જૈનોમાં બેકારો ઘણાં છે તેની સામે શ્રીમંતોની સંખ્યા પણ ઓછી નથી. શ્રીમંતો ધારે તો બેકારીના પ્રશ્નનો સરળતાથી ઉકેલ લાવી શકે પરંતુ આ કાર્ય એક વ્યક્તિ નજ કરી શકે, તેનાં માટે ભૂમિકા તૈયાર કરવાની રહી. આ ભૂમિકા સમૂહબળ સ્વરૂપીણી કૉન્ફરન્સ દેવી દ્વારા સંગીન તૈયાર થઇ શકે; તેની સાથે આપણાં દેશને પણ ન ભૂલી શકાય. આજે આપણી ફરજ આપણે સ્પષ્ટ પણે વિચારવી જોઇએ. કોઇ ભૂલ કરે છે એમ લાગતું હોય તો વિવેક બુદ્ધિ પૂર્વક તે સમજાવી સાથ આપો. અળગા રહેશો તો તેથી કંઇ અર્થ નહિં સરે. કૉન્ફરન્સના દ્વાર સૌના માટે ખુલ્લાં છે. વક્તાએ મતભેદની સાથે મનભેદ ન રાખવા જોરદાર અપીલ કરી ઝાલાવાડ સંઘે જે અપૂર્વ સહકાર આપવા ઠરાવ કરેલ છે તે બદલ ધન્યવાદ અર્પ્યા હતા. વક્તાએ પોતાની સેવાઓ સદૈવ કૉન્ફરન્સ દેવીને ચરણે રહેશે અને આવતા અધિવેશનને જનતા પૂરતો સાથ આપી વિજયી બનાવશે એવી આશા વ્યક્ત કરી હતી.

શ્રી. વીરચંદ પાનાચંદ શાહ

શ્રી. વીરચંદ પાનાચંદ શાહે જૈન ધર્મની વિશાળતા તેમજ તેના લીધે પ્રત્યેક શહેર, ગામ કે પ્રાંતના બંધુઓને એકજ સ્થળે મળવાની મળતી આ અધિવેશનથી અમૂલ્ય તક અંગે વિવેચન કરી જણાવ્યું હતું કે હજુ જૈન સમાજને લગતા અનેક મહત્વના પ્રશ્નો અણઉકેલાયેલા રહ્યા છે અને તે સંબંધે આપણે એકત્ર થઇએ તોજ તોડ કાઢી શકાય. આગામી અધિવેશનની સફળતા જનતાના સહકાર ઉપરજ અવલંબે છે. જનતાને અવાજ રજુ કરવા માટે કવચીતજ મળતી તકનો બરાબર ઉપયોગ કરવા વક્તાએ સુચવ્યું હતું.

રાવબહાદુર નાનજી લધાભાઈ.

પ્રમુખશ્રી નાનજી લધાભાઇએ જણાવ્યું હતું કે કૉન્ફરન્સની છેલ્લી સ્ટેન્ડિંગ કમીટીની સભામાં કેળવણી અને બેકારીના વિષયોના તાત્કાલિક ઉકેલ સંબંધે નિર્ણય કરવામાં આવેલ છે તે ખરેખર મહત્વના પ્રશ્નો છે. આ પ્રશ્નોમાં ઘણી ઘણી બાબતો સમાઇ જાય છે. જૈન કોમની ઉન્નતિના એક મજબૂત પાયારૂપ આ બે પ્રશ્નો ગંભીર વિચારણા માંગી રહ્યા છે તે માટે આગામી અધિવેશનની બેઠક એક અગત્યની બેઠક ગણાવવી જોઇએ. કૉન્ફરન્સના કાર્યો રચનાત્મક છે અને તે દૃષ્ટિએ સૌએ તેને સહકાર અને સહાયતા કરી અધિવેશનમાં જવું જોઇએ.

પ્રમુખના આભારની દરખાસ્ત રા. રતિલાલ કોઠારીએ રજુ કરી હતી જેને શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ ટેકો આપ્યા બાદ સભા વિસર્જન થઈ હતી.

(અનુસંધા પૃ. ૨ ઉપરથી)

તો ચાલે. વાત પણ દીવા જેવી છે કે ખુદ પોતાના પગ પર કુહાડાનો ઘા કરી ટટાર ઉભવાની ઉમેદ રાખનાર માનવી ક્યાં તો મૂર્ખ હોય કિંવા અથિળ હોય. પ્રજાની સાચી એકતા વિના જેમ સ્વરાજ્ય નથી તેમ જૈન સમાજની સાચી એકતા વિના પ્રગતિ કે શ્રેય નથી. આ ઉમદા સત્ય સમજાયું એટલે નિંગાળા અધિવેશન માટેના ઠરાવોનું દિશા સુચન કરવામાં આવ્યું. એ કારણેજ 'ચાલો નિંગાળા' કહેવા શુદ્ધતા છે. જો જૈનોમાં પ્રવર્તી રહેલ બેહદ દરિદ્રતા આપણને ખુંચતી હોય, એ માટેનો માર્ગ કંડારવાની તાલાવેલી ઉદ્ભવી હોય, તો નિંગાળા જવાનો ધર્મ ખરેજને ?

કેળવણીની દિશામાં આપણે ઇતર સમાજોથી પાછળ છીએ અને એ માટેના સાધનોની આપણી ઉણપો ઓછી નથી એમ આપણને સમજાયુ હોય તો નિંગાળા સિવાય ક્યાં જઇ એની રાવ આવી એ પ્રશ્ન ખરેજને ? કેળવણી માત્ર વ્યવહારિક હોય એટલાથી આપણને સંતોષ ન વળે એ સાથે ધર્મિક સંસ્કારની જરૂર છેજ. જ્યારે આ આપણુ મંતવ્ય ગણાય તો પછી જ્યાં એના ઉકેલની વાત થતી હોય ત્યાં દોડી પહોંચવાનો સૌ કોઇનો ધર્મ લેખાય. એ વેળા બીજી ચર્ચાના વંટોળ કેવા ? આવી મોંઘેરી પળે અન્ય મથામણ શાની ? અને બંધારણમાં ફેરફાર કદાચ સૌ કોઇને એમાં ઉંડો રસ ન સંભવે છતાં એ વાત તો સમજ બહાર નહીંજ હશે કે દેશનું-મહાસભાનું કે અન્ય મહાસંસ્થાઓનું સારૂયે તંત્ર એ 'ચાર શબ્દ'ની કરામતને આધિન રહી ચાલે છે. અખિલ સમાજને નામે એમાં ફેરફાર કરવાનો હોય તો દરેક સંઘોના પ્રતિનિધિની હાજરી ખાસ અગત્યની લેખાય. વળી બંધારણ સુધારણાનો સવાલ રાખવા પાછળ એ પણ હેતુ છે કે વર્તમાન જૈન સમાજમાં આજે કેટલાક પ્રશ્નો પરત્વે જે ભિન્નતાને મતમતાંતરોના વર્તુળો ઉભા થાય છે એ સર્વ આપોઆપ સમાઇ જાય; ને એ પ્રશ્નોની ગુંચનો ઉકેલ સરળતાથી આણી શકાય તેવી જોગવાઇ કરવાની તક પ્રાપ્ત થાય કે જેથી ભવિષ્યમાં અથડામણીનો પ્રસંગ ઉભો થવા ન પામે. આમ શુભ નિષ્ઠાથી, દીર્ઘદ્રષ્ટિથી, અને સંગઠનની કામનાને આમજનતાના શ્રેય માટેની આંતરિક ભાવનાથી, મળતું નિંગાળા અધિવેશન જૈન સમાજના ઇતિહાસમાં અનેરા પ્રસંગ સમુ છે.

શ્રી સંઘના ગૌરવ અને હક્ક સંબંધી પૂર્વે ઘણુ ઘણુ કહેવાયું છે. એ વાત ભારપૂર્વક જણાવવામાં આવી છે કે સત્તાના સર્વ સૂત્રો ચુંટાઇને આવનાર પ્રતિનિધિઓના હાથમાં છે. પ્રતિનિધિઓ તરિકે કોને મોકલવા એ અધિકાર સંઘોનો છે. જુદા જુદા સંઘો આ જાતની વરણીમાં જો સાચી ઉલટ દાખવે તો વર્તમાનકાળની વિષમ પરિસ્થિતિ નાબુદ થતાં જાઝો વિલંબ નજ થાય.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સ્વાગત સમિતિ નિંગાળા.

પ્રચારાર્થે નીકળેલા આગેવાનોને જનતાએ આપેલો સુંદર સહકાર.

કોન્ફરન્સના પંદરમા અધિવેશનની ગ્રામ્ય જનતાને સારા પ્રમાણમાં જાણ થાય તે અર્થે નિંગાળાથી તા૦ ૨૫ મી રોજ મુંબઇથી ખાસ કાર્યાર્થે આવેલ શ્રીયુત મણીલાલ મોકમચંદ શાહ સ્થાનીક આગેવાન શ્રી. કુલચંદ જેમલ શેઠ તથા શ્રી. રતીલાલ ડાહ્યાભાઇ તથા રાજપાળ મગનલાલ વોરા વળા, સીહોર, સોનગઢ, ચમાડીયા, વીગેરે સ્થાનોએ જતાં તેની જનતાએ ખુબ ઉત્સાહથી તેમનો સત્કાર કર્યો હતો અને સહકારની ખાત્રી આપી હતી. આ મંડળ પ્રથમ વળા જતા આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરિજીને મળ્યું હતું, ત્યારબાદ સંઘના આગેવાન ભાઇઓને બધી પરિસ્થિતિથી વાકેફ કરી-સભ્યો તરીકે નોંધાવા અપીલ કરી હતી. પ્રત્યુત્તરમાં તેમનો બે ત્રણ દિવસમાં સંઘ એકઠો કરી ડીલીગેટો વી. નકી કરી લખી મોકલવા જણાયું હતું ત્યાંથી આ ભાઇઓ સીહોર ગયા હતા ત્યાં પણ ઓશવાલ તથા શ્રીમાલી સંઘના આગેવાનોને એકઠા કરી વાતચીત કરતા એમ કહ્યું હતું કે બે પાંચ દિવસમાં આખો સંઘ એકઠો કરી સારા પ્રમાણમાં ડેલીગેટો ચુંટી મોકલવાનું થશે ત્યાર પછી સોનગઢ જતા શ્રી મહાવીર ચારીત્ર રત્નાશ્રમમાં પૂજ્ય મુનિ ચારિત્રવિજયજી મહારાજે આવેલ ભાઇઓનો ખુબ સત્કાર કર્યો હતો. અને આ કાર્યને આશીર્વાદ સહ સહકાર આપવા જણાવ્યું હતું અધિવેશન પ્રસંગે આશ્રમમાંથી પંદર વિદ્યાર્થીઓને સ્વયંસેવક તરીકે મોકલવા પણ જણાવ્યું હતું ત્યાંથી નીકળી આ પ્રચારક મંડળ અમાડીયા ગામે જતાં ત્યાના ભાઇઓએ ખુબ ઉત્સાહથી સત્કાર કર્યો હતો. અમાડીયામાં જૈનોના ઘર ફક્ત ૭-૮ છે છતાં કોન્ફરન્સ પ્રત્યે ઉત્સાહ અમાપ જણાયો. તેઓએ તેજ સમયે ત્રણ ડેલીગેટો ને એક સ્વાગત સભ્ય નોંધાવ્યા હતા. ત્યાંથી નીકળી અલમપર ગામે જતા ત્યાં પણ પ્રેમની લાગણીથી આવેલ મંડળને સત્કાર્યું હતું. અડવાડીયામાં ડેલીગેટો વીગેરે નક્કી કરી લખી મોકલવા જણાવ્યું હતું. એકંદરે કાઠીયાવાડના ગામડાએ તથા શહેરોમાં કોન્ફરન્સ પ્રત્યે ખુબ લાગણી અને પ્રેમનું વાતાવરણ જોઇ શકાયું છે. સમાજ શરીરને કોરી ખાનારા બેકારી તથા કેળવણીના આવશ્યક પ્રશ્નો આ અધિવેશનમાં ચર્ચાવાના હોઇ, તેમજ અધિવેશન ગામડામાં ભરાતુ હોઇ, પોતાનો અવાજ તેમાં સંભળાય એ હેતુએ ગ્રામ્યજનોએ ઉત્સાહથી ભાગ લેવા તત્પર બન્યા છે. નિંગાળા ખાતે પણ પ્રસંગને અનુરૂપે તૈયારીઓ સારા પ્રમાણમાં ચાલી રહી છે. રેલ્વે અને સ્ટેટ તરફથી ખુબ સહકાર મળી રહ્યો છે. એકંદરે અધિવેશનની સફળતાના સર્વે ચિન્હો દ્રષ્ટિગોચર થઇ રહ્યા છે.

સ્વાગત સમિતિ.

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું, અને શ્રી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

તાર : HINDSANGHA.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પાક્ષિક મુખપત્ર.

REGD. NO. B 1996

વ્યવસ્થાપક મંડળ

મોહનલાલ દીપચંદ ચોકસી.
તંત્રી.
મનસુખલાલ હી. લાલન.

જૈન યુગ

વાર્ષિક લવાજમ રૂા. ૨)

છુટક નકલ દોઢ આનો.

પુસ્તક ૮ અંક ૨૬

વિ. સં. ૧૯૯૭, માગસર વદ ૨, સોમવાર.

તા૦ ૧૬ ડીસેમ્બર ૧૯૪૦

JAIN YUGA

આજની વિષમપળે એકજ ધ્વનિ હોય અને તે "ઐક્યનો."

હું તો ચોક્કસ માનું છું અને ખાત્રીથી કહું છું કે, જ્યાં સુધી જૈન સમાજની અંદર ચાહેતો જુના વિચારવાળો પક્ષ હોય, ચાહે તો મધ્યમ પક્ષ હોય, ચાહે તો યુવક વર્ગ હોય, પણ તેઓ સૌ પોતપોતાના બધા મતભેદો ભુલી જઇને, એક બીજાના ગુણદોષ જોવાનું છોડી દઇને, હું મોટો છું અને મારો કક્કો ખરો છે તે ભુલી જઇને જો બધા સાથે મળીને ચાલશે સમાજનું હિત શી રીતે થઈ શકે, ધર્મની ઉન્નતિ કેમ સાધી શકાય, મારાથી, મારી સમાજ, ધર્મ અને દેશને કેમ ઉપયોગી થવાય, તેનોજ જ્યારે ખરા હૃદયથી વિચાર કરવા માંડશે, ત્યારે અને ત્યારેજ જૈન સમાજની, ધર્મની અને દેશની ઉન્નત્તિ થઈ શકશે. એટલું ખાસ યાદ રાખજો કે ઉપલી બધી ચીજોની ઉન્નતિ ઉપરજ તમારી પોતાની ઉન્નતિનો આધાર રહેલો છે. મને પોતાને હજુ સમજણ પડી શકતી નથી કે આપણે જૈનો હંમેશાં વહેવાર કુશળ કહેવાઇએ છીએ, તે છતાં આપણે જે ચીજમાં આપણી પોતાની ઉન્નતિનો પ્રશ્ન સમાયેલો છે, તેનો પણ વિચાર કરતા નથી !

મારા યુવાન બંધુઓ કે જેમની અંદર સમાજ–ધર્મ અને દેશની મારા કરતાં વધારે ધગશ હશે,.....તેઓને એટલી વિનંતિ છે કે, જો તમો સમાજના અને ધર્મના ખરા હિતચિંતક હોતો, સમાજની અંદર મોટા ભાગોનો જેમાં વિરોધ હોય તેવા ચર્ચાસ્પદ પ્રશ્નો છોડી દઇને, એવા પ્રશ્નો હાથ ધરો કે જેથી સમાજનું ઐક્ય જળવાય.....સમાજમાં કોઇ પણ જાતના સંગીન સુધારાઓ કરાવવા માંગતા હો, સમાજની ઉન્નતિ ચાહતા હો, તો તમારૂં સુકાન કોઇ વિચારવંત આસામીના હાથમાં સોંપશો, જે તમોને ખરે રસ્તે દોરવી શકે. મારી તો એટલી સલાહ છે અને વિનંતિ છે કે કોઇપણ જાતની ઉશ્કેરણીથી દોરવાઇ જઇને, એવું કૃત્ય નહિ કરશો કે, જેથી પાછા હઠવું પડે. તેના કરતાં એવા કાર્યો હાથ ધરો કે, જેની અંદર સમાજનો મોટો ભાગ તમોને છેક સુધી સાથ આપે, અને તમારા કાર્યને વેગ આપે.

જેટલા જેટલા ઘણાજ તકરારી મુદ્દા હોય, જેની અંદર સમાજનો મોટો ભાગ તમારાથી વિમુખ રહે તેમ લાગતું હોય, તો તેવા પ્રશ્નો ભવિષ્યને વાસ્તે રહેવા દો; હાલ તો જેટલું કાર્ય સહેલાઇથી, સમાજના મોટા ભાગને સાથે રાખીને થઈ શકતું હોય, તેટલુંજ કાર્ય હાથ ધરો.

શાસન પક્ષને પણ હું એટલું તો જરૂર કહીશ, અને વિનંતિથી કહીશ કે, જો આપના મનમાં એમ હોય કે, અમારા સિવાય બીજો કોઇ જૈન અત્યારે ધર્મના સિદ્ધાંતો પાલન કરતો નથી, અમારે લીધેજ અત્યારે જૈન ધર્મ ટકી રહ્યો છે, અમેજ જૈન ધર્મને ટકાવી રાખનારા સ્થંભો છીએ, અમેજ શ્રી મહાવીર પ્રભુના સાચા પુત્રો છીએ, તો અસ્તુ !!

તેમ માનવાનો તમને પુરેપુરો હક્ક અને અધિકાર છે. પણ તે માન્યતા બીજાઓની અંદર ઠસાવવાના તમારા પ્રયત્નોમાં એવું કાંઈપણ તત્વ હશે કે જેથી સમાજની થોડી ઘણી રહેલી શાંતિનો પણ ભંગ થશે તો, તેના જવાબદાર તમો ગણાશો.

(શેઠ અમૃતલાલ કાલીદાસના ભાષણમાંથી)

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થઃ–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા૦ ૧૬-૧૨-૪૦. સોમવાર.

પ્રતિનિધિઓનો ધર્મ.

'જેના લગ્ન હોય, તેના ગીત ગવાય' એ ઉક્તિ અનુસાર અમારી નજર સામે નિંગાળા અધિવેશન હોવાથી એને જ લગતું લખાણ જરૂરી માન્યું છે, અને તેથી આજના અંકના આ પાનાઓમાં નિંગાળા સિવાય બીજું કંઇ ન જડે તો એ માટે અફસોસની વરાળ ન કહાડતાં પ્રારંભમાં મૂકેલી કહેતીને લક્ષમાં રાખી, એ સર્વ પર પૂર્ણ ધ્યાન આપવાની વાંચકવર્ગ પણ ફરજ બજાવશે.

પ્રતિનિધિ તરીકે આવનારના શીરે જોખમ નાનું-શુનું નથી જ. કારણ કે આપણે નિંગાળાને કોન્ફરન્સના ઇતિહાસમાં નવી દિશા દોરનાર કે પુરાણી ઢબને નેવે મૂકી નવી પહેલ કરનાર તરિકે સાબિત કરી બતાવવું છે. અધિવેશન એટલે ત્રણ દિનનો જલ્સો કિંવા ઠરાવોની હારમાળા વા કાગજી ઘોડાઓની રેસ એ જનવાયકા બદ્ધી ઠરાવવી છે. એટલેજ આપણી ફરજ બેવડાય છે અને આપણે વધુ કાળજીપૂર્વક કામ લેવાની અને જે કંઇ વિચારીએ તે અમલી બનાવવાની આપણી શક્તિ છે કે કેમ તેનો બારિકાઈથી અભ્યાસ કરવાની-અગત્ય છે. જુદા જુદા ભાગમાંથી આવનાર ડેલીગેટોએ પોતાના વિચારોનો પડઘો પાડવાની વૃત્તિ ઘડીભર વેગળી મૂકી, પોતે જે પ્રાંતમાંથી આવે છે એમાં વાતાવરણ કેવું છે અને એ ભાગની જનતા પોતાના વિચારસહ કેટલી હદે સાથ આપી શકે છે તેનો અભ્યાસ કરવાની અને એ સ્થિતિનું યથાર્થ તોલન કરીને જ કાર્યક્રમ યા ઠરાવમાં હકારો કે નકારો ભણવાની જરૂર છે. ઠરાવ ઘડનાર સમિતિની ફરજ વિષય વિચારીણી સમિતિ સમક્ષ ઠરાવનો અરડો રજુ કરવાની છે-પણ ડેલીગેટોની ફરજ કંઇ અચરે અચરે રામ કરવાની કે પોતે જાણે તમાશગીર હોય, અને એ ઠરાવ પાસ થાય એમાં પોતાને કંઈ કરવાપણું ન હોય એવા ભાવથી ચલતી હૈ તો ચલને દો કરવાની હરગીજ નથી. ઠરાવનું પાલન શક્ય છે કે કેમ અગર એમાં પોતાનાથી કેટલું પાર ઉતારી શકાશે એનો આંક મૂકી, એ પરત્વેની સ્થિતિની ચોખવટ કરવાનો દરેકનો ધર્મ છે કાયદાશાસ્ત્રીઓએ કિંવા જુના કાર્યકરોએ ઠરાવ ઘડયો છે એટલે એ પસાર કરવો અથવા તો બહુમતી તરફેણમાં જણાય છે માટે મનમાં કહેવાની વૃત્તિ થતી હોય છતાં મૌન રહેવું એ બિલકુલ મુનાસિબ નથી. આવી વૃત્તિથીજ ઠરાવો કેવળ કાગળ પર રહી જાય છે! એ સ્થિતિ દૂર કરી આપણે જ્યારે રચનાત્મક કાર્યના આરંભ કરવાના છે, આપણે જ્યારે ચર્ચાત્મક પ્રશ્નોનું પડીકું વાળી કચરાની પેટીમાં ફેંકવાનો નિશ્ચય કર્યો છે, ત્યારે આપણી પ્રત્યેકની ફરજ દરેક વસ્તુને ચારે બાજુથી ચકાસી ગળે ઉતારવાની છે અને અધિવેશન પુરૂં થયા પછી પોતાના પ્રદેશમાં એ માટે કામે લાગવાની છે. ચારે બાજુની ચકાસણી એટલે કે જે ઠરાવ કરવાનો હોય તે ઉદ્દેશની મર્યાદામાં છે કે કેમ? વળી તે અખિલ જૈન સમાજને સ્પર્શે છે કે કેમ? ચાલુ દેશ-કાળને અનુરૂપ છે કે કેમ? અને એ પસાર કરવાની આપણી ગુંજાઇશ છે કે કેમ? એ સર્વ વિચારવું. જો આ બાબતનો સમભાવ રાખી વિચાર કરશું તો એવો એક પણ ઠરાવ નહીં થાય કે જેથી એકતા જોખમાશે; અને સ્થિતિ એવી જન્મશે કે દિવસે દિવસે સંગઠન વધુ મજબૂત બનશે અને પુનઃ મળીશું ત્યારે આપણું જમેપાસુ તરતું જણાશે.

તેથી આ વાત આવનાર પ્રતિનિધિ ચાહેતો વેપારી હોય કે કાયદાશાસ્ત્રી હોય, ચાહેતો નોકરીયાત હોય કે વિદ્યાર્થી હોય, એ દરેકને નજર સામે રાખીને ચર્ચામાં ભાગ લેવાનો છે અને પોતાને પણ કંઇ કરવાનું છે એ સ્પષ્ટ સમજી લેવાનું છે. એ ભૂલવું જોઇતું નથી કે જે કાર્યક્રમના આંક દોરાશે તે મુજબજ બીજું અધિવેશન મળતાં સુધી કામ થશે. એ પાટાથી ઉપરવટ થવાનું કે અન્ય કોઇ રીતે એનાથી ચાતરવાનું મુંબઇના કાર્યાલયથી કે એની સ્થાનિક સમિતિથી બંધારણ પ્રમાણે બની શકે તેમ નથીજ એટલે ઠરાવો પાછળની કે કાર્યવાહી માટેની સર્વ જવાબદારી વિષયવિચારિણી સમિતિની અને વર્ષસુધી કામ ચાલુ રાખવા તેમજ દેશ-કાળને અનુરૂપ એમાં જે કંઇ સુધારા વધારા કરવા ઇષ્ટ લાગે તે કરવા સારૂં અખિલહિંદ સમિતિ નિમાય છે તેની છે.

ગત અખિલહિંદ સમિતિએ જે ત્રણ વાત અધિવેશન સામે રજુ કરી છે અને જે ઉપર આગળના અંકોમાં જુદી જુદી રીતે ઘણું ઘણું કહેવાયું છે એ સર્વ ધ્યાનમાં રાખી ઠરાવ ઘડવાના છે. કેળવણીની જરૂર છે અને એ માટેના સાધનો વધારવાની પણ અગત્ય છે છતાં એ સાથે વર્ધા કેળવણી યોજનાને, અને ધાર્મિક અભ્યાસને ફરજીયાત સ્થાન હોવું ઘટે કિંવા અમુક કક્ષા સુધીનું ધાર્મિક જ્ઞાન તો દરેક વ્યવહારિક કેળવણી અપાતી સંસ્થાઓમાં અપાય તેવો પ્રબંધ કરવો ઘટે. જૈન ધર્મી-તરીકે એ આપણું લક્ષ્ય હોયજ. દારિદ્રય નિવારણના ઠરાવમાં વધી પડેલી ટાપટીપ-ખોટા એટીકેટ અને વિદેશી વસ્ત્રોના પરિધાનમાં સમાયેલી દોષાપત્તિ પર ખાસ ધ્યાન ખેંચી સાદાઇ પર આવવાની અને બાદીને અપનાવવાની વાત પર ભાર મૂકવાની અગત્ય છે. એ ઉપરાંત ઘરગથ્થુ ઉદ્યોગો વીકસાવવાની અને એ દ્વારા સીઝાતા બંધુઓને કામે લગાડવાની યોજના હાથ ધરાય.

ઉપરના બન્ને કાર્યોમાં અમલ ત્યારેજ થઇ શકે કે જ્યારે અધિવેશન ટાણે ફંડ એકત્ર કરવામાં આવે, એમાં જેઓએ શિક્ષણનો લાભ મેળવ્યો છે, એ શિક્ષણ દ્વારા

પ્રાપ્ત થયેલ ગૌરવ અને અધિકાર ભોગવ્યા છે, તેઓ ઉદારતાથી સારી રકમો ભરે, પગ પર કુહાડો માર્યા સિવાય, કિંવા એ માટે પોતાથી શરૂઆત કર્યા સિવાય કેવળ ઠરાવોનો કંઈજ અર્થ નથી. યોજનાઓ ગમે તેટલી સુંદર હોય છતાં ધન વિના એ બર આવવાની નથીજ. ધન માટે કેવળ શ્રીમાન્ વર્ગ પ્રતિ મીંટ માંડી રહેવું ને કંઈ કરવું નહીં એ શોભાસ્પદ પણ નથી; કારણકે જે પદ્ધત્તિએ કામ લેવાય છે અને હવે પછી લેવાનો આપણે ઇરાદો છે એ જોતાં એ વર્ગ તરફનો સહકાર બહુ આશાવંત નહીંજ હોય. વળી જ્યાં સુધી ધાર્મિક પ્રશ્નોમા શ્રીમંતો અને ધીમંતોના દ્રષ્ટિ બિન્દુઓમાં સ્પષ્ટ મતભેદ છે ત્યાંસુધી સંપૂર્ણ સહકારની આશા રાખવી એ હવામાં કિલ્લા બાંધવા જેવું છે તેથીજ કયાં તો શિક્ષિતોએ ભાર ઉપાડી લેવા કમર કસવાની છે, કિંવા દ્રષ્ટિબિન્દુ બદલવાનું છે. ઉપરના ઠરાવ સાચેજ અમલી બનાવવા હોય તો એ માટે ફંડ એકઠું કરવા એક એવી સમિતિ નીમવી જોઇએ કે જેમાં ધનિક-શ્રીમંત ને સેવાભાવી સભ્યો હોય અને તે એવા મધ્યસ્થ વિચારના હોય કે જેથી ઉભય પક્ષનો અને જેઓ આજે પક્ષોથી પર રહેવાનો દાવો કરે છે તે સર્વનો સહકાર મેળવી, મોટું ફંડ એકત્ર કરી શકે

બંધારણ જુનુ કાયમ રહે એ સામે બાસ વિરોધ જેવું ન લેખાય છતાં દેશ-કાળને અનુરૂપ એમાં કેટલાક સુધારા જરૂરી છે. આમજનતા અને મુંબઇ બહારના સભ્યો કોન્ફરન્શના કાર્યમાં વધુ રસ દાખવે અને પોતાની જવાબદારી પિછાને તેમજ તેમના કાર્યનો હેવાલ અને તેમનો સંબંધ સીધો કાર્યાલય સાથે રહે એમ કરવું આવશ્યક છે. વળી અખિલહિંદ સમિતિ અને કાર્યવાહક સમિતિના કાર્યક્ષેત્ર નિશ્ચિત કરવાની પણ બાસ અગત્ય છે કેમકે એ સંબંધી વ્યાખ્યાના અભાવે કાર્યવાહક સમિતિ પોતાની મર્યાદાથી વધુ આગળ જઇ, સમાજ જે વિષયમાં ગંભીરપણે વહેંચાયેલો હતો તેવા ઠરાવ તેને હાથ ધરી ખુદ સાથે કામ કરનાર સભ્યોમાં મન ઉંચા કર્યાની નોંધ મોજુદ છે. કાર્યવાહક સમિતિનું કાર્ય તો અધિવેશન નિયત કરે તે માર્ગે કામ ચાલુ રાખવાનું હોય. કાર્યક્રમમાં ફેરફાર આવશ્યક જણાય કિંવા કંઇ પૂર્તિની અગત્ય લાગે તો અખિલ હિંદ સમિતિને બોલાવી તેમ કરવું જોઇએ; તેથી એ સમિતિની બેઠક વર્ષમાં બેથી ત્રણવાર હિંદના જુદા જુદા ભાગોમાં અને મુંબઇની બહાર મેળવવાનો પ્રબંધ કરવો ઘટે. કોન્ફરન્સ એ સમગ્ર ભારતવર્ષના જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવનાર સંસ્થા છે અને એનુ બંધારણ લોકશાસનને મળતું છે એમ આપણે માનીએ છીએ અને એક કરતાં વધુ વાર કહી કે લખી પણ ચુકયા છીએ. પણ એ વાત યથાર્થપણે પરિણમાવવા સારૂ પ્રતિનિધિની ચુંટણીમાં પ્રત્યેક સંઘો રસપૂર્વક ભાગ લેતાં થાય તેવું વાતાવરણ સર્જવું જોઇએ અને એ માટે પ્રતિનિધિની કલમમાં જે હક ચેન્જયુએટો વીટને અને વર્તમાનપત્રોના અધિપતિઓને (કલમ) આપ્યા છે તે ખુલ્લા હૃદયે કહાડી નાંખવા જોઇએ. વીસમી સદીમાં આ જાતના સ્થાપિત અધિકાર એક દિન પણ ન ચલાવીલેવાય એને કાઢી નાંખવા સારૂ ખુદ ચેન્જયુએટ બંધુઓએજ પહેલ કરવી જોઇએ. એમ કરવાથી શિક્ષિત બંધુઓને અપમાન જેવું કંઇજ નથી. એથી શિક્ષણ પ્રત્યે બહુમાન ઓછું, થાય છે એમ પણ નથી લોક શાસનની સાચી વ્યાખ્યાને એ જાતની કલમ છાજી ન શકે એ કલમથી તો ક્ષતિ પહોંચાડે છે અને સમાન હક્કની ભાવનાવાળા આ યુગમાં કલંક સમી જણાય છે. કલમ ત્રિદોષરૂપ છે. પ્રથમ તો એનાથી પ્રતિનિધિની વ્યાખ્યાનો ભાવ માર્યો જાય છે બીજું એથી ચોકખો વર્ગ ભેદ ઉભો થાય છે અને ત્રીજું એથી પદ્ધત્તિસર ચુંટાઇ આવનાર ડેલીગેટોના હક્ક પર તરાપ પડે છે. નિગાળા અધિવેશને એ દૂષિત કલમો પર કાયમને માટે મરીનો કુચડો ફેરવી વાળવાની આવશ્યકતા સૌ કરતાં વિશેષ છે. પ્રતિનિધિનો અર્થજ એ થાય છે કે અમુક સંસ્થા વતી બોલવાનો કે કામ કરવાનો અધિકાર ભોગવનાર વ્યકિત આ ભાત્ર કેવળ પ્રમાણપત્રના જોરે હક ભોગવનારમાં સંભવી શકે તેમ નથીજ. આપણે સાચે રાહે કામ કરનાર છીએ એ જનતા જોઇ શકે અને બંધારણમાં આંગળી સરળી ન ચીંધી શકે તેમ કરવાની તેથી આપણી ફરજ છે.

આ ઉપરાંત પ્રતિનિધિઓએ ચાલુ વાતાવરણને ધ્યાનમાં લઇ કેટલાક ઠરાવો ઘડવાના છે જેમાં વસ્તીગણના સરાક-પહલીવાળ આદિ જાતિઓનો ઉદ્ધાર અને સાહિત્ય પર થતાં હુમલા સામે વ્યવસ્થિત તંત્રની સ્થાપના મુખ્ય ગણાય. એ સિવાય વારસામાં મળેલ મંદિરો અને જ્ઞાન ભંડારોની નવેસરથી સુચિ તેમજ એ સંબંધી સર્વ માહિતી પૂરી પાડતી એકાદ ગાઇડ તૈયાર કરવાની પણ આવશ્યકતા છે. વળી રાષ્ટ્રિય મહાસભાના ધ્વજ વંદન માફક માસિક કાર્યક્રમ ગોઠવવાની આવશ્યકતા છે કે જેથી દરેક સમિતિમાં ચેતન બન્યુ રહે. એ કાર્યક્રમ આપણી જૈન સંસ્કૃતિને અનુરૂપ હોવો જોઇએ.

પ્રતિનિધિઓનો ધર્મ ઉપર વર્ણવી ગયા તેમ ઘણી ઘણી રીતોને સ્પર્શે છે. છતાં શકિત જોઇનેજ કામ ઉપાડવામાં ડહાપણ છે. 'પગ જોઇને પાથરણું તાણવું એ જન ઉકિત છે. ટુંકમાં એક વાત યાદ આપવાની કે-

अनारंभोऽहि कार्यानाम् प्रथमं बुद्धिलक्षणम् ।
आरंभ्यस्यान्त गमनं द्वितियं बुद्धिलक्षणम् ॥

અર્થાત્ આરંભ કરતી વેળા-જવાબદારી ઉપાડતી વેળા પુષ્કળ વિચાર કરવો. સો ગળણે ગાળીને પાણી પીવું પણ જ્યાં એકવાર નિર્ધાર કર્યો કે પછી એને પાર ઉતારવા હરકોઇ મુશ્કેલીનો સામનો કરી કેડ બાંધવી એજ સાચો માર્ગ એમાં પીછે હઠ કે શીથીલતા નજ સંભવી શકે.

પ્રતિનિધિ ભાઇઓ આ સર્વ વિચારે અને નિગાળાની ધરતી પર ભાવી નકશો દોરે એજ અભ્યર્થના.

≠ નોંધ અને ચર્ચા. ≠

'ગુંડશાહી'માં ધર્મપ્રેમ નજ સંભવે.

નિંગાળા અધિવેશને જૈન સમાજમાં જાગ્રતિના પુર વહાવ્યા છે અને સંખ્યાબંધ હૃદયોમાં નવી આશાને જન્મ આપ્યો છે. સુરતની સભામાં શ્રીયુત બદામી સાહેબે પ્રમુખ તરિકે જે શબ્દો કહ્યા છે તે સર્વ કોઈને મનન કરવા લાયક છે. અમદાવાદની સભામાં સાસનપ્રેમી તરિકે ઓળખાતા બંધુઓ તરફથી જે જાતનું વર્તન કરવાની વાત દૈનિક પત્રોમાં બહાર આવી છે તે તેમને છાજે તેવું ન લેખાય. સાચો ધર્મપ્રેમ 'ગુંડાશાહી'માં નથી સંભવતો જૈન ધર્મનું હાર્દ તો અહિંસા છે. વિરોધીને પણ સમતા ને શાંતિથી સાંભળવો અને બળજબરીથી નહિ પણ યુક્તિ-પુરસ્સર એની વાતનો રદીયો આપી પોતાનું મંતવ્ય એના ગળે ઉતારવું. એ જૈન ધર્મના પ્રણેતાઓની કાળજુની પ્રનાળી છે. જો એ મુદ્રાલેખ ન હોત તો ઈંદ્રભૂતિ જેવાને પ્રેમભાવે સમજાવવાની માથાકુટ પ્રભુશ્રી વર્ધમાન શા સારૂ કરત? અધિકારના જોરે શ્રેણિક મહારાજા કપિલાદાસી કે કાળસૌકરિકને ઠેકાણે ન લાવી શકત? સંસ્થા તો જડ વસ્તુ છે એને તંત્ર સંચાલનમાં જે માનવીઓનો સહકાર પ્રાપ્ત થાય તેના વિચારોનું પ્રતિબિંબ પડે. એમાં સ્ખલના થવાનો સંભવ છે અને મતફેર પણ હોઇ શકે છે છતાં એ સર્વમાં એક વાત ભૂલવાની નથી તે એ છે કે-'આપણે સૌ એકજ પિતાના સંતાન હોઇ, એકજ સમાજના અંગ હોઇ, એ સમાજના ઉદ્ધારમાં કામે લાગેલા છીએ. વિચાર ભેદને લઇ માર્ગ ભેદ સંભવે તેથી મનભેદ કે શત્રુત્વ હરગીજ આપણા વચ્ચે નથી.' આ વાત યથાર્થ સમજાય તો મત ફેરોનો ઉકેલ તો સહજ છે. દલીલ પૂર્વક એનો તોડ આણી શકાય છે. અમદાવાદે પુરવાર કર્યું છે કે જૈન સમાજમાં અંતિમ છેડાઓ મેજુદ છે. એક 'યંગમેન' તરિકે ઓળખાતો અને ધર્માંધતાથી ઓતપ્રોત બનેલો, બીજો 'યુથસ' તરિકે મશહુર બનેલો ને વિવેક ભ્રષ્ટતામાં આગળ વધેલો. પ્રથમ ને વાતે વાતે અધર્મ જણાય છે! બીજાને પોતાનાથી જુદો વિચાર ધરાવે તેનો હુરીયો બોલાવવાનું ગમે છે! ઉભય સભ્યતાની મર્યાદા કુદાવે છે! એ પણ આપણાજ બંધુઓ છે એ વાત લક્ષમાં રાખી-સમાજનો વિશાળ વર્ગ એ છેડાઓમાં નથી સમાતો એ સત્ય ઓળખી લઇ કામ લેવાનું છે.

મુખપત્રના ઉદ્‌ગારો વાસ્તવિક છે.

'જૈન' પત્રે તા. ૧૫-૧૨-૪૦ ના અંકમાં 'સામાજિક પ્રશ્નો' હેઠળ ચર્ચા કરતાં જૈન યુગે ચર્ચાસ્પદ ધાર્મિક પ્રશ્નોમાં સાધુ મહારાજની દોરવણીની આવશ્યકતા જણાવી છે. એને લગતું અવતરણ ટાંકી-જણાવ્યું છે કે-'કોન્ફરન્સના મુખપત્રનાજ આ ઉદ્‌ગારો છે એ જાણ્યા પછી અમને આ મનોદશા વધુ દુઃખદ લાગે છે.' તંત્રીશ્રીને પોતાનું મંતવ્ય રજુ કરવાનો હક છે અને દુઃખ લગાડવાનો પણ હક છે બાકી એ બ્યાન સાચી દશા રજુ કરતું છે એની ના કોઇથી પાડી શકાય તેમ નથી. જૈન ધર્મનો સામાન્ય અભ્યાસી પણ કબુલી શકે તેવી ઉઘાડી વાત છે કે સાધુ અને શ્રાવક એ જૈન સમાજના બે મુખ્ય અંગ છે. તો પછી એક અંગની સલાહ-સુચના કે દોરવણીને ઉવેખી બીજું અંગ પોતાનો માર્ગ નિષ્કટંક કરી શકશે ખરૂ? શા સારૂ ભૂતકાળના દ્રષ્ટાન્તોને જોવાતા નથી? પૂજ્યપાદ હરિભદ્રસૂરિ, શ્રી રત્નાકરસૂરિ, શ્રી હેમચંદ્રસૂરિ, અથવા તો શ્રી હીરવિજયસૂરિ કિંવા આત્મારામજી મહારાજના કાર્યો કેવળ ક્રિયાકાંડ સુચક છે કે? એમાં સમાજને લગતું કંઇજ નથી કે! શું જ્ઞાન સાથે ક્રિયાની અગત્ય નથી? અરે વર્તમાન કાળને જુવો કે કોન્ફરન્સના ભૂતકાળને નિરખો. કેળવણી વિષયના એના હરાવોને સાધુમહારાજનો સહકાર ન મળ્યો હોત તો આજે જે સંસ્થાઓ અસ્તિત્વમાં છે એ જોવા પામત કે? સાચી વસ્તુની રજુઆત વા ચક્ષુ સામેનું ખુલ્લું સત્ય ભલે સ્વમાનના મોહમાં મસ્ત બની કેવળ અકર્મણ્ય દશા સેવતા બંધુઓને દુઃખ કરતા દેખાય! છતાં એ કડવો ઘુંટડો ગળી, ને પણ ખરી રીતે રચનાત્મક કાર્ય કરવું હોય તો એનો ઉલ્લેખ જૈન યુગે કરવોજ રહ્યો.

ભવિષ્યના રાહબર.

નિંગાળા કેટલીક બાબતોમાં કોન્ફરન્સના ઇતિહાસમાં નવું પાનું ઉઘાડશે. નિરાશ હૃદયોમાં આશાનો પ્રદીપ પ્રગટાવશે પણ એ જ્યોત જવલંત રાખવી હોય તો હાજર રહેલ પ્રતિનિધિઓએ ભાવિ કાર્યવાહકોની પસંદગીમાં કાળજી પૂર્વક કામ લેવું જોઇશે. સંસ્થાના પ્રમુખ એકલા હાથે ઝાઝું નજ કરી શકે. સંસ્થાની કાર્યવાહીમાં મંત્રીઓ હાર્દરૂપ લેખાય. જે સંસ્થાના મંત્રીઓ શાંત-ધૈર્યશીલ-કાર્યદક્ષ-પ્રતિષ્ઠા સંપન્ન અને સેવાભાવી હોય તે સંસ્થા પ્રગતિના પંથે અવશ્ય વળેજ. મનુષ્ય સ્વભાવ નવિનતા પ્રિય છે એટલે મંત્રી-તંત્રો આદિની દરેક વરણીમાં નવિનતા લાવવીજ જોઇએ. જુનાને હકનો આરામ આપી નવાથી સ્થાન પુરવાની વૃત્તિ સતેજ કરવી ઘટે. કોન્ફરન્સ જેવી સંસ્થામાં સ્થાનિક મંત્રીઓ એને બદલે ત્રણ હોય તો શ્રીમંત-ધીમંતને સેવાભાવીનો યોગ જોડી શકાય. જૈન સમાજની પ્રચલિત દશામાં માર્ગ કહાડવા સારૂ ઉકત ત્રિવેણીજ માફક આવે. મંત્રીઓ બે કે ત્રણ એ તો બંધારણનો વિષય છતાં એ ચુંટણીમાં એવા ભાઈઓને પસંદ કરવા કે જેઓની છાપ ઉભય પક્ષમાં અને જેઓ પક્ષોથી પર છે એ સર્વ પર પડે. આ જાતની ચુંટણી એ વ્યવહારૂ બુદ્ધિમત્તાનું લક્ષણ છે. જેના બાહુમાં જોર તેના અંગમાં જોર એ જન ઉકિત છે. મંત્રીઓરૂપી બાહુ મજબુત શોધવાની તેથીજ જરૂર છે. આપણી યોજનાઓ નવપલ્લવિત ને અમલી પણ ઉપરના ધોરણે કામ લેવાશે તોજ થવાની છે. ભાવનાવાદી મટી પુરૂષાર્થી બનવું હોય તો એ રાહ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથીજ.

અપૂર્વ પ્રકાશન.

શ્રી સિદ્ધસેન દિવાકર કૃત

"સન્મતિ તર્ક" (અંગ્રેજી અનુવાદ)

પંડિત સુખલાલજી અને પં. બેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા તેમજ અંગ્રેજી અનુવાદ સહિત ૪૨૫ પૃષ્ઠના આ અનુપમ ગ્રંથની કિંમત માત્ર રૂા૦ ૧-૦-૦ (પોસ્ટેજ અલગ)

લખો:-શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

૨૯, પાયધુની, મુંબઈ, ૩.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

નિંગાળા અધિવેશનના વરાયલા પ્રમુખ શ્રી છોટાલાલ ત્રિકમલાલ પારેખ.

ટુંક પરિચય.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના પંદરમા અધિવેશનના વરાયલા પ્રમુખ શ્રીયુત છોટાલાલ ત્રિકમલાલ પારેખ વિરમગામના એક પ્રસિદ્ધ ધર્મશીળ સેવાભાવી પ્લીડર હોવા સાથે એમનું કુટુંબ જૂદી જૂદી રીતે જાહેર કાર્યો માટે જાણીતું છે. બાળ-યાવસ્થાથી જ એમનામાં કુટુંબ દ્વારા સિંચન થયેલા સેવાના સંસ્કારોથી તેઓ અદ્યાપિપર્યન્ત અનેક નાના મોટા જાહેર જીવનનાં તેમજ ધર્મ અને સમાજના કાર્યો યશસ્વીરીતે પૂર્ણ કરવા ભાગ્યશાલી નિવડ્યા છે. રાષ્ટ્ર ભાવનાથી ઓતપ્રોત તેઓશ્રીના જીવન પરિચયમાં આવનાર ઉપર તેમના સૌજન્ય, વ્યવહાર કુશળતા, પ્રમાણિકતા અને અનહદ્ સેવાવૃત્તિની છાપ પડયા વિના રહેતી નથી.

એઓનો જન્મ સંવત્ ૧૯૩૭ માં થયા પછી સને ૧૯૦૫ માં વકીલાતની પરીક્ષા પસાર કરી લગભગ સન ૧૯૩૩ પર્યન્ત વિરમગામમાં વકીલાત કરી પોતાની બુદ્ધિ અને ચાતુર્યવડે અનેક ક્ષેત્રોમાં એક મગરૂરીભર્યું સ્થાન મેળવ્યું. જનસેવાની કોઇપણ પ્રવૃત્તિને તેઓ હમેશા પોષતા રહ્યા છે અને જ્યારે જ્યારે શહેરમાં કે ગામડાઓમાં વિકટ પ્રશ્નો–આંદોલનો ઉપસ્થિત થતાં ત્યારે તેઓએ વિના સંકોચે જાતે અંગત સેવાઓ આપવા તત્પરતાજ બતાવી નથી પણ સેવાઓ બજાવી છે. શ્રીમંત અને ગરીબને સમાન દૃષ્ટિએ જોઈ નિસ્વાર્થ ભાવે તેઓને ઉપયોગી નિવડયા હોવાથી તેઓશ્રીએ ખૂબ લોકપ્રિયતા સંપાદન કરી છે.

તેઓમાં વસી રહેલ અમાપ કાર્ય શક્તિ અને વિશાળ અનુભવ જોઈ વિરમગામ મ્યુનિસીપાલીટીના ઉપ–પ્રમુખ અને પ્રમુખ તરીકે તેઓની વરણી કરવામાં આવી. જે માનવંતા હોદ્દાઓ ઉપર તેઓશ્રીએ સન ૧૯૧૭ થી ૧૯૨૫ ના લાંબા સમય પર્યન્ત ફતેહમંદીથી કાર્ય બજાવ્યું. હાલમાં તેઓ સન ૧૯૩૩ થી અમદાવાદમાં વકીલાત કરે છે જ્યાં એક બાહોશ ધારાશાસ્ત્રી તરીકે તેઓ પંકાયા છે.

કેળવણીના તેઓ પ્રખર હિમાયતી છે. વર્ષો પૂર્વે સુવિખ્યાત જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિશ્વરજી મહારાજે તેઓની કેળવણી પ્રચાર પ્રત્યેની અગાધ ભાવના નિહાળી બનારસમાં સ્થપાયેલ શ્રી યશોવિજયજી જૈન પાઠશાળાના જવાબદાર વ્યવસ્થાપક તરીકે એમની ચુંટણી કરી હતી અને તેઓશ્રીએ લગભગ આઠ વર્ષ સુધી એ સંસ્થાના માનદ્ મંત્રી પદ ઉપર કાર્ય કરી તેને વિકસાવવા ઘણીજ જહેમત ઉઠાવી હતી. વિરમગામ અને આસપાસમાં લાઇબ્રેરી, પુસ્તકાલયો આદિ શિક્ષણ પ્રચારના સાધનો સ્થાપવાના પ્રયાસો માટે તેઓ જાણીતા છે. જૈન ધર્મ વિજય પુસ્તકાલય વિરમગામના તેઓ છેલ્લા આશરે ૨૦) વર્ષથી પ્રમુખ છે. એ પ્રકારની સંસ્થાઓને તેઓ વિવિધ રીતે પોષણ આપતા–અપાવતા રહ્યા છે. વિરમગામ મહાજન તથા ખોડા ઢોર પાંજરાપોળની તેઓ વખતો વખત સેવા બજાવે છે.

જૈન સમાજમાં તીર્થ રક્ષાના પ્રશ્નો ઉપસ્થિત થતાં તેમાં સીધી કે આડકતરી રીતે તેઓની સહાય હોયજ. શ્રી શત્રુંજય, શ્રી સમ્મેતશિખરજી, ગિરનાર પર્વતના પ્રશ્નોમાં શ્વેતાંબરોના કેસને મજબુત બનાવવા તેઓએ કિંમતી સલાહ કે સુચના જ આપી નથી પરંતુ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી વિજ્ઞપ્તિ થતાં શ્રી સમ્મેતશિખર પર્વત શ્વેતાંબરોએ વેંચાણ લીધેલો તે વેંચાણ રદ કરાવવાના દિગંબર ભાઇઓના દાવાને અંગે તથા (૨) પાર્શ્વનાથ હિલ 'ઈંજકશન કેસ'ની પ્રિવી કાઉસિલમાં થયેલી અપીલ–એ બન્ને અગત્યના કેસોમાં જાતે વિલાયત જઇ આશરે ૭ માસ ગાળી તે કેસોમાં સફળતા મેળવી હતી. આ સર્વ સેવા કોઇપણ પ્રકારના આર્થિક બદલાની કે યશ કીર્તિની આશા રાખ્યા સિવાય તેઓએ પોતાની પવિત્ર ફરજ સમજી અદા કરેલી તે સમાજ માટે ગૌરવ લેવા જેવી હકીકત છે.

સમાજની અગ્રગણ્ય સંસ્થાઓ સાથે તેઓ વર્ષોથી નિકટ સંબંધ ધરાવતા રહ્યા છે. શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સની ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીના એક સભાસદ તરીકે જ્યારે જરૂર પડી ત્યારે તેઓએ બહુમૂલ્ય સેવાઓ બજાવી છે. અધિવેશનોમાં ડેલીગેટ તરીકે ગુંચવાડા ભર્યા કે મહત્વના પ્રશ્નોની છણાવટ કરી કાર્યને વેગ આપવા માટે તેઓની વ્યવહારદક્ષતા સુવિદિત છે. શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીમાં વિરમગામ સંઘના પ્રતિનિધિ તરીકે છેલ્લા ૨૦ વર્ષ કરતાં વધારે સમયથી તેઓ સ્થાનિક પ્રતિનિધિનું સ્થાન ધરાવે છે. તદુપરાંત કોમના અનેક નાના મોટા બાતાઓમાં તેઓ જૂદી જૂદી રીતે સેવાઓ આપે છે.

આ રીતે એક પીઢ, સેવાભાવી, સાહસિક સૂત્રધાર તરીકે પંકાયેલા શ્રીયુત્ છોટાલાલભાઇના પ્રમુખપદે ચાલુ ડિસેમ્બર માસમાં મળનારા જૈન શ્વે. મહાસભાના પંદરમા અધિવેશનનું કાર્ય વિજયી નિવડશે એવી ખાત્રી છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સ્વાગત સમિતિ–નિંગાળા,

તા ૬-૧૨-૧૯૪૦.

આગેવાનોનો પ્રચાર–પ્રવાસ વિગેરે.

કોન્ફરન્સ અધિવેશનના પ્રચારાર્થે નિંગાળાથી કોન્ફરન્સના એક સ્વાગત ઉપ-પ્રમુખ શ્રી. કુલચંદ જેમલભાઇ શેઠ તથા સ્વાગત સમિતિના એક મુખ્ય મંત્રી શ્રી. ચતુરદાસ રાયચંદ શાહ બોટાદ ગયા હતા. ત્યાં દશ જેટલા ભાઇઓ સ્વાગત સભ્ય તરીકે નોંધાયા હતા. ત્યાંથી ભાઈ વ્રજલાલ મોહનલાલ વકીલ, ત્રીકમલાલ સંઘજી કોઠારી વિગેરે ભાઇઓ પાલીઆદ ગયા હતા. ત્યાં રાત્રે સંઘની મીટીંગ રાખવામાં આવી હતી. શ્રી. કુલચંદભાઇ શેઠે તથા વ્રજલાલ વકીલે લગભગ બે કલાક વિવેચન કરી કોન્ફરન્સની અત્યાર સુધીની કાર્યવાહી તેમજ કેળવણી અને આર્થિક ઉદ્ધાર વિષે વિવેચન કરી મૂળ ઉદ્દેશ અને ધ્યેય સમજાવ્યાં હતા. આથી તેજ વખતે સંઘમાંથી ઘણા ભાઇઓએ સ્વાગત સભ્ય તરીકે તથા ડેલીગેટ તરીકે નામો નોંધાવ્યા હતા. અને ગામમાં ઉત્સાહ ફેલાયો હતો. પાલીઆદથી પ્રચાર સમિતિના હોદ્દેદાર ભાઈ હરીચંદ ઓધવજી બગડીઆ પ્રચારમાં સાથે જોડાયા હતા. ત્યાંથી તા૦ ૫-૧૨-૪૦ ના રોજ સરવા, પીંપરડી, અલાઉ, ખસ, બગડ, સારંગપુર, ખાંભડા, જાળીઆ, સુંદરીયાણા, વિગેરે પંચગોળના ગામોએ જઇ સ્વાગત સભ્યો તથા ડેલીગેટો બનાવ્યા હતા. અને દરેક ગામમાં સંઘની સભા બોલાવી અધિવેશન મેળવવાનો હેતુ સમજાવ્યો હતો.

શ્રી. વ્રજલાલ વકીલ, શ્રી. હરીચંદ ઓધવજી વિ૦ ભાઈઓનો પ્રવાસ હજુ ચાલુ છે.

સ્વાગત સમિતિની ઓફીસ પર ચોમેરથી ડેલીગેટના ફોર્મ ભરાઇને આવી રહ્યા છે.

સ્વાગત સમિતિના આગેવાન હોદ્દેદારો જરૂરી કામે તેમજ પ્રચારાર્થે શિહોર–ભાવનગર તરફ ગયા છે.

અધિવેશન મંડપ પૂર્ણ થવા આવ્યો છે. હવે વસ્ત્ર આચ્છાદન તેમજ આંતર સુશોભન વિગેરે શરૂ થશે. રસોડા અંગેની સર્વ સામગ્રીઓ પણ આવી રહી છે.

સ્વાગત સમિતિના એક મુખ્ય મંત્રી શ્રીયુત્ મણીભાઇ જેમલ શેઠ, દેશની હાકલ પડતાં સત્યાગ્રહ કરીને મુંબઇથી જેલ સીધાવ્યા છે તે ખબર અત્રે પડતાં તેમના માનમાં જનતાએ હડતાલ પાડી હતી.

અધિવેશન અંગે વાતાવરણ ખુબ ઉત્સાહમય છે.

—પ્રચાર સમિતિ.

આગેવાનોનો સફલ પ્રચાર–પ્રવાસ.

નિંગાળાથી તા૦ ૭ મીના રોજ મેલમાં શ્રીયુત મણીલાલ મોકમચંદ શાહ, સ્વાગત ઉપ-પ્રમુખ શ્રી. કુલચંદ જેમલભાઇ શેઠ, મુખ્ય મંત્રી શ્રી. ચતુરદાસ રાયચંદ શાહ, ભાવનગરના સંઘને આમંત્રણ દેવા ગયા હતા. આ બાબતના ખબર અગાઉથી ભાવનગર સંઘની પેઢી શેઠ ડોસાભાઇ અભેચંદ તથા શ્રીયુત કુંવરજી આણંદજી વિગેરેને તાર દ્વારા આપ્યા હતા. સ્ટેશન પર શ્રીયુત કુંવરજીભાઇ, શ્રીયુત ભાઇચંદભાઈ વકીલ, શ્રી. બેચરદાસભાઇ, શ્રી. અમરચંદ કુંવરજી વિગેરે આ ડેપ્યુટેશનને લેવા માટે આવ્યા હતા. ડેપ્યુટેશન શેઠ જૂઠાભાઈ સાંકલચંદને ત્યાં ઉતર્યું હતું.

શેઠ જૂઠાભાઇને સંઘ બોલાવવાનું કહેવામાં આવતાં તેમણે જણાવ્યું હતુ કે છેલ્લા ૫–૬ વર્ષથી કેટલાક વિષમ સંજોગોના કારણે સંઘ મળી શક્યો નથી તેથી આ સમયે સંઘ ન મેળવી શકવા બદલ દીલગીર છું પણ આપ વ્યક્તિગત રીતે ઘણા ભાઇઓને મળી આ કામમાં સાથ મેળવો એ વધુ ઠીક છે. આથી નિંગાળાથી ત્યાં ગયેલ કાર્યવાહકોએ ત્યાની જુદી જુદી ઘણી સંસ્થાઓના અગ્રેસરોને તથા અન્ય આગેવાનોને મળવાનું પસંદ કર્યું હતું. પરિણામે ચોમેરથી ઉત્સાહ ભર્યો આવકાર મળ્યો હતો. દરેક સંસ્થાઓએ ડેલીગેટો ચુંટી મોકલવા નિર્ણય કર્યો હતો. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તથા શ્રી જૈન આત્માનંદ સભાએ, નિંગાળાના આગેવાનોની હાજરીમાંજ મીટીંગો બોલાવી પ્રતિનિધિઓની ચુંટણી કરી હતી. અન્ય સંસ્થાઓ પણ ટુંક સમયમાંજ પ્રતિનિધિઓ ચુંટી મોકલશે.

ભાવનગરથી શ્રીયુત જગજીવનદાસ શિવલાલ વકીલ તથા શ્રી. વિઠલદાસ મૂળચંદ શાહને સાથે લઇને આ મંડળ શીહોર ગયું હતું. અને સંઘના અગ્રેસરોને એકત્ર કરી અધિવેશન વિષે વાતચીત કરી હતી. પરિણામે તેજ વખતે દશેક જેટલા ડેલીગેટોના નામ નોંધાવ્યા હતા અને હજુ બીજા તેટલા નોંધવા ત્યાંના આગેવાન ભાઇઓએ કબુલ્યું હતું.

એકંદર ભાવનગર–શીહોર જેવા ગોહીલવાડના મુખ્ય શહેરોમાં કોન્ફરન્સ અધિવેશનને જે આવકાર મળ્યો છે તે ઉપરથી જણાય છે કે પ્રેક્ષકો અને પ્રતિનિધિઓની મોટી સંખ્યા અધિવેશનમાં ઉતરી પડશે.

આવી રહેલા પ્રતિનિધિ ફોર્મ.

અધિવેશનના દિવસો જેમ જેમ નજીક આવતા જાય છે તેમ તેમ ચોમેરથી ડેલીગેટ ફોર્મ ભરાઇને આવી રહ્યા છે. લગભગ ૭૫ જેટલા પ્રતિનિધિઓના નામ અત્યાર સુધીમાં આવી ગયા છે અને હજુ ચાલુ છે.

—પ્રચાર સમિતિ.

કોન્ફરન્સ સ્વાગત સમિતિ તરફથી ભાલ પ્રદેશના ગામોમાં પ્રચારાર્થે ચાર ભાઇઓનું એક વગદાર ડેપ્યુટેશન ગયેલ. જેમાં બોટાદના ઉત્સાહી બંધુ શ્રી. વ્રજલાલ મોહનલાલ વકીલ, વગડીઆ હરીચંદ ઓધવજી કામદાર, કોઠારી ત્રિકમલાલ સંઘજી તથા ધનજી ભુરાભાઈ એ પ્રમાણે ચાર ભાઇઓ મોટરમાં ચાર દિવસ સુધી ભાલ પ્રદેશના ગામો–જાળીલા, ઉંચડી, ખડોલ, ચોકડી, પરબડી, ગુંદા, આકરૂ, ખરડ, કોઠડીયા, ફેદરા, સમાણી, બોળાદ, પીંપળી, આંબલી, ધોલેરાં, ધંધુકા, વનાલા, સરવાળ, કોંઢ, ઉતેડીયા વિગેરે સ્થાનોએ ગયા હતા અને કોન્ફરન્સનો

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

લે.—ચોકસી.

આ સંસ્થા કોન્ફરન્સની 'અંગભૂત નથી પણ સ્વતંત્ર છે' એમ એ સંબંધી થયેલ ચર્ચા પરથી જોવામાં આવ્યું છે. આ જીવંત ને કામ કરતી સંસ્થા અનોખી પડી જાય, એનું કાર્ય અટકી પડે કિંવા બંધારણ સુધારણાથી એને કાયમના છુટા છેડા મળે, એવું કોઇપણ કોન્ફરન્સ પ્રેમી કિંવા ધાર્મિક અભ્યાસની અગત્ય પિછાનનાર મનુષ્ય નજ ઇચ્છે. એ સંસ્થા છે તેથી વધુ સમૃદ્ધિ બને—એનો કાર્ય વિસ્તાર વધુ ને વધુ લંબાય અને એને રહેતી ફંડની અગત્ય અલ્પ સમયમાં સંતોષાય એ સારૂં કોન્ફરન્સ સાથેના એના સંબંધની ચોખવટ જેમ જરૂરી છે તેમ એ સંસ્થાના વર્તમાન બંધારણમાં કેટલીક સુધારણા પણ કરવા જેવી છે.

No Taxation Without Representation વાળી વાત અહીં યાદ કરવાની છે. સુકૃત ભંડાર ફંડની રકમ મેળવવી અને એ માટે કોન્ફરન્સ કાર્યાલય તેમજ એની હસ્તકના અન્ય સાધનોનો ઉપયોગ આવશ્યક ગણવો—હોય તો વહીવટી તંત્રમાં માત્ર લવાજમ ભરે તેજ ભાગ લઈ શકે એમ ન રાખી શકાય. ગણત્રીના સભ્યોથીજ નાવ હંકારે રાખવાની પ્રથા કાયમ ન નિવડી શકે. સુકૃત ભંડારની રકમ એકઠી કરી આપનાર વર્કીંગ કમિટિને પણ પોતાના તરફથી અમુક સભ્યો ચુંટી મોકલી બોર્ડની કાર્યવાહી અને વહીવટમાં ભાગ લેવાની સગવડ હોવી જોઇએ તંત્રનું મુખ્ય કાર્ય ધાર્મિક જ્ઞાનનો પ્રચાર અને એ અંગે લેવાતી વાર્ષિક પરિક્ષાઓ છે તો એમાં ધાર્મિક અભ્યાસમાં રસજ્ઞ અને ધાર્મિક જ્ઞાનના અનુભવીઓને સ્થાન અપાય તેવી સગવડ કરવી જોઇએ. બોર્ડની કાર્યવાહીમાં જૈન સમાજની પક્ષાપક્ષી આડી આવે તેમ નથીજ. એની અગત્ય માટે સમાજમાં એમત પણ નથીજ. એને સાથ આપનારમાં ઉભય પક્ષના માનવીઓ છે. તેથીજ એનું તંત્ર એવી રીતે નિશ્ચિતપણે ગોઠવાય કે કોન્ફરન્સનું અધિવેશન મળે કિંવા ન મળે છતાં તે પોતાનું કામ કર્યે જાય. ધાર્મિક વિષયના રસીયા એમાં વધુ પ્રમાણમાં આવતા જાય. કાર્યવાહકો બદલાતા રહે. અભ્યાસક્રમ પણ રોચક બનાવી શકાય. અભ્યાસક્રમ કઠીણ છે. વિદ્યાર્થીગણને અનુકુળ નથી તેમજ કેટલાક ધોરણોમાં પાઠય પુસ્તકો સવિશેષ છે ઇત્યાદિ ફરિયાદોનો વિચાર વિનિમયથી ઉકેલ આણી શકાય. નિંગાળામાં એ દિશા લેવાની જરૂર છે.

અંતિમ નિવેદન.

ત્રીજા વર્ષમાં જૈન યુગ સંપાદનનું કાર્ય કેવળ શેઠ શ્રી. કાન્તિભાઈના આગ્રહથી તેમજ કાર્યવાહક સમિતિની પ્રેરણાથી અમોએ લીધું હતું. એમાં સફળતા મળી છે કે નિષ્ફળતા એ અમો ન કહી શકીએ. 'કર્મણ્યેવ અધિકારસ્તે' એ સૂત્ર મુજબ અમે તો ઉદ્દેશને અનુસરી કામ ધપાવે રાખ્યું, એમ કરવામાં-કોઇ સભ્ય કે વ્યક્તિનું દિલ દુઃખવવાની ફરજ બજાવવી પડી હોય તો તે માટે ક્ષમા ચાહીએ છીએ.

—જૈન યુગ-પ્રકાશન સમિતિ.

પ્રેરક સંદેશો સંભળાવ્યો હતો. અધિવેશનની અગત્યતા, સ્થાન અને પ્રમુખની વરણીમાં વૈવિધ્ય વિગેરે બાબતો સર્વત્ર સમજાવી હતી. કેટલાક સ્થાનમાં વિરૂદ્ધ પ્રચાર થયેલો પરંતુ આ ભાઇઓના પ્રચાર-પ્રવાસના પરિણામે વાતાવરણ ઘણું સ્વચ્છ બન્યું છે. જનતામાં ઉત્સાહ ફેલાયો છે અને પૂર્ણ સહકાર અર્પવાની ભાવના પ્રગટી ઉઠી છે. પરિણામે એ સર્વ નાના-મોટા ગામોમાંથી દશેક જેટલા સ્વાગત સભ્યો અને ચાલીસ જેટલા ડેલીગેટો નોંધાઇ ગયા છે અને ગ્રામ્યજનતાના પૂર, અધિવેશન પ્રસંગે ઉતરી પડે એવી સંભાવના પ્રગટી છે.

—પ્રચાર સમિતિ.

સેવાર્થે મળેલ વૈદકીય સગવડ.

અધિવેશન પ્રસંગના ચાર દિવસો દરમ્યાન પોતાની સેવા આપવા વઢવાણ કેમ્પના ડો. શ્રી. મણીલાલભાઇ (કાંતી કોટન મીલવાલા) એ તત્પરતા બતાવી છે. તેઓશ્રી પોતાનો સર્વ સરંજામ લઇને તા. ૨૩ મી ડિસેમ્બરે નિંગાળા ખાતે હાજર થઈ જશે અને અધિવેશનની સમાપ્તિ સુધી તેમની સેવા સ્વાગત સમિતિને પ્રાપ્ત થશે.

—પ્રચાર સમિતિ.

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.

	અસલ કિંમત	ઘટાડેલી કિંમત.
શ્રી જૈન ગ્રંથાવલી	રૂા. ૩-૦-૦	૧-૦-૦
શ્રી જૈન મંદિરાવલી	રૂા. ૧-૮-૦	૦-૮-૦

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

		પૃષ્ટ.	
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો	રૂા. ૫-૦-૦	૧૦૦૦	૧-૦-૦
શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો	રૂા. ૩-૦-૦	૮૫૦	૧-૮-૦
શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ	રૂા. ૬-૦-૦	૧૨૫૦	૩-૦-૦

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**

૨૦, પાયધુની—**મુંબઇ, ૩.**

જૈન કોન્ફરન્સના રચનાત્મક કાર્યો.

સુરતમાં શ્રી મોતીચંદ કાપડીઆએ કરેલ ભાષણ.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના નિંગાળા અધિવેશનના પ્રચારાર્થે રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલિસિટરના નેતૃત્વ નીચે શ્રી વીરચંદ પાનાચંદ શાહ અને શ્રી મણિલાલ મોકમચંદ શાહનું એક ડેપ્યુટેશન સુરતમાં તા. ૧૪-૧૨-૪૦ ના રોજ આવતાં સ્ટેશન ઉપર આગેવાનોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું શ્રી દલીચંદ વીરચંદ શ્રોફના બંગલે તેઓને લઇ જવામાં આવ્યા હતા. સાંજના ૭ કલાકે રિટાયર્ડ જજ શ્રી સુરચંદ પરસોતમદાસ બદામીના પ્રમુખસ્થાને એક જાહેર સભા જૈન ઉપાશ્રયમાં મળી હતી. જનતાએ ઘણીજ મારી સંખ્યામાં હાજરી આપી કોન્ફરન્સ પ્રત્યે લાગણી પ્રદર્શિત કરી હતી.

શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ.

રા. કાપડીઆ સોલીસિટરે ભાષણ કરતાં જણાવ્યું કે નિંગાળાની પસંદગી અત્યારસુધી ચાલુ ધોરણથી તદ્દન જૂદીજ રીતે થઇ છે, શ્રીમંત પ્રમુખની પસંદગીની જગ્યાએ સેવાભાવી અને કાર્યકર પ્રમુખ નીમવામાં આવ્યા છે. કોન્ફરન્સે અનેક રચનાત્મક કાર્યો કર્યા છે તેની વિગતોમાં ઉતરી તેઓએ ઉમેર્યું હતું કે બાબુ પુરનચંદ બનાલાલના વાલકેશ્વર ઉપરના બંગ્લાને સરકારે અગાઉ લડાઇને અંગે કબ્જે કરવા નોટીસ આપેલી પરંતુ કોન્ફરન્સે એ લડત ઉપાડી અને જૈન દેરાસરને ત્યાં સંરક્ષિત રાખવા ગવર્મેન્ટે ઠરાવ્યું. સમ્મેતશિખર પર્વત ઉપર બંગ્લા બાંધવાની તેમજ એ જાતના અનેક કાર્યોની રૂપરેખા દર્શાવી તેઓએ કહેલું કે કોન્ફરન્સ તો રચનાત્મક કાર્યોજ કરતી આવી છે એથી જૈન સંઘે તેના આવતા નિંગાળા અધિવેશનમાં પ્રતિનિધિઓ મોકલી બેઠકને યશસ્વી બનાવવી ઘટે.

શ્રી વીરચંદ પાનાચંદ શાહે ગામડાઓમાં વ્યાપેલી બેકારી અને કંગાલીયતના વર્ણનો કરી આ દુઃખો ટાળવા માટે આપણા સમાજની મહાસભાને મજબુત બનાવવા અસરકારક અપીલ કરી હતી.

શ્રી મણિલાલ મોકમચંદ શાહે નિંગાળામાં અધિવેશન માટે થયેલી તૈયારીઓનું વર્ણન કર્યું હતું. પાણી-ઉતારા આદિની વિપૂલ સગવડ થયેલી હોવાનું જણાવી પ્રતિનિધિઓ ચુંટી મોકલવા વિનંતી કરી હતી. પરિણામે ઘણા ગૃહસ્થોએ આવવા ઇચ્છા દર્શાવી હતી.

શ્રી સુરચંદ પી. બદામી.

પ્રમુખસ્થાનેથી શ્રી સુરચંદ પી. બદામીએ ડેપ્યુટેશનના ભાઇઓનો આભાર માની કોન્ફરન્સની સમાજોન્નતિ માટે ઘણીજ જરૂર છે અને તેને ગમે તે ભોગે ટકાવી રાખવા અસરકારક અપીલ કરી હતી. કોન્ફરન્સ એકજ એવી સંસ્થા છે કે જેના માટે સમાજ ગૌરવ લઇ શકે. સમાજના કામો વ્યક્તિગત રીતે પાર ન પડી શકે. એનાં માટે તો બંધારણ પૂર્વકની સંસ્થાજ હોઇ શકે અને તે આપણી કોન્ફરન્સ. અધિવેશનમાં કેળવણી અને બેકારીના પ્રશ્નોની વિચારણા થવાની છે. સૌએ તેમાં જઈ ભાગ લઇ સમાજની ઉન્નતિમાં ફાળો આપવો જોઇએ. કોન્ફરન્સના અભ્યુદયમાં સમાજનો અભ્યુદય સમાયેલો છે. નિંગાળાની બેઠકને સૌ સહકાર આપે એ આજે જરૂરી છે. તેઓશ્રીએ કોન્ફરન્સ પ્રત્યે ઉચ્ચ ઉદ્ગારો વ્યકત કર્યા હતા. પ્રમુખનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

નિંગાળા જૈન કોન્ફરન્સના મુખ્ય મંત્રી શ્રી. મણિલાલ જેમલ શેઠનો સંદેશો.

અખિલ હિંદની જૈન મહાસભાની ૧૫ મી બેઠકને બ્હારે આંગણે નોતરી તેની સંપૂર્ણ તૈયારી કરી રાષ્ટ્ર પ્રત્યેની બ્હારી ફરજ અદા કરવાને હું તમારી વચ્ચેથી દૂર થાઉં છું.

સ્વાગત સમિતિના મંત્રી તરીકે હિંદભરના આવનાર પ્રતિનિધિઓનું હું કેદખાનાના દરવાજેથી સ્વાગત કરૂં એ પણ આ બેઠકનો અદ્વિતિય પ્રસંગજ કહેવાય અને મારા સાથીદારો આ પ્રસંગથી એવડા ઉત્સાહથી સ્વાગતનું કાર્ય પાર પાડશેજ.

જૈન સમાજને અપીલ.

ત્વરીત ગતીએ આગળ વધતી દુનિયાના વાતાવરણમાં રહી આપણાથી નિષ્ક્રિય કેમ બેસી રહેવાય ? ભયંકર બેકારી અને પ્રાથમિક અને ઉંચી કેળવણીના પુરતા સાધનોના અભાવે સમાજના સેંકડો અને હજારો બાળકો અને યુવાનો યાતનાઓ સેવી રહ્યા છે. આપણાં કમનસીબે, શકિત અને સાધનોની શકયતા હોવા છતાં છેલ્લાં કેટલાક વર્ષોથી આપણે નાના પ્રકારના ઝગડાઓમાં પડી સમાજમાં સંગઠન અને શિસ્તના અભાવે આપણે સ્વનાશના માર્ગે દોડી રહ્યા છીએ. ભગવાન મહાવીરનો સત્ય અને અહિંસાનો ઉજળો વારસો સાચવવા અને સમાજને સુદૃઢ અને સંગઠિત બનાવી રાષ્ટ્રના અંગને મજબૂત બનાવવા, મતભેદોને છોડી એકત્ર થવા સમાજના શ્રીમંતો, બુદ્ધિશાળીઓ, સેવકો, વૃદ્ધો અને યુવાનોને બ્હારી દર્દ ભરી વિનંતિ છે.

આગામી કોન્ફરન્સમાં હાજર થઇ તરકારી સવાલોને અંધકારમાં હડસેલી કેળવણી અને બેકારીના-જીવનની જરૂરીયાતના-સવાલો માટે રચનાત્મક અને અમલી કાર્ય યોજી હજારો બાળકો અને યુવાનોના અંધકાર ભરેલા રસ્તામાં તેજના કિરણો ફેલાવો.

ગામડાના બાળકોને માટે-જ્ઞાનની પરબો માટે-જ્યાં જ્યાં હાયસ્કૂલ હોય ત્યાં ત્યાં બોર્ડિંગનો પ્રબંધ કરો. બેકારી ટાળવા નાના અને મોટા પ્રકારના વ્યવસ્થિત ઉદ્યોગો ઉભા કરી તેમાં શ્રમના ધોરણે કામ આપી સ્વાશ્રયી બનાવી કંગાલીયતને સમાજમાંથી દેશવટો આપો.

આવા પુનિત કાર્યક્રમની વિચારણા અને કાર્ય સાધકતા માટે ઉપલા તમામ વર્ગને બ્હારી ફરી ફરીને વિનંતિ કે કોન્ફરન્સમાં હાજરી આપી આપણે આપણી પવિત્ર ફરજ બજાવીએ. કોન્ફરન્સનું સુકાન આજની દુનીયાને અનુરૂપ થઇ સંસ્થાના વિકાસને માટે પોતાના વખતનો ભોગ આપી નિસ્વાર્થ ભાવે કાર્ય કરી છૂટે અને સંસ્થાને જીવંત રાખવા નિરંતર ચિંતન કરે એવી વ્યકિતઓને સોંપી જૈન સમાજને સજીવ અને ચેતનવંતો બનાવવાના આ પવિત્ર સંમેલનને સફળ કરો.

કારાવાસની ભિષણ યાતનાઓ પણ મારી આ અપીલ હિંદના જૈન સમાજને એકત્ર થઇ કાર્ય કરવા પ્રેરશે તો સુખદ વાતાવરણમાં ફેરવાઇ જશે. અંતમાં સંપ અને કર્તવ્ય પરાયણતાને માર્ગે આગળ વધવામાં ભગવાન મહાવીર આપણને સૌને બળ આપે અને એથી સમાજની દારૂણ દુખોની ઘોર રાત્રીનો અંધકાર ભેદી ફરી દિવ્ય પ્રભાતના-જૈન સમાજને-આપણે સૌ દર્શન કરાવીએ એજ અભ્યર્થના.....શાંતિ, સત્ય, અહિંસા-વંદેવીરમ્-વંદેમાતરમ્.

સંઘનો નમ્ર સેવક,
મણીલાલ જેમલ શેઠ.

પુસ્તકોનું અવલોકન.

૧ સમ્રાટ સંપ્રતિ યાને પ્રાચીન જૈન ઇતિહાસની પ્રમાણિકતા. કિં. રૂા. પાંચ લેખક શ્રી. મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી. સુંદર છપાઇ અને મનોહર ગેટઅપવાળા, લગભગ પાંચસો પાનાના આ સચિત્ર ગ્રંથમાં, શરૂઆતમાં શ્રી આદિનાથના સમયનો ઇતિહાસ વિસ્તારથી આપી, તેમના પછી થયેલ અન્ય તીર્થંકરો–તેમજ ચક્રવર્તી અને વાસુદેવ આદિના નામો ઉલ્લેખ પૂર્વક ખંડ બીજામાં શિશુનાગવંશ સંબંધમાં લંબાણથી વર્ણન કર્યું છે એમાં મગધના પશુયજ્ઞ પરત્વે તેમજ ગૌતમબુદ્ધ અને પ્રભુ શ્રી મહાવીર દેવના જીવન પરત્વે જાણવા જેવા ઉલ્લેખો કરી, પં. શ્રી. કલ્યાણવિજય કૃત "વીર નિર્વાણ સંવત્ ઔર જૈન કાળ ગણના" નામા પુસ્તકને ચક્ષુ સન્મુખ રાખી, શિશુનાગ વંશ, નંદ વંશ અને મૌર્ય વંશનો શૃંખલાબદ્ધ ઇતિહાસ, અને સામે યુગપ્રધાનોનો સમય શાલવારી પ્રમાણે મેળવી તૈયાર કર્યો છે. એ આલેખનથી પુરવાર કર્યું છે "સંપ્રતિ મહારાજ" એ કોઇ જૈનોએ ધર્મ પ્રભાવના નિમિત્તે કલ્પી લીધેલું નામ નથી પણ સાચેસાચ ઇતિહાસિક વ્યક્તિ છે અને મૌર્યવંશમાં ઉત્પન્ન થયેલ એ વિભૂતિએ પોતાના પૂર્વજોની માફક જૈન ધર્મની પ્રભાવના અર્થે ઘણા કાર્યો કર્યા છે જે માટે કેવળ જૈન ધર્મના નિશિથચૂર્ણી કે નિશીથભાષ્ય વા બૃહત્કલ્પ કે નંદી થેરાવલીમાંજ નહિં પણ બ્રહ્માંડ–ભાગવત–મત્સ્ય અને વાયુ પુરાણોમાં તેમજ અવદાન કલ્પલતા જેવા જૈનેતર ગ્રંથોમાં તેમજ બિહાર અને ઓરીસા જર્નલ, 'હ્યુએન સંગકા ભારત ભ્રમણ' આદિમાં નોંધો છે. લેખકે જુદા જુદા બાસઠ ગ્રંથોનો ઉપયોગ કરી પોતાની વાત પુરવાર કરવા ખંતથી પ્રયાસ સેવ્યો છે. કેટલેક સ્થળે આંગ્લ લેખકોના સચિત્રા પણ ટાંકયા છે ચંદ્રગુપ્ત મૌર્ય પોતે જૈન ધર્મનો અનુયાયી હતો અને મૌર્ય વંશમાં જૈન ધર્મ વંશ ઉતાર ચાલ્યો આવતો હતો એ બતાવવા સાદતો પણ ટાંકી છે. ટુંકમાં કહીયે તો સંપ્રતિ મહારાજના ઇતિહાસ સંબંધમાં. તેમજ મહારાજા ખારવેલ અને ઉજ્જન નગરીના પાટનગર તરિકેના મહત્વ તથા વિક્રમ સંવતની સ્થાપના સંબંધમાં–નવી જાણવા જેવી સામગ્રી પુરી પાડતો ગુર્જર ભાષામાં પ્રગટ થયેલ આ ગ્રંથ પ્રત્યેક જૈને વાંચવા જેવો છે. ધાર્મિક તેમજ ઐતિહાસિક નજરે તેમાં રજૂઆતો રહી છે. કેટલેક સ્થળે આગમ સાહિત્યમાંથી તેમજ અન્ય સ્થળેથી ઉતારા લઇ સ્વમંતવ્ય સાબિત કરવા પ્રયાસ સેવ્યો છે. છતાં 'ઉત્તર હિંદુસ્થાનમાં જૈન ધર્મ' એ નામા ગ્રંથની માફક આવા મહત્વના ગ્રંથને વધુ પ્રમાણમાં નોટસ યાને નોંધોની જરૂર હતી. લેખકનો આ પ્રયાસ–એ વિષયમાં વધુ બારિકાઇથી છણાવટ કરનારને સાધનરૂપ નિવડશે એ નજરે પણ વધાવી લેવા યોગ્ય છે. આ જાતના પ્રયાસોથીજ સંપૂર્ણ રીતે શુદ્ધ લેખાય તેવો ઇતિહાસ તૈયાર થશે. બાકી જેમને મન ધાર્મિક પ્રકરણો કે ઉલ્લેખોનુ અતિ મહત્વ નથી, ને જેઓ માત્ર આંગ્લ લેખકોની દોરવણી પર દોડનારા છે તેમનો મતભેદ આવા ગ્રંથો સાથે રહેવાનો. આ ગ્રંથમાં પણ તેવા મંતવ્યો છે છતાં એમાં ઉંડા ઉતરવાનુ કાર્ય વિદ્વાનો માટે અનામત રાખી સચિત્ર એવા આ ગ્રંથમાં કેટલીક નવી બાબતો ખાસ જાણવા જેવી છે એ વાતનુ પુનઃ સ્મરણ કરાવીશું. મળવાનુ ઠેકાણું:—

મેઘરાજ પુસ્તક ભંડાર. પાયધુની, મુંબઇ, ૩.

૨ શ્રી ભારતેશ્વર બાહુબલિવૃત્તિ–ભાષાન્તર, પુરૂષ વિભાગ કિં. રૂા. ત્રણ. સંપાદક–અમૃતલાલ ઓધવજી.

જૈન એજ્યુકેશન બોર્ડે ધાર્મિક પરીક્ષાના અભ્યાસક્રમમાં આ ગ્રંથના સ્ત્રી-વિભાગને સ્થાન આપ્યું છે. રાઇપ્રતિક્રમણમાં જેનુ અહર્નિશ રટણ થાય છે એ તેર ગાથાઓની સઝાય ઉપર પંડિત શ્રી શુભશીળગણિએ દસ હજાર શ્લોકની ટીકા રચી જૈન કથાનકોમાં જેમના નામ પ્રભાતકાળે સ્મરણ કરવા યોગ્ય છે એવા ૬૭ મહાપુરૂષો અને ૫૩ મહાસતીઓના જીવનો આલેખ્યા છે. એ સંસ્કૃત પરથી શાહ મોતીચંદ ઓધવજીએ ભાષાંતર વર્ષો પૂર્વે કરેલ. પણ તે આવૃત્તિ હાલ મળતી ન હોવાથી, લેખકના બંધુ તરફથી પુરૂષ અને સ્ત્રી વિભાગ જુદા પાડી, સહેજ સાજ સુધારા સિવાય કંઇપણ મોંગીન ફેરફાર વગર આ ગ્રંથનુ પ્રકાશન કરવામાં આવેલ છે. એ ઉભય વિભાગોની ત્રણ આવૃત્તિઓ થઇ ચુકી છે જે એનુ મહત્વ પુરવાર કરે છે.

૩ શ્રી જૈન સોળ સતી ચરિત્ર (સચિત્ર) કિં. રૂા. દોઢ સંપાદક–અમૃતલાલ ઓધવજી.

૪ શ્રી પર્યુષણ પર્વ મહાત્મ્ય સચિત્ર કિં. રૂા. દોઢ ઉક્ત નં. ૩ તથા નં. ૪ ના સંપાદક નં. ૨ વાળા ગ્રંથના લેખકના ભાઇ શ્રી. અમૃતલાલ ઓધવજી ભાવનગરવાલા છે.

નં. (૨) ના સ્ત્રી વિભાગમાંથી કેટલીક મહા સતીઓના તેમજ બીજેથી કેટલીક સતીઓના ચરિત્ર વીણી લઈ સચિત્ર સોળ સતી ચરિત્ર પુસ્તકની રચના કરાયેલી છે. શીયળ મહાત્મ્ય દર્શક આ પુસ્તક પ્રત્યેક નારીએ વાંચવા જેવું છે.

નં (૪) માં શ્રી જ્ઞાનવિમળસૂરિ રચિત આઠ સઝાય કે જેમાં શ્રી કલ્પસૂત્રને લગતાં આઠ વાખ્યાનોમાં આવતી વિગતો છે અને તે ઉપર શ્રી ઉદયસાગરજીએ કરેલ બાળાવબોધ અગાઉ શાસ્ત્રી ટાઇપમાં છપાયેલ તે અલભ્ય હોવાથી શાહ અમૃતલાલ ઓધવજીએ પુનઃ ગુજરાતી ટાઇપમાં પ્રગટ કરેલ છે. ગામડાઓમાં કે જ્યાં ઘણું ખરૂં સાધુઓનો અભાવ હોય છે ત્યાં પર્યુષણમાં વાંચવા સારૂ આ પુસ્તક અતિ ઉપયોગી છે.

૫ શાલોપયોગી–સરળ સામાયિક સૂત્ર. (સચિત્ર) કિં. રૂા. દોઢ. સંપાદક અને સંયોજક શાહ અમૃતલાલ ઓધવજી (દાદાસાહેબની પોળ–અમદાવાદ) પ્રાથમિક ધોરણમાં અધ્યયન કરતાં બાળવિદ્યાર્થીઓને ધાર્મિક અભ્યાસ કરવામાં આ પુસ્તક વધુ સગવડ ભર્યું છે. એમાં મૂળપાઠ–વાક્યાર્થ–ઉપરાંત ભાવાર્થ તેમજ વિશેષાર્થ અને ગાળે પડતી કવિતા આદિ આપી પુસ્તકને ઉપયોગી બનાવ્યું છે. પાછળ સામાયિકના આઠ પ્રકાર ઉપર કથાનકો આપ્યા છે ને પ્રાંત ભાગે ચૈત્યવંદનો સ્તુતિ અને સ્તવન આપેલ છે. એકંદર રીતે સંકળના ઠીક થઇ છે. ટાઇપ સારા છે અને અભ્યાસક વર્ગને માફક આવે તેવું આ પુસ્તક છે કે જેને અભ્યાસક્રમમાં સ્થાન આપવા જેવું લેખી શકાય.

નોટ—૨, ૩, ૪, ૫. સંપાદકના સરનામેથી મળી શકશે.

૬ 'સેવક' સાપ્તાહિક (ગુજરાનવાલા) નો 'વિજયવલ્લભ અંક' સુંદર ચિત્રો. હિંદી, ઉર્દુ તેમજ અંગ્રેજી ભાષામાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીના જીવન તેમજ સમયોપયોગી કાર્યો પરત્વેના લેખો.

૭ સ્થંભણ પાર્શ્વનાથ મહાત્મ્ય. અને જીન ગુણ સ્તવનમાળા. લેખક શ્રી વિજય વિજ્ઞાન સૂરિજીના પ્રશિષ્ય મુનિ યશોભદ્ર વિજયજી. મુલ્ય સદુપયોગ.

૮ કલ્યાણનો માર્ગ. લે. માવજી દામજી શાહ ભર્તૃહરિના નીતિ શતકમાંના શ્લોક એક ઉપર સમજુતી આપતી બાર પાનાની પુસ્તિકા. —M.

જૈન યુગ–વર્ષ એકની વિષયસૂચી.

(પુસ્તક ૮ મું, અંક ૧ થી ૨૬ સુધી)

અંક	વિષય	લેખક
૧ લો	પરસ્પર સહાનુભૂતિની અનિવાર્ય જરૂર	કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભા. ૧ લે. માંથી
	એકજ ધ્યેય (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:–(૧) એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષા (૨) કન્યાશાળાનો મેલાવડો (૩) મંડળ ઉભું કરવાની અગત્ય.	તંત્રી
	અમરકૃતિઓના સર્જનહાર (લે. ૧ લો.)	મોહનલાલ દી. ચોકસી
	પુસ્તકોનું અવલોકન	ચોકસી
	રાવ સાહેબ કાન્તિલાલની અપીલ	કોન્ફરન્સ કાર્યાલય
	જૈન ધર્મ અને ઇતિહાસ	સંગ્રાહક M.
૨ જો	મનન કરવા લાયક વિચાર રત્નો	
	અજીર્ણ પ્રભવા રોગા: (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:–(૧) ટ્રસ્ટીઓની ચુંટણીમાં નવી પદ્ધતિ (૨) જાગૃતિનાં કિંમતી સાધનો.	તંત્રી
	કાર્યાલય પ્રવૃત્તિ	કોન્ફરન્સ કાર્યાલય
	અમર કૃતિઓના સર્જનહાર (લે. ૨ જો)	મોહનલાલ દી. ચોકસી
	પત્ર બંધુને આવકાર	જૈન યુગ સમિતિ
	ગોડીજીના ટ્રસ્ટીઓની ચુંટણી	વાડીલાલ જે. શાહ
૩ જો	જોખમાતી જગત સંસ્કૃતિ	રાજપાળ મગનલાલ વોરા.
	જીવન હૈ સંગ્રામ (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:–(૧) શોધખોળ માટે વિશાળ ક્ષેત્ર (૨) શત્રુંજયની ટળેટીમાં (૩) આપણે કયાં જઇ રહ્યા છીએ ?	તંત્રી
	ओसवाल सम्मेलन	**एक संवाददाता**
	પાલીતાણા-અવનવી ઘટનાઓનું કેન્દ્ર સ્થાન	મ. હી. લાલન.
	વસ્તુનું હાર્દ સમજવું જોઇએ.	સંગ્રાહક M.
	સરાક જૈનોનું પુરાતન તીર્થ–માઉંન્ટ પાર્શ્વનાથ	નાથાલાલ છગનલાલ શાહ
	સમાચાર સાર	વાડીલાલા જેઠાલાલ શાહ
૪ થો	સ્ત્રી કેળવણી અને ઉદ્યોગ	મગનલાલ દેસાઇ.
	રચનાત્મક કાર્યના સાત અંગ (અગ્રલેખ)	તંત્રી.
	નોંધ અને ચર્ચા:–(૧) અમદાવાદ દીક્ષા પ્રકરણ (૨) કોન્ફરન્સની કાર્યવાહી (૩) યુવક પ્રવૃત્તિ પાટા પરથી ઉતરી પડી છે.	તંત્રી
	કાર્યાલય પ્રવૃત્તિ	કોન્ફરન્સ કાર્યાલય
	ધાર્મિક પરિક્ષાના પરિણામ	જૈન એજ્યુકેશન બોર્ડ
	સરાક જૈનોનું પુરાતન તીર્થ–માઉંન્ટ પાર્શ્વનાથ	નાથાલાલ છગનલાલ શાહ
	નિન્દા સત્ર	રાજપાલ મગનલાલ વોરા
	ખુલાસો	જૈન એજ્યુકેશન બોર્ડ
૫ મો	પરોપકારાય સતાં વિભૂતય:	મણીલાલ નથુભાઇ દોશી બી. એ.
	ઉપાસક વર્ગનો ભૂતકાળ (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:–(૧) મેલાવડો અને સ્નેહ સંમેલન (૨) ધાર્મિક અભ્યાસ	તંત્રી
	કોન્ફરન્સ કે. પ્ર. કેન્દ્રસ્થ સમિતિનો હેવાલ	મંત્રીઓ, કેન્દ્રસ્થ સમિતિ
	ધાર્મિક પરીક્ષાના પરિણામો	જૈન એજ્યુકેશન બોર્ડ
	પુસ્તકોનું અવલોકન	ચોકસી

અંક	વિષય.	લેખક.
૬ ઠો	એકારીનું કારણ	'મારી સીંધ યાત્રા'માંથી
	વર્તમાન સ્થિતિ કેવી છે? (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:-(૧) 'જૈન યુગ' સામે તહોમત નામું.	તંત્રી
	ધાર્મિક પરીક્ષાના પરિણામો	જૈન એજ્યુકેશન બોર્ડ
	સમાજમાં ઐક્ય સ્થાપવાના પ્રયાસો	કોન્ફરન્સ કાર્યાલય
	પત્ર પેટી.	
	સસ્તા ભાડાની ચાલની જરૂરીયાત	કેસરીચંદ જેસીંગલાલ શાહ
	ધર્મ સંબંધી અભ્યાસ કેવી રીતે કરાવવો?	શ્રી કુંવરજી આણંદજી કાપડીઆ
	સદ્‌ગુણાનુરાગીની સ્મૃતિ	રાજપાળ મગનલાલ વોરા
૭ મો	એહી નજર	મહાત્મા ગાંધીજી
	અધિવેશન? (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:-(૧) ધાર્મિક અભ્યાસ ક્રમ કેવો હોવો જોઇએ.	તંત્રી
	સમાચાર સાર	
	પૂર્વ દેશના તીર્થોનો વહીવટી સડો	રાજપાળ મગનલાલ વોરા
	કાર્યાલય પ્રવૃત્તિ	કોન્ફરન્સ કાર્યાલય
	ધાર્મિક શિક્ષણ પ્રચારની દિશાએ આગેકૂચ	જૈન એજ્યુકેશન બોર્ડ
	सम्मेतशिखरजीकी यात्रा	**सुंदरलालजी जैन**
	શ્રમણ સંસ્કૃતિની સૌરભ	મુનિશ્રી વિદ્યાવિજયજી
	સદ્‌ગુણાનુ રાગીની સ્મૃતિ (લે. ૨ જો.)	રાજપાળ મગનલાલ વોરા
૮ મો	શું મહામંત્રીએ રાજીનામું આપ્યું છે?	કોન્ફરન્સ કાર્યાલય
	સ્ટેન્ડીંગ કમિટીની બેઠક (અગ્રલેખ)	તંત્રી
	સ્ટેન્ડીંગ કમિટી બોલાવવાનો નિર્ણય	કોન્ફરન્સ કાર્યાલય
	ધાર્મિક પરીક્ષાના પરિણામ	જૈન એજ્યુકેશન બોર્ડ
	सम्मेतशिखरजीकी यात्रा (લે. ૨ જો.)	**सुंदरलालजी जैन**
૯ મો	કોન્ફરન્સની જરૂરીયાત	શેઠ કસ્તુરભાઇ લાલભાઇ (૧૯૨૫)
	ઐક્યની પરમાવશ્યકતા	સ્વ. શેઠ દેવકરણ મુલજી (૧૯૨૫)
	ભૂમિકા શુદ્ધિની જરૂર (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:-(૧) શ્રીમંતાઈ દોષ પાત્ર છે? (૨) પત્રકારની સ્વતંત્રતા	તંત્રી
	કોન્ફરન્સનું નાવ ભરદરીયે-તેના કારણો	મોતીચંદ ગી. કાપડીઆ
	સ્ટેન્ડીંગ કમીટીની બેઠકની સફળતા કયારે?	મનસુખલાલ લાલન
	ધાર્મિક પરીક્ષાના પરિણામો	જૈન એજ્યુકેશન બોર્ડ
	सम्मेत शिखरजीकी यात्रा (લે. ૩ જો.)	**सुंदरलालजी जैन**
૧૦ મો	નિર્ણયાત્મક બેઠક (અગ્રલેખ)	તંત્રી
	નાવડી તરતી રાખવાના માર્ગો	મોતીચંદ ગી. કાપડીઆ બી. એ. એલ એલ. બી.
	ઐક્ય માટે દર્દભરી અપીલ	સુરચંદ પરસોતમદાસ બદામી બી.એ.એલએલ.બી.
	નોંધ અને ચર્ચા:-(૧) સિદ્ધાંતનો ભોગ નજ અપાય (૨) વર્કીંગ કમિટિને ચર્ચા પાત્ર ઠરાવ.	તંત્રી
	ભરદરીયે કે કાંઠે?	મોહનલાલ દી. ચોકસી
	કયાં છે તમના?	કુંલચંદ હરિચંદ દોશી
	श्री जैन समाजको शुभ संदेश.	**पं. श्रीसमुद्रविजयजीगणि.**
	અધિવેશન ભરવાનો માર્ગ	બાલચંદ હીરાચંદ-માલેગાંવ
	પંચ વર્ષીય કાર્યક્રમ એજ નિશ્ચયાત્મક માર્ગ	સારાભાઇ દલાલ-અમદાવાદ
	સ્ટેન્ડીંગ કમીટીની બેઠકની સફળતા કયારે	મનસુખલાલ લાલન
	श्री सम्मेतशिखरजीकी यात्रा	**सुंदरलालजी जैन**
	કોન્ફરન્સ શિથિલતા નિવારણ	નાગકુમાર મકાતી બી. એ. એલ એલ. બી.
	વર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ પાથરતાં કિરણો	સિંધ યાત્રામાંથી
	કોન્ફરન્સ માટે મેં શું કર્યું?	ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી.એ.એલએલ.બી.

અંક	વિષય	લેખક.
	જૈન કોન્ફરન્સની સ્થિતિ શાથી સુધરે ?	રમણિકલાલ કે. ઝવેરી, બી.એ.એલએલ.બી.
	સંઘટના અને વિઘટના.	બાલચંદ હીરાચંદ-માલેગાંવ
	Jain Swetamber Conference.	Makanji J. Mehta Bar-at-Law
	જૈન સમાજને ચરણે એક દર્દ ભરી અપીલ.	મુલચંદ આશારામ વૈરાટી
	કોન્ફરન્સનું ૧૫ મું અધિવેશન.	મોતીલાલ પીરચંદ-માલેગાંવ
	સ્ટેન્ડીંગ કમિટિસે નિવેદન.	जवाहिरलालजी नाहटा
	નિરક્ષરતા નિવારણમાં આપણે શું કરી શકીએ ?	કેસરીચંદ જેસીંગલાલ શાહ
	સ્થાયી સમિતિની આગામી બેઠક.	પરમાનંદ કુંવરજી કાપડીઆ બી.એ એલએલ.બી.
	કોન્ફરન્સની પ્રગતિ અંગે મારા વિચારો.	કુંવરજી આણંદજી કાપડીઆ
	માત્ર બેજ સવાલો.	બબલચંદ કેશવલાલ મોદી
૧૧-૧૨	સંક્રમણશીલ જગત્ (કાવ્ય)	બાલચંદ હીરાચંદ-માલેગાંવ
	નિશ્ચિત માર્ગદર્શન (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) આક્ષેપ અને કડવી વાણીથી સેવા શકય છે ?	
	(૨) ઐકય માટેની ચોખવટ.	તંત્રી
	સ્થાયી સમિતિની બેઠક.	કોન્ફરન્સ કાર્યાલય
	લલ્લુભાઇ દીપચંદ ઝવેરીનું ભાષણ.	લલ્લુભાઇ દીપચંદ ઝવેરી
	સેક્રેટરીઓનું નિવેદન.	કોન્ફરન્સ કાર્યાલય
	સ્ટેન્ડિંગ કમીટીમાં પસાર થયેલા ઠરાવો.	,, ,,
	મહાવીર્ જયંતિ ઉત્સવ.	,, ,,
૧૩ મો	પ્રભુ દર્શન (કાવ્ય)	બાલચંદ હીરાચંદ-માલેગાંવ
	બંધારણ ફેરફારનો પ્રશ્ન શા માટે ? (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) અભિપ્રાય ભેદ રહેવાનો (૨) ફાચર મારવાનો આ સમય નથી.	તંત્રી
	યુવકો-સુધારકો શું માગે છે ?	બાલચંદ હીરાચંદ-માલેગાવ
	કોશાંબી તીર્થની જૈન ગુફાઓ (લે. ૧ લો)	નાથાલાલ છગનલાલ શાહ
	ગુજરાતનો પ્રાચીન મંત્રી વંશ.	પં. લાલચંદ ભ. ગાંધી
૧૪ મો	સાક્ષરોની ભ્રમણા.	મુનિશ્રી વિદ્યાવિજયજી
	શરીર બળની જરૂર.	મણીલાલ ન. દોશી
	દ્રષ્ટિકોણ વચ્ચેનો તફાવત (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) તીર્થક્ષેત્રોનાં કારખાના (૨) સિંહવૃત્તિ કે શ્વાન વૃત્તિ.	તંત્રી
	કોન્ફરન્સ કાર્યવાહી-ટુંક નોંધ.	કોન્ફરન્સ કાર્યાલય
	પ્રગતિ વિરોધક પક્ષની ભૂમિકા.	બાલચંદ હીરાચંદ-માલેગાવ
	કોશાંબી તીર્થની જૈન ગુફાઓ (લે ૨ જો)	નાથાલાલ છગનલાલ શાહ
	વિજયાનંદ સૂરિની જયંતિ.	વાડીલાલ જેઠાલાલ શાહ
૧૫ મો	મંત્ર અને તેના શાપ.	'હરિજન બંધુ'માંથી
	દેશકાળને અનુરૂપ ફેરફાર (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) 'મુંબઇ સમાચાર' ની કિંમતી સલાહ (૨) મુંબઇ સમાચાર સામે સોસાયટીના બબાળા (૩) કેળવણી અતિ બર્બાળ બનેછે.	તંત્રી
	સિદ્ધ ક્ષેત્રના કેટલાક પ્રશ્નો.	M
	પુસ્તકોનું અવલોકન.	ચોકસી
	દેવગઢની જૈન ગુફા.	નાથાલાલ છગનલાલ શાહ
	શ્રીમાન્ પૂરણચન્દજી નહાર (સંસ્મરણ) (લે. ૧ લો)	आचार्य राधारमण शर्मा
	સ્કુલને અભાવે રઝળી પડતા જૈન વિદ્યાર્થીઓ.	કેસરીચંદ જેસીંગલાલ શાહ
૧૬ મો	હજુ ચેતીએ.	કીશોરલાલ મશરૂવાલા
	આમ જનતાનું પ્રતિનિધિત્વ (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) જૈન વિદ્યાર્થીઓ અને બાળુ પી. પી. સ્કુલ	
	(૨) વિચારકોની કરૂણ કાર્યવાહી.	તંત્રી

અંક	વિષય.	લેખક
	નાલંદામાં શ્રી મહાવીર.	'ચમત્કારિક યોગ'માંથી
	સિદ્ધક્ષેત્રના કેટલાક પ્રશ્નો (લે. ૨ જો)	M
	ગિરનારની જૈન ગુફાઓ.	નાથાલાલ છગનલાલ શાહ
	શ્રીમાન્ પૂરણચન્દજી નહાર (લે. ૩ જો)	આચાર્ય શ્રી રાધારમણ શર્મા
૧૭ મો	શિવાજી મહારાજનો સંદેશ.	'છત્રપતિ શિવાજી'ના ચરિત્રમાંથી
	કેળવણી (અગ્રલેખ)	તંત્રી
	જૈન ધર્મને વિશ્વ વ્યાપી બનાવવાની અપીલ.	શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.
	મહાત્માજીની સમ્યક્ વિચારશ્રેણિ.	
	ગ્વાલીયરની જૈન ગુફાઓ (લે. ૧ લો)	નાથાલાલ છગનલાલ શાહ
	શ્રીમાન્ પૂરણચન્દજી નહાર (લે. ૩ જો)	આચાર્ય શ્રી રાધારમણ શર્મા
૧૮ મો	આત્મ પરિક્રમા.	'સાધ્યને માર્ગે'માંથી
	ધાર્મિક શિક્ષણ (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:-(૧) ધાર્મિક દ્રવ્ય સંરક્ષણ (૨) ન ધણીયાતું સાહિત્ય.	તંત્રી
	જૈન કોમની બેકારી અને પરાવલંબનતા.	રાવસાહેબ કાંતીલાલ ઇશ્વરલાલની અપીલ
	ગ્વાલીયરની જૈન ગુફાઓ (લે. ૨ જો)	નાથાલાલ છગનલાલ શાહ
	એજ્યુકેશન બોર્ડ અને ધાર્મિક પરીક્ષા (લે. ૧ લો)	ચોકસી
૧૯ મો	સુકૃત ભંડાર ફંડ માટે વિજ્ઞપ્તિ.	કોન્ફરન્સ કાર્યાલય
	सा विद्या या विमुक्तये (અગ્રલેખ)	તંત્રી.
	નોંધ અને ચર્ચા:-(૧) કેળવણી અને જૈન સમાજ (૨) આપણા જમણવારો.	તંત્રી
	મુંબઇની જૈન સંસ્થાની પ્રવૃત્તિઓ.	જાણકાર
	સિદ્ધક્ષેત્રના કેટલાક પ્રશ્નો (લે. ૩ જો)	M
	પુસ્તકોનું અવલોકન	ચોકસી
	શ્રી કલ્પસૂત્રનું મહત્વ.	,,
	अहिंसा और रक्षा.	બિજયસિંહ નહાર ઇત્યાદિ
૨૦ મો	આગામી વરતી ગણતરી.	કોન્ફરન્સ કાર્યાલય
	વ્યવહારિક શિક્ષણ (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:-(૧) પર્વાધિરાજની ઉજવણી પાછળ (૨) દીપ ફાળા કે ખરડા.	તંત્રી
	આણંદજી કલ્યાણજી સાથે પત્રવ્યવહાર.	કોન્ફરન્સ કાર્યાલય
	પર્વરાજના મહાન્ દિવસો.	મનસુખલાલ લાલન
	ધાર્મિક સૂત્રોનો અભ્યાસ.	રમણલાલ
	મુંબઇમાં પર્વારાધન-તડકા છાયા.	જાણકાર
	મહાવીર દેવનો સર્વોત્તમ સંદેશ.	મોહનલાલ દી. ચોકસી
	તું તને ઓળખ? (લે. ૧ લો)	નાનચંદ જે. દલાલ
૨૧ મો	પંદરમું અધિવેશન નિંગાળા.	મંત્રીઓ સ્વાગત સમિતિ
	નિંગાળામાં અધિવેશન (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:-(૧) પદ્ધતિ પરિવર્તન માગે છે (૨) નવી યોજનાઓ અને નવા ઠરાવો.	તંત્રી
	ચિતોડ ગઢની જૈન ગુફા.	નાથાલાલ છગનલાલ શાહ
	એજ્યુકેશન બોર્ડ અને ધાર્મિક પરિક્ષા. (લે. ૨ જો)	ચોકસી
	તું તને ઓળખ? (લેખાંક ૨ જો)	નાનચંદ જે. દલાલ
	પુસ્તકોનું અવલોકન.	ચોકસી
૨૨ મો	અધિવેશનની કાર્યવાહી અંગે દિશા સૂચન.	કોન્ફરન્સ કાર્યાલય
	આપણી સંઘ સંસ્થા (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચા:-(૧) પ્રચાર અને રસપૂરક કાર્યક્રમ (૨) જૈન સંસ્કૃતિ લક્ષ્ય બહાર થવી ન ઘટે.	તંત્રી

(અનુસંધાન પૃષ્ટ ૧૬ ઉપર જુઓ)

નિંગાળા અધિવેશન

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું પંદરમું અધિવેશન કાઠિયાવાડમાં આવેલ નિંગાળા નામના એક નાના સરખા ગામડામાં ચાલુ માસની ૨૫, ૨૬ તથા ૨૭ તારીખના રોજ મળનાર છે. આ કોન્ફરન્સનું પહેલું અધિવેશન જયપુર પાસે આવેલા ફલોધી તીર્થમાં આજથી લગભગ તેત્રીશ વર્ષ પહેલા મળેલું. એટલે આ સંસ્થા પાછળ તેત્રીશ વર્ષ જેટલો લાંબો ઇતિહાસ રહેલો છે. એક વખત આ સંસ્થાના અધિવેશન પુરા ભભકામાં મળતા અને હજારોની સંખ્યામાં સ્ત્રી પુરૂષો તેમાં હાજરી આપતા. એ પૂર્વકાળની જાહોજલાલી આજે નથી. છેલ્લું અધિવેશન મુંબઇ ખાતે આજથી છ વર્ષ પહેલાં મળેલું. છ વર્ષ જેટલા લાંબા ગાળે હવેનું અધિવેશન મળે છે એ જ કોન્ફરન્સ જેવી સંસ્થાની ઉત્તરોત્તર થતી જતી અવનતિ સૂચવવા માટે પૂરતું છે. આ અવનતિ શા માટે? આવી ઉપયોગી ગણાતી સંસ્થા પ્રત્યે જૈન સમાજની આવી ઉદાસીનતા કેમ?

આનાં બે કારણો હોઇ શકે કાં તો જૈન સમાજ એટલો રાષ્ટ્ર ભાવનાથી ઓતપ્રોત થઇ ગયો છે કે તેને આવા સાંપ્રદાયિક અને જૈન સમાજના એક વિભાગની સંસ્થામાં હવે રસ રહ્યો નથી. ખરેખર આજ વસ્તુસ્થિતિ હોય તો તે તો જરૂર આવકાર દાયક ગણાય. પણ એ સદ્‌ભાગ્ય કેવળ વૈશ્યવૃત્તિ પ્રધાન જૈન સમાજનું કયાંથી હોય? કોન્ફરન્સની આવી શોચનીય દશા બનવાનાં તો બીજાં જ કારણો છે. તે કારણોને એક બાજુએ કોન્ફરન્સની આજ સુધીની નિશ્ચેતન કાર્યવાહી સાથે અને બીજી બાજુએ સ્થાપિત હકો ધરાવતા વર્ગો-સાધુઓ અને શ્રીમાનો-ના ઉત્તરોત્તર વધતા જતા વિરોધો સાથે સંબંધ છે. કોન્ફરન્સની જાહોજલાલીનો સમય એ હતો કે જ્યારે એ પ્રકારનાં અનેક અન્ય કોમી સંમેલનો પણ મોટા આડંબર સાથે મળતાં, તે તે કોમના માણસો તે તરફ ખૂબ આકર્ષાતા, શ્રીમાનોને લાવીને પ્રમુખસ્થાને બેસાડવામાં આવતા અને ઢગલાબંધ ભાષણો થતાં, બે પાંચ લાખની સખાવતો જાહેર થતી અને બે કે ત્રણ દિવસનો જ જલસો મહાન સંતોષપૂર્વક ખતમ કરીને સૌ કોઇ પોતપોતાને ઘેર વિદાય થતું. ત્યાર પછી બીજું અધિવેશન મળે તે દરમિયાન-એક કે બે વર્ષના ગાળામાં-કશો .પણ કાર્યક્રમ રાખવામાં આવતો નહિ અથવા તો કદાપિ એવો કોઇ કાર્યક્રમ નક્કી કરવામાં આવતો તો તેનો કોઇ અમલ કરતું નહિ. વળી પાછું બીજું અધિવેશન મળતું. એનાં જ એ જ પ્રમુખસન્માનનાં સરઘસો અને દબદબાભર્યા જલસાઓ-એની એ જ ભાષણબાજી અને શબ્દોની તકરારો અને પાછળ કશું કાર્ય કે પરિણામ મળે જ નહિ. આવા જલસાઓની પરંપરા લાંબો વખત ચાલી શકે જ નહિ. જેવી દશા અન્ય કોમી સંમેલનોની થઇ તેવી જ દશા જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની થઇ. લોકોનો મોહ ઓછો થયો; અધિવેશનમાં ભાગ લેનારની સંખ્યા ઘટતી ગઇ; ધીમે ધીમે કોન્ફરન્સ એ જાણે કે મુંબઇની એક જાહેર જૈન સંસ્થા હોય એ દશા કોન્ફરન્સની થઇ બેઠી.

કોન્ફરન્સની વર્તમાન સ્થિતિ નિપજવાનાં બીજાં પણ કારણો છે. કોન્ફરન્સ તો લોકોની સંસ્થા. તેમાં તો સામાન્યમાં સામાન્ય માણસ પણ ભાગ લઇ શકે અને પોતાનો અવાજ રજુ કરી શકે. તેમાં કોઇને ગમે અને કોઇને ન ગમે એવા અનેક સવાલો આવી શકે; તેમાં આણંદજી કલ્યાણજી પેઢીનો હિસાબ પ્રગટ કરવાનો પ્રશ્ન પણ આવી શકે અને અયોગ્ય દીક્ષા બંધ કરવાની વાત પણ આવી શકે; વિધવા-વિવાહનો પ્રશ્ન પણ ચર્ચાય અને દેવદ્રવ્યના સદુપયોગની વાત પણ આવે. આ વાત સ્થિતિચુસ્ત વર્ગોને-પછી તે પેઢી દર પેઢી સત્તા ભોગવતા આવતા શેઠીઆઓ હોય કે સાધુઓ હોય-આવા વર્ગોને કેમ પરવડે? તેથી તેમણે તો કોન્ફરન્સ સામે ચોતરફ ઝેરી પ્રચાર વિપુલ પ્રમાણમાં અને સત્ય અસત્યની કશી પણ પરવા રાખ્યા સિવાય શરૂ કર્યો અને ગામેગામ અને શહેરે શહેર ઝેર અને વિરોધનાં બીજ રોપી દીધાં. પરિણામે કોન્ફરન્સ જ અનેક સ્થળોએ ઝગડાનું નિમિત્ત બની ગઇ. આ સર્વ વિરોધનો કોન્ફરન્સ પુરો સામનો કરી શકી હોત અને પોતાનું સ્વામિત્વ અને જડ સમાજમાં બરોબર સ્થાપિત કરી શકી હોત જો કોન્ફરન્સ સામેના આવા ઉગ્ર વિરોધને પહોંચી વળે અને સમાજમાં અખંડ અને એકધારી સેવા વડે પુરો વિશ્વાસ ઉત્પન્ન કરી શકે એવા કાર્યકર્તાઓ કોન્ફરન્સને મળ્યા હોત તો, પણ આ બાબતમાં કોન્ફરન્સ આજસુધી દરિદ્ર જ રહી છે. કોન્ફરન્સને આજ સુધી જે કાર્યકર્તાઓ મળ્યા છે તેમની નિષ્ઠા સંબંધે કશું કહેવાપણું છેજ નહિ, પણ કમનશીબે તેઓ મોટે ભાગે માત્ર મુંબઇ-નિવાસીઓ હતા અને અનેક વ્યવસાયો, ઉપાધિઓ અને જવાબદારીઓથી તેમનું ચાલુ જીવન ભરેલું હતું. એટલે કોન્ફરન્સ ખાતર દિવસોના દિવસો કાઢી સ્થળે સ્થળે ભટકે, કોન્ફરન્સનો પ્રચાર કરે અને સ્થળ સ્થળના જૈન સમાજનો પરિચય સાધીને તેમની અગવડોમાં રાહત આપે અને સુખ સગવડમાં વધારો કરે એ તેમના માટે શકય જ નહોતું. પરિણામ આજની કોન્ફરન્સની નિષ્કિંચન અને લગભગ અનુયાયીવિહોણી દશા.

આ તો ભૂતકાળની વાત થઇ. ભૂતકાળને સંભાર્યે કે વર્તમાનને રડયે ભવિષ્ય કદિ સુધરવાનું નથી. આવી શીર્ણવિશીર્ણ બનેલી કોન્ફરન્સની સંસ્થા પોતાનું પંદરમું અધિવેશન નિંગાળા ખાતે ભરે છે. આ અધિવેશનની વિશેષતા બે પ્રકારે છે. એક તો આજ સુધીનાં અધિવેશનો મોટાં શહેરોમાં જ ભરાતાં. આ અધિવેશન એક ગામડાંની બાગોળે ભરાય છે. એટલે આગળના ભભકાનું અને આડંબરનું પુનરાવર્તન આજે અહિં અશકય બની જાય છે. બીજું આજ સુધીનાં અધિવેશનોમાં એકાદ અપવાદ સિવાય મોટે ભાગે શ્રીમાન પ્રમુખો ચુંટાતા, તેમનાં ભાષણો બીજા કોઇ લખી આપતા અને અધિવેશનનું સંચાલન ઘણુંખરૂં બાજુએ બેઠેલા મહામંત્રીઓ કરતા. આ અધિવેશન માટે સામાન્ય જનતામાંના અને સાધારણ સ્થિતિના એક ગૃહસ્થને પ્રમુખ તરીકે ચુંટવામાં આવેલ છે. આ પ્રમુખ શ્રીમાન નથી, વિદ્વાન તરીકે પંકાયલા નથી. તેઓ એક વ્યવહારદક્ષ અને કાર્યનિષ્ટ સજ્જન છે. આ બે નવા સંયોગો કોન્ફરન્સને સજીવ અને પ્રાણવાન બનાવવામાં કેટલા મદદરૂપ બને છે તે જોવાનું છે.

આ કોન્ફરન્સ એક અવાસ્તવિક બંધારણ ઉપર રચાયલી છે. કોન્ફરન્સની મૂળ કલ્પના એવી હતી કે દરેક ગામના અને શહેરના સંઘો પ્રતિનિધિઓ ચુંટીને મોકલે અને તેવા પ્રતિનિધિઓની બનેલી કોન્ફરન્સ જૈન સમાજના વિવિધ પ્રશ્નો ચર્ચે અને પ્રગતિપોષક વિવિધ પ્રવૃત્તિઓ ચલાવે. ગામગામના સંઘો અને કોન્ફરન્સ વચ્ચે આવો સંબંધ ખરેખર સ્થાપિત થઇ શકયો હોત તો આ કોન્ફરન્સ આખા હિંદુસ્થાનના જૈન સમાજની સાચી પ્રતિનિધિ થઇ શકી હોત અને તેનું પ્રભુત્વ અને વર્ચસ્વ સર્વ સંઘસમુદાય ઉપર બહુ જ સારી રીતે સ્થાપિત થઇ શકયું હોત. ખરેખર એ કલ્પના મુજબ કોન્ફરન્સનું ઘડતર અને વિકાસ થયેલ હોત તો પરિણામો પણ નિઃસંદેહ એટલાં જ ભવ્ય આવત.

પણ એ કલ્પના અને સ્વપ્ન કદિ મૂર્ત સ્વરૂપ પામ્યાં જ નહિ. આજે તો ભાગ્યે જ એવા કોઈ સંઘો છે કે જે એકત્ર મળીને પોતાના પ્રતિનિધિઓ મોકલી શકે તેમ હોય. વળી જે સંસ્થાઓ તેમ જ સંઘો પણ પ્રતિનિધિઓ મોકલવાનો આજે હક્ક ધરાવે છે તેના માથે કોન્ફરન્સના ઠરાવોને અમલમાં મૂકવાની કશી જવાબદારી છે જ નહિ. આમ ચુંટણી કરનાર બીનજવાબદાર અને ચુંટાયલા પ્રતિનિધિઓ પણ બીનજવાબદાર. આવા પ્રતિનિધિઓની બનેલી કોન્ફરન્સ સમાજ ઉપર શું પ્રભુત્વ પાડી શકે એ વિચારણીય પ્રશ્ન છે. સંઘોમાં આજે એટલા બધા અભેદ્ય વિચારપક્ષો છે કે તેને કોન્ફરન્સના છત્ર નીચે સંગઠિત કરવા એ આશા આકાશકુસુમવત્ છે. આ કારણને લીધે કોન્ફરન્સનું આખું બંધારણ મૌલિક પરિવર્તનની અપેક્ષા રાખે છે અને સંઘના એકમના સ્થાને સ્થળે સ્થળે કોન્ફરન્સની સમિતિઓના એકમ ઉભા કરવાં અને તે સમિતિઓની કોન્ફરન્સ બનાવવી–આવી રચના આવશ્યક છે એટલું જ નહિ પણ વ્યવહારૂ છે.

આમ આ પ્રકારની પુનર્રચનાને જ્યારે હું વ્યવહારૂ કહું છું ત્યારે પ્રશ્ન એવી રીતનો ઉપસ્થિત થાય છે કે આવી સમિતિઓ સારા પ્રમાણમાં ઉભી થવી શક્ય છે ખરી? આનો જવાબ નવી રચનાને અનુસરી કાર્ય કરનારાઓ આપણી પાસે છે કે નહિ અને ન હોય તો ઉભા કરી શકીએ તેમ છે કે નહિ એ પ્રશ્નના ઉત્તર ઉપર અવલંબે છે. જો જરૂરી કાર્યકર્તાઓ હોય અથવા તો ઉભા કરી શકાય તેમ હોય તો દરેક અગત્યના ગામ કે શહેરમાં સમિતિઓ ઉભી કરવી એમાં મોટી મુશ્કેલી કે અશક્યતા જેવું છે જ નહિ. તેથી આ કોન્ફરન્સ સામે ખરી રીતે બે પ્રશ્નો આવીને ઉભા રહે છે. મૃતપ્રાય બનેલી અને અવાસ્તવિક બંધારણ રચનામાં ઘુંચાયલી કોન્ફરન્સને આજની પરિસ્થિતિને અનુરૂપ નવું બંધારણ આપવું અને એ બંધારણમાં રહેલી યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે યોગ્ય કાર્યકરો મેળવવા. આ બે પ્રશ્નના યોગ્ય નિકાલ ઉપર જ આખી કોન્ફરન્સના અસ્તિત્વનો અને ભાવી આયુષ્યનો આધાર રહેલો છે.

આ વખતે કેળવણી પ્રચાર અને બેકારી નિવારણ–એ બેજ પ્રશ્નો ચર્ચવા–આવી મર્યાદા નીચે પ્રસ્તુત અધિવેશન ભરવામાં આવે છે. કેળવણી પ્રચારની દિશાએ તો કોન્ફરન્સની કેળવણી પ્રચારની એક યોજના આજે અમલમાં આવી રહી છે તેને કેમ વધારવી અને વિસ્તારવી એ એક અગત્યનો પ્રશ્ન વિચારવાનો રહેશે. આ ઉપરાંત જૈન સમાજ હસ્તક ચાલતી શિક્ષણ સંસ્થાઓ, છાત્રાલયો વગેરેને લગતી માહીતીઓનો સંગ્રહ કરવાનો ઠરાવ કરવામાં આવે તેમજ ભિન્નભિન્ન સંસ્થાઓનું એકીકરણ કરવાની કોઇ યોજના વિચારવામાં આવે તો તે પણ જરૂર ઉપયોગી થાય. બેકારી સંબંધે પણ જૈનો હસ્તક ચાલતી અનેક સંસ્થાઓ, પેઢીઓ, ઓફીસો તેમજ કારખાનાઓમાં જૈનોને સારા પ્રમાણમાં કઈ રીતે ગોઠવી શકાય તે દિશાએ કોઇ વ્યવહારૂ યોજના વિચારી શકાય તો તે જરૂર લાભપ્રદ બને.

આ જાતની વિષયમર્યાદા પાછળ કોઇ મતભેદવાળા કે તકરારી પ્રશ્નો આ અધિવેશનમાં ન લાવવા એવો હેતુ રહેલો છે. આવી વિષયમર્યાદા આ અધિવેશન પૂરતી યોગ્ય છે. કારણકે એ સિવાય લાંબા સમયથી બોરજે પડેલું અધિવેશન કાર્ય પાર પાડવાનું અને તે તરફ સંખ્યાબંધ ભાઇ બહેનોને આકર્ષવાનું હાલના સંયોગોમાં શક્ય નહોતું. પણ આ વિષયમર્યાદા પાછળ અમુક વર્ગની એક પ્રકારની બીરૂતા પણ છુપાયલી છે. આવી કોન્ફરન્સમાં તકરારી કે મતભેદવાળા વિષયો કે પ્રશ્નો લાવવા જ નહિ કે જેથી પક્ષાપક્ષી થાય. આવી તકરાર કે મતભેદની ભડક સામાન્ય જનતાના પ્રતિનિધિત્વવાળી સંસ્થાને શોભે જ નહિ. જૈન સમાજને સ્પર્શતા સર્વ કોઇ પ્રશ્નોની ખુલ્લા દિલની ચર્ચા અને નિર્ણયને આ સંસ્થાની કાર્યવાહીમાં સંપૂર્ણ અવકાશ હોવો જ જોઇએ. દૂધનો દાઝેલો છાશ ફુંકીને પીએ તેમ સામાજિક ધર્ષણ કે ખળભળાટથી બીધેલા માણસો મતભેદ અને વિચારભેદથી ભડકીને ભાગે છે. આવી ભડક પ્રગતિની મોટામાં મોટી શત્રુ છે. વિચારોની અથડામણો અને પ્રચલિત રૂઢિઓની સ્વતંત્ર સમાલોચના સિવાય પ્રગતિની શક્યતા છે જ નહિ. આજની વિષયમર્યાદાને કાયમી કરવામાં આવશે તો કોન્ફરન્સ કેવળ પ્રત્યાઘાતી સંસ્થા બની જશે એ અધિવેશનમાં ભાગ લેનારા પ્રતિનિધિઓ ન ભુલે.

એક એવો વિચાર પ્રચલિત થઇ રહ્યો છે કે આજ સુધી કોન્ફરન્સ કેવળ વિચાર પ્રચારક સંસ્થા હતી. હવે કોન્ફરન્સને અમલી કાર્ય કરનારી સંસ્થા બનાવવી જોઇએ. આ એકાન્ત વિચાર યોગ્ય નથી. કોન્ફરન્સની પ્રવૃત્તિ દ્વિમુખી હોવી જોઇએ. કેવળ વિચારપ્રચારની પ્રવૃત્તિ કોન્ફરન્સને શબ્દોની સાઠમારીનું સ્થાનક બનાવી દેશે. મતભેદના પ્રશ્નોથી દૂર રહીને કેવળ અમલી કાર્ય કરવાની વૃત્તિ કોન્ફરન્સને જડ, સ્થિતિચુસ્ત અને પ્રગતિવિરોધી બનાવી દેશે. સમાજના અને દેશના સમયે સમયે ઉપસ્થિત થતા પ્રશ્નો સંબંધે પોતપોતાના સમાજવર્તુળને સાચી દોરવણી આપવી અને સાથે સાથે કોમની સક્રિય પ્રવૃત્તિઓ વડે બને તેટલી સેવા કરવી–આ બન્ને બાબતો કોન્ફરન્સે સંભાળવાની રહે છે.

આવાં કોમી સંમેલનો અને પ્રવૃત્તિઓ રાષ્ટ્રહિતને વિસારી દઇને અથવા તો તેને નુકસાન પહોંચે એ રીતે કોમના કલ્યાણના નામે ચલાવવાની વૃત્તિ વેગ કરી બેસે એવું આ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભારે જોખમ રહેલું છે. દરેક કોમને કેટલાક અંગત પ્રશ્નો હોય જ છે અને તેના ઉકેલ માટે આવાં કોમી સંમેલનોની ચોકકસ ઉપયોગીતા છે. પણ એ પ્રશ્નો બાદ કરતાં રાષ્ટ્રીય ભાવનાની દૃષ્ટિએ–સ્વરાજ સાધનાની દૃષ્ટિએ–આજે આપણા અંગત તેમ જ સામાજિક જીવનમાં જે મહત્વના ફેરફારો કરવાની ખાસ જરૂર ઉભી થઇ છે તે ફેરફારો પોતપોતાના વર્તુલમાં કેવી રીતે નિપજાવવા એ ધ્યેય ઉપર જ અચુક ધ્યાન રાખીને આવાં કોમી સંમેલનો ચલાવવાં જોઇએ અને તો જ આવાં કોમી સંમેલનો રાષ્ટ્રકલ્યાણના સાચા પૂરક બની શકે. આ ઉપર જણાવેલું જોખમ અને અન્તિમ ધ્યેયને કોમી સંમેલનના કાર્યકર્તાઓએ હરપળે ધ્યાન ઉપર રાખવા ઘટે છે. જે કોમી સંસ્થા આ બાબતની ઉપેક્ષા કરશે તે સંસ્થા પરિણામે દેશની ભારે દ્રોહી બનવાની જ છે. આજની મોસ્લેમ લીગ આ કથનનો મોટામાં મોટો પુરાવો છે.

જૈન સમાજના એક વિભાગની કોન્ફરન્સના અધિવેશનની આટલી લાંબી સમાલોચના શા માટે એમ જરૂર કોઇને પ્રશ્ન થશે; પણ જે આજની વસ્તુસ્થિતિ વિચારશે તેને લાગ્યા વિના નહિ રહે કે આપણું જીવન હજુ અનેક પ્રકારની વિભાગી પ્રવૃતિઓ સાથે સંકળાયલું છે. વળી વિશાળ દૃષ્ટિવાળા કાર્યકર્તાઓ આવી વિભાગી અને કોમી પ્રવૃત્તિઓમાંથી પણ સાર્વજનિક ઉત્કર્ષને પોષક અનેક ઇષ્ટ પરિણામો નિપજાવી શકે તેમ છે. આવા ખ્યાલથી આટલું લાંબું વિવરણ કરવું યોગ્ય ધાર્યું છે.

નિંગાળા ખાતે ભરાતું સંમેલન આજ સુધીમાં ભરાયલાં કોમી અને સાંપ્રદાયિક સંમેલનોથી જુદી ભાત પાડે અને પ્રસુપ્ત જૈન સમાજને જાગૃત કરે તથા સાચી દોરવણી આપે એવી આપણે સૌ શુભેચ્છા અને આશા ચિન્તવીએ. **પરમાનંદ**

'પ્રબુદ્ધ જૈન'માંથી સાભાર ઉદ્ધૃત.

(અનુસંધાન પૃષ્ટ ૧૩ ઉપરથી)

અંક	વિષય	લેખક.
	'ખેપાન હતો એ હેમચંદ્ર.....'	મનસુખલાલ લાલન
	જૈન સમાજની સુષુપ્તિ	M.
	નિંગાળા જતાં પહેલાં	મનસુખલાલ લાલન
	અધિવેશનની તૈયારીઓ	કોન્ફરન્સ કાર્યાલય
૨૩ મો	પ્રમુખની વરણી	મંત્રીઓ સ્વાગત સમિતિ
	'જૈન બંધુ'નો અવળો પ્રચાર (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) અધિવેશનનું પ્રમુખપદ (૨) બંધારણની સંદિગ્ધતા (૩) એ વિચિત્ર ગૌરવ કથા નથી.	તંત્રી
	અધિવેશનના અધિકારીઓની ચુંટણી	મંત્રીઓ સ્વાગત સમિતિ
	પ્રચાર એક આવશ્યક અંગ	M.
	અધિવેશનની સફળતા માટે	મનસુખલાલ લાલન
૨૪ મો	પ્રતિનિધિઓની ચુંટણી અંગે નિવેદન	કોન્ફરન્સ કાર્યાલય
	આંખ ઉઘાડી રાખવાની જરૂર (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) સંસ્થાઓ અને ડેલીગેટોની ચુંટણી (૨) અધિવેશન અને ઠરાવો.	તંત્રી
	જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ	રાજપાળ મગનલાલ વોરા
	પ્રચાર વિભાગ	પ્રચાર સમિતિ
૨૫ મો	છેલ્લા દાયકાનું સિંહાવલોકન	શેઠ કાન્તિલાલ ઈશ્વરલાલના ભાષણમાંથી
	ચાલો નિંગાળા (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) ધાર્મિક પ્રશ્નોની વિચારણા (૨) અવાજ રજુ કરવાનો હક્ક	તંત્રી
	જૈનેતર દૃષ્ટિએ આપણાં દહેરાં	સંગ્રાહક M.
	નિંગાળા અધિવેશન એક માર્ગ દર્શક	M.
	જૈન જનતાને જાગ્રત કરવાની જરૂર	મનસુખલાલ લાલન
	અધિવેશનનું આમંત્રણ-સૂચના	સ્વાગત સમિતિ
	અધિવેશન અંગે મણીલાલ શેઠની અપીલ	કોન્ફરન્સ કાર્યાલય
	પ્રચાર વિભાગ	સ્વાગત સમિતિ
૨૬ મો	આજની વિષમપળે એકજ ધ્વનિ હોય અને તે "ઐકયનો."	શેઠ અમૃતલાલ કાલીદાસના ભાષણમાંથી
	પ્રતિનિધિઓનો ધર્મ (અગ્રલેખ)	તંત્રી
	નોંધ અને ચર્ચાઃ-(૧) 'ગુંડાશાહી'માં ધર્મપ્રેમ નજ સંભવે (૨ મુખપત્રના ઉદ્ગારો વાસ્તવિક છે. (૩) ભવિષ્યના રાહબર.	તંત્રી
	નિંગાળા અધિવેશનના પ્રમુખ શ્રી છોટાલાલ ત્રિકમલાલ પારેખ-ટુંક પરિચય	કોન્ફરન્સ કાર્યાલય
	આગેવાનોનો પ્રચાર-પ્રવાસ વિગેરે	પ્રચાર-સમિતિ
	શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ	ચોકસી
	શ્રી જૈન કોન્ફરન્સના રચનાત્મક કાર્યો	કોન્ફરન્સ કાર્યાલય
	પુસ્તકોનું અવલોકન	M.
	વર્ષ આખાની વિષય સૂચી	જૈન યુગ-પ્રકાશન સમિતિ
	નિંગાળા અધિવેશન	શ્રી. પરમાનંદ

આ પત્ર શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલને શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલ્વર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ખાતેથી છાપ્યું, અને મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડીંગ, પાયધુની મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.